Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આયુર્વેદોદ્ધારક શ્રીમન્ જયપુરાધિશ શ્રીયુત્ પ્રતાપસિંહજી વિરચિત.

[વિવિધ વિમળ વૈદ્યકગ્રન્થ વચન વિભૂષિત, સકલ જગજ્જનાનંદદાયક, સાંગોપાંગ નિદાન અને ચિકિત્સા સહ સમુદ્ભૂત.]

અમૃતસાગર-પ્રતાપસાગર.

(શુદ્ધ અને સરલ વ્યાખ્યાસહ-ગુર્જરભાષા સમન્વિત)

લખનાર.

વિપ્રવંશોદ્ભવ વૈદ્ય પૂર્ણચંદ્ર અચલેશ્વર શર્મ્મા.

છપાવી પ્રસિદ્ધકરનાર.

હરગોવિન્દદાસ હરજીવનદાસ પુસ્તકવાળા.

અને

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.

(स्रग्धराछन्द)

भ्रान्ता वेदान्तिनः किं पठथ शठतयाद्यापि चाद्वैतविद्यां
पृथ्वीतत्त्वे लुठन्तो विमृशथ सततं कर्कशास्तार्किकाः किम् ।
वेदैर्नानागमैः किं ग्लपयथ हृदयं श्रोत्रियाः श्रोत्रशूलै-
र्वैद्यं सर्वानवद्यं विचिनुत शरणं प्राणसंप्रीणनाय ॥१॥

વિક્રમ સંવત્ ૧૯૫૬ —— સને ૧૮૯૯.

મૂલ્ય રૂ ૩-૮-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રન્થ સ્વામિત્વના સર્વ હક્ક પ્રસિદ્ધકર્તાએ સ્વાધીન રાખેલ છે.

અમદાવાદ.

"ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ મુદ્રાલય"માં મુદ્રિત કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂમિકા.

સમસ્ત આર્યમહાશય વિદ્વજ્જનોને વિદિતછે કે, જગતમાં પ્રચલિત થએલાં સર્વ શાસ્ત્રો પૈકી આયુર્વેદ કે જે ઋગ્વેદનો ઉપવેદ છે જેને વૈદકશાસ્ત્ર કહે છે તે શાસ્ત્ર સર્વોત્તમ અને અત્યંત ઉપયોગીછે; કેમકે આ મનુષ્યદેહ, જે સર્વ દેહો કરતાં અતિદુર્લભછે, તે દેહ ચોરાશી લક્ષયોનિયોમાં કાળગતિના ક્ષણેક્ષણે ભ્રમણ કરનારા કાળચક્રની આધીનતાથી અને પાપ-પુણ્યની સમાનતાથી પ્રાપ્ત થાયછે, તથા તે મનુષ્ય દેહનેજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પણ પ્રયાસવડે પ્રાપ્ત થવાનો અધિકારછે; અર્થાત્ એ ચતુર્વર્ગના મુખ્ય સાધનરૂપ મનુષ્ય દેહછે; પરંતુ દેહ તો જન્મથી તે જરાપર્યંત વ્યાધિયોના આવાસરૂપછે, તેથી જરાવાર પણ સુખાનંદ સ્થાયિપણે રહેતો નથી તો, પછી તે દેહથી શું પુરૂષાર્થ થઇ શકે? કાંઇજ નહીં! જ્યારે પુરૂષાર્થ ન થઇ શકે, ત્યારે તો કેવળ દુઃખના ભાજનભૂત હોવાથી નિરંતર ક્લેશજ પામેછે, તે દુઃખ અને ક્લેશને નિર્મૂળ કરવા ફક્ત વૈદકશાસ્ત્ર વિના અન્ય કોઇ શાસ્ત્ર શક્તિમાન્ નથી, એમ કહીએ તો તે કાંઇ ખોટું નથી.

એ આયુર્વેદનું જ્ઞાન પ્રથમ જગતના પિતામહ શ્રી બ્રહ્માજીને થયું હતું અને તેમણે બ્રહ્મસંહિતા રચી હતી. એ બ્રહ્માજીએ દક્ષપ્રજાપતિને આયુર્વેદનું અધ્યયન કરાવ્યું. દક્ષપ્રજાપતિએ સૂર્યના યમકપુત્ર અશ્વિનીકુમારોને એ વિદ્યાનું અધ્યયન કરાવ્યું. અશ્વિનીકુમારો પાસેથી ઇંદ્રે એ વિદ્યા સંપાદન કરી. ઇંદ્ર પાસેથી મહર્ષિ આત્રેયજી તથા ભરદ્વાજજીએ તે વિદ્યા સાંગોપાંગપણે હાથ કરી, અને તેમની પાસેથી અનેક મહાન્ ઋષિયોએ તે વૈદકવિદ્યાનો અભ્યાસકરી જગતના સમસ્ત જનોને રોગોથી મુક્ત કરવા પોતપોતાના નામોથી ગ્રંથો રચી આયુર્વેદની મહત્તા દર્શાવી.

એ આર્ષપ્રણીત આયુર્વેદ આ આપણા સ્વર્ગભૂમિવત્ રળિયામણા ફળદ્રૂપ રસિલા આર્યાવર્તમાં પૂર્ણ શોભાના શિખર ઉપર શોભાયમાન્ હતો; અર્થાત્ રામાયણ અને મહાભારતના સમયમાં આયુર્વેદ ઉન્નતિના શિખર ઉપર હતો. મધ્યાહ્નના સૂર્ય સમાન્ એનો પૂર્ણ પ્રતાપ વિસ્તરી રહેલો હોવાથી પ્રત્યેક્ રાજ્યસ્થાનોમાં રાજ્યકર્ત્તાના સમીપ આયુર્વેદવેત્તા-વૈદ્ય રહેતા હતા અને તે રાજવૈદ્ય રાજ્યકર્ત્તાના શરીરને પૂર્ણપણે સાચવતા હતા, તેથીજ તે રાજાઓ ભગીરથ યત્નો આદરી મહાન્ પુરૂષાર્થો કરી બતાવતા હતા.

સિકંદર શાહના આવવા લગી આયુર્વેદની ઉન્નતી જેમની તેમ ટકી રહી હતી, એમ યૂનાની ઇતિહાસના લખનાર **એરિયને** તે સમયના ભારતવર્ષની વ્યવસ્થા લખતાં લખતાં ચિકિત્સા પ્રકરણમાં એક વાત લખેલીછે કે "સિકંદર શાહ પોતાની સેનાની સાથે ઘણાએક સારા સારા યૂનાની હકીમોને લાવેલ હતા. પંજાબમાં સાપનો ઉપદ્રવ વિશેષ હોવાથી લશ્કરના માણસોને સાપો ડંક દેવા લાગ્યા, અને તે સાપોનું ઝેર દૂર કરવા યૂનાની હકીમોએ ઘણા ઉપાય કર્યા, પણ કશો દહાડો વળ્યો નહીં; એટલુંજ નહીં પણ, હવે અમારો એ વિષે કશો ઇલાજ નથી એવો નિરાશા ભર્યો ઉત્તર સાંભળવાથી છેવટે આર્યદેશના વૈદ્યોની સહાયતા લીધી અને તે વૈદ્યોએ કેટલાએક મનુષ્યોને મરણના મુખમાંથી બચાવ્યા." લખેછે કે-એ સિકંદરશાહ આ પ્રકારે હિંદુસ્તાનના વૈદ્યોનો ચમત્કાર જોઇ આશ્ચર્યમાં નિમગ્ન થઇ ગયો, અને પોતાના લશ્કરમાં કેટલાએક આર્યવૈદ્યોને સાથે રાખ્યા; એટલુંજ નહીં પણ પોતાના યૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાની હકીમોને હુકમ આપ્યો કે, સર્પદંશમાટે અથવા બીજાપણ દુઃસાધ્ય રોગોમાટે પણ એ વૈદ્યોને પુછી કામ કરવાં. અહા! જે ડૉક્ટરો અત્યારે ડૉક્ટરી ચિકિત્સામાં દૈવ સમાન મનાય છે, તેઓ પણ સર્પ દંશના ઝેર નિવારણ માટે જોઇએ તેવા ફતેહમંદ નિવડયા નથી, તે સર્પ દંશના ઝેર નિવારણ માટે આપણા પૂર્વજો સારીપેઠે માહેતી ધરાવતા, એ શું ઓછા આનંદની વાર્ત્તા છે?

વળી ચરક સુશ્રુત્ વગેરે મહાન્ ગ્રંથોને યુરોપખંડ નિવાસી વિદ્વાનો પણ બહુ માન આપે છે, અને તેની સ્તુત્ય ચિકિત્સાઓ માન સાથે ઉપયોગમાં પણ લે છે. તેમજ આર્યોની જ્યોતિર્વિદ્યા, રેખાગણિત, અંકગણિત, બીજગણિત, ત્રિકોણમિતિ, વૈયાકરણ, ગાનવિદ્યા, ધર્મ–વેદાન્તવિદ્યા, પદાર્થવિજ્ઞાન, યોગવિદ્યા, યુદ્ધકળા અને વાસ્તુવિદ્યાદિ સમસ્ત વિદ્યાઓ માટે તત્ત્વવેત્તા ગુણગ્રાહી ઇંગ્રેજ વિદ્વાનો બહુ ઉંચો મત ધરાવે છે, એ અતિહર્ષપ્રદ પ્રકાર છે. ચરકનો અરબ્બી અને લાટીન ભાષામાં તરજુમો પણ પૂર્વ કાળમાં થયેલો છે યૂનાની ચિકિત્સામાં ઘણોખરો ભાગ આપણા આયુર્વેદનો ગ્રહણ કરવામાં આવેલો છે એ વિષે " **હિસ્ટ્રી ઑફ઼ ઇંડિયન લિટરેચરનો લખનાર પ્રોફેસર વૈબર લખે છે કે–** " સુશ્રુતે પોતાનો ગ્રંથ રચવામાં યૂનાનીઓની ચિકિત્સા સંબંધી કોઇ વિષયનો કોઇ પ્રકારથી આલંબન કરેલ છે એમ એકપણ પ્રમાણ નથી; પરંતુ યૂનાનીઓએ સુશ્રુતના મતને ગ્રહણ કરેલ છે, એવાં ઘણાં પ્રમાણો હાથ લાગે છે."

પ્રિય પાઠકગણો ! આમ લખવાનું પ્રયોજન એ છે કે, એ આપણા વૈદ્યક્શાસ્ત્રની પૂર્વે કેવી ઉન્નતી હતી, કે જેને અન્ય વિદેશી જનો હાથ કરવા કાળી ધનની પુષ્કળ આહુતી આપતા હતા, તેજ વૈદ્યક્શાસ્ત્રની સ્થિતિ યૂનાનીઓનો જોરશોર દોર ચાલવાથી છિન્ન ભિન્ન થઇ ગઇ અને ત્યારપછી હાલ તો તેથી પણ વિશેષ શોચનીય દશા થઇ પડેલ છે, થઇ પડેલછે તેનું મુખ્ય કારણ તો એ છે કે, હાલના રાજા–મહારાજાઓ વૈદ્યક્શાસ્ત્રના જાણનાર વૈદ્યોનો અનાદર કરવાથી વૈદ્યક્શાસ્ત્ર ભણવામાં કંટાળો ઉપજ્યો; તેમજ જેઓના પાસે પ્રાચીન વૈદ્યક્ ગ્રન્થો હતા, તેઓએ પોતાના જીવતાં લગી તે ગ્રંથને પ્રકાશમાં લાવવા અને બીજાને તે ગ્રંથ દેખાડવા પણ ઇચ્છા ન કરી અને છેવટે તેવા ગ્રંથો પાણીમાં ગળી ગયા, ઉધેઇ ખાઇ ગઇ, કે ગાંધીની દુકાને પડીકાં બાંધવાના ખપમાં લાગી ગયા. આ પ્રકાર થવાથી સારા સારા ગ્રંથોનો અભાવ થઇ ગયો, કે તેઓનાં નામ સિવાય કશું પણ જાણવામાં આવતું નથી, તેથી એ ઉત્તમ વિદ્યાના ઉત્તમ વિભાગોનો લોપ થયો; ખરેજ એ આર્યોની પડતીનાં ચિહ્નો નહીં, તો બીજું શું ગણાય?

વર્ત્તમાન સમયમાં ચરક સંહિતા, સુશ્રુત્ સંહિતા, હારીત સંહિતા. વાગ્ભટ (અષ્ટાંગહૃદય), માધવનિદાન, ભાવપ્રકાશ, શાર્ઙ્ગધર. ચક્રદત્ત, અને રસના તથા યોગના કેટલાએક ગ્રન્થો વિદ્યમાન્ છે; તદપિ તેઓ સંસ્કૃત ભાષામાં હોવાથી તેઓનું રહસ્ય સાધારણ મનુષ્યથી સમજાઇ શકાય તેમ નથી, તેમ વળી તે ગ્રન્થો મોટા હોવાનેલીધે આદ્યોપાન્ત લગી ભણવા અરે! વાંચી ધ્યાનમાં લેવા પણ કઠિન થઇ પડે છે, અથવા એટલા ગ્રન્થો ખરીદી લેવા કે હાથ લાગવા પણ મુશ્કેલ થઇ પડે તેમ છે, જ્યારે આમ છે ત્યારે વૈદ્યક્શાસ્ત્રનું પૂર્ણ જ્ઞાન કેવા પ્રકારે સંપાદન થઇ શકે, અને જ્યારે વૈદ્યક્શાસ્ત્રનું જ્ઞાન યોગ્ય પ્રકારે–પૂર્ણ પ્રાપ્ત ન થાય ત્યારે વૈદ્ય સિવાય અમૂલ્ય દેહોને લાંબા વખત લગી પણ કી રીતે ટકાવી રાખવા? જો ઉત્તમ વૈદ્યો વિદ્યમાન્ હોય તો દરવર્ષે હજારો મનુષ્યો રોગના ભોગ થઇ પડે છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિન પ્રતિદિન નિર્બળ ટુંકી આવરદાવાળા થયા છે તે થવાનો વખત દષ્ટિ સમીપ આવત જ નહીં; પરંતુ અતિ હિમગિરીની વાર્તા છે કે જે દેહથી અલભ્યલાભો પ્રાપ્ત કરી શકાય છે, તેવા ઉત્તમ દેહ માટે આપણે બેદરકાર રહીએ છીએ, જેથી દેશોન્નતિ, ધર્મોન્નતિ કે સ્વજનોન્નતિ કરવા ભાગ્યશાળી થવાનો સમય આવતોજ નથી, પણ જો દેહનું પૂર્ણપણે સંરક્ષણ કરીએ તો એ સર્વમાં ફતેહમંદી મળે છે. કહેવાનો તાત્પર્ય એજ કે જો દેહનું સંરક્ષણ કરાશે, તો લૌકિક્ અને પારલૌકિક્ કામોમાં સર્વાંશે વિજય મેળવાશે એમાં જરા આશ્ચર્ય જેવું નથી! વળી સંસારની સર્વ વસ્તુઓ–સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય, ઘર કે સજ્જન વગેરેને સુખદાતા સમજીએ છીએ, તે સર્વ વસ્તુઓ જ્યાં લગી શરીર સુખી છે, ત્યાંલગીજ સુખદાતા છે; પરંતુ જો કોઇ પ્રકારનો રોગ ઉત્પન્ન થયો કે, તે સર્વ સુખદાતા વસ્તુઓ દુઃખદાતા જેવી જણાય છે. સારાંશમાં એ કે **आत्मानं सततं रक्षेत् दारैरपि धैनरपि**. સ્ત્રી, ધનાદિનું રક્ષણ કરવા કરતાં પણ શરીરનું હમેશાં રક્ષણ કરવું એજ ઉત્તમ કાર્ય છે—આ ઉપરથી ચોખ્ખું સમજાય છે કે, મનુષ્ય માત્રને જેમ બને તેમ સમસ્ત પ્રકારે શરીર જેમ લાંબો વખત નિરોગી પણે કાયમ રહી શકે તેમ યત્ન કરવો; અર્થાત્ સારા અનુભવી વૈદ્યોની ચિકિત્સા ઉપયોગમાં લઇ આરોગ્યમાં રહી પુરૂષાર્થ કરી જીવન ગુજારવું એજ આ લેખનો મુખ્ય હેતુ છે.

અગાડીના સમયમાં ક્રિયા અને ચિકિત્સામાં સારી પેઠે નિપુણ અને ઉત્તમ જ્ઞાતિનો જન હોય તે વૈદ્યની મહાન્ પદવીના યોગ્ય ગણાતો હતો એને તેવાઓનિજ સમ્મતિ પ્રમાણે રાજા-મહારાજાઓ વર્ત્તતા હતા; પરંતુ હાલ તો ઘાંચી, મોચી, તંબોળી, કાછીઆ, માળી, કોળી અને એવાજ હલકી કોમના માત્ર એક બે દવાઓનું જેવું તેવું જ્ઞાન મેળવી, એકાદ જેવા તેવાના હાથની લખાયલી વૈદ્યકની ચોપડી વાચી નાટકમાં થતા રાજાની પેઠે પોતાનાજ હાથે વૈદ્યરાજનું માન ધરાવી સંસાર સાગરમાં વિહાર કરતા શરીર રૂપી વાહાણને તોફાની વાયરા રૂપ થઇ બૂડાડી દેનારા તે દુષ્ટ લેભાગુ વૈદ્ય નામ ધરાવનારા વૈદ્યકશાસ્ત્રની અને વૈદ્યની પદવીની મહત્તા ગુમાવવા સતત ઉદ્યમ કરી રહેલા હોવાથી અત્યારે દેશી વૈદક્ ઉપર કેવળ અશ્રદ્ધા થએલી જોવામાં આવે છે, અને પરદેશી વૈદ્યો (ડાકટરો) નાં જનો વખાણ કરી કરી મલકાતા ફરે છે એ ઓછા સંતાપની વાર્તા નથી! પણ કરવું શું! કારણ કે જે ધોરણ પ્રમાણે ઇંગ્રેજોને ધનાદિની સહાયતા મળે છે, તે ધોરણ પ્રમાણે આપણા દેશી જનોને સહાય મળતી ન હોવાથી તેઓ જોઇએ તેવું–વૈદ્યકશાસ્ત્ર સંબંધી જ્ઞાન મેળવી શકતા નથી. જુઓ કે હાલ થોડા વખત ઉપર **જામનગર નિવાસી સ્વર્ગસ્થ વૈદ્યરાજ જંડુભટજીએ** પ્રાચીન વૈદ્યક્ ગ્રંથોનું અધ્યયન કરી વૈદ્યક્ વિષયમાં ઉત્તમ જ્ઞાન મેળવ્યું અને તેમણે ઘણાંક રાજ્યો તરફથી પણ ઉત્તમ સહાયતા મેળવી હતી તો, તેમણે કેટલીએક વખત સારા સારા ડૉકટરો કે જેઓ દરદીને સાજો કરવા નિરાશ થએલા તેઓના મંડળમાં દરદિઓને સાજા કરવા માટે જડુભટજીએ ઉત્તમ માન મેળવ્યું. કહેવાનું એજ કે રાજા–મહારાજાઓ કે સદ્‌ગૃહસ્થો તરફથી જો ધનાદિની સહાયતા મળે, અને વૈદ્યકશાસ્ત્રની પરીક્ષા આપ્યા વગર વૈદ્યનું પદ ન ધરાવી શકે તેમ થાય તો, પુનઃ આર્યવૈદ્યોની જાહોજલાલી દેશાંતર લગી ઝળકી નિકળે, એમાં જરા સંદેહ જેવું નથી; પરંતુ લક્ષમાં કોણ લે છે ?

આર્યબાન્ધવો! હાલમાં શ્રીમાન **ભારતેશ્વરી**ના પ્રતાપે અનેક વૈદ્યકના શ્લોકબદ્ધ ગ્રન્થો છપાઇને પ્રકટ થયાછે અને હજુ પણ પ્રકટ થતા જાયછે; પરંતુ તે પ્રકટ થએલા ગ્રન્થોપૈકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એકપણ એવો ગ્રન્થ નથી કે જે ગ્રન્થના વાચવાથી ઘણાક ગ્રન્થોના સાર સુગમ રીતે સર્વ જનોના સમજવામાં આવે; કેમકે સંસ્કૃત ભાષાનું જ્ઞાન સર્વે જનને ન હોવાથી તેવા અતિ ઉપયોગી ગ્રન્થો પણ તેમને ઉપયોગી ન જણાવાથી તેઓ કાર્યસિદ્ધ કરવાનું માન મેળવી શક્યા નથી.

આ **અમૃતસાગર** ઉર્ફે **પ્રતાપસાગર** કે જે અમૃત—પ્રતાપના સાગરરૂપ પચીશ તરંગો અને વિવિધ વિષયરૂપ રત્નોએ કરીને યુક્ત ગ્રન્થ **શ્રીમન્ જેપુરાધિશ મહારાજ રાજ રાજેશ્વર શ્રી સવાઈ પ્રતાપસિંહજીએ** વર્તમાન સમયના મનુષ્યોનાં કદ, આવરદા અને અગ્નિ બળ જોઈ જગત્ માનનીય ચરક, સુશ્રુત, વાગ્ભટ, આત્રેયસંહિતા, હારીતસંહિતા, ધન્વંતરીસંહિતા, વૃંદ, ભેંડ, ભૃગુસંહિતા, માધવનિદાન, ભાવપ્રકાશ, વૈદ્યવિનોદ, વૈદ્યરહસ્ય; ચક્રદત્ત, રૂદ્રદત્ત, કાશિનાથપદ્ધત્તિ, રસસુંદર, રસરાજ, વૈદ્યરત્ન, વૈદ્યવલ્લભ, વૈદ્યામૃત, વૈદ્યાર્ણવ, સારસંગ્રહ, શાર્ઙ્ગધર, રસમંજરી, કુમારતંત્ર, ગૌરીકાંચલિકા, કાળજ્ઞાન, રસસિંધુ, રસરત્નપ્રદીપ, યોગચિંતામણિ, યોગતરંગિણી, યોગશત, યોગરત્નાવળી, વૈદ્યજીવન, તંત્રોપચાર, જ્વરતિમિરભાસ્કર, સન્નિપાતકલિકા, વૈદ્યકુતૂહલ અને ગોરખપદ્ધતિ, વગેરે વગેરે ગ્રંથોનું દોહન કરી પોતાની જાતે તે પ્રયોગો અનુભવિ તે યોગો અને નિદાનોનો સંગ્રહ કરી જેપુરી ભાષામાં આ ગ્રંન્થ નિર્માણ કર્યો. અને આ ગ્રંથનું અધ્યયન કરી કે અવલોકન કરી જે જે જનોએ નિદાનો કે ચિકિત્સાઓ ઉપયોગમાં લીધી તે તે જનોને સર્વ સત્ય જણાઇ, જેથી થોડાજ સમયમાં **અમૃતસાગર** ગ્રંથ ઉપર સમસ્ત આર્યવૈદ્યોની વૃત્તિ આકર્ષાઇ, તેથી તે ગ્રંથ તેજ ભાષામાં છપાઇ પ્રકાશિત કર્યો, જેમ જેમ આ ગ્રન્થ આર્યજનોના પરિચયમાં આવતો ગયો, તેમ તેમ તેના ઉપર વિશેષ મમતા વધતી ગઇ એટલા લગી વધી પડી કે માત્ર ટુંક વખતમાં જેપુરી ભાષામાં, રજવાડી ભાષામાં અને હિંદી ભાષામાં તથા ગુજરાતી ભાષામાં ઉપરા ઉપર આવૃતિઓ છપાઈ અને ખપી જતાં પુનઃ તે ગ્રન્થની માગણી થવા લાગી, એજ તેની ઉત્તમ પૂર્ણતાનો અને લોકપ્રિયતાનો દાખલો બસ છે.

સાહેબો! હજારો પ્રતો ટુંક વખતમાં ખપી ગઇ, એ ઓછા આનંદની વાર્તા નથી; પરંતુ તેમાં એક શોચનીય પ્રકારને જન્મ એ મળ્યો કે—ગ્રન્થકર્તા શ્રીયુત્ પ્રતાપસિંહજીએ જે જે ગ્રન્થોમાંના પ્રયોગો ગ્રહણ કરેલા હતા, તે તે ગ્રન્થોનાં નામો સહિત પ્રમાણો આપ્યાં હતાં, પણ જણ જણના ડાહાપણ પ્રમાણે આવૃતીઓ છપાવાથી તે તે પ્રમાણો ડોહોળાઇ ગયાં; અર્થાત્ જે ઔષધ માટે લખ્યું કે—આ ઔષધપ્રયોગ ભાવપ્રકાશમાં છે; પરંતુ અફસોસની વાર્તા કે તે ઔષધપ્રયોગ તે ગ્રન્થમાં મળેજ નહીં. આ ઉપરથી ગ્રન્થકર્તાનો જે અમુલ્ય પરિશ્રમ અને અત્યુત્તમ હેતુ હતો, તે પદદલિત થઇ પડ્યો. જુઓ કે રજવાડી ભાષામાં તથા જેપુરીભાષા વગેરે ભાષામાં પ્રકટ થએલા અમૃતસાગર ગ્રન્થ વિષેની ભૂલો દાખલા તરીકે અત્ર દર્શાવીએ છીએ, જે **ક્ષય** પ્રકરણમાં શંખવટીનો પાઠ છે, તે માટે યોગતરંગિણીનું પ્રમાણ આપેલ છે, પણ તે પાઠ યોગચિંતામણીમાં છે. **હેડકી** પ્રકરણમાં બીજોરાનો રસ, મધ અને સંચળ સહિત પીવાનો જે પ્રયોગ છે, તે વૈદ્યરહસ્યમાં છે એમ લખેલ છે, પણ તે વૈદ્યરત્નમાં છે. **મૃગી** પ્રકરણમાં વજનું ચૂર્ણ મધ સાથે સેવન કરી ઉપર દૂધ ભાત જમવાનો પ્રયોગ યોગતરંગિણીમાં છે એમ લખ્યું છે, પણ તે વૈદ્યરત્નમાં છે. **ગુલ્મ** પ્રકરણમાં કુમાર્યાસવ ભાવપ્રકાશમાંથી ગ્રહણ કરેલ છે એમ લખ્યું છે, પણ તે પાઠ ભાવપ્રકાશમાં છેજ નહીં. **ઉન્માદ** પ્રકરણમાં વિષાદ્યચૂર્ણના પાઠમાં આદિમાં સુંઠ સિવાય પાઠ લખેલ છે. અરે! કેટલાક દાખલા આપવા. એવા

For Private And Personal Use Only

અનેક પાઠો ઓછાં વધતાં ઓષડો સહિતછે, અને કોઇ ગ્રન્થને બદલે કોઇ ગ્રન્થનું પ્રમાણ ઓઢવી દીધેલ છે, પણ જે જે ગ્રંથમાંના પાઠનું પ્રમાણ હોય તે તે ગ્રંથમાં તે પાઠ છે કે નહીં, તે તરફ કોઇ પણ પ્રસિદ્ધ કર્ત્તાએં કે લેખકેં ધ્યાન આપેલજ નથી એ શું ઓછા શોકની વાર્તા છે ! ! વૈદ્યક્ વિષય કે જે મનુષ્યના જીવના આધાર ભૂત છે, તેમાં જરા ફેરફાર થાય તો તેથી મનુષ્યના અમુલ્ય દેહમાં વિચિત્ર બનાવ બને ! મરણને શરણ થવાનો સમય આવે, તેવા વિષય માટે પણ શું બેદરકારી રાખવી ?

જે પ્રમાણે હિંદિ, રાજવાડી અને જેપુરી ભાષામાં ગડબડ ચાલી, તેજ પ્રમાણે બોરસદ તાલુકાસ્કુલના આસિસ્ટંટ માસ્તર ત્રિભૂવનદાસ ગિરિધરદાસ ખંભાતિએં પણ ગડબડ સહિત ગુજરાતિ ભાષામાં આ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો, પણ તે દોષો ટાળવા ઉપર તેમનો પણ લક્ષ દોરાયો નહીં. અહા ! પ્રસિદ્ધ કર્ત્તાની કેટલી બુધી અને કેવી બેકાળજી ! ! જ્યારે આ પ્રમાણે દરેક જણાની દરેક આવૃત્તિયો અમારા જોવામાં આવી, તેથી અમારા મનમાં એવા વિચારને જન્મ મળ્યો કે " આ ઉત્તમ ગ્રન્થને લાગેલા મહાન્ દોષો કોઇ પણ પ્રકારે દૂર થાય તો, તેથી પ્રજાને અતિલાભ મળે, પણ જો આમની આમ ભૂલો કાયમ રહેશે, તો હજારો લાખોણા જીવો મરણને શરણ થશે; અથવા આ ગ્રન્થનો લેખ સત્ય ન પડવાથી દેશી ગ્રન્થો ગપ્પાંથીજ ભરપૂર છે, એવું કલંક ઉત્તમ ગ્રન્થમાં આરોપણ થશે. " આવો વિચાર તો ઉત્પન્ન થયો, પણ તે વિચારનો સઘળો આધાર તો તેનાં સાધનો અર્થાત્ વૈદ્યકના નિયમોનો જાણનાર લેખક તથા અસલ જુની પ્રતો ઉપર રહેલો હતો, પણ **ઉદ્યમને એક સરખા વળગી રહેવાથી શું વસ્તુ પ્રાપ્ત થતી નથી ?** સર્વે થાય છેજ ! એજ નિયમ પ્રમાણે મનુષ્યયત્ન અને ઇશ્વર કૃપાથી એક જેપુરના રહિસ લેખક પાસેથી હસ્તલિખિત જુની અમૃતસાગરની પ્રત મળી આવવાથી અમને અત્યંત આનંદ થયો, પણ વૈદ્યક્ વિષયના જ્ઞાતા લેખકની ખોટ પૂરી પડી નહતી, તેથી કેટલોએક વખત તે માટે શોધ જારી રાખ્યો, જેથી પરમ કૃપાળુ પરમાત્માએ તે પણ ઉમેદ પૂરી પાડી, એટલે કે વૈદ્યક્ વિષયવેત્તા **પૂર્ણચંદ્રશર્મા** દ્વારા આ ગ્રન્થનું શુદ્ધ-સરલ ગુજરાતી ભાષામાં ગ્રન્થકર્ત્તાએ જે જે પ્રયોગ માટે જે જે ગ્રન્થનાં પ્રમાણો આપ્યાં હતાં, તે તે ગ્રંથોના શ્લોકો સાથે પાઠ મેળવી બનતી કાળજીએ ભાષાંતર તૈયાર કરાવી છપાવી આર્યજન સમુદાય સમક્ષ રજૂ કર્યો છે, જો કે આ વખતે પ્રથમ પ્રયાસમાં જે જે ગ્રન્થો હાથ લાગેલા નથી, તે તે ગ્રન્થો જો હરિની ઇચ્છા બલવાન્ હશે તો દ્વિતીયાવૃતિ વખતે એકત્રિત કરી પ્રભુ પ્રસાદથી સમસ્ત પાઠોનું સંશોધન કરી શંકાઓનું નિવારણ કરવા ચુકીશું નહીં. આશા છે કે દક્ષ પરીક્ષ જનો આ અમારા અપરિમિત શ્રમને લક્ષમાં લઇ, આ પ્રત્યેક્ ગૃહસ્થોને અંગિકાર કરવા યોગ્ય ગ્રન્થનો આદર કરશે એવી અમારી પુનઃ પુનઃ સવિનય પ્રાર્થના છે. **किमधिकलेखनेन ?**

અમદાવાદ }
વિજયાદશમી. }

પ્રકટકર્તા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહજ સૂચના.

—oOo—

વાચકવર્ગને વિદિત કરવામાં આવે છે કે–આ ગ્રન્થમાં પ્રત્યેક પાઠ લખેલ છે તે જ્યાંથી શરૂ થયા ત્યાંથી માંડીને જ્યાં લગી અમુક ગ્રન્થનું બ્લાકના ટાઇપમાં નામ ન આવે ત્યાં લગી તે ઉપર દર્શાવેલા સર્વ પ્રયોગો તેજ બ્લાકના નામ વાળા ગ્રંથમાં છે એમ સમજવું. અને જો જુદા જુદા ગ્રન્થના હશે તો, તે પ્રયોગ પૂર્ણ થયે કે તુરત તે તે ગ્રંથનું નામ બ્લાકમાં દર્શાવેલ હશેજ. જે પાઠનું પ્રમાણ હાથ લાગેલ નથી, અથવા જે પાઠ જે ગ્રંથમાંનો હશે પણ તે ગ્રંથ નહી મળ્યો હોવાથી તે પાઠ માટેની શંકા દૂર ન થએલ તેથી તેવા પાઠો શરૂ થતાં અને પૂર્ણ થતાં " " આ પ્રમાણે સર્વત્ર નિશાની આપેલ છે, માટે તેવા પાઠો માટે અનુભવિ વૈદ્યની સલાહ લેવા મારી ખાસ ભલામણ છે. અને પ્રત્યેક્ વાચક જનોને પણ ઉપર દર્શાવેલી સૂચના ખાસ ધ્યાનમાં રાખવા પણ મારી ભલામણ છે.

ભાષાન્તર કર્તા.

—oOo—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમૃતસાગર ગ્રંથની વિષયાનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠાંક
મંગલાચરણ.	૧
તરંગ ૧ લો.	
ગ્રંથનો ઉપક્રમ.	૨
વૈદ્ય કોને કહેવો?	,,
યોગ્ય અને અને અયોગ્યનો વિચાર	૩
ઔષધ લેવાનો સમય	૪
કયા ઓષડના બદલામાં કયું ઓષડ લેવું?	,,
ઔષધાદિનાં પ્રમાણ	૫
તોલની પરિભાષા	,,
કલિંગ દેશની પરિભાષા ...	૬
સ્વરસનો વિધિ	૭
હિમનો વિધિ	,,
મંથ કરવાનો વિધિ	,,
ફાંટ કરવાનો વિધિ	,,
કલ્ક કરવાનો વિધિ	,,
ચૂર્ણ કરવાનો વિધિ	,,
ચૂર્ણને પુટ દેવાનો વિધિ ...	૮
પુટપાકનો વિધિ	,,
ક્વાથ કરવાનો વિધિ	,,
અવલેહનો વિધિ	૯
ગોળીઓ કરવાનો વિધિ ...	,,
ઘી તથા તેલ પકવવાનો વિધિ ...	,,
સંધાન-આથો કરવાની રીત ...	૧૦
આસવ તથા અરિષ્ટનો વિધિ ...	,,
ઔષધીઓનો દીપન પાચનાદિ પ્રકાર	,,
ઓષડ એટલે શું? અને તે ઓષડ કયા ઠેકાણાનું, કઇ વખતે તથા કેવી રીતે લેવું? તેનો વિધિ...	૧૨
સ્વાભાવિક હિતકારી પદાર્થો કયા કયા છે?	,,
સ્વભાવિક અહિતકારી પદાર્થો કયા છે?	,,
એક એકના સંયોગથી થતા અહિતકારી પદાર્થો	,,
ચિકિત્સાનું લક્ષણ તથા તેની રીત...	૧૩
આધિ તથા વ્યાધિનો વિચાર	,,
રોગની પરીક્ષા કેટલા પ્રકારે કરવી?	,,
નાડી પરીક્ષા	૧૪
મૂત્ર પરીક્ષા	૧૫
સ્વપ્ન પરીક્ષા	,,
નેત્ર પરીક્ષા	૧૬
મુખ પરીક્ષા	૧૭
જીભ પરીક્ષા	,,
મળ પરીક્ષા	,,
શબ્દ તથા સ્પર્શ પરીક્ષા ...	,,
લાંબી આવરદાવાળા રોગીનાં ચિન્હો..	,,
ટુંકી આવરદાવાળાનાં લક્ષણો ...	૧૮
દૂત પરીક્ષા	૧૯
શકુન પરીક્ષા	,,
દેશ વિચાર	,,
કાળ વિચાર	,,
અવસ્થા વિચાર	૨૦
અર્થ વિચાર	,,
કર્મ વિચાર	,,
અગ્નિબળ વિચાર	,,
સાધ્ય રોગોની પરીક્ષા... ...	૨૧
અસાધ્ય રોગીની પરીક્ષા ...	,,
કેવા રોગીની ચિકિત્સા ન કરવી?...	,,
વૈદ્યને ત્યાંથી ઔષધ લાવવા તથા ઔષધ ખાવા વખતે કેમ વર્તવું?	,,
વ્યાધિના ચૌદ પ્રકાર ...	૨૨
ચૌદ પ્રકારના વેગ રોકવાથી થતી રોગોત્પત્તિનો વિચાર	૨૩
તરંગ ૨ જો.	
તાવની ઉત્પત્તિ, મૂર્તિ, સંખ્યા તથા નિદાન સહ સંપ્રાપ્તિ ...	૨૫
તાવ માત્રનાં સામાન્ય લક્ષણ ...	,,
તાવ આવતાં પહેલાં શું શું લક્ષણ થાય?	,,
વાયુના તાવનાં લક્ષણ. ...	,,
તાવ માત્રના સામાન્ય ઉપાય ...	૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
વાયુના તાવના ઉપાય. ...	,,
વાયુનાં તાવ ઉપર હિંગુલેશ્વર રસ.	,,
પિત્તના તાવનાં લક્ષણ.	,,
પિત્તના તાવના ઉપાય.	,,
કફના તાવનાં લક્ષણ.	૨૭
કફના તાવના ઉપાય.	૨૮
વાયુ પિત્તના તાવનાં લક્ષણ. ...	,,
વાયુ પિત્તના તાવના ઉપાય. ...	૨૯
વાયુ કફના તાવનાં લક્ષણ. ...	,,
વાયુ કફના તાવના ઉપાય. ...	,,
કફ પિત્તના તાવનાં લક્ષણ ...	૩૦
કફ પિત્તના તાવના ઉપાય ...	,,
સન્નિપાતના તાવની ઉત્પત્તિ, નિદાન તથા લક્ષણ	૩૧
સન્નિપાતના તાવના ઉપાય ...	,,
ભયંકર સન્નિપાતના ઉપાય ...	૩૨
૧૩ જાતના સન્નિપાતનાં નામ તથા તે કેટલા કેટલા દિવસ લાગી રહે ...	૩૩
સન્નિપાત રોગીના સામાન્ય ઉપાય...	,,
સંધિગ સન્નિપાતનાં લક્ષણ ...	,,
સંધિગ સન્નિપાતના ઉપાય ...	,,
શીતાંગ સન્નિપાતનાં લક્ષણ ...	૩૪
શીતાંગ સન્નિપાતના ઉપાય ...	,,
તંદ્રિક સન્નિપાતનાં લક્ષણ ...	,,
તંદ્રિના ઉપાય	,,
પ્રલાપક સન્નિપાતનાં લક્ષણ ...	,,
પ્રલાપકના ઉપાય...	,,
રક્તષ્ઠીવિ સન્નિપાતનાં લક્ષણ ...	૩૫
રક્તષ્ઠીવિના ઉપાય	,,
ભુગ્નનેત્ર સન્નિપાતનાં લક્ષણ ...	,,
ભુગ્નનેત્રના ઉપાય	,,
અભિન્યાસ સન્નિપાતનાં લક્ષણ ...	,,
અભિન્યાસના ઉપાય	,,
જીહ્વક સન્નિપાતનાં લક્ષણ ...	,,
જીહ્વકના ઉપાય	૩૬
અંતક સન્નિપાતનાં લક્ષણ ...	,,
રુગ્દાહ સન્નિપાતનાં લક્ષણ ...	,,
રુગ્દાહનો ઉપાય	,,
ચિત્તભ્રમ સન્નિપાતનાં લક્ષણ. ...	,,
ચિત્તભ્રમના ઉપાય	,,
કર્ણિક સન્નિપાતનાં લક્ષણ ...	,,
કર્ણિકના ઉપાય	૩૭
કંઠકુબ્જ સન્નિપાતનાં લક્ષણ ...	,,
કંઠકુબ્જના ઉપાય	,,
તેર જાતિના સન્નિપાતોમાંથી કયા સાધ્ય અને કયા અસાધ્ય છે? ...	,,
સન્નિપાતના સમુચ્ચય ઉપાય ...	,,
પાછળ કહેલા આઠ જાતિના તાવના ઉપાયો	,,
આગંતુક તાવનો પ્રકાર ...	૩૯
શસ્ત્ર પ્રહારથી ઉત્પન્ન થએલા આગંતુક તાવનાં લક્ષણ	,,
તેના ઉપાયો...	,,
કામ, ક્રોધ, શોક, ભય અને ભૂતાદિના આવેશથી ઉત્પન્ન થએલા તાવનાં લક્ષણો	,,
તેઓના ઉપાયો	,,
ભૂતોને દૂર કરવાના મંત્રો ...	૪૦
અભિચાર કે અભિશાપથી આવેલા તાવનાં લક્ષણો	૪૧
તેના ઉપાય	,,
વિષમજ્વરનાં લક્ષણ	,,
વિષમજ્વરના ઉપાય	,,
જુના તાવનાં લક્ષણ	૪૨
જીર્ણ-જુના તાવના ઉપાય ...	,,
અજીર્ણના તાવનાં લક્ષણ ...	૪૪
અજીર્ણના તાવના ઉપાય ...	,,
દૃષ્ટિજ્વરનાં લક્ષણ	,,
દૃષ્ટિજ્વરના ઉપાય	,,
લોહી વિકારથી થએલા તાવનાં લક્ષણ	,,
તેના ઉપાય	,,
મળજ્વરનાં લક્ષણ...	૪૫
ગર્ભિણીના તાવનો ઉપાય ...	,,
સૂતિકાજ્વરનાં લક્ષણ	,,
સૂતિકાજ્વરના ઉપાય	,,
બાળકોના તાવના ઉપાયો ...	,,
કાળજ્વરનાં લક્ષણ	૪૬
કાળજ્વરના ઉપાય	,,
તાવના દશ ઉપદ્રવો	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય. પૃષ્ઠાંક.

તાવ અને ઝાડો બન્ને એકી વખતે થયાં હોય તેઓના ઉપાય ... „
તાવના ઉપદ્રવોના ક્રમવાર ઉપાયો... „
તાવ આવતો બંધ થયાનાં લક્ષણ ૪૭
તાવ આવતો બંધ થયા પછી કેમ વર્તવું ? „
નવા તાવવાળાને અને જુના તાવવાળાને શું શું ફાયદાકારક છે ? „
સર્વે જાતના તાવવાળાને ફાયદાકારક શું છે? ૪૮
તાવવાળા રોગીના માટે અગત્યની સૂચના.

તરંગ ૩ જો.

અતિસાર—ઝાડાના રોગની ઉત્પત્તિ ૫૦.
અતિસાર થવાનો હોય ત્યારે શું શું થાય છે? „
અતિસારની સંપ્રાપ્તિ, સામાન્ય સ્વરૂપ અને સંખ્યા ... ... „
વાયુના અતિસારનાં લક્ષણ ... „
વાયુના અતિસારના ઉપાય ... „
પિત્તના અતિસારનાં લક્ષણ ... „
પિત્તના અતિસારના ઉપાય. ... „
કફના અતિસારનાં લક્ષણ ... ૫૧
કફાતિસારના ઉપાય ... ... „
સન્નિપાતના અતિસારનાં લક્ષણ... „
સન્નિપાતાતિસારના ઉપાય. ... ૫૨
શોકથી થએલા અતિસારનાં લક્ષણ. „
શોકાતિસારના ઉપાય. ... ... „
આમથી થએલા અતિસારનાં લક્ષણ. „
આમાતિસારના ઉપાય ... ... „
પાકી ગએલા અતિસારના ઉપાય... ૫૩
અતિસાર સાથે સોજો હોય તેના ઉપાય „
મરડાનાં સંપ્રાપ્તિ પૂર્વક સંખ્યા સહ લક્ષણ „
મરડાના ઉપાય ૫૪
સઘળા અતિસારના ઉપાય ...
અતિસાર રોગીને શું શું ઉપયોગમાં લેવું-અને શું શું ન લેવું ? ૫૫
અતિસારનાં અસાધ્ય લક્ષણો ... „
અતિસાર મટયાનાં લક્ષણો ... „

વિષય. પૃષ્ઠાંક.

સંગ્રહણી—ગ્રહણી રોગની સંપ્રાપ્તિ „
ગ્રહણીનું સંખ્યાપૂર્વક સામાન્ય લક્ષણ „
વાયુથી થયેલ ગ્રહણીનું નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ ૫૬
વાયુની ગ્રહણીના ઉપાય ... „
પિત્તથી થયેલ ગ્રહણીનું નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ ... ... „
પિત્તની સંગ્રહણીના ઉપાય ... „
કફથી થએલી સંગ્રહણીનાં નિદાનપૂર્વક સંપ્રાપ્તિ તથા લક્ષણ ૫૭
કફની ગ્રહણીનાં ઉપાય ... ... „
ત્રણે દોષની ગ્રહણીનું નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ ... ... „
ત્રણે દોષની સંગ્રહણીના ઉપાય ... „
આમવાયુની સંગ્રહણીનાં લક્ષણ ... ૫૮
સંગ્રહણીના ભેદરૂપ ઘટીયંત્રનાં લક્ષણ
સંગ્રહણીના વિશેષ ઉપાય ... „
સંગ્રહણી રોગીનાં પથ્યાપથ્ય ... ૫૮
અતિસાર અને સંગ્રહણી માટે વિશેષ સૂચના ... ... „
ગુદાના મસાની ઉત્પત્તિ, નિદાન તથા સંખ્યા ૬૦
અર્શનું પૂર્વરૂપ ... ... „
વાયુના અર્શનાં લક્ષણ ૬૧
વાયુના અર્શના ઉપાય ... ... „
પિત્તના અર્શનાં લક્ષણ ૬૨
લોહીના અર્શનાં લક્ષણ... ... „
પિત્ત અને લોહીના મસાના ઉપાય „
કફના અર્શનાં લક્ષણ ૬૩
કફના અર્શના ઉપાય ૬૪
ત્રણે દોષના અર્શનાં લક્ષણ ... „
ત્રણે દોષના અર્શના ઉપાય ... „
સમસ્ત અર્શના ઉપાય... ... „
સાધ્યાસાધ્ય અર્શનાં લક્ષણ ... ૬૫
અર્શરોગીનાં પથ્યાપથ્ય ... ... „

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
તરંગ ચોથો.	
મંદાગ્નિ, તીક્ષ્ણાગ્નિ, વિષમાગ્નિ અને સમાગ્નિનાં લક્ષણો	૬૮
ભસ્મક રોગની ઉત્પત્તિ, સંપ્રાપ્તિ તથા લક્ષણ	,,
અજીર્ણ રોગની ઉત્પત્તિ ...	૬૯
અજીર્ણનાં સામાન્ય લક્ષણ તથા સંખ્યા	,,
પ્રત્યેક અજીર્ણનાં લક્ષણો ...	,,
વિષૂચિકા, અળસ અને વિલંબિકાનાં લક્ષણો	૭૦
અજીર્ણ મટવાનાં લક્ષણો ...	,,
અજીર્ણ રોગના ઉપાય... ...	,,
વિષૂચિકા (કૉલેરા) ના ઉપાય ...	૭૪
અળસ તથા વિલંબિકાના ઉપાય...	૭૬
કૃમીરોગનાં નિદાન તથા સંખ્યા	,,
જેના પેટમાં કૃમી ઉત્પન્ન થયા હોય તેનાં લક્ષણો	,,
કૃમીરોગના ઉપાય	૭૭
ઘરમાંથી મચ્છર જીવજંતુ વગેરેનો નાશ કરવાનો ઉપાય	,,
પાંડુરોગની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ...	,,
પાંડુરોગ થયા પહેલાં થતાં ચિન્હો.	૭૮
પાંડુરોગનાં લક્ષણ	,,
પાંડુરોગનાં અસાધ્ય લક્ષણો ...	,,
કમળારોગની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ.	૭૯
કમળાનાં લક્ષણ, ભેદ તથા અરિષ્ટ ચિન્હો	,,
હલીમકનાં લક્ષણો	,,
પાંડુરોગના ઉપાય	,,
પાંડુરોગીનાં પથ્યાપથ્ય.... ...	૮૦
તરંગ પાંચમો.	
રક્તપિત્તની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ.	૮૧
રક્તપિત્તનું પૂર્વસ્વરૂપ.	,,
રક્તપિત્તનાં લક્ષણ.	,,
રક્તપિત્તના ઉપદ્રવો.	,,
રક્તપિત્તનાં સાધ્યસાધ્ય. લક્ષણો ...	,,
રક્તપિત્તના ઉપાય.	૮૨
ક્ષયરોગનાં સંખ્યા, ઉત્પત્તિ, નિદાન. તથા સંપ્રાપ્તિ સહ લક્ષણ. ...	૮૩
ક્ષય–રાજરોગનું પૂર્વસ્વરૂપ ...	,,
ક્ષયરોગનાં લક્ષણ.	૮૪
ક્ષયનાં અગ્યાર સ્વરૂપ.	,,
કેવા ક્ષયરોગીના ઉપાય કરવા ? ...	,,
ક્ષયરોગીના જીવનનો અવધિ. ...	,,
કેવા ક્ષયરોગીના ઉપાય ન કરવા ?...	,,
૭ શોષના પ્રકાર. ...	૮૫
ઉરઃક્ષત થવાનાં મુખ્ય કારણો ...	,,
ક્ષયના ઉપાય ...	૮૬
ક્ષય રોગીનાં સેવ્યાસેવ્ય. ...	૯૦
ઉધરસનાં નિદાન, સંપ્રાપ્તિ, સામાન્ય–લક્ષણ તથા સંખ્યા. ...	,,
ઉધરસ થયા પહેલાં થતાં ચિન્હો	૯૧
ઉધરસનાં લક્ષણો ...	,,
ઉધરસનું સાધ્યાસાધ્યપણું ...	,,
ઉધરસના ઉપાય ...	,,
ઉધરસ રોગીનાં પથ્યાપથ્ય ...	૯૧
હેડકીનાં નિદાન, સંપ્રાપ્તિ તથા સંખ્યા.	
હેડકીનું સામાન્ય સ્વરૂપ ...	,,
હેડકીનાં પૃથક પૃથક લક્ષણો ...	,,
હેડકીનું સાધ્યાસાધ્યપણું ...	,,
હેડકીના ઉપાય ...	૯૫
શ્વાસનાં નિદાન તથા સંખ્યા ...	૯૬
શ્વાસનું પૂર્વરૂપ ...	,,
શ્વાસનું સ્વરૂપ	,,
પાંચ શ્વાસનાં પૃથક પૃથક લક્ષણો ...	,,
શ્વાસોનું સાધ્યાસાધ્યપણું ...	૯૭
શ્વાસ રોગના ઉપાય ...	,,
શ્વાસ રોગીને અંગીકાર કરવા અને ન કરવા યોગ્ય વસ્તુઓ– ...	૯૮
તરંગ છઠ્ઠો.	
સ્વરભેદનાં નિદાન તથા સંખ્યા.	,,
સ્વરભેદનાં લક્ષણો ...	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
સ્વરભેદનું સાધ્યાસાધ્યપણું ...	૧૦૦
સ્વરભેદના ઉપાય ...	"
અરૂચિનાં નિદાન તથા સંખ્યા ...	૧૦૧
અરૂચિનાં લક્ષણ ...	"
અરૂચિના ઉપાય ...	૧૦૨
ઉલટીનાં નિદાન, સંપ્રાપ્તિ તથા સંખ્યા.	૧૦૩
ઉલટીનું પૂર્વરૂપ તથા સામાન્ય લક્ષણ	"
ઉલટીના ઉપદ્રવો ...	૧૦૪
ઉલટીનું સાધ્યાસાધ્યપણું ...	"
ઉલટીના ઉપાય. ...	"
તરશની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ તથા સંખ્યા.	૧૦૫
તરશનું સ્વરૂપ. ...	"
તરશનાં લક્ષણો	૧૦૬
તરશના ઉપદ્રવો તથા અરિષ્ટ ...	"
તરશના ઉપાયો	"
મૂર્છાના નિદાન પૂર્વક સંપ્રાપ્તિ તથા સામાન્ય લક્ષણ અને સંખ્યા....	૧૦૭
મૂર્છાનું પૂર્વરૂપ	૧૦૮
સર્વ પ્રકારની મૂર્છાઓનાં લક્ષણો.	"
મૂર્છા, શ્રમ, નિદ્રા, સંન્યાસ અને તંદ્રા એઓમાં શું તફાવત છે? ...	૧૦૯
મૂર્છા વગેરેના ઉપાય ...	"

તરંગ સાતમો.

વિષય.	પૃષ્ઠાંક.
મદ્યનો સ્વભાવ. ...	૧૧૦
મદ્ય પીવાનો વિધિ ...	૧૧૧
કોને મદિરા પીવી અને કોને ન પીવી?	"
મદાત્યય રોગનાં લક્ષણો ...	૧૧૨
મદ્યથી ઉત્પન્ન થનારા વિકારો ...	"
મદાત્યયનાં અસાધ્ય લક્ષણો. ...	"
મદાત્યયના ઉપાય. ...	"
પાનાવિભ્રમ તથા ધંતુરાનાં ફળ ખાવાથી, ભાંગ પીવાથી, ઝેર ખાવાથી, કોદરા ખાવાથી, સોપારીથી, નાગરવેલનાં પાન ખાવાથી, જાયફળ કે એહેડી ખાવાથી મદ થયો હોય તેના ઉપાય ...	૧૧૩–૧૧૪
દારૂના કેટલા પ્રકાર છે?	"
દારૂનાં નિર—નિરાળાં લક્ષણો.	"
દારૂનું સાધ્યાસાધ્યપણું ...	૧૧૫
દારૂના ઉપાય	"
ઉન્માદ એટલે શું? ...	૧૧૬
ઉન્માદનાં નિદાન તથા સંખ્યા ...	"
ઉન્માદની સંપ્રાપ્તિ. ...	"
ઉન્માદનું પૂર્વસ્વરૂપ ...	"
ઉન્માદનાં સામાન્ય લક્ષણ.........	"
ઉન્માદોનાં નિદાન સહ લક્ષણ ...	૧૧૭
ઉન્માદનું અસાધ્યપણું ...	૧૧૮
દેવ તથા ભૂતાદિના ઉન્માદનાં લક્ષણ	"
પવિત્ર દેવના આવેશવાળાનાં લક્ષણ	"
અસુર દેવના આવેશવાળાનાં લક્ષણ	"
ગંધર્વ, યક્ષ, પિતૃ તથા સતિના આવેશવાળાનાં લક્ષણ. ...	"
નાગ, ક્ષેત્રપાળ, માતા, ક્રામણ-ટોંણા, શાકિની ડાકિની, તથા રાક્ષસ, બ્રહ્મરાક્ષ અને અવગતિ આના આવેશવાળાઓનાં લક્ષણ....	૧૧૯
દેવ આદિનો આવેશ થવાનો વખત...	૧૨૦
દેવ આદિનો પ્રવેશ મનુષ્યના શરીરમાં થાયછે પણ પ્રવેશ થતાં કેમ દેખાતા નથી?	
ઉન્માદનું અસાધ્યપણું.... ...	"
ઉન્માદના ઉપાય.	"
ભૂતાદિને દૂર કરવાનો મંત્ર. ...	૧૨૧
ડાકિની બોલાવવાનો મંત્ર. ...	૧૨૨
ડાકિની બોલાવવાનો મંત્ર. ...	"
ડાકિનીને પ્રહાર લગાડવાનો મંત્ર....	"
ડાકિનીનો દોષ દૂરકરવાનો મંત્ર. ...	૧૨૩
ડાકિની વગેરેના દોષો દૂર કરવાના યંત્રો.	૧૨૩
હાજરાહતનો મંત્ર.	"
હાજરાહતનો યંત્ર.	૧૨૪
મૃગીરોગની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ તથા સંખ્યા....	૧૨૫
મૃગીનું પૂર્વરૂપ.	"
મૃગીનાં સામાન્ય લક્ષણ. ...	"
જુદા જુદા દોષોના કોપથી થએલ મૃગીનાં લક્ષણો.	"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
મૃગીનાં અસાધ્ય લક્ષણો. ...	,,
મૃગી આવવાના વખતનો અવધિ...	૧૨૬
મૃગીના ઉપાય.	,,
મૃગીરોગીનાં પથ્યાપથ્ય.... ...	૧૨૭

તરંગ આઠમો.

વિષય.	પૃષ્ઠાંક.
વાયુ સંબંધી રોગો ઉત્પન્ન થવાનાં મુખ્ય કારણો.	૧૨૮
વાત વ્યાધિઓની સંખ્યા. ...	,,
૮૪ વાત વ્યાધિઓનાં જુદાં જુદાં લક્ષણો.	૧૨૯
વાયુનું સાધ્યાસાધ્યપણું.... ...	૧૩૧
વાત વ્યાધિઓના સમુચ્ચય ઉપાય....	,,
પ્રત્યેક વાયુરોગના જુદા જુદા ઉપાય.	,,
સાતે ધાતુઓમાં પ્રાપ્ત થએલ વાત વ્યાધિઓનાં લક્ષણો.	૧૩૯
બીજા પ્રકારના સ્થાનકોના ભેદથી વાત વ્યાધિઓના ભેદ તથા તેઓના ઉપાયો.	૧૪૦
સઘળા વાયુરોગમાં કષ્ટસાધ્ય કેટલા છે?	૧૪૧
વાત વ્યાધિના સામાન્ય ઉપાય. ...	,,
વાયુરોગીનાં પથ્યાપથ્ય.... ...	૧૪૬

તરંગ નવમો.

વિષય.	પૃષ્ઠાંક.
ઊરૂસ્તંભનાં નિદાન અને સંપ્રાપ્તિ પૂર્વક લક્ષણ....	૧૪૭
ઊરૂસ્તંભનું પૂર્વરૂપ.	,,
ઊરૂસ્તંભનું સ્વરૂપ.	,,
ઊરૂસ્તંભનાં સાધ્યાસાધ્ય લક્ષણ. ...	૧૪૮
ઊરૂસ્તંભના ઉપાય.	,,
ઊરૂસ્તંભ ઉપર પથ્યાપથ્ય. ...	,,
આમવાતની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ.	,,
આમવાતનાં લક્ષણ.	૧૪૯
આમવાતના ઉપાય.	,,
આમ વાયુવાળાને સેવવા તથા ન સેવવા યોગ્ય પદાર્થો.	૧૫૧
પિત્તના વ્યાધિઓનાં નિદાન. ...	૧૫૨
પિત્તના રોગોની સંખ્યા.... ...	,,
પિત્તના રોગોના સામાન્ય ઉપાય. ...	૧૫૩
કફના રોગોનાં નિદાન.... ...	,,
કફના રોગોની સંખ્યા.	,,
કફના રોગોના સામાન્ય ઉપાયો. ...	૧૫૪

તરંગ દશમો.

વિષય.	પૃષ્ઠાંક.
વાતરક્તનાં હેતુ.	૧૫૫
વાતરક્તનું સંપ્રાપ્તિ સહ પૂર્વરૂપ. ...	,,
વાયુની અધિકતાવાળા વાતરક્તનું લ.	૧૫૬
લોહીની અધિકતાવાળા ,,	,,
પિત્તની અધિકતાવાળા ,,	,,
કફની અધિકતાવાળા તથા દ્વિ–ત્રિદોષના વાતરક્તનું લક્ષણ.... ...	,,
હાથમાં વાતરક્ત થાય તેનું લક્ષણ...	,,
વાતરક્તના ઉપદ્રવો.	,,
વાતરક્તનું સાધ્યાસાધ્યપણું. ...	૧૪૬
વાતરક્તના ઉપાય.	,,
વાતરક્તનાં પથ્યાપથ્ય.	૧૫૮
શૂળરોગનાં નિદાન તથા સંખ્યા....	,,
વાયુના શૂળનાં નિદાન, સંપ્રાપ્તિ સહ લક્ષણ.	,,
પિત્તના શૂળનાં નિદાન સંપ્રાપ્તિસહ લક્ષણ.	,,
કફના શૂળનાં નિદાન સંપ્રાપ્તિસહ લક્ષણ.	,,
આમ અને નિરામ શૂળનાં લક્ષણો બબ્બે દોષોથી થએલા શૂળનાં લક્ષણો.	૧૬૦
પરિણામ શૂળનાં નિદાન સંપ્રાપ્તિ સહ લક્ષણો.	,,
અન્નદ્રવ શૂળનું લક્ષણ	,,
શૂળના ઉપદ્રવો.	,,
શૂળનું સાધ્યાસાધ્યપણું.... ...	,,
શૂળના ઉપાય....	૧૬૧
શૂળરોગીનાં સેવ્યાસેવ્ય.... ...	૧૬૫

For Private And Personal Use Only

વિષય.	પૃષ્ઠાંક.
તરંગ અગીઆરમો.	
ઉદાવર્ત્તનાં નિદાન.	,,
જુદા જુદા વેગોને રોકવાથી થતા જુદા જુદા ઉદાવર્તોનાં વિશેષ લક્ષણો.	,,
ઉદાવર્તનાં નિદાન, સંપ્રાપ્તિ તથા લક્ષણો.	૧૬૬
ઉદાવર્ત્તનાં સાધ્યાસાધ્ય લક્ષણ. ...	૧૬૭
આફરા રોગનાં સામાન્ય લક્ષણ...	,,
એક પછી એક ઉદાવર્ત્તના તથા આફરાના ઉપાયો.	,,
ગુલ્મ રોગનાં નિદાન તથા સામાન્ય લ.	૧૬૯
ગુલ્મરોગ ક્યાં ક્યાં થાય છે? ...	,,
ગુલ્મનાં લક્ષણ તથા પૂર્વરૂપ. ...	,,
કેવા કારણોથી ગુલ્મરોગ ઉત્પન્ન થાય છે?	૧૭૦
વાયુ ગોળાનું લક્ષણ.	,,
પિત્તથી થએલા ગોળાનું નિદાન. ...	,,
પિત્તથી થએલા ગોળાનું લક્ષણ. ...	,,
કફથી થએલા ગોળાનું નિદાન. ...	,,
કફ ગુલ્મનાં લક્ષણ.	,,
ગુલ્મના અસાધ્યપણાનું લક્ષણ. ...	૧૭૧
ગુલ્મ રોગના ઉપાય.	,,
ગુલ્મ રોગીનાં પથ્યાપથ્ય... ...	૧૭૫
બરલનું સ્વરૂપ.	,,
બરલનાં નિદાન, સંપ્રાપ્તિ તથા લક્ષણ.	,,
જુદા જુદા દોષથી થએલ બરલનાં જુદાં જુદાં લક્ષણો.	૧૭૬
યકૃત્ તથા બરલનું સાધ્યાસાધ્યપણું.	,,
બરલ મટાડવાના ઉપાય... ...	,,
હૃદ્રોગનાં નિદાન તથા સંપ્રાપ્તિ પૂર્વક લ.	૧૭૮
પ્રત્યેક હૃદ્રોગનાં જુદાં જુદાં લક્ષણો.	,,
હૃદ્રોગના ઉપદ્રવો.	,,
હૃદ્રોગના ઉપાય.	૧૭૯
હૃદ્રોગીનાં પથ્યાપથ્ય.	,,
તરંગ બારમો.	
મૂત્રકૃચ્છ્રનાં નિદાન તથા સંપ્રાપ્તિ પૂર્વક સામાન્ય લક્ષણ.	૧૮૦

વિષય.	પૃષ્ઠાંક.
દોષ ભેદોથી મૂત્રકૃચ્છ્રના જુદા જુદા ભેદો.	,,
પથરી તથા કાંકરીના ઉપદ્રવો. ...	૧૮૧
મૂત્રકૃચ્છ્રના ઉપાય.	,,
મૂત્રઘાત રોગ થવાનાં મૂળ કારણો.	૧૮૩
તેર જાતિના મૂત્રઘાતોનાં ક્રમવાર લક્ષણો.	,,
મૂત્રઘાતના ઉપાય	૧૮૪
પથરીનાં નિદાન તથા સંપ્રાપ્તિ અને લક્ષણ.	૧૮૬
પથરીનું પૂર્વરૂપ.	,,
પથરીનાં સામાન્ય લક્ષણ. ...	,,
જુદા જુદા દોષોનાલીધે થએલી પથરીઓનાં જુદાં જુદાં લક્ષણો. ...	,,
કાંકરી તથા રેતીના ઉપદ્રવો. ...	૧૮૭
પથરીનું અસાધ્યપણું.	,,
પથરીના ઉપાય	,,
પથરીના રોગીનાં પથ્યાપથ્ય. ...	૧૮૮
પ્રમેહ થવાનાં મૂળ કારણો. ...	૧૮૯
ત્રણે દોષના પ્રમેહોની સંપ્રાપ્તિ તથા પાસેનાં નિદાનો.	,,
પ્રમેહોની સંખ્યા.	,,
પ્રમેહોનાં નામો.	,,
પ્રમેહનું પૂર્વરૂપ.	૧૯૦
પ્રમેહનાં સામાન્ય લક્ષણ. ...	,,
કફના દશ પ્રમેહોનાં લક્ષણ. ...	,,
પિત્તના છ પ્રમેહોનાં લક્ષણ. ...	,,
વાયુના ચાર પ્રમેહોનાં લક્ષણ. ...	૧૯૧
પ્રમેહનાં અસાધ્ય લક્ષણ. ...	,,
આત્રેયજીના મત પ્રમાણે વિશેષ ૬ પ્રમેહોનાં લક્ષણ.	,,
પ્રમેહની દશ પીડિકાનાં નામ તથા લક્ષણ.	૧૯૨
પ્રમેહ પીડિકાઓનું અસાધ્યપણું તથા તેના ઉપદ્રવો....	૧૯૨
પ્રમેહના ઉપાયો.	,,
આત્રેયજીના મત પ્રમાણે પ્રમેહના પીડિકાઓની સંપ્રાપ્તિ લક્ષણ તથા ઉપાય.	૧૯૬
પ્રમેહ રોગીનાં પથ્યાપથ્ય. ...	,,
પ્રમેહ મટી ગયાનાં ચિન્હ. ...	,,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

વિષય.	પૃષ્ઠાંક.
તરંગ તેરમો.	
મેદરોગનાં નિદાન તથા સંપ્રાપ્તિ.	૧૯૭
મેદ વધ્યાથી થતાં લક્ષણો. ...	૧૯૮
મેદનું સ્થાન અને તેનાં કાર્યો. ...	,,
સ્થૂળનાં લક્ષણો.	,,
મેદરોગના ઉપાય.	,,
પરસેવો તથા શરીરની દુર્ગંધ દૂર કરવાના ઉપાયો....	૨૦૦
કાર્શ્ય રોગની ઉત્પત્તિ	,,
બહુ ક્ષીણપણાનાં લક્ષણ. ...	,,
અતિ ક્ષીણપણાથી થતા રોગો. ...	૨૦૧
કેટલાએક દેખીતા દુર્બળપણ બળવાન અને કેટલાક દેખીતા જાડા પણ કમતાકાતવાળા હોય છે તેનું શું કારણ?	,,
ક્ષીણપણાના ઉપાય	,,
અસાધ્ય ક્ષીણતાનાં લક્ષણ. ...	,,
ઉદરરોગોનું નિદાન.	,,
પેટમાં થનારા રોગોની સંપ્રાપ્તિ. ...	,,
ઉદરરોગોનું સામાન્ય સ્વરૂપ. ...	૨૦૨
ઉદરરોગોનાં પાસેનાં નિદાનો તથા સંખ્યા.	,,
વાતોદરનાં લક્ષણ.	,,
પિત્તોદરનાં લક્ષણ.	,,
કફોદરનાં લક્ષણ.	,,
સન્નિપાતોદરનાં લક્ષણ.	,,
પ્લીહોદરનાં લક્ષણ.	૨૦૩
બદ્ધગુદોદરનાં લક્ષણ.	,,
ક્ષતોદરનાં લક્ષણ.	,,
વૃકોદર–જળોદરનાં લક્ષણ. ...	,,
ઉદરરોગોનું સાધ્યાસાધ્યપણું. ...	૨૦૪
વાતોદરના ઉપાય.	,,
પિત્તોદરના ઉપાય.	૨૦૫
કફોદરના ઉપાય.	,,
સન્નિપાતોદરના ઉપાય.	,,
ઉદરરોગો ઉપર છાશનું સેવન. ...	,,
જળોદરના ઉપાય.	૨૦૬
ઉદરરોગીનાં પથ્યાપથ્ય.	૨૦૭

વિષય.	પૃષ્ઠાંક.
તરંગ ચૌદમો.	
સોજાનું નિદાન.	,,
સોજાનું પૂર્વસ્વરૂપ.	૨૦૮
સોજાની સંપ્રાપ્તિ તથા સામાન્ય લક્ષણ.	,,
વાયુના સોજાનાં લક્ષણ... ...	,,
પિત્તના સોજાનાં લક્ષણ... ...	,,
કફના સોજાનાં લક્ષણ.	,,
બબ્બે તથા ત્રિદોષથી ઉત્પન્ન થએલા સોજાનાં ચિન્હો.	૨૦૯
અભિઘાતથી થએલા સોજાનાં લક્ષણ.	,,
ઝેરથી થએલા સોજાનાં લક્ષણ. ...	,,
સોજાના ઉપદ્રવો.	,,
સોજાનું સાધ્યાસાધ્યપણું. ...	,,
સોજાના ઉપાયો.	૨૧૦
સોજાના સામાન્ય ઉપાય	,,
સોજા રોગીનાં પથ્યાપથ્ય. ...	૨૧૧
વધરાવળનું નિદાન તથા સંખ્યા...	,,
વધરાવળની સંપ્રાપ્તિ.	૨૧૨
સાતે પ્રકારની વધરાવળનાં લક્ષણ...	,,
અંતર્ગળની ઉત્પત્તિ અને લક્ષણ.	,,
અંડવૃદ્ધિનું અસાધ્યપણું... ...	૨૧૩
અંડવૃદ્ધિ–વધરાવળના ઉપાય. ...	,,
અંડવૃદ્ધિવાળા રોગીનાં સેવ્યાસેવ્ય.	૨૧૪
બદની ઉત્પત્તિ થવાનાં કારણો. ...	,,
બદના ઉપાય....	,,
ગળગંડ એટલે શું?	૨૧૫
ગળગંડની સંપ્રાપ્તિ.	,,
અંતર તથા બાહાર વિદ્રધિઓનું સાધ્યાસાધ્યપણું....	,,
ગોળા અને વિદ્રધિમાં શો ફેર છે?...	૨૧૫
વિદ્રધિ પાકે છે તેનું કારણ શું?	,,
વિદ્રધિના ઉપાય.	,,
વ્રણના સોજાનું સંખ્યા પૂર્વક સામાન્ય લક્ષણ.	૨૧૬
વ્રણસોથનું વિશેષરૂપ.	,,
ન પાકેલા વ્રણસોથનાં ચિન્હ. ...	,,
પાકવા આવેલા વ્રણસોથનું લક્ષણ.	,,

વિષય.	પૃષ્ઠાંક
પાકી ગએલા વ્રણશોથનાં ચિન્હ. ...	૨૨૬
પાકેલા વ્રણમાંથી પરૂ ન કહાડે તો તેથી થતી અડચણો.	૨૨૭
વ્રણ કાચું પાકું હોવાનાં લક્ષણો ઓળખવામાં વૈદ્યની થતી પરીક્ષા. ...	,,
વ્રણના બે ભેદનો વિચાર. ...	,,
વાયુથી, પિત્તથી, કફથી, અને લોહીથી થએલા વ્રણોનાં લક્ષણો.	,,
શુદ્ધ વ્રણનું લક્ષણ.	૨૨૮
દુષ્ટ વ્રણનું લક્ષણ.	,,
અંકુર આવવાની હાલતમાં આવેલા વ્રણનું લક્ષણ.	,,
ભલીરીતે ભરાયલા વ્રણનાં ચિન્હો	,,
સુખસાધ્ય વ્રણનાં લક્ષણ. ...	,,
વ્રણનું અસાધ્યપણું.	,,
આગંતુક વ્રણ સંબંધી વિવેચન.	૨૨૯
શસ્ત્રથી થતાં છ પ્રકારના વ્રણનાં લક્ષણો	,,
માંસ, નસો, સ્નાયુ, હાડ, અને સાંધાઓ ઉપર થતાં કે વ્રણોની અસર પહોંચતાં થતાં સામાન્ય લક્ષણો અર્થાત્ મર્મ રહિત શિરાવિદ્ધ, સ્નાયુવિદ્ધ, સંધિવિદ્ધ, અસ્થિવિદ્ધ, શિરાદિમર્મસ્થાનવિદ્ધ અને માંસમર્મવિદ્ધનાં લક્ષણો. ...	૨૩૦-૨૩૧
વ્રણ માત્રના સામાન્ય ઉપદ્રવો. ...	,,
દેવતાથી દાઝેલાનાં લક્ષણ અને તેના ચાર ભેદ.	,,
દોષોથી થએલા શારીરિક વ્રણના ઉપાય.	,,
સોજાને શાંત કરનારા લેપો. ...	,,
લેપ કરવાની રીત.	૨૩૨
સોજાના ઉપર કવાથ વગેરેનાં સિંચન.	,,
સોજાને, ઓળી કરમાવી નાખવાનો વિધિ.	,,
સોજામાંથી લોહી કહાડવાનો હેતુ...	,,
સોજા ઉપર થોડાં દિનો ઓગાળો લુગડામાં બાંધી ચકરો આપવાનો પ્રકાર.	૨૩૩
વ્રણના સોજાને પકવવાનો વિધિ. ...	,,
પાકેલા વ્રણશોથને ફાડવા કે ઓપરેશનો ફાડવાનો પ્રકાર... ...	૨૩૩
સોજાને દબાવી પરૂ કહાડવાના ઉપચાર.	૨૩૪
વ્રણને સાફ કરવાના ઉપાય. ...	,,
વ્રણમાં અંકુર લાવવાના ઉપાય. ...	૨૩૫
વ્રણમાં જીવાત પડી હોય તેના ઉપાય.	,,
વ્રણની ખરજ મટવાનો તથા વ્રણ મટી જવાનો ઉપાય. ...	,,
આગંતુક વ્રણના ઉપચાર. ...	,,
અગ્નિથી બળેલાના ઉપાય. ...	૨૩૬
વ્રણગ્રંથીની સંપ્રાપ્તિ... ...	૨૩૭
વ્રણગ્રંથીના ઉપાય.	,,
વ્રણવાળા અને દાઝેલાને સેવવા અને ન સેવવા યોગ્ય વસ્તુઓ. ...	,,
ભગ્નરોગ–હાડ ભાગવાના પ્રકાર અને ભગ્નના બે ભેદોનો વિચાર. ...	૨૩૮
સંધિભગ્નનું સામાન્ય લક્ષણ. ...	,,
છએ પ્રકારના સંધિભગ્નનાં વિશેષ લક્ષણ.	,,
કાંડભગ્નના બાર ભેદની વિગત. ...	,,
કર્કટકાદિકાંડભગ્નોનાં સામાન્ય લક્ષણ.	૨૩૯
ભગ્નનું કષ્ટસાધ્યપણું.	,,
ભગ્નનું અસાધ્યપણું.	,,
હાડ તથા સાંધાઓ ભાંગી ગયા હોય તેના ઉપાય....	૨૪૦
ભગ્નરોગીનાં પથ્યાપથ્ય.	,,
નાડીવ્રણ–ભગંદરનીગળનાં સંપ્રાપ્તિ પૂર્વક વ્યાખ્યા.	૨૪૧
નાડીવ્રણોની સંખ્યા.	,,
પાંચે પ્રકારના નાડીવ્રણોનું લક્ષણ...	,,
નાડીવ્રણોનું સાધ્યાસાધ્યપણું તથા કષ્ટસાધ્યપણું....	૨૪૨
નાડીવ્રણના ઉપાય.	,,

તરંગ સોળમો.

વિષય.	પૃષ્ઠાંક
ભગંદરનું પૂર્વરૂપ, સ્વરૂપ તથા શબ્દાર્થ નિરૂપણ	૨૪૪
પાંચે પ્રકારના ભગંદરનાં ચિન્હ ...	,,
ભગંદરોનું કષ્ટસાધ્યપણું ...	૨૪૫

વિષય.	પૃષ્ઠાંક.
ભગંદરના ઉપાય.	૨૪૫
ભગંદર રોગીનાં પથ્યાપથ્ય. ...	૨૪૬
ઉપદંશ–ચાંદીનાં નિદાનો તથા સંખ્યા.	,,
પાંચે પ્રકારના ઉપદંશોનાં જુદાં જુદાં ચિન્હો.	૨૪૭
ઉપદંશોનું સાધ્યાસાધ્યપણું. ...	,,
ઉપદંશ રોગીને અવશ્યની સૂચના.	,,
ઉપદંશના ઉપાય. ...	,,
ઉપદંશ રોગીનાં પથ્યાપથ્ય. ...	૨૪૮
લિંગાર્શનું લક્ષણ.	૨૪૯
લિંગાર્શના ઉપાય.	,,
શૂકરોગનાં નિદાન તથા સંખ્યા ...	,,
અઢારે પ્રકારના શૂકદોષનાં જુદાં જુદાં લક્ષણો.	૨૫૦
શૂકદોષોનું સાધ્યાસાધ્યપણું. ...	૨૫૧
શૂકરોગના ઉપાય.	,,
કોઢ રોગનાં નિદાન તથા સંખ્યા..	૨૫૨
અઢારે કોઢનાં નામો.	,,
કોઢ થતાં પહેલા કેવાં ચિન્હો થાય છે ?	,,
અમુક દોષની પ્રબળતાથી અમુક કોઢ ઉત્પન્ન થાય છે તેનો વિચાર. ...	,,
સાત મોટા કોઢનાં લક્ષણો. ...	૨૫૩
અગ્યાર નાના કોઢનાં લક્ષણો. ...	,,
સાત ધાતુઓમાં રહેલા કોઢનાં લક્ષણો.	૨૫૪
કોઢના સાધ્યાસાધ્યપણા વિષેનું વિવેચન.	,,
કોઢનાં અરિષ્ટ ચિન્હ.	,,
કોઢના ભેદરૂપ **શ્વિત્ર**કોઢનું લક્ષણ...	૨૫૫
દોષોના ભેદ ઉપરથી શ્વિત્રના લક્ષણ ભેદો.	,,
શ્વિત્રનું સાધ્યાસાધ્યપણું. ...	,,
કોઢ વિના પણ બીજા કેટલાએક રોગો ચેપી છે ?	,,
કોઢના ઉપાય....	,,
દાદરના ઉપાય.	૨૬૦
ધોળા કોઢના ઉપાય.	,,
કોઢ રોગીનાં સેવ્યાસેવ્ય. ...	૨૬૨

વિષય.	પૃષ્ઠાંક.
તરંગ સત્તરમો.	

વિષય.	પૃષ્ઠાંક.
શીતપિત્ત વગેરેમાં દૂરનાં તથા— પાસેનાં નિદાન અને તેઓની સંપ્રાપ્તિ .	૨૬૨
શીતપિત્તનું પૂર્વસ્વરૂપ.	,,
શીતપિત્તનું લક્ષણ.	,,
કોઠ તથા ઉત્કોઠનું લક્ષણ. ...	,,
શીતપિત્ત, ઉદર્દ, કોઠ અને ઉત્કોઠના ઉપાય.	,,
શીતપિત્તાદિનાં પથ્યાપથ્ય. ...	૨૬૪
અમ્લપિત્તનું નિદાનપૂર્વક સ્વરૂપ.	,,
અમ્લપિત્તનાં લક્ષણ.	,,
અમ્લપિત્તના પ્રકાર.	૨૬૫
અમ્લપિત્તનું સાધ્યાસાધ્યપણું. ...	,,
અમ્લપિત્તના ઉપાય.	,,
અમ્લપિત રોગીનાં પથ્યાપથ્ય ...	૨૬૬
વિસર્પનો હેતુ, સંખ્યા તથા શબ્દાર્થ.	૨૬૭
વિસર્પ રોગનું સામાન્ય લક્ષણ. ...	,,
સાતે પ્રકારના વિસર્પોનાં લક્ષણો....	,,
ક્ષતથી થએલ આઠમા પ્રકારના વિસર્પનું લક્ષણ.	૨૬૮
વિસર્પના ઉપદ્રવો.	,,
વિસર્પનું સાધ્યાસાધ્યપણું. ...	,,
વિસર્પના ઉપાય.	,,
વિસર્પનાં પથ્યાપથ્ય.	,,
સ્નાયુ–વાળાનું નિદાન તથા ચિન્હ.	૨૬૯
વાળાના ઉપાય.	૨૭૦
વિસ્ફોટકનો હેતુ અને સંપ્રાપ્તિ–ઉત્પત્તિ.	,,
વિસ્ફોટકનાં સાધારણ લક્ષણ. ...	૨૭૧
આઠે પ્રકારના વિસ્ફોટકનાં લક્ષણ...	,,
વિસ્ફોટકના ઉપદ્રવો.	,,
વિસ્ફોટકનાં સાધ્યાસાધ્ય ચિન્હ. ...	૨૭૨
વિસ્ફોટકના ઉપાય.	,,
વિસ્ફોટકનાં પથ્યાપથ્ય.	,,
ફિરંગનું નિદાન, ...	૨૭૩
ફિરંગ રોગનું સ્વરૂપ, ...	,,
ફિરંગવાયુના ઉપદ્રવો.	,,
ફિરંગના ઉપાય.	,,
ફિરંગ રોગનાં પથ્યાપથ્ય ...	૨૭૬

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
મસૂરિકા થવાનાં મૂળકારણ અને સંપ્રાપ્તિ.	૨૭૬
મસૂરિકાનું પૂર્વસ્વરૂપ, ...	,,
ચૌદપ્રકારની મસૂરિકાનાં ક્રમવાર લક્ષણો.	,,
મસૂરિકાઓનું સાધ્યાસાધ્યપણું. ...	૨૭૭
મસૂરિકાના ઉપાય.	,,
શીતળાનું સ્વરૂપ.	૨૭૮
પેહેલાપ્રકારની શીતળાનું સ્વરૂપ. ...	,,
શીતળાના ઉપાય.	૨૭૯
શીતળા સ્તોત્ર.	,,
શીતળાના બીજા ભેદોનું ક્રમવાર—વિવેચન.	૨૮૦

તરંગ અઢારમો.

વિષય.	પૃષ્ઠાંક.
અજગલ્લિકાનું લક્ષણ અને ઉપાય.	૨૮૧
યવપ્રખ્યાનું લક્ષણ અને ઉપાય.	,,
અલજીનું લક્ષણ અને ઉપાય. ...	,,
વિવૃત્તાનું લક્ષણ અને ઉપાય. ...	,,
ઈંદ્રવૃદ્ધા, ગર્દભિકા, તથા જાળગર્દભિકાનાં લક્ષણ.	,,
વિવૃત્તા, ઈંદ્રવૃદ્ધા, ગર્દભિકા અને જાળગર્દભના ઉપાય.	૨૮૨
શર્કરાર્બુદનું લક્ષણ તથા ઉપાય. ...	,,
કારણો તથા લક્ષણો સહિત કેટલાએક વિકારો પૈકી આલસ્ય, ઉત્ક્લેદ, ગ્લાની, આટોપ, તમ અને ઉદ્‌ગારનાં, ચિન્હો.	,,
પાષાણગર્દભનાં લક્ષણ તથા ઉપાયો.	,,
પનસિકાનાં નિદાનસહ લક્ષણ અને-ઉપાય.	૨૮૩
ઇરિવેલ્લિકાનું નિદાનસહ લક્ષણ અને ઉપાય.	,,
બાંબલાઈ અને ગંધનામના નિદાનસહ લક્ષણ તથા ઉપાય... ...	,,
અગ્નિરોહિણીનું લક્ષણ તથા ઉપાય.	,,
ચિપ્પનું નિદાનસહ લક્ષણ. ...	,,
કુનખનું નિદાનસહ લક્ષણ. ...	,,
ચિપ્પ અને કુનખના ઉપાય. ...	૨૮૪
અનુશયીનું લક્ષણ તથા ઉપાય ...	,,
વિદારિકાનું નિદાનસહ લક્ષણ તથા ઉપાય.	,,
દારીકા-બ્યાઉકાટે તેનું લક્ષણ તથા ઉપાય.	,,
કદર-કણીનું લક્ષણ તથા ઉપાય. ...	,,
ખારિવા-કોંતાનું લક્ષણ તથા ઉપાય.	
ઈંદ્રલુપ્ત-ટાલ પડવાનું નિદાન, સંપ્રાપ્તિ સહ લક્ષણ તથા ઉપાયો ...	૨૮૫
દારૂણકનું લક્ષણ તથા ઉપાય ...	,,
અરૂંષિકાનું નિદાન તથા લક્ષણ અને ઉપાય.	,,
પલિત-ધોળાં પળીયાનું લક્ષણ તથા ઉપાયો	,,
તલ, મસા, લાખાં વગેરેનાં લક્ષણો અને ઉપાયો.	૨૮૬
ન્યચ્છનું લક્ષણ તથા ઉપાય. ...	૨૮૭
લિંગવર્ત્તિનું નિદાન સહ લક્ષણ અને ઉપાયો.	,,
અવપાટીકાનાં નિદાન સહ લક્ષણ તથા ઉપાયો...	,,
નિરૂદ્ધપ્રકશનું હેતુ સહિત લક્ષણ તથાઉપાય.	,,
સન્નિરૂદ્ધગુદનું હેતુસહ લક્ષણ તથા ઉપાય.	,,
વૃષણકચ્છનું હેતુ સહ લક્ષણ તથા ઉપાય.	,,
અહિપૂતનનું હેતુ સહિત લક્ષણ તથા ઉપાય.	૨૮૮
ગુદભ્રંશ-આમણનું નિદાન, લક્ષણ તથા ઉપાય.	,,
શૂકરદંષ્ટ્રનું લક્ષણ તથા ઉપાય. ...	,,
પદ્મકંટકનું લક્ષણ તથા ઉપાય ...	,,
મુખદૂષિકા-જવાનીના ખિલોનું નિદાન સહ લક્ષણ અને ઉપાય. ...	,,
વ્યંગ-નિલક-મુખાઝયાનું લક્ષણ તથા ઉપાય.	૨૮૯
વલ્મીકનું હેતુસહ લક્ષણ તથા ઉપાય.	,,
માથાના રોગનાં હેતુ, સંખ્યા તથા પૂર્વરૂપ.	૨૯૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય. પૃષ્ઠાંક.

માથાના રોગોનું વિશિષ્ટ નિદાન. ... ૨૯૦
માથાના રોગોના ઉપાય. ... ૨૯૧
આધાશીશી મટવાના મંત્ર. ... ૨૯૩
માથાના રોગીનાં સેવ્યાસેવ્ય. ...
આંખ્યોના રોગો પૈકી નેત્રના મંડળનું પ્રમાણ. ૨૯૪
નેત્રમંડળમાં થતા રોગોની ગણતરી. ,,
નેત્રરોગોની ઉત્પત્તિ થવાનાં મુખ્ય કારણો. ,,
કીકીના રોગોની વ્યાખ્યા. ... ૨૯૫
આંખમાં ચાર પડ છે તેની વ્યાખ્યા તથા તે તે પડોનો સ્વભાવ અને તેમાં થતા વિકારોનું વિવેચન. ... ,,
કીકીના રોગનાં નામોની સંખ્યા.... ૨૯૬
છ જાતના મોતિયાબિંદનાં લક્ષણ... ,,
લિંગનાશ–મોતિયાનાં અન્ય લક્ષણો.
વાયુ આદિએ ઉત્પન્ન કરેલા મોતિયાબિંદુઓથી આંખ્યોમાં મંડળના જુદાં જુદાં થતાં રૂપો વિષે. ... ૨૯૭
કીકીમાંના છ રોગોનાં લક્ષણ. ... ,,
સનિમિત્તલિંગનાશનાં હેતુ સહ લક્ષણ. ,,
અનિમિત્ત લિંગનાશનાં હેતુ સહ લ. ૨૯૮
કાળાડોળાના રોગોનાં નામ, સંખ્યા તથા સાધ્યાસાધ્યપણું. ... ,,
ધોળાડોળાના રોગોનાં નામો તથા સંખ્યા વિગેની વ્યાખ્યા.... ... ૨૯૯
પાંપણોના રોગોનાં નામ તથા સંખ્યા. ,,
પાંપણના વાળના બે રોગોનાં નામ તથા તેઓનાં લક્ષણો.... ... ૩૦૧
નેત્રના સાંધાઓનું નિરૂપણ. ... ,,
તે સાંધાઓમાં થતા રોગોનાં નામો તથા સંખ્યા. ... ... ,,
આખા નેત્રમાં થતા રોગોનાં નામો તથા સંખ્યા. ૩૦૨
ચાર અભિષ્યંદોનાં નામ તથા લ. ,,
ચાર અધિમંથનાં ચિન્હો ... ,,
સશોથપાક, અશોથપાક, હતાધિમંથ, વાતપર્યય, શુષ્કાક્ષિપાક, અન્યતો વાત, અમ્લાધ્યુષિત, સબળવાયુ અને શિરોહર્ષનાં લક્ષણો. ...૩૦૨–૩૦૩
નેત્રના સામપણાનું લક્ષણ. ... ,,
આમ રહિત આંખ્યોનું લક્ષણ. ... ,,
નેત્રના રોગોના ઉપાય. ... ... ,,
અંજન આંજવાની મર્યાદાની વ્યાખ્યા ,,
આંખ્ય માટે આઠ ક્રિયાઓ. ... ૩૦૪
આંખ ઉપર શેક કરવાનો વિધિ. ,,
અશ્ચોતનનો વિધિ ... ... ,,
પિંડીનો વિધિ. ૩૦૫
બિડાલકર્મનો વિધિ. ... ... ,,
તર્પણનો વિધિ. ... ... ,,
પુટપાકનો વિધિ. ૩૦૬
આંખ દુખવા ઉપર ઉપાયો. ... ,,
નેત્ર રોગોના અન્ય ઉપાયો. ... ૩૦૭
સાપનું ઝેર દૂરકરવાનું અંજન. ... ૩૦૯
નેત્રના દુખવા ઉપર ઓપટો. ... ,,
મોતિયા કાઢવાની ક્રિયા. ... ૩૧૧
નેત્ર રોગીનાં પથ્યાપથ્ય. ... ૩૧૨
કાનના અઠ્યાવીશ રોગોનાં નામ. ,,
કાનના અઠ્યાવીશ રોગોનાં લક્ષણ. ,,
ચરકમત પ્રમાણે કાનના ચાર રોગોનું વિવેચન. ૩૧૪
કાનની ફીનેરીમાં થતા પાંચ રોગોનું વિવેચન. ... ... ,,
કાનના રોગોના ઉપાય ... ,,
કાનની ફીનેરીના રોગોના ઉપાય... ૩૧૬
નાકના રોગોનાં નામો તથા સંખ્યા ,,
પ્રતિસ્યાય–શળીખમની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ. ૩૧૭
શળીખમનું પૂર્વરૂપ .... ,,
પાંચે પ્રકારના શળીખમનાં લક્ષણો.... ૩૧૮
પીનસના કચ્ચા પાકાપણાનું લક્ષણ ,,
નાકના રોગોના ઉપાય ... ૩૧૯
મોં એટલે શું? ત્યાં મોહોડાના રોગોની સંખ્યા. ૩૨૦
મ્હોંના રોગોને ઉત્પન્ન થવાનું મૂળ કારણ ,,
હોઠના રોગોની હેતું સહિત સંખ્યા... ,,
હોઠના રોગોના ઉપાય ... ... ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય. પૃષ્ઠાંક.

દાંતોના પેઢાઓમાં જે રોગો થાય છે તેનાં નામો તથા સંખ્યા. ... ૩૨૧
દાંતોના પેઢાઓમાં થતા રોગોનાં ક્રમવાર લક્ષણો. ,,
દાંતોના પેઢાઓના રોગોના ઉપાય... ૩૨૨
દાંતોના રોગોનાં નામ તથા સંખ્યા. ૩૨૩
હનુમોક્ષ નામના દાંતના રોગનું લક્ષણ. ૩૨૪
દાંતાના રોગોના ઉપાય ... ,,
જીભના રોગોનાં નિદાનો, નામો તથા સંખ્યા. ૩૨૫
જીભના રોગોના ઉપાય ... ,,
તાળવાના રોગોનાં નામ તથા સંખ્યા. ૩૨૬
તાળવાના રોગોના ઉપાય- ... ,,
ગળાના રોગોનાં નામો તથા સંખ્યા ,,
પાંચે જાતની રોહિણીની હેતુ સહ સંપ્રાપ્તિ. ૩૨૭
રોહિણી રોગથી મરણ થવાનો અવધિ ,,
કંઠશાલુક, અધીજીવ્હ, વળય, બલાસ, એકવૃંદ, વૃંદ, શતઘ્નિ, ગિલાયુ, કંઠવિદ્રધિ, ગલૌઘ, સ્વરઘ્ન, માંસતાન, અને વિદારી વગેરે ગળાના રોગોનાં લક્ષણો. ... ૩૨૭–૩૨૮
ગળાના રોગોના ઉપાય. ,,
ગળાના રોગના સામાન્ય ઉપાયો ,,
આખામોંના રોગોનાં નિદાન તથા સંખ્યા. ૩૨૯
આખામોંના રોગો પૈકી જે જે અસાધ્ય રોગો છે તેઓનાં નામો. ... ,,

તરંગ ઓગણીશમો.

ઝેરનો અધિકાર તથા તેના ભેદ અને સ્થાનકો. ૩૩૧
સ્થાવર ઝેરના પ્રત્યેક સ્થળનાં ચિન્હો ,,
ઝેરના સ્વાભાવિક દશ ગુણો. ... ૩૩૨
શુદ્ધ સ્થાવર વિષના ગુણ. ... ,,
ઝેરી શસ્ત્રના વાગવાથી થતાં ઝેરનાં ચિન્હ. ,,
જેણે દ્વેષભાવથી ઝેર ખવરાવ્યું હોય તે દુષ્ટને પારખવાની યુક્તિ. ... ,,
દૂષિ વિષનાં લક્ષણો. ૩૩૩
ઝેરી ઊંદર કરડયાનું લક્ષણ. ... ૩૩૩
પ્રાણ લેનાર ઊંદરના ઝેરનું કામ... ,,
વીંછીના ઝેરનું લક્ષણ.... ... ,,
ઝેરી દેડકાના ઝેરનું ચિન્હ. ... ,,
ઝેરી માછલું કરડયાનાં લક્ષણ. ... ,,
ઝેરી જળોના દંશનું ચિન્હ. ... ,,
ઝેરી દેડગરોળીના દંશનું ચિન્હ. ,,
કાનખજૂરાના દંશનું ચિન્હ. ... ,,
મચ્છરના દંશનું ચિન્હ. ... ,,
ઝેરી માખીના દંશનું લક્ષણ. ... ,,
વાઘ, ચિતરા વગેરેના કરડયાનાં લક્ષણો. ૩૩૫
હડકાયાં કુતરાં, શિયાળ, વાઘ વગેરે હડકાયાં થયાં હોય તેના કરડયાનાં લક્ષણો. ,,
સ્થાવર ઝેરના ઉપાય. ... ... ,,
જંગમ ઝેરના ઉપાય. ૩૩૬
વીંછીનું, કણેરનું, ધંતુરાનું, આકડાનું, કૌવચનું, ભીલામાનું, માખીનું, મધના ભમરા ભમરીનું, ઝેરી ઊંદરનું, ઝેરીદેડકાનું, કાનખજૂરાનું, સાંપનું અને હડકાયા કુતરા વગેરે હડકાયા જનાવરોનું—એ સઘળાંઓનું ઝેર મટાડવાના ઉપાયો. ... ૩૩૬–૩૩૭
સોમલનું, અફીણનું, ધંતુરાનું ઝેર તથા સર્વ પ્રકારનાં ઝેર મટાડવાના ઉપાયો ૩૩૮
વિષ રોગીનાં પથ્યાપથ્ય. ... ,,

તરંગ વીશમો.

પ્રદર રોગની ઉત્પત્તિ. ... ... ,,
પ્રદર રોગની સંખ્યા. ૩૩૯
પ્રદર રોગનું સામાન્ય લક્ષણ. ... ,,
ચાર પ્રકારના પ્રદરોનાં લક્ષણો. ... ,,
યોનિમાર્ગથી લોહી બહુજ વહેતાં થતા ઉપદ્રવો. ... ... ,,
પ્રદરનું અસાધ્ય લક્ષણ. ... ,,
શુદ્ધ રજસ્વળાપણાનું લક્ષણ. ... ,,
પ્રદર રોગના ઉપાય. ૩૪૦

For Private And Personal Use Only

વિષય.	પૃષ્ઠાંક.
સોમરોગની હેતુ સહ સંપ્રાપ્તિ,...	૩૪૦
સોમ રોગનું લક્ષણ.	,,
સોમ રોગના ઉપાય.	,,
મૂત્રાતિસારના ઉપાય. ...	૩૪૧
યોનિમાર્ગથી ધોળો ધાતુ વહે તેના ઉપાય.	,,
યોનિના રોગોનાં નિદાન તથા સંખ્યા.	,,
વીશ જાતિની યોનિઓનાં નામો તથા તેઓનાં લક્ષણો... ...	,,
યોનિકંદ રોગનો હેતુ... ...	૩૪૨
યોનિકંદનું સ્વરૂપ તથા સંખ્યા. ...	,,
ચારે પ્રકારના યોનિકંદનાં જુદાં જુદાં ચિન્હો, ...	,,
વાંઝણી મટી પુત્રવતી થવાના ઉપાયો.	,,
ગર્ભ ન રહે તેવા અનુભવિ ઉપાયો....	૩૪૩
સ્ત્રીઓના યોનિરોગોના ક્રમવાર ઉપાયો,	૩૪૪
યોનિના સઘળા રોગો મટવાને માટે ફળઘૃત.	,,
યોનિકંદના ઉપાય.	૩૪૫
ગર્ભવંતીના રોગોના ઉપાય. ...	,,
ગર્ભસ્રાવ અને ગર્ભપાત થવાનાં મુખ્ય કારણો.	,,
ગર્ભ ગળતો હોય તેને થંભાવવાના ઉપાય.	૩૪૬
ગર્ભપાતના ઉપદ્રવો.	,,
પડતા ગર્ભને થંભાવવાના ઉપાય....	,,
ગર્ભવંતીને આફરો હોય તેના ઉપાય.	,,
ગર્ભવંતીના ગર્ભ સંરક્ષણ માટે દરમાસે ઉપયોગમાં લેવાના ઉપાય.	૩૪૭
વાયુથી ગર્ભ સુકાઇ ગયો હોય તેના ઉપાય.	,,
પ્રસવ થવાના માસનો નિયમ તથા તે નિયમ વીત્યા પછીના ઉપાય.	૩૪૮
પ્રસવકાળમાં સ્ત્રી કષ્ટાતી હોય તેના ઉપાય.	,,
પ્રસવ થવાના મંત્ર યંત્ર તંત્રો. ...	,,
મૂઢગર્ભની ઉત્પત્તિ તથા લક્ષણો....	૩૪૯
મૂઢગર્ભવાળી સ્ત્રીનાં અસાધ્ય ચિન્હો	,,
ગર્ભમાં બાળક મરી ગયો હોય તેનાં લ.	૩૪૯
ગર્ભનું તથા ગર્ભવંતીનું મૃત્યુ થવાનું કારણ.	,,
મૂઢગર્ભના ઉપાય.	૩૫૦
પ્રસવ થયા પછી યોનિમાં ચાંદી કે દુખાવો થએલો હોય તેના ઉપાય.	,,
પ્રસવ થયા છતાં ઓર પેટમાં રહી હોય તેને પાડવાના ઉપાય. ...	
મક્કલ્લરોગનું નિદાન તથા સંપ્રાપ્તિ પૂર્વક લક્ષણ...	,,
મક્કલ્લરોગના ઉપાય.	૩૫૧
સુવાવડીને શું શું સેવવા યોગ્ય છે ?	,,
સુવારોગનું લક્ષણ.	,,
સૂતિકા રોગના ઉપાય.	,,
સુવાવડીનાં પથ્યાપથ્ય.	૩૫૨
સ્તન રોગોની સંપ્રાપ્તિ તથા લક્ષણ.	,,
સ્તન રોગોના ઉપાય.	,,

તરંગ એકવીશમો.

સમજુ મા બાપે બાળગ્રહોથી બાળકનું સંરક્ષણ કરવું.	૩૫૩
બાળગ્રહોની ઉત્પત્તિ.	,,
જેઓ બાળકોને બાળગ્રહો વળગ્યા હોય તેનાં સામાન્ય લક્ષણો. ...	,,
સ્કંદ બાળગ્રહના વળગાડનાં ચિન્હો.	
સ્કંદાપસ્માર બાળગ્રહના વળગાડનાં ચિન્હો	,,
શકુની બાળગ્રહના વળગાડનાં લ....	,,
રેવતી બાળગ્રહના વળગાડનાં લ....	,,
પૂતના બાળગ્રહના વળગાડનાં લ....	૩૫૪
અંધપૂતના બાળગ્રહના વળગાડનાં ચિન્હો.	૩૫૫
શીતપૂતના બાળગ્રહના વળગાડનાં લક્ષણો.	,,
મુખમુંડિકા બાળગ્રહના વળગાડનાં ચિન્હો.	,,
નૈગમેષ બાળગ્રહના વળગાડનાં લક્ષણો.	,,
બાળગ્રહોના વળગાડ માટે સામાન્ય	

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
ઉપાય.	૩૫૫
નવે બાળગ્રહોના વળગાડની જુદી જુદી ચિકિત્સા.	,,
બાળકને ડાકિની વગેરેની થતી પીડાની ઉત્પત્તિ, લક્ષણ અને ઉપાય સાદ વ્યાખ્યા.	૩૫૭
નંદા, સુનંદા, પૂતના, મુખમંડિકા, કટપૂતના, શકુનિકા, રેવતી, આર્યકા, સૂતિકા, નૈઋતા, પિલિપિચ્છિકા અને કામુકા એ બાર માતૃકાઓની પીડાનાં ચિન્હો તથા તેના માટે મંત્રોપચાર.	૩૬૦
બાળકના રોગોની ઉત્પત્તિ, નિદાન, તથા લક્ષણો.	,,
તાલુકંટ, મહાપદ્મ, તુંડીપાક, ગુદપાક, અહિપૂતના, કુંકૂણક, પારગર્ભિક, અજગલ્લિકા અને દંતોદ્‌ભેદક એઓનાં લક્ષણો. ...	૩૬૦—૩૬૧
બાળકની ઉમર પ્રમાણે દવા આપવાનું પ્રમાણ તથા તાવ, તાવ સાથે ઝાડો, ઝાડો, અતિસાર, લોહી ખંડવાયો, મરડો, સંહણી, ઉધરસ, શ્વાસ, હેડકી, ઉલટી, આફરો, દુધનું ઓકવું, મળરોધ, બહુ લાળનું ગરવું, મ્હોંમાં પડેલી ચાંદીઓ, ડૂંટીનો સોજો, ડૂંટીનું પાકવું, ગુદાનું પાકવું, દાંત ફુટતી વખતે થતાં દરદો, દુર્બળ થવું, ચાંદી—રતવા વિસ્ફોટક વગેરેનું થવું, રોયા કરવું, ગળાનું પડવું, કુંકૂણક રોગ, અહિપૂતના, પારિગર્ભિક રોગ, તરશ. શુલીઓ, આંચકી અને વરાધ એટલાં દરદો તથા બાળકનું શરીર પુષ્ટ થાયે તેઓના ક્રમવાર ઉપાયો.	૩૬૨-૩૬૪

તરંગ બાવીશમો.

પંઢ રોગ થવાનાં કારણો ...	૩૬૪
મહાત્મા સુશ્રુતજીના કહેવા પ્રમાણે સાત પ્રકારના નપુંસકનાં લક્ષણો ...	૩૬૫
નપુંસકપણું મટવાના ઉપાયો ...	,,
વાજીકરણ કારક પદાર્થો ...	૩૬૬
રતિવર્દ્ધન યોગો	૩૬૬-૩૬૯

તરંગ તેવીશમો.

સાત ધાતુઓ અને ઉપધાતુઓનાં નામો	૩૬૯
સાતે ધાતુઓનું શોધન. ...	,,
મૃગાંક કરવાનો વિધિ.	,,
મૃગાંક કરવાનો બીજો વિધિ. ...	૩૭૦
રૂપરસનો વિધિ.	,,
ત્રાંબાની ભસ્મ કરવાની રીત ...	,,
સીસાની ભસ્મનો વિધિ.	૩૭૧
બંગ કરવાનો વિધિ.	,,
લોહ ભસ્મનો વિધિ.	,,
સાત ઉપધાતુઓનાં ક્રમવાર શોધન અને ભસ્મ કરવાની રીત. ...	૩૭૨
ચંદ્રોદય રસની ક્રિયા.	૩૭૩
હરગૌરી રસની રીતો.	૩૭૪
પારાની ભસ્મ કરવાનો વિધિ. ...	,,
હિંગળોકની ભસ્મનો વિધિ. ...	૩૭૫

તરંગ ચોવીશમો.

દશ મૂળાશવનો વિધિ.	૩૭૫
મુસળીપાકનો વિધિ ...	૩૭૭
શિળાજીતની ઉત્પત્તિ તથા શોધન ...	,,
ખાર કહાડવાનો વિધિ. ...	,,
સ્નેહવિધિ	૩૭૮
સ્વેદવિધિ ...	,,
વમનવિધિ	,,
વિરેચન વિધિ	૩૭૯
છએ ઋતુઓમાં હરડે ખાવાનો વિધિ.	૩૮૧
બસ્તિ-પિચકારી મારવાનો વિધિ. ...	,,
નિરૂહબસ્તિનો વિધિ ...	૩૮૨
નિરૂહબસ્તિના તોલનું પ્રમાણ ...	૩૮૩
મધુતૈલકબસ્તિ ...	,,
યાપનબસ્તિ	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
યુક્તરસ્યબસ્તિ	૩૮૪
ફળવર્તિ	,,
ઉત્તરબસ્તિ	,,
ધૂમ્રપાનનો વિધિ	,,
શરીરમાંથી લોહી કાઢવાનો વિધિ...	૩૮૫

તરંગ પચીશમો.

વિષય.	પૃષ્ઠાંક.
છએ ઋતુઓની સમજ... ...	૩૮૭
કઇ કઇ ઋતુમાં ક્યા ક્યા દોષનો સંચય-કોપ તથા શાંતિ થાય છે?	,,
વાયુકોપના આહાર-વિહાર ...	,,
પિત્તકોપના આહાર-વિહાર ...	,,
કફકોપના આહાર-વિહાર ...	,,
હેમંતઋતુના આહાર-વિહાર ...	,,
શિશિરઋતુના આહાર-વિહાર ...	,,
વસંતઋતુના આહાર-વિહાર ...	૩૮૮
ગ્રીષ્મઋતુના આહાર-વિહાર ...	,,
વર્ષાઋતુના આહાર-વિહાર ...	,,
શરદ્‌ઋતુના આહાર-વિહાર. ...	૩૮૮
દિનચર્યા	,,
રાત્રી ચર્યા.	૩૯૦
શારીરિક અને ઇંદ્રિયવિજ્ઞાન અર્થાત્ સાત કળા, સાત આશય, સાત ધાતુઓ, સાત ઉપધાતુઓ, સાત ત્વચા, સપ્ત ધાતુઓના મળ, ત્રણ દોષ, વાયુનું સ્વરૂપ, સ્થાન અને નામો, પિત્તનું સ્વરૂપ, સ્થાન અને નામો, કફનું સ્વરૂપ, સ્થાન અને નામો, સ્નાયુઓ, છિદ્રો, બરળ, કાળજું, હોજરી અને શરીર રચના વગેરેની વ્યાખ્યા. ...	૩૯૧-૩૯૪
સૃષ્ટિક્રમ	૩૯૬
આહારનું, પરીપાકનું, ગર્ભની ઉત્પત્તિનું તથા બાળકના પોષણાદિનું લક્ષણ...	,,
મનુષ્યના શરીરની ગતિ ...	૩૯૭
વાતાદિ ભેદથી મનુષ્યના મનની પડતી પિછાણ	,,
લેખકની વિજ્ઞપ્તિ	૩૯૮

આ ગ્રંથમાં કહેલાં રસ, ચૂર્ણ, ગુટિકા, ક્વાથ, પાક-અવલેહ, તૈલ, ઘૃત, આસવ-અરિષ્ટાદિની ક્રમવાર અનુક્રમણિકા.

" હિંગુલેશ્વર રસ. "	૨૬
શીતભંજીર રસ.	૨૮
ઉન્મત્ત રસ.	૩૨
પંચવક્ત્ર રસ....	,,
સ્વચ્છંદ ભૈરવ રસ.	,,
ચિંતામણિ રસ.	૩૮
કાળારિ રસ....	,,
સંજ્ઞાકરણ રસ.	,,
બ્રહ્માસ્ત્ર રસ.	,,
ત્રિપુરભૈરવ રસ.	,,
જ્વરાંકુશ રસ.	૪૨
વૃહન્વસંતમાલતિ રસ. ...	,,
ગંગાધર રસ.	૫૪
સંગ્રહણીકપાટ રસ.	૫૮
ભેળગજ્ઞ રસ.	૬૩
લઘુમાલિની વસંત રસ.... ...	,,
અર્શકુઠાર રસ.	૬૪
પર્પટી રસ.	૬૬
ક્રવ્યાદ રસ.	૭૨
જ્વરગજાનગ રસ.	,,
રામબાણ રસ.	૭૩
ક્ષુદ્બોધ રસ....	,,
અજીર્ણકંટક રસ.	,,
ક્રવ્યાદિ રસ.	,,
અગ્નિકુમાર રસ.	,,
રાજમૃગાંક રસ.	,,
કુમુદેશ્વર રસ.	,,
કુમુદેશ્વર રસ (બીજો).	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ટાંક.
પંચામૃત રસ.	૮૯
કાસકેશરી રસ.	૯૨
આનંદભૈરવ રસ.	૯૩
ચંદ્રશુર રસ.	૯૫
શ્વાશકુઠાર રસ.	૯૮
સૂર્યાવર્ત્ત રસ.	,,
મહોદધિ રસ.	,,
અમૃતાર્ણવ રસ.	,,
મેઘાડંબર રસ.	,,
અગ્નિકુમાર રસ.	૧૦૩
મહાચંદ્રકળા રસ.	૧૧૫
ભૂતભૈરવ રસ.	૧૨૬
મહાનારાચરસ.	૧૩૫
વિજયભૈરવ રસ.	૧૪૪
વાતારી રસ.	,,
સમીરપન્નગ રસ.	૧૪૫
સમીરગજકેશરી રસ.	,,
વૃદ્ધચિંતામણી રસ.	,,
રાક્ષસ રસ.	,,
અંગેશ્વર રસ.	૧૪૬
આમારી રસ.	૧૫૦
આમવાતેશ્વર રસ.	૧૫૨
શંખદ્રાવાનળ રસ.	૧૬૩
શુળગજકેશરી રસ.	૧૬૪
અગ્નિમુખ રસ.	,,
જૈપાલ રસ.	૧૬૮
ગુલ્મકુઠાર રસ.	૧૭૩
વિદ્યાધર રસ...	,,
લઘુમોકેશ્વરરસ.	૧૮૨
અંગેશ્વર રસ (બીજો)	૧૯૪
મેઘનાદ રસ.	૧૯૫
હરિશંકર રસ.	,,
પ્રમેહકુઠાર રસ.	૧૯૫
વડવાનળ રસ.	૧૯૯
ઉદરારી રસ.	૨૦૬
ઉદયભાસ્કર રસ.	૨૦૭
રૂપરાજ રસ.	૨૪૬
રવિસુંદર—રવિતાંડવ રસ. ...	,,
તાલુકેશ્વર રસ.	૨૫૮
ગલિતકુષ્ટારી રસ......	૨૫૯
ફિરંગગજકેશરી રસ..	૨૭૫
વજ્રપાત રસ.	૩૮૮

ચૂર્ણ.

વિષય.	પૃષ્ટાંક.
શોડષાંગ ચૂર્ણ.	૪૨
નિંબાદિ ચૂર્ણ.	૪૩
સુદર્શન ચૂર્ણ....	,,
લઘુગંગાધર ચૂર્ણ.	૫૩
દાડિમાષ્ટક ચૂર્ણ.	૫૭
કપિત્થાષ્ટક ચૂર્ણ, ...	૫૮
વૃદ્ધગંગાધર ચૂર્ણ.	,,
વિજય ચૂર્ણ....	૬૪
હિંગ્વાષ્ટક ચૂર્ણ.	૭૧
અગ્નિમુખ ચૂર્ણ.	,,
વૈશ્વાનર ચૂર્ણ....	,,
લવણભાસ્કર ચૂર્ણ.	૭૨
વડવાનળ ચૂર્ણ.	,,
બિડલવણાદિ ચૂર્ણ.	૭૩
કુબ્યાદિ ચૂર્ણ....	૭૪
રાજવલ્લભ ચૂર્ણ.	,,
જીરકાદિ ચૂર્ણ.	,,
અજમોદાદિ ચૂર્ણ.	૭૫
જીરકાદ્ય ચૂર્ણ.	,,
નવાયસ ચૂર્ણ.	૮૦
સિતોપલાદિ ચૂર્ણ.	૮૬
કર્પૂરાદિ ચૂર્ણ.	,,
વૃહતતાલીસાદિ ચૂર્ણ.	૮૭
ગગનાશય ચૂર્ણ.	૮૮
લવીંગાદિ ચૂર્ણ.	,,
લવીંગાદિ ચૂર્ણ (બીજું) ...	૯૨
એલાદિ ચૂર્ણ.	૯૫
ચવ્યાદિ ચૂર્ણ.	૧૦૦
દાડિમાદિ ચૂર્ણ	૧૦૧
લવીંગાદિ ચૂર્ણ (ત્રીજું) ...	,,
વૃહદેલાદિ ચૂર્ણ.	૧૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
સારસ્વત ચૂર્ણ.	૧૨૦
વિશ્વાદ્ય ચૂર્ણ.	૧૨૧
કલ્યાણક ચૂર્ણ	૧૨૭
નારાયણ ચૂર્ણ.	૧૩૫
અજમોદાદિ ચૂર્ણ. (બીજું)	૧૪૯
પંચસમ ચૂર્ણ	૧૬૨
નારાયણ ચૂર્ણ.	૧૬૮
હિંગ્વાદિ ચૂર્ણ.	૧૭૨
હિંગુદ્વાદશક ચૂર્ણ......	૧૭૪
વચાદ્ય ચૂર્ણ.	,,
હરિતક્યાદિ ચૂર્ણ......	૧૭૯
ન્યગ્રોધાદિ ચૂર્ણ......	૧૯૩
કુષ્ઠાદિ ચૂર્ણ.	૨૦૪
નારાયણ ચૂર્ણ. (બીજું)	૨૦૫
ઉદરામય ચૂર્ણ.	૨૦૬
પુનર્નવાદિ ચૂર્ણ.	૨૧૧
પિપ્પલાદિ ચૂર્ણ......	૨૨૨
અવિપિત્તકર ચૂર્ણ.	૨૬૬
લાજાદિ ચૂર્ણ.	૩૬૨
રજન્યાદિ ચૂર્ણ.	,,
વિડંગાદિ ચૂર્ણ.	,,
દ્રાક્ષાદિ ચૂર્ણ.	૩૬૩
ગોક્ષુરાદિ ચૂર્ણ.	૩૬૬

ગુટિકા.

અમૃતસંજીવની ગુટિકા ...	૩૮
ચતુઃસમ ગુટિકા ...	૫૨
દાડિમવટી	૫૩
જાયફળાદિ વટી	૫૪
અભ્રક ગુટિકા	૫૭
કાંકાયન ગુટિ	૬૧
વૃહત્ સૂરણમોદક	૬૨
પ્રાણદા ગુટિકા	૬૪
અગ્નિતુંડાવતિ ગુટિકા.	૭૩
ક્ષુધાસાગરવટી	૭૪
લવીંગામૃત ગુટિકા	,,

વિષય.	પૃષ્ઠાંક.
ગંધકવટી	૭૫
સંજીવની ગુટિકા	,,
એલાદિ ગુટિકા	૮૩
શૃંગાર્યાભ્રક ગુટિકા	૮૮
શંખવટી	૮૯
કાસકર્તરી ગુટિકા	૯૨
કર્પૂરાદિ ગુટિકા	,,
અમૃત ગુટિકા	૧૪૫
હરિતાલ ગુટિકા	૧૪૬
આમારી ગુટિકા	૧૫૧
સૌવર્ચલાદિ ગુટિકા	૧૬૨
બારવટી	,,
ચિત્રકાદિ ગુટિકા	,,
શ્વાનાંશીની ગુટિકા	,,
કુચીલાદિ ગુટિકા	૧૬૩
શ્વાસગજકેશરી ગુટિકા	૧૬૪
શ્વાસગજકેશરી ગુટિકા (બીજી) ...	,,
હિંગ્વાદિ ગુટિકા	,,
શુરષ્ટક ગોળી	૧૬૮
કાંકાયન ગુટિકા (બીજી)	૧૭૩
ચંદ્રપ્રભા ગુટિકા	૧૯૪
પ્રમેહારી ગુટિકા	,,
પંચાનન વટી	૧૯૫
શુકાદિ વટિકા	૨૧૧
દ્રાક્ષાદિ ગુટિકા	૨૬૬
સમશાર્ગી ગુટિકા	૨૭૪
ચંદ્રોદય વર્ત્તિ	૩૦૭
કુસુમિકાવર્ત્તિ	,,
દંતવર્ત્તિ	,,
લેખનવર્ત્તિ	,,
નયનામૃત વટી	૩૦૯
ચંદ્રપ્રભા વર્ત્તિ	૩૧૦
વ્યોષાદિ વટી	૩૧૯
મુસ્તાદિ વટી	૩૨૨
ખદિરાદિ વટી	૩૩૦
વાનરી ગુટિકા	૩૬૮
અકરભાદિ ગુટિકા	,,
મદનમંજરી ગુટિકા	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ટાંક.
નાગાર્જુની ગુટિકા	૩૬૮
અભયાદિમોદક	૩૮૦

ક્વાથ.

વિષય.	પૃષ્ટાંક.
પંચભદ્ર ક્વાથ.	૨૯
અમૃતાષ્ટક ક્વાથ......	૩૦
ભાર્ગ્યાદિ બત્રીશો ક્વાથ.	૩૫
બૃહત્ક્ષુદ્રાદિ ક્વાથ......	૪૨
ધાણાપંચક ક્વાથ......	૫૩
ક્ષુદ્રાદિ ક્વાથ.	૯૨
ચંદનાદિ ક્વાથ.	૧૧૫
પિપ્પલ્યાદિ ક્વાથ.......	૧૩૫
રાસ્નાદિ ક્વાથ.	૧૩૭
મહારાસ્નાદિ ક્વાથ.	૧૪૨
લઘુમંજીષ્ઠાદિ ક્વાથ, ...	૧૫૫
ગુડૂચ્યાદિ ક્વાથ......	૧૫૭
કણાદિ ક્વાથ.	૧૭૩
ગોક્ષુરાદિ ક્વાથ.	૧૮૧
હરીતક્યાદિ ક્વાથ.	,,
બૃહત્યાદિ ક્વાથ.	૧૮૨
શુંઠ્યાદિ ક્વાથ.	૧૮૭
એલાદિ ક્વાથ.	,,
પુનર્નવાદિ ક્વાથ.......	૨૦૬
પથ્યાદિ ક્વાથ.	૨૧૦
રાસ્નાદિ ક્વાથ (બીજો)	૨૧૪
લઘુમંજીષ્ઠાદિ ક્વાથ. (બીજો)	૨૫૭
મધ્યમંજીષ્ઠાદિ ક્વાથ.	,,
મોટોમંજીષ્ઠાદિ ક્વાથ.	૨૫૮
ભૂનિંબાદિ ક્વાથ	૨૬૪
દશાંગ ક્વાથ	૨૬૬
ભૂનિંબાદિ ક્વાથ (બીજો) ...	૨૬૯
દશાંગ ક્વાથ (બીજો)	૨૭૨
પથ્યાદિ ક્વાથ	૨૯૨
દાર્વ્યાદિ ક્વાથ	૩૪૦
હીબેરાદિ ક્વાથ	૩૪૫
પિપ્પલ્યાદિગણ ક્વાથ	૩૫૧
દાર્વ્યાદિ ક્વાથ (બીજો)	૩૬૮
ભદ્રમુસ્તાદિ ક્વાથ	૩૬૨
સમંગાદિ ક્વાથ	,,

પાક-અવલેહ.

વિષય.	પૃષ્ટાંક.
કુટજાવલેહ	૬૩
અષ્ટાદશાંગ અવલેહ	૮૦
કુષ્માંડાવલેહ	૮૩
ચ્યવનપ્રાશાવલેહ	૮૭
આદ્રકાવલેહ	૮૯
વાસાવલેહ	૯૦
કંટકાર્યાવલેહ	૯૩
ભાર્ગીગુડ	૯૮
નિદિગ્ધિકાવલેહ	૧૦૦
જાયફલાવલેહ	,,
ભ્રાહ્મ્યાદિઅવલેહ	૧૦૧
કલ્યાણાવલેહ	૧૩૩
લસણપાક	૧૪૬
શુંઠીપાક-ખંડશુંઠી	૧૫૦
મેથીપાક	,,
અમૃતભલ્લાતકાવલેહ	૧૫૭
તારામંડુરગુડ	૧૬૩
દંતિશિવાવલેહ	૧૭૪
ગોક્ષુરાવલેહ	૧૮૩
વરુણકગુડ	૧૮૮
સોપારીપાક	૧૯૪
ગોખરૂપાક	૧૯૫
પંચનિંબકાવલેહ	૨૫૬
અમૃતભલ્લાતકાવલેહ (બીજો.) ...	૨૫૭
મહાભલ્લાતકાવલેહ	,,
હરિદ્રખંડ	૨૬૦
આદ્રકખંડ	૨૬૪
કુષ્માંડાવલેહ	૨૬૬
નાલિકેરખંડ	,,
સૌભાગ્યશુંઠીપાક	૩૫૨
બિલ્વાદિઅવલેહ	૩૬૨
કુટજાઅવલેહ	૩૬૩
સિંહ્યાદિઅવલેહ	,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
સિવાદિઅવલેહ	૩૬૩
રતિવલ્લભપૂગીપાક	૩૬૬
આમ્રપાક	૩૬૭
મુસલીપાક	૩૭૭

ગુગળ.

વિષય.	પૃષ્ઠાંક.
ત્રયોદશાંગ ગુગળ	૧૩૬
રાસ્નાદિ ગુગળ	૧૩૭
યોગરાજ ગુગળ	૧૪૨
વ્યાધિશાર્દૂલ ગુગળ	૧૫૧
દ્વાત્રિંશતિ ગુગળ	,,
સિંહનાદ ગુગળ	૧૫૨
કિશોર ગુગળ	૧૫૭
ગોક્ષુરાદિ ગુગળ	૧૮૨
અમૃતાદ્ય ગુગળ	૧૯૯
કચનાર ગુગળ	૨૧૯
અમૃતાદિ ગુગળ	૨૩૬
લાક્ષાદિ ગુગળ	૨૪૦
સપ્તાંગ ગુગળ	૨૪૨
નવકાર્ષિક ગુગળ	૨૪૫
સ્વાયંભુવ ગુગળ	૨૫૬
એકવિંશતિ ગુગળ	,,

તૈલ.

વિષય.	પૃષ્ઠાંક.
લાક્ષાદિ તૈલ	૪૩
કાસીસાદિ તૈલ	૬૨
પ્રસારણી તૈલ	૧૩૨
માષ તૈલ	૧૩૪
માષ તૈલ (બીજું)	,,
મહાબળા તૈલ	૧૩૮
ગ્રંથીકાદિ તૈલ	૧૩૯
માષાદિ તૈલ (ત્રીજું)	,,
નારાયણ તૈલ	૧૪૨
અષ્ટાંગ તૈલ	૧૪૩
વિષગર્ભ તૈલ	,,
લક્ષ્મીવિલાસ તૈલ	૧૪૪
વિજયભૈરવ તૈલ.	,,
વિજયભૈરવવર્ત્તિ તૈલ	,,
બૃહત્સિંધવાદ્ય તૈલ	૧૫૦
ત્રિફલાદ્ય તૈલ	૧૯૯
લશુન તૈલ	૨૦૪
શુષ્કમૂળાદ્ય તૈલ	૨૧૧
અમૃતાદિ તૈલ	૨૧૮
ચક્રમર્દ તૈલ	૨૧૯
ગુંજાતૈલ	,,
ચંદનાદિ તૈલ	,,
વ્યોષાદિ તૈલ	,,
જાત્યાદિ તૈલ	૨૩૬
વિપરીતમલ્લ તૈલ	,,
પટોલાદિ તૈલ	૨૩૭
કર્પૂર તૈલ	૨૪૨
સર્જ્જકાદ્ય તૈલ	૨૪૩
નિર્ગુંડી તૈલ	,,
નિશાદ્ય તૈલ	૨૪૫
દાર્વ્યાદિ તૈલ.	૨૫૧
લઘુમરિચ્યાદિ તૈલ.	૨૫૮
મહામરિચ્યાદિ તૈલ.	,,
ગુંજાદ્ય તૈલ.	૨૫૯
આદિત્યપાક તૈલ.	,,
અર્ક તૈલ. ...	,,
કુષ્ઠરાક્ષસ તૈલ.	૨૬૦
સ્નુહીદુગ્ધાદિ તૈલ.	૨૮૫
મૂષક તૈલ.	૨૮૮
કુંકુમાદ્ય તૈલ.	૨૮૯
ષડ્બિંદુ તૈલ.	૨૯૨
બિલ્વ તૈલ.	૩૧૫
કુષ્ઠાદિ તૈલ.	,,
વ્યાઘ્રિ તૈલ.	૩૧૯
શીઘ્રુ તૈલ.	,,
સહચરાદ્ય તૈલ.	૩૨૩
જાત્યાદિ તૈલ. (બીજું)	,,
લાક્ષાદિ તૈલ. (બીજું)	૩૨૪
મૂત્રાષ્ટક તૈલ.	૩૫૫
ચંદનાદિ તૈલ. (બીજું)	૩૬૭
અનુવાસન તૈલ.	૩૮૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય.	પૃષ્ઠાંક.
ઘૃત.	
પાનીયક કલ્યાણ ઘૃત	૧૨૬
હિંગ્વાદ્ય ઘૃત	„
સારસ્વત ઘૃત	૧૩૨
મૂળકાદ્ય ઘૃત	૧૬૮
મહારોહિતક ઘૃત	૧૭૭
ચિત્રકાદ્ય ઘૃત	„
શતાવરી ઘૃત	૧૮૨
ધાન્યગોક્ષુર ઘૃત	૧૮૪
ચિત્રકાદ્ય ઘૃત (બીજું)	„
કુલત્થાદ્ય ઘૃત	૧૮૮
નારાચ ઘૃત	૨૦૬
બિંદુ ઘૃત	૨૦૭
જાત્યાદિ ઘૃત	૨૩૬
શિક્થાદિ ઘૃત	૨૩૭
ભુનિંબાદ્ય ઘૃત	૨૪૮
ચાંગેરીઘૃત	૨૮૯
મહાત્રિફળાદ્યઘૃત	૩૧૦
મૂત્રપાસછેદી ઘૃત	૩૩૬
ફળ ઘૃત	૩૪૫
આસવ.	
દ્રાક્ષાસવ	૮૯
કુમાર્યાસવ	૧૭૨
દશમૂળાશવ.	૩૭૫
અંજન.	
ભૈરવાંજન.	૩૨
સૌવીરાંજન.	૩૦૯
પ્રત્યંજન-નયનામૃત અંજન. ...	„
સર્પવિષનાશક અંજન.	„
નારાયણાંજન.	„
હરીતકી.	
અમૃત હરીતકી.	૭૪
મધુપક્વ હરીતકી.	૮૮
અગસ્ત હરીતકી	૯૦
મૃદુ હરીતકી.	૯૩
દ્વાદશાંગ હરીતકી.	૩૧૦
ક્ષાર.	
ક્ષુદ્રાદિ ક્ષાર.	૮૯
કુષ્માંડ ક્ષાર.	૧૬૨
ક્ષારાષ્ટક.	૧૭૨
વજ્ર ક્ષાર.	„
નાંદેય ક્ષાર.	૧૭૪
લેપ.	
પથ્યાદિલેપ.	૨૫૫
કેસરષટ્કલેપ.	૨૫૭
સૈંધવાદિલેપ.	૨૫૯
મહાલેપ.	૨૬૨
દશાંગલેપ.	૨૬૭
સૂતકાદિલેપ.	૨૭૫
પ્રસ્તાવિક.	
શુંઠીપુટપાક.	૫૩
શલાદિમલમ.	૨૩૫
મુસ્તાદિસ્વરસ.	૩૬૨
મહાસાલ્વણ સ્વેદ.	૩૭૮
જંબીરીદ્રાવ.	૧૭૪
શંખદ્રાવ.	„
અમ્લીપાનક.	૧૦૨
શીખરણી.	„
માહેશ્વરધૂપ.	૧૨૪
કિરાતતિક્તાદિ કલ્ક.	૧૩૩
શોભરાજી ઉદ્વર્ત્તન.	૨૫૫
દૃષ્ટિપ્રસાદનાશળી.	૩૦૯
કાંતિસાર લોહ.	૬૬
હરતાલભસ્મ.	૨૬૧
પુનર્નવાદીમંડુર.	૭૯
ગુડમંડુર.	૧૬૩

For Private And Personal Use Only

સ્ફુટનોટમાં આવેલી અગત્યની બાબતો.

આરનાલનો વિધિ અને તેના ગુણો. ... ૬૧
વાલુકાયંત્રનો વિધિ. ૮૮
પારાગંધકની કાજળીની રીત ૯૮
રસાયન એટલે શું? ૧૧૦
વાયુને પેદા કરનાર ધાન્યો. ૧૨૮
પ્રસારણી ઔષધીનો ખુલાસો... ... ૧૩૨
જીવનીયગણનાં ઔષધો... ... ... ૧૩૮
પત્રકલ્ક તે શું? ૧૪૪
ગજપુટની મર્યાદા. ૧૪૫
પારાને શોધવાની રીતો... ... ... ,,
હરતાલને શોધવાની રીત. ૧૪૬
હિંગળોકને શોધવાની રીત. ... ... ,,
સ્નેહપાન એટલે શું?.... ... ... ૧૫૬
ભિલામાં ખાનારને શું શું ન કરવું.? ૧૫૭
વચ્છનાગને શોધવાની રીત. ૧૬૨
ઝેરકોચલાંને શોધવાની રીત. ... ... ,,
બૃહત્ પંચમૂળનો ખુલાસો. ૧૬૮
આતુર્જાતનો ખુલાસો. ૧૭૪
સરાવસંપુટની રીત. ૧૭૫
પ્રતિવાસનો ખુલાસો. ૧૮૫
સ્ત્રીઓને પ્રમેહ થતો નથી તેનો ખુલાસો. ૧૯૭
ઇંદ્રિય રોગનાં નામો ... ... ,,
મંડ કરવાનો વિધિ અને તેના ગુણો. ૧૯૮
પેયાનો વિધિ અને તેના ગુણો. ૧૯૯
સુરસાદિ ગણનો ખુલાસો અને તેના ગુણો. ,,
દૂષિ વિષનાં લક્ષણ. ૨૦૩
શરીરમાંના આશયોની નોંધ. ૨૨૯
આરગ્વધાદિ ગણનાં નામો અને તેના ગુણો ૨૩૪
પારો બાંધવાની ક્રિયા ૨૪૦
અશ્વગંધાદિ તૈલનો વિધિ અને તેના ગુણો ૨૫૧
મધને તાપ ન આપવા માટેનો ખુલાસો ૨૫૬
ફિરંગરોગ અહીં કયારથી દાખલ થયો? ૨૭૩
રસકપૂર ખાનારે સાવધ રહેવું... ... ,,
શરીરે ચૂણી લેવાની રીત. ૨૭૪
જળો કેવી ઉપયોગમાં લેવી તથા દુષ્ટ જળો હોય તો તે જળો લોહી ખીંચવા વળગાડવાથી શું થાય છે?... ... ૨૮૩
મજ્જા-ચરબી કઇ ગ્રહણ કરવી? ... ૧૮૪
ઈંદ્રીનો રોગ સ્ત્રીઓને કેમ થતો નથી? તેમ ઈંદ્રીનો રોગ કયાં પેદા થાય છે? ૧૮૫
લેપ કરવાની મર્યાદા... ... ... ૨૮૯
રસાંજન કોને કહે છે?... ... ... ૩૦૭
કવળપ્રયોગની રીત અને તેના ગુણો. ... ૩૨૧
પ્રતિસારણની રીત અને તેની મર્યાદા.... ,,
લોહભસ્મ કેટલી કરવી જોઇએ?...... ૩૭૨
મુલતાની માટી એટલે શું? ૩૭૫
અષ્ટવર્ગના અભાવે કઇ ઔષધીઓ ગ્રહણ કરવી?... ... ... ૩૭૬
આસવ અને અરિષ્ટનો વિધિ.... ... ,,
મનુષ્યને કયા પદાર્થો સદા હિતકારી છે? ૩૮૯
જમવામાં માખી ન આવે તેનો સત્યમંત્ર ,,
જમતી વખતે કયાં જાનવરો પાસે રાખવાં? ,,
પરોડીએ વાસી પાણી પીવાનો વિધિ અને તેથી થતા ફાયદા. ૩૯૧

આ સિવાયનાં, પ્રત્યેક પ્રકરણમાં ચાલતા વિષયને ખાસ ઉપયોગી ટિપ્પણો સ્થળે સ્થળે આપવામાં આવેલ છે માટે જે રોગ માટેનો ખુલાસો મેળવવો હોય તે રોગનુંજ પ્રકરણ જોઇ મેળવવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે રોગથી રોગી ઘેરાયેલો હોય તે રોગને લગતાં આ નિચે લખેલા પ્રશ્નો પૈકી ઉચિત પ્રશ્નો વૈદ્યે પુછીને કયો રોગ છે તેની ખાત્રી કરી લેવી.

તમને શું રોગ થએલ છે?
કેટલા દિવસથી માંદગી ભોગવો છો ?
તમને હમેશાં ઝાડો નિયમસર અને ખુલાસાથી થાય છે કે નહીં ?
જીભ બાહાર કાહાડો ?
તમને શરીરના કયા ભાગમાં વેદના થાય છે?
શું તાવ આવે છે?
ટાઢો આવે છે કે ઉનો ?
વખતસર આવે છે કે કેમ?
શોષ પડે છે?
માથું દુખે છે?
રાત્રે ઉંઘ આવે છે ?
કેટલા દાહાડાથી ઝાડો થયા કરે છે?
ઝાડામાં લોહી કે પાચ પડે છે?
ઝાડો થતી વખતે આંકડી કે પેટમાં દુઃખ થાય છે ?
ઓપડ ખાવામાં કાયર–મુગાળવા છો કે નહીં?
શ્વાસ કયારે વધારે ચડે છે?
તમારા ગળામાં દરદ છે કે છાતીમાં ?
તમને શ્વાસ લેતાં કે મુકતાં દુખાવો થાય છે?
શું તમને નિર્બળતા જણાય છે?
આ સોજા કયારથી આવ્યા છે ?
ખાવા–પીવામાં કે ફરવા–હરવામાં નિયમ વિરૂદ્ધ વર્ત્યા છો કે કેમ ?
તમારા હૃદયની આસપાસ દુખાવો થાય છે કે નહીં ?
ઉધરસ કેટલા વખતથી થએલ છે ?
કયો હાથ ઉંચો કરતાં છાતીમાં દરદ થાય છે?
હાંસડી દુઃખે છે કે નહીં ?
કફ કેવા રંગનો અને કઇ વખતે વિશેષ પડેછે?
શું ખાધું છે જેથી ઉલ્ટી થાય છે?
શું પરસેવો થએલો તે વખતે ટાઢું પાણી પીધું કે વાયરો સેવન કર્યો હતો ?
ડુંટીના આસપાસ પીડા છે?

આ રોગ હમેશાં થાય છે કે કોઇ કોઇ વખતે થાય છે ?
શું પેડુમાં પીડા થાય છે ?
શું પેશાબની ખણુસ રોજ રહે છે ?
પેસાબ કરતી વખતે પીડા કેવી થાય છે ?
પેસાબે જતી રસીનો કેવો દાબ પડે છે ?
શું આ ઠેકાણે દુખાવો બળતરા કે લપકારા થાય છે ?
તમે કયો નિશો કરો છો ?
તમે આટલા બધા કેમ ધ્રુજો છો ?
તમે ચરમાં કેમ સુઇ જતા નથી ?
શું તમને નાનપણમાં વાઇનો રોગ થયો હતો?
તમારા માતા, પીતા, બહેન, ભાઇ કે મોસાળીઆં કયા રોગથી મરણ પામેલાં છે ?
તમને બેશુદ્ધિ થાય છે કે એકનું માથુંજ ધ્રુજ્યા કરે છે ?
શું શોષ બહુજ પડે છે ?
પહેલાં કોઇ વખતે મૂત્રકૃચ્છ્ર થએલ છે ?
મૂત્ર કરતાં કોઇ વખત બળતરા થાય છે ?
મૂત્રમાં કોઇ વેળાએ લોહીની અસર જણાયછે?
શુંકમાં કયારથી લોહી પડે છે ?
ઝાડો થતી વખતે આમ બાહાર નિકળે છે ?
શું આ દરદ કેડમાં પણ જણાય છે કે?
દબાવવાથી વધારે દુખાવો થાય છે ?
દિવસ કરતાં રાતે વધારે દરદ ઉપડે છે કે કેમ ?
કુતરૂં કયારે આભડયું હતું ?
એ કુતરૂં હડકાયું હતું એવી તમને ખાત્રી છે, તેમ તે કુતરાને તમારા સિવાય કોઇએ દીઠું હતું ?
ફોલ્લાઓ કે ફોલ્લીઓ કયારથી થઇ છે !
તમારા ઘરમાં બીજાને પણ આ દરદ છે કે?
તમારી શી અવસ્થા છે?
પરણ્યા છો કે કુંવારા ?
કેટલાં બાળકો છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શું સંધિવા થયો છે ?
સાંધાઓમાં સોજા ક્યારથી જણાય છે ?
કમરમાં બન્ને બાજુએ પીડા છે ?
ઉપરથી દરદ નિચું ઉતરતું આવે છે કે કેમ ?
શું છાતીમાં કોઇ વખત માર વાગો હતો ?
કોઇ વખતે પગ હાથ કરમોડાયો હતો કે પડી ગયા હતા ?
કોઇ વખત સૂત્રમાં રેતી પડે છે ?
શું આંખમાં કાંકરીની પેઠે ખટકે છે ?
સૂર્ય સામે જોવાથી વધારે દરદ થાય છે ?
શું ઓછું દેખાય છે ?
ઓડકાર કેવા આવે છે ?
ખાધેલું હજમ થાય છે કેમ ?
ઓડકાર સાથે મોળ આવે છે કે કેમ ?
વાછૂટ બરોબર થાય છે ?
પેટ ચઢે છે ?
પાસું ફેરવી શકો છો કે નહીં ?
તમે કમરમાંથી આગળ નમી શકોછો કે નહીં!
તમારા પગો પેટ સાથે અડાડો,
ડાબો હાથ લાંબો કરી પછી જમણો લાંબો કરો.
પેસાબ કર્યાને કેટલો વખત થયો છે ?
શું પેસાબ રહી રહીને થાય છે ?
પ્રમેહ થયા પેહેલાં પણ પેસાબનું દર્દ હતું કે નહીં ?
ખરોલ ક્યારથી થઇ છે ?
તાવણુ નિયમસર અને દુખાવા વગર આવે છે કે નહીં ?
પ્રદર રોગ છે અને છે તો કેવા રંગનો ધાતુ વહે છે ?
માંથામાં ધબકારો થાય છે ?
કાનમાં તમરાં બોલે તેમ જણાય છે ?
છોકરાને દાંત આવે છે કે રાક્ષસિયો ?
કેટલા દાંત ફુટ્યા છે ?
ગળું ક્યારથી પડ્યું છે ?
ઉટાંટીયો ક્યારથી થયો છે ?

તમારા પડોસમાં રતવા, ઓરી, અછબડા, માતા અને ઉટાંટીઆનાં દરદીઓ છે ?
છોકરાના વારસોને કોઇને કંઠમાળ, ભગંદર, મસા, કોઢ, પ્રમેહ, ચાંદી, સંધિવા વગેરે દરદો છે કે નહીં ?
ધાવણુ ક્યારથી મુકાવ્યું છે ?
ઝાડામાં સગવગીયા પડે છે કે ?
સાપ ક્યારે કરડ્યો છે ?
કરડનાર સાપ કેવા રંગનો હતો ?

આ પ્રમાણે જે દરદને જે જે સવાલો નિદાન માટે લાગુ પડતા હોય તેને સવાલો પુછવા, જેથી પૂર્વરૂપથી અને સ્વરૂપથી અમુક રોગ અમુક કારણથીજ થયો છે અને તે મટશે કે નહીં તે સઘળી બાબતનો આવા અનેક જરૂરી સવાલોથી સમજાય છે, માટે બુદ્ધિમાન્ વૈદ્યે આવા પ્રશ્નોથી રોગને પારખી ઔષધ પ્રયોગ કરવા જેથી અવશ્ય યશ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

तत्-सत्

श्री सरयूतीरविहारिणेनमः

અથ શ્રી અમૃતસાગર ગ્રન્થ પ્રારમ્ભ.

ટીકાકારોક્ત મંગળાચરણ.

છપ્પય છંદ.

જય સુખકંદ મુકુન્દ, ભક્ત ભવફંદ નિવારક,
રવિકુળ કૈરવચંદ, દંદ દુઃખવૃંદ વિદારક;
દશકન્ધર મદ દમન, શમન સંતાપ પાપગણ,
હર ઉર માનસ હંસ, વંશ રઘુ પ્રણતપાલ પણ;
વર મંજુ મુકુટ કટી પીત પટ, શ્યામવરણ અશરણશરણ,
જય વિઘ્નહરણ મંગળકરણ, જય જય જય ધરણીધરણ. ૧

દોહરો.

અનુજ જનકજા યુક્ત છબિ, વંદિ લહું વરદાન;
સુગમ સાર્થ મંજુલ ગિરા, દયો મુજ કૃપા નિધાન. ૨

ગ્રન્થ પ્રશંસા.

સોરઠો.

અમૃત સાગર શ્રેષ્ઠ, પડ્યું નામ શા થકી સરસ;
કવણ હેતુ ઉદ્દેશ, ગ્રન્થમહેશ જગથી રહ્યો ? ૩

મનહર છંદ.

જાન્હવી પ્રવાહ તુલ્ય અર્થનો પ્રવાહ દીસે, ગમ્ભિર તરંગ તુલ્ય કેવળ નિદાન છે,
સ્નાન કરવાથી જેમ પાતિક પ્રલય થાય, તેમ ચારૂ ચિકિત્સાએ સુરાવહ સમાન છે;
મચ્છ કચ્છ નક્ર ચક્ર મીન આદિ જીવજંત રૂપ વિધ વિધ જેમાં શારિરિક જ્ઞાન છે.
દાખે ટીકાકાર સાર ગંગાના પ્રવાહ તુલ્ય, પાવન કરણી શ્રેય દાયક પ્રમાણ છે. ૪
યોગી તપી તાપસીનું જીવન સુદ્રઢ ચિત્ત, જ્ઞાન તણું જીવન વિવેક ઉર આણિયે.
કર્મકાંડ માર્ગના ઉપાસકોનું જીવન તો, કલ્પવૃક્ષ કામના સંતોષ પરમાણિયે.
તેમ આ અમૃત તણી ધારાના સમૂહરૂપ, **અમૃતસાગર** દેહ જીવન વખાણિયે,
દાખે ટીકાકાર પૂર્ણચંદ્ર સુધારૂપે દીસે, નિહાળતાં આનંદ સમુદ્ર ઉર આણિયે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રન્થારમ્ભ.

તરંગ પેહેલો.

પ્રથમ તરંગ પ્રબંધમાં, વિવિધ વિષય વ્યાખ્યાન;
ચતુર્દશ વ્યાધિ પ્રકાર વળી, વૈદ્ય વિચાર નિદાન.

સામ્પ્રત કાળમાં સંસ્કૃત વિદ્યાના પ્રચારનો અભાવ હોવાથી ગિર્વાણગિરામાં રચાએલા અપૂર્વ પૂર્વ ગ્રન્થોનો રહસ્ય સમજવો અતિ કઠિણ થઇ પડેલો છે અને તેથીજ પ્રત્યેક વિદ્યા સંબંધીની બાબતોથી અદ્યતુનિક આર્યપ્રજા અજાણ છે, તેમ આપણી આયુર્વેદ વિદ્યાપણ એજ કારણના આવિર્ભાવથી આર્યાવર્તમાંથી ન્યૂન થઇ છે એમાં જરા સંશય નથી.

આધુનિક સમયના અર્ધદગ્ધ જનો એમ સમજે છે કે-યુરોપખંડી જનો જેટલી વૈદ્ય વિદ્યા જાણે છે, તથા નસ્તરદ્વારા શરીરના અમુક ભાગને ચીરી કાપી પુનઃ તેને સાંધી શકે છે, તે પ્રમાણે દેશીવૈદ્યો શસ્ત્રક્રિયા જાણી શકતા નથી, તેમ તે શસ્ત્રક્રિયા ઇંગ્રેજ લોકોએજ શોધી કહાડેલ છે; પરંતુ એ તેમનું સમજવું કેવળ ભૂલ ભરેલું છે; કેમકે યુરોપખંડ વાસિઓ આર્યવિદ્યાના પ્રતાપથી; અર્થાત્ ચરક, સુશ્રુત, વાગ્ભટ અને ભાવપ્રકાશાદિ આર્ષ પ્રણીત ગ્રન્થોદ્વારા ઉત્તમ પ્રકારે શસ્ત્રક્રિયાદિ વૈદ્યવિદ્યા સંપાદન કરી. ત્યાર પછી તેને પોતાની બુદ્ધિ તથા અનુભવ વડે પૂર્ણ પણે ખિલવવા પરિશ્રમ કીધો અને સિદ્ધાનુભવ કરી તેનો જગત્માં પ્રચાર કર્યો, પણ પ્રથમ આપણા આર્યોનીજ તે વિદ્યા છે; પરન્તુ આર્યો આળસુ બની પોતાની મહત્તા પોતાનેજ હાથે ગુમાવી પરને સમૃદ્ધિ અને વિદ્યાવંત બનાવ્યા છે, તેનું કારણ એજ કે પૂર્વના અપૂર્વ ગ્રન્થો કઠિણ સંસ્કૃત ભાષામાં હોવાથી હાલના અસંસ્કારી વૈદ્યો તેના રહસ્યને સમજવા શી રીતે શક્તિ ધરાવી શકે? તેથી દિન પ્રતિદિન આયુર્વેદ વિદ્યા લય થતી ચાલી અને 'પૂર્વજોએ ભાંગ પી ગપ્પાં માર્યાં છે.' એમ તેઓ પૂર્વ કૃતીઓને સમજવા લાગ્યા. તે જોઇ કેટલાક જગત્પ્રસિદ્ધ-માનનિય વૈદ્યક ગ્રન્થોનું મથન કરી પ્રાકૃત ભાષામાં આ **'અમૃતસાગર'** નામનો ગ્રન્થ રચતાં પહેલાં હું (જયપુરાધિશ સવાઇ પ્રતાપસિંહ) શ્રી ધન્વંતરી પ્રભુને તથા પૂર્વાચાર્યોને પ્રેમ પુરઃસર પ્રણામ કરી ગ્રન્થ રચું છું અને પ્રત્યેક રોગ ઓળખવાના પાંચ પ્રકાર અર્થાત્ નિદાન, પૂર્વસ્વરૂપ, રૂપ, ઉપશય અને સંપ્રાપ્તિ એ પાંચ પ્રકાર વડે શું રોગ છે? શાથી ઉત્પન્ન થયો? ક્યારે મટશે? સાધ્ય છે કે અસાધ્ય? વગેરે વગેરે બાબતો તથા કર્મવિપાક અને ચિકિત્સા સાથે પથ્યાપથ્યાદિકનું ટુંકામાં સ્પષ્ટ વિવેચન કરવા ગ્રન્થમાં પ્રવેશ કરું છું.

વૈદ્ય કોને કહેવો?

જે ગુરૂની સમીપ વિદ્યાભ્યાસ કરીને વારંવાર વિચારી ક્રિયામાં કુશળ થઇ વ્યાધિને મટાડવાના ઉપાયો કરે છે તેજ વૈદ્ય કહેવાય છે; પણ જેણે ગુરૂની સમક્ષ સંપૂર્ણ વૈદ્યવિદ્યા તથા સંસ્કૃત ભાષાનું પૂર્ણ અધ્યયન કર્યું નથી અને અર્ધદગ્ધ જ્ઞાન મેળવી વૈદ્યશાસ્ત્રીનું પદ ધારણ કરેલ છે તો તે વૈદ્ય નથી; પરન્તુ ચોર છે. તથા જેણે ગુરૂની પાસેથી એકજ વૈદ્યકનો ગ્રન્થ કિંવા સંસ્કૃત વિદ્યા વિના એકલું વૈદકજ શિખેલ છે તેથી વૈદ્યપદને યોગ્ય નથી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેમકે એક શાસ્ત્ર જાણવાથી સકળ શાસ્ત્રનો સાર સમજી શકતો નથી, માટેજ જેણે સર્વ શાસ્ત્ર ભણી વાંચી વિચારી મનન કરેલ છે તેજ વૈદ્ય છે. વળી જેણે એકલું વૈદક શાસ્ત્રજ શિખેલ છે, પણ વૈદ્યક્રિયામાં કુશળ નથી અથવા જેણે ક્રિયાનું પૂર્ણ જ્ઞાન મેળવ્યું છે, પણ શાસ્ત્ર ભણેલ નથી તો, તે વૈદ્ય અનાદર પામે છે; કેમકે જે અનુપાનાદિ ક્રિયામાં કુશળ નથી તે વૈદ્ય રોગીના રોગનું પ્રબલ પણું જોતાં ગભરાય છે અને ઉપચાર કરી શકતો નથી તેથી અપયશ પામે છે, માટે જે પુરૂષ શાસ્ત્ર અને ક્રિયામાં નિપુણ છે અર્થાત્ આયુર્વેદનાં અષ્ટાંગનો પારગામી છે તથા જેના હાથની ઔષધી લેવાથી રોગી રોગથી મુક્ત થતો હોય. યશરેખાવાળો હોય, પ્રશ્નો-ચતુર, સમયને જાણનારો, પવિત્ર મનવાળો, દયાળુ, દેશ, કાળ, વય, અગ્નિ અને બળાબળને જાણનારો, મંત્ર યંત્ર તંત્રાદિકમાં પ્રવીણ, પ્રસન્ન ચિત્તવાળો, નિર્લોભિ, નિરભિમાની, સાચું અને મીઠું બોલનાર, મોટા મનવાળો, મળતાવડા સ્વભાવનો, પૈસેથી સુખી હોય અને દુષ્ટ વ્યસનોથી રહિત હોય તેજ વૈદ્ય છે તથા તેવાના હાથની ઔષધીઓથીજ નિરંતર રોગી નિરોગીનું કલ્યાણ થાય છે, પણ જે ઉક્ત ગુણોથી રહિત હોય તથા વિવાદી, મલિન વસ્ત્રધારી, નામર્દાઈ, મૂર્ખ અને વગર બોલાવ્યે જેને તેને ઘેર જનારો હોય તેવા કુવૈદ્યના હાથથી પ્રાણાંતે પણ ઔષધી ગ્રહણ કરવી નહીં; કારણ કે તેવા કુવૈદ્યોના હાથથી અમૃત સમાન ઔષધી ઝેર સ્વરૂપ અને ઉત્તમ શસ્ત્રક્રિયા વજ્રસ્વરૂપ થઇ મનુષ્યોના પ્રાણ લે છે, તે માટે તેઓ અવશ્ય ત્યજવા યોગ્ય છે; શાથી કે, તેવા કુવૈદ્યો યમરાજના મોટા ભાઇ છે. યમરાજ તો માત્ર પ્રાણજ લઈ છુટકો કરે છે, પણ તે કુવૈદ્યરૂપી યમરાજ તો, પ્રાણ અને ધન એ બન્નેનું હરણ કરી લેછે. તે કારણ માટે દૂરથીજ પગે લાગવા યોગ્ય છે.

યોગ્ય અને અયોગ્યનો વિચાર.

સમસ્ત કાર્યોમાં નવીન ઔષધીઓજ ગ્રહણ કરવી; પરન્તુ પીપર, ગોળ, વાવડિંગ, ધાણા અને મધ એટલા પદાર્થો એક વર્ષના જુનાજ લેવા; પણ તેથી વધારે વખત ઉપરના હોય તો લેવા નહીં. તથા ગળો, કડાછાલ, અરડુસો, કોળું, શતાવરી, આસગન્ધ, કાંટાશળીયો, હીંગડો, વરીઆળી અને પ્રસારણી એટલી ઔષધીઓ નિરંતર લીલી જ લેવી; પણ તેઓને બીજી લીલી ઔષધીઓના પેઠે બમણી લેવી. નહીં અર્થાત્ બીજી ઔષધીઓ લીલી હોય તો બમણી લેવી યોગ્ય છે; પરન્તુ ઉક્ત ઔષધીઓ લીલી છતાં પણ બતાવેલા માપ કરતાં બમણી લેવીજ નહીં; કારણ કે જે ઔષધી લીલી અને સુકાયા પછી સમાન ગુણ ધરાવે છે તો તે ઔષધી લીલી છતાં સુકાયલી ઔષધીના સમાનજ લેવી, પણ જે ઔષધી સુકાયા પછી ઓછા ગુણવાળી થઇ જતી હોય તો તે ઔષધી લીલી હોય છતાં સુકાયલી ઔષધીથી બમણી લેવી એમ વૈદ્ય સંપ્રદાય છે. જે ઔષધીનાં પાંચ અંગ (મૂળ, ડાળાં, પાન, ફુલ અને ફળ) માંથી અમુક અંગ લેવા લખ્યું ન હોય તો તેનું મૂળજ લેવું; પણ મોટું વૃક્ષ હોય તો તેના મૂળની છાલ લેવી. હિંગળોક ગાંગડાવાળો, ગંધક આમલસારો, પારો હિંગલોકમાંથી ઉડાવેલો, હિંગ શેકેલી અને ધંતૂરો કાળો લેવો. ગંધક, પારો, હિંગળોક, રસકપૂર, મણશીલ, હરતાળ, નેપાળો, ખુરાસાની અજમો, ધંતૂરાનાં બીજ, શિલાજીત, ઝેરકોચલાં, વછનાગ, અને ધાતુ-ઉપધાતુ, વિષ-ઉપવિષાદિ શોધેલાજ ઉપયોગમાં લેવાં. પારો અને ગંધક, વછનાગ અને મરી, હિંગળોક અને પડીઓખાર વગેરે વગેરે ઔષધીઓ જોગીજ વાપરવી. ગોળીઓ, અવલેહ અને હલકા પાકના એક વર્ષ પછી, ચૂર્ણના બે માસ પછી અને તેલ ઘીના ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માસ પછી તેના ગુણ ઓછા થાય છે; પણ સર્વ પ્રકારની ધાતુઓની ભસ્મો અને રસાયણો જેમ જુની થાય તેમ વિશેષ ગુણવાળી થાય છે માટે તે નવીન ન લેવી. ચૂર્ણ, ઘી, તેલ અને ચાટણમાં ચંદન લેવા લખ્યું હોય તો સુખડ લેવું, પણ કવાથ અને લેપમાં ચંદન લેવું લખ્યું હોય તો રતાંજળી લેવી. ઘી અને મધ સાથે ઔષધી સેવન કરવા લખ્યું હોય; તો પણ ઘી અને મધ બરાબર લેવાં નહીં, પણ ઓછાં વત્તાં લેવાં નહીં તો, તે વિષ સમાન પરિણામ કરે છે. લૂણ લેવા લખ્યું હોય તો સિંધાલૂણજ લેવું. શરીરની અંદરનો ભાગ સાફ કરવા સારૂ જ્યાં 'અજમોદ' લેવા લખ્યું હોય તો અજમો અને બહારનો ભાગ સાફ કરવા સારૂ 'અજમોદ' લેવા લખ્યું હોય તો બોડીઅજમો લેવો. દુધ, ઘી, છાશ અને મૂત્ર લેવા લખ્યું હોય તો ગાયનુંજ લેવું.

ઔષધ લેવાનો સમય.

જે પ્રયોગમાં ઔષધ ખાવા માટે વખત ન બતાવ્યો હોય તો તે પ્રયોગમાં ઘણુંકરીને પ્રાતઃકાળેજ ઔષધ ખાવાનો સમય સમજવો. કવાથ, કલ્ક, ફાંટ અને હિમ એ ઔષધો તો વિશેષે કરી પ્રાતઃકાળમાંજ દેવાં જોઇએ. રેચ તથા વમન માટે ઔષધો પ્રાતઃકાળેજ આપવાં. રેચક અથવા ઉલટી કરાવનાર ઔષધોનો સારો ઉપયોગ થયા પછી કાંજી અથવા રાબ પીવી–હલકું ભોજન કરવું. ગુદાસ્થાને રહેલા અપાનવાયુને નીચી ગતિ આપવા સારૂ ઔષધ ખાવું હોય તો ભોજન કર્યા પેહેલાં થોડીવારે ખાવું. મુખની અરૂચિ મટાડવા સારૂ ઔષધ ખાવું હોય તો અનેક પ્રકારનાં રૂચિકારક, સ્વાદિષ્ટ, અને મોઢે લાગે તેવાં પદાર્થો ભોજનની વખતે ખાવાં. નાભિના સ્થળે રહેલો સમાનવાયુ કોપ્યો હોય કિંવા જઠરાગ્નિ મંદ થઇ ગયો હોય તો અગ્નિને પ્રદિપ્ત કરનારાં–દીપન ઔષધો ભોજન જમતાં જમતાં વચમાં ખાવાં. સર્વાંગમાં રહેલો વ્યાન વાયુ કોપ્યો હોય તો ભોજન કર્યા પછી ઔષધો ખાવાં. હેડકી, આક્ષેપકવાયુ–હીસ્ટરીયા અને કંપવાયુ એઓ ઉપર ભોજન કર્યા પેહેલાં અને ભોજન કર્યા પછી પણ ઓષધ ખાવાં. કંઠસ્થળમાં રહેલો ઉદાનવાયુ કોપીને સ્વરભેદાદિક–સાદો બેસી જવા–આદિ થયું હોય તો સંધ્યાકાળના ભોજનમાં પ્રત્યેક કોળીએ અથવા મધ્યમાં એક એક કોળીઆનો અંતર રાખીને ઔષધ ખાવું. હૃદય સ્થળમાં રહેનારો પ્રાણવાયુ કોપ્યો હોય તો સંધ્યાકાળનું ભોજન કર્યા પછી ઔષધ ખાવું. તરશ, ઉબકા, હેડકી, દમ અને વિષના વિકાર ઉપર વારંવાર અન્નની સાથે અને ભોજન કરતાં પેહેલાં તથા ભોજન કર્યા પછી પણ ઔષધનું સેવન કરવું. કાન, નેત્ર, નાક અને મસ્તકાદિ સ્થળ વિષેના રોગો વિષે, વાયુ–આદિના દોષોને ટાળવા સારૂ તથા ક્ષીણ થયેલા શરીરને પુષ્ટ કરવા સારૂ પાચન તથા શમન ઔષધ ભોજન કર્યા પેહેલાં તથા પછી પણ ખાવાં અર્થાત્ જે જે રોગ માટે જે જે વખતે ઔષધ ખાવા કહેલ છે તે તે વખતે સેવન કરે તો અવશ્ય ઔષધ ગુણ કરેજ; પરતુ વખત જાણ્યા વિના ગમે તે વખતે ઔષધ સેવન કરે તો ગુણને બદલે અવગુણ થાય છે; માટે આજ્ઞા પ્રમાણેજ વર્તવું.

ઔષધોના પ્રતિનિધિ.

કવાથ અને ચૂર્ણ–આદિ કોઇપણ પ્રયોગમાં જે ઔષધ ન મળી શકે એવું હોય તો તેની અવેજીમાં તેના જેવાજ ગુણવાળું બીજું ઔષધ લેવું, જેમકે અતિવિષની અવેજીમાં નાગરમોથ. અમલવેતસની અવેજીમાં ચુકાની ભાજી તથા ચણાનો ખાર. કસ્તૂરીની અવેજીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચણકબાલા તથા જાવંત્રી. કપૂરની અવેજમાં સુખડ કિંવા રતાંજળી. કંકોળની અવેજમાં એળચી તથા જાવંત્રી. ખેરછાલની અવેજમાં બદામની છાલ. ગજપીપરની અવેજમાં પીપરીમૂળ. ચવ્યકની અવેજમાં ગજપીપર. ચંદનની અવેજમાં વાળો તથા કપૂર. જાઇનાફુલની અવેજમાં લવિંગ. જાવંત્રીની અવેજમાં લવિંગ. તગરની અવેજમાં ઉપલેટ. કેસરની અવેજમાં કસુંબો. દારૂહળદરની અવેજમાં હળદર. ધાવડીના ફુલની અવેજમાં મહુડાનાફુલ. કાળીપહાડની અવેજમાં ધોળીમુશળી. પીપરની અવેજમાં કાળાંમરી. પુષ્કરમૂળની અવેજમાં ઉપલેટ. બાવચીની અવેજમાં પુંવાડીઆનું મૂળ. ભારંગમૂળની અવેજમાં રિંગણીનું મૂળ. ભોંયકોળાની અવેજમાં આસગંધ. મોતીની અવેજમાં મોતીની છીપ. મોરવેલની અવેજમાં તજ. રતાંજળીની અવેજમાં વાળો. રસાંજનની અવેજમાં દારૂહળદર. રિંગણીની અવેજમાં બકાનલિંબડો. લોહકાંતની અવેજમાં પોલાદ કિંવા ગજવેલ. વાળાની અવેજમાં નાગરમોથ. વજની અવેજમાં મોરવેલ તથા પાનની જડ. શિલાજીતની અવેજમાં સુરોખાર. બકરીના દુધની અવેજમાં ઘેટી કે ગાયનું દુધ. સાકરની અવેજમાં ખડીસાકર તથા જુનું મધ. સોવનમાખીની અવેજમાં સોનાગેરૂ. સોનાની અવેજમાં સોવનમાખી કિંવા લોહભસ્મ. હરડેની અવેજમાં આમળાં. નખલાની અવેજમાં લવિંગ. ચિત્રાની અવેજમાં નેપાળાનું મૂળ, કિંવા અંધાડાનો ખાર. મોરવેલની અવેજમાં મજીઠની છાલ. શ્વેત રિંગણીની અવેજમાં મોરશિખા. એલસરીની અવેજમાં કલ્હાર કિંવા ઉત્પલ—કમળ. આકડાનાં પાનડાં વગેરેના દુધની અવેજમાં તેઓનો રસ. ખોરીઆકલ્હારની અવેજમાંઉપલેટ. સોરઠીમાટીની અવેજમાં ફટકડી. સંચળની અવેજમાં દરીઆઇ મીઠું. દ્રાખની અવેજમાં શીવણનાં ફળ. તથા એ બન્નેની અવેજમાં બંગોરીઆનાં ફૂલ. મેદા, જીવક, કાકોલી, ઋદ્ધિ, વૃદ્ધિની અવેજમાં અનુક્રમે શતાવરી, વિદારીકંદ—ભોંયકોળું, આસગંધ, અને વારાહીકંદ. શેલડીની અવેજમાં બરૂ. મધની અવેજમાં જુનો ગોળ. સાકરની અવેજમાં ખાંડ. દુધની અવેજમાં મગ તથા મસુરનો રસ. અને બિલામાની અવેજમાં ચિત્રામૂળ લેવું. વિશેષ વિસ્તાર "**નિઘંટ**" અથવા "**ભાવપ્રકાશ**" પૂર્વખંડમાં જોઇ લેવો.

ઔષધાદિનાં પ્રમાણ.

જે ક્વાથ—આદિ ઔષધોમાં પદાર્થોનું પ્રમાણ—તોલ કહેલું ન હોય તે ઠેકાણે સર્વ ઔષધો સમાન લેવાં. 'સમાન લેવાં પણ કેટલાં કેટલાં લેવાં' એવી શંકા રહે તો તે શંકાનું સમાધાન આ પ્રમાણે છે કે, જ્યાં સ્વરસ એટલે એકલો ને પદાર્થોનો અંગનસ લેવા કહ્યું હોય તો સ્વરસની માત્રા નિત્ય બે તોલા લેવી. સ્વરસમાં સાકર મધ અને ગોળ—આદિ નાંખવાં હોય તો તે પદાર્થો છ માસા લેવા. પુટપાકની માત્રા નિત્ય ચાર તોલા લેવી. તેમાં મધ નાખવું હોય તો એક તોલો લેવું અને કલ્ક ચૂર્ણાદિ નાખવું હોય તો તે સ્વરસ પ્રમાણે છ માસા લેવું.

તોલની પરીભાષા.

તોલ વિના કદી પણ પદાર્થોની યોગ્ય ગોઠવણ થતી નથી; માટે ઔષધ પ્રયોગના કાર્યમાં પ્રાચીન વૈદ્યોએ ચરકના મતને સ્વીકારેલ છે, તે માટે સર્વ તોલને છોડી ચરકના મત પ્રમાણે મગધ દેશના તોલને અંગિકાર કર્યો છે તે એ કે—ત્રીશ પરમાણુનો એક **ત્રસરેણુ** થાય છે તેને વંશી પણ કહે છે. જાળીબારામાંથી પડતા સૂર્યના કિરણોમાં જે ઝીણી ઝીણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કણીઓ દેખાય છે તે પૈકી એક કણીને ત્રસરેણું સમજવું. છ ત્રસ રેણુની એક **મરીચિ.** છ મરીચિની એક **રાજીકા**–રાઇ. ત્રણ રાજિકાનો એક **સર્ષપ**–સરસવ. આઠ સરસવનો એક **યવ.** ચાર યવની એક રતી. છ રતીનો એક **માષક**–હેમ અને ધાનક એ માષાનાંજ નામ છે. ચાર માષકનો એક **શાણ** (ચોવીશ ચણોઠી ભાર) તેને શાણજ, ધરણ તથા ટંક કહે છે. બે શાણનો એક **કોલ** તેને ક્ષુદ્રક, વટક અને દ્રંક્ષણ કહે છે. તે અડતાળીશ ચણોઠી ભાર હોય છે. બે કોલનો એક **કર્ષ** તેને પાણિમાનિકા, અક્ષ, પિચુ, પાણિતલ, કિંચિત્પાણિ, તિન્દુક, બિડાલપદક, ષોડશિકા, કરમધ્ય, હંસપદ, સુવર્ણ, કવળગ્રહ અને ઉદુંબર પણ કહે છે, તે કર્ષનો સાઇ એક રૂપિયાભાર હોય છે. બે કર્ષનો **અર્ધપળ** તેને શુક્તિ, અષ્ટમિકા પણ કહે છે તે બે રૂપિયાભાર હોય છે. બે અર્ધપળથી એક **પળ** થાય છે તેને મુષ્ટિ, આમ્ર, ચતુર્થિકા, પ્રકુંચ, ષોડશી, અને બિલ્વ કહે છે તે ચાર તોલા ભાર હોય છે. બે પળની એક **પ્રસૃતિ** તે આઠ તોલા ભાર હોય છે. એક **અંજળી** તેને અર્ધશરાવ, કુડવ અને અષ્ટમાન કહે છે તે સોળ રૂપીઆભાર હોય છે. બે અંજળીની એક **માણિકા** તેને માનિકા તથા અષ્ટપળ કહે છે તે બત્રીશ તોલાભાર થાય છે. બે સરાવનો એક **પ્રસ્થ** તે ચોસઠ તોલા ભાર થાય છે. ચાર પ્રસ્થનો એક **આઢક** તેને ભાજન, કાંસ્યપાત્ર અને ચતુઃષષ્ટિપલ કહે છે તે બસેં છપ્પન તોલા ભાર થાય છે. ચાર આઢકનો એક **દ્રોણ** તેને કળશ, નલ્વણ, અર્મણ, ઉન્માન, ઘટ અને રાશિ કહે છે, તે એક હજાર ચોવીશ તોલા ભાર હોય છે. બે દ્રોણનો એક **શૂર્પ** તેને કુંભ, ચતુઃષષ્ટિશરાવક પણ કહે છે તે બે હજાર અડતાળીશ તોલા ભાર હોય છે. બે શૂર્પની એક **દ્રોણી** તેનાં વાહ અને ગોણી નામ છે તે ચાર હજાર છન્નુ તોલા ભાર હોય છે. ચાર દ્રોણીની એક **ખારી** તે સોળહજાર ત્રણસોને ચોરાશી તોલા ભાર થાય છે. આઠ હજાર તોલા ભારનો એક **ભાર** થાય છે અને ચારસો તોલા ભારની એક **તુલા** થાય છે એમ સર્વ ગ્રંથકારોનો નિર્ણય છે. માષ, ટંક, અક્ષ, બિલ્વ, કુડવ, પ્રસ્થ, આઢક, રાશિ, ગોણી અને ખારી એઓ ક્રમવાર એક એકથી ચોગણા તોલનાં હોય છે. ગુંજાથી માંડીને કુડવ સુધી ઘન રૂપ પદાર્થોનું, લીલા પદાર્થોનું અને સૂકા પદાર્થોનું પ્રમાણ સરખુંજ લેવું; પણ પ્રસ્થથી માંડીને દ્રવ પદાર્થોનું અને લીલા પદાર્થોનું પ્રમાણ બમણું લેવું; કારણ કે ઘન પદાર્થ કરતાં લીલા પદાર્થમાં વધારે તોલ હોય છે માટે તે પ્રમાણે લેવું.

કલિંગ દેશની પરીભાષા.

કળિયુગમાં માણસો મંદ અગ્નિવાળાં, ટુંકા કદનાં અને શક્તિ વગરનાં હોય છે એટલા માટે તેઓના યોગ્ય વિદ્વાનોએ આ પરીભાષા સ્વીકારેલ છે એટલે બાર સોળ સરસવનો એક **જવ.** બે જવની એક **રતી.** ત્રણ રતીનો એક **વાલ.** આઠ રતીનો એક **માસો** (કોઇ ઠેકાણે સાત રતીનો માસો, ચરકે છ રતીનો માસો અને સુશ્રુતે પાંચ રતીનો માસો પણ માનેલ છે.) ચાર માસાનો એક **શાણ**–નિષ્ક. છ માસાનો એક **ગદ્યાણું**, દશ માસાનો એક **કર્ષ**, ચાર કર્ષનો એક **પળ**–દશશાણ. ચાર પળનો એક **કુડવ** થાય છે. આ વિના પ્રસ્થથી માંડી સઘળા તોલનું પ્રમાણ મગધ દેશની પરીભાષા સમાનજ સમજી જવું. માત્રાની મર્યાદા નથી; કેમ કે દેશ, કાળ, જઠરાગ્નિ, અવસ્થા, બળ, પ્રકૃતિ અને દોષ એઓનો વિચાર કરી માત્રા–તોલની કલ્પના કરવી. જેમ થોડું પાણી પ્રબળ અગ્નિને શમાવી શકતું નથી તેમ થોડું ઔષધ મોટા વ્યાધિને મટાડી શકતું નથી તેમજ જેમ ખેતરમાં ઉગેલાં ઘણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર વિશેષ પાણી પડે તો ખરાબી થાય છે. તેમ થોડા વ્યાધિ-રોગ ઉપર વિશેષ ઔષધ આપવામાં આવે; તો પણ ખરાબી થાય છે; માટે પ્રયોગના પાઠમાં લખેલા તોલા ઉપર આધાર ન રાખતાં વૈદે પોતાની બુદ્ધિ પ્રમાણે ઉપરનાં કારણોને ધ્યાનમાં લઇ યોગ્ય લાગે તે પ્રમાણમાં ઔષધ આપવું.

સ્વરસ કરવાનો વિધિ.

કાહાડ અગ્નિ કે કીડા વગેરેથી જે લીલી વનસ્પતિ ખરાબ ન થએલી હોય તેવીને લાવી તેજ વખતે ખાંડી-વાટી તેનો રસ કપડાથી ગાળી લેવામાં આવે તે સ્વરસ કહેવાય છે. સોળ રૂપિયાભાર લીલા ઔષધનું ચુર્ણ કરી તેને બમણા પાણીમાં નાખી એક અહોરાત્ર સુધી રહેવા દઇ તેમાંથી જે રસ લેવામાં આવે તે પણ ઉત્તમ સ્વરસ કહેવાય છે. લીલાં ઔષધો ન મળે તો સુકી (ઔષધી) લાવી તેનું ચુર્ણ-ભૂકો કરી તેને આઠ ગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી અવશેષ રહે ત્યારે લઇ લેવામાં આવે તે પણ સ્વરસ કહેવાય છે. એ પૈકી પહેલા પ્રકારનો સ્વરસ ભારે છે તેથી તેની માત્રા બે રૂપીઆભાર પીવી અને બીજા તથા ત્રીજા પ્રકારના સ્વરસની માત્રા ચાર રૂપીઆભાર પીવી તથા તેમાં મધ, સાકર, ગોળ, ક્ષાર, જીરૂ, લુણ, ઘી, તેલ કે ચુર્ણ-આદિ નાખવા હોય તો અડતાલીશ ચણા ભાર નાખવાં.

હિમ કરવાનો વિધિ.

ચાર તોલાભાર ઔષધને સારી પેઠે ખાંડી-વાટી ચોવીશ તોલાભાર પાણીમાં પલાળી-ભીજવી આખી રાત એમને એમ રહેવા દઇ સવારે લઇ લેવું તે હિમ તથા શિતકષાય કહેવાય છે. પીવામાં તેની માત્રા આઠ તોલા લેવી.

મંથ કરવાનો વિધિ.

ચાર તોલાભાર ઔષધનું ચુર્ણ કરી તેને સોળ રૂપીઆભાર ટાહાડા પાણીમાં નાખી સારી પેઠે માટીના વાસણમાં વલોવવામાં આવે તે મંથ કહેવાય છે. મંથની માત્રા આઠ તોલા ભાર પીવી.

ફાંટ કરવાનો વિધિ.

સારી પેઠે ચુર્ણ કરેલા ચાર તોલાભાર ઔષધને માટીના વાસણમાં નાખી તેમાં સોળ રૂપીઆભાર ઉન્હું પાણી નાખીને પછી કપડાથી ગાળી લેવું તે ફાંટ કહેવાય છે. ફાંટની માત્રા આઠ તોલા ભાર પીવી અને તેમાં સાકર કે ગોળ વગેરે નાખવાં હોય તો એક તોલા ભાર નાખવાં.

કલ્ક કરવાનો વિધિ.

લીલાં ઔષધોને પત્થરથી વાટીને તથા સુકાં હોય તો તેમાં પાણી નાખી સરસ પત્થરની છીપર ઉપર વાટી તેની ચટણી જેવી લુગદી કરવામાં આવે તે કલ્ક કહેવાય છે. પ્રક્ષેપ અને આવાપ એ કલ્કનાંજ નામ છે. કલ્કની માત્રા એક રૂપીઆભાર લેવી, તેમાં મધ ઘી કે તેલ નાખવાં હોય તો બમણાં નાખવાં, સાકર કે ગોળ નાખવાં હોય તો સમાન નાખવાં અને કોઇ દ્રવ નાખવો હોય તો ચોગણો નાખવો.

ચૂર્ણ કરવાનો વિધિ.

અત્યંત સુકેલા ઔષધોને સારીપેઠે ઝીણાં વાટી કપડાથી ચાળી લેવામાં આવે તે ચુર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહેવાય છે. રજ અને ક્ષોદ એ ચૂર્ણનાંજ નામ છે. તેની માત્રા એક તોલા ભારની લેવી. તેમાં ગોળ નાખવો હોય તો સમાન, સાકર બમણી, હિંગ નાંખવી હોય તો શેકેલી, ઘી વગેરે પદાર્થોમાં કાલવીને ચૂર્ણ ચાટવું હોય તો તે પદાર્થો બમણાં લેવાં અને તે દ્રવોમાં ઘોળીને પીવું હોય તો દ્રવો ચૂર્ણથી ચોગણાં લેવાં. ચૂર્ણ અવલેહ ગોળી અને કલ્ક એઓ ઉપર ગરમ પાણી પીવું હોય તો પિત્તના વ્યાધિમાં બાર તોલા ભાર, વાયુના વ્યાધિમાં આઠ તોલા અને કફના વ્યાધિમાં ચાર તોલા લેવું, જેમ પાણીમાં પડેલું તેલ ક્ષણ માત્રમાં સર્વત્ર ફેલાઇ જાય છે તેમ ઔષધ અનુપાનના બળથી સઘળા અંગમાં ફેલાઇ જાય છે; માટે અનુપાન સાથે જ નિરંતર ઔષધ ગ્રહણ કરવું.

ચૂર્ણને ભાવના-પુટ દેવાનો વિધિ.

જેટલા દ્રવથી સઘળું ચૂર્ણ સારી પેઠે ભીંજાઇ જાય તેટલા દ્રવથી ચૂર્ણને ભાવના દેવી અને વિશેષ ભાવનાઓ આપવી હોય તો એક ભાવના આપ્યા પછી ચોવીશ કલાક પછી બીજી ભાવના આપવી.

પુટપાકનો વિધિ.

ચટણી જેવા કલ્કને પુટપાકથી પકાવીને પણ તેનો સ્વરસ લેવામાં આવે છે. એટલે ઔષધોનો કલ્ક કરી તે ઉપર વડ, શીવણ કે જાંબુડા વગેરેનાં પાંદડાં સારી રીતે વીંટી તે ઉપર બે આંગળનો કિંવા અંગુઠા જેટલો માટીનો થર ચઢાવી અગ્નિમાં મૂકવો. જ્યારે માટીનો થર ધગધગતા અંગારા જેવા વર્ણનો થઇ જાય ત્યારે અગ્નિમાંથી કહાડી લેવો. પછી માટી તથા પાંદડાંને દૂર કરી કલ્કના રસને નિચોવી લેવો. તે રસની માત્રા ચાર તોલા ભાર છે, તેમાં મધ મેળવવું હોય તો એક તોલો અને બીજા કોઇ કલ્ક ચૂર્ણ કે દ્રવ વગેરે મેળવવાં હોય તો અડતાલીશ રતી ભાર નાખવાં.

ક્વાથનો વિધિ.

સારી પેઠે કુટેલા ચાર તોલાભાર ઔષધમાં સોળગણું પાણી નાખી માટીના વાસણમાં ઉકાળવું અને આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી લેવું તે ક્વાથ કહેવાય છે. ક્વાથ માટે એક તોલાભારથી તે ચાર તોલા સુધીના ઔષધમાં સોળગણું પાણી નાખવું. સોળ રૂપીઆભાર સુધીના ઔષધમાં આઠ ગણું પાણી નાખવું. અને ચોસઠ તોલા ભાર સુધીના ઔષધમાં ચારગણું પાણી નાખવું. ધીમા ધીમા અગ્નિથી પકાવેલું અને આઠમા ભાગે રાખેલું પાણી જરાક ઉનું ઉનું હોય તે વખતે પીવું. શૃત, ક્વાથ અને નિર્યૂહ એઓ ક્વાથનાંજ નામ છે. સ્નેહ, ક્વાથ અને ઔષધની માત્રા ચાર તોલાભારની ઉત્તમ, ત્રણ તોલાભારની મધ્યમ અને બે તોલાભારની અધમ સમજવી. ક્વાથમાં ઓછું વત્તુ પાણી અવશેષ રાખી પાવા માટે મતભિન્નત્વ છે; પણ તે પીનાર મનુષ્યના કદ અને જઠરાગ્નિનો વિચાર કરી ઉપયોગ કરવો. ક્વાથમાં સાકર નાખવી હોય તો વાયુના વ્યાધિનામાં ચોથા ભાગની, પિત્તના વ્યાધિમાં આઠમા ભાગની અને કફના વ્યાધિમાં ચોથા ભાગની નાખવી. મધ નાખવું હોય તો કફના વ્યાધિમાં ચોથા ભાગનું, પિત્તના વ્યાધિમાં આઠમા ભાગનું અને વાયુના વ્યાધિમાં સોળમા ભાગનું નાખવું. જીરૂં, ગુગળ, ક્ષાર, લુણ, શિલાજીત, હિંગ, સુંઠ, મરી કે પીપર નાખવાં હોય તો ચોવીશ રતીભાર નાખવાં. દૂધ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધી, ગોળ, કલ્ક, દ્રવ, તેલ, મૂત્ર કે ચૂર્ણાદિ નાખવાં હોય તો એક તોલાભાર નાખવાં. સારી રીતે બેસી, વિશ્રાંતિ લઈ, મુખ, હૃદય તથા નેત્રને પ્રસન્ન રાખી સોના, રૂપા કે માટીના વાસણમાં ભરેલો કવાથ પી જવો અને પીધા પછી તે વાસણને ઉધુંવાળી પાણી પીને પાન બીડાં વગેરેનો ઉપયોગ કરવો.

અવલેહનો વિધિ.

કવાથ વગેરેને ફરી પકાવીને જાડો–ઘટ ચાસણી જેવો કરવામાં આવે તે રસ ક્રિયા–અવલેહ અને લેહ કહેવાય છે. એની માત્રા ચાર તોલાભારની છે; તેમાં સાકર મેળવવી હોય તો ચૂર્ણથી ચોગણી, ગોળ મેળવવો હોય તો ચૂર્ણથી બમણો અને દ્રવ–પ્રવાહી પદાર્થ મેળવવો હોય તો ચૂર્ણથી ચોગણો નાખવો. અવલેહમાં જ્યારે ચાસણી જેવા તાર નિકળે, તથા પાણીમાં નાખતાં ડૂબી જાય, કઠણ પણું થાય, આંગળીથી દબાવતાં તેમાં આંગળીની રેખા ઉઠી આવે અને ગંધ, વર્ણ તથા રસ અપૂર્વ થાય ત્યારે અવલેહ સારી રીતે પાકેલો જાણવો. અવલેહ ઉપર દુધ, શેલડીનો રસ, પંચમૂળના કાઢાની કાંજી અને અરડુસાનો કવાથ એઓ માંથી જે યોગ્ય જણાય તે અનુપાન દેવું.

ગોળીઓ કરવાનો વિધિ.

ગુટિકા, ગુટિ, ગોળી, વટી, વડી, પીંડી, મુંઠીઆં, મોદક–લાડુ, વટિકા–વડાં ગુડ–ગોળો અને વર્તિ–વાટ એઓ ગોળીઓનાજ પ્રકાર છે. અવલેહની પેઠે ગોળ, સાકર અથવા ગુગળનો પાક કરી તેમાં ઔષધોનું ચૂર્ણ નાખીને તેથી ગોળીઓ બનાવવી. કોઇ વખતે પાક કર્યા વગર ગુગલ મધ કે બીજા દ્રવ પદાર્થોથી પણ ગોળીઓ વળાય છે. સાકરથી ગોળીઓ કરવી હોય તો ચૂર્ણથી ચારગણી સાકર લેવી, ગોળથી કરવી હોય તો ચૂર્ણથી બમણો ગોળ લેવો અને ગુગળથી કે મધથી ગોળીઓ કરવી હોય તો ચૂર્ણના સમાનજ ગોળ મધ લેવાં. બીજા કોઇ પ્રવાહી પદાર્થોથી ગોળીઓ કરવી હોય તો ચૂર્ણથી પ્રવાહી પદાર્થ બમણો લેવો. એની માત્રા એક તોલાભારની છે તે સમય બળ જોઇ કાર્યમાં લેવી.

ઘૃત તથા તૈલ પકાવાનો વિધિ.

જે કલ્ક કર્યો હોય તેથી ચાર ગણું ઘી અથવા તૈલ તેમાં નાખો તેને પોતાથી ચોગણા દ્રવ પદાર્થમાં પકાવવું. દ્રવ પદાર્થ બળી જઇને ઘી કે તૈલજ બાકી રહે ત્યારે નિચોવીને ગાળી લેવું. ખાવા માટે એ તૈલ ઘીની માત્રા ચાર તોલા ભારની છે. અથવા કવાથ કરવાના ચૂર્ણમાં તેથી ચારગણું પાણી નાખીને ઉકાળવું. જ્યારે ચતુર્થાંશ પાણી અવશેષ રહે ત્યારે તેમાં ઘી કે તૈલ નાખી સઘળું પાણી બળીજતાં સુધી તેને પકાવી પછી લઇ લેવું. ઉપર જે ચોગણું પાણી લેવાનું કહ્યું છે તે ગળો–આદિ કોમળ પદાર્થમાં સમજવું. સુંઠ–આદિ સુકા પદાર્થમાં આઠ ગણું, સુકા અને લીલા ભેલા હોય તો આઠગણું અને દેવદાર વગેરે ઘણા દિવસના અત્યંત સુકાયલા પદાર્થ હોય તો સોળગણું નાખવું. તેની માત્રા ચાર તોલા ભારની છે. તે ઔષધોના સ્વભાવ તથા રોગીના રોગનું બળ, દેશ, કાળ, વય અને અગ્નિનો વિચાર કરી આપવી. તેમાં નાખવાના પદાર્થો તથા પાણી નાખવાના વિશેષ ખુલાશો મેળવવો હોય તો " **ભાવપ્રકાશ** " પૂર્વખંડનો **બીજો ભાગ** જુવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સન્ધાન–આથાનો વિધિ.

જે પદાર્થ દ્રવરૂપ પદાર્થોમાં લાંબા કાળસુધી રાખી મુકવામાં આવે તે સધિત–અ-ખાએલો થઇ જાય છે. તેને આથો કહે છે.

આસવ તથા અરિષ્ટનાં લક્ષણો.

કાચાં ઔષધથી અને કાચા પાણીથી જે મધ કરવામાં આવ્યું હોય તે આસવ કહેવાય છે અને ક્વાથ કરીને જે મધ કરવામાં આવ્યું હોય તે અરિષ્ટ કહેવાય છે. એઓની માત્રા ચાર તોલા પર્યંત છે. જો સામાન્ય રીતે અરિષ્ટ કરવો હોય તો તેમાં નાખવાનાં પદાર્થોનો તોલ ન કહેલ હોય; તદપિ ૧૦૨૪ તોલાભાર દ્રવ, ૪૦૦ તોલા ગોળ, ૨૦૦ તોલા મધ અને ૪૦ તોલા ઔષધ નાખવું. સિંધુ, સુરા, શુક્ત, ચુક્ર, તુષોદક, સૌવીર, આરનાલ, કાંજીક અને શિંડાકી વગેરેની કૃતિ જાણવી હોય તો " **ભાવ પ્રકાશ** " પૂર્વખંડનો **બીજો ભાગ** જુવો.

ઔષધીઓનો દીપન પાચનાદિ પ્રકાર.

જે પદાર્થ, કાચાને પકવે નહીં પણ અગ્નિને પ્રદીપ્ત કરે તે **દીપન** કહેવાય છે, જેમ કે મેથી. જે પદાર્થ, કાચાને પકાવે છે, પણ અગ્નિને પ્રદીપ્ત કરતો નથી તે **પાચન** કહેવાય છે, જેમ કે નાગકેસર. જે પદાર્થ, કાચાને પકાવી અગ્નિ પ્રદીપ્ત કરે છે તે **દીપન પાચન**–રોચન કહેવાય છે, જેમ ચિત્રક. જે પદાર્થ–ઔષધ, વાયુ, કફ, પિત્તને સમાન ભાવે રાખે અર્થાત્ સમતામાં રહેલા દોષોને વધારે નહીં અને વિષમ થયલા દોષોને સમ કરે છે તે **શમન** કહેવાય છે, જેમ લિંબાડાની ગળો. જે પદાર્થ, કાચા વાત, પિત્ત અને કફને પકાવી વાયુના બંધને ભેદીને નીચે લઇ જાય છે અર્થાત્ મળોને ઉખેડી નાખે છે તે **અનુલોમન** કહેવાય છે. જેમ હરડે. જે પદાર્થ, કોઠામાં ચોંટી રહેલાં મળ, કફ અને પિત્ત કે જે પકાવવા યોગ્ય છે તેને પકાવ્યા વિનાજ નીચે લઇ જાય તે **સનસ્રસન** કહેવાય છે, જેમ ગરમાળો. જે પદાર્થ, શિથિલ અથવા દ્રઢ થઇને રહેલા કિંવા પવને પોતાના અધિકપણાને લીધે ગોળી જેવા કરેલા મળ–આદિને તોડી નીચે પાડે છે તે **ભેદન** કહેવાય છે, જેમ કડુ. જે પદાર્થ, અરધા પાકેલા કિંવા કાચા મળ વગેરેને દ્રવરૂપ કરી નાખે અને મૂળદ્વાર માર્ગે કાઢાડે તે **રેચન** કહેવાય છે, જેમ નસોતર. જે પદાર્થ, કાચા પિત્ત, કફ અને અન્નના સમૂહને મુખના માર્ગથી બ્હાર કાઢાડે તે **વમન** કહે છે, જેમ મીંઢળ. જે પદાર્થ, મળના સંગ્રહને મુખદ્વારા કિંવા ગુદાદ્વારા બ્હાર કાઢાડે છે તે **દેહશંસોધન** કહેવાય છે, જેમ કુકડ વેલાનું ફળ. જે પદાર્થ, જઠરાગ્નિને દીપ્ત કરનાર, કાચાને પકાવનાર અને ગરમપણાને લીધે દ્રવને સુકાવનાર તે **ગ્રાહી** કહેવાય છે, જેમ સુંઠ. જીરૂં અને ગજપીપર. જે પદાર્થ, રૂક્ષ–લુખાપણાથી, શીતપણાથી, કષાયપણાથી કે પાકમાં હલકાઇથી વાયુને ઉલટો કરનાર હોય તે **સ્તંભન** કહેવાય છે, જેમ નાગરમોથ, બીલીનો ગર્ભ, ન્હાની બીલીઓ, મોચરસ, કડાછાલ, લોદર અને અરડૂશો. જે પદાર્થ, શરીરમાં ચોંટી રહેલા મળાદિ દોષોને બલાત્કારથી ઉખેડી નાખે તે પદાર્થ **છેદન** ગુણવાળો કહેવાય છે, જેમ જવખાર તથા ક્ષારો, મરી, સુંઠ, પીપર અને શિલાજીત. જે પદાર્થ, શરીરની ધાતુઓને કિંવા મળોને શોષણ કરી પાતળાં કરે તે **લેખન** કહેવાય છે. જે ઔષધોનો ઉપયોગ કરવાથી સુંદરીની સંગાથે સુરત ક્રીડા કરવામાં ઉત્સાહ થાય અને ધાતુની વૃદ્ધિ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે **વાજીકર** કહેવાય છે, જેમ આસગંધ, કૌચાં, શતાવરી, નાગબળા-કાંશકી, દુધ, સાકર, મુસલી. જે પદાર્થ વીર્યની વૃદ્ધિ કરે તે **શુક્રલ** કહેવાય છે, જેમ કૌચાં, મુસળી, કાંશકી, વગેરે. જે પદાર્થ, સેવતાં ધાતુ ચૈતન્ય થાય તે **ધાતુ ચૈતન્યકા** કહે છે, જેમ અડદ, દુધ, ભીલામાની મજ્જા અને આમલાં એઓ પોતાનાજ પરાક્રમથી શીઘ્રપણે રસાદિક ધાતુઓને ઉત્પન્ન કરીને વીર્યને ઉત્પન્ન કરે છે. વાજીકરણ ઔષધીઓમાં વીર્યને વિશેષ ચૈતન્ય કરનાર સ્ત્રી છે, મોટી રિંગણીનાં ફળ વીર્યને પ્રવર્તાવનાર છે. જાયફળ વીર્યને થોભાવનાર છે, અને કાલીંગડું-તરબુજ વીર્યનો ક્ષય કરનાર છે. તથા હરડે ધાતુનું શોષણું કરનાર છે. સ્મરણ, કીર્તન, દર્શન, સ્પર્શ, સંભાષણ, આલિંગન, ચુંબન અને સંભોગ એ સમસ્ત ક્રિયાઓથી કિંવા એ પૈકી એકાદ ક્રિયાથી પણ સુજ્ઞ સ્ત્રી રેતને પ્રવર્તાવે છે. જે પદાર્થ, વૃદ્ધાવસ્થા-જરા અને રોગ માત્રનો નાશ કરનાર છે તે **રસાયન** કહેવાય છે, જેમ હરડે, રૂદ્રવંતી, ગુગળ અને શિલાજીત. જે પદાર્થ, પહેલાં આખા શરીરમાં વ્યાપીને પછી પાક અવસ્થાને પામે તે **વ્યવાયી** કહેવાય છે, જેમ ભાંગ, અફીણ અને અન્ય માદક-ઝેરી પદાર્થો. જે પદાર્થ, આખા શરીરમાં રહેલા વીર્યો પૈકી ઓજને શોષીને શરીરના સાંધાઓના બંધોને શિથિલ કરી નાખે તે **વિકાશી** કહેવાય છે, જેમ સોપારી, કોદરા. જે પદાર્થ, અધિક તમોગુણવાળો અને બુદ્ધિનો નાશ કરનાર હોય તે **માદક** કહેવાય છે, જેમ મદિરા. જે પદાર્થ, વ્યવાયી, વિકાશી, કફને કાપનાર, મદ કરનાર, અગ્નિના અધિક અંશવાળો, જીવિતને કરનાર અને યોગવાહી સંસર્ગિ પદાર્થોના ગુણોને ગ્રહણ કરનાર હોય તે **પ્રાણહર-વિષ** કહેવાય છે, જેમ વછનાગ. કુયોગથી વિષ અને સુયોગથી અમૃત (યોગવાહી) છે. જે પદાર્થ, પોતાના પરાક્રમથી સ્રોતનામની નાડીઓ (કાન, નાક, મ્હો)માંથી પ્રવેશ કરીને કફાદિ દોષોના સંગ્રહને તોડી નાખે છે **પ્રમાથી** કહેવાય છે જેમ વજ, કાળાંમરી. જે પદાર્થ, ઔષધ રસને વહેનારાળી નસોને ચીકાસપણાથી વા, ગરીષ્ટપણાથી રોકી દઇ શરીરને જડ કરે તે **અભિષ્યંદી** કહેવાય છે. જેમ દહીં. જે પદાર્થ, ખાધાથી ખાટા ઓડકાર આવે, તરશ લાગે અને હૃદયમાં બળતરા થાય તે **વિદાહી** કહેવાય છે. જે પદાર્થો પાકતાં પોતાની સાથે મેળવેલી વસ્તુઓના ગુણોનું ગ્રહણ કરે છે તે **યોગવાહી** કહેવાય છે જેમ મધ, તેલ, ઘી, પારો અને લોખંડ. જે પદાર્થ, તાવનો નાશ કરે તે **જ્વરઘ્ન** કહેવાય છે, જેમ કરીયાતું. જે પદાર્થ, પિત્તનો નાશ કરે તે **પિત્તઘ્ન**, જેમ વાળો-ધાણા. જે પદાર્થ, કફનો નાશ કરે તે **કફઘ્ન**; જેમ બહેડીની છાલ. જે પદાર્થ, વાયુનો નાશ કરે તે **વાતઘ્ન**, જેમ લસણ. જે પદાર્થ, પ્રસ્વેદ લાવે તે **સ્વેદલ**, જેમ અઘેડો. જે પદાર્થ, રૂચિ ઉત્પન્ન કરે તે **રૂચિકર**, જેમ આંમલી, આદુ. જે પદાર્થ, પેસાબ વધારે લાવે તે **મૂત્રલ** જેમ પિતપાપડો, સુરોખાર. જે પદાર્થ, વિષનો નાશ કરે તે **વિષઘ્ન**, જે પદાર્થ, સોજાનો નાશ કરે તે **સોથઘ્ન**, જેમ આવળ-કડવી નઇ. જે પદાર્થ, ગડ ગુંબડને પકવે છે તે **શોધન**, જેમ ગંધક, રાલ. જે ગડ ગુંબડ ઘાને અંકુર લાવે છે તે **રોપણ**, જેમ મીણ. જે પદાર્થ, નિદ્રાને લાવે તે નિદ્રાપ્રદ, જેમ ધંતૂરો-ભાંગ. જે પદાર્થ, ત્વચાને દગ્ધ કરે તે દાહક, જેમ ચિત્રો. જે પદાર્થ, મોઢામાં થુંકનો વધારો કરે તે **લાલાસ્રાવી**, જેમ અકલકરો અને જે પદાર્થ, સ્ત્રીના ચઢી ગયેલા અટકાવને ફરી શરૂ કરે તે **ઋતુત્પાદક**, જેમ હીરાબોળ, એળીયો, આ વિના દુર્ગંધહારક, જંતુઘ્ન, પીડા શાંત કરનાર ક્ષોભક, સ્નાયુશૈથિલ્યકૃત, તથા વિર્યનાશકાદિ અનેક ગુણાગુણ વાળા પદાર્થ છે. માટે પ્રથમ વૈદ્યોએ તેઓના ગુણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુગુણ વગેરે પૂર્ણ રીતે ધ્યાનમાં લઇ વ્યાધિમાં જે ગુણ કર્તા હોય તેને ઉપયોગમાં લેવા.

વિશેષ-દિનચર્યા, રાત્રિચર્યા, આહાર વિહારાદિ તથા ઔષધીઓના ગુણ દોષ વગેરેનો વિશેષ ખુલાશો જોઇએ તો " **ચરક** " " **સુશ્રુત,** " " **વાગભટ.** " **અને** " **ભાવપ્રકાશ** " **પૂર્વ ખંડનો પ્રથમ ભાગ** અવલોકન કરો.

ઔષધ એટલે શું ? અને તે ઔષધ કયા સ્થળનું ? કઇ વખતે ? તથા કેવીરીતે ગ્રહણ કરવું તેનો વિધિ.

વૈદ્ય જે પદાર્થ-વસ્તુથી રોગને મટાડે છે તે પદાર્થ ઔષધ કહેવાય છે. એ ઔષધ કેવા પ્રકારનું હોય તો રોગને અવશ્ય મટાડે ? જે ઔષધ સ્વચ્છ જગ્યામાં ઉત્પન્ન થએલું, શુભ દિવસે લીધેલું, થોડી માત્રા છતાં વિશેષ ગુણ કરનારૂં, સુગંધ, સુવર્ણ અને સુરસ સહિત દોષનો નાશ કરનારૂં, શરીરમાં ગ્લાનિ ન આપે તેવું, વિશેષ અપાયાથી પણ વિકાર ન કરનારૂં, રાફડા કે ખંડાબ ભૂમીમાં ઉત્પન્ન થયેલ ન હોય, ઘણા પાણીવાળી જગ્યાનાં, સ્મશાનમાં, ખારેડ ધરતીમાં અને માર્ગમાં ઉત્પન્ન ન થએલું-ઉગેલું, તથા જીવડાના ડંખ અને ટાઢાડ તાપથી અવ્યાપ્ત હોય તે ઔષધ સારે દિવસે પ્રાતઃકાળમાં સૂર્ય સન્મુખ ઉભા રહી અવાચ્ય પણે મનમાં શ્રી સદાશિવજીને પ્રણામ કરી પવિત્ર પણે ગ્રહણ કરી યોગ્ય પ્રયોગમાં લેવું. તેમજ સર્વ સ્થળે પોતાથી ઉત્તર દિશામાં ઉત્પન્ન થએલી ઔષધી લેવી. તથા સઘળા કાર્યો માટે શરદ ઋતુમાં ઔષધીઓ લેવી; કેમ કે તે સમયમાં સર્વ ઔષધીઓ રસથી ભરેલી હોય છે માટે તે વખતે લેવી, પણ રેચ અથવા ઉલટી કરાવવાની ઔષધીઓ વસંત ઋતુના મધ્યમાં લેવી. જે પૃથ્વીમાં જે ઔષધી ઉત્પન્ન થએલી હોય તે ઔષધીમાં તેજ પૃથ્વીના ગુણો હોય છે; માટે પૃથ્વીના ગુણોને વિચારી પદાર્થોની પરીક્ષા કરી વૈદ્ય સંપ્રદાયને અનુસરી સર્વ પ્રયોગમાં કુશળ રહેવું.

સ્વાભાવિક હિતકારી પદાર્થો કયા કયા છે?

ચોખાઓમાં સાઠી ચોખા, અણીવાળા ધાન્યોમાં જવ તથા ઘઉં અને શિંગોમાંથી પેદા થતા ધાન્યોમાં મગ, મસુર તથા તુવરદાળ સ્વાભાવિકપણે હિતકારી છે. રસમાં મિષ્ટ રસ, લુણમાં સિંધાલુણ, ફળોમાં દાડિમ, આમળાં, દ્રાખ, ખજૂર, ફાલસા, રાયણ અને પીજોરૂં એઓ હિતકારી છે. પાનડાના શાકોમાં બથવો, મીઠી ડોડી અને પોઇ હિતકારી છે. ફળરૂપ શાકોમાં પરવળ, કંદરૂપ શાકોમાં સુરણ, પાણીમાં વરસાદનુ ઝીલેલું પાણી, દુધ ઘીમાં ગાયનું, દુધ-ઘી. તૈલમાં તલીનું તૈલ અને શેલડીના પદાર્થોમાં સાકર સ્વાભાવિક હિત કરનાર છે.

સ્વાભાવિક અહિતકારી પદાર્થો.

ગ્રીષ્મઋતુમાં અડદ, લુણની જાતોમાં ખારી ધરતીમાં પાકેલું મીઠું, ગાડરનું દુધ, કસુંબીનું તૈલ અને અરધો પકવેલો શેલડીનો રસ, ફળોમાં ફનસ તથા શાકોમાં સરસવનું શાક નિરંતર અહિતકારી છે; માટે તેઓને અવશ્ય તજવા.

એક એકના સંયોગથી થતા અહિતકારી પદાર્થો.

ગરમ પદાર્થો તથા વરસાદના ઝીલેલા પાણીની સાથે દહી, મધ, દુધ કિંવા દુધપાક સાથે ખીચડી. છાશ, દહીં અને ખીલાની સાથે કેળાં, કાંસાના પાત્રમાં દશ દિવસ ઉપરાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રંધેલું ઘી. મધ ઘી સમાન તથા રાંધેલા અન્ન કે કષાયને ફરીવાર ઉન્હા કરેલા હોય તો તેને ખાવાં નહીં; કારણકે એ પરસ્પર વિરોધકારી છે, જેમ મધ અને ઘી, તેલ અને ચરબી, પાણી અને દુધ વિરોધી છે તેમ ઉક્ત પદાર્થો પણ વિરોધી હોવાથી ઉપયોગમાં લેવા નહીં.

ચિકિત્સાનું લક્ષણ તથા તેની રીત.

જે ક્રિયા રોગનું હરણ કરે અર્થાત્ દોષ ધાતુ અને મળોને બરાબર કરે તે ક્રિયા–ચિકિત્સા કહેવાય છે. જ્યારે રોગ ઉત્પન્ન થાય કે તેજ સમય તેની ચિકિત્સા કરવી; પણ રોગને અલ્પ જાણી તેનો ઉપાય કરવા માટે આળસુ અને બેપરવાહી ન રહેવું; કેમકે રોગ, અગ્નિ શત્રુ અને ઝેર જેવો છે. તે જો થોડો હોય; તદપિ વિશેષ હાનિ કરે છે તેજ કારણ માટે વૈદ્યે પ્રથમ રોગના પૂર્વાપરનો વિચાર તથા ઔષધનો નિશ્ચય કરી પૂર્ણ કાળજી વડે ઔષધાદિ કરવું. તથા શીતથી રોગ થયો હોય તો શીતનું અને ગરમીથી રોગ થયો હોય તો ગરમીનું નિવારણ કરવું; તેમજ જે સમય ઉપર જે ચિકિત્સા કરવી કહી હોય તે વખતે તેજ ચિકિત્સા કરવી, તથા જેવી રોગની સ્થિતિ તેવી ચિકિત્સા કરવી તો અવશ્ય રોગ દૂર થાય છે. સમજુ વૈદ્યે એકલા શાસ્ત્ર ઉપરજ આધાર રાખી–દુરાગ્રહી ન થતાં ચિકિત્સા કરતી વખતે પોતાની બુદ્ધિના તર્કો પણ ચલાવવા; કારણ કે દોષ અને કાળના બળને લીધે રોગીની એવી સ્થિતિ પણ થાય છે કે જેમાં શાસ્ત્ર રીતે કરવાનું હોય તે ન કરતાં વિપરીત ઉપાય ઉપયોગમાં લેવા પડે છે; વળી તેનાં રોગી, દૂત, વૈદ્ય, લાંબુ આયુષ્ય, દ્રવ્ય, પરિચારક અને સારૂં ઔષધ એ સાત ચિકિત્સાનાં અંગ છે; માટે સાધ્યાસાધ્ય વિચારી ઉત્તમ પ્રકારે ચિકિત્સા કરવી; અર્થાત્ રોગને બરોબર ઓળખવો અને રોગીની વેદના મટાડવી એજ વૈદ્યનું મુખ્ય કર્તવ્ય કર્મ છે; કેમકે વૈદ્ય કાંઇ આયુષ્યની ત્રુટેલી દોરીને સાંધવા સમર્થ નથી; પરંતુ આગંતુક મૃત્યુને દૂર કરવા સમર્થ છે માટે પ્રથમ વૈદ્યે રોગીના આયુષ્યની પ્રયત્ન પૂર્વક પરીક્ષા કરવી જોઈએ; કારણ કે આયુષ લાંબુ હોય તોજ ચિકિત્સા સફળ થાય છે.

અથચિકિત્સાપ્રકરણ.

પ્રથમ રોગ એટલે કોઇપણ પ્રકારની મન તનને પીડા ઉત્પન્ન થાય તેનું નામ રોગ કહેવાય છે. તે રોગ બે પ્રકારનો છે, એક તો **કાયક** અને બીજો **માનસ**. કાયામાં રહે તે કાયક તેનું નામ **વ્યાધિ** છે અને મનમાં રહે તે માનસ તેનું નામ **આધિ** છે. એ બન્ને વાત, પિત્ત અને કફ રૂપ થઇને શરીરમાં કોઇ પ્રકારના કુપથ્ય–હાનિ કર્ત્તા વસ્તુ વડે તથા પ્રતીકૂળ આહાર વિહારના વશ્ય થઇ કોપને પ્રાપ્ત થાય છે તેથી વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે એટલે તે ત્રિદોષ મિથ્યા આહાર વિહારથી કોપે તો દેહનો નાશ કરે છે અને પથ્યના સેવનથી તેઓ શુદ્ધ–પોતપોતાને માર્ગમાં રહેલા શરીરને પુષ્ટ–નિરોગી કરે છે; માટે પ્રથમ કુપિત થયેલા દોષને કિંવા રોગને ઓળખવા માટે આઠ પ્રકારની મુખ્ય પરીક્ષા કહીએ છીએ.

રોગીની પરિક્ષા કેટલા પ્રકારે કરવી?

દર્શનથી, સ્પર્શથી અને પૂછવાથી રોગીની પરીક્ષા થાય છે. દર્શન એટલે રોગીનાં નેત્ર, જીભ તથા મૂત્રાદિ જોવાથી આયુષ્યની અને સાધ્યાસાધ્ય પણાની પ્રતીતિ થાય છે. સ્પર્શ એટલે રોગીના શરીરનો સ્પર્શ કરવાથી વા, નાડી પરીક્ષાથી અને પૂછવાથી એટલે રોગીને પૂછીને તેના પેટના હલકા ભારે પણાની, તરશ કે તરશના અભાવની, ભૂખ અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂખના અભાવની, તથા શા કારણને લીધે રોગને જન્મ મળ્યો? વગેરે વગેરે બાબતો પૂછવાથી રોગનું યથાર્થ જ્ઞાન થાય છે; પણ જો ખોટી રીતે જોવાયલા, ખોટી રીતે કહેવાયલા અને ખોટી રીતે પૂછાયલા વિકારો હોય તો તે વૈદ્યને મુંઝવી દે છે એટલા માટે વૈદ્યે વિકારોને પૂરેપૂરી રીતે જોવા તથા પૂછવા, તેમ રોગીએ પૂરેપૂરી રીતે પૂછ્યાનો ઉત્તર આપવો જેથી પરિણામે મહા સુખ થાય છે.

નાડી પરીક્ષા.

શ્રેષ્ટ વૈદ્યે પુરૂષના જમણા અને સ્ત્રીના ડાબા હાથની નાડી જોવી એટલે પ્રસન્ન ચિત્ત એકાગ્ર મનથી સાવધાન પણે નાડી જોવી. રોગીના હાથને હાલવા દેવો નહીં અને અંગૂઠાના મૂળમાં જીવની સાક્ષીભૂત સુખ તથા દુઃખને પ્રકાશ કરનારી ધમની નાડીનો સ્પર્શ કરવો અર્થાત્ અંગૂઠાના મૂળથી માંડી ત્રણ આંગળીઓ નાડી ઉપર ટેકવવી. તે પૈકી પ્રથમની આંગળી નીચે વાતનાડી, બીજી નીચે પિત્તનાડી અને ત્રીજી નીચે કફનાડી વહે છે. તેમાં જે દોષ બળવાન હોય તેની નાડી દોષની ગતિને ધારણ કરે છે અર્થાત્ જો વાયુ અધિક હોય તો પેહલી આંગળી નીચે રોગીની નાડી સ્ફુટ થાય છે. પિત્ત અધિક હોય તો મધ્ય આંગળી નીચે અને કફ અધિક હોય તો ત્રીજી આંગળી નીચે રોગીની નાડી સ્ફુટ થાય છે, વાયુ તથા પિત્ત અધિક હોય તો પેહેલી તથા બીજી આંગળીના વચમાં સ્ફુટ થાય છે, વાયુ તથા કફ અધિક હોય તો ત્રીજી અને પહેલીના મધ્યમાં સ્ફુટ થાય છે, પિત્ત તથા કફ અધિક હોય તો બીજી ત્રીજી આંગળીના વચમાં સ્ફુટ–ધડકારો થાય છે, અને ત્રણે દોષની અધિકતા હોય તો ત્રણે આંગળીઓ નીચે સ્ફુટ થાય છે. વાયુના પ્રકોપમાં નાડી સર્પ, જળોની પેઠે વાંકી ચાલે છે, પિત્ત પ્રકોપમાં નાડી દેડકા, કાગડાની પેઠે ઠેકતી ચાલે છે, કફ પ્રકોપમાં નાડી મોર, હંસ, કબૂતર અને બતકની પેઠે મંદ મંદ ચાલે છે, ત્રણે દોષના પ્રકોપથી ઘણી ઉતાવળી કિંવા વિપરીત ગતિએ ચાલે છે, વાયુ અને પિત્તના કોપથી વાંકી અને ઠેકતી મિશ્રગતિએ ચાલે છે, વાયુ અને કફનો પ્રકોપ હોય તો વાંકી અને ધીમી ચાલે છે અને પિત્ત તથા કફનો પ્રકોપ હોય તો ઠેકી ઠેકીને ધીમી ચાલે છે. કામ વેગથી–ક્રોધાવેશથી ઉતાવળી ચાલે છે, ચિંતા તથા ભયને લીધે ક્ષીણ થએલી ચાલે છે અને સન્નિપાતની નાડી જેમ સુથારીઓ ઝાડ ઉપર બેસી પોતાની ચાંચથી વારંવાર ઝાડને પ્રહાર કરે છે તેમ અતિવેગ સાથે (કાષ્ટકૂટ) નાડી ચાલે છે તથા જે નાડી થોભી થોભીને ચાલતી હોય, સ્થાનથી ભ્રષ્ટ થઇ હોય, અત્યંત ક્ષીણ અને શિતળ થઇ ગઈ હોય તે નાડી રોગીના પ્રાણનો નાશ કરનારી છે એમાં સંદેહ નથી. તાવના કોપમાં નાડી ગરમ અને વેગવતી હોયછે, જેનો અગ્નિમંદ થયો હોય અથવા જેની ધાતુઓ ક્ષીણ થઇ હોય તેની નાડી બહુજ ધીમી ચાલે છે, ભૂખ્યાની નાડી ચપળ તથા હલકી, તૃપ્તવંતની સ્થિર, લોહીવિકાર વાળાની ગરમ તથા ભારે, આમ રોગીની અત્યંત ભારે, જમેલાની મંદ પણ તૃપ્ત થએલી, જેનો મળ પાતલો થયો હોય તેની ઉતાવળી અને સુખી પુરૂષની નાડી ધીમી તથા બળવાન્ ચાલે છે. નાડીની પરીક્ષાના મતમતાંતરથી અનેક પ્રકાર છે, માટે બુદ્ધિમાન વૈદ્યે પોતાના બુદ્ધિબળવડે જેમ યોગ્ય જણાય તેમ ગ્રન્થના પ્રમાણોસહ નાડીની પરીક્ષા કરવી. જેમ યોગી પોતાના યોગબળવડે સાક્ષાત્ બળનું જ્ઞાન મેળવે છે, જેમ વીણાનો વગાડનાર તારના આધારથી રાગના ભેદનેજાણે છે તેમ નાડી દ્વારા સદ્વૈદ્ય સર્વ શરીરના સુખ દુઃખને જાણી લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂત્ર પરીક્ષા.

રોગીને પાછલી ચાર ઘડી રાત્રે ઉઠાડી કાચના કે કાંસાના સ્વચ્છ વાસણમાં મૂતરાવવો એટલે આદ્ય અંત ધારાને તજી મધ્ય ધારને ગ્રહણ કરી વસ્ત્ર ઢાંકી એકાંતમાં મૂકી પછી સૂર્યોદય થયા કેડે વૈદ્યે તે મૂત્રની પરીક્ષા કરવી. જો રોગીનું મૂત્ર પાણી જેવું, લુખું, ઘણું અને કાંઇક લીલાસ પડતું હોય તો વાયુનો વિકાર સમજવો. જો મૂત્ર પીળું અથવા લાલ રંગનું ગરમ અને થોડું હોય તો પિત્તવિકાર સમજવો. જો મૂત્ર જાડું ધોળારંગનું અને ચીકણું હોય તો કફ વિકાર સમજવો. બે દોષ કોપ્યા હોય તો મૂત્રમાં બન્ને દોષનાં લક્ષણો હોય છે અને ત્રણે દોષ કોપ્યા હોય તો ત્રણેનાં ચિન્હો હોય છે. આટલી પરીક્ષા કર્યા પછી તે મૂત્રને સરખી જગ્યાએ જરા તડકે મૂકી કપડાની દીવટ કે ઘાસની સળીદ્વારા તલના તૈલનું ટીપું તે મૂત્રમાં નાંખવું, તે તૈલનું ટીપું જો નાખતાં વેંતજ પાત્રમાં ચારે બાજુએ વિસ્તરી જાય તો તે રોગી સાધ્ય છે અર્થાત્ ક્ષેમપૂર્વક આરોગ્યતા પામશે. જો તૈલનું ટીપું નાખ્યું તેવીજ સ્થિતિમાં સ્થિર રહે તો કષ્ટસાધ્ય કિંવા અસાધ્ય રોગી જાણવો. જો તૈલનું ટીપું મૂત્ર ઉપર ચક્રની પેઠે ફરવા લાગે કિંવા તેમાં છિદ્રો પડે તથા તેમાં ખડ્ગ, દંડ, ધનુષ જેવો આકાર થાય તો તે રોગી નિશ્ચે મરણ પામે, પણ જો તેમાં તળાવ, હંસ કમળ, હસ્તી, છત્ર, ચામર અને તોરણાદિના આકાર થાય તો તે રોગી અવશ્ય રોગથી મુક્ત થાય. તથા તે ટીપામાં પરપોટા થાય તો તે દેવકોપ, તેમજ ટીપું પૂર્વ, પશ્ચિમ, વાયવ્ય કોણ, નૈઋત્યકોણ અને ઉત્તરની બાજુએ જાય તો રોગી રોગથી મુક્ત થાય. અને અગ્નિકોણ, દક્ષિણ તથા ઇશાનકોણની બાજુએ વિસ્તરે કિંવા જાય તો તે રોગી યમરાજના ધામ પ્રત્યે ગમન કરવાના તૈયારીમાં સમજવો. વાયુના પ્રબળપણાથી રોગીનું મૂત્ર ચીકણું, લાલ અને કાળા રંગનું હોય છે. પિત્તના પ્રબળ પણાથી પરપોટા સહિત પીળા રંગવાળું હોય છે. કફના પ્રબળપણાથી તળાવના પાણી સમાન હોય છે. વાયુ પિત્તના સંયોગથી સરસવના તૈલ સમાન હોય છે. સન્નિપાતના પ્રબળપણાથી પરપોટા યુક્ત લાલરંગનું હોય છે અને રોગના પરિપક્વપણાથી સ્વચ્છ પાણી સમાન નિર્મળ હોય છે. શ્વેતધાર, મહાધાર અને કૃષ્ણધાર તથા ઉષ્ણ અને લાલ હોય તે જ્વરરોગી સમજવો. દીર્ઘરોગી કે ઘણા વખતનો રોગગ્રસ્ત હોય તો મૂત્ર લાલ રંગનું હોય છે. જેનું મરણ સમીપ હોય તેનું મૂત્ર શ્યામ રંગનું, અજીર્ણ રોગીનું બકરીના મૂત્ર જેવી વાસનાયુક્ત અને સમાનધાતુવાળાનું—નિરોગીનું મૂત્ર કુવાના પાણી સમાન સ્વચ્છ હોય છે. (વિશેષ પરીક્ષા અન્ય ગ્રંથોથી જાણવી.)

સ્વપ્ન પરીક્ષા.

રોગી સ્વપ્નામાં નાગો, માથું મુડાવેલો, રાતાં કાળાં વસ્ત્ર પેહેરેલો, બીહામણો, અંગહીન, કાળો, ફાંસી અને સસ્ત્રવાળો તથા બાંધના મારતા દક્ષિણ દિસાએ લઇ જતા આવતા દેખે, પાડા ઉંટ ગધેડા ઉપર આરૂઢ થયેલા સ્ત્રી કિંવા પુરૂષને દેખે તો તે રોગી નિશ્ચે મરણ પામે અને નિરોગી હોય તો રોગી થાય તથા ઉંચેથી પડતો, પાણીમાં ડુબતો, અગ્નિમાં બળતો, સંકટમાં પડેલો, સિંહ તથા મઘરમત્સના મુખમાં ગ્રસેલો કે ગર્જતો, દીવો બુઝાવતો, તૈલ દારૂ પીતો અને વસ્ત્ર તથા લોખંડ જડે એવાં સ્વપ્નો દેખે તો નેષ્ટ છે તથા પકવાન્ન ખાતો કુવામાં પડ તો અથવા રસાતળમાં પેસતો વગેરે વગેરે સ્વપ્નાં દેખે તો તે રોગી અવશ્ય મૃત્યુ પામે અને નિરોગી મનુષ્ય એવાં સ્વપ્ન દેખે તો રોગગ્રસ્ત થાય; માટે એવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુસ્વપ્નો જોવામાં આવે તો તુરત સુઇ જવું, તથા તે કોઇના અગાડી કહેવાં નહીં, પણ કાળી ગાયના કાનમાં સંભળાવી દેવાં, ભસ્માદિથી સ્નાન હોમ કરી સુવર્ણ જવ અને તલનું દાન દેવું, ત્રણ દિવસ મંત્ર સ્તોત્રાદિના પાઠ કરાવવા કિંવા કરાવવા અને રાત્રિએ દેવસ્થાનમાં સુઇ જવું તો, દુષ્ટ સ્વપ્નનો દોષ નાશ પામે છે. રોગી સ્વપ્નમાં દેવતા, રાજા, યાચક, મિત્ર, બ્રાહ્મણ, ગાય, યજ્ઞ, નિર્ધૂમ અગ્નિ અને તિર્થાદિ પવિત્ર સ્થાનો તથા મંગળકારી વસ્તુઓ જુએ તો સુખ પ્રાપ્ત થાય. તથા પાણીમાંથી તરતો કાંઠે જાય, શત્રુ સૈન્યને જીતે, ગોખ, પર્વત, હાથી ઘોડા ઉપર બેસે, ધોળાં પુષ્પ, ધોળાં વસ્ત્ર, માંસ, માછલાં, અને ફળ દેખે કિંવા પ્રાસન કરે તો રોગી રોગથી મુક્ત થાય અને નિરોગી સંપત્તિવાન થાય. તથા જે સ્ત્રીની સાથે ગમન કરવું અયોગ્ય છે તે સાથે ગમન કરે, વિષ્ટાલેપન કરે, રૂવે તથા રોતો, મુવેલો, કાચું માંસ ખાતો જુએ તો રોગી રોગથી મુક્ત થાય અને નિરોગી ધનાઢ્ય થાય. તેમજ જળો, ભમરી, સાપ, માખી કે ભમરી ડંખ મારે તો રોગી શીઘ્રપણે સાજો થાય અને નિરોગી-નિર્ધન ધન પામે; પરંતુ એ સ્વપ્નો અનુભવેલી, જુએલી, સાંભળેલી, દિવસે દીઠેલી વસ્તુ કિંવા વાર્તા તેમજ ચિંતાથી, અતિ પાપ પ્રસંગથી કે સ્હેજ સ્વભાવથી એ છ કારણને અનુસરી જે સ્વપ્ન દેખે તે નિષ્ફળ છે; પણ યંત્ર મંત્રના પ્રભાવથી આસ્તિક-ધર્માત્મા ટેકવંત, સત્યવાદી પુરૂષ તથા પુણ્ય પ્રસંગથી જે સ્વપ્ન દેખે તેનાં સ્વપ્નો સફળ છે. તેમાં પણ રાત્રિના પેહેલે પ્રહરે સ્વપ્ન દેખે તો-એક વર્ષે, બીજા પ્રહરે દેખે તો છ માસે, ત્રીજા પ્રહરે દેખે તો ત્રણ માસે, ચોથે પ્રહરે દેખે તો તેજ માસે, બે ઘડી પાછલી રાત્રિ હોય તે સમય દેખે તો દશમે દિવસે અને સૂર્યોદય વખતે દેખે તો શીઘ્ર શ્રેષ્ટ ફળ આપે; પરંતુ સ્વપ્નમાળા-એક પછી બીજું એમ ઉપરા ઉપર સ્વપ્નો એકજ વખતે વા, એકજ રાત્રિમાં દેખે તો નિષ્ફળ છે. સ્થિર ચિત્તવાળો, દયાવંત, જીતેંદ્રિય અને ધર્માનુરાગી પુરૂષો સ્વપ્ન જુએ તો સત્ય પડે છે; માટે સારાં સ્વપ્નો જોઇ સુઇ જવું નહીં, પણ ઇષ્ટ સ્મરણ કરતાં જાગ્રત રહેવું.

નેત્ર પરીક્ષા.

જે રોગીનાં નેત્ર બીહામણાં, લુખાં, ધુમ્રવર્ણાં, સ્થિર, વાંકાં, ચપળ તથા અંદરના ભાગમાં કાળાશ પડતાં હોય તો વાયુનો પ્રકોપ છે. જે રોગીનાં નેત્ર પીળાં, લીલાં, તથા રાતા રંગનાં દાહયુક્ત અને દીપક કે અજવાળાને જોઇ શકતાં નથી તો પિત્ત પ્રકોપ જાણવો. જે રોગીનાં નેત્ર જ્યોતિહીન, ધોળાં, પાણીથી ભરેલાં, ભારે અને થોડું જોઇ શકતાં હોય તો કફ પ્રકોપ જાણવો. તેમજ તંદ્રા, મૂર્છાથી વ્યાકુળ હોય, કાળાં તથા ફાટેલાંજ રહેતાં હોય, લુખાં, બીહામણાં અને રાતાં હોય તો ત્રિદોષ-સન્નિપાત પ્રકોપ છે. વાયુ પિત્ત કફ એ ત્રણ દોષથી ત્રણ દોષના ચિન્હોયુક્ત અને બે દોષના કોપથી બે દોષનાં ચિન્હોયુક્ત તથા ત્રિદોષથી વ્યાકુળ થયેલા રોગીનાં નેત્ર પોતાના સ્વાધીન હોતાં નથી અર્થાત્ જે બાજુએ જોવા ધારે તે બાજુએ જોઇ શકતો નથી; પણ વિચિત્ર પ્રકારેજ જુએ છે તથા કોઇક વખતે ખુલેલાં તો કોઇક વખતે વીંચાયલાં અથવા કેવળ બંધજ કરેલાં કે કેવલ ખુલ્લાંજ હોય છે. તથા આંખની કાળી કીકી ગુમ થઇ જાય કિંવા ચક્રની પેઠે ફર્યાજ કરે, ધુમાડા જેવો દેખાવ આપે, કીકી વિશ્રિત થઇ જાય કે અનેક રંગ કરે તો તે રોગીના મૃત્યુના સમાચાર કહેવાવાળાંજ નેત્રો સમજવાં; પણ જે રોગીનાં નેત્રો શાંત પ્રસન્ન અને પોતાનો ધર્મ સ્વતંત્ર રીતે દાખવતાં હોય તથા રમણીય લાગતાં હોય તો તે રોગીના રોગનો ત્વરાએ નાશ થવા સૂચવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુખ પરીક્ષા.

વાયુના પ્રકોપથી રોગીનું મુખ સુકું, સ્તબ્ધ, વાંકું અને કાન્તિ રહિત હોય છે. પિત્તના પ્રકોપથી રાતું પીળું અને ઉષ્ણ દાહયુક્ત હોય છે. કફના પ્રકોપથી ભારે, ચીકણું, સોજા સહિત હોય છે. ત્રિદોષ કોપથી ત્રિદોષનાં ચિન્હોયુક્ત હોય છે અને દ્વિદોષના કોપથી મિશ્ર ચિન્હો યુક્ત હોય છે.

જીભ પરીક્ષા.

વાયુ કુપિત થયો હોય તો, રોગીની જીભ છએ રસના સ્વાદથી રહિત, ચીરા પડી ગયલી, ચિકાસયુક્ત, સ્તબ્ધ-જડ, લીલાસ પડતા રંગ જેવી અને લાળ પડતી હોય છે. પિત્તકુપિત થયો હોય તો, રાતી, દુધ પીવાથી કડવો સ્વાદ આપનારી, દાહયુક્ત, પાકા ઘોલાના જેવી રાતી અને કાંટાઓથી છવાયલી હોય છે. કફ કુપિત થયો હોય તો, તેની જીભ સ્થૂળ, ભારે, કફથી લપટાયલી અને મોટા કાંટાઓએ કરી યુક્ત તથા ખારા સ્વાદ સહિત ઘણા કફને વહેવા વાળી હોય છે. બે દોષના કોપથી બે દોષનાં ચિન્હ જણાય અને ત્રણે દોષ કોપ્યા હોય તો, ત્રણે દોષનાં ચિન્હ યુક્ત હોય છે.

મળ પરીક્ષા.

વાયુ પ્રકોપથી રોગીનો ઝાડો કુચા પાણી જેવો, ત્રુટેલો, ફીણયુક્ત, સુખો અને કાળા રંગનો હોય છે. પિતના કોપથી લીલો, પીળો, ગંધાતો, લોચાપડતો અને ઉનો હોય છે. કફના કોપથી ધોળો, સ્હેજ સુકો અને કાંઇક લીલો હોય છે. વાતકફના પ્રકોપથી નારંગીની છાલના રંગ જેવો. વાત પિત્તના પ્રકોપથી પીળો, કાળો અને કાંઇક લીલાસ પડતો ચીકટાસવાળો હોય છે. ત્રિદોષના કોપથી કાળો, પીળો, ત્રુટેલો, શ્વેત અને બદ્ધ હોય છે. અજીર્ણ રોગીનો દુર્ગંધયુક્ત નરમ હોય છે. વાયુ-આદિ દોષો નિર્બળ થવાથી કંપીલાના રંગ જેવો તથા ગાંઠાવાળો હોય છે. જળોદર રોગીનો શ્વેત તથા મહા દુર્ગંધયુક્ત હોય છે. ક્ષય રોગીનો કાળો, આમવાયુ વાળાનો કેડમાં પીડા સહિત પીળો, નિકટમૃત્યુવાળાનો ઘણો ઉષ્ણ, ઘણો કાળો, ઘણો પીળો, ઘણો શ્વેત અને ઘણો રક્ત હોય છે. તીક્ષ્ણ અગ્નિવાળાનો સુકાયલો, મંદાગ્નિવાળાનો પાતળો, અસાધ્યરોગીનો દુર્ગંધયુક્ત તથા ઝાડામાં સડેલો ભાગ આંતરડાં અથવા હોજરીમાંથી સુથા પાણી જેવો પડે છે.

શબ્દ તથા સ્પર્શ પરીક્ષા.

કફ રોગીનો શબ્દ ભારે, પિત્તરોગીનો સ્પષ્ટ અને વાત રોગીનો ઘરઘરાટ શબ્દયુક્ત બોલ હોય છે. પિત્તરોગીનો સ્પર્શ કરીએ તો તેનું શરીર ઉષ્ણ લાગે, વાત રોગીનું ઠંડુ. કફ રોગીનું ચીકણું તથા ભીનું અને ત્રિદોષી-સન્નિપાતીનું એ સર્વ લક્ષણોએ યુક્ત હોય છે.

લાંબા આયુષ્યવાળા રોગીનાં ચિન્હો.

જે રોગીનાં નેત્ર, કાન અને મુખ શાંત હોય, છએ રસના સ્વાદને, સારા ગંધને જાણી શકતો હોય તો તે રોગીસાધ્ય છે એમાં સંદેહ નથી. વળી જેના હાથ પગ ઉષ્ણ હોય, બળતરા ઘણી થોડી હોય અને જીભ કુણી હોય તો તે રોગી મૃત્યુ પામતો નથી. જે રોગીનો તાવ પરસેવા વગરનો હોય, નાકમાંથી શ્વાસ ચાલતો હોય અને કંઠ કફ રહિત હોય તો તે રોગી અવશ્ય જીવે. તથા જેને નિદ્રા સારી પેઠે આવતી હોય, શરીર કાન્તિ સહિત હોય અને ઇંદ્રિયો પ્રસન્ન કિંવા પોત પોતાના ધર્મયુક્ત હોય તો તે રોગી મરતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટુંકા આયુષ્યવાળાનાં લક્ષણો.

જે રોગીને પાણી, તેલ કે, ઘીમાં સૂર્ય ચંદ્રનો પ્રતિબિંબ ન દેખાય કિંવા દેખાય તો અપૂર્ણ-ખંડિત છિદ્રો સહિત દેખાય તથા પૂર્વ, દક્ષિણ, ઉત્તર અને પશ્ચિમ દિશાએ દેખાય તે રોગી છ, ત્રણ, બે, કે એક માસમાં અથવા તેટલાજ દિવસમાં મરણને શરણ થાય. વળી સૂર્ય ચંદ્રમાનો વર્ણ ધૂમાડા જેવો દેખે તો દશ દિવસમાં મરે અને તે પ્રતિબિંબો દક્ષિણ ભાગે-બાજુએ દેખે તો તત્કાળ યમદ્વારમાં પહોંચે. અરૂંધતી એટલે જીભનો અગ્ર ભાગ, ધ્રુવ એટલે નાકનો અગ્રભાગ, વિષ્ણુપદ એટલે બન્ને ભ્રમરના વચ્ચેનો ભાગ અને માતૃમંડળ એટલે ભ્રમરો એ ચાર સ્થાને યમપુરીમાં જવા જેણે કમ્મર બાંધી છે તે જોઇ શકતો નથી. જે મનુષ્ય અકસ્માત જાડો કિંવા પાતળો થઇ જાય તો છ માસમાં મરણ પામે. જે રોગીની જીભ કાળી, મુખ લાલ હોય તથા નાક ગંધને, કાન શબ્દને, નેત્રો પદાર્થને, જીભ સ્વાદને અને શરીર સ્પર્શને જાણી શકે નહીં; સારાંશમાં સમસ્ત ઇંદ્રિઓએ પોત પોતાનો ધર્મ છોડી દીધો હોય તો તે રોગી નિશ્ચે યમદ્વારમાં જાય. જે પુરૂષના પગની ઘુંટીથી ડુંટીની બાજુ-ઉર્દ્ધ ગતિએ અને સ્ત્રીના મુખથી ડુંટીની બાજુ-અધો ગતિએ સોજો ચડવા માંડે કિંવા પુરૂષની ઘુંટીએ અને સ્ત્રીની ડુંટીએ સોજો ચડે તથા તે સોજામાં આંગળી ચાંપી ઉપાડી લીધા પછી તે સ્થળનો ખાડો તુરત પુરાય નહીં તો રોગીને રામના ભજન વિના અન્ય ચિકિત્સા કલ્યાણકારી છેજ નહીં અર્થાત્ તે અવશ્ય મરણ પામે છે. તથા જે સારી પેડે ખાતાં પીતાં છતાં દિન પ્રતિદિન દુર્બળ થતો જાય, સ્ત્રી કિંવા પુરૂષના મધ્ય-કટિપ્રદેશમાં સોજોચડે, જેનું શરીર ઠંડુ હોય તે છતાં પ્રસ્વેદ થાય અથવા કપાળે પ્રસ્વેદ-પરસેવાના બિંદુ ફૂટે, કંઠમાં કફ બોલે, રાત્રિએ દાહ, દિવસે ટાઢાડ જણાય, જીભ કાળી તથા ખરબચડી-ખરસડ, નિદ્રાનો નાશ, હૈયું જડ, ઝાડાનો બંધ નહીં, અસકત અને સર્વ વસ્તુ ઉપર અરૂચિ હોય તે રોગીને કેવળ રામ ભજનજ યોગ્ય છે પણ ચિકિત્સા યોગ્ય નથી. જે રોગીનું શરીર તેજહીન થયું હોય, શરીર ઉપર રાઇ જેવી કરકરીઓ થઇ આવી હોય, ચંદન-આદિનું લેપન કર્યા છતાં જેના શરીર ઉપર કાળી માખીઓ બેસતી હોય, અરૂંધતીના તથા ધ્રુવના તારાને અને આકાશ ગંગાને જોઇ શકે નહીં તથા મિત્ર સ્વજનોના વચનો રૂચેનહીં, દર્પણમાં તડકામાં કે પાણીમાં પોતાનો પડછાયો દેખે નહીં કિંવા અંગહીન દેખે, ભૂત પ્રેત, પિશાચનાં રૂપો દેખે, લબ્યા કરે, લાજ અને શોભા નાશ પામી હોય અથવા તેજ, ઉત્સાહ, સ્મૃતિ અને તાત્કાલિક ઉત્તર આપવો એટલાં અકસ્માત્ પ્રાપ્ત થયાં હોય તો તે મનુષ્ય આયુ હીન છે એમ સમજી લેવું. તથા જેનો નીચેનો હોઠ નીચો નમી ગયો હોય અને ઉપરનો હોઠ ઉંચો ચઢી ગયો હોય કિંવા બન્ને હોઠ જાંબુડા રંગે થઇ ગયા હોય તો તે તુરત મરણ પામે. જેનું નાક વાકું, ફાટેલું, સુકાયલું કે નમેલું જણાય અથવા શ્વાસના વેગથી શબ્દ થયા કરે તે પણ મરણને શરણ થાય. જેની ભ્રમરો ટુંકી તથા નમેલી થઇ જાય અને ખરી પડતી હોય તે મનુષ્ય તુરત મરણ પામે. જે નિરંતર ઉધ્વાજ કરતો હોય, તથા નિરંતર જાગ્યાજ કરતો હોય અથવા બોલવાની ઇચ્છા છતાં બોલવામાં મુંઝાય તો તે પણ અવશ્ય તુરત મરણ પામે. જે મનુષ્ય ઉપરના હોઠને ચાટયાજ કરે, હાથ પગ પછાડયા કરે, સંધ્યા સમય પ્રેતો સાથે ભાષણ કરે અને જેનાથી પીડાયા વિના પણ જેના રૂવાડાના ખાડાઓમાંથી લોહી નિકળે તે તત્કાળ મરણ પામે તથા જેને સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે ઔષધ પ્રયોગ કરતાં છતાં પણ તેનું માંસ તથા બળ ક્ષીણ થઈને વિકાર વધતો જાય તો તે મનુષ્ય તુરત યમદ્વારમાં જાય છે. વિશેષ ખુલાશા માટે **"ભાવપ્રકાશ" પૂર્વ ખંડનો પ્રથમ ભાગ** તથા **ચરક, સુશ્રુત વાગ્ભટ** વગેરેનું અવલોકન કરવું.

દૂત પરીક્ષા.

રોગીના ઘરથી વૈદ્યને બોલાવા આવનાર પુરૂષ ઉત્તમ જ્ઞાતીનો વા, સ્વ જ્ઞાતિનો, સુંદર, સંપૂર્ણ શરીર વાળો, શ્વેત વસ્ત્ર પરિધાન કરેલ, ચતુર, સુખી, ઘોડા ઉપર બેસી અને ધોળાં પુષ્પ તથા ફળ હસ્તમાં ધારણ કરી આવે તો શ્રેષ્ઠ સમજવો. તેમજ વૈદ્યની જે નાસિકાનો સ્વર ચાલતો હોય તે બાજુએ આવી ઉભો રહી કિંવા બેસી સમય વિચારી શુભ શબ્દોચ્ચાર કરે તો ઉત્તમ. અને તેવા દૂતની સંગાથે વૈદ્ય જાય તો અવશ્ય રોગીનો રોગ દૂર થાય છે.

શકુન પરીક્ષા.

રોગીના ઘરથી વૈદ્યને બોલાવવા આવતી વખતે શીતળ વસ્તુનાં શકુન થાય તો નેષ્ટ છે; પણ ગરમ વસ્તુનાં શકુન થાય તો શ્રેષ્ટ સમજવાં. અને વૈદ્ય રોગીને જોવા જાય તે વખતે ગરમ વસ્તુનાં શકુન થાય તો નેષ્ટ; પણ ઠંડી વસ્તુનાં શકુન થાય તો શ્રેષ્ઠ સમજવાં, તથા પુત્રવતી (કેડમાં બાળક તેડેલું હોય તે) સ્ત્રી, દીપમાળા ધારણ કરેલી કુમારિકા, ધૂમ્ર રહિત અગ્નિ, શંખ–મૃદંગાદિ તથા સુંદર સુંદરીઓના સુંદર ગીતના નાદ સન્મુખ નજરે જણાતા હોય, દહીં, માટી, ફળ, દારૂ, માંસ. માછલાં અને કેસરાદિ સુગંધિ પદાર્થો, તથા હાથી, ઘોડા, રથ, મુખપાલ, પાનબીડાં વા, પાન, ચામર, સોનાદિની સુંદર વસ્તુઓ અને માંગલિક શબ્દો વગેરેનાં વૈદ્યને શકુનો થાય તો તે રોગી રોગથી અવશ્ય મુક્ત થાય તથા યશ મળે.

દેશ વિચાર.

જે દેશમાં પાણીનાં સ્થાનકો, વૃક્ષો અને પર્વત થોડા હોય તે **જાંગલ દેશ** કહેવાય છે. તે દેશમાં રોગની ઉત્પત્તિ થોડી હોય છે માટે ઠંડા ઔષધોપચાર ઉપયોગમાં લેવા. તે દેશમાં નર નારી બળવાન હોય છે, જેમ મારવાડ દેશ. જે દેશમાં પૃથ્વીની સપાટી ઉપર પુષ્કળ પાણી વહેતાં હોય તથા બારેમાસ પૃથ્વી લીલાં હરીઆં કે લીલાસથી છવાયલી રહેતી હોય અને વૃક્ષો પર્વતો વિશેષ હોય તે **અનુપ દેશ** કહેવાય છે તેમાં કફ અને વાયુના પ્રકોપનાજ વ્યાધિઓ થાય છે માટે ઉષ્ણ ઔષધોપચાર ઉપયોગમાં લેવા. તે દેશમાં નર નરમ અને નારી બળવાન હોય છે, જેમ પૂર્વ પ્રદેશ. અને ઉપર કહેલા બન્ને દેશનાં જ્યાં લક્ષણો મળતાં આવે તે **મિશ્ર** કિંવા **સાધારણ** દેશ કહેવાય છે. તેમાં સમાન્ય રોગોત્પત્તિ હોય છે, જોકે કફ પિત્ત વાયુ પ્રકોપના વ્યાધિઓ થાય છે; તથાપિ પિત્તના વ્યાધિઓ વિશેષ થાય છે, જેમ મધ્ય દેશ. માટે જે દેશમાં જેની ઉત્પત્તિ થઇ હોય તેને તે દેશના ગુણોને અનુસરી અથવા જન્મભૂમિમાં ઉત્પન્ન થયલી ઔષધીઓ આપવી જેથી શીઘ્રપણે ગુણ કરે છે.

કાળ વિચાર.

શીત કાળ ૧, ઉષ્ણ કાળ ૨, અને વર્ષાકાળ એ ત્રણ કાળના બાર માસ છે તેમાં પર ઋતુઓ છે–એટલે ચૈત્ર અને વૈશાખ માસ અથવા મીન અને મેષ સંક્રાંતિને **વસંત ઋતુ** કહે છે. જેષ્ટ અને આષાઢ માસ અથવા વૃષ અને મિથુન સંક્રાંતિને **ગ્રીષ્મ ઋતુ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહે છે. શ્રાવણ અને ભાદ્રપદ માસ અથવા કર્ક અને સિંહ સંક્રાંતિને **વર્ષા ઋતુ** કહે છે. આશોજ અને કાર્તિકમાસ અથવા કન્યા-અને તુલા સંક્રાંતિને **શરદ્ ઋતુ** કહે છે. મૃગશિર અને પોષમાસ અથવા વૃશ્ચિક અને ધન સંક્રાંતિને **હેમંત ઋતુ** કહે છે. માઘ અને ફાલ્ગુણ માસ અથવા મકર અને કુંભ સંક્રાંતિને **શિશિર ઋતુ** કહે છે. તેમાં પોત પોતાના ગુણને અનુસરી ઋતુ ભોગવે તો રોગોત્પત્તિ થાય નહીં; પરંતુ શીત કાળમાં ટાઢ નિયમથી વધારે કિંવા ઓછી પડે તથા ઉન્હાળામાં તાપ વધતો કે ઓછો પડે અને વર્ષાકાળમાં અતિ વૃષ્ટિ કિંવા હીન વૃષ્ટિ થાય તો રોગની ઉત્પત્તિ થાય છે.

અવસ્થા વિચાર.

મનુષ્યની મુખ્ય ત્રણ અવસ્થા છે-એટલે બાલ્યાવસ્થા ૧, યુવાવસ્થા ૨, અને વૃદ્ધાવસ્થા એ ત્રણ છે. તેમાં પણ ઉત્તમ મધ્યમ અને અધમ અવસ્થાનો વિચાર કરી સદ્વૈદે ઔષધ ની માત્રા ઓછી વધતી આપવી.

અર્થ વિચાર.

શબ્દ ૧, સ્પર્શ ૨, રૂપ ૩, રસ ૪, અને ગંધ ૫, એ પાંચ વિષય છે. તે પૈકી શબ્દનું સ્થાન કાનમાં, સ્પર્શનું સ્થાન ત્વચા-ચામડીમાં, રૂપનું સ્થાન નેત્રમાં, રસનું સ્થાન જીભ્યામાં અને ગંધનું સ્થાન નાસિકામાં છે એટલે શબ્દનો ધર્મ કર્ણમાં છે તે અમુક પ્રકારના શબ્દને શ્રવણ કરવા સામર્થ છે; છતાં થોડું સાંભળે, કિંવા ઘણું સાંભળે, કે મિથ્યા અર્થાત્ કાંઇનું કાંઇ સાંભળે છે. સ્પર્શનું જ્ઞાન ત્વચાને છે; છતાં તેને થોડા સ્પર્શ વિશેષ સ્પર્શ કે મિથ્યા સ્પર્શાદિનું જ્ઞાન થાય. રૂપનું જ્ઞાન નેત્રને છે; છતાં થોડું વા ઘણું કે વિષમ-કાંઇનું કાંઇ દેખે. જીભને રસમાત્રનું જ્ઞાન છે; છતાં વધનો ઓછો કે વિપરીત સ્વાદ સમજાય અને સુંઘવા—સંગધનું જ્ઞાન નાસિકાને છે; છતાં થોડી ઘણી કે વિપરીતપણે સુગંધ પારખે તો સમજવું કે ઇંદ્રિઓ પોતાના ધર્મથી વિપરીત ધર્મ વહન કરે છે તેથી રોગની ઉત્પત્તિ થશે. પણ જો પાંચે ઇંદ્રિયો સમાન સ્થિતિમાં હોય તો સદા નિરોગ રહે છે.

કર્મ વિચાર.

કર્મ ત્રણ પ્રકારનાં છે એટલે કાયિક ૧, માનસ ૨ અને વાચક એ ત્રણ. તેમાં કાયામાં રહે તે કાયિકકર્મ, મનમાં રહેતે માનસ અને વાણીમાં રહે તે વાચક કહેવાય છે. તે પોત પોતાના કર્મની સામર્થતા છતાં ઓછાં વત્તાં કર્મ કરે કિંવા કાંઇનાં કાંઇ કર્મ કરે તો રોગ ઉત્પન્ન થાય છે; માટે તેઓને પોતાની મર્યાદામાં રાખી ચાલે તો સદા નિરોગી રહે છે.

અગ્નિબળ વિચાર.

મનુષ્ય માત્રના અંગમાં અગ્નિ પાંચ પ્રકારનો છે એટલે મંદાગ્નિ ૧, તીક્ષ્ણાગ્નિ ૨, વિષમાગ્નિ ૩, સમાગ્નિ ૪, અને ભસ્માગ્નિ ૫. તે પૈકી જેની કફની પ્રકૃતિ અધિક હોય તેનો મંદાગ્નિ હોય, તે કફના રોગોને જન્મ આપે છે, તેથી નેષ્ટ છે. જેની પિત્ત પ્રકૃતિ હોય તેનો તીક્ષ્ણ અગ્નિ હોય તે ખાધેલા સર્વ પદાર્થને પકાવી-પચાવી દેછે; તોપણ ગરમીના રોગોને જન્મ આપે છે, તેથી તે પણ ઠીક નહીં. જેની વાયુ પ્રકૃતિ હોય તેનો વિસમાગ્નિ હોય છે તે વાત રોગોને જન્મ આપે છે, તેથી કોઇક વખતે તો અન્નને સારી પેઠે પકાવે છે અને કોઇક વખતે પકાવતોજ નથી. જેના શરીરમાં સમાગ્નિ છે તે સારી રીતે ભોજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નને પકાવે છે અને કોઇ રોગને જન્મ આપતો નથી, તેથી તે સર્વોત્તમ છે અને જેના કોઠામાં ભસ્માગ્નિ છે તે ભસ્મક નામના રોગને જન્મ આપે છે. તે અગ્નિ, કોઇ વખતે કોઇ ઔષધીના સંયોગથી શરીર માંહેનો કફ પ્રટી જાય અને પિત્ત તો અગ્નિ રૂપ હોવાથી વૃદ્ધિ પામી વાતના સંયોગે પ્રેર્યો થકો મહા તીવ્ર અગ્નિને જન્મ આપે છે ત્યારે ભસ્મ અગ્નિ થાય છે તેને જો ખાવાનું ન મળે તો તૃષા, પ્રસ્વેદ, બળતરા અને મૂર્ચ્છા વગેરે રોગો વડે મનુષ્યનો પ્રાણ લઇ લેછે. તે માટે જે મનુષ્ય પોતાના અગ્નિનો અને વૈદ્યે, રોગીના અગ્નિનો વિચાર કર્યા વિના જો ભોજનાદિ તથા ઔષધ ક્રિયાદિ કરે તો તેને અવશ્ય રોગ થાય અને ચિકિત્સા સફળ થાય નહીં; માટે ઔષધ આપતાં પહેલાં અગ્નિબળ વિચારી જોવું.

સાધ્યાસાધ્ય રોગીની પરીક્ષા.

જે રોગી પોતાની પ્રકૃતિમાં સ્થિત રહે, અગ્નિ સતેજ હોય, રોગના ઉપદ્રવો વિશેષ ન હોય, રોગ એક દોષનોજ હોય અર્થાત્ એક દોષમાં બીજો દોષ મળ્યો હોય નહીં અને તે રોગની ચિકિત્સાના ચારે પાયા સમાન હોય–એટલે ઉત્તમ પ્રકારે શાસ્ત્રના ભેદને જાણનાર વૈદ્ય મળે, તથા તેવીજ ઉત્તમ ગુણવાળી તે રોગને દૂર કરનારી ઔષધી મળે, તેમજ રોગીની સ્તવજ્જા કરનાર મનુષ્યો અર્થાત્ રોગીની ચાકરી કરનાર માણસ સ્નેહવાળો, નિંદા નહીં કરનારો, બળવાન્, રોગીના રક્ષણમાં તત્પર, વૈદ્યના કહેવા પ્રમાણેજ વર્તનાર અને કંટાળો ન લાવનાર ચતુર હોય તથા તેવોજ સુજાણ રોગી હોય, જીતેંદ્રિય, ધૈર્યવાન, વૈદ્ય ઉપર ભક્તિ રાગ હોય, રોગ વધ્યા ઘટયાની જાણવાળો અને વૈદ્યના કહેવા પ્રમાણે વર્તનાર હોય તો તે રોગીનો રોગ અવશ્ય નાશ પામે તથા વૈદ્યે પણ તેવા રોગી માટે ખંતથી ચિકિત્સા કરવી.

અસાધ્ય રોગીની ઓળખાણ.

જે રોગી દિવસે ઉંઘે, રાત્રિએ જાગે તથા તેના કંઠમાં કફ બોલે, શરીમાં બળતરા, નાડીની ગતિ મંદ, બોલવામાં અશક્ત અને જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો પોતાના ધર્મથી પતિત હોય તો તે રોગી રોગથી મુક્ત થાય નહીં. જે રોગીનો અગ્નિમંદ હોય, પ્રકૃતિ વિપરીત થઇ ગઇ હોય, આંખ લાલ, શ્વાસયુક્ત, હૃદયમાં શૂળ, તંદ્રા–ચેન, હેડકી, શોષ હોય, ઘણું સુવે, ઘણો દાહ, તથા અતિ ચીકણો અને ઘણો પરસેવો છૂટે તો તે રોગી અવશ્ય યમપુરીનો વાસિ સમજવો.

કેવા રોગીની ચિકિત્સા કરવી નહીં?

જે રોગી અતિ ક્રોધી, વિચાર્યાવિના સાહસ કામ કરનાર, બ્હીકણ, વૈદ્યે કરેલા ઉપકારનો લોપ કરનાર, વ્યાકુળ, શોકથી વ્યાપ્ત, મરવા પડેલો, ઇંદ્રિયોની શક્તિ વિનાનો, શ્રદ્ધા રહિત, વૈદ્ય ઉપર અવિશ્વાસ તથા વૈદ્યનું વચન ન માનનારો તેવા રોગીની અને વૈરી રોગીની ડાહ્યા વૈદ્યે ચિકિત્સા કરવી નહીં; કારણ કે કદાચ રોગ વધી જાય તો વૈદ્ય ઉપર અપવાદ આવે તથા જે રોગી વૈદ્ય જેવો વૈદક જાણનાર હોય અને વૈદ્યને ઠગનાર હોય તેની પણ ચિકિત્સા કરવી નહીં.

વૈદ્યને ત્યાંથી ઔષધ લાવવા વખતે તથા ઔષધી ખાવા વખતે કેમ વર્ત્તવું?

વૈદ્યને ઘેર જનાર પુરૂષે અથવા રોગીએ, ધન–રૂપાનાણું કે શ્રીફળ વગેરે હાથમાં ધારણ કરી કિંવા ભેટ કરી વૈદ્ય આગળ ઔષધની પ્રાર્થના કરવી. શાસ્ત્રકારોએ કહ્યું છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે–રાજા, ગુરૂ, દેવ, જ્યોતિષિ અને વૈદ્યને ત્યાં ખાલી હાથે કદાપિ કાળે પણ જવું નહીં; કેમ કે ફળવડેજ ફળ પ્રાપ્ત થાય છે. તેમ રોગીએ ઇષ્ટદેવને, ગુરૂને તથા બ્રાહ્મણને પુજી પ્રણામ કરી તેઓનો આશિર્વાદ લઇને શ્રદ્ધા સહિત ઔષધનો ઉપયોગ કરવો અને રોગીને ગુરૂ તથા બ્રાહ્મણોએ આશિર્વાદ આપવો કે "જેમ રસાયને ઋષિયોને, અને અમૃતે દેવતાઓને તથા ઉત્તમ નાગોને રોગ રહિત તથા બળિષ્ટ કર્યા છે તેમ આ ઔષધ તમને રોગરહિત અને બલિષ્ટ કરજો." પછી રોગીએ નેત્ર તથા મુખ પ્રસન્ન રાખી પોતાના સ્નેહી અને ભલા લોકોની સમીપ સોના રૂપા કે માટીના વાસણમાં રાખેલા ઔષધનો ઉપયોગ કરવો.

વ્યાધિના ચૌદ પ્રકાર.

સહજ રોગ ૧, ગર્ભજ રોગ ૨, જાતજાત રોગ ૩, પીડાથી ઉપજેલો રોગ ૪, કાળથી ઉત્પન્ન થએલો રોગ ૫, પ્રભાવથી ઉત્પન્ન થએલો રોગ ૬, સ્વભાવથી ઉત્પન્ન થએલો ૭, દેશના કારણથી થયેલો રોગ. ૮, આગંતુક રોગ ૯, કાયિક રોગ ૧૦, અંતર રોગ ૧૧, કર્મથી ઉત્પન્ન થયેલો ૧૨, દોષથી ઉત્પન્ન થએલો ૧૩, અને કર્મ દોષથી ઉત્પન્ન થએલો ૧૪, એ ચૌદ પ્રકાર છે. તેને હવે વિસ્તારથી કહીએ છીએ. માતા પિતાના વીર્ય–રક્તના દોષથી ઉત્પન્ન થએલી સંતતીમાં પણ તેના રોગ વારસામાં મળે છે, જેમ કોઢ, હરસ, ઉપદંશ, સંધિવાત અને રાજયક્ષ્માદિ રોગો થાય તે **સહજ** રોગ કહેવાય છે. ગર્ભના દોષથી પાંગળાપણું, કુબડાપણું કે છ આંગળીઓ વગેરે રોગો ઉત્પન્ન થાય છે તે **ગર્ભજ** રોગ કહેવાય છે. ગર્ભ છતાં પણ મિથ્યા આહાર વિહાર કરવાથી બાળકનો પ્રસવ થતાં વેંતજ રવલા, વિચિત્ર પ્રકારનું શરીર અને બોબડા પણું વગેરે રોગોની ઉત્પત્તિ થાય તે **જાતજાત** રોગ કહેવાય છે. શસ્ત્ર વગેરેના પ્રહારથી ઉત્પન્ન થયેલા અસ્થિભંગાદિ રોગ તે **પીડાજનિત** રોગ કહેવાય છે. શીતકાળ ઉષ્ણકાળ તથા વર્ષાકાળથી ઉપજેલો–એટલે વિશેષ ટાઢ શહન કરવાથી તથા વિશેષ તડકો કે લુ શહન કરવાથી અને ચોમાસામાં પાણીમાં વિશેષ ભીંજવાથી ઉત્પન્ન થએલો રોગ તે **કાળજ** રોગ કહેવાય છે. દેવતા, ગુરૂ અને બ્રાહ્મણ વગેરેના શાપથી તથા ગ્રહોના પ્રતિકૂળપણાથી ઉત્પન્ન થયેલો રોગ તે **પ્રભાવજ** રોગ કહેવાય છે. ભૂખ, તરશ અને જરાવસ્થાના કારણથી કિંવા તાવથી ઉત્પન્ન થયલો રોગ તે **સ્વાભાવજ** રોગ કહેવાય છે. ભૂત પ્રેતાદિ તથા ક્રોધ, દ્વેષ, લોભ અને મોહાદિકો શરીરમાં પ્રવેશ થાય તેથી ઉત્પન્ન થયલો રોગ તે **આગંતુક** રોગ કહેવાય છે. તાવથી માંડી વિષ પ્રકરણ લગણ જે જે રોગ છે તે **કાયિક** રોગ કહેવાય છે. ચિત્તભ્રમ–ગાંડપણું થવા વગેરે ઉત્પન્ન થયલા રોગો તે **અંતર** રોગ કહેવાય છે. જે દેશમાં માણસો ગોરાં તો ગોરાંજ, કાળાં તો કાળાંજ, અથવા લાલ કે ભૂરાંજ ભૂરાં ઉત્પન્ન થાય તે **દેશજ** રોગ કહેવાય છે. પૂર્વજન્મ કિંવા આ જન્મમાં બ્રહ્મહત્યાદિ ઘોર પાપના કરવાથી ઉત્પન્ન થયલો રોગ તે **કર્મજ** રોગ કહેવાય છે. વાત, પિત્ત અને કફના પ્રકોપથી ઉત્પન્ન થયલો રોગ તે **દોષજ** રોગ કહેવાય છે. બ્રહ્મહત્યાદિ પાપ અને વાત પિત્ત કફાદિ દોષ એ બન્નેના મેળાપથી ઉત્પન્ન થયલો રોગ તે **કર્મદોષજ** કહેવાય છે. એ પ્રકારે ચૌદ ભેદ છે. તેમાં પણ બે ભેદ છે રોગ–એટલે **સાધ્ય** અને **અસાધ્ય.** તેમાં પણ સાધ્યના બે પ્રકાર છે, એક તો બહુ યત્ન કર્યા છતાં પણ પરાણે મટે છે અને બીજો થોડા યત્નથી મટે છે. એજ પ્રકારે અસાધ્યના પણ બે ભેદ છે, તે પૈકી એક તો **જાપ્ય** એટલે હાડગંભીર, હરસ, મૃગીવાયુ, અર્ધાંગવાયુ, ક્ષય અને શ્વાસાદિ તથા જેમાં વિશેષ રો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગનો સંયોગ હોય, ઔષધ ખાવાજ કરે, પથ્યમાં રહે, સદ્વૈદ્યના કથા પ્રમાણે વર્ત્તે અને જ્યાં સુધી રોગીનું આયુબળ હોય ત્યાં સુધી જે રોગ રહે તે જાપ્ય કહેવાય છે. અને બીજો એવો પ્રકાર છે કે જે રોગ માટે ઉપાયજ નથી તે મહા અસાધ્ય કહેવાય છે. જો કે રોગોના અનંત ભેદો છે તેનો પાર તો મનુષ્યથી પામી શકાય તેમ નથી. માત્ર સર્વ રોગોનું જ્ઞાન તો શ્રી પરબ્રહ્મ પરમાત્મા શ્રી રઘુનાથજીને છે; તદપિ સદ્વૈદ્યો પોતાના શાસ્ત્ર અને બુદ્ધિબળ વડે સમસ્ત રોગોને, ઉપર કહેલા રોગોત્પત્તિના મુખ્ય ચૌદ પ્રકારમાં અંતરભૂત જાણી સકળ રોગની ચિકિત્સા કરે છે.

ચૌદ પ્રકારના વેગ રોકવાથી થતી રોગોત્પત્તિનો વિચાર.

જે ચતુર–સુજ્ઞ મનુષ્ય છે તે પ્રથમ તો કારણ વિના ચૌદ પ્રકારના વેગને ચાહે તેવી અગવડતા હોય; તદપિ તેઓને રોકવા જેવું કારણ ઉત્પન્ન થવા દેજ નહીં; છતાં પણ સભ્યતાના નિયમોને જાળવવા જતાં રોકે તો મહાન્ રોગોનું મૂળ રોપાય છે; એટલે અધોવાયુ, શૌચ, મૂત્ર, ઓડકાર, છિંક, તૃષા, **ભૂખ**, ઉંઘ, ઉધરસ, ખેદશ્વાસ, બગાસું, આંસુ, ઉલટી અને કામદેવ એઓના વેગને રોકવાથી અતિ હાનિ થાય છે; અર્થાત્ જે મનુષ્ય **અધોવાયુને** લજ્યાના ભયથી રોકે તેને ગોળાનો રોગ થાય, બરલ, ઉદર વિકાર–આફરો, પેટપીડા અને પેડુમાં ગડમગટ વગેરે રોગો થાય છે; તેથી પછી અધોવાયુ સારી રીતે સંચાર કરતો નથી અને મૂત્રકૃચ્છ્ર, બંધકોશ, નેત્રરોગ, અગ્નિમંદતા તથા છાતિમાં દુખાવો થાય છે; માટે અધોવાયુ ને રોકવો નહીં. **મળના વેગને** રોકવાથી હાથ પગમાં ત્રોડાવો, પીનસ, મસ્તકપીડા અને વાયુની ઉર્ધ્વગતિ વગેરે રોગો થાય છે, અધોવાયુની જોઇએ તેવી પ્રવૃત્તિ ન હોય તેથી હૈયું દુઃખે, ઉદાવર્ત્ત રોગ થઇ આવે–ગોળો, બરલ, ઉદરરોગ–ઉદરપીડા, મૂત્રકૃચ્છ્ર, બંધકોષ, નેત્રરોગ અને અગ્નિનીમંદતા પણ થાય છે માટે જે વખતે ઝાડે જવાની શંકા થાય કે, તુરત જરૂરી કામો છોડી દઇને પણ મળનો ત્યાગ કરવા પ્રવર્તવું. **મૂત્રના વેગને** રોકવાથી અંગમાં ત્રોડાવો, પથરી, ગોળો, બરલ વગેરે રોગો થાય છે અને જે મળ રોકવાથી વ્યાધિઓ થાય છે તેજ મૂત્ર રોકવાથી પણ થાય છે. **ઓડકારને** રોકવાથી અરૂચિ, શરીરનું કંપવું, છાતિમાં મુંઝવણ, આફરો–પેટનું ચઢવું, ઉધરસ અને હેડકી એટલા રોગો ઉત્પન્ન થાય છે. છિંક આવતી હોય તે વખતે કોઇને શકુન કે શુભ કામારંભમાં શંકા આવવાને લીધે **છિંકના વેગને** રોકવાની પદ્ધતિ પડી છે, પણ તેના રોકવાથી માથામાં દુઃખાવો થાય, તથા આખા શરીરની સમસ્ત ઇંદ્રિયો નિર્બળ થઇ જાય અને ડોક ફેરવી શકે નહીં તેમજ મુખનું વાંકા પણું થઇ જાય છે. માટે તેના વેગને રોકવો નહીં. **તરશ** લાગી હોય તેના વેગને રોકવાથી મુખમાં શોષ, સર્વાંગમાં ત્રોડ, બ્હેરાપણું, મોહ, ભ્રમ અને છાતિમાં દુઃખાવો થાય છે; માટે તરશ લાગી કે તુરત પાણી પી લેવું. **ભૂખના વેગને** રોકવાથી સર્વાંગમાં ત્રોડ, અરૂચિ, સર્વ વસ્તુ ઉપર ગ્લાનિ, શરીરની કૃશતા થઇ શળ ચાલે, ભ્રમ તથા વિનાશ્રમથી શ્રમ–થાક જણાય અને શરીર ઇંદ્રિયો સિથિલ થઇ શરીરનું વર્ણ વિચિત્ર કરી દેછે; માટે "**शतं विहाय भुक्तव्यं**–સો કાર્યને પડતાં મુકીને પણ ભોજન કરી લેવું. **નિદ્રાના વેગને** રોકવાથી મોહ, માથા અને નેત્રનું ભારે થવું, આળસ, બગાસાં અને અંગમાં પીડા થઇ આવે છે; માટે નિયમસર સુઇ રહેવું કિંવા નિદ્રા આવતી હોય તે વખતે સુઇ જ જવું. ઉધરસ અથવા **નિશ્વાસના વેગને** રોકવાથી ઉધરસ, અરૂચિ, છાતિમાં પીડા, શ્વાસ અને હેડકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગેરે વ્યાધિઓ થાય છે. કાંઈ થાક લાગે તેવું કામ કરવાથી **શ્વાસ ચઢે તેને** રોકવાથી ગોળો, છાતિના રોગ અને મોહ–મૂર્છા થઈ આવે છે; માટે તે વખતે વિશ્રામ લેવો અને શ્વાસને સ્થિર પડવા દેવો. અણીશુીઆ તથા સદ્દગ્રહસ્થોની મંડળીમાં સભ્યતાના લીધે **બગાસાને રોકવાથી** માથામાં પીડા, ઇંદ્રિયોનું દુર્બળપણું, ડોક તથા મુખનું વાંકાપણું થાય છે; માટે બગાસાને રોકવું નહીં. પ્રેમ–હર્ષ, ખેદ–શોકને લીધે આંસુ આવે તો લોકલાજને લીધે કિંવા પ્રતિષ્ઠા જાળવવાને લીધે **આંસુ રોકવાથી** પીનસ, નેત્રરોગ, માથામાં પીડા, છાતિમાં દુઃખાવો, ડોકમાં વ્યાધિ, અરૂચિ અને ગોળા વગેરે રોગો થાય છે. **ઉલટીને રોકવાથી** રક્તવા, પિત્ત, કોઢ, નેત્રરોગ, ખરજ, ખસ, તાવ, ઉધરસ, શ્વાસ, છાતિમાં દુઃખાવો અને મુખ ઉપર ખીલ તથા મુખઝાયાદિ રોગો થાય છે. **કામદેવના વેગને** રોકવાથી અર્થાત્ ઇચ્છા થઈ હોય તો તે વખતે કામભોગની આતુરતાને રોકવાથી સુજાગ–પ્રમેહ, ઇંદ્રિમાં પીડા, ઇંદ્રિનું સુજવું, ચિત્તનું વિહ્વલ થવું કિંવા બ્હેકીજવું, ભોજનમાં અરૂચિ અને અસ્વસ્થતાદિ રોગો થાય છે; માટે વેગને ન રોકતાં કામ શાંત કરવો. તથા ઉપર બતાવેલા ચૌદ પ્રકારના વેગોને અવશ્યપણે રોકવા નહીં.

ઇતિ શ્રી મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થ વિષે વૈદ્ય પરીક્ષા, યોગ્યાયોગ્ય વિચાર, ઔષધ લેવાનો સમય, ઔષધોના પ્રતિનિધિ, ઔષધાદિનાં પ્રમાણ, તોલની પરીભાષા, સ્વરસ, હિમ, મંથ, ફાંટ, કલ્ક, ચૂર્ણ, ભાવના, પુટપાક, કવાથ, અવલેહ, ગોળીઓ ધૃત તથા તૈલ, આથો, આસવ, અરિષ્ટ, દીપનપાચનાદિ ઓષધીઓનો વિચાર, ઔષધ શબ્દાર્થ તથા ઔષધ કયા સ્થળનું, કઇ વખતે, કેવીરીતે ગ્રહણ કરવું, સ્વાભાવિક હિત તથા અહિતકારી પદાર્થો, સંયોગથી થતા અહિતકારી પદાર્થો, ચિકિત્સાનું લક્ષણ તથા રીતિ. ચિકિત્સા પ્રકરણ પૈકી રોગી તથા નાડી પરીક્ષા, મુત્ર, સ્વપ્ન, નેત્ર, મુખ, જીભ, મળ, શબ્દ, સ્પર્શની પરીક્ષા, લાંબા તથા ટુંકા આયુષ્યવાળાનાં ચિન્હો, દુત, શકુન, દેશ, કાળ–ઋતુ, અવસ્થા, અર્થ, કર્મ, અગ્નિબળ, સાધ્યાસાધ્ય વિચાર તથા ચિકિત્સા કરવામાં અયોગ્ય રોગી, ઔષધ લાવવા વખતે અને ખાવા વખતે કેમ વર્તવું, વ્યાધિઓની ઉત્પત્તિ, સ્થાનના પ્રકાર તથા ચૌદ વેગ રોકવા વિષેનો વિચાર વગેરે નિરૂપણ નામનો પ્રથમ તરંગ સંપૂર્ણ.

તરંગ બીજો.

જ્વરોત્પત્તિ, સંપ્રાપ્તિને, પ્રત્યય, પૂર્વસ્વરૂપ;
રૂપચિન્હ, ઉપચાર સહ, દ્વિતીય તરંગ અનૂપ.

કાયિક રોગોનો રાજા જ્વર–તાવ છે; કેમકે દરેક દરદમાં સ્વતંત્ર કે પરતંત્ર રૂપે પ્રથમ તાવ આવે ત્યાર પછીજ ખરા દરદનું રૂપ પ્રકટે છે. માટે તેનાં વિસ્તાર પૂર્વક લક્ષણો અને યત્નો ક્રમવાર કહીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્વરની ઉત્પત્તિ, મૂર્તિ, સંખ્યા તથા નિદાન સહ સંપ્રાપ્તિ.

જ્યારે દક્ષ પ્રજાપતિએ અહંકાર લાવી યજ્ઞ સમારંભ કર્યો. તે સમય ત્રિલોકના અધિપતિ શ્રી વિષ્ણુ ભગવાન તથા જગત્ ગુરૂ બ્રહ્માજી અને અખિલ યોગિંદ્ર ત્રિપુરારિ એ ત્રણને છોડી સર્વ દેવને આમંત્રણ કરી યજ્ઞ સ્થાનમાં આસન આપ્યાં. દેવ દેવીઓને હર્ષ સાથે જતાં જોઈ સતિજીએ પતિને પૂછ્યું, તેથી શિવજીએ સતિજીના પિતાના યજ્ઞની હકિકત કહી, એટલે પિતાને ઘેર જવાને સતિજીનું મન લલચાયું અને સદાશિવજીની ના છતાં પણ સતિજી ભાવીની પ્રબળતાને પ્રેર્યાં દક્ષના યજ્ઞ મંડપમાં ગયાં. તે વખતે પિતા વગેરેએ સતિજીનો અનાદર કર્યો, તે કારણથી સતિજીને અતિ ક્રોધ ચઢ્યો અને યોગ અગ્નિમાં પોતાના શરીરને પ્રજાળી યજ્ઞમાં ભાગ લેનાર તથા શિવજીની નિંદા કરનાર વા, સાંભળનારને શાપ આપ્યો; અને તે સમાચાર શ્રી રૂદ્રના સાંભળવામાં આવવાથી મહા ક્રોધાનળ પ્રકટ્યો. ત્રીજું લલાટ નેત્ર ઉઘડવાથી વીરભદ્રનામા ગણ ઉત્પન્ન થયો. તે ગણ મહાક્રોધી, પીતવર્ણ, પીળાં ત્રણ નેત્ર, ભસ્મ લેપન, પ્રલયકાળના અગ્નિના સમાન રૂપ, વાઘંબર ધારણ કરેલું, ટુંકી જાંઘ, મોટું પેટ, અને ખડ્ગ ખપ્પર ધારી ભયંકર તે વીરભદ્ર ગણે શિવજી પ્રત્યે પ્રાર્થના કરી કે–શી આજ્ઞા છે? ત્યારે શિવજીએ દક્ષ પ્રજાપતિનો યજ્ઞ વિધ્વંશ કરવા અને દક્ષનું શિરચ્છેદ કરવાની તથા તે યજ્ઞ સામગ્રી ભક્ષ કરી જવાની આજ્ઞા આપી. તે વીરભદ્રનું સદાશિવજીએ જ્વર નામ પાડ્યું. એ જ્વર મનુષ્યોને મિથ્યા આહાર વિહારના વશથી નાભિ તથા સ્તનના વચમાં જે આમનું સ્થાન છે તેમાં નિવાસ કરતા જે વાયુ, પિત્ત, કફ તેઓને રોગીના શરીરમાં આમાશયની જગ્યામાં દુષ્ટ થઈ તથા આમાશયની જગ્યામાં રહેતો જે આહાર તેથી ઉત્પન્ન થયેલો જે રસ તેને બગાડી આમાશયમાં રહેલા ઉદરના અગ્નિની ઉનાશને ઉદરમાંથી બ્હાર કાહાડી રોગીના સર્વાંગ અગ્નિરૂપ–ઉષ્ણ કરી દે છે તેજ જ્વરનું સ્વરૂપ છે અને તેજ સમય શરીરના પરાક્રમને ભક્ષણ કરી જાય છે. તે જ્વરના મુખ્ય ૮ ભેદ છે; એટલે વાયુનો ૧, પિત્તનો ૨, કફનો ૩, વાત પિત્તનો ૪, વાત કફનો ૫, કફ પિત્તનો ૬, સન્નિપાતનો ૭ અને આગંતુક એ આઠ પ્રકાર છે તેના જુદાં જુદાં લક્ષણ તથા ઉપાય કહીએ છીએ.

જ્વર માત્રનાં સામાન્ય લક્ષણ.

જેના શરીરમાં એકજ વખતે એ પ્રમાણે લક્ષણો થાય કે શરીર ઉષ્ણ થઈ આવે, પરસેવો થાય નહીં, ક્ષુધા નાશ થઈ જાય, અંગનાં સર્વે અંગોપાંગ સજડ થઈ જાય, માથું દુખે, હાથ પગ તુટયા કરે, કોઈ વસ્તુમાં મન લાગે નહીં અને વ્યાકુળતા થયા કરે એ લક્ષણો જેને થાય તેને તાવ આવ્યો છે એમ જાણવું.

જ્વરનું પૂર્વ સ્વરૂપ.

જે મનુષ્યના હાથ તથા પગમાં ત્રોડ થવા લાગે, માથું દુખે, બગાસાં આવે અને વિના ખેદથી અંગમાં ખેદ જણાય ત્યારે જાણવું કે તે મનુષ્યને તાવ આવશે, એમ વૈદ્ય પ્રથમથી જાણી શકે છે. હવે જ્વરનાં વિશેષ લક્ષણો કહુંછું.

વાતજ્વરનાં લક્ષણ.

અંગ ધ્રૂજ્યા કરે, તાવનો વિષમ–નિયમ વગર વેગ હોય, કંઠ તથા હોઠ અને મ્હો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુકાયા કરે, નિદ્રા તથા છિંક આવે નહીં, શરીર લુખું પડી જાય, માથું દુખે, અંગમાં પીડા, મુખમાંથી છએ રસનો સ્વાદ જતો રહે, મળ ઉતરે નહીં, પેટમાં શળ ચાલે, આફ્રો ચઢે અને બગાસાં બહુ આવે, તો જાણવું કે વાયુનો તાવ છે.

જ્વર માત્રના સામાન્ય ઉપાય.

જેને બાર બારનો તાવ ન આવતો હોય તો, તેને ત્રણ ઉભરા આવી ગયેલું ઉન્હું પાણી પાવું, હલકું લંઘન કિંવા મળના બળ પ્રમાણે પથ્ય તથા હલકું ભોજન કરાવવું, જ્યાં ખરાબ હવા અને બહુ પવન ન આવે તેવી જગ્યામાં તથા ભેજ વગરની સ્વચ્છ જગ્યામાં રોગીને રાખવો. સુંદર સુંવાળા ઝીણા બિછાના ઉપર સુવાડવો અને ત્રણ દિવસ કડવી તથા કસાયલી તેમજ રેચ વગેરેની ઔષધીઓ આપવી નહીં. આ વખત ગયા પછી સુંઠ માસા ૪ અને ધાણા માસા ૪, એઓનો ક્વાથના વિધિ પ્રમાણે ક્વાથ કરી પાવો, જેથી તાવ જાય છે અને ભૂખ લાગે છે.

વાતજ્વરના ઉપાય.

કરીયાતું, મોથ, વાળો, મોટી રિંગણી, ભોંરિંગણી, લિંબડાની ગળો, ગોખરુ, સમેરવો, ગધીસમેરવો અને સુંઠ એ સઘળાં ઔષધો સમાન ભાગે લઇ તેઓને કુટી ક્વાથના વિધિ પ્રમાણે ક્વાથ કરી પાવાથી વાયુનો તાવ નાશ થાય છે. **તથા** સુંઠ, લિંબડાની ગળો, ધમાસો, જવાસો, કાળીપાડ, કચૂરો, અરડુસો, એરંડાનું મૂળ અને પુષ્કર મૂળ એ સઘળાં ઔષધો લઇ કુટી ક્વાથ કરી પીવાથી ઉપદ્રવો યુક્ત વાયુના કારણથી આવેલો-વાતજ્વર નાશ થાય છે.

વાતજ્વર ઉપર હિંગુલેશ્વર રસ.

"શુદ્ધ હિંગળોક, પીપર, અને શુદ્ધ વછનાગ, એ ત્રણે સમાન ભાગે લઇ ખરળમાં અત્યંત સૂક્ષ્મ પાણી સાથે ઘુંટી ગોળી અરધી રતી પ્રમાણે વાળી ક્રમવાર પાંચ ગોળીઓ સેવન કરવાથી વાતજ્વર નાશ થાય." **તથા** શતાવરી અને લિંબડાનીગળોનો રસ એ બન્નેનો સમાન પ્રમાણથી ક્વાથ કરી તેમાં તોલા ભાર જુનો ગોળ નાખી પીએ તો વાતજ્વર જાય. **અથવા** કાળીદ્રાખ, પીપર, પિત્તપાપડો અને વરીયાળી એ સઘળાં ૧-૧ તોલા ભાર લઇ તેઓનો ક્વાથ કરી પીવાથી વાતજ્વર નાશ થાય છે. (પણ વાયુના તાવમાં સાત દિવસ પછી ક્વાથાદિ પ્રયોગ ઉપયોગમાં લેવા.)

વાતજ્વર વાળાને મગ, મઠ, મસૂર અને કલથની દાળનું પાણી પથ્ય છે.

પિત્તજ્વરનાં લક્ષણ.

આંખમાં બળતરા બળે, મ્હોં તીખું રહે, તરશ ઘણી લાગે, ફેર આવે, બકવા બહુ કરે, શરીર ઉનું હોય, તથા અધિક વેગવંત તાવ, પાતળો ઝાડો, ઉલટી, નિદ્રાનો નાશ, મ્હોડું સુકાય તથા પાકી જાય, પરસેવો થાય, અને મળ મૂત્ર તથા નેત્ર પીળાં હોય તો જાણવું કે પિત્તનો તાવ છે. (તે ઉપર પિત્તને શમાવનાર ઔષધો કરવાં.)

પિત્તજ્વરના ઉપાય.

"નાગરમોથ, ધમાસો, પિત્તપાપડો-વાળો, કરીઆતું અને લિંબડાની અંતર છાલ એ સઘળી ઔષધીઓ લઇ તેનો વિધિ પ્રમાણે ક્વાથ કરી પીવાથી પિત્તનો તાવ નાશ પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અથવા પિત્તપાપડો, તથા કડુ માસા બે, અને સાકર ૨૪ રતીભાર એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉના પાણી સંગાથે લે તો પિત્તજ્વર દૂર થાય. **તથા** સુખડ ૨૪ રતી ભાર અને વિ-રણવાળો ૨૪ રતીભાર લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેને ૭ તોલા ભાર ફાલસાના સર-બતમાં સાકર તોલા ૩ ભાર નાખી પીએ તો પિત્તજ્વર દૂર થાય. **ત્રિશતી. અથવા** ચોખાની ધાણીના પાણીમાં સાકર નાખી પીએ તો ઉપદ્રવ યુક્ત પિત્તજ્વર દૂર થાય. **અથવા** દ્રાખ, કડુ, ગરમાળાનો ગોળ, મોથ, હરડેદળ અને પિત્તપાપડો એ સઘળાં સમાન લઇ કૂટી કવાથ કરી પીવાથી પિત્તજ્વર, તરસ, ઘેન, બળતરા, મૂર્છા, બકવા, મુખશોષ અને ફેર-ચક્કર તથા પિત્તપ્રમેહ એ સર્વ રોગ મટે છે. **વૈદ્યવિનોદ. અથવા** "ધઉંના લોટમાં સાકર અને પાણી નાખી અગ્નિ ઉપર સારી પેઠે સીજવી પાતળી રાબડી કરી પીએ તો પિત્તજ્વર જાય." **અથવા** મીઠા દાડિમોનું સરબત પીવાથી પિત્તજ્વર નાશ થાય. અને જો બળતરા સહિત પિત્તજ્વર હોય તો, સર્વગુણસંપન્ન, મદોન્મત્ત, સ્તનભારથી નમેલી, મહા સુંદર, સર્વાંગ આભરણ સુગંધિ પુષ્પમાળા સહ, હાવ, ભાવ, મંદહાસ્યથી ભરપૂર, સોળ વર્ષની શ્યામા સુંદરી અને ઝીણાં વસ્ત્ર જેણે પરિધાન કર્યા છે તે સંગાથે વિહાર-સુરતકેળી કરે તો દાહજ્વર જાય કિંવા દાહ મટે છે. **તેમજ** શુક કોકિલા તથા ન્હાનાં બાળકોની મધુર વાણી, મનને હરી લે તેવી રચનાવાળો પુષ્પ સુગંધ યુક્ત બગીચો, સુવાસિત પુષ્પોનો હાર, કમળપત્રની સય્યા, ચાંદની રાત્રિ, કમળ પુષ્પનો સ્પર્શ, ચમત્કારિક ચરિત્રોની ચર્ચા-વાર્ત્તા, ચંદન કપૂરનું લેપન, નવયૌવના સ્ત્રી-નો સમાગમ, શીતળ મંદ સુગંધ-સુંદર પવનની લહેર અને ફુવારાદિની રચના તથા ઠંડક કર્ત્તા વસ્તુઓ દાહને તાત્કાળ દૂર કરનારી છે. **અથવા** ફાલસાના સરબતમાં સિંધાલૂણ નાખી પીએ તો પિત્તજ્વર દૂર થાય. **કિંવા** મગની દાળના પાણીમાં સાકર મેળવી પીએ તો પિત્ત-જ્વર નાશ પામે. **અથવા** કાળીદ્રાખનું સરબત સાકર સાથે પીએ તો પિત્તજ્વર દૂર થાય. **અથવા** પિત્તપાપડો, મોથ અને કરીઆતું એ સઘળાં સવા તોલા ભાર લઇ કવાથ ક-રી ૩ દિવસ પીએ તો પિત્તજ્વર દૂર થાય. **જ્વરતિમિરભાસ્કર. અથવા** રતાંજળી, પદ્મક, ધાણા, લિંબડાની ગળો અને લિંબડાની અંતરછાલ એ સઘળાં સમાન ભાગે લઇ તે-ઓનો કવાથ કરી પીએ તો પિત્તજ્વર, બળતરા, તૃષા, અને ઉલટી એ સઘળા રોગોને દૂર કરે છે. તથા જઠરાગ્નિને દીપાવે છે. **લોલિંબરાજ.** "**અથવા** ગુલાબના ફુલોની પાંખડીઓના ધોળાતલને પાંચ સાત પુટ દઇ તેનું તૈલ કઢાવી લેવું-(આજ વિધિ પ્રમાણે પ્રત્યેક પુષ્પોનુ તૈલ કઢાય છે.) તે ગુલાબનું તૈલ દાહજ્વરવાળા રોગીના શરીરે મર્દન કરે તો, દાહજ્વર દૂર થાય." **અથવા** સો વાર પાણીથી કિંવા હજારવાર પાણીથી ધોવાયલા ઘીનું શરીરને મર્દન કરે તો, દાહજ્વર તાત્કાળ મટે. **અથવા** લિંબડાનાં કુણાં પાંદડાને ઝીણાં વાટી તેમાં પાણી નાખી વલોવવાં જેથી તે ઉપર ફીણ આવે તેનો શરીરે લેપ કરે તો, **અથવા** તે ફીણમાં બેહેડાની મીંજ વાટી મેળવી શરીરે લેપ કરે તો દાહની વ્યથા તુરત દૂર થાય છે. **વૈદ્યજીવન.**

પિત્તજ્વરમાં સાકર અને દહીની સાથે ચોખાની ધાણીનો સાથવો પાણીમાં ઘોળી આ-પવો પથ્ય છે. મગના યૂષથી ભીંજવેલો ભાત સાકર સાથે ખાવો અને પિત્તને શાંત કરના-ર પદાર્થો હિતકારી છે તે સિવાય અન્ય અહિતકારી છે. (પણ પિત્તના તાવમાં ૧૦ દિવસ વીત્યા પછી કવાથાદિ પ્રયોગ કરવા.)

કફજ્વરનાં લક્ષણ.

જે મનુષ્યને અન્ન ઉપર અરૂચિ થાય, શરીર સજડ તથા રોમાંચ-રૂવાડાં ઉભાં થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂત્ર તથા નખ શ્વેત પડી જાય, નિદ્રા ઘણી આવે, શરીર શીતલ પડી જાય, મ્હોં મીઠું રહે, તાવનો વેગ વિશેષ હોય નહીં, આળસ બહુ આવે, શ્વાસ તથા ઉધરસ અને પીનસ હોય તો કફનો તાવ છે એમ જાણવું.

કફજ્વરના ઉપાય.

લિંબડાની અંતરછાલ, સુંઠ, લિંબડાની ગળો, ભોંરીંગણી, પુષ્કર મૂળ, કડુ, કચુરો, અરડૂસો, કાયફળ, પીપર અને શતાવરી એ સઘળાં ઔષધો સમાન ભાગે લઇ ક્વાથ કરી પીએ તો કફજ્વર નાશ પામે. **અથવા** કાયફળ, પીપર, કાકડાશિંગ, અને પુષ્કરમૂળ એ સઘળાં સમાન લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૧ તોલા ભાર મધમાં ચાટે તો, કફજ્વર, શ્વાસ અને ઉધરસને વા શ્વાસ, ખાંસી સહિત કફજ્વરને દૂર કરે છે. **વૈદ્યવિનોદ.**

કફજ્વરવાળાને સુંઠ, કાળાંમરી, પીપર, ચિત્રામૂળ, પીપરીમૂળ, છડે, શાહછડે, લવિંગ, એળચી, શેકેલી હિંગ, અજમો અને બોડીઅજમો એ સઘળાં સમાન લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૧ તોલા ભાર, ઉના પાણી સંગાથે આપવાથી પાચન શક્તિ થાય, ભૂખ લાગે અને કફજ્વર દૂર થાય છે. **અથવા** રિંગણી, લિંબડાની ગળો, સુંઠ, અને પુષ્કરમૂળ એ સઘળાં સરખાં લઇ ક્વાથ કરી પીવાથી કફજ્વર, વાતકફજ્વર અને ત્રિદોષજ્વર પણ દૂર થાય છે. **અથવા** ભોરિંગણી, પીપર, કાકડાશિંગ, લિંબડા ઉપરની ગળો અને અરડૂસો એ સઘળાં બબે ટાંક લઇ એઓનો ક્વાથ કરી પાવાથી કફ જ્વર, શ્વાસ, ઉધરસ અને મંદાગ્નિને દૂર કરે છે. **અથવા** અરડૂસી વા, અરડુસાનો ક્વાથ પાવાથી તાત્કાળ કફજ્વર દૂર થાય છે. " **અથવા શિતભંજીર રસ** રતી બે ભાર અરડૂસા તથા સુંઠના ક્વાથ સંગાથે પાવાથી કફજ્વર તત્કાળ દૂર થાય છે; એટલે શુદ્ધ હિંગળોકમાંથી ઉડાવેલો પારો ટાંક ૫, શુદ્ધ ગંધક ટાંક ૫, તાંબેશ્વર ટાંક ૫, શુદ્ધ વછનાગ ટાંક ૨, સુંઠ ટાંક ૨, કાળાંમરી ટાંક ૫, પીપર ટાંક ૫ અને શુદ્ધ ટંકણ વા, ખડીઓખાર ટાંક ૫, એ સઘળાનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચિત્રામૂળના રસની ભાવના ૩ દેવી, પછી આદાના રસની ૭ ભાવના દઇ પુનઃ નાગરવેલના પાનના રસના ૩ પુટ દઇ તેની એક રતી પ્રમાણે ગોળી વાળી ઉપયોગમાં લેવી-આને શિતભંજીર રસ કહે છે. આના સેવનથી કફજ્વર, ચિત્તભ્રમ અને વાયુના સર્વ રોગ નાશ થાય છે. "

કફજ્વર ઉપર ઉનું પાણી શેરનું પોણો શેર રહે તેવું ઉકાળી થોડું થોડું પાવું, ૧૨ લક્ષકાં લંઘન[1] કરાવવાં. ત્યાર પછી મગ, મઠ અથવા કલથીનું યૂષ[2] પાવું પથ્ય છે. બીજોરાનું કેસર સિંધાલુણ સંગાથે આપવું પથ્ય છે અને દિવસે સુવું કુપથ્ય છે.

વાતપિત્ત-દ્વંદ્વજ જ્વરનાં લક્ષણ.

જે મનુષ્યને વાતપિત્ત એ બન્ને દોષ મિશ્ર થવાથી તાવ આવ્યો હોય તેને મૂર્છા આવે, ફેર, દાહ, નિદ્રાનો નાશ, માથું દુખે, કંઠ તથા મુખ સુકાય, ઉલટી, રોમાંચ, અરુચિ.

૧-વાતજ્વરવાળાને, ક્ષય રોગીને, તીક્ષ્ણ અગ્નિવાળાને, ગર્ભિણી સ્ત્રીને, બાળકને, જઇને, બ્હીકણ કે ડરેલાને, તૃષાતુરને અને દુર્બળને એટલા મનુષ્યોને લંઘન કરાવવું નહીં, પણ હલકાં પથ્ય ભોજન આપવાં. **ભાવપ્રકાશ.**

૨-શિંગમાંથી પેદા થનારાં ધાન્યને અઢાર ગણા પાણીમાં પકાવતાં તેનો અજની થોડી કણીએવાળો અને જરા ધાટો રસ થાય તે **યૂષ** તથા **નિર્યૂહ** કહેવાય છે. **ભાવપ્રકાશ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંધારી આવે, આખા શરીરમાં પીડા થાય, બગાસાં આવે, અને બકવા કર્યા કરે તો જાણવું કે એ દોષ યુક્ત—વાતપિતનો તાવ છે.

વાતપિત્ત જ્વરના ઉપાય.

ભંગર્ભાંજ (વા કાંશકીનાં મૂળ) લિંબડા ઉપરની ગળો, એરંડમૂળ, મોથ, પદ્મક, ભારિંગ, પીપર, વાળો અને રતાંજળી એ સઘળાં પાંચ પાંચ માસા ભાર લઈ ખાંડી ક્વાથકરી સેવન કરે તો વાતપિત્તજ્વર દૂર થાય. **અથવા** લિંબડાની ગળો, પિત્તપાપડો, કરીઆતું, મોથ, અને સુંઠ એ સઘળાંને સમાન લઇ ખાંડી ક્વાથ કરી નિરંતર યોગ્ય માત્રા એ પીએ તો વાતપિત્તજ્વર મટે છે. આનું નામ **પંચભદ્ર ક્વાથ** છે. **અથવા** લિંબડાની ગળો, પિત્તપાપડો, સુંઠ, મોથ અને અરડુસો એઓને બરાબર ભાગે લઇ ખાંડી ક્વાથ કરી યોગ્ય માત્રાએ પીએ તો વાતપિત્તજ્વર દૂર થાય.'' **અથવા** કડવાં પરવળ, લિંબડાની અંતરછાલ, લિંબડાની ગળો, અને કડુ, એ સર્વને બરોબર લઇ ક્વાથ કરી પીએ તો વાતપિત્તજ્વર જાય. **અથવા** મહુડો, જેઠીમધ, લોદર, ધોળી ઉપલસરી, મોથ અને ગરમાળાનો ગોળ એ સર્વને સમાન લઇ ખાંડી ક્વાથ કરી પીએ તો વાતપિત્તજ્વર દૂર થાય. **અથવા** ચોખાની ધાણીના પાણીમાં સાકર તથા મધ મેળવી પીએ તો વાતપિત્તજ્વર નાશ થાય. **અથવા** સુંઠ, કાળાં-મરી અને પીપર એઓને સરખે ભાગે લઈ તેના બરોબર સાકર મેળવી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પોણા તોલા ભાર મધની સંગાથે ચાટે તો વાતપિત્તજ્વરનાશ થાય છે.''

વાતકફજ્વરનાં લક્ષણ.

જેને ઉધરસ, અરૂચિ, સાંધે સાંધે દુખાવો, માથામાં પીડા, પીનસ, સંતાપ, કંપવા, શરીર ભારે રહે, નિંદ્રા આવે નહીં, પ્રસ્વેદ, શ્વાસ, પેટમાં શળ, સર્પ કિંવા હંસની ગતિ પ્રમાણે નાડી વાંકી અને મંદ ચાલે, ધુમાડાના રંગ જેવો તથા સ્વેત કે સુરમા સમાન મૂત્રનો રંગ હોય, ઝાડાનો રંગ કાળો, અને ચીકણો હોય, નેત્ર ધુમાડાના રંગ જેવાં, મોંઢું કસાયલું કે મીઠું રહે, જીભ કાળી કે સ્વેત કિંવા પાણીયુક્ત સ્વેત હોય, કંઠમાં કફનો ઘરઘરાટબોલે અને શરીર ઠંડુ લાગે, ત્યારે જાણવું કે તેને વાતકફ દોષનો તાવ આવ્યો છે. **જ્વરતિમિરભાસ્કર.**

વાતકફજ્વરના ઉપાય.

ઉક્ત પ્રકારના તાવવાળા રોગીને ૧૦ દિવસ લંઘન કરાવવાં. પાંચશેરનું અઢીશેર રહે તેવું ઉકાળ્યું પાણી પાવું. ત્યાર પછી કરીઆતું, મોથ, લિંબડાની ગળો અને સુંઠ, એઓને બરાબર લઇ ખાંડી ક્વાથ કરી પી ને તે ઉપર પથ્ય પદાર્થ સેવન કરે તો, કોઈ પ્રકારનો ઉપદ્રવ ઉત્પન્ન થાય નહીં **અથવા** એજ તાવમાં ૩ દિવસ પછી નીચે લખેલો ક્વાથ આપે તો, તાત્કાળ વાતકફજ્વર નાશ પામે છે. કાયફળ, દેવદાર, ભારિંગ, વજ, મોથ, ધાણા, પિત્તપાપડો, હરડે, સુંઠ અને કરંજની જડ, એ સઘળાં સમાન લઈ ખાંડી ક્વાથ કરી મધ અને હિંગ મેળવી પીએ તો વાતકફજ્વર નાશ પામે અને ઉધરસ, હેડકી, શોષ તથા શ્વાસ અને ગલગ્રહ વગેરેને દૂર કરે છે. **અથવા** મોથ, પિત્તપાપડો, ગળો, સુંઠ, અને ધમાસો એ સર્વ સરખે ભાગે લઇ ખાંડી એઓનો ક્વાથ કરી પીએ તો વાતકફજ્વર, ઉલટી, બળતર, મુખમાં પડતો શોષ વગેરે દૂર થાય છે. **અથવા**—ભોરિંગણી, સુંઠ, પીપર, અને લિંબડાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગળો એ સઘળાં સમાન લઇ તેનો ક્વાથ કરી પીવાથી વાતકફજ્વર નાશ પામે છે. **અથવા** સાલપરપોટી, પીલવણી, ભોરીંગણી, ઉભી રિંગણી, માળવી ગોખરૂ, બીલાનો ગર્ભ, અરણી, શીવણુ, અરલૂ, અને પાડળ એ દશમૂળનો ક્વાથ કરી પીપરનો પ્રતિવાસ દઇ કિંવા તેમાં પીપર મેળવી પીએ તો વાતકફજ્વર દૂર થાય.

અથવા એજ તાવમાં મોઢું તથા તાળવું સુકાઇ જાય, જીભ ખરસડ થઇ જાય તો બીજોરૂના કેસરમાં સિંધાલુણ અને કાળાંમરી ભેળવી–ઝીણાં વાટી જીભ ઉપર લેપ કરે તો મોઢાનો તથા તાળવાનો શોષ અને જીભની કઠોરતા દૂર થાય છે. **અથવા** કરીઆતું, લિંબડાની ગળો, દેવદાર, કાયફળ અને વજ એ સઘળાંને સમાન લઇ ખાંડી કાઢો કરી પીએ તો વાતકફજ્વર નાશ પામે. **જ્વરતિમિરભાસ્કર.**

કફપિત્તજ્વરનાં લક્ષણ.

જેનું મોઢું અને જીભ કફથી લિપ્ત રહે, તંદ્રા, મોહ, ઉધરસ, અરૂચિ, તૃષા વધારે લાગે, ઘડીએ ઘડીએ શરીરે બળતરા થાય, ટાઢોડ વાય, શરીરમાં પીડા, છાતિમાં દુખાવો ફેર આવે, ક્ષુધા લાગે નહીં, શરીર સજડ થઇ જાય, હંસ તથા દેડકા સમાન નાડી ચાલે, લાલાસ સહિત ચીકણું શ્વેત રંગનું મૂત્ર તથા મળ હોય, નેત્ર દેડકાના વર્ણ જેવાં પીળાં લીલાં હોય, મોંઢું મીઠું તથા કડવું રહે અને જીભ લાલાસ સાથે પીળી હોય તો જાણવું કે કફપિત્તજ્વર છે. **જ્વરતિમિરભાસ્કર.**

કફપિત્તજ્વરના ઉપાય.

ઉક્તજ્વરના રોગીને ૧૪ દિવસ લાંઘણ કરાવવું તથા ચાર શેર પાણીમાંથી અરધો શેર પાણી ઉકળતાં રહે એવું અષ્ટાવશેષ પાણી પાવું અને લિંબડાની ગળો, રતાંજળી, સુંઠ, સુગંધીવાળો, કાયફળનું છોડીયું અને દારૂહળદર એ સઘળી ઔષધીઓને સમાન ભાગે લઇ ખાંડી ક્વાથ કરી પીએ તો કફપિત્તજ્વર દૂર થાય છે. **અથવા** લિંબડાની અંતરછાલ, રતાંજળી, કડૂ, લિંબડાની ગળો અને ધાણા એ ઔષધોને સરખાં લઇ ખાંડી ક્વાથ કરી પીએ તો કફપિત્તજ્વર દૂર થાય છે, તેમ બળતરા, અરૂચિ, તૃષા, તથા ઉલટી પણ દૂર થાય છે અને અગ્નિને પ્રદીપ્ત કરે છે. **અથવા** લિંબડાની ગળો, ઇંદ્રજવ, લિંબડાની અંતરછાલ, કુકડવેલાનાં ફળ, કડૂ, સુંઠ, રતાંજળી અને મોથ એ સઘળાં ઔષધને સમાન લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૪ માસા અષ્ટાવશેષ (જે પાણીને ઉકાળતાં આઠમો ભાગ બાકી રહેથી નીચે ઉતાર્યું હોય તે) પાણી સંગાથે પાવાથી તાવ, શ્વાસ, ઉષ્ણતા, છાતિનો દુખાવો, અને અરૂચિ એ સર્વ રોગને મટાડે છે. આને **અમૃતાષ્ટક ક્વાથ** કહે છે. "લિંબડાની ગળો, ભોરિંગણી, ઉભીરિંગણી, કચૂરો, દારૂહળદર, પીપર, અરડૂસો, પટોલ (કુકડવેલાનાં ફળ અથવા કડવાં પરવળ) લિંબડાની અંતરછાલ, અને કરીઆતું એ સઘળાં સમાન લઇ ખાંડી વિધિપૂર્વક ક્વાથ કરી બન્ને વખત પીએ તો પિત્તકફજ્વર નાશ પામે. **અથવા** કાળીદ્રાખ, ગરમાળાનો ગોળ, ધાણા, કડૂ, પીપરીમૂળ, સુંઠ અને પીપર એ સર્વ બરાબર ભાગે લઇ ખાંડી વિધિયુક્ત ક્વાથ કરી બન્ને વખત પીએ તો શૂળ, ભ્રમ, મૂર્ચ્છા, અરૂચિ, ઉલટી અને પિત્તકફજ્વર એઓનો નાશ કરે છે. **અથવા** શુદ્ધ પારો ટાંક ૫, શુદ્ધ ગંધક ટાંક ૫, કાળાંમરી ટાંક ૫ અને શુદ્ધ ટંકણખાર (અથવા ખડીઓ ખાર) ટાંક ૫ એ સર્વને ઝીણાં વાટી વસ્ત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગળી ચૂર્ણ કરી આદાના રસની ૭ ભાવના દઇ પુનઃ પાનના રસની ૭ ભાવનાઓ આપી ઘુંટી તેની ૪ રતીભાર પ્રમાણે ગોળીઓ વાળી તે પૈકી ૧ ગોળી પ્રભાતે અને સંધ્યા કાળે નિરંતર ૭ દિવસ સુધી સેવન કરે તો કફપિત્તજ્વર નાશ થાય એમાં સંદેહ નથી. "

ત્રિદોષ-સન્નિપાતજ્વરની ઉત્પત્તિ, નિદાન તથા લક્ષણો.

જે મનુષ્ય વિશેષ ચીકણાં-સ્નિગ્ધ, વિશેષ ખાટાં, વિશેષ ઉષ્ણ-ગરમ, વિશેષ તીખાં, વિશેષ મીઠાં અને વિશેષ લુખાં ભોજન કરે તથા વિરોધિ વસ્તુ ખાય, ઘણું ખાય, દુષ્ટ-ખરાબ પાણી પીએ, ક્રોધીલી, રોગવતી સ્ત્રીનો સંગ કરે, ખરાબ અથવા કાચું માંસ ખાય અને ટાઢોડ તડકો દેશ ઋતુ તથા ગ્રહ પ્રતિકૂળ હોય તેથી સન્નિપાતની ઉત્પત્તિ થાય છે. તથા તે સન્નિપાત થવાથી ક્ષણવારમાં ઓચિંતો દાહ-બળતરા થાય, ક્ષણવારમાં ટાઢોડ વાય, સ્વભાવ ફરી જાય, સર્વે ઇંદ્રિઓ પોત પોતાના ધર્મનો ત્યાગ કરી દે, સર્વ શરીરમાં, હાડમાં, સાંધાઓમાં, તથા માથામાં અત્યંત પીડા થાય, આંખોમાંથી આંસુ આવ્યા કરે, આંખો કાળી અને લાલ થઇ જાય, કાનમાં ઘોંઘાટ થયા કરે, કાનમાં પીડા, કંઠમાં કાંટા પડી જાય, તંદ્રા, મોહ, બકવા, ઉધરસ, શ્વાસ, અરૂચિ, ભ્રમ, જીભ કાળી અને ખરસઇ તથા જડ થાય, લોહીયુક્ત કફ પડે, દિવસે નિદ્રા આવે, રાત્રિમાં જાગવું, પરસેવો ઘણો આવે કિંવા આવેજ નહીં, અકસ્માત રૂવે, ગાયન કરે, હસે, ધ્રુજે, તરશ ઘણી લાગે, છાતિ દુખે, મૂત્ર ઉતરે નહીં, અને ઉતરે તો પીળું રાતું કે કાળું, પણ થોડું ઉતરે છે, શરીર દુર્બળ થઇ જાય, કંઠમાં કફ બોલે, બોલતાં લોચા વળે અથવા તો બોલાયજ નહીં, હોઠ મુખ પાકી આવે, પેટમાં ભાર જણાય, મળ-ઝાડો કાળા તથા ધોળા કે સુવરના માંસ જેવો ઉતરે છે કિંવા ઉતરેજ નહીં અને નાડીની ગતિ મહામંદ-ઝીણી તથા તુટતી હોય છે. આ પ્રમાણે તે રોગીનાં ચિન્હો જણાતાં હોય તો જાણવું કે ત્રિદોષ કોપ્યા છે તેથી સન્નિપાતજ્વર આવ્યો છે. સન્નિપાત માટે ચતુર વૈદ્યે મંત્ર તંત્ર યંત્ર હોમ ડંખ અને ઔષધ પ્રયોગો કરી રોગીને કાળના મુખમાંથી બચાવવો. તેમ જે વૈદ્ય સન્નિપાતને જીતે તો કાળને જીત્યો સમજવો; કેમકે સન્નિપાત અને કાળમાં જરાપણ ભેદ જેવું નથી માટે સન્નિપાતનાં નાશ કરે તેજ વૈદ્ય. તથા સન્નિપાત રોગમાંથી મુક્ત થયા પછી રોગીએ પણ તે ઉપકારનો બદલો વાળવા અમુક દ્રવ્ય અલંકાર કે વૈદ્યનું મન પ્રસન્ન થાય તેવી વસ્તુ આપી કરજથી મુક્ત થવું.

ત્રિદોષજનિત-સન્નિપાતજ્વરના ઉપાય.

સન્નિપાતજ્વરવાળા રોગીને અર્ધાવશેષ (શેરનુ અર્ધો શેર રહે તેવું ઉકાળેલું) પાણી તેમાં સુંઠ ટાંક ૧ નું ચૂર્ણ નાખી જે કૂવાનું હલકું અને વિકાર રહિત પાણી હોય તે પાણીને ઉકાળી પાવું એટલે દિવસે ઉકાળેલું દિવસે અને રાત્રે ઉકાળેલું રાત્રિએજ પાવું, સન્નિપાત રોગી પાસે વિચિક્ષણ મનુષ્યને રાખવું, જે જગ્યાએ પવન શરદીનો પ્રચાર ન હોય તેવી જગ્યાએ રાખવો. સાત દિવસ વીત્યાપછી ઉકાળો-કવાથ આપવો, ઠંડા ઉપાય કરવા નહીં, શ્રી સદાશિવજીનું પૂજન તથા હોમ મંત્રપાઠ કરવો અને મણિ ઔષધ-જડી વગેરેનો વિધિસહ ઉપયોગ કરવો. દાન દેવું. **તથા** " કાયફળ, પીપરીમૂળ, ઇંદ્રજવ, ભારિંગી, સુંઠ, કરીઆતું, કાળાંમરી, લીંડીપીપર, કાકડાશિંગ, પુષ્કરમૂળ, રાસ્ના, ભોરિંગણી, અજમો, બોડીઅજમો, છડછડીલો, વજ, કાળીપાડ અને ચવ્વક એ સઘળાં ઔષધો સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગે લઇ ખાંડી બે ટાંક ભારનો ક્વાથ કરી સવાર સાંઝ-બે વખત પીએ તો સન્નિપાત રોગ, સર્વ વસ્તુનું જ્ઞાન નાશ પામ્યું હોય, પરસેવો બહુ આવતો હોય તેને તથા ચિત્તભ્રમ, પેટશૂળ, આફરો અને વાયુ તથા કફના રોગને દૂર કરે છે." **અથવા** આકડાનાં મૂળ, કરીઆતું, દેવદાર, રાસ્ના, નગોડ, વજ, અરણી, સરગવો, લીંડીપીપર, પીપરામૂળ, ચવ્યક, ચિત્રામૂળ, સુંઠ, અતિવિષ અને જળભાંગરો એ સઘળાં ઔષધોને આખાંપાખાં ખાંડી ક્વાથ કરી બે વખત પીએ તો, સન્નિપાત, ધનુર્વાયુ. જડબાં રહી ગયાં હોય તે વાયુ માટે, શિતાંગ-ચિત્તભ્રમ, સુવારોગ, શ્વાસ, ઉધરસ અને વાતના રોગો દૂર થાય છે. **લોલિંબરાજ.**

"સન્નિપાતમાં રોગીની જીભ જડ થઇ ગઇ હોય તો, બીજોરાનું કેસર, સિંધાલૂણ અને કાળાંમરી એકત્રકરી ઝીણાં વાટી જીભ ઉપર લેપ કરે તો જીભની જડતા મટે છે." જે સન્નિપાતમાં જ્ઞાન નષ્ટ થઇ ગયું હોય તે ઉપર વજ, જેઠીમધનો શિરો, સિંધાલૂણ, કાળાંમરી અને લીંડીપીપર એ સર્વ બરાબર લઇ ઝીણાં વાટી ઉના પાણી સંગાથે નાસ દે તો જ્ઞાન પ્રાપ્ત થાય. **વૈદ્યવિનોદ. અથવા** શુદ્ધ પારો ટાંક ૫, શુદ્ધ ગંધક ટાંક ૫, સુંઠ, મરી અને પીપર એ સર્વે મળી ટાંક ૧૦ પ્રથમ પારા ગંધની કાજલ કરી તેમાં ધંતૂરાના ડોડવાના રસની ૩ ભાવના દઇ ૧ દિવસ સુધી ખરલકરી ત્રિકટુ મેળવી ઝીણાં વાટી તે રસનો નાસ દે તો સન્નિપાત મટે છે. આ **ઉન્મત્ત રસ** કહેવાયછે. **અથવા** શુદ્ધ કરેલા નેપાળા ટાંક ૧૦, કાળાં **મરી** ટાંક ૧ અને પીપરીમૂળ ટાંક ૧ એ ત્રણને જંબીરી (એક જાતનું ખાટું લીંબુ થાયછે તે) **ના રસમાં** ૭ દિવસ ખરલ કરી પછી તેનું આંખમાં અંજન કરેતો સન્નિપાત નાશ થાય છે. **અથવા** શુદ્ધ કરેલો પારો, શુદ્ધ કરેલો ગંધક, કાળાંમરી અને પીપર એ સર્વ સમાન લઇ તેથી ત્રણ ગણા શુદ્ધ કરેલા નેપાળા લેવા. પારાગંધકને ભેગાં ઘુંટી કાજળ કરી તેમાં મરી, પીપર તથા નેપાળા મેળવી-ઘુંટી જંબીરીના રસમાં ૮ દિવસ ખરલ કરી પછી તેનું આંખમાં અંજન કરે તો સન્નિપાત અને તેના ઉપદ્રવોનો નાશ થાયછે. આ **ભૈરવાંજન** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** સરસડીયાનાં બીજ, લીંડીપીપર, કાળાંમરી, સિંધાલૂણ, લસણ, મણશીલ અને ઘોડાવજ એ સઘળાં સમાન લઇ ઝીણાં વાટી ગાયના મૂત્રમાં ૧ દિવસ સુધી ઘુંટી તેનું અંજન કરેતો સન્નિપાત નાશ પામે. **ભાવપ્રકાશ. અથવા** શુદ્ધ પારો ટાંક ૫, **શુદ્ધ** ગંધક ટાંક ૫, શુદ્ધ વછનાગ ટાંક ૫, શુદ્ધ ટંકણખાર ટાંક ૫, અને કાળાંમરી **ટાંક ૫** લઇ પારા ગંધકની કાજળ કરી અન્ય ઔષધો મેળવી ધંતૂરાના બીજના રસમાં પોહોર ખરલ કરી સુકવી બે રતીભાર સેવન કરેતો ભયંકર સન્નિપાત દૂર થાય છે, આ ઉપર દહીં અને ભાત ખાવાં. આ **પંચવક્રરસ** કહેવાય છે. **વૈદ્યવિનોદ. અથવા** શુદ્ધ પારો ટાંક ૪, શુદ્ધ **ગંધક** ટાંક ૪, શુદ્ધ વછનાગ **ટાંક ૪**, જાયફળ ટાંક **૨ અને** લીંડીપીપર ટાંક ૭, પ્રથમ પારા ગંધકની કાજળ **કરી** બાકીની ઔષધીઓ વાટી તેમાં નાખી (આદાના રસમાં એક દિવસ **ઘુંટી ૧** રતી પ્રમાણે ગોળીઓ વાળી અથવા એમનું એમ રાખી) તેમાંથી એક રતીભાર **આપવાથી સન્નિપાત** જ્વર, ટાઢીઓ તાવ, કોલેરા, દાહ, વિષમજ્વર, જુનો તાવ, મંદાગ્નિ **અને માથાના** દારૂણ રોગ દૂર **થાય** છે. આ **સ્વચ્છંદ ભૈરવરસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

ભયંકર સન્નિપાતના ઉપાય.

"શુદ્ધ પારો, શુદ્ધ વછનાગ, કાળાંમરી, મોરથુથું, અને નવસાદર એ સર્વને સમાન ભાગે લઇ ઝીણાં વાટી ધંતૂરાના અને લસણના રસમાં મેળવી રોટલો બનાવી રોગીની હ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જામત કરાવી તેના માથા ઉપર તે રોટલો બાંધી ૧ પોહોર સુધી રહેવા દેવો. જો તે રોગીને તાપ જણાય અને શુદ્ધિમાં આવે તો તે મનુષ્ય જીવે; પરન્તુ તેને તાપ ન જણાય તો તે જીવે નહીં." **અથવા** લસણ, રાઇ અને સરગવાની જડ, એઓને ગાયના મૂત્ર સાથે ઝીણાં વાટી તેનો રોટલો બનાવી રોગીની હજામત કરાવી વછનાગનું **ચૂર્ણ** માથે ઘસી પછી તે રોટલો માથા ઉપર બાંધી ૧ પોહોર સુધી રાખવો. જો તાપ તથા ચૈતન્યપણું જણાય તો તે જીવે નહીં તો, જીવે નહીં. **વૈદ્યવિનોદ. અથવા** ભયંકર સન્નિપાત રોગીને વિંછુનો ડંખ દેવરાવવાથી સન્નિપાત મટે છે. **અથવા** કાળોનાગ કરડાવવાથી સન્નિપાત રોગીને ચેતનતા થાય છે. પરન્તુ **यद्यपि शुद्धं लोक विरुद्धं मा करणियं ना चरणियं** એઉ ઉપાયો છતાં પણ લોક વિરૂદ્ધ ઉપાય હોવાથી તે કરવા નહીં. **અથવા** આટલા ઉપાય કરતાં પણ સન્નિપાત રોગીને સંજ્ઞા ન થાય તો લોઢાનો સળીયો અત્યંત ગરમ કરી પગના તળીઆમાં, અગર ભ્રમરોના મધ્ય ભાગમાં, કિંવા લલાટના મધ્યમાં ડામ દેવો તો, સન્નિપાત નાશ પામે. **વૈદ્યવિનોદ. અથવા** મંત્ર યંત્ર તંત્ર તથા જડીબુટીથી કે મણિના પ્રભાવથી સન્નિપાત દૂર થાય છે. **ચરક** અને **સુશ્રુત**ના **મતથી** નવ જાતના **સન્નિપાત છે;** પરન્તુ અન્ય ઋષિઓના મત પ્રમાણે પર ભેદ છે તે પૈકી ૧૩ મુખ્ય ગણેલ છે તેનાં જુદાં જુદાં નામ તથા લક્ષણ અને ઉપાય અત્રે લખું છું.

૧૩ પ્રકારના સન્નિપાતનાં નામ તથા આયુબળ.

સંધિગ ૧, શીતાંગ ૨, તંદ્રિક ૩, પ્રલાપક ૪, રક્તષ્ઠીવી ૫, ભુગ્નનેત્ર ૬, અભિન્યાસ ૭, જીવ્હીક ૮, આંતક ૯, રૂગદાહ ૧૦, ચિત્તભ્રમ ૧૧, કર્ણિક ૧૨ અને કંઠકુબ્જ ૧૩. એ તેર પ્રકાર છે. તેમાં સંધિગનું આયુ ૭ દિવસનું. શીતાંગનું ૧૫ દિવસનું, તંદ્રિકનું ૨૫, પ્રલાપનું ૧૪, રક્તષ્ઠીવીનું ૧૦, રૂગદાહનું ૨૦, ચિત્તભ્રમનું ૧૧, કંઠકુબ્જનું ૧૩ દિવસ અને કર્ણિકનું ત્રણમાસ આયુબળ છે: પરન્તુ તેમાં ઉપદ્રવોનું વિશેષ બળ થઇ આવે તો તે સ્થિતિ પહેલાં પણ મરણને શરણ થાય છે.

સન્નિપાત રોગીના સામાન્ય ઉપાય.

સન્નિપાત રોગીને ઠંડા ઉપચાર કરવા નહીં, દિવસે સુવા દેવા નહીં, અર્ધાવશેષ પાણી પાવું અને આમ તથા કફને નાશ કરે તેવા ઉપાય યોજવા. તેમજ સન્નિપાતના દોષ બળ પ્રમાણે લંઘન કરાવવું તો સન્નિપાત મટે છે.

સંધિગ સન્નિપાતનાં લક્ષણ.

શરીરના સર્વે સાંધામાં અત્યંત શૂળ ચાલે, શરીર સુજી જાય, પેટ ભારે રહે, સર્વાંગ શિથિલ થઇ જાય, અશક્તિ વધે અને વાતકફનો પ્રકોપ વિશેષ હોય તથા નિદ્રા આવે નહીં ત્યારે જાણવું કે—સંધિગસન્નિપાત છે.

ઉપાય.

રાસ્ના, મોટી હરડેની છાલ, લિંબડાની ગળો, કાંટાશળાયો, ચિત્રામૂળ, રિસામણિ, સુંઠ, દેવદાર, કડુ, કચૂરો, અરડુસા, એરંડ મૂળ, સાલ પરણી, પીલવણી, બોરિંગણી. ઉભી રિંગણી, પીલી, અરણી, અરલૂ, શીવણ, પાડળ, અને ગોખરૂ એ સર્વ સમાન ભાગે લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આખાં પાખાં ખાંડી ક્વાથ કરી બન્ને વખત પીવાથી સર્વ લક્ષણ સહિત સંધિગ સન્નિપાતને તરત દૂર કરે છે. ડોકનું પકડાવું, વધરાવળ, તાવ, અરૂચિ અને સાંધાઓમાંનો દુખાવો મટાડે છે.

શીતાંગ સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીનું શરીર ઠંડુ બરફ જેવું થઇ જાય, શ્વાસ, ઉધરસ, હેડકી, મોહ, કંપ, બબકવા, બળતરા, ઉલટી, સર્વાંગમાં પીડા અને સ્વરમાં વિકાર થઇ આવે તથા કફ ઘણો નીકળે, અપદ્વારથી પવન વિશેષ છૂટે અને મોઢામાંથી લાળ પડ્યા કરે તો, જાણવું કે-શીતાંગસન્નિપાત છે. આ સન્નિપાત અસાધ્ય છે તેથી તે રોગી જીવે નહીં; તથાપિ ઉપાય લખવા યોગ્ય છે.

ઉપાય.

શીતાંગ સન્નિપાત વાળા રોગીને બાંધી કરડાવવો. વછનાગને તૈલમાં મેળવી શરીરે પુષ્કળ મર્દન કરવો. લસણ અને રાઇને લસોટી ગોમૂત્રમાં રોટલો બનાવી ક્ષોર કરાવી માથે બાંધવો. શરીર ઉનું થાય ત્યાં સુધી માથે રાખવો, જો તાપ જણાય તો જીવે નહીં તો, મરી જાય. **અથવા** શુદ્ધ પારો ટાંક ૫, કાળાંમરી ટાંક ૩૦ અને ધંતૂરાના જીંડવાની રાખ ટાંક ૪૦ એઓને ખૂબ ઝીણાં વાટી શરીરે મર્દન કરે તો શીતાંગ મટે. **અથવા** કાળાંમરી, લીંડીપીપર, સુંઠ, હરડેની છાલ, લોદર, પુષ્કર મૂળ, કરિયાતું, કડુ, ઉપલેટ, કચૂરો અને ઇંદ્રજવ એ સઘળાં સમાન લઇ અત્યંત ઝીણાં લસોટી શરીરે ઉવટણું-મર્દન કરે તો શીતાંગ સન્નિપાત મટે છે. પછી તો ઇશ્વરેચ્છા બળવાન્ છે.

તંદ્રિક સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીને ઘેન ઘણું રહે, તરસ ઘણી લાગે, અતિસાર થઇ આવે, શ્વાસ વિશેષ હોય, ઉધરસ, ગળામાં સોજો, ચળ તથા કફ થાય, દેહ અત્યંત તપે, જીભ કાળી તથા ખરસઠ થઇ જાય, તાવનો વેગ વિશેષ હોય, કાનમાં બેહેરાસ અને શરીરે દાહ થાય તો, જાણવું કે-તંદ્રિક સન્નિપાત છે.

ઉપાય.

ભારંગી, લિંબડાનો ગળો, મોથ, ભોંરિંગણી, હરડેની છાલ, પુષ્કરમૂળ. અને સુંઠ એ સર્વ સમાન લઇ એઓનો ક્વાથ કરી ૩ દિવસ સુધી પીએ તો તંદ્રિક સન્નિપાત દૂર થાય છે.

પ્રલાપક સન્નિપાતનાં લક્ષણ.

જે રોગી સઘળા દોષોના અત્યંત કોપને લીધે અહુજ બકવા કરે, શરીર કંપે, જ્વરનો વેગ, અત્યંત શરીર તપે, શ્વાસ, અંગ વિકળ થઇ આવે અને સંજ્ઞા જતી રહે ત્યારે જાણવું કે, પ્રલાપક સન્નિપાત છે.

ઉપાય.

મોથ, સુગંધી વાળો, સાલપરણી, પીલવણી, ભોંરિંગણી, બીલી, અરલુ, શીવણ, ઉભીરિંગણી, પાડળ, ગોખરૂ, સુંઠ, પિત્તપાપડો, ચંદન, ધાવડીની છાલ અને અરડૂસો એ સઘળાં સમાન ભાગે લઇ ખાંડી ક્વાથ કરી તેનો પાન પીએ તો પ્રલાપક સન્નિપાતનો નાશ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રક્તષ્ઠીવિ સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીને લોહીની ઉલટી થાય ને જીભ રાતી કે કાળી થાય, તથા તેના ઉપર ચકરડાં થાય, નેત્ર રાતાં, અરૂચિ, ઉલટી, અતિસાર, શ્રમ, પેટનું ચડવું, હેડકી તથા વારંવાર પડી જવું થાય. તરસ ઘણી લાગે અને અંગેઅંગે અત્યંત પીડા થાય તો જાણવું કે–રક્તષ્ઠીવિ સન્નિપાત છે.

ઉપાય.

આ સન્નિપાત મહા અસાધ્ય છે; તદપિ આ ઉપાય કરવો કે–મોથ, પદ્મક, પિત્તપાપડો, રતાંજળી, મહુડો, વા, જેઠીમધ, સુગંધીવાળો, શતાવરી, મલયાગિરી ચંદન અને જાંબુનાં પાદડાં એ સઘળાં ઔષધો સમાન લઇ ખાંડી ક્વાથ કરી ઠંડો થયા પછી મધ નાખી પીએ તો રક્તષ્ઠીવિ સન્નિપાત મટે.

ભુગ્નનેત્ર સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીનાં નેત્રો અત્યંત વાંકાં થઇ જાય, શ્વાસ, ઉધરસ, ઘેન, બકવા, મદ તથા કંપ અત્યંત થાય તથા બેહેરાસ, મોહ અને વિસ્મૃતિ થાય તો જાણવું કે–ભુગ્નનેત્ર સન્નિપાત છે. આ સન્નિપાત પણ અસાધ્ય છે; તદપિ આલંબન માટે ઉપાય કરવો યોગ્ય છે.

ઉપાય

દારૂહળદર, કુકડવેલાનાં ફળ, મોથ, ભોરિંગણી, કડુ, હળદર, લિંબડાની અંતર છાલ અને ત્રિફળાં એ સઘળાં સમાન ભાગે લઇ ક્વાથ કરી બન્ને વખત પીએ તો ભુગ્નનેત્ર સન્નિપાત મટે છે.

અભિન્યાસ સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીના અંગમાં સર્વ દોષો બરાબર તથા અતિ તીવ્ર હોય, મોહ, ઘેલચ્છા, શ્વાસ, અત્યંત મુંગાપણું, બળતરા, મ્હોંડું ચીકણું, મંદાગ્નિ, બળનો ક્ષય અને અત્યંત જડપણું થાય તો, જાણવું કે–અભિન્યાસ સન્નિપાત છે. આ મહા અસાધ્ય છે, મૃતુ રૂપજ છે માટે પ્રયોગ કરતી વખતે અતિ સાવચેતી રાખવી.

ઉપાય.

ભારંગી, રાસ્ના, કુકડવેલાનાં ફળ, દેવદાર, હળદર, સુંઠ, લીંડીપીપર, મરી, અરડુસો, ઇંદ્રવરણાની જડ, બ્રાહ્મી, કરીયાતુ, લિંબડાની અંતરછાલ, મોથ, કડુ, ધોડાવજ, પાડળમૂળ, અરલુનું મૂળ, દારૂહળદર, ભોરિંગણી, લિંબડાની ગળો, નસોતર, છિંણીનાં મૂળ, પુષ્કર મૂળ, ત્રાયમાણ, કાળીપાડ, જવાસો, ઇંદ્રજવ, ત્રિફળાં અને કસૂરો એ સર્વ સમાન ભાગે લઇ ખાંડી ક્વાથ કરી બન્ને વખત પીએ તો અભિન્યાસ વા સર્વ સન્નિપાત મટે તથા ઉધરસ, કંઠના રોગ, દમ, સાંધા અને હાડમાંનું કળ, હેડકી, આફરો, ગુદાનાં દરદો, અને વાત વ્યાધિઓને મટાડે છે. આ **ભાર્ગ્યાદિ ૩૨ ક્વાથ** કહેવાય છે.

જીહ્વક સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીની જીભ કરણુ કાંટાઓથી વીંટાએલી હોય, શ્વાસ, ઉધરસ અને બેહેરાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય, અત્યંત મુંગાપણુ, અત્યંત દાહે અને બળનો નાશ થાય તો. જાણવું કે—જીવ્હક સન્નિપાત છે. આ કષ્ટ સધ્ય છે.

ઉપાય.

ઘોડાવજ, ભોંરિંગણી, જવાસો, રાસ્ના, લિંબડાનાં ગળો, મોથ, સુંઠ, કડુ, કાકડાશીંગી, પુષ્કર મૂળ, બ્રાહ્મી, ભારંગી, લિંબડાની અંતર છાલ, અરડૂસો અને કચૂરો એ સઘળાં બરાબર ભાગે લઇ ખાંડી ક્વાથ કરી પીએ તો જીવ્હક સન્નિપાત મટે છે.

અંતક સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીનું નિરંતર માથું હાલ્યા કરે, સઘળાં અંગોમાં અધિક પીડા, ઉધરસ, હેડકી, શ્વાસ, બળતરા, મૂર્છા, અંગનું અત્યંત તપ્તપણુ, અત્યંત બકવા, શરીરકંપ અને જ્ઞાનહીન થાય ત્યારે જાણવું કે—અંતક સન્નિપાત છે. આ સન્નિપાત અતિ અસાધ્ય છે માટે ઉપાય રહિત છે, તે રોગી જીવેજ નહીં તેથી ઉપાય વૃથા છે.

રૂગ્દાહ સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીને અત્યંત બળતરા થાય, તરશ ઘણી લાગે, શ્વાસ, બકવા, ભ્રમ, મોહ, અરૂચિ, પીડા, ઉદરમાં વ્યાધિ, ડાઢીમાં પીડા, કંઠ દુખે પેટમાં શૂળ, અને શરીર વ્યાકુળ—શ્રમસહિત જણાય ત્યારે જાણવું કે—રૂગ્દાહ સન્નિપાત છે. આ પણ અસાધ્ય છે; તદપિ આધાર માટે ઉપાય લખ્યો છે.

ઉપાય.

દારૂડેની છાલ, પિત્તપાપડો, કડુ, દેવદાર, ગરમાળાનો ગોળ, કાળીદ્રાખ, અને મોથ એ સર્વે સમાન ભાગે લઇ કૂટી ક્વાથ કરી બન્ને વખત પીએ તો રૂગ્દાહ સન્નિપાત મટે. અને મહાજ્વરના વેગને પણ બંધ પાડે છે.

ચિત્તવિભ્રમ સન્નિપાતનાં લક્ષણ.

જે રોગી ગાય, નાચે, હસે, બકે, વિકૃત રીતે જુવે, મોહ પામી જાય, બળતરા, વ્યથા, અને ભયથી પીડાય, શ્વાસ વિશેષ ચાલે, ભ્રમ, મદ અને તાપ હોય તો, જાણવું કે ચિત્તવિભ્રમ સન્નિપાત છે.

ઉપાય.

બ્રાહ્મી, ઘોડાવજ, રિસામણિ, ત્રિફળા, કડુ, મોટા કાસકીનાં મૂળ, ગરમાળાનો ગોળ, કડુ, લિંબડાની અંતરછાલ, મોથ, કુકડવેલાનાં મૂળ, કાળીદ્રાખ, સાલપરણેટી, પીલવણી, ભોંરિંગણી, ઉભીરિંગણી, માળવી ગોખરૂ, પીલી, અરણી, અરલુ, શીવણ અને પાડલનું મૂળ એ સઘળાં સમાન લઇ આખાં પાખાં ખાંડી ક્વાથ કરી બન્ને વખત પીએ તો ચિત્તવિભ્રમ સન્નિપાત જાય. અને રૂગ્દાહકને તે પણ મટાડે છે.

કર્ણિક સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીને કાનના મૂળમાં તીવ્રવ્યથા, તથા તીવ્ર સોજો હોય, કંઠ પકડાઇ જાય, બેહેરાસ, કંપ, બકવા, દાહ, મોહ, તથા પરસેવો થાય, ઉધરસ, દમ અને કાનના મૂળમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોજો, શરૂ જણાય તો. જાણવું કે–કર્ણિક સન્નિપાત છે. આ કષ્ટ સાધ્ય છે.

ઉપાય.

રાસ્ના, આસગંધ. મોથ, ભોરિંગણી. ભારંગી, કડુ, પુષ્કર મૂળ, અને ધોડાવજ એ સઘળાં બરાબર લઇ ખાંડી કવાથ કરી કાકડાશીંગી અને હરડેનો પ્રતિવાસ દઇ બે વખત પીએ તો કર્ણિક સન્નિપાત મટે છે. **અથવા** હળદર,ઇંગોરીઆની જડ, સિંધાલૂણ, દારૂહળદર, દેવદાર અને ઇંદ્રવરણાની જડ એ ઔષધો સમાન ભાગે લઇ ઝીણાં વાટી આકડાના દુધમાં ઘુંટી કાનના મૂળમાં લેપ કરેલો તો કર્ણમૂળનો દુખાવો મટે છે. **અથવા** કર્ણમૂળમાં દુખાવો થતાં તરતજ જળો લગાડી લોહી કઢાવી નંખાવવું જેથી આરામ થાય છે.

કંઠકુબ્જ સન્નિપાતનાં લક્ષણ.

જે રોગીનો કંઠ સેંકડો ધાન્યોની અણીઓથી વીંટાયલો હોય એવો થઇ જાય, દાહ અત્યંત થાય, બકવા, અરૂચિ, બળતરા, દેહમાં પીડા, મોહ, કંપ થાય તથા તરશ લાગે, ગરદન ઝલાઇ જાય અને માથામાં પીડા થયા કરે તો, જાણવું કે–કંઠકુબ્જ સન્નિપાત છે. આ કષ્ટ સાધ્ય છે.

ઉપાય.

કાકડાશીંગી, ચિત્રામૂળ, હરડેનીછાલ, અરડુસો, કચુરો, કરીઆતું, ભારંગી, હળદર, ભોરિંગણી, પુષ્કરમૂળ, મોથ, કડાછાલ, ઇંદ્રજવ. કડુ અને કાળાંમરી એ સઘળાં ઔષધો સમાન લઇ ખાંડી કવાથ કરી દિવસ આઠ સુધી બન્ને વખત પીવો તો, દાહ, મોહ, અરૂચિ, દમ, આફરો, કંઠપીડા, ઉધરસ અને અભિન્યાસ–આદિ ઉપદ્રવોએ કરીને સહિત કંઠકુબ્જ સન્નિપાતનો નાશ કરે છે. **વૈદ્યવિનોદ.**

તેર જાતના સન્નિપાત પૈકી સાધ્યાસાધ્ય કેટલા છે.?

એઓમાં સંધિક સાધ્ય છે, તંદ્રિક, ચિત્તવિભ્રમ, કર્ણિક, જિવ્હક, અને કંઠકુબ્જ એ પાંચ કષ્ટસાધ્ય છે, રૂગ્દાહ અત્યંત કષ્ટ સાધ્ય છે, રક્તષ્ઠીવિ, ભુગ્નનેત્ર, શીતાંગ, પ્રલાપક, અભિન્યાસ અને અંતક એ છ અસાધ્ય છે માટે સાધ્યાસાધ્યનો પૂર્ણ વિચાર કરી લેવો.

આ વિના સન્નિપાતના પ્રકાર વિષે મતમતાંતર વિશેષ છે માટે તેઓનો પૂર્ણ ખુલાશો મેળવવાની ઇચ્છા હોય તો "**ભાવપ્રકાશ**" **મધ્ય ખંડનો ભાગ પેહેલો** તથા ચરકાદિ ગ્રન્થોથી મેળવી લેવો.

સન્નિપાતના સમુચ્ચય ઉપાય.

રસવંતી. પીપર, કાળાંમરી, ધોડાવજ, અરલૂઆનાં બીજ, અને સિંધાલૂણ એ સઘળાં બરોબર લઇ ગોમૂત્રમાં અત્યંત ઝીણાં વાટી આંખમાં અંજન કરે તો, સર્વે જાતના સન્નિપાત શમે છે. **અથવા** કાળાંમરી, મહુડો, સિંધાલૂણ, ચિત્રામૂળ, કાયફળ અને લીંડીપીપર એ સર્વે સમાન લઇ અત્યંત સૂક્ષ્મ વાટી ઉનાં પાણી સાથે નાકમાં નાસ આપવાથી ત્રિદોષજન્ય સન્નિપાત મટે છે.

આઠે જાતના જ્વર નાશ કરવાના ઉપાય.

શુદ્ધ પારો. શુદ્ધ ગંધક, શુદ્ધ અભ્રક ભસ્મ, શુદ્ધ તાંબેશ્વર, સુંઠ, કાળાંમરી, લીંડીપીપર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હરડેહળ, બેહેડાં, આંમળાં અને શુદ્ધ નેપાળા એ સઘળાં ઓષધો સમાન લઇ એ સર્વેને કુબાના પાંદડાના રસમાં બે પહોર સુધી ઘુંટી તડકે સુકવી વસ્ત્રગાળ કરી ૧ રતી પ્રમાણે કિંવા બે રતી ભાર માત્રા યોગ્ય અનુપાન સંગાથે આપવી, જેથી આઠ પ્રકારના તાવ નાશ થાય છે તથા પેટનું શૂળ, અજીર્ણ, હીક, હલીમક અને આમવાયુ પણ નાશ પામે છે. આ **ચિંતામણિ રસ કહેવાય વૈદ્યરહસ્ય. અથવા**—શુદ્ધ પારો ટાંક ૨, શુદ્ધ ગંધક ટાંક ૨, શુદ્ધ વછનાગ ટાંક ૧, કાળાંમરી ટાંક ૪, પ્રથમ પારા ગંધકની કાજળ કરી પછી અન્ય ઔષધી વાટી મેળવી ખુબ ઘુંટયા પછી બ્રાહ્મીના રસની ૧ ભાવના આપવી, ત્યારપછી ચિત્રક રસની ૧ ભાવના દઇને ગોળીઓ રતીભાર પ્રમાણે વાળવી. ને પૈકી ગોળી ૧ આદાના રસ સંગાથે સેવન કરે તો સન્નિપાત, મૂર્છા, આમવાયુ, વાતશૂળ, શીતજ્વર, બળતર, વિષમજ્વર, મંદાગ્નિ અને અરૂચિ વગેરે અનેક રોગોનો નાશ કરે છે: એટલુંજ નહીં પણ મરણ પથારીએ પડેલા મનુષ્યને એક વખત આરામ કરે છે આ **અમૃત સંજીવની ગુટીકા** કહેવાય છે. **રસમંજરી. અથવા**–શુદ્ધ પારો ૧૨ માસા, ગંધક ૨૦ માસા, વછનાગ ૧૨ માસા, લીંડીપીપર ૪૦ માસા, જાયફળ ૨૦ માસા, મરી ૫ માસા, અકલકરો ૧૨ માસા, લવિંગ માસા ૧૬, ધંતૂરાના બીજ માસા ૧૨, અને શુદ્ધ ટંકણખાર ૧૨ માસા લઈ પારા ગંધકની કાજળ કરી વછનાગ મરી ભેગાં વાટી અન્ય ઔષધોને ઝીણાં વાટી-કાજળમાં મેળવી આદાના રસમાં ૩ દિવસ ઘુંટવાં, તદનંતર લીંબુના રસમાં ૩ દિવસ અને કેરડાની કુંપળના રસમાં પણ ૩ દિવસ સુધી ઘુંટી ૧ અથવા ૨ રતી પ્રમાણે ગોળીઓ વાળી, ગોળીઓ બે યોગ્ય અનુપાન સાથે સેવન કરે, નાસલે કે, મર્દન કરે તો, વાયુ રોગ અને સન્નિપાત માત્ર દૂર થાય છે. આ **કાળાગ્નિરસ** કહેવાય છે. **યોગચિન્તામણિ. અથવા** સુંઠ ૪ ભાગ, કાળાંમરી, ૪ ભાગ, શુદ્ધ કરેલો તેલીઓ ટંકણ ૩ ભાગ અને શુદ્ધ વછનાગ ૧ ભાગ લેઇ સર્વને સૂક્ષ્મ વાટી લીંબુના રસમાં ૩ દિવસ ઘુંટવાં, પછી ફરી આદાના રસમાં દિન ૫, અને પાનના રસમાં દિન ૩ ઘુંટી ગોળીઓ રતી પ્રમાણની વાળી યોગ્ય અનુપાન સાથે અથવા આદાના રસ સંગાથે ૧ ગોળી સેવન કરે તો સન્નિપાત વાયુ, મસ્તક પીડા, શળીભ્રમ અને પેટના રોગ માત્ર દૂર જાય છે. આનું નામ **ત્રિપુરભૈરવ રસ** છે. **યોગચિંતામણિ. અથવા** શુદ્ધ વછનાગ, કડુ, સિંધાલુણ, વજ, લસણ, ઉભીભોંરિંગણી, કાયફળ, જેઠીમધ અને સમુદ્રફળ એ સઘળાં સમાન ભાગે લઇ ઝીણાં વાટી આકડાના દુધના ૩ પુટ દેવા પછી તેને માછલીના પિત્તાની ૩ ભાવના દઇ સારી પેઠે ઘુંટી ચાળી તેના ૧ રતી કે બે રતી પ્રમાણે માત્રા લઇ કફ, વાયુ, મૃગી, પીનસ, શિર, કાન, અને નેત્ર રોગ માટે નાકમાં ભુંગળીદ્વારા નાસ દે તો સંજ્ઞા આવે અને સન્નિપાત દૂર થાય. આનું નામ **સંજ્ઞાકરણ રસ** છે. **રસમંજરી.** અથવા પારાની શુદ્ધ ભસ્મ ટાંક ૩, શુદ્ધ ગંધક ટાંક ૩ વછનાગ ટાંક ૬ અને કાળાંમરી ટાંક ૧૨ લઇ ખરલ કરી સૂઅર, મોર તથા પાડાના પિત્તાની ૭–૭ ભાવના દઇ કંકાસણી (કળિહારી), કુકડવેલો અને જ્વાળામુખીના રસમાં (એક પછી એકના રસમાં) ઘુંટી પછી આદાના રસના ૨૧ પુટ દેવા. તડકે શુષ્ક થયે તેમાંથી ૨ રતીભાર ભાત દહીના યોગ્ય અનુપાન સંગાથે શીતોપચાર સહ સેવન કરે તો સન્નિપાત જ્વરનો નાશ કરે છે. અને સર્વ પેટના રોગ તથા હાડમાં ફૂટણ–શળ હોય તે નાશ થાય છે. આનું નામ **બ્રહ્માસ્ત્ર રસ** કહેવાય છે. **યોગતરંગણી. ઇતિ સન્નિપાતના લક્ષણ ઉપાય સંપૂર્ણ.**

———:o:———

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગંતુક જ્વરના પ્રકાર.

આગંતુક જ્વરના ભેદ નોખા નોખા વર્ણવતાં પાર આવે તેમ નથી માટે થોડામાં ઘણાઓનો સમાવેશ કરી લીધેલ છે–એટલે કોઇપણ પ્રકારના શસ્ત્ર (માટીનું ઢેફું, પત્થર, લાકડી, મુંઠી, લાત અને તરવાર વગેરે) નો પ્રહાર લાગવાથી, કામ, ક્રોધ, શોક, ભય, કે ભૂતાદિના આવેશથી, કોઇ શત્રુએ કરેલી કૃત્યાની ઉત્પત્તિ–આદિ અભિચાર–મંત્રયોગથી, બ્રાહ્મણ, ગુરૂ, વૃદ્ધ કે, સિદ્ધ–આદિના શાપથી, ઝેર ના ખાવાથી, તાવવાળા રોગીના કે ઝેરી વનસ્પતિના સ્પર્શથી, અને ખરાબ વાસના કે ખરાબ સ્વાદવાળા ઔષધોથી ઉત્પન્ન થયલા જ્વરને આગંતુક જ્વર કહે છે; કેમકે દોષો આગંતુક જ્વરને ઉત્પન્ન કરનાર નથી, પણ તે જ્વર ઉત્પન્ન થયા પછી તેની સાથે પાછળથી પોતપોતાના દોષોની સાથે સંબંધ પામે છે અર્થાત્ આગંતુક જ્વર પ્રથમ વ્યથાથી ઉત્પન્ન થાય છે અને પછીથી પોતપોતાના દોષોની સંગાથે સંબંધ પામે છે.

હવે આગંતુક જ્વરના જુદાં જુદાં લક્ષણો કહીએ છીએ.

શસ્ત્રાદિના પ્રહારથી ઉત્પન્ન થએલા આગંતુક જ્વરનાં લક્ષણ.

શસ્ત્ર પ્રહાર–લાગવાથી ઉત્પન્ન થયલી પીડાના લીધે વાયુ કોપે છે, તેથી તે વાયુ લોહીને બગાડી પીડા ઉત્પન્ન કરે છે, તથા તે સ્થળે સોજો આવે છે અને શરીરનું વર્ણ વિપરીત થઇ જાય છે તે કારણથી શરીરમાં રહેલો વાયુ જ્વરને ઉપન્ન કરે છે.

ઉપાય.

આ જ્વરવાળાને લંઘન કરાવવું નહીં, કષાયલી તથા ગરમ વસ્તુનો યોગ યોજવો નહીં, પણ મીઠા સ્નિગ્ધ પદાર્થો ખવરાવવા, વાગેલી જગ્યોએ યોગ્ય શેક કરવો, વિશેષ ઘા પડેલા હોય તો ટેભા દેવરાવવા અને પાટા વગેરે યુક્તિથી બાંધવો.

કામ, ક્રોધ, શોક, ભય અને ભૂતાદિના આવેશથી ઉત્પન્ન થએલા જ્વરનાં લક્ષણ.

ઇચ્છેલી સ્ત્રી અથવા પુરૂષ ન મળવાથી કિંવા કામના વેગથી જે તાવ આવે છે તેને **કામજ્વર** કહે છે. તેમાં મન ભમતું થાય છે, આંખો મિંચાય છે, શરીરમાં સુસ્તી, ભોજન ઉપર અરૂચિ અને અંતઃકરણમાં પીડા થાય છે, તથા નિદ્રા, અનિદ્રા, દાહ, મૂર્છા, ત્રોડ થાય, નેત્ર ચપળ રહે તથા લજ્જા, ધૈર્ય અને બુદ્ધિનો નાશ થાય છે. તેમજ તરશ લાગ્યા કરે છે અને વારંવાર નિઃશ્વાસ નાખ્યા કરે છે.

ઉપાય.

ચિંતવેલી સ્ત્રી કે ચિંતવેલો પુરૂષ મેળવી આપવો અને તે સ્ત્રી કે પુરૂષ સારા ભોગ પદાર્થોવડે પોતાના વલ્લભ મનુષ્ય સાથે હાસ્ય વિલાસ કરે તો કામજ્વર દૂર થાય છે. **અથવા** સુંદર નવયૌવના, ચપળ પાણીદાર નેત્રવાળી, કઠિણ અને ગોળ ઉંચા સ્તનવાળી, સોળ વર્ષની સ્ત્રી સાથે કિંવા સ્ત્રીએ મન ગમતા સ્વરૂપવંત પુરૂષ સંગાથે સુરતક્રિયા કરવી તો કામવેગથી ઉત્પન્ન થયેલો જ્વર નાશ પામે છે.

ભયથી અથવા **શોકથી** પ્રાપ્ત થયલા જ્વરમાં બકવા થાય છે. અતિસાર, અરૂચિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ચિત્તની અસ્થિરતા થાય છે. **ક્રોધથી** ઉત્પન્ન થયેલા તાવમાં શરીર કંપે, માથું દુખે અને પિત્તજ્વરના તાવનાં લક્ષણો થાય છે, તેને **ભયજ્વર-શોકજ્વર** તથા **ક્રોધજ્વર** ક્રમે કરી જાણવા.

ઉપાય.

ભય વા શોકજ્વર વાળાને હર્ષની સુંદર વાર્તાઓ સંભળાવવી અને જે પ્રકારનો ભય ઉત્પન્ન થયો હોય તે ભય ગમે તે પ્રકારે પણ દૂર કરાવવો.

ક્રોધજ્વર વાળાને મીઠી મનગમતી વાતોથી તથા તેને પ્યાર ઉપજે તેવાં વચનો કહેવાથી ક્રોધજ્વર નાશ થાય છે.

ભૂતાદિના આવેશથી જેને તાવ આવ્યો હોય તેને ઉદ્વેગ, હસવું, રોવું, કાંપવું અને ચિત્તની અસ્થિરતા થાય છે તે **ભૂતજ્વર** કહેવાય છે તથા કેટલાક ઋષિઓના મત પ્રમાણે તેને વિષમ વેગના લીધે વિષમજ્વરમાં ગણેલો છે.

ઉપાય.

ભૂતજ્વર વાળાને બાંધી ચૌદમુ રત્ન આપવું તથા મંત્ર તંત્ર યંત્રાદિના પ્રયોગ અને નાસ કે અંજનના યોગ કરવા.

ભૂતોને કાહાડવાનો મંત્ર.

ॐ ह्राँह्रीं नमोभूतनायक समस्त भूवन भूतारि साधय २ हुं ३ फुटस्वाहा.

આ મંત્ર ભણી મોર પાંખથી ઝાડો-ઉંજણી નાખે તો ભૂત દૂર થાય છે.

મંત્ર બીજો.

ॐ नमो नारसिंहाय हिरण्यकशिपु वक्षस्थल विदारणाय त्रिभुवन व्यापकाय भूत प्रेत पिशाच शाकिनी कीलोन्मूलनाय स्तंभोद्भव समस्त दोषान् हन हन सर सर चल चल कंप कंप मथ मथ हुंफुट हुंफुट हुंफुट ठःठःमहारुद्रोआपयतिस्वाहा.

આ નૃસિંહ રક્ષા મંત્રથી મોર પિંછાની પિંછીથી ઉંજણી દેવી તો ભૂતાદિક નાશ થાય.

મંત્ર ત્રીજો.

ॐ नमो भगवते भूतेश्वराय किलिकिलि तार्क्ष्याय रोद्रदंष्ट्र करालवक्त्राय त्रिनयन भूषिताय धगधगीत पिसंग ललाट नेत्राय तीव्र कोपानलाय मिति तेजसे पाश शूल खट्वांग डमरु कर धनुर्वाण मुद्गर भयदंड त्रासमुद्रा व्यग्र दशदोर्दंड मंडिताय कपिल जटाजूट कूटार्धचंद्र धारिणे भस्मराग रंजित निग्रहाय उग्रफणिपति घटाटोप मंडित कंठ देशाय जय २ भूत डामरेश आत्मरूपं दर्शय २ नृत्यय २ सर २ वल २ पाशेन बंध २ हुंकारेण त्रासय २ वज्रदंडेन हन २ निसितखड्गेन छिंधि २ शुलाग्रेणभिंध २ मुद्गरेण चूर्णय २ सर्व ग्रहाणां आवेशय २.

આ મંત્રવડે ગાયના ઘીમાં ગુગળ મેળવી ભૂતગ્રસિતને સારી પેઠે ધૂપ આપવી. તથા આ મંત્રથી અડદ મંત્રી છાંટે તો ભૂત પ્રેતાદિ જે હોય તે જવાબ આપે અને પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એજ મંત્રથી ભૂતાદિને કહાડે. **અથવા**–ગુગળ, લિંબડાનાં પાન અને સાપની કાંચળી મેળવી ધૂપ દેવો **તથા** હીંગ, અને લસણ પાણીમાં ઝીણાં વાટી નાકમાં નાસ દે તથા આંખમાં અંજન કરે તો ભૂતાદિ નાશ થાય. એમ **તંત્રોપચાર** ગ્રન્થમાં લખેલ છે. **અથવા** તુલસીનાંપાન ૮. કાળાં મરી ૮ અને (શનિવારની સંધ્યાએ નોતરી આદિતવારના પ્રાતઃકાળે કાગડા ન બોલે તે વખત પોતાનો પડછાયો ટાળી પવિત્ર પણે લીધેલી) સહદેવીની જડ એ ત્રણેને મેળવી ગળામાં ધારણ કરે તો ભૂતાદિક દોષ દૂર થાય.

અભિચાર કે, **અભિશાપથી** આવેલા તાવમાં મોહ અને તરશ ઉત્પન્ન થાય છે. અત્યંત શોચ થયા કરે છે, સર્વ વસ્તુમાં ગ્લાનિ ઉપજે, અતિસાર, મૂર્છા, ભ્રમ, દાહ અને મનતાપ થયા કરે છે. તથા **માનસજ્વર** એટલે પુત્ર, મિત્ર, સ્ત્રી ધન અને ઇષ્ટવસ્તુનો નાશ થવાથી જે તાવ આવે છે તેમાં પણ ઉપર પ્રમાણેજ ચિન્હો હોયછે.

ઉપાય.

ઇશ્વર ભજન કરવું એ સર્વોત્તમ છે. તથા ધૈર્યના રાખવી, અને મનને ગમે તેવાં મિષ્ટ રૂચિ કરતા ભોજનો જમે તો તથા અતિ સ્વાદવંત શાકના ખાવાથી ઉક્ત જ્વરો મટે છે.

ઔષધીના ઉગ્ર કે ખરાબ વાસ વા, સ્વાદથી આવેલા તાવમાં મૂર્છા આવેછે, કપાળ દુખેછે, ઉલટી થાયછે અને છિંકો આવ્યા કરે છે. તેને મટાડવા સુંદર સ્વાદિષ્ટ ઔષધો, રૂચિકર વસ્તુઓ અને સુગંધ દ્રવ્યો ઉપભોગમાં લે તો આરામ થાય છે. **ઝેરખાવાથી** આવેલા તાવમાં મુખ કાળું, શરીરમાં બળતરા, અન્નનો અભાવો, અતિસાર, તરશ, તીવ્રપીડા અને મૂર્છા થાય છે તેને મટાડવા ઝેર નાશના પ્રયોગ કરવા.

વિષમજ્વરનાં લક્ષણ.

જે મનુષ્યને તાવ આવતો હોય છતાં કુપથ્ય કરે તેથી, અથવા તો તાવ ઉતર્યા પછી ખાવા પીવામાં–આહાર વિહારમાં યોગ્ય રીતિ રાખે નહીં તેથી રસ તથા રૂધિર–આદિ ધાતુઓમાંના કોઇ ધાતુને દૂષિત કરીને **વિષમજ્વરને** ઉત્પન્ન કરે છે અથવા તાવ આવ્યા વિના [illegible] તાવ આવે છે–એટલે જેને ટાઢ કે ઉનો તાવ આવે તથા વધારે આવે કે [illegible] તેનો નિયમ નહીં અને સમય–વખતનું પણ નિયમિતપણું હોય નહીં અથવા વખતસર પણ આવે તે વિષમ જ્વર કહેવાય છે. તેના મુખ્ય ચાર અથવા પાંચ પ્રકાર છે. સંતત, સતત, અન્યેદ્યુ, તૃતીયક અને ચાતુર્થિક એ પાંચ ભેદ છે.

જે જ્વર સાત દિવસ (વાયુનો) દશ દિવસ (પિત્તનો) અને બાર દિવસ (કફનો) નિરંતરપણે રહે તેને **સંતતજ્વર** કહે છે.

જે જ્વર એક અહોરાત્રિમાં બે વખત આવે તે **સતતજ્વર** કહેવાય છે.

જે જ્વર અહોરાત્રિમાં એકજ વખત આવે છે તે **અન્યેદ્યુ** કે **અન્યેદ્યુષ્ક** કહેવાય છે.

ત્રીજે દિવસે એકાંતરે તાવ આવે તે **તૃતીયજ્વર** અને ચોથે દિવસે આવે તે **ચાતુર્થિક–ચોથીઓ–તરીઓ** તાવ કહેવાય છે.

ઉપાય.

વિષમજ્વર વાળાને મગ તથા મઠની દાળનું પાણી પાવું, હલકા પથ્ય પદાર્થો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપવા, ઠંડુ પાણી પાવું નહીં, અથવા કુકડવેળાનાં ફળ, હરડેની છાલ, લિંબડો, ઇંદ્રજવ, જવાસો, અને લિંબડાની ગળો એ સર્વે સમાન ભાગે લઇ ખાંડી કવાથ કરી નિરંતર ૭ દિવસ લગે બન્ને વખત પીવા માત્રથી કાસાદિ યુક્ત **સંતતજવર** નાશ થાય. **વૈદ્યવિનોદ. અથવા શીતજવર**–ટાઢીઆ તાવવાળાને મોટીભોંરીંગણી, ધાણા, સુંઠ, લિંબડાની ગળો, મોથ, પદ્મક, રતાંજળી, કરીયાતું, કુકડવેલાનાં ફળ, અરડૂસો, પુષ્કરમૂળ, કડુ, ઇંદ્રજવ, લિંબડાની અંતરછાલ, ભારંગી અને પિત્તપાપડો એ સઘળાં ઔષધોને સમાન ભાગે લઇ કવાથ કરી ૧૦ દિવસ સુધી બન્ને વખત પીએ તો **ટાઢીઓ તાવ** મટે. આ **બૃહત્ક્ષુદ્રાદિ કવાથ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** કરીયાતું, લિંબડાની **અંતર** છાલ, કડુ, લિંબડાની ગળો, હરડેદળ, મોથ, જવાસો, ત્રાયમાણ, ભોંરીંગણી, કાકડાશીંગી, સુંઠ, પિત્તપાપડો, ધમાસા–કાંગ અથવા ખુપકળા, કુકડવેલનાં ફળ, લીંડીપીપર અને કચૂરો એ સોળ ઔષધીઓ સમાન ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૧૦ રતીભાર ઠંડા પાણી સંગાથે ૮ દિવસ લગી સેવન કરે તો **વિષમજવર** દૂર થાય છે. આ **ષોડશાંગચૂર્ણ** કહેવાય છે. **યોગચિંતામણિ. અથવા** કરીયાતું, કડુ, નસોતર, વાળો, પીપર, વાવડીંગ, સુંઠ, લિંબડાની અંતરછાલ, હરડે એઓ સઘળાં સમાન લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉના પાણી સાથે વા એઓનો ક્વાથ કરી પીએ તો વિષમજવર નાશ પામે છે અને ભૂખને વધારે છે. **વૈદ્યવિનોદ.** " **અથવા**–સંખીઆ સોમલને ૧૪ વાર લાંબા વંતાકમાં ઘાલી ભરસાડમાં બાળી તે સોમલ જેટલો શુદ્ધ હિંગળોક અને પીપર મેળવી કુટી રાઇ જેવડી ગોળીઓ વાળી તેમાંથી ૧ ગોળી પતાસા સંગાથે ટાઢાડ ચઢ્યા પહેલાં ખાય તો સઘળી જાતના તાવ ૫ કે, ૭ ગોળીના સેવવાથી નાશ પામે છે આને **જવરાંકુશ** કહે છે. (વિષમજવરના અનેક ભેદ છે માટે **ચરક** વા **ભાવપ્રકાશાદિ** ગ્રંથોથી જ્ઞાન મેળવો.)

જીર્ણજવરનાં લક્ષણ.

તાવ આવતાં ૨૧ દિવસ થાય ત્યાર પછી તે તાવને જીર્ણજવર કહે છે એટલે જીર્ણજવર વાળાના હાડમાં હાડકચરીઓ તાવ રહે છે, ભૂખ લાગતી નથી, શરીર દૂબળું થાયછે અને પેટમાં બરલની ગાંઠ વધી આવે છે તેને જુનો–જીર્ણ તાવ કહેછે.

જીર્ણજવરના ઉપાય.

સોનાના વરખ ૧ ભાગ, વગર વિંધેલાં સાચાં મોતી ૨ ભાગ, શુદ્ધ હિંગળોક ૩ ભાગ, અને મરી ૪ ભાગ તથા ગોમૂત્રમાં શોધેલો ખાપરીઓ ૮ ભાગ લઇ સર્વેને ઉત્તમ ખરલમાં ખરલ કરી ગાયના માંખણ અને લીંબુના રસ સાથે જ્યાં સુધી માંખણની ચીકાસ જણાય ત્યાં સુધી ઘુંટી ૧ રતી વા બે રતી ભારની ગોળીઓ બનાવી રતી કે બે રતી ભાર, મધ પીપર સાથે દુધના પથ્ય યુક્ત સેવન કરે તો જીર્ણજ્વર, ધાતુગતજ્વર, અતિસાર, લોહીખંડવાડો, પિત્ત સંબંધી ઘોર વ્યાધી, લોહીવિકાર, નેત્રવિકાર, અને પ્રદર રોગનો નાશ કરે છે, તથા શક્તિને વધારે છે. આ **બૃહન્વસંતમાલતીરસ** કહેવાય છે. **યોગ તરંગિણી. અથવા**– ભોંરીંગણી, ગળો અને સુંઠનો કવાથ કરી **પીપર ચૂર્ણના** પ્રતિવાસ સાથે સેવન કરે તો જીર્ણજ્વર, ખાંસી. કફ, દમ અને અરૂચિનો નાશ કરે છે. **અથવા** કચૂરો, સુંઠ, દેવદાર, રાસ્ના, મોથ, કડુ, મોટીરીંગણી અને કરીયાતું એઓ સર્વ સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લઇ તેઓનો ક્વાથ કરી પીપર મધ સહિત પીએ તો જીર્ણજ્વર અને વિષમજ્વર નાશ થાય છે. **વૈદ્યવિનોદ. અથવા** પીપળાની લાખ ૬૪ તોલા તથા તૈલ ૬૪ તોલા અને તૈલથી ચોગણું ગાયના દહીંનું ધોળવું નાખવું તથા આસગંધ, વરીઆળી, હળદર, દેવદાર, મેદીનાં બીજ (વા નગોડ), કડુ, ન્હાનીપીલુડી, ઉપલેટ, જેઠીમધ, મોથ, સુખડ અને રાસના એટલાં એક એક તોલા ભાર લઇ કલ્ક કરી તેમાં નાખી ધીમાં તાપે તૈલને પકાવી ગાળી લેવું આ તૈલનો માલેસ કરે તો સઘળી જાતના વિષમજ્વર, ચળ, શુળ, શરીરની ખરાબ વાસના, અંગનું ફાટવું વા ફોલ્લાઓ વગેરે નાશ થાય છે. આ **લક્ષાદિ તૈલ** કહેવાય છે–**યોગ તરંગીણિ. અથવા** લીંડીપીપરો પેહેલે દહાડે ૩ તથા ૭ કે ૧૦ થી ખાવી શરૂ કરી નિરંતર એક એક વધતાં ૨૧ દિવસ લગી ખાવી અને પછી પાછી એક એક ઘટાડી જેટલી પહેલે દહાડે ખાધી હોય તેટલા સુધી આવવું તેને [1]**વર્ધ્ધમાન પીપર** પ્રયોગ કહે છે. આ વર્ધમાન પીપરના સેવનથી જીર્ણજ્વર, પાંડુ, વાતરક્ત, ખાંસી, દમ, અરૂચિ, પેટના રોગ, હર્ષ, શ્લેષ્મ, અને ઉરોગ્રહ વાયુ મટે છે. **યોગચિંતામણિ. અથવા** બકરીના દુધના ફીણનો હાથે પગે લેપ કરવાથી જીર્ણજ્વર મટે છે. **પ્રસ્તાવિક. અથવા.** લિંબડાનાં પાન ૧૦ ભાગ, ત્રિફળા ૩ ભાગ, ત્રિકટુ ૩ ભાગ, અજમો ૫ ભાગ, ત્રિલવણ ૩ ભાગ, અને જવખાર ૨ ભાગ લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પ્રભાતે પાણી સાથે સેવન કરે તો વિષમજ્વર અને જીર્ણજ્વર નાશ થાય છે. આને **નિંબાદિ ચૂર્ણ** કહે છે. **વૈદ્યરહસ્ય. અથવા** ત્રિફળાં, હળદર, દારૂહળદર, બોરીગણી, મ્હોટીરીંગણી, કચૂરો, ત્રિકટુ, પીપરીમૂળ, ન્હાનીપીલુડી, ગળો, ધમાસો, કડુ, ખડસલિયો, મોથ, ત્રાયમાણ, વાળો, લિંબડો, પુષ્કરમૂળ, જેઠીમધ, કડાછાલ, અજમો, ઇંદ્રજવ, ભારંગી, સરગવાનાં બીજ, સોરઠી માટી (ફટકડી), વજ, તજ, પદ્મક, કાળો વાળો, સુખડ, અતિવિષ, કાંશકી, મ્હોટો સમેરવો, ગધી સમેરવો, વાવડીંગ, તગર, ચિત્રો, દેવદાર, ચવ્યક, તમાલપત્ર, કડવાં પરવળ, જીવક, ઋષભક, લવિંગ, વંશલોચન, ધોળું કમળ, કાકોળીનાં પાન, જાવંત્રી અને તાલીસપત્ર એટલાં ઔષધો સરખાં લઇ ચૂર્ણ કરી તેના અરધા ભાગે કરીયાતાનું ચૂર્ણ તેમાં મેળવી યોગ્ય માત્રાએ તેનું સેવન કરે તો સમસ્ત પ્રકારના તાવ, દાહ, પ્રમેહ, ઘેન, ભ્રમ, તરશ, ઉધરસ, શ્વાસ, પાંડુ-

---

૧ પ્રથમ પાંચ પીપરથી વધતાં સો સુધી વધી પછી તેજ પ્રમાણે ઘટતાં પાંચ સુધી આવવું, પણ નિત્ય તે પીપરનું દુધ સાથે સેવન કરે તો વાતરક્ત, દમ, પાંડુ, મસા, ગોળો, સોજો અને પેટના રોગ મટે છે. **વૈદ્યરત્ન.**

પ્રથમથી ૫–૭–કે ૧૦ પીપરોને દુધમાં ઉકાળી તેમાંજ ઘુંટી પીને પછી દુધ ભાત જમે અર્થાત્ નિરંતર ૨૧ દિવસ લગી એક એક પીપર વધારતાં પછી એક એક ઘટાડી સેવન કરવા કહેલું. **વૈદ્યરહસ્ય.** પાંચ અથવા દશથી પ્રથમ પીપરો શરૂ કરી એકેક વધતાં ૧૦ દિન દુધમાં ઘુંટી પીવી અને ક્રમવાર, ઘટાડી દેવી. પણ, તે ઉપર દુધ ભાત ખાવાં. **સુશ્રુત.**

દશ પીપરને ક્રમેકરી વધતાં ૧૦ દિવસ દુધમાં ઉકાળી પીવી અને પાછી ક્રમવાર ઘટાડવી, એમ ૧૦૦૦ પીપર ખાય તો સર્વ રોગ મટાડી આયુને વધારે છે. બળવાળાએ દુધમાં ઘુંટીને અને સાધારણ બળવાળાએ દુધમાં ઉકાળીને પીવી, પણ ઓછા બળવાળાએ તેના ચૂર્ણને ફાકીને ઉપર દુધ પીવું તો ગુણ થાય છે. પીપરનું ચૂર્ણ સમાન મધમાં સેવે તો ખાંસી, અજીર્ણ, અરૂચિ, દમ, છાતિના રોગ, પાંડુ, અને કૃમિરોગનો નાશ કરે છે. **વાગ્ભટ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોગ, છાતીનાં દરદ, કમળો, ત્રિફપીડનું, ગોઠણનું તથા પડખાનું શૂળ જેમ વિષ્ણુ ભગવાન્ સુદર્શનચક્રવડે દૈત્યોનો નાશ કરે છે તેમ આ **સુદર્શન ચૂર્ણ** ઉપર કહેલા રોગોનો નાશ કરે છે. જ્વર માટે ટાઢા પાણી સાથે ફાકવું. **યોગતરંગીણિ.** આ ઉપાય કર્યા છતાં જીર્ણજ્વર કે વિષમજ્વર ન મટે તો રોગના પ્રમાણમાં રેચ અને ઉલટી કરાવવી જેથી તુરત મટે છે.

અજીર્ણ જ્વરનાં લક્ષણ.

જે રોગીને વારંવાર પાતળો ઝાડો થયા કરે, ખાટા ઓડકાર આવે, ઉલટી થવા જેવી શંકા રહે. પેટમાં પીડા થાય, પેટ ચઢે અને પેટમાં ગડગડાટ શબ્દ થાય તો જાણવું કે અજીર્ણના કારણથી તાવ આવેલો છે.

ઉપાય.

"મોડી અજમો, હરડેની છાલ અને સંચળ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૧ ઉના પાણી સાથે ફાકે તો અજીર્ણ જ્વર જાય. અથવા અજીર્ણને નાશ કરનારા સમસ્ત ઉપાયો યોજવા તેથી પણ અજીર્ણજ્વર નાશ થાય છે."

દ્રષ્ટિજ્વરનાં લક્ષણ.

જે મનુષ્ય કોઇ ક્રૂર જનની દ્રષ્ટિ લાગી હોય તેને બગાસાં બહુ આવે, પેટમાં પીડા, હાથ પગમાં ત્રોડાવો અને શરીર અશક્ત થઇ જાય તો, જાણવું કે દ્રષ્ટિજ્વર છે.

ઉપાય.

"શેકેલી હીંગ, કાળાંમરી, લીંડીપીપર અને સુંઠ એઓને સમાન ભાગે લઇ ઝીણાં વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ઉના પાણી સંગાથે સેવન કરે તો દ્રષ્ટિજ્વર મટે છે. **અથવા** નાગનો મ્હોરો–મણિને પાણીમાં ઘેળી ને પાણી પાવાથી તથા તંત્રાદિ પ્રયોગથી દ્રષ્ટિજ્વર નાશ થાય છે."

લોહિવિકારથી ઉત્પન્ન થયેલા તાવનાં લક્ષણ.

જે રોગીના સર્વ શરીરમાં ત્રોડાવો થાય, શ્વાસ ચાલે, શરીર શિથિલ થઇ જાય, તૃષા, મૂર્છા, અને આફરો થાય તો જાણવું કે લોહીના બગડવાથી તાવ આવેલો છે.

ઉપાય.

"કાળી દ્રાખ, હરડેની છાલ, અરડુસો, ભોરિંગણી, હળદર અને લિંબડાની ગળો એઓને બરાબર લઇ ખાંડી કવાથ કરી યોગ્ય માત્રાએ ઠંડો પડયા પછી તેમાં ાા તોલાભાર મધ મેળવી દિવસ ૭ લગી સેવન કરે તો લોહી બગાડથી ઉત્પન્ન થયેલ તાવનાશ પામે છે."

મળજ્વરનાં લક્ષણ.

જે રોગીને ભ્રમ, મૂર્છા, ઉલટી, હેડકી, પેટમાં શૂળ અને ક્ષોભ તથા મુખમાં શોષ પડયા કરતો હોય તો તથા બળતરા પણ થયા કરે તો જાણવું કે મળના બગાડથી તાવ આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાય.

કડુ, પીપરીમૂળ, મોથ, હરડેની છાલ અને ગરમાળાનો ગોળ એ સઘળાં ઔષધીઓ સમાન ભાગે લઇ આખી પાખી ખાંડી ક્વાથ કરી યોગ્ય માત્રાએ આપે તો મળજ્વર નાશ થાય છે–આ **કિરમાળાપંચક** કહેવાય છે.

ગર્ભિણિ સ્ત્રીના તાવનો ઉપાય.

"સોનામુખી, કાળીદ્રાક્ષ, સાટો, ધોળી ઉપલસરી, જેઠીમધ, મહુડો, ધાણા, સુગંધી વાળો અને સાકર એ સઘળાં બરાબર ભાગે લઇ તેઓનો ક્વાથ કરી ૭ દિવસ, સુધી સેવન કરે તો ગર્ભવંતી સ્ત્રીનો તાવ નાશ થાય છે."

સૂતિકાજ્વરનાં લક્ષણ.

જે સ્ત્રીને સર્વાંગમાં તોડ થતા હોય, શરીર ઉનું રહે, કંપારી થાય, શરીર ભારે રહે, તૃષા, સોજો અને અતિસાર થઇ આવે ત્યારે જાણવું કે પ્રસુતારોગને લીધેજ તાવ આવેલો છે.

ઉપાય.

"અજમોદ, જીરૂં, ગજશોધન, ખેરસાર, વિજેસાર, વરીયાળી, ધાણા, અને શીમળાનો ગુંદ એ સઘળાં **સમાન** ભાગે લઇ ક્વથી ક્વાથ કરી ૧૦ દિવસ પર્યંત પીએ તો સૂતિકાજ્વર નાશ પામે." **અથવા** સાલપરણોટી (સમેરવો), પીલવણી (ગધી સમેરવો), ભોંરિંગણી, ઉભીરિંગણી, ગોખરૂ, બીલી, અરણી, સરસૂ, સીવણ અને કાકચ એ દસમૂળને સમાન ભાગે લઇ ખાંડી તેઓનો ક્વાથ કરી ૧૦ દિવસ સુધી નિરંતર જરા ઉનો હોય ત્યારે તેનાં ઘી નાખી પીએ તો સૂતિકાજ્વર મટે છે. **ભાવપ્રકાશ.**

બાળકોના જ્વરના ઉપાય.

જે બાળકનું શરીર ઉનું થયું હોય તથા રોયા કરે તો તાવ આવેલો જાણી તેને મોથ, હરડેની છાલ, લિંબડો, કુકડવેલાનાં ફળ, અને જેઠીમધ એ સઘળાં સમાન ભાગે–માસા માસા ભાર લઇ ક્વાથ કરી ૭ દિવસ યોગ્ય માત્રાએ સહેજ ઉનો હોય ત્યારે પાએ તો બાળકનો તાવ મટે છે. **ભાવપ્રકાશ. અથવા**–"ચોખાની ધાણી, જેઠીમધ, બાલછડ અને મહુડો એઓનું સૂક્ષ્મ ચૂર્ણ ૧ માસા ભાર મધ સંગાથે ચટાડે તો બાળકનો તાવ મટે." તેની માતા કે ધાવ હોય તેને પથ્યમાં રાખવી તેથી પણ તરત આરામ થાય છે. **અથવા** તે બાળકને તાવ સંગાથે અતિસાર પણ થયો હોય તો, અતિવિષ, બીલાનો ગર્ભ, ઇંદ્રજવ, ધાવડીનાં ફૂલ, લોદર, ધાણા અને વાળો એઓનો માસા માસા ભારનો ક્વાથ કરી પીવરાવે તો અતિસાર યુક્ત તાવનો નાશ થાય છે. **વૈદ્યરહસ્ય.** જો **બાળકની ડુંટી પાકી ગઈ** હોય તો ઘી ઉનું કરી શેક કરે તો મટે છે. **જો બાળકના પેટમાં** કરમીઆ પડ્યા હોય તો–તાવ આવે, શરીરનો વર્ણ વિપરીત થઇ જાય, પેટમાં શૂળ હોય, ઉલટી, ભ્રમ, ભોજનમાં–ખાવવામાં અરૂચિ, અને અતિસાર હોય તો જાણવું કે ક્રમીઆના કારણથી જ્વર ઉત્પન્ન થએલો છે. તેના **ઉપાય** એ છે કે–"પિત્તપાપડો, લિંબડાની અંતરછાલ, સરગવાનું મૂળ, મોથ, દેવદાર, અને વાવડીંગ એ સઘળાં બરાબર ભાગે લઇ ક્વથી ટાંક ૧ નો ક્વાથ કરી ૭ દિવસ પાવાથી પેટના ક્રમીઆ નાશ પામે છે અને તાવ પણ મટે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળજ્વરનાં લક્ષણ.

જે રોગીનો તીવ્રવેગ સહિત તાવ હોય, ઉર્ધ્વશ્વાસ હોય, શરીરની કાન્તિ નાશ પામી જાય, પરસેવો આવે, શરીર શિથિલ થઇ જાય, નાડી હાથ લાગે નહીં અને શરીરની સર્વ ઇંદ્રિયો પોત પોતાના ધર્મને ત્યજી દે તો જાણવું કે કાળજ્વર છે.

ઉપાય.

ગાય, પૃથ્વી, અન્ન, વસ્ત્ર, જળ અને સુવર્ણાદિનું શ્રદ્ધા તથા શક્તિ પ્રમાણે દાન દેવું, અને સન્નિપાત ઉપર કહેલા પ્રયોગો ઉપયોગમાં લેવા તથા શ્રી રામનામનું સ્મર્ણ કરાવવું એજ જન્મ જન્માંતરમાં સુખદાતા છે.

જ્વરના દશ ઉપદ્રવ.

તાવનું મોહોટું કુટુમ્બ છે એટલે ઉધરસ, શોષ, શ્વાસ, હેડકી, વમન, અતિસાર, અરૂચિ, આફરો, બંધકોશ અને મૂર્છા એ દશ ઉપદ્રવ–કિંવા કુટુંબી છે એટલે પ્રથમ જ્વર છે એ વડિલ પુરૂષ રૂપ છે તેથી પેહેલાં પ્રત્યેક મનુષ્યને તાવ આવે અને પછી ઉક્ત કહેલા ૧૦ ઉપદ્રવો પ્રાપ્ત થાય છે. જ્વરરૂપી વડિલ પુરૂષની તરશ તો સ્ત્રી છે. શ્વાસ અને ઉધરસ તાવના દીકરા છે, હેડકી અને ઉલટી તાવની દીકરીઓ છે, અતિસાર તાવનો ભાઇ છે, અરૂચિ તાવની બેહેન છે, બંધકોષ તાવનો ભાણેજ છે, આફરો તાવનો સસરો છે અને મૂર્છા તાવની લોંડી છે. એમાં તાવ આવ્યા પછી જે વિશેષ બળવાન જણાય તેનું બળ નાશ કરવા યોગ્ય ગુણવાળી ઔષધી આપવી, પણ અન્ય બળવાન્ ઉપદ્રવ પ્રત્યે તિરસ્કાર બતાવી એકલા જ્વરનાજ ઉપાય કરવા અયોગ્ય છે; માટે જ્વરઘ્ન દવા સાથે જે ઉપદ્રવ બળવત્તર જણાતો હોય તેને નાશ કરનારી ઔષધીનો મેલાપ કરી ઉપાય યોજવા.

જ્વર અને અતિસાર એકઠા હોય તેના ઉપાય.

સુંઠ, અતિવિષ, મોથ, કરિયાતું, લિંબડાની ગળો અને કડાછાલ એ સર્વ સમાન ભાગે લઇ કચરી ક્વાથ કરી યોગ્ય માત્રાએ નિરંતર ૭ દિવસ સુધી પીએ તો જ્વર સહિત અતિસાર નાશ પામે છે. **વૈદ્યરહસ્ય. અથવા**–" પિંપરીમૂળ, લીંડીપીપર, ચવ્ય, ચિત્રામૂળ, **સુંઠ,** બીલાનો ગર્ભ, મોથ, કરિયાતું, કડાછાલ અને ઇંદ્રજવ એ સઘળાંને સમાન લઇ ખાંડી ક્વાથ કરી દિવસ ૭ સુધી સેવન કરે તો જ્વરાતિસાર, હેડકી, મુખશોષ, ઉલટી, શ્વાસ અને ઉધરસ એ સર્વેનો નાશ કરે છે. "

જ્વરના ઉપદ્રવોના ક્રમવાર ઉપાય.

" જ્વરમાં **તૃષા** બહુ લાગતી હોય તો ધાણા, મોથ અને પિત્તપાપડો એઓને કચરી ક્વાથ કરી ૩ દિવસ લગે સેવન કરે તો તૃષા, બળતરા અને અતિસાર એ સર્વ દૂર થાય છે. " **અથવા**–વડવાઇના અંકુરા, ચોખાની ધાણી અને કમળકાકડીનો મગજ, એઓને સમાન લઇ ઝીણાં ખરલ કરી મધમાં ગોળી વાળી ગોળી ૧ મોઢામાં રાખે તો તૃષા દૂર થાય છે. **વૈદ્યરહસ્ય.**

જો જ્વરમાં **ઉધરસ** હોય તો " લીંડીપીપર, પીપરીમૂળ, સુંઠ, ભારંગી, ખેરસાર, ભોરિંગણી, અરડુસી, પાનની જડ અને બેહેડાની છાલ એઓ સઘળાં સમાન લઇ ક્વાથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી ૭ દિવસ સુધી પીવાથી તાવમાં આવતી ઉધરસ મટે છે."

જો જ્વરમાં **શ્વાસ** હોય તો " સુંઠ, કાળાંમરી, લીંડીપીપર, મોથ, કાકડાશીંગી, ભારંગી અને પુષ્કરમૂળ એ સઘળાં સમાન ભાગે લઇ ટાંક **૧** નો કવાથ કરી ૭ દિવસ સુધી સેવન કરે તો તાવમાંનો શ્વાસ મટે છે.

તાવમાં હેડકી આવતી હોય તો પાણીમાં સિંધાલુણને ઘસી નાકમાં નાસ આપવાથી હેડકી મટે છે. **ભાવપ્રકાશ. અથવા** મોરપિંછાના ચાંદલાની રાખ, તથા **લીંડીપીપર** મધમાં ચાટવાથી **હેડકી** અને ઉલટી બન્ને મટે છે.

જો તાવમાં **ઉલટી** થતી હોય તો લિંબડાની ગળોનો કવાથ કરી ઠંડો થયા પછી મધ મેળવી પીવાથી તાવમાં થતી ઉલટી મટે છે. **અથવા** માખીની હગાર રતી એ ભાર મધ સંગાથે ચટાડવાથી ઉલટી મટે છે. **ભાવપ્રકાશ. અથવા**–" ચોખાની ધાણી, તથા લીંડીપીપર મધ સંગાથે ચટાડવાથી ઉલટી મટે છે."

જો તાવમાં **મુર્ચ્છા** હોય તો–" ગરમાળાનો ગોળ, કાણિકાખ, પિત્તપાપડો, અને હરડેનીછાલ એઓનો કવાથ કરી પીવાથી મૂર્ચ્છા મટે છે."

જો તાવમાં **બંધકોષ** હોય **અથવા આફરો** હોય તો, ચોખા સાબુની દીવટ કરી ગુદામાં યુક્તિવડે મૂકે તો બંધકોષ અને આફરો એ બન્ને મટે છે. **ભાવપ્રકાશ.**

જો તાવમાં **મુખશોષ** હોય અથવા **જીભમાં વિરસપણું** જણાય તો સાકર તથા દાડિમના દાણાની ચટણી કરી મ્હોમાં રાખે તો વિરસતા અને મુખમાં પડતો શોષ મટે છે.

જો તાવમાં **નિદ્રા ન આવતી** હોય તો શેકેલી શુદ્ધ ભાંગ ૧ રતીભાર મધની અંદર ચાટે તો નિદ્રા આવે અને અતિસાર–સંગ્રહણી નાશ પામે તથા ભૂખ ઉઘડે છે. **અથવા** પીપરીમૂળનું ચૂર્ણ ટાંક ૧, ગોળમાં મેળવી ખાય તો નિશ્ચે નિદ્રા આવે. **અથવા** એરંડીયું અને અળસીનુ તેલ એ બન્નેને કાંસાની થાળીમાં ઘસી આંખમાં અંજન કરવાથી નિશ્ચે નિદ્રા આવે. **વૈદ્યરહસ્ય.**

જ્વર મુકતનાં લક્ષણ.

શરીર કેવળ હલકું જણાય, માથામાં ચળ આવે, નીચેના હોઠ આગળ ઝીણી ઝીણી ફોલ્લીઓ થાય (ખરો મૂતરી જાય), શરીરની સર્વ ઇંદ્રિઓ પોત પોતાના ધર્મને પૂર્ણપણે અંગિકાર કરે, શરીરની સર્વ વ્યથા મટી જાય, પરસેવો થયા કરે, ભૂખ લાગે, છીંક આવે, અને મળની પ્રવર્તિ થાય ત્યારે સમજવું કે હવે તાવ ગયો છે.

તાવ આવતો બંધ થયા પછી કેમ વર્તવું ?

ચતુર મનુષ્યે તાવ આવતો બંધ થઇ ગયા પછી પણ જ્યાંસુધી શરીરમાં શક્તિ આવે ત્યાં સુધી પથ્યમાં રેહેવું, મૈથુન, કસરત, મેહેનતનું કામ, ભારે પદાર્થ, અતિ ભોજન, અને પ્રકૃતિને અહિતકારી વસ્તુઓનો ત્યાગ કરવો.

તુરતના તાવવાળાને અને જુના તાવવાળાને શું શું પથ્ય છે ?

પથ્ય એટલે ગ્રહણ કરવા યોગ્ય અને કુપથ્ય એટલે તજવા યોગ્ય વસ્તુઓ એટલે તુરતના આવેલા તાવવાળાને મગની મોગર દાળ, મગની દાળ, ઘઉંનો ખાખરો, બકરીનુ દુધ, હલકું–કાંજી જેવું ભોજન, તાંદળજો, મેથીની ભાજી, તુરીઆનું શાક, અલ્પ ભોજન, ગોગા સેવન અને સાઠીચોખા એટલી વસ્તુઓ તુરતના આવેલા તાવવાળાને હિતકારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્નાન, રેચ, તેલમર્દન, કસરત, દિવસે સુવું, દૂધ, ઘી, ચણા, અડદ, તથા મસુરની દાળ, માંસ, પાનબીડાં, છાસ, દારૂ, મીઠા પદાર્થો, કઠિણ ખોરાક, ક્રોધ અને ઉતાવળું બોલવું એ કુપથ્ય છે.

જીર્ણજ્વરવાળાને રેચ, વમન, સ્ત્રી સંગ, તેલમર્દન, ઠંડા ઉપચાર, માંસાહારીને મૃગ, કુકડાનું માંસ, ગાયનું દૂધ, ઘી, શીતળપાણી, ચાંદનીમાં બેસવું, સુંદર વાર્તા વિનોદ, હલકું ભોજન અને ધોયલાં સુંદર વસ્ત્રાદિ **જુના તાવવાળાને** પથ્ય છે. બાકીનાં કાર્યો અપથ્યછે.

સર્વ જ્વરવાળાને અપથ્ય.

ભારે અન્ન, અશુદ્ધ પાણી, ખટાસ, તેલ, અથાંણાં, ભાજીઓનાં શાક, ઉગતું ધાન્ય, તરબુચ–કાર્ળીગડું, પુષ્ટિકારી–ગરીષ્ટ વસ્તુ, શ્રમ, સ્નાન, મૈથુન, ઉલટી કે રેચ લેવા કુપથ્ય–અહિતકારી છે; માટે આહાર વિહારાદિ વિચારીને ઉપયોગમાં લેવા.

જ્વર રોગીના માટે અગત્યની સૂચના.

જ્યાં સુધી ઉત્પન્ન થએલ દોષોના અંશાંશ માટે નિશ્ચે થએલ નથી; અર્થાત્ વાત, પિત્ત કે કફ એ દોષો પૈકી ક્યા દોષના કેટલા અંશ ઉત્પન્ન થએલ વ્યાધિમાં છે એનો નિર્ણય ન થયો હોય ત્યાં સુધી વૈદ્યને ઉચિત છે કે–સાધારણ ક્રિયા–જેનાથી કોઇ દોષ ન વધે તેવી ચિકિત્સા કરવી. તાવ આવતાંજ સામાન્ય યત્ન એ છે પવન વગરની જગ્યામાં; **અર્થાત્** ખરાબ અને ઘણી હવા–પવનવાળી જગ્યામાં ન રાખતાં સ્વચ્છ હવાવાળી જગ્યામાં રોગીને રાખવો. જો પંખાનો પવન વિશેષ હિતકારી હોય તેથી પવન નાખવો. ભારે અને ગરમ કપડાંથી અંગ ઢાંકવું. ઋતુ પ્રમાણે પકવેલા પાણીને થોડીવાર તરસને રોકી પીવું; **અર્થાત્** વર્ષા ઋતુમાં આઠમે ભાગે, શરદઋતુમાં છઠ્ઠે ભાગે, હેમંતઋતુમાં ચોથે ભાગે, શિશિરઋતુમાં પાંચમે ભાગે, વસંતઋતુમાં ત્રીજે ભાગે અને ગ્રીષ્મઋતુમાં અરધે ભાગે એટલે ઉપર બતાવ્યા પ્રમાણે પાણીને ઉકાળતાં અવશેષ રાખીને પાવું. પાણીના ઉકાળવા વિષે બહુમત છે માટે દોષોના ઉગ્રપણા કે હીનપણાનો વિચાર કરી તેઓની વ્યવસ્થા કરવી. શેર પાણીને ઉકાળી પોણોશેર રાખી, ઉકાળેલા વાસણમાંજ ઠારી પીવાથી પિત્તનો, શેરનું અરધો શેર રાખી પીવાથી વાયુનો અને શેરનું પાશેર રહે તેવું ઉકાળી ઠારી પીવાથી કફનો નાશ થાય છે. **શેરનું પાશેર રહે તે આરોગ્યાંબુ** કહેવાય છે તે દસ્તને રોકનાર, જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર છે, તાવને તુરત મટાડે છે, પાચન છે, હલકું છે, અને ઉધરસ, શ્વાસ, કફ, આફરો, પાંડુ, શૂળ, અરસ, ગોળો, સોજા તથા પેટના રોગો એઓને મટાડનાર છે, માટે આવું પાણી પ્રત્યેક સમય પાવું, પણ તરસને વિશેષ રોકવી નહીં. રોગીએ સદા પથ્યમાં રહેવું; કેમકે **ઔષધ** કર્યા વિના પણ જો રોગી પથ્યમાં રહે તો એકલા પથ્યથીજ રોગનો નાશ થાય છે; **પરંતુ પથ્ય** રહિત રોગીનો વ્યાધિ સેંકડો ઔષધ કરવાથી પણ નાશ થતો નથી. તાવની **શરૂઆતમાં** લાંઘણ, તાવના મધ્યમાં પાચન અને તાવના અંતમાં ઔષધ આપવું; અર્થાત્ દોષોનો ઓછા વત્તાપણાનો વિચાર કરી લાંઘણ, પાચન અને ઔષધનો ઉપયોગ કરવો. લાંઘણ કરાવવાનું મુખ્ય કારણ એ છે કે–આમાશયમાં રહેલા દોષો જઠરાગ્નિની ઉષ્ણતાને નષ્ટ કરી આમ સહિત માર્ગોને ઢાંકી તાવને ઉત્પન્ન કરે છે; એટલાજ માટે તે આમનો નાશ કરવા અને અગ્નિને પ્રદીપ્ત કરવા લાંઘણજ કરવું જોઇએ. તેમાંપણ નવીન તાવ ઉપર આહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખી લાંઘણ કરાવવું: કેમકે આરોગ્યતા બળનેજ આધીન રહેલ છે અને એજ આરોગ્યતાના માટેજ આ ચિકિત્સા છે. વાયુના તાવવાળાને ૭ દિવસે, પિત્તજ્વરવાળાને ૧૦ દિવસે અને કફજ્વરવાળાને ૧૨ દિવસે આમ પાકી જાય છે માટેજ પ્રથમ કહી ગએલા છીએ કે ઉપર કહેલા દિવસો પછીજ તે તે દોષવાળા રોગીને કવાથ કે ઔષધ આપવું. રોગીને જ્યારે ભૂખ લાગે ત્યારે હિતકારી હલકું ભોજન આપવું. અત્યંત ભોજન, અત્યંત પાણી, અત્યંત પવન કે અત્યંત નિર્વાત સ્થળ સેવન કરવું નહીં, જે વૈદ્યોએ જેટલું હિતકારી હોય તેટલુંજ ઉપયોગી કાર્ય કરવું. જે ગુણ લાંઘણમાં છે તેજ ગુણ હલકા ભોજન-યૂષ, માંડ, પેયા કે કાંજી વગેરે આપવામાં છે. જે રોગમાં જે સમય જેવું અન્ન, જેવું પાણી કે જેવો વિહાર કરવો યોગ્ય હોય તે પ્રમાણે વર્તવું, પણ ઓછી કે વધતી ક્રિયા ઉપયોગમાં લેવી નહીં. કાચું પાણી ૧ પોહોરે પચે છે, ઉકાળી ટાઢું કરેલું પાણી ચાર ઘડીએ અને ઉકાળીને જરા ઉનું રાખેલું પાણી બે ઘડીએ પચે છે. તરૂણજ્વરમાં દુધ આપવું નહીં. વિશેષ હરફર કરવી નહીં. સારાંશમાં એજ કે-જેવી રોગની અવસ્થા તે પ્રમાણે ચિકિત્સા કરવી; પરંતુ એમ ન કરવું કે અમુક ગ્રંથમાં આમ કહેલ છે માટે આમ કેમ થાય? એવી વિચારણા રાખવી નહીં, પણ જે જ્યાએ જે હિતકારી ચિકિત્સા જણાય ત્યાં તેવીજ કરવી; જેમકે તરૂણજ્વરવાળાને વમન કરાવવા મનાઈ કરેલ છે; છતાં પણ તુરત જમેલાને તૃપ્તિથીજ તાવ આવ્યો હોય અને વમન કરાવવાને યોગ્ય હોય તો તેને લાંઘણને બદલે વમન કરાવવુંજ યોગ્ય છે. **વૃદ્ધ વાગ્ભટે** કહ્યું છે કે-જેણે વમન કર્યું હોય તેને લંઘન કરાવવું, પણ જેણે લંઘન કર્યું હોય તેને વમન કરાવવું નહીં, માટે પ્રત્યેક સમય પૂર્વાપરનો ખુબ વિચાર કરી નિર્ભયપણે નિયમસર દોષોને દૂર કરનારી ચિકિત્સાઓ કરવી. આ સંબંધમાં વિશેષ ખુલાશો મેળવવા **ભાવ પ્રકાશ, ચરક, સુશ્રુત, શાર્ઙ્ગધર તથા ચક્રદત્ત.** વગેરેનું અવલોકન કરો.

ઈતિ સમસ્તજ્વરનો આધિકાર સમાપ્ત.

ઇતિ શ્રી મન્માહારાજાધિરાજ રાજ રાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થ વિષે સર્વજ્વર ઉત્પત્તિ, લક્ષણ અને ઉપાય નિરૂપણ નામનો બીજો તરંગ સમાપ્ત: ॥

તરંગ ત્રીજો.

આ તરંગ ત્રીજા વિષે, દુઃખ દાયક અતિસાર;
અદણી અર્શ-એ ત્રણ તણા, અથ ઇતિ છે અધિકાર.

અતિસારનો અધિકાર.

અતિસાર રોગ શાથી ઉત્પન્ન થાય છે? તથા તેનાં લક્ષણ અને યત્ન શું છે? એ જાણવાની આવશ્યકતા છે; માટે તેનું વિવેચન કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતિસારની ઉત્પતિ.

ભારે પદાર્થના ખાવાથી, અતિ સ્નિગ્ધ ભોજનથી, અતિ લુખાં ભોજનથી, અતિ ઉનાં, અતિ દ્રવરૂપ, અતિસ્થૂળ, અતિ ઠંડા ભોજનથી, વિરૂદ્ધ ભોજનથી, વિષમ ભોજનથી, અજીર્ણમાં ભોજન કરવાથી, સ્નેહનાદિ ક્રિઆઓના વારંવાર કે, વિધિ રહિત પ્રયોગ કરવાથી, વિષભક્ષણ, ભય, શોક કરવાથી, મદ્યપાનથી, દુષ્ટ પાણીથી, પ્રકૃતિ તથા ઋતુ વિરોધિ આહાર વિહારથી, જળક્રિડા કરવાથી, મૂત્ર વિષ્ટાના વેગને રોકવાથી અને પક્વાશયના દુષ્ટ થએલા કૃમિઓથી મનુષ્યોને અતિસાર–ઝાડાનો રોગ થાય છે. (આ સંબંધી વિશેષ વ્યાખ્યા માટે **ભાવપ્રકાશ મધ્ય ખંડનો પેહેલો ભાગ** અવલોકન કરો.)

અતિસારનું પૂર્વ સ્વરૂપ.

પૂર્વ સ્વરૂપ એટલે રોગ થયા પહેલાં જે ચિન્હોથી જાણી શકે કે અમુક રોગ થશે, જેમકે હૃદય, નાભિ, પડખાં, પેટ અને કુખ એઓમાં વ્યથા, ગાત્રોમાં ગ્લાનિ, પવનનો રોધ, બંધકોષ, પેડુમાં આફરો, અને ખાધેલાં અન્ન પરિપક્વ ન થાય આટલાં ચિન્હો જ્યારે થાય ત્યારે જાણવું કે અતિસાર રોગ થશે.

અતિસારની સંપ્રાપ્તિ તથા સામાન્ય સ્વરૂપ અને સંખ્યા.

કુપથ્યના કરવાથી મનુષ્યના રસ, જળ, મૂત્ર, સ્વેદ, મેદ, કફ, પિત્ત અને રૂધિર ઇત્યાદિ દ્રવરૂપ ધાતુઓનો સમૂહ વૃદ્ધિ પામિ અગ્નિને ઠારી નાખી વિષ્ટાથી યુક્ત થઇ વાયુના બળથી વારંવાર ગુદાદ્વારે પ્રવાહ રૂપે નીકળે છે તે ભયંકર વ્યાધિને અતિસાર કહે છે. તે અતિસાર છ પ્રકારનો છે. એટલે વાયુનો ૧, પિત્તનો ૨, કફનો ૩, સન્નિપાતનો ૪; શોચનો ૫, અને આમનો ૬, એ છ ભેદ છે. તેનું વિવેચન નિચે પ્રમાણે.

વાતાતિસારનાં લક્ષણ.

જે રોગીને સાલાસ પડતો ઝાડો થતો હોય, તથા ફીણ યુક્ત, લુખો, અને થોડો થોડો વારંવાર ઝાડો થાય, તથા ઝાડા વખતે પેડુમાં પીડા થાય તો જાણવું કે વાયુનો અતિસાર છે.

ઉપાય.

ધોડાવજ, અતિવિષ, મોથ અને ઇંદ્રજવ એઓને સમાન ભાગે લઇ આખાં પાખાં ખાંડી ક્વાથ કરી સેવન કરે તો વાયુથી થએલો અતિસાર મટે છે. **ભાવપ્રકાશ. અથવા**—ઇંદ્રજવ, મોથ, લોદર, બીલાનો ગર્ભ, આંબાની ગોટલી અને ધાવડીનાં ફુલ એઓને સમાન ભાગે લઇ તેમનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પ્રભાતે ભેંશની છાશ સાથે ફાકે તો પ્રબળ વાયુનો અતિસાર મટે છે. **વૈદ્યવિનોદ.**

પિત્તાતિસારનાં લક્ષણ.

જે રોગીનો ઝાડો પીળો, લાલ, લીલો અને દુર્ગંધયુક્ત પાતળો હોય, ગુદા પાકી જાય, શરીરમાં પરસેવો આવે, તૃષા, દાહ, અને મૂર્ચ્છા થઇ આવે તો જાણવું કે પિત્તપ્રકોપનો અતિસાર છે.

ઉપાય.

બીલાનો ગર્ભ, ઇંદ્રજવ, મોથ, વાળો, અને અતિવિષ એઓ સમાન ભાગે લઇ ખાંડી ક્વાથ કરી સેવન કરે તો, પિત્તથી થએલો આમ સહિત અતિસાર મટે છે, વૈદ્યવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોહ. અથવા રસવંતી, અતિવિષ, ઇંદ્રજવના ઝાડની છાલ, ધાવડીનાં ફુલ અને સુંઠ એ સઘળાં સમાન લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચોખાના ધોવણ સંગાથે મધ મેળવી સેવન કરેતો ભયંકર પિત્તાતિસાર પણ મટે છે તથા અગ્નિને દીપ્ત કરે છે અને શૂળને મટાડે છે. **ભાવપ્રકાશ. અથવા** પિત્તાતિસારનો જે રક્તાતિસાર ભેદ છે–એટલે ઘણી ગરમ વસ્તુઓના ખાવાથી પિત્ત વૃદ્ધિ પામી લોહીને બગાડી દે છે ત્યારે લોહીયુક્ત મળ ઉતરે છે તેને **રક્તાતિસાર** કહેવાય છે. તેના માટે કડાછાલ તથા કુણા દાડિમનાં છોડીઆં એ બન્ને ૪–૪ તોલાભાર લઇ તેઓનો આઠગણા પાણીમાં અષ્ટાવશેષ ક્વાથ કરી ઠંડો થયા પછી તેમાં મધ નાખી પીએ તો શૂળ તથાદાહ સહિત ઘોર **રક્તાતિસાર** મટે છે. **ભાવપ્રકાશ. અથવા**—ઇંદ્રજવ, અતિવિષ, મોથ, સુગંધીવાળો, લોદર, રતાંજળી, ધાવડીનાં ફુલ, દાડિમનાં છોડીઆં અને કાળીપાડ એ સર્વ સમાન ભાગે લઇ ખાંડી ક્વાથ કરી ઠંડો થયા પછી તેમાં મધ નાખી પીએ તો દાહ મળસંયુક્ત રક્તતિસારને દૂર કરે છે–આ **કુટજાષ્ટક** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા**–" રતાંજળી ટાંક ૧ ઝીણી વાટી તેમાં મધ ટાંક ૨ અને સાકર ટાંક ૨ મેળવી ૮ દિવસ સુધી સેવન કરે તો રક્તાતિસાર જાય છે. **અથવા** મીઠા સુંદર પાકા દાડિમને પુટપાકની રીત પ્રમાણે તૈયાર કરી મધ મેળવી સેવન કરેતો રક્તાતિસાર નિશ્ચે મટે." **અથવા**—ગાયનું દુધ, માખણ, મધ અને સાકર સમાન ભાગે મેળવી સેવન કરે તો રક્તાતિસાર મટે છે. **ભાવપ્રકાશ. અથવા**–" બીલાનો ગર્ભ બકરીના દુધ સાથે ટાંક બે ખાય તો રક્તાતિસાર મટે."

જો **ગુદા પાકી ગઈ** હોય તો કુકડવેલાનાં ફળ (કે કડવાં પરવળ ?), અને જેઠીમધ, એઓને ઉકાળી તે પાણી ઠંડું કરી તેથી ગુદા પ્રક્ષાલન કરવી તો ગુદપાક મટે. **અથવા**—બકરીના દુધમાં મધ તથા સાકર મેળવી પીવું તથા ભોજનમાં વાપરવું, ગુદા ઉપર સેંચન કરવું અને તેનાથી ગુદા ધોવી તેથી ગુદાનો દાહ તથા પાક મટે છે. **ભાવપ્રકાશ. અથવા**–" ઘઉંના લોટને ઘીથી કરમોવી પાણીથી ગોરસડું ગરમ કરી અને તે વડે સ્હેવાતે સ્હેવાતે શેક કરવો તેથી ગુદાનો પાક મટે છે."

કફાતિસારનાં લક્ષણ.

જે રોગીનો મળ ચીકણો, સ્વેત, જાડો, દુર્ગંધયુક્ત તથા ઠંડો, પીડા સહિત હોય અને શરીર ભારે રહે તો જાણવું કે શ્લેષ્માતિસાર છે.

ઉપાય.

કફાતિસારવાળા રોગીને બે અથવા ચાર લંઘન કરાવવાં. મગનું થોડું પથ્ય આપવું તથા ચવક, અતિવિષ, મોથ, ન્હાની બીલીઓ, સુંઠ, કડાછાલ, ઇંદ્રજવ અને હરડે એઓનો ક્વાથ કરી પીએ તો કફાતિસાર મટે. **અથવા** શેકેલી હીંગ, સંચળ, સુંઠ, કાળાંમરી, લીંડીપીપર, હરડે, અતિવિષ અને વજ એ સઘળાં સમાન લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉના પાણી સાથે પાએ તો શ્લેષ્માતિસાર મટે છે. **ભાવપ્રકાશ.**

સન્નિપાતાતિસારનાં લક્ષણ.

જે રોગીનો મળ સુઅરના માંસ સરખો તથા અનેક રંગયુક્ત હોય, નેત્રોમાં ઘેન, મુખ શોષ, ભ્રમ, મોહ અને તૃષાનો વેગ હોય તો સન્નિપાતનો અતિસાર જાણવો. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતિસાર બાળક વૃદ્ધ કે સ્ત્રીને થયો હોય તો અસાધ્ય જાણવો.

ઉપાય.

પંચમૂળ, સુંઠ, કાંશકીનાં મૂળ, બીલાનો ગર્ભ, લિંબડાની ગળો, મોથ, કાળીપાટ, કરીયાતું, કડાછાલ, વાળો, અને ઇંદ્રજવ એઓનો ક્વાથ કરી પીએ તો સન્નિપાતાતિસાર જાય, તથા તાવ ને, ઉધરસને, શૂળના ઉપદ્રવો સહિત શ્વાસને અને દુસ્તર ઉધરસને મટાડે છે. સામાન્ય રીતે પિત્તઉપર લઘૂ પંચમૂળનો અને વાયુ તથા કફ ઉપર બૃહત્પંચ મૂળનો ઉપયોગ કરવો. **અથવા** હરડે, સુંઠ અને મોથ એ સમાન લઇ ઝીણાં વાટી કપડેથી ચાળી જુના ગોળમાં ગોળીઓ ટાંક બએ ભારની વાળી સેવન કરે તો ત્રિદોષનો અતિસાર મટે છે–આ **ચતુઃસમ** નામની ગોળી કહેવાય છે. તે આમાતિસાર, આફરો, મળબંધ, કૉલેરા, ક્રમિ, અને અરૂચિનો નાશ કરે છે અને અગ્નિને તુરત દીપ્ત કરે છે. **અથવા ૧૬** તોલા કડાછાલ લઈ તેનો પુટપાક કરી રસ કાઢે તે રસમાં મધ મેળવી પીએ તો સન્નિપાતાતિસાર તથા સર્વે પ્રકારના અતિસાર મટે છે. આ પ્રયોગમાં લીલી કડાછાલ લેવી તથા તેને જાંબુના પાંદડાઓ લપેટી પૂટપાકની રીત પ્રમાણે પાક કરવો. **ભાવપ્રકાશ.**

શોકાતિસારનાં લક્ષણ.

જે પુરૂષની સ્ત્રી, લક્ષ્મી તથા પુત્ર પૌત્રાદિ અને મિત્ર વગેરે ઇષ્ટ વસ્તુનો નાશ થવાથી તથા સ્ત્રીને પતિ પુત્રાદિ અતલગનાં સંબંધિનો નાશ થયે શોકના વશમાં થવાથી ઉદર–પેટનો અગ્નિ મંદ થાય છે તથા શરીરનું તેજ ઉદરનાં જવાથી રક્ત બગડે છે પછી તે બગડેલું લોહી વિષ્ટાથી મળી જઇ અથવા વગર મળે ગુદાદ્વારે બહાર નીકળે છે તે રાતા રંગનું હોય છે તેને શોકાતિસાર કહે છે. આ અતિસાર વધારે શ્રમ લેવાથી મટે છે. કોઇ પ્રકારના ભયથી અતિસાર ઉત્પન્ન થયો હોય તો તેનાં લક્ષણો પણ આ પ્રમાણેજ હોય છે.

ઉપાય.

પૂર્વે કહેલા વાતાતિસારના ઉપાય પ્રમાણે ઉપાય ઉપયોગમાં લેવા. તથા જે કારણને અનુસરી શોક અથવા ભય પ્રાપ્ત થયેલ હોય તે કારણને દૂર કરાવવું, ધૈર્યતા આપવી અને સુંદર વન ઉપવન સુગંધ પદાર્થ તથા આલ્હાદકારક વાર્તાઓ વગેરે વગેરેથી આનંદ આપવો.

આમાતિસારનાં લક્ષણ.

જે મનુષ્યને પ્રથમ અજીર્ણ થયલ હોય; છતાં ભારે પદાર્થો ખાધા કરે તેથી તેના વાયુ, પિત્ત, અને કફ કોઠામાં પ્રવેશ કરી ધાતુઓના સમૂહોને તથા મળોને બગાડી શૂળ અને દુર્ગંધ યુક્ત વિચિત્ર વર્ણના મળને ગુદાદ્વારા બહાર કહાડે છે તેને આમાતિસાર કહે છે. જે રોગીને આમનો અતિસાર થયો હોય તેનો મળ પાણીમાં નાખી જોવાથી ડુબેલો માલમ પડે તો જાણવું કે આમાતિસાર છે; કેમકે અન્ય રોગીનો મળ પાણી ઉપર તરે છે: પણ આમરોગીનો મળ ભારે હોવાથી ડુબે છે અને દુર્ગંધયુક્ત શ્વેત તથા ચીકાસ સહિત હોય છે.

ઉપાય.

ધાણા, સુંઠ, ન્હાની બીલીઓ, મોથ અને સુગંધીવાળો એ સધળાને સમાન ભાગે લઇ ખાંડી ક્વાથ કરી સેવન કરે તો અથવા દોષનાં લક્ષણો વિચારી ૧૦ તથા ૧૫ દિવસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવન કરે તો આમનો અતિસાર મટે છે. શળને બંધ કરે છે. તથા દીપન પાચન થાય છે. અને જ્વરમાં હિતકારી છે. આ **શાણુપંચક** કહેવાય છે. **અથવા**–" મોટી હરડેની છાલ, મોથ, સુંઠ, અતિવિષ અને દારૂહળદર એ સઘળાં સમાન લઇ આખાં પાખાં ખાંડી ક્વાથ કરી ૭ દિવસ પીએ તો આમાતિસાર નાશ પામે છે. " **અથવા**–મોટી હરડે, અતિવિષ, શેકેલી હિંગ, સંચળ, વજ અને સિંધાલૂણ એઓને સરખાં લઇ ખાંડી વસ્ત્રગાળચૂર્ણ કરી ઉના પાણી સંગાથે સેવન કરે તો આમાતિસાર નિશ્ચે જાય. **અથવા**–હરડેની છાલનું ચૂર્ણ મધ સંગાથે સેવન કરે તો શળ સહ આમાતિસાર જાય. **ભાવપ્રકાશ. અથવા**–સુંઠને પાણી સાથે ઝીણી વાટી ગોળો કરી તે ઉપર એરંડાનાં પાદડાં લપેટી સુતર વીંટી અંગુઠા **પ્રમાણ** જાડો માટીનો થર દઇ ધીમી અગ્નિથી પકાવવો. લાલચોળ થયા પછી માટી પાંદડાં કાહાડી નાંખી તે સુંઠને ઠંડી કરી મધ ટાંક બેમાં ૮ માસા મેળવી અથવા છાશ, માખણ કે, માંસ યૂષ સાથે સેવન કરે તો આમાતિસાર જાય છે. ગોળો, ઉદરરસ, તથા દુષ્ટ કફાતિસારનો નાશ કરે છે અને કાંતિ તથા અગ્નિને દીપ્ત કરે છે. આ **શુંઠીપુટપાક** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

પકવ થયલા અતિસારના ઉપાય.

લોદર, ધાવડીનાં ફુલ, બીલાનોગર્ભ, મોથ, આંબાની ગોટલી, અને ઇંદ્રજવ એ સઘળાં સમાન લઇ ઝીણું વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક બે ભાર ભેંશની છાશ સંગાથે સેવન કરે તો પકવાતિસાર નાશ થાય. **અથવા**–અજમોદ, મોચરસ, સુંઠ અને ધાવડીનાં ફુલ એ સઘળાં સમાન લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ગાયની સુંદર છાશ સાથે સેવન કરે તો પકવાતિસાર જાય. આ **મધુગંગાધરચૂર્ણ** કહેવાય છે. **અથવા**–સુંઠ ૪ ભાગ, જાયફળ ૨ ભાગ, અફીણ ૧ ભાગ અને કાચા દાડિમના દાણા સર્વના સમાન લઇ એઓને વાટી કાચા દાદમમાં ભરી પુટપાકની રીતિ પ્રમાણે પકાવી તેની બોરના ઠળીયા પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ ગાયની છાશ સંગાથે ૭ દિવસ આ **દાડિમવટી** સેવન કરે તો પકવાતિસાર નાશ પામે. **વૈદ્યરહસ્ય.**

અતિસાર સંગાથે સોજા હોય તેનો ઉપાય.

સાંટોડીનાં મૂળ, ઇંદ્રજવ, કાળીપાડ, બીલું, અતિવિષ, મોથ, અને કાળાંમરી એ સઘળાં બરાબર લઇ ખાંડી ક્વાથ કરી પીએ તો સોજા અતિસાર જાય. **ભાવપ્રકાશ.**

અતિસારમાં ઉલટી થયા કરતી હોય તો આંબાની ગોટલી અને બીલાનો ગર્ભ એ બન્નેનો ક્વાથ કરી ઠંડો થયા પછી મધ તથા સાકર મેળવી સેવન કરે તો ભયંકર છર્દ્યાતિસાર–ઘોર અતિસારની ઉલટી નાશ પામે. **અથવા**–શેકેલા મગનો ક્વાથ કરી તેમાં ચોખાની ધાણી, મધ અને સાકર મેળવી પીએ તો છર્દ્યાતિસાર, દાહ, જ્વર, તરશ અને ભ્રમ એટલા રોગો મટી જાય છે. **ભાવપ્રકાશ.**

મરડાનાં સંપ્રાપ્તિ પૂર્વક સંખ્યા સહ લક્ષણ.

મરડો એ અતિસારનોજ ભેદ છે તે ઉત્પન્ન થવાનાં કારણો એ છે કે–કુપથ્ય સેવન કરનાર મનુષ્યનો વાયુ વૃદ્ધિ પામ્યો કફને મળી મરડો પેદા કરે છે તેથી પેટમાં તથા પેડુમાં આંકડી આવે છે. કરાંજવું પડેછે, વારંવાર ઝાડે ફરવાની શંકા રહે છે અને મળ જળસની સંગાથે થોડો થોડો અથવા તો ઘણો ગુદાદ્વારે નીકળ્યા કરેછે. વિશેષ શરદીમાં રહેવાથી આ રોગને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જન્મ મળે છે. એ રોગ ચાર પ્રકારનો છે એટલે વાયુનો ૧, પિત્તનો ૨, કફનો ૩ અને લોહીનો ૪, તે પૈકી જે મરડામાં ઘણી પીડા સહિત મળ ઉતરે તે વાયુનો મરડો, બળતરા વિશેષ હોય તો પિત્તનો મરડો, કફયુક્ત મળ હોય તો કફનો અને લોહી સહિત મળ ઉતરે તે લોહીનો મરડો સમજવો.

ઉપાય.

બીલાનો ગર્ભ, કાળાંમરી, તેલ, ગોળ અને લોદર એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી મધ સંગાથે ચાટે તો મરડાનો રોગ મટે. **અથવા**–ધાવડીનાં ફુલ સૂક્ષ્મ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી દહીમાં મેળવી સેવન કરે તો મરડો મટે છે. **અથવા** કોહાનો રસ ટાંક ૫, મધ મેળવી પીએ તો મરડો મટે. **અથવા** લોદર ટાંક ૨ ભાર દહીની સંગાથે સેવન કરે તો મરડો મટે છે. **ભાવપ્રકાશ.** ઉંદીયું છરૂં અથવા શંખછરૂં કે, બીલાંનો ગર્ભ એકલો દહી સંગાથે સેવન કરે તો મરડો નિશ્ચે મટે છે. **પ્રસ્તાવિક.**

સમસ્ત અતિસારના ઉપાય.

"જળભાંગરાનો રસ ટાંક ૫ દહીની સંગાથે ૭ દિવસ સેવન કરે તો સર્વે પ્રકારના અતિસાર મટે. **અથવા**–રાળ ટાંક ૨ સાકર ટાંક ૧૦ મેળવી ૧૦ દિવસ સુધી સેવન કરે તો ઘણા દિવસનો અતિસાર રોગ પણ મટે છે." બીલાનો ગર્ભ બકરીના દુધમાં પકાવી સેવન કરે તો રક્તાતિસાર મટે છે. **વૈદ્યવિનોદ. અથવા**–"ધાણા, સુંઠ, લીંડીપીપર, સિંધાલુણ, બોડી અજમો, શેકેલી હીંગ અને છરૂં એ સમાન ભાગે લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી દહીના ઘોળના સંગાથે ટાંક ૨ નિરંતર સેવન કરે તો સમસ્ત અતિસાર, શૂળ, આમ અને અરૂચિ નાશ પામે તથા ક્ષુધા લાગે છે. **વૃંદ. અથવા**–અફીણ ૧ ભાગ, શુધ હીંગલોક ૩ ભાગ, લવિંગ ૪ ભાગ, મોચરસ ૩ ભાગ, અને સાકર જોઇએ તેટલી લઇ સઘળાં ઝીણાં ઘુંટી ૧ રતી અથવા બે રતી પ્રમાણ ચોખાના ધોણ સંગાથે કિંવા ગાયની છાશ સંગાથે સેવન કરે તો ભયંકર અતિસાર નાશ પામે છે. **અથવા** મોથ, મોચરસ, લોદર, ધાવડીનાં ફુલ, બીલાનો ગર્ભ, ઇંદ્રજવ, અફીણ, શુદ્ધપારો અને શુદ્ધગંધક એઓને સમાન ભાગે લઇ પ્રથમ પારા ગંધકની કાજળ કરી પછી અન્ય ઐાષધીઓ મેળવી ઝીણું ઘુંટી પાણીમાં લસોટી રતી ૩ ગોળ અને ગાયની છાશ સંગાથે સેવન કરવાથી અતિસાર, મરડો અને સંગ્રહણી રોગનો નાશ કરે છે. આ **ગંગાધરરસ** કહેવાય છે. **અથવા** એફીણને માટીની ઠીકરી ઉપર રાખી ધીમા તાપથી શેકી અવસ્થાબળ વિચારી સેવન કરે તો નિશ્ચે પક્વઅતિસાર મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા** "જાયફળ, લવિંગ, ધાવડીનાં ફુલ, બીલાનો ગર્ભ, મોથ, સુંઠ, મોચરસ, શુદ્ધ હિંગળોક અને ચોખું અફીણ એ સઘળાં બરાબર ભાગે લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી પોષના ડોડાના પાણી સંગાથે ઘુંટી રતી ૧ તથા ૨ ભારની ગોળીઓ વાળવી તે પૈકી ૧ ગોળી ચોખાના ધોણ કે ગાયની છાશ સગાથે ૭ દિવસ સેવન કરે તો નિશ્ચય પ્રકારે સમસ્ત પ્રકારના અતિસાર મટે છે." **અથવા**–જાયફળ, ખારેક અને ચોખું અફીણ એ ત્રણે બરાબર લઇ વાટી પાનના રસમાં ઘુંટી ગોળી ચણા પ્રમાણે વાળી તેમાંથી ૧ ગોળી ગાયની છાશના અનુપાન સંગાથે ૭ દિવસ સેવન કરેતો ભયંકર અતિસાર પણ નાશ પામે છે. આ **જાયફળાદિવટી** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતિસાર રોગીનાં પથ્યાપથ્ય.

નવું અન્ન, ગરવસ્તુ, ભારે અને સ્નિગ્ધ ભોજન, તડકો, ખેદ, મૈથુન, સ્નાન, કસરત, અગ્નિનો તાપ, ધુમાડો અને જળક્રિડા તથા શરદિ થાય તેવાં સ્થળ એટલાનો ત્યાગ કરવો. અને અતિસારના દોષને નાશ કરવામાં જે વસ્તુ કે ઉપચાર અનુકૂળ હોય તે ઉપાય યોજવા. તેમ અતિસાર મટયા પછી પણ પથ્યમાં રહેવું, નહીં તો પુનઃ નવીન રોગ ભયંકર રૂપે પ્રકટ થાય છે.

અતિસારનાં અસાધ્ય લક્ષણ.

જે રોગીનો સૂઅરના માંસ જેવો મળ વિચિત્ર રંગવાળો દુર્ગંધીયુક્ત ઉષ્ણ હોય, તૃષા, બળતરા, અરૂચિ, શ્વાસ, હેડકી, પસવાડામાં શૂળ, મૂર્છા, ગુદાનું પાકવું, જઠરાગ્નિનો નાશ, મૂત્રબંધ, અશક્તિ બહુજ વધી જાય, તૃષા ઘણી લાગે, તાવ સહિત અતિસાર હોય, સર્વ વસ્તુ ઉપર દ્વેષ ઉત્પન્ન થાય, પોતાની ગુદાને પોતે બીડી શકવા અસમર્થ હોય, હાથ પગની આંગળીઓ પાકી ગઇ હોય, અને સાંધાઓ પાકી ગયા હોય, આટલાં ચિન્હોએ કરી સહિત બાળક તથા વૃદ્ધ હોય તો મરણ પામે; તેમજ ધાતુઓ અતિ દુષ્ટ થયા હોય તો યુવાન પણ આવા ચિન્હોએ કરી સહિત હોય તો અવશ્ય મરણ પામે.

અતિસારથી મુક્ત થએલા મનુષ્યનું લક્ષણ.

જે મનુષ્યનો અગ્નિ પ્રદીપ્ત થયો હોય, કોઠો હલકો થાય, સાથે વિષ્ટા નીકળ્યા વિના મૂત્ર અને અધોવાયુ યોગ્ય રીતે નીકળ્યા કરે તથા ભૂખ સારી પેઠે લાગવા લાગે તો, તે મનુષ્ય અતિસારથી મુક્ત થએલો સમજવો.

અતિસારનો અધિકાર સંપૂર્ણ.

સંગ્રહણીનો અધિકાર.

—:o*o:—

સંગ્રહણી રોગની સંપ્રાપ્તિ.

અતિસાર—ઝાડાનો રોગ થઇને મટી ગએલ હોય, પણ મંદાગ્નિવાળાનો તથા અહિતકારી પદાર્થોનું સેવન કરનાર માણસનો ફરીવાર દૂષીત થએલો અગ્નિ ગ્રહણી નામની છઠી કળા કે જે અગ્નિનું સ્થાન છે તથા ખાધેલા અન્નાદિ પદાર્થોને ગ્રહણ કરનારી છે અર્થાત્ કાચા અન્નને ગ્રહણ કરે છે અને પાકેલાને ગુદા માર્ગે બહાર કાહાડે છે તે કળાને બગાડી દેછે તેથીજ આ રોગનું નામ ગ્રહણી–સંગ્રહણી રાખેલ છે. જેને અતિસાર ન થયો હોય તેને પણ ગ્રહણી રોગ થાય છે.

ગ્રહણી રોગનું સંખ્યાપૂર્વક સામાન્ય લક્ષણ.

અત્યંત દૂષિત થયલા વાતથી, કફથી, પિત્તથી અને ત્રણે દોષથી દૂષિત થયેલી ગ્રહણી ખાધેલા અન્ન–આદિને ઘણીવાર કાચુંજ અથવા ઘણીવાર પાકું પણ મુકે છે અને તે અન્નાદિક વેદના સહિત, દુર્ગંધવાળું, વારંવાર બંધાતું અથવા વારંવાર દ્રવરૂપ પડે છે, તેને ગ્રહણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોગ કહેલ છે. સંગ્રહણી અને અતિસારમાં ફેર માત્ર એટલોજ છે કે અતિસારમાં તો પાણી જેવો પાતળો મળ-ઝાડો થાય છે અને સંગ્રહણીમાં બંધાયેલો મળ-ઝાડો પીડા સહિત થાય છે.

વાયુથી થએલી સંગ્રહણીનું નિદાન, તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ.

જે મનુષ્ય વાયડી વસ્તુઓ બહુ ખાધા કરે તથા મૈથુનાદિ મિથ્યા વિહાર વા, મિથ્યા-આહાર અત્યંત કરે તેથી વાયુ કુપિત થઈ જઠરાગ્નિને બગાડે છે અને વાયુની સંગ્રહણીને જન્મ આપે છે. તે કારણને લીધે તે મનુષ્યના ખાધેલા અન્નાદિ પદાર્થો પરાણે પચે છે. અંગો ખરસડ થઈ જાય છે, કંઠ તથા મોહોડું સુકાય, ભૂખ લાગે, તરસ લાગે, અંધારાં આવે, કાનમાં શબ્દ થયા કરે, પડખામાં, જાંઘોમાં, પેડુમાં તથા ખભા કે કંઠમાં પીડા થાય, વારંવાર કૉલેરા જેવું થઇ આવે, હૃદયમાં પીડા, શરીર દુર્બળ, બળરહિત, મોઢામાં વિરસપણું, પેટમાં વાદ, અને સઘળા રસો-ખટરસો ખાવાની ઇચ્છા થાય છે. તથા મનમાં ગ્લાનિ, ખાધેલું અન્ન પચ્યા પછી પેટ ચઢે, જમ્યા પછી ચેન પડે, પેટમાં વાયુ ગોળાનો કે બરોળની શંકા રહ્યા કરે, વાયુને લીધે ઉધરસ તથા શ્વાસની પીડા થાય છે અને ઘણીવારે માંડમાંડ તથા વારંવાર દ્રવરૂપ પાતળો કિંવા સુકાયલો, કાચો, શબ્દ અને ફીણયુક્ત ઝાડો થાય છે.

ઉપાય.

સુંઠ, લિંબડાની ગળો, મોથ અને અતિવિખ એઓને બરાબર લઇ ખાંડી ક્વાથ કરી ૧૫ દિવસ સેવન કરે તો આમ સહિત વાયુની સંગ્રહણી મટે છે અને ભૂખ લાગે છે. **વૈદ્યવિનોદ. અથવા** "સુંઠ, પીપરીમૂળ, લીંડીપીપર, ચિત્રક અને ચવક એ સઘળાં સમાન લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી નિરંતર ગાયની છાસમાં મેળવી સારી પેઠે સેવન કરે તો, વાયુની સંગ્રહણી નિશ્ચે જાય." **અથવા** શુદ્ધ ગંધક ૧ તોલો, શુદ્ધ પારો ાા તોલો લઇ તેની કાજળ કરી તેમાં સુંઠ, કાળાંમરી અને લીંડીપીપર ત્રણ તોલા, પાંચ જાતનાં મીઠાં ૧ાા તોલો, શેકેલી હીંગ, જીરૂં તથા શાહજીરૂં એ પ્રત્યેક દોઢ તોલાભાર લેવાં અને સર્વથી અરધ ભાગે શુદ્ધ ભાંગ લેવી. એ સઘળાંને ઝીણાં વાટી કાજળમાં મેળવી ખરળમાં ઘુંટી ગાયની છાશ સંગાથે કે, બીલાના ગર્ભના ચૂર્ણ સાથે ૧ ટાંક સેવન કરે તો વાયુની સંગ્રહણી, મંદાગ્નિ, અતિસાર, પેટના કૃમિ અને ક્ષયરોગ વગેરેને દૂર કરે છે. આ **લાઇચૂર્ણ** કહેવાય છે. **ભાવપ્રકાશ.**

પિત્તથી થએલી સંગ્રહણીનું નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ.

જે મનુષ્ય અતિ તીખાં, કડવાં, બળતરા કરનારાં, ખાટાં તથા ખાર-આદિ ભોજનો કરે તેથી ઉત્તપ્ત-ત્રાસ પામેલું પિત્ત જેમ ઉનું પાણી અગ્નિરૂપ છતાં અગ્નિને ઠારી નાખે છે તેમ પિત્ત અગ્નિરૂપ છતાં જઠરાગ્નિને ઠારી નાખે છે. એ પ્રમાણે જેનો અગ્નિ ઠરી ગયો હોય તે મનુષ્ય પીળો થઇ જાય અને તેને અજીર્ણ, લીલો, પીળો તથા દ્રવરૂપ ઝાડો થાય છે, તથા ખાટા ઓડકાર આવે છે, હૃદય તથા કંઠમાં બળતરા થાય છે, અરુચિ અને તરશથી પીડાય છે. તેથી જાણી લેવું કે આ પિત્તની સંગ્રહણી છે.

ઉપાય.

રસવંતી, અતિવિખ, ઇંદ્રજવ, કડાછાલ અને ધાવડીનાં ફુલ એ સર્વ બરાબર લઇ એઓનું વસ્ત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાળ ચૂર્ણ કરી મધ અને ચોખાના ધોણ સાથે સેવન કરે તો પિત્તની સંગ્રહણી મટે છે. **વૈદ્યવિનોદ. અથવા** જાયફળ, ચિત્રક, સુખડ, મરી, તલ, જીરૂં, વંશલોચન, હરડે, આંબળાં, ગજપીપર, તગર, તાલીસપત્ર અને લવિંગ એટલાં એક એક તોલાભાર અને બરાસ અરધા તોલાભાર લઇ એ સર્વના બરોબર શેકેલી ભાંગ અને ચૂર્ણથી બમણી સાકર લઇ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેનું સેવન કરે તો, (અર્થાત્ ૬ માસાભાર ચૂર્ણ ગાયની છાશ સંગાથે સેવન કરે તો) સંગ્રહણી મટી જાય છે. **વૈદ્યરહસ્ય.**

કફથી થએલી સંગ્રહણીની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ તથા લક્ષણ.

જે મનુષ્ય ભારે, અત્યંત સ્નિગ્ધ તથા અત્યંત શીતળ–આદિ ભોજન કરે, તેથી અત્યંત મૈથુન કરવાથી, જમીને તરત સુઇ જવાથી, પ્રકોપ પામેલો કફ જઠરાગ્નિનો નાશ કરી નાખે તેથી અન્ન માંડ માંડ પચે છે, મોળ આવે, ફુલટી, અરૂચિ, ઉંચરસ તથા સળીખમ થાય છે. કફથી લપેટાયલું મુખ મીઠું રહે છે, છાતિમાં તથા પેટમાં ભાર અને સજ્જડ રહે છે. ઓડકાર દુષ્ટ તથા મીઠા આવે છે, સ્ત્રીઓના પ્રસંગમાં કામ જાગ્રત થતો નથી, ઝાડો બંધાયલો કાચો કફથીયુક્ત અને ભારેપણાવાળો નીકળ્યા કરે છે તથા શરીર કૃશ નહીં છતાં પણ બળરહિત અને આળસુ રહે છે.

ઉપાય.

હરડેની છાલ, પીપર, સુંઠ અને ચિત્રામૂળ, એઓને સમાન ભાગે લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગાયની છાશ સંગાથે ટાંક ૨ ભાર ૧૫ દિવસ લગણ લે તો કફની સંગ્રહણી મટે છે. **અથવા** એકલી સુંઠનું જ ચૂર્ણ ગાયની છાશ સાથે સેવન કરે તો શૂળ સહિત કફની સંગ્રહણી મટે છે. **વૈદ્યવિનોદ.**

ત્રિદોષથી થએલી સંગ્રહણીનું નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ.

વાયુ, પિત્ત અને કફની સંગ્રહણીમાં જે જે નિદાન અને જુદાં જુદાં ચિન્હો કહ્યાં તે તે નિદાનો અને ચિન્હોનો સમાગમ–એકઠાપણું જોવામાં આવે તો સન્નિપાતની સંગ્રહણી છે એમ સમજવું.

ઉપાય.

બીલાંનો ગર્ભ, મોચરસ, સુગંધીવાળો, મોથ, ઇંદ્રજવ અને કડાછાલ એ સઘળાં સમાન ભાગે લઇ એઓને બકરીના દુધમાં સારી પેઠે ઉકાળી તે સિદ્ધ કરેલું દુધ ૩ દિવસ સેવન કરે તો લાંબા વખતની થએલી સન્નિપાતની સંગ્રહણીનો નાશ થાય છે. **વૈદ્યવિનોદ. અથવા** દાડિમના દાણા ૮ તોલા, ત્રિકટુ ૮ તોલા, ત્રિસુગંધી ૪ તોલા અને સાકર ૩૨ તોલા ભાર લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સેવન કરે તો સન્નિપાતની સંગ્રહણી નાશ પામે, તથા આમાતિસાર, પડખાંની પીડા, અરૂચિ અને ગોળાનો પણ નાશ કરે છે. આ **દાડિમાષ્ટક** કહેવાય છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, સુંઠ, કાળાંમરી, પીપર, ફુલાવેલો ટંકણ, લોહભસ્મ, બોડીઅજમો અને અફીણ એ સઘળાં સમાન ભાગે લઇ એ સર્વની બરોબર શુદ્ધ અભ્રક ભસ્મ લઇ પછી એઓને ચિત્રામૂળના કવાથના રસમાં ૧ પોહોર સુધી ઘુંટી કાળાંમરી પ્રમાણ ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર માસ ૧ સુધી સેવન કરે તો સન્નિપાતની સંગ્રહણી નાશ પામે છે. આ **અભ્રકગુટિકા** કહેવાય છે. **અથવા** શુદ્ધ ગંધક, શુદ્ધ પારો, શુદ્ધ હીંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોક, શુદ્ધ અભ્રક, શુદ્ધ લોહભસ્મ, જાયફળ, બીલાનો ગર્ભ, મોચરસ, શુદ્ધ વછનાગ, અતિવિષ, સુંઠ, મરી, પીપર, ધાવડીનાં ફુલ, ઘીમાં શેકેલી હરડેની છાલ, કોઠનો ગર્ભ, મોથ, અજમોદ, ચિત્રામૂળ, દાડિમના દાણા, શંખભસ્મ, ઇંદ્રજવ, ધંતૂરાનાં બીજ, અને રાળ એ સર્વ ભારોભાર લઇ સર્વના ચોથા ભાગે અફીણ લેવું. પ્રથમ પારા ગંધકની કાજળી કરી પછી અન્ય ઔષધીઓ યોગ્ય રીતે મેળવી વસ્ત્રગાળ ચૂર્ણ કરી અત્યંત સૂક્ષ્મ વાટી ધંતૂરાના પાનડાના રસમાં ઘુંટી મરી પ્રમાણે ગોળીઓ વાળવી, તેમાંથી ૧ ગોળી યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો, આમ, સોજી તથા શળ સહિત સંગ્રહણી, લાંબા વખતનો અતિસાર અને વિસૂચિકા–કોલેરા રોગનો નાશ કરે છે. આ **સંગ્રહણી કપાટરસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

આમવાત સંગ્રહણીનાં લક્ષણ.

પખવાડીએ, મહીને, દશ દિવસે અથવા નિત્ય પાતળો ઝાડો, સ્વેત, ચીકણો, ધારો અને થોડો તથા કેડની વેદનાએ કરીને સહિત કાચો, બહુજ તાંતણાવાળો, ભડભડાટ શબ્દ સાથે મંદ વેદનાવાળો ઝાડો ઉતરે, આંતરડામાં ઘુઘુવાટી થાય, આલસ્ય રહે, દુર્બળપણું તથા ગ્લાનિ થાય છે. આ રોગ દિવસે પ્રકોપવંત અને રાત્રે શાંત જણાય, જાણવા તથા નિવારણ કરવા અશક્ય અને લાંબા કાળ સુધી ચાલનારી આ સંગ્રહણી આમવાયુના થએલા સંગ્રહથી થાય છે એટલા માટે સંગ્રહણી કહેવાય છે. આ રોગ અસાધ્ય છે. અને આના **ઉપાય** સન્નિપાત સંગ્રહણીના ઉપાય પ્રમાણેજ યોજવા.

સંગ્રહણીનો ભેદ ઘટીયંત્ર છે તેનાં લક્ષણ.

સુઇ રહેવુંજ ગમે, પડખામાં શળ ચાલે, અને રેંટની ઘટમાળાની ઘેડોમાંથી ઢળવાના પાણી વખતે જેવો શબ્દ થાય તેવો ઝાડો થતાં શબ્દ થાય છે તેથી 'ઘટીયંત્ર' નામ પાડયું છે. આ અસાધ્ય સંગ્રહણી રોગ છે. આ રોગ જ્યારે શરીરમાં વ્યાપે ત્યારે પ્રાણ પરલોક ભણી પ્રયાણ કરે છે. અસાધ્ય અતિસારનાં ચિન્હો પ્રમાણે સર્વ ચિન્હ થાય છે તથા અતિસાર નાશક ઉપાયો જે અતિસારના અધિકારમાં કહ્યા તે પ્રમાણેજ આમાં પણ ઉપાય કરવા જો આયુષ્યબળ પૂર્ણ હોય તો ટેકી લાગે.

સંગ્રહણીના વિશેષ ઉપાય.

કોઠનો ગર્ભ ૮ ભાગ, સાકર ૬ ભાગ, અજમોદ ૩ ભાગ, પીપર ૩ ભાગ, બીલાનો ગર્ભ ૩ ભાગ, ધાવડીનાં ફુલ ત્રણ ભાગ, દાડિમના દાણા ૩ ભાગ, કોકમ ૩ ભાગ, સંચળ ૧ ભાગ, નાગકેસર ૧ ભાગ, ધાણા ૧ ભાગ, તજ ૧ ભાગ, તમાલ પત્ર ૧ ભાગ, મરી ૧ ભાગ, સુંઠ ૧ ભાગ, ચિત્રો ૧ ભાગ, શાહજીરૂં ૧ ભાગ, અજમો ૧ ભાગ, પીપરીમૂળ ૧ભાગ, સુગંધીવાળો ૧ ભાગ, અને એળચી ૧ ભાગ એ સઘળાઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગાયની છાસસંગાથે ટાંક બે ભાર આ **કપિત્થાષ્ટક ચૂર્ણ** સેવન કરે તો સંગ્રહણી માત્રને, અતિસારને, ક્ષય, કંઠનાં દરદો, ઉધરસ, શ્વાસ, અરુચિ, હેડકી અને ગોળાને દૂર કરે છે. **અથવા**–મોથ, ટેંડુ, સુંઠ, ધાવડીનાં ફુલ, લોદર, વીરણવાળો, બીલાનો ગર્ભ, મોચરસ, કાળીપાડ, ઇંદ્રજવ, કડાછાલ, આંબાની ગોટલી, રીસામણિ અને અતિવિષ એ ચૌદ ઔષધો સમાન લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચોખાના ધોણમાં મધ મેળવી ને સાથે ૧ તોલાની માત્રાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવન કરે તો સંગ્રહણી, અતિસાર અને મરડા વગેરે નાશ પામે છે. આ **વૃદ્ધગંગાધર ચૂર્ણ** કહેવાય છે. **યોગચિંતામણિ. અથવા**–"નાળીયરનો ગોળો લઇ તેને છિદ્ર પાડી તેમાં ચોખું અફીણ તોલા ૨ અને દાડિમના દાણાનો રસ તોલા ૨ ભરી તે ઉપર આટાનો થર દઇ પછી છાણાની અગ્નિમાં બળવા ન દેતાં સારી પેઠે શેકવો અને ત્યાર પછી બરસાડમાં બારી ઠંડો થયા પછી બહાર કાઢી લેવો. અવસ્થા, અગ્નિ, દોષ, દેશ, કાળ અને બળ વિચારી એ ટોપરામાંનો કલ્ક યોગ્ય માત્રાએ પાણી સાથે ઘસી તેમાં મધ માસા બે નાખી ૩ અથવા ૫ વખત પીવાથી ઘણા દિવસનો અતિસાર અને સંગ્રહણીનો રોગ નાશ પામે છે. **અથવા** ખાપરીઆને શુદ્ધ કરી એક હજાર ગોરખનાટોડાના રસના પુટ દઇ વાટી વસ્ત્રગાળ કરી યોગ્ય અનુપાન સાથે આપવાથી સંગ્રહણી નાશ પામે છે."

સંગ્રહણી રોગના પથ્યાપથ્ય.

ગ્રહણીમાં રહેલા રોગની લંઘનોથી અને અગ્નિને પ્રદીપ્ત કરનારાં અતિસારનાં ઔષધોથી અજીર્ણની પેઠે ચિકિત્સા કરવી. આમનું પાચન કરી પંચકોળ યુક્ત ભાતની જાડી કાંજી–આદિ હલકાં તથા આરોગ્ય આપનાર અન્ન આપવાં, મગ, મસૂર, તુઅર, બકરીનું દુધ, ગાયનું માખણ, ગાયનું દહીં, ગાયની ચોથા ભાગના પાણી વાળી છાશ, જુના ચોખા અને અફીણ ઉપયોગમાં લેવાં. નિદ્રા તથા ઉલટીની દવા આપવી. તેમજ કોઠ, બીલાં, ખાટી લુણી, છાશ અને દાડિમ એઓથી પકાવેલી યવાગૂ આપવી તેથી આમનું પાચન થાય છે અને વિષ્ઠાને ઘાટી પણ કરે છે. એ સઘળાં પથ્ય છે માટે સદા સેવન કરવાં.

રક્તશ્રાવ, ઉજાગરો–મૈથુન, નાસ, અંજન, ઘઉં, ચણા, મદ, બાજરી, નવા ચોખા, ભારી, કઠોર, આનકતા અને અન્ય કુપથ્ય–અહિતકારક વસ્તુઓ છે; માટે તેઓનો ત્યાગ કરવો.

અતિસાર અને સંગ્રહણી રોગમાટેની વિશેષ સૂચના.

વાયુના અતિસારમાં લંઘન, અતિસારમાં આફરો કે શૂળ હોય તો વમન અને નિદ્રાના જાગવાથી આમ અને મૂર્છિત હોય તો રેચ આપવોજ હિતકારી છે. જે અતિસાર રોગી બળવાન હોય તેને લંઘનજ હિતકારી છે તથા દોષો વૃદ્ધિ પામ્યા હોય તો દોષ સમૂહનું પાચન શમન કરે તેવી ઔષધીઓ આપવી. સઘળા અતિસાર ઉપર ઝાડાને રોકનાર ઔષધો આપવાં, પણ આમથી થએલા અતિસાર માટે તેવાં ઔષધો સમય વિના આપવાં નહીં. સર્વ અતિસારમાં આમને પકાવવા ઉપાયો કરવા; પરંતુ દંડક, અલસક, આફરો, સંગ્રહણી, અરશ, ભગંદર, સોજો, પાંડુ, બરલ, ગોળો, પ્રમેહ, ઉદરરોગ, તાવ, બાળક, વૃદ્ધ, વાતપિત્તાત્મક રોગી, ક્ષીણધાતુ અને બળક્ષીણવાળા તથા જેને બહુ ઝાડા થયા હોય એટલા રોગીઓનો આમ પાચન કરવો નહીં નહીં તો, મરણ નીપજે છે. અષ્ટાવશેષ જળ પીવાથી અતિસારમાં પાચન થાય છે. સારાંશમાં દેશ, કાળ, રોગબળ વગેરેનો પૂર્ણ વિચાર કરી યોગ્ય ચિકિત્સા કરવી.

જો **સંગ્રહણી**રોગમાં દોષો આશ્રિત થઇ અર્થાત્ ગ્રહણીમાં જઇ પહોંચ્યા હોય તો અજીર્ણ રોગના સમાન ચિકિત્સા કરવી, જેમ લંઘન, દીપન, અને સદૈવ અતિસારના ચીકિત્સાઓવડે કરીને ઉપાયો કરવા તથા અતિસારના સમાનજ દોષોના સામ અને નિરામ પણાને ઓળખીને, જો દોષ સામ હોય તો અતિસારોક્ત વિધિ પ્રમાણે પાચન કરવું અને પેયાદિ હ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મકાં બોજનો તથા પંચકોલાદિ ઉપયોગમાં લેવા. મતલબમાં સંગ્રહણી રોગમાં દીપનકર્ત્તાજ ઔષધો અને ગાયની સુંદર છાશ આપવી. દુઃસાધ્ય સંગ્રહણી રોગમાં હજારો ઔષધ કરી નિરાશ થયા હોઇએ તો દોષ, ધાતુબળના અનુસાર ઉત્તમ છાશ પીવી જેથી સંગ્રહણી રોગ અવશ્ય મટે છે અને પુનઃ કોઇ વખતે થતી નથી. છાશ કેવા પ્રકારની જાતીઓ તથા ક્યારે અને કેટલી તથા બેશની કે ગાયની પીવી ? તે વગેરેનો સવિસ્તર ખુલાશો **મદનપાળ નિઘંટ, યોગચિંતામણિ અને ભાવપ્રકાશાદિથી** મેળવવો.

સંગ્રહણી રોગનો અધિકાર સંપૂર્ણ.

અરશનો અધિકાર.

અર્શની ઉત્પત્તિ નિદાન તથા સંખ્યા.

પ્રત્યેક મનુષ્યની ગુદામાં ત્રણ વળીઓ છે; એટલે ગુદાનું પ્રમાણ સાડાચાર આંગળનું છે. એ ગુદાના અવયવો રૂપ અને શંખની નાભિનાસમાન ત્રણ વળીઓ છે, તે એક એકની ઉપર છે. તેઓમાં પહેલીનું **પ્રવાહણી** બીજીનું **વિસર્જની** અને ત્રીજીનું **સંવરણી** નામ છે. ગુદાનો હોઠ અરધા આંગળનો છે, એ હોઠની ઉપર એક આંગળની પેહેલી વળી છે, તેની ઉપર દોઢ આંગળની બીજી વળી છે અને તેની ઉપર દોઢ આંગળની ત્રીજી વળી છે. તેમાંની પેહેલી વળી મળ તથા પવનને બહાર કહાડે છે, વચેની મળ પવનને છૂટાં કરે છે. અને ત્રીજી મળ પવન છૂટયા પછી પાછી ગુદાને જેમની તેમ બંધ કરે છે. આ ત્રણે વળીઓ—આંટાઓમાં હરષરોગ થાય છે, તે પૈકી પેહેલી વળીમાં હરષરોગ થાય તો સાધ્ય, બીજીમાં કષ્ટસાધ્ય અને ત્રીજીમાં અસાધ્ય છે. તે હરષ રોગ ૬ પ્રકારનો છે; એટલે વાયુનો, પિત્તનો ૨, કફનો ૩, સન્નિપાતનો ૪, લહીનો ૫, અને સહજાત—જન્મથી થએલો ૬ એ છ પ્રકાર છે. અર્શ—હરષ—વવાસીર—મૂળવ્યાધિ અને મસા વગેરે વગેરે નામોથી આ રોગને ઓળખવામાં આવે છે. જે પુરૂષ—મનુષ્ય વાયડી વસ્તુનું વિશેષ સેવન કરે, ગરમ તથા કફ કર્ત્તા, ચીકણી, મીઠી વસ્તુઓનું વિશેષ સેવન કરે, તથા વાયુ, પિત્ત, કફને ઉત્તેજન આપનાર મિથ્યા આહાર વિહાર કરે. તે મિથ્યા આહાર વિહારના કારણથી ત્રણે દોષો કુપિત થઇ ગુદાની ત્રણ આવળી—વળીઓમાં ઉપરની ત્વચા—ચામડી, માંસ, અને મેદને બગાડી વિવિધપ્રકારના માંસના કણગાને મસાના આકારના ગુદા ઉપર ઉત્પન્ન કરે છે તેને આયુર્વેદના જાણનાર વૈદ્યજનો હરષરોગ કહે છે. જો કે ગ્રન્થકારોએ છ પ્રકાર કહેલા છે; પરન્તુ લૌકિકમાં તો બેજ પ્રકાર કહેવાય છે એટલે ખુની ૧, અને વાદી ૨, ખુનીમાં વિશેષ લોહી વહે છે અને વાદીમાં લોહી વહે નહીં, પણ પીડા અને ચળ વગેરે હોય છે.

હરષરોગનું પૂર્વ સ્વરૂપ.

જ્યારે અન્નનો પચાવો સારી પેઠે થાય નહીં, અન્ન કુખમાંજ રહે. બંધકોષ, અગ્નિની મંદતા, શરીરકૃશ, અંગમાં પીડા, પેટમાં આફરો, અને ઉપરાઉપર ઓડકારનું આવવું થાય તો જાણી લેવું કે એ મનુષ્યને મસાનો રોગ થશે.

For Private And Personal Use Only

વાયુના અરશનાં લક્ષણ.

જે મનુષ્યની ગુદામાં સુકાયલા અને ચમચમાટી સહિત તથા કાળા, લાલાસ પડતા, ખરસટ, કઠોર અને તીખા તથા ફાટેલા મોઢાવાળા ગુદાના મુખ ઉપર મસા હોય અથવા બોર, કપાસીઆ, સરસવ કે કદંબના ફળ જેવી આકૃતિ જેવા હોય અને માથામાં, પડખાંઓમાં, ડોકમાં, કેડમાં, જાંઘમાં તથા પેટમાં અત્યંત પીડા રહે અને છીંક ઓડકાર આવે નહીં, ભૂખ લાગે નહીં, ઉધરસ, દમ, મંદાગ્નિ, ભ્રમ, ગોળો, બરલ, પેટના રોગ, કાનમાં ઘોંઘાટ તથા છાતીમાં દુખે તો જાણવું કે વાયુના હરસ છે.

વાયુના મસાનો ઉપાય

સૂરણની ગાંઠને કપડામાટી લપેટી પુટપાકની રીતિપ્રમાણે જરસાડમાં ભારી બાળી નાખવી પછી કપડામાટી કહાડી તે બાફેલા સૂરણને ઘી અથવા તેલમાં બોળી નિરંતર ૩ તોલા ભાર ૨૧ દિવસ લગી ખાય તો વાયુના મસા મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા** આકડાનાં પાકાં પાંદડાં અને પાંચે જાતનાં લુણ લઇ તેલ તથા ખટાસયુક્ત કરી બાળી નાખવાં પછી તે ખાર ઉના પાણી સાથે વા, દારૂ સાથે સેવન કરે તો વાયુના અરશ મટે છે. **વૈદ્યવિનોદ. અથવા.** ગાયના દહીનું ઘોળવું લઇ તેમાં અનુમાન પ્રમાણે સિંધાલૂણ નાખી વિધિપૂર્વક સેવન કરે તો સંગ્રહણી, અતિસાર અને વાયુના મસા મટી જાય છે. **ભાવપ્રકાશ. અથવા** હરડેની છાલ ૨૦ તોલા, મરી, પીપર, અને જીરૂં ૪-૪ તોલા, પીપરીમૂળ ૮ તોલા, ચવક ૧૨ તોલા, ચિત્રક ૧૬ તોલા, સુંઠ ૨૦ તોલા, શુદ્ધ ભિલામાં ૩૨ તોલા, સૂરણ ૬૪ તોલા અને જવખાર ૮ તોલા લઇ સૂક્ષ્મ ચૂર્ણ કરી ચૂર્ણથી બમણો ગોળ મેળવી ગોળીઓ અક્ષ-બેહેડા જેવડી મોટી બનાવી ખાય તો ગુદાના મસાનો રોગ નાશ થાય છે અર્થાત્ જે ખારથી કે શસ્ત્રથી દૂર ન થઇ શકયા હોય તેવા પણ ગુદાના મસાનો આ **કાંકાયનમુનિ** કથિત **કાંકાયનગુટિ** નાશ કરે છે. **અથવા.** બંદાલના કવાથથી ગુદા ધુવે. **અથવા** બંદાલની મસાને ધુણી આપે તો મસા જરૂર મટે છે. **અથવા** સિંધાલુણ અને બંદાળનાં બીજ કાંજીમાં ઘુંટી મસા ઉપર ચોપડે તો આકરા મસા પણ ખરી પડે છે. **વૈદ્યરહસ્ય. અથવા** હળદર અને કડવા તુરીયાનું મૂળ વા બીજ એઓનો લેપ કરે તો મસાનો રોગ મટે છે. **અથવા** આકડાનાં પાંદડાં, અને સરગવાનું મૂળ એઓનો લેપ કરવો જેથી મસાનો રોગ મટે છે. **અથવા** એરંડાનું મૂળ, દેવદાર, રાસ્ના, અને જેઠીમધ એઓનું ચૂર્ણ કરી તેમાં ચોથે ભાગે જવનું ચૂર્ણ મેળવી દુધમાં પકાવી તેનો શેક અને બાફ લેવાથી ગુદાના મસા તથા તેમાં આવતા સણકા નાશ થાય છે. **અથવા** લિંબડાનાં પાંદડાં અને કણેરના પાનનો લેપ કરવાથી મસાની પીડા મટે છે. **અથવા** [1] આરનાળની સાથે ગોળ અને કડવી તુંબડીનું મૂળ ઘસી લેપ કરવો જેથી મસાનો રોગ મટી જાય છે. **વૈદ્યવિનોદ. અથવા** હીરાકસી, સૈંધવ, પીપર, સુંઠ, ઉપલેટ, વઢવાડીયું, મણશીલ, મરી, વાવડીંગ, નેપાળનાં મૂળ, ચિત્રામૂળ, શુદ્ધ

[1] ફોતરાં વગરના કાચા અથવા પકાવેલા ઘઉંનો આથો કરવાથી આરનાલ થાય છે. આરનાલ સંગ્રહણી, અરશ, તથા કફ એઓને મટાડનાર છે, ઝાડો લાવનાર છે અગ્નીને પ્રદીપ્ત કરે છે અને ઉદાવર્ત, અંગમર્દ, હાડકાનાં શૂળ, તથા આફરા ઉપર અતી હીતકારી છે.

ભાવપ્રકાશ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હરતાલ, અને દારૂડીયાનું મૂળ એ સઘળાં સરખે ભાગે લઇ પછી આકડાનું દુધ અને તેલથી ચોગણું ગોમૂત્ર લઇ તલના તેલમાં નાખી મંદ અગ્નિદ્વારા તેલ પકાવવાની રીતિ પ્રમાણે તેલ પકાવી તે તેલ લગાડવાથી મસાને ખેરવી પાડે છે; જો કે ખારના જેવું કામ કરે છે છતાં ગુદાના ભાગને કશી હરકત કરતું નથી. આ **કાસીસાદિ તૈલ** કહેવાય છે. **અથવા** પાકેલું સૂરણ ૧૬ ભાગ, ચિત્રક ૮ ભાગ, સુંઠ ૨ ભાગ, મરી ૧ ભાગ, ત્રિફળા, પીપર, પીપરામૂળ, તાલીસપત્ર, ભિલામાં, અને વાવડીંગ એઓ ૨-૨ ભાગ, તથા મુસળી ૮ ભાગ, વરધારો ૧૬ ભાગ, ભાંગ અને એળચી ૧-૧ ભાગ લઇ સર્વેનું ચૂર્ણ કરી, ચૂર્ણથી બમણો ગોળ મેળવી યોગ્ય માત્રાએ ગોળીઓ બનાવી સેવન કરે તો, ગુદાના મસા, હેડકી, શ્વાસ, ઉધરસ, ક્ષય, પ્રમેહ, બરલ અને સંગ્રહણી એઓના નાશ કરે છે; જે ખાર અને શસ્ત્રક્રિયાથી પણ મસા નાશ ન થયા હોય તે આ **બૃહત્ સૂરણમોદક**થી મટે છે. **વૈદ્યરહસ્ય.**

પિત્તના અરશનાં લક્ષણ.

પિત્તની અધિકતાવાળા અરશ કાળા મોઢાવાળા, રાતી, પીળી, તથા ધોળી કાંતિવાળા, પાતળા ઉષ્ણ લોહીને શ્રવ્યા કરે છે. દુર્ગંધવાળા, ઝીણા, કુંણા, લટકતા-પોપટની જીભ કે જળોના મોઢા જેવા હોય છે. બળતરા, તાવ, ગુદાનું પાકવું, પરસેવો, તરશ, મૂર્છા, તથા અરૂચિ થાય છે. એ મસાનો સ્પર્શ ઉનો હોય છે અને તે અરશના લીધે વિષ્ટા દ્રવરૂપ, નીલી, ઉની, લાલ, પીળી, અને કાચી હોય છે તથા ચામડી, નખ, મળ-મૂત્ર પીળાં, હરીત વર્ણ થઇ જાય તો જાણવું કે પિત્તના મૂળવ્યાધિ છે.

લોહીના અરશનાં લક્ષણ.

ગુદાના મસા ચણોઠી સમાન રંગવાળા હોય છે. તેમાંથી ઉષ્ણ લોહીની ધારા વિશેષ પડે છે, વિષ્ટા કઠણ હોવાથી માંડમાંડ ઝાડો ઉતરે છે તથા ઝાડામાં વિશેષ લોહી પડવાથી દેડકા જેવો શરીરનો રંગ થઇ જાય છે. બળ, ઉત્સાહ તથા પરાક્રમ નાશ થાય છે, શરીર લુખું, ગુદાનો પવન સારી પેઠે નીકળે નહીં, શરીર દુર્બળ થઇ જાય તથા લોહી નીકળતાં પીડા જણાય છે અને વિષ્ટા કાળી કઠણ તથા લુખી હોય છે.

જો કેડમાં, સાથળોમાં, તથા ગુદામાં શળ નીકળે અને બળરહિતપણું અત્યંત થયું હોય તો લોહીના અરશ સાથે વાયુનો મેળાપ થયો સમજવો. અને જો વિષ્ટા સિથિલ, ધોળી, પીળી, ચીકણી, ભારે તથા ટાઢી હોય, લોહી ઘાડું તાંતણાવાળું, ધોળું, ચીકણું અને ગુદ ચીકાસ વાળી સ્તબ્ધ રહેતી હોય તો લોહીના અરશ સાથે કફ સંબંધ ધરાવે છે એમ સમજવું.

બન્ને પ્રકારના અરશના ઉપાય.

"રસવંતીને ઝીણી વાટી ટાંક ૨ ભાર લઇ પાણીમાં ૪ ઘડી સુધી રાખી ગાળી બે મહીના સુધી સેવન કરે તો નિશ્ચેપિત્તના અને લોહીના મૂળવ્યાધિ જાય છે." **અથવા** પીપળાની લાખ, હળદર, જેઠીમધ, મજીઠ, નીલકમળ એઓને બરાબર ભાગે લઇ સૂક્ષ્મ વાટી બકરીના દુધ સાથે નિરંતર ટાંક ૨ ભાર ૪૯ દિવસ સુધી લેતો બન્ને પ્રકારના મૂળવ્યાધિ જાય છે. **અથવા**-નાગકેસરને અતિ સૂક્ષ્મ વાટી માખણ અને સાકર મેળવી નિરંતર સેવન કરે તો, બન્ને પ્રકારના ગુદાના મસા મટી જાય છે. **અથવા** કડાછાલ તોલા ૪૦૦ ભાર લઇ ૧૦૨૪ તોલા ભાર પાણીમાં ઉકાળવી જ્યારે આઠમા ભાગનું પાણી રહે ત્યારે નીચે ઉતારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસ્ત્રથી ગાળી કહાડી ફરી અગ્નિ ઉપર ચઢાવી ઉકાળતાં જ્યારે જાડો રસ થાય ત્યારે તેમાં મોથ, મોચરસ, લોદર, કોહનો ગર્ભ, ધાવડીનાં ફુલ, બિલામા, વાવડીંગ, ત્રિકટુ (સુંઠ, મરી, પીપર) ત્રિફળાં (હરડે, બેહેડાં, આંબળાં), રસવંતી, ચિત્રામૂળ, ઇંદ્રજવ, વજ, અતિવિષ, અને બીલાનો ગર્ભ એ સર્વે પદાર્થો ચાર ચાર તોલા ભાર લઇ તેઓનું ચૂર્ણ કરીને નાંખવું. પછી ગોળ ૧૨૦ તોલા તથા ગાયનું ઘી ૧૬ તોલા તેમાં નાખી એક જીવ કરી અવલેહ થયે નીચે ઉતારી ટાઢો થયે તેમાં મધ ૧૬ તોલા નાંખવું. પછી સારી પેઠે હલાવી તેનું યોગ્ય માત્રાએ સેવન કરે તો લોહી વહેતા મસા, વાદીમસા, પિત્તના, કફના, તથા સન્નિપાતના મસાઓ અને કોઢ ભગંદરાદિ રોગો., અમ્લપિત્ત, અતિસાર, પાંડુરોગ, અરૂચિ, સંગ્રહણી, કૃશતા, સોજો, કમળો અને ક્ષીણતા એ સઘળા રોગોનો નાશ કરે છે. આના ઉપર ઘી, મધ, છાશ, પાણી કે દુધ જે જે યોગ્ય લાગે તે તે અનુપાનો યોજવાં જેથી સમસ્ત રોગોનો નાશ કરે છે. આ **કુટજાવલેહ** કહેવાય છે. **અથવા**–ગળોનું સત્વ, શુદ્ધપારો, તથા શુદ્ધગંધક એ સમાન ભાગે લઇ એ સર્વની બરોબર બોળ લેવો અને એ સર્વને ઘુટી; અર્થાત્ પારા ગંધકની કાજળી કરી અન્ય ઔષધ મેળવી શીમળાના રસમાં ઘુંટી તૈયાર કરી પછી મધ સાથે ૩ માસા ભાર સેવન કરે તો ખુની મસા, પિત્તના મસા, વિદ્રધિ, રક્ત પ્રમેહ, સ્ત્રીઓનો સોમ રોગ અને ભગંદર એ સર્વનો નાશ કરે છે–આ **બોળબદ્ધરસ** કહેવાય છે. **અથવા** ખાપરીયાને માણસના મૂત્રમાં ૨૧ દિવસ પલાળી ઘુંટી, લાલ વગેરેના કાંગાંમરી ખાપરીયાથી અરધ ભાગે નાખી માંખણ શાથે ઘુંટવાં. પછી લીંબૂના રસની ૧૦૦ વાર ભાવના દઇ ઘુંટી, તૈયાર કરવાથી **લઘુમાલિની વસંત રસ** બને છે–તેને મધ પીપર સાથે સેવન કરે અને સાકર સહિત ભોજન કરે તો ધાતુગત તાવ, પિત્ત, ભ્રમ, પિત્ત તથા લોહીના રોગ, લોહીખંડ વાડો, સંગ્રહણી, અને દુઝતા મસા એઓનો નાશ કરે છે. પણ મીઠું દહીં અને દુધનું પથ્ય સેવવું. **અથવા**–મસામાં ચળ હોય, ઉંચા થઇ આવ્યા હોય, તથા લોહી વહેતું હોય તો જળો લગાડવી. (વાયુ તથા કફના વાદી અને પિત્ત તથા લોહીના મસા ખુની કહેવાય છે.) **વૈદ્ય રહસ્ય. "મસામાંથી લોહી વહેતું હોય તો**–વડબોરડીનાં સુકાં પાંદડાં ૬ તોલા અને આંમળાં ૬ તોલા લેવાં. પછી ગાયનું માંખણ ૨૪ તોલા લઇ લોઢાની કઢાઇમાં ખૂબ તપાવી તેમાં ઉક્ત વસ્તુઓ નાખી એક જીવ કરી નીચે ઉતારી ઠંડાં થયે ધાતુપાત્રમાં ભરી પછી ખરલ કરી ૪ માસા ભાર પ્રભાતે ૨૧ દિન લગી ખાય અને ટાઢા પાણીના કોગળા કરે તથા ગરમ ચીજ, બાજરી, કારેલાં, અથાણું, વંતાક, કેરાં, તથા અડદ વગેરે ન ખાય તો મસામાંથી વહેતું લોહી બંધ થાય છે. **અથવા** લીંબોળીની મીંજ અને એળીઓ એ બન્ને બરાબર લઇ પાણી સંગાથે ખરલમાં ઝીણાં લસોટી ૧ રતી પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ રસવંતીના પાણી સંગાથે પ્રભાત સમય ૨૧ દિવસ સુધી સેવન કરે તો મસામાંથી વેહેતું લોહી બંધ થાય છે. **અથવા** રસવંતી, ચીનાઇ–આરતી કપૂર અને લીં-બોળીની મીંજે એ ત્રણેને પાણી સંગાથે ઝીણાં લસોટી મસા ઉપર લેપ કરવો અને પછી થોરથુથું ઘસી લગાડવું જેથી મસા નાશ પામે છે. "

કફના અરશનાં લક્ષણ.

કફ વ્યાધિના મસા ઉંડામૂળવાળા, જાડા, મંદપીડાવાળા, ધોળા, ઉંચા, ગોળ, ભારે સ્થિ-રતા વાળા, પીંછલા વાળા, આળા ચામડાથી વિંટાએલા, લીસા, ચળ સહિત, જેને સ્પર્શ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારો લાગે એવા અણીદાર મસા હોય છે. સાથળના મૂળને સજ્જડ કરનાર, પેડુમાં આફરો, ગુદામાં, મૂત્રાશયમાં અને નાભિમાં આકર્ષણના જેવી પીડા આપનાર–ઉધરસ, શ્વાસ, મોળ, થુકવું, અરૂચિ, સળેખમ, પ્રમેહ, મૂત્રકૃચ્છ, માથાની જડતા, શીતજ્વર, મૈથુનની ઇચ્છાનો અભાવ, અગ્નિનું મંદપણું, ઉલટી તથા જેમાં આમ વિશેષ હોય એ ગ્રહણી અને અતિસાર–આદિ વિકારોથી યુક્ત, ચરબીના જેવી કાન્તિવાળા, કફથી વ્યાપ્ત થયલી વિષ્ટાવાળા, પ્રવાહિકાવાળા હોય છે. એ અરશમાંથી લોહી શ્રવે નહીં તેમ ભેદાય પણ નહીં: પણ તેઓથી ચામડી વગેરે પાંડુ તથા સ્નિગ્ધ થઇ જાય તો જાણવું કે કફના અરશ છે.

ઉપાય.

"આદુ તોલા ૪ લઇ તેનો કવાથ કરી ૨૧ દિવસ પીએ તો કફના મસા નાશ થાય છે. **અથવા**–હળદરના ગાંઠીઆને થોરના દૂધની ૭ ભાવનાઓ દઇ તે ગાંઠીઓ ઘસી મસા ઉપર લેપ કરે તો કફના મસા નાશ પામે. **અથવા** ત્રિફળાં, દશમૂળ, ચિત્રામૂળ, નસોતર, અને નેપાળાનાં મૂળ, એ પાંચ ઔષધીઓ પ૬–૫૬ તોલા ભાર લઇ પાણી શેર ૨૮ (૪૦ રૂપિયા ભાર શેરના હિસાબથી) માં ઉક્ત ઔષધીઓને આખી પાખી ખાંડી) ગોળ પોણાદશ શેરને બે રૂપીઆ ભાર નાખીને ૨૧ દિવસ પર્યંત એકાંતમાં રાખી મુકવી. પછી દારૂ ખીંચવાની ભઠ્ઠી પ્રમાણે તેમાંથી અરક ખીંચી લેવો. તેમાંથી ૧ ટાંક ભાર નિરંતર સેવન કરે તો કફના અરશ નાશ થાય છે. વૃં૦ "

સન્નિપાતના અરશનાં લક્ષણ.

જેમાં વાયુ, પિત્ત અને કફ એ ત્રણેનાં લક્ષણો હોય તો ત્રિદોષ જન્ય અરશ જાણવા. (દોષ વાળી વ્યાધિમાં બેનાં અને ત્રણ દોષવાળી વ્યાધિમાં ત્રણેનાં ચિન્હો પ્રત્યેક વ્યાધિમાં હોય છે.) ત્રણે દોષોનાં ચિન્હો ઉપર બતાવી ગયા છીએ એટલે અત્રે કહેવાની અવશ્યકતા નથી.

ઉપાય.

આદુ ૧૨ તોલા, કાળાં મરી ૪ તોલા, પીપર ૮ તોલા, ચવક ૮ તોલા, તાલીસપત્ર ૪ તોલા, નાગકેસર ૨ તોલા, પીપરીમૂળ ૮ તોલા, ચિત્રામૂળ ૭ તોલા, એળચી ૧ તોલો, તજ ૧ તોલો અને કમળની દાંડી ૧ તોલાભાર લઈ સર્વેનું સૂક્ષ્મ ચૂર્ણ કરી તેમાં ગોળ ૧૬૦ તોલા ભાર મેળવી ગોળી ૧ તોલાભારની કરી જમ્યા પહેલાં ૧ ગોળી ખાઇ તે ઉપર બળાનુસાર મદ્ય, માંસરસ, દૂધ, યૂષ તથા પાણી પીએ તો, સન્નિપાતના મસા નાશ થાય છે. તથા મૂત્રકૃચ્છ્, વાયુના રોગો, વિષમજ્વર, મંદાગ્નિ, પાંડુ, ગોળો, કૃમિ, હૃદ્રોગ, શૂળ, અમ્લપિત્ત, બરલ, ઉધરસ, શ્વાસ, વમન, અતિસાર અને હેડકી વગેરે રોગોને જુદાં જુદાં અનુપાન સાથે સેવન કરવાથી દૂર કરે છે. જેમ જળમાં નાંખેલું તેલ એકદમ સર્વ સ્થળે ફેલાય છે તેમ અનુપાનના બળથી ઔષધ તત્કાળ આખા શરીરમાં અથવા વ્યાધિના સ્થળે જઈ પહોંચે છે અને ઉત્તમ ગુણ કરે છે. માટે પ્રત્યેક ઔષધો યોગ્ય અનુપાન સાથે આપવાં. આ **પ્રાણદાગુટિકા** કહેવાય છે. **સર્વસંગ્રહ. અથવા** ત્રિફળા, સુંઠ, કાળાંમરી, પીપર, તજ, તમાલપત્ર, એળચી, વજ, શેકેલીહીંગ, કાળીપાટ, સાજીખાર, જવખાર, હાઉબેર, ઇન્દ્રજવ, ચવક, કડુ, દેવદાર, હરીતકી, ખાખરાનાં મૂળ, પીપરીમૂળ, પીલુનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગર્ભ, અને મોડીઅજમો એ સઘળાં સમાન લઇ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉના પાણી સંગાથે ૨ તોલાભાર અથવા એરંડીયા તેલમાં કાળવી આ **વિજયચૂર્ણ** નિરંતર સેવન કરે તો, સન્નિપાતના અરશ, શ્વાસ, શોષ, ઉધરસ, હેડકી, ભગંદર છાતી તથા પડખાનું શળ, વાયુ-ગોળો, ઉદરવ્યાધિ, પ્રમેહ, પાંડુ, વૃદ્ધિ, ગુદાના કૃમિયા, સંગ્રહણી, વિષમજ્વર, જીર્ણજ્વર, અને ઉન્માદ રોગ તથા વંધ્યારોગ વગેરેનો નાશ કરે છે. **ભાવપ્રકાશ.**

અથવા શુદ્ધપારો ૪ તોલા, શુદ્ધ ગંધક ૮ તોલા, તામ્રેશ્વર **૧૨** તોલા, ગજવેલ **૧૨** તોલા, સુંઠ ૮ તોલા, કાળાંમરી ૮ તોલા, પીંપર ૮ તોલા, શુદ્ધ વછનાગ ૪ તોલા, નેપાળાનું મુળ ૮ તોલા, વદવાડીયાનાં મુળ ૮ તોલા, ચિતરા મુળ ૮ તોલા, પીલુડી ૮ તોલા, જવખાર ૨૦ તોલા, ખડીઓખાર ૨૦ તોલા, સિંધાલુણ ૨૦ તોલા, ગોમૂત્ર ૮૮ તોલા, અને થોરનું દુધ ૮૮ તોલા ભાર લઇ ખાંડવા યોગ્ય હોય તેને ખાંડી-ખરળ કરવા યોગ્ય હોય તેને ખરળ કરી સર્વ એકઠા કરવાં. પછી કડાઇમાં નાખી અગ્નિ ઉપર મંદ તાપથી પકાવી તેનાં મુઠીઆં કરી લેવાં તેમાંથી માસા ૨ ભાર ઉના પાણી સંગાથે સેવન કરે તો અસાધ્ય સન્નિપાતના તથા સર્વ પ્રકારના અરશ નાશ પામે છે. આ **અર્શકુઠાર રસ** કહેવાય **છે. યોગતરંગિણી.**

સર્વ પ્રકારના અરશ નાશ થવાના ઉપાય.

કાંતિલોહ કિંવા ગજવેલ જાતનું લોઢું લઈ તેનાં ઝીણાં પાતરાં કરાવી તપાવી તપાવીને તેલમાં, છાશમાં, ગોમૂત્રમાં, કાંજીમાં અને ત્રિફળાના ક્વાથમાં ૭–૭ વખત ઠારવાં. પછી તેની ઝીણી રેત-ભૂકો (કાનસ વતે) કરાવી અને તે ભૂકાના બારો ભાર મણશીલ તથા સોનામાખી લઇ તેનો પણ ભૂકો કરી રતવેલીઆના મુળનો કલ્ક અને પારો અથવા એકલા રતવેલીઆના રસમાં એ બન્નેને ઓસણી લોઢાના ભુકા સાથે મેળવી એક મોટા શમ પાત્રમાં ભરી સંપુટ મુદ્રા કરી ખેરના કોલસાના અગ્નિથી તેને ખુબ ધમવું જ્યારે સોનામાખી અને મણશીલ બળી જાય તથા વાસના આવે નહીં ત્યારે તેને અગ્નિમાંથી બહાર કાહાડી લેવું. એમ ૧૦ વખત કર્યા પછી ત્રિફળાના રસ વા, ક્વાથ સંગાથે પારાને ઘુંટી તેમાં તે શુદ્ધ ભૂકો ઘુંટવો એટલે જેટલો ભૂકો હોય તેના આઠમા ભાગે પારો તે રેતીને ખરલવી દેવો, અને અગ્નિની આંચ આપવી એ પ્રમાણે પણ જ્યારે ચાર વખત ભસ્મ થાય ત્યારે ખરલમાં ઝીણો વાટી દેવો એટલે પાણીમાં નાખવાથી તરતો રહેશે, પછી ફરી તેને એક લોખંડના મજબુત વાટકામાં નાખી તેને રાતી સાટોડીના રસના, ખાખરાના રસના-થોરના દુધના, સાટોડીના રસના તથા શતાવરીના રસના ૧૦–૧૦ પુટ દેવા. લિંબડાની ગળોના રસના પુટ ૨૦, જાંબુડાની છાલના રસના ૭, ઉમરાની છાલના રસના, ૭, કુવારપાઠાના રસના ૧૦, તીંદુરીના ૭, આમળા રસના ૨૦, લીંબુના રસના ૨૦, ખાખરાની છાલના રસના ૧૦ એ પ્રમાણે પુટ દેવાની રીતિ પ્રમાણે પુટ દઇ પછી ભૂકાના બારમા ભાગે શુદ્ધ હિંગળોક લઇ કુમારપાઠાના રસમાં ઘુંટી ભૂકાને પુટ આપવો. ત્યાર પછી ઘીના ૧૦ પુટ અને મધના ૧૦ પુટ દેવા અને પ્રત્યેક પુટ વખતે ગજપુટ અગ્નિ આપવો. પછી તેને ખરલમાં ઘુંટી સુંદર શીશીમાં ભરી રાખવો. તેમાંથી પ્રથમ દિવસે ૧ રતી પ્રમાણે મધ પીપરના સંયોગથી શુભ દિવસે સદાશિવજીનું પૂજન કરી ' ॐ अमृतभक्षयामिस्वाहा ' આ મંત્રનો ઉચ્ચાર કરી વર્દ્ધમાન પીપરની રીતિ પ્રમાણે દિન પ્રતિદિન ચઢતી માત્રા દેવા, કાળ, અગ્નિ, દેશકાળ, શરીર બળ

For Private And Personal Use Only

અને વય બળનો વિચાર કરી પ્રાતઃકાળે માત્રા આપી તે ઉપર બળબીજના મૂળનો ક્વાથ પાવો એમ માસ ૩ કરે અને પથ્યમાં રહે તો અરશમાત્રની વ્યાધિનો મૂળમાંથી નાશ કરે છે. વૃદ્ધ પુરૂષ પણ આના સેવનથી યુવાન થાય છે. તથા બળ, વર્ણ, પરાક્રમ, પુષ્ટતા અને આયુબળ વિશેષ પ્રાપ્ત થાય છે. તથા મંદાગ્નિ, ઉધરસ, શ્વાસ, પાંડુ, વાતરક્ત, મૂત્રકૃચ્છ્ર, અંડવૃદ્ધિ–આદિ સર્વ રોગો તથા અસાધ્ય રોગો વગેરેનો પણ નાશ થાય છે. આના ઉપર કોળું, તેલ, અડદ, રાઇ, દારૂ, ખટાસ અને ગરમ વસ્તુ તથા અહિતકારી વસ્તુ ખાવી નહીં તો મહા ગુણ કરે છે. આ **કાંતિસાર–[1]લોહસાર કિંવા શંકરલોહનો વિધિ મોટા આત્રેય તથા ભાવપ્રકાશ મધ્યખંડના ભાગ બીજામાં કહેલ છે. અથવા**–કરડેની છાલ ટાંક ૨, અને જુનો ગોળ ટાંક ૫ એ બન્નેનું પાણી સાથે નિરંતર સેવન કરી તે ઉપર ગાયની છાશ પીએ તો મસા માત્રનો નાશ કરે છે. **અથવા** ઉંધા ફુલી, બળબીજ, દારૂહળદર. પીલવણી, ગોખરૂ, વડવાઇ તથા ઉમરાના અંકુર, પીપળાનાં કુણાં પાદડાં એ સઘળી ઓષધીઓ ૮–૮ તોલા ભાર લઇ ખાંડી ક્વાથ કરી ગાળી લેવો, પછી ડોડીનું મૂળ, કડુ, પીપર, પીપરીમૂળ, મરી, દેવદાર, ઇંદ્રજવ, શીમળાનાં ફુલ,સુખડ, ખાહ્મી, રસવંતી, કાયફળ, ચિત્રામૂળ, મોથ, ચઉલા, અતિવિષ, સાલપરણોટી, કમળકાકડીનાં બીજ વા, કમળનું કેસર, મજીઠ, ભોંરિંગણી, સુંઠ, મોચરસ અને કાળીપાડ એ સઘળાં ઔષધો ૧–૧ તોલો લઇ એઓને ઝીણાં વાટી તેમાં પાણી ૨૫૬ તોલા નાખી ક્વાથ કરવો. ચતુર્થાંશ રહે ત્યારે તેને પણ ગાળી લઇ તે બન્ને રસ એકઠા કરી તેમાં સુનિષ્ણુક અને ચાંગેરી (ખાટાં ચાર પાંદડાં વાળી લુણી)નો સ્વરસ, ગાયનું ઘી ૬૪ તોલા નાખી પુનઃ અગ્નિ ઉપર ચઢાવી ઉકળાવો. જ્યારે સર્વે રસ બળી ઘી માત્ર આવી રહે ત્યારે ઉતારી લઇ ગાળી તેમાંથી યોગ્ય માત્રાએ નિરંતર સેવન કરે અને પથ્યમાં રહે તો અરશ, સર્વ અતિસાર, આમરોગ, આમળનો રોગ, સોજો, શળ, ગુદાનાં દરદો, મંદાગ્નિ અને વાયુ રોગોનો નાશ કરે છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક લઇ કાજળ કરી એ બન્નેથી બમણો વીજાબોળ મેળવી ઘીમાં વાટી સૂક્ષ્મ કરી કાજળમાં મેળવવો, પછી લોઢાના વાસણમાં પીગાળી ઘુંટી તેની ટીકડીઓ વાળવી પછી તે ટીકડીઓને લોખંડના પત્રા ઉપર રાખી અગ્નિદ્વારા પાતળી કરવી અને તદનંતર કેળના પાનડા ઉપર ઢાળી દઇ તેની પાપડી–પતરીઓ બનાવવી. નિરંતર ૪ વાલ ભાર ૧૫ દિવસ સુધી સેવન કરે તો સન્નિપાતના અરશ પણ મટે છે તો અન્યનું શું કહેવું ? **વૈદ્યવિનોદ.** આનું નામ **પર્પટી રસ** કહે છે. **અથવા** ચૂનો, સાજીખાર, ખડીઓખાર, અને મોરથુથું એઓ સમાન લઈ લિંબુના રસમાં ૩ દિવસ ભીંજવી ઘુંટી મસા ઉપર લગાડે તો નિશ્ચે મસા દૂર થાય છે. **અથવા** સીસાની ગોળી ગાયના ઘી સંગાથે ઘસી અરશ ઉપર ૧૦ દિવસ લગાડે તો નાશ પામે. **અથવા** વિષ્ણુક્રાંતા–(ગરણી અથવા તલકટો) ટાંક ૨, મરી ટાંક ૨,

---

૧–લોહસારનો પાઠ શ્લોક બદ્ધ ન હોવાથી શંકારહિત ખુલાશો થઇ શક્યો નથી. તેમ ભાવપ્રકાશનો પાઠ જોતાં કેવળ પાઠાંતર છે, તેથી આ લોહસાર માટે મારો તો અભિપ્રાય એજ છે કે તેને ઉપયોગમાં જ લેવો નહીં એ વધારે સારૂં છે; કેમકે જે વિષયનું નિઃશંસય સ્પષ્ટિ કરણ થતું નથી તો તો તેમાં ફેરફાર રહેવાથી લાભના બદલે અલાભ થાય છે; માટેજ આ પ્રયોગ સિવાય અન્ય પ્રયોગો અતિ ઉત્તમ છે તેઓને ઉપયોગમાં લેવા એજ લાભદાતા છે એમ માનું છું.

ભા. કર્તા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાંગ ૪ રતી લઇ નિરંતર વાટીને પીએ તો અરશનો રોગ શાંત થાય છે. અથવા ગુદાના મસા વિના શરીરના અન્ય કોઇ ભાગ ઉપર જે મસા થાય છે તેને ચર્મકીલ કહે છે તેને અગ્નિ કિંવા ખારના સંયોગથી બાળી નાખવા.

સાધ્યાસાધ્ય અરશોનાં લક્ષણ.

ગુદાની સંવરણી નામની વળીમાં એક દોષથી ઉત્પન્ન થયેલો એક વર્ષની અંદરનો અરશ રોગ હોય તો સુખસાધ્ય. તથા અરશ રોગ થયાને એક વર્ષ ઉપરાંત વખત થયો હોય તથા એ દોષની ઉલ્વણતા વાળો વિસર્જની નામની બીજી વળીમાં હોય તો તે કષ્ટસાધ્ય અને જે જન્મથીજ હોય કિંવા ત્રણ દોષની ઉલ્વણતા સહ હોય તથા ગુદાની ત્રીજી પ્રવાહણી નામની વળીમાં હોય તે અસાધ્ય સમજવો. તથા જે અરશરોગીને હાથ પગમાં, મોહોડામાં, નાભિમાં, ગુદામાં કે અંડકોષમાં સોજો હોય, છાતીમાં તથા પડખામાં શળ નીકળતાં હોય; મોહ, ઉલટી, અંગમાં વ્યથા, જ્વર, તરશ, અરૂચિ, અને અતિસારથી પીડા તો તથા જેનું લોહી અત્યંત ઝરી ગયું હોય ગુદાપાકી આવેલી હોય તો તે અરશરોગી અવશ્ય મરી જાય છે. માટે આ લક્ષણો વૈદે અવશ્ય લક્ષમાં રાખી ઉપચાર કરવા.

અરશ રોગીને પથ્યાપથ્ય.

હલકું ભોજન, કલથ, દુધ, ચોખા, ઘી, તુરીયાનું શાક, લસણ, છાશ, માખણ, આમળાં, શ્રદ્ધા, સ્વચ્છ હવા, સપટ બેઠક, ઝાડાની શંકા ન રોકવી અને શુદ્ધ આહાર વિહાર કરવો એજ હિતકારી છે.

પરંતુ માદક પદાર્થ, બાજરી, મવારફળી, ભારે અન્ન, દહી, અડદ, લાલ કોળું, પાકેલી કેરી, ઉજાગરો, મૈથુન, ઝાડાને રોકનાર પદાર્થો, શ્રમ, અતિ ફરવું, મિષ્ટ ભોજન, ખીર, લાડુ, મેદાની પુરી, પંતાક, મરચાં, તેલ, ઉંટ ઘોડાની સ્વારી કરવી, ઉભડક બેસવું, સ્ત્રીનો સ્પર્શ અને મિથ્યા આહાર વિહાર એ સર્વ અહિતકારી છે.

[1]અરશાધિકાર સંપૂર્ણ.

ઇતિશ્રી મન્મહારાજા ધિરાજ રાજ રાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થ વિષે અતિસાર સંગ્રહણી અને અરશ રોગોની ઉત્પત્તિ લક્ષણ તથા યત્ન નિરૂપણ નામનો ત્રીજો તરંગ સમાપ્તઃ ૩

---

૧ અરશ રોગ માટે જે ઔષધો પવનનો અનુલોમ કરે અને અગ્નિને તથા બળને વધારે તેવાં અન્ન પાન અને ઔષધોનું હમેશાં સેવન કરવું. જે મસાઓમાંથી બરાબર મળ નીકળતો હોય તેની વાતાતિસાર પ્રમાણે ચિકિત્સા કરવી, અને જેમાંથી જાડો મળ નીકળતો હોય તેની ઉદાવર્ત રોગની જે ચિકિત્સા આગળ કહેવામાં આવશે તે પ્રમાણે કરવી, અને ઊર્ધ્વજ તથા રૂધિર વહેવા વાળાની પિત્ત અને રૂધિરનાશક ચિકિત્સા કરવી. અને વિરૂબંધમાં ખારનું સેવન હિતાવહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ ચોથો.

અજીર્ણ ને વિસૂચિકા વિલંબિકાદિ ભેદના, શરાગ્નિભેદ ભસ્મકાદિ, કીટ, પાંડુ છેદના;
કુરોગ કામળા તથા હલીમકાદિ રોગના, તરંગ વેદમા વિષે વિચાર હેતુ યોગના.

જઠરાગ્નિના વિકારોનો અધિકાર.

મનુષ્યમાત્રના ઉદરમાં જઠરાગ્નિ ચાર પ્રકારનો છે એટલે મંદાગ્નિ ૧, તીક્ષ્ણાગ્નિ ૨, વિષમાગ્નિ ૩, અને સમાગ્નિ ૪. તે પૈકી કફના આધિક્યતાથી મંદ, પિત્તના આધિક્યતાથી તીક્ષ્ણ, વાયુની આધિક્યતાથી વિષમ અને એ ત્રણે દોષોની સમતાથી સમ-અગ્નિ હોય છે.

મંદાગ્નિનું લક્ષણ.

મંદાગ્નિ વાળું મનુષ્ય થોડું પણ હિતકારી ભારે પદાર્થ ખાય, કિંવા કોઈ પણ પદાર્થ ખાય તો તે પચતું નથી, ઉલટી થાય છે, ગ્લાનિ રહે છે, લાળ પડ્યા કરે છે અને માથું તથા પેટ ભારે રહે છે.

તીક્ષ્ણાગ્નિનું લક્ષણ.

જેના જઠરમાં તીક્ષ્ણ અગ્નિ હોય તો વિશેષ ખાધેલ ભારે કે અન્ય ભોજન પદાર્થ પણ સહેલાઈથી તુરત પચી જાયછે. આ શ્રેષ્ઠ અગ્નિ છે.

વિષમાગ્નિનું લક્ષણ.

જેના પેટમાં વિષમ અગ્નિ હોય તો કોઈ સમયે સારી પેઠે ખાધેલું અન્ન પચે છે. અને કોઈ સમયે બરાબર પચતું નથી, પેટ ચઢી આવે છે, ઉદાવર્ત્ત થાય છે, શૂળ નીકળે છે, પેટમાં ભાર, અધોવાયુ મુકતાં કફયુક્ત વિષ્ઠા પડે છે, અતિસાર થાય છે અને આંતરડાંમાં શબ્દ થયા કરે છે.

સમાનાગ્નિનું લક્ષણ.

જેના ઉદરમાં સમાન અગ્નિ હોય તો ખાધેલા પદાર્થ સમાન રીતે પચે છે, ઘણું જમે કે, અજીર્ણ છતાં જમે; તદપિ સારી પેઠે પચી જાય છે. આ અગ્નિ સર્વે કરતાં ઉત્તમ છે. આ અગ્નિથી કોઈ પણ પ્રકારનો વિકાર થતો નથી અને ભૂખ લાગે તેને રોકે તો પણ તાત્કાળ વ્યાધિ ઉત્પન્ન થતો નથી. તથા તીક્ષ્ણ અગ્નિ ભૂખને બંધકરી પિત્તના વ્યાધિ ઓને તુરત જન્મ આપે છે માટેજ સમાગ્નિ સર્વોત્તમ છે. મંદાગ્નિથી કફના, તીક્ષ્ણાગ્નિથી પિત્તના, વિષમાગ્નિથી વાયુના રોગો અને સમાગ્નિથી નિરોગતા પ્રાપ્ત થાય છે. કેટલાક ગ્રંથકારોએ ભસ્માગ્નિ નામા અગ્નિનો પાંચમો ભેદ ગણેલો છે તે ભસ્માગ્નિથી થતા ભસ્મક રોગની વ્યાખ્યા નિચે પ્રમાણે.

ભસ્મક રોગની ઉત્પત્તિ સંપ્રાપ્તિ તથા લક્ષણ.

અત્યંત તીખાં તથા લુખાં અન્ન જમે તેથી કફ ક્ષીણ થઈ વાયુ પિત્ત અત્યંત વધી જાય છે, ત્યારે પવન સહિત વૃદ્ધિ પામેલું પિત્ત, વાયુની પ્રેરણાએ અગ્નિ રૂપ ધરી, કરેલા ભોજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નને ક્ષણવારમાં ભસ્મ કરી નાખે છે, તે કારણને લીધે અગ્નિરૂપ રોગ ભસ્મક કહેવાય છે. તે જો ભૂખને રોકે તો તે અગ્નિ ધાતુઓને બાળવા લાગે છે. જો ભસ્માગ્નિ અત્યંત જોર ઉપર આવે તો. તરશ, પરસેવો, બળતરા. મૂર્છા, ઇત્યાદિકને ઉત્પન્ન કરી અન્નને તુરત પકાવી તત્કાળ ધાતુઓનો નાશ કરે છે.

અજીર્ણ રોગની ઉત્પત્તિ.

વિશેષ પાણી પીવાથી, વિષમ ભોજન કરવાથી, મૂત્ર—મળના વેગને રોકવાથી, દિવસે સુવાથી, રાત્રે જાગવાથી, અને ઉજાગરા કરવાથી પ્રાસન કરેલાં હિતકારી અન્નાદિ સમય પ્રમાણે ઉપભોગમાં લીધા છતાં પણ પાચન થતાં નથી. તથા નિરંતર તૃષ્ણા, ભય, ક્રોધ, ચિન્તા, લોભ, રોગ, દીનતા અને દ્વેષથી ઘેરાએલાજનોનું વખતસર ખાધેલું, પથ્ય, હલકું અને સ્નિગ્ધ ઉષ્ણ ભોજન પણ પૂર્ણરીતે પચતું નથી; અર્થાત્ એવા મનુષ્યોને અપચો થાય છે અને અજીર્ણના વ્યાધિઓ ઉત્પન્ન થાય છે.

જે મનુષ્યો પ્રમાણ વગર પશુઓની પેઠે આગ જમે છે તેઓને જ્વરાદિ રોગોના સમૂહના મૂળ કારણ રૂપ અજીર્ણ થાય છે અથવા તો આહારની વિષમતાથી અજીર્ણ થાય છે અને તે અજીર્ણથી રોગોનો સમૂહ થાય છે કે જે રોગોનો સમૂહ અજીર્ણ નાશકો ઉપાય શીઘ્ર મરે છે.

અજીર્ણનાં સામાન્ય લક્ષણ તથા સંખ્યા.

ગ્લાનિ, ભારેપણું, સજ્જડપણું, ભ્રમ, વાયુનો અવરોધ, ઝાડાનો કબજો થાય અથવા બહુ ઝાડા લાગ્યા કરે તો જાણવું કે અજીર્ણ થયું છે. તે અજીર્ણ રોગ ૬ પ્રકારનો છે. આમાજીર્ણ ૧, વિદગ્ધાજીર્ણ ૨. વિષ્ટબ્ધાજીર્ણ ૩, રસશેષાજીર્ણ ૪, અજીર્ણ ૫, અને પ્રતિવાસર ૬, એ ૬ પ્રકાર છે. તે પૈકી કફથી આમાજીર્ણ થાય છે, અને પિત્તથી વિદગ્ધાજીર્ણ થાય છે.

ખાધા પછી પાકેલા દ્રવરૂપમાંથી કાંઇક કાચો ભાગ રહી જાય તે રસ શેષાજીર્ણ, ખાધેલું અન્ન તેજ દિવસે ન પચતાં બીજે દિવસે પચે તે અજીર્ણ, અને વિકારોને ન ઉત્પન્ન કરનારૂં જે અજીર્ણ પ્રત્યેક્ દિવસે થાય છે એટલે જ્યાંસુધી પચ્યું ત્યાં સુધી અજીર્ણ કહેવાય તે પ્રતિવાસર અજીર્ણ કહેવાય છે. આ અજીર્ણમાં જમવાનો નિષેધ નથી; કારણ કે, સવારનું જમેલું અજીર્ણ છતાં પણ સાંઝે જમવામાં હરકત નથી.

પ્રત્યેક્ અજીર્ણનાં લક્ષણો.

આમાજીર્ણમાં પેટ તથા શરીર ભારે રહે, વમનની શંકા રહે, ગાલ તથા આંખના ડોળા ઉપર સોજા જણાય અને ખાધેલું ન પચ્યા જેવાજ ઓડકાર આવ્યા કરે તથા મળ કાચો ઉતરે.

વિદગ્ધાજીર્ણમાં ભ્રમ, તૃષા, મૂર્છા, પિત્તને લીધે સંતાપ, શોષ, બળતરાદિ વિવિધ પ્રકારની ગરમીના વ્યાધિઓ થાય અને ધૂમાડાવાળા ખાટા ઓડકાર આવે તથા પરસેવો વળે છે.

વિષ્ટબ્ધાજીર્ણમાં શૂળ, આફરો, વાયુની અનેક પ્રકારની પીડાઓ થાય, મળ તથા ગુદાનો પવન રોકાય, અંગો સજ્જડ થઇ જાય અને મૂર્છા તથા સોયો ભોંકાયા જેવી અંગમાં પીડા થાય છે

રસશેષાજીર્ણમાં અન્ન ઉપર અરૂચિ, છાતીમાં દુખાવો, શરીર ભારે અને બેચેન રહે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

अजीर्णमां जो मूर्छा, बकवा, ऊलटी, ग्लानि, भ्रम अने लाळनुं पडवुं थाय तो ते अजीर्णथी मनुष्यनुं मरण थाय छे. पण आ उपद्रवोए करी रहित जे व्याधिनी सहायता सिवायनुं अजीर्ण होय तो चिन्ता जेवुं नथी.

जे मूर्ख मनुष्य पशुओनी पेठे ढंगधडा वगर स्वाद के अप्राप्त भोजन प्राप्त थवाथी लोभने लीधे माप रहित जमे तेने अनेक रोगो थाय छे; केमके दोषोना लीधे अल्प आम बंधाएलो होवाथी अग्निना मार्गने रोकी शके नहीं तेथी अजीर्ण छतां पण भूख लागवानी भ्रांति थायछे, ते भ्रमना लीधे खाय तो ते मनुष्य मरी जाय. आमाजीर्ण, विदग्धाजीर्ण, अने विष्टब्धाजीर्णथी **विसूचीका, अळस** तथा **विलंबिका** थाय छे एटले आमाजीर्णथी विसूचिका, विदग्धाजीर्णथी अळस अने विष्टब्धाजीर्णथी विलंबिकाथाय छे एम अनुक्रमे समजवुं नहीं, पण एकेक अजीर्णथी ए त्रणे व्याधिओ उत्पन्न थाय छे एम समजवुं.

विसूचिका, अळस अने विलंबिकानां लक्षण.

विसूचीका एटले कॉलेरा-कोगळीयुं कहेवाय छे ते रोगमां अजीर्णने लीधे वायु जाणे सोयोथी गात्रोने भोंकतो होय एवी क्रूरवेदना थाय, मूर्छा, पाणी जेवो पातळो झाडो, ऊलटी, तृषा, शूळ, भ्रम, हाथ पगमां गोटला चढे, बगासां, बळतरा अने शरीरनो वर्ण बदलाइ जाय, धुजारो, छातिमां वेदना तथा माथामां पीडा थाय तो जाणवुं के कोगळीआनो रोग लागु थयो छे. तेमां पण ए रोगमां निद्रा जती रहे, सर्व वस्तु उपर अप्रीति, शरीर कांपे अने मूत्र रोकाइ जाय तथा संज्ञानो नाश थइ जाय तो ते अवश्य मरी जाय.

अळस रोगमां पेट घणुंज चढी आवे, हाथ पग वगेरे अंग पछाडया करे, चीसो पाडया करे, आंतरडां बोले, तरश बहु लागे, ओडकार घणा आवे, मळ-मूत्र रोकाइ जाय अने बंध थएलो अधोवायु कंठ अने छाति वगेरे उपरना भागमां जतो रहे तेने अळस कहे छे. तथा आहार उंचे नीचे जाय के पाके पण नहीं; परंतु कोठामांज स्थिर थइ रहे तेज अळस रोग कहेवाय छे.

आ रोगवाळाना तथा कॉलेरा वाळाना जो दांत, होठ, नख काळा पडी जाय, भान जरापण रहे नहीं, आंख उंडी जती रहे, स्वर दुर्बळ थइ जाय अने सर्व सांधाओ नरम पडी जाय-गमा भागी जाय तो ते माणस निश्चे मरणने शरण थाय छे.

विलंबिका रोगमां दुष्ट थयलुं खाधेलुं अन्न कफ अने वायुने लीधे मुखद्वारथी नीकळे नहीं तेम गुदाद्वारथी पण नीकळे नहीं तेने विलंबिका कहे छे. आ रोगनी चिकित्सा-अशक्य छे, अर्थात् असाध्य रोग छे माटे चिकित्सा करवी नहीं.

अजीर्ण मटवानां लक्षण.

सारी पेठे चोख्खा ओडकार आवे, शरीरमां उत्साह, मळ-मूत्र तथा अधोवायुना वेगनुं योग्य रीते छूटवुं, शरीर हलकुं जणाय अने भूख तरस सारी रीते लागे तो जाणवुं के अजीर्ण जीर्ण थयुं छे.

अजीर्ण रोगना उपाय.

अजीर्ण रोग साधारण कहेवाय छे; परंतु अनेक भयंकर प्राणघातक रोगोने जन्म

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપનાર (અજીર્ણ) છે માટે તે રોગને થતાં વેંતજ યોગ્ય ઉપાયોવડે નાશ કરવા કાળજી રાખવી. **અથવા** હરડેની છાલ, તથા સુંઠને ઝીણુંવાટી ટાંક ૨ ભાર ચૂર્ણમાં ગોળ ટાંક ૧૦ મેળવી પાણી સાથે નિરંતર સેવન કરે તો આમાજીર્ણ દૂર થાય છે અને ભૂખ લાગે છે. **અથવા** હરડેની છાલ, સુંઠ અને સિંધાલુણના સેવનથી પણ ઉપર પ્રમાણે ગુણ થાય છે. **અથવા** સિંધાલુણ, સુંઠ અને મરી સમાન ભાગે લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ભાર બઇ ગાયની સુંદર છાશ સંગાથે ૧૫ દિવસ સુધી સેવન કરે તો ભૂખ વધે, મંદાગ્નિ જાય, પાંડુ તથા હરસ મટે. **અથવા** મીઠું, બીડલુણ, ટંકણખાર, સિંધાલુણ અને સંચળ એઓની ફાકી લેવાથી આમાજીર્ણ મટે છે. **અથવા** લંઘન કરવાથી વિદગ્ધાજીર્ણ મટે છે. **અથવા** શેક કરવાથી વિષ્ટબ્ધાજીર્ણ તથા શયનથી રસશેષાજીર્ણ મટે છે. **અથવા** સુંઠ, કાળાંમરી, પીપર, બોડીઅજમો, સિંધાલુણ, શેકેલી ચોખી હીંગ, જીરૂં અને શાહજીરૂં એ સઘળાં સમાન ભાગે લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૧ તથા ૨ ભાર પેહેલાજ કોળીઆમાં ઘી ચૂર્ણ અને ખીચડી મેળવી નિરંતર ખાય તો કોઇ દિવસ અજીર્ણ થાય નહી અને થએલું હોય તો મટી જાયછે, ભૂખ વધેછે, ગોળો અને બરલ પણ નાશ પામે છે તથા વાયુ સંબંધી સઘળી પીડાઓ ટળે છે. આ **હિંગ્વાષ્ટક** ચૂર્ણ કહેવાય છે. **અથવા** જવખાર, સાજીખાર, ચિત્રામૂળ, કાળીપાડ, કાંચકાં. પાંચેલુણ, ઝીણી એળચી, તમાલપત્ર, ભારંગી, શેકેલી હીંગ, વાવડીંગ, પુષ્કરમૂળ, કચૂરો, દારૂહળદર, નસોતર, મોથ, વજ, ઇંદ્રજવ, કોકમ જીરૂં, આમળાં, હરડેદળ, પીપર, અમ્લવેતસ, અજમો, આંબળી, દેવદાર, હરડાં, અતિવિષ, કાંગ, છાંણીનાં મૂળ, ગરમાળો, તલનો ખાર, સરગવાનો ખાર, ખાખરાનો ખાર, અને ગોમૂત્રમાં ઠારેલો લોહકાટ એ સર્વે ઔષધીઓ બરાબર લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણકરી બીજોરાના રસના ૩ પુટ, આથાણાના રસના ૩ પુટ અને આદાના રસના ૩ પુટ દઇ સિદ્ધ કરેલા ચૂર્ણમાંથી ટાંક ૨ ભાર નિત્ય પાણીના સાથે સેવન કરે તો ભૂખ ઘણી લાગે, અજીર્ણ, ગોળો, ઉદરવ્યાધિ, બરલ, અરશ, અષ્ટિલા અને વાતરક્ત એટલા રોગોનો નાશ કરે છે. આ **બૃહદ અગ્નિમુખ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** થોર, આકડો, ચિત્રામૂળ, એરંડાનો ખાર, વાયવરણો, સાટોડી, તલ, અંઘાડો, કેળ, ખાખરો અને કોકમ એઓને બાળી ચોસઠ તોલા ભાર રાખ કરવી. પછી તે રાખ ૨૫૬ તોલા પાણીમાં નાખી ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળવું. પછી નીચે ઉતારી નીતરે ત્યારે વસ્ત્રથી ગાળી કહાડવું. તેમાં ૧૨૮ તોલા ભાર સિંધાલુણ નાખી પુન; ઉકળવા મૂકવું. જ્યારે ધૂમાડા રહિત કઠણ થયું જણાય ત્યારે ઉતારી લઇ ઝીણું ચૂર્ણ કરવું તથા તેમાં અજમો, સુંઠ, મરી, પીપર, જીરૂં કલોંજીજીરૂં અને શેકેલી હિંગ એઓનું ઝીણું ચૂર્ણ કરી મેળવવું. પછી તૈયાર કરેલું ચૂર્ણ ટાંક ૧ પ્રાતઃકાળે ઠંડા પાણી સંગાથે સેવન કરે અને એ ઉપર ચૂર્ણ પચી ગયા પછી ખાટા, ખારા, ઉના, અગ્નિ વધારનાર પદાર્થોસાથે જમે અને પછી છાશ પીએ તો મંદાગ્નિ, અરશ, વાયુ સંબંધી પીડા, કફ, ગોળો, સોજો, પથરી, શર્કરા, ઉદરવ્યાધિ અને મળ-મૂત્ર પવનના રોકાવટના રોગોનો નાશ કરેછે. તથા અજીર્ણ મટાડવા ભૂખ વધારવા જુદાં જુદાં અનુપાનો સાથે સેવન કરવું જેથી અનેક રોગોને નિકંદન કરે છે.આ **વૈશ્વાનર ચૂર્ણ** કહેવાય છે. **અથવા** સાંભરનું મીઠું ૮ તોલા, સંચળ ૫ તોલા, બીડલુણ ૨ તોલા, સિંધાલુણ ૨ તોલા, ધાણા ૨ તોલા, પીપર ૨ તોલા, પીપરામૂળ ૨ તોલા, તમાલપત્ર ૨ તોલા, કાળીજીરી ૨ તોલા, કેસર ૨ તોલા, તાલીસપત્ર ૨ તોલા, ચવક ૨ તોલા, અમ્લવેતસ ૧ તોલો, મરી ૧ તોલો, જીરૂં ૧ તોલો, સુંઠ ૧ તોલો, દાડિમના દાણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪ તોલા, તજ ૦॥ તોલો અને એળચી ૦॥ તોલો એ સઘળાનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી માસા ૪ ભાર ગરમ પાણી છાશ સંગાથે અથવા કાંજી કે, દહિંની તર સંગાથે સેવન કરે તો વાયુ તથા કફનો ગોળો, બરસ, ઉદરવ્યાધિ, અરશ, સંગ્રહણી, કેદ, બંધકુષ્ટ, શૂળ, સોજો, ઉધરસ, ભગંદર, શ્વાસ, ક્ષય, આમવિકાર, પાંડુ, પથરી, શર્કરા, છાતીનાં દરદ, અને મંદાગ્નિ વગેરે અજીર્ણના રોગોનો ઉત્તમ પ્રકારે નાશ કરે છે. આ **લવણભાસ્કર** ચૂર્ણ કહેવાય છે. **અથવા** સિંધાલૂણ ટાંક ૧, પીપરામૂળ ટાંક ૨, પીપર ટાંક ૩, ચવક ટાંક ૪, ચિત્રક ટાંક ૫, સુંઠ ટાંક ૬ અને હરડેની છાલ ટાંક ૭ લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ નિરંતર યોગ્ય અનુપાન સંગાથે સેવન કરે તો અજીર્ણ દૂર થાય અને ભૂખ સારી પેઠે લાગે છે. આ **વડવાનળ** ચૂર્ણ કહેવાય છે. **અથવા**-શુદ્ધગંધક ૮ ભાગ, શુદ્ધ પારો ૪ ભાગ, ગજવેલ ૨ ભાગ, અને તાંબેશ્વર ૨ ભાગ, પ્રથમ પારા ગંધકની કાજળી કરી પછી ઉકતબન્નેને મેળવી લોઢાના વાસણમાં નાખી અગ્નિ ઉપર ચડાવી ઓગળાવી પછી હળવેથી ધોળા એરંડાના પાનડા ઉપર તેને ઢાળી ઠંડાં થયા પછી ઝીણું વાટી ૪૦૦ તોલા બીજોરાનો રસ કાઢી ગાળી લઈ તેમાં નાખવો, અને અગ્નિદ્વારા પકાવવાં. જ્યારે તે રસ શોષાઇ જાય ત્યારે અર્થાત મંદઅગ્નિદ્વારા તે રસનું શોષણ કરવું. પછી પીપર, પીપરામૂળ, ચવક, ચિત્રક અને સુંઠ એઓનો કવાથ કરી તે કવાથના ૫૦ તથા આદાના રસના પુટ દેવાની રીતિ પ્રમાણે ૫૦ પુટ દેવા. સુકાયા પછી ફુલાવેલો ટંકણખાર તે ચૂર્ણના બરોબર નાખવો, અને એ સર્વેની બરોબર મરીઆનું ચૂર્ણ મેળવી તેનાથી અરધભાગે બીડલૂણ મેળવવું પછી ચણાના ખારના ૭ પુટ દેવા. એ રસને સુકવી વાટી એમ સિદ્ધ થયે સુંદર શીશીમાં યત્નવડે ભરી રાખવો. તેમાંથી માસા ૨ ભાર ખાઇ સિંધાલૂણ સહિત પછી ખાટી છાશ સેવન કરે તો, તાત્કાળ ઘોર અજીર્ણમાત્રને દૂર કરે છે અને બહુજ ભારે વસ્તુ ખાધી હોય છતાં આ ચૂર્ણના સેવનથી તુરત પચી જાય છે અને શૂળ, ગોળો, આફરો, બરસ તથા પેટના વ્યાધિ એ સર્વેનો નાશ કરેછે. આ **ક્રવ્યાદરસ** કહેવાય છે. **અથવા**-જવખાર, સાજીખાર, ટંકણખાર, શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, સુંઠ, ચવક, ચિત્રક, પીપર અને પીપરામૂળ એ સઘળાં સમાન લઇ સર્વેની બરાબર શેકેલી ભાંગ અને ભાંગથી અરધ ભાગે સરગવાનું મૂળ લઇ પારાગંધકની કાજળી કરી, અન્ય ઓષધીઓનું ચૂર્ણકરી, એકત્ર કરી સૂક્ષ્મ વાટી ભાંગના રસમાં, સરગવાની જડના રસમાં અને ચિત્રામૂળના રસમાં એક એક દિવસ ઘુંટવો (કિંવા ભાવના દઇ પચાવે રસ શોષાએ તેમ) તડકે સુકવી, સમપાત્રમાં ભરી સંપુટને કપડ માટી કરી અથવા છાણાના હલકા અગ્નિથી પકાવવા. સ્વાંગ શીતળ થયે કાઢી લઇ આદાના રસમાં (કિંવા નાગરવેલના રસમાં) ઘુંટી લેવો. સૂક્ષ્મ કરી રતી ૧ તથા ૨ ભાર મધની સંગાથે સેવન કરી તે ઉપર તજ ગોળ અને સુંઠનો કવાથ પીએ તો તાત્કાળ અજીર્ણ માત્રને દૂર કરેછે તથા અતિસાર, સંગ્રહણી, અગ્નિમાંદ્યતા, કફના રોગ, ઉલટી, મોળ, આલસ્ય અને અરૂચિ એટલા રોગોને દૂર કરેછે અને ભૂખ ઘણી લાગેછે. આ **જ્વાળાનળ રસ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા**-શુદ્ધગંધક, કાળાંમરી, અને સંચળ એ સમાન ભાગે લઇ ચૂર્ણ કરી પાણી સંગાથે ટાંક ૧ લે તો અજીર્ણ મટેછે. **અથવા** શુદ્ધ પારો ૧ ભાગ, શુદ્ધ ગંધક ૧ ભાગ, શુદ્ધ વછનાગ ૧ ભાગ, લવીંગ ૧ ભાગ, કાળાંમરી ૨ ભાગ, અને જાવંત્રી ૦॥ ભાગ લેવું. પારા ગંધકની કાજળી કરી તે કાજળીમાં બાકી ઓષધીઓ મેળવી કરી ઘુંટવી પછી લીંબુના રસમાં કિંવા આંબલીના ફુલના રસમાં ઘુંટી

For Private And Personal Use Only

તૈયાર કરવો. રતી ૧–૧ ભાર ૭ દિવસ સુધી સેવન કરે તો ભૂખ વધે અને અજીર્ણને તાત્કાળ મટાડેછે.આ **રામબાણ રસ** માટે **રસેંદ્રચિંતામણિ**નો કર્તા કહે છે કે—" આ રામબાણ નામથી પ્રખ્યાતિ પામેલો રસ અગ્નિની મંદતા રૂપ રાવણનો નાશ કરેછે, સંગ્રહણી રૂપ કુંભકર્ણને જીતનાર છે અને આમવાયુ રૂપી ખરદૂષણના મદને મર્દનાર છે. મરીના અનુપાનથી આ રસ સેવન કરે તો, જઠરાગ્નિને તુરત પ્રદીપ્ત કરે છે, રૂચિ ઉપજાવે છે, કફના સમૂહનો નાશ કરે છે અને શ્વાસ, ઉધરસ, ઉલટી તથા કૃમિઓનો નાશ કરનાર છે. **અથવા**–શુદ્ધપારો, શુદ્ધગંધક, ઓડીઅજમો, ત્રિફળા, સાજીખાર, જવખાર, ચિત્રામૂળ, સિંધાલૂણ, જીરૂં, સંચળ, પાનડીંગ, વડાગરૂ મીઠું, સુંઠ, કાળાંમરી અને પીપર એ સઘળાં સમાન ભાગે લઇ એ સર્વની બરાબર શુદ્ધ કરેલાં ઝેરકોચલાં લેવાં. પારા ગંધકની કાજળ કરી પછી બીજાં ઔષધોને ઝીણાં વાટી કાજળમાં મેળવવાં, અને જંબીરીના રસમાં ખરલ કરી મરી પ્રમાણની ગોળીઓ વાળવી તેમાંથી ૧ ગોળી યોગ્ય અનુપાન સાથે નિરંતર સેવન કરે તો, મંદાગ્નિ મટે છે તથા ભુખ ઘણી લાગે છે. જો આના ઉપર હરડેની છાલ, સુંઠ તથા ગોળ ખાય–ઉપયોગમાં લે તો સર્વ રોગને દૂર કરે છે. આ **અગ્નિતુંડાવતી ગોળી** કહેવાય છે. **અથવા** સુંઠ મરી, પીપર એ ત્રણે ૧ ભાગ સિંધાલૂણ ૨ ભાગ અને ગંધક ૩ ભાગ લઇ એઓને ઝીણાં વાટી વસ્ત્રથી ગાળી લીંબુના રસ સાથે ૧૦ દિવસ ઘુંટી ૧ રતી પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર સેવન કરે તો, અજીર્ણ માત્રને દૂર કરે છે અને ક્ષુધા વધારે છે. **આ ક્ષુદ્બોધરસ** કહેવાય છે. **અથવા** બીડલૂણ, સંચળ, અજમો, જીરૂં, શાહજીરૂં, હરડેદળ, સુંઠ, મરી, પીપર, ચિત્રામૂળ, અમ્લવેતસ, અને અજમોદ એ સઘળાં સમાન લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક૨ ભાર નિરંતર ફાકે તો પત્થર પચી જાય તો, પછી ભોજન પચવા માટે કહેવુંજ શું ? અર્થાત્ ગમે તેવા ગરિષ્ટ પદાર્થો ખાવામાં આવ્યા હોય; તો પણ આ **બીડલવણાદિચૂર્ણ** પચાવી દે છે. **અથવા** શુદ્ધ ગંધક, મરી, સુંઠ, સિંધાલૂણ, અને જવખાર એ સઘળાં સમાનલઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી લીંબુના રસમાં ૧૦ દિવસ સુધી ખરલ કરી ચણા પ્રમાણે ગોળીઓ વાળી ૧ ગોળી સેવન કરે તો ક્ષુધાને વધારે છે અને અજીર્ણને મટાડે છે. **અથવા** હરડેદળ ૯ ભાગ, પીપર ૪ ભાગ, ચિત્રક ૨ ભાગ અને સિંધાલૂણ ૧ ભાગ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ભાર પાણીની સંગાથે સેવન કરે તો ભૂખ લાગે અને અજીર્ણ મટે છે. **અથવા** ટંકણ, પીપર, શુદ્ધ વછનાગ, અને હિંગળોક એ સમાન ભાગે લઇ તેથી બમણા મરી ઝીણાં વાટી લીંબુના રસમાં ઘુંટી વટાણા પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ તથા ૨ પાણી સંગાથે સેવન કરે તો, તાત્કાળ અજીર્ણ, કફ અને વિસૂચિકા–કોગળીયું મટે છે. આ **અજીર્ણકંટકરસ** કહેવાય છે. **અથવા** શુદ્ધ વછનાગ, શુદ્ધ ટંકણ, અને મરી એ એક એક તોલો અને સિંધાલૂણ બેઇએ તેટલું એ સઘળાંસમાન લઇચૂર્ણ કરી તેને આદાનો રસ ૫૬ તોલા ભાર ધીરે ધીરે પાવો અર્થાત્ એ ચૂર્ણને ૫૬ તોલા ભાર રસની ભાવના આપવી.પછી દહીંને કપડામાં બાંધીને નિતારેલું પાણી ૫૬ તોલા ભાર પણ પાવું તથા લીંબુનો રસ ૫૬ તોલા પાઇ સારી પેઠે ઘુંટી ગોળી રતી ૧ પ્રમાણે વાળી ગોળી ૧ રોજ પાણી સાથે સેવન કરે તો અજીર્ણ તથા આફરો ઉદરરોગ, ગોળો, શૂળ, મટે છે અને ભૂખને રૂચિને વધારે છે. આ **ક્રવ્યાદિરસ** કહેવાય છે. **અથવા** દહિંનું પાણી અને લીંબુનો રસ ૬૪–૬૪ તોલા ભાર, આદાનો રસ ૪૮ તોલા, તજ ૪ તોલા, એળચી ૪ તોલા, લવીંગ ૬૦ તોલા, ફુલાવેલો ટંકણ તથા ચિત્રામૂળ બબે તોલા,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંઠ, મરી, પીપર, હરડે, બેહેડાં અને આંબળાં એ પ્રત્યેક ૭।૭ તોલા લઇ એ સઘળાને વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉપર કહેલા રસોમાં ભીજવી અર્થાત્ સર્વ રસ, પુટ આપવાની રીતિ પ્રમાણે શોષાવી ઘુંટી ચૂર્ણ તૈયાર કરી ઉના પાણીથી સેવન કરે તો તુરત અજીર્ણ મટે છે. આ **ક્રવ્યાદિચૂર્ણ** કહેવાય છે. **અથવા** સુંઠ, મરી, પીપર, ત્રિફળાં પાંચ જાતનાં લુણ, શેકેલો ટંકણ, જવખાર, સાજીખાર, શુદ્ધપારો, શુદ્ધ ગંધક અને શુદ્ધ વછનાગ એ સર્વ બરાબર લઇ પારા ગંધકની કાજળ કરી અન્ય ઔષધીને ઝીણી કરી મેળવી આદાના રસના ૭ પુટ દેવા. પછી સૂક્ષ્મ-ઘુંટી ગોળીઓ ૧ રતી પ્રમાણે વાળી ગોળી બે પાંચ કે સાત લવીંગના ચૂર્ણ સંગાથે સેવન કરે તો, તાત્કાળપણે અજીર્ણ મટે છે, અને ભૂખ વધે છે. આ **ક્ષુધાસાગર વટી** કહેવાય છે. **અથવા** મોટી હરડે નંગ ૧૦૦ લઇ ગાયની છાશમાં ઉકાળવી, પછી તેઓને મેથીઆ કેરીના પેઠે ચીરી ગોટલી–ઠીલીઆ કાહાડીનાખી તેમાં પડ્રુષણ (સુંઠ, મરી, પીપર, પીપરીમૂળ ચવક, ચિત્રક,) તજ, પાંચ જાતનાં મીઠાં, શેકેલી હિંગ, જવખાર, સાજીખાર, જીરૂં, શાહજીરૂં, અને અજમોદ એ સઘળાં સમાન અને પડ્રુષણથી અરધી નસોતર લઇ ચૂર્ણ કરી કપડેથી ગાળી ચૂક્ર–કોકમના રસમાં ભીજવી મેળવી હરડેમાં ભરી દેવું, પછી હરડેને સૂતરના દોરાવતે બાંધી તડકે સુકવી તેમાંથી હરડે ૧ નિરંતર ખાય તો ભૂખ વધે છે, મંદાગ્નિ, ઉદરરોગ, ગોળો, શળ, સંગ્રહણી, બંધકોષ, આફરો અને આગવાયુ તથા અરશ એ સઘળા રોગોને દૂર કરે છે. આ **અમૃતહરીતકી** કહેવાય છે. **અથવા** કાળાંમરી ૩ તોલા અજમો ૮ તોલા, ચિત્રક ૮ તોલા, પીપર ૩ તોલા, સંચળ, વડાગરૂ મીઠું અને સિંધાલૂણ એ ૨૪ તોલા, શુદ્ધ પારો ટાંક ૧, શુદ્ધ ગંધક ટાંક ૧, પીપરામૂળ તોલા ૬, સુંઠ ૫ તોલા, હરડેની છાલ ૫ તોલા, બહેડાંની છાલ, આમળાં જીરૂં અને ચવક એ ૭ ૭ તોલા તથા સઘળાંથી અરધે ભાગે લવીંગ લેવાં. પ્રથમ પારા ગંધકની કાજળ કરી અન્ય ઔષધોને ઝીણાં વાટી કાજળમાં મેળવી આદાના રસની ૩ ભાવના દઇ ચૂર્ણ બરોબર કોકમ નાખી ઘુંટી ગોળી માસા ૨ પ્રમાણે વાળી ગોળી ૧ પાણીની સંગાથે સેવન કરે તો તાત્કાળ અજીર્ણ જાય, ભૂખ ઘણી લાગે, શરીર પુષ્ટ થાય અને યોગ્ય અનુપાન સાથે સેવન કરવાથી ઘણાક રોગોનો નાશ કરે છે. આ **લવીંગામૃતગુટીકા** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** તજ ટાંક ૫. લવીંગ ટાંક ૧૦, જીરૂં, શાહજીરૂં તથા મરી ટાંક ૧૦, સુંઠ ટાંક ૧૦, અજમોદ ટાંક ૫, હરડેદળ ટાંક ૫, તમાલપત્ર ટાંક ૫. કોકમ ટાંક ૧૦, સિંધાલૂણ ટાંક ૨૦, નસોતર ટાંક ૧૫, સંચળ ટાંક ૨૦, મીંઢીઆવળ ૭ તોલા અને દાડિમના દાણા ૨૮ તોલા ભાર લઇ સર્વેને ઝીણાં વાટી લીંબુના રસની ૧૦ ભાવના દઇ ચૂર્ણની બરોબર ચૂક્રો મેળવી સુકવી યુક્તિપૂર્વક શીશામાં ભરી તેમાંથી ટાંક ૨ ભાર પાણી સાથે સેવન કરે તો તુરત અજીર્ણ મટે છે. તથા મંદાગ્નિ, બંધકોષ, ઉદરરોગ, ગોળો, બરલ એ સર્વ રોગનો નાશ કરે છે. આ **રાજવલ્લભ ચૂર્ણ** કહેવાય છે, **અથવા** હરડેનીછાલ, પીપર અને સંચળ એ સમાન ભાગે લેવાં, એ-ઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉના પાણી સાથે સેવન કરે તો આફરા વગેરે અજીર્ણ સંબંધી સર્વ રોગોનો નાશ કરે છે. **અથવા** કાળીદ્રાખ, હરડેનીછાલ, અને સાકર એ ત્રણે સમાન લઇ ઘુંટી મધ સંગાથે ટાંક ૨ પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ પાણી સંગાથે ખાય તો અજીર્ણ જાય. એમ **વૃંદગ્રંથનો** કર્તા કહે છે." **અથવા** જીરૂં, સંચળ, સુંઠ, મરી, પીપર, અજમોદ, શેકેલી હિંગ, સિંધાલૂણ અને હરડેદળ એ સઘળાં ૧–૧ તોલા ભાર અને નસોતર તોલા ૪ લેવી. એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ભાર ઉના પાણી સંગાથે ફાકે તો તાત્કાળ અજીર્ણ મટે છે અને ભૂખ વધે છે. આ **જીરકાદિ ચૂર્ણ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"**અથવા** બોડીઅજમો, હરડેનીછાલ, ચિત્રક, લવીંગ, વજ અને સિંધાલૂણ એ સઘળાં બરાબર લઇ ઝીણાં વાટી ટાંક ૨ ભાર પાણી સાથે ફાકે તો અજીર્ણ મટે છે અને ભૂખ લાગે છે. આ **અજમોદાદિચૂર્ણ** કહેવાય છે. **સર્વસંગ્રહ. અથવા** શુદ્ધ ગંધક ટાંક ૨, ચિત્રક ટાંક ૨, કાળાંમરી ટાંક ૨, પીપર ટાંક ૨, સુંઠ ટાંક ૫, જવખાર ટાંક ૨, સિંધાલૂણ ટાંક ૧, સંચળ ટાંક ૧ અને વડાગરૂંમીઠું ટાંક ૧ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી લીંબુના રસમાં ૭ દિવસ ઘુંટી ટાંક ૧ પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ પાણી સંગાથે ખાય તો અજીર્ણ, શૂળ, આમવિકાર, ગોળો અને આફરો એટલા રોગોનો નાશ કરે છે. આ **ગંધકવટીગોળી** કહેવાય છે."

વિસૂચીકાના ઉપાય.

" જીરૂં એક કળીનું લસણ, શુદ્ધ ગંધક, સિંધાલૂણ, સુંઠ, મરી, પીપર અને શેકેલી હિંગ એ સઘળાં બરાબર લઇ ઝીણાં વાટી લીંબુના રસની ૫૦ ભાવના દઇ વડબોર પ્રમાણ ગોળીઓ વાળી ગોળી ૧ પાણી સાથે ખાય તો વિસૂચીકા–કૉલેરાનો તુરત નાશ થાય છે. અજીર્ણ મટે છે અને ભૂખ લાગે છે. આ **જીરકાદિ ચૂર્ણ** કહેવાય છે." **અથવા.** વાવડીંગ, સુંઠ, પીપર, હરડેની છાલ, આમળાં, ચિત્રો, બેહડાં, વજ, લીંબડાની ગળો, શુદ્ધ ભિલામાં અને શુદ્ધ વછનાગ એ સઘળાં બરોબર લઇ ગોમૂત્ર સંગાથે ૧ દિવસ સુધી ઘુંટી રતી પ્રમાણ ગોળીઓ વાળી ૧ ગોળી આદાના રસ સંગાથે સેવન કરે તો અજીર્ણ જાય. ૨ ગોળી ખાય તો વિસૂચિકા જાય. ૩ ગોળી ખાય તો સાપનું ઝેર ઉતરે અને ૪ ગોળી ખાય તો સન્નિપાત જાય છે. આ **સંજીવની ગુટિકા** કહેવાય છે. **અથવા** ફુલાવેલો ટંકણખાર ટાંક ૫, શુદ્ધ પારો ટાંક ૫, શુદ્ધ ગંધક ટાંક ૫, શુદ્ધ વછનાગ ટાંક ૫, પીળી કોડીની રાખ, સાજીખાર, પીપર, તથા સુંઠ એ પ્રત્યેક એક એક તોલો અને મરી ૮ ભાગ, એ પ્રથમ પારા ગંધકની કાજળી કરી પછી અન્ય ઔષધો ઝીણાં વાટી એકત્ર મેળવી જંબીરી જાતના લીંબુના રસમાં ૧ દિવસ ઘુંટી ૧ રતી પ્રમાણ ગોળીઓ વાળી ગોળી ૧ વાસી––કૉલેરાવાળાને, શૂળ, વાયુ–આદિ અને અગ્નિમંદતાવાળાને આપે તો, તાત્કાળ આરામ થાય છે. આ **અગ્નિકુમાર રસ** કહેવાય છે. **અથવા.** આકડાનાં પાંદડાંનો રસ ૬૪ તોલા, ધંતૂરાના પાંદડાંનો રસ ૬૪ તોલા, સરગવાના મૂળનો રસ ૬૪ તોલા, થોરનું દુધ ૬૪ તોલા, ઉપલેટ ૮ તોલા, સિંધાલૂણ ૮ તોલા, તેલ ૪૬ તોલા, તેમાં કાંજીનું પાણી મેળવી લોઢાની કઢાઇમાં ધીમા અગ્નિથી પકાવતાં રસ માત્ર બળી તેલ રહે ત્યારે નીચે ઉતારી વસ્ત્રગાળ કરી તે તેલનું મર્દન કરે તો ખલ્લી, વિસૂચીકા અને પક્ષાઘાત તથા ગૃધ્રસી વાયુનો તુરત નાશ કરે છે. **વૈદ્યરહસ્ય.** "**અથવા** કવ્યાંની જડ, અંધાડાનું મૂળ, લીંબડાની છાલ, લીંબડાની ગળો અને કડાછાલ એ સઘળાં બરાબર ભાગે લઇ ટાંક ૨ ભારનો કવાથ કરી ૩ દિવસ પીવાથી વિસૂચીકા જાય છે. **અથવા** હરડેની છાલ, વજ, હિંગ, ઇંદ્રજવ, જળભાંગરો, સંચળ અને અતિવિષ એ સઘળાં સમ ભાગે લઇ ઝીણાં વાટી ટાંક ૨ ભાર પાણી સાથે સેવન કરે તો વિસૂચિકા જાય. **અથવા** એળચી માસા ૪, લવીંગ માસા ૪, ચોખું અફીણ માસો ૧ અને જાયફળ માસા ૧૦ લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી માસા ૪ ઉના પાણી સંગાથે સેવન કરે તો વિસૂચિકા તુરત નાશ પામે છે." **અથવા** ચૂકાને ઉકાળી તેનો રસ તોલા ૨૮ લઇ તેમાં સિંધાલૂણ ટાંક ૫, ઉપલેટ ટાંક ૫ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેલ તોલા ૧૪ નાખી એ સર્વે એકઠાં કરી ધીમા અગ્નિવડે પકાવતાં રસ માત્ર બળી એકલું તેલ આવી રહે ત્યારે નીચે ઉતારી ગાળી લઇ તેનું મર્દન કરે તો વિસૂચીકા નાશ પામે. **અથવા** જવનો લોટ તથા જવખાર એએોને છાશ સાથે ગરમ કરી એનો સહેવાતો સહેવાતો લેપ કરે તો, ભયંકર પેટનાં શળ, આફરો અને કૉલેરામાં આવતી પીડ નાશ થાય છે. **અથવા.** સરસીયું ઉનું કરી તેનું ગરમ ગરમ મર્દન કરે તો કૂખમાંના વ્યાધિ દૂર થાય છે. **ભાવપ્રકાશ.**

જો કૉલેરામાં તરશ વિશેષ લાગતી હોય તો લવીંગનો કવાથ પાવો. **જો વિસૂચીકા** પ્રબળપણે વધી ગઇ હોય તો રોગીના પડખામાં ડાંભ દેવો. **અથવા** બીજોરાનું મૂળ, સુંઠ, મરી, પીપર, હળદર અને કચ્યાંના ગોળા એ સઘળાં બરાબર લઇ કાંજીના રસમાં ખુબ ઘુંટી તેનું આંખમાં અંજન કરે તો વિસૂચીકા નાશ પામે. (આ ઉપાય ઉત્તમ છે) **સર્વ-સંગ્રહ,** હેજા, મરકી, મહામારી, કોગળીયું, વાસી, વિસૂચીકા, જરીમરી અને કૉલેરા એ સર્વ એકજ રોગનાં નામો છે.

અળસ તથા વિલંબિકાના ઉપાય.

ચોખો સાબુ ટાંક ૬ અને મોરથુથું ટાક ૧ એ બન્નેને પાણીમાં ઝીણાં વાટી ગુદાએ ચોપડે તો તાત્કાળ ઝાડો બંધ હોય તે છૂટે છે અને અળસ તથા વિલંબિકા નાશ પામે છે. **અથવા** દેવદાર, દારૂડી, ઉપલેટ, વરીઆળી, હિંગ અને સિંધાલૂણ એએોને બરાબર લઇ કાંજીના પાણીમાં વાટી ઉનું કરી પેટ ઉપર લેપ કરે તો અળસ અને વિલંબિકા નાશ પામે છે.

ઇતિ અજીર્ણાધિકાર સમાપ્ત.

ક્રમિ રોગનોઅધિકાર.

મનુષ્યના શરીરમાં બે પ્રકારના ક્રમિઓ છે એટલે બાહ્ય (શરીરના ઉપર ભાગમાં રહેનારા) ક્રમિઓ અને આભ્યંતર (શરીરની અંદરના ભાગમાં રહેનારા) ક્રમિઓ છે. તે ચામડી ઉપર થતા પરસેવાથી જુ, લીખ, સવા વગેરે, ગુદામાંથી નીકળતા ચરમીઆ, કફથી અને રૂધિરથી એમ ૪ પ્રકારથી ઉત્પન્ન થાય છે. તે પૈકી અભ્યંતર ક્રમીઓ જે કારણથી ઉત્પન્ન થાય છે તે કારણ એજ કે અજીર્ણ થયા છતાં ભોજન કરે, મીઠા, તથા ખાટા પદાર્થો ખાય, દ્રવ પદાર્થો ઉપર વિશેષ પ્યાર રાખે, લોટ તથા ગોળના મિશ્રણવાળા પદાર્થો ખાય, કસરત કરે નહીં, દિવસે સુઇ રહે, અને વિરોધી વસ્તુઓનું સેવન કરે તો શરીરના માંહેલા ભાગમાં ક્રમિઓ ઉત્પન્ન થાય છે. તેના ૨૦ પ્રકાર છે તેમાં જે ઉપર કહ્યા તે બે વિભાગ પડેલા છે.

જેના પેટમાં ક્રમિ ઉત્પન્ન થયા હોય તેનાં લક્ષણ.

જ્વર આવે, શરીરનો વર્ણ વિપરીત થઇ જાય, શળ, છાતિમાં પીડા, ગ્લાનિ, ભ્રમ, અન્ન ઉપર અરૂચિ, અતિસાર અને ઉલટી થાય તો જાણવું કે પેટમાં ક્રમિઆઓ ઉત્પન્ન થયા છે. કફથી ઉત્પન્ન થતા અને લોહીથી ઉત્પન્ન થતા ક્રમિઆઓના ભેદો તથા લક્ષણો જાણવાં હોય તો લક્ષપૂર્વક **ભાવપ્રકાશના** મધ્ય ખંડનો બીજો ભાગ અને **વાગ્ભટાદિ** ગ્રન્થોનું અવલોકન કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાય.

શુદ્ધ ખુરાસાની અજમાના ચૂર્ણમાં ગોળ મેળવી વાસી પાણી સંગાથે ફાકે તો પેટના કૃમિઓ નાશ થાય છે. **અથવા** પિત્તપાપડાને પાણીમાં વાટી ટાંક ૧ ભાર તેમાં મધ ટાંક ૨ નાખી ૫ દિવસ સુધી પીએ તો પેટના કૃમિઓ નાશ પામે છે. **અથવા** વાવડીંગ ટાંક ૨ ભાર ઝીણું વાટી મધની સંગાથે સેવન કરે તો પેટના કૃમીઓ નાશ થાય છે. **ભાવપ્રકાશ.** **અથવા** વાવડીંગ, સિંધાલુણ, કપિલો, હરડેની છાલ, અને જવખાર એ સર્વ બરોબર લઇ ઝીણું વાટી ટાંક ૨ ભાર છાશની સંગાથે ૭ દિવસ સુધી પીએ તો પેટના કૃમિઓ નાશ થાય છે. **અથવા** લીંબડાના પાંદડાનો રસ, ટાંક ૧૦, મધ મેળવી ૭ દિવસ પીએ તો પેટના કૃમિઓ નાશ પામેછે. **અથવા** પારો ટાંક ૧, શુદ્ધ ગંધક ટાંક ૨, ખુરાસાની અજમો ટાંક ૩, ખકાયણુ લીંબડીનાં બીજ ટાંક ૪, અને પિત્તપાપડો ટાંક ૫, એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ભાર ૭ દિવસ સુધી મધ ટાંક ૫ સંગાથે સેવન કરે તો પેટનાકૃમિઓ નાશ થાય છે. **સર્વસંગ્રહ.** **અથવા** મોથ, ઉંદરકરણી, ત્રિફળા, દેવદારૂ, અને સરગવાનું મૂળ એ સર્વ બરોબર લઇ આખાં પાખાં ખાંડી ક્વાથ કરી પીપર અને વાવડીંગના ચૂર્ણનો પ્રતિવાસ દઇ ૭ દિવસ સુધી પીએ તો પેટના કૃમિ માત્ર અને કૃમિ સંબંધી પીડાનો નાશ થાય છે. **અથવા** વાવડીંગ, સિંધાલૂણ, શેકેલીહિંગ, હરડે, પીપર, કપિલો અને સંચળ એ સઘળાને સમાન ભાગે લઇ ઝીણું વાટી આળી ટાંક ૨ ઉનાપાણી સાથે ૭ દિવસ સુધી સેવન કરે તો પેટના કૃમિઓનો નાશ થાય છે.

માથામાં જૂ, લીખ (કાળી હોય તે જૂ અને ધોળી હોય તે લીખ) પડી હોય તો ધંતૂરાના પાંનડાના રસમાં અથવા નાગરવેલના પાનના રસમાં શુદ્ધ પારો મેળવી વાળમાં નાખે તો જૂ, લીખ મરી જાય છે. **વૈદ્યવિનોદ.**

ગુદામાં ચરમીઆ-સગવગીઆ પડ્યા હોય તો, લસણ, મરી, સિંધાલૂણ અને હિંગ એ સર્વ બરાબર લઇ પાણી સંગાથે, ઘુંટી ગુદાએ લેપ કરે તો ચરમીઆનો નાશ થાય છે.

ઘરમાં મચ્છર, જીવ-જંતુ વિશેષ થયા હોય તો, સાદડનાં ફુલ વા, આસંદરાનાં ફુલ, વાવડીંગ, વઢવાડીઆનું મૂળ, મીંઢળ, ચંદન, રાળ, વાળો, ઉપલેટ, બિલામાં અને લોબાન એઓને સમાન લઇ ખાંડી ઘરમાં ધૂણી દે તો, મચ્છર તથા બીજાં જીવ જંતુનો નાશ થાય. **વૈદ્યરહસ્ય.**

કૃમિરોગીને દુધ, માંસ, દહિં, ઘી, પાંનડાવાળાં શાક, ખટાસ તથા મીઠા પદાર્થો એટલી વસ્તુઓ ખાવી નહીં.

ઇતિ કૃમિઆનો અધિકાર સંપૂર્ણ.

——(*)——

પાંડુ, કમળો તથા હલીમકનો અધિકાર.

પાંડુ રોગ ૫ પ્રકારનો છે એટલે વાયુથી, પિત્તથી, કફથી, સન્નિપાતથી અને માટી ખાધાના વિકારથી પ્રાપ્ત થયલો, એમ પાંચ પ્રકાર છે.

પાંડુરોગની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ.

અત્યંત ખેદ કરવાથી, અતિ મૈથુનથી, અતિ ખાટા, તીખા પદાર્થોના ખાવાથી, અતિ-મધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દારૂના પીવાથી, માટીના ખાવાથી, અને દિવસે સુઇ રહેવાથી લોહી દૂષિત થઇ વાયુ–આદિ દોષોથી ચામડીને પાંડુવર્ણવાળી કરી નાખે છે.

પાંડુરોગનું પૂર્વ સ્વરૂપ.

ચામડી ફાટવા લાગે, અંગમાં પીડા થાય. માટી ખાવાની ઇચ્છા રહે, મોળઆવે, ગાત્રોમાં ગ્લાનિ, આંખના ડોળા ઉપર થોથર, વિષ્ટા તથા મૂત્રનું પીળાપણું અને અન્ન પચે નહીં ત્યારે જાણવું કે પાંડુ રોગ થશે.

પાંડુરોગનાં લક્ષણ.

જે મનુષ્યની ચામડી મૂત્ર તથા નેત્રાદિ લુખાં અને કાળાશથી મિશ્રિત રતાશવાળાં થાય, તેમજ કંપવા, આફરો, ભ્રમ, ભેદન તથા શૂળાદિ વ્યથાઓ થાય તો જાણવું કે **વાયુથી થએલો** પાંડુ રોગ છે.

જેનાં ત્વચા, નખ, મૂત્ર તથા મળ પીળાં થઇ જાય, બળતરા, તરશ તથા તાવ પ્રાપ્ત થાય, વિષ્ટા દ્રવવાળી પડે અને શરીરની કાન્તિ અત્યંત પીળી થઇ જાય તો જાણવું કે **પિત્તથી ઉત્પન્ન થએલો** પાંડુ રોગ છે.

જેના થુંકમાં કફ પડે, શરીરે સોજો, ઘેન, આલસ્ય, અત્યંત ભારેપણું અને મૂત્ર, નખ, નેત્ર, મુખ તથા ચામડી અત્યંત ધોળાં થઇ જાય તો જાણવું કે **કફથી ઉત્પન્ન થએલો** પાન્ડુ રોગ છે.

જે સઘળા અન્નોનું સેવન કરનાર છે તેના દુષ્ટ થયલા ત્રણે દોષોથી ઉપર કહેલાં ત્રણ દોષોનાં ચિન્હ હોય તો જાણવું કે **ત્રિદોષ—સન્નિપાતથી ઉત્પન્ન થએલો** પાંડુ રોગ છે.

જેને માટી ખાવાની વિશેષ ટેવ હોય તેને ત્રણે દોષમાંથી ગમે તે એક દોષનો પ્રકોપ થાયછે એટલે તુરી માટીથી વાયુનો, ખારી માટીથી પિત્તનો અને મીઠી માટીથી કફનો પ્રકોપ થાયછે. એ માટી પોતાના લુખાપણાને લીધે રસાદિ ધાતુઓને તથા ખાધેલા ભોજનને લુખાં કરી કાચીને કાચી સઘળી રસને વહેવા વાળી નસોના મુખોને રોકી દેછે, તથા ફુલાવી પણ દેછે અને ઇંદ્રિયોના બળને, દીપ્તિને, વીર્યને, ઓજને, પરાક્રમને હણી નાખી બળ, વર્ણ અને અગ્નિનો નાશ કરી નાખે છે તેથી ઘેન, આલસ્ય, ઉધરસ, શ્વાસ, શૂળ, અરશ, અરૂચિ, આંખો ઉપર સોજો, પગે સોજો, ઇંદ્રિમાં સોજો, પેટમાં કૃમિની વ્યથા અને કફયુક્ત પાતળો ઝાડો થાય તો જાણવું કે **માટી ખાવાથી પાંડુ** રોગ થયો છે.

પાંડુરોગના અસાધ્ય લક્ષણો.

જે પાન્ડુ રોગીના શરીરમાંથી લોહી ક્ષીણ થઇ ગયું હોય, તેથી કેવળ રૂની પૂણી જેવું શ્વેત અંગ થઇ ગયું હોય દાંત, નખ, નેત્ર પીળાં થઇ ગયાં હોય અને સર્વત્ર વસ્તુ તેને પીળીજ માલમ પડે. જ્વર, અરૂચિ, મોળ, ઉલટી, તૃષા, ગ્લાનિ અને સર્વાંગમાં સોજો હોય તથા લાંબા વખતથી થએલો, દીન, પસીનાથી અત્યંત ગાત્રો ભીનાં રહે, મૂર્છાથી સંયુક્ત અને અતિસારથી પીડાતો હોય તો તે પાંડુ રોગી અવશ્ય મરણ પામે; માટે વૈદ્યે તેવા પાન્ડુ રોગીને શ્રી રામ નામનું અત્યુત્તમ ઔષધ આપવું કે જેથી જન્મો જન્મના રોગ બંધન નાશ થઇ અખંડાનંદ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કમળા રોગની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ.

પાંડુરોગવાળો રોગી પિત્તને ઉત્પન્ન કરનારા પદાર્થોનું અત્યંત સેવન કરે તો તેનું પિત્ત લોહીને તથા માંસને દૂષિત કરી કમળા નામના રોગને ઉત્પન્ન કરે છે અથવા પાંડુ રોગ ન થયો હોય તદપિ પણ કમળાનો રોગ થાય છે. કાંઇ કમળો પાન્ડુ રોગથીજ થાય છે એવો નિયમ નથી.

કમળાનાં લક્ષણ, ભેદ તથા અરિષ્ટ ચિન્હો.

જેનાં નેત્ર, ત્વચા, નખ અને મુખ ઘણાંજ હળદર જેવાં પીળાં થઇ ગયાં હોય, જેનાં મળ-મૂત્ર રાતાં અથવા પીળાં થઇ ગયાં હોય, જેના શરીરનો વર્ણ મોટા દેડકા જેવો પીળો થઇ ગયો હોય, ઇંદ્રિયોનું બળ જતું રહે, બળતરા થાય, અન્ન પચે નહીં, દુર્બળતા, અરૂચિ અને ગ્લાનિવડે હેરાન થાય તો જાણવું કે કમળાનો રોગ થયો છે. તેના ૨ ભેદ છે એટલે એક કોઠામાં રહેલો અને બીજો શાખાઓમાં રહેલો કમળો. તે પૈકી કોઠામાં રહેલો કમળો કષ્ટસાધ્ય છે તેને '**કુંભકામળા**'ના નામથી ઓળખે છે તેમાં ઉલટી, મોળ, તાવ, ગ્લાનિ તથા શ્વાસ, ઉધરસ અને અતિસારથી પીડાતો હોય તો તે માણસ પરજન્મની તૈયાર કરવા તત્પર થયો જાણવો. કમળા રોગીનાં મળ-મૂત્ર કાળાં કિંવા પીળાં, આંખ, મોહોડું, ઉલટી, મળ-મૂત્ર રાતાં, અત્યંત સોજો, ગ્લાનિ, દાહ, અરૂચિ, તરશ, આફરો, ઘેન, આલસ્ય, મોહ પ્રાપ્ત થયાં હોય અને અગ્નિ તથા સંજ્ઞાનો નાશ થયો હોય તો કમળાવાળો રોગી જીવેજ નહીં

હલીમકનાં લક્ષણ.

જ્યારે પાંડુ રોગીનો વર્ણ લીલો, કાળો તથા પીળો થઇ જાય, બળ ઉત્સાહ નષ્ટ થઇ જાય, નિદ્રા જેવું આલસ્ય, અગ્નિમંદ, ઝીણોઝીણો તાવ, દાહ, તૃષા, અરૂચિ, ભ્રમ તથા સંધીઓમાં ત્રોડ થાય અને સ્ત્રીઓમાં વાંચ્છના થાય તો જાણવું કે હલીમક રોગ છે.

પાંડુરોગના ઉપાય.

ગળજવેલને ગોમૂત્રમાં ૭ દિવસ સુધી પકાવી પાણી કે, દુધ સંગાથે ટાંક ૧ નિરંતર ૧૫ દિવસ સુધી સેવન કરે તો, પાંડુરોગ જાય. **અથવા** ગાયના મૂત્રમાં તૈયાર કરેલો મંડૂર-લોહકાટ ટાંક ૧ ગોળની સંગાથે ૧૫ દિવસ સુધી સેવન કરે તો, પાંડુરોગ જાય. **અથવા** સાટોડીનું મૂળ, નસોતર, સુંઠ, મરી, પીપર, વાવડીંગ, દેવદાર, ચિત્રામૂળ, હળદર, દારૂહળદર, ઉપલેટ, હરડે, બેહેડાં, આમળાં, નેપાળાનાં મૂળ, ચવક, ઇંદ્રજવ, કડુ, પીપરામૂળ, મોથ, કાકડાશીંગી, કલોંજીજીરૂં, અજમો અને કાયફળ એ સઘળાં ૪-૪ તોલા ભાર લઇ તેઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી ચૂર્ણથી બમણો લોહકાટ-મંડૂર મેળવી આઠગણા ગોમૂત્રમાં પકાવી પછી તેની ગોળ સંયુક્ત ગોળીઓ ટાંક ૧ પ્રમાણે વાળી ૧ ગોળી ગાયની સુંદર જાડી છાશ સંગાથે ૧૫ દિવસ પર્યંત સેવન કરે તો અસાધ્ય પાંડુરોગ પણ નાશ થાય છે. તથા કમળો, હલીમક, શ્વાસ, ઉધરસ, ક્ષય, તાવ, સોજો, શૂળ, બરલ, ઉદરરોગ, આફરો, હરષ, સંગ્રહણી, કૃમિ, વાતરક્ત અને કોઢ એ સર્વે રોગોનો નાશ કરે છે. આ **પુનર્વવાદિમંડૂર** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** હરડેની છાલ ૧ ભાગ, આમળાં ૧ ભાગ, બેહેડાની છાલ ૧ ભાગ, સુંઠ ૧ ભાગ, મરી ૧ ભાગ, પીપર ૧ ભાગ, મોથ ૧ ભાગ, વાવડીંગ ૧ ભાગ, ચિત્રામૂળ ૧ ભાગ અને મારેલું લોહું ૯ ભાગ લઇ સર્વેને ઝીણાં વાટી ગળજવેલ ભસ્મ મેળવી ૧ રતી મધ અથ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વા ઘી અથવા જાડી ગાયની છાશ સંગાથે કે, ગોમૂત્ર સંગાથે દિવસ ૧૫ પર્યંત એટલે પ્રથમ દિવસે ૧ રતી ભાર ખાવું, બીજે દિવસે ૩ રતિ અર્થાત્ પ્રત્યેક્ દિવસે બબે રતી વધતા જવું, જ્યાં સુધી **અઢાર રતિ ભાર થાય એટલે** નવ દિવસ ખાય પછી પ્રત્યેક્ દિવસે અઢાર રતી ભાર ખાવું જેથી નિત્ય નવ રતિભાર લોહ પેટમાં જાય તો, પાન્ડુ, સોજો, છાતિના વ્યાધિ, ઉદરરોગ, **કૃમિ**, કોઢ, **અગ્નિમંદતા**, અરશ અને ભગંદર તથા અરૂચિ એટલા રોગોનો નાશ થાય છે. એમ **રસપ્રદીપ** ગ્રન્થનો કર્ત્તા બલામણ આપે છે. આ **નવાયસચૂર્ણ** કહેવાય છે. **અથવા** અરડૂસો, ગળો, લિંબડાની અંતરછાલ, ત્રિફળાં, કરીયાતું અને કડુ એ આઠ ઔષધીઓ સમાન ભાગે લઇ એઓનો ક્વાથ કરી ઠંડો થયા પછી મધ મેળવી **૧૦** દિવસ સુધી ખાય તો પાન્ડુરોગ, રક્તપિત્ત, **કમળો અને** હલીકમ એટલા રોગોનો નાશ કરે છે. **અથવા** ત્રિફળાના રસમાં મધ (દોષના પ્રમાણને અનુસરતું) મેળવી તથા ગળોના રસમાં, દારૂહળદરના રસમાં કે, લીંબડાના રસમાં એજ પ્રમાણે મધ મેળવી ૧૦ દિવસ સુધી પીએ તો પાંડુરોગ, **કમળો** તથા હલીકમ રોગ નાશ થાય છે. **અથવા** કુબ્બાનો રસ આંખમાં આંજે તો પાંડુ, કમળો અને હલીકમ રોગ નાશ થાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** કરીયાતું, કડુ, **દેવદાર, દારૂહળદર**, મોથ, ગળો, કડવાંપરવળ, રાતો ધમાસો, પિત્તપાપડો, લીંબડાની **અંતરછાલ, સુંઠ**, મરી, પીપર, ચિત્રક, ત્રિફળા અને વાવડીંગ એ **સર્વને સમાન ભાગે લઇ** ઝીણાં વાટી વસ્ત્રગાળ કરી એ ચૂર્ણના બરોબર લોહભસ્મ મેળવી મધ, **ઘી**માં ગોળીઓ વાળી ગાયના જાડી છાશ સંગાથે ટાંક ૧ નિરંતર સેવન કરે તો પાંડુ, કમળો, હલીકમ, સોજો, **પ્રમેહ**, સંગ્રહણી, શ્વાસ, ઉધરસ, **રક્તપિત્ત**, અરશ, આમવાયુ, ગોળો અને કોઢ એટલા રોગો ઉપર યોગ્ય અનુપાન સાથે સેવવાથી નાશ થાય છે. આ **અષ્ટાદશાંગઅવલેહ** કહેવાય છે. આ અવલેહ માટે **ભાવમિશ્ર** લખે છે કે, છાતિના અટકાવાને, વ્રણોને, કફ સંબંધી વિદ્રધિને અને કિલાસકોઢને પણ મટાડે છે. **અથવા** કડવીતુંબડીનો ગર્ભ **અથવા** કડવીતુંબડીનો રસ લઇ યુક્તિપૂર્વક તેનો નાસ લે તો તુરત કમળો નાશ થાય છે. **અથવા** કુકડવેલાના ફળનો રસ કે, સુકાયલાં ફળનો ક્વાથ અથવા રાત્રે કુકડવેલાના ફળમાં પાણી ભરી સવારે ચોળી તે પાણીનો નાસ લેવાથી **અથવા** કબૂતરની હઘાર ૧૨ વાલ ગોળમાં મેળવી ખાવાથી પણ તુરત કમળો નાશ થાય છે **અનુભવસિદ્ધ.**

પાંડુ રોગીને પથ્યાપથ્ય.

કમળા તથા **પાંડુરોગ** વાળો જવ, ઘઉં, ચોખા, મગ, મસૂર, તુઅર, ચણા, તુરીયાં, ડુંગળી, કુણાં વૃંતાક, લસણ, છાશ, કેસર, શેલડી, **ઘી**, માખણ, ગરમ ભોજન, ઉના પાણીથી ન્હાવું, સ્વચ્છ વસ્ત્ર, સ્વચ્છ હવા અને લોહયુક્ત ઔષધો સદા હિતકારી છે; માટે તેઓ અવશ્ય ઉપયોગમાં લેવાં.

હોકો ગાંજો, તમાખુ, બીડી-ચલમ, પીણો, મૈથુન, મગફળી, પાનડાંવાળી ભાજી, હિંગ, મરચાં, તેલ, અથાણાં, અડદ, દારૂ, પાન, સોપારી, ખટાશ, ગરમ અને બળતરા કરનારા પદાર્થો તથા શરદીમાં કે અસ્વચ્છ હવામાં રહેવું એ અહિતકારી છે, માટે અવશ્ય ત્યજવાં.

ઇતિ શ્રી મન્માહારાજાધિરાજ રાજ રાજેંદ્ર શ્રી સવાઈ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામાગ્રન્થ વિષે અજીર્ણ, મંદાગ્નિ, ભસ્મક, વિસૂચીકા, અળસ, વિલંબિકા, કૃમિ, પાંડુ, કમળો અને હલીમકાદિ નિરૂપણ નામનો ચોથો તરંગ સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ પાંચમો.

રક્તપિત્ત, ક્ષય. હેડકી. શ્વાસ તણો અધિકાર;
આ તરંગમાં વિગતથી, ક્રમસહ કથિત વિચાર.

રક્તપિત્તનો અધિકાર.

રક્તપિત્તની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ.

તડકો, મેહ, પંથ, મૈથુન અને કસરત એઓના અતિ સેવનથી તથા મરચાં-આદિ તીક્ષ્ણ અગ્નિ કિંવા તાપકારી-ઉષ્ણ અને જવખારાદિ ખારોના અત્યંત સેવનપણાથી તથા અતિ ખાટા પદાર્થોના ખાવાથી, શોચર્યા, અને કડવી વસ્તુના ખાવાથી, દૂષિત થએલું પિત્ત પોતાના ગુણોથી રુધિરને તુરત દૂષિત કરી ઉંચા માર્ગેથી અથવા નીચા માર્ગેથી એટલે નાક, કાન, આંખ, અને મોંહોડું એ ઉંચા માર્ગથી તથા લિંગ, યોનિ અને ગુદાએ નીચા માર્ગથી અને સમસ્ત રુંવાડાંના છિદ્રોથી પ્રકોપ પામેલું પિત્ત વહેવા લાગે છે.

રક્તપિત્તનું પૂર્વ સ્વરૂપ.

જ્યારે અંગમાં પીડા, ઠંડક સારી લાગે, ગળામાં ધુમાડા જેવું જણાય, ઉલટી થાય, લોહાના જેવો ગંધ આવે કિંવા લોહી મહોડામાં આવે અને નિસાસા બહુ નાખે ત્યારે જાણવું કે રક્તપિત્ત રોગ થશે.

રક્તપિત્તનાં લક્ષણ.

કફજનિત રક્તપિત્ત હોય તો જાડું, પીળું, ચીકણું અને મોરપિંછના ચાંદલા જેવું લોહી વહે છે. **વાતજનિત** હોય તો કાળું, રાતું, ફીણવાળું, પાતળું અને લુખું લોહી વહે છે. **પિત્તજનિત** હોય તો ખેરના કવાથ જેવું કાળું, ગોમૂત્રજેવા ચીકણા કાળા વર્ણ વાળું, કોલસા જેવું, ધુમાડા જેવું અને સુરમા જેવા રંગવાળું લોહી વહે છે. અને એ સર્વે લક્ષણ સંયુક્ત લોહી વહે તો **સન્નિપાત જનિત** રક્તપિત્ત જાણવો. **કફના** સંસર્ગવાળું રક્તપિત્ત ઉંચા માર્ગેથી, **વાયુના** સંસર્ગવાળું નીચા માર્ગેથી, **કફ તથા વાયુના** સંસર્ગવાળું બન્ને માર્ગેથી વહેછે અને **ત્રણદોષના** સંસર્ગવાળું ત્રણે દોષોનાં ચિન્હો સહિત હોય છે.

રક્તપિત્તનાં ઉપદ્રવો.

રક્તપિત્તથી શરીર ક્ષીણ, બળહીન, શ્વાસ, જ્વર, વમન, મદ, ઉધરસ, દાહ, મૂર્છા, પાંડુપણું, જમ્યા પછી ઘોર અજીરણ, અધૈર્યતા, તૃષા, છાતિમાં અત્યંત પીડા, કોઠાનું ભેદાવું, માથામાં પરિતાપ, પરૂનું થુકવું અને પ્રત્યેક વસ્તુ ઉપર દ્વેષ, અપચો તથા માંસના ધોવાપણું વગેરે વગેરે વિકારો યુક્ત ઉપદ્રવો હોય છે.

સાધ્યાસાધ્ય લક્ષણો.

જે રક્તપિત્ત એક દોષના સંસર્ગવાળું તથા નાક, કાન, આંખ, અને મહોડાના તરફથી

૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોહી વહેનારૂં-ઉર્દ્ધગામી હોય તે **સાધ્ય.** બે દોષના સંસર્ગવાળું તથા ગુદા, લિંગ અને યોનિ વગેરે અધોમાર્ગથી વહેનારૂં **યાપ્ય** અને ત્રિદોષના સંસર્ગવાળું તથા બન્ને માર્ગે ગતિ કરનારૂં મંદાગ્નિવાળા મનુષ્યને, વૃદ્ધને, ભોજન નહીં કરનારને, વ્યાધિઓથી ક્ષીણ થએલાને, છાતિના દુખાવા વાળાને, દુર્બળને, અતિસારરોગીને અને બ્હીકણને અતિ વેગવાળું થયું હોય તો **અસાધ્ય** સમજવું; પરંતુ અતિ વેગ રહિત, એક માર્ગે વહેનારૂં, તુરતનું થએલું, હેમંત અને શિશિરઋતુના સંબંધવાળું અને ઉપદ્રવો વગર બળવાનને થયું હોય તો સાધ્ય સમજવું.

જો રક્તપિત્તવાળો વસ્ત્ર પાત્ર અને આકાશને અર્થાત્ દસ્યાદસ્ય પદાર્થોને પણ અતિ રાતાં દેખે, અથવા લોહી વમ્યા કરતો હોય, આંખો પણ રાતી થઇ ગઇ હોય અને વ્યાધિના પ્રબળપણાથી અંધકારને પણ રાતા દેખે તો તે રક્તપિત્ત રોગી યમદ્વારમાં જાય છે.

ઉપાય.

નાકથી કે મોંહોડેથી લોહી પડતું હોય તેને રેચ આપવો, તથા હીમજ, પિંડળાં, નસોતર અને ગરમાળાનો ગોળ એઓના રેચથી રક્તપિત્ત જાય છે. પણ જો નીચેના માર્ગેથી વહેનારૂં હોય તો વમનથી મટે છે. **અથવા** વીરણવાળો, કમળકાકડીનો ગગજ, સુગંધીવાળો, અરડુસો, શિંગડાની ગળો, જેઠીમધ, મોથ, રતાંજળી અને ધાણા એ સઘળાં સમાન લઇ તેનો ક્વાથ કરી ઠંડો થયા પછી મધ મેળવી પીએ તો રક્તપિત્ત જાય. **અથવા** કાંગ, લોદર, રસવંતી (કે સુરમો?) અને ચારોળીની માટી એ બરાબર લેવાં, એઓનું ચૂર્ણ કરી અરડુસાના ક્વાથ સાથે મધ સાકર મેળવી ૧૦ દિવસ સુધી પીવાથી અતિ વેગવાળું રક્તપિત્ત જાય છે. **અથવા** ધરોના રસનો અથવા દાડિમના ફુલના રસનો કિંવા પેટીના રસનો અને હરડેને ઠંડા પાણીમાં વાટી તેના રસનો નાસ દે તો નસકોરી વહેતી બંધ થાય. **અથવા.** માટી, ધરો, આમળાં, વાટી તેઓના રસનો નાસ દે તો, વા તેનો માથા ઉપર લેપ કરે તો, તાત્કાળ નસકોરી વહેતી બંધ થાય. **અથવા** પાકેલાં ઉમરાનાં ફળ, ખજૂર, દ્રાખ, કાશમરી, કે હરડે એઓને જુદાં જુદાં મધ સંગાથે ખાય તો રક્તપિત્ત જાય. વૈદ્યવિનોદ. **અથવા** ધાણા, આમળાં, અરડુસો, દ્રાખ અને પિત્તપાપડો એ સઘળાં સમાન ભાગે લઇ ટાંક ૩ ઠંડા પાણીમાં ભીંજવી તેજ પાણી સંગાથે સસોટી ગાળી પીએ તો રક્તપિત્ત મટે છે અને જ્વર, દાહ, તૃષા, તથા શોષ પણ મટે છે. **અથવા** કાળીદ્રાખ, સુખડ, લોદર અને કાંગ એ સઘળાં બરોબર લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધ તથા અરડુસાના રસ સંગાથે ૧૦ દિવસ ચાટે તો સર્વ પ્રકારનું રક્તપિત્ત જાય. **અથવા** "વસંતમાલતીરસ" "બોળબદ્ધ રસ," અને "પર્પટીરસ" વગેરે પાછળ આવી ગયા છે તેઓના સેવનથી પણ નસકોરી બંધ થાય છે. **અથવા** ડુંગળીના રસની નાસ લે તો નસકોરી વહેતી બંધ થાય છે. **અથવા** ૧૦૦ વારનું ધોએલું ઘી વારંવાર માથા ઉપર મસળે તો નાકેથી લોહી વહેતું બંધ થાય છે. **અથવા** મોટું પાકું ભૂરૂં કોળું લઇ તેનાં બીજડાં છોતરાં કાહાડી નાખી ૪૦૦ તોલા ભાર તે કકડા કરી બમણા પાણીમાં ધીમા તાપથી સીજવી અરધ ભાગનું પાણી રહે ત્યારે નીચે ઉતારી જાડા વસ્ત્રમાં નાખી છુંદી કસરી તેમાંથી પાણી નીચોવી સુકવી લેવું. તે બાફેલા કોળાને કડાઇમાં ૬૪ તોલા ઘી મૂકી તપાવી તે ઘીમાં તળી કાહાડવું. પછી તે નીચોવી લીધેલા રસમાં ૪૦૦ તોલા સાકર નાખી તેની ચાસણી કરી અર્થાત્ ઋતુ પ્રમાણે ચાસણીના તાર નીકળવા લાગે કે, તે કોળાને ચાસણીમાં નાખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઠલાવી પછી પીપર ૮ તોલા, સુંઠ ૮ તોલા, જીરૂં તથા શાહજીરૂં ૮ તોલાભાર, ધાણા ૨ તોલા, તમાલપત્ર ૨ તોલા, એળચી ૨ તોલા, કાળાંમરી ૨ તોલા, અને તજ ૨ તોલા ભાર લઇ સર્વેને ઝીણાં વાટી આસણીમાં મેળવી આસણી ઠંડી થયા પછી મધ તોલા ૩૨ નાખી તૈયાર કરેલા કોળાપાકમાંથી ચાર તોલાભાર નિરંતર સેવન કરે તો, રક્તપિત્ત, તાવ, ઉર:ક્ષત, તૃષા, પ્રદર, ક્ષીણતા, ઉલટી, ઉધરસ, શ્વાસ, સ્વરભંગ અને ક્ષય એટલા રોગોનો નાશ કરે છે અને શરીરને પુષ્ટ કરે છે. આ **કુષ્માંડાવલેહ** કહેવાય છે. **અથવા** એળચી, તમાલપત્ર અને તજ એ અરધા અરધા તોલાભાર લેવાં. અને પીપર બે તોલાભાર સાકર ૪ તોલા, જેઠીમધ ૪ તોલા, કાળીદ્રાખ ૪ તોલા અને ખજૂર ૪ તોલા લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધ મધ્યે ગોળી એક એક તોલાભારની બાંધી ગોળી ૧ નિરંતર ખાય તો, રક્તપિત્ત શ્વાસ, ઉધરસ, પિત્તજ્વર, હેડકી, ઉલટી, મૂર્છા, મદ, ભ્રમ, લોહીના બડખા, તૃષા, પડખાનાં શૂળ, અરૂચિ, સોજો, બરલ, આઢ્યવાયુ, સ્વરભંગ અને ક્ષતક્ષય એટલા રોગોનો નાશ કરે છે તથા પુષ્ટિ કરે છે. આ **એલાદિ ગુટીકા** કહેવાય છે. **વૈધરહસ્ય.**

ઇતિ રક્તપિત્તનો અધિકાર સંપૂર્ણ.

ક્ષય રોગનો અધિકાર.

રાજરોગની સંખ્યા, ઉત્પત્તિ, નિદાન તથા સંપ્રાપ્તિસહ લક્ષણ.

રાજરોગના ૬ ભેદ છે તેમાં વાયુનો ૧, પિત્તનો ૨, કફનો ૩, સંનિપાતનો ૪, ચોટ લાગવાથી થએલો ૫, અને શોષથી ઉત્પન્ન થએલો ૬ એ ૭ અથવા અત્યંત મૈથુનથી, અત્યંત શોકથી, કાંઇ ખાધી કાંઇ કુષ્ટનકથી, છાતીમાં કોઇ પ્રકારનો માર વાગવાથી, અત્યંત પંથ કરવાથી અને અત્યંત મેહનત કરવાથી પણ રાજરોગ થાય છે. અથવા અધોવાયુ વગેરેના વેગોને રોકવાથી, અત્યંત ઉપવાસ, અત્યંત ઇર્ષ્યા કરવાથી, બળવાન સાથે યુદ્ધ-કસરત કરવાથી, પોતાના ગજા ઉપરાંત કાર્ય કરવાથી અતિઘણું કિંવા અતિ થોડું કે સમય વગર ભોજન કરવાથી, વીર્યાદિધાતુઓના ક્ષીણપણાથી, પોતાથી મોટી ઉમ્મર વાળી સ્ત્રી સંગાથે સંભોગ કરવાથી અને વૃદ્ધાવસ્થાના કારણથી પણ રાજરોગ થાય છે. તે ત્રિદોષ રૂપી રાજરોગમાં કફ પ્રાધાન્ય હોય છે એવા ત્રણે દોષોથી રસને વહેવા વાળી શિરાઓના માર્ગો રોકાઇ જાય તેથી રસ પર્યંતના સર્વ ધાતુઓ ક્ષીણ થાય છે અને ધાતુઓ ક્ષીણ થવાથી મનુષ્ય પણ ક્ષીણ થાય છે. કેટલીક વખત ઉધરસના વેગને લીધે અત્યંત રૂપો વાળો રાજરોગ થાય છે. અને કેટલીક વખત ઉધરસના વેગ વિના પણ રાજરોગ થાય છે. તેની શંકા અને સમાધાનો માટે **ચરક** અને **ભાવપ્રકાશ** જુવો. યક્ષ્મા, રાજયક્ષ્મા, ક્ષય અને શોષ એ ચારે આ રોગનાંજ નામ છે. ક્ષય રોગના જે જે બીજા પણ હેતુઓ છે તેઓ સર્વ ઉપર કહેલા હેતુઓનાજ અંતર્ભૂત છે એમ સમજવું.

રાજરોગનું પૂર્વ સ્વરૂપ.

જે મનુષ્યને ક્ષય થવાનો હોય તે મનુષ્યને પ્રથમથી શ્વાસ, અંગોમાં પીડા, ઉધરસ આવી કફનું પડવું, તાળવામાં શોષ, ઉલટી, અગ્નિની મંદતા, મદ, સળીખમ, ઉધરસ અને નિદ્રા એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ટલાં ચિન્હો થાય છે તથા આંખો ધોળી થઇ જાય, માંસ ખાવાની અને મૈથુનની ઇચ્છા રઘાજ કરે અને પોપટ, કાગડા, ગરજણ, નીલકંઠ, વાંદરા અને કાચંડા એટલાં પશુ-પક્ષિઓ સ્વપ્નામાં ખેંચી જાય છે તથા સુકી નદીઓ, સુકાં, બળેલાં, પવન અને ધુમાડાથી ખરાબ થયલાં વૃક્ષો સ્વપ્નમાં દેખે છે.

ક્ષયરોગનાં લક્ષણ.

ચરકમુનિ કહે છે કે-ખભાઓમાં તથા પડખાઓમાં પીડા. હાથ પગમાં બળતરા અને સર્વાંગમાં તાવ એ ક્ષય રોગનાં ત્રણ મુખ્ય લક્ષણો છે, પણ **'સુશ્રુત'**નું કહેવું એમછે-કે ભોજન માત્રમાં અરૂચિ, તાવ, ઉધરસ, શ્વાસ, મુખમાં લોહી આવે અને સ્વરમાં ફેરફાર થાય, આ છ લક્ષણો હોય તો પણ ક્ષય રોગ છે એમ સમજવું. એ ક્ષય રોગ અગ્યાર પ્રકારનો છે. તેનો ખુલાશો નિચે પ્રમાણે.

ક્ષય રોગનાં અગ્યાર લક્ષણો.

જો વાયુના ત્રાસવાળો ક્ષય રોગ હોય તો સ્વરમાં ફેરફાર, શળ અને ખભામાં તથા પડખાંઓનો સંકોચ થાય છે. જો **પિત્તના** ત્રાસવાળો ક્ષયરોગ હોય તો તાવ, બળતરા, અતિસાર, અને લોહીનું આવવું થાય છે. જો **કફના** ત્રાસનો હોય તો માથું ભારે, અન્નમાં અરૂચિ, ઉધરસ, અને કંઠથી બોલી શકાય નહીં. જો **ત્રિદોષયુક્ત** અથવા છ પ્રકારના શોષ-યુક્ત હોય તો **સન્નિપાતનો** જાણવો. જો **માર લાગવાના** કારણથી ક્ષય થયો હોય તો માથામાં પીડા, લોહી સહિત ઉલટી, અને શરીર લુખું પડી જાય છે. (આ અસાધ્ય છે.)

કેવા ક્ષય રોગીની ચિકિત્સા ન કરવી ?

જે ક્ષય રોગ અગ્યાર, છ અને ત્રણ લક્ષણો યુક્ત હોય, તાવ, ઉધરસ તથા ઉલટીમાં લોહી પડતું હોય, માંસ તથા બળ ક્ષય થયો હોય, સારી પેઠે ખાતાં છતાં પણ ક્ષીણ થતો જતો હોય, અતિસારથી પીડાતો હોય, વૃષણ તથા પેટ ઉપર સોજો હોય, આંખો ધોળી થઇ ગઇ હોય, અન્ન ઉપર દ્વેષ, ઉંચા શ્વાસથી પીડા થતી હોય અને કષ્ટાઇને વિશેષ વીર્ય ઝરતું હોય અર્થાત્ પ્રમેહ થઇ આવ્યો હોય તથા મૂત્ર વારંવાર કિંવા ઘણું ઉતરે તો તેવા રોગીની પવિત્ર કીર્તિની ઇચ્છા રાખનાર વૈદે કદીપણ ચિકિત્સા (ઔષધોપચાર) કરવા મન લગાડવું નહીં.

ક્ષય રોગીના જીવનની અવધિ.

સારો શાસ્ત્રવેત્તા તથા વૈદની સર્વ ક્રિયામાં કુશળ એવા વૈદના હાથથી ચિકિત્સા થતી હોય તથા રોગી જુવાન હોય, દ્રવ્યપાત્ર હોય. વૈદના કહેવા પ્રમાણે વર્તતો હોય અને જીતેંદ્રિય હોય તો ૧૦૦૦ દિવસ સુધી જીવે છે; પણ પછી જીવવા માટે તો શંકા રહે છે.

કેવા ક્ષય રોગીની ચિકિત્સા કરવી ?

તાવનો અભાવ, બળવાન, વૈદ્ય કહેલી દવાવલી કે આકરી ચિકિત્સા (વ્યાધિ શમનના ઉપાય) કરે તે સહન કરી શકતો હોય, જેનો જઠરાગ્નિ તેજ હોય, શરીરે પુષ્ટ, ધૈર્યતાવાળો અને આસ્તિક વૃત્તિવાળો હોય તો તેની ચિકિત્સા કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શોષના પ્રકાર.

અતિ મૈથુનના કારણથી ઉત્પન્ન થએલો **વ્યવાયશોષ** કહેવાય છે. તેમાં લિંગ તથા અંડકોષમાં વેદના થાય, મૈથુન કરવામાં અશક્ત અને કરે તો મોડું તથા થોડું વીર્ય પડે, શરીર પીળું, ચિંતાગ્રસ્ત, શરીર શિથિલ, અને વીર્યની ક્ષીણતાથી સર્વ ધાતુ ક્ષીણ તથા રાજરોગના ચિન્હોએ યુક્ત હોય છે.

શોકથી થએલા શોષને **શોકશોષ** કહે છે. તેમાં જે વસ્તુના અભાવથી શોક થયો હોય તે વસ્તુનુંજ ચિંતવન કર્યા કરે તથા ઉપરના શોષમાં કહેલા સર્વ વિકારો હોય છે; માત્ર લિંગ અને અંડકોષમાં વ્યાધિના સ્વભાવના લીધે વેદના થતી નથી.

વૃદ્ધ અવસ્થાના કારણથી થએલો **વાર્દ્ધક્યશોષ** કહેવાય છે, તેમાં કૃશતા થાય, વીર્ય, બળ, બુદ્ધિ અને ઇંદ્રિયો મંદ થઇ જાય છે, કાંપવું, કાંતિરહિતપણું, ફુટેલા કાંસાના પાત્ર જેવો સાદ, ભોજનમાં અરૂચિ, કફરહિત થુંક, શરીર ભારે, મોઢું, નાક, આંખમાંથી સ્ત્રાવ, વિષ્ટા અને શરીર શુષ્ક તથા લુખાં થઇ જાય છે.

કસરત કરવાથી થએલો **વ્યાયામશોષ** કહેવાય છે, તેમાં અંગશિથિલ, કાંતિ અગ્નિમાં શેકાએલાના જેવી પરૂષ, શરીરના અવયવો સ્પર્શ જ્ઞાનથી રહિત, ગળું તથા મોઢું સુકાયછે. અને ક્ષત ન થવા છતાં પણ ઉરઃક્ષતનાં લક્ષણો યુક્ત હોય છે.

પંથ કરવાથી થએલો **અધ્વશોષ** કહેવાય છે, તેમાં વ્યાયામશોષમાં કહેલાં સર્વ લક્ષણો હોય છે; પણ ઉરઃક્ષતનાં લક્ષણો હોતાં નથી.

ગંભીરવિવ્રણ-ગડ-ગુમડાં થવાથી ઉત્પન્ન થએલો **વ્રણશોષ** કહેવાય છે. તેમાં લોહીના ક્ષયપણાથી, વેદનાઓથી તથા આહારના પ્રતિબંધથી અસાધ્ય શોષ થાય છે.

છાતિમાં ક્ષત-ચાંદું, ચાંદી પડવાથી થએલો **ઉરઃક્ષતશોષ** કહેવાય છે; તેમાં છાતિમાં અત્યંત પીડા, પાંસળીઓમાં દુખાવો, ધ્રુજારો, અંગસુકાવ, વીર્ય, બળ, વર્ણ, કાંતિ, તથા અગ્નિ એ અનુક્રમે ઘટી જાય છે, જ્વર, દીનતા અતિસાર અને ઉધરસ થાય છે. તથા ઉધરસ આવતાં કાળો ગંધાતો લોહીયુક્ત પીળો, ગુંથાએલો અને વિશેષ વારંવાર કફપાત થાય છે. તથા વીર્ય અને ઓજના ક્ષયથી, અત્યંત ક્ષીણ થઇ જાય છે.

ઉરઃક્ષત થવાનાં મુખ્ય કારણો.

જોરથી ધનુષ્ય ચઢાવવાથી કે બાણ ફેંકવાના વિશેષ અભ્યાસથી, ગજા ઉપરાંત ભાર ઉપાડવાથી, પોતા કરતાં વિશેષ બળવાનથી મલ્લયુદ્ધ કરવાથી, વિષમ અને ઉંચી જગ્યાથી પડી જવાથી, તોફાની બળદ, ઊંટ, ઘોડો કે હાથી દોડતાં જતાં હોય તેને પકડી લેવાથી, પત્થર, લાકડાં, ઇંટ કે શસ્ત્રોના ફેંકવાથી, બીજાને મારવાથી, રાડપાડી બોલવાથી, ભણવાથી, કે ગાવાથી, બહુ દોડવાથી, નદીના પૂરમાં તરવાથી કે મોટી નદી તરવાથી, ઘોડાઓની સંગાથે દોડવાથી, એકદમ કૂદવાથી, એકદમ નાચવાથી અથવા એવાંજ અન્યસાહસ કર્મો કરવાથી, એકાએક છાતીમાં માર વાગવાથી, સ્ત્રીઓમાં અત્યંત આશક્તિ રાખવાથી અને લુખું તથા થોડું જમવાથી, છાતિમાં જોર આવવાના લીધે ઘસારો લાગેછે તેથી, ક્ષત-ચાંદી પડે-છે; માટે ઉપરની બાબતો અવશ્ય લક્ષમાં રાખી વર્તવું નહીં તો, ઉરઃક્ષત શોષ થઇ રાજરોગ થાય છે અને છેવટે આ અનિત્ય સંસારને તજી નિરૂપાયે યમરાજને આધીન થવું પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજરોગના ઉપાય.

જો ક્ષયરોગી બળવાન્ હોય અને ઘણા દોષવાળો હોય તો વમન વિરેચનાદિ પાંચ કર્મોથી દેહશુદ્ધિ કરાવવી, પણ જો રોગી નિર્બળ-ક્ષીણ થઇ ગએલો હોય તો પાંચ કર્મો કરવાં નહીં; કેમકે મનુષ્યનું બળ મળોને આધીન અને જીવિત વીર્યને આધીન છે, માટે ક્ષયરોગીના વીર્ય અને બળની યત્ન પૂર્વક રક્ષા કરી ઉપાયો કરવા.

સાકર ટાંક ૧૬ વંશલોચન ટાંક ૮, પીપર ટાંક ૪, નાની એળચી ટાંક ૨, અને તજ ટાંક ૧ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધ તોલો ૧ અને ઘી તોલા ૧॥ ના સંગાથે અથવા, મધ કે ઘીના સંગાથે કિંવા માખણની સાથે ચાટે તો, રાજરોગ, શ્વાસ, ઉધરસ, પિત્તજ્વર, પડખાનું શૂળ, મંદાગ્નિ, હાથ પગની બળતરા, રક્તપિત્ત, જીભની જડતા, અરુચિ, ક્ષય સંબંધી સઘળારોગ, મોહેડા તથા નાકની વાટે જતું લોહી, ખભાની બળતરા અને સળીખમ એ સઘળા રોગો જો આયુષ્ય બળવત્તર હોય તો નિશ્ચે આરામ થાય છે. આ **સિતોપલાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** રસસિંદૂર, ગળોનું સત્વ અને ગજવેલ ભસ્મ ટાંક ટાંક ભાર લઇ મધ અને માખણની સંગાથે ચાટે તો રાજરોગ જાય છે. **અથવા** પારાની શુદ્ધ ભસ્મ ૩ ભાગ, સુવર્ણની શુદ્ધ ભસ્મ ૧ ભાગ, શુદ્ધ મણશીલ ૨ ભાગ, ત્રાંબાની ભસ્મ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ અને હરતાલ ભસ્મ ૨ ભાગ, લઇ એકઠાં વાટી તેને પીળી કોડીઓમાં ભરી પછી શુદ્ધ ટંકણખારને બકરીના દુધમાં વાટી તે ટંકણખારથી કોડીઓનાં મ્હોં બંધ કરવાં પછી એક સારી કોરી કુલડીમાં તે ઓષધની ભરેલી કોડીઓને મૂકી મુખે મુદ્રા દઇ ગજપુટ અગ્નિમાં પકવી સ્વાંગ (પોતાની મેળેજ) શીતળ થયે કુલડીમાંથી કોડીઓને કાહાડી લઇ ખરલ કરી ઉપયોગમાં લેવો-એટલે ૪ રતી ભારની માત્રા ઓગણીશ મરી, દશ પીપર, મધ અને ઘી એઓની સંગાથે સેવન કરે તો, વાયુ તથા કફ સંબંધી ક્ષય તુરત મટે છે. **આ રાજમૃગાંકરસ કહેવાય છે. રસેંદ્રચિંતામણિ.** **અથવા** સાકર, માખણ અને મધની સંગાથે શુદ્ધ સોનાના વરખ ઘુંટી સેવન કરે તો ક્ષય રોગનો **નાશ થાય** છે. એમ શિવજીની પ્રતિજ્ઞા કરી **વૈદ્યામૃત**નો કર્તા કહે છે. **અથવા** વર્ધમાન પીપર, મધ તથા માખણ સંગાથે સેવન કરે તો ક્ષય નાશ પામે છે. **અથવા** બરાસ ટાંક ૫, તજ ટાંક ૫, મીરચકંકોળ ટાંક ૫. જાયફળ ટાંક ૫, લવીંગ ટાંક ૬, નાગકેસર ટાંક ૭, મરી ટાંક ૮ પીપર ટાંક ૯ અને સુંઠ ટાંક ૧૦ અને એ સર્વેની બરાબર સાકર લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી યોગ્ય અનુપાનથી ટાંક ૧ સેવન કરે તો અરુચિ, ક્ષય, શ્વાસ, ઉધરસ, ગોળો, હરસ, ઉલટી અને કંઠના રોગ એ સર્વ નાશ પામે છે. આ **કર્પૂરાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** શુદ્ધગંધક ટાંક ૫, શુદ્ધ અભ્રક ટાંક ૫, તથા શુદ્ધ પારો ટાંક ૫, શુદ્ધ હિંગળોક ટાંક ૨॥ અને મણશીલ ટાંક ૧॥ લઇ પારા ગંધકની કાજળ કરી **અન્ય ઓષધો મેળવી સર્વના** અર્ધ ભાગે લોહભસ્મ લઇ એકત્ર ઘુંટી શતાવરીના રસના પુટ ૧૪ દઇ ઘુંટી સુકવી તૈયાર કરી રતી ૨ તથા ૩ ભાર સાકર અને મરી સંગાથે પ્રાતઃકાળે નિરંતર સેવન કરે તો રાજરોગનો નાશ થાય છે અને વાત, પિત્ત, કફના રોગો તથા સર્વ પ્રકારના તાવનો પણ નાશ કરે છે. આ **કુમુદેશ્વરરસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** તાંદળજાની ભાજી પકાવી તેમાં ઘી નાંખી નિરંતર ભોજન કરે તો રાજરોગ તથા વારંવાર મૂત્ર આવતું હોય તે રોગ મટેછે. **અથવા** પાકેલાં મોટાં રસદાર સ્વચ્છ આંબળાં ૫૦૦ લઇ તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦૨૪ તોલા ભાર પાણીમાં બાફવાં એટલે તે રસરૂપ પાણી થઇ જાય ત્યારે તેમાંથી આંબળાં કાહાડી લઇ તેમાંથી ઠળીયા કાહાડી નાખી તેને ૨૪ તોલા ઘી અને ૨૪ તોલા તેલમાં તળી પછી રસરૂપ પાણીમાં સાકર તોલા ૨૦૦ ભાર નાખી તથા આંબળાં પણ તેમાં નાખી અગ્નિ ઉપર ચડાવી ફરી પકાવવાં, જ્યારે આટવા જેવો અવલેહ થાય ત્યારે નીચે ઉતારી તેમાં કાળીદ્રાખ, અગર, સુખડ, કમળકાકડીનો મગજ, એળચી, હીમજ, કાકોલી, ખીરકાકોલી, મેદા, મહામેદા, જીવક, ઋષભક, ગળો, કાકડાશીંગી, ભોંઆંબળી, પુષ્કરમૂળ, કચૂરો, અરડૂસો, બીલીકોશ, કાશકી, ડોડી, સમેરવો, ગધી સમેરવો, ઉભી ભોંરીંગણી, બેઠી ભોંરીંગણી, ગોખરૂ, ખાલી, સીવણ, કાકય, અરણી, અરલુ અને મોથ એ સઘળાં ઔષધો ચાર ચાર તોલા ભાર લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી અવલેહમાં મેળવી દેવું. લેહ ઠંડો થયા પછી તેમાં મધ ૨૪તોલા, પીપર ૪ તોલા, તજ ૨ તોલા, તમાલપત્ર ૨ તોલા, નાગકેસર ૨ તોલા, એળચી ૨ તોલા, અને વંશલોચન ૧૬ તોલા એઓનું ચૂર્ણ પણ લેહમાં નાખવું. આ અવલેહ નિરંતર ૪ તોલા ભાર સેવન કરે તો ક્ષય, ભયંકર શોષ, શ્વાસ, ખાંસી, રક્તપિત્ત, પ્રમેહ, મૂર્છા, તરશ, ઉલટી, ચિત્તભ્રમ, અરૂચિ, મદ, વાતરક્ત અને નિર્બળતા એટલાનો નાશ કરેછે, તથા જરા, પળીયાંને મટાડે છે, પુષ્ટિ કરેછે, કાંતિ અને કામપ્રદ છે. આ **ચ્યવન પ્રાશાવલેહ** કહેવાય છે. **અથવા.** અરડૂસીનો રસ અને ભોંરીંગણીનો રસ ચાર ચાર તોલા ભાર લઇ તેમાં મધ પીપરનું ચૂર્ણ નાખી સેવે તો રાજયક્ષ્મા, શ્વાસ અને ઘોર ઉધરસ મટેછે. **અથવા** મૃગાંક ૧ ભાગ, પારો ૧ ભાગ, વગર વિંધ્યાં ખરાં મોતી ૨ ભાગ, ગંધક તથા ટંકણ ૨-૨ ભાગ લઇ પારાગંધકની કાજળી કરી સર્વને કાંજીમાં વાટી ગોળો કરી તે ઉપર કપડ માટી કરી હાંલ્લીમાં મીઠું ભરી તેના વચ્ચોવચ્ચ તે ગોળો મૂકી હાંલ્લાના મુખે મુદ્રા દઇ ૮ પોહોર અડાયા છાણાનો અગ્નિદેવો. પોતાની મેળે ઠરે ત્યારે કહાડી લઇ ખરલ કરી ઘી તથા મરીના અનુપાન સાથે ૩ રતી સેવે તો ક્ષય, ઉધરસ, પ્રમેહ, ઝાડો, ક્ષીણતા, અને આંખની ઝીકાસ મટે છે. આ **કુમુદેશ્વરરસ** કહેવાયછે. **વૈદ્યવિનોદ. અથવા** પીળી કોડીઓમાં પારા ગંધકની કાજલ ભરી બકરીના દુધ સાથે ખુટેલા ટંકણથી કોડીઓનાં મ્હોં બીડી મુકવી સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયે કાહાડી લઇ ખરલ કરી ૧ રતી યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો ઘોર રાજરોગ તથા શોષ, દમ, ઉધરસ સંગ્રહણી અને જ્વરાતિસાર એટલારોગો નાશ થાય છે. **રૂદ્રદત્ત. અથવા** બકરાનું માંસ ખાવું, બકરીનું દુધ પીવું, સુંઠ સહિત બકરીનું ઘી પીવું અને બકરાના ટોળામાં સુવું. બેસવું તથા કુકડીના ઇંડાનો રસ મધ ઘી સાથે પીવે તો ક્ષયરોગ ઉપર સારો ફાયદો આપે છે. **અથવા શુદ્ધ** શિલાજીતના સેવનથી પણ ક્ષય મટે છે એમ **ચરક મુનિનું** કહેવું છે. **અથવા** તાલીસપત્ર, ત્રિફળાં, **કાંગ**, પીપરીમૂળ, મોથ, પટકચૂરો, દારૂહળદર, એળચી, **તમાલપત્ર**, **નાગકેસર**, લવીંગ, સુંઠ, પીપર, બોર, વીરણવાળો, ચવક, પીલુડી, અતિવિષ, કાકડાશીંગી, ઉપલેટ, હળદર, ચિત્રો, કડાછાલ, અરડૂસો ગોખરૂ, કડુ, દ્રાખ, કોકમ, દાડિમના દાણાનો રસ અને પાકાંબોર એઓને સમાન ભાગે લઇ ચૂર્ણ કરી, તે ચૂર્ણના સમાન સાકર મેળવી પછી બે તોલા ભારના પ્રમાણથી સેવન કરવું, જેથી છાતીમાં પડેલી ચાંદી, ઉધરસ, શ્વાસ, પાંડુ, કમળો, પ્રમેહ, શોષ, ગુદાનામસા, અને ક્ષય રોગ એ સર્વનો નાશ કરેછે. આ **બૃહત્તાલીસાદિ ચૂર્ણ** કહેવાય છે. **હારીતસંહિતા. અથવા** સુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એળચી, લવીંગ, જાયફળ, વંશલોચન, **કચુરો**, કાકડાશીંગી, આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુગન્ધ અને દાડિમનાં બીજ એ સઘળાં સમાન ભાગે લઇ તે સર્વની બરોબર લોહભસ્મ અને લોહભસ્મની બરોબર અભ્રક ભસ્મ મેળવી એકત્ર કરી યથોચિત ક્ષુંદી તે સઘળા ચૂર્ણની બરોબર સાકર નાખી ૧ તોલા ભાર નિત્ય સેવન કરે વા પોતાની અગ્નિનું બળ વિચારી સેવન કરે તો જઠરાગ્નિ દીપ્ત થાય છે-ભૂખ લગાડે છે. તથા પ્રમેહ, ભયંકર પથરી, મૂત્રકૃચ્છ્ર, ધાતુઓમાં સ્થિત થએલો વિષમજ્વર, ત્રિદોષ રાજયક્ષ્મા-ક્ષય, તાવ, પીનસ, ઉધરસ, શ્વાસ અને અરૂચિનો નાશ કરે છે. આ **નાગનાયક ચૂર્ણ** કહેવાય છે. **અથવા**-લવીંગ, કંકોલ, **સુગંધીવાળો**, સુખડ, તગર, નીલકમળ, શાહજીરૂં, એળચી, કાળુઅગર, નાગકેસર, પીપર, સુંઠ, વીરણવાળો, જટામાંસી, બરાસ, જાયફળ અને વંશલોચન એ સઘળાં સમાન લઇ તે સર્વથી અરધે ભાગે સાકર લઇ સર્વનું ચૂર્ણ કરી વસ્ત્રથી ગાળી સેવન કરે તો ક્ષય, મંદાગ્નિ, ઉધરસ, હેડકી, અરૂચિ, પીનસ, સંગ્રહણી, અતિસાર, લોહીવિકાર, પ્રમેહ, ગોળો તથા તમકશ્વાસ, ગળગ્રહ, અને બધેકોપ એઓનો નાશ થાય છે. રોપણ, તરપણ, અગ્નિ દીપાવનાર, વીર્ય વૃદ્ધીકરનાર અને ત્રિદોષ વગેરેનો અંત કરનાર છે આ **લવીંગાદિ ચૂર્ણ** કહેવાય છે. **યોગચિંતામણિ. અથવા** "શુદ્ધ અભ્રકભસ્મ (ધુમાડાપણાથીરહિત ખાખ) તોલા ૬, બરાસ, જાવંત્રી, તજ, તમાલપત્ર, લવીંગ, તાલીસપત્ર, જાવંત્રી, વીરણવાળો, અને ધાવડીનાં ફુલ, એ ૪-૪ માસાભાર લેવાં અને હરડેની છાલ, આમળાં, બેહેડાંની છાલ, તથા સુંઠ એ ૬-૬ માસાભાર લેવાં. પ્રથમ પારા ગંધકની કાજળી કરી અન્ય ઔષધીઓનું ચૂર્ણ કરી કાજળીમાં મેળવી એકજીવ કરી પાણી સાથે ઘુંટી ચણા જેવડીઓ ગોળીઓ વાળી ગોળી ૪ નિરંતર ઠંડા પાણી સાથે ખાય તો ક્ષય, સોજ, શ્વાસ, ઉધરસ, શૂળ, પ્રમેહ, હિક્કા-ટી, અમ્લપિત્ત, અરૂચિ, સંગ્રહણી અને વાતરક્ત એ સઘળા રોગો દૂર થાય છે અને શરીર પુષ્ટ કરે છે. આ **શૃંગાર્યા ભ્રકગુટિકા** કહેવાય છે. **અથવા** દશમૂળ, પીપર, ચિત્રામૂળ, કૌચાં, બેહેડાંની છાલ, કાયફળ, કાકડાશીંગી, દેવદાર, સાટોડીનાં મૂળ, ધાણા, લવીંગ, ગરમાળાનો ગોળ, માળવીગોખરૂ, વરધારો, ઉપલેટ, અને ઇંદ્રવરણાનાં મૂળ એ સઘળાં ૬-૬ તોલાભાર લઇ ખાંડી પાણી સેર ૩૩॥ ભાર (૪૦ રૂપિયાભાર શેરના પ્રમાણથી) લઇ તેમાં ઉપર કહેલી સર્વ ઔષધીઓને નાખી તેમાં મોટી હરડે ૮ શેરને સોળ રૂપિયાભાર નાંખી ધીમા અગ્નિથી માટીના વાસણમાં નાખી પકાવી હરડેનું પાણી કાઢાડી લઇ ઠંડી કરી મધની અંદર ૧૫ દિવસ નાખી રાખવી. પછી તેમાંથી હરડેને કાઢાડી ફરી બીજા તાજા મધમાં નાખવી એટલે ૧૫ દિવસ સુધી મધમાં રાખી પછી ફરી નવા મધમાં ૧ મહિના સુધી મધમાં ડુબતી રાખવી અને તેમાં તજ, તમાલપત્ર, નાગકેસર, એળચી, અને પીપર એટલાં ઔષધો ૨૪ તોલાભાર લઇ ચૂર્ણ કરી મધમાં એકત્ર કરી નાંખવાં. તેમાંથી હરડે ૧ નિરંતર પ્રાતઃકાળે ખાય તો રાજરોગ, શોષ, ઉધરસ, હેડકી, હિક્કા-ટી, તાવ, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ, વાતરક્ત, અરશ, સંગ્રહણી, રક્તપિત્ત, બળતરા, વિસૂચિ, વિમ-ચિ, કોઢ, મૃગીવાયુ અને પાંડુરોગ એટલા રોગોનો નાશ કરે છે. આ **મધુપકવહરીતકી** કહેવાય છે. એમ **શ્રી ધન્વંતરીજીએ ધન્વંતરી સંહિતામાં** કહેલું છે. **અથવા** જુનો ગોળ તોલા ૫૪, આદાનો રસ તોલા ૫૮ લઇ તે ગોળની ચાસણી ધીમા અગ્નિથી પાતળી કરી તેમાં તજ, તમાલપત્ર, નાગકેસર, એળચી, લવિંગ, સુંઠ, મરી અને પીપર એ સઘળાં ત્રણ ત્રણ તોલાભાર લઇ ચૂર્ણ કરી નાખવું. એકજીવ કરી તેમાંથી નિરંતર ૩ તોલા ખાય તો રાજરોગ, મંદાગ્નિ, ઉધરસ, કાસ અને અરૂચિ એ સર્વેનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે છે. આ **આહાનો અવલેહ** કહેવાય છે. **અથવા** બકરીના દુધમાં બરાબર પાણી નાખી તેમાં પીપર ૩ નાખવી અને નિત્યપત્યે અકેક વધારતે જવી એટલે મહીના ૧ સુધી વધારી પછી એજ પ્રમાણે ઘટાડવી–એટલે બકરીના દુધમાં પાણી નાખી તેમાં પેહેલે દહાડે ૩ પીપર નાખી ઉકાળવું, પાણી બળી દુધ રહે ત્યારે નીચે ઉતારી પીપર કાહાડીને ખાઇ જવી અને ઉપર તે દુધ પી જવું. એ પ્રમાણે દરરોજ અકેકી પીપર વધારે નાખવી. મહીના પછી અકેક ઓછી કરવી તો, રાજરોગ, ઉધરસ અને શ્વાસનો નાશ થાય છે. **કાશિનાથપદ્ધતિ. અથવા** કાળીદ્રાક્ષ ૨૦૦ તોલાભાર લઇ તેને ૨૦૪૮ તોલા પાણીમાં નાખી ઉકાળવી જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે તેમાં જુનો ગોળ ૮૦૦ તોલા પ્રમાણમાં નાખવો તથા વાવડીંગ, કાંગ, પીપર, તજ, એળચી, તમાલપત્ર, નાગકેસર અને મરી એ સર્વે ચાર ચાર તોલાભાર લઇ ખાંડી ઉપરના ઉકાળામાં નાખી દારૂ ખેંચવાની ભઠ્ઠીથી અર્ક કાહાડી તેમાંથી તોલાભાર નિરંતર પીએ તો રાજરોગ, ગળાનો રોગ, શ્વાસ અને ઉધરસનો નાશ થાય છે. આ **દ્રાક્ષાસવ** કહેવાય છે. **યોગતરંગિણી. "અથવા** મૃગાંક ૧, રૂપરસ ૨, તાંબેશ્વર ૩, પારાની ભસ્મ ૪ અને **અભ્રક** ભસ્મ ૫ એ શુદ્ધ પ્રકારે તૈયાર કરેલી ભસ્મો એકએકથી વધતા ભાગે લઇ એકત્ર કરી ત્રિકટુ, ત્રિફળા અને ત્રિજાતનું ચૂર્ણ મેળવી તેને પ્રથમ વાવડીંગના ક્વાથનો પુટ દેવો, પછી નાગરમોથના ક્વાથનો, કાયફળનો, નગોડના રસનો, દશમૂળના ક્વાથનો, ચિત્રાના રસનો, હળદરનો, સુંઠનો, મરીનો, અને પીપરનો એમ એક પછી એકના પુટ દઇ ઘુંટી ગોળી અરધ રતી પ્રમાણે વાળવી. તેમાંથી ૧ ગોળી નિરંતર સેવન કરે તો રાજરોગ, પાંચે જાતની ઘોર ઉધરસ, વિદ્રધિ છાતીના રોગ અને ગોળો નાશ થાય છે. આ **પંચામૃત રસ** કહેવાય છે. **સારસંગ્રહ. અથવા** મોટો શંખ લઇ ગોમૂત્રના સંયોગે અગ્નિમાં દગ્ધ કરી તે ભસ્મની મૂસ (ધાતુઓ ગાળવાની કુલડીઓ) માં શુદ્ધપારો ટાંક ૫, શુદ્ધ ગંધક ટાંક ૫, એ બેની કાજળી કરી મૂસમાં ભરી સંપુટ કરી કપડા માટી વડે મજબુત કરી ગજપુટ અગ્નિ આપવો. પછી સ્વાંગ શીતળ થયે કાહાડી મૂસ સહિત ખરલમાં ઘુંટી રતી ૧ મધ સગાથે સેવન કરે તો ક્ષયનો ક્ષય થાય છે. **રસાર્ણવ. અથવા** થોરનાં લીલાં ડીંડલાં ના તોલાભાર, સંચળ ૩ તોલા ભાર, વડાગરૂં મીઠું ૩ તોલા, તંતાક તોલા ૫૪ અને ચિત્રામૂળ ૩ તોલા એ સર્વે એકઠાં કરી કચરી મોટા રામપાત્રમાં ભરી બીજું રામપાત્ર તે ઉપર બંધ બેસતું કરી કપડા માટી વડે મજબુત કરી મુકવી ગજપુટ અગ્નિ આપવો. ભઠ્ઠી એની મેળેજ ઠંડી થયા પછી સરાવ સંપુટને કાહાડી લઇ ખરલ કરી તેમાંથી માસો ૧ ભોજન કર્યા પછી પાણી સાથે સેવન કરે તો તાત્કાળ ભોજનને પચાવી દેછે તથા રાજરોગ, શ્વાસ, અર્શ, આમ અને શૂળનો નાશ કરે છે. આ **ક્ષુદ્રાદિક્ષાર** કહેવાય છે. **રસરાજ લક્ષ્મી" અથવા** આંબલીનો ખાર તથા પાંચ જાતનાં લુણ તેઓને લીંબુના રસમાં ઘુંટી તેમાં શંખને ૭ વાર અથવા તપાવી તપાવી જ્યાં સુધી ભૂકો થાય ત્યાં સુધી કરવો પછી તે શંખભસ્મથી અરધ ભાગે ત્રિકટુ, તથા હિંગ, વછનાગ લેવાં અને પારો તથા ગંધક એઓ ભસ્મથી ચોથે ભાગે લઇ પારા ગંધકની કાજળી કરી સર્વેને એકત્ર ઘુંટી તેની બોરના ઠળીઆ જેવડી ગોળીઓ કરવી. આ **શંખવટી**ના સેવનથી ક્ષય, સંગ્રહણી, હૃદય–પડખાનું શૂળ અને અન્ય પેટપીડાઓ નાશ થાયછે. **યોગચિંતામણિ. અથવા** દશમૂળ, કૌચાં, સંખાવળી, કચૂરો, ખરેટીમૂળ, ગજપીપર, અંઘાડો, પીપરામૂળ, ચિત્રો, ભારંગી. અને પુષ્કર મૂળ એ સઘળાં ૮–૮ તોલાભાર લેવાં. તથા જવ તોલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૫૬ અને ચોખી વગર ચૂએલી મોટી હરડે ૧૦૦ લઇ ઉક્ત ઔષધોને પાણી તોલા ૧૨૦૭૦ માં નાખી ઉકાળી તથા હરડે પણ આખી ને આખી ઉકાળી જ્યારે ચોથા ભાગનું પાણી બળતાં બાકી રહે ત્યારે નીચે ઉતારી હરડેઓને કાહાડી લઇ ક્વાથને વસ્ત્રગાળ કરી હરડેના ઠીલીઆ કાહાડી નાખી પછી જુનો ગોળ ૪૦૦ તોલા લઇ તેની ઉક્ત ક્વાથ સાથે ચાસણી કરી તેમાં તે હરડેઓને નાખી ગાયનું ઘી ૧૬ તોલા તથા ૧૬ તોલા તેલ અને ૧૬ તોલા પીપરનું ચૂર્ણ અને ટંડો થયે ૧૬તોલા મધ મેળવી તેમાંથી નિત્ય પ્રભાતકાળે ૩ તોલાભાર અવલેહ અને બે હરડેઓ સેવન કરે તો ક્ષય, શોષ, ઉધરસ, શ્વાસ, હેડકી, વિષમજ્વર, સંગ્રહણી, અરશ, હૃદ્રોગ, અરૂચિ અને પીનસ એટલા રોગોનો નાશ કરે છે તથા ભૂખને વધારે છે, કોઠાને શુદ્ધ કરે છે અને શરીરને પુષ્ટ કરે છે તથા વળીયાં પળીયાંનો નાશ કરે છે. આ **અગસ્તિહરીતકી** કહેવાય છે. **ચરકસંહિતા. અથવા** "અરડૂસાનો રસ તોલા ૪૦૦ લઇ તેનો મંદ અગ્નિ દ્વારા ક્વાથ કરવો, ચોથા ભાગનો રહે ત્યારે ગાળી લઇ તેમાં ૪૦૦ તોલા ગોળ નાખી ચાસણી કરી તૈયાર થયે ૨૪ તોલા તલનું તેલ, ૨૪ તોલા ગાયનું ઘી, ૧૦૦ મોટી હરડેનું ચૂર્ણ, પીપર, પીપરામૂળ, ચવક, મરી, પુષ્કરમૂળ, ચિત્રક અને સુંઠ એ બબે ટંક ભાર લઇ સૂક્ષ્મ ચૂર્ણ કરી ચાસણી સંગાથે એક જીવ કરી તેમાંથી ૩ તોલાભાર નિરંતર ખાય તો નિશ્ચે ક્ષયનો ક્ષય થાય છે અને અરશ, ઉધરસ, સ્વરભંગ, સોજો, અમ્લપિત્ત, પાંડુરોગ, અગ્નિની મંદતા, ઉદરવ્યાધિ તથા નપુંષકતા એટલા રોગોનો નાશ કરે છે. આ **વાસાવલેહ** કહેવાય છે એમ **ચરકમુનિનું** કહેવું છે."

ક્ષય રોગીના સેવ્યાસેવ્ય,

હલકું ભોજન, ઉના પાણીથી ન્હાવું, સાઠીચોખા, ઘઉંના બનાવેલા હલકા પદાર્થો, જવનાં મૂળ, મગ, કળથ, હરણનું માંસ, બકરીનું દુધ, ઘી, મીઠાં દાડિમ, આમળાં, શુદ્ધ શિલાજીત અને તાલિસાદિ ચૂર્ણો વગેરે યોગ્ય સેવન કરવાં સદા હિતકારી છે.

દિવસે નિદ્રા, રાત્રે ઉજાગરો, કાચાં, ભારે અને ઠંડાં અન્ન, ખટાસ, મૈથુન, ધુમ્રપાન, (બીડી ચલમ વગેરે પીવી) ક્રોધ, મહેનત, તડકો, ઘણી ઠંડીહવા, રેચ, ઘણા ગરમ પદાર્થો, દુષ્ટ હવા, વાસી ભોજન, આકરો રેચ તથા ઉલટી વગેરેની ઔષધીઓએ સેવવા લાયક નથી.

રાજરોગ, મંદાગ્નિ, ઉધરસ, શ્વાસ અને અરૂચિ એ પાંચને નિકટનો સંબંધ છે-મૈત્રતા છે અર્થાત્ એક એકને સહાયતા કરનાર છે માટે પૂર્ણ સાવચેતી રાખી તેઓનો સંબંધ ન થવા દેવા કાળજી રાખવી.

ઇતિ રાજરોગોત્પત્તિ લક્ષણ યત્ન સંપૂર્ણ.

ઉધરસનો અધિકાર.

ઉધરસનાં નિદાન, સંપ્રાપ્તિ, સામાન્ય લક્ષણ તથા સંખ્યા.

મોહોડામાં ધુમાડા તથા ધુળના જવાથી, ઘણી કસરતના કરવાથી, લુખાં કુપથ્ય ભોજનના સેવનથી, મુત્ર-મળ-છિંક વગેરેના વેગને અટકાવવાથી, ચીકટાશ તથા મુળા ઉપર પાણી પીવાથી, દુષ્ટ થયેલો પ્રાણવાયુ ઉદાનની સાથે મળી ફુટેલા કાંસાના વાસણ ના શબ્દ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવો શબ્દ કરી ધીમેથી મુખની વાટે બહાર નીકળે છે તે કાસ–ખાંસી–ખોખલા–ઉધરસ ખાસ વગેરે નામોથી ઓળખાયછે. તેના પાંચ પ્રકાર છે એટલે વાયુનો, કફનો, પિત્તનો, માર લાગવાનો અને ક્ષયનો એમ પાંચ જાત છે. અને તે પેહેલાથી બીજી, બીજાથી ત્રીજી, ત્રીજાથી ચોથો અને ચોથાથી પાંચમો એમ એક એકથી અધિક અધિક બળવાન તથા ભયકારી છે.

ઉધરસનું પૂર્વ સ્વરૂપ.

જ્યારે ઉધરસ થવાની હોય છે ત્યારે ગળામાં તથા મોહોડામાં કાંટા પડી જાય છે ગળામાં ચળ આવે છે અને ભોજન કરતાં ગળામાં દુખાવો થાય છે.

ઉધરસનાં લક્ષણો.

છાતિમાં, કાનના મૂળમાં કિંવા લમણામાં, માથામાં, પેટમાં તથા પડખામાં શળ-શળુકા આવે, મ્હોં ઉતરી જાય, બળ, પરાક્રમ તથા સ્વર ક્ષીણ થઇ જાય, ઉધરસ આવતી વખતે ગળામાં પીડા, સુકી ઉધરસ અને ખોખરો શબ્દ થાય તો જાણવું કે **વાયુની** ઉધરસ છે.

જો છાતિમાં બળતરા, તાવ, મુખમાંથી અમીનું સુકવું, મોહોડામાં કડવાશ, તૃષા, શરીર પીળું અને કડવી ઉલટી થાય તો જાણવું કે **પિત્તની** ઉધરસ છે.

જો કફથી મ્હોં લીપાયલું રહે, માથું દુખે, ભોજનમાં અરૂચિ, શરીર ભારે, કંઠમાં ચળ, કફના બડખા થુકે તો જાણવું કે **કફની** ઉધરસ છે.

જો સુકી ઉધરસ આવી પછી લોહીના બડખા પડે, કંઠમાં ઘણો દુખાવો, છાતિમાં તીક્ષ્ણ સોયો ભોંકાતી હોય તેવી વેદના, છાતિમાં હાથ અડાડતાં સેહેવાય નહીં, તાવ, શ્વાસ, તૃષા, કબુતર જેવો ખોખરો સાદ, અને સાંધાઓમાં પીડા થાય તો જાણવું કે છાતીમાં ક્ષત-ચાંદી પડવાથી ઉધરસ થઇ છે.

વિષમ ભોજનથી, અહિત ભોજનથી, અતિ મૈથુનથી, મૂત્રાદિના વેગને રોકવાથી, અત્યંત દયા ઉપજવાથી, અને અત્યંત શોક કરવાથી, માણસોનો જઠરાગ્નિ બગડી જતાં પિત્ત કોપેલા ત્રણે દોષો. શરીરનો ક્ષય કરી નાખે તેવી ક્ષયની ઉધરસ થાય છે.

શરીરમાં શળ, જ્વર, મોહ, ઇંદ્રિયોની ક્ષીણતા, સુકી ઉધરસ, દુર્બળ, શરીરમાંથી લોહી તથા માંસનો નાશ અને પરૂ જેવું થુકે તો જાણવું કે **ક્ષયથી** ઉધરસ થઇ છે.

ઉધરસનું સાધ્યાસાધ્યપણું.

ક્ષત અને ક્ષયની ઉધરસ જો ક્ષીણ થયલા મનુષ્યને થઇ હોય તેની તથા વૃદ્ધ માણસની તે ઉધરસ અસાધ્ય સમજવી અને બળવાનને જો એ બેમાંથી કોઇપણ ઉધરસ થઇ હોય તો કષ્ટસાધ્ય વા સાધ્ય ગણાય છે, માટે પથ્યો વડે કાળક્ષેપ કરાવી યત્ન કરવાં.

ઉપાય.

લવીંગ, મરી તથા બેહેડાની છાલ એઓને બરોબર લઇ એ ત્રણની બરોબર ખેરસાર લઇ ઝીણાં વાટી બાવળની છાલના કવાથમાં ઘુંટી રતી ૨ ભારની ગોળીઓ વાળી ગોળી ૧–૨ અથવા ૩ ગોળી નિરંતર યોગ્ય સમયે સેવન કરે તો ૭ દિવસમાં નિશ્ચે ઉધરસ મટે છે એમ **લોલીંબરાજનું** આ **લવીંગાદિ ગોળી** માટે કહેલું છે. **અથવા** મરી ટાંક ૧,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીપર ટાંક ૨, દાડિમનાં છોડીઆં ટાંક ૪, ગોળ તોલા ૪।। અને જવખાર ટાંક ૬ એઓને ઝીણાં વાટી ચણા જેવડી ગોળીઓ વાળી ગોળી ૨ તથા ૪ નિરંતર સુતી વેળાએ મ્હોંમાં રાખે તો ઉધરસ જાય છે. **અથવા** પીપર, પુષ્કરમૂળ, હરડેદળ, સુંઠ, કચુરો અને મોથ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી **સમાન** ગોળમાં ગોળી ૩ રતી પ્રમાણે કરવી. તેમાંથી ગોળી ૧-૨-૩ ખાય તો દમ અને ઉધરસ મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા** "સુંઠનો કવાથ પીવાથી. **અથવા** આદાનો રસ મધ મેળવી પીવાથી, **અથવા** રીંગણી, ગળો, સુંઠ અને પુષ્કરમૂળ તથા અરડૂસો એઓ સમાન લઇ કવાથ કરી પીવાથી ઉધરસ જાય છે. આ **ક્ષુદ્રાદિકવાથ** કહેવાય છે." **અથવા** બેઠીરીંગણીઓને બફારામાં ભારી બફાયા પછી તેનો રસ નીચોવી લઇ તેમાં પીપરના ચૂર્ણનો પ્રતિવાસ દઇ નિરંતર પીવાથી તુરત ઉધરસ તથા શ્વાસ મટે છે. **અથવા** હરડેની છાલ, પીપર, સુંઠ અને મરી એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગોળમાં ગોળીવાળી ગોળી ૧-૨ તથા ૩ નિરંતર ખાય તો ઉધરસ જાય છે. અને અગ્નિતેજ થાય છે. **અથવા** સુંઠ, મરી, પીપર, અમ્લવેતસ, ચવક, તાલીસપત્ર, ચિત્રક, છડે અને કોકમ એ સર્વ ૧-૧ તોલો તથા તજ, તમાલપત્ર અને નાગકેસર એ ૦।।-૦।। તોલો લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૨૦ તોલા ગોળમાં એકત્ર કરી ૧ તોલા ભાર પ્રમાણની ગોળીઓ વાળી ગોળી ૧ પ્રભાતે ખાય તો તમામ ઉધરસો, પીનસ, અરૂચિ, સ્વરભંગ તથા શ્વાસ મટે છે. **અથવા** લવીંગ, પીપર, જાવફળ, એટલાં ૧-૧ તોલો અને **મરી ૨** તોલા તથા સુંઠ ૧૬ તોલા એ સર્વની બરાબર સાકર લઇ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ પાણી સાથે સેવન કરે તો ઉધરસ, જ્વર, પ્રમેહ, અરૂચિ, શ્વાસ, મંદાગ્નિ અને **સંગ્રહણી** તથા ગોળાનો નાશ કરે છે. આ **લવીંગાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** શુદ્ધ હિંગળોક, મરી, મોથ, ટંકણ અને શુદ્ધ વછનાગ એઓને ઝીણાં વાટી જંબીરીના રસમાં ઘુંટી મગ જેવડી ગોળીઓ વાળવી. આદાના રસમાં ગોળી ૧ નિરંતર સેવન કરે તો **ઉધરસ** અને શ્વાસ મટે છે. **અથવા** મરી, મોથ, ઉપલેટ, વજ અને શુદ્ધ વછનાગ એઓને બરાબર લઇ ચૂર્ણ કરી આદાના રસ સંગાથે ખુબ ઘુંટી મગ જેવડી ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર સેવન કરે તો ઉધરસ, શૂળ, કફના રોગ, નવા રોગ અને સંગ્રહણી એટલા રોગ નાશ પામે છે. આ **કાસકેસરીરસ** કહેવાય છે. **અથવા** પારો ૧ ભાગ, ગંધક ૨ ભાગ, પીપર ૩ ભાગ, હરડેદળ ૪ ભાગ, બેહેડાની છાલ ૫ ભાગ, અરડૂસો ૬ ભાગ અને ભારંગી ૭ ભાગ અને એ સર્વની બરાબર ખેરસાર લઇ સર્વને ઝીણાંવાટી બાવળની છાલના કવાથના ૨૧ પુટ દઇ ઘુંટી ગોળીઓ ચણા જેવડી વાળી મધ સંગાથે ગોળી ૧ ખાય તો ઉધરસ, શ્વાસ, ક્ષય, હેડકી વગેરે સર્વે નાશ પામે છે. આ **કાસકર્તરી ગુટિકા** કહેવાય છે. **અથવા** બરાસ ૦।। તોલો, કસ્તૂરી ૦।। તોલો તથા લવીંગ ૨ તોલા, મરી, પીપર, બેહેડાની છાલ અને પાનની જડ એ બબ્બે તોલા તથા દાડિમનાં છોડીઆં ૪ તોલા લઇ એ સર્વની બરોબર ખેરસાર નાખી એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાણીમાં ઘુંટી મગ જેવડી ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર મુખમાં રાખે તો ઉધરસ મટે છે. આ **કર્પૂરાદિ ગુટિકા** કહેવાય **છે. વૈદ્યરહસ્ય. અથવા** આકડાનાં ફુલમાંની ચોકડી અને તેના બરોબર મરી એ બન્નેને **ઘુંટી મરી પ્રમાણ** ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર ખાય તો ઉધરસ મટે છે. **અથવા** આકડાના ફુલમાંની ચોકડી અને લવીંગ સમાન ભાગે લઇ ઘુંટી ગોળી રતી જેવડી વાળી ૧ ગોળી નિરંતર ખાય તો ઉધરસ મટે છે **રૂદ્રદત્ત. અથવા** બેઠીરીંગણીનાં પાંચે અંગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(મૂળ, શાખા, પત્ર, ફુલ અને ફળ) તોલા ૪૦૦ ભાર તથા હરડે તોલા ૧૦૦ એઓને એક વાસણમાં ૧૦૨૪ તોલા ભાર પાણીમાં નાખી ઉકાળવાં, બળતાં બળતાં ચોથા ભાગનું પાણી રહે ત્યારે નીચે ઉતારી વસ્ત્રગાળ કરી હરડેઓમાંહેથી ઠળીઆ કાહાડી વાટી ત્રણ વર્ષનો જુનો ગોળ તોલા ૪૦૦ લઇ તે વસ્ત્રગાળ કરેલા ક્વાથમાંનો વાટેલી હરડેનું કલ્ક નાખી ચાસણી કરી નીચે ઉતારી પછી સુંઠ, મરી, પીપર, એળચી, તજ, તમાલપત્ર અને નાગકેસર એટલાં ૪-૪તોલા લેવાં એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી ઉક્ત ચાસણીમાં નાંખી હલાવી એક જીવ થયે તથા પાક ઠંડો થયા પછી ૨૪ તોલા મધ નાંખી હલાવી અવલેહના વિધિ પ્રમાણે તૈયાર કરી ખાનાર મનુષ્યના વય, અગ્નિ, બળ, દેશ અને કાળને અનુસરી યોગ્ય માત્રાએ (૪ તોલા ભાર) નિરંતર સેવન કરે તો સર્વ પ્રકારની ઉધરસ, શ્વાસ, પીનસ અને અગ્યારરૂપ સહિત ભયંકર ક્ષયરોગ એઓનો નાશ થાય છે. આ **ભૃગુહરીતકી** કહેવાય છે. **અથવા** ભોંયરીંગણી તોલા ૪૦૦ લઇ તેને ૧૦૨૪ તોલા ભાર પાણીમાં નાખી ક્વાથ કરતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે અગ્નિ ઉપરથી નીચે ઉતારી ગાળી લઇ તેમાં ચૂર્ણ રૂપે ગળો, ચવક, ચિત્રો, સુંઠ, મોથ, કાકડાશીંગી, મરી, પીપર, ધમાસો, ભારંગી, રાસ્ના અને કચૂરો એટલાં ૪-૪ તોલા ભાર નાંખવા અને સાકર તોલા ૮૦, ઘી તોલા ૩૨ તથા તેલ તોલા ૩૨ એઓ સર્વ ઉક્ત ક્વાથમાં નાખી પકાવી શીરાજેવો ઘટ્ટ કરી નીચે ઉતારી લેવો. ઠંડો થયા પછી તેમાં મધ તોલા ૩૨, વંશલોચન તોલા ૮, અને પીપર તોલા ૧૬ નાખી એકજીવ કરી પછી, તેને સુંદર ચીકણા ચીનાઇમાટીના વાસણ (બરણી) માં ભરી રાખવો. એમાંથી નિરંતર પ્રભાતે ૮ તોલા ભાર પૂર્વાપરનો વિચાર કરી સેવન કરે તો સર્વ પ્રકારની ઉધરસ નાશ પામે છે. તથા હેડકી શ્વાસ વગેરેને પણ સંપૂર્ણ રીતે મટાડે છે. આ **કંટકાર્યાવલેહ** કહેવાય છે. એમ **ભાવમિશ્રનું** કહેવું છે. **અથવા** અરડૂસાના ક્વાથમાં મધનાખી પીએ તો ઉધરસ જાય. **અથવા** આકડાનાં પાંદડાં, મણશીલ, સુંઠ, મરી અને પીપર એ સઘળાં સમાન લઇ તેને ખાંડી ગડાકુ બનાવી હોકામાં મુકી પીવાથી નિશ્ચે ઉધરસ જાય છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ હિંગળોક, શુદ્ધ વછનાગ, સુંઠ, મરી અને પીપર એઓ સમાન લઇ પારા ગંધકની કાજળી કરી વછનાગ, મરી ભેગાં વાટી અન્ય ઔષધોનું ચૂર્ણ કરી બીજોરાના રસના પુટ ૩ દઇ ખરલ કરી અરધ રતી પ્રમાણની ગોળીઓ વાળી. યોગ્ય પ્રમાણથી ગોળી દિવસ ૧૦ સુધી ખાય તો ઉધરસ, ક્ષય, સંગ્રહણી, સન્નિપાત અને મૃગી એટલા રોગોનો નાશ થાય છે. આને **આનંદભૈરવરસ** કહે છે.

ઉધરસ રોગીના પથ્યાપથ્ય.

સાઠીચોખા, મગ, અડદ, ઘઉં, કળથ, કાચામૂળા, બકરીનું દુધ ઘી, કુણાં વૃન્તાક લસણ, સુંઠ, મરી, પીપર, મધ, આદુ અને ઉનુંપાણી તથા આનંદભૈરવાદિ રસો સેવન કરવા પથ્ય છે.

દિવસે સુવું, દુધ, દહિં, છાશ, ઠંડુ પાણી, વાસી ભોજન, દળેલું અન્ન, ખીર, ધુમાડો તડકો, તેલ, ખટાસ, અથાણાં, શ્રમ, યુદ્ધ, ચિંતા, ભારે તથા સુકું અન્ન, અતિ બોલવું ને મિથ્યા આહાર વિહારાદિ કુપથ્ય છે.

ઉધરસનો અધિકાર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હેડકીનો અધિકાર.

હેડકીનું નિદાન, સંપ્રાપ્તિ તથા સંખ્યા.

ગરમ, વાયડા, ભારે, લુખા, ઠંડા અને ઝાડો બંધ કરનારા પદાર્થો સેવન કરવાથી, ટાઢા પાણીએ ન્હાવાથી, રજ, ધુમાડા, પવન વગેરે મુખમાં જવાથી, મહેનત વાળાં કામો કરવાથી, કસરત કરવાથી, વિષ્ઠાદિના વેગોને અટકાવવાથી અને ખેદના કરવાથી–હેડકી, શ્વાસ તથા ઉધરસ થાય છે. તે હેડકી પાંચ પ્રકારની છે. એટલે અન્નજા, યમલા, ક્ષુદ્રા, ગંભીરા અને મહતી એવી હેડકીની પાંચ જાત છે.

હેડકીનું સામાન્ય સ્વરૂપ.

વાયુ કુપિત થઇ બન્ને પડખાં અને આંતરડાને વ્યથા કરી મુખે હિક્ હિક્ એવો શબ્દ કરતો ઉદાન સહિત પ્રાણવાયુ ઉંચી ગતિ કરે છે અને ફરી અનુસરાવલો થઇ પ્રાણીના પ્રાણનો નાશ કરે છે તે હિક્કા–હેડકી–હીચકી વગેરે નામોથી ઓળખાય છે,

હેડકીનું પૂર્વ સ્વરૂપ.

કંઠ તથા છાતિ ભારે, વાયુના લીધે તૂરૂં મોહોડું થાય અને આફરો ચઢે ત્યારે જાણવું કે એ હેડકી રોગ થવાના સમાચાર છે.

હેડકીનાં લક્ષણો.

ઘણું ખાવાથી તથા ઘણું પાણી પીવાથી સહસા દબાયલો પ્રાણવાયુ ઉંચે ગતિ કરી હિક્ હિક્ શબ્દ કરાવે તો જાણવું કે **અન્નજા** હેડકી છે.

ઘણીવાર પછી રહી રહીને જોરથી બબે હેડકી આવે અને તે વખતે માથું તથા ડોક કાંપે છે તે **યમલા** હેડકી કહેવાય છે.

ઘણીવારે મંદ મંદ વેગથી આવે તથા કાંધ હૈયાની સંધી સુધી ગતિ કરે છે તે **ક્ષુદ્રા** હેડકી કહેવાય છે.

નાભિથી ભયંકર રીતે ગર્જના કરતી તરશ, તાવ–આદિ ઉપદ્રવોથી યુક્ત અથવા પીડા સહિત અનેક ઉપદ્રવ કરતી આવે છે તે **ગંભીરા** હેડકી કહેવાય છે.

સમસ્ત ગાત્રોને કંપાવતી, સઘળાં મર્મસ્થાનોને પીડતી અંતર રહિત ઉપરા ઉપર આવે છે તે **મહતી** હેડકી કહેવાય છે.

હેડકીનું સાધ્યાસાધ્યપણું.

હેડકી આવતી વખતે જેનું શરીર કંપે, નજર ઉંચી થઇ જાય, અંધારાં આવાં, શરીર ક્ષીણ થઇ જાય, ભોજનમાં અરૂચિ, અને છિંકો ઘણી આવે તથા ગંભીરા કે મહતી જાતની હેડકી થઇ હોય તો તે રોગીને વૈદે ત્યજી દેવો. તથા જેના દોષો વિશેષ સંચયને પ્રાપ્ત થયા હોય, અન્ન ઉપર દ્વેષ, દુર્બળતા, વૃદ્ધાવસ્થા, અતિ મૈથુન કરનાર, પરિશ્રમથી ઉત્પન્ન થયેલી અને યમલા હેડકીમાં પ્રલાપ, મોહ, તૃષાથી પીડિત હોય તથા ધાતુ, ઇંદ્રિયો જેનાં ક્ષીણ થઇ ગયાં હોય તો તે હેડકીરોગી નિશ્ચે મરી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હેડકીના ઉપાય.

પ્રાણાયામના કરવાથી અથવા **ભયકારી ચિંતા**, ખેદકારી વાર્ત્તાના કહેવાથી તથા વાયુ કફ ઘટે તેવી વસ્તુના ખાવાથી સાધારણ હેડકી બંધ પડે છે. **તથા** હેડકીથી કે **શ્વાસથી** આતુર થએલાને તેલનું **મર્દન**, શેક, સ્વેદન ક્રિયા અને ઉલટી તથા રેચ આપવો એ **અતિ** ઉત્તમ છે. પણ દુર્બળ હોય તો તેને શમન આપવું એજ ઉત્તમ છે. **અથવા** શરીર ઉપર એકદમ ઠંડુ પાણી છાંટવું, વિચિત્ર આશ્ચર્યકારક વાતો કહેવી કિંવા એકદમ **તેને** તિરસ્કારનાં વચનો કહેવાં જેથી હેડકી શમે છે. **અથવા** સુંઠ સહિત પકાવેલું બકરીનું દુધ પીવાથી હેડકી બંધ થાય છે. **અથવા** બીજોરાના રસમાં જવનો સાથવો અને સિંધાલુણ મેળવી સેવન કરે તો હેડકી મટે છે. **અથવા** સુંઠ, પીપર તથા આંબળાંનું ચૂર્ણ મધ સંગાથે ચાટવું **અથવા** માખીની હગાર દુધમાં લસોટી નાસ લેવો. **અથવા** ગોળ તથા સુંઠને પાણીમાં ઘુંટી નાસ લેવો. **અથવા** ડાભના મૂળના રસમાં મધ મેળવી ચાટવું. **અથવા** મોરપીછાની રાખ મધમાં ચાટવી. **અથવા** બીજોરાનો રસ સિંધાલુણ સાથે મેળવી ખાવો, **અથવા** કુમારપાઠના રસમાં સુંઠ મેળવીને ખાવી. **અથવા** પુષ્કરમૂળ, જવખાર અને મરી સમાન ભાગે લઇ ચૂર્ણ કરી ટાંક ૨ ઉના પાણી સાથે પીવાથી. **અથવા** હળદર અને અડદને અંગારા ઉપર મુકી કે હોકામાં ઘાલી તેનો ધુમાડો સેવન કરે તો ભયંકર હેડકી પણ નાશ પામે છે. **વૈદ્યવિનોદ. અથવા** સણની છાલનું ચૂર્ણ હોકામાં ઘાલી પીવાથી **અથવા** સુંઠ, મરી, પીપર, જવાસો, કાયફળ, કલોંજીજીરૂં, પુષ્કરમૂળ અને કાકડાશીંગી એ સઘળાં સમાન ભાગે લઇ ચૂર્ણ કરી મધ સંગાથે ટાંક ૨ ચાટવાથી હેડકી, શ્વાસ અને ઉધરસ નાશ પામે છે. **અથવા** રેણુક બીજ અને પીપર એ બે, ટાંક ટાંક લઈ હીંગ સાથે કવાથ કરી પીવાથી **અથવા** અશાળીઓ ટાંક ૧૦ લઇ આઠગણા પાણીમાં નાખી ખૂબ નરમ થાય ત્યારે ચોળી વસ્ત્રથી પાણી ગાળી વારંવાર ચાર તોલા ભાર પીએ કિંવા તેનો કવાથ કરી પીએ તો અતિવેગથી પીડા કરતી હેડકીને અવસ્ય તુરત નાશ કરે છે. આ **ચંદ્રશુરરસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** જેઠીમધ ટાંક ૧ મધ સાથે ચાટે તો હેડકી જાય છે, **અથવા** પીપર ટાંક ૧ સાકર સાથે ફાકવી. **અથવા** દુધમાં ઘી નાખી ઉનું ઉનું પીએ તો હેડકી મટે છે એમ **સુશ્રુતનું** કહેવું છે. **અથવા** બીજોરાનો રસ, મધ, સંચળ મેળવી પીવાથી નિશ્ચે હેડકી જાય છે, **વૈદ્યરત્ન. " અથવા** કોઠનો રસ કે આમળાનો રસ મધ સંગાથે પીવાથી હેડકી તથા શ્વાસ મટે છે. એમ **કાશિનાથ પદ્ધતિ. અથવા** એળચી ૧ ભાગ, તજ ૨ ભાગ, નાગકેસર ૩ ભાગ, મરી ૪ ભાગ પીપર ૫ ભાગ, અને સુંઠ ૬ ભાગ લઇ સૂક્ષ્મ વાટી ઘીમાં કરમોવી એ સર્વના બરોબર સાકર મેળવી ટાંક ૨ ભાર પાણી સંગાથે ફાકે તો હેડકી, અજીર્ણ, ઉદરવ્યાધિ, અરશ, શ્વાસ અને ઉધરસ એટલા રોગો નાશ થાય છે. આ **એલાદિ ચૂર્ણ** કહેવાય છે. **વૃંદ.**

ઇતિ હેડકીનો અધિકાર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્વાસનો અધિકાર.

શ્વાસનું નિદાન તથા સંખ્યા.

જે વસ્તુઓ ખાવાથી કે જે કારણથી હેડકી થાય છે તેજ કારણોથી શ્વાસ પણ ઉત્પન્ન થાય છે. એ ભયંકર વ્યાધિના ૫ પ્રકાર છે. મહાશ્વાસ ૧, ઉર્દ્ધશ્વાસ ૨, છિન્નશ્વાસ ૩, તમકશ્વાસ ૪, અને ક્ષુદ્રશ્વાસ ૫, એ પાંચ ભેદ છે.

શ્વાસનું પૂર્વરૂપ

છાતિમાં પીડા, શૂળ, આફરો, પેટનું સજ્જડ થવું, મળ–મૂત્રનું અટકવું, મુખમાં વિરસપણું અને લમણામાં દુખાવો થાય ત્યારે શ્વાસ રોગ થશે એમ સમજવું.

શ્વાસ રોગનું સ્વરૂપ.

સર્વ શરીરમાં ફરતો જે વાયુ તે કફથી મળી જઈ સર્વ નસોને રોકે છે તેથી તે વાયુ ફરી શકતો નથી તેથી શ્વાસ રોગ ઉત્પન્ન થાય છે.

પાંચે શ્વાસનાં પૃથક્ પૃથક્ લક્ષણ.

જે માણસ દુખાઈ ઉંચે ચાલતા મોટા શબ્દવાળા શ્વાસ લીધા કરે, આકરેલા મસ્ત બળદની પેઠે ઉંચા અવાજથી નિરંતર હાંફ્યા કરે, સંજ્ઞા તથા જ્ઞાન નષ્ટ થઈ જાય અને આંખો ભ્રમણ કર્યા કરે, શ્વાસ લેતાં મોઢું ફાટેલું રહે, મળમૂત્ર–રોકાઈ જાય, બોલ્યું જવાય નહીં, દીન થઈ જાય તથા શ્વાસની ધ્વનિ વેગથી સંભળાય ત્યારે સમજવું કે **મહાશ્વાસ** નામનો શ્વાસ થએલ છે.

જે મનુષ્ય બહુ ઉંચો શ્વાસ લીધા કરે છે, પણ નીચો શ્વાસ મૂકી શકતો નથી, મુખ અને શિરાઓ કફથી ઘેરાઈ જવાને લીધે કુપિત થએલા વાયુથી ભારે પીડા થાય; દૃષ્ટિ ઉંચી રહે, તથા ભમ્યા કરે, મૂર્છા થઇ આવે અને ગ્લાનિ પામતાં રોગીના જીવિતનો સંશય રહે તેને **ઉર્દ્ધશ્વાસ** જાણવો.

શરીરના પાંચે પવનથી પીડાતો શ્વાસ તુટતો લે, અથવા શ્વાસ ન પણ લઇ શકે તથા શરીરનાં મર્મસ્થાનોનું છેદન થવા જેવી અસહ્ય પીડા થાય. આફરો, પરસેવો, મૂર્છા, મૂત્રાશયની બળતરા, તથા નેત્ર ખુલ્લાં, શ્વાસ લેતાં નેત્ર લાલ અને આંસુ સહિત હોય. શક્તિ રહિત, ચિત્તમાં ઉદ્વેગ, બકવા અને મોઢું સુકાઈ જાય તથા શરીરનો વર્ણ વિપરીત થઇ જાય તો તે **છિન્નશ્વાસ** જાણવો. (અસાધ્ય છે.)

શરીરનો પવન ઉલટો ફરી નસોને રોકી દે છે, ત્યારે ગરદન અને માથાને પકડી કફને પ્રકટ કરે છે, તેથી તે કફ કંઠમાં આવી ઘર ઘર શબ્દ બોલ્યા કરે છે, શ્વાસના વેગથી ગ્લાનિ પ્રાપ્ત થાય છે. તે કારણથી અતિ રોકાઈ મોહને પ્રાપ્ત કરે છે, ખડખો પડતી વખતે દુઃખ પામે છે. કફ પડયા પછી થોડીવાર સુખ થાય છે અને ઠીક રીતે બોલાય છે, કંઠમાં વ્યથા થાય છે, સુવે છે તો શ્વાસની પીડાથી નિદ્રા આવવા પામતી નથી. બેસી રહે તો ચેન પડે છે, ગરમ વસ્તુ–ગરમ હવા સારી લાગે છે, આંખો ઉપર સોજો. કપાળ-

For Private And Personal Use Only

માં પરસેવાના મોતિયા, મ્હોં સુકાય, ધમણની પેઠે શ્વાસ લેછે, વર્ષાથી, ટાઢી હવાથી તથા મીઠી વસ્તુથી વ્યાધિ વધે છે, અને શરીર શ્વાસ લેતી વખત ડોલાવ્યા કરે તો જાણવું કે [1]**તમકશ્વાસ** છે. એજ શ્વાસ તાવ મૂર્ચ્છાએ કરી સહિત હોય તો તેને પ્રતમક શ્વાસ કહે છે. અને લુખી વસ્તુના ખાવાથી, ખેદ કરવાથી, કોઠામાંનો પવન ઉંચે ગતિ કરતો ક્ષુદ્ર શ્વાસને પ્રકટ કરે છે, પણ તે પ્રથમના ચાર શ્વાસની પેઠે અત્યંત દુઃખી, અંગમાં વ્યથા, ખાન પાનની રોકાણ, ઇંદ્રિયો કે ગાત્રોને દુઃખ દેતો નથી તેથી તે **ક્ષુદ્રશ્વાસ** જાણવો.

શ્વાસોનું સાધ્યાસાધ્યપણું.

પાંચ શ્વાસો પૈકી ક્ષુદ્રશ્વાસ સુખસાધ્ય છે, તમક કષ્ટસાધ્ય છે, પણ દુર્બળ માણસને થયો હોય તો અસાધ્ય છે. મહાશ્વાસ, ઉર્દ્ધશ્વાસ અને છિન્નશ્વાસ એ અસાધ્ય છે; માટે તેઓના ઉપચાર ન કરવા અને કરવા તો યશની ઇચ્છા છોડી દેવી; કેમકે શ્વાસ અને હેડકી તુરત પ્રાણને લેનારાં છે.

શ્વાસ રોગના ઉપાય.

શ્વાસથી કે હેડકીથી પીડાતા મનુષ્યને ઘણુંકરીને મીઠામાં તેલ મેળવી તેનો સેહેવાતો સેહેવાતો શેક કરવો જેથી કફ છુટે છે અને શ્વાસ હેઠો બેસે છે, તથા પવન શાંત થાય છે. જ્યારે શેકથી પરસેવો થાય ત્યારે આદાનો રસ અને મધ પાવું જેથી ઉધરસ, શ્વાસ, સળેખમ તથા કફનો નાશ થાય છે. **અથવા** આદાનો રસ શેર ૦॥, સુંઠ નવટાંક, બેહેડાની છાલ નવટાંક, બકરીનું મૂત્ર શેર ૨ એ સર્વને ઉનાં કરી ઘટ થયે નીચે ઉતારી પછી મધ શેર ૦॥ મેળવવું. તેમાંથી ટાંક ૧ ભાર સેવન કરે તો ઉધરસ તથા શ્વાસ મટે છે. **અથવા** દશમૂળ, કચૂરો, રાસ્ના, પીપર, અતિવિખ, એરંડાનાં મૂળ, કાકડાશીંગી, ભોંયઆમળી, ભારંગી, ગળો, સુંઠ અને ચિત્રો એઓથી વિધિ પ્રમાણે તૈયાર કરેલી યવાગૂ અથવા ક્વાથ પીવામાં આવે તો શ્વાસ, છાતિનો દુખાવો, પડખાનું શૂળ, હેડકી અને ઉધરસ એટલા રોગો નાશ થાય છે. **અથવા** ભૂરા કોળાનું મૂળ લઇ તેનું ચૂર્ણ કરી ટાંક ૧ ઉના પાણી સંગાથે ફાકે તો શ્વાસ તથા ઉધરસ નિશ્ચે મટે છે. **અથવા** હળદર, મરી, દ્રાખ, પીપર, રાસ્ના, કચૂરો એઓને સમાન લઇ ચૂર્ણ કરી ટાંક ૧ ગોળ અને સરસીઆમાં મેળવી ચાટે તો શ્વાસનો રોગ નિશ્ચે મટે છે. **અથવા** ભારંગી ૧૦૦ ભાગ, દશમૂળ ૧૦૦ ભાગ, અને ૧૦૦ હરડે લઇ એઓને ચારગણા પાણીમાં નાખી ઉકાળવાં. જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે તેને વસ્ત્રગાળ કરી લઇ હરડેને કાહાડી લઇ તેમાં ૪૦૦ તોલા ગોળ અને પકાવેલી હરડેઓ નાખી ફરી અગ્નિ ઉપર ચઢાવી મંદાગ્નિવડે પકાવવો, જ્યારે શીરા જેવો ઘટ થાય ત્યારે નીચે ઉતારી ઠંડો કરી ૨૪ તોલા મધ નાખી પછી સુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, અને એળચી એસઘળાં ૪-૪ તોલા અને જવખાર ૨ તોલા લઇ એ સર્વેનું સુક્ષ્મ ચૂર્ણ કરી ચાસણીમાં મેળવી એકજીવ કરી સુંદર પાત્રમાં ભરી રાખવો. પછી તેમાંથી ૧ હરડે અને તોલા ૨ ભાર આ અવલેહ સેવન કરે તો મહાદારૂણશ્વાસ, પાંચે પ્રકારની ઉધરસ, અ-

[1] ચરક કહેછે કે–શ્વાસના વેગને લીધે તમકશ્વાસરોગી ચેષ્ટા વગરનો થઇ જાય છે, પણ જેજ્જટ તો કહેછે કે–તે માણસનો શ્વાસજ રોકાઇ જાય છે.

તમક શ્વાસવાળાને ઉષ્ણ વસ્તુની ઇચ્છા થાય છે તેથી સિદ્ધ થાય છે કે તમકશ્વાસ વાયુથી તથા કફથી ઉત્પન્ન થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રશ, અરુચિ, ગોળો, અતિસાર, તથા ક્ષયનો નાશ કરે છે. સ્વર વર્ણને સુશોભિત કરે છે અને જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે. આ **ભાર્ગીગુડ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** શુદ્ધપારો, ગંધક, વછનાગ, ટંકણ તથા મણશીલ એ પ્રત્યેક એકએક ટાંક લેવાં. મરી આઠ ટાંક લઇ ઉપરના પદાર્થોને ખરલમાં યથાવિધીએ ખરલ કરતાં અકેક મરી નાખતા જવું અને ખરલ કરતા જવું. પછી ત્રિકટુ ૬ ટાંક ભાર તેમાં નાખી સર્વને એકત્ર સારીપેઠે ઘુંટી સીસીમાં ભરી લેવો. આ રસ ૧ રતી ભાર નાગરવેલના પાનમાં સેવન કરે તો સન્નિપાત, મૂર્છા, સર્વ પ્રકારના શ્વાસ અને વાઇનો નાશ કરેછે તથા સન્નિપાતમાં જે બેભાન હોય તેને આ રસનો નાસ દેવો. આ **શ્વાસકુઠાર રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** શુદ્ધ પારો ૧ ભાગ, અને ૦ાા ભાગ શુદ્ધગંધક લઇ કુવારપાઠાના રસ સંગાથે ૧ પોહોર ઘુંટી પારાગંધકથી બમણાં શુદ્ધ તાંબાનાં કંટકવેધ પતરાં લઇ ઘુટેલી માત્રાતેના ઉપર ચોપડીને ત્રાંબાની ડાબડીમાં ઘાલી વાળુકા[1] યંત્રમાં ૧ દિવસ લગી પકાવી સિદ્ધકરી. પછી તેમાંથી રતી ૨ ભાર ગંધક, મરી અને ઘી સંગાથે સૂર્યોદય વેળાએ સેવન કરે તો શ્વાસ મટે છે. આ **સૂર્યાવર્ત રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** કાકડાશીંગી, સુંઠ, મરી, પીપર, ત્રિફળાં, પાંચલુણ, પુષ્કરમૂળ, કાળાંમરી, ભોંરીંગણી, ભારંગી અને જટામાંસી એઓને સમાન તોલથી લઇ ચૂર્ણ કરી ટાંક ૨ ભાર, ઉના પાણીસાથે ખાયતો શ્વાસ રોગ મટે છે. **ચક્રદત્ત. અથવા**–" પીપર, પુષ્કરમૂળ, હરડેની છાલ, સુંઠ, કચૂરો અને કમળકાકડીનો મગજ એઓને સમાન લઇ ચૂર્ણ કરી ચૂર્ણ બરોબર ગોળ મેળવી ચણા પ્રમાણ ગોળીઓ બાંધી ગોળી ૧–૨ અથવા ૩ નિરંતર ખાય તો શ્વાસ મટે છે." **અથવા** શુદ્ધપારો, શુદ્ધગંધક, શુદ્ધગજવેલ ભસ્મ, સુંઠ, મરી, પીપર, તમાલપત્ર, નાગકેસર, મોથ, વાવડીંગ, નગોડ, કંપિલો અને પીપરીમૂળ એ સર્વ સમાન લઇ સઘળાનું વિધિસહ ચૂર્ણ કરી જળપીપળીના રસના ૩ પુટ દઈ સારી પેઠે ઘુંટી તેની ચણા જેવડી ગોળીઓ વાળી નિત્ય ગોળી ૧ ખાય તો શ્વાસ, અરશ, ભગંદર, છાતીમાંનું શૂળ, પડખાનું શૂળ, સંગ્રહણી, પેટના રોગ, અને પ્રમેહ એટલા રોગોનો નાશ કરે છે. આ **મહોદધિરસ** કહેવાય છે. **સર્વસંગ્રહ. અથવા** શુદ્ધપારો, શુદ્ધગંધક, શુદ્ધલોહભસ્મ, ફુલાવેલો ટંકણ, રાસ્ના, વાવડીંગ, ત્રિફળાં, દેવદાર, ત્રિકટુ[2], ગળો, કમળકાકડીના ગોળા અને શુદ્ધ વછનાગ, એ સર્વ બરાબર ભાગે લઇ પારા ગંધકની કાજળ કરી બીજાં ઔષધોનું ચૂર્ણકરી એકઠાં ઘુંટી મધસાથે રતી ૩ ભારની ગોળીઓ વાળી ગોળી ૧ યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો શ્વાસ અને ખાંસી જાય છે. આ **અમૃતાર્ણવ રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** શુદ્ધપારો તથા શુદ્ધ ગંધક એ બે બરાબર લઇ તેઓની કાજળી[3] કરી તાંદળજાના રસમાં ૫ દિવસ સુધી ઘુંટી વજ્ર મૂસમાં મૂકી વાળુકાયંત્ર દ્વારા ૧ દિવસ લગી પકાવી પછી બે પોહોર દશમૂળના કાઢામાં ઘુંટી તેમાંથી રતી ૨ નાગરવેલના પાન સંગાથે ખાય તો શ્વાસ તથા હેડકી નાશ પામે છે, આ **મેઘાડંબર રસ** કહેવાય છે. **રૂદ્રદત્ત.**

---

૧ સુંદર કાળી માટીની પખતી હાંડીના મધ્ય ભાગમાં જે ઔષધ ભરેલું પાત્ર હોય તે રાખી હાંડીના ગળા સુધી ચોખી રેત ભરી પ્રયોગમાં લખ્યા પ્રમાણે અગ્નિ આપવો તેને **વાલુકાયંત્ર** કહે છે.

૨ સુંઠ, કાળાંમરી અને લીંડીપીપર એ વસ્તુઓ ત્રિકટુ, ત્ર્યુષણ, ત્રિગડુ અને વ્યોષાદિ સંજ્ઞાથી ઓળખાય છે.

૩ પારો અને ગંધક બન્ને ભેળાં ૨ પોહોર સુધી ખરલમાં અખંડપણે ઘુંટે તેને પારા ગંધકની કાજળી કહે છે. કેટલાક ગ્રન્થકારો પારો ૧ ભાગ અને ગંધક બે ભાગ લેવાનું કહેછે તથા કેટલાક સમાન ભાગ લખે છે; પરંતુ શાસ્ત્ર વૈદ્યોને જેમ યોગ્ય લાગે તેમ કરવું. ભા. પ્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્વાસ રોગીને સેવ્યાસેવ્ય.

રેચ, ઉકાળી, દિવસે સુવું, ચોખા, કળથી, બકરીનું ઘી, દારૂ, તુરીયું, કાસુંદીનાક, લસણ, ગાયનું મૂત્ર, તાંદળજો, ઉનું પાણી, શેક અને ધુમ્રપાન એટલાં પથ્ય છે. તથા ખપે તોતે સસલાનું, તેતરનું અને લવાનું માંસ હિતકારી છે.

પૂર્વ દિશાનો પવન, બકરીનું દુધ, દુષ્ટ પાણી, રાઇ અને કંદમૂળ વગેરે કુપથ્ય છે.

ઇતિ શ્વાસનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજા ધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થવિષે રક્તપિત્ત, ક્ષય, હેડકી અને શ્વાસ, રોગોની ઉત્પત્તિ લક્ષણ તથા યત્ન નિરૂપણ નામા પાંચમો તરંગ સંપૂર્ણ.

તરંગ છઠ્ઠો.

સ્વરભેદ અરોચક છર્દિવળી, મૂરછા ભ્રમ ઉદવજ ધેન મળી;
અધિકારજ સાત કહું વિગતે, રસમા સુતરંગ વિષે સુરિતે.

સ્વરભંગ-સાદ ફેરફાર થવાનો અધિકાર.

---(૦)---

સ્વરભેદનાં નિદાન તથા સંખ્યા.

વિશેષ તાણીને બોલવાથી, ઉંચે સ્વરે ગાવાથી કે રાડ પાડીને લડવાથી કિંવા ઊંચે સાદે વેદ-આદિનો પાઠ કરવાથી, ગળા ઉપર કોઇપણ પ્રકારનો પ્રહાર-માર વાગવાથી અને વિષ-ઝેરી પદાર્થોના ખાવાથી તથા દોષો કુપિત થવાથી સ્વરને ચલાવનારી નસોમાં દોષો સ્થિતિ પામી સ્વરને ખરાબ કરી નાખે છે. એને **સ્વરભંગ** રોગ કહે છે. તેના ૭ પ્રકાર છે એટલે વાયુનો, પિત્તનો, કફનો, ત્રિદોષનો, શરીરના સ્થૂળપણાનો અને ક્ષયરોગના લીધે થયેલો એમ ૭ ભેદ છે.

સ્વરભેદનાં લક્ષણો.

જો નેત્ર, મુખ, મળ, અને મૂત્ર કાળાં જણાય તથા ફૂટેલો સાદ નીકળે અર્થાત્ ગધેડા જેવા સાદથી બોલે તો જાણવું કે **વાયુથી** સ્વરભંગ થયો છે.

જો નેત્ર, મુખ, મળ અને મૂત્ર પીળાં જણાય અને બોલવાના વખતે ગળામાં બળતરા થાય તો જાણવું કે **પિત્તનો** સ્વરભંગ છે.

જો નિરંતર કફથી ગળું રોકાયલું રહે, ધીમે ધીમે પરાણે બોલાય અને રાત્રિના કરતાં દિવસે ઠીક બોલાય તો જાણવું કે **કફનો** સ્વરભંગ છે.

જો ઉપર કહેલા ત્રણે દોષોના દોષો મિશ્ર થયા જણાય તો જાણવું કે **ત્રિદોષ-સન્નિપાતનો** સ્વરભંગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો બોલતી વખતે મોહોડામાંથી ધુમાડો નીકળે તો જાણવું કે **ક્ષયનો** સ્વરભંગ છે. જો ગળામાનું ગળામાંજ બોલાય-અન્યજનના સાંભળવામાં તેનો શબ્દ **સમજાય** નહીં, રહી રહીને બોલે, ગળામાં અવાજ થાય, તૃષા ઘણી લાગે અને કફ કે મેદથી ગળું ખરડાયલું રહે તો જાણવું કે શરીરમાં **મેદ વધી જવાથી** સ્વર ભંગ થયો છે.

સ્વરભેદનું અસાધ્યપણું.

જન્મથી પ્રાપ્ત થયેલો, ક્ષયરોગીને થયેલો, વૃદ્ધનો, નિર્બળ-દુર્બળનો, અને લાંબા વખતથી થએલો તથા મેદ-શરીર ફેલી જવાથી કે ત્રિદોષથી થએલો સ્વરભંગ મટતોજ નથી.

ઉપાય.

વાયુ વગેરેથી થએલ શ્વાસ અને ઉધરસને મટાડવાના જે જે પાછળ ઉપાયો કહેલા છે તે તે ઉપાય દોષોની પદ્ધતિને અનુસરી સ્વરભંગના પણ ઉપાય કરવા. **અથવા** વાયુથી સાદ બગડેલો હોય તો મીઠું અને તેલથી મિશ્ર કરેલા પદાર્થો ખાવા. પિત્તથી સાદ બગડેલો હોય તો ઘી અને મધ વિષમ પ્રમાણમાં ખાવાં. **અથવા** ગળાનું, તાળવાનું અને જીભનું લોહી કઢાવવાથી આરામ થાય છે. **અથવા** ઉના પાણીના પીવાથી વાયુનો સ્વરભંગ મટે છે. **અથવા** ઘી તથા ગોળ મેળવીને ખાવાથી વાયુનો સ્વરભેદ મટે છે. **અથવા** ઉનું દૂધ પીવાથી પિત્તનો સ્વરભંગ મટે છે. **અથવા** પીપર, પીપરામૂળ અને મરીનું ચૂર્ણ ગોમૂત્ર સંગાથે પીએ તો કફનો સ્વરભંગ મટે છે. **અથવા** ભોંયરીંગણી તોલા ૪૦૦, પીપરીમૂળ તોલા ૨૦૦, ચિત્રક તોલા ૧૦૦ અને દશમૂળ તોલા ૧૦૦, એટલા પદાર્થોને ૨૦૪૮ તોલા પાણીમાં નાખી ઉકાળવાં, ઉકળતાં ઉકળતાં જ્યારે આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી કપડાથી ગાળી કહાડવું. તે પાણીના અરધા ભાગે જૂનો-ત્રણ વર્ષનો ગોળ નાખી ફરી અગ્નિ ઉપર ચઢાવી માવા જેવો થાય ત્યારે નીચે ઉતારી તેમાં બત્રીશ તોલા ત્રિજાત,[1] ૪ તોલા મરી, એઓનું ચૂર્ણ અને મધ તોલા ૧૬ નાખી હલાવી એકજીવ કરી અવલેહ તૈયાર કરવો. તેમાંથી દેશ. કાળ, વય. અગ્નિ અને રોગીના રોગનું બળ નિહાળી યોગ્ય માત્રાએ આપે તો ઉધરસ, શ્વાસ, મંદાગ્નિ, ગોળો, પ્રમેહ, ગળાના રોગ, ઝાડાના વેગને અટકાવવાથી પેટમાં થએલો આફરો, મૂત્રકૃચ્છ્ર, ગાંઠોના રોગ, અને રસોળી વગેરેનો નાશ કરેછે. આ **નિદિગ્ધિકાવલેહ** કહેવાય છે. એમ **ભાવમિશ્રનું** કહેવું છે. **અથવા** બોડીઅજમો, હળદર, ચિત્રકમૂળ, જવખાર અને આમળાં એટલાં ઔષધો બરાબર ભાગે લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૨ ભાર ઘી મધના સંયોગે ચાટે તો ભયંકર સ્વરભંગ પણ નાશ પામે છે. **અથવા** હરડેની છાલ, સુંઠ અને પીપર એઓનું ચૂર્ણ કરી ઉના પાણી સંગાથે સેવન કરે તો ક્ષયનો સ્વરભંગ મટે છે. **વૈદ્યવિનોદ. અથવા** "બોરડીની છાલ, પીપર, સિંધાલુણ અને આગળાં એઓનું ચૂર્ણ ગાયની સુંદર છાશ સંગાથે કે સ્વચ્છ ગોમૂત્ર સંગાથે પીએ તો સ્વરભેદ મટે છે. **વૃંદ. અથવા** જાયફળ, પીપર, તીક્ષ અને બીજોરા પુષ્પના કેસરા એઓને સૂક્ષ્મ વાટી મધમાં ચાટે તો સ્વરભંગ મટે છે અને સ્વર ઘણોજ સુંદર થાય છે. આ **જાયફળ અવલેહ** કહેવાય છે. **સર્વસંગ્રહ. અથવા** પાનની જડ (કુલંજન) મોહોડામાં રાખે તો સ્વરભંગ મટે છે. **અથવા** ચવક, અમલવેદ, સુંઠ, મરી, પીપર, કોકમ (તિંતડીક), તાલીસપત્ર, જીરૂં, વંસલોચન, તમાલપત્ર, અને ચિત્રામૂળ એઓનું વિધિકત ચૂર્ણ કરી તેનાથી

૧—તજ, તમાલપત્ર, અને એલચી એ ત્રણવસ્તુઓ ત્રિજાત સંજ્ઞાથી ઓળખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્રમણા જૂના ગોળ સંગાથે ગોળીઓ બનાવી મોંમાં રાખે તો સ્વરભંગ, પીનસ, ક્ષયરોગ અને અરૂચિ એટલા રોગો મટે છે. આ **ચવ્યાદિચૂર્ણ** કહેવાય છે. **અથવા** શુદ્ધ પારાની ભસ્મ, લોહની ભસ્મ, અને તાંબાની ભસ્મ એઓ સમાન લઈ ભોંયરીંગણીના ફળના રસના ૨૧ પુટ દઈ ખૂબ ઘુંટી ગોળીઓ મગજેવડી વાળી ગોળી ૧ મોંહોડામાં રાખી ચૂસે તો સ્વરભંગ જાય છે–એમ **ગોરખનાથજીનું** કહેવું છે. **અથવા** બ્રાહ્મી, વજ, હરડેદળ, અરડુસો અને પીપર એઓનો સમાન લઈ ચૂર્ણ કરી મધ સંગાથે ટાંક ૨ બારે ૭ દિવસ સુધી સેવન કરે તો નિશ્ચે સ્વરભંગ જાય છે અને સુંદર કિન્નર સમાન સ્વર થાય છે. આ **બ્રાહ્મ્યાદિ અવલેહ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

સ્વરભંગમાં **પથ્યાપથ્ય** શ્વાસ તથા ઉધરસના અધિકારમાં બતાવેલા પ્રમાણેજ સમજવા.

ઇતિ સ્વરભંગ રોગનોઅધિકાર સંપૂર્ણ.

અરૂચિનો અધિકાર.

અરૂચિનાં નિદાન તથા સંખ્યા.

શોકથી, ક્રોધથી, મોહથી, અતિ લોભથી, ભય પ્રાપ્ત થવાથી, વાયુ–આદિના કોપથી, મનને ગ્લાનિ ઉપજાવનારા ભોજન પદાર્થોથી, કુરૂપ જોવાથી, દુર્ગંધિથી, અને ઉલટી, રેચ–આદિથી ભોજન ઉપર અરૂચિ થાય છે તેને અરોચક રોગ કહે છે. તે રોગ વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી અને શોકાદિની ઉત્કટતાથી ઉત્પન્ન થાય છે. એમ અરોચક રોગના પાંચ ભેદ છે.

અરૂચિનાં લક્ષણ.

જો મોહોડું કષાયલું કે ખાટું રહે, છાતીમાં શૂળ અને ભોજન ઉપર અરૂચિ થાય તો જાણવું કે **વાયુના** પ્રકોપથી અરૂચિ થઈ છે.

જો મોહોડું ખાટું, ગરમ, તીખું–કડવું, રસરહિતઅને દુર્ગંધવાળું હોય તથા શરીરમાં દાહ અને મુખમાં શોષ પડે તો જાણવું કે **પિત્ત** પ્રકોપથી અરૂચિ થએલી છે.

જો મોહોડું મીઠું તથા ખારૂં અને તાંતણાવાળું ચીકણું રહે બહારથી ચોપડું, ભારે, ઠંડું અને દુર્ગંધવાળું થઇ જાય અથવા તો શરીર ભારે, બંધકોષ, શરીરમાં કે ક્રાણે કેકાણેવેદના, મોહોડામાંથી લાળ પડે અને ભોજનમાં અરૂચિ ઉપજે તો જાણવું કે **કફ** કોપથી અરૂચિ થયલી છે.

જો ઉપર બતાવેલા ત્રણે દોષનાં ચિન્હો મિશ્ર જણાય તો જાણવું કે **ત્રિદોષના** કોપની અરૂચિ થઇ છે.

જો પેટમાં ભૂખ, મોહોડામાં રસપણું, છતાં અન્ન ખાવા તરફ મોહોડું અનાદર બતાવતું હોય તો જાણવું કે **શોકાદિ** કારણોથી અરૂચિ થઇ છે.

અથવા વાયુથી અરૂચિ થઈ હોય તો છાતીમાં શૂળ, પિત્તથી થઇ હોય તો **અત્યંત** બળતરા તથા અગ્નિપાસે બેઠેલા જેવો સંતાપ થાય છે, કફથી થઇ હોય તો મુખમાં કફ સહિત થુંક આવે. ત્રિદોષથી થઇ હોય તો ત્રણે દોષનાં ચિન્હ અને આગંતુક કારણોથી થઇ હોય તો મન વ્યાકુળ, મોહ તથા જડતા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ અરૂચિના અંતર્ભૂત **ભક્તદ્વેષ** અને **ભક્તાચ્છંદ** એ બે ભેદ કહેલા છે તેને **ચરક** તથા **સુશ્રુતે** તો અરોચક રોગનાજ પેટામાં ગણેલ છે પણ **વૃદ્ધભોજ**નો મત તો એ બેથી જૂદોજ છે. કહે છે કે–" મોહોડામાં નાખેલા ભોજન પદાર્થો મીઠા ન લાગે તેનેજ અરૂચિ જાણવી, પણ મનથી ભોજનનું ચિંતવન કરી, ભોજનને નિહાળી કિંવા તેનો સ્પર્શ કરી ભોજન પ્રત્યે દ્વેષ ઉપજે છે તે **ભક્તદ્વેષ** કહેવાય અને ક્રોધથી, બ્હીકથી, પ્રેમના રોધથી, ભક્તિના રોકાણથી જે અન્ન ઉપર અશ્રદ્ધા ઉપજે છે તે **ભક્તાચ્છંદ** કહેવાય છે."

ઉપાય.

ભોજન કરતાં પેહેલા નિરંતર આદાને સિંધાલૂણ લગાડી તેનું સેવન કરવું તો તે અરૂચિ, મંદાગ્નિ તથા જીભના વિરસપણાનો નાશ કરે છે અને જીભને તથા કંઠને સાફ રાખે છે. **અથવા** મધની સંગાથે આદાનો રસ પીવો જેથી અરૂચિ, ઉધરસ અને શ્વાસ નાશ થાય છે. તથા **સલેખમ**–કફ મટે છે. **અથવા** પાકેલી મીઠી આંબલીનું સાકર સહિત સરબત, બરફ કે ઠંડા પાણી સાથે બનાવી કપડાથી ગાળી તેમાં એલચી, લવીંગ, મરી અને બરાસનો પ્રતિવાસ દઇ તે સરબત પીએ તો કિંવા તે સરબતના કોગળા જો વારંવાર મોહોડામાં રાખે તો અરૂચિનો નાશ કરે છે અને પિત્તનું શમન કરે છે. આ **અમ્લીકાપાનક** કહેવાય છે. **અથવા** શેકેલી રાઇ, શેકેલું જીરૂં, શેકેલી હિંગ, શેકેલી સુંઠ, સિંધાલૂણ અને ગાયનું દહિં એ સર્વેને મિશ્રિત કરી એટલે દહિં વિના બીજી ઔષધીઓનું ઝીણું ચૂર્ણ કરી દહીમાં નાખી વસ્ત્રથી ગાળીલઇ તેમાંગાયની જાડી સુંદર છાશ જોઇએ તેટલી નાખી પીએ તો અરૂચિ મટે છે અને જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. **અથવા** સારીપેઠે કઢેલું દૂધ અને લુગડામાં બાંધીને પાણી વગરનું કરેલું ભેંશનું દહિં એ બન્નેને એકઠાંકરી તેમાં જોઇએ તેટલી સાકર નાખી છણી કાહાડી, એલચી, લવીંગ, બરાસ અને મરી એઓનું ઝીણું ચૂર્ણ કરી તેમાં નાખી પીએ તો તાત્કાળ રૂચિ થાય છે. આ ઉત્તમ **શીખરણી–શીખંડ** કહેવાય છે. **અથવા** દાડિમના દાણા તોલા ૮, સાકર તોલા ૧૨, અને ત્રિસુગંધી (તજ, તમાલ અને એલચી) એક તોલો લઇ ઝીણું ચૂર્ણ કરી યોગ્ય માત્રાથી સેવન કરે તો અરૂચિ મટે છે, અગ્નિને પ્રદિપ્ત કરે છે, જ્વર, સળેખમ તથા ઉધરસને મટાડે છે અને પાચન ગુણવાળું છે. આ **દાડિમાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** લવીંગ, મરીચકંકોળ, વાળો, ચંદન, તગર, કમળકાકડીના ગોળા, કાળીજીરી, વીરણવાળો, અગર, નાગકેસર, પીપર, સુંઠ, એલચી, તજ, ચિત્રો, બરાસ, જાયફળ અને વંશલોચન એ સમાન ભાગે તથા તેઓનાથી અરધ ભાગે સાકર એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૧ ભાર પાણી સાથે સેવન કરે તો અરૂચિ, મંદાગ્નિ, ક્ષીણતા, બંધકોષ, ઉધરસ, હેડકી, ક્ષય–શોષ, સંગ્રહણી, અતિસાર, પ્રમેહ, તમક–નામનો શ્વાસ, તથા ગળગ્રહ, સળેખમ અને ઉરઃક્ષત–છાતીમાંની ચાંદી એટલા રોગોનો નાશ કરે છે તથા રૂચિ કરનાર, તૃપ્તિ કરનાર, અગ્નિને દિપાવનાર, બળ આપનાર, મૈથુન શક્તિને વધારનાર અને ત્રિદોષને જીતનાર છે. આ **લવંગાદિ ચૂર્ણ** કહેવાય છે. **ભાવપ્રકાશ.** " **અથવા** વરીઆલી, જીરૂં, મરી, કોકમ, અમલવેદ, સંચળ, ગોળ, મધ, બીજોરાના કેસરા, તજ, તમાલપત્ર, વંશલોચન, એળચી, દાડિમના દાણા અને જીરૂં એટલાં ઔષધો અધેલા અધેલા ભાર લઇ **અથવા** પંચકોલ, મરી, અજમોદ, કોકમ, અમ્લવેતસ, આસગંધ, અજમો અને કોઠવડી એ સઘળાં અધેલા અધેલા ભાર અને સાકર ટાંક ૪ લઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોળીઓ વાળી ટાંક ૨ ભાર પાણી સાથે નિત્ય સેવન કરે તો અરૂચિ, શ્વાસ, ઉધરસ, ક્ષય, ઉલટી અને રક્તપિત્ત એટલા રોગોનો નાશ કરે છે. આ **વૃહદેલાદિ ચૂર્ણ** કહેવાય છે. **સારસંગ્રહ. અથવા** જવખાર, સાજીખાર, ફુલાવેલો ટંકણ, પાંચ જાતનાં લુણ, ત્રિકટુ, ત્રિફળા, લોહભસ્મ, બરાસ, ચવક, ચિત્રો, દાડિમના દાણા, કોકમ **અને આદુ એ** સર્વ બરોબર લઇ ચૂર્ણ કરી અજમાના અર્કની ૩ ભાવના દઇ પછી લીંબુના રસની ૫ અને અમ્લવેતસના રસની ૨ ભાવના દઇ સારી પેઠે ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળી તે પૈકી–૧ ગોળી નિરંતર સેવન કરે તો અરૂચિ, મંદાગ્નિ, ગોળો, પ્રમેહ, શ્વાસ, ઉધરસ, કફ અને અજીર્ણ એટલા રોગોનો નાશ કરે છે. આ **અગ્નિકુમાર રસ** કહેવાય છે. **સર્વસંગ્રહ."** **અથવા મનને** જે પ્રિય વસ્તુ હોય તેનું સેવન કરવાથી પણ અરૂચિ મટે છે.

ઇતિ અરોચક અધિકાર સંપૂર્ણ.

ઉલટીનો અધિકાર.

ઉલટીનું નિદાન સંપ્રાપ્તિ તથા સંખ્યા.

અત્યંત પાતળા પદાર્થોના ખાવાથી, અત્યંત ચીકણી વસ્તુના ખાવાથી, સુગ આવે તેવી અપ્રિય વસ્તુના સેવનથી, પેટમાં કૃમિઓના પડવાથી, ખારાં તથા સમય વિનાનાં ભોજનથી, દુર્ગંધના આવવાથી, અત્યંત ઉતાવળું ભોજન કરવાથી, અહિત ભોજનથી, ભયથી, ઉદ્વેગથી, અજીર્ણથી, આમથી, સુગંમણા પદાર્થોના જોવાથી કે સ્પર્શ કરવાથી, વાત-પિત્ત અને કફના દુષ્ટપણાથી, અતિ ગ્લાનિ ઉપજાવનાર વાતોના સાંભળવાથી અને સ્ત્રીને ગર્ભ રહેવાથી જમેલું અન્ન બળાત્કારથી પાછું ઉછળતાં ઉર્ધ્વગતિ કરી મુખદ્વારા બહાર નીકળે છે, તેને ઉલટી–છર્દિ–વાંતિ–ઓકારી–વૉમીટ–ઝાડ–પાછું વળ્યું વગેરે વગેરે નામો વાળો રોગ કહે છે. તેના પાંચ ભેદ છે–એટલે વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી અને અહિત–અણગમો ઉપજાવનારા પદાર્થોના દર્શન સ્પર્શ સેવન અને શ્રવણથી ઉલટીનું બીજ રોપાય છે.

ઉલટીનું પૂર્વરૂપ તથા સામાન્ય લક્ષણ.

જ્યારે ઉલટી થવાની હોય ત્યારે મોળ આવે છે, ઓડકાર રોકાઇ જાય છે, મોહોડામાં પાણી આવે છે, મોહોડું ખારૂં થઇ જાય છે, પેટમાં ગટોર વળે છે અને અન્ન ઉપર અરૂચ દ્વેષ ઉત્પન્ન થાય છે. **તથા** ઉલટી થાય છે ત્યારે વેગથી મોહોડાને પુરી દેતો, શરીરને મરડતો અને મુખમાંથી દોડી પહોંચતો જે દોષ તેને **ઉલટી કહે** છે.

વાયુના સંબંધથી ઉલટી થવા વાળાને છાતીમાં, પડખાઓમાં, માથામાં અને નાભિમાં વ્યથા–પીડા થાય છે, મુખ સુકાય છે, ઉધરસ આવે છે, સ્વરભંગ, ગાત્રોમાં સોયો **ભોંકાય** તેવું **લાગવું** અને હેબકના શબ્દની પ્રબળતાવાળું, ફીણ સહિત, કાળું, પાતળું, **તુટેલું**, તરે તથા વેગવંત, પણ થોડું પાછું વમે છે તથા ઉલટી **થતાં** કષ્ટ વધારે પડે છે.

પિત્ત સંબંધી ઉલટીવાળાને મૂર્છાથી, તૃષાથી, મુખશોષથી, માથા; તાળવાના અને નેત્રના સંતપ્તપણાથી અંધારાં તથા ચક્કર–ફેર આવે છે અને ઉનું **પીળા**રંગનું, કડવું, ધુમાડા સહ તથા દાહવાળું વમન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કફના સંબંધી ઉલટીવાળો તંદ્રા-ઘેનથી, મુખની મીઠાસથી, કફના ઝરવાથી, તૃપ્તિ રહેવાથી, નિદ્રાથી, અરૂચિથી, તથા ભારે પણાથી પીડાય છે તથા રૂંવાડાં ઉભાં થઇ આવે છે, મીઠું, જાડું, કફવાળું, સ્નિગ્ધ, ધોળું અને થોડી વેદના વાળું વમન કરે છે.

ત્રિદોષના સંબંધી ઉલટી વાળાને શૂળ ચાલે છે, અન્નનો ખરાબ પાક થાય છે, અપચો થાય છે, અરૂચિ, દાહ, તૃષા, શોષ, અને પ્રમેહ અત્યંત થાય છે અને ખારૂં, ખાટું, નીલા રંગનું, જાડું, ઉનું તથા લોહીવાળું વમન થાય છે.

આગંતુક કારણોના સંબંધી અર્થાત્ અહિત પદાર્થોના સેવનથી, કૃમિના ઉપદ્રવથી, આમથી, અણગમો આપનાર-સુગામણા પદાર્થોના દર્શનાદિથી અને ગર્ભના રહેવાથી થયલી ઉલટી આગંતુક કહેવાય છે તેનાથી ઉક્લેદ અને વમન થાય છે.

ઉલટીના ઉપદ્રવો.

ઉલટીવાળા રોગીને ઉધરસ, હેડકી, શ્વાસ, જ્વર, તૃષા, ચિત્તનું વિકૃતપણું, છાતીમાં વ્યાધિ અને અંધારાં આવે એટલા ઉપદ્રવો થાય છે.

ઉલટીનું સાધ્યાસાધ્યપણું.

ક્ષીણ થયેલા માણસને વિશેષ લાગુ પડેલી ઉપદ્રવોએ કરીને સહિત, લોહી તથા પરૂ સંયુક્ત મોરપીંછના ચાંદલા જેવી કાંતિવાળી ઉલટી હોય તો તે પ્રાણઘાતક છે અને ઉપદ્રવો વગરની હોય તે સાધ્ય-મટે તેવી જાણવી.

ઉપાય.

સઘળા પ્રકારની ઉલટીઓ આમાશયના ઉછાળાથી થાય છે માટે ઉલટીવાળા રોગીને લંઘન કરાવવું શ્રેષ્ઠ છે; લંઘન કરાવવું અને કફ પિત્તને હરનારૂં સંશોધન કરવું; પરંતુ વાયુના સંબંધવાળી ઉલટીમાટે તેમ કરવા ગ્રન્થકારોએ ચોખી ના પાડી છે. તેથીજ તે ચિકિત્સા કરવી નહીં; ધાણા, સુંઠ, તથા દશમૂળ, એઓના યૂષ કે રસથી વાયુની ઉલટી બંધ થાય છે. **અથવા** ઘીમાં સિંધાલૂણ નાખી પીવાથી વાયુની ઉલટી બંધ પડે છે. **અથવા** મગ તથા આમળાના રસમાં ગાયનું ઘી અને સિંધાલૂણ નાખી પીવાથી વાયુની ઉલટી બંધ પડે છે.

અથવા અડદ, મગ, મસુર, તથા જવનો લોટ લઇ તેની પાતળી ચૂલી કરી ઠંડી થએ મધનાખી પીવાથી પિત્તની ઉલટી બંધ પડે છે. **અથવા** આમળાના રસમાં ચંદનનું ચૂર્ણ અને મધ મેળવી પીવાથી પિત્તની ઉલટી બંધ પડે છે, **અથવા** પિત્તપાપડાનો ક્વાથ કરી મધ મેળવી પીવાથી પિત્તની ઉલટી બંધ પડે છે. **અથવા** લીંબડા ઉપરની ગળો, લીંબડાની અંતર છાલ, કડવાં પડવળ, ત્રિફળા એઓનો ક્વાથ કરી મધનાખી પીએ તો પિત્તની ઉલટી મટે છે. **અથવા** માખીની હગાર, સાકર તથા ચંદન, મધ સંગાથે ચાટે તો પિત્તની ઉલટી મટે છે. **અથવા** મસૂરનો સાથવો દાડિમના રસમાં મધ નાખી પીવાથી વાયુ પિત્ત અને કફની ઉલટી મટે છે. **અથવા** ગળો અને સુખડનો કાઢો ચોખાના ધોવણમાં મધનાખી પીવાથી પિત્તની ઉલટી મટે છે. **અથવા** એળચી, મોથ, નાગકેસર, ચોખાની ધાણી, ઉપલસરી સુખડ, કચૂરો, બોરની માંજ, લવીંગ અને પીપર એઓનું ચૂર્ણ કરી ટાંક ૧ તથા ૨ મધમાં કાલવી ચાટે તો ત્રણે દોષની ઉલટી મટે છે. **અથવા** પીપળાનાં છોડીઆં બાળી પા-

For Private And Personal Use Only

ણીમાં હારી તે પાણી ગળીને પીવાથી ઉલટી મટે છે. **અથવા** આમળાંની મીજે બોરની મીજે, પીપર અને માખીની હગાર એઓનો કવાથ કરી મધ અને સાકર મેળવી પીવાથી ઉલટી મટે છે. **વૈદ્યવિનોદ. અથવા** જાંબુનાં અને આંબાનાં પાંદડાં લઈ એઓનો કવાથ કરી તેમાં ચોખાની ધાણીનું ચૂર્ણ તથા મધ નાખી પીવાથી ભયંકર ઉલટી, અતિસાર અને ઉગ્ર તૃષાને પણ શાંત કરે છે. **અથવા** પીપળાની કુંપળો અને બોલસરીનાં ફુલ એઓને સુકવી બાળી પાણીમાં નાખીને તે પાણી પીવાથી દુર્જય ઉલટી પણ તાત્કાળ જીતાય છે—મટે છે. **અથવા** બીલીની છાલ અથવા ગજોનો કવાથ કરી મધ નાખી પીએ તો ત્રણે દોષની ઉલટી મટે છે. **અથવા** સંચળ, જીરૂં, સાકર અને મરી એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવી ચાટે તો તાત્કાળ ઉલટી બંધ પડે છે. **બીભત્સ** પદાર્થોના દર્શન–આદિથી થએલી ઉલટી અત્યંત વ્હાલા પદાર્થોના ઉપયોગથી. **ગર્ભાધાન**ના કારણથી થએલી ઉલટી વ્હાલાં ફળોના ઉપયોગથી, **આમવાથી** થએલી ઉલટી લંઘનથી અને **અહિત** પદાર્થોના સેવનથી થએલી ઉલટી હિતકારી પદાર્થોના સેવનથી બંધ પડે છે. **ભાવપ્રકાશ. અથવા** કેસર માસો ૧, એળચી માસા ૨ અને હિંગળોક રતી ૨, એઓને ઝીણાં લસોટી મધ સંગાથે ચાટે તો ઉલટી બંધ પડે છે. **અથવા** ભમરીના ઘરની માટી પાણીમાં છમકાવી પીવાથી **અથવા** મોરપીંછના ચાંદલાની રાખથી **અથવા** બહુ ઓડકાર વાળી ઉલટી થતી હોય તો પીલુડી, ધાણા, મોથ, જેઠીમધ તથા રસવંતી એઓનું ચૂર્ણ મધમાં કાલવી ચાટવાથી ઉલટી બંધ પડે છે.

ઉલટીનો અધિકાર સંપૂર્ણ.

તૃષાનો અધિકાર.

તરશની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ તથા સંખ્યા.

પ્રત્યેક મનુષ્યને પોતાના સ્થાનમાંજ સંચિત–એકઠું થયલું પિત્ત, પોતાને વધારનારા તીક્ષ્ણ, ખાટા અને ગરમ પદાર્થોથી કુપિત થઈ જાય છે. અને પોતાના સ્થાનમાંજ સંચિત થએલો વાયુ, ભયથી, થાકથી તથા બળનો ક્ષય કનારા ઉપવાસ–આદિથી કુપિત થઈ અર્થાત્ વાયુ અને પિત્ત કોપ પામી ઉર્દ્ધગામી થઈ તાળવાને દૂષિત કરી તરશને પ્રકટ કરે છે. એકલું તાળવું દૂષિત થવાથીજ તૃષા ઉત્પન્ન થાય છે એમજ નથી, પણ જળને વહેનારી નસો પણ દોષોથી દૂષિત થવાથી પણ તૃષા પેદા થાય છે. તેના સાત પ્રકાર છે. એટલે વાયુથી, પિત્તથી, કફથી, શસ્ત્રાદિના પ્રહારથી, બળક્ષીણ થવાથી, ભોજનના કરવાથી અને આમથી એમ સાત કારણોથી તરશ ઉત્પન્ન થાય છે.

તરશનું સ્વરૂપ.

નિરંતર પાણી પીતો જાય છતાં તૃપ્તિ થાય નહીં અને પાણી પીવાનીજ ઇચ્છા રહ્યા કરે તે તરશ રોગ કહેવાય છે. તાળવા, હોઠ, કંઠ તથા મુખમાં શોષ, અને બળતરા, સંતાપ, મોહ, ભ્રમ, તથા બકવા થાય એ સઘળાં તરશનાં લક્ષણ છે. એટલે તરશ રોગની ઉત્પત્તિના વખતે આ લક્ષણો વિશેષે કરીને થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરશનાં લક્ષણો.

જો **વાયુના** કારણથી તરશ થએલી હોય તો મોહોડું ઉતરી જાય છે. લમણા અને માથામાં પીડા થાય છે, તરશ તથા જળને વહેનારી મુખ્ય નસો રોકાઇ જાય છે. મુખમાંથી છએ રસનો સ્વાદ જતો રહે છે અને ઠંડું પાણી પીવાથી તરશ વૃદ્ધિ પામે છે તે **વાતજા** કહેવાય છે.

જો **પિત્તના** કારણથી તૃશા થએલી હોય તો મૂર્છા-ભાન રહિત, અન્ન ઉપર દ્વેષ, બકવા, બળતરા, નેત્ર રાતાં, મુખમાં શોષ, તથા મુખ કડવું થાય છે. ઠંડ સારી લાગે. શરીરમાં તાપ, મળ-મૂત્ર તથા આંખો પીળાં થાય છે. અને ગળામાંથી ધુમાડા નીકળે છે તે **પિત્તજા** કહેવાય છે.

જો **કફના** કારણથી થએલી તૃષા હોય તો જઠરાગ્નિની ઉષ્ણતાને કફ રોકી લે છે તેથી અગ્નિની ઉષ્ણતાથી જળને વહેવા વાળી નસોનું શોષણ થવાને લીધે કફથી જે તૃષા ઉત્પન્ન થાય છે તેથી આતુર થએલો પ્રાણી અતિ દુર્બળ થઇ જાય છે. નિદ્રા વધે છે, શરીર ભારે રહે છે, અને મુખ મીઠું થઇ જાય છે, તથા દિન પ્રતિદિન સુકાતો જાય છે, તે **કફજા** કહેવાય છે.

જે **શસ્ત્ર** વગેરેના ઘા વાગવાથી શરીરમાંથી લોહી નીકળે છે તેથી પીડા થવાને લીધે તરસ લાગે છે તે તરશ **ક્ષતજા**ના સંજ્ઞાથી ઓળખાય છે.

જો **ક્ષયના** કારણથી થએલી તરશ હોય તો છાતી દુખે, કંપ, શોષ, તથા જડતા ઉત્પન્ન થાય છે, અને પાણી પીધા કરે; તદપિ તૃષા શાંત થાય નહીં તે રસના ક્ષય થવાથી કિંવા સન્નિપાતથી થાય છે. તેથી **ક્ષયજા** કહેવાય છે.

જો **આમથી** ઉત્પન્ન થએલી તરશ હોય તો તેમાં ત્રણ દોષોનાં ચિન્હ-લક્ષણ થાય છે, હૃદયમાં શૂળ, થુંકવું અને ગ્લાનિ થાય છે, તે **આમજા** કહેવાય છે.

અને **ખાધેલા** અન્નથી જો તૃષા થઈ હોય તો-એટલે સ્નિગ્ધ, ખાટું, ખારૂં, તીખું તથા ભારે અન્ન ખાવામાં આવ્યું હોય તો વારંવાર તરશ લાગે છે તે **ભુક્તોદ્ભવા** કહેવાય છે.

તૃષાના ઉપદ્રવો તથા અરિષ્ટ.

સાદ બેસીજાય, કંઠ-ગળું તાળવું સુકે, દીનતા થાય, તથા જ્વર, મોહ, શ્વાસ, ઉધરસ, પ્રમેહ, ક્ષય અને અતિસાર વાળાને, કિંવા દુર્બળ વા, રોગથી દુર્બળ થએલાને અને ઉલટી કરનારાઓને વિશેષ લાગુ પડેલી તથા મુખ શોષાદિ ભયંકર ઉપદ્રવોથી સંયુક્ત થએલી સર્વ પ્રકારની તરશ મનુષ્યના પ્રાણનો નાશ કરે છે.

ઉપાય.

વાયુની તરશવાળાને ઉષ્ણ ભોજન અને ઉષ્ણ જળ સેવન કરવાથી આરામ થાય છે. **અથવા** દહિં ગોળ સેવન કરવાથી વાયુની તરશ મટે છે. **અથવા** વાયુને હરનારાં, કોમળ, હલકાં અને ઠંડાં અન્નપાનનો ઉપયોગ કરે તો વાયુની તૃષા મટે છે.

પિત્તની તૃષા વાળાને સોનું તથા રૂપું ઉનું કરી તેથી ઝમેલું પાણી પાવું. **અથવા** સાકરના ઠંડા સરબતના પીવાથી પિત્તની તરશ મટે છે. **અથવા** ધાણાને રાત્રે પલાળી-ભી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જવી તેને પ્રભાતે લસોટી સાકર મેળવી પીએ તો પિત્તની તૃષા તથા દાહ મટે છે. **અથવા** દાડિમનું સુંદર સરબત સાકર મેળવી પીએ તો પિત્તની તૃષા મટે. **અથવા** ઠંડી જગ્યામાં રહેવાથી, જળક્રિડા કરવાથી, ઠંડા વસ્ત્રના પહેરવાથી પિત્તની તરશ તથા ઉગ્રદાહ મટે છે. **અથવા** કપૂર, ચંદન, તથા અગરનો લેપ કરવાથી પિત્તની તરશ મટે છે.

કફની તૃષાવાળાને તીખી, કડવી તથા ઉષ્ણ વસ્તુના સેવનથી કફની તરશ મટે છે. **અથવા** લવીંગના કવાથથી કફની તરશ મટે છે. **અથવા** જીરૂં, સુંઠ, સંચળ, એઓનું ચૂર્ણ કરી પાણી સંગાથે ફાકે તો કફની તરશ મટે છે. **અથવા** સુંદર મધ-દારૂના પીવાથી કફની તૃષા મટે છે. **અથવા** વડના અંકૂરા-વડવાઇના કુણુગા, જેઠીમધ, ચોખાની ધાણી અને કનગકાકડીના મોળા એઓનું અત્યંત સૂક્ષ્મ ચૂર્ણ કરી કિંવા તેની ગોળી વાળી મુખમાં રાખે તો તરશ મટે છે. **અથવા** બીજોરાની જડ, કોઠનો ગર્ભ, દાડિમનું મૂળ, ચંદન, લોદર અને બોરડીનું મૂળ એઓને પાણી સંગાથે ઝીણું લસોટી માથા ઉપર લેપ કરે તો તરશ, દાહ અને શોષ મટે છે. **અથવા** જીભ, તાળવું, ગળું તથા તરશ લાગવાનું સ્થાન એઓ સુકાતાં હોય તો બીજોરાના કેસરા ઘીમાં કે સેંધવમાં વાટીને તેનો માથા ઉપર લેપ કરવો. **અથવા** આમળાં, કમળ, ઉપલેટ, ડાંગરની ધાણી, અને વડવાઇના કુણુગા એઓનું ચૂર્ણ કરી મધ સંગાથે ગોળી કરી મોહોડામાં રાખે તો અતિ ઉગ્ર તરશ અને દારૂણ શોષ નાશ પામે છે. **શસ્ત્રના પ્રહાર-જખમ** થવાથી તૃષા લાગતી હોય તો બકરાનું લોહી પીવરાવવું **અથવા** બકરાના માંસનો રસ-સેરવો, મધ યુક્ત કરીને પાવો, **અથવા** ખીરમાં સાકર મેળવી ખાવી તો જખમની તૃષા મટે છે. **રસ ક્ષયથી** તૃષા થઇ હોય તો દુધ સહિત પાણી પાવું તથા માંસનું પાણી કે મધુર પાણી પાવું. **આમથી** તૃષા ઉત્પન્ન થઇ હોય તો બીલીનો ગર્ભ તથા વજ સહિત દીપન પદાર્થો પાવા. અથવા તે બન્નેનો કવાથ કરી પાવો. **ભારે પદાર્થોના** ખાવાથી તરશ લાગતી હોય તો તેનેનાશ કરનારા પદાર્થોથી, ક્ષયથી થએલી તરશ વિના અન્ય સર્વ પ્રકારની તરશો મટે છે. સ્નિગ્ધ અન્ન ભોજનથી થએલી તૃષા ગોળના પાણીથી, અતિ દુર્બળ થએલાની દુધથી મટાડવી. (મૂર્છા, ઉલટી, તરશ, આફરો, મદ્યપાન અને સ્ત્રી પ્રસંગ એટલા કારણોથી પીડાતા મનુષ્યને ઠંડુ પાણી પાવું.) અને રક્તપિત્ત કે મદાત્યની તૃષા હિતકારી અન્નપાન વા હિતકારી ઔષધોથી મટાડવી; કેમકે તરશ મટયા પછીજ અન્ય વ્યાધિઓના ઉપાય કરવા યોગ્ય છે; કારણ કે તરશથી પીડાતા પ્રાણીને પાણી પીવાનું ન મળે તો તુરત મરણને શરણ થાય છે. તરસ્યા માણસને બેભાનપણું થાય છે અને બેભાનપણાથી મોંત નીપજે છે; જો કે અન્ન ખાવા ન મળે તો કેટલાક વખત સુધી મનુષ્ય જીવે છે, પણ પાણી પીવા ન મળે તો પળવારમાં પ્રાણ પરલોક સિધાવે છે. એજ હેતુ માટે કોઇપણ સ્થિતિમાં પાણી પીવાની રોકાણ કરવી નહીં, પણ થોડું થોડું યોગ્ય પાણી પાવું.

ઇતિ તૃષાનોઅધિકાર સમાપ્ત.

મૂર્છાનો અધિકાર.

—(૦)—

મૂર્છાની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ તથા સામાન્ય લક્ષણ અને સંખ્યા.

ક્ષીણ મનુષ્યને, અતિ દોષવાળાને, કુપથ્ય કરનારને, મળ-મૂત્રાદિના વેગ રોકનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને, શસ્ત્રપ્રહાર થએલાને, અને અધિક તમોગુણવાળાને જ્યારે બાહ્યેંદ્રિયો (જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો) માં વાત પિત્ત તથા કફ પ્રવેશ કરી સંજ્ઞાને વહેનારી નસોને રોકાણ કરી અંધકારને તાત્કાળ પ્રાપ્ત કરે છે અને મનુષ્યને લાકડાની પેઠે એકદમ પૃથ્વી ઉપર પાડી દેછે તથા સુખ દુઃખનું જ્ઞાન સમૂળગું નાશ કરી દેછે તે મૂર્છા–મોહ–અચેત–અબોલ–અવાચક–બેભાન વગેરે વગેરે નામનો રોગ કહેવાય છે. તેના છ ભેદ છે–એટલે વાયુની, પિત્તની, કફની, લોહી-ની, મદ્યની, અને વિષની એ છ પ્રકારની મૂર્છા હોય છે તથા એ સર્વ મૂર્છાઓમાં પિત્ત અને તમોગુણ અધિક હોય છે.

મૂર્છાનું પૂર્વરૂપ.

જે મનુષ્યને મૂર્છા આવવાની હોય તે મનુષ્યને પ્રથમથી છાતીમાં વેદના, બગાસાં, મનમાં ગ્લાનિ, સંજ્ઞાનો નાશ અને બળનો ક્ષય થઇ જાય છે.

સર્વપ્રકારની મૂર્છાનાં લક્ષણ.

વાયુ સંબંધી મૂર્છા હોય તો આકાશને નીલું, કાળું કિંવા રાતું દેખે છે અને જોત જોતામાં અંધારાં આવી ભાન રહિત થઇ જાય છે. પુનઃ જલ્દી ચેતન થાય છે તથા કંપ, અંગમાં ત્રોડ, છાતીનું દુખવું અને શરીરનું દુર્બળ થવું તથા શરીરનો વર્ણ કાળાશથી મિ-શ્રિત લાલ દેખાય કિંવા લાલ કાળી છાયા વાળો દેખાય છે.

પિત્ત સંબંધી મૂર્છા હોય તો આકાશને રાતું હરીત રંગવાળું કે પીળું દેખે છે, અને જોત જોતામાં ભાન રહિત થાય છે, પણ પરસેવા યુક્ત થઇ પાછો ચેતન બને છે, તરશ લાગે, સંતાપ ઉપજે, આંખો રાતી–પીળી થાય, મુખમાંથી ભાગ્યા તૂટયા બોલ બોલાય, ઝાડો થઇ આવે અને શરીરની કાંતિ પીળી થઇ જાય છે.

કફ સંબંધી મૂર્છા હોય તો આકાશને ધોળું મેઘઘટાવાળું દેખે છે અને જોત જોતાં અચેતન થાય છે તથા બહુવાર પછી ચેતન થાય છે. શરીર ઘણા પરસેવાથી વ્યાકુ-ળ થાય છે, આળા ચામડાથી વીંટાયલો હોય તેમ ભારે શરીર વાળો થાય છે, મોહોડામાંથી લાળ ઘણી પડે, કહવું અને ઉનું થુંકે, તથા મોળ ઘણી આવે છે.

ત્રિદોષ સંબંધી મૂર્છા હોય તો ત્રણેદોષનાં ચિન્હો હોય છે. અને મૃગીવાયુ–ફેફ-રૂં–વાઇ આવેલ હોય તેની પેઠે મનુષ્યને એકદમ તુરત પાડી દેછે અને ઘણીવાર કેડે ચે-તન થાય છે; પણ વાઇમાં ફીણ સહિત ઉલટી, દાંતોનું બીડાવું, આંખોમાં વિકૃતિ–આદિ સુ-ગામણી ચેષ્ટાઓ થાય છે અને આ સન્નિપાતની મૂર્છામાં તેવી ચેષ્ટાઓ થતી નથી એટલો ફેર છે.

લોહીથી મૂર્છા ઘણું કરીને તમોગુણી મનુષ્યનેજ થાય છે–એટલે લોહીના ગંધ-થી મૂર્છા થાય છે. જો કે આ વિષયમાં આયુર્વેદવેત્તાઓપૈકી કેટલાક વાંધા ઉઠાવે છે; પરંતુ ભોજતો કહે છે કે–લોહીના દેખાવથી અને ગંધથી પણ મૂર્છા આવે છે તેમાં શ-રીર સ્તબ્ધ, આકાશ અંધકાર રૂપજ દેખે, દ્રષ્ટિ સ્થંભિ જાય અને શ્વાસ સારી પેઠે ચાલે નહીં. આટલું થયા પછી મૂર્છા આવે છે તે રૂધીર સંબંધી સમજવી.

મદ્યપાનથી મૂર્છા હોય તો સ્મૃતિ–યાદશક્તિ રહિત તથા દોરડા વિષે સર્પની ભ્રા-ન્તી ઉપજે અને જ્યાં સુધી દારૂનો નિસો ઉતરે નહીં ત્યાં સુધી શરીરનાં અંગો–હાથ પગ પછાડયા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષજન્ય મૂર્છા હોય તો કંપ, નિદ્રા, તરશ, અંધારાં,સંજ્ઞા રહિત, ભોજન ઉપર દ્વેષ, મુખ ઉપરસ્થામતા, અને અતિસાર થાય છે. જો કે વિષ અને મદ્યનો સંજ્ઞા નાશ કરવાનો ધર્મ સરખોજ છે, પણ અન્ય લક્ષણો સરખાં નથી. (વિષના જૂદા જૂદા પ્રકારોથી જૂદાં જૂદાં વિષનાં ચિન્હોવિષેનું પૂર્ણ જ્ઞાન મેળવવું હોય તો **સુશ્રુતનું કલ્પસ્થાન** અવલોકન કરો.)

મૂર્છા, ભ્રમ અને તંદ્રા એઓનું પરસ્પર ભિન્નત્વપણું.

મૂર્છામાં પિત્ત અને તમો ગુણ અત્યંત અધિક હોય છે. **ભ્રમમાં** રજોગુણ તથા વાત પિત્તનો મેલાપ થાય છે. **તંદ્રામાં** તમોગુણ વાયુ કફના મેળાપથી થાય છે.

નિંદ્રામાં કફ તથા તમોગુણનો સંયોગ હોય છે અને **સંન્યાસમાં** ત્રિદોષયુક્ત વા, બહુ દોષયુક્ત તમોગુણના અતિશયપણાથી મૂર્છા થાય છે.

મૂર્છામાં ભાન રહેતું નથી. **ભ્રમમાં** સર્વ વસ્તુઓને તથા પોતાના શરીરને ભમતું દેખેછે. **તંદ્રામાં** અરધાં નેત્ર ઉઘાડેલાં રહે છે. અધુરૂં જ્ઞાન, ભારેપણું, બગાસાં અને વિના મહેનતે થાક આવે છે. તે ઘેન વા તંદ્રા જાણવી. **નિદ્રાનાં** લક્ષણે તો સાધારણ પ્રાણી પણ સમજે છે એટલે કહેવાની જરૂર નથી; પરંતુ નિદ્રા અને ઘેનમાં ફેર એટલોજ છે કે નિદ્રા લીધા પછી ક્લમ રહેતો નથી અને ઘેનમાં ચેતન થયા પછી પણ ક્લમ રહે છે. ક્લમ એટલે વિના મહેનતથી, શ્વાસ યુક્ત, સર્વેદ્રિયોના વિષયને બાધ કરનાર જે શરીરમાં થાક ઉપજે છે તેને ક્લમ કહે છે. અને **સંન્યાસમાં** હૃદયમાં રહેતા જે વાત પિત્ત અને કફ દોષોને પ્રાપ્ત કરી વાણી, દેહ, તથા મનની ચેષ્ટાઓ ગ્રહણ કરી બળ રહિત જનને ભાન રહિત કરે છે. તે સંન્યાસ અને મૂર્છામાં એટલોજ ફેર છે કે–દોષોનો વેગ જાય કે મૂર્છા વા મદ પોતાની મેળેજ શાંત થાય છે અને સંન્યાસ તો ઔષધ વિના શાંત થતોજ નથી.

ઉપાય.

તાલના શેકથી વાયુની મૂર્છા જાય છે. **અથવા** ઠંડા પાણીના સિંચવાથી, ઠંડા જળના અવગાહનોથી, ચંદ્રકાન્તાદિ મણિઓ મોતી કે તેઓના હારોથી તથા કપૂર ચંદનના લેપથી અને ઠંડા દ્રવ્યના છાંટવાથી કે સેવનથી પિત્તની અથવા સર્વ પ્રકારની મૂર્છા નાશ પામે છે; કારણ કે સર્વ મૂર્છાઓમાં પિત્ત પ્રાધાન્ય રૂપ છે માટે શીતોપચાર હિતાવહ છે. **અથવા** બોરની મીંજ, મરી, વીરણવાળો અને નાગકેસર એઓને સમાન લઇ ઠંડા પાણીમાં ભીજવી ચોળી નિચોવી તથા સાકર મેળવી સરબત કરી પીએ તો મૂર્છા જાય છે. **અથવા** મીઠા દાડિમના રસમાં સાકર મેળવી સરબત કરી પીએ તો મૂર્છા જાય. **અથવા** કાળીદ્રાખના સરબતમાં સાકર મેળવી પીએ તો મૂર્છા મટે છે. અથવા સાબુને પાણીથી ઘુંટી આંખમાં આંજે તો ચેતન થાય છે. **અથવા** સરસડીયાનાં બીજ, પીપર, મરી, સિંધાલુણ, મણશીલ, વજ, અને લસણ એઓને ગોમૂત્રમાં વાટી અંજન કરે તો મૂર્છા જાય. **અથવા** મણશીલ, મહુડો, સિંધાલૂણ, અને મરી એ બરોબર લઇ પાણી સંગાથે ઘુંટી નાસ આપે તો મૂર્છા જાય. **અથવા** સ્ત્રીઓનું ધાવણ પીવાથી મૂર્છા જાય છે. **અથવા** નાકનો તથા મોહોડાનો શ્વાસ રોકવાથી મૂર્છા જાય છે. **અથવા** પીપરનું ચૂર્ણ મધમાં કાલવી ચાટવાથી મૂર્છા જાય છે.

જો **લોહીના** કારણથી મૂર્છા થઇ હોય તો ઠંડા ઉપચાર કરવા, અને **મદ્ય**–દારૂથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્ત થઈ હોય તો થોડું સુંદર મદ્ય પાવું અથવા સુઇ જવું હિતકારી છે. તથા **વિષના** કારણથી થઈ હોય તો વિષને નાશ કરનારાં ઔષધોના પ્રયોગ કરવા-વમન કરાવવું તો વિષની મૂર્છા જાય. **અથવા** શુદ્ધ તામ્રેશ્વર, વીરણવાળો અને નાગકેસર એ સઘળાં બરાબર લઈ ભસ્મ સિવાય ઔષધોનું ચૂર્ણ કરી પછી બરાબર ઘુંટી રતી ૧ ભાર ઠંડા પાણી સંગાથે સેવન કરે તો સર્વ પ્રકારની મૂર્છા જાય છે. **ભાવપ્રકાશ.** "**અથવા** પારાની શુદ્ધ ભસ્મ પીપર તથા મધસંયુક્ત સેવન કરવાથી, શીતળ જળના સિંચનથી અને બળાત્કારે અંગોને ચાંપવાથી મૂર્છાનો નાશ થાય છે."

ભ્રમના ઉપાય.

શતા ધમાસાનો કવાથ કરી ઘી નાખીને પીવો **અથવા** હરડેના કવાથમાં કે આમળાના રસમાં પકાવેલું ઘી પીવું. **અથવા** સુંઠ, પીપર, સવા અને હરડે એ ચાર ચાર તોલા તથા ગોળ ૨૪ તોલા ભાર લઇ ફકત ઔષધીઓનું ચૂર્ણ કરી ગોળમાં ગોળીઓ કરી ખાવી.

અતિનિદ્રા તથા તંદ્રાના ઉપાય.

સિંધાલુણ, કપૂર, સરસવ, મણશીળ, પીપર અને મધ એઓને ઘોડાની લાળ સંગાથે ઘુંટી અંજન કરે તો અતિનિદ્રા તથા ઘેનનો નાશ થાય છે. **અથવા** સરગવાનાં બીજ, સિંધાલુણ, સરસવ અને ઉપલેટ એઓને બકરાના મૂત્રમાં ઝીણાં ઘુંટી નાસ દે તો તંદ્રા-ઘેન મટે છે. **અથવા** મરી, સરગવાનાં બીજ, સુંઠ અને પીપર એ સઘળાં સમાન લઇ અગથીઆના રસમાં ઝીણાં લસોટી નાસ દે તો ઘેન મટે છે. **ભાવપ્રકાશ. અથવા** સુંઠના કવાથમાં મધ મેળવી પીવાથી **અથવા** કૌંચના લગાડવાથી મૂર્છા જાય છે.

મૂર્છા, નિંદ્રા, તંદ્રા અને સંન્યાસનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગરનામા ગ્રંથ વિષે સ્વરભેદ, અરોચક, છર્દિ, મૂર્છા અને તેના તંદ્રા ભ્રમ-આદિ ભેદો વગેરેના લક્ષણ યત્ન નિરૂપણ નામનો છઠ્ઠો તરંગ સંપૂર્ણ.

તરંગ ૭ મો.

મદાત્યય ઉન્માદને, મૃગી તણા અધિકાર;
આ તરંગમાં અથઇતી, તેના કહ્યા વિચાર.

મદાત્યયનો અધિકાર.

મદ્યનો સ્વભાવ.

દારૂ સ્વભાવથી અન્ન જેવો છે; અર્થાત્ જો દારૂ યુકિત વગર ઉપયોગમાં લે તો રોગને ઉત્પન્ન કરે છે; પણ યુકિત સહિત ઉપયોગમાં લે તો [1] રસાયન રૂપ છે; જેમ અન્ન, પ્રાણિ

[1] જેઔષધ રોગ અને વૃદ્ધાવસ્થાનો નાશ કરી પૂર્ણ આરોગ્યતા, કાંતિ, સૌંદર્યતા, બુદ્ધિ, બળ, ઉત્સાહ, સ્મૃતિ, ધૈર્યતા અને દીર્ઘાયુ બક્ષે તેને શ્રેષ્ઠ મહર્ષીયો રસાયન કહે છે.

ચરક સંહિતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત્રના પ્રાણ છે; છતાં પણ જો યુક્તિ વગર પશુઓની પેઠે ઘણા થોડાનું જ્ઞાન ન રાખતાં ખાય તો પ્રાણની હાનિ કરે છે કિંવા અનેક રોગો ઉત્પન્ન થાય છે; પણ જો યુક્તિ સાથે ભૂખના પ્રમાણથી યોગ્ય વખતે પ્રમાણયુક્ત ભોજન કરે તો અમૃત વા રસાયન રૂપ છે એજ પ્રમાણે મદ્યના વિષયમાં પણ સમજવું. મદ્ય અને વિષ એ બન્ને પ્રાણને હરણ કરનાર છે માટે મદ્ય અને વિષ યોગ્ય વિધિથી સેવન કરે તો અમૃત સમાન ગુણ કરેછે, રોગ માત્રનો નાશ કરે છે અને સદૈવ મનુષ્યને તરૂણ રાખે છે અર્થાત્ તે જનને જરા કે વ્યાધિ બાધા કરી શકતાં નથી.

મદ્ય પીવાનો વિધિ.

પ્રભાત સમય શૌચાદિ ક્રિયાઓથી મુક્ત થઇ, સુંદર પાણીથી સ્નાન કરી, સુગંધ યુક્ત સ્વચ્છ વસ્ત્રો પેહેરી અત્તર પુષ્પ માળા વગેરે ખુસબોદાર પદાર્થો ધારણ કરી કિંવા રાતાં વસ્ત્રો પેહેરી આનંદ યુક્ત–પ્રસન્ન મુદ્રાએ સાવધાન પણે સુંદર બગીચામાં કે સુંદર મનહર રમણિય સ્થળમાં–પક્ષીઓના મધુર સ્વરો, સુંદર સુગંધ યુક્ત પવનની લેહેરો અને સુંદર શય્યા કે આસન ઉપર બેસી કે પડખાભર રહી ધીમે ધીમે રૂપ યૌવનથી ઉન્મત્ત થએલી, રસિક, રમણિય, ઋતુને અનુસરતાં વસ્ત્ર પરિધાન કરેલાં હોય તેવી નાજુક મૃગનૈની, પિકવૈની કટાક્ષ બાણથી વેધકનાં મન વેધતી ચચળ ચપળા ચારૂ હસ્તથી ચાંદી સોના કે મણિજડિત પ્યાલાઓમાં વારંવાર મદિરા ભરી પ્રેમીજનને પ્રીતિ પૂર્વક પાતી હોય તો તે મદિરા રસાયન રૂપ નિવડે છે. પ્રાતઃકાળમાં ૮ તોલા ભાર, મધ્યાન્હ કાળમાં સ્નિગ્ધ ભોજન સાથે ૧૬ તોલા અને સાયંકાળના ભોજનના સમય ૩૨ તોલા ભાર મદિરા પીએ તો રસાયન રૂપ નિવડે છે. અથવા જ્યાં સુધી બુદ્ધિ આદિક ગુણો બાધા–હરકત રહિત પ્રફુલ્લિત રહે ત્યાં સુધી મદિરા પીએ તો પણ રસાયન રૂપ છે; પરંતુ એથી અધિક માત્રાએ મદિરા પીએ તો અતિ હાનિ થાય છે; માટેજ પ્રમાણથી પીવી, જેથી ભૂખ વીર્યાદિને વધારે છે, રોગોને ઉત્પન્ન થવા દેતી નથી, કામદેવને વધારે છે, મનને પ્રસન્ન રાખે છે, તેજ, પરાક્રમ, બુદ્ધિ, સ્મૃતી, હર્ષ, સુખ, ભોજન, નિદ્રા, મૈથુન અને પુષ્ટતાની સારી પેઠે વૃદ્ધિ કરે છે.

જો વિધિ રહિત, પ્રમાણ રહિત, સમય રહિત અને પ્રસન્નતા રહિત મદ્ય પીએ તો મદાત્યયાદિ અનેક ભયંકર રોગો ઉત્પન્ન થાય છે. ગજા ઉપરાંત મદિરા પીવાથી બકવા લાગે છે, યાદશક્તિ, લાજ, જ્ઞાન અને પોતાપણું વિસરી જાય છે, વાણી અને ચેષ્ટા ગાંડા માણસની પેઠે કરવા લાગે છે, આળસ્ય આવે, ન કહેવાની વાત કે ગુપ્ત વાર્ત્તા–પોતાના નાશની વાર્તા કહી દે છે, લાકડાની પેઠે અચેતનપણામાં પડી જાય છે, કિંવા પડયો રહે છે, ન જવું ઘટે ત્યાં જાય છે, મોટાનું માન અને મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, ન ખાવા યોગ્ય પદાર્થો ખાય છે, અને સંજ્ઞા ભંગ થઈ જાય છે તથા રોગોને ઉત્પન્ન કરી કેટલીક વખત અમૂલ્ય શરીરની નાહક ચિતામાં આહુતી આપી દેછે; માટેજ પ્રાણનું સંરક્ષણ કરવા સર્વ પ્રકારે મર્યાદામાં રહી મદિરા સેવન કરવી તોજ સદૈવ સુખાનંદ સમર્પે છે.

કોને મદિરા પીવી અને કોને ન પીવી. ?

બળવાન, જમેલો, ઝાઝું ખાનાર, સ્નિગ્ધતા વાળા, ચિંતાવાળા, સુવાની વાળા, નિત્ય મદ્ય પીવાના અભ્યાસીઓ વા, મદ્ય પીનારના કુળમાં જન્મેલ, મેદ તથા કફની અધિકતા વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ળા, વાયુ તથા પિત્તની મંદતા વાળા, અને દ્રઢ અગ્નિવાળા મનુષ્યને વિશેષ મદિરાપીવાથી પણ અધિક નિસો આવતો નથી; પણ એથી વિપરીત ગુણોવાળો, મળબંધ વાળો, ક્રોધ પામેલો ભૂખ્યો, ભયયુક્ત, તરસ્યો, ખેદયુક્ત વા મળ-મૂત્રના વેગ વાળો, નિર્બળ અને ગરમીથી પીડાએલો મનુષ્ય ઘણા ખાટા પદાર્થોની સાથે, નિરંતર મદિરા પીએ તથા ખાટું લુખું મદ્ય પીએ કે અજીર્ણમાં પીએ તો વિશેષ મદ પ્રાપ્ત થાય છે અને અનેક પ્રકારના વિકારો ઉત્પન્ન કરેછે.

મદાત્યય રોગનાં લક્ષણો.

જેને **વાયુનો** મદાત્યય હોય તો હેડકી, શ્વાસ, માથું ડોલવું, પડખાઓમાં શૂળ, નિદ્રાનો નાશ અને અત્યંત બકવા થાય છે.

પિત્તનો મદાત્યય હોય તો તૃષા ઘણી લાગે, બળતરા, તાવ, પરસેવો, મૂર્છા, અતિસાર, ફેર, અને શરીરના વર્ણનું હરીતપણું થાય છે.

કફનો મદાત્યય હોય તો ઉલટી, રૂચિભંગ, મોળ, ઘેન, અંગો ભારે અને ખારૂં ખાટું વમન કરે તથા ભીના લુગડાથી અંગો વીંટાયલ હોય તેમ જણાય છે.

સન્નિપાતનો મદાત્યય હોય તો ઉપર કહેલા ત્રણે પ્રકારનાં લક્ષણો જણાય છે.

મદ્યથી ઉત્પન્ન થનારા વિકારો.

મદ્યથી મદાત્યય, પરમદ, પાનાજીર્ણ અને અત્યંતઉગ્ર પાનાવિભ્રમ ઉત્પન્ન થાય છે. તેમાં **પરમદ** હોય તો સળીખમ, માથામાં પીડા, શરીર ભારે, મુખમાં વિરસતા, તંદ્રા, અરૂચિ, તરશ, અને મળ-મૂત્રનું રોકાણ એટલા ઉપદ્રવો થાય છે.

પાનાજીર્ણ હોય તો બહુજ પેટ ચડે છે, ઉલટી, બળતરા અને અજીર્ણ થાય તથા ઓડકાર આવે છે.

પાનાવિભ્રમ હોય તો છાતીમાં વેદના, અંગોમાં પીડા, કફનું પડવું, મુખમાંથી ધૂમાડાનું નીકળવું, મૂર્છાનું આવવું, તાવ, માથામાં વ્યથા, મધુર પદાર્થો અને દારૂ પ્રત્યે અભાવો ઉત્પન્ન થાય છે.

મદાત્યયનાં અસાધ્ય લક્ષણો.

નીચેનો હોઠ લબડી જાય, શરીર ઉપર સ્પર્શ કરતાં ઠંડું જણાય, શરીરની અંદર બળતરા થાય, જીભ, દાંત તથા હોઠ કાળા પડી જાય, મોહોડામાં તેલના જેવી વાસના આવે, નેત્ર લાલ લીલાં પીળાં દેખાય અને હેડકી, તાવ, ઉલટી, પડખામાં શૂળ તથા ઉધરસ કિંવા ભ્રમ હોય તો તેની ચિકિત્સા કરવી નહીં.

ઉપાય.

જેમ અગ્નિથી બળેલા મનુષ્યને ડાંભ અને સ્વેદન હિતકારી છે તેમ દારૂથી ઉત્પન્ન થએલા દરદમાં દારૂ એજ ઉત્તમ દારૂ-ઔષધ છે. મદિરાના ખોટા યોગથી, હીન યોગથી કે અતિ યોગથી જે જે વ્યાધિ ઉત્પન્ન થયા હોય તે તે સમયોગવાળી મદિરાના પીવાથીજ શાંત થાયછે.

વાયુના મદાત્યય ઉપર ચોખો જુનો આસવ કે દારૂ લૂણ સહિત ઉપયોગમાં લેવો. **અથવા** બીજોરાના કેસરા, કોકમ, મીઠાં બોર, મીઠાં દાડિમ, અજમો, જીરૂ, પલાંશી અને સુંઠ એઓનું ચૂર્ણ કરી ચોખા જૂના દારૂમાં નાખી અનુમાન પ્રમાણે પીવાં. **અથવા** સંચળ, સુંઠ, મરી, અને પીંપર એઓનું ચૂર્ણ કરી યોગ્યમાત્રાએ મદિરામાં પાણી મેળવી પીએ તો વાયુનો મદાત્યય શાંત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. **અથવા** ચવક, સંચળ, શેકેલી હિંગ, સુંઠ, બીજોરૂં અને અજમો, એઓનું ચૂર્ણ કરી મદિરામાં નાખી પીવું. **અથવા** લાવાં, તેતર, કુકડાં અને જળપ્રાયદેશમાં થએલાંમૃગો—હરણ તથા માછલાં એઓના માંસનો રસોભાત સાથે ખાવો. **અથવા** રૂપ, જાત, યૌવન, લાવણ્યતાયુક્ત અને કામ કળામાં અતિ નિપુણ નવયૌવના ઉર્વશિના માનને ઉતારનારી સોળ વર્ષની શ્યામા—સ્ત્રી સંગાથે રતિવિલાસ કરે તો વાયુનો મદાત્યય મટે છે. **અથવા** યૌવન મદમાં મસ્ત બનેલી મનમોહના માનુનીના દયારહિત આલિંગનોથી તથા નિતંબ, સાથળ અને સ્તન એઓના ગરમીનું સુખ પ્રાપ્ત કરનાર દબાણથી, ગરમ શય્યાથી, ગરમ ઓઢણથી અને સુખ આપનાર ઘરોમાં રહેવાથી પ્રબળ વાયુનો મદાત્યય પણ તાત્કાળ નાશ પામે છે. એમ **ભાવમિશ્રનું કહેવું છે. અથવા** દ્રાખ, દાડિમ, ખારેક અને મહુડાં એઓનો દારૂ સાકરના સંયોગથી પીવો. **અથવા** ગાયના દહિંનું ઘોળવું સાકર મેળવીને પીવું તો વાયુનો મદાત્યય મટે છે. **સારસંગ્રહ.**

પિત્તના મદાત્યય ઉપર ઠંડા ઉપાયો યોજવા. **અથવા** ઠંડાપાણીમાં અરધો અરધ દારૂ મેળવી તેમાં સાકર અને મધ મેળવી પીએ તો પિત્તનો મદાત્યય મટે છે. **અથવા** સસલાં, હરણ, તેતર, લાવાં અને કાળપુંછાનું માંસ ખાવાથી **અથવા** બકરાના સેરવામાં સાઠીચોખા ખાવાથી **અથવા** મીઠા ખારા ચોખા ખાવાથી પિત્તનો મદાત્યય મટે છે. **અથવા** પરવળના યૂષથી પણ પિત્તનો મદાત્યય મટે છે.

કફનો મદાત્યય હોય તો ચંદન તથા વીરણવાળાનો લેપ કરવો. **અથવા** જવ, ઘઉં, કળથી એઓના ખાવાથી **અથવા** લંઘન અને વમનથી કફનો મદાત્યય મટે છે. **અથવા** કડવી, ખાટી, ખારી, વા લૂણ સહિત વસ્તુના ખાવાથી **અથવા** સંચળ, જીરૂં અમ્લવેતસ, કોકમ એ સઘળાં બરોબર તથા તજ, એળચી, મરી એઓ અરધભાગે અને સાકર સર્વેના સમાન લઇ ચૂર્ણ કરી પાણી સંગાથે ફાકે તો કફનો મદાત્યય મટે છે.

સન્નિપાતનો મદાત્યય હોય તો આમળાના રસમાં શુદ્ધપારો તથા શુદ્ધ ગંધક એ બેની કાજળી ટાંક ૧ નાખી પીવી. તથા વાયુ પિત્ત અને કફના મદાત્યયમાં બતાવેલા ઉપાયો ઉપયોગમાં લેવા જેથી ત્રિદોષજનિત મદાત્યય નાશ પામે છે.

પાનાવિભ્રમ હોય તો દ્રાખના સરબતમાં તથા કોઠાના સરબતમાં કે દાડિમના સરબતમાં મધ અને સાકર મેળવી પીએ તો પાનાવિભ્રમ મટી જાય છે એમ **વૃંદમાં કહેલું** છે.

ધંતુરાનાં ફળ ખાવામાં આવવાથી મદ થયો હોય તો ભૂરાકોળાના રસમાં ગોળ નાખી પીવાથી **અથવા** દુધમાં સાકર નાખી પીવાથી ધંતુરાનો તથા ભાંગ પીવાથી થએલો મદ દૂર થાય છે.

ભાંગ પીવાથી મદ થયો હોય તો કપાસની જડનો રસ પીવો. **અથવા** વૃંતાકની જડનો રસ પીવો. **અથવા** પાતળી છાશ પીવી. **અથવા** ઘી પીવું. **અથવા** લીંબુના રસમાં સાકર નાખી સરબત કરી પીવાથી ભાંગ અને ધંતુરાનો મદ મટે છે. **અથવા** દુધ સાકર પીવાથી ભાંગનો મદ દૂર થાય છે.

ઝેર ખાવામાં આવવાથી થએલા મદ માટે લીંબોળીની મીંજ અને મોરથુથું એ માસા બાર વાટી કાંજીના પાણી સાથે પીવાથી સર્વ પ્રકારના વિષનો મદ નાશ થાય છે. આ ઉપાયો **વૈદ્યોપચાર** ગ્રન્થમાં લખેલા છે. (અન્ય વિષોના મદ માટેનું વિષ પ્રકરણમાં વિવેચન કરવામાં આવશે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોદરા ખાવાથી મદ થયો હોય તો કોદરા ગોળ સહિત કોળાનો રસ પાવો. **સોપારી** ખાવાથી થએલી ઉલટી, મૂર્ચ્છા તથા અતિસાર સહિત મદવાળાને તૃપ્તિ થતાં સુધી ઠંડું પાણી પાવું. **અથવા** વગડાનાં અડાયાં સુંઘવાથી સોપારીનો મદ મટે છે. **તથા** મીઠું ખાવાથી કે પાણી પીવાથી પણ મટે છે. જો શ્વાસ સહિત સોપારીનો મદ હોય તો સાકર વાળો કોળીઓ ખાવો. **નાગરવેલના** પાન ખાવાથી મદ થયો હોય તો ચૂનો ચોળીને સુંઘવો. **જાયફળ** ખાવાથી મદ થયો હોય તો હરડેનું સેવન કરવું. તથા પાણીમાં બેસવું. **અથવા** સાકર સંગાથે દહિં ખાવું તો જાયફળનો તથા ખેહેડીનો મદ નાશ પામે છે.

જો મદિરા પીને તુરત ઘી સહિત સાકર ચાટે તો પ્રબળ સક્તિવાળી મદિરા પણ કિંચિત્ માત્ર પણ (પીનારને) ઉન્મત્ત કરી શકતી નથી.

ઇતિ મદાત્યય તથા તેના ભેદ અને મદનો અધિકાર સંપૂર્ણ.

———(૦)———

દાહનો અધિકાર.

દાહના કેટલા પ્રકાર છે ?

દાહના સાત પ્રકાર છે–એટલે પિત્તનો, દુષ્ટલોહી વધવાનો, શસ્ત્રાદિકોથી નીકળેલું લોહી તેના વડે કોઠો પૂર્ણ થઈ જાય તેનો, મદિરા–આદિના પીવાનો, તરશ રોકવાથી થએલો, ધાતુ ક્ષયનો અને મર્મસ્થાનમાં પ્રહાર–માર વાગવાથી થએલો–એ સાત પ્રકાર છે.

દાહનાં પૃથક્ પૃથક્ લક્ષણો.

પિત્તથી થએલા દાહમાં પિત્તજ્વરનાં સર્વે લક્ષણો હોય છે; પરંતુ ફેર માત્ર એટલોજ છે કે પિત્તજ્વરમાં આમાશયના દુષ્ટપણાનેલીધે દાહ અને તાવ બન્ને થાય છે–આ દાહ તો એકલા દાહ રૂપજ છે અર્થાત્ તાવ વિનાની બળતરા થાય છે; તો પણ પિત્તજ્વરમાં કહેલીજ ચિકિત્સાઓ કરવાથી પણ આ વ્યાધિ મટે છે,

લોહીથી ઉત્પન્ન થએલા દાહમાં લોહીના વધવાથી શરીરમાં બળતરા થાય છે; શરીરમાંથી ધૂમાડો નીકળતો હોય વા, અગ્નિથી બળતો હોય તેવો સંતાપ થાય છે. શરીરની કાંતિ તાંબા જેવી થઇ જાય છે તથા નેત્ર પણ તાંબાના રંગ જેવાં થાય છે અને મોહોડામાંથી લોહીના જેવી ગંધ આવે છે તથા સર્વાંગ બળ્યા કરે છે.

લોહીથી કોઠો ભરાઇ જતાં ઉત્પન્ન થએલો દાહ એટલે શસ્ત્રથી ઘા–જખમ થાય તેમાંથી લોહી નીકળી કોઠો ભરાઇ જાય છે તેથી અસાધ્ય દાહ થાય છે, તેથી તે દાહ વાળો મરી જાય છે.

મદિરા પીવાથી થએલા દાહ–બળતરામાં સમાન વાયુની ઉષ્ણતાથી પિત્ત, લોહીથી વૃદ્ધિ પામી ત્વચામાં પ્રાપ્ત થઇ સર્વ શરીરમાં ભયંકર દાહ ઉત્પન્ન કરે છે, તે માટે તેમાં પિત્તના જેવી ચિકિત્સા કરવી.

તરશના રોકવાથી શરીરમાં જળમય ધાતુ ક્ષીણ થઇ જાય ત્યારે શરીરમાં ગરમી તેજ વધે છે તેથી શરીરને અંદર તથા બહાર દગ્ધ (બળતરા ઉત્પન્ન) કરે છે, તેથી ગળું તથા તાળવું સુકાય છે, ઉભ અહાર કહાડી ધ્રુજ્યા કરે છે અને ચિત્તમાં વ્યાકુળતા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધાતુઓના ક્ષયપણાથી થએલા દાહમાં મૂર્ચ્છા, તૃષા, સ્વરનું બેસી જવું અને શરીરનું સામર્થ્ય જતું રહે છે તેથી તે મરણ પામે છે.

મર્મસ્થાનમાં એટલે માથામાં, હૃદયમાં, મૂત્રાશય, પાંસળીઓ, લમણા, પેટ, પેડુ અને બમણેના વચમાં તથા અન્ય મર્મસ્થાનમાં કોઇ પણ પ્રકારને માર વાગવાથી દાહ થાય છે તે અસાધ્ય છે.

દાહોનું અસાધ્યપણું.

જેનું શરીર ઉપરથી ઠંડું અને ભીતરમાં બળતરાવાળું હોય તો તે સાધ્ય દાહ હોય; તદપિ તેને અસાધ્યજ સમજી લેવો; કેમકે તે માણસ મરી જાય છે.

ઉપાય.

સોવાર પાણીથી સારી પેઠે ધોએલું કે હજારવાર ધોએલું ઘી શરીરે મર્દન કરવાથી. **અથવા** જવને સાથવો સાકર મેળવી પીવાથી. **અથવા** આમળાના પાણી કે આમળા અને બોરના પાણીના ધાન્યામ્લનો લેપ કરવાથી. કિંવા ફોતરાં વગરના કાચા કે પાકા ઘઉંના આથામાં કપડું ભીજવી શરીરે ઓઢવાથી **અથવા** વીરણવાળો અને રતાંજળી ઘસી શરીરે લેપ કરવાથી. **અથવા** કેળનાં પાન કે કમળના પત્રની શય્યા ઉપર સુવાથી દાહ મટે છે. **અથવા** ફુવારા તથા ચાંદનીની લહેર જોવાથી **તથા** ખસની ટટ્ટીઓ વાળા મકાનમાં રહેવાથી **અથવા** ઠંડા પાણીના પીવાથી **તથા** બગીચા, **સુંદર હવા**વાળાં સ્થાન, પુષ્પવાટિકા, વન, ઉપવન વગેરે સ્થળોમાં રહેવાથી કિંવા વિહાર કરવાથી દાહ-બળતરા મટે છે. **અથવા** ચંદન, પિત્તપાપડો, ધાણા, વરીઆળી, આમળાં, વાળો, સુગંધી વાળો, મોથ, પદ્મક, કમળ અને મૃણાલ-કમળનું નાળ એઓ સમાન ભાગે લઈ ક્વાથ કરી અર્ધ ભાગનું પાણી રહે ત્યારે નીચે ઉતારી તેમાં સાકરનું ચૂર્ણ નાખી ઠંડો થયા પછી મધ નાખી પીવો જેથી આકરો દાહ પણ મટે છે. આ **ચંદનાદિ ક્વાથ** કહેવાય છે. **અથવા** ધાણાને રાત્રિએ ભીજવી પ્રભાતે તેને ઘુંટી તે પાણીમાં સાકર નાખી ગાળી પીએ તો તુરત દાહ શાંત થાય છે. **ભાવપ્રકાશ.**

લોહીના બગાડથી બળતરા થઇ હોય તો ફસ ખોલાવવી. **અથવા** શુદ્ધપારો, શુદ્ધગંધક, બરાસ, ચંદન, જટામાંશી અને મોથ એ સઘળાં સમાન લઇ પારા ગંધકની કાજળ કરી અન્ય ઔષધોનું ચૂર્ણ કરી એકત્ર ઘુંટી ઘી સાથે ગોળીઓ વાળી ગોળી ૧ મુખમાં રાખી ચૂસે તો બહારનો તથા શરીર માંહેનો દાહ મટે છે. **અથવા** શુદ્ધ પારો ૧ તોલો, તાંબાની શુદ્ધ ભસ્મ ૧ તોલો, અભ્રકની શુદ્ધ ભસ્મ ૧ તોલો અને શુદ્ધ ગંધક ૨ તોલા લઇ પારા ગંધકની કાજળી કરી અન્ય ભસ્મો મેળવી મોથના રસ (રસ ન મળે તો તેના ક્વાથ) ની ભાવના ૧ તથા મીઠા દાડિમના રસની ભાવના ૧, કેવડાના અર્કની ભાવના ૧, કમળના રસની ૧, સહદેવીના રસની ૧ અને કુવાર પાઠાના રસની ૧ ભાવના દઇ પિત્તપાપડો વીરણવાળો, પીપર, ચંદન, અને ઉપલસરી એઓનું ચૂર્ણ મેળવી દ્રાખના કાઢાની ભાવના દઈ છાંયડામાં રસ શોષાવવો. પછી ખરલમાં સારી પેઠે ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળી ગોળી ૧ નિત્ય ખાય તો બળતરા, અમ્લપિત્ત, ભ્રમ, મૂર્છા, રક્તપિત્ત, પિત્તજ્વર અને પ્રમેહ એટલા રોગોનો નાશ કરે છે. આ **મહાચંદ્રકળા રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** સુંદર ઉંચાં ગોળ અને કઠિણ તથા ચંદનથી ચર્ચિત સ્તનવાળી લલિત લાવણ્યવતી **લલના**

For Private And Personal Use Only

(સ્ત્રી) ના પ્રેમભર દ્રઢાલિંગનથી પણ દાહનો રોગ નાશ થાય છે. દાહની તરશ શાંત કરવા ઠંડા પાણીની માથે ધાર કરવી. તથા ખસના પંખાઓને ઠંડા પાણીથી ભીંજવી તેનો પવન સેવો જેથી દાહ તથા તરશ બંધ પડે છે.

ઇતિ દાહરોગનો અધિકાર સંપૂર્ણ.

ઉન્માદનો અધિકાર.

———(૦)———

ઉન્માદ એટલે શું?

વૃદ્ધિ પામેલા દોષો ઉલટા રસ્તાનો આશ્રય લઇ ચિત્તને વિક્ષિપ્ત કરી નાખે છે એટલે બેસમજ કરી દે છે. એ ઉન્માદ માનસિક રોગ છે; કેમકે મનને વિકૃતિ કરી નાખે છે માટે કાયિક નથી. મદ અને ઉન્માદમાં એટલોજ ફેર છે કે થતા ઉન્માદને મદ કહે છે અને વધ્યા પછી કે, કાંઇ મુદત થયા પછી ઉન્માદ કહે છે, બાકી વિશેષ કાંઇ ફેરફાર નથી.

ઉન્માદનાં નિદાન તથા સંખ્યા.

વિરોધી ભોજન કરવાથી, અપવિત્ર (રજસ્વળા સ્ત્રીનો સ્પર્શ થએલાં) ભોજનોથી, ધંતુરાદિ મદકારી પદાર્થોના સેવનથી, દેવતા, ગુરૂ, બ્રાહ્મણો, તપસ્વી અને વડીલ-રાજા કે માતા પિતાના તિરસ્કારથી, ભયથી, હર્ષથી તથા વ્હાલી વસ્તુના વિયોગથી, મંત્ર તંત્ર યંત્રના પ્રયોગથી, અને બળવાનની સાથે ક્લેશ કરવાથી તથા વિરૂદ્ધ ચેષ્ટાઓથી ઉન્માદ—ગાંડાપણું થાય છે; કારણ કે ઉપરનાં કારણોથી મનુષ્યનું મન બગડે છે તેથી વાત પિત્ત અને કફ કુપિત થઇ મદયુક્ત બનાવેછે તે હોલેદિલ-દિવાનો-ગાંડો-ગર્ગ-બ્હાવરો-અને ઉન્માદી વગેરે વગેરે નામોથી ઓળખાય છે. તેના છ ભેદ છે. અત્યંત વાયુના કોપથી ૧, અત્યંત પિત્ત પ્રકોપથી, ૨, અત્યંત કફ પ્રકોપથી ૩, ત્રિદોષના કોપથી ૪, મનના દુઃખોથી ૫ અને વિષ પ્રયોગથી ૬. એ છ પ્રકારે મનુષ્ય દિવાનાપણાને પામે છે.

ઉન્માદની સંપ્રાપ્તિ.

થોડા સતોગુણવાળા મનુષ્યના પૂર્વે કહેલાં વિરોધી ભોજનાદિ કારણોથી દુષ્ટ થએલા વાયુ. પિત્ત તથા કફ આદિ મળો બુદ્ધિને રહેવાનું સ્થાન જે હૃદય તેનો તથા બુદ્ધિનો નાશ કરી મનને વહન કરનારા હૃદયમાં રહેલા મુખ્ય દશ સ્નાયુઓમાં રહીને તુરત મનુષ્યના મન-ચિત્તને બગાડી દે છે અને મનની સ્થિરતાનો ભંગ કરે છે.

ઉન્માદનું પૂર્વરૂપ.

બુદ્ધિ સ્થિર રહે નહીં, શરીરનું પરાક્રમ નાશ થાય, દ્રષ્ટિની અસ્થિરતા, ધૈર્યનો નાશ. ઢંગધડાવગરનું બોલવું અને શૂન્ય હૃદય જણાય ત્યારે જાણવું કે ઉન્માદ રોગ પ્રાપ્ત થશે.

ઉન્માદનાં સામાન્ય લક્ષણ,

છીપમાં રૂપાનો, તથા દોરડીમાં સર્પનો ભ્રમ ઉપજે, મન ચપળ, નજર ચારે બાજુએ ફર્યા કરે, વ્યાકુળતા, અધૈર્યતા, સંબંધ વગરનું ભાષણ અને યાદશક્તિ વગરનું હૃદય થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉન્માદોનાં નિદાનસહ લક્ષણો.

લુખાં તથા ઠંડાં અન્નોના ખાવાથી, ઉપરા ઉપર વા, આકરા જુલાબ-રેચ લેવાથી, ધાતુઓના ક્ષીણપણાથી, અને ઉપવાસોના કરવાથી વાયુ વિશેષ વૃદ્ધિ પામી ચિંતાદિથી ખરાબ થએલા હૃદયને અતિ દૂષિત કરી બુદ્ધિ તથા યાદશક્તિનો તુરત નાશ કરે છે, તેથી વિના કારણે હસવું, નાચવું, ગાવું, બોલવું અને રોવું આદરે છે, ગાળો દે વાંદરની પેઠે મુખની કુચેષ્ટાઓ કરે, શરીર કઠોર, દુર્બળ, કાળું તથા રાતું થાય અને ભોજન પચ્યા પછી રોગ વધે તો જાણવું કે **વાયુનો** ઉન્માદ છે.

અજીર્ણમાં ભોજન કરવાથી, તીખાં, ખાટાં તથા ગરમ અને વિદાહી ભોજનોથી, અસ્થિર બુદ્ધિવાળા મનુષ્યનું સંચિત થએલું પિત્ત વૃદ્ધિ પામી હૃદયને દૂષિત કરી ઉગ્ર ઉન્માદને ઉત્પન્ન કરે છે. તેથી કોઇનું કહેવું સહન ન કરતાં મરજી પ્રમાણે કામ કરે, ખોટો ભારે આડંબર રાખે, નાગો થઇ જાય, બીજાને ત્રાસ આપે, મારે, ડોલવા લાગે, નાસી જાય, શરીરમાં બળતરા, ઠંડા પદાર્થોની ઇચ્છા કરે, છાંયડો ગમે, અને શરીર પીળું પડે તો જાણવું કે **પિત્તનો** ઉન્માદ છે.

થોડી ભૂખ છતાં વિશેષ ભોજન કરે તથા કસરત કરે નહીં તેથી વૃદ્ધિ પામેલો પિત્ત સહિત કફ અત્યંત વધ્યા પછી બુદ્ધિ તથા યાદશક્તિનો નાશ કરી નાખે છે અને ચિત્તને મોહયુક્ત કરી ઉન્મત્ત બનાવી દેછે. તે કારણથી થોડું બોલે, સ્ત્રીઓ ઉપર વ્હાલ લાવે, એકાંત રહેવું ગમે, નિદ્રા વિશેષ આવે, ઉલટી થાય, બળ જતું રહે, લાળ ઝરે, અને નખ નેત્રાદિ ધોળાં થઇ જાય તથા જમ્યા પછી વ્યાધિ વધે તો જાણવું કે **કફનો** ઉન્માદ છે.

જેનામાં સર્વ દોષનાં લક્ષણ હોય તે **સન્નિપાતનો** ઉન્માદ જાણવો. આ ઉન્માદમાં ઔષધો જરાપણ ગુણ આપી શકતાં નથી; કારણ કે અન્ય ત્રિદોષજન્ય વ્યાધિઓમાં ત્રણે દોષો ઓછાવત્તાપણામાં હોય છે તેથી સામાવડીઆપણું ધરાવનારી ચિકિત્સા કરવામાં આવે છે તેથી એક બીજા દોષોથી વિરૂદ્ધ ચિકિત્સા થાય છે, પણ ત્રિદોષ ઉન્માદમાં તો ત્રણે દોષો સમાન પ્રબળતાવાળા હોય છે જેથી એક બીજા દોષોથી વિરૂદ્ધ ચિકિત્સા કામ કરતી નથી. જોકે આમળાં વગેરે યોગવાહી ઔષધો એકંદરે સર્વ રોગને મટાડે છે, પણ આ રોગમાં તેવાં આમળાદિ પદાર્થો પણ ઉપયોગી થતાં નથી માટે આ ઉન્માદની ચિકિત્સા કરવીજ નહીં.

ચોરના. રાજાના તથા બળવાન શત્રુના ભય-ત્રાસથી અને ભયંકર કર્મોના કરવાના બ્હીવાથી. ધનનો નાશ થવાથી. પુત્ર પૌત્રાદિ કે, મિત્ર સ્ત્રી-આદિ વ્હાલા જનોના મરણથી અને ન પ્રાપ્ત થઇ શકે તેવી તારૂણીના તાનમાં તલ્લીન થવાથી મનમાં કારી ઘા થાય છે. તેથી મન બગડી ઉન્માદને ઉત્પન્ન કરે છે તેને લીધે મનમાં આવે તેમ લવારો કર્યા કરે, છાની વાતો પ્રકટ કરી દે, સંજ્ઞાનો નાશ થાય અને ગાય હસે રૂવે તથા વિચિત્ર ચાળા કરે તો જાણવું કે **મનના** દુઃખથી ઉન્માદ થયો છે.

જેની આંખો રાતી થઇ જાય, શરીરનું બળ જતું રહે, સર્વ ઇંદ્રિયોની કાંતિ નાશ પામે, મોહોડું કાળું થઇ જાય અને ગરીબ થઇ જાય તો જાણવું કે **વિષના** કારણથી ઉન્માદ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉન્માદનું અસાધ્યપણું.

જે નીચુંજ કે ઉંચુંજ મોહોડું રાખે, જાગ્યાજ કરતો હોય, તથા જેનું માંસ અને બળ નાશ થઇ ગયાં હોય તો જાણવું કે તે ઉન્માદરોગી મરી જશે.

દેવ તથા ભૂતાદિ ઉન્માદનાં લક્ષણ.

જેનું બાપણુ, પરાક્રમ, શૌર્ય તથા ચેષ્ટા—એટલાં મનુષ્યની ચેષ્ટાઓથી જુદાંજ પ્રકારનાં હોય અને બુદ્ધિ, જ્ઞાન, કારીગરી, વિચારણા તથા ધારણાશક્તિનું જ્ઞાન, તથા બળ અને અહંકારાદિથી યુક્ત હોય તો જાણવું કે **દેવ તથા ભૂત પ્રેતાદિ**ના કારણથી ઉન્માદ થએલ છે. આ ઉન્માદનો પ્રકોપ અમુક તિથી કે અમુક સમયમાંજ નિયમિતપણે થાયછે.

પવિત્ર દેવોના આવેશવાળાનું લક્ષણ.

જે સદા સંતોષી, પવિત્ર, નિંદ્રા રહિત, વગર ભણ્યે પણ સત્ય રીતે સંસ્કૃત ભાષણ કરનાર, સુંદર અત્તર, પુષ્પની માળા કે સુગંધિ પદાર્થોથી પ્રસન્ન રહે. આંખ મીંચે નહીં અર્થાત્ સ્થિર દ્રષ્ટિવંત, તેજસ્વી, વરદાન આપનાર તથા બ્રાહ્મણોની ભક્તિ કરે તો જાણવું કે **ઉત્તમ દેવના** આવેશથી ઉન્માદ થએલો છે.

અસુર દેવોના આવેશવાળાનું લક્ષણ.

પરસેવો આવ્યાજ કરે, ગુરૂ, દેવ, બ્રાહ્મણ તથા પૂજ્ય—વડીલોની નિંદા કરે, વાંકી દ્રષ્ટિ, નિર્ભયતા, ખોટાં કાર્યોમાં રૂચિ રાખનાર, ભોજનાદિમાં તૃપ્તિ રહિત અને દુષ્ટ સ્વભાવવાન હોય તો જાણવું કે **રાક્ષસ**—મલીન દેવના આવેશથી ઉન્માદ થયો છે.

ગંધર્વ, યક્ષ, પિતૃ તથા સતિના આવેશવાળાનાં લક્ષણ.

પ્રસન્ન મનવાળો, ફુલવાડી, વન તથા જળનાં સ્થાનકોમાં રહેવાથી રાજી, આચારમાં **પ્રવર્તે**, ગાયન, સુગંધ, તથા ફુલ ઉપર પ્રેમ અને નાચતો નાચતો થોડા શબ્દવાળું સુંદર **હાસ્ય** કરે, અને થોડું બોલે તો જાણવું કે **ગંધર્વના** આવેશથી ઉન્માદ થયો છે.

ગંભીર, રક્તનેત્ર, ઝીણાં તથા રંગેલા વસ્ત્ર ઉપર પ્યાર, તુરત ચાલનાર, થોડું બોલે, **તેજસ્વી, સહનશક્તિ**વાળો અને ' કોને ? શું આપું ?' એમ બોલ્યા કરે તો જાણવું કે **યક્ષગ્રહ**ના પ્રવેશથી ઉન્માદ થયો છે.

દાભ પાથરીને મરેલા પૂર્વજોને પિંડ આપે, શાંત પ્રકૃતિવાળો તર્પણ—જમણા ખભા ઉપર **વસ્ત્ર રાખી** પૂર્વજોને પાણી પાએ, માંસ, તલ, ગોળ અને દુધના **ભોજનની** ઇચ્છા કરે તથા પિતૃઓની ભક્તિ કરે તો જાણવું કે **પિતૃના** પ્રવેશથી ઉન્માદ થયો છે.

મન અનિશ્ચળ, સંતાનાદિનો અવરોધ, સતિપણાની વાર્તા ઉપર પ્રીતિ, બોલે નહીં અને બોલે તો વરદાન આપે, પવિત્ર રહે અને શ્રેષ્ટ વસ્તુઓની ઇચ્છા જણાવે તો જાણવું કે **સતિના** પ્રવેશથી ઉન્માદ થએલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાગ, ક્ષેત્રપાળ, માતા, કામણ–ટોણા, શાકિની ડાકિ-ની તથા રાક્ષસ–બ્રહ્મરાક્ષસ અને અવગતિ-આના આવેશવાળાઓનાં લક્ષણ.

સર્પની પેઠે પેટ ઘસડીને ચાલતો, વારંવાર જીભથી ગલોફાંને ચાટતો, ક્રોધયુક્ત અને મધ, ઘી, દૂધ તથા દૂધપાકની ઇચ્છા કરતો હોય તો જાણવું કે **સર્પના** આવેશથી ઉન્માદ થયો છે.

મુખનાસિકામાંથી લોહી ચાલે, શ્મસાનની રાખ મસ્તકમાં નાખે. ખોટાં સ્વપ્ન આવે, પેટમાં અને સાંધાઓમાં પીડા તથા વ્યગ્રચિત્ત રહે તો જાણવું કે **ક્ષેત્રપાળના** પ્રવેશથી ઉન્માદ થએલો છે.

એક બાજુનું અંગ રહીજાય, લોહી સુકાઇ જાય, મુખ તથા પગ વાંકા થઇ જાય, શરીર ક્ષીણ અને વાદશક્તિ જતી રહે તો જાણવું કે **માતાના** પ્રવેશથી દોષ થયો જાણવો.

ખભા, ડોક તથા માથું ભારે રહે, મનમાં ચપળતા, સર્વ અંગ ક્ષીણ, નાક, નેત્ર, હાથ તથા પગમાં બળતરા, વીર્યનો નાશ, અંગોમાં સોયો ઘોંચ્યા જેવી વેદના અને શરીર સુકાઇ જાય તો જાણવું કે કોઇના કરેલા **કામણ–ટોણાથી** વ્યાધિ થએલ છે.

સર્વાંગમાં પીડા આંખોઅત્યંત દુખે, મૂર્છા, કંપ, રોવું, બકવું, અરૂચિ,હસવું, સ્વરભંગ ફેર તથા તાવ આવે અને બળ તથા ભૂખ નાશ પામે તો જાણવું કે **શાકિની તથા ડાકિની** ના વળગાડથી ઉન્માદ થએલ છે.

માંસ, લોહી તથા દારૂની ઇચ્છા કરે, ઘણોજ નિર્લજ, નિર્દય, શૂરવીર, ક્રોધી અને અત્યંત બળવાન, રાત્રનો ફરનાર તથા પવિત્રતાનો દ્વેષી હોય તો જાણવું કે **રાક્ષસના** વળગાડથી ઉન્માદ થયો છે.

દેવ, ગુરૂ, બ્રાહ્મણનો દ્વેષી, વેદ વેદાંગનો નિંદક અને બીજાને મારતો નથી, પણ પોતાના શરીરનેજ પીડા કરે તો જાણવું કે **બ્રહ્મરાક્ષસના** વળગાડનો ઉન્માદ છે.

નાગો ફરે, માંસ રહિત શરીર થઇ જાય, વિરૂદ્ધ ભાષણ કરે, દુર્ગંધ વાળો,અત્યંત અપવિત્ર રહે, ભુખો તથા સર્વ અન્નપાનોમાં લંપટ, ઝાઝું ખાનાર, વિરૂદ્ધ ચેષ્ટા કરનાર, વન અને મનુષ્ય રહિત સ્થાનમાં વસનાર રોનો રોતો ત્રાસ પામે તો જાણવું કે **પિશાચના** વળગાડનો ઉન્માદ છે.

જે માણસ અપવિત્ર રહે, મર્યાદા તોડે તેવાં માણસો ધવાએલાં કે વગર ઘવાયલાં હોય; તોપણ તેવાઓને મારી નાખવા અથવા તેઓની પાસેથી પૂજા કરાવવા રાક્ષસ કે હિંસક જાતિના અસુરોનો વળગાડ થાય છે અર્થાત્ પર્વત, મેડી, વૃક્ષ, ભીંત તથા હાથી વગેરે ઉપરથી પડી જનારને રાક્ષસાદિ હિંસક જાતિઓનો વળગાડ થાય છે તેથી આંખો જાડી, ચારે બાજુએ ઘુમ્યા કરે છે, ફીણવાળી ઉલટી તથા અત્યંત ધ્રુજારો થાય છે, ઉંઘ્યા કરે છે અને પડી જાય છે.

(આ ઉન્માદ અસાધ્ય છે. અને દેવ–આદિ વળગાડના ઉન્માદ તેરમે વર્ષે અસાધ્ય થાયછે.)

પ્રાતઃકાળે ઉઠી ઉઠીને ઘરમાંથી નાસવા લાગે, ખોટાં વચનો બોલે, શરીર ધ્રુજ્યા કરે, ખાય પીએ નહીં અને ખાય તો મનમોજ પ્રમાણે ખાય તથા લવારો બહુ કરે, રોયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે, અને ખરાબરીતે શ્વાસ લે તો જાણવુંકે અવગતિ પામેલા **પ્રેતાદિના** વળગાડથી ઉન્માદ થએલો છે.

દેવ–આદિનો આવેશ થવાનો વખત.

ઘણું કરીને દેવતાઓ પૂર્ણિમાને દિવસે, દૈત્યોબન્ને સંધ્યા કાળમાં, ગંધર્વો અમાવાસ્યાને દિવસે, યક્ષો પડવાને દિવસે, પિતૃઓ કૃષ્ણ પક્ષમાં કે અમાવાસ્યા તથા બીજી તિથીઓમાં, સર્પો પાંચમને દિવસે અને રાક્ષસ તથા પિશાચો ચઉદસની રાત્રીએ વળગે છે; માટે જે તિથીએ વળગે છે તેજ તિથીએ તેનાં બળિદાન આપવાં.

દેવ–આદિનો પ્રવેશ મનુષ્યના શરીરમાં થાય છે, પણ પ્રવેશ થતાં કેમ દેખાતા નથી?

દેવ ભૂતાદિ મનુષ્યોના શરીરમાં પ્રવેશ કરેછે, પણ પ્રવેશ થતી વખતે આપણને માલુમ પડતી નથી તો તે વિષે દ્દષ્ટાંત એ છે કે–દર્પણ, પાણી તથા તેલ વગેરે પ્રવાહી પદાર્થોમાં પોતાનો કે અન્યનો પ્રતિબિંબ–પરછાયો, ટાહાડ તથા ગરમીનો શરીરમાં પ્રવેશ, આગીઆં કાચમાં, સૂર્યની કાંતિ, શરીરમાં જીવ અને ફૂળફુલમાં રસો પ્રવેશ કરે છે; પણ પ્રવેશ કરતી વખતે કોઇ જોઇ શકતાં નથી તેજ પ્રકારે દેવ ભૂતાદિ પણ શરીરમાં પ્રવેશ કરે છે; પરંતુ પ્રવેશ કરતી વખતે જણાતાં નથી.

ઉન્માદનું અસાધ્યપણું.

આંખો ફાટેલીજ રહે, ડોલ્યાજ કરે, મુખે ફીણ આવે, ધ્રૂજ્યા કરે, નિદ્રા બહુ આવે અને વારંવાર પડીજાય તો જાણવું કે તે ઉન્માદરોગી પરલોકના પ્રયાણ માટે કેડ બાંધી તૈયાર ઉભો છે.

ઉપાય.

વાયુના ઉન્માદમાં પ્રથમ સ્નેહપાન કરાવી, પિત્તના ઉન્માદમાં રેચ આપી અને કફના ઉન્માદમાં ઉલટી કરાવી પછી ગુદા તથા લિંગમાં પિચકારી મારવા વગેરે ચિકિત્સાઓ કરવી. **અથવા** ઉન્માદ રોગીને વ્હાલા જનનો વિનાશ થયાની વાતો સંભળાવવી. અદ્દભુત વસ્તુઓ બતાવવી. કૌચની રૂંવાટીનો સ્પર્શ કરાવવો. ઉના કરેલા લોઢા, તેલ કે પાણીનો સ્પર્શ કરાવવો. નિર્જન ઘરમાં સારી પેઠે ચાબકા મારવા. ઝેરી દાઢ કાહાડી લીધેલો સર્પ કરડાવવો. સિંહ તથા હાથીઓથી બ્હીવરાવવો. ચોર, શત્રુ તથા રાજસેવકોના પ્રાણઘાત ત્રાસથી ભયભીત કરવો. ઇષ્ટ–વ્હાલાં જનોનાં નામો સંભળાવવાં. **અથવા** ઉપલેટ, આસગંધ, સિંધાલુણ, અજમોદ, (બોડીઅજમો) જીરૂં, શાહજીરૂં, ત્રિકટુ, (સુંઠ, મરી, પીપર,) કાળીપાડ અને શંખાવળી એઓ સઘળાં બરાબર લઇ અને એ સર્વના બરોબર ઘોડાવજ લઇ સઘળાંઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી બ્રાહ્મીના રસની ૩ ભાવના દઇ, છાયામાં સુકવી ઘુંટી તેને મધની સંગાથે ૧ તોલો ચાટવી ૭ દિવસ લે તો સર્વ જાતના ઉન્માદ તથા સર્વ જાતના વાયુ વિકાર તથા પ્રમેહને મટાડે છે અને યાદશક્તિ, બુદ્ધિ, કાવ્યશક્તિ, ધૈર્ય તથા સંપત્તિને વધારેછે. આ બ્રહ્માજીનું કહેલ **સારસ્વત** ચૂર્ણ કહેવાય છે. **અથવા** ત્રિફળા, ત્રિતપાપડો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવદાર, સમેરવો, જવાસા, તગર, હળદર, દારૂહળદર, ઈંદ્રવરણાની જડ, ધોળી **તથા** કાળી ઉપળસરી, ચંદન, પદ્મક, ઉપલેટ, નીલકમળ, એળચી, ઉભી ભોરીંગણી, મજીઠ, તાલીસપત્ર, નસોતર, વાવડીંગ, રૂદ્રવંતી, નાગકેસર, જેઠીમધ, ગંધીસમેરવો અને ચંબેલીનાં ફુલ એ સઘળાં ઔષધો એક એક તોલા ભાર લઇ ખાંડી વિધિપૂર્વક ચોગણા પાણીમાં નાખી ઉકાળવાં અને તેમાં ગાયનું ઘી ૬૪ તોલા નાખી ધીમા અગ્નિથી પકાવી સર્વે રસ બળી ઘી માત્ર રહે ત્યારે વસ્ત્રગળી કરી લેવું. તેમાંથી ટાંક ૫ નિરંતર પીએ તો પ્રમેહ, મૂત્રકૃચ્છ, ઉન્માદ, મૃગી, મૂર્છા, ખરજ, રક્ત, તાવ, વિષ, રૂધિરસ, સોજો, અને પાંડુ એટલા રોગનો નાશકરે છે, તથા પુત્ર આપે છે. આ **પાનીયક કલ્યાણઘૃત** કહેવાય છે. **અથવા** સુંઠ, મરી, પીપર, હિંગ, વજ, સરસડીઆનાં બીજ, સિંધાલૂણ અને સરસવ એઓ સમાન ભાગે લઇ ગોમૂત્રમાં સારી પેઠે ઘુંટી અંજન કરે તો ઉન્માદ જાયછે. **વૈદ્યવિનોદ. અથવા** સુંઠ, અજમોદ, હળદર, દારૂહળદર, સિંધાલૂણ, વજ, જેઠીમધ, ઉપલેટ, પીપર અને જીરૂં એ સઘળાં સમાન ભાગે લઇ સારી પેઠે ઘુંટી ટાંક ૨॥, ગાયના ઘી સાથે પ્રભાતે સેવન કરે તો સાક્ષાત સરસ્વતિજી મુખમાં આવી નિવાસ કરે છે. તથા ઉન્માદ જાય છે. એમ **ભાવમિશ્ર** કહે છે આ **વિધાદ્યચૂર્ણ** કહેવાય છે. **અથવા** બ્રાહ્મીનો રસ, **કિંવા** ભૂરા કોળાના બીજનું ચૂર્ણ **અથવા** શંખાવળીનો રસ એ પ્રત્યેક યોગો ઉપલેટ અને મધ સહિત લઇ પીએ તો ઉન્માદ જાય છે. **ભાવપ્રકાશ. અથવા** બ્રાહ્મીનો રસ, વજ, શંખાવળી, ઉપલેટ, અને નાગકેસર એ સર્વે બરાબર લઇ ચૂર્ણ કરી અંજન, નાસ વા, પીવા માટે યોજવાથી મૃગી, ભૂતોન્માદ અને ઉન્માદ નાસ પામે છે. **વૈદ્યરહસ્ય.** સરસડીયાનાં ફુલ, મજીઠ, પીપર, સરસવ, વજ, હળદર અને સુંઠ એટલાં સમાન ભાગે લઇ બકરીના મૂત્રમાં ઝીણાં લસોટી ગોળી કરી ઘસી અંજન કરે તો ઉન્માદ જાયછે. **યોગરત્નાવળી. અથવા** શેકેલી હિંગ, સંચળ, સુંઠ, મરી અને પીપર એઓ આઠ આઠ તોલા ભાર લઇ ખાંડી ગાયનું ઘી ૨૫૬ તોલા અને ગોમૂત્ર **ઘીથી** ચારગણું લઇ તેમાં ઉપર કહેલાં ઔષધો નાખી ધીમા અગ્નિથી પકાવવું. જ્યારે ગોમૂત્ર બળી ઘી માત્ર રહે ત્યારે નિચે ઉતારી વસ્ત્રગાળ કરી ટાંક ૫ ભાર ભોજન સમય પીએ તો ઉન્માદને દૂર કરે છે. આ **હિંગ્વાદ્યઘૃત** કહેવાય છે. **ચક્રદત્ત.**

દેવ–આદિના વળગાડથી **થએલા** ઉન્માદ માટે સુજ્ઞ વૈદ્યે પવિત્ર થઇ પોતાના શરીરની રક્ષા–બગીમંત્ર, રામરક્ષા અથવા અન્ય મંત્રોથી રક્ષા રી પછી ભૂતાદિને કાહાડવા યત્ન કરવાં. તેમાં મંત્ર તંત્ર યંત્ર, પૂજન બળિદાન હોમાદિ વિધિપૂર્વક કરવાં. કાળાંમરી, પીપર, સિંધાલૂણ અને ગોરૂચંદન એઓને ઝીણાં ઘુંટી મધ સાથે અંજન કરે તો ભૂત–પ્રેત જન્ય ઉન્માદ મટે છે. **અથવા** તાવના અધિકારમાં નૃસિંહજીનો દિવ્ય મંત્ર લખેલો છે તેથી ભૂત–પ્રેતાદિ વગેરેના ઉન્માદ મટે છે. માટે તે મંત્રનો ઉપયોગ કરવો.

ઉડ્ડીસમાં શ્રી મહાદેવજીએ કહેલા આ સંબંધી સાવર મંત્ર યંત્રો

ॐनमो भगवते नारसिंहाय घोर रौद्रमहिषा सूर रूपाय त्रैलोक्य डंबराय रौद्रक्षेत्रपालय ह्रौं ह्रौं क्ष्रीं क्ष्रीं क्रिमिति ताडय ताडय मोहय मोहय भ्रंभि भ्रंभि क्षोभय क्षोभय अभि आभि साधय साधय ह्रीं हृदये आँशक्तये प्रीती ललाटे बंधय बंधय ह्रीं हृदये स्तंभय किलि किलि ईह्रीं डाकिनि प्रच्छादय प्रच्छादय शाकिनि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रच्छादय प्रच्छादय भूतं प्रच्छादय प्रच्छादय अभूती अवूतिखाहा राक्षसं प्रच्छादय प्रच्छादय ब्रह्म राक्षशं प्रच्छादय प्रच्छादय आकाशसं प्रच्छादय प्रच्छादय सिंहनी पूर्व प्रच्छादय प्रच्छादय पते डाकिनी ग्रहसाधय साधय शाकिनी ग्रह साधय साधय अमेन मंत्रेण 'डाकिनी शाकिनी भूत प्रेत पिशाचादि एकाहिक द्याहिक त्र्याहिक चातुर्थिक पंचमकं वातिक पैत्तिक श्लेष्मिक सन्निपात केशरि डाकिनी ग्रहादि मुंच मुंच स्वाहा गुरूकी शक्ति मेरी भक्ति फुरो मंत्र ईश्वरो वाचा.

આ મંત્રથી મોરપીંછી વડે ફુંકણી વાર ૨૧ નાખે તો ભુતાદિકના સર્વે ઉન્માદ મટે છે. **અથવા** એ મંત્રથી અખોટ જળ શુદ્ધ પાત્રમાં ભરી મંત્રીને છાંટવાથી વા પાવાથી ઉન્માદ મટે છે.

ડાકિણીને બોલાવવાનો મંત્ર.

उँनमो आदेश गुरूकुं उँनमो जय जय नृसिंह तिन लोक चौद भुवनमां हाथ चाबि होठ चाबे नयन लाल लाल सर्व वैरी पछाडि मारि भकनको पण राखि आदेश आदेश पुरुषकों.

આ મંત્ર વડે પવિત્ર થઈ શુદ્ધ વગર એઠેલું પાણી મંત્રી રોગીને બેસાડી તે પાણી પાઇ દેવું જેથી કારણ વગેરે જે હોય તે બોલે છે.

પુનઃ ડાકિણિ બોલાવવાનો મંત્ર.

उँ नमो चढो चढो शूरवीर धरती चढी पाताल चढी पग पातालि चढी कुणकुण वीर चढया हनुमंत वीर चढया धरती चढी पग पानी चढी पढी चढी पढी चढी मरचै चढी मरचै चढी पिंडी चढी पिंडी चढी गोडा चढी गोडा चढी जंघा चढी जंघा चढी कटि चढी कटि चढी पेट चढी पेटसुं धरणी चढी धरणीसुं पांसल्यां चढी पांसल्यांसुं हीयां चढी हीयासुं छाति चढी छातिसुं खवां चढी खवांसुं कंठ चढी कंठसुं मुख चढी मुखसुं जीव्हा चढी जीव्हासुं कानां चढी कानांसुं आख्यां चढी आख्यांसुं ललाट चढी ललाटसुं शीश चढी शीशसुं कपाल चढी कपालसुं चोटी चढी हनुमान नारसिंह कलवा रकत्या चल्या वीर समदवीर दिठवीर आग्यावीर सोसंतावीर योवीर चढयो.

આ મંત્રથી ધુણી બોલી ઉઠે છે.

ડાકિણીને પ્રહાર લાગવાનો મંત્ર.

उँ नमो महाकाय जोगिणी जोगिणी पर शाकिनी कल्प वृक्षाय दृष्टे योगिनी सिद्धि समाय कालदंडेन साधय साधाय मारय २ चूरय ६ अपहर शाकिनी सपरिवारंनमः उँ ठः ठः ठः ठः ठः ठः उँ ह्रीँ ह्रीँ ह्रीँ ह्रीँ ह्रीँ ह्रीँ हो हो फुट स्वाहा.

પવિત્ર થઇ વાર ૭ ગુગળ મંત્રી ખાડણીમાં નાખી સાંબેલાવડે ખાંડવો તો તે ડાકિણીના માથામાં પ્રહાર લાગે છે. આ મંત્રથી પોતાનો ચીવણ મૂકે તો ડાકિણીનું માથું મું ડાય. અડદ મંત્રી નાખે તો ડાકિણી ઘેર આવી રમવા લાગે અને પવિત્ર પાણી મંત્રી આંખો ઉપર છાંટે તો ડાકણી બોલી દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડાકિણીનો દોષ દૂર થવાનો મંત્ર.

ॐ नमो आदेश गुरुकुं डाकिणी सिहारी किल्लेमारी जती हणमंतने मारी कहां जाय दुषकी किमेंने देषी जती हणमंतने देषी सातमे पातालगाई सातमा पातालसुं कुण पकड लाया जती हणमंत पकड लाया जती हणमंत पकड लाया एक तालदे एक कोठा तोडया दोय तालदे दोय कोठा तोडया तीन तालदे तीन कोठा तोडया च्यार तालदे च्यार कोठा तोडया पांच तालदे पांच कोठा तोडया छ तालदे छ कोठा तोडया सातमो कोठो खोलि देखेतो कुण कुण खडी छे डाकिनी सिहारी भूत प्रेत चल्या जती हणमंत तेरे झाडेसुं चल्या ॐ नमो आदेश गुरुकुं गुरुकी शक्ति मेरी भक्ति फुरो मंत्र ईश्वरो वाच.

આ મંત્રવડે મોર પાંખની પીંછીથી કે લોઢાના પદાર્થથી ૭ વાર ઉતારણી નાખવી જેથી દોષ દૂર થાય છે.

નંબર ૧

૧૧૨	૬૬	૧	૫
૭	૬	૭	૬
૩	—	૦।	૦।૦
૮	૧	૩	૪૦

નંબર ૨

૭	૭	૯	૮
૩	૬	૬	૫
૪	૦।।।	૩	૧૧
૭।	૬	૧।।	૦।।૦

નંબર બીજા વાળો યંત્ર કોરા કાગળ ઉપર અષ્ટગંધથી લખી અણોટ પાણીમાં ધો-ળી ૭ દિવસ પાવો અને નંબર પેહેલા વાળો મંત્ર અષ્ટગંધથી કાગળ ઉપર લખી ધૂપ દે-ઇ બાળકને કિંવા કોઇને ગળામાં બાંધવો તો ડાકિની વગેરેના દોષ દૂર થાય છે.

હાજરાયતનો મંત્ર.

"ॐ नमः कामाख्याये सर्व सिद्धिदायै अमुक कर्म कुरु कुरु स्वाहा."

अस्य मंत्रस्य वाल्हिक ऋषिः जगति छंदः कामाख्या देवता प्रणव शक्तिः अव्यक्त कीलकं ॐ नमः अंगुष्ठाभ्यां नमः कामाख्यायै तर्जनिभ्यां नमः स्वाहा सर्व सिद्धिदायै मध्यमाभ्यां वषट्. अमुक कर्म अनामिकाभ्यां. हुं कर्म कुरुकुरु कनिष्ठिभ्यां. वौषट् स्वाहा करतल करपृष्ठाभ्यां अस्त्राय फट् ॐ नमो हृदयाय कामाख्यायै शिरसे स्वाहा सर्व सिद्धिदायै शिषाये वषट् अमुक कर्म कवचायहुं कुरु कुरु नेत्रत्रयायै वौषट् स्वाहा अस्त्राय फट् ॥ अथध्यानम् ॥

योनिमात्र शरीराय कुंगु वासिनी कामदा ॥
रजस्वला महा तेजा कामाक्षी ध्येयया सदा ॥ १ ॥

આ મંત્રને ૧૦૦૦ વખત જપી ગુલનોરાના ફુલોની ૧૦૦ આહુતી આપી સિદ્ધ કરવો. જ્યારે જરૂર પડે ત્યારે મંત્રેલા ગીંગળની રાખ રૂમાં લપેટી દીવટ વણી તેલના દીવામાં મૂકી દીવો કરવો તથા દીવાનું (કંકુ-કેસરાદિથી) પૂજન કરી તે દીવાની આગળ આઠ અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દશ વર્ષનો, સારા કુળનો, દેવગણવાળો છોકરો બેસારવો અથવા તેવાજ ગુણ યુક્ત કન્યા મળે તો તેને બેસાડી, પોતે પણ પવિત્ર થઇ મીંદળ ઉપર ઉપરના મંત્ર જપવા. સંકલ્પ વાળું પાણી છાંટી દીવાના આગળ આ યંત્ર લખી તેનું પૂજન કરી આ યંત્ર છોકરા કે છોકરીને

૧	૮	૩	૮
૫	૬	૩	૬
૭	૨	૯	૨
૭	૪	૫	૪

દેખાડી તેના હાથની હથેળીમાં મંત્રેલા મીંદળની રાખ કરી તેલમાં કાલવીને મસળાવી અને પછી તેને પૂછવું એટલે જેજે તે હથેળીની કાજળમાં એના દેખવામાં આવશે તે તે કહીં બતાવશે. વિસર્જન કર્યા પાછી દશમા ભાગે માર્જન, દશમા ભાગે તર્પણ અને દશમા ભાગેબ્રહ્મ ભોજન કરવું. આ હાજરાયત વિધિ સત્ય છે. આ સર્વ પ્રયોગ **શ્રી સદાશિવજી પ્રણીત ઉડ્ડીસમાં** કહેલ છે. **અથવા** લીંબડાનાં પાંદડાં, વજ, હિંગ, સાપની કાંચળી, અને સરસવ એઓની ધુણી દે તો ડાકણ ભૂત વગેરે ભાગી જાય છે. **અથવા** કપાસીયા, મોર પાંખના ચાંદલા, મોટી ભોરીંગણીનાં ફળ, શિવનિર્માલ્ય, મરવો, તજ, વંશલોચન, બલાડીની વિષ્ટા, જવનાં છોતરાં, વજ, માથાના વાળ, સાપની કાંચળી, ગાયના શીંગડાનો છોલ, હાથીદાંતનો છોલ, હિંગ અને મરી એ સર્વ સમાંન લઇ ખાંડી એઓની ધૂણી દે તો સર્વ પ્રકારના ભૂતોન્માદ કિંવા દોષ દૂર થાય છે. આ **માહેશ્વર ધૂપ** કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** કરંજની જડ, દારૂહળદર, સરસવ, ઉપલેટ, હિંગ, વજ, મજીઠ, ત્રિફળા, સુંઠ, મરી, પીપર અને ધજીંલા એ સર્વ સમાન લઇ બકરાના મૂત્રમાં ઘુંટી નાસ દેવાથી કે અંજન કરવાથી સર્વ ભૂતાદિ ઉન્માદનો દોષ દૂર થાય છે. **અથવા** ગોરખ કાકડીને ગોમૂત્રમાં ઘુંટી નાસ દે તો બ્રહ્મરાક્ષનો દોષ મટે છે. **અથવા** સંખાવળીનાં મૂળીઆંને ચોખાના પાણીમાં વાટી અથવા ઘીમાં વાટી તેનો નાસ આપવાથી ભૂતાદિકના[1] દોષ દૂર થાય છે.

પવિત્ર દેવને ખરાબ ધૂપ વગેરે અછાજતી ક્રિયાઓ કરવી નહીં માત્ર મલિન ભૂત પ્રેતાદિ કે પિશાચ વગેરેને માટે ઉપરની ક્રિયાઓ કામમાં લેવી નહીં તો ભૂતાદિ દોષ કહાડતાં પોતાનો પ્રાણ જવાનો વખત આવશે માટે દેવોનું ઉંચ નિચાપણું વિચારી સર્વ ઉપાયો ઉપયોગમાં લેવા.

ઇતિ ઉન્માદનો અધિકાર સંપૂર્ણ.

---

[1] ભૂતયોનિ છે એ કોઇથી ખોટું કહેવાય તેમ નથી; પરંતુ જે જે ધૂણનારા નજરે પડે છે તે તે સર્વ ઢોંગ કરનારા છે. ખરા દેવના આવેશ વાળો હજારમાં એક પણ ભાગ્યેજ હોય છે, પણ કોઇ પણ પ્રકારનો સ્વાર્થ સાધવાના હેતુથી ઘણું કરીને વ્હેમી તથા પ્રપંચી સ્ત્રીઓ ભૂતનો આવેશ બતાવે છે તેથી બિચારા ભોળા અને વિષયિ પુરૂષો તેની અનેક પ્રકારે ખુશામત કરી યંત્ર મંત્ર તંત્ર દોરો કે ફુતારા કરાવેછે અને ભૂત ધૂણીને જે કહે તે પ્રમાણે વર્તે છે. અરે સમજુ પુરૂષો પણ તેવી સ્ત્રિયોના ફંદથી કંટાળી છેવટે હાએ હા કરી લોકોના ભયથી તે ઉપાય આદરે છે. અહા!! સ્ત્રિના ચરિત્રરૂપી સમુદ્રનો કોણ પાર પામ્યું છે!!!

ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૃગીરોગનોઅધિકાર.

મૃગીરોગની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ તથા સંખ્યા.

મૃગીરોગ ચિંતા તથા શોકાદિથી કુપિત થએલા દોષો હૃદયની નસોમાં નિવાસ કરી યાદશક્તિનો નાશ કરે છે તેથી અપસ્માર-મૃગી-વાઇ-ફેફરૂં અને મિરઘીવાયુ વગેરે નામ વાળો રોગ પેદા થાય છે. તે રોગના ૪ ભેદ છે-એટલે વાયુથી થએલો, પિત્તથી થએલો, કફથી થએલો, અને ત્રિદોષના પ્રબળપણાથી થએલો એમ ૪ પ્રકારનો છે.

મૃગીનું પૂર્વ સ્વરૂપ.

જે મનુષ્યને મૃગીનો રોગ થવાનો હોય ત્યારે તેને તે રોગ થવા પેહેલાં આટલાં લક્ષણો થાય છે-એટલે કંપારો, હૃદયમાં શૂન્યતા, પરસેવો, વિસ્મયતા, મૂર્છા, જ્ઞાન રહિત, અથવા ઇંદ્રિયો જ્ઞાનરહિત થાય અને નિદ્રાનો નાશ થાય છે.

મૃગીનાં સામાન્ય લક્ષણ.

જેને મૃગી રોગ થયો હોય તેને સર્વત્ર અંધકાર દેખાય, સ્મરણશક્તિ નાશ થઇ જાય, નેત્રોમાં વિકાર અને હાથ પગને પૃથ્વી ઉપર પછાડયા કરે છે. આ રોગ બહુજ ભયંકર છે માટે આ રોગ વાળાને નદી, તળાવ, કુવા, વાવડી, કુંડથી, વૃક્ષોથી, પર્વતોથી, તથા વિ-ષમ પ્રદેશોથી અને અગ્નિથી સદા યત્નપૂર્વક બચાવવો જોઇએ નહીં તો તેની બેભાન અવસ્થામાં તેનું તુરત મરણ નિપજે છે. તથા ઉન્માદ રોગીને પણ તેજ પ્રમાણે બચાવવો.

નિર-નિરાળા દોષોના કોપથી થએલ મૃગીનાં લક્ષણો.

વાયુના કોપથી થએલ મૃગી હોય તો કંપારો, દાંતોને ચાવે, મોહોડે ફીણ આવે, શ્વાસ થાય અને જ્યાં ત્યાં કાળુંજ દેખે છે.

પિત્તના કોપથી થએલ મૃગીમાં મોહોડે પીળાં ફીણ આવે, શરીરની ચામડી તથા મોહોડું અને આંખ પીળાં થાય, સર્વત્ર લાલ પીળું દેખાય અને તૃષા ઘણી લાગે તથા શ-રીર ઉનું રહે વા, સર્વત્ર અગ્નિ બળતીજ દેખે છે.

કફના કોપથી મૃગી થઇ હોય તો, મોહોડે ધોળાં ફીણ આવે. શરીરની ચામડી મુખ અને નેત્ર પણ ધોળાંજ થઇ જાય, ટાઢાડ વાય, રૂવાડાં ઉભાં થઇ આવે અને શરીર ભારે તથા સર્વત્ર વસ્તુ ધોળીજ દેખાય છે.

ત્રિદોષના કોપથી મૃગી થઇ હોય તો ઉપર કહેલા પ્રત્યેક દોષનાં લક્ષણ નજરે પ-ડે છે. આ મૃગી અસાધ્ય છે.

અસાધ્ય મૃગીનાં લક્ષણ.

જે મૃગીરોગીનું શરીર અત્યંત ફરકયા કરે, શરીર ક્ષીણ થઇ ગયું હોય, આંખની ભમરો ચલાયમાન થતી હોય, નેત્રો વિકૃત થતાં હોય, અંધારાં આવતાં હોય, માથું ઘણું દૂખતું હોય, કાંતિ તથા ઇંદ્રિયબળ હણાઇ ગયું હોય અને જ્ઞાનશક્તિ નાશ પામી હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો તે મૃગીરોગવાળો જીવતો નથી. તથા લાંબા વખતથી થએલ કિંવા એક દોષવાળો મૃગી રોગ હોય તો તે પણ અસાધ્ય છે.

મૃગીનો સમય.

પિત્તપ્રકોપ પામ્યું હોય તો પંદર દાહાડે અથવા પંદર દિવસની અંદર મૃગીરોગ ઉછાળો મારે છે અર્થાત્ પિત્તની મૃગી પંદરમે દાહાડે કે પંદર દાહાડામાં કાંઇક ઓછા સમયે મૃગી–વાઇ આવે છે. **વાયુ પ્રકોપની** ૧૨ દિવસે અથવા તો બાર દિવસની અંદર પણ વાઇ આવે છે. **કફ પ્રકોપની** એક મહીને અથવા તો એક માસની અંદર પણ વાઇ આવે છે. આ સ્થળે એવી શંકા કરે કે મૃગીના કારણ રૂપ વાત પિત્ત તથા કફ નિરંતર વિદ્યમાન છે; છતાં નિત્ય વાઇ ન આવતાં અમુક અમુક સમય ઉપરજ કેમ આવે છે? તો તેનું સમાધાન એ છે કે, જેમ વર્ષાદ વરસે છે તે વખતે સર્વ બીજ ઉગવાનું કારણ છે છતાં ધઉં, ચણા, મેથી કે ચીણ વગેરે શરદ્ઋતુમાંજ ઉગે છે તેમ મૃગીના કારણરૂપ દોષો પણ વિદ્યમાન છે છતાં પોતપોતાના સ્વભાવને લીધે સમય ઉપરજ કોપ કરે છે.

ઉપાય.

મૃગીવાળા રોગીને પીવાનાં ઔષધો આપીને, અંજન, લેપ, મર્દન, ડાંભ, અને નાસ વગેરેના પ્રયોગો ઉપયોગમાં લેવા. **તથા** તેલ સાથે લસણ ખાવાથી વાયુની, દુધ સાથે શતાવરી ખાવાથી પિત્તની અને બ્રાહ્મીના રસ સાથે મધ પીવાથી કફની મૃગી નાશ થાય છે. **અથવા** સરસવ સરગવો, અરલુ અને અઘેડો એઓનું ચૂર્ણ કરી ખાવાથી અથવા ગાયના મૂત્ર સાથે વાટી શરીરે લેપ કરવાથી મૃગી નાશ પામે છે. "**અથવા** સરગવાનો રસ શેર ૪, કુમાર પાઠનો રસ શેર ૪, ચણોઠીનો રસ શેર ૪, લીંબડાની અંતર છાલનો રસ શેર ૧, ગાયનું મૂત્ર શેર ૪ અને તેલ શેર ૧ એઓ એકઠાં કરી ધીમા તાપ ઉપર પકાવતાં સર્વ રસ બળી તેલ માત્ર રહે ત્યારે તેને ગાળી લઇ તે તેલનું શરીરે મર્દન કરે–ચોળે તો મૃગી–વાઇ જાય." **અથવા** મણશીલ, ગરૂડની હઘાર અથવા લીલચાંચની હઘાર અને કબુતરની વિષ્ટા એઓનું અંજન કરવાથી મૃગી મટે છે, તથા ઉન્માદ પણ મટે છે એમ **ભાવમિશ્ર**નું કહેવું છે. **અથવા** પારાની શુદ્ધભસ્મ, અભ્રકની શુદ્ધભસ્મ, લોઢાની શુદ્ધભસ્મ, શુદ્ધગંધક, શુદ્ધમણશીલ, હરતાલની શુદ્ધભસ્મ અને રસવંતી એ સઘળાં બરાબર ભાગે લઇ વાટી ગોમૂત્રમાં ૧ દિવસ ઘુંટી તેને લોઢાના વાસણમાં નાંખી તેથી બમણો શુદ્ધગંધક વાટી અરધો નીચે પાથરી તેના વચમાં ઘુટેલી દવાનો ગોળો મૂકી તે ઉપર બાકી રહેલો ગંધકનો ભૂકો પાથરી પછી તેને એક પોહોર સુધી અગ્નિ ઉપર પકાવવો. તેમાંથી ૧ રતી ભાર નિરંતર ૭ દિવસ ખાય તો વાઇ આવતી હોય તે તથા ઉન્માદ અને વાયુ વગેરે નાશ પામે છે. આ **ભૂત ભૈરવ રસ** કહેવાય છે. આ રસ સેવન કર્યા પછી સુંઠ, મરી, પીપર, સંચળ અને શેકેલી હિંગ એ સર્વે સમાન લઇ વાટી વસ્ત્રગાળ કરી મનુષ્યના મૂત્ર અને ઘીની સાથે સેવન કરે તો મૃગી વાયુ કૈફરૂં–વાઇ નાશ પામે છે. **અથવા** જેઠીમધને ભૂરાકોળાના કે કોળાના રસમાં ઘુંટી ૩ દિવસ પીએ તો મૃગી નાશ પામે છે. **અથવા** વજ, ઉપલેટ અને શંખાવળી એ સોળ સોળ તોલા ભાર લઇ ખાંડી ૬૪ તોલા બ્રાહ્મીના રસમાં ઘુંટી તે કલ્કથી પકાવેલું ૬૪ તોલા ગાયનું જુનું ઘી ઉપયોગમાં લે તો મૃગી અને ઉન્માદ રોગ નિશ્ચે નાશ પામે છે. **અથવા** કોળાના અઢાર ગણા રસમાં જેઠીમધના કલ્ક–ચટણીથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિદ્ધ કરેલું-પકાવેલું ગાયનું ઘી ઉપયોગમાં લે તો મૃગી નાશ થાય છે. **અથવા** સરગવાના મૂળની છાલ, ચીરણુવાળો, ઉપલેટ, જીરૂં, લસણ, સુંઠ, મરી, પીપર અને હિંગ એ સઘળાં બબે તોલા બાર લઇ ખાંડી કલ્ક કરી તેલ તોલા ૨૪ અને બકરાનું મૂત્ર તોલા ૧૦૮ તેમાં કલ્ક નાખી ધીમા અગ્નિના તાપથી પકાવવું. જ્યારે મૂત્ર બળી તેલ માત્ર રહે ત્યારે નિચે ઉતારી ગાળી તે તેલનો નાસ લે તો મૃગીવાયુ નાશ પામે છે. **ભાવપ્રકાશ. અથવા** પંચકોલ; ત્રિફળા, વાવડીંગ, સિંધાલૂણ, અજમો, શાહજીરૂં, ધાણા, મરી, બીડલૂણ, કચ્યાં અને જીરૂં એઓનું ચૂર્ણ કરી દશમૂળના ઉના કવાથ સંગાથે પીવામાં આવે તો વાયુ તથા કફ સંબંધી રોગો, મૃગીવાયુ, ઉન્માદ, અરશ અને સંગ્રહણી એટલા રોગો મટે છે, તથા, નાશ થએલો જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. આ **કલ્યાણ ચૂર્ણ** કહેવાય છે એમ **ભાવમિશ્ર** કહે છે. **અથવા** પુષ્પ નક્ષત્રના દિવસે કુતરાનો પિત્તો કાહાડી અંજન કરે **અથવા** ઘીની સાથે તેનો ધૂપ દેવાથી મૃગી નાશ પામે છે. તેને **યોગતરંગિણી. અથવા** વજનું ચૂર્ણ મધની સંગાથે ખાઇ ઉપર દુધ ભાત જમવામાં આવે તો તેથી ભયંકર અને લાંબા વખતથી થએલો મૃગીરોગ પણ નિશ્ચે નાશ પામે છે. **વૈદ્યરત્ન. અથવા** નોળીઆની, ઘૂઅડની, બિલાડીની, ગીધની, સાપની અને કાગડાની હઘાર, પાંખ તથા ચાંચ લઇ એઓની મૃગીરોગવાળાને ધૂણી દે તો મૃગી નાશ પામે છે. **ચક્રદત્ત. અથવા** ઉન્માદના વિષયમાં જે જે નાસ, અંજન કે ઔષધ પ્રયોગો કહેવામાં આવેલ છે તે તે ઉપાયોનો મૃગીમાં પણ ઉપયોગ કરવો. "**અથવા** અગથીઆનાં પાંદડાં તથા મરી એઓને ગોમૂત્રમાં ઘુંટી તેનાં નાકમાં ટીપાં નાખવાં તેથી તાત્કાળ મૃગી બંધ પડે છે."

મૃગી રોગનાં પથ્યાપથ્ય.

ચોખા, ઘઉં, મગ, જૂનું ઘી, દુધ, તુરીઆં અને દાડિમ એટલાં સદા સેવવાં યોગ્ય છે. અને તીખા, ખાટા, તુરા સોપારી અને મદિરાદિ પદાર્થો, તથા ચિંતા, ભય, ક્રોધ, અદ્ભુત વસ્તુનું જોવું, મૈથુન, મહેનત, ભાજી, અડદ, તુવર અને તૃષા, નિંદ્રા, ભૂખ વગેરેના વેગો અટકાવવા વગેરે વગેરે સેવવા યોગ્ય નથી.

[1]મૃગી રોગનો અધિકાર સંપૂર્ણ

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે મદાત્યય ઉન્માદ અને મૃગી એઓનો સર્વ ભેદાદિ યુક્ત ઉત્પત્તિ લક્ષણ યત્નાદિ નિરૂપણ નામનો સાતમો તરંગ સંપૂર્ણ.

---

૧ વિધિપૂર્વક આ દિત્યવારને દિવસે ઘેટાના માથાના બે કીડા લાવી તેને માદળીઆમાં પૂરી ગળે કે હાથે ધારણ કરે તો આકરો મૃગીવાયુ પણ નાશ પામે છે. **અથવા** જે દોરીમાં ચોરનું માથું ટીંગાડેલું હોય વા જે દોરીથી ફાંસી આપેલ હોય તે દોરીને બાળી તેની રાખ ટાઢા પાણી સંગાથે પાવાથી અવશ્ય મૃગીરોગ જાય છે.

વૈદ્યરહસ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ આઠમો.

વાયુ ચોરાશી જાતિના, વારૂ વર્ણવ્યા મિત્ર;
ઘોર દુઃખદ બહુ જોરદા, છે એ રોગ ખચિત.

વાયુ સંબંધી વ્યાધિઓનો અધિકાર.

વાયુ સંબંધી રોગોને ઉત્પન્ન થવાનાં મુખ્ય કારણો.

કસાયલાં, તીખાં, કડવાં, અત્યંત થોડાં, સુખાં તથા હલકાં અને અત્યંત વિશેષ અન્નોના ખાવાથી, વિરૂદ્ધ ભોજનથી, વાસી કે ઠંડાં ભોજનથી, ઉજાગરાથી, ખેદથી, અતિ મૈથુનથી, ધાતુઓના ક્ષીણપણાથી, વિશેષ કસરતના કરવાથી, વાયુ વાળા-વાયડા[1] પદાર્થો ખાવાથી, વાયુ રોગના સંસર્ગથી મળ, મૂત્ર, છિંક, બગાસાં, ઉધરસ, હસવું, આંસુ, નિંદ્રા તથા વિષયવાસનાદિના વેગોને અટકાવવાથી, શરીરમાંથી વિશેષ લોહી વહી જવાથી, માંસના ક્ષીણ પણાથી, વિષમાસનથી, શ્રમથી, અતિરેચ તથા અતિ ઉલટી થવાથી, જોરથી વાગવાથી, પંથ કરવાના થાકથી, બળ તથા ઇંદ્રિઓ ક્ષીણ થવાથી, આમના કોપથી, વા, વાયુ આમાશયમાં જવાથી કે ધાતુઓમાં જવાથી, વૃદ્ધાવસ્થાથી અને પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન એ વાયુઓના બગડવાથી જૂદા જૂદા પ્રકારના વાયુના રોગો થાય છે; અર્થાત્ વર્ષા ઋતુમાં અથવા ત્રીજા પોહોરમાં કે પાછલા પોહોરમાં અને ભોજન પચ્યા પછી તથા શિશિરઋતુમાં બળવાન્ થએલો વાયુ મનુષ્યના શરીરમાં ખાલી થએલી નસોને બંધ કરી-પૂરી દઈ કિંવા તે ખાલી પડેલી નસોમાં પ્રવેશ કરી સર્વ અંગમાં તથા એક અંગમાં રહેનારા અનેક[2] પ્રકારના રોગોને ઉત્પન્ન કરે છે.

વાત વ્યાધિઓની સંખ્યા.

શિરોગ્રહ ૧, જૃંભા ૨, હનુગ્રહ ૩, જીહ્વાસ્તંભ ૪, ગદ્ગદત્વ ૫, મિન્મિનત્વ ૬, મૂકતા ૭, પ્રલાપ ૮, રસાજ્ઞાન ૯, બાધિર્ય ૧૦, કર્ણનાદ ૧૧, ત્વક્શૂન્યતા ૧૨, અર્દિત ૧૩, મન્યાસ્તંભ ૧૪, બાહુશોષ ૧૫, અપબાહુક ૧૬, વિશ્વાચી ૧૭, ઉર્દ્ધવાત ૧૮, આધ્માન ૧૯, પ્રત્યાધ્માન ૨૦, વાતાષ્ઠિલા ૨૧, પ્રત્યષ્ઠિલા ૨૨, તૂની ૨૩, પ્રતિતૂની ૨૪, ત્રિકશૂળ ૨૫, મુહુર્મૂત્રણ ૨૬, મૂત્રનિગ્રહ ૨૭, ગૃધ્રસી ૨૮, ખંજતા ૨૯, વાતકંટક ૩૦, પાદદાહ ૩૧, પાદહર્ષ ૩૨, દંડકાક્ષેપ ૩૩, વાતપિત્ત કૃતાક્ષેપ ૩૪, દંડાપતાનક ૩૫, પંગુતા ૩૬, કલાયખંજતા ૩૭, ક્રોષ્ટુશિર્ષક ૩૮, ખલ્લી ૩૯, અભિઘાત કૃતાક્ષેપ ૪૦, અંતરાયામ ૪૧, બાહ્યાયામ ૪૨, ધનુર્વાત ૪૩, કુબ્જક ૪૪, અપતંત્રક ૪૫, અપતાન ૪૬, પક્ષાઘાત

---

૧ નાનવી, મકાઇ, વટાણા, અળા, સામો, મગ, તુવર, જાલર, મઠ, કસુંબીનાં બીજ, મસૂર, અને કોદરા એ ધાન્યો વાયુને પૈદા કરનારાં છે.

ગુણ રત્નમાળા.

૨ **આત્રેયજી** કહેછે કે મનુષ્યોને પીડા આપનાર વાયુના પ્રસિદ્ધ રોગ ૮૪ પ્રકારના છે; પણ **ભાવમિશ્ર, શાર્ઙ્ગધર** અને **માધવાચાર્ય** વગેરેનું એવું માનવું છે કે વાયુના ૮૦ પ્રકાર છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૭, સર્વાંગવાત ૪૮, હસ્વ કેશત્વ ૪૯, આટોપ ૫૦, પાર્શ્વશૂળ ૫૧, મળગાઢતા ૫૨, મળા પ્રવર્તિ ૫૩, કંપ ૫૪, સ્તંભ ૫૫, રૂક્ષતા ૫૬, કાર્શ્ય ૫૭, કાર્ણ્ય ૫૮, શૈત્ય ૫૯, લોમહર્ષ ૬૦, વ્યથા ૬૧, તોદ ૬૨, ભેદ ૬૩, શિરાસ્ફુરણ ૬૪, અંગમર્દન ૬૫, અંગશુષ્ક ૬૬, સંકોચ ૬૭, અંગ વિભ્રંશ ૬૮, મોહ ૬૯, ચળચિત્તતા ૭૦, નિદ્રાનાશ ૭૧ સ્વેદ નાશ ૭૨, બળહાનિ ૭૩, ભીરૂતા ૭૪, શુક્રક્ષય ૭૫, રજોનાશ ૭૬, ગર્ભનાશ ૭૭, પરિશ્રમ ૭૮. વન્હિવૈષમ્ય ૭૯, વાચાલતા ૮૦, કટિગ્રહ ૮૧, આક્ષેપક ૮૨, શ્રમનાશ ૮૩, અને ઉરૂસ્તંભ ૮૪ એ ચોરાશી વાત વ્યાધિઓ છે.

૮૪ વાતવ્યાધિયોનાં જુદાં જુદાં લક્ષણો.

જે વાયુ લોહીમાં રહી ડોકની નસોને લુખી વેદનાવાળી તથા કાળી કરી નાખે છે તે **શિરોગ્રહ** વાયુ કહેવાય છે. ૧. વારંવાર બગાસાં આવે તે **જૃંભ** વાયુ, ૨. મોહોડાના નિચેના જડબાને સજ્જડ કરી દેછે, હડપચી નીચી કરી મોહોડાને બીડી દેછે, કિંવા ખુલ્લુંજ રાખે છે અને માંડમાંડ ખોરાક ખવાય તથા બોલી શકાય તે **હનુગ્રહ** ૩. જીભ હાલી શકે નહીં તે **જીવ્હાસ્તંભ** ૪. પદો તથા વ્યંજનનો બોલતાં બોલતાં લોપ થઇ જાય તે **ગદ્ગદત્વ** ૫. ગુંગણું બોલાય તે **મિન્મિનત્વ** ૬. બોબડાપણું થાય તે **મૂકતા** ૭. સંબંધ રહિત તથા વિના કારણે બોલ્યા કરે તે **પ્રલાપ** ૮. જમવા વખતે કશા પણ સ્વાદની જીભને ગમ ન પડે તે **રસાજ્ઞાન** ૯. બ્હેરાપણું થાય તે **બાધિર્ય** ૧૦. કાનમાં ઘોંઘાટ થયા કરે તે **કર્ણનાદ** ૧૧. ટાઢા, ઉના કે કોમળ-કઠિણતાની ચામડાને ખબર પડે નહીં તે **ત્વક્શૂન્યતા** ૧૨. અરધું મોહોડું ફરી જાય, માથું ધ્રુજે, જીભથી બોલાય નહીં તથા દ્રષ્ટિ વાંકી-તરછી થઈ જાય તે **અર્દિત-અડદીઓ વાયુ** ૧૩. ડોકની નસો ખેંચાઇ જાય વા, સજ્જડ થઇ જાય તે **મન્યાસ્તંભ** ૧૪. બન્ને ભુજાઓને સુકવી વેદના ઉત્પન્ન કરે તે **બાહુશોષ** ૧૫. ભુજાઓની નસોને સંકોચી વાંકી કરી નાખે તે **અપબાહુક** ૧૬. બન્ને હાથ વળી શકે નહીં તથા કામ પણ થઇ શકે નહીં તે **વિશ્વાચી** ૧૭. ઉપરા ઉપર ઓડકાર આવે તે **ઉર્દ્ધવાત** ૧૮. આફરો ચઢે છે-પેટ ફુલે છે તે **આધ્માન** ૧૯. જો પેટ અને સ્તનના વચમાં આફરો જણાય, પણ છાતી અને કુખમાં દુઃખ થાય નહીં તે **પ્રત્યાધ્માન** ૨૦. ડુંટીના નિચે ગોળ પથરા જેવી ગાંઠ-વાયુ ગોળો બંધાય તથા તે હરે ફરે નહીં તથા ઉંચેના ભાગમાં લાંબી સ્થિરતા વા, ચંચળતા વાળી ગાંઠ થાય તેમાં મંદ મંદ પીડા થાય અને મળ-મૂત્ર તથા પવનને રોકી દે તે **વાતાષ્ઠિલા** ૨૧. જો અષ્ઠિલાની જેવી ગાંઠ આડી, સીધી અને લાંબી અધિક પીડાયુક્ત હોય તે **પ્રત્યષ્ઠિલીકા** ૨૨. હોજરી અને મૂત્રાશયમાં અસહ્ય-આકરી વેદના થઇ નિચે ઉતરી ગુદા અને સ્ત્રી-પુરૂષના ગુહ્ય ભાગોને ભેદી નાખતી જે વેદના થાય તે **તૂની** ૨૩. ગુદા અને સ્ત્રી-પુરૂષના ગુહ્ય-છુપાયેલા ભાગોમાંથી વેદના શરૂ થઇ અત્યંત આકરી વેદના ઉપર ચડી વારંવાર બળાત્કારે હોજરીમાં સંચરે છે અને તૂનીમાં જણાવ્યા પ્રમાણે ભેદ કરે તે **પ્રતિતૂની** ૨૪. બે કુલાનાં અસ્થિ-હાડકાઓનો અને બરડાનાં બે હાડકાઓનો જે સાંધો છે તે ત્રિક-હાંડ-હાડમાં પીડા થાય તે **ત્રિકશૂળ** ૨૫. વારંવાર મૂતવું પડે તે **મુહુર્મૂત્રણ** ૨૬. મૂત્રની રોકાણ થાય તે **મૂત્ર નિગ્રહ** કિંવા **અષ્ઠિલવાત** ૨૭. કેડના નિચેના ભાગથી શરૂ થઇ એક પછી એક એમ બરડો, ઘુંટણ, સાથળ, પગની પીંડીઓ અને પગ ગોઠણને જકડી લે અને નાગ કંપારો,

For Private And Personal Use Only

સોયો ઘોંચ્યા જેવી વેદના થાય તે **ગૃધ્રસી** ૨૮. કેડથી તે ગોઠણ સુધીના ભાગની (એક પગની) મોટી રગો ખેંચાવાથી લંગડો થાય તે **ખંજ** ૨૯. કેડથી તે પુંઠી સુધીના બન્ને સાથળોની ચાલવા વગેરેની ક્રિયા અટકી જાય તે પાંગળો-**પંગુ** ૩૦. ચાલતી વખતે ધ્રુંજે અને પગ આડા અવળા પડે ખોડંગાતો ચાલે તે **કલાપખંજ** ૩૧. ઢીંચણના વચમાં વાયુ તથા લોહીથી શિયાળના માથા જેવો જાડો સોજો થઇ વેદના સાથે ચઢે તે **કોષ્ટુકશીર્ષક** ૩૨. પગ, સાથળ, પિંડીઓ અને હાથનાં મૂળ, વેદનાથી ઠરડાઇ જાય તે **ખલ્લી** ૩૩. પંથ કરવાથી, આડો અવળો પગ પડવાથી, પડવાથી કિંવા થાકને લીધે વાયુ ગોઠણમાં સોજો લાવી વેદના ઉત્પન્ન કરે તે **વાતકંટક** ૩૪. [illegible] બળતરા થાય તે **પાદદાહ** ૩૫. પગમાં ખાલી ચઢે અને રુવાટાં ઉભાં થઇ આવે તે **પાદહર્ષ** ૩૬. વાયુથી હાથ, પગ, માથું, વાંસો તથા હાડું એઓ સજડ અને લાકડીની પેઠે શરીર અકડ થઇ જાય તથા ડોલ્યા કરે તે **દંડકાક્ષેપ** ૩૭. કફથી વિંટાયલો વાયુ શરીરની ધોરી નસોને સજડ કરી હાથાની પેઠે વારંવાર શરીર હલાવ્યા કરે તે **દંડપતાનકાક્ષેપ** ૩૮. કોઇ વાગવાથી કોપેલો વાયુ માણસના શરીરને હલાવે છે તે **અભિઘાતકૃતાક્ષેપ** ૩૯. પિત્ત સંયુક્ત વાયુ સર્વ ધોરી નસોમાં પેસી વારંવાર શરીરને હલાવ્યા કરે તે **વાતપિત્તકૃતાક્ષેપ** ૪૦. કામઠાની પેઠે આગળના ભાગથી ખેંચાઇને વાંકો વળી જાય તે **અંતરાયામ** ૪૧. કમરમાંથી વાંક વળી પીઠ તરફ શીંગડાની પેઠે વળી જાય તે **બાહ્યાયામ** ૪૨. હાથ પગ અને આખું શરીર કામઠાની પેઠે વળે તે **ધનુર્વાયુ** ૪૩. શરીરના ભાગથી બાહાર પીઠનો કે છાતીનો ટેકરો વાંકો વળેલો નીકળે તે કુબડો-**કુબ્જ** ૪૪. વાયુ ઉંચી ગતિને ધારણ કરી હૃદય, મસ્તક, ખભા અથવા શરીરમાં પીડા કરે તથા કામઠાની પેઠે શરીરને વાળે છે, કંપાવે છે અને ચિત્તને મોહયુક્ત કરી દ્રષ્ટિને સ્તબ્ધ કરી નાખે તથા હોલા કે કબુતરની પેઠે ગળામાં બોલે તે **અપતંત્ર** ૪૫. વાયુ છાતીમાં પેસી જ્ઞાન-સંજ્ઞાનો નાશ કરી દ્રષ્ટિ રોકી તરેહવાર રીતે કંઠમાં શબ્દ બોલે, કયારેક સાવધાન અને ક્યારેક અસાવધ રહે તે **અપતાનક** ૪૬. અરધું-એક બાજુનું શરીર ઝલાઇ નકામું થઇ જાય અને અડવાથી કે ચુંટી ખણવાથી ચામડીને ખબર પડે નહીં તે **પક્ષાઘાત** ૪૭. આખા શરીરની નસો ધ્રુજે, ગાંઠો ભાગી પડે અને સાંધાઓમાં કળતર થાય તે **સર્વાંગ વાત** ૪૮. વાળ ટુંકાજ રહે તે **હ્રસ્વકેશત્વ** ૪૯. પેટમાં ગડગડાટ થાય તે **આટોપ** ૫૦. પડખાઓમાં શૂળ-શણકા આવે તે **પાર્શ્વશૂળ** ૫૧. ઝાડો ઘણો કઠણ ઉતરે તે **મળગાઢતા** ૫૨. ઝાડો ઉતરે નહીં ને બંધકોશ રહે તે **મળાપ્રવૃત્તિ** ૫૩. આખું શરીર કંપ્યા-ધ્રુજ્યા કરે તે **કંપવાયુ** ૫૪. આખું અંગ અકડ થાય તે **સ્તંભ** ૫૫. આખું શરીર લુખું પડી જાય તે **રૂક્ષતા** ૫૬. શરીર [illegible] થઇ જાય તે **કાર્શ્ય** ૫૭. શરીર કાળું પડી જાય તે **કાષ્ણ્ર્ય** ૫૮. શરીર ઠંડુગાર [illegible] તે **શૈત્ય** ૫૯. રુવાડાં ઉભાં થાય તે રોમ-**લોમહર્ષ** ૬૦. અંગમાં પીડા થયા કરે તે **વ્યથા** ૬૧, અંગમાં સોયો ભોંકાતી હોય તેવી પીડા થાય તે **તોદ** ૬૨. શરીર ચીરાતું હોય તેવી પીડા થાય તે **ભેદ** ૬૩. નસોનું વારંવાર ફરકવું તે **શિરાસ્ફુરણ** ૬૪. અંગમાં ત્રોડ થાય તથા શરીર ભાગે તે **અંગમર્દન** ૬૫. શરીર સુકાઇ જાય તે **અંગશુષ્ક** ૬૬. શરીર સંકોચાઇ જાય તે **સંકોચ** ૬૭. શરીરનું પોતાના ઠેકાણેથી ખસી જવું તે **અંગવિભ્રંશ** ૬૮. ચિત્ત મૂઢ થઇ જાય તે **મોહ** ૬૯. ચિત્તનું ચંચળ રહેવું તે **ચળ ચિત્તતા** ૭૦. ઉંઘ જરાપણ ન આવે તે **નિદ્રાનાશ** ૭૧. જરા પણ પરસેવો ન આવે તે **સ્વેદનાશ** ૭૨. ચા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ળનો નાશ થાય તે **બળહાનિ** ૭૩. બ્હીકણપણું થાય છે **ભીરૂતા** ૭૪. વીર્યનો **ક્ષય** થાય તે **શુક્રક્ષય** ૭૫. અટકાવ બંધ થઇ જાય તે **રજોનાશ** ૭૬. કાચો ગર્ભ પડી જાય તે **ગર્ભનાશ**[1] ૭૭. પંથ કે મહેનત કર્યા વિના થાકી જવું તે **પરિશ્રમ** ૭૮. જઠરાગ્નિનું વિષમપણું રહે તે **વન્હિવૈષમ્ય** ૭૯. બહુ બોલવા પણું તે **વાચાલતા** ૮૦. કેડની રગો અકડાવાથી વાંકા વળતાં વેદના થાય તે **કટિગ્રહ** ૮૧. ધ્રૂજે, રવે, હસે બબડયા કરે તે **આક્ષેપક** ૮૨. કામ કર્યા છતાં પણ થાક લાગે નહીં તે **શ્રમનાસ** ૮૩. અને પૃષ્ટ ભાગની નસો સજડ થઇ નિર્બળ થવાથી ચાલી શકે નહી તે **ઉરૂસ્તંભ** ૮૪. આ ચોરાશી પ્રકારમાં પ્રત્યેક ગ્રંથના ભિન્ન મત છે માટે નામ પ્રમાણે લક્ષણ સમજી કાર્યમાં કુશળ રહેવું.

વાયુનું સાધ્યાસાધ્યપણું.

જે વાયુ બીજા દોષને આધારે રહેલો છે અર્થાત્ બીજા દોષની સાથે મળીને રહેલો હોય, કિંવા એકલોજ વાયુ હોય તો તે સાધ્ય છે અને એથી વિપરીત હોય તો અસાધ્ય સમજવો.

વાતવ્યાધિયોના સમુચ્ચય ઉપાય.

મીઠી વસ્તુઓના ખાવાથી, મીઠા સહિત વસ્તુઓ તથા ચીકણી અને ખાટી વસ્તુઓના ખાવાથી સર્વ પ્રકારના વાયુરોગ મટે છે. તથા આમળાં, ગરમ વસ્તુ અને તૃપ્તિ પમાય તેવાં ભોજનો સેવવાથી, નિદ્રા લેવાથી, તડકાના સેવવાથી, પરસેવો લાવવાથી, ગરમ વસ્તુઓના ઉપરશો–પોટીઓથી, તેલના મર્દનથી અને વાતહર ઔષધીઓના સેવનથી સામાન્ય પ્રકારના વાયુરોગો નાશ થાય છે.

પ્રત્યેક વાયુના જુદા જુદા ઉપાય.

શિરોગ્રહ વાયુ માટે દશમૂળનો કવાથ કરી તથા બીજોરાનો રસ કાહાડી તેમાં તેલ પકાવી તે તેલનું વ્યાધિના સ્થાને મર્દન કરે તો શિરોગ્રહ મટે છે. જોકે આ વાયુરોગ અસાધ્ય છે; પરંતુ આયુષ્યનું બળ પૂર્ણ હોય તો વખતે ટેકો લાગે છે.

અથવા એરંડાનું મૂળ, ઉપલેટ, ધંતુરાનું મૂળ, સરગવાનું મૂળ, ત્રિકટુ અને શુદ્ધ વછનાગ એ **સઘળાં** બરોબર લઇ ઝીણાં વાટી પાણી સંગાથે ઉનાંકરી વ્યાધિની જગ્યાએ સહેવાતે સહેવાતે મર્દન કરે તો શિરોગ્રહ મટે છે.

વારંવાર અગાસાં આવતાં હોય તો ત્રિકટુ, **અજમોદ અને** સિંધાલુણ એટલા પદાર્થો જુદા જુદા આવવા બેમા વાટી વસ્ત્રગાળ કરી સેવન કરે તો બગાસાંના આરંભને તુરત બંધ પાડે છે. **અથવા** સુંદર શય્યામાં સુવાડી દેવાથી. **અથવા** સરસીઆ તેલનું મર્દન કરવાથી. **અથવા** સારાં ભોજન જમવાથી **અથવા** નાગરવેલના પાનનાં બીડાં ખાવાથી બગાસાં બંધ પડે છે.

હનુમહવાયુમાં[2] જો મોહોડું બીડાઇ ગયું હોય તો ચીકણી વસ્તુઓનો કે શેક વગેરેનો ઉપયોગ કરવો તેથી મોહોડું ઉઘાડી જાય છે. જો મોહોડું ખુલ્લુંજ રહી ગયું હોય તો

1 વૈદ્યકનું માનવું તો એમ છેકે--ગર્ભાશયમાં વાયુના વાસથી ગર્ભ ન રહે તેને ગર્ભનાશ જાણવો

2 જીભને જોરથી ઘસવાથી, ચણા વગેરે સુકાં પદાર્થોના ખાવાથી, કોઇપણ પ્રકારે મુખ કાઢી ઉપર માર વાગવાથી વાયુ કુપિત થઇ હડપચીના મૂળમાં રહેલો વાયુ હડપચીને નિચી કરી મુખને ઉઘાડું કે બીડેલું રાખે છે અને ખાવા પીવા તથા બોલવાની ક્રિયા બંધ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીતળ વસ્તુથી નમાવીને યોગ્ય ક્રિયા કરવી. જો ડાઢી વાંકી થઇ હોય તો પીપર તથા આદુ ચવરાવી વારંવાર થુંકે અને ઉના પાણીના કોગળા કરે તો ડાઢી સીધી થાય છે. **અથવા** અડદની મોગર દાળને પાણીમાં ભીજવી છીપર ઉપર વાટી તેમાં લસણ, સિંધાલૂણ, આદુ અને હિંગ મેળવી તેનાં વડાં કરી ખાય તો હનુગ્રહવાયુ મટે છે. **અથવા** તેલને ગરમ કરી સહેવાતે સહેવાને માથા ઉપર માલેસ-મર્દન કરે તો હનુગ્રહ મટે છે. **અથવા** પ્રસારણી-નારીના તેલનું મર્દન કરે તો એટલે પ્રસારણીનાં[1] પંચાંગ તોલા ૪૦૦ લઇ સારી પેઠે કચરી ૧૦૨૪ તોલા ભાર પાણીમાં તેને પકાવી ચોથા ભાગનું પાણી રહે ત્યારે વસ્ત્રગાળ કરી તેમાં ૪૦૦ તોલા તેલ નાખી ફરી પકાવવું તથા ૪૦૦ તોલા દહિંનુ મેળવું અને ૪૦૦ તોલા કાંજીનું પાણી નાખી તે તેલને પકાવવું. ત્યાર પછી તેલથી ચારગણા ગાયના દુધમાં પકવી પછી ચિત્રામૂળ, પીપરામૂળ, જેઠીમધ, સિંધાલૂણ, વજ, સવા, દેવદાર, રાસ્ના, ગજપીપર, ખપાટનાંમૂળ, છડછડીલો, રતાંજળી, એરંડાનાંમૂળ, ન્હાની કાંસકીનાંમૂળ અને સુંઠ એટલા પદાર્થો તેલના આઠમા ભાગે લઇ ખાંડી કલ્ક કરી તે તેલમાં નાખી તેલને સિદ્ધ કરવું. તે તેલની દેશ, કાળ, વય, અગ્નિ અને રોગનું બળ વિચારી માત્રા સેવન કરે અર્થાત્ પીએ, નાસ લે, મસળે, શેક કરે અને માથાની બસ્તિ વગેરેના કામમાં યોજે તો, વાયુથી ઉત્પન્ન થએલા સઘળા વાયુના વ્યાધિયો નાશ થાય છે અને વિશેષે કરીને હનુગ્રહ, જીવ્હાસ્તંભ, અર્દિત, ગદ્ગદત્વ, વિશ્વાચી, મન્યાસ્તંભ, અપબાહુક, ત્રિકશૂળ, ગૃધ્રસી, ખંજતા, પંગુતા, કલાયખંજતા, સ્તંભ, સંકોચ, અંતરાયામ, બાહ્યાયામ, દંડપતાનક, ધનુર્વાત અને કુબ્જત્વ એટલા વાયુવ્યાધીઓનો નાશ થાય છે. આ **પ્રસારણી તૈલ** કહેવાય છે.

જીવ્હાસ્તંભ[2] વાયુ હોય તો મીઠી ખારી ખાટી અને સ્નિગ્ધ તથા ઉની વસ્તુઓનું યોગ્ય રીતે મર્દન કરવું. અથવા ઉના પાણીના કોગળા કરવા તેથી પણ જીવ્હાસ્તંભ મટે છે.

ગદ્ગદત્વ[3] મિનમિનત્વ[4] અને મૂકતા[5] થયલ હોય તો સરગવો, વજ, સિંધાલૂણ, ધાવડીનાં ફૂલ, કાળીપાડ અને લોદર એ સઘળાં ચાર ચાર તોલા ભાર લઇ એઓની ચટણી કરી બકરીના દુધમાં નાખી તથા ગાયનું ઘી તોલા ૬૪ મેળવી ઘી પકવવાની[6] રીતિ પ્રમાણે તૈયાર કરી યોગ્ય માત્રાએ સેવન કરે તો જડપણું, ગદ્ગદત્વપણું તથા મૂંગાપણું તુરત મટે છે. ચોખો બોલ નિકળે છે અને યાદશક્તિ, બુદ્ધિ, કાંતિ તથા તર્કશક્તિ વધે છે. આ **સારસ્વત ઘૃત** કહેવાય છે. (ગ્રન્થ કર્તા કહે છે કે-સરસ્વતીમંત્રવડે મંત્રી સારસ્વત ઘૃત સેવન કરવું-એટલે '**ॐ ह्रीं ऐं ह्रीं ॐ सरस्वत्यैनमः**' આ મંત્રનો ૧૦૦૦ વખત શુદ્ધ ઉચ્ચાર કરી પવિત્ર મનથી મંત્રવિધાન પ્રમાણે સિદ્ધ કરી સારસ્વત ઘીને મંત્રવું.) **અથવા** માલકાંકણીનું તેલ પણ તેજ પ્રમાણે સેવન કરવાથી વાયુના સર્વ રોગ જાય છે તથા ચમત્કારિક બુદ્ધિ આપે છે. **અથવા** હળદર, વજ, ઉપલેટ, પીપર, સુંઠ, જીરૂં, બોડી અજ-

---

૧ પ્રસારણી નામની ઔષધી માટે નિઘંટો અને તેમાં દર્શાવેલ નિશાનીઓ પ્રમાણે વિચારતાં બલા-રાજબળા-નાગબળા અને અતિબળા એ ચાર જાતની કાંસકી, મ્હોટી કાંસકી, ભોંય કાંસકી અને સાધારણ કાંસકી હોવી જોઇએ એમ પ્રમાણોથી સિદ્ધ થાય છે. તે ખપાટ, નારી, ખરેટી, ચક્રમેંદી, પાટારી અને કાંસકી વગેરે વગેરે નામોથી ઓળખાય છે. જો કે ચાર જાતોની કાંસકી માટે જોઇએ તેવું સ્પષ્ટિકરણ થયું નથી; તદપિ ચારમાંથી ગમે તે ઉપયોગમાં લેવી; કેમકે તે ચારેના ગુણ સમાન છે.

૨ આ રોગમાં ખાવા પીવાનું કે બોલવાનું કામ બંધ પડે છે--જીભ ઝલાઇ જાય છે.

૩ તોતળું બોલાય તે રોગ. ૪ ગુંગણું બોલાય તે રોગ. ૫ બોબડાપણું.

૬ તેલ તથા ઘી કેમ પકવવું ? તેનો વિધિ પ્રથમ તરંગ કહેલો છે તે પ્રમાણે પ્રત્યેક ઘી કે તેલ પકાવવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોદ, જેઠીમધ અને સિંધાલૂણ એઓને બરોબર લઇ ઝીણું ચૂર્ણ કરી ઘીમાં કાલવીને નિરંતર ૨૧ દિવસ સુધી સેવન કરે તો વાતાદિ સર્વ રોગ દૂર થાય છે. અર્થાત્ યાદશક્તિ, ધારણાશક્તિ મનોહરસ્વર અને મિઠાં વાક્યો બોલનાર થાય છે. આ **કલ્યાણકાવલેહ** કહેવાય છે.

પ્રલાપ અને વાચાળતાનો રોગ હોય તો તગર, પિત્તપાપડો, ગરમાળો, મોથ, કડુ, કાળોવાળો, આસગંધ, બ્રાહ્મી, દ્રાખ, સુખડ, દશમૂળ અને શંખાવળી એઓનો સારી પેઠે ક્વાથ કરી પીવામાં આવે તો તેથી બકવા–પ્રલાપ તથા વાચાલ–બહુ બોલકાપણું તુરત મટે છે.

રસાજ્ઞાન વાયુ રોગ હોય તો સુંઠ, મરી, પીપર, સિંધાલૂણ અને અમ્લવેતસ કિંવા ચૂકો એઓનું ચૂર્ણ જીભ ઉપર ઘસવું તો જીભ રસની અજ્ઞાનતાને તજે છે. **અથવા** કરીયાતું, કડુ, રાઇ, ઇંદ્રજવ, વજ, બ્રાહ્મી, ખાખરાનાં બીજ, સાજીખાર, કાળીજીરી, પીપર, પીપરીમૂળ, ચિત્રક, સુંઠ અને મરી એઓનો આદાના રસ સંગાથે કલ્ક કરી વારંવાર જીભે ચોપડે અથવા એઓનો ક્વાથ કરી કોગળા કરે તો સઘળા રસોની જીભને સારી પેઠે ખબર પડે છે. આ **કિરાતતિક્તાદિ કલ્ક** કહેવાય છે. **અથવા** આદું વારંવાર ખાય; તો પણ જીભનું રસ-શૂન્યતાપણું મટે છે. તથા **બેહેરાપણું** અને **કાનમાં ગણગણાટ થતો** હોય તે પણ મટે છે.

શરીરની ચામડી બેહેરી થઇ ગઇ હોય તો રોગીના શરીરમાંથી વારંવાર લોહી કઢાવવું. **અથવા** સિંધાલૂણ તથા ધમાસો તેલમાં નાખી તેનું શરીરે મર્દન કરવું કિંવા તેલ અને સિંધાલૂણને અંગારા ઉપર નાખી તેનો શરીરને ધુમાડો આપવો.

અર્દિતવાયુ થવાનાં કારણો–સંખ્યા તથા લક્ષણો. ઉંચે સ્વરે બોલવાથી, કઠણ પદાર્થોના ખાવાથી, અત્યંત હસવાથી. અત્યંત બગાસાં ખાવાથી, ઉંચેથી પડતી ભારે વસ્તુ ઉંચું મોહોડું કરી હાથેથી ઝીલવાથી, ઘણોભાર ઉપાડવાથી, ડોકને આડી અવળી રાખી સુ-ઇજવાથી અને વિષમ પ્રકારે બેસવાથી માથું, નાક, હોઠ, હડપચી અને લલાટ–કપાળ તથા નેત્રની સંધિયોમાં રહેલો વાયુ મુખને પીડા કરે છે તેથી અડદીઓ વાયુ થાય છે. તે વાયુ, પિત્ત અને કફનો એમ ત્રણ પ્રકારનો છે. તે પૈકી જો **વાયુનો** અર્દિતવાયુ હોય તો લાળ ઘણી પડે, શરીરમાં પીડા, શરીર કંપે, તથા ફરકે, ડાઢી હાલી શકે નહીં, હોઠ સુજી જાય અને શૂળ નીકળે તથા બોલવામાં અટકાયત થાય છે. જો **પિત્તનો** હોય તો મોહોડું પીળું થાય, તાવ આવે, તૃષા લાગે અને મોહ તથા ગરમી થાય છે. જો **કફનો** અર્દિતરોગ હોય તો ગાલમાં, માથામાં તથા ખભાની નસોમાં સોજો અને અક્કડપણું થાય છે.

જો અર્દિત રોગવાળો ક્ષીણ હોય આંખ મટકાવી શકતો ન હોય કિંવા ચોખી રીતે ન બોલી શકે–લોચાવળે અને કંપારો થતો હોય તથા અર્દિતરોગ–થયાને ત્રણ વર્ષ થઇ ગયાં હોય, નેત્ર, નાક અને મોહોડું ચૂવા કરતાં હોય તો તે રોગ મટતો નથી; પણ યમરાજ-ના હાથે પડયા પછીજ તેનો અર્દિતવાયુ મટે છે.

ઉપાય.

અડદીઆ વાયુ વાળો ચીકણા–ચીકટા પદાર્થો (સ્નેહપાન) ઉપયોગમાં લે, તથા વાયુને મટાડે તેવી ઔષધીઓનો નાસ લે, વાયુને મટાડે તેવાં ભોજન કરે, માથાની બસ્તિ લે, અને વાયુને મટાડે તેવાં બંધાણ બાંધે તો મટે છે. **અથવા** નારાયણ તૈલ તથા વિષગર્ભ તૈલનું શરીરે મર્દન કરે. ડાંભ દેવરાવે. ગરમ ઔષધો દાસ પરસેવો કઢાવે તો તેથી અડદીઓ વાયુ મટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો **વાયુથી** થએલો અડદીઓ વાયુ હોય તો, દશમૂળનો કવાથ પીવો. **અથવા** બીજોરાનો રસ પીવો. **અથવા** કાંસકીના કવાથથી કે પંચકોલ વા, પંચમૂળના કવાથથી પકાવેલું દુધ પીવું જેથી અડદીઓ વાયુ મટે છે. **અથવા** હિંગ, લસણ તથા આદા સાથે અડદની વાટી દાળનાં વડાં ખાઇ ઉપર માંસનો રસો પીએતો અડદીઓ વા મટે છે.

જો **પિત્તથી** થએલો અડદીઓ વા હોય તો ઠંડા ઘીનો ઉપયોગ કરવો કિંવા ઘીથી બસ્તિકર્મ કરે **અથવા** દુધનું સેવન કરે અથવા વાયુ તથા પિત્તને નાશ કરનારી ચિકિત્સાઓ કરે તો પિત્તનો અડદીઓ વા મટે છે.

જો કફથી થએલો અડદીઓ વા હોય તો **રુક્ષ અને** પુષ્ટિકર્તા ઔષધીઓનું સેવન કરવું. જો **સોજા સંયુકત** અડદીઓ વા હોય તો વમન કરાવવું. **અથવા** તલના તેલમાં લસણનો કલ્ક મેળવી ખાય તો સર્વ પ્રકારનો અડદીઆ વા મટે છે.

મન્યાસ્તંભ[1] **વાયુ** હોય તો દશમૂળનો કવાથ **અથવાં** પંચમૂળનો કવાથ પીવાથી **તથા** પરસેવો લાવવાથી **અથવા** નાસ લેવાથી અને તેલ કે ઘીનો ડોક ઉપર અભ્યંગ-મર્દન કરી આકડાનાં કે એરંડાનાં પાદડાં ડોક ઉપર વીંટી બહુવાર સુધી શેક કરવાથી અવશ્ય મન્યાસ્તંભ વાયુ જાય છે. **અથવા** કુકડીના ઇંડાના રસને ઉનો કરી તેમાં સિંધાલુણ અને ઘી મેળવી ડોક ઉપર મર્દન કરે તો મન્યાસ્તંભ મટે છે.

બાહુશોષ વાયુ હોય તો જમ્યા પછી મહા કલ્યાણઘૃત (જે ઉન્માદ રોગમાં લખવામાં આવ્યું છે તે) નું સેવન કરવું. **અથવા** કાંસકીના મૂળનો ઉકાળો કરી સિંધાલૂણ નાખી પીવો તેથી બાહુશોષ મટે છે.

અપબાહુક વાયુ થયો હોય તો ટાઢાપાણીનો નાસ દેવો. **અથવા** ગુગળ. તથા જિંગિનીનો ઉપયોગ કરવો. (અથવા તેનો કવાથ કરીને પીવો.) **તથા** કાંસકી અને પારીજાતનાં મૂળ લઇ તેઓની ચટણી બનાવી પાણીમાં મેળવી પીએ. **અથવાં** કૌચનો રસ પીવાથી અને અડદના રસનું નસ્ય-નાસ આપવાથી અપબાહુક મટે છે. **અથવા** અડદ. અલસી, જવ, કાંટાશરીઓ, ભોંરીંગણી, ગોખરૂ, અરલુનાંમૂળ, કૌચાં, વાળો, કપાસીઆ, શણનાંબીજ, કલથી અને મરી એઓના કવાથથી સિદ્ધ કરેલું તેલ અથવા તો બકરાંના માંસના રસથી, સુંઠ, પીપર, સવા, એરંડાનાંમૂળ, સાટોડીનાં મૂળ, ખપાટ-કાંસકીનાં મૂળ, રાસ્ના, ગળો અને કડુ એટલા પદાર્થોના નોખાનોખા કવાથથી પણ પકાવેલું તેલ બાહુએ મર્દન કરવાથી અપબાહુક રોગ જાય છે. આ **માષતૈલ** કહેવાય છે.

વિશ્વાચી વાયુ હોય તો દશમૂળ, કાંસકી, તથા અડદ એઓનો કવાથ કરી તેમાં તેલ મેળવી કિંવા ઘી મેળવી સાંજરે જમ્યા પછી પીવો અથવા નાસ લેવો તેથી વિશ્વાચી મટે છે. **અથવા** અડદ, સિંધાલૂણ, કાંસકી, રાસ્ના, દશમૂળ, હિંગ, વજ અને બીલીનાં મૂળ એઓથી સિદ્ધ કરેલું તેલ સુંઠ નાખી પીવામાં આવે તથા તે તેલનું મર્દન કરે તો બળવાન્ વિશ્વાચી મટે છે. અને બાહુશોષ, અપબાહુક, પક્ષાઘાત તથા અર્દિતવાયુ નાશ પામે છે. આનુંનામ પણ **માષ તૈલ** છે.

ઉર્ધ્વવાત થયો હોય તો સુંઠ ૧૦ ભાગ, વરધારો ૧૦ ભાગ, (વરધારો ન મળે તો

[1] દિવસે સુવાથી, વિપરીત આસનથી અને વિપરીત સ્થિતિમાં ડોકને રાખવાથી કે તેવીજ રીતે શરીરના અવયવો રાખી ઉંચું જોવાથી વાયુ કોપ પામી વાયુ કફથી વીંટાઇ ડોકના પાછળ રહેલી મન્યા નામની ૧૪ નસોને સજ્જડ કરી દેછે, તેથી મન્યા સ્તંભ કહેવાય છે.

For Private And Personal Use Only

નસોતર લેવી) હરડે ૩ ભાગ, શેકેલી હિંગ ૪ ભાગ અને સિંધાલૂણ તથા ચિત્રામૂળ ૧-૧ ભાગ લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી સેવન કરે તો ઉગ્ર ઉર્ધ્વવાત પણ મટે છે.

આધ્માન-આફરો ચઢ્યો હોય તો લંઘન કરાવી પછી અગ્નિ પ્રદીપ્ત થાય તથા પાચન કરે તેવાં ઔષધો સેવવાં. ગુદામાં યોગ્ય ઔષધોથી લપેટેલી દીવેટ ઘાલવી. (ગુદામાં) પિચકારી મારવી અને શોધન પણ કરવું. **અથવા** પીપર ૧ તોલો, નસોતર ચાર તોલા અને ખાંડ ૪ તોલા લઇ ચૂર્ણ કરી મધમાં કાલવી એક તોલા ભાર સેવન કરે તો આફરો તુરત મટી જાય છે. આ **નારાયણચૂર્ણ** કહેવાય છે. **અથવા** દેવદાર, વજ, ઉપલેટ, સવા, શેકેલી હિંગ અને સિંધાલૂણ એઓનું ચૂર્ણ છાશ કે લીંબુના રસમાં ઘુંટી ઉનું કરી પેટ (ડુંટી બચાવી) ચોપડવામાં આવે તો આફરો મટે છે. **અથવા** હરડે, ગરમાળો, **આમળાં**, નેપાળો, કડુ, થેર, નસોતર અને મોથ એટલાં ચાર ચાર તોલા ભાર લઇ ખાંડી ૫૦૦ તોલા પાણી સાથે પકાવી આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી વસ્ત્રગાળ કરી ફોતરાં કહાડી નાખેલા નવા નેપાળા ચાર તોલા લઇ ઝીણા લુગડામાં બાંધી તે પોટલીને ઉક્ત કવાથમાં ધીમા અગ્નિથી પકાવી (કવાથ ઘાટો થયે) ખરલમાં નાખી તેમાં પુનઃ ૮ ભાગ શુદ્ધ નેપાળા નાખો તથા સુંઠ ૩ ભાગ, મરી ૨ ભાગ, શુદ્ધપારો ૨ ભાગ અને શુદ્ધ ગંધક ૨ ભાગ નાખી ૨ પોહોર સુધી ઘુંટી તૈયાર કરવો. આ રસ ૧ રતી ભાર ટાઢા પાણી સાથે સેવન કરે તો આફરો, શૂળ, અનાહ, પ્રત્યાધ્માન, ઉદાવર્ત, ગોળો અને પેટના રોગો નાશ પામે છે. રોગોનો વેગ શાંત થયા પછી સાકર સહિત દહિં **અથવા** સિંધાલૂણ સહિત થોડાં દહીં ભાત ખાવાં. (રેચ બંધ થયા પછી સાકરને દહિં કે સેંધવ સહિત દહિ ભાત ખાવો.) આ **મહાનારાચ રસ** કહેવાય છે.

પ્રત્યાધ્માન વાયુ હોય તો લંઘન, વમન, દીપન, પાચન તથા બસ્તિ કર્મના પ્રયોગો ઉપયોગમાં લેવા. **વાતાષ્ઠિલા**[1] તથા **પ્રત્યષ્ઠિલા** થએલ હોય તો શેકેલી હિંગ, પીપરામૂળ, ધાણા, જીરૂં, વજ, ચવક, ચિત્રક, કાળીપાડ, કચૂરો, કોકમ, સંચળ, સેંધવ, વડાગરૂં, ત્રિકટુ, જવખાર, સાજી, દાડિમના દાણા, હરડેદળ, એરંડાનાંમૂળ, અમ્લવેતસ અને છિણીનાંમૂળ એઓ સઘળાં સમાન લઇ ચૂર્ણ કરી આદાના તથા બીજોરાના રસની ભાવના દઇ તૈયાર કરેલું ચૂર્ણ યોગ્ય માત્રાએ ઉના પાણી સાથે આ હિંગ્વાદિ ચૂર્ણને સેવન કરવાથી બન્ને વાતરોગ નાશ થાય છે. તથા ગુલ્મ અને અંતર્વિદ્રધિના પ્રકરણમાં જે ચિકિત્સાઓ કહેવામાં આવશે તે ઉપયોગમાં લેવી.

તૂની તથા **પ્રતિતૂની** થયલ હોય તો સ્નેહ (ઘી-તેલ) ની પિચકારીઓ મારવી. **અથવા** પીપર, કાયફળ, સિંધાલૂણ, કાકડાશિંગી, ભારંગી, જવખાર, મરી, કાળીજીરી, ભોંયરીંગણી, નગોડ, અજમો, ચિત્રક અને અરડૂસો એઓનો કવાથ કરી પીવો. આ **પિપ્પલ્યાદિ કવાથ** કહેવાય છે. **અથવા** તેલમાં સિંધાલૂણ નાખી પીવું. **અથવા** હિંગ અને જવખાર ઉના પાણી સાથે પીવાં. **અથવા** સારી પેઠે ઘી પીવું. **અથવા** સુંઠ, પીપર, મરી, શેકેલી હિંગ, જવખાર, સાજી અને સિંધાલૂણનું સૂક્ષ્મ ચૂર્ણ કરી ઉના પાણી સાથે ફાકવું.

ત્રિકશૂળ થયલ હોય તો વસ્ત્ર સાથે રેતીનો શેક કરવો. **અથવા** પથારી નીચે અડાયાનો અગ્નિ રાખી અવિચ્છિન્ન-બંધ ન પડે તેવો શેક કરવો. **અથવા** બાવળ, આસગં-

[1] વાયુના પ્રકોપથી જે આ રોગ થાય છે માટેજ વાતાષ્ઠિલા કહેવાય છે. પણ કફ કે પિત્તથી થતો નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ, ઝિંઝીનાં મૂળ, ગળો, શતાવરી, માળવી ગોખરૂ, રાસ્ના, નસોતર, સવા, કચૂરો, અજમો અને સુંઠ એઓને સરખાં લઈ ચૂર્ણ કરી ચૂર્ણ ભારોભાર શુદ્ધ ગુગળ નાખી, ગુગળથી અરધ ભાગે ઘી મેળવી એકજીવ કરી પ્રાતઃકાળમાં દુધની સાથે અથવા યુષની સાથે કિંવા દારૂની સાથે વા, ઉના કે ઠંડા પાણી સાથે અથવા માંસના રસાની સાથે અરધા તોલાભાર ખાવામાં આવે તો તેથી ત્રિકસ્થળ, ઢીંચણ ઝલાયા હોય તે, હનુગ્રહ, તથા ભુજામાં, સાંધાઓમાં, પગમાં, હાડકાઓમાં, મજ્જામાં, સ્નાયુઓમાં અને કોઠામાં એટલા સ્થાનોમાં રહેલો વાયુ, કફ તથા વાયુના સંબંધવાળા રોગો, વાયુના રોગો, છાતિનો સ્તંભ, યોનિના દોષ, ભાગેલાં હાડકાં સંબંધી રોગ, વીંધાવાથી થએલા રોગ, ખંજાપણું, ગૃધ્રસી અને પક્ષઘાત એ સર્વે રોગોને મટાડે છે. આ **ત્રયોદશાંગ ગુગળ** કહેવાય છે.

બસ્તિવાત[1] થયો હોય તો કાંસકીનુંમૂળ, મોરવેલ-ઝુંઇ પીલુડી અને તજ એઓનું ચૂર્ણ સાકર સંગાથે ૧૬ તોલા દુધમાં મેળવી પીએ તો વારંવાર મૂત્ર આવતું હોય તે બંધ પડે છે. **અથવા** ત્રિફળાનું ચૂર્ણ કરી તેના બરોબર લોહભસ્મ મેળવી મધમાં કાલવી ચાટવાથી વારંવાર મૂત્ર આવતું બંધ પડે છે. **અથવા** જવખારનું ચૂર્ણ માસા ૫ સાકર સાથે મેળવી ખાય તો મૂત્ર રોકાઇ ગયું હોય કે રોકાતું હોય તે અવસ્ય મટે છે. **અથવા** કોળા કે **ભૂરા** કોળાનાં બીજ, તથા કાકડીનાં બીજ એઓને પાણી સાથે વાટી પેડુ ઉપર રાખે અથવા તેમાં જવખાર માસા ૨ મેળવી સાકર નાખી પીએ તો મૂત્રની રોકાણ થતી નાશ પામે છે. **અથવા** આરતીનો કપૂર લઇ તેની દીવેટ કરી યોનિ તથા લિંગમાં મૂકે તો મુત્રનો બંધ છૂટે છે.

ગૃધ્રસીવાયુ બે જાતનો છે-એટલે વાયુથી થએલ અને બીજો વાયુ કફ મળીને થએલ હોય છે. તે પૈકી વાયુથી થએલ ગૃધ્રસીમાં શરીર અતિ પીડાવંત તથા વાંકું થઇ જાય છે, ઢીંચણ, સાથળ અને સાંધે સાંધામાં નસોનું ફરકવું તથા ઝલાઇ જવું થાય છે અને જો વાયુ, કફ સંયુક્ત હોય તો તેમાં શરીર ભારે રહે, ઘેન આવે, અગ્નિમંદતા, અરૂચિ અને મોહોડામાંથી લાળનું પડવું થાય છે. તે ઉપર રેચ તથા ઉલટી આપી રોગીને આમ રહિત થએલો અને પ્રદીપ્ત અગ્નિવાળો થયો જાણી તેલ કે ઘીની (ગુદામાં) પિચકારીઓ મારવી. **અથવા** ગાયનામૂત્ર સાથે ૧ મહીના સુધી એરંડીયું તેલ પીવું **અથવા** તેલ, ઘી, આદાનો રસ, અને બીજોરાનો રસ એ સર્વ એકઠાં કરી તેમાં ચૂકાનો રસ અને ગોળ મેળવી પીવાથી કેડમાં થતા સણકા, સાથળના સણકા, વાંસામાં તથા હાડમાં થતા સણકા, ગોળો, ગૃધ્રસી અને ઉદાવર્ત્ત એટલા રોગો નાશ પામે છે. **અથવા** એરંડાના ગોળાનેફોલી દુધમાં તેની ખીર બનાવી પીએ તો કેડના દુખાવા તથા કેડના શૂળને, ગૃધ્રસી અને અંડકોષના શૂળને મટાડે છે. (આ પ્રયોગ અતિ ઉત્તમ છે.) **અથવા** એરડાનું મૂળ, બીલીનુંમૂળ, ઉભીરીંગણી, બેઠીરીંગણી એઓનો ક્વાથ કરી સંચળ અથવા તેલ નાખી પીવો તેથી સાથળોના સાંધાઓનું, મૂત્રાશય-કોથળીમાં આવતું શૂળ અને ગૃધ્રસી સબંધી શૂળ લાંબા વખતથી થએલ હોય તદપિ નાશ થાય છે. **અથવા** ગોમૂત્રની સાથે એરંડીયું અને પીપરનું ચૂર્ણ સેવવાથી બન્ને પ્રકારની ગૃધ્રસી મટે છે. **અથવા** બિડલૂણ અને સંચળ એઓના ચૂર્ણ સાથે ગોમૂત્ર અને એરંડીયું મેળવી પીવાથી બન્ને જાતની ગૃધ્રસી મટે છે. **અથવા** ગૃધ્રસીને લીધે ચાલવું

[1] મુહુર્મૂત્રણ તથા મૂત્રરોધ વિકારોને **બસ્તિવાત**ના નામથી પણ ઓળખે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંધ પડયું હોય તેથી સજ્જડ થઇ ગએલો માણસ જો અરડૂસો, નેપાળો તથા ગરમાળાના ગોળ એઓનો કવાથ કરી તેમાં અનુમાન પ્રમાણે એરંડીયું મેળવી પીએ તો તુરત અકડાઇ ગએલું શરીર સારૂં થાય છે એ નિઃસંદેહ વાર્તા છે. **અથવા** નગોડના પાનનો મંદ અગ્નિથી પકાવી કરેલો કવાથ પીવાથી ન મટી શકે તેવી ગૃધ્રસી પણ તુરત મટે છે. **અથવા** રાસ્ના ૪ તોલા અને ગુગળ ૫ તોલા એઓ બન્ને ભેગાં કુટી ઘી સાથે ગોળીઓ વાળી–આ **રાસ્ના ગુગળ** ખાવાથી ગૃધ્રસી મટે છે. **અથવા** ગળો, રાસ્ના, ગરમાળાનો ગોળ, દેવદાર, ગોખરૂ, એરંડો અને સારોડી એઓનો કવાથ સુંઠનું ચૂર્ણ નાખી પીવાથી પિંડીઓ, સાથળ, વાંસા, કાકાં અને પડખાનાં શળ મટે છે. આ **રાસ્નાદિ કવાથ** કહેવાય છે.

ખોડા–લંગડા તથા **પાંગળાપણું** થયું હોય તો રેચ લેવાથી તથા ઉષ્ણ ઔષધીઓના સંયોગથી, પરસેવો લાવવાથી, યોગરાજ ગુગળના સેવનથી, ઔષધોથી સિદ્ધ કરેલાં તેલોના મર્દનથી અને બસ્તિકર્મથી મટે છે.

કલાપખંજ હોય તો ઉપર પ્રમાણેજ ઉપાયો યોજવા તથા વિષગર્ભાદિ તેલોનું મર્દન કરવું.

કોષ્ટુશીર્ષ હોય તો ગળો તથા ત્રિફળાં ચાર ચાર તોલાભાર લઇ **કવાથ** કરી આઠ તોલાભાર ઉના ઉના કવાથમાં શુદ્ધ કરેલો ગુગળ એક તોલો નાખી પીવાથી મટે છે. **અથવા** **દુધની સાથે એરંડીયું**[1] કે વરધારો[2] પીવામાં આવે તો મટે છે. **અથવા** તેતરના માંસના શેરવામાં શુદ્ધ ગુગળ નાખી સેવન કરે તો કોષ્ટુશીર્ષ મટે છે. ઢીંચણમાં વિશેષ દુખાવો હોય તો તેલનું મર્દન કરી સુંઠનું ઝીણું ચૂર્ણ ઘસવું તથા તે ઉપર એરંડાનાં પાનડાને તેલ ચોપડી ઉનાં કરી બાંધવાં જેથી ઢીંચણનો દુખાવો મટે છે. **અથવા** કૌંચાનું ચૂર્ણ ટાંક ૨ હલિંની સંગાથે ૭ દિવસ સુધી કે ૧૪ દિવસ સુધી ખાય તો ઢીંચણનો દુખાવો મટે છે.

ખલ્લીવાયુ હોય તો ઉપલેટ તથા સિંધાલૂણની ચટણી બનાવી તેમાં તેલ તથા ચૂકો મેળવી ઉની કરી તેનો માલેસ કરે તો ખલ્લી સંબંધી પીડા મટે છે. અથવા તો એ ઔષધીઓથી તેલ સિદ્ધ કરી મર્દન કરવાથી પણ મટે છે.

વાતકંટક હોય તો વારંવાર લોહી કઢાવવું. **અથવા** એરંડીયું પીવું **અથવા** સોયો વતે ડાંભ દેવા.

પાદદાહ હોય તો મસૂરની દાળને ઉકાળેલા પાણીને ઠંડુ કરી તે સાથે ઝીણી વાટી પાંચ સાત વખત પગે લેપવી. **અથવા** પગને તળીએ માંખણ ચોપડી શેક કરવો તેથી દારૂણ પાદદાહ પણ તુરત મટે છે. **અથવા** એરંડીના ગોળાને ગાયના દુધમાં સારી પેઠે વાટી હથેળી તથા પગનાતળીઆંઓમાં લેપ કરે તો અત્યંત બળતરા થતી હોય તે પણ મટે છે

પાદહર્ષ હોય તો કફ તથા વાયુને હરનારા ઉપાયો કરવા તેથી પગે ખાલી ચઢતી હોય તે મટે છે.

પગેતોડ થતા હોય તો તલ, વડાગરૂં મીઠું અને **હળદર** એ બરાબર લઇ ધંતુરાના રસમાં વા બીજોરાના રસમાં કે પાણીમાં ઘુંટી ઉપરની ત્રણ ચીજોના બરોબર ગાયનું મા-

---

[1] દુધ સાથે એરંડીયું પીવું હોય તો એરંડીયું ૧ તોલો અને દુધ ૪ તોલા લેવું.

[2] દુધ સાથે વરધારાનું ચૂર્ણ પીવું હોય તો વરધારો એક તોલો અને ગાયનું દુધ સોળ તોલાભાર લેવું એમ ગ્રન્થકારોનો આદેશ છે.

ભા. કર્ત્તા.

For Private And Personal Use Only

ખણુ લઇ તેમાં પકાવી તથા પકાવતાં ગોમૂત્ર ચારગણું નાખી પકાવી તેલ સિદ્ધ કરી પગથળી-પગને તળીએ મર્દન કરે તો તોડ મટે છે.

દંડપતાનકાક્ષેપ, દંડકાક્ષેપ, વાતપિત્તકૃતાક્ષેપ અને અભિઘાતકૃતાક્ષેપ થએલ હોય તો કાંસકીનાં મૂળ તથા દશમૂળ ૮-૮ ભાગ લઇ જવ, મરી અને કલથ એ સઘળાંઓના અષ્ટાવશેષ પાંણી રહે તેવા ક્વાથ કરી તેઓના આઠ ભાગ, દુધના આઠ ભાગ અને તેલ ૧ ભાગ લઇ એઓને એક વાસણમાં નાખી પછી તેમાં જીવનીય[1] ગણનાં ઔષધો, સિંધાલુણ, અગર, રાળ, શરૂ, દેવદાર, મજીઠ, પદ્મક, ઉપલેટ, એળચી, કાળી તથા ધોળી ઉપલસરી, છડછડીલો, શિલાજીત, તમાલપત્ર, તગર, વજ, શતાવરી, આસગંધ, સવા અને આટોડીનાંમૂળ એટલાં ઔષધોનું ચૂર્ણ નાખી તેલને સિદ્ધ કરી-પકાવી ઉપયોગમાં લેવું, તેથી સર્વ પ્રકારના આક્ષેપક રોગ અને વાયુરોગ, હેડકી, શ્વાસ, ગોળો, અંત્રવૃદ્ધિ, હીણતા, ભાગેલા હાડ, ઉગ્ર ઉધરસ, નિર્બળતા, સુવાવડીના વિકાર, મર્મસ્થળના માર ઉપર, પરિશ્રમ અને ત્રોડ વગેરેનો નાશ કરે છે તથા સ્ત્રીઓને સગર્ભા બનાવે છે. પણ દેશ, કાળ, વય તથા અગ્નિનો વિચાર કરી માત્રા આપવી. આ **મહાબલાતૈલ** કહેવાય છે.

અંતરાયામ તથા **બાહ્યાયામ** હોય તો અર્દિત-અડદીઆવાના જેવી ચિકિત્સા-રોગ મટાડવાના ઉપાય કરવા.

ધનુર્વાત તથા **કુબ્જક** હોય તો વિશેષે કરીને પ્રસારણી તેલ (હનુગ્રહની ચિકિત્સામાં કહેલું છે તે) નું સેવન કરવાથી શાંત થાય છે. તથા વાયુ વ્યાધિઓની સામાન્ય ચિકિત્સાઓ કરવાથી પણ મટે છે.

અપતંત્ર હોય તો તે ઉપર તૃપ્તિ વિરૂદ્ધ ક્રિયા કરવી નહીં તેમજ નિરૂહબસ્તિ કે વમન પણ સેવન કરવાં નહીં; પરંતુ કફથી તથા વાયુથી રોકાયલી શ્વાસને ચલાવનારી નાડીઓને તીક્ષ્ણ ચૂર્ણના નાસ વડે છૂટી કરવી, જેથી સંજ્ઞા પ્રાપ્ત થાય. **અથવા** મરી, સરગવાનાં બીજ, વાવડીંગ અને મરવો એઓને બરાબર લઇ ઝીણું ચૂર્ણ કરી તેનો નાસ લેવો. **અથવા** હરડેની છાલ, વજ, રાસ્ના, સેંધવ અને અમ્લવેતસ એઓને સૂક્ષ્મ વાટી ઘી અથવા આદાના રસ સાથે ઉપયોગ કરવો જેથી અપતંત્ર મટે છે.

અપતાનક હોય તો દશમૂળનો ક્વાથ પીપરના પ્રતિવાસ સાથે પીવો. તથા ક્વાથ પચી ગયા પછી માંસના રસા સાથે ભાત ખાવો, તેલનું મર્દન કરવું, તીક્ષ્ણ રેચ દેવો અને પછી ઘી પીવરાવવું જેથી નસો સાફ થઇ જાય છે. **અથવા** જમ્યા પેહેલાં મરીના ચૂર્ણ સહિત ખાટું દહિં પીવું અને સ્નેહ (તેલ કે ઘી)ની પિચકારીઓ મારવી તો અપતાનક મટે છે.

પક્ષઘાત[2] થયો હોય તો અડદ, કૌચાં, એરંડો અને મોટી કાંસકીનાં મૂળ એઓનો

---

૧ જીવક, ઋષભક, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, ઋદ્ધિ, વૃદ્ધિ, જેઠીમધ, ડારી, જંગલી મગ અને જંગલી અડદ આ બાર ઔષધીઓ જીવનીયગણની સંજ્ઞાથી ઓળખાય છે.

૨ વાયુ જો પિત્તથી સંયુક્ત હોય તો અંદરદાહ, બહાર સંતાપ, તથા મૂર્છા થાય છે અને કફથી સંયુક્ત હોય તો શીતપણું, સોજો અને ભારેપણું થાય છે. આ લક્ષણો પ્રત્યેક વાયુની વ્યાધિઓમાં પણ લક્ષમાં લેવા યોગ્ય છે. જો એકલા વાયુથી પક્ષઘાત થયો હોય તો મહાકષ્ટસાધ્ય, પિત્તકે કફથી સંયુક્ત હોય તો સાધ્ય અને ધાતુઓના ક્ષયથી થયો હોય તો અસાધ્ય છે, તગાગર્ભિણી, સુવાવડી, બાળક, વૃદ્ધ, ક્ષીણ અને લોહીના ક્ષયવાળો એટલાં મનુષ્યોને પક્ષાઘાત થયો હોય તોપણ અસાધ્ય છે-ગટેલો નથી માટે ચિકિત્સા કરવી વ્યર્થ છે અને વેદના રહિત પક્ષાઘાત હોય તે પણ અસાધ્ય છે.

ભાવપ્રકાશ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્વાથ કરી હિંગ અને સિંધાલૂણ ૫-૫ રતીભાર નાખી પીવો. **અથવા** પીપરામૂળ, ચિત્રક, પીપર, સુંઠ, રાસ્ના અને સિંધાલૂણ એઓનો કલ્ક કરી અડદના ક્વાથમાં નાખી પકાવેલું તેલ મર્દન કરે તો પક્ષાઘાત મટે છે. આ **ગ્રંથિકાદિ તેલ** કહેવાય છે. **અથવા** અડદ, કૌચાં, અતિવિષ, એરંડો, રાસ્ના, સવા, અને સિંધાલૂણ એઓનો સારી પેઠે વાટેલો કલ્ક નાખી તેલથી ચોગણા અડદના તથા કાસકીના ક્વાથમાં તેલ સિદ્ધ કરી તેનું મર્દન કરે તો પક્ષાઘાત મટે છે. આ (ત્રીજું) **માષાદિતૈલ** કહેવાય છે. એમ **ભાવમિશ્ર**નું કહેવું છે. **અથવા** કૌચાં, કાંસકીની જડ, એરંડાનું મગ, અડદ, સુંઠ અને સિંધાલૂણ એઓનો ક્વાથ કરી પીવાથી પક્ષાઘાત મટે છે. **વૈદ્યવિનોદ. અથવા** મહુડાંનો રસ, ખાખરનાં બીજ, આંબાહળદર, ફુલાવેલો ટંકણખાર અને બીજોરાની જડ એઓને ઝીણાં વાટી શરીરને લેપ કરી પછી કેડ બરોબર ખાડો ખોદી તેમાં અગ્નિ સળગવી તપ્યા પછી અગ્નિ કહાડી નાખી તેમાં આકડાનાં પાંનડાં પાથરી તે ઉપર લેપ કરેલા મનુષ્યને બેસાડી યુક્તિ સાથે પરસેવો લાવરાવવો તો તેજ વખતે નિશ્ચે પક્ષઘાત તથા અકડાઇ ગયો હોય તો પણ મટે છે.

સર્વાંગવાયુ હોય તો તેલની કોઠીમાં અવગાહન કરવાથી મટે છે. અથવા વિષગર્ભાદિ તેલના મર્દનથી મટે છે.

હ્રસ્વકેશ હોય તો દેશી ગોખરૂ અને તલનાં ફૂલ એઓ બરાબર લઇ તેઓની બરાબર મધ અને ઘી મેળવી વાળને લેપ કરવાથી વાળ વધતા ન હોય તે વધે છે. **અથવા** જેઠીમધ, નીલા કમળનું મૂળ અને મણુકા-કાળીદ્રાખ, એઓને તેલમાં, ઘીમાં અને દુધમાં ઝીણાં લસોટી વાળને લેપ કરવાથી વાળ બહુ લાંબા વધે છે અને માથાની ઊંદરી પણ મટે છે.

તેમજ **હ્રસ્વકેશાદિથી માંડી પરિશ્રમ સુધી** ૨૯ વાત વ્યાધિઓના જે સાધારણ ઉપાયો કહેવામાં આવશે તે કરવા જેથી એ ૨૯ જાતના વાયુઓ મટે છે.

વાચાલતા, કટિગ્રહ, આક્ષેપક, શ્રમનાશ અને ઉરૂસ્તંભ વગેરેની પૂર્વે કહેલા વાતરોગમાંની ચિકિત્સાઓ કરવી **અથવા** નિદ્રા નાશ થએલ હોય તો શેકેલી ભાંગનું ચૂર્ણ મધ સંગાથે અનુમાન પ્રમાણે ખાવું. **અથવા** પીપરામૂળનું ચૂર્ણ ગોળમાં મેળવી ખાવું. **અથવા** કલગારી-વછનાગડીયાનું મૂળ માથે બાંધવું. **અથવા** કાંસકાથી સહેવાતે સહેવાતે માથું ઓળવું. **અથવા** સુંવાળા હાથોથી પગનાં તળીઆં મસળાવાં. **અથવા** વંત્યાકના ભડથીયામાં મધ મેળવી ખાવું. **અથવા** તેલની કાંજી સાથે કે ખટાશની સાથે તે ભડથીયું રાત્રે ખાવું. **અથવા** એરંડીયું અને અગસ્તીનું તેલ બરાબર લઇ કાંસાની થાળીમાં નાંખી ખૂબ ઘુંટી આંખમાં અંજન કરવું. **અથવા** સવા અને ભાંગ ઝીણાં વાટી બકરીના નવાયા દુધમાં નાખી પગનાં તળીઆં ધોવાં. **અથવા** કસ્તૂરીને ધાવણુ સાથે ઘસી અંજન કરવું, જેથી ઘણા દિવસથી નાશ થઇ ગયેલી નિદ્રા અથવા કમતી થએલી નિદ્રા પુનઃ તુરત પ્રાપ્ત થાય છે. **વૈદ્યરહસ્ય.**

સાત ધાતુઓમાં પ્રાપ્ત થએલી વાતવ્યાધિઓનાં લક્ષણ.

જો **રસ ધાતુમાં** વાયુ રહેલો હોય તો શરીરની ચામડી લુખી, ફાટેલી, જડ, પાતળી, કાળી, સોયથી ભોંકાયા જેવા, વ્યથાવાળી, લબડતી અને રતાશવાળી થઇ જાય છે અને સાંધે ચામડામાં વ્યથા કરે છે.

જો **લોહી ધાતુમાં** વાયુ રહેલો હોય તો તીવ્ર પીડા થાય છે, સંતાપ થાય, શરીરનો વર્ણ બગડી જાય, દુર્બળપણું, અરૂચિ, ગાત્રોમાં વ્રણ અને જમ્યા પછી તૃપ્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોહીની વૃદ્ધિ થવાથી સ્તબ્ધ થાય છે.

જો **માંસમાં** વાયુ રહેલો હોય તો શરીર ભારે, પીડાયુક્ત, સ્તબ્ધ, વ્યથાવાળું અને અત્યંત નિશ્ચળ થઇ જાય છે.

જો **મેદમાં** વાયુ રહેલો હોય તો માંસમાં રહેલ વાયુના જેવાંજ લક્ષણો થાયછે, પણ થોડી પીડા વાળાં વ્રણો તથા ગાંઠો થાય છે એટલોજ ફેર છે.

જો **અસ્થિમાં** વાયુ રહેલો હોય તો સાંધે સાંધાઓમાં પીડા, શૂળનું નીકળવું, માંસ તથા બળનો ક્ષય, નિદ્રા આવે નહીં અને પ્રબળપીડા થાય છે.

જો **મજ્જામાં** વાયુ રહેલ હોય તો અસ્થિમાં રહેલી વાયુ પીડા પ્રમાણે લક્ષણ હોય છે; પરંતુ વિશેષતા એટલીજ છે કે, મજ્જામાં રહેલા વાયુએ કરેલી પીડા કદિ શાંત થતી નથી.

અને જો **વીર્યમાં** વાયુ રહેલો હોય તો વીર્યને સ્ખલિત થવા દેતોજ નથી અથવા તો સ્ત્રીસંગમાં તુરત વીર્ય સ્ખલિત થાય છે. તથા ગર્ભનો પાત કરે છે કિંવા ગર્ભને મૂઢ કરી નાખેછે. વીર્યનો વર્ણ બદલી નાખે છે અને અનેક વિકૃતિ કરે છે.

ઉપાય.

રસમાં વાયુ રહેલ હોય તો તેલ ઘીનું મર્દન કરવું તથા સ્વેદનની ક્રિયા કરવી. **લોહીમાં** વાયુ હોય તો ટાઢા લેપ, રેચ આપવો. તથા ફસ ખોલાવવા વગેરેથી લોહી કઢાવવું. **માંસ કે મેદમાં** વાયુ રહેલો હોય તો રેચ આપવો તથા નિરૂહ બસ્તિ ક્વાથની પિચકારીઓ મારવી. **અસ્થિ કે મજ્જામાં** વાયુ રહેલો હોય તો બહાર તથા અંદર સ્નેહની યોજના યોજવી. અને **વીર્યમાં** રહેલો હોય તો સ્ત્રીઓ વગેરેથી હર્ષ ઉપજાવવો અને વીર્યને વધારનારાં ઔષધો તથા અન્ન પાનો ઉપયોગમાં લેવાં જેથી બળ વીર્ય વધેછે.

બીજા પ્રકારના સ્થાનકોના ભેદથી વાતવ્યાધિઓનાભેદ.

દુષ્ટ વાયુ **કોઠામાં** રહ્યો હોય તો મળ-મૂત્રનું રોકાણ કરી ગુલ્મ, હૃદયરોગ, બદ તથા અરશ અને પડખામાં શૂળ ઉત્પન્ન કરે છે.

ઉપાય.

પાચન કરનારા રસોની યોજના કરવી તથા અન્ય ઉપાયોથી મળોને પકવી દેવા અને દુધ પીવું જેથી કોઠામાં રહેલો દુષ્ટ વાયુ નાશ પામે છે.

દુષ્ટ વાયુ [1]**આમાશયમાં** રહ્યો હોય તો છાતીમાં, પડખામાં તથા નાભિમાં પીડા કરેછે અને તૃષા, ઓડકાર, કૉલેરા, ઉધરસ, કંઠશોષ અને શ્વાસને ઉત્પન્ન કરે છે.

ઉપાય.

લંઘન કરાવી દીપન તથા પાચન ઔષધીઓ આપવી. ઉલટી અને આકરા રેચ આપવા તથા જુના મગ, જવ અને ચોખા પથ્યછે માટે તે ખાવા આપવા. **અથવા** રોહીસ, હરડેની છાલ, કચૂરો અને પુષ્કરમૂળ, એઓનો ક્વાથ **અથવા** બીલાનો ગર્ભ, ગળો, દેવદાર અને સુંઠનો **ક્વાથ તથા** વજ, અતિવિષ, પીપર અને બિડલૂણનો ક્વાથ કરી પીવાથી આ-

[1] નાભિ અને સ્તન વચ્ચેના ભાગને આમાશય કહે છે. **ચરકસંહિતા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માશયમાં રહેલો દુષ્ટવાયુ નાશ પામે છે.

પકવાશય-હોજરીમાં દુષ્ટ વાયુ રહ્યો હોય તો પેટનાં આંતરડાં બોલ્યા કરે, શળ નીકળે, આફરો ચઢે, મળ-મૂત્ર કષ્ટથી ઉતરે અને ત્રિકસ્થાનમાં વેદના થાય છે.

ઉપાય.

જે ઉદાવર્ત્ત રોગ માટે ચિકિત્સા કહેવામાં આવશે તે પ્રમાણે ઉપાય કરવા. **છાતીમાં** દુષ્ટ વાયુ રહેલો હોય તો પ્રાતઃકાળમાં યત્નપૂર્વક નત્રશેકા ઉના પાણીની સાથે મરી તથા ગળો પીવામાં આવે તો હૃદયનો દુષ્ટ વાયુ નાશ થાય છે. **અથવા** આસગંધ, અને બેહેડાં એઓને ઝીણાં વાટી ગોળમાં મેળવી ઉના પાણી સાથે ઉપયોગમાં લેવાં. **અથવા** દેવદાર તથા સુંઠ એઓને વાટી ઉના પાણી સાથે પીવાથી હૃદયનો દુષ્ટ વાયુ નાશ પામે છે.

કાન વગેરે જ્ઞાન ઇંદ્રિઓમાં દુષ્ટ વાયુ રહેલો હોય તો ઇંદ્રિઓની શક્તિ નાશ કરે છે.તે માટે વાત વ્યાધિની ચિકિત્સાઓ કરવી. સ્નેહ પદાર્થોનો અભ્યંગ-માલેસ કરવો. સ્નેહ કુંડમાં અવગાહન કરવું. કિંવા શેક કરવો.

શરીરની ધોરી નસો કે નસોમાં દુષ્ટવાયુ રહેલો હોય તો નસોમાં શળ ચાલે, નસોનો સંકોચ થાય અને શિરાના સ્થૂલપણાને, છાતીથી નમીજવાને-અંતરાયામને, પીઠથી નમી જવાને-બાહ્યાયામને, ખલ્લી અને કુબ્જપણાને ઉત્પન્ન કરે છે.

ઉપાય.

સ્નેહથી અભ્યંગ-મર્દન કરવાથી, સ્નેહવાળા પાટા બાંધવાથી, સ્નેહના લેપનથી અને લોહી કઢાવવાથી નસોમાં રહેલો દુષ્ટવાયુ નાશ પામે છે. તથા ડાંભદેવા, સખ્ત બંધન કરવું અને તેલ ચોળવું જેથી સ્નાયુઓમાં રહેલો દુષ્ટવાયુ નાશ થાય છે.

સાંધાઓમાં દુષ્ટવાયુ રહેલો હોય તો સાંધાઓને છુટા પાડી દે છે અને શળ તથા સોજાને ઉત્પન્ન કરે છે.

ઉપાય.

ડાંભદેવા, સ્નેહવાળા પાટા બાંધવા, ઇંદ્રવરણાનાંમૂળ અને પીપર એઓનું ચૂર્ણ ગોળમાં મેળવી તોલાભાર ખાવું તો સાંધાઓમાં રહેલો દુષ્ટવાયુ નાશ પામે છે.

સમસ્ત વાતવ્યાધિઓમાં કષ્ટસાધ્ય કેટલા છે ?

હનુગ્રહ, અર્દિત, આક્ષેપ, પક્ષાઘાત અને અપતાનક એટલા વાતવ્યાધિઓ યત્ન કરવાથી લાંબા સમયે મટેછે; પણ જો રોગી બળવાન્ તથા યુવાન હોય અને ઉપદ્રવ રહિત-એટલે વિસર્પ, દાહ, વ્યથા, ભ્રમ, મૂર્ચ્છા, અરૂચિ, અગ્નિમંદતા અને બળ તથા માંસ ક્ષીણ થયેલ ન હોય તો તે વાતરોગી વખતે સાજો થાય છે; પરંતુ ઉપદ્રવે કરીને યુક્ત અને વૃદ્ધ, તથા દુર્બળ હોય તો યમ મંદિરની મુલાકાત લે છે. અથવા સુજીગએલો, શૂન્ય ત્વચાવાળો, દીનતાયુક્ત, કંપ તથા આફરાથી પીડિત અને વાતવેદનાથી રીબાતો હોય તો તે વાયુરોગી છેવટ મરણને શરણ થાય છે.

વાતવ્યાધિના સામાન્ય ઉપાય.

આસગંધ, કાંસકીનુંમૂળ, બીલી, કારૂચ-પાડળ, બેઠીરીંગણી, ઉભીરીંગણી, માળવી ગો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખરૂ, મોટીકાંસકી, લીંબડાની અંતર છાલ, અરલુ, સાટોડી, પ્રસારણી (નારી), અને અરણી એ પ્રત્યેક પદાર્થો ૪૦-૪૦ તોલા ભાર લેવા તથા ૪૦૯૬ તોલા પાણીમાં તેનો ક્વાથ કરી ચતુર્થાંશ પાણી રહે ત્યારે નિચે ઉતારી વસ્ત્રગાળ કરી તેમાં ૨૫૬ તોલા ભાર તેલ, ૨૫૬ તોલા શતાવરીનો રસ અને ૧૦૨૪ તોલા ભાર ગાયનું દુધ નાખી તથા વજ, રતાંજળી, ઉપલેટ, એળચી, છડછડીલો, શિલાજીત, સિંધાલુણ, આસગંધ, કાંસકી, રાસ્ના, સવા, દેવદાર, સમેરવો, ગધીસમેરવો, જંગલી અડદ, જંગલી મગ અને તગર એ પ્રત્યેક ઔષધો ચાર ચાર તોલા ભાર લઇ એઓનું કલ્ક કરી ઉપર કહેલા તેલમાં નાખી ધીમી આંચથી પકાવવું. જ્યારે સર્વ રસ બળી માત્ર તેલ આવી રહે ત્યારે નિચે ઉતારી વસ્ત્રગાળ કરી સુંદર પાત્રમાં ભરી લેવું. પછી તેમાંથી યોગ્ય સમય ઉપર વાતવ્યાધિ માટે પીવું, મર્દન કરવું, ખાવું કે પિચકારીના કામમાં વાપરવું, જેથી પક્ષાઘાત, હનુગ્રહ, મન્યાસ્તંભ, ગળગ્રહ, કુબ્જતા, બહેરાપણું, ગતિનો ભંગ, કેડનું ઝલાવું, ગાત્રનો શોષ, ઇંદ્રિયોનો ધ્વંશ, વીર્યનો નાશ, તાવ, ક્ષય, અંડવૃદ્ધિ, કુરંડ, ગોળો, દાંતના રોગ, માથાનું ઝલાવું, પડખાંઓનું શૂળ, પંગુતા, બુદ્ધિનાશ, ગૃધ્રસી અને બીજા પણ સમસ્ત શરીરમાં રહેનારા વાયુઓનો નાશ કરે છે. વંધ્યા સ્ત્રી આ તેલના સેવનથી સુંદર પુત્ર પામે છે, જેમ શ્રી નારણ ભગવાન દુષ્ટ દૈત્યોનો નાશ કરે છે તેમ આ **નારાયણ તૈલ** સમસ્ત વાયુરોગરૂપી દૈત્યોનો નાશ કરે છે. **અથવા** સુંઠ, પીપરીમૂળ, ચવક, ચિત્રક, પીંપર, શેકેલી હીંગ, બોડી અજમો, સરસવ, જીરૂં, શાહજીરૂ નગોડનાં બીજ, ઇંદ્રજવ, કાળીપાડ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારંગી, વજ, ભોંય પીલુડી, તમાલપત્ર, દેવદાર, પીપર, ઉપલેટ, રાસ્ના, મોથ, સિંધાલુણ, એળચાં, ગોખરૂ, હરડે, ધાણા, બેહેડાં આમળાં, તજ, વાળો અને જવખાર એઓ સઘળાં સમાન ભાગે લઇ એઓનું ઝીણું ચૂર્ણ કરી એ ચૂર્ણ બરાબર શુદ્ધ કરેલો ગુગલ ઘી સાથે કુટી નરમ કરી ચૂર્ણ તથા ગુગળ ઘીના સંયોગે કુટી એક જીવ કરી પિંડો બનાવી ઘીના વાસણમાં રાખી મૂકવો. પછી તેમાંથી ૨૪ ૨૪ ચણોઠીઓ ભારની ગોળીઓ વાળી દોષ અને કાળ વગેરેને અનુસરી સેવન કરે-એટલે પ્રથમ થોડા દિવસ એક એક ગોળી ખાવી, પછી ડોઢ, પછી અરધા તોલા ભાર અને પછી એક તોલા ભાર ખાવી જેથી અરશ, ગ્રહણી, બરલ, ગોળો, પેટનારોગ, આફરો, અગ્નિનીમંદતા, શ્વાસ, ઉધરસ, અરૂચિ, પ્રમેહ, નાભિનું શૂળ, કૃમિ, ક્ષય, છાતીનું ઝલાઇજવું, સર્વ પ્રકારના વાયુવ્યાધિઓ, આમવાત, મૃગી, કોઢ, દુષ્ટવ્રણો, વીર્યના દોષ, રજનાદોષ, ઉદાવર્ત્ત અને ભગંદર એટલા રોગોનો નાશ થાય છે. આ ગુગળ રાસ્નાદિ ક્વાથ સાથે પીવામાં આવે તો સઘળા વાતવ્યાધિઓ ટળે છે. કાકોલ્યાદિ ક્વાથ સાથે સેવવાથી પિત્ત, આરગ્વધાદિ ક્વાથની સાથે સેવવાથી કફ, દારૂહળદરના ક્વાથ સાથે સેવવાથી સર્વ પ્રમેહ, ગોમૂત્રની સાથે સેવવાથી પાંડુરોગ, મધની સાથે સેવવાથી મેદવૃદ્ધિ, લીંબડાના ક્વાથ સાથે સેવવાથી કોઢ, ગળોના ક્વાથ સાથે સેવવાથી વાતરક્ત, મૂળાના ક્વાથ સાથે સેવવાથી સોજો, કાકચના ક્વાથ સાથે સેવવાથી ઉંદરનું ઝેર, ત્રિફળાના ક્વાથ સાથે સેવવાથી નેત્રની દારૂણ વેદના અને પુનર્નવાદિના ક્વાથ સાથે સેવન કરવાથી સઘળા ઉદર-પેટ સંબંધી રોગો નાશ થાય છે, છતાં આ ગુગળનો પ્રયોગ કરતી વખતે મૈથુન કે અન્ન પાનનો કશો પ્રતિબંધ નથી અર્થાત્ ક્રીરી પાળવાની જરૂર નથી, પણ વિરોધકારી કે અવગુણકર્તા વસ્તુઓ સેવવી નહીં. આ **યોગરાજ ગુગળ** કહેવાય છે. **અથવા** લસણની ચટણી કરી કે લસણનો રસ કાહાડી તેમાં તલનું તેલ તથા જોઇએ તેટલું સિંધાલુણ મેળવી સેવન કરે તો સર્વ પ્રકારના વાયુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોગ મટે છે અને વિષમજ્વરોપણ મટે છે. **અથવા** દુધ, ઘી, તેલ, કે **માંસના** રસોની સાથે અથવા તો ભાત કિંવા ખીચડીની સંગાથે સાત દિવસ લસણ ખાય; પરંતુ પ્રત્યેક દિવસે બબ્બે તોલા ભાર વધારીને લસણ ખાય તો વાયુ સંબંધી રોગો, વિષમજ્વરો, શૂળ, ગુલ્મ, મંદાગ્નિ, બરલની ઉગ્રવેદના, હાથ તથા પડખાનું શૂળ, માથાની પીડા અને વીર્યના દોષો એટલાં રોગો નાશ પામે છે. આ **લસણ પ્રયોગ** કહેવાય છે. **અથવા** રાસ્ના, એરંડાનાંમૂળ, અરડુસો, ધમાસો, કચૂરો, દેવદાર, બળદાણા, મોથ, સુંઠ, અતિવિષ, હરડે, ગોખરૂ, ગરમાળો, વરી આળી, ધાણા, સાટોડી, આસગંધ, ગળો, પીપર, વરધારો, શતાવરી, વજ, કંટાશળીઓ, ચવક, ઉભીરીંગણી અને બેઠી રીંગણી એઓમાં રાસ્ના ૩ ભાગ અને બીજા એક એક ભાગ લઈ એઓનો કવાથ કરી આઠમા ભાગનું પાણી (બળતાં) બાકી રહે ત્યારે દોષને અને વ્યાધિને અનુસરી સુંઠ અથવા આભાદિ ચૂર્ણ અથવા અલંબુષાદિ ચૂર્ણ અથવા અજમોદાદિ ચૂર્ણ નાખવું. પછી કવાથ ગાળી લઈ (યોગરાજ ગુગળ સંગાથે) યોગ્ય માત્રાએ સેવન કરે તો સમસ્ત પ્રકારની વાતવ્યાધિયો, અનાહ, આંતોનું કુંજવું, ગોળો, છાતીનાં દરદો, અંત્રવૃદ્ધિ, શ્લીપદ, યોનિ તથા લિંગ સંબંધી પીડાઓ અને સ્ત્રીઓનું વાંઝીયાપણું એટલા રોગોનો નાશ કરે છે. આ **મહારાસ્નાદિ કવાથ** પ્રજાપતિએ બનાવેલો છે. સઘળાં પાચન રસાયનોનાં ઉત્તમ રસાયન રૂપ છે. એમ **ભાવમિશ્ર** કહે છે. **અથવા** થોરના પાનનો રસ, સરગવાના પાનનો રસ, બકાન લીંબડીના પાનનો રસ. નગોડના પાનનો રસ, એરંડાના પાનનો રસ અને કણેરના પાનનો રસ લઈ એ સર્વ રસોના ચોથે ભાગે તેલ લેવું. પછી તેલ પકાવવાની રીત પ્રમાણે તૈયાર કરી તેમાં સુંઠ નાખી સિદ્ધ કરી તે તેલનું મર્દન કરે તો સર્વ પ્રકારના વાયુ રોગ મટે છે. આ **અષ્ટાંગ તૈલ** કહેવાય છે. **અથવા** ધંતુરાનાં મૂળ, નગોડ, કડવી તુંબડીની જડ, સાટોડી, કૌચાં, કલગર, લીંબડાની અંતરછાલ, આસગંધ, પુવાડીઆ, ચિત્રક, સરગવાનુંમૂળ, બકાન લીંબડીની છાલ, દશમૂળ, શતાવરી, કારેલી, બન્ને ઉપલસરી, શ્રીપર્ણી, ભોંયકોળું, થોર તથા આકડાનાં પાન, કાકજંઘા, રાતી તથા ધોળી કણેર, મરડાશીંગ, અંધાડો અને મોટી કાંસકી એ સઘળાં ઔષધો ૧૨–૧૨ તોલા ભાર લઈ સર્વ ઔષધો બરાબર ત્રિફળાં અને એ સર્વ બરોબર કાળાતલનું તેલ તથા તેટલુંજ એરંડીનું અને એઓથી ચારગણું પાણી નાખી તેમાં, ઔષધોને ખાંડી નાખી તેલ પકાવવાની રીતિ પ્રમાણે તેલ સિદ્ધ કરી તેમાં સુંઠ, મરી, પીપર, આસગંધ, રાસ્ના, ઉપલેટ, લીંબડો, વચ, દેવદાર, ઇંદ્રજવ, જવખાર, સાજીખાર, પાંચજાતનાં લુણ, મોરથુથું, હરતાલ, કાયફળ, કાળીપાડ, ભારંગી, નવસાદર, ગંધક, પુષ્કરમૂળ અને શિલાજીત એ સઘળાં ઔષધો એક એક તોલા ભાર તથા વછનાગ તોલા ૮ લઈ એઓનું ચૂર્ણ કરી તેલમાં મેળવી વસ્ત્રગાળ કરી તે તેલનું મર્દન કરે તો સર્વ પ્રકારના વાયુરોગ, સોજો, માથાની વ્યથા, કાનના શબ્દો, ગૃધ્રસી સંધિવા, અને કુબ, ભ્રમર, પીઠ તથા સાથળ વગેરે સર્વાંગનાં કળતર નાશ પામે છે. સારાંસમાં સર્વ પ્રકારનાં વાયુ, કંઠમાળ, અપચી, કાનમાં થતો ઘોંઘાટ, સમસ્તસન્નિપાત, બેહેરાસ અને વૃદ્ધાવસ્થા એ સર્વનો નાશ કરે છે. આ **વિષગર્ભ તૈલ** કહેવાય છે. **અથવા** મજીઠ, ગઠીયો, દેવદાર. સરલ દેવદાર, રીંગણી, વજ, મરડાશિંગી, તાલીસપત્ર, ચંદન, તેજબળ, કચૂર, હરડેની છાલ, બેહેડાની છાલ, આમળાં અને મોથ એ ઔષધો સર્વ ૮–૮ તોલા ભારલઈ વાટી કલ્ક કરી તેમાં તેલતોલા ૬૪ ભાર નાખી પકાવવું; અને તેમાં છડ, મોરવેલ, ડમરો, મિંઢળ, ચણો, સુંદરી, તજ, પીપરીમૂળ, ઉપલેટ, સુગંધીવાળો અને લજામણી એટલી ઔષધીઓ ૮–૮ તોલાભાર લઈ તેઓનું ચૂર્ણ કરી, તથા કેટલીક લોબાન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કંદરૂ, નખ અને છડ એટલાં ૪–૪ તોલા લેવાં અને એળચી, લવીંગ, ચંદન, જાયની ફળીઓ, કરકચ, કંકોળ, અગર, માલકાંકણી, કસ્તૂરી, ગેહેલા, આંબળાં, અજમોદ, અને કેસર એ સઘળાં ૨–૨ તોલાભાર લઇ સર્વનું ચૂર્ણ કરી તેલમાં નાખવું તથા કપૂર તોલા ૨૦ કપૂર અને કસ્તુરીથી અરધ ભાગે [1] પત્ર કલ્ક વગેરે લઇ તેમાં નાખી ધીમા અગ્નિથી તેલ સિદ્ધ કરી; અર્થાત્ સર્વ રસ બળી માત્ર તેલ આવી રહે એટલે તેલને વસ્ત્રગાળ કરી એ તેલનું મર્દન કરે તો, સર્વ પ્રકારના વાયુરોગ, સર્વ પ્રકારના પ્રમેહ, તથા સોજો, ગોળો અને તાવ એ સર્વનો નાશ કરે છે. આ **લક્ષ્મીવિલાસ** મહા સુગંધિ તેલ કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** સુંઠ તોલા ૨૮ ભાર અને એક કળીનું લસણુ તોલા ૨૮ ભાર લઇ સુંઠને ઝીણી વાટી તેટલોજ ગાયના ઘીમાં શેકી લસણને વાટી સુંઠના ચૂર્ણમાં મેળવી ચોખું મધ તોલા ૨૮ મેળવી એકજીવ કરી નિરંતર ૪–૪ તોલાભાર સેવન કરે તો, પક્ષઘાત, હનુસ્તંભ, કટીભંગ અને ભુજાની પીડાદિ તીવ્ર વાયુરોગ નાશ પામે છે. **અથવા** માલકાંકણી, અસાળીઓ, કાળીજીરી કે શાહજીરૂં, અજમો, મેથી અને તલ એ સર્વ બરાબર લઇ ઘાણીમાં નાખી તેલ કાઢાડી એ તેલનું શરીરે મર્દન કરવું તો, તેથી સર્વ વાયુરોગ નાશ પામે છે. આ **વિજયભૈરવ તૈલ** કહેવાય છે. અથવા શુદ્ધપારો, શુદ્ધગંધક, શુદ્ધહરતાલ અને શુદ્ધમણશીલ એ સઘળાં બરાબર લઇ ઝીણાં વાટી કાંજીમાં ૩ દિવસ સુધી વાટી પછી એક હાથનું ઝીણું કપડું લઇ તે ઉપર તેનો લેપ કરી તે કપડાને લપેટી તેની દીવટ–કાકડો કરી તેના ઉપર સુતર લપેટી મુકવી પછી તે ઉપર તલનું તેલ ચોગણું નાખી સળગાવી લટકાવી રાખવી અને તેના નિચે લોખંડનું પાત્ર મૂકવું, તેમાં જે દીવટમાંથી ટપકી તેલ એકઠું થાય તે તેલ લઇ શરીરે મર્દન કરે તો હાથ, બાહુ, મસ્તક, ડોક, સાથળ, ઢીંચણ અને કંપવાદિ સર્વ પ્રકારના વાયુ રોગ જાય છે. આ **વિજયભૈરવવર્ત્તિ તૈલ** કહેવાય છે. **અથવા** હરડેની છાલ તોલા ૧૨, ચિત્રક તોલા ૧૨, એળચી, તજ, તમાલપત્ર, મોથ એ ચારે ૨–૨–તોલા ભાર, નગોડ ૨ તોલા, નાગકેસર ૧ તોલો, સુંઠ, મરી. પીપર, પીપરીમૂળ અને શુદ્ધ વચ્છનાગ એ ૪–૪ તોલા, લોહ ભસ્મ ૪ તોલા, વંશ લોચન, ૪ તોલા, શુદ્ધપારો ૪ તોલા, અને શુદ્ધગંધક ૪ તોલા લઇ, પારા ગંધકની કાજળકરી પછીથી અન્ય ઔષધીઓ વાટી એકત્ર કરી ત્રણ વરસનો જુનો ગોળ તોલા ૨૦૦ લઇ ચાસણી કરી તેમાં ઉક્ત ઓષડો મેળવી એકજીવ કરી ઘી સાથે ગોળીઓ બોરની મીંજ પ્રમાણે કરી ઘીના રીઢા વાસણમાં રાખી મુકવી. પછી તેમાંથી બળ અનુસારે સારા મુહૂર્તે ગોળી ૧–૨ ઘીના અનુપાન સાથે સેવન કરે. અર્થાત્ બળ આવે ત્યાંસુધી ઘી સાથે ૧ ગોળી અને પછી ૨ કે ૧ાા ગોળી ખાયતો બે મહીનામાં કફનો, ત્રણ મહીનામાં પિત્તનો, ચાર મહીનામાં વાયુના સર્વ રોગ મટે છે. સાત મહીના સેવન કરે તો દ્વંદ્વ જ્વરોનો, એક વર્ષ સુધી સેવન કરે તો, સર્વ પ્રકારના રોગ, બે વર્ષ સેવન કરે તો, ઘરડપણુ મટી યુવાન થાય અને ૩ વર્ષ સેવન કરેતો, નિશ્ચે આયુર્બળ વધે તથા શરીર નિરોગ રહે છે. આ **વિજય ભૈરવ રસ** કહેવાય છે. **અથવા** શુદ્ધપારો ૧ ભાગ, શુદ્ધગંધક ૨ ભાગ, ત્રિફળા ૩ ભાગ, ચિત્રક ૪ ભાગ, અને એરંડીયા તેલથી મર્દન કરેલો ગુગળ ૫ ભાગ. એ સર્વને એકત્ર કરી એરંડીઆ તેલમાં ઘુંટી એક એક તોલા ભાર પ્રમાણે ગોળીઓ વાળી પ્રાતઃકાળે ૧ ગોળી ખાઇ તે ઉપર સુંઠ અને એરંડાના મૂળનો ક્વાથ કરી પીએ અને એરંડીઆ તેલથી રોગીના વાંસા ઉપર માલેસ કરે, શેક કરે તો સર્વ પ્રકારના વાયુ રોગ મટેછે. રેચ લાગેછે, પણ રેચ લાગ્યા પછી સ્નિગ્ધ અને ગરમ અન્ન ખાવું અને પવનમાં

---

૧ જે ઔષધોના કલ્કને પકવી ગાળી કાઢાડી તે પછી નીકળેલા કુચાની સાથે ફરી તેલ ઘી વગેરેને વિશેષસુગંધિ લાવવા માટે વાંટવા તે પત્ર કલ્ક કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન કરતાં નિયમ પૂર્વક ૧ મહીનો સેવન કરે તથા મૈથુનનો ત્યાગ કરે તો નિશ્ચે વાયુ સંબંધી પીડા નાશ કરે છે. આ **વાતારિરસ** કહેવાય છે. **અથવા** શુદ્ધ અભ્રક ભસ્મ, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, સુંઠ,મરી, પીપર અને શુદ્ધ ફુલાવેલો ટંકણ એટલાં બરાબર ભાગે લઇ, વછનાગ મરી ભેગાં વાટી અન્ય ઔષધોનું ચૂર્ણ કરી એકત્ર કરી જળભાંગરાના રસની ૭ ભાવનાઓ આપી ઝીણું ઘુંટી ૨ રતિ પ્રમાણ ગોળીઓ વાળી તેમાંથી ૧ ગોળી આદાના રસ સાથે કે સાકર-ત્રિકટુના ચૂર્ણ સાથે સેવન કરે તો સર્વ પ્રકારના ભયંકર વાયુરોગ મટે છે. અને નાસ લેવાથી મૂર્છા મટે છે. આ **સમીરપન્નગ રસ** કહેવાય છે. **અથવા** ચોખું નવીન અફીણ, શુદ્ધ કરેલાં ઝેર કોચલાં અને કાળાંમરી એટલાં બરોબર ભાગે લઇ પાનના રસ સાથે ઝીણાં ઘુંટી ૧ રતિ પ્રમાણે ગોળીઓમાંથી ૧ ગોળી સેવન કરી ઉપરથી નાગરવેલનું પાન ખાય તો સર્વે પ્રકારના વાયુ રોગ નાશ પામે છે, તથા કુબ્જવાત, ખંજતા, સર્વાંગ વાત, ગૃધ્રસી, અપબાહુક, કૉલેરા, સોજો, કંપવા, પ્રતાનક, અને અરૂચિ એટલા રોગો અવશ્ય નાશ પામે છે. આ **સમીરગજકેશરીરસ** વિશેષે કરીને વાઇ ઉપર આપવા યોગ્ય છે. **વૈદ્યરહસ્ય. અથવા** ખુરાસાની અજમો, છીંકે, ખોડી અજમો, કાકડાશીંગી અને આસગંધ એ સર્વે બરાબર લઇ ઝીણાં વાટી ૧ મહીના સુધી તાજા પાણી સાથે સેવન કરે તો, સર્વ પ્રકારના વાયુરોગ જાય તથા ઉધરસ, શ્વાસ, બકવા, અતિ નિંદ્રા અને અરૂચિ એટલા રોગો મટે છે. આ **વૃદ્ધ ચિંતામણિ રસ** કહેવાય છે. **અથવા** ચિત્રક તોલા ૧૨, હરડેની છાલ તોલા ૧૨ શુદ્ધ-પારો, સુંઠ, મરી, પીપર, પીપરામૂળ, મોથ, જાયફળ અને વરધારો એટલાં ૪-૪ તોલા ભાર લેવાં તથા એળચી, ઉપલેટ, શુદ્ધ હિંગલોક, અકલકરો, માલકાંકણી, તજ, શુદ્ધ અભ્રક-ભસ્મ, અને શુદ્ધ વછનાગ એટલાં ૧૧-૧૧ તોલા ભાર લેવાં અને શુદ્ધ ગંધક ટાંક ૭ તથા ગોળ તોલા ૩૨ લઇ પ્રથમ પારા ગંધકની કાજળીકરી, અન્ય ઔષધોનું ચૂર્ણ કરી એકત્ર કરી ગોળ મેળવી જળભાંગરાના રસની ૧ ભાવના દઇ ૨-૩ રતિ પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર સેવન કરે તો, સર્વે પ્રકારના વાયુ, કોઢ, પ્રમેહ, મૃગી, ક્ષય, શ્વાસ, સોજો, આ-મવાયુ, પાંડુરોગ અને અરશ એટલા રોગો નાશ પામે છે. આ **અમૃતનામા ગુટિકા** કહે-વાય છે. **અથવા શુદ્ધ** પારો અને શુદ્ધ ગંધક એ બન્ને બરાબર લઇ કાજળ કરી દુધી, તુલસી, બાવચી, મોરશિખા, જેઠીમધ, કુકરદંદ અને બહુફળી એઓ દરેકના રસની એક એક ભાવના દઇ ઘુંટી સુકવી પછી કુકડીના ઇંડાના કોઠલામાં ભરી તે ઉપર ૭ કપડા માટી કરી સુકવી [1]ગજપુટ અગ્નિ આપવો; એમ ૩ વાર કરવાથી રસ સિદ્ધ થાય છે. તે રસ-માંથી ૧ રતિભાર યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો, સર્વે પ્રકારના વાયુરોગ જાય અને ભૂખ ઉઘડે છે. આ **રાક્ષસ રસ** કહેવાય છે. **રસાર્ણવ. અથવા** શુદ્ધ[2] પારો તથા શુદ્ધ[3]-

૧. ૧૩૦ આંગુળ-સવાહાથ-એક ગજનો ઉંડો અને તેટલો સમચોરસ ખાડો ખણી તેમાં અડાયાં અથવા થાપેલાં ચોરખાં ૧૦૦૦ છાણાં ભરી જે દવાનું સંપુટ મૂકવું હોય તે મધ્ય ભાગે એટલે ૧૩ થર ઉપર અને ૧૩ નિચે એ પ્રમાણે સંપુટ રાખી સળગાવી દેવામાં આવે તે ગજપુટ કહેવાય છે.

૨ પારાને ઇંટાના ભૂકા સાથે ઘુંટવો જેથી પારો શુદ્ધ થાય છે, જો ઘુંટતાં પારો ભૂકા સાથે મળી જાય તો લિંબુનો રસ નાખી પછી ઝીણા કપડામાં નાખી નીચોવી લેવાથી પારો નિકળી આવશે, અથવા હિંગળોકમાંથી કાઢેલો પારો હોય તે શુદ્ધ પારો ગણાય છે.

૩ આમળાસારો ગંધક લઇ તેના નાના કકડા કરી એક કડછીમાં થોડું ઘી નાખી તેમાં ગંધક નાખી અગ્નિ ઉપર ધરવો, ઘી ઉનું થઇ ગંધક ઓગળે ત્યારે એક વાસણમાં ગાયનું દુધ ભરી તેના મોહોડા ઉપર ઝીણું કપડું બાંધી તે ગંધકનો રસ ઢાળી દેવો જેથી રસ ગળાઇ દુધમાં જઇ પડશે, પા-છો તે ગંધક કાઢી લઇ ફરી નવા દુધમાં ઉપર પ્રમાણે ઓગાળી રસ રેડવો, એમ ત્રીજી વખત પણ કરવું જેથી ગંધક શુદ્ધ થયો ગણાય છે.

૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગંધક એ બે બરાબર લઈ કાજળ કરી તેથી અરધ ભાગે શુદ્ધ[1] હરતાલ મેળવી તે હરતાલ બરોબર ચોખી કલઇની ભસ્મ નાખી આકડાના દુધમાં ૭ દિવસ સુધી ખરલ કરી સુકવી કાચની આતસ શીશીમાં ભરી તે ઉપર કપડા માટી દઈ વાળુકાયંત્રદ્વારા ૧૨ પોહોરનો અગ્નિ આપી રસ સિદ્ધ કરી સ્વાંગ શીતળ થયે ઘુંટી તેમાંથી ૧ રતિ પાનમાં સેવન કરે તો, સર્વ પ્રકારના વાયુરોગ તથા ઉન્માદ, ક્ષીણુતા, મંદાગ્નિ, કોઢ, વ્રણ અને વિષમજ્વર એ સર્વ રોગો નાશ થાય છે. આ **ભગ્નેશ્વર રસ** કહેવાય છે. **યોગતરંગિણી. અથવા** શુદ્ધ હરતાલ, શુદ્ધગંધક, શુદ્ધ પારો, શુદ્ધ[2] હિંગળોક, શેકેલો ટંકણખાર, સુંઠ, મરી અને લીંડીપીપર એ સઘળાં બરાબર લઇ પારાગંધકની કાજળ કરી અન્ય ઔષધોને યથેષ્ટ રીતે વાટી એકત્ર કરી આદાના રસની ૧ ભાવના દઇ ઘુંટી ગોળી મગના જેવડી વાળી ૧ ગોળી ખાય તો, સર્વ પ્રકારના વાયુ જાય, તથા સુવારોગ, મંદાગ્નિ, સંગ્રહણી અને ટાઢીઓ તાવ એ સર્વ નાશ થાય છે. આ **હરતાલ ગુટિકા** કહેવાય છે, **રત્નપ્રદીપ. અથવા** લસણ તોલા ૭ા ભાર લઇ ફોલી ઝીણું કાતરી દુધ તોલો ૧ાા અને પાણી તોલો ૦ાા મેળવી તેમાં લસણ નાખી મંદાગ્નિ આપવો, જ્યારે દુધ શોષાઇ જાય ત્યારે તેને ખરલમાં ઘુંટી તેમાં ૦ાા તોલો ઘી નાખી આંચ દેવી. જ્યારે લાલાશ પડતો રંગ થાય ત્યારે ઉતારી લઇ ઘી કાહાડી લેવું, પછી ૩ તોલા સાકરની ચાસણી કરી તેમાં કસ્તૂરી ૧ા રતિ, લવીંગ ૪ રતિ, જાયફળ ૧ માસો, તજ ૧ માસો અને સોનાના વરખ ૨ એ સર્વ ઔષધીઓ ચાસણીમાં મેળવી તથા લસણ પણ મેળવી ગોળીઓ ૪ બનાવવી, ગોળી ૧ પ્રભાતે ખાવી, જો વાયુનું પ્રબળતાપણું હોય તો ૧ ગોળી સંધ્યા વખતે પણ ખાવી, જેથી વાયુ માત્ર નાશ પામે છે, પણ પથ્યમાં રહી સેવન કરવી. એજ હિસાબ પ્રમાણે વિશેષ માત્રાએ ઔષધીઓ લઇ લસણ પાક કરી વાયુના રોગો જોરાવર હોય તો ૨૧ તથા ૪૯ દિવસ લસણનો પ્રયોગ ઉપયોગમાં લેવો તો, વાયુ રોગો મટે છે અને શરીર પુષ્ટ થાય છે તથા ભૂખને વધારે છે. આ **લસણપાક** કહેવાય છે.”

વાયુરોગીનાં પથ્યાપથ્ય.

તેલનું મર્દન, ઉના પાણીથી સ્નાન, પવન ન લેવો, ભૂમિશયન, પરસેવો લાવવો, ઘુમાડો તેલ, મીઠા, ખાટા-ખારા પદાર્થો, છાશની આછ, ઘઉં, અડદ, સાઠીચોખા, કળથી, પરવળ, સરગવો, વંત્યાક, સવાની ભાજી, તુવરની દાળ, તાંદળજો, હિંગ, લસણ, દાડિમ, કેરી, સિંધાલુ, વહેતું પાણી, દ્રાખ, નારંગી, સાકર, તાંબૂલ અને જુલાબ એટલાંવાનાં હિતકારી-સેવન કરવા યોગ્ય છે.

ચિંતા, ઉજાગરો, મળ-મૂત્રાદિના વેગને રોકવા, ઉલટી, શ્રમ, ઉપવાસ, ચણા, વટાણા,

---

૧ હરતાલ ૦ાા શેર લઇ વાટી એક લુગડામાં થોડી ઢીલી રહે તેમ પોટલી બાંધી ભૂરા કોળાને કોરી તે પોટલી તેમાં રાખી પાછી ઢગળી દઇ, પછી તેને માટીના પોહળા મહોડાના મોટા વાસણમાં મૂકી ચૂલા ઉપર ચઢાવી અગ્નિ કરવો. કોળું બળી જાય ત્યારે પોટલી કહાડી લઇ પ્રથમ પ્રમાણે સાત ભૂરા કોળામાં તે પોટલીને પકાવવી જેથી હરતાલ શુદ્ધ થાય છે.

૨ હિંગળોકના ગાંગડાને ૭ વાર ઘેટીના દુધની અને ૭ વાર લિંબુના રસની ભાવનાઓ આપવી જેથી હિંગળોક શુદ્ધ થાય છે.

ભાવપ્રકાશ. પૂર્વખંડ.

For Private And Personal Use Only

તૃણ ધાન્ય, ચોળા, મગ, ગોળ, જાંબુ, સોપારી, ટંડુ પાણી, તીખા, કડવા,* કે કષાયલા રસ, મૈથુન, હાથી ઘોડા ઉપર બેસવું, હવામાં ફરવું, પલંગ વગેરેમાં સુવું અને દાતણનું ઘસવું વગેરે વગેરે વાયુરોગીને સેવવા યોગ્ય નથી.

વાતવ્યાધિનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથવિષે વાતવ્યાધિના ચોરાશી ભેદ ઉત્પત્તિ લક્ષણ તથા યત્નનિરૂપણ નામનો આઠમો તરંગ સમાપ્ત.

તરંગ નવમો.

ઊરૂસ્તંભને આમવા, પિત્તરોગ કફરોગ;
તરંગ નવમામાં નકી, નિદાન લક્ષણ યોગ.

(૦)

ઊરૂસ્તંભ રોગનો અધિકાર.

ઊરૂસ્તંભનાં નિદાન અને સંપ્રાપ્તિ પૂર્વક લક્ષણ

ટાઢાડું, ઉનું, લુક્કું, પાતળું, ચીકટું, અને ભારે જલદી નપચે તેવું ભોજન જમવાથી, કાંઇક ભોજન પચ્યું અને કાંઇક ન પચ્યું હોય તે વખતે–કાચી ભુખે જમવાથી, ઘણી ભૂખ વેઠવાથી, દિવસે સુવાથી, ઉજાગરો કરવાથી, પરિશ્રમથી અને ગુસ્સો કે ખેદ થવાથી કફ તથા મેદ સહિત વાયુ આમવાળા તથા અત્યંત સંચિત થએલા કફ તથા પિત્તને દૂષિત કરી બન્ને સાથળોમાં નિવાસ કરે છે તેથી સાથળોનાં હાડકાંને સજ્જડ કરી શૂન્ય, ભારે અને પારકી સાથળો હોય તેમ ક્રિયા રહિત કરી દેછે, તેને ઊરૂસ્તંભ રોગ કહે છે. આ રોગમાં મૂઢપણું, અંગોમાં ત્રોડ, ઘેન, અરૂચિ, તાવ, પગમાં ગ્લાનિ, પગોનું પરાણે ઉપડવું અને પગમાં બેહેરાશ એટલા ઉપદ્રવો થાય છે. તેને કેટલાક **આઢયવાત** પણ કહે છે.

ઊરૂસ્તંભનું પૂર્વરૂપ.

ઉંઘ ઘણી આવે, અત્યંત ખેદ અથવા મનમાં સંતાપ થાય, અત્યંત ધ્યાન લાગે, તાવ–પણ સ્હેજ રહેતો હોય, રૂવાટાં ઉભાં થઇ આવે, અરૂચિ, ઉલટી, બન્ને સાથળોમાં વેદના અને સાથળ તથા ગોઠણનું ગળવું, એટલાં ચિન્હો જેના અંગમાં જણાય ત્યારે જાણવું કે એને ઊરૂસ્તંભ રોગ થશે; અર્થાત્ ઊરૂસ્તંભ રોગ થવાનો હોય ત્યારે ઉપર કહ્યાં તેટલાં લક્ષણો પ્રથમથીજ થાય છે અને આ રોગને ભગવાન્ **ધન્વંતરીજીએ સુશ્રુતમાં મહા વાતવ્યાધિ** એવી સંજ્ઞા વાળો કહેલ છે.

ઊરૂસ્તંભનું સ્વરૂપ.

બન્ને પગ જડ–શૂન્ય થઇ જાય છે અને તેમાં પીડા તથા થોડો થોડો દાહ થાય છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગ પૃથ્વી ઉપર મૂકતાં વેદના થાય છે, માંડમાંડ ચલાય છે, પિંડી તથા સાથળોમાં ગ્લાનિ, ટાહાડા સ્પર્શની ખબર પડે નહીં, સાથળો જાણે લાકડીની કે ભાગેલી હોય તેમ જણાય છે અને અન્યના ઉચકવાથી ઉચકાય છે.

ઊરૂસ્તંભનાં સાધ્ય અસાધ્ય લક્ષણ.

જે ઊરૂસ્તંભ રોગીને બળતરા, સણકા, સોયો ઘોંચાય તેવી વેદના અને ધ્રુજારી છૂટે તો, તે મરી જાય છે, પણ જો આ ઉપદ્રવોએ કરી રહિત અને થતોજ રોગ હોય તો સાધ્ય સમજવો.

ઊરૂસ્તંભના ઉપાય.

ઊરૂસ્તંભ રોગમાં સ્નેહન, લોહી કઢાવવું, ઉલટી, રેચ અને પિચકારી એઓનો ત્યાગ કરવો નહીં તો ઊરૂસ્તંભ રોગ ઉલટો વધે છે માટે સ્વેદન, લંઘન અને રૂક્ષતા કરનારી ક્રિયાઓ કરવી. તથા આ રોગમાં આમ, કફ અને મેદની અધિકયતા હોય છે માટે કફને શમાવનાર અને વાયુને કુપિત નહિ કરનારાં ઔષધો ઉપયોગમાં લેવાં. (વિશેષ ખુલાસો **ભાવપ્રકાશ મધ્યખંડના બીજા ભાગમાં.** જુવો.) **અથવા** ત્રિફળા, પીપર, મોથ, ચવક અને કડુ એઓનું ચૂર્ણ મધમાં કાલવી ચાટે તો, ઊરૂસ્તંભ મટે છે. **અથવા** ગોમૂત્રની સાથે અથવા દશમૂળના કવાથ સાથે શુદ્ધ શિલાજીત, પીપર, સુંઠ કે ગુગળ પીવામાં આવે તો ઊરૂસ્તંભ મટે છે. એમ **ભાવમિશ્ર** કહે છે. **અથવા** ભીલામા, ગળો, સુંઠ, દેવદાર, હરડે, સાટોડી અને દશમૂળ એઓ સમાન લઇ એઓનો કવાથ કરી સેવન કરે તો ઊરૂસ્તંભ મટે છે, **અથવા** રાફડાની માટીને સરસવ મધ સાથે ઝીણી વાટી સાથળે મર્દન કરે તો ઊરૂસ્તંભ મટે છે. **અથવા** ઘોડાવજનું ચૂર્ણ ટાંક ૧ ઉના પાણી સાથે ફાકે તો ઊરૂસ્તંભ મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા** "ખસનો કે લિંબુનો રસ ગોળ સંગાથે કે મધ સગાથે સેવન કરે તો ઊરૂસ્તંભ મટે છે, **કાશિનાથપદ્ધતિ. અથવા** ચવક, હરડેની છાલ, ચિત્રામૂળ, દેવદાર, કરકચનાં ફૂલ અને સરસવ એઓનું ચૂર્ણ કરી ટાંક ૨ મધ સંગાથે ચાટે તો ઊરૂસ્તંભ મટે છે. **સર્વસંગ્રહ.**

પથ્યાપથ્ય.

તાજું ભોજન, સાધારણ ઘી, તેલનું મર્દન, પવન ન આવે તેવી જગ્યોમાં રહેવું, ભોંય સુવું અને જીર્ણમાં ભોજન વગેરે વગેરે પથ્ય છે અને રક્તસ્ત્રાવ, રેચ, ઉલટી, બસ્તિકર્મ, વાયડી વસ્તુ, ઠંડું પાણી, હવામાં ફરવું, ચોખા, મઠ, ચણા, ઘણો મેવો, ઘણું ઘી અને ભારે અન્ન કુપથ્ય છે માટે ત્યાગન કરવાં.

ઊરૂસ્તંભનો અધિકાર સંપૂર્ણ.

———(૮)———

આમવાતનો અધિકાર.

———:૦:———

આમવાતની નિદાન પૂર્વક સંપ્રાપ્તિ.

વિરોધી ભોજનના કરવાથી, વિરૂદ્ધ ચેષ્ટાઓ કરવાથી, તથા મંદાગ્નિ થયા છતા જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કુપથ્ય કરે છે તથા ખાનપાનની લાલચે સ્નિગ્ધ પદાર્થાદિનું ભોજન કરે છે અને કસરત કરે નહીં તો વાયુનો પ્રેર્યો આમ કફના આમાશય અને સાંધાઓ વગેરેમાં ત્વરાથી પહોંચે છે. જો પિત્તના સ્થાનમાં જાય તો પાકી જાય, પણ કફના સ્થાનમાં જાય તો અત્યંત અપક્વ રહેલો આમ ધમનીઓમાં વહે છે, તેમાં વાયુ પિત્ત કે કફથી અત્યંત દૂષિત થઇ શરીરની નસોને પૂરી દે છે, અગ્નિને મંદ કરી દે છે, છાતીમાં ભાર તથા અનેક રોગોને ઉત્પન્ન કરી દે છે. **આત્રેયજી** તો કહે છે કે—હે પુત્ર ! હું તને આમ વાયુનું લક્ષણ ટુંકામાં કહું છું તે સાંભળ, ભારે પદાર્થ ખાવાથી, વિશેષ મંદ પડી ગએલા અગ્નિવાળા મનુષ્ય કંદશાકાદિ સેવન કરે તો વાયુએ પ્રેરેલો આમ કફના સ્થાનને મળે છે અને ઘણી વેદના ઉત્પન્ન કરેછે.

આમવાતનાં[1] લક્ષણ.

ખાધેલાં અન્ન નહીં પચ્યા છતાં ભોજન કરે તેના પેટમાં આમ પેદા થાય છે, ત્યારે માથામાં વેદના, ગાત્રોમાં વ્યથા, તથા પીઠ, કેડની નીચેના સાંધામાં–ત્રિકમાં, ડોકમાં, તથા ઘુંટણમાં પીડા, નસોનો સંજોગ અને શરીરને સ્તંભિત કરી દે છે તથા ગાત્રોને શિથિલ કરી દે છે તે આમ રોગ કહેવાય છે. કેટલાક ગ્રન્થકારો કહે છે કે, અંગમાં તોડ, ભોજનમાં અરૂચિ, તરશ, આલસ્ય, ભારેપણું, તાવ, અન્નનું ન પચવું અને અંગમાં વિકળતા–શૂન્યપણું થાય તેને આમરોગ કહે છે.

ઉપાય.

આમવાત રોગીને સ્નેહન ઔષધ આપવાં નહીં, પણ પાચન ઔષધો આપવાં, **અથવા** ચિત્રામૂળ, કડુ, હરડેની છાલ, વજ, દેવદાર, અતિવિષ અને ગળો એઓનો ક્વાથ સેવન કરે તો આમવાત મટે છે. **અથવા** એરંડીઆમાં હરડેની છાલનું ચૂર્ણ નાખી સેવન કરે તો આમવાત અને ગૃધ્રશી વાયુ મટે છે. **અથવા** મહારાસ્નાદિ ક્વાથ (જે વાત વ્યાધિના અધિકારમાં કહેલો છે તે) પીવાથી ઊરૂસ્તંભ મટે છે. **અથવા** અજમોદ, મરી, પીપર, વાવડીંગ, દેવદાર, ચિત્રક, વરીયાળી સિંધાલૂણ, ચવક અને પીપરીમૂળ એ પ્રત્યેક પદાર્થો ચાર ચાર તોલા લેવા. સુંઠ ૪૦ તોલા, વરધારો ૪૦ તોલા અને હરડે વીશ તોલા લેવી એ સર્વને એકઠાં કરી વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચૂર્ણના જેટલોજ ગોળ મેળવી પછી તેની ગુટીકાઓ કે, રેવડીઓ બનાવી તેનું યોગ્ય માત્રાએ નવશેકા પાણી સાથે સેવન કરે તો, આમવાત સંબંધી સઘળાં દુઃખદાયી દરદો, તથા આફરો, શૂળ, તૂની, પ્રતૂની, વિશ્વાચી, ગૃધ્રસી, ગોળો, તથા કેડ, વાંસા, ગુદા અને પિંડીઓનું તીવ્ર પ્રકારનું ફાટવું, સાંધાઓમાંનો સોજો અને અન્યપણ વાયુથી થએલાં કે અન્ય આમજન્ય રોગો પણ નાશ પામે છે. આ **અજમોદાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** વાતવ્યાધિના અધિકારના ૧૪૨ મા પૃષ્ટમાં કહેલ યોગરાજ ગુગળનું સેવન કરવાથી પણ આમવાયુ નાશ થાય છે. **અથવા** સુંઠ તોલા ૩૨, ગાયનું ઘી તોલા ૮૦, ગાયનું દુધ તોલા ૧૨૮

[1] આમવાતના ૪ ભેદ છે, એટલે વિષ્ટંભી ૧, ગુલ્મકૃત ૨, સ્નેહી ૩ અને પક્વામ ૪ તથા કેટલાકના મતે સર્વાંગ આમ પણ પાંચમો ભેદ છે. તે પૈકી વિષ્ટંભી, ગુલ્મપાકી અને સર્વાંગ આમ એ અસાધ્ય છે પક્વામ સાધ્ય છે અને સ્નેહી તથા આમ ગુલ્મ શંકા કષ્ટસાધ્ય છે; એમ જાણી તે ઉપર ચિકિત્સારૂપ કર્મ કરવું.

હારીતસંહિતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ખાંડ તોલા ૨૦૦ લઇ, સુંઠના ચૂર્ણને ઘીમાં કરમોવી દુધમાં નાંખી માવો કરી, ઘી નાંખી રવો પાડી, ખાંડની ચાસણી કરી તેમાં રવો નાંખી હલાવી પછી સુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર અને એળચી એ પ્રત્યેક ઔષધો ૪-૪ તોલાભાર લઇ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચાસણીમાં નાંખી એકઠીવ કરી ૪ તોલાના આસરે લાડુડીઓ વાળવી અથવા તો, ખાનાર મનુષ્યના અગ્નિબળ પ્રમાણે માત્રા ખાય તો તેથી આમવાયુ શાંત થાય છે. બળ, પુષ્ટિ, આયુષ્ય અને ઓજ વધે છે, તથા ઉત્તમ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. અને વળીયાં પળીયાંનો તથા વંધ્યાપણાનો નાશ કરે છે. આ સૌભાગ્ય **સુંઠિપાક** વા, **ખાંડસુંઠી** કહેવાય છે. **અથવા** મેથી તોલા ૩૨ તથા સુંઠ તોલા ૩૨, એ બન્નેને ઝીણાં વાટી વસ્ત્રથી ચાળી ગાયનું દુધ તોલા ૫૧૨ લઇ તેમાં તે વાટેલી બન્ને ઔષધીના ચૂર્ણને ઘીથી કરમોવી તેમાં નાંખી પકાવવી. ૩૨ તોલા ઘી નાંખી કીટી પાડી ૨૫૬ તોલા સાકરની ચાસણી કરી તેમાં તે કીટી નાખી અગ્નિ ઉપરથી ઉતારી પછી ચિત્રક, પીપર, ધાણા, પીપરામૂળ, અજમો, જીરૂં, વરીઆળી, અસાળીઓ, જાયફળ, કચૂરો, તજ, તમાલપત્ર, અને મોથ એટલાં ઔષધો ૪-૪ તોલા તથા મરી, સુંઠ ૯-૯ તોલા ભાર લઇ તેઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચાસણીમાં મેળવી ૪-૪ તોલાના આસરે લાડુડી કે ચોરસખાંડ બનાવી એક એક લાડુડી ખાય તો આમવાયુ, વાતવ્યાધિ, વિષમજ્વર, પાંડુરોગ, કમળો, ઉન્માદ, મૃગી, પ્રમેહ, વાતરક્ત, શીતપિત્ત, અમ્લપિત્ત, માથાનો દુખાવો, છાતીની પીડા, સુવારોગ અને પ્રદરરોગ એ સઘળા રોગોનો નાશ કરે છે અને બળ, પુષ્ટિ તથા વીર્યને વધારે છે. આ **મેથીપાક** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** લસણનો રસ ટાંક ૨ અને તેટલુંજ ગાયનું ઘી લઇ બન્નેને એકત્ર કરી પીએ તો આમવાત મટે છે. **અથવા** સિંધાલુણ, હરડે, રાસ્ના, સવા, અજમો, સાજી, મરી, સુંઠ, ઉપલેટ, સંચળ, બિડલુણ, વજ, ખોડીઅજમો, જીરૂં, એરંડાનાં મૂળ, જેઠીમધ અને પીપર એ પ્રત્યેક પદાર્થોને બબે તોલાભાર લઈ તેઓનું કલ્ક કરી, પછી ચોસઠ તોલા ભાર તેલ, ચોસઠ તોલા ભાર સવા, અઠ્યાવીશ તોલા કાંજી, અને અઠાવીશ તોલા દહીંનું ઘોળવું. એઓને એકઠાં કરી તેમાં તે કલ્ક-ચટણી નાખી ધીમા ધીમા તાપથી તેલને પકવવું, સર્વ રસ બળી તેલ આવી રહે ત્યારે ગાળી લઇ તે તેલને પીએ કિંવા શરીરે મર્દન કરે અથવા પિચકારી મારવાના કામમાં લે તો, આમવાયુને સારી રીતે મટાડે છે. તથા અગ્નિના બળને અત્યંત વધારે છે, વાયુથી થએલી સાથળોના મૂળમાં પીડા, કેડનું ઝલાવું, ઢીંચણનું દરદ, સાથળોનો વાયુ, સંધિવાયુ, હૈયામાં નીકળતું શૂળ, પડખાઓનું શૂળ, કફવૃદ્ધિ, બાહ્યઆમ, અર્દિત, આફરો, અંત્રવૃદ્ધિ અને બીજા પણ વાયુના રોગોનો તત્કાળ નાશ કરે છે, તથા ભૂખને વધારે છે. આ **બૃહત્સિંધવાદ્ય તૈલ** કહેવાય છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, સુંઠ, કડુ, ત્રિફળા અને ગરમાળાનો ગોળ એ પ્રત્યેક પદાર્થો સમાન લેવાં અને હરડે એક ઔષધથી ત્રણ ગણી લઇ, પારા ગંધકની કાજળી કરી અન્ય ઔષધોનું ચૂર્ણ કરી સર્વને એકત્ર કુંટી તેમાંથી ૧ માસાભાર સુંઠ અને એરંડાના મૂળના કવાથ સંગાથે સેવન કરે તો તુરત આમવાત મટે છે. આ **આમારિ રસ** કહેવાય છે. **અથવા** લસણ, સુંઠ અને નગોડનો કવાથ કરીને પીવાથી આમવાત મટે છે. **ભાવમિશ્ર કહે છે** કે- આ કવાથથી વિશેષ ફાયદાકારક બીજું ઔષધ આમવાયુ માટે છેજ નહીં !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમવાયુ રોગીને સેવવા તથા ન સેવવા યોગ્ય પદાર્થો.

લંઘન, લુખો શેક, કડવા પદાર્થો, જઠરાગ્નિને પ્રદિપ્ત કરનારા પદાર્થો, રેચ, સ્નેહન, ગુદામાં પિચકારી મારવી, ઘી તેલ રહિત વ્યાધિના સ્થાને ઔષધો બાંધવાં, તથા બથવાની ભાજી, વૃંતાક, લસણસહ સારોડીનું શાક, આથેલા જવનું પાણી, બાફેલાં રીંગણાં, પરવળ, કારેલાં, ગોખરૂ, જવ, કોદરા, જુના સાકીચોખા, કળથી, વટાણા, ચણા, તથા સુકા મૂળાનો કે પંચમૂળનો યુષ, સુંઠનો ભૂકો ભભરાવેલી કાંજી, છાશના સંસ્કારવાળું લાવાનું માંસ, જુના ચોખા, ગાયની છાશ, સરગવાની શીંગો, બીલામા, ઉનું પાણી અને રૂચે કે સદે તેવી વસ્તુઓ સદા હિતકારી છે.

દુધ, દહિં, ગોળ, માછલાં, અડદના લોટની વસ્તુઓ, માંસ, અરૂચિમાં ભોજન, ઉજાગરો, ઠંડુ પાણી, ભારે પદાર્થ, ઘણું ફરવું અને એક સ્થાનકે બેસી રહેવું એ સદા અહિતકારી છે માટે આમવાયુવાળા એ તેનો ત્યાગ કરવો.

અથવા ચોખો શુદ્ધ કરેલો ગુગળ તોલા ૬૪, સરસીયું તેલ તોલા ૩૨, હરડેની છાલનું ચૂર્ણ તથા બેહેડાં અને આમળાનું ચૂર્ણ ૬૪-૬૪ તોલા લેવુ અને પાણી ૨૦૪૮ તોલા ભાર તેમાં ઉપરની સર્વે ઔષધીઓ નાખી પકાવવી, જ્યારે પકાવતાં ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી વસ્ત્રગાળ કરી, ફરી અગ્નિ ઉપર ચડાવી તેમાં ત્રિકટુ, ત્રિફળાં, મોથ, ગળો, ચિત્રો, નસોતર, વજ, વાવડીંગ, નેપાળાનું મૂળ, સૂરણ, વારાહીકંદ, દેવદાર, શુદ્ધ ગંધક, અને શુદ્ધ પારો એ સઘળાં બે બે તોલા ભાર લઇ પારા ગંધકની કાજળી કરી તથા અન્ય ઔષધીઓનું ચૂર્ણ કરી, શુદ્ધ કરેલા નેપાળા નંગ ૧૦૦૦ લઇને એ સર્વ ઉક્ત ક્વાથમાં એકત્ર કરી ઘટ-જાડો થયે ઉતારી યોગ્ય માત્રાએ ગોળી વાળી તેમાંથી ૨ માસાભાર ઉના પાણી સાથે નિત્યસેવન કરે તો, આમવાત, માથાની પીડા, ગાંઠ, ભગંદર, સોજો, ઢીંચણ-સાથળમાં રહેલા વાયુ, કેડનો વાયુ, શળ, અરશ અને વૃદ્ધાવસ્થા એઓને દૂર કરે છે. ભૂખ વિશેષ લગાડે છે, ધાતુ તથા બળને વધારેછે. આ **વ્યાધિશાર્દૂલ ગુગળ** કહેવાય છે. **અથવા** હરડેની છાલ, સિંધાલુણ, નસોતર, ઇંદ્રવરણાની જડ, સુંઠ અને ઇંદ્રવરણાનો ગર્ભ એટલા પદાર્થો સમાન લઇ ઝીણાં વાટી લોખંડના વાસણમાં પાણી નાખી તેમાં ઉક્ત ઔષધો નાખી ધીમા અગ્નિ વડે પકાવી ગોળી વળાય તેવું થાય એટલે ચણીબોર જેવડી ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર ઉના પાણી સાથે સેવન કરી સારી પેઠે ઘી નાખી ભાત જમે તો આમવાયુ મટેછે. આ **આમારિગુટિકા** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** ત્રિકટુ, ત્રિફળા, મોથ, વાવડીંગ, ચવક, ચિત્રક, વજ, એળચી, પીપરામૂળ, છીણીનાં મૂળ, દેવદાર, તુંબરૂ, પુષ્કરમૂળ, ઉપલેટ, અતિવિષ, દારૂહળદર, હળદર, વરીયાળી, જીરૂં, સુંઠ, તમાલપત્ર, ધમાસો, સંચળ, બીડલૂણ, જવખાર, સાજી, ગજપીપર અને સિંધાલૂણ એ પ્રત્યેક ઔષધો બરોબર લઇ શુદ્ધ કરેલો ગુગળ એ સર્વ ઔષધોની બરોબર લેવો, પછી સર્વ ઔષધોનું ચૂર્ણ કરી ગુગળમાં મેળવી એકજીવ કરી તેમાંથી સવાર સાંજ બબે ટાંક ભાર ઘી સાથે કે મધ સાથે સેવન કરે તો, આમવાયુ, અંત્રવૃદ્ધિ ઉદાવર્ત, ગુદરોગ, કૃમિરોગ, વિષમજ્વર, બરલ, કમળો, અપચી, આફરો, ઉન્માદ, કોઢ, અને સોજો એટલા રોગોનો નાશ કરે છે. **ધન્વંતરીજીએ** આનું નામ **દ્વાત્રિંશત ગુગળ** પાડેલું છે. **વીરસિંહાવલોકન. અથવા** સરસીયું તોલા ૩૨ શુદ્ધ કરેલો ગુગળ, તોલા ૩૨, હરડે, બેહેડાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા આમળાં એએ ૬૪–૬૪ ભાર લઇ, ગુગળને સરસીઆમાં કચરી, ત્રિફળાનું ચૂર્ણ કરી તેઓને ૧૫૩૬ તોલા ભાર પાણીમાં નાખી ક્વાથ કરવો, જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે વસ્ત્રગાળ કરી ફરી અગ્નિ ઉપર ચઢાવી, તેમાં ત્રિકટુ, ત્રિફળાં, મોથ, વાવડીંગ, દેવદાર ગળો, ચિત્રામૂળ. નસોતર, શુધ કરેલા. નેપાળો, વજ, સૂરણ, માનકંદ, શુદ્ધ ગંધક અને શુદ્ધપારો એ પ્રત્યેક પદાર્થો બએ તોલા ભાર લઇ યથેષ્ટ પ્રકારે ચૂર્ણ કરી ક્વાથમાં નાખી પકવવાં. પછી તેમાં પાણી, આરનાળ અને ગાયના દુધથી પકવેલા ધંતુરાના ૧૦૦૦ ડોડાનું ચૂર્ણ તેમાં નાખી તેને જાડો–ગાઢો થએ નિચે ઉતારી ઉત્તમ ચીનાઇના પાત્રમાં ભરી લેવો. તેમાંથી ૨ માસાભાર ઉના પાણી સાથે સેવન કરે તો, અગ્નિને પ્રદિપ્ત કરે છે, ધાતુઓને વધારે છે, આયુષ્ય તથા બળને વિશેષ વધારે છે, તથા આમવાયુ. માથાનો વ્યાધિ, ગાંઠીઓ વાયુ, ભગંદર. દીસણ અને પિંડીઓમાંનો વાયુ, પેડનું ઝલાવું, પથરી, મૂત્રકૃચ્છ, ભગન, તિમિર, પેટના રોગ, અમ્લપિત્ત, કોઢ, પ્રમેહ, આમળનું નીકળવું, ઉધરસ, શ્વાસ, ક્ષય, વિષમજ્વર, ગરલ, શ્લીપદ, ગોળો, પાંડુ, કમળો, સોજો, અંત્રવૃદ્ધિ, શળ અને અરશ–મસા, તથા મેદ, કફ કે આમથી થએલા રોગોનો નાશ થાય છે. આ મહા પ્રખ્યાતિ પામેલો **સિંહનાદ ગુગળ** કહેવાય છે. એમ **દંડપાણીનું** કહેવું છે. **અથવા** " શુદ્ધ ગંધક ટાંક ૫, શુદ્ધતામ્રભસ્મ ટાંક ૫, શુદ્ધ પારો ટાંક ૨, અને શુદ્ધ લોહભસ્મ ટાંક ૨, ગંધકને ઓગાળી અન્ય પદાર્થો તેમાં નાખી એરંડાના પાનડાના ઉપર ઢાળી, પછીથી ખરલમાં ઘુંટી પંચકોલના ક્વાથની ૧ ભાવના તથા ખેરૈડાની છાલના ક્વાથની ૨૦ અને ગળોના રસની ૧૦ ભાવનાઓ દેવી. તથા સર્વે ઔષધોની બરોબર શેકેલો ટંકણખાર, ટંકણથી અરધે ભાગે બિડલુણ, મરી, કોકમ, સુંઠ, પીપર, ત્રિફળા અને લવીંગ નાખવાં. પછી એ સર્વને ઝીણાં વાટી તેમાંથી ૧ માસાભાર નિરંતર જુદા જુદા અનુપાન સાથે સેવન કરે તો, આમવાયુ. મેદ અને કૃશતાને દૂર કરે છે, તથા કંઠ પર્યંત કરેલા ભોજનને તુરત પચાવી દેછે. આ **આમવાતેશ્વરરસ** કહેવાય છે." **સારસંગ્રહ.**

આમવાતનો અધિકાર સંપૂર્ણ.

———:o():———

પિત્તના વ્યાધિનો અધિકાર.

પિત્તવ્યાધિઓનાં નિદાન.

તીખા, ખાટાં. ઉના, બળતરા કરનારા, ખારા તથા રાઇ વગેરે તીક્ષ્ણ પદાર્થોના ખાવાથી, ક્રોધ, ઉપવાસ, મૈથુન, અને કસરત કરવાથી, તડકો સહન કરવાથી, તરસ તથા ભૂખને મારવાથી, દારૂ પીવાથી, દહિં, માછલાં, અડદ, તલ, અળશી તથા કાંજી વગેરે વિરોધી ભોજનના કરવાથી અને ખેદના કરવાથી ભોજન કરવાના કાળના મધ્યભાગમાં, ખાધેલું પચવાના મધ્યકાળમાં, શરદ્ ઋતુમાં, ગ્રીષ્મઋતુમાં અને રાત્રીના મધ્ય ભાગમાં પિત્તના વ્યાધિઓ ઉત્પન્ન થાય છે,

પિત્ત રોગની સંખ્યા.

પિત્તથી થતા ૪૦ રોગો છે. એટલે જુવાનીમાં પળીઆનું આવવું, ૧. નેત્ર લાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહે ૨, નેત્રો પીળાં રહે ૩, મૂત્ર પીળું ઉતરે ૪, મળ પીળો ઉતરે ૫, નખોમાં કાચી રતાશ ૬, નખ પીળા રહે ૭, દાંત પીળા રહે ૮, શરીર પીળું રહે ૯, અંધારાં આવે ૧૦, મોહોડું ખાટું રહે ૧૧, સર્વત્ર પીળું દેખાય ૧૨, નિદ્રા થોડી આવે ૧૩, મોહોડું સુકાય ૧૪, મોહોડામાંથી દુર્ગંધ આવે ૧૫, મોહોડું તીખું રહે ૧૬, શ્વાસ ઉનો નીકળે ૧૭, ઓટકારમાં ધુમાડો જણાય ૧૮, ફેર-ચક્કર આવે ૧૯, ઇંદ્રિયો શિથિલ-ગ્લાનિ થઇ જાય ૨૦, ક્રોધ ઘણો થઇ ૨૧, બળતરા થાય ૨૨, અતિસાર ૨૩, પ્રકાશ ગમે નહીં ૨૪, ઠંડકતા સારી લાગે ૨૫, અતૃપ્તિ ૨૬, સર્વ વસ્તુ ઉપર અણગમો ૨૭, ભોજન કર્યાથી બળતરા થાય ૨૮, ભૂખ વિશેષ લાગે ૨૯, નસકોરી વગેરેથી લોહી વહે ૩૦, મળ પાતળો ઉતરે ૩૧, મળ ઉનો ઉતરે ૩૨, મૂત્ર ગરમ ઉતરે ૩૩, મૂત્ર કૃચ્છ ૩૪, વીર્યની અછત ૩૫, શરીર ગરમ રહે ૩૬, પરસેવો ઘણો આવે ૩૭, પરસેવામાં દુર્ગંધ આવે ૩૮, હાથ પગમાં બવાયુ ફાટે-ચીરા પડે ૩૯ અને શરીરમાં કળતર તથા ફોલ્લા ફોલ્લીઓનું નીકળવું થાય ૪૦ આ ચાલિશ પ્રકારના રોગ પિત્તના પ્રકોપથી થાય છે.

પિત્તરોગોના સામાન્ય ઉપાય.

લીંબડાની અંતરછાલ વગેરે કડવી વસ્તુઓના ખાવાથી, સાકર વગેરે મીઠી વસ્તુઓના ખાવાથી, સુખડ વગેરે ઠંડી વસ્તુઓના સેવનથી, ઠંડો પવન, ઠંડી છાયા, તથા ઠંડી જગ્યા તથા અજવાળી રાત્રિમાં ફરવાથી, ખસના પંખાના પવનથી તથા દુધના પીવાથી, રેચ લેવાથી કે લોહી કઢાવવાથી પિત્તના રોગો દૂર થાય છે, વિશેષ પિત્તરોગની ચિકિત્સા પિત્તવ્યાધિના પ્રકરણમાં જોઇ લેવી.

કફરોગનો અધિકાર.

કફરોગનાં નિદાન.

ભારે, મધુર, ખાટા તથા સ્નિગ્ધ પદાર્થોના ખાવાથી, મંદાગ્નિથી, પાતળા પદાર્થો કે ઘણું દહીં ખાવાથી, દિવસે સુવાથી, ઠંડી વસ્તુઓના સેવનથી અને કામ ધંધા વગેરે શરીર વ્યાપાર ન કરવાથી; અર્થાત્ એક સ્થાનકે બેસી રહે અને હરફર ન કરે તેથી પ્રભાતે, ભોજન કરી ઉઠયા પછી, વસંત ઋતુમાં અને રાતના પેહેલા પોહોરમાં કફ કુપિત થઇ ૨૦ જાતના રોગોને જન્મ આપેછે.

કફના ૨૦ રોગો.

મોહોડું મીઠું રહે ૧, મોહોડું કફથી લપેટાયલું રહે ૨, લાળ પડે ૩, ઊંઘ ઘણી આવે ૪, ગળામાં ઘરઘરાટ બોલે ૫, તીખા પદાર્થો ખાવાની ઇચ્છા રહે ૬, ગરમ પદાર્થોની વાંચ્છના થાય ૭, બુદ્ધિની મંદતા ૮, અચેતનપણું ૯, આળસ ૧૦, ભૂખનું ન લાગવું ૧૧, મંદાગ્નિ ૧૨, ઝાડો વધારે ઉતરે ૧૩, ઝાડો ઠંડો તથા ધોળો ઉતરે ૧૪, મૂત્ર ઘણું ઉતરે ૧૫, મૂત્ર ધોળા રંગનું ઉતરે ૧૬, વીર્યની અધિકતા ૧૭, શરીર નિશ્ચળ રહે ૧૮, શરીર ભારે રહે ૧૯, અને શરીર ઠંડું રહે એ વીશ, કફના રોગ છે તે શ્લેષ્મ વ્યાધિઓના નામથી પણ ઓળખાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કફના વ્યાધિઓના સામાન્ય ઉપાય.

લુખી, કષાયલી, કડવી, તીખી વસ્તુઓના ખાવાથી, ખેદ કરવાથી, કોગળા કરવાથી, ઉલટી કરવાથી, પરસેવો લાવવાથી, બંધન કરવાથી, તરશ રોકવાથી, હોકો પીવાથી, કસરત કરવાથી, પાણીમાં રમત કરવાથી, ગરમ વસ્તુઓના સેવનથી, ચિત્રકના ખાવાથી, નાસ લેવાથી, પંથ કરવાથી, જાગવાથી અને મૈથુન કરવાથી કફના ૨૦ રોગો દૂર થાય છે.

કફ વ્યાધિઓનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થ વિષે ઊરૂસ્તંભ, આમવાત, પિત્તવ્યાધિ તથા કફવ્યાધિઓની ઉત્પત્તિ અને લક્ષણ તથા ઉપાય નિરૂપણ નામનો નવમો તરંગ સંપૂર્ણ.

તરંગ ૧૦ મો.

દશમસ્તરંગ વિષે કહ્યાં, વાતરક્ત ગદ ઘણા:
આદ્યોપાન્ત અધિકાર છે, થવા રોગ નિર્મૂળ.

વાતરક્તનો અધિકાર.

વાતરક્તનાં હેતુ.

ખારા, ખાટા, કડવા, જવખારાદિ ખારા તથા સ્નિગ્ધ આહારથી કિંવા ઉષ્ણ આહારથી કે, અત્યંત આહાર કરવાથી, સડેલાં તથા તડકામાં સુકવેલાં માછલાં ખાવાથી, ગૌડ વગેરે પૂર્વ પ્રદેશનાં પ્રાણીઓનાં માંસ ખાવાથી, તલનો ખોળ, મૂળા, કળથી, અડદ, ઝાલર, ભાજીઓ, રીંગણાં વગેરે ફળશાક, માંસ, શેલડી, દહી, અથાણાં અને ચોથા ભાગે પાણી નાખી વસ્ત્રવતે ગળી લીધેલા દહીના સેવનથી તથા દારૂ-આસવ પીવાથી, વિરૂદ્ધ ભોજનથી, અજીર્ણમાં જમવાથી, ક્રોધથી, દિવસે સુવાથી, રાત્રે ઉજાગરો કરવાથી, કસરત નહીં કરવાથી, મિથ્યા વિહારથી, સુખ ભોગવનાર કે જાડા શરીર વાળાઓને-લોહીની વૃદ્ધિ થવાથી, હાથી ઘોડા કિંવા ઊંટ ઉપર બેસી તેઓને દોડાવવાથી, પગવડે વિશેષ પંથ કરવાથી, વિદાહી પદાર્થોના સેવનથી અને ખાધેલ અન્નનો ખાટો પાક થયા છતાં તે ઉપર ખાવાથી વાયુ તથા લોહીનો પ્રકોપ થાય છે.-એટલે ઉપર કહેલાં કારણોમાં કોઇ કારણોથી વાયુ અને કોઇ કારણોથી લોહી કુપિત થાય છે તથા કોઇ કારણોથી વાયુ અને લોહી બન્ને કુપિત થાય છે. તેથી વાતરક્ત રોગ થાય છે.

વાતરક્તની સંપ્રાપ્તિ સહ પૂર્વરૂપ.

ઉપર કહેલાં નિદાનોથી લોહી તુરત બગડી નિચે ઉતરી બન્ને પગોમાં ભેગું થાય અને સુવા લાગે છે. તે વાયુ સાથે મળેલું અને વાયુની પ્રબળતા વાળું લોહી હોય છે તેથી વાતરક્ત કહેવાય છે.

જેને વાતરક્ત રોગ થવાનો હોય તેને પરસેવો ઘણો થાય છે, અથવા તો બિલકુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતોજ નથી, શરીરમાં દુર્બળ પણું, સ્પર્શની અજ્ઞાનતા, થોડું જખમ થવાથી કે થોડું વાગવાથી ઘણી પીડા થાય, સાંધાઓનું શિથિલપણું, આળસ્ય, અંગમાં જડપણું, ફોલ્લીઓનું નીકળવું, ઢીંચણ, પિંડી, સાથળ, કેડ, ખભા, હાથ, પગ તથા અંગોના સાંધા એઓમાં સોયો ઘોંચાયા જેવી વેદના થાય, અંગ ફરકયા કરે, મેદ, ભારેપણું, ગ્લાનિ, ચળ, સાંધાઓમાં વ્યથા, વારંવાર બળતરા થવી અને મટવી તથા શરીર ઉપર લાલ લાલ ચકામાં-ચકરડાં થાય અને કાંતિનો ક્ષય થઇ જાય છે.

વાયુની અધિકતાવાળા વાતરક્તનું લક્ષણ.

જો વાતરક્તરોગમાં વાયુ વિશેષપણે હોય તો, પગોમાં શળ, ફરકવું, વ્યથા, સોજામાં લુખાપણું તથા કાળાશ થાય છે, નાડીઓનો તથા આંગળીઓના સાંધાઓનો સંકોચ થાય છે, અંગો ઝલાઇ જાય છે, શરીર કાંપે, અત્યંત વ્યથા, શીત ઉપર દ્વેષ, શીત પદાર્થોનું ન સદવું અને સ્પર્શમાં અજ્ઞાત-શન્યકાર થાય છે.

લોહીની અધિકતાવાળા વાતરકતનું લક્ષણ.

જો વાતરકતમાં લોહીની અધિકતા હોય તો પગમાં અત્યંત વ્યથાવાળો, રાતો અને ચળ તથા ભીના પણાથી યુકત સોજો થાય છે, તેમાં ચમચમાટ થયા કરે છે, સોજા ઉપર હાથ અડે નો સારો લાગે છે અને સ્નિગ્ધ કે લુખા પદાર્થોથી શાંત થતો નથી.

પિત્તની અધિકતાવાળા વાતરક્તનું લક્ષણ.

જો વાતરકતમાં પિત્તની અધિકતા હોય તો પગમાં અત્યંત બળતરા, અત્યંત મૂર્ચ્છા, પરસેવો, સોજો, મદ, તરશ, વ્યથા, તથા શરીરમાં દાહ થાય છે, કોઇનો સ્પર્શ ગમતો નથી અને સોજો પાકે છે તથા ઘણુંજ ઉનાશપણું હોય છે.

કફની અધિકતાવાળા તથા દ્વિ-ત્રીદોષના વાતરકતનું લક્ષણ.

જો વાતરકતમાં કફની અધિકતા હોય તો પગમાં ભારેપણું તથા શન્યતા, સોજા, ધોળાશ, ઠંડા, જાડા અને અક્કડ થાય છે. શરીર ચીકણું, ઠંડું, શન્ય અને ચળવાળું થાય છે, તથા વ્યથા થાય છે. બે દોષની અધિકતા હોય તો બે દોષનાં ચિન્હો અને ત્રણે દોષની અધિકતા હોય તો ત્રણે દોષનાં ચિન્હો જણાય છે.

હાથમાં વાતરક્ત થાય તેનું લક્ષણ.

પગના મૂળથી માંડીને અથવા કોઇક વખતે હાથના મૂળથી માંડીને જેમ ઝેરી ઉંદરનું ઝેર ધીમે ધીમે આખા શરીરમાં પસરે છે તેમ કોપ પામેલું વાતરક્ત ઔષધ પ્રયોગના ન કરવાથી ધીમે ધીમે આખા શરીરમાં ફેલાય છે. અને જે પ્રકારે પગતળીએ કે પગમાં ફોલ્લીઓ અથવા વ્યથા થાય તેજ પ્રકારે હાથમાં પણ થાય છે અને પછી આખા શરીરમાં ફેલાય છે.

વાતરક્તના ઉપદ્રવો.

નિદ્રાનો નાશ, અરૂચિ, શ્વાસ, માંસ સડી સડીને ખરી પડે, માથું દુખે, વાતરકતવાળાના અંગમાં સોજો, અત્યંત પીડા, પાંગળાપણું, તરશ, તાવ, મૂર્ચ્છા, કંપવું, હેડકી અને ફેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તથા દરદનું ફેલાવું, પાકવું, સોયો ઘોંચાયા જેવી તીક્ષ્ણ વેદના, ગ્લાનિ, આંગળીઓનું ગળવું, તથા વાંકાસપણું થવું, ફોલ્લાઓમાં બળતરા, મર્મોનું ઝલાઈ જવું અને ગાંઠ કરતાં પણ માંસની ઉંચાઇ થવી એ સઘળા વાતરક્તના ઉપદ્રવો છે.

વાતરક્તનું સાધ્યાસાધ્યપણું.

ઉપર કહેલા ઉપદ્રવો સહિત વાતરક્ત હોય અથવા તો એકલો મોહજ હોય; તો પણ તે અસાધ્ય સમજવું. જો થોડા ઉપદ્રવોએકરી સહિત હોય તો કષ્ટસાધ્ય અને એકે પણ ઉપદ્રવ ન હોય તો સાધ્ય સમજવું તથા એક દોષયુક્ત એક વર્ષની અંદરનું હોય તો પણ સાધ્ય જાણવું, પણ જો બે કે ત્રણે દોષ યુક્ત હોય તો અસાધ્ય સમજવું. અથવા પગથી તે ઢીંચણ સુધી ફેલાયલું, ટાઢથી ચામડી ફાટે છે તેમ જેની ચામડી ફાટી હોય, રસુવા લાગ્યું હોય અને બળ, માંસ અગ્નિ નાશ પામેલાં હોય તો અસાધ્ય જાણવું. તથા એક વર્ષ થઇ ગયું હોય તો કષ્ટસાધ્ય-યાપ્ય જાણવું.

ઉપાય.

[1]સ્નેહપાનઆદિથી સ્નિગ્ધ કરી વાતરક્ત રોગીનું જળો અથવા શિંગડી કે, અસ્તરા વા સોયો વગેરેથી ટોચા મારી લોહી કઢાવવું[2] પણ જેમ વાયુ ન વધે તેમ લોહી કઢાવવું, અને અનુમાન પ્રમાણે લોહી કઢાવવું; જો વિશેષ લોહી કાહાડવામાં આવે તો વાયુ વધી ગંભીર સોજો, અક્કડતા, ધ્રુજારો, નસોમાં વેદના, ગ્લાનિ, ખંજતાપણું અને બીજા પણ કેટલાક વાયુ સંબંધી રોગો ઉત્પન્ન થાય છે તથા તેથી મરણ પામે છે.

જો વાતરક્ત બાહાર હોય તો વિલેપન, મર્દન, સિંચન તથા ઔષધો બાંધવાથી, મટાડવું અને જો ઊંડું ઉતર્યું હોય તો રેચ, નિરૂહબસ્તિ અને સ્નેહ પાનથી મટાડવું.

અથવા એરંડાનું મૂળ તથા ગળોનો કવાથ કરી પીવો. **અથવા** તલને શેકી વાટી દુધમાં ઉકાળી તેનો લેપ કરવો. **અથવા** અળસીને દુધમાં વાટી તેનો લેપ કરવો. **અથવા** એરંડાના ગોળા વાટી તેનો લેપ કરવો. **અથવા** શુદ્ધ કરેલો ગુગળ ગળોના કવાથ સાથે સેવવો. **અથવા** એરંડીયું ટાંક ૨ ગળોના કવાથમાં નાખી પીવું. **અથવા** મજીઠ, ત્રિફળા, કડુ, વજ, હળદર, દેવદાર, નસોતર, લીંબડા ઉપરની ગળો અને લીંબડાની અંતરછાલ એ સર્વને બરાબર લઇ આખાં પાખાં ખાંડી કવાથ કરી તે કવાથ અનુમાન પ્રમાણે પીએ તો વાતરક્ત, કોઢ, ખસ, ફોલ્લીઓ અને લોહીવિકારનો નાશ કરેછે. આ **લઘુમંજીષ્ઠાદિ કવાથ** કહેવાય છે. **અથવા** ગળો, આવચીઆવચી, પુંઆડીઆ, લીંબડાની અંતરછાલ, હરડેદળ, આંબળાં, હળદર, અરડુસો, શતાવરી, સુગંધીવાળો, કાંસકી, જેઠીમધ, મહુડાં, એખરો, ગોખરૂ, કુકડવેલાનાં ફળ, વીરણવાળો, મજીઠ અને રતાંજલિ એ પ્રત્યેક ઔષધો બરાબર લઇ ખાંડી

---

૧ ઘી, તેલ, ચરબી, અને મજ્જા વગેરે પીવાં તે સ્નેહપાન કહેવાય છે.

૨ અત્યંત વેદના થતી હોય તો જળો વળગાડીને લોહી કઢાવવું. ચમ ચમાટી, ચળ, વ્યથા તથા ધ્રુજારો હોય તો શિંગડીથી લોહી કઢાવવું અને જો એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં વાતરક્ત જતું હોય તો, અસ્તરા કે સોયોના ટોચા મારી લોહી કઢાવવું. તથા વાતરક્ત-પતિયાને પ્રથમ સ્નિગ્ધકરી સ્નેહવાળું વિરેચન-રેચ અથવા લુખાં કોમલ વિરેચન આપી મળો ખાલી કરવા, વારંવાર ગુદામાં પિચકારીઓ મારવી અને પથ્યમાં રહી દેશ તથા બળ ને અનુસરી થોડે થોડે વાતરક્ત રોગીનું લોહી કઢાવવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુમાન પ્રમાણે ક્વાથ કરી યોગ્ય માત્રાએ પીએ તો, વાતરક્ત, કોઢ, ખસ અને બળતરા એટલા રોગોનો નાશ થાય છે. આ **ગડૂચ્યાદિ ક્વાથ** કહેવાય છે, **વૈદ્યરહસ્ય. અથવા** પાડાની આંખ કે પેટના રંગ સમાન તેજસ્વી ગુગળ શુદ્ધ કરી ૬૪ તોલાભાર લઇ પાણીમાં નાખી તેમાં ૬૪ તોલા હરડે, ૬૪ તોલા બેહેડાં, ૬૪ તોલા આમળાં અને ૩૨ તોલા ગળો નાખી અગ્નિ ઉપર ચઢાવી સાવચેતીથી ઉકાળતાં અરધે ભાગનું પાણી બળી જાય ત્યાં સુધી હલાવ્યા કરવો. પછી અગ્નિ ઉપરથી ઉતારી વસ્ત્રગાળ કરી લોઢાના વાસણમાં નાખી ફરી અગ્નિ ઉપર ચઢાવી પકાવવો, જ્યારે જાડો થાય ત્યારે ઉતારી ઠંડો થયે, તેમાં બે તોલા હરડેનું ચૂર્ણ બેહેડાં તથા આમળાનું ચૂર્ણ, છ છ તોલાભાર, સુંઠ, મરી તથા પીપરનું ચૂર્ણ બે તોલાભાર, વાવડીંગનું ચૂર્ણ એક તોલો, નસોતરનું ચૂર્ણ એક તોલો, શુદ્ધ નેપાળાનું ચૂર્ણ એક તોલો, અને ચાર તોલા ગળોનું ચૂર્ણ યથેષ્ટરીતે મિશ્ર કરી ઉપયોગમાં લેવો. આ પ્રયોગ ઉપર આહાર કે વિહારની પરેજી ન રાખતાં યુષ, દુધ, અને સુગંધી પાણીના અનુપાનથી યોગ્ય માત્રાએ ઉપયોગ કરવો, જેથી બે અથવા ત્રણે દોષના ત્રાસથી શરીરને રોકનાર, ભાગેલું, ઝરતું, સંકોચાયલું, ઢીંચણ સુધી પસરેલું તથા લાંબા વખતથી ઉત્પન્ન થએલું વાતરક્ત પણ નાશ થાય છે. તથા ગુમડાં, ઉધરસ, કોઢ, ગોળો, સોજો, ઝેર, પાંડુરોગ, પ્રમેહ, અગ્નિની મંદતા, બંધકોષ્ટ; અને પ્રમેહ સંબંધી ફોલ્લીઓ વગેરેનો તુરત નાશ થાય છે; એટલુંજ નહીં પણ નિરંતર સેવન કરવાથી કેટલાક કાળે સમસ્ત રોગોનો નાશ કરે છે અને જરા–બુઢાપો, મટી કિશોરપણું પ્રગટે છે. આ **કિશોર ગુગળ** કહેવાય છે. **અથવા** પાણીમાં નાખવાથી ડૂબી જાય તેવાં પુષ્ટ ભીલામાં ૧૨૮ તોલા લઇ તેઓના મોહોડાને ઇંટાડીથી ઘસી ૧૦૨૪ તોલા ભાર પાણીમાં નાખી ઉકાળવાં. ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી ૧૨૮ તોલા ભાર ગળોનો ક્વાથ કરી તેમાં મેળવી. પછી ગળો તોલા ૪ બાવચી, લીંબડાની અંતરછાલ, હરડેદળ, આમળાં, હળદર, મજીઠ, ત્રિકટુ, અજમો, સેંધવ, મોથ, તજ, એળચી, પુમાડીયાનાં બીજ, પિત્તપાપડો, વાળો, તમાલપત્ર, સુગંધીવાળો, સુખડ, નાગકેસર, ગોખરુ, કોંચા અને રતાંજળી એઓને ૨–૨ તોલાભાર લઇ ઝીણા વાટી ભીલામાના ક્વાથમાં એકઠા કરી અવલેહ થયેથ બરણીમાં ભરી રાખવો. તેમાંથી ૪ તોલા નિરંતર પાણી સંગાથે સેવન કરે તો વાતરક્ત, વિસર્પ, કોઢ, મસા, ખસ, વાયુવિકાર અને લોહીવિકાર વગેરે સર્વનો નાશ કરે છે. આ **અમૃતભલ્લાતક અવલેહ** [1] કહેવાય છે. **અથવા** ઉપલસરી, રાળ, મીણ અને મજીઠ એઓને સમાન ભાગે લઇ તેઓનો કલ્ક કરી ચોગણા દુધ સાથે એકઠું કરી તેલમાં પકાવી તે તેલનું મર્દન કરે તો વાતરક્ત મટે છે. **અથવા** ગરમાળો, ગળો અને અરડુસો એઓનો ક્વાથ કરી તેમાં શુદ્ધ ગુગળ માસા ૪ નાખી તથા એરંડીયું ટાંક ૨ નાખી પીવાથી વાતરક્ત, મૂર્છા, માથાનો દુખાવો, શ્વાસ અને ફોલ્લા–ફોલ્લીઓનો નાશ કરે છે. **વૈદ્યરહસ્ય.** "**અથવા** ચોખી–શુદ્ધ કરેલી હરતાળને સાટોડીના રસમાં ૨ દિવસ સુધી ખરલ કરી ટીકડીઓ બનાવી સુકવી સાટોડીની લુગદીના મધ્યમાં તે ટીકડીઓને મૂકી કલેડાની અંદર રાખી ચૂલા ઉપર ચઢાવી અહોનિરંતર ૫ દિવસ મંદાગ્નિ દેવો. અગ્નિ આપ્યાબાદ પોતાની મેળેજ ઠંડો પડયા પછી તે શ્વેત થએલી હરતાલ પૂરેપૂરા તોલથી ઉતરેલી ૧ રતિભાર ગડૂચ્યાદિ ક્વાથની સાથે સેવન કરે તો, વાતરક્ત, અઢાર જાતના કોઢ, ફીરંગવાયુ, વિસર્પ, ખસ અને ફોલ્લા–ફોલ્લીઓનો નાશ કરે છે. ગીઇ રસ અને સિં-

[1] ભીલામાં ખાનાર મનુષ્યે ખેદ, તાપ, તડકો, ખટાશ, માંસ, દહિં, મૈથુન, પંથ, મીઠું, તેલ અને ક્રોધ વગેરેનો ત્યાગ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલુણુ એ સિવાય ખાટા, તીખા, ખારા રસ અને તાપ–તડકો કે શ્રમ વગેરે ત્યજી દેવાં. આ હરતાલકેશ્વર રસ કહેવાય છે.”

વાતરક્ત રોગનાં પથ્યાપથ્ય.

જુના જવ, જુના ઘઉં, રાતા કે સાઠી ચોખા, મગ, ચણા, બકરીનું દુધ, તુવર, માખણ, તાજું ઘી, કુકડાનું માંસ, કડવાં, ખાટાં, બાફેલ અન્ન તથા તુવર, ચણા, મગ, મસુર અને કળથીનાં વિશેષ ઘી વાળાં યુષો સદા હિતકારી છે. બથવો, અઘેડી, શતાવરી અને બ્રાહ્મીનાં શાક ઘીમાં કે માંસના રસમાં શેકીને આપવાં.

અગ્નિ પાસે બેસવું, તાપ વખતે ફરવું, દિવસે સુવું, પરસેવો થાય તેવાં કામો કરવાં, શ્રમ, મૈથુન, અડદ, કળથી, કડવા ઉના પદાર્થો, શરદીકારક વસ્તુઓ, ખારા અને ખાટા રસ તથા વાલોળ, મઠ, વટાણા, દહીં, મરચાં અને ખાંડ એટલાનો ત્યાગ કરવો.

વાતરક્ત રોગનો અધિકાર સંપૂર્ણ.

શૂળનોઅધિકાર.

શૂળરોગનાં નિદાન તથા સંખ્યા.

વાયુથી, પિત્તથી, કફથી, ત્રણે દોષથી, આમથી, વાયુપિત્તથી, વાયુકફથી અને પિત્તકફથી એમ આઠ પ્રકારથી શૂળરોગ ઉત્પન્ન થાય છે; પરંતુ સર્વ શૂળોમાં વિશેષે કરીને વાયુ મુખ્યત્વપણે હોય છે.

વાયુની શૂળનાં નિદાન, તથા સંપ્રાપ્તિ તથા લક્ષણ.

ઘણી કસરતના કરવાથી, ઘોડા ગાડી વગેરેમાં બેસી વિશેષ દોડાવવાથી, ઘણા ઉજાગરા કરવાથી, બહુ ટાઢું પાણી પીવાથી, મઠાણ, મગ, તુવરની દાળ, કોદરા તથા તુરતના ઉગેલા ચણા વટાણાદિ ધાન્યના વિશેષ સેવનથી, અતિ લુખા પદાર્થો ખાવાથી, જમ્યા ઉપર જમવાથી, અતિ મૈથુનથી, કોઇ પણ પ્રકારનો માર વાગવાથી, તુરા કે કડવા રસના સેવનથી, એક એકનો મેળાપ થવાથી વિરોધી થતાં ભોજનો ઉપયોગમાં લેવાથી, સુકાં માંસ કે સુકાં શાકના ખાવાથી, મળ, મૂત્ર, અધોવાયુ તથા કામદેવના વેગને અટકાવવાથી, શોકથી, ઉપવાસ કરવાથી, અતિ હસવાથી અને અત્યંત બોલવાથી વધેલો વાયુ હૃદયમાં, પીઠમાં, પડખામાં, કંઠમાં તથા ખભાના હાડકાઓના સાંધામાં અને મૂત્રાશયમાં એટલાં સ્થાનકે શૂળને ઉત્પન્ન કરે છે. ખાધેલું અન્ન પચીગયા પછી, સંધ્યાકાળની ઠંડી હવાથી, વર્ષાદથી અને ઠંડથી વાયુનો પ્રકોપ થતાં વિશેષ વારંવાર શૂળનો પ્રકોપ થાય છે અને વારંવાર મટે છે. એ શૂળથી મળ, મૂત્ર રોકાય છે, વ્યથા થાય છે અને અંગો ભેદાતાં હોય તેમ વેદના થાય છે. માટે શેક સ્વેદન, તેલ મર્દન અને સ્નિગ્ધ તથા ઉનાં ભોજનો ઉપયોગમાં લેવાથી **વાયુથી** થએલું શૂળશાંત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિત્તશૂળનાં નિદાન, સંપ્રાપ્તિ તથા લક્ષણ.

ખાર, અતિ તીક્ષ્ણ, ગરમ, બળતરા કરનાર, તેલ, ચોળા, તલ, કળથી, તલનો ખોળ, તીખા ખાટા અને લુખા એટલા પ્રકારના પદાર્થોના ખાવાથી, ક્રોધથી, ભયથી, શોકથી, તાપ તડકાથી, ઉતાવળું ચાલવા કે દોડવાથી, ઘણો પરસેવો થવાથી–શ્રમથી, દારૂ–આસવના પીવાથી, ખેદના કરવાથી, સુકાં માંસ તથા જવના આથાના પાણીથી, મૈથુનના અતિયોગથી અને રાંધેલાં અન્નોને આથી કાઢેલા મદ્યપાનથી, વાયુએ પ્રેરેલું પિત્ત કોપ પામી, છાતિમાં કે હોજરીમાં શૂળ ઉત્પન્ન કરે છે, તેથી કરીને અંગમાં બળતરા, અત્યંત પરસેવો, તરશ, મુર્ચ્છા અંતરમાં દાહ, મુખમાં શોષ, અને ભ્રમ–ફેર આવે છે, આ શૂળ–મધ્યાન્હકાળમાં અર્ધરાત્રે, ગ્રીષ્મ તથા શરદ્ઋતુમાં પ્રકોપ પામે છે. તે શૂળ શીતકાળમાં, ઠંડા પવનથી અને ઘણુંજ ઠંડકતાવાળાં તથા અતિ મીઠાં ભોજનથી શાંત થાય છે.

કફના શૂળનાં નિદાન, સંપ્રાપ્તિ તથા લક્ષણ.

ઘણા પાણીવાળા પ્રદેશમાં ઉત્પન્ન થનારાં ધાન્ય, ફળો તથા માંસના ખાવાથી, માંછલાં ખાવાથી, કમળકંદ ખાવાથી, (ભેંશના) દુધનો માવો, દુધપાક, દુધના પદાર્થો ખાવાથી, શેળડી, અડદનો લોટ વા મેદાના ખાવાથી, ખીચડી, તલની પૂરી, તેલ અને સ્નિગ્ધ કે મધુર ભોજનોના ખાવાથી, દિવસે ઉંઘવાથી, ઘણું ખાવાથી, ઠંડકથી તથા દહી વા અતિ ઠંડા પદાર્થોના ખાવાથી અને કફકારી વસ્તુઓના સેવનથી કફ ઉત્પન્ન થઇ–પ્રકોપ પામી આમાશય–કોઠાનાં શૂળને ઉત્પન્ન કરેછે. તેથી અગ્નિ મંદ થઇ જાય છે, મોળ, ઉધરસ, ગ્લાનિ, અરૂચિ, છાતીમાં પીડા, ઉલટી, જડતા, માથાનું ભારેપણું, શરીરનું ભીનાપણું તથા શરીર ઠંડું, ખાધા પછી મુખમાં મોળ, મિઠાશ અને ચીકણાપણું થાય છે. આ શૂળ જમ્યા પછી હમેશાં ઘણી પીડા કરેછે. પ્રથમ પોહોરમાં, શિશિર ઋતુમાં, વસંત ઋતુમાં વિશેષે કરીને કફનો સંચય કિંવા વધારો થવાથી કફશૂળ થાય છે.

જે શૂળમાં પાછળ કહેલા ત્રણે દોષનાં લક્ષણ હોય તો **ત્રિદોષનું** શૂળ જાણવું.

આમ[1] અને નિરામ શૂળનાં લક્ષણ.

જેમાં કફશૂળનાં લક્ષણો જણાતાં હોય તથા જેમાં આફરો, પેટમાં ગડગડાટ, મોળ, ઉલટી, ભારેપણું, ભીના વસ્ત્રથી વિંટેલું હોય તેવું શરીર જણાય અને લાળ કે કફ પડયા કરે–મતલબમાં જે રોગીને અન્ન પચી ગયા છતાં કફશૂળનાં લક્ષણો જેવાં ચિન્હ થાય

૧ આમ શૂળ વાયુના સંબંધવાળું હોય તો મૂત્રાશયમાં, પિત્તના સંબંધીથી નાભિમાં, કફના સંબંધથી છાતીમાં, પડખાઓમાં, તથા પેટમાં, ત્રણે દોષના સંબંધથી સર્વ અંગોમાં, કફવાયુના સંબંધથી મૂત્રાશય–પેઢુ, છાતી, કેડ અને પડખાઓમાં, કફ પિત્તના સંબંધથી પેટમાં, છાતીમાં તથા ડુંટીમાં શૂળ પેદા કરેછે. અને વાયુ પિત્તના સંબંધથી દાહ, તથા તાવને ઉત્પન્ન કરે છે; અર્થાત્ દોષોના ભેદથી આમ શૂળ જુદા જુદા ઠેકાણે ભયંકર પીડા ઉત્પન્ન કરે છે. શૂળ–ચસકા–ચબકા, સણકા વગેરેના નામથી ઓળખાય છે. તથા ઘણું જમવામાં આવવાથી અગ્નિ મંદ થઇ, કોઠામાં વાયુ સ્થિર થઇ ચારે કોર વીટલાઇ અન્નને પચવા ન દેતાં ભારે શૂળને પેદા કરે છે તેથી મૂર્છા, આફરો, બળતરા, હૃદયમાં કલેશ, વિલંબીકા, અતિસાર, કંપવા, ઉલટી અને પ્રમેહને ઉત્પન્ન કરે છે. તે પણ આમશૂળ કહેવાય છે. એમ કેટલાક ગ્રંથકારો કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો તે **આમશૂળ** કહેવાયછે અને અન્ન પચી ગયા છતાં પિત્તશૂળના લક્ષણો જેવાં ચિન્હ થાય તો **નિરામશૂળ** કહેવાય છે.

બબ્બે દોષથી થએલાં શૂળોનું લક્ષણ.

કફ અને પિત્તથી ઉત્પન્ન થએલું શૂળ છાતીમાં, કંઠમાં અને પાસાં-પડખાંઓમાં વેદના ઉત્પન્ન કરે છે. **કફ અને વાયુથી** ઉત્પન્ન થએલું શૂળ છાતી અને ડુંટીના વચ્ચે વેદના કરે છે. **વાયુ અને પિત્તથી** ઉત્પન્ન થએલું શૂળ પેડુમાં, ડુંટીમાં કે, ડુંટી અને પેડુના વચમાં વેદના ઉત્પન્ન કરે છે; મતલબમાં બબ્બે દોષનાં ભેગાં લક્ષણો હોય છે.

પરિણામશૂળનાં નિદાન, સંપ્રાપ્તિ તથા લક્ષણ.

જે જે કારણોથી શૂળ ઉત્પન્ન થાય છે તથા જે જે ચિન્હો શૂળ રોગોનાં ઉપર બતાવી ગયા છીએ તે સર્વે આ શૂળમાં સામેલ સમજવાં; પરંતુ આ શૂળમાં એટલું વિશેષપણું છે કે, કુપિત થએલો વાયુ પિત્ત સાથે મળી કિંવા કફ સાથે મળી ખાધેલું અન્ન પચવાના સમયમાં શૂળ ઉત્પન્ન કરે છે તેને પરિણામશૂળ કહે છે. તેમાં પણ જો **વાયુથી થએલું** પરિણામશૂળ હોય તો, આફરો, પેટમાં ગડગડાટ, મળ મૂત્રનું રોકાણ, તથા કંપારો, જઠરાગ્નિની મંદતા થાય બગાસાં આવે તથા મોળ આવે, મુખ અને છાતી ભીંડણી રહે છે. (તે સ્નિગ્ધ તથા ઉષ્ણપણાવાળા પદાર્થોથી શાંત થાય છે. જો **પિત્તથી** થએલું પરિણામ શૂળ હોય તો, તરસ, બળતરા, અણગમો, પરસેવો, તીખા, ખાટા, ખારાપણું થાય, મૂર્છા, મુખમાં કડવા, અત્યંત શોષ, મુખ પીળું, અને મૂત્ર કરતાં કષ્ટ થાય છે. (તે ઠંડા પદાર્થોથી શાંત થાય છે.) જો **કફથી** થએલું પરિણામશૂળ હોય તો, બકારી-ઉલટી, ઉધરસ, મોળ મોહ અને થોડી થોડી પીડા લાંબા વખત લગી રહે છે. (તે તીખા તથા કડવા પદાર્થોથી શાંત થાય છે.) જો બે દોષથી થયેલું હોય તો બે દોષનાં અને ત્રણે દોષ થાય છે. તથા ત્રણ દોષના લક્ષણોયુક્ત હોય છે, તથા તેમાં બળ, માંસ અને અગ્નિ ક્ષીણ થયાં હોય તો તે પરિણામશૂળ અસાધ્ય જાણવું.

અન્નદ્રવ જાતના શૂળનું લક્ષણ.

ખાધેલું અન્ન પચવા સમય કે પચ્યા પછી પણ જે શૂળ પેદા થાય તથા પથ્યથી, અપથ્યથી, ભોજનથી કે ભૂખ્યા હોય તે વખતે, પણ તેની શાંતિનો નિયમ રહેતો નથી. તે અન્નદ્રવ શૂળ કહેવાય છે.

શૂળના ઉપદ્રવો.

વેદના, ઘણી તરશ લાગે, મૂર્છા, આફરો, મળબંધ, ભારેપણું, અરૂચિ, ઉધરસ, ઉલટી અને હેડકી તથા શ્વાસ એટલા શૂળના ઉપદ્રવો છે.

શૂળનું સાધ્યાસાધ્યપણું.

એક દોષથી ઉત્પન્ન થયેલું સાધ્ય, બે દોષથી થએલું કષ્ટસાધ્ય અને ત્રણે દોષથી થએલું તથા ઉપદ્રવોએકરીને યુક્ત હોય તે અસાધ્ય છે. વળી વેદના, ઘણી તરશ લાગે, મૂર્છા, મળબંધ, ફેર, તાવ, ભારેપણું, અરૂચિ, દુબળાપણું અને બળની હાનિ આ દશ ઉપદ્રવોયુક્તશૂળ હોય તો તે મનુષ્ય કદિ જીવતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાય.

શૂળના રોગવાળાને ઉલટી, લંઘન, પરસેવો લાવવો, પાચન ઔષધો આપવાં, ગુદામાં દવાઓની દીવટ બેસવી, પીચકારી, રેચ, શેક, ખાર, ચૂર્ણ, તેલનું મર્દન અને ગોળીઓ વગેરે દોષને લગતી ક્રિયાઓ કરવી એજ શૂળરોગ માટે ઉત્તમ ઉપાય છે. **અથવા** માટીમાં પાણી નાખી તે માટીને પકાવી જાડી કરી કપડામાં નાખી તેનો શેક કરવો. **અથવા** કપાશીયા, કળથી, તલ, અને જવ, એઓ સર્વને અથવા એક એકને એરંડાનું મૂળ, અળશી, સારોડીનુંમૂળ અને લસણ એઓની સાથે કાંજીમાં સીજવી તેનો જ્યાં શૂળ આવતું હોય ત્યાં શેક કરવો. જેથી કુલા, સોહણ, પગ, આંગળીઓ, ઘુંટીયો, કાંધ, અને કેડ એટલી જગ્યોનાં શૂળ તથા અન્ય પણ વાયુ સંબંધી પીડાઓ મટી જાય છે. આ **કર્પાસાસ્થ્યાદિસ્વેદ** કહેવાય છે. **અથવા** તલને વાટી ગોળો કરી પેટની ઉપર ફેરવવાથી ભયંકર શૂળ પણ મટે છે. **અથવા** મિંઢળને કાંજીમાં વાટી નાભિની આસપાસ લેપ કરવાથી શૂળ મટે છે. **અથવા** સુંઠ અને એરંડાનું મૂળ એઓનો કવાથ કરી તેમાં હિંગ તથા સંચળ નાખી પીવાથી તુરત શૂળનું નિવારણ થાય છે. આ સર્વ વાયુ શૂળના ઉપાય છે. **અથવા** પિત્તથી શૂળ પેદા થયું હોય તો ગોળને ઉકાળી તેમાં શાળ અને જવખાર નાખી પીવાથી શૂળ મટે છે. **અથવા** કાંસાના, રૂપાના કે ત્રાંબાના બારે વાસણમાં પાણી ભરી જ્યાં શૂળ આવતું હોય ત્યાં મૂકવું કે ફેરવવું, જેથી પિત્તનું શૂળ મટે છે. અથવા રેચથી પિત્તનું શૂળ મટે છે. **અથવા** હરડેદળ વાટી તેને ગોળ તથા ઘીમાં કાલવી ખાવાથી પિત્તનું શૂળ મટે છે. **અથવા** આમળાનું ચૂર્ણ મધ સાથે ચાટે તો પિત્તનું શૂળ મટે છે. **અથવા** લીંબડાની અંતરછાલનો કવાથ કરી તેમાં મદિરા નાખી પીવાથી કફનું શૂળ મટે છે. **અથવા** સિંધાલૂણ, સંચળ, વડાગરૂંમીઠું, પીપર, પીપરામૂળ, ચવક, ચિત્રો, સુંઠ, મરી અને શેકેલી હિંગ એઓનું ચૂર્ણ કરી યોગ્ય માત્રાએ (૨ ટાંક વા ૪ ટાંક) ઉના પાણી સાથે ફાકે તો કફના શૂળનો તથા આમના શૂળનો નાશ કરે છે. **અથવા** રાઇ અને ત્રિફળાનું ચૂર્ણ મધ સાથે કે, ઘી સાથે ચાટે તો શૂળ માત્ર જાય છે. **અથવા** દેવદાર, વજ, ઉપલેટ, સુવા, હિંગ અને સિંધાલૂણ એઓને ખાટા રસમાં વાટી ઉનાં કરી તેઓનો સહેવાય તેવો પેટ ઉપર ઠંડી બચાવી ખરડ-લેપ કરવો તેથી પેટનાં શૂળ મટે છે. **અથવા** દારૂહળદર, દારૂડીનુંમૂળ, ઉપલેટ, વરીયાળી (કે સવા ?) શેકેલી હિંગ અને સિંધાલૂણ એ સઘળાંને કાંજીમાં વાટી ઉનાં કરી સહેવાય તેવો લેપ કરે તો શૂળ મટે છે. **અથવા** બીલીનામૂળની છાલ, એરંડાની જડ, ચિત્રો, સુંઠ, શેકેલી હિંગ અને સિંધાલૂણ એ સઘળાં સમાન ભાગે લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઉના પાણી સાથે યોગ્ય માત્રાએ ફાકે તો, શૂળ મટે છે. **અથવા** પાકેલા કોળા (કે ભૂરાકોળા ?) ને કાપી કકડા કરી, તડકે સુકવી પછી પીતળના-વાસણમાં કે હાંલ્લામાં નાખી ઢાંકી અગ્નિ ઉપર ચઢાવવા અને યત્નપૂર્વક અગ્નિ કરી કોયલા બને તેવા બાળી–મતલબમાં એ કે, રક્ષારૂપ ન થવા દેવા. પછી એ કોયલાનું ચૂર્ણ કરી ૧૨

૧ શૂળ અગ્યાર જાતનાં છે, એટલે વાત, પિત્ત, કફ એ ત્રણે દોષનાં ત્રણ, ત્રણ દ્વંદ્વજ, ત્રિદોષ, આમ, નિરામ, અજીર્ણથી થયલું અને પરિણામ તથા રક્તશૂળ એ અગ્યાર પ્રકારનાં છે. રક્ત શૂળમાં પિત્ત શૂળનાં લક્ષણો હોય છે, પણ તેમાં શોષ, લોહીની ઉલટી, તરશ, દાહ, ઉદરસ અને શ્વાસ એટલાં ચિન્હો વિશેષ હોય છે. આ લોહીના બગાડથી શૂળ ઉત્પન્ન થાય છે. એમ **આત્રેયજીનું** કહેવું છે. કેટલાએક ગ્રંથકારોએ તો આઠ પ્રકારનાંજ શૂળો કહેલાં છે અને કેટલાએકોએ તેમાં પણ ભિન્ન ભિન્ન દોષોના કારણથી ભિન્ન ભિન્ન ભેદો કહેલા છે.

૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રતિ ભાર ચૂર્ણ તથા સુંઠનું ચૂર્ણ પણ ૧૨ રતિ ભાર લઇ એ બન્નેને મિશ્ર કરી પાણી સાથે સેવન કરવાથી અસાધ્ય શૂળ પણ શાંત થાય છે, મહાશૂળથી વ્યાકુળ થએલા જનોએ આ ઉપાય અવશ્ય કરવો. આ **કુષ્માંડક્ષાર** કહેવાય છે. **ભાવપ્રકાશ.અથવા** અજમો, સિંધાલૂણ, શેકેલીહિંગ, જવખાર, સંચળ અને હરડેની છાલ એઓનું ચૂર્ણ કરી યોગ્ય માત્રાએ (૬ માસા) ઉના પાણીથી લે તો વાયુનું શૂળ મટે છે. **અથવા** સંચળ ટાંક ૧. આમલી ટાંક ૨, જીરૂં ટાંક ૩, અને કાળાં મરી ટાંક ૪ એઓને ઝીણાં વાટી બીજોરાના રસની ભાવના દઇ ઘુંટી ગોળી ૪ માસા ભારની કરી તેમાંથી ગોળી ૧ નિરંતર (ઉના પાણી સાથે) સેવન કરે તો, વાયુનું શૂળ મટે છે. આ **સોવર્ચલાદિ ગુટિકા** કહેવાય છે. **અથવા** સુંઠ, હરડે, પીપર, નસોતર અને સંચળ એ એ સઘળાં સમાન લઇ ચૂર્ણ કરી યોગ્ય માત્રાએ ઉના પાણી સાથે સેવન કરે તો, સર્વ જાતનાં શૂળ, આફરો, પેટના રોગ, મસા–અર્શ અને આમવાયુ એટલા રોગો નાશ પામે છે. આ **પંચસમ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** સુંઠના કવાથમાં એરંડીયું નાખી શેકેલી હિંગ તથા સંચળનું ચૂર્ણ નાખી પીવાથી તેજ વખતે શૂળ મટે છે. **અથવા** શુદ્ધ વછનાગ[1], ચિત્રો, સુંઠ, જીરૂં, વજ, મરી અને શેકેલી હિંગ એ સઘળાં સમાન લઇ તેઓનું વસ્ત્ર ગાળ ચૂર્ણ કરી જળભાંગરના રસની ભાવના દઇ ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળી ૧ ગોળી ઉના પાણી સાથે ખાય તો, તુરત પવનનું રોકાણ, અને જમ્યા પછી ઉપડતું જે શૂળ તે મટે છે. આ **ભાસ્વકુટી** કહેવાય છે. **અથવા** શંખનો ચૂનો, કરકચ, શેકેલી હિંગ, ત્રિકટુ અને સિંધાલૂણ એ સઘળાંને બરોબર લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ટાંક ૩ ઉના પાણી સાથે લે તો, શૂળ રોગનો નાશ કરે છે. આ **શૂળ નાશન ચૂર્ણ** કહેવાય છે. **અથવા** ચિત્રામૂળ, શેકેલી હિંગ, કાળીપાડ, ત્રિકટુ, પાંચજાતનાં લૂણ, જીરૂં, ધાણા, છડ, અજમો અને પીપરામૂળ એઓને સમાન લઇ વાટી જંબીરીના રસની ભાવના દઇ ખૂબ ઝીણાં ઘુંટી ગોળી કરી ગોળી ૧ યોગ્ય માત્રાએ ઉના પાણી સાથે સેવવાથી, છાતીનું, પડખાંઓનું, આમનું કે પેટનું શૂળ તથા અરૂચિ, અને ૮૦ જાતના વાયુ એટલા રોગો નાશ પામે છે. આ **ચિત્રકાદિ ગુટિકા** કહેવાય છે. **અથવા** હરડેદળ, ત્રિકટુ, શુદ્ધ ઝેરકોચલાં,[2] શુદ્ધ ગંધક, શેકેલી હિંગ અને સિંધાલૂણ એ સર્વ સમાન ભાગે લઇ ચૂર્ણ કરી કપડેથી ચાળી પાણી સાથે ચણીબોર પ્રમાણે ગોળીઓ વાળી નિત્ય ૧ ગોળી પ્રભાતે ઉના પાણીથી સેવન કરે તો જન્મનું શૂળ, સંગ્રહણી, અતિસાર, અજીર્ણ અને અગ્નિમંદતા એ સર્વ રોગોનો નાશ કરે છે. આ **શૂળનાશિની ગુટિકા** કહેવાયછે. **અથવા** ઝેરકોચલાં ભાગ ૧, સુંઠ ભાગ ૧, સંચળ ભાગ ૦॥, અને શેકેલી હિંગ ૦॥ ભાગ લઇ એઓને ઝીણાં વાટી કપડેથી ચાળી કાહાડી સરગવાના રસમાં કે લસણના રસમાં ઘુંટી ટીકડીઓ બાંધી અગ્નિ ઉપર શેકી ૧ ટીકડી ઉના પાણીથી

---

૧ વછનાગને ગાયના મૂત્રમાં પાંચ દિવસ પલાળી મૂકવો, પણ ગોમૂત્ર નિત્ય બદલતા રહેવું. પાંચ દિવસ પછી નાના નાના કકડા કરી છાંયડામાં સુકવી સુકાયા પછી યત્નપૂર્વક કાચની શીશીમાં ભરી રાખી ઉપયોગ વખતે એ શુદ્ધ વછનાગ વાપરવો.

૨ છાશમાં પાણી મેળવી તેમાં ઝેરકોચલાં ૩ દિવસ રાખી પછી ચૂલ્હા ઉપર ચઢાવી અગ્નિ આપવો અને ત્યાર પછી કાહાડી લઇ છોલી બે ફાડે કરી વચમાંની જીભી કાહાડી કકડા કરી ખાંડી શીશીમાં ભરી રાખવાં. અથવા તેજ પ્રમાણે માટીમાં પલાળી રાખી સાફ કરવાં. અથવા જરા ઘી ચોપડી અંગારા ઉપર શેકી કે તેલમાં તળી નાખી સાફ કરવાં તે શુદ્ધ ઝેરકોચલાં કહેવાય છે.

ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સેવન કરે તો, તુરત સર્વ પ્રકારના શૂળોનો નાશ થાય છે. આ **કુચીલાદિ ગુટિકા** કહેવાયછે. **અથવા** ત્રિફળાં, લોહભસ્મ, જેઠીમધ અને મહુડાના મૂળની છાલ એઓને બરાબર લઇ ચૂર્ણ કરી અનુમાન પ્રમાણે મધ અને ઘી સંગાથે ચાટે તો ત્રણે દોષનું શૂળ મટે છે. **અથવા** શુદ્ધપારો, શુદ્ધગંધક, અને શુદ્ધ વછનાગ એ ચાર ચાર તોલા, ત્રિકટુ તથા શેકેલી હિંગ આઠ આઠ તોલા, પાંચ જાતનાં મીઠાં ૩૨ તોલા, આમલીનો ખાર ૩૨ તોલા અને જંબીરીના રસમાં ૭ વાર ઠારેલા શંખનો ચૂનો ૮ તોલા લઇ એકઠાં કરી લિંબુના રસ સાથે ૧ દિવસ ઘુંટી તેમાંથી ૧ ટાંક ઉના પાણી સાથે સેવન કરે તો તેજ વખતે શૂળ માત્ર મટે છે. **આ શૂળ દાવાનળ રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** રાઇ અને સાકર સરખે ભાગે લઈ પાણી સાથે ઝીણું લસોટી શૂળ આવતું હોય ત્યાં જાડો લેપ કરી ઉપર જુનું રૂ ચોંટાડી દે તો શૂળની પીડા મટે છે. **અથવા** સાબરશીંગનો લેપ, કે હિંગનો લેપ, કિંવા સરેસની પટી મારવાથી શૂળ મટે છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ-વછનાગ, કોડીઓની ભસ્મ, જવખાર, પીપરામૂળ, શેકેલો ટંકણખાર, પીપર અને સુંઠ એટલા પદાર્થોને પાનના રસમાં ખરલકરી તેમાંથી બે રતિભારની માત્રા યોગ્ય અનુપાન સાથે સેવન કરવાથી શૂળ દૂર થાયછે. આ **શૂળગજકેશરીરસ** કહેવાયછે. **વૈદ્યરત્ન. અથવા** જીરૂં, સુંઠ, મરી, શેકેલી હિંગ, અને વજ એટલાં સમાન લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી અનુમાન પ્રમાણે માત્રાએ ઉના પાણી સાથે સેવન કરે તો, શૂળ જાય. **અથવા** ત્રિફળાં તોલા ૪ શોધેલો ગંધક તોલા ૨ અને લોહભસ્મ તોલો ૧ એઓ સર્વને યથેષ્ટ રીતે વાટી એકત્ર કરી ૦॥ તોલાભાર મધ અને ઘી (ઓછાવત્તાં) લઇ તેમાં તેની યોગ્ય માત્રા ૩ માસ સુધી સેવન કરે તો શૂળ માત્રનો, વાયુ વિકારનો અને ફોલ્લાઓ—ત્વચા રોગ કે લોહી વિકારનો નાશ કરે છે અને ગએલા માથાના વાળ ફરી ઉગે છે. **આ ગંધકપ્રયોગ** કહેવાય છે. **અથવા** ગોળ તોલા ૪, આમળાં તોલા ૪, હરડેનું ચૂર્ણ તોલા ૪ મંડુર તોલા ૧૨ એઓને યોગ્ય રીતે એકત્ર ઘુંટી યોગ્ય માત્રાથી મધ, ઘી સંગાથે સેવન કરે તો શૂળ માત્રને, રક્ત-પિત્તને, અમ્લપિત્તને અને પરિણામ શૂળને નાશ કરે છે; પરંતુ ભોજનના આધમાં, મધ્યમાં અને અંતમાં એક એક તોલાભાર ખવાય તો શ્રેષ્ઠ ફાયદો આપે છે. આ **ગુડમંડુર** કહેવાય છે. **અથવા** વાવડીંગ, ચિત્રો, ચવક, ત્રિફળાં અને ત્રિકટુ એ સર્વ બરાબર લઇ ચૂર્ણ કરી તથા એ સર્વની બરાબર શુદ્ધ મંડુર—લોહકાટ અને એ સર્વના બરાબર ગોળ લઇ સર્વેને એકત્ર કરી પછી એ સર્વ ઔષધોથી બમણું ગોમૂત્ર અને અરધે ભાગે ગોળ લઇ લોઢાની કડાઇમાં નાખી તેમાં સર્વે ઔષધીઓ નાખી ધીમા તાપથી પકાવવાં, જ્યારે કણક માવા જેવો પીંડો થાય ત્યારે ચીકણા વાસણમાં યત્નપૂર્વક રાખી મૂકવો, પછી તેમાંથી ટાંક ૨ ભોજનના આદિ મધ્ય અને અંત સમય સેવન કરે તો, શૂળ, પક્તિશૂળ, કમળો, પાંડુ, સોજો, મંદાગ્નિ, અરશ, ગોળો, સંગ્રહણી, કમીયાનો રોગ, પેટના રોગો, અને અમ્લપિત્ત એટલા રોગોનો નાશ કરે છે. આ **તારામંડુર ગુડ** કહેવાય છે. આપ્રયોગથી મેદ દૂર થાય છે. પણ સુકાં શાક, બળતરા કરનારા ખાટા કે તીખા પદાર્થો ન ખાય તો અથવા શુદ્ધ ગંધક લઇ તેથી અરધે ભાગે શુદ્ધ પારો લેવો એ બન્નેને ૨ પોહોર ઘુંટી શુદ્ધ કરેલાં તાંબાનાં કંટક-વેધ પતરાં ઉપર તેનો લેપ કરી સરાવ સંપુટ કરી કપડા માટી કરી સુકવી હાંલ્લામાં મીઠું ભરી તેના વચમાં તે મૂકી ૪ પોહોર સુધી અગ્નિ આપી પછી સ્વાંગ શીતળ થએ એમાંથી ૨ રતિભાર ભસ્મ પાન સાથે ખાય તો શૂળ માત્રને તેજ વખતે મટાડે છે. આ **શૂળગજ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેસરીરસ કહેવાય છે. **અથવા** હરડેની છાલ, શેકેલો ટંકણ, સુંઠ, શેકેલી હિંગ, મરી, ચિત્રામૂળ, વાવડીંગ શુદ્ધ કરેલો ગંધક અને સિંધાલૂણ એ સઘળાં સમાન ભાગે લઇ એ સર્વેની બરાબર શુદ્ધ ઝેરકોચલાં લઇ સર્વને ઝીણાં વાટી કપડાથી ચાળી પાણી સાથે ગોળીઓ વાળી માસા ૧ ભાર પાણી સાથે સેવન કરે તો ગોળો, ખાંસી, શળ, આફરો, બંધકોશ, કફનાં દરદો, પેટના રોગ, આમવા, અજીર્ણ, મંદાગ્નિ, અરૂચિ અને તાવ એટલા રોગોનો નાશ કરે છે. આ **શળગજકેશરી ગુટીકા** કહેવાય છે. **અથવા** કરંટય, શેકેલી હીંગ, સરગવો અને સુંઠ એ સર્વેને બરાબર લઇ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી યોગ્ય માત્રાએ ઉના પાણી સાથે સેવન કરે તો મહા ભયંકર શળ પણ નાશ થાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** નસોતર, બીડલૂણ, વાવડીંગ, સરગવાની ફળી, હરડેની છાલ, શાલવૃક્ષ અને કંપિલો એ સઘળા પદાર્થોસમાન લઇ ઝીણા વાટી ઉત્તમ દારૂ સાથે સેવન કરે તો, વાયુનું શળ મટે છે. **ચક્રદત્ત. અથવા** શેકેલી હિંગ, અમ્લવેતસ, પીપર, સંચળ, અજમો,જવખાર,હરડેછાલ અને સિંધાલૂણ એ સમાન લઇ ઝીણાં વાટી યોગ્ય માત્રાએ દારૂની સાથે પીવાથી વાયુનું શળ મટે છે. **અથવા** અમ્લવેતસ, ત્રિકટુ, અજમો, સંચળ, વડાગરૂમીઠું અને સિંધાલુણ એઓને ઝીણાં વાટી બીજોરાના રસમાં ઘુંટી ગોળીઓ વાળી ૧ ગોળી ઉના પાણી સાથે સેવે તો શળનો નાશ થાય છે. આ **હિંગ્વાદિ ગુટિકા** કહેવાય છે. **અથવા** બીજોરાનું મૂળ ઝીણું વાટી ઘી સાથે ૨ ટાંક પીવાથી વાયુનું શળ નાશ થાય છે. આ **બીજપૂરાદિયોગ** કહેવાય છે. **સર્વસંગ્રહ. અથવા** "ત્રિકટુ અને સંચળ એઓને સરખાં લઇ સૂક્ષ્મ વાટી બીજોરાના રસની ૩ ભાવનાઓ દઇ સૂકવી, પછી ૨ ટાંક મધ સાથે કાળવી ચાટે તો ત્રિદોષનું શળ નાશ થાય છે. **અથવા** ઉંદર, સરગવાની છાલ, સિંધાલુણ, એરંડાનું મૂળ, બેશર ગુગળ, સરસવ, મેથી, વરીઆળી (કે સવા ?) આસગંધ અને મહુડો એટલાં બરાબર લઇ ઝીણાં વાટી કાંજીના પાણીમાં ઓસણી તેનો રોટલો બનાવી પકાવી તેનાથી પેટ ઉપર શેક કરે તો, પેટનું શળ મટે છે." **અથવા** કોડીઓની ભસ્મ, શુદ્ધ વછનાગ, સિંધાલુણ અને ત્રિકટુ એ સર્વને સમાન લઇ ઝીણાં વાટી પાનના રસમાં ઘુંટી ગોળીઓ રતિ પ્રમાણે વાળી તેમાંથી ૧ ગોળી નિરંતર સેવન કરે તો, શળ રોગનો નાશ થાય છે. આનું નામ પણ **શળ ગજકેશરી ગુટીકા** કહેવાય છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, અભ્રકની શુદ્ધ ભસ્મ, તાંબાની શુદ્ધ ભસ્મ, અમ્લવેતસ અને શુદ્ધ વછનાગ એ સર્વ બરાબર લઇ ઝીણાં વાટી આદાના રસમાં ઘુંટી ગોળીઓ ૨ રતિ પ્રમાણે વાળી તેમાંથી ૧ ગોળી નિરંતર પાણી સાથે સેવન કરે તો, વાયુનું શળ મટે છે. આ **અગ્નિમુખ રસ** કહેવાય છે. **સર્વસંગ્રહ. અથવા** શુદ્ધ વછનાગ, શુદ્ધ હરતાલ, શેકેલી હિંગ, રાઇ, નવસાદર, મણશીલ, લસણ, વજ અને ઓજીઓ એઓને બરાબર લઇ ઝીણાં વાટી ઉનાં કરી સહેવાય તેવો લેપ કરે તો, પડખામાં આવતું—પાર્શ્વશળ મટે છે. **અથવા** છીપાનો ચૂનો ઉના પાણી સાથે પીવામાં આવે તો પરિણામશળનો નાશ થાય છે. (આ પ્રયોગ ઉત્તમ છે.) વિશેષે કરીને શળરોગ ઉપર વાયુને તોડનારા પ્રયોગોજ કરવા અતિ ઉત્તમ છે.

ઘોડાની તુરતની કરેલી લાદ પાણીમાં ચોળી નીચોવી ગાળી હિંગનો પ્રતિવાસ દઇ પીવાથી ભયંકર શળ પણ તત્કાળ મટે છે (આ અનુભવસિદ્ધ યોગ છે.)

ભા. કંસા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શૂળ રોગવાળાને સેવ્યાસેવ્ય.

કસરત, મૈથુન, દારૂ, લૂણ, તીખોરસ, મળ-મૂત્રાદિના વેગોને અટકાવવા, શોક, ક્રોધ, વિકળતા-અધૈર્યતા, કઠોળ, જાડા અને ઠંડા પદાર્થો, દહીં, દિવસે સુવું અને વાયુ કરતા પદાર્થો એઓ ત્યાગ કરવા યોગ્ય છે.

સાઠીચોખા, સિંધવ, હિંગ, સૌવીર નામનું મદ્ય, દારૂ, ગોળ, સુંઠ, સવાની ભાજી, બથવો અને હરણ, તેતર, લાવાં, સસલાં તથા સારસ એઓનાં માંસ એટલા પદાર્થો સદા સેવવા યોગ્ય છે. (રેચ, ફસ, રૂમડી. રક્તસ્રાવ વગેરે પણ સેવવા યોગ્ય છે) તથા રાઈ, સુંઠ, હિંગ, વછનાગ, ગુગળ, મેદાલકડી, અસાળીઓ, આબાહળદર, વીજાબોળ અને અફીણ એ સઘળાં બરાબર લઈ વાટી ગોમૂત્ર સાથે ઝીણાં ઘુંટી શૂળના સ્થાનકે જાડો લેપ કરવો એ પણ શૂળરોગીને હિતકારી છે.

શૂળરોગનો અધિકાર સંપૂર્ણ.

ઈતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગરનામા ગ્રન્થ વિષે વાતરક્ત, શૂળ અને શૂળના ભેદરૂપ પરિણામશૂળ, અન્નદ્રવશૂળનાં નિદાન, ઉત્પત્તિ, લક્ષણ તથા યત્નનિરૂપણ નામનો દશમો તરંગ સંપૂર્ણ.

તરંગ અગીઆરમો.

ઉદાવર્ત્ત ને આફરો, ગુલ્મ પ્લીહ હૃદિરોગ;
યકૃત ભુક્ત અગ્યારમો, તરંગ આ સહુયોગ.

ઉદાવર્ત્ત તથા અનાહનો અધિકાર

ઉદાવર્ત્તનાંનિદાન.

અધોવાયુ ૧. મળ ૨, મૂત્ર ૩, બગાસાં ૪, આંસુ ૫, છિંક ૬, ઓડકાર ૭, ઉલટી ૮, મૈથુન ૯, ભૂખ ૧૦, તરશ ૧૧, શ્વાસ ૧૨ અને ૧૩ નિંદ્રા આ તેર વેગ-અર્થાત્ એટલાઓની જે વખતે હાજત થઈ હોય તે વખતે આળશ, શરમ કે કોઇ અન્ય કારણના લીધે તેઓને અટકાવી રાખે તો તેથી ઉદાવર્ત્ત રોગ ઉત્પન્ન થાય છે. (તથા બીજા પણ અનેક રોગો ઉત્પન્ન થાય છે.)

જુદા જુદા વેગોને રોકવાથી ઉત્પન્ન થતા જુદા જુદા ઉદાવર્ત્તાનાં વિશેષ લક્ષણ.

અધોવાયુના રોકવાથી-વાયુ. મળ તથા મૂત્રનું રોકાણ થાય છે. પેટ ચડે છે, મહેનત કર્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગર થાક લાગે છે, પેટમાં પીડા, વ્યથા, શૂળ તથા ગોળો અને અન્ય પણ વાયુ સંબંધી રોગો થાય છે.

મળના વેગને-ઝાડાને રોકવાથી-પેટમાં પીડા, ગુડગડાટ, હોજરીમાં શૂળ, ગુદામાં વાઢ, ઝાડાનું રોકાણ, પેડુમાં પીડા, ઓડકારનું આવવું અને મોઢેથી મળનું નીકળવું થાય છે.

મૂત્રને રોકવાથી મૂત્રાશયમાં તથા ઇંદ્રિમાં શૂળ, મૂત્રકૃચ્છ, માથામાં વ્યથા, શરીરનું નમવું અને સાથળોના સાંધા-બંધ થવાની જગ્યાએ વ્યથા તથા આમ વિના આફરો હોય છે.

બગાસાના રોકવાથી-ડોકનું ઝલાવું, માથામાં વેદના, વાયુ સંબંધી રોગોનું થવું, આંખ, નાક તથા મ્હોંમાં આકરી વેદના અને બગાસાં વારંવાર આવે છે તથા કાનમાં વેદના થાય છે.

આંસુ રોકવાથી-એટલે આનંદ કે શોક થવાથી આંસુ આવ્યાં હોય તેને રોકવાથી માથામાં ભારેપણું, આંખમાં વેદના અને શળીખમ થાય છે.

છિંક આવતી રોકવાથી-ઓડનું ઝલાવું, માથામાં શૂળ, અર્દીતો વાયુ, અરધા માથામાં પીડા અને ઇંદ્રિયોની નિર્બળતા થાય છે.

ઓડકાર રોકવાથી-ગળું, મોંહોડું કોળીઆથી ભરાઇ રહ્યું હોય તેવું થાય, છાતિમાં તથા આમાશય-કોઠામાં વિશેષ વ્યથા, પેટમાં પવનનો અસ્ફુટ શબ્દ થાય, શ્વાસના રોધના લીધે પવનની પ્રવૃત્તિ થતી નથી, અને હેડકી વગેરે વાયુના વિકારો થાય છે.

ઉલટીને રોકવાથી-ચળ, ચ્રામઠાં, અરૂચિ, મહોં ઉપર કાળાશ વિનાની દાઝ સોજો, પાંડુ, તાવ, કોઢ, મોળ અને વિસર્પ તથા છાતીમાં દુખાવો થાય છે.

વીર્યને રોકવાથી કે કામદેવની ઇચ્છાને રોકવાથી-મૂત્રાશયમાં, ગુદામાં તથા અંડકોષમાં સોજો, પીડા, મૂત્રની અટકાયત, વીર્યની પથરી, વીર્યનો શ્રાવ, અને બીજા પણ વાતકુંડળિ વગેરે વિકારો થાયછે.

ભૂખને રોકવાથી-ઘેન, અંગમાં ત્રોડ. હાથમાં ફાટ, અરૂચિ, શ્રમ, શરીરક્ષીણ અને દ્રષ્ટિની મંદતા થાય છે.

તરશને રોકવાથી-ગળામાં સોજો, સાંભળવાનું રોધપણું, કંઠ તથા મુખ સુકાય છે અને છાતીમાં વ્યથા થાય છે.

શ્વાસને રોકવાથી-એટલે થાક્યો હોય કે મહેનત કર્યાપછી કિંવા દોડયાપછી શ્વાસ ચઢ્યો હોય તેને રોકે તો, છાતીમાં પીડા, મોહ અને પેટમાં ગોળો થાય છે.

ઉંઘને રોકવાથી-બગાસાં આવે, અંગ ભાગે, માથામાં, ગાત્રોમાં, તથા નેત્રોમાં ભારેપણું અને ઘેન થાયછે.

ઉદાવર્ત્તનાં નિદાન સંપ્રાપ્તિ તથા લક્ષણ.

લુખાં, તુરાં, તીખાં અને કડવાં ભોજનોથી કુપિત થએલો કોઠામાંનો વાયુ તુરત ઉદાવર્ત્તને ઉત્પન્ન કરે છે. વાયુ ઉંચે ચઢી અનેક પ્રકારની પીડા કરેછે તેનેજ ઉદાવર્ત્તરોગ જાણવો. મૂત્ર, મળ, આંસુ, કફ, મેદને ચલાવનારી નસોને રોકી વિષ્ટા વગેરેની અવળી ગતિ કરેછે પણ તેઓને નીચી ગતિએ આવવા દે નહીં, તેથી અધોવાયુ, મૂત્ર અને વિષ્ટા પરાણે ઉતરેછે, ને ઉદાવર્ત્ત રોગીને શ્વાસ, ઉધરસ, શળીખમ, દાહ, મોહ, તરશ, તાવ, વમન, હેડકી, માથા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માં વેદના, દોરીમાં સર્પની ભ્રાંતિ વગેરે મનના વિભ્રમો. સાંભળવામાં ફેરફાર અને બીજા પણ વાયુના કોપથી બહુ બહુ વિકારો થાય છે.

ઉદાવર્ત્તનાં સાધ્યાસાધ્ય લક્ષણ.

તરશથી તથા ઉલટીથી ઉદાવર્ત્ત રોગી પીડાતો હોય, ક્ષીણ થયો હોય, શૂળોથી દુઃખી, થતો હોય અને ઉલટીમાં મળ પડતો હોય તો તે ઉદાવર્ત્ત રોગી મરી જાય છે.

અનાહ—આફરાનાં સામાન્ય લક્ષણ.

પેટમાં આમ—વગર પાકેલા રસના વધવાથી અથવા તો વિષ્ટાદિનો સંચય દુષ્ટ વાયુથી બંધાઇ—સુકાઇ નિયમપૂર્વક ન ઉતરે અને પવન રોકાઇ જાય તેથી મનુષ્યના પેટમાં આફરો-પેટ ચઢીઆવે તેને અનાહરોગ કહે છે.

જો **આમથી** આફરો ચડયો હોય તો, તરશ, શળીખમ, માથામાં વેદના—બળતરા, કોઠામાં શૂળ, શરીર ભારે, છાતીમાં દુખાવો તથા સજડપણું અને ઓડકાર આવે નહીં એટલાં લક્ષણો થાય છે.

જો **ઝાડાના** સંચય—વધવાથી આફરો થયો હોય તો, કેડ, વાંસો કિંવા શરીર ઝલાઇ જાય, મળ—મૂત્ર ઉતરે નહીં તથા શૂળ આવે, મૂર્છા, વિષ્ટાનું વમન અને અળીસક નામનો કોલેરાનો રોગ પેટનું ચઢવું અને શ્વાસ થાય છે.

ક્રમવાર ઉદાવર્ત્તના તથા આફરાના ઉપાય.

અધોવાયુના રોકવાથી થએલા ઉદાવર્ત્ત માટે સ્નેહપાન, તથા શેક વગેરેથી પરસેવો લાવવો, ગુદામાં ઔષધની દિવટ કરીને મૂકવી અને ગુદામાં દવાઓની પિચકારીઓ મારવી જેથી મટે છે.

ઝાડો રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, રેચ લગાડનારાં અન્ન તથા ઔષધો, ગુદામાં સાબુ વગેરે દીવટ, તેલ મર્દન, અવગાહન, પરસેવો લાવવો અને પિચકારીઓ વગેરે ઉપયોગમાં લેવાથી મટે છે.

મૂત્ર રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, દુધ પાણી તથા વજનું ચૂર્ણ ટાંક બાર લઇ સાથે ઘોળી પીવાથી ઉદાવર્ત્ત મટે છે. **તથા** ભોરીંગણી કે, રાતા ધમાસાનો સ્વરસ કરી પીવો. **અથવા** કાકડીના બીજને પાણીમાં વાટી તેમાં જરા સિંધાલુણ નાખી પીવાં. **અથવા** શેળડીનો રસ, સાકર, દુધ, દ્રાખનો રસ કે જેઠીમધનો રસ પીવો. **અથવા** મૂત્રકૃચ્છ અને પથરીના અધિકારમાં જે ઉપાયો કહેવામાં આવશે તે ઉપયોગમાં લેવા.

બગાસાં રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, સ્નેહ અને સ્વેદની ક્રિઆઓ તથા વાયુને હણનારા અન્ય ઉપાયો ઉપયોગમાં લેવા.

આંસુ રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, સારી પેઠે રોઇને આંસુ પાડવાં, તથા સુખપૂર્વક સુઇ જવું અને બીજા મનુષ્યોએ તેને મનોહર—રસિલી વાતો સંભળાવવી.

છિંકના રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, મરી, રાઇ, નખછીંકણી વગેરે તીક્ષ્ણ પદાર્થોને સુંઘી તથા સૂર્ય સન્મુખ જોઇ જેમ છિંક આવે તેમ કરી છિંકો ખાવી અને સ્નેહ તથા સ્વેદનું પણ સેવન કરવું.

ઓડકાર રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, તેલનું મર્દન, પરસેવો લાવવો, અને સ્નેહવાળા પદાર્થોનું ધૂમ્રપાન કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉલટીને રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, ઉલટી કરાવવી, અને લંઘન કરાવવું એજ હિતકારક છે.

વીર્યના વેગને કે **કામદેવના** વેગને રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, દુધમાં ચારગણું પાણી નાખી તથા મૂત્રાશયને સ્વચ્છ કરનારા પદાર્થો નાખી પાણી બળી જાય ત્યાં સુધી દુધને ઉકાળી પેટ ભરીને તેનું પાન કરી આનંદસહ સ્નેહાધીન સુંદર સોળ વર્ષની સુંદરી સાથે સંભોગ કરવો. અને તેલમર્દન, મદિરાપાન, કુકડાનું માંસ, ચોખા, દુધ, નિરૂહબસ્તિ તથા અવગાહન કરવું.

ભૂખના રોકવાથી **થએલા** ઉદાવર્ત્ત માટે સ્નિગ્ધ-ઘી કે તેલથી યુક્ત ઉનું, હલકું, રુચિ કરનાર **અને** હિતકારી થોડું ભોજન કરવું. તથા સુગંધિ પુષ્પોનું સેવન કરવું.

તરશના રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, સર્વ ઠંડા ઉપચારો, (ફુવારો, બગિચામાંની શીતળ સુગંધમય હવા, બરાસ, ચંદનનો લેપ, ચાંદનીમાં ફરવું તથા જળક્રીડા વગેરે ઉપાયો) હિતકારી છે. બરાસથી શીતળ કરેલું પાણી થોડું થોડું ધીમે ધીમે પીવું.

થાક-શ્રમ કે દોડવાના કારણથી ચઢેલા **શ્વાસને** રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો, ખેદને દૂર કરી વિશ્રાંતિ લેવી અને માંસરસયુક્ત ભાત ખાવો.

નિદ્રા રોકવાથી ઉદાવર્ત્ત થયો હોય તો દુધમાં સાકર નાખી ઉનું કરી પીવું. સુંદર શય્યામાં સુવું, પગ ચંપી કરાવવી અને મનોહર-રસિલી વાતો સાંભળવી.

લુખી વસ્તુઓના સેવનથી થએલા ઉદાવર્ત્ત માટે હિંગ, મધ અને સિંધાલુણ વાટી તેઓની દીવટ કરી ઘી ચોપડી પછી ગુદામાં નાખવી જેથી લુખા પદાર્થો વગેરેના કારણોથી થએલો ઉદાવર્ત્ત મટે છે. આ **હિંગવાદિફલવર્ત્તિ** કહેવાય છે. **અથવા** મિંઢળ, પીપર, ઉપલેટ, વજ અને ધોળા સરસવ એઓને ગોળમાં અને દુધમાં વાટી દીવટ કરી ગુદામાં મૂકવી જેથી ઉદાવર્ત્ત મટે છે. આ **મદનફલાદિવર્ત્તિ** કહેવાય છે. **અથવા** ચાર તોલા ખાંડ, એક તોલો નસોતર, અને એક તોલો પીપર એઓનું ચૂર્ણ કરી ભોજન કર્યા પહેલાં એક તોલા ભાર મધમાં કાલવી ચાટવાથી ઉદાવર્ત્ત મટે છે, તથા ઝાડો કઠણ અને પરાણે ઉતરતો હોય તે માટે આ ઉપાય અતિ ઉત્તમ છે. આ **નારાચચૂર્ણ** કહેવાય છે. **અથવા** ત્રિકટુ, પીપરીમૂળ, નસોતર, શુદ્ધ નેપાળો અને ચિત્રામૂળ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણકરી ગોળમાં મેળવી પ્રભાતકાળે સેવતો, બળ, કાંતિ તથા અગ્નિ વધેછે અને ઉદાવર્ત્ત, ખરલ, ગોળો, સોજો, તથા પાંડુરોગ એ સર્વ નાશ પામેછે—આ **ગુડાષ્ટક** કહેવાયછે. **અથવા** સુકા અથવા લીલા મૂળા સાટોડી, વૃહત્[1] પંચમૂળ અને ગરમાળાનો ગોળ એઓને પાણીમાં ઉકાળી તેનાથી પકાવેલું ઘી ખાવું જેથી તુરત ઉદાવર્ત્ત રોગ સંપૂર્ણ રીતે શાંત થઈ જાય છે—આ શુષ્ક **મૂળકાદ્ય ઘૃત** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** શુદ્ધ નેપાળા, શુદ્ધ પારો, શુદ્ધ ગંધક. ફુલાવેલો ટંકણ—અને ત્રિકટુ (સુંઠ, મરી, પીપર.) એ પ્રત્યેક પદાર્થો સમાન લેવા. પછી પારા ગંધકની કાજળી કરી, બીજી ઔષધીઓનું ચૂર્ણકરી એકત્ર કરી તેમાંથી માસો કે ૪ રતિ ભારથી સાકર સાથે સેવન કરે તો, ઉદાવર્ત્ત, આફરો, પેટના રોગ અને જોળો એ સર્વનો નાશ કરે છે—આ **જૈપાલ રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** "નસોતર, શુદ્ધ નેપાળા (કે નેપાળાનાં મૂળ ?), તજ, થોર, શંખાવળી ગરમાળાનો ગોળ, કંપિલો અને કરકચનાં મૂળ એ સઘળાંને સમાન ભાગે લઈ ખાંડી કવાથ

૧ બીલી, શીવણ, કાશ્મ, અરણી અને અરલુ એ ઝાડોના મૂળો ને વૃહત્-મોટાં પંચમૂળ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી તેમાં તેલ ઘી બે બે ટાંક નાખી ૭ દિવસ સુધી સેવન કરે તો, ઉદાવર્ત્ત અને પેટના રોગો તથા આફરો, તરશ, ગોળો કોઢ એ સર્વેનો નાશ કરેછે."

આફરાના ઉપાય.

નસોતર ૨ ભાગ, પીપર ૪ ભાગ અને હરડેદળ ૫ ભાગ. એઓનું વસ્રગાળ ચૂર્ણકરી તેના બરોબર ગોળ મેળવી ગોળીઓ એક ટાંક પ્રમાણ કરી ૧ ગોળી પાણીસાથે નિરંતર સેવન કરે તો આકરો આફરો પણ નાશ થાયછે. આ **ત્રિવૃતાદિ ગુટીકા** કહેવાય છે. **અથવા** ત્રિકટુ, બિડલૂણ, ઘરમાનો ધુંસો, ગોળ અને મિંઢળ એ સઘળાં સમાન ભાગે લઇ સૂક્ષ્મ ચૂર્ણકરી ગાયના મૂત્રમાં પકાવી તેની અંગુઠા જેવડી જાડી દીવટ બનાવી ઘીચોપડી ગુદામાં ધીમે ધીમે મૂકી મતલબ જેટલો વખત રાખવી, તેથી પેટપીડા અને પેટનું ચઢવું એ સર્વ તત્કાળ મટેછે–એ અનુભવ સિદ્ધછે ! **વૈદ્યરહસ્ય.** "**અથવા** રેચક, પાચક, દીપન, ક્ષાર અને સાધારણ રેચ ઉપયોગમાં લેવાથી તથા સોનું, ચાંદી, લોહ, તાંબું, કલઇ, જસત કે સીસું એઓને ઉનાં કરી કરી ગુલાબજલમાં ઠારી તેપાણી પ્રભાત સમય પીવાથી આફરો મટેછે."

ઉદાવર્ત્ત તથા અનાહનો અધિકાર સંપૂર્ણ.

ગુલ્મ—ગોળાનો અધિકાર.

ગુલ્મનાં નિદાન તથા સામાન્ય લક્ષણ.

ભોજન ઉપર ભોજન કરવાથી–મિથ્યા અહારથી અને પોતાથી બળવાન્ સાથે કુસ્તી કરવાથી–મિથ્યા વિહારથી, અત્યંત દુષ્ટ થએલાં વાયુ, પિત્ત અને કફ તથા લોહી એઓ છાતીથી માંડી પેઢુસુધીના ભાગમાં ગોળા જેવી ગાંઠને ઉત્પન્ન કરેછે તેને ગોળો કહેછે–તે પાંચ પ્રકારનોછે–એટલે વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી અને લોહીથી એમ પાંચ કારણોથી ગુલ્મરોગ પેદા થાયછે.

[1]ગુલ્મનાં ઠેકાણાં.

છાતીમાં, કુખમાં, નાભિમાં, પેઢુમાં અને પેટની વચમાં એ પાંચ જગ્યોમાં ગોળાનો રોગ ઉત્પન્ન થાયછે. રજરૂપ રૂધિરથી પણ ગુલ્મ થાયછે, પણ એ ગુલ્મ સ્ત્રીઓનેજ થાયછે તેને કેટલાક **સ્ત્રીગુલ્મ** કહેછે. અને રૂધિરથી થનારો જે બીજી જાતનો ગુલ્મ છે તેતો પુરૂષોને પણ થાયછે અને સ્ત્રીઓને પણ થાયછે.[2]

ગુલ્મનાં સામાન્ય લક્ષણ તથા પૂર્વરૂપ.

[3]છાતી તથા ડુંટીના મધ્યભાગ (મૂત્રાશય)માં ગોળ ગાંઠ થાયછે તે ફરેછે અથવા ન

૧ **ચરક** કહે છે કે–બે પડખાં, હૃદય, નાભિ તથા મૂત્રાશય એ પાંચ ઠેકાણાં ગોળાને ઉત્પન્ન થવાનાં છે.

૨ ગુલ્મનાં પાંચ સ્થાનો પૈકી હૃદયમાં થાય છે તેને **યકૃત**, કુખમાં થાય છે તેને **અષ્ટીલા,** પેટની વચમાં થાય તેને **પ્લીહા–બરલ,** પેઢુમાં થાય છે તેને **ચંદવિવૃધક** અને નાભિમાં થાય છે તેને **ગ્રંથિ** કહે છે. **આત્રેયસંહિતા.**

૩ **જેજ્જૈટ** કહે છે કે– ઉપર કહેલું લક્ષણ જો કે સામાન્ય પ્રકારે કહેલ છે; તદપિ વાયુથી થતાં ગુલ્મને એ લક્ષણ મળતું આવે છે, પણ **ગણદાસ** વૈદ્ય કહે છે કે- એ સઘળા ગુલ્મોમાં વાયુજ પ્રાધાન્ય છે; માટે વાયુના ગુલ્મને મળતાં આવે છે એમ કહેવું વિશેષ ચમત્કૃતિ વાળું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફરે, પણ તે ગોળો કોઇકિ વખતે વધે અને કોઇક વખતે ઘટે તે ગુલ્મ કહેવાયછે. **અથવા** જેમાં અરૂચિ હોય મળ-મૂત્ર તથા અધોવાયુ મુશ્કેલપણાથી ઉતરે, ઓડકાર બહુ આવે, આંડાનું રોકાણ, પેટમાં તૃપ્તિ, શરીર અશક્ત અન્ન ન પચવાથી શૂળ થાય, આંતરડાં બોલે, પેટ ચઢે અને પવનની ઊંચી ગતિથાય વગેરે વગેરે લક્ષણો થાય એટલાં પૂર્વરૂપો સર્વે ગોળાના રોગમાં થાય છે.

કેવા કારણોથી ગુલ્મરોગ ઉત્પન્ન થાયછે ?

લુખાં અન્ન પાનોના સેવવાથી, વિષમ અન્ન પાનોના સેવવાથી, મળ-મૂત્રાદિવેગોના રોકવાથી, શોચથી, પ્રહારથી, મળના ક્ષીણ પણાથી, લંઘનથી, વિરૂદ્ધચેષ્ટાથી અને બળવાન્ સાથે યુદ્ધ-કુસ્તી કરવાથી વાયુ ગુલ્મ ઉત્પન્ન થાયછે.

વાયુ ગોળાનું લક્ષણ.

વાતગુલ્મથી જુદા જુદા ઠેકાણે પીડાથાય કિંવા પીડામાં ઘટારો વધારો થાય, ઝાડો તથા પવન રોકાયછે, મ્હોં તથા ગળું સુકાય, શરીરની કાન્તિ કાળી કે રાતાસ પડતી થઇ જાય, ટાઢીઓ તાવ આવે, ખાધેલું પચવાના વખતે વિશેષ પીડા અને જમ્યા પછી ઓછી પીડા થાય તથા છાતી, કૂખ અને પડખાઓમાં પીડા થાય અને તુરા, કડવા, તીખા કે લુખા આહાર તેને સુખ કરતા નથી.

પિત્તથી ઉત્પન્ન થએલા ગુલ્મનું નિદાન.

તીખા, ખાટા, તીક્ષ્ણ, ઉષ્ણ અને બળતરા કરનારા પદાર્થો સેવવાથી, ક્રોધથી, અતિ-મદ્યપાનથી, તડકામાં વિશેષ ફરવા કે રહેવાથી, અગ્નિના વિશેષ સેવનથી, આમના વધવાથી, પ્રહારથી અને લોહીના બગડવાથી તથા વિદગ્ધા જીર્ણથી એમાંથી ગમે તે કારણના કરવાથી પિત્ત કોપ પામી પિત્ત ગુલ્મને પેદા કરેછે.

પિત્ત ગુલ્મનાં લક્ષણ.

પિત્તના ગુલ્મથી તાવ, તરશ, શરીરમાં પીડા, ગ્લાનિ, શરીરનો વર્ણ રાતાશ પડતો, ભોજન પચવાના વખતે ભારે શૂળ, પરસેવો અને બળતરા થાયછે. તથા ગોળા ઉપર હાથ અડાડતાં સ્હેવાય નહીં તેવી વેદના થાયછે.

કફથી ઉત્પન્ન થએલા ગુલ્મનું નિદાન.

ઠંડી વસ્તુઓના ખાવા-પીવાથી, ભારે કે સ્નિગ્ધ અન્ન-પાનોથી, બેસી રહેવા-કસરત-મહેનતના ન કરવાથી અને દિવસે સુવાથી કફનો ગુલ્મ પેદા થાય છે.

કફના ગોળાનાં લક્ષણ.

કફગુલ્મથી ભીના કપડાથી શરીર વીંટાયલું હોય તેવું જણાય, ટાઢીઓ તાવ આવે, ગાત્રોમાં ગ્લાનિ, મોળ, ઉબરસ, અરૂચિ, શરીર ભારે, વેદના થોડી, અગ્નિની મંદતા, પરસેવો, ઉબકા, ખકારી અને કફનાં બીજાં પણ ચિન્હો થાય છે.

બબ્બે દોષનાં ચિન્હ હોય તો **દ્વંદ્વજ** અને ત્રણે દોષનાં ચિન્હયુક્ત હોય તો, **ત્રિદોષ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગુલ્મ જાણવો. એ ત્રિદોષ ગુલ્મમાં શળનું પ્રબળપણું, તથા દાહ થાયછે, અગ્નિના બળનો અને બળનો ક્ષય થાય છે, તથા મન ભ્રમિત થાય અને વિદગ્ધઅજીર્ણને ઉત્પન્ન કરે છે.

ધાતુરૂપ રૂધીરથી ઉત્પન્ન થએલા ગુલ્મમાં પિત્તના ગુલ્મ જેવાંજ લક્ષણો હોય છે. અને **રજરૂપ રૂધિરથી** ઉત્પન્ન થએલા ગુલ્મમાં પણ પિત્ત ગુલ્મનાં લક્ષણ હોય છે; પરંતુ એ ગુલ્મમાં કેટલીક વિશેષ જાણવા યોગ્ય બાબતો છે તે નિચે પ્રમાણે—

જેસ્ત્રી સુવાવડમાંથી તુરત ન્હાઇ ઊઠેલી હોય; છતાં નુકશાન કરનારા આહાર વિહાર કરે અથવા જે સ્ત્રીને કસુવાવડ થઇ હોય, છતાં કુપથ્ય-ભોજન કરે અથવા રજસ્વળા થઇ હોય તે વખતમાં ઉપવાસ કરવાથી, ભયથી, લુખા પદાર્થોનો ઉપયોગ કરવાથી, મળ મૂત્ર આદિના વેગોને રોકવાથી, સ્થંભન કરવાથી, યોનિને ખોતરવા-ખણવાથી, અને બીજા પણ યોનિ સંબંધી દોષોથી કિંવા રજસ્વળાપણાના વખતમાં મિથ્યા આહાર વિહાર કરવાથી સ્ત્રીના રૂધિરનું ગ્રહણ કરી વાયુ ગર્ભાશયમાં ગોળી જેવો ગુલ્મ પેદા કરે છે, તે ગુલ્મ વ્યથા તથા બળતરા વાળો હોય છે અને ગર્ભનાં જે જે ચિન્હો હોય છે તેતે સર્વ ચિન્હો આ ગુલ્મમાં સ્ત્રીના અંગ ઉપર જણાય છે-એટલે મુખ પીળું, સ્તનની ડીંટડીઓ કાળી, ખાવા પીવામાં ભાવ અભાવ, ગર્ભની પેઠે ફરકવું, પેટનું વધવું, અને અટકાવ ન આવવો વગેરે વગેરે ગર્ભના જેવાં ચિન્હો હોય છે. માત્ર ગર્ભના ફરવામાં પીડા શળ હોતાં નથી અને આ ગુલ્મ-ગોળાના ફરકવામાં પીડા શળ હોય છે-આ ગુલ્મ રોગનો ઉપાય દશમહીના પછીજ કરવો; કેમકે દશમહીના થયા પછીજ આ ગુલ્મ[1] જૂનો-પરિપક્વ થાય છે.

ગુલ્મના અસાધ્યપણાનું લક્ષણ.

ત્રણે દોષથી ઉત્પન્ન થએલો, આકરી પીડાવાળો, શરીરમાં દાહ પસરાવનારો, પથરા જેવો કઠણ, કાચબાની પીઠ જેવો ઊંચો, વિદગ્ધાજીર્ણને ઉત્પન્ન કરનારો. મનને ભ્રમિત કરનારો, શરીર બળ, તથા અગ્નિ બળને હરનારો, અનુક્રમે વૃદ્ધિ થનારો, વિશેષ ભાગમાં ફેલાયલો, શળકારક, નસોથી બંધાઇને ઊંચો થનારો, દુર્બળતા, અરૂચિ, ઉધરસ, ઉલટી, મોળ, અણુગમો, તાવ, તરશ, ઘેન, શળીખમ, શ્વાસ, અતિસાર, અન્ન ઉપર દ્વેષ. અકસ્માત ગોળાનું ગુમ થઇ જવું અને છાતી, ડૂંટી હાથ તથા પગ એટલે ઠેકાણે સોજાનું આવવું એટલાં લક્ષણો વાળો ગુલ્મ, રોગીને હોય તો સમજી લેવું કે-યમપુરમાં પ્રયાણ કરવા માટે પ્રસ્તાનું મૂકાયું છે.

ગુલ્મરોગના[2] ઉપાય.

વાયુગુલ્મવાળાને હરડેના ચૂર્ણ સહિત એરંડીયું દુધમાં નાખી પાવું. **અથવા** સ્નિગ્ધ પદાર્થોથી કે શેક કરી પરસેવો લવરાવવો એ અતિ ઉત્તમ છે. **અથવા** તેલનું મર્દન કરાવવું. **અથવા** સાજી, ઉપલેટ અને કેવડાની રાખ એઓને એકઠાં કરી તેલમાં નાખી પાવાં.

---

૧ **જેજ્જૅટ** કહે છે કે-દશ મહિના પછી ગુલ્મની જમાવટ થાય છે માટે પછી તેલ અસ્રદથી સ્ત્રીના શરીરને સંસ્કાર આપી રૂધિરને ભેદવામાં આવે- ઉપાય કરવામાં આવે તો તેથી ગર્ભાશયને કશું નુકસાન થતું નથી.

૨ **શંકર ભટ** કહે છે કે-વાયુને શમન કરનાર, સ્નિગ્ધ,વીર્ય વધારનાર, વા દીપન ઉપચાર ઉપયોગમાં લેવા તથા લંઘન, સ્વેદન-પરસેવો લાવવો, લોહી કઢાવવું વગેરે વગેરે ગુલ્મરોગ માટે એજ ઉપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિત્ત ગુલ્મવાળાને ત્રિફળાના કવાથની સાથે નસોતરનું ચૂર્ણ સેવવું **અથવા** મધની સાથે કપીલો ચાટવો. **અથવા** દ્રાખની સાથે કિંવા ગોળની સાથે હરડેનું ચૂર્ણ ખાવું.

કફ ગુલ્મવાળાને વાયુના ગુલ્મમાં કહેલા ઉપાય ઉપયોગમાં લેવા. **તથા** શેકેલી હિંગ, પીપરીમૂળ, ધાણા, જીરૂં, વજ, ચવક, ચિત્રો, કાળીપાડ, કચૂરો, કોકમ, સિંધાલૂણ, સંચળ, વડાગરૂમીઠું, સાજી, જવખાર, દાડિમના દાણા, હરડેદળ, પુષ્કરમૂળ, ત્રિકટુ, અમ્લવેતસ, છિંકણીનાં મૂળ, અને [1]સફેદ જીરૂં એ સર્વે બરાબર લઇ વાટી આદાના રસની તથા બીજોરાના રસની ૭–૭ ભાવનાઓ આપી ખરલ કરી યોગ્ય માત્રાએ ઉના પાણી સાથે સેવન કરે તો ગોળો, આફરો, ગુદાનાં દરદો, અરશ, ગ્રહણી, ઉદાવર્ત્ત, પ્રત્યાધ્માન, પેટના વિકાર, પથરી, તૂની, પ્રતિતૂની, સર્વાંગનું શૂળ, અરોચક, શિરસ્તંભ, મનનો અત્યંત ભ્રમ, બેહેરાપણું, અષ્ઠીલિકા અને પ્રત્યષ્ઠીલિકા એટલા રોગોનો તુરત નાશ કરે છે, **આ હિંગ્વાદ્યચૂર્ણ** કહેવાય છે. **અશ્વિનીકુમારસંહિતા.** **અથવા** ૨૪ રતિભાર સાજી અને ૨૪ રતિભાર ગોળ મેળવી ખાવાથી ગુલ્મનો નાશ થાય છે. **અથવા** ખાખરાનો ખાર, થોરનો ખાર, અંઘાડાનો ખાર, આમલીનો ખાર, આકડાનો ખાર, તલસરાંનો ખાર, જવખાર અને સાજીખાર આ આઠ ખાર ગુલ્મને મટાડે છે અને અજીર્ણનું પાચન કરે છે. આ **ક્ષારાષ્ટક** કહેવાય છે. **અથવા** મીઠું, સિંધાલૂણ, બિડલૂણ, જવખાર, સંચળ, ટંકણખાર અને સાજીખાર એઓને બરાબર લઇ ચૂર્ણ કરી થોરના અને આકડાના દુધમાં ૩ દિવસ પલાળી રાખી તડકામાં મૂકી છાંડવા. પછી તેનો ગોળો કરી આકડાના પાંદડામાં વીટી હાંલ્લામાં મૂકી મુખ બંધ કરી અગ્નિદ્વારા પકાવવો. પછીથી તે ખારનું ચૂર્ણ કરી તેમાં ત્રિકટુ, ત્રિફળા, અજમો, જીરૂં અને ચિત્રો એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી જેટલું ખારનું ચૂર્ણ તેટલુંજ સુંઠાદિનું ચૂર્ણ લઇ એકત્ર કરી તેમાંથી ૪૮ રતિભાર પાણીમાં ઘોળી પીએ તો, ગુલ્મ, શૂળ, અજીર્ણ, સોજો, પેટના સર્વરોગ, અજીર્ણના વિકાર, મંદાગ્નિ, ઉદાવર્ત્ત અને બરોળ એટલા રોગનો નાશ થાય છે. જો વાયુ વિશેષપણે હોય તો, ઉના પાણીથી, પિત્ત વિશેષપણે હોય તો, ઘીથી, કફ વિશેષપણે હોય તો, ગોમૂત્રથી અને ત્રણે દોષનો પ્રકોપ હોય તો, કાંજીથી આ ચૂર્ણ સેવન કરવું. આ **બ્રહ્માજી પ્રણિત વજ્રક્ષાર** કહેવાય છે. **અથવા** કુમારપાઠાનો ગર્ભ અરધા તોલાભાર લઇ તેમાં ગાયનું ઘી મેળવી તેના ઉપર ત્રિકટુ, હરડે અને સિંધાલૂણ, એઓનું ઝીણું ચૂર્ણ ભભરાવી ગળી જાય તો ગોળો નાશ થાય છે. **વૈદ્યરહસ્ય.** **અથવા** કુમાર ગર્ભ શેર, ગોળ તોલા ૮૦૦, મધ તોલા ૪૦૦, ત્રિકટુ, તજ, તમાલપત્ર, ચવક, એળચી, કચૂરો, ચિત્રો, નાગકેસર, છિંકણીનાં મૂળ, બોડી અજમો, જીરૂ, દેવદાર, બોલની છાલ, આસગંધ, રાસ્ના, વરધારો અને ઇંદ્રજવ, એ સર્વે ઔષધોને ૮–૮ તોલાભાર લઇ ચૂર્ણ કરી કુમારપાઠાના રસમાં નાખી એકજીવ કરી ઘીના રીઢા વાસણમાં ભરી ૨૧ દિવસ ભોંયમાં દાટી રાખી પછી કાઢી લઇ તેમાંથી તોલાભાર આસવ પીએ તો ગોળો, ઉદાવર્ત્ત, પેટનો વિકાર, ક્ષયરોગ, ગૃધ્રસીવાયુ, ઉપરસ, શ્વાસ, ઉર્દ્ધશ્વાસ, પાંડુરોગ અને વાયુના વિકાર એ સર્વનો નાશ કરે છે. આ **કુમાર્યાસવ** કહેવાય છે. **ભાવપ્રકાશ.** **અથવા** સુરોખાર અને આદું એ ૨૪–૨૪ રતિભાર મેળવી નિરંતર ખાય તો ગોળો મટે છે. **અથવા** છીપોની ભસ્મ ૨૪ રતિભાર અને ગોળ ૨૪ રતિભાર મેળવી સેવન કરે તો ગોળાનો રોગ મટે છે. **અથવા** લસણ ટાંક ૬૪ ને આઠ ગણા પાણી

1 એક ઔષધ એકજ પ્રયોગમાં બે વખત લખેલું હોય તો તે બમણું લેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેળવેલા દુધમાં પકાવી તેની ખીર કરી નિરંતર ખાય તો ગોળો મટે છે. **અથવા** એરંડાનું મૂળ, બીલાનો ગર્ભ, પીપરામૂળ, અને સુંઠ એઓના ક્વાથમાં બિડલૂણ, સિંધાલૂણ અને શેકેલી હિંગ મેળવીને પીવાથી ગોળો મટે છે. **અથવા** અજમો, જીરૂં, ધાણા, મરી, ઉપલસરી, અજમોદ અને પીપર એ ૪-૪ માસા, શેકેલી હિંગ ૨૪ માસા અને જવખાર, સાજીખાર, પાંચજાતનાં લુણ, તથા નસોતર એટલાં ૮-૮ ટાંક તથા નેપાળાનાં મૂળ, કચૂરો, પુષ્કરમૂળ, વાવડિંગ, દાડિમના દાણા, હરડેની છાલ, ચિત્રો, અમ્લવેતસ અને સુંઠ, એટલાં ૧૬-૧૬ ટાંક લઇ સર્વેને ઝીણાં વાટી બીજોરાના રસની ભાવના દઇ ટાંક ટાંક ભારની ગોળીઓ કરી તેમાંથી ૧ ગોળી ઘી, મધ, દુધ, ખટાસ કે ઉના પાણીની સાથે સેવન કરે તો ગોળાનો રોગ મટે, ગાયના દુધ સાથે સેવન કરે તો પિત્તના ગોળાને, મદિરા-દારૂ સાથે સેવન કરે તો વાયુના ગોળને, ગોમૂત્ર સાથે સેવન કરે તો કફના ગોળાને, દશમૂળના ક્વાથ સાથે સેવન કરે તો, ત્રણે દોષના ગોળાનો, સાંઢણીના દુધ સાથે સેવન કરે તો સ્ત્રીના રક્ત ગોળા ને, છાતીના રોગોને, સંગ્રહણીને, શૂળને કૃમિઆને અને હરસનો નાશ કરેછે-આ **કાંકાયની ગુટિકા** કહેવાય છે. અથવા લવણ ભાસ્કર ચૂર્ણ (તરંગ ચોથાના ૭૨ મા પૃષ્ટમાં જુવો) તેના સેવનથી ગોળાનો રોગ નાશ થાય છે. **અથવા** તલનો ક્વાથ કરી મજીઠ, ઘી, પીપર, મરી અને સુંઠ એઓનું ચૂર્ણ મેળવી પીવાથી અટકાવ ચઢી ગયો કે રજસ્વળા ધર્મપણું બંધ થએલ હોય તે અને ગોળો મટે છે. **અથવા** પીપર, ભારંગીમૂળ, દેવદાર, અને કરકચની જડ એઓનું ચૂર્ણ તલના ક્વાથમાં મેળવી પીવાથી ગોળો મટે છે અને રજોદર્શન આવે છે. આ **કણાદિકવાથ** કહેવાય છે. **અથવા** મણશીલ, હરતાલ, સોવનમખી, શુદ્ધ કરેલો આમલસારો ગંધક, તાંબાની શુદ્ધ ભસ્મ અને શુદ્ધ પારો એ સઘળાં બરાબર લઇ પારા ગંધકની કાજળી કરી તેમાં અન્ય ઔષધોનું ચૂર્ણ કરી મેળવી, પીપરના ક્વાથમાં ૧ દિવસ લગી અખંડપણે ખરલ રી, પછી થોરના દુધમાં ૧ દિવસ ખરલ કરી યોગ્ય માત્રાએ મધ સાથે કરે-અથવા ગાયના મૂત્રમાં માસા બાર સેવન કરે તો ગોળો તથા શૂળ નાશ થાય છે. આ **વિદ્યાધર રસ** કહેવાય છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ હરતાલ, શુદ્ધ વછનાગ, શુદ્ધ ટંકણખાર, શુદ્ધ નેપાળા, ત્રિફળા, ત્રિકટુ, અને શુદ્ધ તાંમ્રેશ્વર એઓ સર્વે સમાન ભાગે લઈ પારા ગંધકની કાજળી કરી અન્ય ઔષધોને ઝીણાં વાટી જળભાંગરાના રસની ભાવના દઇ ખરલ કરી ૧ રતિ પ્રમાણે ગોળીઓ વાળી તેમાંથી ગોળી ૧ આદાના રસ સાથે સેવન કરે તો, ગોળા માત્રનો નાશ કરે છે. આ **ગુદમકુઠાર રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.** અથવા હાથની ફસ રૂડા ચિકિત્સક પાસે ખોલાવવી તો, ગોળાનો રોગ જાય. **અથવા** શેકેલી હિંગ, દાડિમના દાણા, બિડલૂણ અને સિંધાલૂણ એ સઘળાં બરાબર લઇ ચૂર્ણ કરી બીજોરાના રસમાં બારીક ઘુંટી ટાંક ૧ ભાર ચોખા દારૂ આસવ સંગાથે સેવન કરે તો વાયુનો ગોળો મટે છે. **અથવા** અજમાને ઝીણો વાટી ટાંક ૫ ભાર લઇ તેને મીઠું ટાંક ૧ અને ગોળ ટાંક ૫ ગાયની સુંદર છાશમાં મેળવી યોગ્ય માપ સાથે સેવન કરે તો ગોળો મટે છે. **વૃંદ. અથવા** અજમો, શેકેલી હિંગ, સિંધાલૂણ, જવખાર, સંચળ અને હરડેની છાલ એ સઘળાં સમાન લઇ ઝીણાં વાટી વસ્ત્રગાળ કરી ૨ ટાંક ભાર ચોખ્ખા દારૂની સાથે નિરંતર સેવન કરે તો ગોળો અને શૂળ મટે છે. **અથવા** "શેકેલી હિંગ ૧ ભાગ, સિંધાલૂણ ૨ ભાગ, પીપર ૩ ભાગ, પીપળામૂળ ૪ ભાગ, મરચકંકોળ ૫ ભાગ, અજમો ૬ ભાગ, હરડેદળ ૭ ભાગ, દાડિમના દાણા ૮ ભાગ, આંબાના મૂળની છાલ ૯ ભાગ, ચિત્રામૂળ ૧૦ ભાગ, સુંઠ ૧૧ ભાગ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કટકડી ૧૨ ભાગ આ સઘળાંઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી યોગ્ય માત્રાએ પાણી સાથે સેવન કરે તો ગોળો, અરૂચિ, આફરો, હરસ અને વાયુના વિકારોને નાશ કરે છે—આ **હિંગુદ્વાદશાક ચૂર્ણ** કહેવાય છે. **અથવા** વજ, હરડેની છાલ, શેકેલી હિંગ, સિંધાલુણ, અમ્લવેતસ, જવખાર અને અજમો એઓને સમાન લઇ ઝીણાં વાટી ચાળી યોગ્ય માત્રાએ—બે ટાંક, ઉના પાણી સાથે સેવન કરે તો, ગોળાનો નાશ થાય છે. આ **વચાદ્યચૂર્ણ** કહેવાય છે." **અથવા** મોટીહરડે ૨૫, નેપાળાનાં મૂળ તોલા ૧૦૦, ચિત્રક તોલા ૧૦૦ લઇ પાણી તોલા ૧૦૨૪ માં નાખી ધીમા તાપથી પકાવવાં, જ્યારે ચોથા ભાગનું[1] પાણી (બાકી) રહે ત્યારે ઉતારી લઇ નેપાળાનાં મૂળ અને ચિત્રક કાહાડી લઇ, હરડેમાંના ઠળીઆ કાહાડી નાખી, ક્વાથને ગાળી લઇ ઉક્ત વસ્તુઓને ક્વાથમાં નાખી; તેમાં ગોળ તોલા ૧૦૦ નાખી ફરી અગ્નિદ્વારા પકાવવો; તેમાં નસોતર તોલા ૧૬, સુંઠ તથા પીપર ૪-૪ તોલા અને ચાતુર્જાત[2]નું ચૂર્ણ પણ ૪ તોલા ભાર મેળવી, તેલ તોલા ૧૬ નાખી અવલેહની રીતિ પ્રમાણે અવલેહ તૈયાર કરી થંડો થાય તે પછી તેમાં મધ તોલા ૧૬ નાખી એકઠુંવ કરી સુંદર પાત્રમાં ભરી રાખવો. એમાંથી ૧ હરડે અને ૪ તોલા ભાર લેહ સેવન કરવાથી ત્વચારોગ, પાંડુ, ઉદરરોગ, સોજો, હૃદયના રોગ, સંગ્રહણી, ગુલ્મ, ક્ષય, અરશ અને તાવ તથા કોઢ, આફરો, અરૂચિ, ગોળો એ સર્વનો નાશ કરે છે—આ **દંતિશિવા અવલેહ** કહેવાય છે. **અથવા** શંખદ્રાવથી પણ ગોળો નાશ થાય છે. **અથવા** જંબીરી જાતનાં પાકાં લિંબુ ૨૦૦ તેનો રસ લઇ; તેમાં શેકેલી હિંગ તોલા ૮, સિંધાલુણ તોલા ૪, વાવડીંગ તોલા ૪, ત્રિકટુ-(એ પ્રત્યેક ચાર) ચાર તોલા, સંચળ ૧૬ તોલા, અજમો ૪ તોલા અને સરસવ ૧૬ તોલા, એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી જંબીરીના રસમાં નાખી ઘીના રીઢા વાસણમાં ભરી ૨૧ દિવસ સુધી જ્યાં ઘોડા પેશાબ કરતા હોય ત્યાં—ઘોડાના તબેલામાં દાટી રાખી, તે વાસણને પાછું બાહાર કાહાડી તેમાંથી ૪ તોલાભાર અથવા દેશ, કાળ, વય, રોગ અને અગ્નિનો વિચાર કરી માત્રા સેવન કરવાથી કાળજાની વ્યાધિ, બરલ, આમવાયુ; ગોળો, વિદ્રધી, અષ્ટીલિકા, વાયુ કફનો અતિસાર, પડખાંઓનું શૂળ, છાતીના રોગ, નાભિ શૂળ, બંધકોશ, ઝેર, પેટના રોગ, આફરો અને વાયુ કફના વિકારો એ સઘળાંનો નાશ કરેછે—આ **જંબિરીદ્રાવ** કહેવાય છે. **અથવા** અરણીનો ખાર, ઇંદ્ર જવનો ખાર, આકડાનો ખાર, સરગવાનો ખાર, મોટીરીંગણીનો ખાર, થોરનો ખાર, બીલીનો ખાર, બિલામાનો ખાર, નાનીરીંગણીનો ખાર, ખાખરાનો ખાર, બકાન લિંબડીનો ખાર, અંધાડાનો ખાર, કદંબનો ખાર, ચિત્રાનો ખાર અરડૂસાનો ખાર મુસ્કવૃક્ષનો ખાર, પાડળનો ખાર, અને વડાગરૂંમીઠું એ સર્વ બરાબર લઇ એઓમાં અનુમાન પ્રમાણ શેકેલી હિંગ નાખી સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી યોગ્યમાત્રાએ ઉના પાણી સાથે સેવન કરે તો ગોળો તથા ઉદર રોગનો નાશ કરે છે. આ **નાદેઇક્ષાર** કહેવાય છે, **યોગશતક. અથવા** વરીઆળી, કરકચની જડ, તજ, દારૂહળદર (કે દેવદાર ?) અને પીપર એઓનો કલ્ક કરી તલના ક્વાથ સાથે પીવો. **તથા** ગોળ, સુંઠ, મરી, **પીપર** અને ભારંગી એઓનું ચૂર્ણ કાળા તલના ક્વાથમાં નાખી પીવાથી રક્ત ગુલ્મ (યોનિના લોહીથી થએલો ગોળો) મટે છે, તથા અટકાવ બંધ પડી ગયો હોય તો તે ફરી આવે છે. **અથવા** જવખાર, સુંઠ, મરી

---

1 **બોપદેવ** કહે છે કે-૧૬ મા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી લેવું.

2 તજ, તમાલપત્ર, નાગકેસર અને એળચી એ જ્યાં ચાર વસ્તુઓ ભેગી લેવાની હોય ત્યાં 'ચાતુર્જાત'-એટલે આ ચાર ચીજો લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પીપર એઓનું ચૂર્ણ ઘીમાં નાખી પકાવી ઘી સિદ્ધ કરી પીવાથી કે મધ સાથે પીવાથી સ્ત્રીનો રક્ત સંબંધી ગુલ્મ મટે છે "**અથવા**[1] પારો ૧ ભાગ, કલઇની ભસમ ૧ ભાગ, ગંધક ૪ ભાગ, અને તાંબાની ખાખ ૪ ભાગ એ સર્વેને આકડાના દુધમાં ૨ દિવસ સુધી ખરલ કરી, પછી તેનો ગોળો બનાવી સરાવ[2] સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયા પછી ૨ રતિભાર ઘી સાથે સેવન કરે તો, ગોળો, બરલ અને ઉદરના રોગને દૂર કરે છે." અથવા જવખાર સાથે શેકેલા કાળાતલનું ચૂર્ણ મેળવીને તેની યોનિમાં પોટળી પેહેરાવવી જેથી યોનિ વિરેચન થાય છે અને રક્તગુલ્મ ભેદાય છે (સ્ત્રીના રક્તગુલ્મનો વિશેષ ખુલાશો મેળવવા **વાગ્ભટનું** ચિકિત્સા સ્થાન જુવો.)

ગુલ્મ રોગીનાં પથ્યાપથ્ય.

વાતગુલ્મ માટે વાયુ હરનાર, પિત્તગુલ્મ માટે પિત્ત હરનાર, કફગુલ્મ માટે કફને હરનાર અને ત્રિદોષ ગુલ્મ માટે ત્રિદોષને હરનાર ઔષધ પ્રયોગ કરવા એજ સદા હિતકારી છે તથા અડદ, કળથી, તુરીયાં, ખાર, વમન, રેચ, લંઘન, નિદ્રા, જુનાં અન્ન, અને ઉનું દુધ સદા પથ્ય છે.

સુકાં માંસ, મૂળા, માછલાં, સુકવણીનાં શાક, તથા અડદ, અને કળથી સિવાયનાં કઠોળમાં ગણાતાં અનાજ, બટાટા, મીઠાંફળ, ભારીઅન્ન, ઉજાગરો, મૈથુન, મહેનત, દારૂ, તીખા પદાર્થ, મળ–મૂત્રાદિનું રોકવું, શોક, ક્રોધ, મત્સર અને દોષને વધનારી વસ્તુઓ સદા નુકશાન કરનાર છે, માટે ત્યજી દેવાથી સુખ થાય છે.

ગુલ્મનો અધિકાર સંપૂર્ણ.

બરલ તથા યકૃત્નો અધિકાર.

બરલનું સ્વરૂપ.

પ્રત્યેક મનુષ્યના પેટની ડાબી બાજુમાં–હૃદયના નિચેના ભાગમાં લોહીને વહેવાવાળી લોહીને ચલાવનારી નસોનું મૂળ છે તેને બરલ–બરોળ, પીયો, પ્લીહ, કે તાપતિલ્લી કહે છે.

બરલનાં નિદાન સંપ્રાપ્તિ તથા લક્ષણ.

બળતરા કરનાર, પદાર્થો, તથા ભેંશના દહીં વગેરે કફને કરનારા પદાર્થો જે મનુષ્ય વિશેષ સેવન કરે તેનું લોહી ખરાબ થઇ તથા કફ કુપિત થઇ વૃદ્ધિપામી બરલને વધારે છે, તેને

૧ પારો, ગંધક, હરતાલ, મણશીલ, હિંગળોક, વચ્છનાગ, ખુરાસાની અજમો, ઝેરકોચલાં, ચણોઠી, નેપાળા, ગુગળ, ધાતુ–ઉપધાતુ તથા વિષ–ઉપવિષ અને ધંતુરો વગેરે વગેરે વસ્તુઓને શુદ્ધ કરવા માટે કશું લખ્યું ન હોય; તદપિ તેઓ શુદ્ધ કરીનેજ વાપરવી હિંગ, ટંકણ ફૂલાવી–શેકીનેજ વાપરવાં નહીં તો લાભને બદલે ગેરલાભ થાય છે.

૨ માટીનાં બે કોડીઆં તથા શમપાત્ર લઇ ધીમે ધીમે પત્થર ઉપર તેની કિનારીઓ ઘસી સરખી કરી–સાંધા મળે તેવી કરી જે વસ્તુની ભસ્મ કરવી હોય તે તેમાં મૂકી બન્નેને જોડી દઇ કપડા માટીથી મજબૂત કરી સુકવી તૈયાર કરવાં તેને સરાવ સંપુટ કહે છે. **ભા. કર્તા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકો બરલનો રોગ કહે છે. તે બરલના રોગથી તાવની ધીખડી આવે છે. જઠરાગ્નિ મંદ થાય છે, પીડામાં કફનાં તથા પિત્તનાં લક્ષણો થાય અને બળક્ષીણ થઇ જાય તેથી શરીર ઘણુંજ ફીકું કે પીળું પડી જાય છે.

જુદા જુદા દોષથી થએલ બરલનાં જુદાં જુદાં લક્ષણો.

જો **લોહીથી** બરલની ગાંઠ વધી હોય તો, સર્વે ઇંદ્રિઓ શિથિલ થઈ જાય, **ભ્રમ**, મોહ, બળતરા, શરીરના વર્ણનો વિપરીત દેખાવ, ગાત્રોમાં ભારેપણું અને પેટનું રાતાપણું હોય છે.

જો **વાયુથી** બરલ વધેલ હોય તો, પેટમાં નિરંતર આફરો, ઉદાવર્ત્ત અને પેટમાં ચારે બાજુએ પીડા થાય છે.

જો **પિત્તથી** બરલ વધેલ હોય તો, તાવ, બળતરા, મૂર્ચ્છા-મોહ, તરશનું લાગવું અને ગાત્રો પીળાં થાય છે.

જો **કફથી** બરલ વધેલ હોય તો, મંદ-ઓછી પીડા વાળી બરલની ગાંઠ જાડી, કઠણ, ભારે અને અરૂચિથી સહિત હોય છે.

[1] યકૃત તથા બરલનું સાધ્યાસાધ્યપણું.

જો **ત્રણે દોષનાં** લક્ષણો સહિત હોય તો તે બરલ મટે નહીં. એજ લક્ષણો યકૃતમાં હોય તોપણ તે અસાધ્ય જાણવો.

બરલ મટવાના ઉપાય.

જવખારનું ચૂર્ણ ઉંટડીના દુધમાં પીવું. **અથવા** (દરીયાની) છીપોની ભસ્મ કરી દહી સાથે પીવી. **અથવા** દુધ સાથે પીપરનું ચૂર્ણ ટાંક ૧ ભાર પીવું. **અથવા** આકના પાનડામાં મીઠું નાખી પુટપાકની રીતિ પ્રમાણે બાળી ચૂર્ણ કરી દહિંના પાણી સાથે પીવું. **અથવા** શેકેલી હિંગ, ત્રિકટુ, ઉપલેટ, જવખાર અને સિંધાલૂણ એઓનું ચૂર્ણ કરી બીજોરાના રસમાં પીવાથી બરલ અને શૂળનો નાશ થાય છે. **અથવા** પીપરના ચૂર્ણને ખાખરાના ખારના પાણીની ભાવના આપી સેવન કરેતો, બરલ અને ગોળાની પીડા મટે છે તથા અગ્નિ સતેજ થાય છે. **અથવા** શંખની નાભિની ભસ્મ માસા ૪ લઇ લીંબુ કે જંબીરીના રસની સાથે સેવન કરવી તેથી કાચબાની પીઠ જેવી મોટી થએલી બરલ પણ મટે છે. **અથવા** ડાબા હાથની ફસ ખોલાવવી. **અથવા** શરપંખા-ખરસાંડીઆના મૂળનો કલ્ક કરી છાશ સાથે હલાવીને પીએ તો અવસ્ય બરળ મટે છે. (આ ઉપાય ઉત્તમ છે!)**અથવા** પાકેલા આંબા (કેરીઓ) ના રસને મધની સંગાથે પીવાથી અવશ્ય બરલ મટે છે. **અથવા** અજમો, ચિત્રો, જવખાર, પીપરામૂળ, સોધેલો નેપાળો અને પીપર એઓનુંચૂર્ણ કરી ઉના પાણી કે દહિંના પાણી અથવા દારૂની સાથે પીએ તો બરલ મટે છે, એમ **ભાવમિશ્રનું** કહેવું છે. **અથવા** સિંધાલૂણ તોલા ૫ ભાર લઇ આઠગણા પાણીમાં ઉકાળી ચોથે ભાગે પાણી રહે ત્યારે ઉતારી લઇ તેમાંથી નિરંતર થોડું થોડું પીએ તો બરલ મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા**-" જવખાર, વા

---

[1] ૧ બરલ અને યકૃત્ બંન્ને શરીરનાં અંગ છે એટલે જમણા પાસે હૃદયના નીચે યકૃત્ હોય છે અને ડાબાપાસે હૃદયના નીચે બરલ હોય છે, તથા ઉત્પત્તિ પણ બન્નેની લોહીથી છે, તેમઉપાયો પણએકસરખાજ છે. માત્ર એમાંફેર એટલોજ છે કે-જમણા અને ડાબા પડખામાં એમ સ્થાન જુદાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વડિંગ, પીપર, કરંજની જડ, અને અમ્લવેતસ એ સઘળાં બરાબર લઇ એ સર્વથી બમણી હરડે-ની છાલ લેવી, સર્વનું ચૂર્ણ કરી ગોળની સાથે પાણી સહિત સેવન કરે તો, બરલ મટે છે. **અથવા** વાવડિંગ, ઇંદ્રવરણાનાં મૂળ અને ચિત્રો એ બરોબર લઇ તેઓથી બમણો દેવદાર, ત્રણ ગણી સુંઠ અને સાટોડીનાં મૂળ, તથા નસોતર ચારગણી લઇ સર્વનું કપડછાણ ચૂર્ણ કરી ટાંક ૧ ભાર ઉના પાણી સાથે ફાકવાથી બરલ મટે છે. " **અથવા** સરગવાની જડના ક્વાથમાં સિંધાલુણ, ચિત્રક અને પીપર એઓનું ચૂર્ણ નાખી પીવાથી બરલ મટે છે. **અથવા** બી-લામા, હરડેદળ અને છડું એ બરાબર લઇ ચૂર્ણ કરી ગોળ મેળવી ૭ દિવસ સુધી ટાંક ૫-૫ ભાર ખાય તો બરલ મટે છે. **અથવા** લસણ, પીપરામૂળ અને હરડેદળ એ બરા-બર લઇ ઝીણાં વાટી ટાંક ૨ ભાર ગોમૂત્ર સાથે સેવવાથી બરલ મટે છે, **ચક્રદત્ત. અથવા** રોહીડાનાં મૂળ, હરડેદળ અને સુંઠ એ ત્રણે બરાબર લઇ ઝીણાં વાટી ગોમૂત્ર સાથે સેવન કરે તો, પેટના રોગ પ્રમેહ, હરસ, કફના રોગ અને બરલ એ સર્વનો નાશ કરે છે, **યોગતરંગિણી. અથવા** વડાગરૂ[1] મીઠું, હળદર, રાઈ એ ત્રણે ચાર ચાર તોલા ભાર અને છાશ તોલા ૪૦૦ લઇ તેને ઘીના રીઢા વાસણમાં નાખી ૧૫ દિવસ રાખી મુકી પછી તેમાં થી ૮-૮ તોલાભાર ૨૧ દિવસ સુધી પીએતો બરલ મટે છે. આ **તક્રસંધાન** કહે-વાય છે. **ભાવપ્રકાશ. અથવા** રોહીડાની છાલ તોલા ૪૦૦ અને વડબોરડીની જડ તોલા ૨૫૨ એ બન્નેને પાણી તોલા ૧૦૪૮ માં નાખી ઉકાળી ચોથા ભાગે પાણી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં ગાયનું ઘી તોલા ૬૪ તથા બકરીનું દુધ તોલા ૧૦૪૮ નાખી ત્રિકટુ, ત્રિફળાં, હીંગ, અજમો, બિડલૂણ, છડું, સંચળ, દાડિમ, દેવદાર, ઇંદ્રવરણું, ચવક, ચિત્રો, સાટોડીનાં મૂળ, તુંબરૂ (કે ધાણા ?), વાવડીંગ, જવખાર, પુષ્કરમૂળ, છિણીનાં મૂળ અને વજ એ સઘળાં સમાન (૧-૧ તોલાભાર) લઇ વાટી કલ્ક કરી ક્વાથમાં નાખી ધીમા તાપ સાથે પકાવી-દુધ બળી ઘી માત્ર રહે એટલે ગાળી લઇ ચીનાઇ માટીની બરણીમાં ભરી રાખવું. પછી તેમાંથી યોગ્ય માત્રાએ પથ્ય સહિત ઘૃત સેવન કરે અને માંસરસ યુષ, કે દુધ સાથે સેવે તો, બરલ, બદ્ધકોશ, કુખમાનું શૂળ, યકૃત્, ઉદરરોગ, શૂળ, પડ-ખાનું શૂળ, અરૂચિ, પાંડુ, ઉલટી, કમળો, ચેન, અતિસાર અને વિષમજ્વર એટલા રોગો-નો નાશ કરે છે. આ **મહારોહિતક ઘૃત** કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** ચિત્રામૂળ તોલા ૪૦૦ લઇ તેનો ક્વાથ કરી કાંજીનું પાણી તોલા ૮૦૦, દહિનું ઘોળવું તોલા ૧૬૦૦, તથા પીપ-રામૂળ, પીપર, ચવક, ચિત્રો, સુંઠ, તાલીસપત્ર, જવખાર, સિંધાલુણ, છડું, શાહજીરૂં, હળ-દર, આંબાહળદર અને મરી એઓ સર્વનું ચાર ચાર તોલા ભાર ચૂર્ણ કે કલ્ક કરી ચિત્રક-ના ક્વાથમાં નાખી તેમાં ગાયનું ઘી તોલા ૬૪ નાખવું, જ્યારે સર્વ રસ બળી ઘી માત્ર આવી રહે ત્યારે ઉતારી લઇ ગાળી ચીનાઇની બરણીમાં ભરી લેવું-એમાંથી યોગ્ય માત્રા-એ સેવન કરે તો બરલ, ગોળો, પેટના રોગ, આફરો, પાંડુ, અરૂચિ, વિષમજ્વર, પાંસળી-નું, છાતીનું, કેડનું, સાથળનું તથા પેડુમાનું શૂળ, સોજો, ઉદાવર્ત્ત, પીનસ, અરશ, ભસ્મક-રોગ અને અગ્નિમંદતા એટલા રોગોનો નાશ કરે છે, તથા બળને વધારે છે. આ **ચિત્ર-કાદ્ય ઘૃત** કહેવાય છે. **વૃંદ. અથવા** "જવખાર, વાવડીંગ, પીપર અને કરંજનું મૂળ એઓ સમાન લઇ ખાંડી ક્વાથ કરી પીએ તો, યકૃત્-કાળજાની વ્યાધિ તથા બરલ એ બન્ને મટે

૧ જોધપુર-મારવાડના રાજ્યમાં સાંભરનું મીઠું પાકે છે તે વડાગરૂ મીઠું કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. **અથવા** વાવડીંગ તથા પીપરની ભસ્મ કરંજના રસની સાથે પ્રાતઃકાળે રોગીનું અગ્નિબળ તપાસી સેવન કરે તો, બરલ[1] અને યકૃતનો નાશ થાય છે."

બરલ તથા યકૃતનો અધિકાર સંપૂર્ણ.

હૃદ્રોગ-છાતીના રોગનો અધિકાર.

હૃદ્રોગનાં નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણો.

અત્યંત ઉષ્ણ, ભારે, ખાટા, તુરા અને કડવા પદાર્થોના નિરંતર સેવનથી, શ્રમથી, પ્રહારથી, ભોજન ઉપર ભોજન કર્યાથી, રાજભય-આદિના અત્યંત ચિંતવનોથી, મળ-મૂત્રાદિના વેગ રોકવાથી, ઘણી ચિંતા કરવાથી, છાતી કૂટવાથી તથા વાયુ સંબંધી, પિત્ત સંબંધથી, કફ સંબંધથી, ત્રિદોષ સંબંધથી અને કૃમિના ઉત્પાતથી એ પાંચ પ્રકારથી છાતીમાં રોગ થાય છે. દુષ્ટ થએલા વાયુ આદિ દોષો હૃદયમાં રહી રસને દૂષિત કરીને હૃદયમાં દોષભેદનેલીધે અનેક પ્રકારોવાળી વ્યથાને ઉત્પન્ન કરે છે-તેને હૃદ્રોગ કહે છે.

પ્રત્યેક્ હૃદ્રોગનાં[2] જુદાં જુદાં લક્ષણો.

જો **વાયુના** સંબંધથી હૃદ્રોગ થયો હોય તો હૈયામાં બહુજ વીણાચૂંટા થાય છે, હૃદય સોયોથી વિંધાતું હોય તેમ વ્યથા થાય છે, છાતી ઘોવાય છે, કરવતથી ચીરાય તેવું હૃદયમાં દરદ થાય છે, અસ્ત્રથી ફડાતું હોય અને કુવાડાથી કપાતું હોય તેવી અસહ્ય વેદના થાય છે.

જો **પિત્તના** સંબંધથી હૃદ્રોગ થયો હોય તો, તરશ લાગે, ઠંડા પવનની ઇચ્છા થાય અર્થાત્ ઉનાશ રહે છે, અગ્નિ પાસે હોય તેવો સંતાપ થાય છે, કોઇ ચૂશી લેતું હોય તેવી પીડા થાય છે, હૃદયમાં ગ્લાનિ, વ્યાકુળતા ભ્રમ, મદ, કંઠમાંથી ધૂમાડો નીકળે, મૂર્છા આવે. દુર્ગંધયુક્ત પરસેવો અને મ્હોં સુકાય છે.

જો **કફના** સંબંધથી હૃદ્રોગ થયો હોય તો, કફથી વ્યાપ્ત થએલા હૃદયમાં ભારેપણું, કફનું પડવું, અરૂચિ, જડપણું, જઠરાગ્નિની મંદતા અને મોહોડામાં મીઠાશ રહે છે.

જે માણસ ત્રિદોષના હૃદ્રોગમાં મૂર્ખતા વડે તલ, દુધ તથા ગોળ વગેરેનું સેવન કરે છે તેનો રસ હૃદયના એક ભાગમાં સડી જાય છે અને તે કારણથી બગડેલી છાતીમાં કૃમિ ઉત્પન્ન થાય છે-જો **કૃમિજ** હૃદ્રોગ હોય તો ઠુબકા, વમન, અરૂચિ, ભ્રમ, મદ, મોળ, ઘબરાટ, અગ્નિની મંદતા, તાવ, કાયરતા, તીવ્રવ્યથા, શૂળ અને આંખો કાળાશયુક્ત થઇ જાય છે, તથા ક્ષય રોગ પણ થઇ આવે છે.

જો **ત્રિદોષ** સંબંધી હૃદ્રોગ હોય તો શરીર બહુજ ધોળું પડી જાય છે.

હૃદ્રોગના ઉપદ્રવો.

સર્વ ઇંદ્રિયોની સંજ્ઞા-કર્મનાશ થાય, શરીરમાં વ્યથા વિશેષ હોય, ફેર આવે, શરીર સુકાઇ જાય અને તરશના સ્થાને શોષ પડે છે.

---

૧ બરલવાળા રોગીનું નામ લઇ ઇંદ્રવરણાના મૂળીઆને ચોરી વેરણું ફેંકી દે તો, તેની બરલ મટી જાય છે ! એમ **હિતોપદેશ**નો કર્તા **શ્રીકંઠાચાર્ય** ભલામણ કરે છે. ! !

૨ આ રોગમાં જાણે હૃદય ભાંગી જતું હોય તેવી પીડા થાયછે એમ **ગણદાસ**નું કેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૃદ્રોગના[1] ઉપાય.

આસુંદરાની છાલના ચૂર્ણને દૂધ વા ગોળના પાણી કે ઘીની સાથે સેવન કરે તો, તેથી છાતીના રોગ, જુનો તાવ તથા રક્તપિત્ત એઓનો નાશ કરે છે. **અથવા** હરડે, વચ, રાસ્ના, પીપર, સુંઠ, કચૂરો અને પુષ્કરમૂળ એઓનું ચૂર્ણ કરી કપડછાણ કરી યોગ્ય માત્રાએ સેવન કરે તો હૃદ્રોગ મટે છે. આ **હરિતકવાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** હરણના શીંગડાને પુટપાકનીરીતિ બાળી, વાટી, ચાળી તે ચૂર્ણને ગાયના ઘી સાથે પીવાથી હૃદ્રોગ તથા શૂળ માત્રનો નાશ કરે છે. **વૈદ્યરહસ્ય. અથવા** કાંસકી, બળદાણા તથા આસુંદરો એઓના ક્વાથથી અને જેઠીમધના કલ્કથી પકાવેલું ઘી સેવન કરે તો હૃદ્રોગ, વાતરક્ત, છાતીમાં પડેલી ચાંદી અને રક્તપિત્તનો નાશ થાય છે. **ભાવપ્રકાશ. અથવા** ઉપલેટ તથા વાવડિંગને ઝીણાં વાટી ગોમૂત્રની સાથે યોગ્ય માત્રાએ સેવન કરે તો કૃમિજ હૃદ્રોગ મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા.** આસંદરા (કે સાદડ ?) નું ચૂર્ણ **અથવા** મોટી કાંસકીનું ચૂર્ણ દુધ સંગાથે અને પુષ્કરમૂળનું ચૂર્ણ મધ સંગાથે નિરંતર સેવન કરવાથી હૃદ્રોગ નાશ થાય છે, તથા શ્વાસ, ઉધરસ, ઉલટી અને હેડકીનો નાશ કરે છે. **અથવા** દશમૂળના ક્વાથમાં કે ઘી વગેરેમાં સિંધાલૂણ નાખી પાયા પછી ઉલટી કરાવવી જેથી હૃદરોગ મટે છે. **અથવા** પુષ્કરમૂળ, બીજોરાનું મૂળ, સુંઠ, કચૂરો, હરડેદળ એ સઘળાં સમાન લઇ તેઓના કલ્કમાં ખાર, ખટાઇ, મીઠું અને ઘી નાખી પીવાથી વાયુનો હૃદ્રોગ નાશ થાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** શેકેલી હિંગ, વજ, વાવડિંગ, સુંઠ, પીપર, હરડેદળ, ચિત્રો, જવખાર, સંચળ, અને પુષ્કરમૂળ એ સર્વે સમાન લઇ એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૨ ટાંક પૂર ઉના પાણી સાથે સેવન કરે તો, હૃદ્રોગ મટે છે, **યોગરત્નાવળી. અથવા** પુષ્કરમૂળને ઝીણું વાટી ૨ ટાંક ભાર લઇ મધ સાથે સેવન કરે તો, હૃદ્રોગ, શ્વાસ, ઉધરસ, ક્ષય–રાજરોગ અને હેડકીનો નાશ કરે છે. **વૈદ્યરહસ્ય. અથવા** શેકેલી હિંગ, સુંઠ, ચિત્રો, જવખાર, હરડેદળ, વજ, પીપર બિડલૂણ, સંચળ, પુષ્કરમૂળ, અને ઉપલેટ એ સઘળાં સમાન લઇ ચૂર્ણ કરી જવના પાણીની સાથે સેવન કરે તો, શૂળ, હૃદ્રોગ, અજીર્ણ, વિસૂચિકા–કૉલેરા એટલા રોગોનો નાશ કરે છે. **રસપ્રદીપ.**

હૃદ્રોગીનાં પથ્યાપથ્ય.

હલકા ભોજન પદાર્થો, પાચન કર્ત્તા વસ્તુઓ, અલ્પ ભોજન, મધુરો શેક, સુંદર–સ્વચ્છ હવા, રમણિય સ્થાન અને દોષને લગતી ક્રિઆઓ સદા હિતકારક છે.

ખાટા પદાર્થ, હોકો, ચલમ કે બીડી પીવી, ચીકણા પદાર્થ, ભારી ભોજન, કોળુ, કેરાં, કોઠંબડાની કાચરીઓ, કાકડી, કારેલાં અને મિથ્યા આહાર–વિહાર સદા અહિતકારક છે માટે અવશ્ય તજવા યોગ્ય છે.

હૃદ્રોગનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઈ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થ વિષે ઉદાવર્ત્ત, અનાહ, ગુલ્મ, પ્લીહ, યકૃત, હૃદ્રોગાદિ રોગોની ઉત્પત્તિ, લક્ષણ, તથા યત્ન નિરૂપણ નામનો અગીયારમો તરંગ સંપૂર્ણ.

---

[1] ખાંસી, હૃદય રોગ, શૂળ, ઉધાન, ક્ષય, ગોળો અને હેડકી આ સાત રોગ, વાયુ, પિત્ત, અને કફથી હૃદયમાં ઉત્પન્ન થાય છે માટે તેઓને હૃદય રોગમાં ગણેલા છે, એમ **હિતોપદેશનો** કર્ત્તા શ્રીકંઠસૂરી કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ બારમો.

મૂત્રરોગ પથરી પ્રમેહના, હેતુ ભેદ સહ લક્ષણ તેહના.
યોગ દ્વાદશમાજ તરંગમાં, ગ્રંથ સાક્ષિ સહ છે સુજ્જતંગમાં.

——(૦)——

મૂત્રકૃચ્છ્રનો અધિકાર.

મૂત્રકૃચ્છ્રનાં નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક સામાન્ય લક્ષણ.

ઘણી કસરત, કુરિત, મસ્તિ કે ઘણો ખેદ કરવાથી, તીખા પદાર્થો કે તીખાં ઔષધોના અતિ સેવનથી, લુખાં અન્ન કે લુખાં મદ્ય–મદિરાના ઘણા સેવનથી, બહુ નાચકુદ કરવાથી, ઘોડા વગેરે ઉપર સ્વાર થઇ બહુ દોડ કરાવવાથી, બહુ પાણીવાળા પ્રદેશનાં કે નદીના માછલાઓનું માંસ ખાવાથી, ખાધા ઉપર ફરી ખાવાથી, અને અજીર્ણથી એટલા પ્રકારપૈકી કોઇ પણ પ્રકારથી મૂત્રકૃચ્છ્ર રોગ થાય છે. તેના આઠ ભેદ છે. એટલે વાયુથી, પિત્તથી, કફથી તથા ત્રિદોષથી, પ્રહાર વાગવાથી, મૂત્ર રોકવાથી, ધાતુ–વીર્ય રોકવાથી અને પથરીથી–એમ આઠ પ્રકારનું છે. પોત પોતાના મૂળ કારણોથી કોપ પામેલો એક એક મળ–દોષ પેડુમાં પ્રાપ્ત થઇ મૂત્રના માર્ગને પીડિત કરે છે ત્યારે બહુ કષ્ટથી મૂત્ર ઉતરે છે; તેને મૂત્રકૃચ્છ્ર કહે છે.

દોષ ભેદોથી મૂત્રકૃચ્છ્રના જુદા જુદા ભેદો.

જો **વાયુથી** મૂત્રકૃચ્છ્ર થયું હોય તો, સાથળ તથા પેડુ વચેના સંધિભાગમાં, મૂત્રાશય–પેડુમાં અને લિંગમાં સહન ન થઇ શકે તેવું શૂળ ચાલે છે અને વારંવાર તથા થોડો થોડો પેસાબ ઉતરે છે.

જો **પિત્તથી** મૂત્રકૃચ્છ્ર થયું હોય તો, મૂત્રનો રંગ રાતો કે પીળો હોય. મૂત્રેંદ્રિયમાં પીડા અને દાહવાળું પરાણે પરાણે મૂત્ર ઉતરે છે.

જો **કફથી** મૂત્રકૃચ્છ્ર થયું હોય તો, પેડુમાં, તથા મૂત્રેંદ્રિયમાં ભાર કિંવા પીડા અને મૂત્રેંદ્રિય ઉપર સોજો આવે તથા મૂત્ર ચીકણું ફીણ યુક્ત હોય છે.

જો **ત્રિદોષથી** મૂત્રકૃચ્છ્ર થયું હોય તો, ઉપર કહેલાં સર્વલક્ષણોનો મેલાપ હોય છે.

જો **પ્રહાર–**મૂત્રને વહેવાવાળી નસો ઉપર માર કે કાંટો વગેરે વાગવાથી મૂત્રકૃચ્છ્ર થયું હોય તો, વાયુના મૂત્રકૃચ્છ્ર જેવાં લક્ષણો હોય છે, પણ આ મૂત્રકૃચ્છ્રથી મનુષ્યનું તુરત મરણ થાય છે. આ શલ્યજ મૂત્રકૃચ્છ્ર કહેવાય છે.

જો **મળના રોકવાથી** મૂત્રકૃચ્છ્ર થયું હોય તો, પેટમાં આફરો, વાયુ સબંધી શૂળ અને મૂત્રનું રોકાણ કરે છે–આ પુરીષજ મૂત્રકૃચ્છ્ર કહેવાય છે.

જો **વીર્યના** દોષથી મૂત્રકૃચ્છ્ર થયું હોય તો મૂત્ર માર્ગ સંકોચાઇ જાય છે, તેથી મૂત્ર પરાણે ઉતરે છે, તથા મૂત્રની સાથે વીર્ય પડે છે અને પેડુમાં તથા ઇંદ્રિમાં શૂળ નીકળે છે–આ શુક્રજ મૂત્રકૃચ્છ્ર કહેવાય છે.

જો **પથરીના** રોગથી થએલું મૂત્રકૃચ્છ્ર હોય તો, તે અશ્મરીજ મૂત્રકૃચ્છ્ર કહેવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, પણ **સુશ્રુતે શર્કરાજ** નામનું મૂત્રકૃચ્છ્ર એક નવમા પ્રકારનુંજ ગણેલું છે, પણ વાસ્તવિકરીતે જોતાં પથરી અને શર્કરા–કાંકરીમાં નહીં જેવો તફાવત છે, તેમ તેનાં નિદાન અને લક્ષણો પણ સમાન છે; છતાં પણ કિંચિત્ ફેર છે તે એ કે–પિત્ત વડે પાકેલી વાયુએ કરી સુકાઇ ગએલી તથા કફના સંયોગથી સહિત પથરી મૂત્ર, વીર્ય અને કફના સમુહરૂપ તે કફના સંયોગથી છૂટીપડી જે કાંકરી–રેતીરૂપે થઇ મૂત્રના માર્ગને રોકતી મૂત્ર માર્ગથી પડે છે ત્યારે તે કાંકરી કહેવાય છે.

પથરી તથા કાંકરીના ઉપદ્રવો.

હૃદયમાં પીડા, કંપારો, શૂળ, પેટમાં અગ્નિની મંદતા, મૂર્છા અને આફરો મૂત્રકૃચ્છ્ર એટલા પથરી તથા કાંકરીના ઉપદ્રવ થાય તો, તેનાથી મનુષ્યનું મરણ થાય છે.

મૂત્રકૃચ્છ્રના ઉપાય.

વાયુના મૂત્ર કૃચ્છ્ર ઉપર તેલ મર્દન, સ્નેહન, નિરૂહબસ્તિ, તથા ઉત્તર બસ્તિ અને અંગ ઉપર યોગ્ય ઔષધોનાં બંધારણ, તથા ઘી આદિનાં સિંચન, અને વાયુનો નાશ કરનારી વસ્તુઓનો રસ ઉપયોગમાં લેવો. **અથવા** મળવી ગોખરૂ, ગરમાળાનો ગોળ, દાભનાં મૂળીઆં, કાસડાનાં મૂળીઆં, જવાસો, આમળાં, પાષાણભેદ અને હરડેદળ એ સઘળાં સમાન લઇ ખાંડી કવાથ કરી ઠંડો થયાપછી મધ મેળવી કેચૂર્ણ કરી મધમાં નિરંતર સેવન કરેતો, મૂત્રકૃચ્છ્ર તથા પથરીનો અસાધ્ય રોગ પણ નાશ થાય છે–આ **ગોક્ષુરાદિ કવાથ** કહેવાય છે. **અથવા** નાની એળચી, પીપર, પાષાણભેદ અને શિલાજીત એ ચારે સમાન લઇ ચૂર્ણ કરી ચોખાના ધોવણ સાથે કે ગોળના પાણીસાથે પીવાથી ભયંકર મૂત્રકૃચ્છ્ર જાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** ઉપર કહેલા ચૂર્ણમાં કાકડીનાં બીજ, સિંધાલુણ અને કેસર એટલાં ઔષધોનું ચૂર્ણ મેળવી ચોખાના ધોવણ સાથે યોગ્ય માત્રા એ સેવન કરવું. **વૈદ્યવિનોદ. અથવા** આમળાનું ગોળ સાથે નિત્ય સેવન કરવાથી મૈથુન શક્તિ વધે છે. **અથવા** દુધમાં જુનો ગોળ નાખી જરા ઉનું કરી પીવાથી સઘળા મૂત્રકૃચ્છ્ર, કાંકરી અને વાયુ સંબંધી રોગો મટે છે. **અથવા** ગળો, સુંઠ, આમળાં, આસગંધ અને ગોખરૂ એઓનો કવાથ કરી પીવાથી વાયુ સંબંધી રોગ, શૂળ અને મૂત્રકૃચ્છ્ર નાશ થાય છે. **અથવા** આમળાના રસમાં શેલડીનો રસ તથા મધ નાખી પીવું જેથી પ્રહાર વાગવાથી થએલું મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** ગોખરૂના બીજનો કવાથ કરી તેમાં જવખાર નાખી પીવાથી મળ રોકવાથી થએલું મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** ત્રિફળા, બોરની મીંજ એ બન્નેને રાત્રીએ પલાળી સવારે તેજ પાણીમાં વાટી તેમાં જરા સિંધાલુણ નાખી પીવાથી મૂત્રકૃચ્છ્ર જાય. **અથવા** જવખાર તથા સાકર વાટી પીવાથી સર્વ પ્રકારનાં મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** કાળીધરાખ, અને સાકર એઓની ચટણી કરી દહીના ધોળવા સાથે સેવવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે, **અથવા** હરડેદળ, ગોખરૂ, ગરમાળાનો ગર્ભ–ગોળ, પાષાણભેદ, અને ધમાસો એ સઘળાં સમાન લઇ કુટી કવાથ કરી, ઠંડો થયા પછી તેમાં મધ નાખી નિત્ય પીએ તો, બળતરા સહિત મૂત્રકૃચ્છ્ર હોય તો પણ મટે છે અને બંધ કોશને પણ મટાડે છે. આ **હરિતક્યાદિ કવાથ** કહેવાય છે. **એમ ભાવમિશ્રનું કેવું છે. અથવા** પાકા લીંબુના રસમાં ગાયના છાણનો રસ નાખી મરજીમાં આવે તેટલું નિરંતર પીવું જેથી, સ્ત્રીની યોનિના દોષથી ઉત્પન્ન થએલા રોગ, બળતરા. અને મૂત્રની પીડાને મટાડે છે. **અથવા** દાભ, કાસડો. પાન બાજરીયું. શેલડી, અને નરી જાતની ડાંગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એરંડાનાં મૂળ લઇ ચૂર્ણ કરી કે દુધમાં ક્વાથ કરી પીએ તો પિત્ત સંબંધી મૂત્રકૃચ્છ્ર મટે છે અને મૂત્રાશય સાફ થાય છે. કિંવા ત્રણ પંચકનાં મૂળથી સિદ્ધ કરેલું દુધ સેવે તો લિંગમાંથી લોહી જતું હોય તે મટે છે આ **ત્રણ પંચક** કહેવાય છે. **અથવા** ભૂરા કોળાનો રસ સાકર સાથે પીવાથી ત્રિદોષનું મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** રીંગણીનો સ્વરસ તોલા ૧૬ ભાર લઇ તેમાં મધ નાખી પીવાથી મૂત્રના દોષો મટી જાય છે. **અથવા** ગોખરૂ તોલા ૭૨ લઇ તેમાં ૭ ગણું પાણી નાખી ઉકાળી અર્ધ ભાગનું પાણી રહે ત્યારે ગાળી લઇ તેમાં શુદ્ધ ગુગળ તોલા ૨૮ નાખી ફરી પકાવવો, જ્યારે ગોળની ચાસણી જેવો જાડો રસ પડે ત્યારે તેમાં ત્રિકટુ, ત્રિફળાં તથા મોથ એઓનું ચૂર્ણ ૨૮–૨૮ તોલા ભાર નાખી–એકજીવકરી ગોળીઓ વાળવી. પછી તેમાંથી નિત્ય પ્રાતઃકાળે, યોગ્ય માત્રાએ સેવન કરે તો, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત, વાતરક્ત, વાયુ રોગ, વીર્યના દોષ અને પથરી એટલા રોગોનો નાશ કરે છે–આ **ગોક્ષુરાદિગુગળ** કહેવાય છે. **અથવા** જીરૂં તોલા ૮ અને ગોળ તોલા ૮ મિશ્રકરી નિરંતર ખાય તો મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** જવખારટાંક ૨ ગાયની છાશ સાથે સેવન કરે તો, ભયંકર મૂત્રકૃચ્છ્ર તથા પથરીનો નાશ થાય છે. આ **જવખાર તક્ર પ્રયોગ** કહેવાય, છે. **અથવા** શુદ્ધપારો, ૧ શુદ્ધગંધક, ૪ ભાગ એ બન્નેને વાટી કાજળી કરી કોડીઓમાં તેને ભરી ૩ માસા ટંકણખારને પાણી સાથે વાટી કોડીઓનાં મ્હોં તે વતે સીડીલેવાં–બંધ કરવાં, પછી તે કોડાઓને કુલડીમાં ગોઠવી મુખે મુદ્રા દઇ ગજપુટ અગ્નિ આપવો. જ્યારે પોતાની મેળેજ સંપુટ–કુલડી શીતલ થાય ત્યારે તેમાંથી કોડાઓને ધીમે રહી કાહાડી લઇ વાટી આળી ૪ રતિ ભાર તે ભસ્મ અને ૨૧ મરીનું ચૂર્ણ મેળવી ઘીમાં કાલવી ખાય અને તેઉપર જાઇની જડ તોલા ૪ બકરીના દુધમાં ઉકાળી ખાંડ નાખી પીએ તો, મૂત્રકૃચ્છ્ર મટે છે–આ **લઘુલોકેશ્વરરસ** કહેવાય છે–**વૈદ્યરહસ્ય. અથવા** શતાવરી, કાસડાનાં મૂળ, ડાભનાં મૂળ, ગોખરૂ, ભોંયકોળું, શેગડી અને આમળાં એઓથી દુધને કે ઘીને પકાવી તેમાં સાકર મેળવી પીવાં, જેથી દાહ, શૂળ વિબંધ સહિત પિત્તના સંબંધ વાળો મૂત્રકૃચ્છ્ર નાશ પામે છે. આ **શતાવરી ઘૃત** કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** કાકડીનાં બીજ, જેઠીમધ અને દારૂહળદર એઓને ચોખાના ધોવણ સાથે વાટી પીવાથી પિત્તનું મૂત્રકૃચ્છ્રમટે છે. **અથવા** કેળના રસમાં એળચીનું ચૂર્ણ નાખી પીવાથી કફનું મૂત્રકૃચ્છ્ર મટેછે. **કિંવા** ન્હાની એળચીઓને ગોમૂત્રથી, મદિરાથી કે કેળના સ્વરસથી વાટી,સેવન કરે તો કફનું મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** પરવાળાંની ભસ્મ ટાંક ૧ ચોખાના ધોવણ સાથે પીવાથી કફનો મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** ગોખરૂ અને સુંઠ એઓનો ક્વાથ કરી પીવાથી કફનો મૂત્રકૃચ્છ્ર જાય છે. એમ **વૃંદ** ને કર્તા કહે છે. **અથવા** મોટી રીંગણી, પાવણી, કાળીપાડ, જેઠીમધ, અને ઇંદ્રજવ એઓનો ક્વાથ કરી પીવામાં આવે તો. ત્રણે દોષનું મૂત્રકૃચ્છ્ર નાશ થાય છે. આ **બૃહત્યાદિ ક્વાથ** કહેવાય છે. **અથવા** શિલાજીત અને મધ એકઠાં કરી સેવન કરે તો, વીર્ય રોકવાથી થએલું મૂત્રકૃચ્છ્ર નાશ થાય છે. **ચક્રદત્ત. અથવા** યૌવન સંપન્ન મનોહારિણી મનોરમાની સાથે મદનવિલાસ કરે તો વીર્યરોધથી થએલું મૂત્રકૃચ્છ્ર મટે છે, પણ પ્રથમ વીર્યને વધારનારાં ઔષધો સેવન કરી પછી મદનવિલાસ કરવો. **અથવા** કાંસકીના મૂળનો ક્વાથ કરી સેવવાથી સર્વે પ્રકારનાં મૂત્રકૃચ્છ્ર મટે છે. **અથવા** ગોખરૂના પાંચે અંગ તોલા ૪૦૦ લઇ ખાંડી આઠગણા પાણીમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં સાકર તોલા ૨૦૦ નાખી ચાસણી કરી અવલેહ–ચાટણા સમાન થાય ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં સુંઠ, પીપર, એળચી, જવખાર, કેસર, કડાછાલ, કાકડીનાં બીજ, અને વંશલોચન એટલાં ઔષધો ૮-૮ તોલા ભાર લઇ તેઓનું ચૂર્ણ કરી ચાસણીમાં મેળવી-એકઠું કરી તેમાંથી ૪ તોલા ભાર અથવા દેશ કાળાદિનો વિચાર કરી યોગ્ય માત્રાએ સેવન કરે તો, મૂત્રકૃચ્છ્ર, દાહ, બંધકોશ, પથરી, મૂત્રમાં લોહીનું પડવું અને મીઠા પરમીઓ એટલા રોગો નો નાશ કરે છે. આ **ગોક્ષુરાવલેહ** કહેવાય છે. **સર્વસંગ્રહ.**

મૂત્રકૃચ્છ્રનો અધિકાર સંપૂર્ણ.

મૂત્રઘાતનો અધિકાર.

(૦)

મૂત્રઘાત રોગ થવાનાં મૂળકારણો.

વિશેષે કરીને મળ-મૂત્રાદિના વેગોને રોકવાથી, અને લુખા ભોજનો જમવાથી, કોપ પામેલા વાત, પિત્ત કફાદિ દોષો વાતકુંડળિકાદિ ૧૩ જાતના મૂત્રઘાતને ઉત્પન્ન કરે છે.

વાતકુંડળિકા ૧, અષ્ઠિલા ૨, વાતબસ્તિ ૩, મૂત્રાતીત ૪, મૂત્રજઠર ૫, મૂત્રોત્સંગ ૬, મૂત્રક્ષય ૭, મૂત્રગ્રન્થિ ૮, મૂત્રશુક્ર ૯, ઉષ્ણવાત ૧૦, મૂત્રસાદ ૧૧, વિડ્વિઘાત ૧૨ અને બસ્તિકુંડલ ૧૩ આ તેર પ્રકારના મૂત્રઘાત રોગ છે.

તેર પ્રકારના મૂત્રઘાતોનાં લક્ષણ.

જો લુખા પદાર્થો સેવન કરે તો વા,મૂત્રાદિના વેગને રોકે તો દુષ્ટ થએલો વાયુ કુંડળી વળેલા જેવો થઇ પેડુમાંજ દોડયા કરે છે અને બંધાયલો હોવાને લીધે પેડુમાંજ ભમ્યા કરે છે, તેથી મૂત્રના છિદ્રને રોકી દે છે અને થોડું થોડું પીડાયુક્ત મૂત્ર ઉતરે તેને **વાતકુંડલિકા** કહે છે. (આ તીવ્ર અને ભયંકર વ્યાધિ છે.)

વાયુમૂત્રને તથા મળને રોકી મૂત્રાશય તથા ગુદાને ફુલાવી દઇ તથા પવનને બંધ કરી પથરા જેવી ચંચળ, ઊંચી અને પીડા સહિત તથા મળ-મૂત્રના માર્ગને રોકનારી પવનની ગાંઠ ઉત્પન્ન કરે છે તેને **અષ્ઠિલા** કહે છે.

મૂત્રના વેગને રોકવાથી પેડુમાં રહેલો તથા પેડુ અને પેટમાં દબાયલો વાયુ મૂત્રને વહેવાવાળી નસોને રોકી દે છે, જેથી મૂત્રનું રોકાણ થાય છે, તેને **વાતબસ્તિ** કહે છે. (આ કષ્ટસાધ્ય છે.)

મૂત્રની હાજત થયા છતાં પણ મૂત્ર તુરત ઉતરે નહિ. અથવા મુતરતાં છતાં પણ થોડું મૂત્ર ઉતરે તેને **મૂત્રાતીત** કહે છે.

મૂત્રની હાજત અટકાવવાથી કોપ પામેલો અપાનવાયુ પેટને ઘણુંજ ભરી દે છે, નાભિના નિચે ઘણી પીડા સહિત આફરો કરે, ઉદાવર્ત થાય અને મૂત્રના રહેવાના સ્થાનના નીચેના ભાગનો રોધ થાય તેને **મૂત્રજઠર** કહે છે.

પેડુમાં કે ઇંદ્રિની નસોમાં આવેલું મૂત્રરોકાય છે અને કરાંઝીને મૂતરતાં-પરાણે મૂત્ર કરતાં વાયુના લીધે લિંગનું છિદ્ર ફાટી જાયને પેસાબ થાય, પણ ધીમે ધીમે લોહી તથા તાણખા-બળતરા થનુ કે બળતરા વગરનું થોડું મૂત્ર ઉતરે છે, તેને **મૂત્રોત્સંગ** કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે મનુષ્યના શરીરમાંના સાતે ધાતુઓ સુકાઇ ગયા હોય તેથી કેવળ ઝાંખરા જેવું શરીર લુખું થઇ ગયું હોય તથા ખેદ કે ચિન્તાથી શરીર કૃશ-દુર્બળ થઇ ગયું હોય તેવા મનુષ્યના બસ્તિ-પેડુમાનું પિત્ત અને મૂત્રાશયમાંનો વાયુ મૂત્રનો ક્ષય કરે છે. તેથી તત્રુઆ ઊઠી બળતરા ઉત્પન્ન થાય છે તેને **મૂત્રક્ષય** કહે છે.

પેડુના મુખની અંદર ઓચિંતી ગોળ, સ્થિર અને આમળા જેવડી ગોળી-ગાંઠ થાય છે, તથા તેની વેદના પથરીના સમાન હોય અને મૂત્ર ઘણા કષ્ટથી ઉતરે તથા લોહી યુક્ત ઉતરે તેને **મૂત્રગ્રન્થી** કહે છે.

જે પુરૂષને મૂત્ર કરવાની હાજત થઇ છે, છતાં સ્ત્રી સંગ કરે તો સ્થાનભ્રષ્ટ થએલા વાયુવીર્યનેઅત્રજોરસ્ને-ઉંચે ચઢાવી મૂતરવાના પેહેલાં કે પછી આકાશ છાણાંના રૂપ યુક્ત પાણી જેવું મૂત્ર નીકળે તેને **મૂત્રશુક્ર** કહે છે.

કસરત કરવાથી, ઘણો પંથ કરવાથી, તડકામાં ફરવાથી વિકાર યુક્ત થએલું પિત્ત પેડુમાં પ્રવેશ કરી વાયુથી વિંટાઇ પેડુ, લિંગ, યોનિ અને ગુદામાં બળતરા કરતાં હળદર જેવા રંગવાળુ કે લોહી સહિત મહા કષ્ટ સાથે ઘડીએ ઘડીએ ટીપેં ટીપેં મૂત્ર ઉતરે તેને **ઉષ્ણવાત-ઉનવા** કહે છે.

પિત્ત, કફ અથવા એ બન્ને વાયુના રૂક્ષપણાના ગુણથી શુષ્ક બનાવી મૂત્રનેઘટ્ટ કરી દે, તેથી પરાણે પીળું, લાલ, ધોળું અથવા શંખના ભૂકા જેવું, કે ગોરોચનના ભૂકા જેવું અથવા એ સઘળા રંગોથી મિશ્ર જાડું અને બળતરા સહિત થોડું થોડું મૂત્ર ટપકે છે તેને **મૂત્રસાદ** કહે છે.

શરીરે સુકાયલા તથા દુર્બલ થએલા પુરૂષના મળને વાયુ જ્યારે તેના માર્ગથી બાહાર ખેંચી લાવે છે ત્યારે તે મળ, મૂત્રના માર્ગમાં આવે છે. તે વખતે મૂત્ર કરતાં પરાણે મૂત્ર ઉતરે છે અને તે મૂત્રમાં મળ મળેલો હોય છે તથા તે મૂત્રની વાસના મળ જેવી આવે છે તેને **વિડ્વિધાત** કહે છે.

ઘણું ઉતાવળું ચાલવાથી કે દોડવાથી, ઘણા લાંઘણ-ઉપવાસ કરવાથી, ઘણા ખેદથી, ગજા ઉપરાંત પરિશ્રમ કરવાથી, પત્થર વગેરેનો શરીર ઉપર માર વાગવાથી, અને ઇંદ્રિ ચોળાવાથી-આવાં કારણોનેલીધે બસ્તિ-પેડુમાં ગોળ ગાંઠ પડી ગર્ભની પેઠે કઠણ થઇ જાય છે, તથા ફરકે છે, ત્યાં પીડશૂળ આવે છે, ધ્રુજારી, બળત્રા થાય છે, મૂત્ર ટીપું ટીપું ટપકે છે, મૂત્રની વધારે છુટ કરવાથી કે ઇંદ્રિ દાબવા કે દબાવવાથી મૂત્રની એકદમ ફુવારાની પેઠે ધાર છુટે છે અને થોડીવાર પછી ઇંદ્રિ ઉપર સોજો આવે છે, તથા ડુંટીના નીચે સોયો ઘોંચાય તેવી પીડા થાય છે, તેને **બસ્તિકુંડલ** કહે છે. આ વ્યાધિ ભયંકર છે તથા તેની શરૂવાતમાં વાયુ પ્રાધાન્ય હોય છે તેથી થોડી બુદ્ધિવાળા, જેવું તેવું જાણનારા વૈદ્યથી આ રોગ નિવારણ થતો નથી, જેમ શસ્ત્ર પ્રાણનો નાશ કરે છે. તેમ આ રોગ તુરત પ્રાણનો નાશ કરે છે અથવા વિષની પેઠે થોડીવાર પછી મરણ નિપજાવે છે.

[1]મૂત્રઘાતના ઉપાય.

જો વેદનાએ કરી સહિત મૂત્રઘાત હોય તો સ્નેહન તથા સ્વેદન કર્યાપછી સ્નેહવાળી વસ્તુ-

૧ મૂત્રઘાત અને મૂત્રકૃચ્છ્રમાં વિશેષ અંતર નથી. માત્ર એટલોજ અંતર છે કે, મૂત્રકૃચ્છ્રમાં મૂત્ર થોડું રોકાય અને પીડા ઘણી થાય છે. અને મૂત્રઘાતમાં મૂત્રનું રોકાણ વિશેષ થાય પણ પીડા ઓછી હોય છે. ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓનું વિરેચન-રેચ આપી ઉત્તરબસ્તિ દેવી. **અથવા** પ્રભાતકાળે બરૂ, દાભ, કાસડો, શેલડી અને ઝીપરો (કે કાંસકી ?) એઓનો કવાથ કરી થંડો થયા પછી તેમાં સાકર નાખીને પીવો. તેથી મૂત્રઘાત મટે છે એમ **શુક્રાચાર્યનું** કહેવું છે! **અથવા** કપૂરને પાણી સંગાથે કુટી કે એમનું એમ ચૂર્ણ કરી કપડાની ઉપર લેપ કે ભભરાવી દીવટની પેઠે લપેટી તે દીવટ ધીમે ધીમે છિદ્રિમાં મૂકવી. **અથવા** ધાણા, તથા ગોખરૂ એઓના કવાથથી કે કલ્કથી પકાવેલું ઘી યોગ્ય માત્રાએ સેવન કરે તો, મૂત્રઘાત, મૂત્રકૃચ્છ્ર અને વીર્યના આકરા દોષોનો નાશ કરે છે, આ **ધાન્ય ગોક્ષુરક ઘૃત** કહેવાયછે. **અથવા** કાકડીના બીજોના કલ્ક બનાવેલ એક તોલાભાર લઇ તેમાં સિંધાલુણ ૧ ટાંક ભાર નાખી કાંજીની સાથે પીવો. **અથવા** પાડળ, જવખાર, લીંબડો અને તલ એ ટાંક બે બે ભાર લઇ તેઓના ખારા પાણીસાથે દારૂ બનાવી તેમાં તજ, એળચી, અને મરી નાખી પીવો. **અથવા** દારૂમાં ખાટા દાડિમોનો રસ નાખી તેમાં ન્હાની એળચીના અને સુંઠના ચૂર્ણનો પ્રતિવાસ[1] દઇપીવો, એમ **વૃંદ**નામા ગ્રંથનો કર્ત્તા કહે છે. **અથવા** શિલાજીતનું વિધિ સહિત સેવન કરવું. **અથવા** કોચાં ટાંક ૫, પીપર ટાંક ૧, એખરો ટાંક ૧, સાકર ટાંક ૧૦ અને કાળીદ્રાખ ટાંક ૧૦ એઓને ઝીણાં વાટી તેથી ચઉથે ભાગે (ગાયના) ઉના કરેલા દુધને ઠરવા દઇ તેમાં દુધ પ્રમાણે મધ, અને ઘી નાખી પીએ તો, વીર્યના રોકવાથી થએલો મૂત્રઘાત મટે છે, તથા વાંઝણી સ્ત્રી આ પ્રયોગ-ઔષધનું સેવન કરે તો, ગર્ભ ધારણ કરે છે, **સર્વસંગ્રહ. અથવા** ચિત્રામૂળ, ઉપલસરી, કાંસકીનું મૂળ, સીસમ, કાળીદ્રાખ, ઇંદ્રવરણાનું મૂળ, પીપર, પરવલ, મહુડો (કે જેઠીમધ ?) અને આમળાં એ સઘળાને એક એક તોલાભાર લઇ તેઓને પાણી તોલા ૧૦૨૪ અને તેટલાજ દુધમાં ઉકાળી ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી લઇ ગાળીકાઢઇ તેમાં ગાયનું ઘી ૨૫૬ તોલા નાખી તે કવાથને ફરી પકાવવો જ્યારે સર્વ રસ બળી જાય અને એકલું ઘી રહે ત્યારે ઉતારી લઇ તેમાં વંશલોચન તોલા ૬૪ ભારનું ચૂર્ણ અને ૬૪ તોલા ખાંડ નાખી ઘૃત સાથે એકજીવ કરી નિરંતર નવટાંકના આશરે સેવન કરે તો, મૂત્રઘાત, પ્રદર, પ્રમેહ, સુવાવડના દોષ, સર્વ પ્રકારના વીર્ય દોષ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રદોષ, યોનિદોષ, તેમજ રક્તદોષનો નાશ કરે છે. તથા ગર્ભદાતા, યૌવનદાતા, વીર્યદાતા, અને રોગ નાશક છે-આ **ચિત્રકાદ્ય ઘૃત** કહેવાય છે. એમ **ચરકમુનિનું** કહેવું છે. **અથવા** ત્રિફળાના સમાન ગોળ નાખી કવાથ કરી તેમાં દુધ (ગાયનું) નાખીને પીવાથી મૂત્રઘાત મટે છે. **અથવા** પાડળ, અરલુઓ, લિંબડાની અંતરછાલ, હળદર, ગોખરૂ, એળચી, તજ અને તમાલપત્ર એ બરાબર લઇ એઓનો કવાથ કરી તેમાં ત્રિફળાનું ચૂર્ણ અને ગોળ નાખી પીવો. **અથવા** રમણિક રસિલી રમણી સાથે રમણ કરવું જેથી મૂત્રઘાત મટે છે એમ **આત્રેયજી**નું કહેવું છે. **અથવા** કાકડીનાં બીજ, ત્રિફળા અને સિંધાલુણ એ સઘળાં બરોબર લઇ, ઝીણાં વાટી વસ્ત્રગાળ કરી ઉના પાણી સાથે પીએ તો મૂત્રનું રોકાણ થતું મટે છે. **અથવા** તલસરાંનો ખાર કહાડી ટાંક ૨ ભાર દહી તથા મધ સાથે સેવન કરવાથી મૂત્ર રોકાયું હોય તે મટે છે. **અથવા** તલનાં તલસરાંને બાળી તેની રાખ લેવી તથા તે રાખ મધ અને દુધની સાથે પીવાથી પેસાબ અટક્યો હોય તે તથા પેસાબમાં લાહ્ય બળતી હોય તે તુરત મટે છે. **અથવા** દારૂહળદરનો કવાથ કરી મધ નાખી પીવો. [2]**અથવા** ચમેલી (જાઇની જડ) ને બકરીના દુધમાં વાટી પીવા-

[1] કવાથ કે હિમ વગેરે પીવાની વખતે તેમાં કોઇ વસ્તુનો ભુકો ભભરાવામાં આવે તેને પ્રતિવાસ કહે છે.

[2] અંતિ મૂત્ર રોકાયું હોય તો યોનિનું મર્દન કરવું-**આત્રેયસંહિતા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થી ઉનવા મટે છે. **અથવા** કમળનાં મૂળીયાંને તેલમાં પકવી ગાયના મૂત્રમાં વાટી કે ગાયની છાશ સાથે પીવાથી આકરો ઉનવા પણ મટે છે. **અથવા** જે તલાવમાં હમેશાં પાણી ભર્યું રહેતું હોય તે તલાવની માટી લાવી તેમાં કપડું રગદોળી ઇંદ્રિ, યોનિ વા પેઢુ ઉપર તે કપડું મુકે તો, ઉન વા મટે છે. **અથવા** એક ઇંટને ઉની કરી તેના ઉપર મૂત્રવાથી જે તેમાંથીઉની વરાળ નીકળે તે વરાળનો બાફ ઇંદ્રિ તથા યોનિને આપવાથી ઉનવા મટે છે. **હિતોપદેશ. અથવા** ઠંડા પાણીના કુંડમાં બેસવાથી ઉનવા મટે છે.

મૂત્રકૃચ્છ્-મૂત્રરોધ-મૂત્રઘાત-ઉનવાનો અધિકાર સંપૂર્ણ.

અશ્મરી-પથરીનો અધિકાર.

(૦)

પથરીનાં નિદાન તથા સંપ્રાપ્તિ અને લક્ષણ.

પિતા તથા માતાના દોષથી, અથવા મૂત્ર રોકવાથી કે—અત્યંત કુપથ્ય કરવાથી— મિથ્યા આહાર વિહાર કરવાથી પથરીનો રોગ થાય છે. તેના ચાર પ્રકાર છે એટલે વાયુથી, પિત્તથી, કફથી અને વીર્યથી પથરી થાય છે. વીર્યના રોધથી થએલી પથરી સિવાય બીજી પથરીઓમાં વિશેષે કરીને કફ મળેલો હોય છે. કેટલાક ગ્રન્થકારો તો ચારે જાતિની પથરીઓમાં કફ મળેલો માને છે. એ સર્વ પથરીઓમાં વખતસર ઔષધો ન કરવામાં આવે તો તે મનુષ્ય નિશ્ચે મરણને શરણ થાય છે. જે વખતે પેઢુમાં વાયુ વીર્ય સહિત મૂત્રને કે પિત્ત સહિત કફને સુકવી દે છે તેથી તેની પથરી થાય છે. જેમ ગાયના પિત્તામાં ગોરોચન જામીને વધે છે તેમ ધીરે ધીરે તે પથરી પણ શુક્રાદિના સુકાવાથી તેનો જમાવટ થઇ પથરી બંધાય છે. સઘળી પથરીઓ ઘણા દોષોના સમાગમથી થાય છે.

પથરીનું પૂર્વરૂપ.

પેઢુમાં આફરો, પેઢુની આસપાસ વિશેષ પીડા, મૂત્રમાં બકરાના જેવી વાસના, મૂત્રકૃચ્છ્, તાવ અને અરૂચિ થાય તો જાણવું કે પથરીનો રોગ થશે.

પથરીનાં સામાન્ય લક્ષણ.

પથરી થવાથી ડુંટીમાં, મૂત્રવાહીની નસોમાં તથા પેઢુમાં શુળો આવે છે, મૂત્રનો માર્ગ રોકાય છે તેથી મૂત્રધાર વચમાં છેદાય છે, પથરી મૂત્રમાર્ગમાંથી આઘી ખસી જ્યારે નીચે ઉતરે છે ત્યારે મૂત્ર વચમાં આછું મળશુળું મુત્ર ઉતરે છે અને જો મૂત્રમાર્ગમાં પથરીના લીધે ઘસારો પડે કે મૂત્રમાર્ગ છવાઇ જાય તો લોહીથી મળેલું મૂત્ર ઘણી પીડા સહિત ઉતરે છે, તથા પરાણે પેસાબ થાય છે.

જુદા જુદા દોષોના લીધે થએલી પથરીઓનાં જુદાં જુદાં લક્ષણો.

જો **વાયુના** ત્રાસવાળી પથરી હોય તો બહુ પીડા સાથે વારંવાર મૂત્ર ટીપે ટીપે ઉતરે છે તે વખતે દાંતને કચરડે છે, કંપે છે, ઇંદ્રિને દબાવે છે, ડુંટીને ચોળે છે, ઉપરાઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરાંઝ્યા કરે છે, અને બરાડા પાડ્યા કરે, તથા અધોવાયુની સાથે મૂત્ર તથા મળ ઉતરે છે. આ પથરીનો રંગ કાળો તથા લુખો અને કાંટાના સમાન વા તે ઉપર કાંટા જેવી કાંકરી જણાય છે.

જો **પિત્તના** ત્રાસવાળી પથરી હોય તો, પેડુમાં બળતરા થાય છે. ઇંદ્રિને અડતાં ઉની લાગે છે, અને તે પથરીનો રંગ બદામના છોતરા જેવો, પીળો, ધોળો કે, રાતો પણ હોય છે, તથા કદમાં ભીલામાના કળીઆ જેવડી હોય છે.

જો **કફની** ત્રાસવાળી પથરી હોય તો, પેડુમાં અત્યંત પીડા, પેડુનો સ્પર્શ કરતાં ઠંડુ તથા ભારે જણાય છે, અને આ પથરી ચીકણી-લીસી, ધોળી, તથા કુકડાના ઇંડા જેટલા કદવાળી ચમકતી હોય છે. (આ પથરી ઘણું કરીને બાળકોનેજ થાય છે.)

મૈથુન કરવાની ઇચ્છા થયા છતાં વીર્યને પરાણે રોકી રાખવાના કારણથી તે પવન, સ્થાન ભ્રષ્ટ થએલા વીર્યને લિંગના તથા અંડકોષના વચમાં રહેલા મૂત્રાશયના મુખમાં એકઠું કરી મુકવી દેછે, તેથી તે શુષ્ક વીર્ય પથરીરૂપ બને છે; એટલે પેડુમાં પીડા-શૂળ, પેસાબ કરતાં તણખા ઉઠે છે, બળતરા થાય છે, પરાણે પરાણે પેસાબ ઉતરે છે, અંડકોષમાં સોજો કે ઉનવા થાય છે, તથા પેડુને દબાવતાં પથરી અંદર લીન થઇ જાય ત્યારે વીર્ય મૂત્રના માર્ગેથી ઉતરે છે તેને **શુક્રાશ્મરી** કહે છે. આ પથરી મોટી ઉમરવાળાનેજ થાયછે.

એ વીર્યની પથરી જ્યારે વાયુથી વીખરાઇ જાય ત્યારે કાંકરી કે રેતીરૂપ થઇ જાય છે, તેને **શર્કરા** કહે છે, તેમાં મોટી કાંકરીને **શર્કરા** અને ન્હાની કાંકરી-રેતીને **સિકતા** કહે છે; અર્થાત્ શર્કરા અને સિકતા એ બે રોગમાં એટલોજ ભેદ છે. જો પેડુમાંનો વાયુ સુલટી રીતે ચાલે તો તે કાંકરી મૂત્ર સાથે બાહાર પડે છે અને જો વાયુ ઉલટી રીતે ચાલે તો મૂત્રના માર્ગમાં તે કાંકરી ચોટી રહે છે.

કાંકરી તથા રેતીના ઉપદ્રવો.

શરીર દુબળું, ગ્લાનિવંત, કૃશતા, કૂખમાં શૂળો, અરૂચિ, શરીર પીળું પડે, મૂત્રઘાત (ઉનવા) થાય, તરશ લાગે, હૃદયમાં પીડા અને ઉલટી થાય છે.

પથરીનું અસાધ્યપણું.

પથરી કે કાંકરી વા રેતીના રોગીને જો ડુંટી તથા અંડકોષમાં સોજો આવે, મૂત્ર રોકાય અને વ્યથાથી આતુર થયો હોય તો તે મરણ પામે છે.

પથરીના ઉપાય.

વાયુની પથરી માટે સુંઠ, અરણી, પાષાણભેદ, સરગવો, વરણો, ગોખરૂ, સીવણનાં મૂળ અને ગરમાળાનો ગોળ એઓનો ક્વાથ કરી તેમાં હિંગ, જવખાર, અને સિંધાલૂણ એઓનું ચૂર્ણ નાખી પીવાથી પથરી, મૂત્રકૃચ્છ્ર, કોઠાનો વાયુ, કેડનો વાયુ, સાથળનો વાયુ, ગુદામાં અને લિંગમાં રહેલો વાયુ નાશ થાય છે, અગ્નિ પ્રદિપ્ત થાય છે અને અન્ન વગેરે સારી રીતે પચે છે-આ **સુંઠ્યાદિ ક્વાથ** કહેવાય છે. **અથવા** એળચી, પીપર, જેઠીમધ, પાષાણભેદ, નગોડનાં બીજ, ગોખરૂ, અરડૂસો અને એરંડો એઓના ક્વાથમાં શુદ્ધ[1] કરેલી–

---

૧ **આત્રેયજી** કહેછેકે-આ ક્વાથમાં એરંડાને બદલે ત્રીફળાં નાખી ક્વાથ કરી તેમાં એરંડીયું, શિલાજીત અને સાકર નાખી પીવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પકાવેલી શિલાજીત અને સાકર નાખી તે કવાથ પીવાથી મૂત્રકૃચ્છ્ર મટેછે–આ **એલાદિકવાથ** કહેવાય છે.

અથવા કોળાના **રસમાં** શેકેલી હિંગ નાખી પીએ તો પેડુનો દુખાવો અને પથરીનો નાશ થાય છે. **અથવા** સુંઠ, ગોખરૂ અને વરણાની છાલ એઓનો કવાથ કરી તેમાં ગોળ **અને** જવખાર નાખીને પીવાથી લાંબા કાળની પથરી હોય તોપણ મટે છે. **અથવા** ગોખરૂનું **ચૂર્ણ** કરી ટાંક ૫ ભાર મધ મેળવી ઘેટીના દુધથી ૭ દિવસ પીએ તો પથરીનો રોગ મટે છે. **અથવા** વરણાનો કવાથ કરી તેમાં વરણાના મૂળનોજ કલ્ક નાખી પીવાથી પથરી મટે છે. **અથવા** સરગવાના મૂળનો કવાથ કરી નવશેકો હોય તે વખતે પીવો. **અથવા** આદુ, જવખાર, હરડે અને દારૂહળદર અથવા મળયાગિરીચંદન એઓનો કવાથ કરી તેમાં હિંગ નાંખી પીવાથી કે, એઓનું ચૂર્ણ કરી દહીના મંડ સાથે પીવાથી ભયંકર પથરી પણ તુરત મટે છે. **અથવા** વરણાની છાલ તોલા ૪૦૦ લઈ તેનો ચોગણા પાણીમાં કવાથ કરી જે વખતે ચોથા ભાગનું પાણી રહે તે વખતે બાકી રહેલા વજન જેટલો (૧૦૦) તોલા ગોળ નાખી ચાસણી જેવો ઘટ થાય ત્યાં સુધી પકાવી તેમાં સુંઠ, કાકડીનાં બીજ, કોળાનાં બીજ, ગોખરૂ, પીપર, પાષાણભેદ, પદ્મક, ખેહેડાંની મીજ, શુદ્ધ મણશીળ, અથવો, સરગવો, દ્રાખ, એળચી, શુદ્ધ શિલાજીત, હરડે અને વાવડીંગ એ પ્રત્યેક પદાર્થો ચાર ચાર તોલા ભાર લઇ તેઓનું ઝીણું ચૂર્ણ કરી ચાસણી સાથે એકજીવ કરી, પછી સુંદર પાત્રમાં ભરી લેવો. પથ્ય ભોજનનો નિયમ રાખી નિરંતર ચાર તોલા ભાર સેવન કરે તો સર્વ દોષો સહિત ઉત્પન્ન થએલી પથરીઓ તુરત મટે છે. આ **વરૂણક ગુડ** કહેવાય છે. **અથવા** મજીઠ, કાકડીનાં બીજ, જીરૂં, વરીઆળી, આમળાં, બોરની મીજ, શુદ્ધ ગંધક અને શુદ્ધ મણશીલ એ સઘળાં બરોબર લઇ ઝીણાં વાટી ટાંક ૧ ભાર પ્રસન્નતાથી નિરંતર મધ સાથે સેવન કરે તો, પથરી મટે છે. **અથવા** ૮ તોલા ભાર કળથીનો કવાથ કરી તેમાં સિંધાલૂણ માસા ૨ અને શરપંખાનો રસ માસા ૨ નાખી પીવાથી પથરી જાય છે. એમ **ભાવમિશ્રનું** કહેવું છે. **અથવા** હળદરનું ચૂર્ણ ટાંક ૫ તથા ગોળ ટાંક ૧૦ એ બેને એકત્ર કરી તુસોદકની સાથે માસા ૧ ભાર સેવન કરવાથી પથરી ઇંદ્રિદ્વારા ખરી પડે છે. " **અથવા** સંચળ, મધ, દુધ, અને તલસરાંની રાખ, એ સઘળાં દારૂમાં નાખી ત્રણ દિવસ પીએ તો, પથરીનો નાશ થાય છે. **અથવા** તલસરાંનો ખાર ટાંક ૨ તથા મધ ટાંક ૫ ગાયના દુધની સાથે ૧૫ દિવસ સેવન કરે તો, પથરી નિશ્ચે નાશ પામે છે. **અથવા** ગોળ, અને કાકડીની જડ બેબે ટાંક ભાર લઈ તેને રાત્રે ભીજવી પ્રભાતે તેજ પાણીમાં તેને લસોટી ગાળી લઈ ૭ દિવસ પીએ તો પથરી ઇંદ્રિદ્વારા ખરી પડે છે. **રાજમાર્તંડ.** " **અથવા** કળથી, સિંધાલૂણ, વાવડીંગ, લોહભસ્મ, સાકર, કપૂર, જવખાર, કોળાનાં બીજ અને ગોખરૂ એઓનો કલ્ક વરણાના કવાથમાં નાખી તેમાં ગાયનું ઘી અનુમાન પ્રમાણે નાખી પકાવી તેમાંથી તોલા ૪ ભાર નિત્ય સેવન કરે તો, અસાધ્ય રૂપ સર્વે પથરીઓ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત અને મૂતનું રોકાણ એટલા રોગોનો નાશ કરે છે–આ **કુળત્થાદ્યઘૃત** કહેવાય છે, એમ **વૃંદ**માં લખેલું છે.

પથરીના રોગીનાં પથ્યાપથ્ય.

જુના સાઠી ચોખા, સામો, કોદરા, દાળ, જવ, ઘઉં, કળથી, તુવરનીદાળ, મગ, ગાયનું દુધ તથા ઘી, ટીંડસાનુશાક, સિંધાલૂણ, તાંદળજો, સ્નાન, અને સ્નેહન વગેરે પથ્ય–સેવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વા યોગ્ય છે.

મળ-મૂત્રના વેગને રોકવા, ભારે અન્ન, દિવસે સુવું, એક જગ્યાએ બેસી રહેવું, દહીં, નવું પાણી, ગોળ, માંસ, કફકારી વસ્તુઓ, શ્રમ, મૈથુનાદિ કુપથ્ય છે.

પથરીનો અધિકાર સંપૂર્ણ.

પ્રમેહનો અધિકાર.

પ્રમેહ થવાનાં મૂળકારણો.

ઘણું એક સ્થળે બેસી રહેવાથી, ઘણું સુઇ રહેવાથી, ઘણું દહીં ખાવાથી, નવા અન્ન તથા નવા પાણીના સેવનથી, બકરા, કે ઘેંટાના માંસના ખાવાથી, ગોળ વગેરે બહુ મીઠા પદાર્થો ખાવાથી, જળનાં કે બહુ જળવાળા પ્રદેશમાંના જળચરો કે પ્રાણીઓનાં માંસ ખાવાથી, નવાં પાન અને કફને કરનારાં પદાર્થો ખાવાથી તથા અતિશ્રમ, અતિ મૈથુન કરવાથી, સ્વપ્નામાં સ્ખલીત થવાથી, તડકે રહેવાથી, વિરોધી ભોજનથી, ગરમ વસ્તુઓથી, ઘણો દારૂ પીવાથી, ખાટા, કડવા, કે તીખા રસના સેવનથી, બગડેલું દુધ ખાવાથી અને વિશેષ કસરત કરવાથી પ્રમેહ-પરમીયાનો રોગ થાય છે.

ત્રણે દોષના પ્રમેહની સંપ્રાપ્તિ તથા પાસેનાં નિદાન.

કફ મૂત્રાશયમાં રહેલા મેદને, માંસને, અને શરીરના જળને દૂષિત કરી કફના પ્રમેહોને જન્મ આપે છે. એજ પ્રમાણે ઉષ્ણ પદાર્થથી વધેલું પિત્ત, પણ સૌમ્યધાતુ કફ વગેરેનો ક્ષય કરી મેદાદિ પદાર્થોને દૂષિત કરી પિત્તના પ્રમેહોને જન્મ આપે છે. અને કફ આદિ સર્વ ધાતુઓ ક્ષીણ થતાં વાયુ પણ શુદ્ધમાંસ, સ્નેહ મજ્જા અને કલેદને પેડુની નસોના મુખમાં પ્રાપ્ત કરી વાયુના પ્રમેહોને જન્મ આપે છે.

પ્રમેહોની સંખ્યા.

કફ કોપથી ઉત્પન્ન થતા ૧૦ પ્રમેહો, (સાધ્ય છે.) પિત્ત કોપથી ઉત્પન્ન થતા ૬ પ્રમેહો (કષ્ટસાધ્ય છે) અને વાયુના કોપથી ઉત્પન્ન થતા ૪ પ્રમેહો (અસાધ્ય) થાય છે. કફના પ્રમેહો સાધ્ય છે તેનું કારણ એજ કે, એકલા મેદાદિના દૂષિતપણાથી ઉત્પન્ન થાય છે અને કર્ષણરૂપ એક ક્રિયાથીજ નાશ થાય છે. પિત્તના પ્રમેહો કષ્ટસાધ્ય કહેવાનું કારણ એજ કે, કફ વગેરે સૌમ્ય ધાતુઓનો ક્ષય થવા ઉપરાંત મેદ આદિના દૂષિતપણાથી થાય છે અને મીઠી તથા લુખી વગેરે વિષમ ક્રિયાથી નાશ થાય છે અને વાયુના પ્રમેહોને અસાધ્ય કહેવાનો એ હેતુ છે કે, સર્વ ધાતુના ક્ષયપણાથી થાય છે અને શરીરને વીખી નાખે છે, તેથી તે સર્વ શરીર વ્યાપી વ્યાધિ હોવાથી મટતા નથી.

પ્રમેહનાં નામો.

ઉદક ૧, ઇક્ષુ ૨, સાંદ્ર ૩, સુરા ૪, પિષ્ટ ૫, શુક્ર ૬, સિકતા ૭, શીત ૮, શનૈ ૯, લાલા ૧૦. (આ દશ કફના) ક્ષાર ૧૧, નિલ ૧૨, કાલ ૧૩, હારિદ્ર ૧૪, માંજીષ્ટ ૧૫,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રક્ત ૧૬ (આ છ પિત્તના) વસા ૧૭, મજ્જા ૧૮, ક્ષૌદ્ર ૧૯, હસ્તિ ૨૦. (આ ચાર વાયુના છે.)

વાગ્ભટ, ચર્ક મુનિ, ભાવમિશ્ર, માધવાચાર્ય, સુશ્રુતાદિઓના મત પ્રમાણે ઉપર કહેલા ૨૦ જાતિનાજ પ્રમેહ છે; પરંતુ **આત્રેયજી**ના મત પ્રમાણે ૨૬ છે-એટલે **૨૦** ઉપર કહ્યા તે અને પૂય ૧, તક્ર ૨, પીડિતકા, ૩, શર્કરા ૪. મૂત ૫ અને અતિમૂત્ર ૬ આ ૭ મળીને ૨૬ થાનેલ છે.

પ્રમેહનું પૂર્વ રૂપ.

દાંત વગેરેમાં મેલ ઘણો આવે, હાથ તથા પગમાં બળતરા, શરીરમાં ચીકણાપણું, તરસ ઘણી લાગે અને મ્હોં મીઠું રહ્યા કરે તો, જાણવું કે પ્રમેહ થશે.

પ્રમેહનાં સામાન્ય લક્ષણ.

વિશેષ કે પાતળી ધાતુઓના સંબંધથી મેલું મૂત્ર ઉતરે તથા વારંવાર મૂતરવું પડે, અને ઘણું જાડું કે ઘણું પાતળું મૂતરે તો જાણવું કે પ્રમેહનો રોગ છે. (**ચિકિત્સાક્રમ કલ્પવલ્લિનો કર્તા** કહે છે કે-પ્રમેહમાં વીર્ય સહિત મૂત્રનું પડવું, શોષ અને અંગ દુર્બલ થાય છે.)

પ્રમેહ રોગમાં દોષ અને દૂષ્યો એનાં એજ હોય છે; છતાં પણ સંયોગની અનેકતાનાલીધે મૂત્રના રંગમાં ફેરફાર થાય છે તે ઉપરથી પ્રત્યેક પ્રમેહના જુદા ભેદ પાડેલા છે, તે નીચે પ્રમાણે—

કફના દશ પ્રમેહોનાં લક્ષણ.

જો આછું કે સ્વચ્છ મૂતરે કિંવા ઘણું થોડું, ઠંડું, પાણી જેવું, અથવા ઘણું મૂતરે, રંગે ધોળું, ગંધ રહિત, કાંઇક જાડું તથા ચીકણું મૂતરે તો **ઉદક પ્રમેહ** જાણવો.

જો શેલડીના રસ જેવું મીઠું તથા ઝાઝું ઉતરે તો **ઇક્ષુ પ્રમેહ** જાણવો.

જો રાતવાસી રહેતાં મૂત્ર જાડું થઇ જાય તો **સાંદ્ર પ્રમેહ** જાણવો.

જો દારૂ જેવી વાસના વાળું મૂત્ર ઉતરે તથા રાતવાસી રાખતાં કે પાત્રમાં પડેલું ઉપરથી સાફ અને નીચેથી મેલું મૂત્ર જણાય તો **સુરા પ્રમેહ** જાણવો.

જો લોટ જેવું કે લોટ મેળવેલા પાણી જેવું ધોળું તથા ઝાઝું મૂતરે અને રૂંવાડાં ઉભાં થઇ જાય તો **પિષ્ટ પ્રમેહ** જાણવો.

જો વીર્ય જેવું કે વીર્યથી મળેલું મૂત્ર ઉતરે તો **શુક્ર પ્રમેહ** જાણવો.

જો ઝીણી રેત જેવી તથા એક એકના મેલાપથી રહિત કફની કણીઓ મૂત્રમાં ઉતરે તો **સિકતા પ્રમેહ** જાણવો.

જો કેટલીક વાર મીઠું અને કેટલીક વાર ટાઢું કિંવા વારંવાર મૂતરે તો **શીતપ્રમેહ** જાણવો.

જો ધીમે ધીમે ઘણું થોડું મૂત્ર ઉતરે તો **શનૈ પ્રમેહ** જાણવો.

જો લાળના જેવા તાંતણાવાળું ચીકણું મૂત્ર ઉતરે તો **લાલાપ્રમેહ** જાણવો.

પિત્તના છ પ્રમેહોનાં લક્ષણ.

જો ખારા પાણીના જેવી ગંધવાળું, વર્ણરસ અને સ્પર્શવાળું મૂત્ર ઉતરે તો **ક્ષાર પ્રમેહ** જાણવો.

જો નીલચાસપક્ષના રંગ જેવું લીલું મૂત્ર ઉતરે તો **નીલપ્રમેહ** જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો કાજળ જેવા રંગવાળું મૂત્ર ઉતરે તો **કાળપ્રમેહ** જાણવો.

જો હળદર જેવા રંગવાળું, બળતરા સહિત અને તીખું મૂત્ર ઉતરે તો **હારિદ્ર પ્રમેહ** જાણવો.

જો કાચા પદાર્થના જેવા ગંધવાળું (આમગંધિ) કિંવા દુર્ગંધ યુક્ત મજીઠના ઉકાળા જેવું મૂત્ર ઉતરે તો **માંજીષ્ટ પ્રમેહ** જાણવો.

જો માંજીષ્ટ પ્રમેહમાં બતાવેલા રંગનું ગંધયુક્ત ઉનું તથા ખારા સ્વાદ યુક્ત વિશેષ રાતું લોહી જેવું મૂત્ર ઉતરે તો **રક્તપ્રમેહ** જાણવો.

વાયુના ૪ પ્રમેહોનાં લક્ષણ.

જો વારંવાર ચરબીથી મળેલું મૂત્ર ઉતરે તો, **વસાપ્રમેહ** જાણવો.

જો મજ્જા-પેશીથી મળેલું વારંવાર મૂત્ર ઉતરે તો, **મજ્જા પ્રમેહ** જાણવો.

જો મીઠું, તુરૂં, અને લુખું મૂત્ર ઉતરે તો. **ક્ષૌદ્રપ્રમેહ** જાણવો.

જો ઘેલા હાથીનો મદ ઝરે તેમ મૂત્ર ઝર્યા કરે કિંવા વેગ વગરનું અટકાયતવાળું મૂત્ર ઉતરે તો **હસ્તિ પ્રમેહ** જાણવો.

કફ પિત્ત તથા વાયુ સંબંધી પ્રમેહોના ઉપદ્રવ.

ખાધેલું પચે નહીં, અરૂચિ, ઉલટી, નિદ્રા, ઉધરસ અને શળેખમ એટલા **કફ પ્રમેહના** ઉપદ્રવો છે.

મૂત્રાશય-પેડુમાં તથા લિંગમાં સોયો ઘોંચાયા જેવી પીડા-શૂળ નીકળે, અંડકોષમાં ફાટ, તાવ, મૂર્છા, ખાટા ઓડકાર, અતિસાર અને તરશ એટલા પિત્ત પ્રમેહના ઉપદ્રવો છે.

ઉદાવર્ત્ત, કંપારો, છાતી તથા ગળામાં દુખાવો કે ઝલાઇ જવું, શૂળ, શોષ, સૂકી ઉધરસ, શ્વાસનું થવું, તથા ઉંઘ આવે નહીં અને સરવે રસ ખાવાની ઇચ્છા રહે એટલા **વાયુ પ્રમેહના** ઉપદ્રવો છે.

પ્રમેહનાં અસાધ્ય લક્ષણ.

જે પુરૂષ ઉપર કહેલા ત્રણે દોષના ઉપદ્રવોથી સહિત પ્રમેહ રોગવાળો હોય, ઘણું મૂતરતો હોય, અને પ્રમેહની દશ પીડિકાઓએ કરી વિશેષ પીડાતો હોય તો, તે પ્રમેહ રોગી મરી જાય છે. અથવા જે પ્રમેહ રોગવાળાને મૂર્છા, ઉલટી, તાવ, શ્વાસ, ઉધરસ, વિસર્પ અને બારે પણ એટલા ઉપદ્રવે ઘેરી લીધો હોય તો તેને પરાણે પરાણે ઔષધ લાગુ પડે છે અથવા જેને જન્મથી કે બાપ દાદાની પરંપરાથી વારસામાં મળેલો પ્રમેહ થયો હોય અથવા ઘણા વખતથી પ્રમેહ થયો હોય છતાં ચિકિત્સા (વ્યાધિ મટવાના ઉપાય) ન કરે તો, તે મધુ પ્રમેહનુરૂપ ધારણ કરે છે તેથી તે પણ અસાધ્ય સમજવો.

આત્રેયજીના મત પ્રમાણે વિશેષ છ પ્રમેહનાં લક્ષણ.

જો છાશ જેવું તથા છાશના ગંધ જેવું મૂત્ર ઉતરે તો **તક્ર પ્રમેહ** જાણવો. મૂત્રમાં વાયુની કણીઓ પડે તો **પીડિકા પ્રમેહ** જાણવો.

જો સાકર જેવું મીઠું તથા સાકર જેવા વર્ણવાળું મૂત્ર ઉતરે તો **શર્કરા-સાકરીઓ પ્રમેહ** જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જો ઘી જેવા સ્વાદ અને વાસનાવાળું મૂત્ર ઉતરે તો **ઘૃત પ્રમેહ** જાણવો.

જો વારંવાર ઘણું મૂત્ર ઉતરતું હોય તથા નિર્બળ શરીર પડી ગયું હોય તો **અતિ મૂત્ર પ્રમેહ** જાણવો.

જો મૂત્રની અંદર રસી પડ્યા કરે અથવા રસી જેવી વાસનાવાળું મૂત્ર હોય તો **પૂયપ્રમેહ** જાણવો.

પ્રમેહની દશ પીડિકાનાં નામ તથા લક્ષણ.

પ્રમેહ રોગ થતાં બરોબર રીતે ઔષધ પ્રયોગ તથા માવજત કરવામાં આવે નહીં, તેથી પ્રમેહ રોગીના મર્મ સ્થાનમાં તથા ઘણા માંસ વાળા પ્રદેશમાં ફોલ્લીઓ થઇ આવે છે તે દશ જાતિની છે—એટલે શરાવિકા ૧, કચ્છપિકા ૨, જાલિની ૩, વિનતા ૪, અલજી ૫, મસૂરીકા ૬, સર્ષપિકા ૭ પુત્રિણી, ૮ વિદારિકા ૯ અને વિદ્રધિ ૧૦, આ દશ પ્રકારની ફોલ્લીઓ છે; તેમાં જે ફોલ્લી અંતરમાં ઉંચી, વચમાં નમેલી અને કાળાશ પડતી હોય તે **શરાવિકા** કહેવાય છે. જે ફોલ્લી બળતરાવાળી કાચબાની પીઠ જેવી અને જેનો પૃષ્ઠ ભાગ સરસવ પ્રમાણે થાય છે તે **કચ્છપિકા** કહેવાય છે. જે ફોલ્લીમાં બળતરા બહુ થાય અને ન્હાની નસોના ગુચ્છામાં હોય તે **જાલિની** કહેવાય છે. જે ફોલ્લી ઊંડી પીડા વાળી, મોટી, ભીની, બરડા તથા પેટ ઉપર થનારી અને આશમાની રંગ વાળી હોય તે **વિનતા** કહેવાય છે. જે ફોલ્લી રાતી, કાળી, ઝીણી, ફોલ્લીઓથી વીંટાયલી અતિ ભયંકર હોય છે તે **અલજી** કહેવાય છે. જે ફોલ્લી મસૂરની દાળ જેવા રંગવાળી કે આકારવાળી હોય તે **મસૂરીકા** કહેવાય છે. જે ફોલ્લી ધોળી સરસવ જેવી રંગ તથા દેખાવમાં હોય તે **સર્ષપિકા** કહેવાય છે. જે ફોલ્લી મોટી, અને અન્ય ઝીણી ફોલ્લીઓથી વ્યાપ્ત હોય તે **પુત્રિણી** કહેવાય છે. જે ફોલ્લી ભોંય કોળાના જેવી ગોળ, કઠણ તથા ભોંય કોળાનાજેવા રંગવાળી તે **વિદારિકા** કહેવાય છે. અને જે ફોલ્લી વિદ્રધિના લક્ષણો કે, જે આ ગ્રંથના પંદરમા તરંગમાં કહેવામાં આવશે તે લક્ષણોએ કરી સહિત હોય તે **વિદ્રધિ** કહેવાય છે.

જે પ્રમેહ જે દોષવાળો હોય તે પ્રમેહની ફોલ્લી પણ તેજ દોષવાળી થાય છે તથા પ્રમેહ રોગી વિના જે માણસનું મેદ બગડ્યું હોય તેને પણ આવી ફોલ્લીઓ થાય છે અને જ્યાં સુધી તે ફોલ્લીઓની ગાંઠ પૂરતી બંધાઇ ન હોય ત્યાં સુધી નજરે પડતી નથી.

આ ફોલ્લીઓનું અસાધ્યપણું તથા તેમના ઉપદ્રવો.

ગુદા, છાતી, મસ્તક, ખભા, પીઠ અને મર્મસ્થાનોમાં થઇ હોય તથા મંદાગ્નિ વાળાને થઇ હોય તો અસાધ્ય જાણવી તથા જે ઉપદ્રવ—એટલે તરશ, ઉધરસ, માંસનો સંકોચ, મોહ, હેડકી, મદ, તાવ, વિસર્પ અને સાંધાઓનું કે મર્મસ્થાનોનું અકડાવું એટલા ઉપદ્રવો પીડિકા—પિટિકા—ફોલ્લીઓના છે, તે સહિત હોય તો તે રોગી મરણ પામે છે.

પ્રમેહના ઉપાય.

પ્રમેહ રોગવાળાને પેહેલાં કાંગ—ખુપકલા, તથા સરસવ વગેરેથી પકવેલા તેલવડે પ્રમેહ રોગીને સ્નિગ્ધ કરી પછી ઉલટી રેચ કરાવી સુરસાદિ કવાથમાં સુંઠ, દેવદાર તથા મોથ નાખી, તેથી નિરૂહબસ્તિ આપવી. જો બળતરા થતી હોય તો, તેલ વગરના ન્યગ્રો-

For Private And Personal Use Only

માદિ કવાથથી નિરૂહબસ્તિ આપી પછી ઔષધોપચાર કરવા.

જો **વાયુની** પ્રબળતાવાળા પ્રમેહો હોય તો ઘણું કરીને સ્નેહપાન કરાવવું. અથવા **કફના** પ્રમેહ હોય તો, નાગરમોથ, હરડેદળ, કાયફળ **અને** લોદર એઓનો કવાથ કરી તેમાં મધ નાખી પીવો. **અથવા** વાવડીંગ, આસંદરાની છાલ, કાળીપાડ અને ધામણ, એઓનો કવાથ કરી તેમાં મધ નાંખીને સેવન કરવાથી કફના પ્રમેહો નાશ થાય છે. **પિત્તના** પ્રમેહો હોય તો "કાળીકમળની જડ, શાદડનુમૂળ, ઈંદ્રજવ, ધાવડાની છાલ, આમલીની છાલ, આમળાં અને લીંબોળી કે લીંબડાનાં પાંદડાં એઓનો કવાથ કરી તેમાં સાકર નાખી પીવો. **અથવા** રક્તરોહીડાનો કવાથ કરી તેમાં મધ નાખી પીવાથી **ઉદક પ્રમેહ** મટે છે. એજ પ્રમાણે લીલીધરો કે અરણીનો કવાથ કરી તેમાં મધ નાખી પીવાથી **ઇક્ષુ** પ્રમેહ. તથા ઉપલેટ, પિત્તપાપડો, કડુ અને સાકરના કવાથથી ઇક્ષુ પ્રમેહ, અથવા અરણીનુંમૂળ, પાડળ, ધમાસો, અરડુસો અને ખાખરનું મૂળ એઓના કવાથથી પણ ઇક્ષુ પ્રમેહ મટે છે. લીંબડાના કવાથમાં મધ નાખી પીવાથી **સુરા** પ્રમેહ. ચિત્રકના કવાથમાં મધ નાખી પીવાથી **સિકતા** પ્રમેહ. ખેરના કવાથમાં મધનાખી પીવાથી **શનૈ**પ્રમેહ. કાળીપાડના કવાથમાં મધ નાખી પીવાથી **ક્ષાર**પ્રમેહ અથવા સુંદર સ્ત્રીના સંભોગથી ક્ષાર પ્રમેહ. અગરના કવાથમાં મધ નાખી પીવાથી **પિષ્ટ**પ્રમેહ. બે જાતની ઉપલસરી કે બન્ને જાતની હળદરના કવાથમાં મધ નાખી પીવાથી **સાંદ્ર**પ્રમેહ. પીપરના કવાથથી **નીલ**પ્રમેહ. ગરમાળાના કવાથથી **હારિદ્ર**પ્રમેહ. મજીઠ અને ચંદનના કવાથથી **માંજીષ્ટ**પ્રમેહ. ઉપલેટ, ઈંદ્રજવ, કાળીપાડ, હિંગ અને કડુ એઓનો કલ્ક બનાવી ગળો અને ચિત્રાના કવાથ સાથે પીવાથી **ઘૃત**પ્રમેહ. અરણી કે શીશમના કવાથથી **વસા**પ્રમેહ. ખેર અને સોપારીના કવાથથી **ક્ષૌદ્ર** પ્રમેહ. લોદર, આસંદરાના મૂળની છાલ, ખેરની છાલ, કડવા લીંબડાનાં પાંદડાં, આમળાં અને રતાંજળી એઓના કવાથમાં ગોળ મેળવી પીવાથી **તક્ર** પ્રમેહ. ધરો, મોરવેલ, ડાભનુંમૂળ, કાસડાની જડ, નેપાળાના મૂળ, મજીઠ (કે લજામણી) અને શીમળાનું મૂળ એઓનો કવાથ કરી પીવાથી **શુક્ર** પ્રમેહ. તથા **રૂધિર** પ્રમેહ. **અથવા** વાસી પાણીમાં કાળી દ્રાખનું શરબત બનાવી તેમાં જેઠીમધ તથા ચંદન એઓનું ચૂર્ણ નાખી પીવાથી રક્ત પ્રમેહ મટે છે. **અથવા** મોથ, ત્રિફળા, હળદર, દેવદાર, મોરવેલ, ઈંદ્રજવ અને લોદર એઓનો કવાથ કરી પીવાથી **સર્વ જાતના** પ્રમેહ મટે છે. **અથવા** વડવાઈ કે વડના મૂળની છાલ, ઉમરાના મૂળની છાલ, પીપળાના મૂળની છાલ, અરલૂના મૂળની છાલ, ગરમાળો, બીબલો, આંબો, કોહ, જાંબુ, ચારોળી, ધવ, મહુડો, આસંદરો, જેઠીમધ, લોદર, વરણો, લીંબડો, કડવાં પરવળ, નેપાળાનાં મૂળ, મરડાશીંગ, ચિત્રામૂળ, કરંજફળ (કરંચાં), ઈંદ્રજવ, ત્રિફળાં, તુવરની દાળ અને ભિલામાં, એ સર્વ ઔષધો સમાન લઇ તેઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી મધમાં કાલવી મધુપ્રમેહ વાળાને ખાવા આપવું અને તેના ઉપર ત્રિફળાનો કવાથ પાવો તેથી મૂત્ર સાફ થાય છે વિશે જાતના પ્રમેહો, મૂત્રકૃચ્છ્રો અને પ્રમેહ સંબંધી ફેલ્લીઓ નાશ થાય છે. **આ ન્યગ્રોધાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** હીરાકશી, સોવનમાખી, શિલાજીત, પાષાણભેદ, ચંદન, સોનાગેરૂ, કચૂરો, પીપર, વાંશકપૂર–વંશલોચન એ સર્વ સમાન ભાગે લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરી દુધ સાથે નિરંતર પીવાથી મધુ પ્રમેહ તથા મૂત્રની રોકાણ મટે છે, એમ **આત્રેયજી**નું કહેવું છે. **અથવા** કચૂરો, વજ, મોથ, કરીઆતું, દેવદાર, હળદર, અતિવિષ, દારૂહળદર, પીપરા મૂળ, ચિત્રો, ધાણા, ત્રિફળાં, ચવક, ગજપીપર, વાવડીંગ, સોવનમાખી, ત્રિકટુ, જવખાર, સાજી, સિંધાલુણ, સંચળ અને વડાગરૂં મીઠું

૨૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલાં ટાંક ટાંક ભાર લેવાં તથા નસોતર, નેપાળાનાં મૂળ, ચાતુર્જાત અને વંશલોચન એ એક એક તોલો તથા લોહ ભસ્મ ૨ તોલા, સાકર ૪ તોલા, શુદ્ધ શિલાજીત ૮ તોલા, અને શુદ્ધ ગુગળ ૮ તોલા લઇ યથેષ્ટ વિધિ પ્રમાણે ચૂર્ણ કરી શુદ્ધ પારો તોલા ૪, શુદ્ધ ગંધક તોલા ૪, શુદ્ધ અભ્રક ભસ્મ તોલા ૪ લઇ પછી પારા ગંધકની કાજળી કરી એ સર્વોક્ત ચૂર્ણ સાથે એકજીવ કરી ગોળી બનાવી પ્રાતઃકાળે ઘી અને મધ સંગાથે સેવન કરવાથી સર્વ જાતના પ્રમેહ, અરશ, ક્ષય, વીર્યના દોષો, સ્ત્રીઓના રજદોષ, આંખના રોગ, દાંતના રોગ, પાંડુરોગ, ખસ, શૂળ, કેડના રોગ, મૂત્રકૃચ્છ્ર અર્બુદ–ગાંઠ, ઉદરરોગ આફરો, અંત્રવૃદ્ધિ, મૂત્રાઘાત, ભરલ, રુધિરસ્ત્રાવ અને દાહ એટલા રોગોનો નાશ કરે છે–આ **ચંદ્રપ્રભા ગુટિકા** કહેવાય છે. **અથવા** ત્રિફળા તોલા ૧૬, ગળો તોલા ૧૬, ધાણા તોલા ૧૬ તથા આંબળાના બીજના ચૂર્ણ તોલા ૧૬, ન્હાની એલચી તોલા ૨, તજ તોલા ૨, લવીંગ તોલા ૨, નાગકેસર તોલા ૨, અને ઓખરો તોલા ૨, એ સર્વને ઝીણું વાટી કપડાથી ચાળી ઘી સાકરમાં મેળવી એના ૪–૪ તોલા ભારના લાડુ બનાવવા, તેમાંથી નિત પ્રભાતે ૧ લાડુ ખાવો જેથી પ્રમેહ માત્રનો નાશ કરે છે–આ **પ્રમેહહારિગુટિકા** કહેવાય છે. **અથવા** શુદ્ધપારાની ભસ્મ, શુદ્ધ ગંધક, આસંદરાની છાલ અને સાકર એ સર્વે બરોબર ભાગે લઇ પારા ગંધકની કાજળી કરી બીજાઓને વાટી ચાળી એકત્ર કરી શીમળાના મૂળની અંતરછાલના રસની કે કવાથની ૩ ભાવના દઇ ખરલમાં ૧ દિવસ ઘુંટી ગોળી માસા ૧ ભારની બાંધવી, તેમાંથી ગોળી ૧ રોજ રાતે સુતીવખતે ખાય તો, સર્વ પ્રકારનાં પ્રમેહ તથા મધુ પ્રમેહ મટે છે. **અથવા** લોહનું ચૂર્ણ યોગ્ય માત્રાએ મધ સાથે કાંસકીના મૂળના કવાથ સાથે પીવું. **અથવા** "ગળોનું સત્વ, ત્રિફળાનું ચૂર્ણ અને લોહભસ્મ એ ત્રણે સરખા લઇને ટાંક ૧ મધ સંગાથે કાલવી સેવન કરે તો પ્રમેહ જાય." **અથવા** સાકર, સિંધાલુ, રેવચિની એ સર્વે બરોબર લઇ વાટી ૧ તોલા ભાર પાણીના સાથે સેવન કરવાથી લાંબા કાળથી થએલા સર્વે પ્રમેહો તથા મધુ પ્રમેહ મટે છે. અથવા "ઉંબરાનાં પાકાં ફળ તોલા ૪ સિંધાલુણની સાથે ખાવાથી ન મટી શકે તેવા પ્રમેહ પણ એકવાર મટે છે." **અથવા** પારાની ભસ્મના સમાન બંગ ભસ્મ લઇ તેમાંથી ૨ માસા ભાર મધ સાથે સેવન કરી અને તે ઉપર પાકા ગુલર (ઉંબરાનાં ફળ) નું ચૂર્ણ મધમાં મેળવી ખાવું. એ બંગેશ્વરને એવી રીતે તૈયાર કરવો કે–શુદ્ધ કરેલી કલઇ લઇ ઓગાળી જેટલી કલઇ હોય તેટલો શુદ્ધપારો લઇ તેમાં નાખી થાળીમાં ઢાળી પાતળી પાપડી બનાવી, પછી નાના નાના ટુકડા કરી જુદા રાખી એવાં છાણાં નંગ ૨, ૧૦–૧૦ શેરના વજનનાં થાપી સુકવી એક છાણા ઉપર કેસુડાં શેર ૨ નું ચૂર્ણ કરી પાથરી તેમાં તેટલુંજ મેંદીનું ચૂર્ણ મેળવી ચૂર્ણના મધ્ય ભાગમાં કલઇ પારાના કકડા જુદા જુદા ગોઠવી યુક્તિથી બીજુ છાણું ઢાંકીદઇ જ્યાં પવન આવી શકે નહીં તેવી જગ્યાએ સળગાવી દેવાં. જ્યારે પોતાની મેળેજ અગ્નિ ટાઢા થઇ જાય ત્યારે ધીમે રહીને ફુલી ગએલી કલઇને કાહાડી લેવી, પછી ખરલ કરીને ઉપયોગમાં લેવાથી અપાર ગુણ કરે છે. તોલ બરોબર ઉતરે છે અને જુદા જુદા અનુપાનો સાથે સેવવાથી સર્વે રોગોનો નાશ કરે છે. આ **બંગેશ્વર રસ** કહેવાય છે. **અથવા** ચીકણી સોપારી તોલા ૩૨ ભાર લઇ ઝીણી કાતરી પાણીમાં પલાળી (અથવા ઉકાળી) નરમ થએ ખાંડી તોલા ૧૬ ગાયનું ઘી લઇ તેમાં સોપારીનું ચૂર્ણ કરમોવી આઢગણું (૧૯૨ તોલા) દુધ લઇ તેમાં તે ચૂર્ણ નાખી તેનો મંદાગ્નીથી માવો બનાવવો. પછી સાકર તોલા ૨૦૦ ની ચાસણી કરી તે માવા તેના અંદર મેળવી પછી તેમાં નીચે લખેલાં ઔષધોનું ચૂર્ણ નાખવું–એટલે નાગકેસર, મોથ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદન, સુંઠ, મરી, પીપર, જાવંત્રી, જાયફળ, લવીંગ, ધાણા, આંબળી, બોરની મીંજ, ખદ્રન, તજ, તમાલપત્ર, એળચી, ઝુઈ, શાહજીરૂ, સિંઘોડા અને વંશલોચન એ સઘળાં ૨–૨ તોલા ભાર લઇ સુક્ષ્મ ચૂર્ણ કરી ચાળી ઘીમાં કરમોલી ચાસણી સાથે એકજીવ કરી ૨–૨ તોલા ભારના લાડુ બનાવી સુંદર પાત્રમાં ભરી રાખવા. પછી તેમાંથી શુભ દિવસ જોઇ યોગ્ય માત્રાએ નિરંતર પ્રભાત અને સંધ્યાકાળે સેવન કરે તો પ્રમેહ, જુનો તાવ, અમ્લપિત્ત, લોહી વિકાર, કાનના રોગ, મુખના રોગ, દ્રષ્ટિના રોગ, મુખના રોગ, નાસિકાના રોગ, નેત્રના રોગ તથા મંદાગ્નિ એઓનો નાશ કરે છે. શરીરને અતિ પુષ્ટ કરે છે સ્ત્રીને ગર્ભદાતા છે તથા પુરૂષને વીર્યદાતા છે અને સ્ત્રીઓના રૂધિર વિકારોને દૂરકરનાર છે. આ **સોપારી પાક** કહેવાય છે. **અથવા** ગોખરૂ તોલા ૬૪ લઇ ચૂર્ણ કરી ઘીમાં કરમોલી ગાયનું દુધ તોલા ૨૫૬ લઇ તેમાં કરમોલેલા ચૂર્ણને નાખી મંદ અગ્નિ દ્વારા તેનો માવો બનાવી પછી જાવંત્રી, લવીંગ, લોહભસ્મ, મરી, જાયફળ, ત્રિફળાં, જાવંત્રી, ભીમસેની કપૂર–બરાસ, શીમળાનાં ફુલ (અથવા તેના મુળની છાલ) સમુદ્રશોષ, ધંતુરાનાં બીજ. હળદર, આમળાં, પીપર, તમાલપત્ર, એળચી, નાગકેસર, **શુદ્ધ** ચારોળી, કૌચાં, અને એખરો એટલાં સમાન (૧–૧ તોલો) લેવાં તથા આ સર્વની બરોબર સાકર અને સાકરથી અર્ધી શેકેલી શુદ્ધ ભાંગ લેવી. સાકર વિના સર્વેનું યોગ્ય વિધિએ ચૂર્ણ કરી ઘીથી કરમોલી ઢોરંમાં મેળવવું અને તેમાં ગાયનું ઘી તોલા ૬૪ નાખવું, તથા તેની ઢીલી પાક઼ી સારી સાકરની ચાસણી કરી તેમાં તે ઢોરો મેળવી લાડુ યોગ્ય વજનથી વાળી તેમાંથી નિત્યપ્રતિ યોગ્ય માત્રાએ (એક તોલો) સેવન કરે તો પ્રમેહાદિ અનેક વ્યાધિઓનો વિનાશ કરી મહાપુષ્ટિ આપે છે; અર્થાત્ રોગ હરતા અને વાજીકરણ કરતા છે, તેથી સ્ત્રીઓને સદા આનંદ દાતા થાય છે—આ **ગોખરૂપાક** કહેવાય છે.

અથવા શુદ્ધપારો, શુદ્ધગંધક, ચિત્રો, સુંઠ, મરી, પીપર, મોથ, શુદ્ધ વચ્છનાગ અને ત્રિફળાં એ સર્વે સમાન લઇ ચૂર્ણ કરી પાણીમાં ઘુંટી ગોળીઓ ચણોઠી જેવડી વાળી તેમાંથી નિત્ય ગોળી ૧ સેવન કરે તો, ૧૮ જાતના કોઢ, વાયુગોળો, [illegible], પેટના રોગ, વાયુ તથા કફના રોગ, પથરી, મુત્રકૃચ્છ, શુળ, મંદાગ્નિ, અરૂચિ. તાવ, ખરજ અને પ્રમેહ વગેરે રોગોનો તુરત નાશ કરી દે છે—આ **પંચાનનવટી** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** "ભીમસેની કપૂર માસો ૧. કસ્તુરી માસો ૧, અફીણ માસા ૮ અને જાવંત્રી માસા ૪ એ **સર્વેને** નાગરવેલના પાનના રસમાં વાટી ગોળી ચ. રતિ પ્રમાણે વાળી, તેમાંથી ૧ ગોળી દુધસાકર **સાથે** સેવન કરે તો, પ્રમેહ માત્ર અવશ્ય નાશ પામે છે અને વીર્યને સ્તંભન કરે છે." **અથવા** હળદર અને આમળાં એ બન્નેને બરોબર લઇ ટાંક ૫–૫ ભાર નિત્ય રાત્રિએ ભીંજવી પ્રભાતે તેજ પાણીમાં લસોટી ગાળી તેનાં હોરના પ્રમાણમાં મધ નાખી પીવાથી સર્વ પ્રમેહ નાશ પામે છે. **અથવા** શુદ્ધપારો, લોહભસ્મ, શુદ્ધગંધક, શુદ્ધ સોનામાખી, શુદ્ધ શિલાજીત, ત્રિકટુ, ત્રિફળાં, બોરનીમીંજ, શુદ્ધ મણશીલ, અને હળદર તથા કેળફળ એ સર્વ બરાબર ભાગે લઇ પારા ગંધકની કાજળી કરી બીજાં ઔષધિનું યથાયોગ્ય ચૂર્ણ કરી જળભાંગરાના રસમાં ૨૧ વાર ઘુંટી તેમાંથી ટાંક ૧ નિત્ય સેવન કરે તો, પ્રમેહ માત્ર મટે છે—આ **મેઘનાદ** રસ કહેવાય છે. **અથવા** શુદ્ધપારો તથા શુદ્ધ અભ્રક ભસ્મ એ બન્નેને બરાબર લઇ, આમળાના **રસમાં** ૭ દિવસ ઘુંટી ૧ રતિ પ્રમાણે સદા સેવન કરે તો પ્રમેહ માત્રનો નાશ કરે છે—આ **હરિશંકર રસ** કહેવાય છે. **અથવા** નાની એળચી, બરાસ, સાકર, આમળાં, જાયફળ, ગોખરૂ, શીમળાની છાલ. પારાની **ભસ્મ**, **અભ્રકની** ભસ્મ, લોહભસ્મ અને બંગ**ભસ્મ** એ **સઘળાં સમાન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગે લઇ યથાયોગ્ય રીતે ઘુંટી ના ટાંક ભાર લઇ મધની સાથે ચાટવી સેવન કરે તો સમસ્ત પ્રમેહોનો નાશ કરે છે. આ **પ્રમેહકુઠાર રસ** કહેવાય છે. **અથવા** અકાયનનાં બીજ ટાંક ૫ ભાર, ચોખાના ધોવણ સાથે ઘુંટી તેમાં ગાયનું ઘી મેળવી નિત્ય સેવન કરે તો લાંબા વખતનો પ્રમેહ પણ નાશ થાય છે. **સર્વસંગ્રહ.**

આત્રેયજીના મત પ્રમાણે પ્રમેહની પીડિકા–ફોલ્લીઓની સંપ્રાપ્તિ, લક્ષણ તથા ઉપાય.

પિત્તથી થએલી ફોલ્લીઓ વાળાને તરશ લાગે, અને તે દાહ તથા તાવ યુક્ત પીળી અથવા લાલ રંગવાળી હોય છે. **વાયુથી** થએલી ફોલ્લીઓ વાળાને કંપારો–ધ્રુજારો થાય છે, મૂત્ર કરતાં શૂળ નીકળે તથા રોગી વિકળ થાય અને ફોલ્લીઓ કાળા રંગવાળી હોય છે. **કફથી** થએલી ફોલ્લીઓ વાળાને સોજો, કરણ ફોલ્લીઓ, ઠંડી, મોડી પાકનાર અને ધોળા રંગની જાડી હોય છે. **ત્રિદોષથી** થએલી ફોલ્લીઓ વાળાને ઉપર કહેલાં સઘળાં ચિન્હો હોય છે. તેઓને ધોવા તથા લેપ કરવાના ઉપાય નીચે પ્રમાણેઃ—

ધાવડો, સાદડ, કદંબ, બોરડી, ખેર, શીશમ, અને લિંબડો એટલા વૃક્ષોની અંતરછાલ લઇ તેનો ક્વાથ કરી તે પાણીથી ઇંદ્રિને ધોવી અથવા તે પાણીથી ફોલ્લીઓ જે જગ્યાએ થઇ હોય તે જગ્યા ધોઇ સાફ રાખવી, જેથી આરામ થાય છે. **અથવા** સાદડ, કદંબ અને ટીંબરૂ એઓની અંતરછાલ લઇ ઉકાળી તે પાણીથી ઇંદ્રિને ધોવી, તેથી તેમાંથી પાકેલો ભાગ હશે તો પરૂ રૂપે નીકળી સાફ થશે. **અથવા** જળભાંગરાનો રસ, તુલસીપત્ર, વછનાગનાં, પાંદડાં, અને પટોળ–કડવા પરવળનાં પાન એઓને સાફ કરી કાંજી સાથે વાટી વાતજન્ય ફોલ્લીઓ ઉપર લેપ કરવો. **અથવા** જેઠીમધ, ઉપલેટ, ચંદન, રતાંજળિ, વીરણવાળો, રોહીસ, ખેર, કમળના દાંડલા, બદામ અને લિંબડાનાં પાનડાં તથા જાંબુનાં પાન એ સર્વ મળે તો ઠીક નહીં તો જેટલાં મળે તેટલાં લઇ વાટી પિત્ત તથા રક્તથી થએલી ફોલ્લીઓ ઉપર લેપ કરવો તેથી બળતરા મટી જાય છે. અથવા મૂત્રેંદ્રિને ઠંડાપાણીથી ધોવી કિંવા સો વાર પાણીથી ધોએલું માખણ લઇ તેનો લેપ કરવો. જો મૂત્રેંદ્રિયનું ફુલ પાકયું હોય તો કદંબનાં પાન, સાદડનાં પાન, દાડિમનાં પાન, ખેરનાં પાન અને આમલીનાં પાન એ સર્વને ઉના પાણી સાથે વાટી તેનો લેપ કરવો. અથવા જો પરૂ સુકાઇ ગયું હોય તો ત્રિફળાનું ચૂર્ણ કપડ છાણ કરીને ત્યાં ચોપડવું, તથા તેને કાંજીવડે કે છાશવડે અથવા ઠંડા પાણિવડે ઠીક કરીને ધોવાથી પ્રમેહથી મૂત્રેંદ્રિય પાકી હોય તે આરામ થાય છે.[૧]

પ્રમેહ રોગીનાં પથ્યાપથ્ય.

રાતા ચોખા, સાઠીચોખા, તુવરની દાળ, કળથી, સામો, કોદરા, કોરડ, ઘઉં, ચણા, જવના લોટના પદાર્થ, અને મગ એ સર્વ જુના અને કાંઇક મીઠાશવાળા પદાર્થો, એ

---

[૧] **રસ રત્નાકરનો** કર્તા કહે છે કે–કપાસીયાની મીંજને બોરની છાશમાં ૭ દિવસ ઘુંટી તેમાંથી બેમાસા ભાર સેવન કરે તો પ્રમેહ મટે છે. **બહુમૂત્ર** આવતું હોય તો, મોરવેલ, પારો, બંગ કે બંગેશ્વર અને અભ્રક ભસ્મ એ સર્વે સમ માત્રાએ લઈ મધમાં ૧ દિવસ ઘુંટી માસા ૧ ભાર મધ સંગાથે સેવન કરવાથી બહુ મૂત્રતા મટે છે. **અથવા** તાલુકેશ્વર રસ પાકાં ગુલરફળના ચૂર્ણ સાથે સેવન કરવાથી બહુ મૂત્રતા મટે છે. **અથવા** પંચવક્ત્રરસ માસા ૨ ભાર સેવે તો બહુમૂત્રતા મટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રમેહ રોગીને હિતકારી છે.

મદિરા, કાંજી, છાશ, તેલ, દુધ, ઘી, ગોળ, ખાટા પદાર્થો, શેલડીનો રસ, લોટના પદાર્થો, તીખા રસ, દિવસે સુવું, સ્ત્રીનાં દર્શન, મૈથુન, ઘણું ખાવું, ચાલવું, દોડવું, મૂત્ર રોકવું, કપડાથી પવન લેવો, રાતાં વસ્ત્ર પહેરવાં, સ્ત્રી–બાળકો સાથે એકાંતમાં રહેવું, અલંકાર ધારણ કરવા, અને કામોદ્દીપન વસ્તુઓ ઉપભોગમાં લેવી તથા જળવાળા પ્રદેશમાંના પ્રાણીઓનાં માંસ ખાવાં એટલાં વાનાં પ્રમેહરોગીને ત્યજવાં યોગ્ય છે.

પ્રમેહ[1] મટી ગયાનાં ચિન્હ.

જ્યારે મૂત્ર સ્વચ્છ–ડોહોળાએલું કે–ચીકાશ વગરનું, કડવું અને તીખું મૂત્ર ઉતરે ત્યારે જાણવું કે પ્રમેહ મટી ગયો છે.

[2]પ્રમેહનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રન્થ વિષે મૂત્રકૃચ્છ્ર, મૂત્રઘાત, પથરી, પ્રમેહ અને પ્રમેહ પીડિકાઓનાં નિદાન, ઉત્પત્તિ, લક્ષણ તથા યત્ન નિરૂપણ નામનો બારમો તરંગ સંપૂર્ણ.

તરંગ તેરમો.

મેદ સ્થૌલ્યતા ઉદર અરુ, તેના પૂર્ણ વિચાર;
તરંગ ત્રયોદશમાં કહ્યા, વિવિધ ગ્રંથ અનુસાર.

મેદરોગની વૃદ્ધિનો અધિકાર.

મેદવૃદ્ધિનાં નિદાન તથા સંપ્રાપ્તિ.

કસરત–મહેનત–પરિશ્રમ કરવામાં ન આવે તેથી, તથા દિવસે સુવાથી, કફ કરનારા આહારોનું સેવન કરવાથી અને મીઠા રસો તથા મીઠાં અન્નો કે ઘી વગેરે ચીકણી–સ્નિગ્ધ વસ્તુઓના ખાવાથી–સારાંશમાં એશઆરામમાં પડયા રહેતાં જરા પણ શરીરને મહેનત ન આપે તેથી મેદ વધે છે, તે મેદનેલીધે નસોનાં છિદ્રો પુરાઇ જવાથી બીજા ધાતુઓને પોષણ મળતું નથી અને મેદ વધતું જાય છે તેનાલીધે શરીર ફુલી જવાથી તે મનુષ્ય કેવળ શક્તિ રહિત

---

૧ સ્ત્રીઓને પ્રમેહ થતો નથી તેનું કારણ એજ કે સ્ત્રીઓને મહીને મહીને રજ–લોહી વહે છે–અટકાવ આવે છે તેથી શરીરના સઘળા દોષો સાફ થઇ જાય છે. તેથી સ્ત્રીઓને પ્રમેહ થતો નથી.

ભાવપ્રકાશ.

૨ પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, ચાંદી, પથરી, મૂત્રરોધ અને એવા આ છ રોગ મૂત્રેંદ્રિયમાં ઉત્પન્ન થનારા છે.

હિતોપદેશ.

For Private And Personal Use Only

નકામું થઈ જાય છે; કારણ કે પોતાનું શરીર ઉપાડવું એજ તેને મુશ્કેલ છે તો, બીજાં કામ ઉપાડી લેવાં તેનાથી શી રીતે બને ?

મેદ વધ્યાથી થતાં લક્ષણો.

મેદરોગી ક્ષુદ્ર નામના શ્વાસરોગથી પીડાતો, તરશ, મોહ, નિંદ્રા, ગ્લાનિ, ક્ષુધા, પરસેવો, પીડ અને દુર્ગંધપણાથી સહિત હોય છે. થોડી શક્તિવાળો તથા થોડા મૈથુનવાળો થઈ જાય છે; અર્થાત્ શક્તિ વિનાનો સર્વ કામમાં નકામો થઈ જાય છે.

મેદનું સ્થાન અને તેનાં કૃત્યો.

સર્વે પ્રાણી માત્રના પેટમાં મેદ રહે છે એટલા માટે મેદની વૃદ્ધિવાળા માણસનું ઘણું કરીને પેટ વધી જાય છે. વાયુનો માર્ગ મેદથી રોકાઈ જવાનેલીધે વિશેષે કરીને વાયુ કોઠામાંજ ફરતો હોવાથી જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે અને ખાધેલા અન્નને સુકાવી દે છે જેથી મેદની વૃદ્ધિવાળા માણસને ખાધેલું તુરત પચી જાય છે અને ફરી ખાવાની ઇચ્છા થાય છે, તેથી કેટલાએક કાળ વીત્યા પછી ભયંકર વિકારોને ઉત્પન્ન કરે છે. અગ્નિ અને વાયુ એ વિશેષે કરીને ઉપદ્રવોને ઉત્પન્ન કરે છે અને જેમ દાવાનળ વનને બાળી નાખે છે તેમ એઓ જાડા માણસને બાળી નાખે છે. મેદ અત્યંત વધતાં વાયુ આદિ ધાતુઓ સહસા દારૂણ વિકારોને ઉત્પન્ન કરીને તુરત જીવનો નાશ કરી નાખે છે.

સ્થૂળનાં લક્ષણ.

મેદ અને માંસ અત્યંત વૃદ્ધિ થવાનેલીધે માણસના કુલા, પેટ અને સ્તન વધી જવાથી ચાલતી વખતે હાલ્યા કરે છે. જેનું મેદ અયોગ્ય પ્રકારથી વધતું હોય તે માણસ બહુ જાડો કહેવાય છે. તેવા માણસને કોઢ, વિસર્પ, ભગંદર, તાવ, અતિસાર, પ્રમેહ, હરસ, હાથીના પગ જેવા પગ થાય છે તે (શ્લીપદ) રોગ, અપચો, અને કમળો એટલા રોગો ભયંકરરૂપે થાય છે. મેદને લીધે પરસેવામાં દુર્ગંધ થવાથી ઝીણા ઝીણા જીવડાઓ પણ પેદા થાય છે અને બળ-ઉત્સાહ નાશ પામે છે.

મેદરોગના ઉપાય.

મેદ વૃદ્ધિવાળા માણસે હમેશાં, જુના ચોખા, મગ, કળથી, કોદ્રા, કોદરા અને લેખન અગ્નિ કર્મ, એઓનું સેવન કરવું. ખેદ કરવાથી, ચિંતાથી, ક્રોધથી, કુસ્તીથી, પથ કરવાથી, જવ તથા મધના ખાવાથી, ઉજાગરાથી, ખાટા રસના સેવનથી, અને એરંડાના પાંદડાની ભસ્મમાં હીંગ નાખીને પીને પૂર્ણ પ્રકારે તે ઉપર ગોખાનો માંડ[1] સેવવાથી મેદરોગ નાશ પામે છે. (ઉપવાસ કરવાથી, ધુમાડો પીવાથી, લોહી કઢાવાથી અને જરૂર ન પડે તેવી પથારીમાં સુવાથી પણ મેદ રોગને હરે છે.)

ગળો અને ત્રિફળાનો ક્વાથ પીવાથી મેદરોગ મટે છે. **અથવા** ત્રિફળાં અને ગળો-

---

૧ ચૌદ ગણા પાણીમાં સારી પેઠે સીજવેલા ચોખાનો કણીઓથી રહિત જે રસ થાય તે માંડ કહેવાય છે. તેમાં સુંઠ અને સિંધાલુણ નાખીને ઉપયોગ કરવામાં આવે તો તેથી અગ્નિ પ્રદીપ્ત થાય છે. અને પાચન પણ થાય છે, તથા હલકો છે.

યોગતરંગિણી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ના ક્વાથમાં મધ તથા લોહભસ્મ નાખી સેવન કરવાથી મેદરોગ મટે છે. **અથવા** વાસી પાણી મધથી મિશ્રિત કરી નિત્ય પ્રાતઃકાળે પીવાથી મેદરોગ મટે છે. **અથવા** ગરમા ગરમ સણા ને ગોખાના ઉનઃ ઉના મંડ સાથે (રાંધેલા અન્ન ઉપરનો જાડો રસકો) પીવાથી મેદ રોગ મટે છે. **અથવા** સુંઠ, મરી, ચિત્રક, ત્રિફળા, મોથ અને વાવડીંગ એ-ઓના ક્વાથમાં શુદ્ધ ગુગળ નાખી સેવન કરવાથી મેદરોગ મટે છે. **અથવા** પીપરનું ચૂર્ણ નિરંતર મધ સંગાથે સેવન કરે તો મેદરોગ અને કફ મટે છે. **અથવા** ધંતુરાના પાંદડાંનો રસ શરીરે મર્દન કરે તો મેદરોગ મટે છે. **અથવા** શુદ્ધ પારો, શુદ્ધ તાંબાની ભસ્મ, લોહભસ્મ (ગજવેલ), અને બોળ એઓ સમાન ભાગે લઇ આકડાના[1] દૂધમાં ખરલ કરવાં. સારી પેઠે ઘુંટયા પછી બે રતિ પ્રમાણે સુંદર ગોળીઓ વાળવી. તેમાંથી ગોળી ૧ મધ અને પાણી સંગાથે સેવન કરે તો મેદરોગને માગાડે છે–આ **વડવાનલ રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** ચવક, જીરૂં, સુંઠ, મરી, પીપર, હિંગ, સંચળ અને હરડે એઓનું ચૂર્ણ નાખીને દહીંના પાણી સાથે સાથવો પીવામાં આવે તો તેથી મેદરોગ નાશ પામે છે અને અગ્નિ પ્રદિપ્ત થાય છે. **જોગતરંગિણી. અથવા** વાવડીંગ, સુંઠ, જવખાર, રાતા ફુલનો ચિત્રો, લોહચૂર્ણ, જવ અને આંબળાં એઓનું ચૂર્ણ કરી મધ સાથે સેવવું જેથી મેદરોગ મટે છે. **અથવા** વડમોરડીનાં પાંદડાંનો કલ્ક કરી કાંજીમાં શોધિત કરી પેયા[2] સાથે પીએ. **અથવા** અરણીનો રસ, કે તેનો ક્વાથ શિલાજીત સહિત પીએતો મેદરોગ નાશ પામે છે. **અથવા** ગળો, નાની એળચી, ઇંદ્રજવ, વાવડીંગ, હરડે, બેહેડાં, આંબળાં અને શોધેલો ગુગળ એ એક એકથી વધતા ભાગે લઇ અને તે સર્વેનું ચૂર્ણ કરી મધ સાથે ચાટવી ચાટે તો ફોલ્લીઓ, મેદ અને ભગંદર નાશ થાય છે. આ **અમૃતાદ્ય ગુગળ** કહેવાય છે. **અથવા** ત્રિફળાં, અતિવિષ, મરડાશીંગી, નસોતર, ચિત્રામૂળ, અરડૂસો, લિંબડો, ગરમાળો, વજ, સાતજોધોર, હળદર, દારૂહળદર, ગળો, ઇંદ્રવરણાં, પીપર, ફિપલેટ, સરસવ, અને સુંઠ એઓનો કલ્ક કરી સુરસાદિ [3]ગણના રસોમાં તેલને પકાવી અર્થાત્ સર્વ રસ બળી તેલ સિદ્ધ થાય ત્યારે તે તેલ ઉપયોગમાં સેવવાથી–પીવામાં, મસળવામાં કોગળા કરવામાં, નાસ લેવામાં અને બસ્તિ કર્મ (ગુદામાં પિચકારી મારવા)માં યોજીત કરવાથી મેદરોગ, આળસ, ખરજ વગેરે કફના રોગોનો નાશ કરે છે. આ **ત્રિફળાદ્ય તૈલ** કહેવાય છે. **ચક્રદત્ત.**

---

1 આ ગ્રંથના તમામ ટીકાકારોએ કુકર ભાંગરા–હાડીઆ કરશણનો રસ લેવા લખેલ છે; **પરંતુ** ગ્રંથકાર વૈદ્યરહસ્યમાંનો પાઠ બતાવે છે તો, તે જોતાં '**मर्दयेसूर्यवारिणा**' આકડાના દૂધમાં ઘુંટવાનો પાઠ લખેલ છે માટે તેજ પાઠ મેં કાયમ રાખેલ છે. **ભા. કર્તા.**

2 ચૌદ ગણા પાણીમાં રાતા ચોખા–આદિ ધાન્યો પકાવીને વિશેષ દ્રવ્યવાળી અને થોડી કણીઓવાળી જે રાબડી બનાવવામાં આવે છે તેને પેયા કહે છે. પેયા બહુ હલકી છે, ધાતુઓને પુષ્ટ કરનાર છે, ઝાડાને રોકનાર છે. પ્રસ્વેદ લાવનાર છે, વાયુને તથા વિષ્ટાને યોગ્ય રસ્તે લાવનાર છે અને તરશ, તાવ, વાયુ, દુર્બળપણું, તથા પેટના રોગોનો નાશ કરનાર છે. આમશૂળને મટાડે છે. જો સુંઠ, સિંધવ, સહિત સેવેતો દીપન, પાચન, રૂચિ, કર્તા તથા દસ્ત બંધ કર્તા છે.

3 બન્ને જાતિની તુલસી, મરી, કાળો આજબળો, વાવડીંગ, મરવો, ઉંદરકરણી, કાયફળ, કાસંદરો, નાકછીંકણી, તુંબર પત્રિકા, ભારંગી, રક્તમંજરી, કાકમાચી, બોરીયો કલહાર, બકાન લીંબડો, રોહિષ નામનું ઘાસ, અને જટામાંસી, એ ઔષધીઓને સુરસાદિ ગણ કહે છે. આ સુરસાદિગણ કફ, મેદ, કૃમિ, શળેખમ, અરૂચિ, શ્વાસ, અને ઉધરસ એઓનો નાશ કરે છે તથા વ્રણનું શોધન કરેછે.

વાગ્ભટ સૂત્ર સ્થાન અ. ૧૫ મો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીરમાંથી થતા પરસેવામાં દુર્ગંધિ આવતી હોય તેને મટાડવા ઉપાય.

અરડૂસાનાં પાનડાંઓના રસમાં શંખનું ચૂર્ણ વાટીને તેનો લેપ કરવામાં આવે તો તેથી શરીરનું દુર્ગંધિપણું મટી જાય છે. **અથવા** બીલાના પાંદડાના રસમાં શંખનું ચૂર્ણ વાટીને તેનો લેપ કરવો તેથી શરીરનું દુર્ગંધપણું મટી જાય છે. **અથવા** બીલીનાં પાંદાનો રસ કહાડી કિંવા પાણી સાથે ઝીણાં લસોટી શરીરે મર્દન કરે તો શરીરની દુર્ગંધતા દૂર થાય છે. **અથવા** નાગકેસર, સરસડીઓ, લોદર અને પીળો વાળો એઓનું ચૂર્ણ શરીર ઉપર ઘસવામાં આવે તો તેથી ચામડીના દોષ અને પરસેવો મટી જાય છે. **અથવા** લીંબડાના પાંનડાંનો રસનો લેપ કરવાથી શરીરની તથા બગલની દુર્ગંધ દૂર થાય છે. **અથવા** હળદરને શેકીને તેનો શરીરે માલેસ કરે તો શરીર અને બગલની દુર્ગંધ દૂર થાય છે. **ભાવપ્રકાશ.** તથા **વૈદ્યરહસ્ય. અથવા**—નાગરવેલનાં પાન, હરડેનીછાલ, અને ઉપલેટ એઓને પાણી સંગાથે વાટી શરીરે મર્દન કરે તો, શરીરની દુર્ગંધતા મટે છે—એમ વૃંદનો કર્ત્તા કહે છે. **અથવા**[1] હરડેદળ, લોદર, લીંબડાનાં પાદડાં, આંબાની છાલ, અને દાડિમની છાલ એ એોનું ચૂર્ણ કરી સ્ત્રીના શરીરે માલેસ કરવાથી સ્ત્રીઓના અંગમાં પુરૂષોની અત્યંત પ્રીતિ થાય છે અને રાજાઓને સુખ પ્રાપ્ત થાય છે સારાંશમાં શરીરની કાંતિને સુંદર કરે છે. **કાશિનાથ પદ્ધતિ. અથવા** જો બોરીઆકલ્લારને ગોમૂત્રમાં ઘુંટી શરીરે ચોળે તો કોઢને મટાડે છે **ચક્રદત્ત. અથવા** કલથીનો લોટ, ઉપલેટ જટામાસી, ચંદન, શેકેલા ચણાનો લોટ. એ પાંચ ઓષધિ સમાન ભાગે લઇ તેઓનું ચૂર્ણ કરી ઉના પાણી અને તેલ સાથે કાલવી નિરંતર શરીરે પીઠીની પેઠે ચોળે અને પછીથી સ્નાન કરે તો શરીરમાંથી નીકળતી દુર્ગંધી દૂર થાય છે. **શાર્ઙ્ગધર.**

મેદ વૃદ્ધિ તથા તે સંબંધ પરસેવા તથા શરીરની દુર્ગંધતાનો અધિકાર સંપૂર્ણ.

કાર્શ્ય (શરીરના અત્યંત પાતળાપણાનો) અધિકાર.

કાર્શ્યરોગની ઉત્પત્તિ.

વાસુકર્ત્તા તથા લુખાં અન્ન પાનોના સેવનથી, લાંઘણોથી, થોડું ખાવાથી, ઉલટી, રેચ વગેરેની ઉપરા ઉપર ક્રિયા કરવાથી, શોક, ચિંતા, ભય વગેરેના કરવાથી, અતિ મૈથુનથી, મૂત્ર—નિદ્રાદીના વેગને રોકવાથી, લાંબા વખતના રોગથી, અતિ કસરતથી અને ઉજાગરા કરવાથી માણસનું શરીર તુરત દુર્બળ અને ક્ષીણ થઇ જાય છે તેને કાર્શ્ય રોગ કહે છે.

બહુ ક્ષીણપણાનાં લક્ષણ.

જે મનુષ્યના કુલા, પેટ તથા ડોક સુકાયલાં હોય, શરીરમાંની નસોનું જાળું ખુલ્લું

[1] આ પ્રયોગ ગોમૂત્રમાં વાટીને લેપ કરે તો કોઢ મટે છે, ગાયના દુધમાં વાટી લેપ કરે તો વર્ણ ઉજળો થાય છે. પાણીમાં વાટી લેપ કરવામાં આવે તો શરીરની દુરગંધી મટે છે અને હળદર તથા દારૂહળદરની સાથે વાટી લેપ કરે તો અન્ય લોકનું વશીકરણ થાય છે, એમ **ભાવમિશ્ર**નું કહેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેખાઈ આવતું હોય, ચામડી તથા હાડકાંજ બાકી રહેલા હોય તથા સાંધાઓ અને મોટાંનું જાડાં હોય ને અતિ દુર્બળ કહેવાય છે.

અતિ ક્ષીણપણાથી થતા રોગો.

અતિ ક્ષીણ થએલા પુરૂષને બરલ, ઉધરસ, શ્વાસ, સોજો, ઝરા, પેટના રોગ અને સંગ્રહણી તથા ચાંદ્રસ વગેરે રોગો એકદમ થઈ આવે છે.

કેટલાક દેખીતા દુર્બળ પણ બળવાન હોય છે તેનું કારણશું?

ગર્ભાધાનના સમયમાં જેનામાં પિતાના વીર્યનો ભાગ વધારે આવ્યો હોય અને મેદનો ભાગ ઓછો હોય તો તેથી ઉત્પન્ન થએલું સંતાન દેખીતું દુર્બળ; છતાં પણ તે બહુ બળવંત હોય છે.

કેટલાક દેખીતા જાડા છતાં પણ કમ તાકાત-વાળા હોય છે તેનું શું કારણ ?

જો ગર્ભાધાન સમયમાં પિતાના વીર્યનો ઓછો ભાગ હોય અને મેદનો વિશેષ ભાગ હોય તો તેથી ઉત્પન્ન થએલ સંતાન સ્વાભાવે કરીને શરીરે તો પુષ્ટ પણ બળ વગરનું હોય છે.

ક્ષીણપણાના ઉપાય.

જેટલી ઔષધીઓ બળને, શુક્ર-વીર્યને અને બંધેજને વધારનારી છે; અર્થાત્ ઘી, દુધ, માંસ વગેરે અને આસઅંધાદિ શરીરના ધાતુઓને મૃતસંજીવન રૂપ ઔષધીઓ છે તેઓનું સેવન કરવાથી ક્ષીણપણાનો રોગ નાશ થાય છે. (ક્ષીણપણું મટવા સંબંધીના ઔષધ પ્રયોગો આગ્રંથના ૨૨ અને ૨૩મા તરંગમાં કહેવામાં આવશે.)

અસાધ્ય ક્ષીણતાનાં લક્ષણ.

જે મનુષ્ય સ્વાભાવિક રીતે અત્યંત દુર્બળ હોય, જઠરાગ્નિ મંદ હોય તથા બળ વગરનું હોય તો તેના માટે કશો પણ ઉપાય છેજ નહીં.

કાર્શ્ય રોગનોઅધિકાર સંપૂર્ણ.

ઉદર રોગનોઅધિકાર.

ઉદર-પેટના રોગોનું નિદાન.

જે મનુષ્યની જઠરાગ્નિ મંદ હોય તેનેજ સઘળા પ્રકારના રોગો થાય છે, તેમાં પણ પેટમાંના રોગો તો વિશેષે કરીનેજ થાય છે. અજીર્ણથી, અત્યંત દોષ ઉત્પન્ન કરનારાં અન્નોથી અને દોષોની તથા વિષ્ઠાની અત્યંત વૃદ્ધિ થવાથી પણ પેટમાં રોગો થાય છે.

પેટમાં થનારા રોગોની સંપ્રાપ્તિ.

દોષોનું એકઠાપણું થવાથી પરસેવા તથા પાણીને વહેવાવાળી નસોના માર્ગો રોકાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જઠરાગ્નિને, પ્રાણવાયુને અને અપાનવાયુને દૂષિત કરી આઠ પ્રકારના પેટમાં રોગો પેદા કરે છે.

પેટમાંના રોગોનું સામાન્ય સ્વરૂપ.

પેટનું ચઢવું, હીંડવામાં અશક્તિ, દુર્બળ પણું, અગ્નિની મંદતા, શરીરમાં સોજો, હાડોમાં કળતર–ગ્લાનિ, વાયુ તથા વિષ્ટાનું રોકાણ, અને બળતરા તથા ઘેન એટલાં લક્ષણો સર્વ પ્રકારના પેટમાં થનારા રોગોમાં થાય છે.

ઉદર રોગનાં પાસેનાં નિદાન તથા સંખ્યા.

વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી, બરલવધવાથી, ગુદાનો રોગ થવાથી, આંતરડું ઘવાયાથી અને પેટમાં પાણીનો ભરાવો થવાથી એમ આઠ પ્રકારના ઉદર રોગો થાય છે; એટલે વાતોદર, પિત્તોદર, કફોદર, સન્નિપાતોદર, પ્લીહોદર, બદ્ધગુદોદર, ક્ષતોદર, અને ૠકોદર–જલોદર એ આઠ નામોવાળા ઉદર રોગો થાય છે. એઓનાં જુદાં જુદાં લક્ષણો નીચે પ્રમાણે.

વાતોદરનાં લક્ષણ.

જેના હાથે, પગે, નાભિએ અને પેટે સોજો હોય, પેટના જમણા તથા ડાબા ભાગમાં, પડખામાં, પેટમાં, કેડમાં તથા બરડામાં વેદના થાય, સાંધાઓ તુટે, સૂકી ઉધરસ આવતી હોય, શરીરમાં કળતર તથા ભારેપણું, ઝાડો ઉતરે નહીં, ચામડી, નખ અને આંખ્યો કાળાં પડી જાય, પેટમાં પીડા થાય, પેટ ચઢે અને પેટ બોલ્યા કરે તથા એચિંતો દરદમાં વધારો ઘટાડો થાય તો જાણવું કે વાયુનો ઉદર રોગ છે.

પિત્તોદરનાં લક્ષણ.

જેના શરીરમાં તાવ, મૂર્ચ્છા, બળતર, તરશ, મોહોડામાં તીખાપણું, ફેર આવે, અતીસાર અને ચામડી વગેરેમાં પીળાશ પડે અથવા પેટની ચામડી, લીલી તથા રાતા પીળા રંગ વાળી નસોથી બંધાયલ હોય, પેટ પરસેવાવાળું, અંદર ઉનાસવાળું, બાહાર બળતરા વાળું, જાણે તેમાંથી ધુમાડો નીકળતો હોય તેવું, કુણા કુણા સ્પર્શવાળું, તુરત પાકી જનારૂં અને વ્યાધિવાળું હોય તો જાણવું કે પિત્તનો ઉદર રોગ છે.

કફોદરનાં લક્ષણ.

જેના શરીરમાં પીડા હોય, ગ્લાનિ, સોજો, અંગોનું ભારેપણું, નિદ્રાનો વધારો, મોળ, અરૂચિ, ઉધરસ, અંગોમાં અડવાથી ખબર ન પડે, ચામડી વગેરેમાં ધોળાશ દેખાય તથા પેટ સજડ, સ્નિગ્ધ, ધોળી રગોથી વ્યાપ્ત, મોટું, લાંબા વખતે વધનારૂં, કઠણ, ટાઢા સ્પર્શવાળું ભારે અને ગડગડાટ વગરનું હોય તો જાણવું કે કફનો ઉદર રોગ છે.

સન્નિપાતોદરનાં લક્ષણ.

દુષ્ટ આચારનું આચરણ કરવાવાળી દુષ્ટા સ્ત્રીઓ પોતાના તાબામાં રાખવા પોતાના પતિને નખ, રૂવાડાં, મળ, મૂત્ર, અને અટકાવ–રજસ્વળાપણાનું લોહી એઓથી યુક્ત–મેળવેલું અન્ન ખવરાવે છે તે પુરૂષને, તથા બીજાંપણ પોતાના નોકર ચાકર કે પાસે રહેનારાં અવિચારી માણસો જેને એવું અન્ન ખવરાવે તેને, તથા જેને શત્રુઓ કોઇપણ વસ્તુમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઝેર મેળવીને ખવરાવે તેને, ઝેરી માછલાં, ઝેરી ઘાસ, ઝેરી પાંદડાં વગેરેવાળું પાણી જેના પેટમાં જાય તેને અગે ૧દૂષિ ઝેર જેના ખાવામાં આવ્યું હોય તેને કોપ પામેલું લોહી તથા કોપ પામેલા દોષો તુરત ત્રણે દોષોના ચિન્હવાળા ભયંકર ઉદર રોગને ઉત્પન્ન કરેછે. આ ઉદર રોગ વર્ષાદના કે વાદળાના ઘેરાયલા દિવસોમાં વિશેષે કરીને વૃદ્ધિ પામે છે–પ્રકુપિત થાય છે, તથા બળતરા અને મૂર્ચ્છા સહિત હોય છે તો જાણવું કે સન્નિપાતોદર-દૂષ્યોદર વ્યાધિ છે.

પ્લીહોદરનાં લક્ષણ.

ગરમ વસ્તુના ખાવા–પીવાથી દૂષિત થએલું લોહી તથા કફ બરલને વધારી દે છે અને બરલ વધવાથી પેટમાં વ્યાધિ થાય છે; જોકે પ્રત્યેક મનુષ્યના પેટના ડાબા પડખે બરલ હોય છે: પરંતુ નબળાઇ વગેરેનાં કારણોથી વધી જાય છે ત્યારે તે રોગમાં ગણાય છે, તેમાં જો ડાબા પડખાની બરલ વધી હોય તો ડાબી તરફ પેટ વધે છે તે પ્લીહોદર કહે છે અને જો પેટના જમણા પડખે યકૃત છે તે વધે અર્થાત્ જમણા તરફ પેટ વધે છે તેને યકૃદ્દાલ્યુદર રોગ માને છે. પ્લીહોદરમાં મંદાગ્નિ, જીર્ણજ્વર હોય છે અને બળનો નાશ થઇ જાય છે.

બદ્ધગુદોદરનાં લક્ષણ.

વગર શોધેલાં (વીણ્યા–ઝાટક્યા વગરનાં) અન્નો ખાવાથી શાક તથા કમળકંદ–આદિ ચોંટી રહેનાર પદાર્થો તથા રેતી–કાંકરીઓ ખાવામાં આવવાથી આંતરડું અત્યંત ઢંકાઇ જાય અર્થાત્ આંતરડાના છિદ્રોમાં મળ એકઠો વા જમાવટ થવાથી ગુદામાં વિષ્ટા રોકાઇ જાય છે અને માંડમાંડ ઝાડો થાય છે તથા હૃદય અને ડુંટીના મધ્યમાં પેટનો વધારો થાય છે તેને બદ્ધગુદોદર કહે છે.

ક્ષતોદરનાં લક્ષણ.

અન્નની સાથે કે અન્ય કોઇ પદાર્થો સાથે ખાવામાં આવેલ કાંટા કે કાંકરા વગેરેથી આંતરડું ભેદાઇ જાય તેથી તેમાંથી પાણીજેવો શ્રાવ પાછો ગુદામાંથી શ્રવે અને ડુંટીની નીચેના ભાગમાં પેટ વધે, સોયો ભોંકાયા જેવી વ્યથા થાય અને જાણે પેટ ચીરાઇ જતું હોય એવું લાગે તો જાણવું કે ક્ષતોદર–પેટમાં ચાંદી પડવાથી થએલો પેટનો વ્યાધિ છે. આને પરિશ્રાવ્યુદર રોગ પણ કહે છે. બગાસું ખાવાથી કે વિશેષ ભોજનથી પણ આરોગ થાય છે.

ઉદકોદર–જળોદરનાં લક્ષણ.

સ્નેહપાન કરીને, અનુવાસનબસ્તિ લઇને, વમન તથા વિરેચન લઇને અને નિરૂહબસ્તિ લઇને જે મનુષ્ય તુરત ટાઢું પાણી પીએ છે તો તેના શરીરમાં જળને વહેવાવાળી નસો દૂષિત થાય છે, તેથી જળ રાંધેલા અન્નમાંના ઝાઝા ઘીની પેઠે બાહાર નીકળીને પેટમાં

૧ વિષને હણનારી ઔષધીઓથી હણાવાને લીધે, જૂનું હોવાને લીધે, દવથી, પવનથી કે તડકાથી સુકાઇ જવાનાલીધે અથવા સ્વાભાવિક રીતે જે ઝેર પોતાના ગુણોથી રહિત થયું હોય તેને દૂષીવિષ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે અને પેટમાં આવીને ગુદાદ્વારા બાહાર નીકળે છે તેને દકોદર-જળોદર રોગ કહે છે. જેથી પેટ ઉથલેલી ડુંટી વાળું થાય છે, જાણે ચારેકોર પાણીથી ભરેલું હોય તેવું પાણીના આમ તેમ પ્રસરણવાળું પેટ લાગે, તથા પાણીની ભરેલી મસકની પેઠે પાણીથી ભરેલું દેખાય અને પાણીના હાલવા ચાલવાથી સુતાં બેસતાં કે ચાલતાં તેને જરા કળ વળતી નથી તથા શરીર ધ્રૂજ્યા કરે તેને જળોદર રોગ કહે છે.

પેટના રોગોનું સાધ્યાસાધ્યપણું.

ઘણુંકરીને આઠ પ્રકારના પેટમાંના રોગોને ઉત્પન્ન થતાં કષ્ટસાધ્ય માનેલ છે. જો રોગી બળવાન હોય તથા તે રોગમાં પાણી ઉત્પન્ન નથયું હોય અને તુરતના પેદા થએલ રોગ હોય તો ઉપાયો કરવાથી આરામ થાય છે. બદ્ધગુદોદર ૧૫ દિવસ ઉપરાંત રહે તો મનુષ્યને મારી નાખે છે, જળોદર અસાધ્ય છે. જે ઉદર રોગીના પડખામાં સોજો ફૂટે, આંખ્યો ઉપર સોજો હોય, ઇંદ્રિ વાંકી થઇ ગઇ હોય, શરીરની ચામડી પાતળી તથા ભીની થઇ જણાતી હોય, બળ, લોહી, માંસ નાશ પામ્યાં હોય અને અગ્નિ મંદ થઇ હોય તો તે ઉદરરોગી મરણને શરણ થાય છે, તથા જે ઉદરરોગીનાં પડખાં ભાંગીગયાં હોય-શળ ચાલતી હોય, અન્ન ઉપર દ્વેષ થયો હોય, શરીરમાં સોજો તથા અતીસારની પીડા હોય, અને રેચ લેવા છતાં પણ પેટ ખાલી ન દેખાતાં ભરેલું દેખાય તેવા ઉદર રોગીની ડાહ્યા વૈદ્યે દવા ન કરવી; કેમકે તેને યશ મળતો નથી.

વાતોદરના ઉપાય.

એરંડીયું તેલ, દશમૂળનું ચૂર્ણ અને ગોમૂત્ર એઓને એકઠા કરી પીવાથી વાયુ સંબંધી પેટમાંના રોગ મટે છે, અને સોજો તથા શળ પણ મટે છે. **અથવા** ત્રિફળાના ક્વાથમાં ગોમૂત્ર નાખી પીવાથી વાયુ સંબંધી પેટમાંના રોગ, શોજો અને શળ નાશ પામે છે. **અથવા** ઉપલેટ, નેપાળાનું મૂળ અથવા શોધેલો નેપાળો, જવખાર, બમણી સુંઠ, મરી, પીપર, સિંધાલુણ, સાંભરલુણ, સંચળ, વજ, છડ, અજમો, હિંગ, સાજી, ચવક અને ચિત્રક એએો સમાન ભાગે લઇ તેઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી ઉના પાણી સાથે સેવન કરવાથી વાયુ સંબંધી પેટના રોગો મટી જાય છે-આ **કુષ્ટાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** એક કળીનું લસણ તોલા ૪૦૦ લઇ ફોલી વાટી ૧૦૨૪ તોલા ભાર પાણીમાં તેનો ક્વાથ કરી પછી તેમાં સુંઠ, મરી, પીપર, હરડે, બેહેડાં, આંબળાં, નેપાળો, હિંગ, સિંધાલુણ, ચિત્રક, દેવદાર, વજ, ઉપલેટ, જેઠીમધ, સરગવો, સાટોડી, સંચળ, વાવડીંગ, અજમો અને ગજપીપર એ પ્રત્યેક પદાર્થો ૪-૪ તોલા ભાર અને નસોતર ૨૪ તોલાભાર લઇ વાટી સર્વનો કલ્ક કરી પેલા ક્વાથમાં નાખીને તે ક્વાથમાં કોમળ અગ્નિવતે તેલ પકાવવું. પ્રાતઃકાલે ઉઠી પોતાના અગ્નિ તથા બળને અનુસરી યોગ્ય માત્રાથી એ તેલનું સેવન કરે તો તેથી સઘળા રોગો મટી જાય છે અને પેટના રોગો તો વિશેષે કરીનેજ મટી જાય છે. તથા મૂત્રકૃચ્છ્ર, ઉદાવર્ત-અંત્રવૃદ્ધિ, ગુદાના કૃમિઓ, પડખાનું શળ, પેટનું શળ, આમ શળ, અરૂચિ, યકૃત, અષ્ટિલિકા, આફરો, બરલ, અને અંગમાં થતી વેદના એ સર્વ આ **લશુનતૈલ**નામા તેલના સેવનથી મટી જાય છે. **અથવા**-દશમૂળના ક્વાથમાં ગોમૂત્ર નાખી સેવન કરવાથી વાતોદરની વ્યાધિ, શળ અને સોજો નાશ પામે છે. **અથવા** ગરમ દુધમાં એરંડીયું તથા ગોમૂત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાખી પીવાથી વાતોદર મટે છે.

પિત્તોદરના ઉપાય.

પિત્તજન્ય પેટના રોગ ઉપર યોગ્ય જુલાબ આપવો. **અથવા** સાકર તથા મરીનું ચૂર્ણ નાખેલી મીઠી છાશ પીવી, જેથી પિત્ત સંબંધી પેટના રોગો મટી જાય છે. **અથવા** પંચ મૂળીનો ક્વાથ પીવો. **અથવા** મધુર દ્રવ્યોથી સિદ્ધ કરેલું ઘી પીવું જેથી પિત્તોદર મટી જાય છે.

કફોદરના ઉપાય.

નસોતરના કલ્કથી સિદ્ધ કરેલું ઉંટડીનું દુધ અથવા એરંડીઆના કલ્કથી સિદ્ધ કરેલું ઉંટડીનું દુધ પાએ અથવા તેમાં પીપર, પીપરામૂળ, અને ચિત્રકનું ચૂર્ણ નાખી એક માસ સુધી તે દુધ સેવન કરે તો કફ સંબંધી પેટના વ્યાધિ મટે છે.

સન્નિપાતોદરના ઉપાય.

સુંઠ અને ત્રિફળાને દહીના પાણી સાથે વાટી તેમાં તેલ અથવા ઘી નાખી અગ્નિ દ્વારા પકાવી તે તેલ કે ઘીને સિદ્ધ કરી તેનું સેવન કરે તો સન્નિપાતનો ઉદરરોગ મટે છે.

ઉદરરોગ ઉપર છાશનું સેવન.

ગાયની ઘાટી છાશ લઇ તેમાં સિંધાલૂણ અને પીપરનું ચૂર્ણ નાખીને પીએ તો વાતોદર મટે છે. સાકર અને મરીનું ચૂર્ણ મીઠી છાશ સાથે પીવાથી પિત્તોદર મટે છે. અજમો, છીણીનાં મૂળ, જીરૂં, સુંઠ, મરી અને પીપર એઓનું ચૂર્ણ નાખી ઘાટી છાશ પીવાથી કફોદર મટે છે. જવખાર, ત્રિકટુ, તથા સિંધવના ચૂર્ણ યુક્ત જાડી છાશ પીવાથી ત્રિદોષોદર મટે છે. તથા ચિત્રક, સિંધવ, તથા જીરૂં, અજમો અને છીણીના મૂળના ચૂર્ણયુક્ત છાશ પીવાથી બદ્ધ ગુદોદર મટે છે. મધ તથા પીપરના ચૂર્ણયુક્ત છાશ પીવાથી ક્ષતોદર મટે છે અને જવખાર, સિંધવ, તથા ત્રિકટુના ચૂર્ણ સહિત ગાયની છાશ પીવાથી જળોદર મટે છે એમ **ભાવમિશ્ર** તથા વૈદ્યવિનોદના કર્તા **શંકરભટનું** કહેવું છે.

અથવા અજમો, છીણીનાં મૂળ, ધાણા, ત્રિફળાં, કાળીજીરી, કલોંજીજીરૂં, પીપરીમૂળ, ઓડી અજમો, કચૂરો, વજ, શતાવરી, જીરૂં, ત્રિકટુ, દારૂડી, ચિત્રામૂળ, જવખાર, સાજીખાર, એરંડાના મૂળ, ઉપલેટ, પાંચ જાતનાં મીઠાં, અને વાવડીંગ, એઓ સમાન ભાગ, નેપાળાનાં મૂળ વા શુદ્ધ નેપાળો (એક વસ્તુથી) ત્રણ ભાગ, નસોતર અને ઇંદ્રવરણાં બબે ભાગ તથા સાતલો થોર ચાર ભાગ લઇ એ સર્વનું યથાયોગ્ય ચૂર્ણ તૈયાર કરે એટલે તે **નારાયણ ચૂર્ણ** કહેવાય છે. આ ચૂર્ણ રોગોના સમૂહનો નાશ કરનાર છે, જેમ શ્રી વિષ્ણુ પરમાત્માના પ્રભાવથી દુષ્ટ દૈત્યો ભાગી જાય છે તેમ આ ચૂર્ણના પ્રભાવથી રોગો નાશી જાય છે. પેટના રોગવાળાએ આ ચૂર્ણ ઘાટી છાશ સાથે પીવું, ગોળાના રોગીએ બોરના ક્વાથસાથે પીવું, આફરાના રોગીએ દારૂની સાથે પીવું, વાયુના રોગીએ મદિરાની આછની સાથે પીવું, ઝાડાના રોગીએ દહીના મંડની સાથે પીવું, હરષ રોગીએ દાડિમના રસ સાથે પીવું, ગુદામાં વાઢ થવાના રોગવાળાએ કોકમના જળની સાથે પીવું અને અજીર્ણમાં ઉના પાણી સંગાથે પીવું, ભગંદર, પાંડુરોગ, ઉધરસ, શ્વાસ, ગળગ્રહ, હૃદ્રોગ, ગ્રહણી, કુષ્ઠ, મંદાગ્નિ, તાવ, દાઢનું ઝેર, ઝાડનું ઝેર અને અકૃત્રિમ ઝેર એઓની ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ પ્રથમ કોઠાને સ્નિગ્ધ કરીને પછી યોગ્ય પદાર્થની સાથે આ રેચ લગાડનારૂં નારાયણ ચૂર્ણ પીવું, **અથવા** થોરનું દુધ, નેપાળાનું મૂળ, ત્રિફળાં, વાવડીંગ, ભોંરીંગણી, નસોતર, અને ચિત્રામૂળ, એ પ્રત્યેક **પદાર્થોને** એક એક તોલા ભાર લઇ તેઓના કલ્કથી સોળ તોલા ભાર ઘી પકાવવું એટલે **નારાચઘૃત** સિદ્ધ થશે. રેચ લાગવા માટે પાણીની સાથે તોલા અથવા અરધા તોલા ભાર આ ઘૃત પીને તે ઉપર ઉનું પાણી પીવું. વિધિ જાણનારા પુરૂષોએ આ ઘીથી રેચ લાગ્યા પછી રેચને વાળવાના માટે યોગ્ય પેયા (પૃષ્ટ ૧૯૯ મામાં જુવો.) અથવા યોગ્ય રસ પીવો. જેમ બાણ નિશાનને તોડી નાંખે છે તેમ યુક્તિ સહિત ઉપયોગમાં લેવામાં આવેલ આ નારાચઘૃત પેટના રોગોને તોડી નાખે છે. **અથવા** સાટોડી, દારૂહળદર, કડુ, પરવળ, હરડે, લિંબડો, મોથ, સુંઠ અને ગળો એઓનો ક્વાથ કરી તેમાં ગોમૂત્ર તથા શુદ્ધ ગુગળ નાખી પ્રભાતે પીવાથી સઘળા અંગના સોજા, પેટના રોગ, પાંડુ, શૂળ અને શ્વાસ ઇત્યાદિ રોગોનો જથ્થો નિશ્ચે નાશ કરે છે. આ **પુનર્નવાદિ ક્વાથ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** અજમો તોલા ૫૬ અને શેકેલો ટંકણ તોલા ૮ લઇ એ બન્નેનું ચૂર્ણ કરી ૧ તોલા ભાર પાણી સાથે સેવન કરે તો પેટના રોગો નાશ પામે છે. **અથવા** પીપર તોલા ૨૦ લઇ તેને થોરના દુધમાં ભીંજવી છાયામાં સુકાવી લેવી, એમ સાત વખત પુટ દીધા પછી તેનું ચૂર્ણ કરી ૨૪ ચણોઠીભાર ઉના પાણી સાથે એકાંતરે સેવન કરે અને તે ઉપર છાશ ભાત ખાય તો નિશ્ચે જલંદર વગેરે સમસ્ત પેટના રોગો નાશ પામે છે. આ **ઉદરામય ચૂર્ણ** કહેવાય છે. **અથવા** એક હજાર પીપરને થોરના દુધમાં ભીંજવી તથા હરડેને ગોમૂત્રના પુટ દઇ સેવન કરે તો પેટના રોગ મટે છે. **અથવા** શુદ્ધ નેપાળા અથવા નેપાળાનાં મૂળ, પીપર, અને સુંઠ એટલાં સમાન ભાગે લેવાં અને દારૂડી એક ઔષધથી બમણી લેવી તથા બિડલુણ અરધ ભાગે લઇ સર્વેનું ચૂર્ણ કરી ટાઢા પાણી સાથે અનુમાન પ્રમાણ સેવન કરે તો બરલ, ગોળો, મંદાગ્નિ અને પાંડુરોગ એઓનો નાશ કરે છે. **અથવા** સિંધાલુણ, અને સંચળ એ બન્નેને આકડાના પાંદડાઓ ઉપર લગાડી પછી દેવતામાં એવી રીતે બાળવાં કે એનો ધુમાડો બાહાર નીકળી ન શકે તેમ બાળી તે ભસ્મને દહીના પાણી સાથે અથવા હળદરના કલ્કમાં કુમાર પાઠાનો રસ નાખી પીવાથી ઉદર રોગ જાય. વિશેષે કરીને આ પ્રયોગના કરવાથી સાત રાત્રિમાં બરલ નાશ પામે છે. **વૈદ્યરહસ્ય.**

જળોદરના ઉપાય.

શુદ્ધપારો, શુદ્ધગંધક, પીપર, શુદ્ધ મોરથુથું અને હરડેદળ એ સર્વ બરાબર લઇ સૂક્ષ્મ વાટી તેને ગરમાળાના ક્વાથમાં ૫ દિવસ અને થોરના દુધમાં ૫ દિવસ ઘુંટી તેમાંથી ૧ માસા ભાર સેવન કરે તો જળોદરનો નાશ કરે છે તે ઉપર દહી ચોખા અને આમલીનું સરબત સેવવાથી ઉત્તમ પ્રકારે ગુણ આપે છે—આ **ઉદરારીરસ** કહેવાય છે. **યોગતરંગિણી. અથવા** સુંઠ, મરી, પીપર, પાંચ જાતનાં લુણ, શેકેલો ટંકણ અને સાજી એ સર્વ સમાન ભાગે લઇ એ સર્વની બરોબર શુદ્ધ નેપાળા લેવા, પછી સર્વને એકત્ર કરી ખાંડી નેપાળાના મૂળના રસમાં ૩ વાર ઘુંટી તથા બીજોરાના રસમાં ૨ વાર ઘુંટી (૫ પુટ દઇ) છાયામાં સુકવી તેની અરધી રતિભાર માત્રા નિરંતર સેવન કરે તો સર્વ જાતના પેટના વ્યાધિ-બરોલ, ગોળો, આફરો, શૂળ, તથા અરસ વગેરેનો નાશ કરે છે અને તેનું નેત્રોમાં અંજન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યુ હોય તો, સાપનું ઝેર નાશ પામે છે. આ **ઉદયભાસ્કરરસ** કહેવાય છે. **રસરત્ન પ્રદીપ. અથવા** આકડાનું દુધ તોલા ૮, થોરનું દુધ તોલા ૮, નસોતર તોલા ૨૪, હરડે, કપિલો, નેપાળાનાં મૂળ, ગરણી, ચિત્રામૂળ, કાંગ (નસોતર, લજામણી કે ખુપકળા ?) શંખીની (શંખાવળી ?) અને નીલિની (ગળી કે કમળીના ?) એટલા પદાર્થો ચાર ચાર તોલા ભાર લેવા. પછી એ સર્વને ૬૪ તોલા ગાયના ઘીમાં ચાર ગણા પાણી સાથે ધીમા ધીમા તાપથી પકાવી સર્વ રસ બળી એકલું ઘી રહે ત્યારે ગાળી લઇ સુંદર દદવાસણ–શીશીમાં ભરી રાખવું. એમાંથી ૧ ટીપું સેવન કરે તો દુષ્ટ પેટના રોગો અથવા બંધકોષ, સોજા સહિત પેટના રોગો, ભગંદર, ગોળો એટલા રોગો ૧ બિંદુ માત્ર પ્રમાણના સેવનથી મટે છે. અર્થાત્ જેટલાં બિંદુ પીધાં હોય તેટલાજ રેચ લાગે છે આ **બિંદુઘૃત** કહેવાય છે. **વૈદ્યવિનોદ.**

પથ્યાપથ્ય.

રાતા ચોખા, સાઠી ચોખા, ઘઉં, જવ, અને નાનવી એઓનું ભોજન, નિરૂહ બસ્તિ તથા રેચ એટલાં પેટના રોગવાળાને પથ્ય–હિતકારી છે.

જળપ્રાય દેશનાં પ્રાણીઓનાં માંસ, જળજંતુઓનાં માંસ, શાક, લોટથી બનતા પદાર્થો, તલ, કસરત, પંથ, દિવસનું સુવું અને સ્નેહપાન એઓનો ત્યાગ કરવો; કેમકે એ એરોગ માટે કુપથ્ય છે. તેમજ ઉગ્ર, ખારા, ઉના, બળતરા કરનાર અને ભારે પદાર્થો ખાવાનો તથા વિશેષ પાણી પીવાનો પણ ત્યાગ કરવો.[1]

ઉદર રોગનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધીરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપ સિંહજી વિરચિત અમૃત સાગર નામા ગ્રંથ વિષે મેદરોગ, કાર્શ્યરોગ, અને ઉદરરોગના નિદાન ઉત્પત્તિ લક્ષણ તથા યત્નનિરૂપણ નામનો તેરમો તરંગ સંપૂર્ણ.

તરંગ ચૌદમો.

સોથ અંત્રવૃદ્ધિ બદ રોગ, ગંડમાળ ગળગંડ કુરોગ;
અપચિ ગ્રંથિ અર્બુદ અધિકાર, આ તરંગમાં છે નિરધાર.

———(*)———

સોથ–સોજા રોગનો અધિકાર.

સોજાનું નિદાન.

વમન વિરેચન–આદિ શોધનથી, પાંડુરોગ–આદિ રોગોથી કે ઉપવાસોથી દુર્બળ થએલા મનુષ્યને સોજો થાય છે. તથા ખારા, ખાટા, તીક્ષ્ણ, ઉના, કે ભારે પદાર્થોના સેવનથી સોજો થાય છે. અથવા દહીં ખાવાથી, ખાધેલા અન્નના અપકવ–વગર પાકેલા રસથી, માટીના ખાવાથી,

[1] જે ઉદર રોગી, મૂર્છા, ઉલટી, અતીસાર, દુર્બળતા, હેડકી, મળબંધ, તાવ, શ્વાસ, અને સોજો એટલા ઉપદ્રવોએ કરી સહિત હોય ઝાડો થયા છતાં પણ પેટ ચઢે અને આંબળ બાહાર નીકળી આવે તો તે રોગીની ચિકિત્સા ન કરવી. **વૈદ્યરહસ્ય.**

For Private And Personal Use Only

શાક અને માંહોમાંહે વિરોધ કરનારા પદાર્થોના ખાવાથી, સંયોગથી મળેલા વિષ સહિત અન્નના સેવનથી, અર્શ-મસાથી, કશોપણ શ્રમ ન કરવાથી, શોધનના લાયક થએલ શરીરનું ઉલટી રેચવડે શોધન ન કરવાથી, કોઇ મર્મસ્થાનના ઉપર કોઇપણ પ્રકારનો પ્રહાર વાગવાથી, કાચો ગર્ભ પડીજવાથી, વિષમ પ્રસવથી, અને વમનાદિ પાંચકર્મો અયોગ્ય રીતે થવાથી વાયુઆદિ દોષો સંબંધી સોજો ઉત્પન્ન થાય છે તે સોજાના નવ પ્રકાર છે-વાયુનો, પિત્તનો, કફનો, વાયુપિત્તનો, વાયુકફનો, કફપિત્તનો, સન્નિપાતનો, પ્રહાર વાગવાનો અને ઝેરનો એમ નવભેદનો સોજો થાય છે.

સોજાનું પૂર્વ સ્વરૂપ.

જેને સંતાપ થાય, રગોતણાયા જેવી (અવયવોને લાંબા ટુંકા કરતાં) પીડા થાય છે અને શરીરમાં જડત્વ-અકડા-ભારે-શૂન્યતા પણું થાય ત્યારે જાણવું કે તે મનુષ્યને સોજાનો રોગ ઉત્પન્ન થશે.

સોજાની સંપ્રાપ્તિ તથા સામાન્ય લક્ષણ.

દુષ્ટ થએલો વાયુ, દુષ્ટ થએલા લોહીને દુષ્ટ થએલ પિત્તને તથા દુષ્ટ થએલ કફને બાહાર નસોમાં લઇ જઇ અને પોતે તેઓથી રોકાઇને ચામડીમાં તથા માંસમાં લોહીના, પિત્તના અને કફના એકઠાપણાથી જાડાપણાવાળી જે ઉંચાઇને ઉત્પન્ન કરે છે તેને સોજો કહે છે. એ સોજાની સ્થિતિ નિયમ વગરની છે; કેમકે તે સોજો વખતે ઔષધ ઉપાય કર્યા વિનાજ ઉતરી જાય છે. એ નિયમ વગરપણું ભારેપણાવાળું થાય છે અને ભારેપણું પણ નિયમ વગરનું થાય છે તેમ સોજાની ઉંચાઇ પણ વ્યવસ્થા વગરની થાય છે. એ સોજાથી ઉતાસ, શરીરમાં ભારેપણું, નસોનું પાતળાપણું, રૂવાડાં ઉભાં થવાં અને વર્ણ બદલી જાય એ સર્વ સોજાનાં સામાન્ય લક્ષણો છે.

વાયુના સોજાનાં લક્ષણ.

શરીરની ચામડી પાતળી, કઠોર, રાતી તથા કાળી થાય છે, અડવાથી રોગીને માલમ પડે નહીં, ઝણઝણાટીયુક્ત, રૂંવાડાં ઉભા થાય, તથા પીડાથી સહિત હોય છે, કારણ વગર સોજો ઉતરી જાય, દબાવવાથી ઉંચો થાય અને દિવસે વધારે જોરમાં હોય તે સોજો વાયુ પ્રકોપથી થયો સમજવો. (શેક વગેરે કરવાથી ઉતરી જાય છે.)

પિત્તના સોજાનાં લક્ષણ.

શરીરની ચામડી કુણી હોય, ગંધ સહિત હોય, કાળી તથા લાલાશ કે પીળાશ પડતી હોય, ભ્રમ, તાવ, પ્રસ્વેદ, તરશ, તથા મદથી સંયુક્ત સોજો હોય, તપ્યા કરતો હોય, સ્પર્શ સહન કરે તેવો હોય, આંખો લાલ, અને પાકવા વખતે ચામડીમાં બળતરા બહુ થતી હોય તે સોજો પિત્તથી થનારો જાણવો.

કફના સોજાનાં લક્ષણ.

જે સોજાથી શરીર ભારે રહે, સોજો સ્થિર હોય, પાંડુ વર્ણ વાળો હોય, ભોજનમાં અરૂચિ, નિદ્રાનો વધારો, લાળનું ઝરવું તથા ઉલટીથી યુક્ત, અગ્નિને મંદ કરનાર, દબાવા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જી ઉંચો ન થતો હોય, રાત્રિએ વધારે જોરમાં હોય અને જેની ઉત્પત્તિ તથા શાંતિ બહુ દુઃખ દાયક હોય તે કફ સંબંધી સોજો જાણવો.

બબે દોષોથી તથા ત્રિદોષથી ઉત્પન્ન થએલ સોજાનાં ચિન્હ.

જો બે પ્રકારનાં નિદાનો જોવામાં આવે અને ઉપર કહેલાં લક્ષણોમાંથી બે દોષોનાં લક્ષણો હોય તો જાણવું કે બે દોષથી ઉત્પન્ન થએલ સોજો છે અને જે સોજામાં ત્રણે દોષનાં ચિન્હો જોવામાં આવે તે ત્રિદોષનો સોજો જાણવો.

અભિઘાતથી થએલા સોજાનાં લક્ષણ.

ખડ્ગ આદિના છેદનથી, પથરાદિના તાડનથી, તીર આદિના જખમથી કે લાકડી વગેરેના પ્રહારથી આવેલો સોજો અથવા ભીલામાં, કે કૌવચના સ્પર્શથી થએલો સોજો, ટાઢા પવનના લાગવાથી અને દહીંના ખાવાથી થએલો સોજો, ફેલાતો જતો હોય, અત્યંત ઉનાશવાળો—બળતરા યુક્ત અને રાતા વર્ણવાળો તથા જેમાં પિત્તના સોજાનાં સર્વ લક્ષણો મળતાં હોય તે સોજાને અભિઘાતજન્ય જાણવો.

ઝેરથી થએલા સોજાનાં લક્ષણ.

શરીર ઉપર ઝેરી જીવડાંઓના ફરવાથી, તથા મૂતરવાથી, જે પ્રાણીઓ ઝેરી નથી તેઓના પણ દાંતથી નખોથી કે દાંતોથી આઘાત થવાથી, વિષવાળા જાનવરોના મળ—મૂત્ર તથા વીર્યના સ્પર્શથી કે તેના સંયોગથી થએલ વસ્તુના સંબંધથી, ઝેરી વૃક્ષના કે ઝેરી પવનના લાગવાથી, ઝેર મિશ્રિત વસ્તુના ખાવાથી, અથવા ઝેરનો સ્પર્શ થવાથી ઉત્પન્ન થએલ સોજો વિષજ સોથ જાણવો. આ સોજામાં અત્યંત પીડા થાય છે, કુણો, ચલન શક્તિવાળો ફેલાયલો, બળતરા સહિત, અને લટકતો તથા તુરત થાય છે.[1]

સોજાના ઉપદ્રવો.

ઉધરસ, તરસ, ઉલટી, દુર્બળતા, શ્વાસ, અરૂચિ, તાવ, અતિસાર, અત્યંત પાકવું અને અત્યંત નિર્બળતા એટલા સોજાના ઉપદ્રવો છે.

સોજાનું સાધ્યાસાધ્યપણું.

જે સોજાવાળો ઉપર કહેલા ઉપદ્રવોએ કરીને યુક્ત હોય તો તેની ચિકિત્સા કરવી યોગ્ય નથી. વળી જે સોજો છાતી અને હોજરીના વચ્ચેના ભાગમાં જણાતો હોય, અથવા જે સોજો આખા શરીરમાં ફેલાયલો હોય તે ત્રિદોષજન્ય સોજો કષ્ટસાધ્ય છે. જે સોજો એક બાજુના અરધા અંગમાં થયો હોય તે સોજો મરણને શરણ કરનાર છે. તેમજ જે પુરૂષને પ્રથમ પગથી શરૂ થઇ મોઢાડા તરફ સોજો ચઢતો જાય અને જે સ્ત્રીને પ્રથમ મુખથી શરૂ થઇ પગનાતરફ સોજો ચાલે તો તે સોજો નિશ્ચે તે પુરૂષ—સ્ત્રીના પ્રાણ લેછે. આપ-

[1] જો આમાશયમાં દોષો રહેલા હોય તો છાતીથી ઉપરના ભાગમાં સોજાને ઉત્પન્ન કરેછે. જો પિત્તાશયમાં રહેલા હોય તો છાતીની અને હોજરીની વચમાં સોજાને ઉત્પન્ન કરેછે, જો વિષ્ટાના સ્થાનમાં રહેલા હોય તો હોજરીના નીચેના ભાગમાં સોજાને પેદા કરેછે. અને સઘળા સ્થાનકે ફેલાયલા દોષો હોય તો સર્વ શરીરમાં સોજાને ઉત્પન્ન કરે છે. **માધવનિદાન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ણા લોકોમાં પણ સાધારણ કહેવત છે કે-" **મરદની ઘૂંટી અને સ્ત્રીની ડૂંટી** " સોજાથી યુક્ત થાય તો તે બચતાં નથી. વળી જો સોજો મૂત્રાશયમાં થયો (પુરૂષ વા સ્ત્રી) હોય તો તેનું મૃત્યુ થાય છે.[1]

સોજાના ઉપાય

સુંઠ, સાટોડી, એરંડાની છાલ. અને મોટાં પાંચ મૂળ એઓનો ક્વાથ કરી પીવામાં આવે અને ખાવામાં પણ તેજ ક્વાથનો ઉપયોગ કરવામાં આવે તો તેથી **વાયુ સંબંધી** સોજો મટીજાય છે.

કડવાં પરવળ, ત્રિફળાં, લીંબડો અને દારૂહળદર એઓનો ક્વાથ કરી તેમાં શુદ્ધ કરેલો ગુગળ નાખી પીવાથી **પિત્ત સંબંધી** સોજો મટીજાય છે. અને **કફ સંબંધી** સોજો પણ મટીજાય છે તથા જ્વર અને તરસને પણ મટાડે છે.

"પીપર,અથવા હરડે ને થોરના દુધમાં ૩ દિવસ ભીજવી રાખી પછી છાંયડામાં સુકવી ઝીણી વાટી ટાંક ૨ પ્રમાણ ૧૦ દિવસ સુધી સેવન કરેતો, **સન્નિપાતનો** સોજો મટે છે."

તલ અને કાળી માટી એઓને વાટીને ચોપડવાથી **અથવા** એકલા કાળીતલ વા, તલ અને કાળી માટી ભેંશના દુધમાં વાટી ભેંશના માખણમાં મેળવી ચોપડવાથી **ભીલામાથી** થએલો સોજો મટી જાય છે. **અથવા** જેઠીમધ, દુધ, તલ અને માખણ એઓનો લેપ કરવાથી ભીલામાનો સોજો ઉતરી જાય છે. **અથવા** ગંગરતાં પાંદડાંના લેપથી ભીલામાનો સોજો મટી જાય છે.

ઝેરના સોજાના ઉપાય ૧૯ મા તરંગમાં લખવામાં આવશે માટે તે પ્રકરણ**માંથી** જોઇ લેવા.

સોજાના સામાન્ય ઉપાય.

અથવા આદુ અને ગોળ અથવા સુંઠ અને ગોળ વા, ગોળ અને હરડે અથવા ગોળ અને પીપર એમાંથી ગમે તે એક યોગ-ઉપાયને એક તોલાથી વધારતાં બારતોલા સુધી વધવું એટલે પંદર દિવસ અથવા ૧ મહિના પર્યંત સેવન કરવાથી સોજો, શળીખમ, શ્વાસ, ઉધરસ, અરૂચિ, પીનસ, અજીર્ણ, તાવ, હરસ, સંગ્રહણી અને બીજા પણ કફ તથા વાયુના રોગોને દૂર કરે છે. **અથવા** હરડે, હળદર, ભારંગી, ગળો, ચિત્રો, દારૂહળદર, સાટોડી, દેવદાર અને સુંઠ એઓનો ક્વાથ કરી પીવાથી હાથ પગ મુખ અને પેટ એટલી જગ્યોમાં રહેલા સોજાને તુરત બલાત્કારે પણ નાશ કરી નાખે છે. આ **પથ્યાદિ ક્વાથ** કહેવાય છે. જો **અંડકોષમાં** સોજો થયો હોય તો ત્રિફળાનો ક્વાથ ગોમૂત્ર સહિત તૈયાર કરી પીવાથી વૃષણ (Testicles) ઉપરનો સોજો મટી જાય છે. **અથવા** ધોળી સાટોડી, દેવદાર, અને ચિત્રો એઓથી **અથવા** નેપાળાનું મૂળ, નસોતર, સુંઠ, મરી, પીપર અને ચિત્રામૂળ એઓથી સારી પેઠે પકાવેલું દુધ

૧ પુરૂષને પગમાં થએલો સોજો મુખ ઉપર અને સ્ત્રીને મુખ ઉપર થએલો સોજો પગ ઉપર જાય અને તે સોજો જો અતીસાર, અહાણી તથા હરસ આદિ બીજા રોગોના ઉપદ્રવરૂપે ન થયો હોય અર્થાત્ પોતાનાં નિદાનોથીજ થયો હોય તો તે સોજો પુરૂષ અને સ્ત્રીને મારી નાખે છે. તેમજ પુરૂષ કે સ્ત્રીને મૂત્રાશય-પેઢુમાં થએલો સોજો બીજા રોગોના ઉપદ્રવરૂપે ન થયો હોય અર્થાત્ પોતાનાજ નિદાન-હેતુથી થયો હોય તો તે મરણ નિપજાવે છે; અર્થાત્ ઉપર કહેલ સોજાની ગતિ તથા સ્થાનમાં જો અન્ય રોગોના ઉપદ્રવરૂપ સોજો હોય તો અસાધ્ય નથી એમ **ગ્રંથાંતરનો** કર્તા કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગ્ય વિધિથી પીવામાં આવે તો તેથી અવશ્ય સોજો મટી જાય છે. (અથવા એઓનો ક્વાથ કરી પીવો.) **અથવા** આકડો, લાલરંગનીસાટોડી, અને લીંબડાની છાલ એઓનો ક્વાથ ગોમૂત્ર સાથે તૈયાર કરી તેથી સોજાને સેંચન કરવાથી સોજો મટે છે. **અથવા** સાટોડી, દેવદાર, સુંઠ, સરગવો અને ધોળા સરસવ એઓને કાંજી, લીંબુ કે કોઇ ખાટા રસમાં વાટી જરા જરા ઉનાં કરી ચોપડવાથી સર્વ પ્રકારના સોજા મટી જાય છે. **અથવા** સુંઠ અને પીપર એઓના ચૂર્ણને ગોળમાં મેળવી ખાવાથી સોજા, આમાજીર્ણ અથવા આમ તથા અજીર્ણ અને શૂળનો નાશ કરે છે, તથા મૂત્રાશયને સાફ કરે છે.

અથવા ૧૨ તોલા ગોળ, ૧૨ તોલા સુંઠ, ૧૨ તોલા પીપર, ૪ તોલા મંડુર અને ૪ તોલા તલ એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી સેવન કરે તો તેથી સર્વ પ્રકારના સોજા મટી જાયછે-આ **ગુડાદિવટિકા** કહેવાયછે **અથવા** સુકાયલા મૂળા, સાટોડીનું મૂળ, દેવદાર (વા દારૂહળદર), રાસ્ના અને સુંઠ એઓનાથી પકાવેલું તેલ જો શરીરે ચોળવામાં અવે તો સોજો તથા શૂળ મટી જાયછે આ **શુષ્ક મૂળક તેલ** કહેવાયછે. **ભાવપ્રકાશ.**

સોજામાં બળતરા થતી હોય તો બેહેડાના ઠળીયા માંહેની મીંજને પાણી સાથે ઘુંટી લેપ કરવાથી સોજો અને સોજામાં થતી બળતરાની પીડા નાશ થાય છે.

સાટોડીની જડ, દારૂહળદર, ગળો, કાળીપાડ, સુંઠ અને ગોખરૂ એઓ સર્વે સમાન ભાગે લઇ ચૂર્ણ કરી ગોમૂત્ર સંગાથે સેવન કરે તો સમસ્ત પ્રકારનો સોજો અને આઠ પ્રકારના પેટમાંના રોગો તથા ઘોર વ્રણ (ગડ ગુંબડ ઘા) નો નાશ કરે છે. આ **પુનર્નવાદિ ચૂર્ણ** કહેવાય છે. (પુનર્નવાદિ ક્વાથ પણ સોજા ઉપર ઉત્તમ ગુણકારક છે.)

પથ્યાપથ્ય.

સોજાના રોગવાળાને મૈથુન, તેલનું મર્દન, ઘી, દારૂ, દહી, દુધ, ગોળ, નવું અન્ન, સુકવણીનાં શાક, ભારે પદાર્થ, ખટાશ, મીઠાના પદાર્થો, જંગલી પ્રાણીઓનું માંસ અને દિવસે સુવું એટલી વસ્તુઓનો ત્યાગ કરવો. તેમજ શેકેલા ઘઉં, ખીચડી, વિદાહી અને વિરોધી ભોજનને પણ ત્યજવાં.

જુના જવ, ચોખા, તથા સોજાને હરનાર વસ્તુ, ગોમૂત્ર અને મંડુર વગેરેનું સેવન કરવું એ હિતાવહ છે.

સોજાનો અધિકાર સંપૂર્ણ.

અંડવૃદ્ધિ-વધરાવળનો અધિકાર.

વધરાવળનું નિદાન તથા સંખ્યા

વાયુથી, પિત્તથી, કફથી, રૂધિરથી, મેદથી, મૂત્રથી અને આંતરડાંથી એ રીતે સાત પ્રકારથી વધરાવળ થાય છે. જોકે મૂત્રથી અને આંતરડાંથી થએલી વધરાવળ પણ વાયુરૂપ નિદાનથીજ થાય છે; તોપણ એ વાયુ મૂત્રમાં તથા આંતરડાંમાં રહીને એ વધરાવળને ઉત્પન્ન કરે છે એટલા કારણોના ફેરફારથી એ બે પ્રકારને વાયુથી જુદા ગણવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધરાવળની સંપ્રાપ્તિ.

જે અધોગામી (નીચે ગતિ કરનાર) પવન છે તે પોતાનાં કારણોથી કુપિત થઇ વૃષણ અને જાંઘની સંધિઓમાં પ્રાપ્ત થઇ ત્યાંજ વિચરતો તે સ્થળે સોજા અને શૂળને ઉત્પન્ન કરે છે, ત્યારપછી બન્ને અંડકોષો અને અંડની ચામડીના ભંડારને વહેવાવાળી જે નસો તેમાં તે દુષ્ટ વાયુના સંચારથી પીડિત કરે છે ત્યારે તે બન્ને અંડ અને કોથળી વધી જાય છે તેને વધરાવળ કહે છે–મુષ્કવૃદ્ધિ, અંડવૃદ્ધિ, કુરંડરોગ, અંગવૃદ્ધિ વગેરે પણ તેનાંજ નામો છે.

સાતે પ્રકારની વધરાવળનાં લક્ષણ.

જે વધરાવળ વાયરાથી ભરાએલી ધમણના જેવી સ્પર્શવાળી, લુખી, અને જેમાં વિના કારણે (છેટાનાં અલ્પ નિદાનથી) તેમાં પીડા થાય તેને **વાયુની** વધરાવળ કહે છે.

જે વધરાવળ પાકેલા ઉબરાના ફળ જેવી હોય, અંદર બળતરાવાળી તથા બાહાર પણ તપતી હોય અને સોજો હોય તેને **પિત્તની** વધરાવળ જાણવી.

જે વધરાવળ ટાઢી હોય, ભારે–સ્નિગ્ધ–ચીકણી હોય, ખરજવાળી, કઠણ અને થોડી પીડાવાળી હોય તેને **કફની** વધરાવળ જાણવી.

જે વધરાવળ કાળા ફોલ્લાઓથી વીંટાયલી અને પિત્તની વધરાવળનાં લક્ષણોએ સહિત હોય તે **દુષ્ટ લોહીની** વધરાવળ જાણવી.

જે વધરાવળ કુણી, તાડના ફળની પેઠે નીલ તથા ગોળ હોય અને કફની વધરાવળનાં લક્ષણોએ કરીને સહિત હોય તે **મેદની** વધરાવળ જાણવી.

જે મનુષ્ય મૂત્રના વેગને અટકાવી રાખે અને પંથ કરે તેથી ક્રમળ અંડ વધે છે અર્થાત્ તેને મૂત્ર સંબંધી વધરાવળ થાય છે. જે વધરાવળ ચાલવાના સમયમાં પાણીની ભરેલી પખાલની પેઠે ક્ષોભ પામતી હોય, પીડાયુક્ત, કુંણી, મૂત્ર કષ્ટથી ઉતરે તેવી અને ગોળીઓની નીચે લટકતી હોય તેને **મૂત્રની** વધરાવળ કહે છે.

આંતરડાં સંબંધી વધરાવળ કે જેને અંત્રવૃદ્ધિ–અંતરગળ કહે છે તેની ઉત્પત્તિ અને લક્ષણ.

જે વસ્તુના સેવનથી વાયુ કોપે તેવી વસ્તુઓના ભોજનથી, ટાઢા પાણીમાં ડુબકીઓ મારવાથી, મૂત્ર વગેરેના વેગોને રોકવાથી, ઘણો ભાર ઉપાડવાથી, ઘણો પંથ કરવાથી, વાંકી રીતે અંગોને મરડવાથી, અને પોતાથી બળવાન્ હોય તે સાથે કુસ્તી કે બાથાબાથી કરવાથી તથા કઠણ ધનુષના ખેંચવાથી વગેરે વગેરે કારણોથી દૂષિત થઇને ચલિત થએલો વાયુ જ્યારે નાના આંતરડાના ભાગને દૂષિત કરીને તેના ઠેકાણાથી નીચે લઇ જાય છે ત્યારે તે વાયુ વૃષણના સાંધામાં રહી પોતે તે સાંધામાં ગાંઠ જેવા સોજાને ઉત્પન્ન કરે છે તેને **અંતરગળ કે અંત્રવૃદ્ધિ** કહે છે. જો આ વધરાવળની માવજત ન કરવામાં આવે તો પેટ ચઢી આવે છે, વધેલા વૃષણોમાં પીડા થાય છે, અને શરીર ઝલાઇ ગયા જેવું થઇ જાય છે. આ વધરાવળને જો હાથવતે દાબવામાં આવે તો અવાજ કરીને પોતાના ઠેકાણામાં પેસી જાય છે અને દાબેલી છોડી દેતાં પાછી ફુલી આવે છે. અથવા પુનઃ આફરો ચઢે ત્યારે બાહાર નીકળી આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[1]અંત્રવૃદ્ધિનું અસાધ્યપણું

અંત્રવૃદ્ધિમાં વાયુના સંચયને લીધે બન્ને વૃષણોમાં આંતરડાંના અવયવનો સંબંધ થાય છે તે જો વાયુ સંબંધી વધરાવળના જેવા આકારવાળી થઇ જાય તો અસાધ્ય થાય છે અર્થાત્ તે મટતી નથી.

[2]અંડવૃદ્ધિના ઉપાય.

પાણીની વૃદ્ધિ પાણી કાઢ્યાથીજ મટે છે અને મેદ ચર્બી કઢાવ્યાથી મટે છે.

દુધ અને એરંડીયુંતેલ એક મહિના સુધી પીએ તો વાયુ સંબંધી વધરાવળ મટે છે. **અથવા** એરંડીયું તેલ અને શુદ્ધગુગળ એ બન્નેને એકત્ર કરી ગાયના મૂત્ર સંગાથે પીએ તો ઘણા વખતની વાયુ સંબંધી વધરાવળ હોય તે પણ મટી જાય છે. **અથવા** રતાંજળી, જેઠીમધ, કમળકાકડી, વાળો, અને નીલુંકમળ, એઓને દુધમાં વાટી ચોપડવાથી પિત્ત સંબંધી વધરાવળની દાહ તથા સોજાની પીડા મટી જાય છે. **અથવા** સુંઠ, મરી, પીપર, ત્રિફળાં, એઓનો કવાથ કરી તેમાં જવખાર તથા સિંધાલુણ નાખી પીવાથી પિત્તની વધરાવળ મટી જાય છે. (આ કફ સંબંધી વધરાવળને મટાડવા ઉત્તમ વિરેચન છે.) **અથવા** તીખી, તુરી, લુણી વસ્તુઓનો રહેવાતો રહેવાતો શેક કરે અને ઉપર કહેલી ઔષધીઓના પાણીથી ઝારે તો સર્વ પ્રકારની અંડવૃદ્ધિ મટી જાય છે. **અથવા** વખતો વખત જળો લગાડી તે સ્થળનું લોહી કઢાવવાથી પિત્ત સંબંધી વધરાવળ તથા લોહી સંબંધી વધરાવળ પણ મટી જાય છે. **અથવા** રેચ આપવાથી **વા** સાકર અને મધ પાણીમાં નાખી પીવાથી કે સાકર મધ યુક્ત રેચ આપવાથી લોહી સંબંધી વધરાવળ મટી જાય છે. **અથવા** ઠંડા લેપો કરવાથી પિત્તની અને લોહીની વધરાવળ મટે છે અર્થાત્ લોહી સંબંધી વધરાવળ ઉપર પિત્તને હરણ કરનારી–પિત્ત સંબંધી વધરાવળના સર્વ ઉપાયો કરવાથી લોહીની વધરાવળ મટે છે. સુરસાદિગણ (પૃષ્ટ માં જુવો તે) નાં ઔષધોને બાળી તેનો રહેવાતો લેપ કરવાથી મેદ સંબંધી વધરાવળ મટી જાય છે. " **ગોળી ઉતરી** ગઇ હોય તો, ઘેટીનું ઘી કાંસાની થાળીમાં મથી તેમાં રાળ મેળવી ફરી મથન કરી પછી તેમાં થોડો શુદ્ધ વછનાગ મેળવી તેનું, ઉતરી ગએલી અંડકોષનીગોળીને મર્દન કરે તો ગોળી ચઢી જઇ પોતાના ઠેકાણે સ્થિત થઇ જાય છે. **અથવા** ખેરી ગુંદ ટાંક ૧૫, વજ ટાંક ૧૦, સુંઠ ટાંક ૧૫, અને ગાયનું દુધ પૈસા ૮ ભાર તથા તેમાં સાલમ પૈસા ૮ ભાર મેળવી રોજ ૪ ટાંક ભારનો ૨૧ દિવસ સુધી લેપ કરે તો તેથી અંડવૃદ્ધિ મટે છે. " મૂત્ર સંબંધી વધરાવળ માટે માથાને દોષોથી ખાલી કરનાર જે ઔષધો છે તેઓમાં ગોમૂત્ર નાખી જરા ઉનાં કરી તેઓથી શેક કરીને લુગડાનો પાટો વીંટવો.

---

[1]**ભોજ કહે છે** કે–વાયુ, બગડેલાં આંતરડાંને લઇને સાથળના સાંધામાં લઈ જાય છે અને તે સાંધામાંથી પીડાવાળું તે આંતરડું વૃષણમાં જાય છે તેને અંત્રવૃદ્ધિ કહે છે.

[2]**હિતોપદેશનો કર્ત્તા** કહે છે કે–ધઉનાં મૂળીઆંને ઘેટીના દુધમાં વાટી ઉનાં કરી લેપ કરે તો અવશ્ય અંડવૃદ્ધિ મટે છે.

ત્રિમલ્લ રહસ્યનો કર્ત્તા કહે છે કે–ઘરોળીના માંસથી સંસ્વેદન કરે તો અંડવૃદ્ધિ મટીજ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંતરડા સંબંધી વધરાવળ થવતી ન હોય તો ઉત્તમ વૈદ્યશાસ્ત્રીએ શીવણીના પડખે નીચેના ભાગમાં વ્રીહીમૂખા નામના શસ્ત્રથી વીંધ કરવો અને પછી વાયુની વધરાવળના જેવા ઉપાય કરવા એમ **ભાવમિશ્ર** કહે છે.

રાસ્ના, જેઠીમધ, ગળો, ખપાટનું મૂળ, એરંડો, ગરમાળો, ગોખરૂ, કડવાંપરવળ અને અરડૂસો એઓનો કવાથ કરી તેમાં એરંડીયું તેલ નાંખી પીવાથી અંડવૃદ્ધિ મટી જાય છે. આ **રાસ્નાદિકવાથ** કહેવાય છે. **અથવા** હરડેની છાલ, ધાણા અને કરીઆતું એ બએ તોલા ભાર, લવંગ ૧॥ તોલાભાર, સોનામુખી ૪ તોલાભાર અને સર્વથી ડોઢગણી ખાંડ તથા તેટલુંજ મધ નાંખી અર્થાત્ મધ અને ખાંડ વિના બીજા પદાર્થોનું ચૂર્ણ કરી ખાંડ મેળવી. મધમાં કાલવી સેવન કરે તો નિશ્ચય પ્રકારે અંડવૃદ્ધિ મટી જાય છે. આ ઉપાય માટે **વિદ્યાપતિ** કહે છે કે-રામબાણ સમાન આ પ્રયોગથી અંડવૃદ્ધિ માટે અન્ય પ્રયોગ અધિક છેજ નહિ. **અથવા** પાતાળ યંત્રદ્વારા વિંછુનું તેલ કહાડી અડકોષ ઉપર ચોપડે તો એક માસમાં અવસ્ય અંડવૃદ્ધિ મટી જાય. **વૈદ્યરહસ્ય.**

અંડવૃદ્ધિનાં સેવ્યાસેવ્ય.

મળ-મૂત્રાદિના વેગ રોકવા, ઘોડા વગેરેની ખુલ્લી પીઠ ઉપર સ્વારીઓ કરવી, મૈથુન, અતિભોજન, ક્રોધ, શ્રમ, ઉપવાસ, પંથ, કસરત અને ભારે પદાર્થોનું સેવન વગેરે ત્યજવાં.

અંડવૃદ્ધિ-અંત્રવૃદ્ધિ રોગનો અધિકાર સંપૂર્ણ.

બ્રધ્મ-બદનો અધિકાર.

બ્રધ્મ-બદની ઉત્પત્તિ થવાનાં કારણો.

અત્યંત શરદી કરનાર દહીં વગેરે પદાર્થો, ભારે અન્ન, કફકારી પદાર્થો, સુકું અને સડેલું માંસ અને પિત્તકારક આહાર વિહારના કરવાથી કોપ પામેલો પિત્ત સહિત વાયુ પેઢુ અને જાંઘના સાંધામાં સોજા યુક્ત ગાંઠને ઉત્પન્ન કરે છે તેથી તાવ, શૂળ અને શરીરમાં ગ્લાનિ બહુજ થાય તેને બ્રધ્મ-બદ (   ) કહે છે.

ઉપાય.

હરડેનો સારી પેઠે કરેલો કલ્ક એરંડીયા તેલમાં શેકી પીપર તથા સિંધાલુણ સહિત કરી અથવા આ ત્રણેને એરંડીઆમાં શેકી સેવન કરેતો બદ મટી જાય છે, **અથવા** જીરૂં, છીણીનાં મૂળ, ઉપલેટ, તમાલપત્ર, અને બોરડીનાં પાન એઓને કાંજીમાં વાટી તેનો બદ ઉપર લેપ કરેતો બદ મટી જાય છે એમ **ભાવમિશ્ર**નું કહેવું છે. **અથવા** દારૂહળદરનો કલ્ક ઘેટીના દુધમાં કે ગોમૂત્રમાં કાંઇક ઉનો કરી લેપ કરવાથી બદ મટી જાય છે. **અથવા** તરતના મરેલા કાગડાના પેટ માંહેનો મળ કાંઇક ઉનો કરી અથવા મરેલા કાગડાની પાંખો કહાડી પેટ ચીરી અંડવૃદ્ધિવાળાના અં[illegible] તેમાં રાખે તો અંડવૃદ્ધિ અને બદ ઉપર બાંધે તો બદ તત્કાળ મટે છે. **વૈદ્યરહસ્ય.** **અથવા** ઘઉનો કલ્ક કે કંદરૂપનો ઘેટીના દુધમાં કલ્ક કરી જરા ઉનો કરી બદ ઉપર લેપ કરવાથી શૂળ સહિત બદ નાશ પામે છે. **ચક્રદત્ત.**

બ્રધ્મનો અધિકાર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગળગંડ, ગંડમાળ, અપચી, ગ્રન્થી અને અર્બુદનો અધિકાર.

ગળગંડ એટલે શું?

જે મનુષ્યના ગળામાં મોટો કે નાનો દૃઢ અને અચળ સોજો વૃષણની પેઠે લટકતો હોય એને [1] ગળગંડ કહે છે.

ગળગંડની સંપ્રાપ્તિ.

ગળામાં દુષ્ટ થએલા વાયુ, કફ અને મેદ એઓ વચમાં આવીને ક્રમવાર વાયુના, કફના, અને મેદના લક્ષણોવાળા સોજાને–ગડને ઉત્પન્ન કરે છે તેને ગળગંડ કહે છે.

વાયુ, કફ અને મેદ સંબંધી ગળગંડનાં લક્ષણો.

જે ગળગંડમાં પીડા વિશેષ થાય, કાળી નસોથી મઢેલો તથા કાળો અને રતાશવાળો હોય તેને **વાયુનો** ગળગંડ જાણવો–આ ગળગંડ કઠોર હોય છે, ઘણી મુદતે વધે છે, પાકે નહીં, અને કોઈ વખતે પોતાની ઇચ્છાથી પાકી પણ જાય છે. આ ગળગંડ રોગીનું મોહોડું રસ વગરનું થઈ જાય છે અને ગળું તથા તાળવું સુકાયા કરે છે.

જે ગળગંડ સ્થિર હોય, જે ઠેકાણે થએલ હોય તે ઠેકાણાના જેવાજ વર્ણનો હોય ભારે હોય, ચળ બહુજ આવે, ટાઢો હોય, અને મોટો, મોડો વધે, મોડો પાકે, તથા થોડી પીડાવાળો હોય છે–આ ગળગંડવાળા રોગીનું મ્હોં મીઠું, તથા ચીકણું રહે છે, હમેશાં ગળામાં શબ્દ થયા કરે અને નિરંતર ગળું તથા તાળવું કફથી લીપાયલું રહે છે તેને કફ સંબંધી ગળગંડ કહે છે.

જે ગળગંડ કોમળ, પીળો–પાન્ડુરંગવાળો, ખરાબ ગંધવાળો, પીડા વિનાનો, ચળવાળો, તુંબડાની પેઠે લટકતો હોય, અલ્પ મૂળવાળો, અને શરીરના વધવાથી વધતો તથા શરીર ક્ષીણ થવાથી ઘટતો હોય તેને **મેદ** સંબંધી ગળગંડ કહે છે–આ ગળગંડ રોગીનું મોહોડું ચીકણું રહે છે અને હમેશાં ગળામાં બોલ્યા કરે છે.

ગળગંડનાં અસાધ્ય લક્ષણ.

જે ગળગંડથી પરાણે પરાણે શ્વાસ લઈ શકાતો હોય, સર્વે ગાત્રો નરમ થઇ ગયાં હોય, અરૂચિ તથા ક્ષીણતા થઈ હોય, સાદ બેસી ગયા જેવો થઈ ગયો હોય તથા જેને થયાંને એક વર્ષ વીતી ગયું હોય તો, તેવા ગળગંડ રોગીનો ઉપાય યશના ઇચ્છનાર મનુષ્યે કરવો નહીં.

ગંડમાળ–કંઠમાળાનાં લક્ષણ.

જે બગલમાં, ખભાઓમાં, ડોકમાં, ગળામાં તથા પેડુ અને સાથળોના સાંધામાં કફ અને મેદનેલીધે ચણીબોર, વડબોર કે આંબળા જેવડી ઘણી ગાંઠો નીકળે તેને ગંડમાળ કહે છે. આ ગંડમાળની ગાંઠો બહુ વખતે અને થોડી પાકે છે.

---

1 **ભોજવૈદ્ય** તો કહે છે કે-દાઢીમાં, ડોકમાં અને ગળામાં જે સોજો વૃષણની પેઠે લટકતો હોય તેને ગળગંડ કહેવો; અર્થાત્ એને પણ ગળગંડ માનવો, પણ ગળામાંજ હોય તેને ગળગંડ માનવો એમ સમજવું નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપચીનાં લક્ષણ.

જે ગંડમાળના ગંડોમાં કેટલા પાકીને ઝરતા હોય, કેટલાએક મટતા હોય, કેટલાએક નવા થતા હોય અને તે ગંડોની લાંબા વખત સુધી આવી સ્થિતિ રહે તો તેને અપચી કહે છે. અપચી કહેવાનું કારણ એ છે કે, પ્રથમ પાકે નહીં અને જો પાકે તો રસી બહુ આવે અને તેના ચેપથી પાછી નવી બીજી ગાંઠો થતી જાય મટતી જાય તથા આ રોગનો તુમાર ઘણો લાંબો ચાલે છે તેથી તેને અપચી કહે છે.

અપચીનાં અસાધ્ય લક્ષણ.

અપચી મટે તેવી છે, પણ જો શળીખમ, પડખાનાં શૂળ, ઉધરસ, તાવ અને ઉલટીથી સહિત હોય તો તે અપચીથી માણસના જીવની હાનિ થાય છે.

ગ્રંથી–ગાંઠનું લક્ષણ.

વાયુ, પિત્ત, કફ, મેદ અને નસો, માંસ તથા લોહીને બગાડી જે ઉંચી અને ગોળ ગાંઠો જેવા સોજાને ઉત્પન્ન કરે છે તેને ગ્રંથી કહેવાય છે. આ ગ્રંથીના પાંચ પ્રકાર છે. એટલે વાયુથી, કફથી, પિત્તથી, મેદથી અને નસોથી એમ પાંચ ભેદ છે.

સમગ્ર ગ્રંથીઓનું લક્ષણ.

જે ગાંઠ ચાંમડીને ખેંચી વધતો હોય, કપાતો હોય, પડી જતો હોય, સોયો ભોંકાતી હોય, મથી નંખાતો હોય, ચીરાઇ જતો હોય અને રબ્બરની પેઠે વિસ્તાર પામતો હોય તેવું જણાય, તથા તે ગાંઠો કાળો હોય, બહુ કઠણતા રહિત અને પાકીને ફૂટે ત્યારે આછાપણાવાળું–સ્વચ્છ લોહી વહે–ઝરે તેને **વાયુનો** ગ્રંથી કહે છે.

જે ગ્રંથી આખા શરીરમાં બળતરા કરતો હોય, અંદર તાપ કરતો હોય, અત્યંત પાકતો હોય, રાતો અથવા પીળો હોય; ફૂટે ત્યારે કાળા રંગવાળું પેશી સહિત લોહી વહે અને જાણે શીંગડાંથી ચૂસાતો કે અગ્નિ જવાળાઓથી યુક્ત હોય તેવો જણાય છે તેને **પિત્તનો** ગ્રંથી કહે છે.

જે ગ્રંથી ટાઢો હોય, સ્વભાવિક વર્ણ વાળો, થોડી પીડા, ઘણી ખરજ અને પથરા જેવો કઠણ હોય, લાંબી મુદતે વધનાર અને ફૂટે ત્યારે જાડું ધોળું પરું નીકળે તેને **કફનો** ગ્રંથી કહે છે.

જે ગ્રંથી શરીરના વધવાથી વધે તથા શરીરના ક્ષીણ થવાથી ઘટે, ચીકણો, મોટો, ખરજવાળો, પીડા વગરનો અને ફૂટે ત્યારે ખોળ કે ઘી જેવો મેદ નીકળે તેને **મેદનો** ગ્રંથી કહે છે.

બળ વગરનો માણસ બળવાળા મનુષ્યની સાથે કુસ્તી–યુદ્ધ કરે તેથી તથા એવાજ બીજા થાક લાગે તેવાં કામોથી દૂષિત થએલો વાયુ નસોના જથાને ચગાવી, દબાવી, એકઠો કરી સુકાવીને તુરત ઉંચો તથા ગોળ આકારનો ગાંઠો ઉત્પન્ન કરે છે તેને **શિરાઓનો** ગ્રંથી કહે છે.

ગ્રંથીઓનું કષ્ટસાધ્ય અને અસાધ્ય પણાનું લક્ષણ.

જો નસો સંબંધી ગાંઠો પીડાવાળો અને ચળવાવાળો હોય તો કષ્ટસાધ્ય (મહા મહેનતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મટે તેવો) અને તે ગાંઠો પીડાવગરનો અચળ હોય, મોટો અને મર્મસ્થાનોમાં થએલ હોય તો અસાધ્ય-ન મટે તેવી જાણવી.[1]

અર્બુદ (રસોળી) નું સંપ્રાપ્તિપૂર્વક સામાન્ય લક્ષણ.

જે માણસ અન્ન વગેરેના પદાર્થો થોડા ખાય અને માંસ વગેરેના પદાર્થો ઘણા ખાય તેના કોપ પામેલાં વાત પિત્ત કફ દૂષિત થઈ તેના લોહી તથા માંસને બગાડી તેના શરીરના ગમેતે ભાગ ઉપર ગોળ આકાર વાળો, સ્થિર, થોડી પીડાવાળો, ગાંઠના કરતાં મોટો, બહુજ ઉંડાપેઠેલ-ભારે મૂળવાળો, અને લાંબા વખતે વધનાર તથા નહીં પાકનાર માંસના ઉંચાટને ઉત્પન્ન કરે છે તેને અર્બુદ કહે છે. ગાંઠ અને અર્બુદમાં એટલો ફેર છે કે ગાંઠ પાકે છે પણ રસોળી પાકતી નથી; અર્થાત્ પાકે તે ગાંઠ અને ન પાકે તે રસોળી સમજવી.

અર્બુદના બે ભેદ ગણેલા છે: જો કે વાયુ, પિત્ત, કફ, લોહી, માંસ અને મેદ એમ છ પ્રકારના અર્બુદ છે; તો પણ એક માંસાર્બુદ અને બીજો રક્તાર્બુદ એમ બે વિભાગ પાડેલા છે, તેમાંથી લોહીના અર્બુદ સિવાય સર્વ અર્બુદોમાં ગાંઠોનાંજ લક્ષણો હોય છે અને લોહીના અર્બુદનાં લક્ષણો ભિન્ન છે તેથી બીજાઓને માંસાર્બુદ માનેલા છે અને લોહીના અર્બુદને રક્તાર્બુદ માનેલ છે.

લોહી-રક્તાર્બુદનું નિદાન, સંપ્રાપ્તિ તથા ચિહ્ન.

પોતાના કારણોથી દુષ્ટ થએલ પિત્ત, રુધિર તથા નસોને સંકુચિત કરે છે, ને એકઠાં થઈ જાય છે. એવી રીતે ઘાટાં થઈ ઝરવાવાળા માંસના અંકુરાઓથી વીંટાએલા અને તુરત વધનારા માંસના લોચાને જલદી પાકે એવા પ્રકારે ઉંચો કરે છે તથા તેમાંથી અત્યન્ત લોહી હમેશાં વહ્યા કરે છે તેને લોહીથી થએલો અર્બુદ કહે છે-આ રસોળી ન મટે તેવી છે, લોહીના નાશના ઉપદ્રવોથી પીડાઈને પાંડુવર્ણવાળો થઈ જાય છે.

સર્વ પ્રકારની રસોળીઓમાં માંસ તથા લોહી દૂષિત થાય છે; તો પણ લોહીથી થએલી રસોળીમાંતો વિશેષે કરીને લોહી દૂષિત થાય છે અને માંસથી થએલ રસોળીમાં વિશેષે કરીને માંસ દૂષિત થાય છે.

માંસથી થએલા અર્બુદની સંપ્રાપ્તિ.

જેના અંગ ઉપર મુઠી વગેરેના મારથી અંગ પીડિત થતાં વાયુથી દુષ્ટ થએલું માંસ પીડાવિનાના અને ઓછી પીડાવાળા, ચીકણા, શરીરના વર્ણ સમાન વર્ણવાળા, ન પાકનાર કે જરા પાકનાર, પત્થર જેવા અચળ સોજાને ઉત્પન્ન કરે તેને માંસાર્બુદ કહે છે.

અર્બુદનાં અસાધ્ય લક્ષણ.

માંસથી થએલા અર્બુદ અસાધ્ય છે. વાયુથી થએલા અર્બુદો જોકે અસાધ્ય છે પણ

---

[1] વૈદ્યવર **ભોજ** તો કહે છે કે- (ઉપર કહેલા) પાંચે પ્રકારમાં ગમેતે પ્રકારનો ગાંઠ પીડા વગરનો હોય અને મર્મસ્થાનમાં થએલ હોય તો તેની ચિકિત્સા કરવી નહીં. મર્મસ્થાન એટલે-માથું, ગળું, ગરદન, ગુદા, શરીરના સાંધાઓ, છાતી અને બરડો વગેરે મર્મસ્થાન કહેવાય છે તેમાં જો કોઈ પણ પ્રકારની ગાંઠ-ગડ ગુમડની વગેરે થાય તો તેની ચિકિત્સા કરવી ઘણી કઠીણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓમાંથી પરૂ ઝરતું હોય, મર્મસ્થાનમાં અને નસોમાં થએલ હોય તથા ચલાયમાન કરી શકાય નહીં તેવો હોય તેઃ તે પણ અસાધ્ય છે; અર્થાત્ ચિકિત્સા કરવા યોગ્ય નથી.

પ્રથમ રસોળી થઇ હોય તેમાં બીજી રસોળી ઉત્પન્ન થાય તો તેને અધ્યર્બુદ કહે છે આ અધ્યર્બુદ એકી વખતે કે અનુક્રમે થએલ હોય, પણ જો બે દોષોથી થએલ હોય તો અસાધ્ય જાણવા.

રસોળી પાકતી નથી તેનું કારણ શું ?

સર્વે પ્રકારની રસોળીઓ કફ અને મેદની અધિકતા વાળી અને ઘણું કરીને દોષોની સ્થિરતા વાળી તથા ગાંઠ રૂપ હોય છે તેથી સ્વભાવેજ પાકતી નથી.

ગળગંડના ઉપાય.

સરસવ, સરગવાનાં બીજ, શણનાંબીજ, અળશી, જવ અને મૂળાનાં બીજ એઓને બરાબર ભાગે લઇ ખાટી છાશમાં સારીપેઠે વાટી તેનો જાડો લેપ-ખરડ કરે તો ગળગંડ ગંડમાળા-કંઠમાળા, અને ભયંકર ગ્રંથી-ગાંઠો તુરત નાશ થઇ જાય છે અને ઓગળી જાય છે. **અથવા** શેવળને બાળી તેને સરસીઆ તેલમાં કાલવી ચોપડે તો ઘણા વખતનો ગળગંડ પણ શાંત થાય છે. **અથવા** શંખાવલી કે ધોળી ગરણીનાં મૂળને વાટી પ્રાતઃકાળમાં ઘીની સંગાથે પીએ અને પથ્ય આહાર કરે તો ગળગંડ મટે છે. **અથવા** પાકેલી કડવી તુંબડીમાં સાત દિવસ સુધી પાણી ભરી રાખી તે પાણી પીએ અને ક્ષીરી ખાજે તો તેથી ગળગંડ મટી જાય છે. **અથવા** ગળો, લીંબડાની અંતર છાલ, કંટાસો, હરડે, વેલીઆ પીપળાનું છોડું, પીપર, અને જાતની કાંસકી, અને દેવદાર એઓના કલ્કથી પકાવેલું તેલ રોજ પીએ તો ગળગંડ મટે છે-આ **અમૃતાદિ તૈલ** કહેવાય છે. **અથવા** સિંધાલૂણ, શેવાળ અને પીપર એઓનું ચૂર્ણ એકઠું કરી નિત્ય પ્રાતઃકાળે સેવન કરે તો ગળગંડ મટી જાય છે. **ભાવપ્રકાશ. અથવા** રાતા એરંડાની જડ અને બાખરાની જડને ચોખાના ધોવણ સાથે વાટી લેપ કરે તો ગળગંડ મટે છે. **વૈદ્યરહસ્ય.**

ગળગંડ વાળાને સેવવા યોગ્ય પદાર્થો.

જવ, મગ, કડવાં પરવળ, તીખા તથા લુખા પદાર્થો સેવન કરવા, વમન કરાવવું અને લોહી કઢાવવું અને ગળગંડ ઉપર શસ્ત્રવતે ટોચા દઇ તે ઉપર ગંડ [1] ગોપાલિકા નામના કીડાનો લેપ કરવો જેથી અવશ્ય ગળગંડ મટી જાય છે. (આ ઉપાય ઘણા લોકોએ અનુભવેલો છે માટે કરવા યોગ્ય છે.)

ગંડમાળાના ઉપાય.

વરણાનાં મૂળીઆનો ક્વાથ કરી ઠંડો થયા પછી તેમાં મધનાખી જો એકવાર પણ પીવામાં આવે તો તુરત ઘણા વખતની ગંડમાળા પણ નાશ પામે છે. **અથવા** ચાર તોલા ભાર કિંવા બે તોલા ભાર કચનાર વૃક્ષની છાલ ચોખાના ધોવણમાં વાટીને પીએ તો ગંડમાલ-કંઠમાલ મટે છે. **અથવા** કચનારની છાલ તોલા ૨૦, સુંઠ તોલા ૪, પીપર તોલા

1 જ્યાં આંબાની વાડી અર્થાત્ આંબાવાડીયું હોય ત્યાં આ કીડો સ્હેજ મળી આવે છે.

For Private And Personal Use Only

૪, મરી તોલા ૪, જિરૂણાં તોલા ૬, વાયવરણાં તોલો ૧, તમાલપત્ર ૨૪ રતી, એળચી ૨૪ રતી અને તજ ૨૪ રતી ભાર લઇ એઓનું એકઠું ચૂર્ણ કરવું. પછી તે સર્વની બરોબર શુદ્ધ કરેલો ભેંશાગુગળ લઇ તે સાથે ચૂર્ણને મેળવી–એકઠુંવ કરી ગોળો કરી રાખવો. આમાંથી ૨૪ રતી ભારની ગોળીઓ કરી હમેશાં પ્રભાતકાળે સેવન કરે તો મહાઅકારી ગળગંડ વ્યાધિ, અપચી, રસોળી, ગ્રંથીઓ, ગડ–ગુંબડ, વ્રણ, ગોળાનો રોગ, કોઢ અને ભગંદર એઓનો નાશ થાય છે. આ ગોળીઓ ઉપર બોરીઆકલ્હારનો ઉકાળો અથવા ખેરસારનો ઉકાળો કે હરડેનો ઉકાળો જરા જરા ઉનો હોય તેવો પાવાથી અતિગુણ આપે છે–આ **કંચનાર ગુગળ** કહેવાય છે. **અથવા** ચાર તોલા ભાર ચુંનાડીઆનાં મૂળીઆં લઇ તેનો કલ્ક કરી જળમાંગરાના રસમાં સરસીઆું તેલ નાખી તથા તે કલ્ક–ચટણીને પણ તેલમાં નાખી બહુજ થોડા તાપ ઉપર રાખી પકાવવું જ્યારે રસબળી એકલું તેલ રહે ત્યારે તેમાં ચોથા ભાગે સિંદૂર નાખીને ઉતારી લેવું. આ તેલનું મર્દન કરવાથી અતિ આકરી ગંડમાળા પણ તુરત મટી જાય છે–આ **ચક્રમર્દ તેલ** કહેવાય છે. **અથવા** ચણોઠીનાં મૂળ તથા ચણોઠીઓ લઈ તેનો કલ્ક કરી ચમણા પાણીમાં મેળવી તેલની અંદર પકાવવો, જ્યારે રસ માત્ર બળી માત્ર તેલજ રહે ત્યારે ઉતારી લેવું. આ તેલના ચોળવાથી અને નાસથી અતિ આકરી ગંડમાળા પણ મટી જાય છે–આ **ગુંજાતેલ** કહેવાય છે.

અથવા ગરમાળાની જડ તથા નરીઆળી એ બન્નેને ચોખાના ધોવાણમાં વાટી નાસ લેવાથી અને લેપ કરવાથી કંઠમાળા મટે છે. **અથવા** નગોડ અને નરીયળી પાણીમાં વાટી તેનો લેપ કરે તો કંઠમાળા મટે છે. **અથવા** પીળા સરસવ અને સુઅરની સુકાયલી હડ્ડી સમાન ભાગે લઈ બન્નેની ભસ્મ કરી વસ્ત્રગાળ કરી સરસીયામાં કાલવી લેપન કરે તો ભયંકર અને ન મટી શકે તેવી પણ કંઠમાળા નાશ પામે છે એમાં જરા સંદેહ નથી. **વૈદ્યરહસ્ય.**

અપચીના ઉપાય.

સરસવ, લીંબડાનાં પાન, અને ભીલામાં એઓને બાળી બકરીના મૂત્રમાં ઘુંટી લેપ કરવાથી અપચી મટે છે. **ચક્રદત્ત. અથવા** રતાંજળી, હરડે, લાખ, વજ અને કડુ એઓના કવાથમાં પકાવેલું તેલ પીવામાં આવે તો તેથી મૂળ સહિત અપચી મટી જાય છે–આ **ચંદનાદિ તેલ** કહેવાય છે. **અથવા** સુંઠ, મરી, પીપર, વાવડીંગ, જેઠીમધ, સિંધાલુણ અને દેવદાર એઓના કવાથમાં સિદ્ધ કરેલું (તેલ પકાવવાના વિધિ પ્રમાણે તૈયાર કરેલું) તેલ તેનો નાસ લેવાથી આકરી અપચી પણ મટી જાય છે–આ **વ્યોષાદિ તેલ** કહેવાય છે **ભાવપ્રકાશ.**

ગ્રન્થી તથા રસોળીના ઉપાય.[2]

સાજીખાર, મૂળાનો ખાર અને શંખનું ચૂર્ણ એઓને પાણી સાથે વાટી તેનો લેપ કરવાથી ગાંઠ અને રસોળી મટી જાય છે. **અથવા** જાત્યાદિઘૃત ઉપયોગમાં લેવાથી ગાંઠ, અ-

[1] **વૈદ્યવિનોદનો કર્તા શંકર ભટ** કહે છે–છછુંદરનું તેલ કાઢવા–તેલમાં છછુંદર નાખી પકાવી સિદ્ધ કરેલું તેલ ગંડમાળા ઉપર ચોપડે તો મટી જાય છે.

[2] ગ્રંથી અને રસોળીના નિદાન. આકાર, દોષ કે દૂષ્યોમાં જરાપણ તફાવત નથી અર્થાત્ એક સરખાજ છે માટે જે ઉપાય ગાંઠના તેજ રસોળીના સમજવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ વગેરે મટી જાય છે. (છીત્ત્વકિશ્રુત આ પછીના તરંગમાં લખવામાં આવશે.) જે ગાંઠ ઔષધેથી મટતી ન હોય તો ઉત્તમ પ્રકારની શસ્ત્રક્રિયા જાણનાર વૈદ્યશાસ્ત્રીના હાથથી શસ્ત્રવતે કપાવી પછી વ્રણમાં ઉપયોગી અર્થાત્ રૂઝાવનાર ઉપાયો ઉપયોગમાં લેવા. માત્ર જે નસોમાં થએલ ગાંઠ હોય તેને શસ્ત્રવતે કપાવવી નહીં. **અથવા** હળદર, પતંગ, સોદર, ઘરમાના [illegible] ધુમાડો [illegible] એઓને [illegible] વાટી મધમાં કાલવી તેનો લેપ કરવાથી મે- [illegible] મટી જાય છે. **અથવા** મૂલાની રાખ, હળદરની રાખ અને શંખનું [illegible] માં વાટી તેનો લેપ કરે તો, રસોળી ગાત્રને મટાડે છે. આ ઉપરથી [illegible] રસોળી માટે બીજો નથી અર્થાત્ આ અનુભવ સિધ્ધ ઉપાય છે. **અથવા** [illegible], કાથરનું બીડું, અને વડનું દુધ એઓનો રસોળી ઉપર લેપ કરી તેના ઉપર વડનું પાનડું બાંધી રાખવામાં આવે તો હાડકા ઉપર થએલ મોટી રસોળી પણ ૭ દિવસમાં મટી જાય છે. **અથવા** સરગવાનું મૂળ, મૂળાનાં બીજ, સરસવ, તુલસી અને ઇદ્રજવ એઓને બોરની છાશમાં વાટી તેનો લેપ કરવાથી રસોળી મટી જાય છે. **ભાવપ્રકાશ.**

કંઠમાળ, રસોળી, અપચી ઉપર પથ્યાપથ્ય.

હલકાં ભોજન, જુનું ઘી, મગ, કળથી, તાંદળજાની ભાજી, તુરીયાનું શાક, એકાંતમાં રહેવું અને રેચ એટલાં પથ્ય-હિતકારી છે માટે સેવવાં.

છાશ, દહીં, તેલ, હીંગ, રંતાક, ગોળ, મરચાં, શ્રમ કરવો, તડકામાં ફરવું, દિવસે સુવું અને વિષમ સ્વારીઓ કરવી વગેરે વગેરે કુપથ્ય-અહિતકારી છે માટે ત્યજવાં.

ગળગંડ, કંઠમાળ-ગંડમાળ, ગ્રંથી, અપચી તથા અર્બુદનો

અધિકાર સંપૂર્ણ.

ઇતિશ્રી સન્મહારાજા ધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપ સિંહજી વિરચિત અમૃતસાગર ગ્રંથ વિષે સોજો, અંડવૃદ્ધિ-અંત્રવૃદ્ધિ, બ્રધ્ન-બદ, ગળગંડ, ગંડમાળ અપચી, ગ્રંથી, અર્બુદ, અધ્યર્બુદ એ સર્વના ઉત્પત્તિ લક્ષણ યત્ન નિરૂપણ નામનો ચોદમો તરંગ સંપૂર્ણ.

તરંગ પંદરમો.

સ્લીપદ વિદ્રધિ વ્રણસોથને વ્રણ ભેદનો અધિકાર છે,
વળિ દગ્ધ ભેદો વ્રણની ગ્રંથિજ ભગ્ન નાડીપ્રકાર છે;
ઉત્પત્તિ લક્ષણ યોગસહ શુભ પૂર્વગ્રંથ પ્રમાણ છે,
આ પંચદશમ તરંગમાં ક્રમવાર લેખ સુજાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્લીપદ રોગનો અધિકાર.

શ્લીપદનાં નિદાન.

જે દેશમાં જુનું પાણી ઘણું ભરાઇ રહેતું હોય અને સર્વ ઋતુઓમાં ઠંડકજ રહેતી હોય તે દેશોમાં શ્લીપદ રોગ વિશેષે કરીને થાય છે તથા બીજા દેશોમાં પણ થાય છે. આ રોગને આ દેશમાં હાર્થીપગો રોગ કહે છે; કેમ કે આ રોગથી રોગીનો પગ હાથીના પગ જેવો જાડો થઇ જાય છે.

શ્લીપદનું સામાન્ય લક્ષણ.

જેને પેડુ અને સાથળના સાંધામાં તાવ અને અત્યંત પીડાવાળો થએલો સોજો અનુક્રમે પગમાં પરોંચ્યો હોય તે સોજાને શ્લીપદ રોગ કહે છે. કેટલાક આચાર્યો તો કહે છે કે--હાથ, કાન, આંખ, શુત્રેંદ્રિ, હોઠ અને નાક એઓનાં પણ શ્લીપદ રોગ થાય છે.

આ શ્લીપદ રોગ, વાયુ, પિત્ત અને કફ સંબંધી એમ ૩ પ્રકારનો છે. કેટલાક આચાર્યોએ વાયુ, પિત્ત, કફ અને સન્નિપાત સંબંધી એમ ૪ પ્રકાર માનેલા છે.

ચારે પ્રકારના શ્લીપદનાં લક્ષણ.

વાયુ સંબંધી શ્લીપદ કાળું, લુખું, ફાટેલું, આકરી વેદનાવાળું અને અકસ્માત્ જવરાદિ પીડા થાય તેવું હોય છે.

કફ સંબંધી શ્લીપદ ચીકણું, પાંડુ અને થોડી વેદના વાળું હોય છે.

પિત્ત સંબંધી શ્લીપદ પીળા જેવું અને બળતરા તથા તાવથી અત્યંત યુક્ત હોય છે.

સન્નિપાત સંબંધી શ્લીપદ કે જેમાં અનેક કાણાં હોય, પરૂ-પાણી ઝરતું હોય અને રાફડાના સમાન આકારવાળું હોય છે.

શ્લીપદનું અસાધ્યપણું.

જે શ્લીપદ ઉધેઇના રાફડા જેવું થયું હોય, તથા ઘણું કાંટાવાળું મોટું અને જેને થયાને એક વર્ષ થઇ ગયું હોય તે અસાધ્ય છે. વળી જે શ્લીપદ કફકારી આહાર વિહારો (મધુર, ગરિષ્ટ ભોજન, દહી, દિવસે સુવું અને કફ જેનાથી વધે તેવાં ભોજન અને હરવું ફરવું કરવું તે) થી થએલું તથા અત્યંત કફવાળા માણસને થએલું, પાણી ઝરતું હોય, અતિ ઉંચાઇ વાળું હોય, ત્રિદોષના ચિહ્નો સહિત હોય અને જેમાં ચળ આવ્યા કરતી હોય તે શ્લીપદરોગ અસાધ્ય છે માટે ચિકિત્સા કરવા યોગ્ય નથી.

શ્લીપદના ઉપાય.

લાંઘણ, લેપ, સ્વેદ, રેચ, લોહી કહાડવું અને કફને નાશ કરનારા પદાર્થો સેવન કરવા જેથી શ્લીપદરોગ મટે છે **અથવા** સરસવ, સરગવાનું મૂળ, દેવદાર અને સુંઠ એઓને ગાયના મૂત્રમાં વાટી શ્લીપદ ઉપર લેપ કરે તો, મટી જાય છે. અથવા આકડાનું મૂળ, સુંઠ અને સરસવ એઓનો કલ્ક કરી કાંજીમાં મેળવી લેપ કરે તો શ્લીપદ મટે છે. **અથવા** ધંતુરાનું એરંડાનું, સરગવાનું તથા નગોડનું મૂળ અને સરસવ એઓનો લેપ કરે તો લાંબા વખત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થી થયેલું આકરૂં શ્લીપદ પણ મટે છે. **અથવા** કાંસકી કે સેંદરડીના મૂળને તાડના ફળના રસમાં ઘુંટી લેપ કરેતો લાંબા વખતનું અને અસાધ્ય સ્લીપદ પણ મટી જાય છે. **અથવા** સાગની છાલને ક્વાથ કરી તેમાં ગોમૂત્ર નાખી પીએ તો શ્લીપદ અને મેદના દોષો મટે છે. **અથવા** હળદર અને ગોળને એકત્ર કરી ગોમૂત્રમાં ઘોળી પીએ તો શ્લીપદ મટે છે. **અથવા** સારોડીનું મૂળ, ત્રિફળાં અને પીપર એઓનું સમાન ભાગે ચૂર્ણ કરી મધમાં કાલવી (ટાંક ૨ પ્રમાણુ) ચાટી જાય તો વધારે વખતનું સ્લીપદ પણ મટે છે. **અથવા** મોટી હરડે કે હીમજને એરંડીઆ તેલમાં તળી હમેશાં ગાયના મૂત્રની સાથે સેવન કરે તો, ૭ દિવસમાં શ્લીપદ મટી જાય છે. **ભાવપ્રકાશ. અથવા** વરધારો, પીપર, સુંઠ, મરી, અને વાવડીંગ એઓને પાણી સાથે ઝીણાં વાટી અનુમાન પ્રમાણ તેલ નાખી ધીમા તાપ દ્વારા તેને પકાવી અર્થાત્ તેલ સિદ્ધ કરી તેનું શ્લીપદ ઉપર મર્દન કરેતો મટી જાય છે. **અથવા** ધંતુરાના બીજને વર્દ્ધમાન પીપરની રીતિ એ વધતા પ્રમાણથી ટાઢા પાણી સાથે નિરંતર સેવન કરે તો શ્લીપદ અને કોઢ નાશ પામે છે. **વૈદ્યરહસ્ય. અથવા** મજીઠ, જેઠીમધ, રાસ્ના, જટામાસી અને સારોડીનુંમૂળ એઓને કાંજીમાં વાટી લેપ કરે તો પિત્ત સંબંધી શ્લીપદ મટે છે. **અથવા** અંગૂઠા ઉપરની રગનું લોહી કઢાવે તો કફનું શ્લીપદ મટે છે (આ અંગુઠાની નસ ચાર આંગળના છેટે રહેલી તેને સારી પેઠે ઓળખીને વીંધવી.) **ચક્રદત્ત. અથવા** કાસંદરાની જડને ગાયના ઘી સાથે પીએ તો શ્લીપદ મટી જાય છે. **અથવા** પીપર, ત્રિફળાં, સુંઠ, દેવદાર, અને સારોડીનું મૂળ એઓ પ્રત્યેક આઠ આઠ તોલા ભાર લઇ તે સર્વના સમાન વરધારો લઇ સર્વનું ચૂર્ણ કરી તોલા ૧ ભાર કાંજીના સંગાથે પીએ અને તે પચી ગયા પછી ગમે તે ભોજન જમે અર્થાત્ કોઈ ન રાખતાં મરજીમાં આવે તે ભોજન કરે તો શ્લીપદ, વાયુરોગ, બરળ એઓનો નાશ કરે છે, અગ્નિને પ્રદિપ્ત કરે છે અને ઘોર બરસક રોગનો અંત કરે છે. આ **પિપ્પલ્યાદિ ચૂર્ણ** કહેવાય છે. વૃંદ.

શ્લીપદ રોગનો અધિકાર સંપૂર્ણ.

વિદ્રધિરોગનો અધિકાર.

વિદ્રધિનું સંપ્રાપ્તિ તથા સંખ્યાપૂર્વક સામાન્ય લક્ષણ.

હાડકાંઓમાં રહેલ જે વાયુ તથા કફ અત્યંત વૃદ્ધિ પામી શરીરની ચામડી, લોહી, માંસ અને મેદને દૂષિત કરી ધીરે ધીરે અથવા લાંબા મોટામૂળવાળા અને ભયંકર વેદનાવાળા સોજાને ઉત્પન્ન કરે છે તેને વિદ્રધિ કહે છે. તે વિદ્રધિ ૭ પ્રકારનો છે. વાયુ, પિત્ત, કફ, સન્નિપાત, ક્ષત અને લોહી સંબંધી એ રીતે ૭ પ્રકારનો છે. સઘળા વિદ્રધિઓનું સામાન્ય લક્ષણ સરખુંજ છે.

વિદ્રધિઓનાં વિશેષ લક્ષણો.

જે વિદ્રધિ કાળો કે રાતો હોય, ઘડીકમાં નાનો અને ઘડીકમાં મોટો થતો હોય, અપાર વેદના વાળો, અને ઉઠવું તથા પાકવું ઘણા વખતે થાય તે **વાયુનો** વિદ્રધિ સમજવો. આ વિદ્રધિનું પરૂ પાતળું હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જે વિદ્રધિ પાકેલા ઉમરાના ફળ જેવો કિંવા કાળાશ પડતો, તાવ અને બળતરાથી સહિત હોય, અને જેનું ઉઠવું તથા પાકવું ઉતાવળેથી થાય તે **પિત્તનો** વિદ્રધિ સમજવો. આ વિદ્રધિનું પરૂ પીળું હોય છે.

જે વિદ્રધિ સરાવલા-કોડીઆ જેવો હોય, પાંડુ વર્ણવાળો, ઠંડો, ચીકણો, થોડી વેદનાવાળો અને જેનું ઉઠવું તથા પાકવું ધીરેથી થાય તે **કફનો** વિદ્રધિ સમજવો. આ વિદ્રધિનું પરૂ ધોળું હોય છે.

જે વિદ્રધિ કાળા રાતા તથા પાંડુ વર્ણવાળો હોય, સોયો ભોંકાયા જેવી વ્યથા, બળતરા અને ખરજ આદિ અનેક પ્રકારની પીડાવાળો હોય, જેમાંથી પાતળું પીળું તથા ધોળું ખરૂં વહેતું હોય, અત્યંત ઉંચી અણીવાળો, તથા નીચો, ઉંચો, મોટો અને તેનું પાકવું લાંબા વખતે, થોડા વખતે, ઉંડું, છીછરૂં, ઉંચું તથા નીચું એ રીતે નિયમ વગર હોય તે વિદ્રધિ સન્નિપાતનો સમજવો.

વાગવાના કારણથી ક્ષત થએલ વિદ્રધિનું સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ.

લાકડાં, ઢેફાં કે પથરા વગેરેથી પ્રહાર વાગ્યા છતાં અથવા જેથી લોહી વહે એવો ઘા થયા છતાં જે મનુષ્ય અહિતકારક આહાર વિહાર કરે તેથી તેના અંગમાં થએલા પ્રહારથી અથવા જખમમાંથી લોહીનો ક્ષત થવાનાલીધે કોપ પામેલા વાયુએ વિસ્તારેલી પ્રહારની અથવા જખમની ગરમી લોહીને અને પિત્તને પ્રકોપવંત કરે છે, જેથી તે માણસને તાવ, તરશ અને બળતરા થાય છે. આ આગંતુક-દોષોના કારણ વિના અન્ય કારણોથી થએલ વિદ્રધિનાં લક્ષણો પિત્ત સંબંધી વિદ્રધિનાં લક્ષણો જેવાં હોય છે.

લોહીથી થએલ વિદ્રધિનું લક્ષણ.

જે વિદ્રધિ કાળા ફોલ્લાઓથી વીંટાએલ હોય, કાળો, આકરી બળતરાવાળો, આકરી વ્યથાવાળો, આકરા તાવવાળો અને પિત્તની વિદ્રધિના લક્ષણે યુક્ત હોય તે **લોહીનો** વિદ્રધિ જાણવો.

સ્થાનના ફેરફારપણાથી લક્ષણોમાં ફેરફાર બતાવવા માટે અંતરની વિદ્રધિઓની વ્યાખ્યા.

જ્યારે અન્ન, ન સદે તેવાં, એક એકનો મેળાપ થવાથી દુષ્ટરૂપ થતાં તથા બળતરા કરનારાં અન્નોના ભક્ષણથી, સુકવણીનાં શાક, તથા ખાટા પદાર્થોના ખાવાથી, અતિ મૈથુનથી, આઘાતથી, મળ-મૂત્રાદિના વેગો રોકવાથી, અત્યંત ઉન્હા તથા સ્વાભાવથી કે સંયોગથી થતા વિકારી અન્નપાનોના સેવનથી સામટા અથવા જુદા જુદા દોષો કોપવંત થઇ ગુદાની અંદર, મૂત્રાશય-પેડુના મુખમાં, ડુંટીની અંદર, પેટમાં, સઘળા સાંધાઓમાં, બગલોની અંદર, બરલની અંદર, જમણા પડખાની ગાંઠની અંદર, હૃદયમાં, અને તરશ લાગવાના સ્થાનમાં આ દશ સ્થાનમાં રાફડા જેવા ચારે કોર ઉંચા અને ગોળાના આકારવાળા વિદ્રધિને ઉત્પન્ન કરે છે. જે શરીરની અંદર થાય તે અંતર વિદ્રધિ અને શરીરની ઉપર થાય તે બાહ્ય વિદ્રધિ કહેવાય છે. બાહ્યના વિદ્રધિઓ સમાનજ અંતર વિદ્રધિનાં પણ ચિન્હો જાણી લેવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાન ફેરથી વિદ્રધિઓનાં ચિહ્નોમાં થતો ભેદ.

ગુદાની વાટે વિદ્રધિ થયો હોય તો, અધોવાયુ રોકાઇ જાય છે. મૂત્રાશયના મુખમાં વિદ્રધિ થયો હોય તો પરાણે પરાણે જરાજરા પેશાબ ઉતરે છે. ડુંટીમાં વિદ્રધિ થયો હોય તો, હેડકી તથા અગાસો આવ્યા કરે છે. પેટની અંદર વિદ્રધિ થયો હોય તો, વાયુનો કોપ થાય છે. સાથળના મૂળમાં વિદ્રધિ થયા હોય તો, આકરી રીતે પીડ અને કેડ તણાય છે વા, ઝલાઇ જાય છે. બગલોમાં વિદ્રધિ થતાં પડખાંઓનો સંકોચ થાય છે. બરલમાં વિદ્રધિ થયો હોય તો, શ્વાસ રોકાઇ જાય છે. હૃદયમાં વિદ્રધિ થયો હોય તો, તીવ્ર રીતે સર્વાંગ ઝલાઇ જાય છે અને ઉધરસ થાય છે. યકૃત્–જમણા પડખાના ગોળામાં વિદ્રધિ થયો હોય તો, શ્વાસ તથા હેડકી થાય છે અને તરસ લાગવાના ઠેકાણે વિદ્રધિ થએલ હોય તો, પાણી ઘણુંજ પીવાય છે.

વિદ્રધિઓના સ્રાવના માર્ગો

ડુંટીથી[1] ઉપરના ભાગમાં–બગલ વગેરેમાં થએલ અંતર વિદ્રધિઓ પાકે ત્યારે તેમાંથી નિકળતું પરૂ મુખદ્વારે બાહાર પડે છે અને ડુંટીથી નીચેના ભાગમાં–મૂત્રાશય વગેરેમાં થએલ વિદ્રધિનું નીકળતું પરૂ ગુદદ્વારે બહાર પડે છે તથા ડુંટીમાં થએલ વિદ્રધિ પાકે ત્યારે તેનું પરૂ મુખ અને ગુદા એ બન્ને વાટે નીકળે છે.

બાહાર તથા અંતર વિદ્રધિઓનું સાધ્યાસાધ્ય પણું.

વળી જો વિદ્રધિનું પરૂ કે લોહી ગુદા વાટે ઝરતું હોય તો તે પ્રાણી જીવે છે અને જો વિદ્રધિનું પરૂ કે લોહી મુખવાટે ઝરતું હોય તો તે પ્રાણી મરણને શરણ થાય છે. તેમજ હૃદય, ડુંટી અને મૂત્રાશય એ ઠેકાણે થએલ વિદ્રધિઓ જો બાહાર ફુટે તો કદાચ તે મનુષ્ય જીવે છે, પણ જો તે સ્થાનના વિદ્રધિઓ અંદર ફુટે તો નિશ્ચે તે રોગી રોગનો ભોગ થઇ પડે છે; કેમકે તેઓ મર્મસ્થાન છે.

વળી સન્નિપાત વિનાના અન્ય પાંચ પ્રકારના વિદ્રધિઓ સાધ્ય છે. વિદ્રધિઓનું પાકવું, કાચાપણું કે અધકાચાપણું વગેરે સંબંધી સોજાની પેઠે ચિન્હો વાળી સમજવું.

વળી જો વિદ્રધિવાળા રોગીને પેટનું ચડવું, અશક્તતા, ઉલટી, હેડકી, તરસ, વેદના અને શ્વાસ થયા હોય તો તે રોગીના જીવનની આશા છોડી દેવી.

જો[2] વિદ્રધિ મર્મસ્થાનમાં હોય તે પછી પાકેલો કે કાચો હોય વા મોટો કે નાનો હોય; તદપિ તે સર્વ કષ્ટસાધ્ય છે. તેમાં પણ જો વિદ્રધિ હૃદય, ડુંટી અને પેડુમાં થએલ

૧ **આત્રેયમુનિ** કહે છે કે–નાભિથી ઉપર થએલા અંતર વિદ્રધિઓ ફૂટે છે ત્યારે મનુષ્યના મ્હોવાટે લોહી સહિત પરૂ પડે છે અને નાભિથી નીચે થએલા અંતર વિદ્રધિઓ ફૂટે છે ત્યારે ગુદા વાટે લોહી સહિત પરૂ પડે છે તથા નાભિમાં થએલ વિદ્રધિ ફૂટે છે ત્યારે મુખ અને ગુદા એ બન્ને વાટે પરૂ વહે છે.

૨ **ભોજ** કહે છે કે–મર્મસ્થાનમાં થએલ વિદ્રધિ કાચો કે પાકો હોય તો પણ અસાધ્ય છે. પેડુમાં થએલો પાકેલો હોય તો અસાધ્ય છે. નાભથી ઉપર થએલ વિદ્રધિ પાકો કે કાચો હોય તો પણ અસાધ્ય છે. ત્રિદોષનો સર્વથા અસાધ્ય છે, પણ ચામડીમાં, ડુંટીથી નીચે કે ડુંટીના નજીક હોય તે વિદ્રધિ સાધ્ય જાણવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય પણ તે પાકયો હોય તો અસાધ્ય છે. અને ત્રિદોષનો તો કાચો કે પાકો હોય તો પણ અસાધ્ય છે.

ગોળા અને વિદ્રધિમાં શો ફેર છે?

ગોળો અને વિદ્રધિ સરખા ચિન્હવાળા હોય છે; તો પણ તેને પારખવા માટે તથા ભિનત્વપણા માટે એ નિશાની છે કે, મુઠી જેટલો જણાતો હોય ત્યાં સુધી ગુલ્મ જેવો લાગે છે, પણ તેથી મોટો થાય ત્યારે તેને વિદ્રધિ કહેવામાં આવે છે માટે ગુલ્મ કે વિદ્રધિ તેના ભેદપણાની ખાત્રી કરી ઉપચાર કરવા.

વિદ્રધિ પાકે છે તેનું કારણ શું?

ગુલ્મ કોઠામાં થાય છે અને વિદ્રધિ માંસ તથા લોહીમાં થાય છે એવા કારણોથી વિદ્રધિ પાકે છે અને ગુલ્મ-ગોળો પાકતો નથી.

પ્રસૂતા કે ગર્ભવંતી સ્ત્રીઓના સ્તનની ડીંટડી ઉપર વા સ્તનની નસોમાં કઠણ સોજો ઉત્પન્ન થઇ આવેલ વિદ્રધિના કારણથી કોઇક વખતે તો ધાવણ આવે છે અને કોઇક વખતે આવતુંજ નથી. એનાં લક્ષણો બાહ્ય વિદ્રધિ જેવાં હોય છે. (આ રોગ કુમારીકાઓના સ્તનના છિદ્રો સૂક્ષ્મ હોવાને લીધે થતો નથી.)

વિદ્રધિના ઉપાય.

સર્વ પ્રકારના વિદ્રધિઓ ઉપર જળો મૂકાવવી, અને હલકો રેચ તથા લંઘન હિતકારી છે. જેમાં પિત્તની અધિકતા હોય તે વિદ્રધિ વિના બીજા સર્વ વિદ્રધિઓ ઉપર સ્વેદન કરવું હિતકારી છે. જે વિદ્રધિ પાકયો ન હોય તે ઉપર વ્રણ-ગુમડા સંબંધી સોજાનું ઔષધ ઉપયોગમાં લેવું.

રાતા એરંડાનાં મૂળીઆનો કલ્ક કરી તેમાં ચરબી, તેલ તથા ઘી એઓને મિશ્રકરી જરા ઉનાં કરી તેનો જાડો લેપ કરવો જેથી વાયુનો વિદ્રધિ મટી જાય છે. **અથવા** જવ, ઘઉં અને મગ એઓને ઘીમાં વાટીને લેપ કરવામાં આવે તો ન પાકેલો વિદ્રધિ તાત્કાળ મટી જાય છે. **અથવા** ક્ષીરકાકોલી (એ ન મળે તો આસગંધ લેવી.), વાળો, જેઠીમધ અને રતાંજળી એઓને દુધમાં વાટી ઘી નાખીને જાડો થથેડો કરે તો, પિત્ત સંબંધી વિદ્રધિ મટે છે. **અથવા** ઇંટનો ભૂકો, રેતી, લોઢાનું કીટું અને ગાયનું છાણ એઓને ગાયના મૂત્રમાં ઘુંટી સીજવી રહેવાતો રહેવાતો શેક કરે તો કફનો વિદ્રધિ મટી જાય છે. **અથવા** દશમૂળનો ઉકાળો કરીને તેથી અથવા દશમૂળનો સ્વરસ કરી તેમાં ઘી નાંખી જરા ઉનો કરીને તેથી વિદ્રધિને સિંચન કરે તો વિદ્રધિ તથા વ્રણનો સોજો મટી જાય છે. **અથવા**-રતાંજળી, મજીઠ, હળદર, જેઠીમધ (કે મહુડાં?), તથા સોનાગેરૂ એઓને દુધમાં વાટી લેપ કરે તો લોહીજન્ય અને ક્ષતજન્ય વિદ્રધિ મટે છે. **અથવા** કાળીજીરી, ઇંદ્રવરણું, અને કડવાં તુરીઆં એઓને વાટીને પીએ તો તેથી કોઠામાં થએલો વિદ્રધિ તુરત મટી જાય છે. **અથવા** સરગવાનું મૂળ લઇ તેને પાણીથી ધોઇ, પાણીથી વાટી તેમાંથી રસ કાઢી વસ્ત્રથી ગાળી લઇ તેમાં મધ નાખી પીએ તો અભ્યંતરનો વિદ્રધિ મટી જાય છે. **અથવા** સરગવાની જડના કવાથમાં હિંગ તથા સિંધાલૂણ નાખીને ઘણું કરીને સવારે પીએ તો અંદરનો વિદ્રધિ તુરત મટે છે. **ભવાપ્રકાશ.**

વિદ્રધિનો અધિકાર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રણના સોજાનો અધિકાર.

ગુંબડા-વ્રણના સોજાનું સંખ્યાપૂર્વક સામાન્ય લક્ષણ.

વાયુ, કફ, પિત્ત, ત્રિદોષ, રૂધિર અને પ્રહાર વગેરેથી થએલ એમ છ પ્રકારના વ્રણના સોજા થાય છે. તે પ્રથમ સોજાના અધિકારમાં કહી ગયાછીએ તેવાંજ લક્ષણોથી યુક્ત હોય છે.

વ્રણના સોજાનું વિશેષ રૂપ.

વાયુ સંબંધી વ્રણનો સોજો વિષમ રીતે-ઢંગધડા વગર પાકે છે. પિત્ત વ્રણનો સોજો તુરત પાકે છે, કફ વ્રણનો સોજો લાંબી મુદતે પાકે છે અને લોહી સંબંધી વ્રણનો સોજો તથા આગંતુક વ્રણનો સોજો પિત્ત વ્રણની પેઠે તુરત પાકે છે.

ન પાકેલા વ્રણના સોજાનાં ચિન્હ.

જે વ્રણના સોજામાં ગરમી કમતી હોય, થોડો સોજો હોય, કઠોર હોય, સોજાનો રંગ ચામડીના જેવોજ હોય અને પીડા થોડી હોય તો જાણવું કે સોજો-ગુમડું પાકેલ નથી.

પાકેલા વ્રણસોથનું લક્ષણ.

જે સોજો દેવતા-અગ્નિની પેઠે બળતો હોય, ખારથી જાણે રંધાતો હોય, કીડીઓના ટોળાની પેઠે ચટકા મારતો હોય, શસ્ત્રથી જાણે છેદાતો કે ચીરાતો હોય, લાકડીથી કુટાતો, હાથથી દબાતો, સોયોથી ભોંકાતો અને આંગળીથી ભીંસાતો હોય તેવી વ્યથા કરતો બળતરા યુક્ત હોય, જેમ અગ્નિની પાસે રહેલો પદાર્થ તપ્યા કરે તેમ તપ્યા કરતો હોય, ચામડીના વર્ણથી જુદાજ રંગવાળો થયો હોય, ફુલેલા મૂત્રાશય કે દડાની પેઠે ચામડીના સંકોચથી રહિત હોય, વિંછીના કરડવાથી જેમ સુતાં બેસતાં કે ફિરતાં-ઉભતાં ચેન ન રહે તેમ બેચેનવંત રોગી રહેતો હોય અને તાવ, તરસ, અરૂચિ વગેરેથી યુક્ત હોય તો, જાણવું કે સોજો પાકવા લાગેલો છે.

પાકી ગએલા વ્રણના સોજાનાં ચિન્હ.

જેમાં બળતરા વગેરે દુઃખો સમી ગયાં હોય, સોજામાં લાલાસ થોડી હોય, પાકવા લાગેલા સોજા કરતાં વધારે ઉંચાણ ન હોય, સળ પડતા હોય, મુંઝ્યા જેવું જણાતું હોય, ઘડીએ ઘડીએ ચળ આવતી હોય, તાવ વગેરે સઘળા ઉપદ્રવો મટી ગયા હોય, આંગળી દબાવતાં નમતો કે સ્વાભાવે નમેલો થયો હોય અને ચામડી કાંઈક ફાટી હોય તથા આંગળીથી દબાવતાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સરી જતાં માલમ પડતી હોય અને ભૂખ લાગે તો, જાણવું કે-ગુંબડું પાકી ગયું છે.

જોકે ગુમડું એક દોષથી થએલ હોય; તો પણ પાકવા વખતે ત્રણે દોષો યુક્ત થાયછે; કારણ કે ગુમડામાં વાયુ વગર વેદના હોતી નથી, પિત્ત વગર પાક થતો નથી અને કફ વગર પરૂ થતું નથી એટલાજ માટે સઘળા સોજાઓ-ગુમડાં પાકવાના વખતમાં ત્રણે દોષોથી પાકે છે એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વળી કાળાંતરથી ઉદ્દગ પામેલું પિત્ત વાયુને અને કફને એકઠાં કરી પ્રાણે લોહીને પકાવે છે–એમ પણ કેટલાક આચાર્યોનો મત છે. અર્થાત્ પ્રથમ મતમાં–કફથી પરૂ થાય છે એમ માનેલું છે અને બીજા મતમાં લોહીથી પરૂ થાય છે એમ માનેલું છે એટલો મત ભેદ છે.

પાકેલા વ્રણમાંથી પરૂ ન કાહાડે તો તેથી થતી અડચણો.

જેમ વાયુ પ્રેરિત અગ્નિ ઘાસના બીડમાં દાખલ થઇ પરાણે ઘાસને બાળી ભસ્મ કરે છે તેમ પાકેલા ગુમડામાંથી ન કાહાડેલું પરૂ માંસને, નસોને અને સ્નાયુઓને પણ ખાઇ જાય છે માટે પાકેલા ગુમડાંમાંથી જેમ બને તેમ તુરત પરૂ કહાડી નાંખવા યત્ન કરવો.

વ્રણ કાચું પાકું હોવાનાં લક્ષણો ઓળખવામાં વૈદ્યની થતી પરીક્ષા.

જે વૈદ્ય ગુંબડાને (કાચું છે, પાકવા લાગેલું છે કે પાકેલું છે) એમ ઓળખી શકેછે તે હોંશીઆર વૈદ્ય જાણવો અને બાકીના વૈદ્યોને ચોરના જેવી વૃત્તિ કરનારા સમજવા; કેમ કે તેઓ માત્ર ચોરની પેઠે રોગીનું ધન લુટવું એજ પ્રયોજન સમજેલા છે, પણ ધર્મ, યશ કે મૈત્રતા મેળવવાનું પ્રયોજન સમજેલા નથી. વળી જે વૈદ્ય અજ્ઞાનતાવડે કરી કાચા ગું-બડાને કાપે છે તથા જે વૈદ્ય પાકેલા ગુંબડાને કાપે નહીં અને એમનું એમ રહેવા દે છે એ બન્નેને ચાંડાલ જેવાજ જાણવા; કેમકે તેઓ સમજ્યા વગરની ક્રિયા કરે છે તેથી વ્રણ રોગીનો વિનાશ થાય છે, માટે ગુંબડાને પકવવા, કપાવવા અને રૂઝાવવાના ઉપાયો માટે હોંશીયાર વૈદ્યનીજ ચિકિત્સા યોજવા ખાસ વિચાર રાખવો.

વ્રણના બે ભેદ વિષેનો વિચાર.

શારીરિકવ્રણ અને આગંતુકવ્રણ એવા વ્રણના બે ભેદ છે. શારીરિકવ્રણ વાત પિત્ત કફાદિ દોષોથી થાય છે અને આગંતુકવ્રણ કોઇપણ શસ્ત્રના ઘા અથવા જખમથી ઉત્પન્ન થાય છે. તેના આઠ ભેદ માનેલ છે એટલે વાયુથી, પિત્તથી, કફથી, લોહીથી, વાયુપિત્તથી, વાયુકફથી, કફપિત્તથી અને ત્રિદોષથી એમ આઠ પ્રકારથી વ્રણ થાય છે, તેનાં ક્રમવાર લક્ષણો નીચે પ્રમાણે છે.

વાયુથી ઉત્પન્ન થએલું વ્રણ—ગુંબડું—નાસુર તાજુંજ રહે છે, હાથ અડાડવાથી કઠોર જણાય છે, તેમાંથી પરૂ થોડું વહે છે, અને શણકા વધારે આવે છે તથા તેમાં સોયો ભોંકાયાજેવી તીવ્ર પીડા થાય છે અને તેમાં ધબકારો—લપકારા થાય છે તે વાતજવ્રણ કહેવાય છે. તેનો રંગ કાળો હોય છે.

પિત્તથી થએલું વ્રણ—તરશ, મૂર્છા, તાવ, તથા રસીનું વહેવું, બળતરા, ચીરાપડવા, વાસ મારવી, અને ખરાબ ગંધ સહિત પરૂનું નીકળવું વગેરે વગેરે લક્ષણોએ યુક્ત હોય છે.

કફથી થએલ વ્રણમાંથી રસી વહ્યા કરે, તે રસી ચીકણી, ભારે, તેલનાજેવી, સ્થિર, મંદ પીડાકારક, પીળી—ધોળી પાંડુરંગની હોય છે. આ વ્રણમાંથી રસી થોડી નીકળે છે અને પાકતાં વિશેષ વાર લાગે છે.

લોહીજન્યવ્રણ લોહીજેવા રંગનું, અને તેમાંથી લોહી વહ્યા કરે છે.

જેમાં વાયુપિત્તનાં, વાયુકફનાં અને કફપિત્તનાં એમ બબે દોષનાં ચિન્હો હોય તે દ્વંદ્વજ અને જેમાં ત્રણે દોષનાં ચિન્હો મળેલાં હોય તે ત્રિદોષ વ્રણ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધવ્રણનું લક્ષણ.

જે વ્રણ જીભના નીચેના ભાગ જેવું દેખાવમાં હોય, અત્યંત કુણું, નિર્મળ, ચીકણું, લીસું, થોડી વેદનાવાળું, વગર ઉપસેલું અને જેમાંથી દોષો કે પરૂનું વહેવું થતું નથી એવું વ્રણ હોય તે વ્રણને શુદ્ધવ્રણ જાણવું.

દુષ્ટવ્રણનું લક્ષણ.

જે વ્રણમાંથી ગંધાતુ પરૂ નીકળતું હોય, બગડેલું લોહી વહેતું હોય, વધારે રસીવાળું, ઉપસેલું, અંદરથી પોલું અને લાંબા વખત સુધી ન મટતાં જેમનું તેમ વ્યથાવાળું રહે તે દુષ્ટવ્રણ કહેવાય છે.

અંકુર આવવાની હાલતમાં આવેલા વ્રણનું લક્ષણ.

જે વ્રણની આજુ બાજુની કોર હોલાના રંગ જેવી સ્થિર અર્થાત્ તે કોર વધતી ઓછી ન થતાં તેટલીજ રહે તથા જેમાં ફણગા ફુટી નીકળે છે અને પરૂ ન વહેતું હોય તો જાણવું કે હવે વ્રણ ભરાવાની સ્થિતિ ઉપર આવ્યું છે.

ભલી રીતે ભરાયલા વ્રણનાં ચિન્હ.

જે વ્રણમાં સારી પેઠે માંસના અંકુરા ફૂટતા હોય, ગાંઠા રહિત, સોજા વગરનું, શણકા બંધ પડેલ અને ચામડીના જેવો વ્રણનો રંગ થઇ ગયો જણાય તથા તેમાંનો ઉંડાણ ભરાઇ આવી હોય ત્યારે જાણવું કે હવે વ્રણ-ગુમડાં-ઘા સારી પેઠે ભરાઇ આવેલ છે.

સુખસાધ્ય વ્રણનાં લક્ષણ.

જે વ્રણ હૃદયાદિ મર્મસ્થાનમાં ન થતાં ચામડી અને માંસમાં થાય છે તથા જેમાં તાવ, તરશ, વગેરે એકે ઉપદ્રવ રોગીને પીડાકારક હોય નહીં તેમજ હેમંત, શિશિર વગેરે સુખકારક ઋતુઓમાં બુદ્ધિમાન્ પુરૂષને નવીનજ થએલ હોય તે સુખસાધ્ય વ્રણ જાણવું, પણ ગાંડા માણસને થએલું હોય તો સુખસાધ્ય જાણવું નહીં.

વ્રણનું અસાધ્યપણું.

જે વ્રણ વાત પિત્ત કફાદિ ગમે તે દોષમાંથી ઉત્પન્ન થએલ હોય, અને તેમાંથી ચરબી, મેદ, મજ્જા તથા મસ્તકમાનું સ્નેહ વહેતું હોય કે ગળતું હોય તો તે અસાધ્ય જાણવું. વળી જે કોઢ-રક્તપિત્તવાળો, ઝેર ખાનાર, ક્ષયી, મધુપ્રમેહી કે પ્રમેહના વ્યાધિવાળાને જો વ્રણ થયું હોય તથા જેને વ્રણ થયું છે છતાં તેમાં બીજું વ્રણ થઈ આવે તો તે અસાધ્ય વા, કષ્ટસાધ્ય છે. તથા જે વ્રણ, મર્મસ્થાનમાં થએલ હોય, અતિ પીડાકારક, ઉપરથી શીતળ અને અંદર ઘણી બળતરાવાળું હોય, તેમજ બળ, માંસ નાશ પામી શ્વાસ, ઉધરસ, અરૂચિ વગેરે દુઃખદાયી ઉપદ્રવો થઇ આવે તથા તેમાંથી પરૂ લોહી વધારે ઝરતાં હોય તેમજ ઔષધોપચાર સારી પેઠે કરતાં છતાં પણ આરામ થતો ન હોય તો, તેવાં વ્રણ અસાધ્ય છે.

આગંતુક વ્રણમાંથી ચરબી, મેદ, મજ્જા કે માથામાંના સ્નેહ જેવા વર્ણવાળું પરૂ વહેતો તે સારૂં ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગંતુક વ્રણ સંબંધી વિવેચન.

અનેક પ્રકારનાં અણી–ધાર તથા મુખવાળાં જીવ લેનારાં શસ્ત્રો અથવા હથિયારો છે, તેઓના વાગવાથી શરીરના જુદા જુદા ભાગોમાં અનેક પ્રકારનાં જે વ્રણો–ઘા થાય છે તેને આગંતુક વ્રણ કહે છે.

શસ્ત્રોથી થતાં ૭ પ્રકારનાં વ્રણોના લક્ષણો—એટલે છિન્ન, ભિન્ન, વિદ્ધ, ક્ષત, પિચ્ચિત અને ઘૃષ્ટ એમ ૭ ભેદ છે. તેનાં અનુક્રમે લક્ષણો નીચે પ્રમાણે:—

જે વ્રણ આડું, ત્રાંસું, અથવા તિરકસીઆ જેવું, સિધું–પાંસરૂં અને લાંબું હોય અર્થાત્ તેવી આકૃતિએ ઘા વાગ્યો હોય તે વ્રણને **છિન્ન** વ્રણ કહે છે.

જે બરછી, ભાલો, બાણ–તીર, તરવારની અણી અને કોઇ પ્રાણીના દાંત, નખ, શીંગડાના વાગવાથી શરીરમાંનું સ્થાન ભેદાઇ થોડું લોહી નીકળે તેના ઘાને **ભિન્ન** વ્રણ કહે છે. આ વ્રણમાં આશયના[1] કપાવાથી લોહી વહે તે લોહીથી કોઠો–ઉદર ભરાઇ જાય ત્યારે તે લોહીથી ભરેલું પેટ તાવ અને બળતરાને ઉત્પન્ન કરે છે. પછી તે લોહી મૂત્રેંદ્રિય વા, ગુદા દ્વાર, કે મુખ તથા નાકની વાટે નીકળે છે અને તેથી મૂર્છા, શ્વાસ, આફરો, તરશ, તથા અરૂચિ ઉત્પન્ન કરે છે, મળ–મૂત્ર તથા વાયુનું રોકાણ થાય છે, પરસેવો આવે છે, આંખ્યો રાતી થાય, મ્હોંમાંથી લોહીની વાસના આવે, શરીરમાં દુર્ગંધ, હૈયા તથા પડખાઓમાં શૂળ નીકળે છે. વગેરે વગેરે ઉપદ્રવો થાય છે.

જે ઝીણી અણીની–ધારવાળાં હથીઆરોના ફેંકવાથી શરીરના આશય વિના બીજો કોઇપણ ભાગ વિંધાઇ જાય તેથી તે ભાગ તેવા જખમથી ઉતરડાઇ ગયો હોય; જોકે તેમાંથી શલ્ય તો નીકળી ગયું હોય; તદપિ નીકળી ગયેલા શલ્યના જેવો ઘા પડે છે તેને **વિદ્ધવ્રણ** કહે છે.

શરીરનું જે અંગ બહુ છેદાયા ભેદાયા ન છતાં તે અંગ વિશેષ છેદાયા ભેદાયા વ્રણનાં લક્ષણોવાળું જણાય અને તે ઉપર થએલું વ્રણ વાંકુ ચુકું હોય તેને **ક્ષતવ્રણ** કહે છે.

ઘણું કરીને તે ઘા કાળો, સોજા સહિત, તથા ફોલ્લિઓથી વીંટાયલ, અને તેમાંથી વારંવાર લોહી વહ્યા કરતું હોય, તથા ઘા પોચો છતાં જરા ઉપસેલ હોય અને પરપોટીઓની પેઠે જેના ઉપર માંસના અંકુર આવી રહ્યા હોય તથા પીડા સહિત હોય, તો જાણવું કે, તે ઘામાં શલ્ય–કાંટો, કાંકરો, લાકડું, લોઢું કે કાચ વગેરે અંદર રહી ગએલ છે અને કેટલાક **સશલ્યજ**વ્રણ પણ કહે છે.

જેમાં હાડકાં સાથે શરીરના કોઇ ભાગ ઉપર એકાદ જબરો શસ્ત્રનો માર વાગ્યો હોય અથવા કોઇ ભીત, પથરા, કે ભાર નીચે ખુબ ચગદાયો હોય તેથી તે ભચડાઇ ચીરાઇને પોહોળું થઇ જાય છે અને તેમાંથી તેજ વખતે મજ્જા સાથે લોહી વહેવા માંડે છે તેને **પિચ્ચિતવ્રણ** કહે છે.

શરીરનો કોઇપણ ભાગ સારી પેઠે ઘસાયો હોય છોલાયો હોય કે તેના ઉપર કાંઇ વાગવાથી તે જગ્યોની આખી ચામડી નીકળી ગઇ હોય અને તેમાંથી બળતરા બળી થોડું થોડું લોહી વહેવા લાગે તેને **ઘૃષ્ટવ્રણ** કહે છે.

---

[1] આંતરડાં, જઠરાગ્નિનું સ્થાન, હોજરી, પેસાબનો ફુકો, કાળજું, રક્તાશય, બરલ, હૃદય, મળાશય અને ફેફસાં આ સ્થાનો આશય એટલે કોઠાની સાધારણ સંજ્ઞાથી ઓળખાય છે.

માધવનિદાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચામડીની અંદર આવેલી રગો અથવા નસોને અર્થાત્ સાતે ચામડી અને નસોને કાપી-ભેદી કે આધી પાછી કરી નાંખી જે શલ્ય કોઠામાં પેસે છે તેનાથી નીચે વર્ણવેલા ઉપદ્રવો થાય છે-એટલે આફરો, તથા વ્રણના મુખમાં અન્ન, મળ-મૂત્રને લઇ બાહાર નીકળે તો, જાણવું કે કોઠામાં શલ્ય છે.

જે વ્રણના રોગીનું લોહી અંદરથી એકઠું થઇ રહ્યું છે અર્થાત્ બાહાર વહી ગયું નથી તેવો વ્રણરોગી પાંડુ રંગવાળો-પીળો થઇ ગયો હોય, જેના હાથ પગ હિમ જેવા ટાઢા હોય, નાકથી નીકળતો શ્વાસ ટાઢો, આંખ્યો લાલ અને પેટ વખતો વખત ચઢી આવે તો તેવા વ્રણ રોગીની જીવવાની આશા છોડી દેવી.

માંસ, નસો, સ્નાયુ, હાડ અને સાંધાઓ ઉપર થતાં કે વ્રણોની અસર પહોંચતાં થતાં સામાન્ય લક્ષણો.

ફેર, બકવા, તમર ખાઇ નીચે પડવું, મન, ઇંદ્રિયો શુદ્ધિ રહિત વા મોહવંત થઇ જાય, ચેત જતું રહે, ગ્લાનિ, ઉષ્ણતા-બળતરા, અંગમાં શિથિલતા, અત્યંત પીડા, શ્વાસ, મૂર્છા, ઉર્દ્ધવાત વા વાતજનિત આકરી પીડા થવી, માંસના ધોવણ જેવું શરીરમાંથી લોહીનું વહેવું, સર્વ ઇંદ્રિયોના સ્વાભાવિક ધર્મ-વ્યવહાર બંધ પડી જવાથી આકુલવ્યાકુલતા થવી વગેરે વગેરે ઉપદ્રવો માંસ, નસો, સ્નાયુ, હાડ અને સાંધાઓ ઉપર કોઇપણ પ્રકારનો ઘા વાગવાથી થાય છે.

મર્મ રહિત નસોને ક્ષત થતાં કે વિંધાતાં તેમાંથી ઇંદ્રધનુષ જેવું કે મમોલા (ચોમાસામાં લાલ મુખમલના રંગ જેવા નાના જીવ થાય છે તે મમોલા-મામાની ગાય, સાવણુકીડોકરી, બીરબહોટી, ઇંદ્રગોપ, ઇંદ્રવધુ વગેરે વગેરે નામોથી ઓળખાય છે, દેશ પ્રસિદ્ધ છે તે) જંતુના રંગ જેવું લાલ લોહી ઘણુંજ વહેછે અને આ પ્રકારે પુષ્કળ લોહીનો નાશ થવાથી વાયુ કોપ પામી આક્ષેપાદિ અનેક જાતના રોગોને ઉત્પન્ન કરે છે તેને મર્મ રહિત શિરાદિ વિદ્ધિકા કહે છે.

સ્નાયુ વિદ્ધનાં લક્ષણ—શરીરની સ્નાયુ વિંધાતાં વાત સંબંધી કુબ્જ-કુબડાપણાનો રોગ થાય છે. શરીરમાંના અવયવો પાતળા થઇ જાય છે, રોગી કામ કરવામાં અશક્ત થાય છે, અત્યંત વેદનાયુક્ત અને લાંબી મુદતે ભરનારો જખમ હોય છે. આ લક્ષણો જણાય ત્યારે જાણવું કે સ્નાયુ ક્ષત થએલ છે.

સંધિ વિદ્ધનાં લક્ષણ—શરીરના ચણીઆળા-મજાગરાની પેઠે ફરતા, વળતા અથવા સ્થિર હાડકાંઓના સાંધા કપાતાં કે વિંધાતાં તે જખમ ઉપર સોજો આવે છે તેમાં ન સહન થઇ શકે તેવી આકરી પીડા થાય છે, શક્તિનો નાશ થાય છે. સાંધાઓમાં સોયો ભોંકાયા જેવી વ્યથા થાય છે, તેમાં સોજો હોય અને કોઇપણ કામ કરી શકાય નહીં તો જાણવું કે સાંધો વિંધાયો છે તેથી ક્ષત થએલ છે.

અસ્થિ વિદ્ધનાં લક્ષણ—જેના શરીરમાં અહર્નિશ અતિ ભયંકર બેસુમાર પીડા થાય તથા જાગતાં, સુતાં, બેસતાં કે હરતાં ફરતાં જરાપણ કળવળે નહીં તો, જાણવું કે હાડકું વિંધાયલું છે.

શિરાદિ મર્મસ્થાન વિદ્ધનાં લક્ષણ—મર્મ એટલે હાડ વા સંધિસ્થાન ઉપર પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હાર અથવા ઘા થતાં જે મર્મ રહિત શિરા-રગોના ક્ષતનાં જેવાં ઉપર લક્ષણો કહ્યાં છે તેવાંજ લક્ષણો હોય છે; પરંતુ આમાં એટલું વિશેષ છે કે-તે લક્ષણો સામાન્ય રીતે થાય છે.

માંસમર્મ વિદ્ધનાં લક્ષણ--માંસમર્મની જગા ઉપર વિદ્ધ થતાં-વીંધાતાં રોગીના શરીરનો રંગ પાંડુ-પીળો થઇ જાય છે અને તેની સ્પર્શેંદ્રિયો નષ્ટ થઇ જાય છે.

વ્રણ માત્રના સામાન્ય ઉપદ્રવો.

વિસર્પ, પક્ષઘાત, શિરાસ્તંભ, અપતાનક, મોહ, ઉન્માદ, તાવ, વ્રણપીડા, તરશ, હનુગ્રહ, ઉધરસ, ઉલટી, અતીસાર, હેડકી, શ્વાસ અને કંપારો આ સોળ ઉપદ્રવો વ્રણના અંગે રહેલા છે.

અગ્નિદગ્ધ-દેવતાથી દાઝેલાનાં લક્ષણ.

અગ્નિદગ્ધના બે ભેદ છે-એટલે એક તો ઉકળેલા તેલ ઘી વગેરે પ્રવાહી પદાર્થોથી દાઝવું અને બીજું તપાવેલું લોઢું તથા દેવતાથી દાઝવું એમ બે પ્રકાર છે; પરંતુ તેના અંતર્ગત બીજા પણ ચાર પ્રકાર છે તે નીચે પ્રમાણે.

પુષ્ટદગ્ધ, દુર્દગ્ધ, સમ્યક્ દગ્ધ અને અતિદગ્ધ-આવા ચાર ભેદ છે એટલે જે દેવતાથી દાઝી ગયું હોય અને શરીરનો વર્ણ વિચિત્ર પ્રકારનોજ બની ગયો હોય તેને **પુષ્ટદગ્ધ** કહે છે. દાઝેલાના શરીરમાં બળતરા થાય, પીડા ઘણી હોય, ફોલ્લા ઉઠી આવે અને તે ઉપર રૂઝ મોડી આવે તેને **દુર્દગ્ધ** કહે છે. બળેલું શરીર તાંબાના રંગ જેવું થઇ જાય, બળતરા બહુજ થાય, પીડા વિશેષ ફેલાય નહીં તેને **સમ્યક્દગ્ધ** કહે છે. અને જેનું માંસ લટકી પડયું હોય ગાત્ર વીંખાઇ શરીરથી જુદું થયું હોય, શિરા, સ્નાયુ, હાડ, સંધિસ્થાન વગેરે દાઝી જતાં તેઓમાં ત્રુટફાટ થઇ હોય તથા તાવ, બળતરા, તરશ, મૂર્છા થઇ આવે અને શરીરનો વર્ણ બદલી જાય તથા રૂઝ મોડી આવે તેને **અતિદગ્ધ** કહે છે.

દોષોથી થએલા શારીરિક વ્રણના ઉપાય.

વ્રણસોથ શારીરિકવ્રણ કિંવા સર્વ પ્રકારના વ્રણો ઉપર ૧૧ પ્રકાર મુખ્ય પ્રકારે કહેલા છે. જો કે ચરક અને સુશ્રુતમાં તો વ્રણના ઉપાય ૬૦ પ્રકારે કરવા એમ કહેલ છે; તદપિ તે સર્વનું વિવેચન કરતાં ગ્રંથના કદમાં વધારો થઇ જાય માટે મુખ્ય ૧૧ પ્રકાર છે તે અત્રે ગ્રહણ કર્યા છે, તે એકે-પ્રથમ વ્રણનો સોજો ઉતરી જાય તેવો લેપ કરવો, પછી સોજાના ઉપર ક્વાથ વગેરેનું ઉનુંપાણી ઝારવું-ધીરે ધીરે રહેવાય તેમ તેઉપર ધાર કરવી. પછી સોજાને ચોળી કરમાવી નાખવો. તેપછી સોજામાંથી લોહી કઢાવવું. તે પછી સોજાની ઉપર થોડાં થોડાં ઉનાં ઔષધો લુગડામાં બાંધી તેનો બફારો દઇ પરસેવો લાવવો. તે પછી સોજાને પકવવા માટે ઔષધોપચાર કરી પકાવવો. તે પછી સોજાને શસ્ત્ર-નસ્તરથી કે ઔષધ યોગથી ચીરી નંખાવવો. તે પછી સોજાને-ગુમડાને અંગુઠાથી દબાવી તેમાંનું પરૂ કાહાડી નાખવું અથવા પરૂને ખેંચીને કાહાડે તેવા ઔષધોનો જાડો ખરડ કરવો. તે પછી તેને ઔષધોના ક્વાથ વગેરેથી સાફ કરવું; તે પછી તેમાં રૂઝ આવે તેવા ઉપાય કરવા. અને તે પછી વ્રણ થયા પહેલા જેવો ચામડીનો વર્ણ હતો તેવો ફરી થાય તેવા ઉપચાર કરવા. આ પ્રમાણે આગીયાર પ્રકાર ઉપયોગમાં લેવા.

સોજાને શાંત કરનારા લેપો.

જેમ લાહ્ય લાગી હોય અને લાહ્યને પાણી તુરત ઓલવી શકે છે તેમ લેપો પીડાને તુરત શાંત કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બીજોરાનાં મૂળ, જટામાંસી, દેવદાર, સુંઠ, રાસ્ના, અને અરણી એઓને વાટી તેનો લેપ કરવો જેથી વાયુ સંબંધી સોજો મટીજાય છે.

ઘી, બરનાં મૂળ, પદ્મક, કેસર, વાળો, પીળો વાળો અને કમળ એઓનો લેપ કરવાથી પિત્તનો સોજો મટી જાય છે. **અથવા** પાંચ પ્રકારનાં ક્ષીર-દુધ વૃક્ષનાં-વડનું મૂળ, ઉંબરાનું મૂળ, પીપળાનું મૂળ, પીપરનું મૂળ, અને નેતરનું મૂળ અથવા એ પાંચેની છાલ લઇ વાટી ઘીમાં મેળવી (ઔષધોના દશમા ભાગે ઘી લઇ) લેપ કરે તો, પિત્તનો સોજો મટી જાય છે.

મરડાશીંગ, વગડાઉ તુલસી (આપચીઆબથી), મજીઠ, ચોપડેદેવદાર, કાળુંનસોતર, અને આસગંધ એઓનો લેપ કફના સોજાને શાંત કરે છે. **અથવા** પીપર, જુનો ખોળ, સરગવાની છાલ, રેતી અને હરડે એઓને ગાયના મૂત્રમાં વાટી જરા ઉનાંકરી લેપ કરે તો કફનો સોજો શાંત થાય છે.

લેપ કરવાની રીત.

લેપ રાતે[૧] કરવો નહીં, લેપ કરતાં કે કરેલો લેપ અંગ ઉપરથી ખરી પડે તો તેજ ઔષધે ફરી લેપ કરવો નહીં, જે એકવાર લેપ કર્યો હોય તે ઉપર ફરી બીજો લેપ કરવો નહીં. લેપ કરવાનાં ઔષધોનો કલ્ક રાતવાસી રહ્યો હોય તેનો લેપ કરવો નહીં અર્થાત્ તૈયાર કરેલ લેપ રાતવાસી થયા પછી લેપના કામમાં લેવો નહીં; અને લેપ સુકાઇ ગયા પછી ફરીને ઉપર લેપ કરવો નહિ તથા સુકાયલા લેપને ખેરવવો પણ નહીં. જે સોજો ન પાકતો હોય, ગંભીર સોજો હોય, તથા લોહી કે પિત્તથી થએલ સોજો હોય તે. એઓની ઉપર, ચતુર વૈદ્યોએ રાત્રે લેપ કરવા મનાઈ કરેલ છે છતાં પણ લેપ કરવો.

સોજાની ઉપર ક્વાથ વગેરેનાં સિંચન.

વાયુનો નાશ કરનારાં ઔષધોના ક્વાથથી, **અથવા** તેલથી, માંસના રસોઓથી, ઘી અને કાંજીથી અર્થાત્ એઓને ઉનાં કરી તેથી વ્રણના સોજાને ઝારે તો વાયુનો સોજો મટી જાયછે.

પિત્તથી, લોહીથી કે ક્ષતથી સોજો થયો હોય તો, તેના ઉપર ઠંડા ઉપચારો ઉપયોગમાં લેવા એટલે ઔષધોના રસોથી, દુધથી, ઘીથી, મધથી, ખાંડથી, શેળડીનારસથી અને પિત્તનો નાશ કરનાર ઔષધોના ક્વાથોથી સિંચન કરવું-ઝારવું.

કફના સોજામાટે કફનો નાશ કરનારાં ઔષધોના ક્વાથથી, તેલોથી, ક્ષારોથી, પાણી અને ગોમૂત્રથી અર્થાત્ એઓને ઠંડાં રાખી તેના ઉપર ધાર કરવી જેથી કફનો સોજો મટી જાયછે.

સોજાને ચોળીને કરમાવી નાખવાનો વિધિ.

વ્રણના સોજાને અંગૂઠા વગેરેવડે કરીને મસળીને પરસેવો લાવવો. **અથવા** આ-વ્રણનો સોજો કઠણ હોય તો ધીરે ધીરે કરમાવવા માટે સોજા ઉપર માલેસ કરી બાફ આપીને આસ્તે આસ્તે વાંસની નળીવતે કે હાથના તળાવતે વા અંગૂઠાથી ધીમે ધીમે ચોળવો. જેથી પરસેવો આવે છે અને સોજો નરમ પડે છે.

સોજામાંથી લોહી કાહાડવાનો હેતુ.

વિચિત્ર વર્ણવાળો કે કાળો વિશેષ પીડા સહિત જે સોજો હોય અથવા ઝેરી જ-

[૧] અંધારાથી ઠંડાવલી ભારે ગરમી જો લેપ કર્યો ન હોય તો રૂંવાડાંના છીદ્રોમાંથી બાહાર નીકળે છે અને જો લેપ કરેલો હોય તો તે ગરમી બાહાર નીકળી શકતી નથી માટે રાત્રીએ લેપ કરવો નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાવરોના ડંખનો સોજો હોય તથા તુરતના ઉત્પન્ન થએલા સોજાની પીડાને શાંત કરવા અર્થાત્ ન પાકવા દેવા માટે તે સ્થળે જળો મૂકાવવી અથવા તો શીંગડી કે અસ્તરાવડે લોહી કઢાવવું; કેમકે પીડાનું મૂળ લોહી છે અને જો લોહીજ તેમાં ન હોય તો પીડા થતીજ નથી " **मूलो नास्ति कुतो शाखा ?** " એ માટે અવશ્ય લોહી કઢાવવું. એક બાજુ- એ સઘળી ક્રિયાઓ મળી જેટલું કામ કરે છે તે સઘળું કામ એકલું લોહી કાઢવાથીજ થાયછે.

સોજા ઉપર થોડાં ઉનાં ઔષધો લુગડામાં બાંધી બફારો દેવાના પ્રકાર.

જો સોજો કાચો હોય અથવા પાક ઉપર આવવા લાગ્યો હોય તો તેના ઉપર ઉપનાહ સ્વેદ કરવો, જેથી તે સોજો કાચો હોય તો શાંત થઇ જાય છે અને પાકવા લાગેલો હોય તો તુરત પાકી જાય છે. "માટે દશમૂળ, કાંસકી, રાસ્ના, આસગંધ, એરંડાનું મૂળ, અથવા એરંડા, નગોડ અને સાટોડી એઓનો ગરમ લેપ કરવો."

અથવા-સરગવો, પીપર, સિંધવ, કપાસીઆ, સુંઠ, શણનાં બીજ, અળસી, કળથી, તલ, જવ, સરસવ, કાળી તુળસી, મૂળાનાં બીજ અને સવા એઓમાંથી જેટલા પદાર્થો મળી આવે તેટલાને લઇ ખાટા રસમાં વાટી ચટણી જેવા બનાવી જરા ઉના કરી લુગડામાં બાંધી આસ્તે આસ્તે વ્રણના સોજા ઉપર વિધિ પ્રમાણે બફારો આપવો, જેથી વાયુનો સોજો નિશ્ચે શાંત થઇ જાય છે. આ **શોભાંજનાદિ ઉપનાહ સ્વેદ** કહેવાય છે.

અથવા સાટોડીનું મૂળ, દેવદાર, સુંઠ, સરગવો, અને સરસવ એઓને ખાટા રસમાં વાટી ઉનાં કરી રહેવાય તેવો ઉનો લેપ કરવો જેથી સર્વ પ્રકારના સોજા મટી જાય છે. આ **પુનર્નવાદિ લેપ** કહેવાય છે.

વ્રણના સોજાને પકવવાનો વિધિ.

જો વ્રણનો સોજો લેપ વગેરેના કરવાથી પણ શાંત ન થાય તો તે ઉપર પાચનીય(પકવી નાખે તેવા) પદાર્થો બાંધવા-એટલે શણનાં બીજ, મૂળાનાં બીજ, સરગવાની શીંગો કે બીજ, તલ, સરસવ, અળસી, સાથવો અને ક્ષાર કહાડવાનો જાવો **અથવા**-જવ, ઘઉં, લીંબડાનાં પાન વગેરે વગેરે ગરમ પદાર્થો પકાવી ગરમા ગરમ વ્રણ ઉપર બાંધે તો, વ્રણસોથપાકી જાયછે.

પાકેલા વ્રણસોથ-સોજાને શસ્ત્ર વા ઔષધોથી ફાડવાનો પ્રકાર.

જે વ્રણસોથમાં રસી થઈ ગઇ હોય, વાંકા ન હોય અને કોતરવાળા હોય તો તેઓનું તથા ભગંદરોનું શસ્ત્રવતે કે ઔષધ ક્રિયાથી ભેદન કરવું જોઇએ; કારણ કે ફોડી નાંખી તેમાંથી રસી દાબીને કહાડી નાંખવી એજ ફાયદાકારક છે. શસ્ત્રક્રિયા કોઇ ચતુર વૈદ્યના હાથથી કરાવવી; કેમકે શસ્ત્રથી વિંધ કે ચીરવાના સંબંધમાં તથા કેટલો ઉંડો, કેટલો પહોળો ચીરો દઇ અંદરની બલા કાઢી નાખવી તે મૂર્ખ-લેભાગુ વૈદ્યોના જાણવામાં હોતી નથી માટે શસ્ત્રક્રિયામાં કુશળ હોય તે પાસે શસ્ત્રક્રિયા કરાવવી. તેમાં પણ એવો અપવાદ છે કે- જે વ્રણરોગી બાળક, વૃદ્ધ, શસ્ત્રના ઘાતને ન ખમી શકે તેવા માણસો, ક્ષીણ મનુષ્યો, બીકણ અને સ્ત્રીઓ એઓને મર્મસ્થાનોમાં વ્રણ-ગુમડાં થયાં હોય તો તે વ્રણોને ઔષધો- ના લેપથી ફાડી નાખવાં, પણ શસ્ત્રક્રિયા ઉપયોગમાં લેવી નહિ. માટે કરકચનું મૂળ, રાતા ચિતરાનું મૂળ, નેપાળાનું મૂળ, લોઢામાં, કશેર અને હોલાની, કાગડાની તથા ગરજણની

For Private And Personal Use Only

ક્ષાર એઓનો લેપ કરવાથી વ્રણનો સોજો ફાટી જાય છે, અને રસી એનીમેળેજ નીકળી જાય છે. **અથવા** ખારા પદાર્થો જેવા કે અંધાડાનો ખાર, સાજીખાર, જવખાર વગેરે પદાર્થના લેપથી વ્રણ ફુટી જાય છે. **અથવા** તે વ્રણ બહુજ કઠણ હોય તો હાથી દાંતના વેર-ભૂકાને પાણીમાં વાટી તેનું એક ટીપું વ્રણ ઉપર મૂકે તો તેથી કઠણ ગુમડાના સોજાને ભેદી નાખી રસીને બાહાર કાઢી દેછે.

સોજાને દબાવી રસી કાહાડવાના ઉપચાર.

જો વ્રણમાં રસી થઇ ગઇ હોય, પણ મર્મસ્થાનમાં હોય તો તે ઉપર શસ્ત્રક્રિયા ન કરતાં ઔષધોપચાર કરી ફાડી નાખવું જોઇએ; માટે ચીકણી ઔષધીની છાલ કે ચીકણા પદાર્થો તથા ચીકણાં મૂળીયાં વાટીને ચોપડવાં **અથવા** જવ, ઘઉં અને અડદ એઓનો ઝીણો લોટ કરી તેઓની પોટીસ બનાવી સ્હેવાતી સ્હેવાતી વ્રણ ઉપર બાંધે તો તેથી સોજો દબાય છે. **અર્થાત્** વ્રણને ખેંચ કરી માંહેની રસીને દબાવી બાહાર કાહાડી દે છે. પણ સોજો દબાવવા માટે આવા લેપ કરવા વખતે જ્યાં ફુટે તેવું નિશાન જણાતું હોય તે ભાગને ખુલ્લો રાખી લેપ કરવા તથા તે લેપને બરોબર સુકવા દેવો, જેથી અંદરની રસીને ખેંચી તુરત બાહાર કહાડે છે.

વ્રણને શોધવા-સાફ કરવાના ઉપાય.

વ્રણમાંથી પરૂ નીકળી ગયું હોય ત્યાર પછી કડવા પરવળ અને લીંબડાના પાનડાં એઓનો ક્વાથ કરી તે વ્રણને ધોવામાં આવે તો તેથી વ્રણ-ગડ-ગુંબડ-ઘા સાફ થઇ જાય છે.

વાયુના વ્રણને દશમૂળના ક્વાથથી ધોવાં, પિત્તના વ્રણને વડ, ગુલર વગેરે પાંચ ક્ષીર વૃક્ષના ક્વાથથી ધોવાં. કફના વ્રણને ગરમાળા વગેરેના ગણથી ([1]આરગ્વધાદિ ગણ) ના ક્વાથથી ધોવાં, તેથી સાફ થઇ જાય છે.

પીપળો, ઉંબરો, પીપર, વડ અને નેતર એઓના ક્વાથથી વ્રણના સોજાને અને ચાંદીને ધોવાથી સાફ થઇ જાય છે. **અથવા** તેલ, સિંધાલૂણ, જેઠીમધ, લીંબડાનાં પાનડાં, હળદર, દારૂહળદર અને નસોતર એઓને વાટી ઘીમાં મેળવી વ્રણ ઉપર લેપ કરવાથી વ્રણ સાફ થાય છે. **અથવા** એકલા ઉપરસારીના મૂળનો લેપ કરવાથી સર્વ જાતનાં વ્રણ શોધાય છે. **અથવા** લીંબડાનાં પાનડાં, તલ, નેપાળાનું મૂળ, નસોતર, સિંધાલૂણ અને મધ એઓનો લેપ કરવાથ. દુષ્ટ વ્રણ-ખરાબ-હઠીલાં ગુંબડાં પણ આ સર્વોત્તમ પ્રકારથી શાંત અને સાફ થાય છે. **અથવા** લીંબડાના પાનડાંને ઝીણાં વાટી તેનો લેપ કરવાથી વ્રણ સાફ થાય છે, રૂઝલાવે છે અને ખાવાથી ઉલટી, અગ્નિમંદતા, પિત્ત, કફ તથા કરમીઆનો નાશ કરે છે. તેમજ લીંબડાના પાનડાંની ઝીણી વાટેલી લુગદી વ્રણના મુખમાં રાખવામાં આવે તો તેથી મર્મસ્થાનમાં અને સાંધાઓમાં થએલ ઝીણાં કે ઝીણા મ્હોંવાળાં ગુમડાં-વ્રણ સાફ થઇ જાય છે. **અથવા** હરડેદળ, નસોતર, નેપાળાનું મૂળ, હલગરનું-વદરાડીવાનું મૂળ, બે ભાગ ચોખુ મધ, સેંધવ, લીંબડાનાં પાન, ઘી, દારૂહળદર, અને જેઠીમધ એઓની દીવટ અથવા તો તલનો કલ્ક વ્રણને સાફ કરે છે અને રૂઝલાવે છે.

---

[1] ગરમાળો, ઇંદ્રજવ, પાડળ, લીંબડો, ગળો, પીળુડી-મોરવાંસી, ભોંયરીંગણી, કાળીપાડ, કરીઆતું, કાંટાશેળીયો, કડવાં પરવળ, બન્ને જાતની કરંજ, સાતવણ, ચિત્રામૂળ, મરડાશીંગ, મીંઢળ, બીજી જાતનો કાંટાશળીયો અને ગોખરી આ ઔષધો આરગ્વધાદિગણ કહેવાય છે. તથા તે ઉલટી, કોઢ, ઝેર, તાવ, કફ, ખરજ, અને પ્રમેહ એઓનો નાશ કરનાર છે અને દુષ્ટ ખરાબ વ્રણને શુદ્ધ સાફ કરનાર છે **વાગ્ભટ સૂત્રસ્થાનનો અધ્યાય પંદરમો.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રણમાં ધરતી-અંકુર લાવવાના ઉપાય.

જે વ્રણમાંથી રસી નીકળી જાય છે; અર્થાત્ જે ગુમડાંમાંથી સડેલું માંસ નીકળી ગયું છે; છતાં રૂઝાતાં ન હોય તો તેઓના ઉપર તલનો કલ્ક મધથી મિશ્રિત કરીને મુકવાથી તે વ્રણો તુરત રૂઝાય છે. **અથવા** આસગંધ, કડુ, લોદર, કાયફળ, જેઠીમધ, મજીઠ અને ધાવડીનાં ફુલ એઓનો કલ્ક (ચટણી જેવી લુગદી) કરી વ્રણ ઉપર લગાવવાથી તેમાં સારી પેઠે રૂઝ આવે છે.

જવનો લોટ અને જેઠીમધનું ચૂર્ણ કરી તેને ઘી તથા તેલથી મિશ્ર કરી ઉનું કરીને સ્હેવાય તેવો તેનો લેપ કરવાથી વ્રણમાં થતી બળતરા તથા તેમાં શણકા આવતા હોય તે મટે છે.

વ્રણમાં જીવાત પડી ગઈ હોય તો કરંજની જડ, લીંબડો, અને નગોડ એઓનો લેપ કરવાથી વ્રણમાં પડેલા કીડાઓ મરી જાય છે. **અથવા** લસણનો લેપ કરવાથી વ્રણમાં પડેલા કીડા મરી જાય છે. **અથવા** લીંબડાની છાલ અને હીંગ એઓનો લેપ કરવાથી વ્રણમાંના કીડા મરી જાય છે.

લીંબડાના પાંદડાં, વજ, હીંગ, ઘી, સિંધાલૂણ અને સરસવ એઓને એકઠાં કરી તેઓની ધૂણી દે તો વ્રણની ખુજવાસ, કીડાઓ, ખરજ અને પીડા મટી જાય છે. **ભાવપ્રકાશ.**

જેટલું સરસીયું તેલ હોય તેટલુંજ પાણી લઇ કાંસાની થાળીમાં નાખી હથેળીવતે સારી પેઠે મથે. પછી તેમાં રાળ તોલા ૧૦, કાથો તોલા ૪, અને મોદારશિંગ તોલા ૨ ભાર નાખી ફરી સારી પેઠે મથી એકજીવ કરી કાચના કે ચીનાઇ માટીના સ્વચ્છ વાસણમાં ભરી લેવો. આ **રાલાદિ મલ્હમ-મલમ** કહેવાય છે. એનાથી વ્રણોનું શોધન થાય છે. અને અંકુર સારી પેઠે લાવે છે. રૂઝ લાવવા આ સમાન અન્ય મલમ અધિક અસર કારકનથી.

આગંતુક વ્રણના ઉપચાર.

જે મનુષ્યને તરવાર વગેરે શસ્ત્રો તથા અસ્ત્રો શરીરના અનેક ભાગમાં લાગવાથી અનેક પ્રકારનાં વ્રણ-ઘા, ધાઝામરી વગેરે ઉત્પન્ન થાય છે તે આગંતુક વ્રણ કહેવાય છે. તે વ્રણ-ઘા થતાંજ તુરત પવન વગરની જગ્યામાં તે ઘાયલ પુરૂષને લઇ જઇ ઘા વાળી આમળીને સારા હોંશિયાર વૈદ્ય, મોચી કે, ટેબા દેનાર હોય તેના હાથે ઝીણા સૂતર કે રેશમના તારથી ટેબા દેવરાવી કાંઇક ઉષ્ણ આશ્ચોતનાદિક ઉપાય કરવા; અર્થાત્ ઘડાના મોઢામાં પાણી તથા ઘી નાંખી તેને પકાવી, જ્યારે પાણી બળી એકલું ઘી રહે ત્યારે તે ઘી લઈ સ્હેવાય તેવું તે સીવી લીધેલા ઘા ઉપર સિંચે-ટોપાદે તો તે ઘા તુરત રૂઝે છે. **અથવા** કડુ, મીણ, દારૂહળદર, જેઠીમધ, કરંજનાં બીજ તથા તેનાં પાંદડાં, કડવાંપરવળ, જાઇ અને લીંબડાનાં પાદડાં એઓને વાટી-કલ્ક કરી ઘીમાં નાખી અગ્નિદ્વારા સર્વ રસને શોષાવી માત્ર ઘી રહે તેને ગ્રહણ કરી તે ઘીનો સ્હેવાય તેમ શેક કરે તો તાત્કાળ ઘા રૂઝાઇ જાય છે. **વૈદ્યરત્ન.**

અંગ કપાતાં, ભેદાતાં, વીંધાતાં કે ઘવાતાં લોહી વધારે નીકળે અને તેથી લોહીનો ક્ષય વિશેષ થાય તો વાયુ અત્યંત પીડાને ઉત્પન્ન કરે છે માટે તે પીડાને મટાડવા તેવા ઘાયલને સ્નેહ (ઘી) પાન કરાવવું, સિંચન, લેપન, ઉપનાહ, સ્વેદ, સ્નેહની પીચકારી અને વેદના હરણ કરે તેવાં ઔષધો પણ કરવાં.

તરવાર વગેરેથી ગાત્ર કપાયાં હોય તો તે વખતેજ તે ઘાને ગંગેટીના મુળીઆના રસથી ભરી દેવો તેથી તે ઘા તુરત પીડા રહિત થઇ જાય છે, આવા વ્રણવાળાઓને ઘૃ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તળ-ઠંડા ઉપચારો શ્રેષ્ઠ છે. આ વ્રણવાળાનું રૂધિર આમાશયમાં ગયું હોય તો તેને વમન કરાવવું અને હોજરીમાં લોહી ગયું હોય તો રેચ આપવો. **અથવા** વાંસની છાલ, એરંડો, ગોખરૂ અને પાષાણભેદ એઓનો ક્વાથ કરી તેમાં હીંગ તથા સિંધવ નાખી પીવામાં આવે તો કોઠામાં ગએલું લોહી ઝરી જાય છે. **અથવા** જવ, મીઠાં મોટાં બોર, અને કળથી એઓને સ્નેહ-ચીકટ વગરના રસની સાથે અન્ન જમવું **અથવા** સિંધવ નાખીને યવાગૂ પીવી. **અથવા** ચંબેલીનાં પાન, લીંબડાનાં પાન, કડવાં પરવળ, કિંવા કડવાં તુરીયાનાં પાદડાં, કડુ, દારૂહળદર, હળદર, ઉપલસરી, મજીઠ, કાળોવાળો, મીણ, મોરથુથું, જેઠીમધ અને કરંજનાં બીજ એઓને સમાન ભાગે લઇ તેઓના કલ્કથી પકાવવામાં આવેલું ઘી ચોપડવાથી ઝીણાં છિદ્રવાળાં, મર્મસ્થાનમાં પરૂ વહેનારાં, ઉંડાં, વેદનાવાળાં, અને અંગોમાં ગતિ કરનારાં વ્રણો સાફ થઇ જાય છે અને ભોંય આવીને રૂઝાઇ જાય છે. આ **જાત્યાદિઘૃત** કહેવાય છે. **અથવા** ચંબેલી-જુઇનાં પાન, પટોલ (કડવાં પરવળ કે કડવાં તુરીયા ?) નાં પાંનડાં, કરકચનાં પાનડાં, મીણ, જેઠીમધ, ઉપલેટ, હળદર, દારૂહળદર, કડુ, મજીઠ, પદ્મક, હરડે, લોદર, નીલકમળ, ઉપલસરી, મોરથુથું અને કરકચનાં બીજ એઓને સમાન ભાગે લઇ કલ્ક કરી તે ચટણીથી તલના તેલને વિધિ પ્રમાણે સિદ્ધ કરી ચોપડે તો તેથી ઝેર સંબંધી વ્રણ, વિસ્ફોટક, બગલમાં થતી બાંબલાઇ, દાદર, રતવા, કીડાના કરડ, શસ્ત્રથી થએલાં તુરતનાં જખમો, દાઝી ગએલ. નખ તથા દાંતનો ઘા વગેરે વગેરે તુરત મટી જાય છે. વ્રણનું બગડેલું માંસ પણ આ તેલના ચોપડવાથી બાહાર નીકળી જાય છે અને તમામ પ્રકારના વ્રણોને સાફ કરે છે તથા રૂઝાવી દેછે. આ **જાત્યાદિ તૈલ** કહેવાય છે. **અથવા**-[1]ચિત્રામૂળ,લસણ, હીંગ, સરપંખો, વદવાડીયું, સિંદુર, વછનાગ, અને ઉપલેટ એઓનો કલ્ક કરી સરસીયા તેલમાં નાખી તૈલ પકવવાના વિધિ પ્રમાણે તેલને પકવી તેનો ઉપયોગ કર તો દુષ્ટવ્રણ તથા અનેક ઉપાય કરવાથી પણ ન મટે તેવો નાડી વ્રણ-ભગંદર તથા વ્રણ માત્રને મટાડે છે. આ **વિપરીતમલ્લ તૈલ** કહેવાય છે. **અથવા** ગળો, કડવા પરવળનાં મૂળ,સુંઠ, મરી, પીપર, હરડે, બેહેડાં, આંબળાં, અને વાવડીંગ એઓને સમાન ભાગે લઇ ચૂર્ણ કરી તે સર્વની સમાન શુદ્ધ કરેલો ભેંશા ગુગળ લઇ કુટી સર્વને એકત્ર કરી તેની યોગ્ય માત્રાએ ગોળીઓ વાળી તેમાંથી એક એક તોલાભાર સેવન કરે તો વ્રણ, વાતરક્ત, ગુલ્મ, ઉદરના રોગ, સોજો અને પાંડુ આદિ રોગોને જીતી લેછે-આ **અમૃતાદિ ગુગળ** કહેવાય છે. **ભાવપ્રકાશ.**

અગ્નિથી દાઝેલાના ઉપાય.

પુષ્ટ દગ્ધવાળાને અગ્નિથી તપાવવો, તો તે દાઝેલો તુરત આરામને પામે છે. તથા ઉષ્ણ ઔષધોજ ઉપયોગમાં લેવાં, કારણ કે સારીપેઠે શેક થવાથી લોહી પણ શેકાઇ પાતળુ થાય છે એથી ગરમી સારીરીતે બાહાર નીકળે છે અને વાયુનું જવું પણ સબળે રસ્તેથી થાય છે એકારણ વડે સુખ થાય છે, કહેવાનું એજ કે પેહેલા પ્રકારના દાઝેલાના શરીર ઉપર શીતો પચાર કરવા કે ટાઢું પાણી રેડવું ઉપયોગમાં લેવું નહીં, ટાઢા પાણીથી લોહી જામીને મહાવેદના ઉત્પ

---

1 આ તેલ માટે **ચક્રદત્તનો** કર્તા કહે છે કે-ઉપદંશ-ચાંદી, પ્રમેહ, ભયંકર ગળગંડ, શારીરિક વ્રણ, આગંતુક વ્રણ, વિચર્ચીકા, કોઢ, ખસ, અને દુષ્ટ વ્રણ જખમ વગેરેનો નાશ કરે છે. તથા તે ઉપર ખાનપાન સુવા કે બેસવા માટે બીજી કશી પરેહજી નથી. અર્થાત્ મરજી મુજબ પથ્યમાંરહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ કરે છે. દુર્દગ્ધના ઉપર તમામ ટાઢા ઉપચાર–ટાઢું પાણી રેડવું વગેરેજ ઉપયોગમાં લેવા. સમ્યગ દગ્ધને વંશલોચન, પીપર, રતાંજળી, સોનાગેરૂ, અને ગળો એઓને વાટી ઘીથી યુક્ત કરીને લેપ કરે તો સમ્યક્દગ્ધ મટે છે. અતિદગ્ધ થયો હોય તો, લટકી રહેલા ખરાબ માંસને કાઢી નાખી પછી શીતળ ક્રિયાઓ કરવી તથા સાઠી ચોખાનું ચૂર્ણ ભભરાવવું. **અથવા** ટીંબરની છાલના ચૂર્ણને ઘીમાં ઘુંટી ચોપડવું જેથી આરામ થાય છે. **અથવા** મીણ, કાદવ, જેઠીમધ, મધ, દરકે અને રાળ એઓથી મિશ્રિત કરેલું ગાયનું ઘી ચોપડવામાં આવે તો બળવાથી થએલો વ્રણ તુરત મટી જાય છે અને ચારે પ્રકારના બળેલા જનોને બળેલી જગ્યોએ ભોંય લાવીને જલ્દી રૂઝાવી દેવાનો આ અકસીર ઇલાજ છે–આ[1] **સિક્થાદિ ધૃત** કહેવાય છે. **અથવા** કડવાં તુરીઆંના–કુકડ વેલાના કવાથથી અને કલ્કથી કરેલું સરસવનું તેલ દાઝવાથી થએલા વ્રણને, પીડાને, રસીના વેહવાને, બળતરાને અને ફોલ્લાઓને મટાડી દે છે–આ **પટોળાદિ તૈલ** કહેવાય છે. **ભાવપ્રકાશ.**

અથવા જુની છોને બાળી પાણીમાં વાટી તેલથી દાઝયો હોય તે ઉપર ચોપડે તો તેલના ઝરાળા–ફોલ્લા સમી જાય છે. **અથવા** જવને બાળી તેલમાં કાલવી ચોપડે તો અગ્નિથી દાઝેલાના ફોલ્લાઓની વ્યાધિ તુરત શાંત થાય છે અને અંકુર જલ્દીથી લાવે છે. **અથવા** જીરાને શેકી તેમાં મીણ, રાળ, અને ઘી મેળવી તેનો લેપ કરે તો અગ્નિથી દાઝેલાની વેદના તાત્કાળ સમી જાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** શુદ્ધ કળી ચુનાને પાણીમાં ભીજવી તે ઉપરનું નીતારેલું પાણી લઇ તેટલાજ તલીના તેલમાં તેને મથી તે મલમ દાઝેલા મનુષ્યને ચોપડે તો તુરત તેની બળતરા તથા પીડાનો નાશ કરે છે અને રૂઝ લાવે છે–આને ઇંગ્રેજીમાં **લીનીમેંટ કેલસીસ** કહે છે. **અથવા** તલનું તેલ નવટાંક અને ઘણા વખતનો ભીજવી રાખેલો ખાવાનો ચુનો ૪ તોલા લઇ ને બન્નેને ભેગાં કરી ૧ પોહોર સુધી હાથથી મથી રાબડી જેવો થાય કે તેમાં રૂનાં પેલ ભીંજવી દાઝેલા ભાગ ઉપર ચોપડે તો તુરત આરામ થાયછે.

વ્રણગ્રંથીની સંપ્રાપ્તિ.

ખેદ વગર શરીરમાંથી નીકળતું જે દુષ્ટ લોહી તેને વાયુ શોષી લઇ વ્રણને પરૂ ઝર્યે વિનાનો કરી–રસી બંધ કરી ખરાબ સોજાવાળો, ગંઠાયલો, બળતરાવાળો અને વલુરવાળો કરી દેછે તે વ્રણગ્રંથી કહેવાય છે.

વ્રણગ્રંથીના ઉપાય

કંપીલો, વાવડીંગ, તજ અને દારૂહળદર એઓને ઝીણાં વાટી કલ્ક કરી તેલમાં નાખી તેથી પકાવી સિદ્ધ કરેલું તેલ વ્રણગ્રંથી ઉપર ચોપડે તો ગુંમડા તથા ઘામાં પડેલી ગાંઠ વેરાઇ જાય છે અને આરામ થાય છે. **વૈદ્યરહસ્ય.**

વ્રણવાળા અને દાઝેલાના સેવ્યાસેવ્ય પદાર્થો

જવ, ઘઉં, રાતા ચોખા, મસૂર, તુવર, મગ, સાકર, ઘી, તેલ, વંતાક, કારેલાં, કંકોડાં, તાંદળજો, વગેરે વગેરે સેવવા યોગ્ય છે, પણ ખટાસ, ઠંડા પદાર્થો, ખાર, મહેનત, ઉતાવળું

---

[1] મીણ, જેઠીમધ, લોદર, રાળ, મજીઠ, ચંદન, અને મોરવેલ, એઓને સૂક્ષ્મ કરી ઘીમાં પકાવી ઘી સિદ્ધ કરવું. તે ઘી બળેલા માત્રને ચોપડે તો તુરત રૂઝાઈ જાય છે. આ **સિકથાદિધૃત** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બોલવું, મૈથુન, સુવું, ઉજાગરો, ફરવું, શાક, પાનબીડાં, કોળું અને વનના જીવો વગર અન્ય જીવોનાં માંસ સેવવા યોગ્ય નથી.

વ્રણસોથ-વ્રણ તથા અગ્નિદગ્ધ નો અધિકાર સંપૂર્ણ

ભગ્નરોગ-હાડકાના જુદા પાડવાનો અધિકાર.

—(૦)—

ભગ્નના ભેદ.

ભગ્ન બે પ્રકારના છે. એક **કાંડભગ્ન** અને બીજો **સંધિભગ્ન** તેમાં જે સાંધાના હાડકાના એક ભાગનું હાડ ભાગ્યું હોય તે કાંડભગ્ન કહેવાય છે અને બે હાડકાંને સાંધવાની જગ્યોમાં જે હાડભાગ્યું હોય તે સંધિભગ્ન કહેવાય છે. તે સંધિભગ્નના ૭ ભેદ છે—એટલે ઉત્પિષ્ટ ૧, વિશ્લીષ્ટ ૨, વિવર્તિત ૩, તિર્યગ્ગત ૪, ક્ષિપ્ત ૫, અને અધોગત એ પ્રકારે ૭ પ્રકાર છે.

સંધિભગ્નનું સામાન્ય લક્ષણ.

શરીરના હાથ પગ વગેરેને લાંબા કરતાં કે ટુંકા કરતાં કિંવા ફેરવવામાં આકરી વેદના થાય અને તે ઉપર કશુંપણ અડે તો ગમે નહીં એ સંધિભગ્નનાં સામાન્ય લક્ષણ છે.

છએ પ્રકારના સંધિભગ્નનાં વિશેષ લક્ષણ.

બે હાડ આગન સામાન ઘસાવાથી સાંધો દબાઇ જતાં બને ભાગમાં સોજો આવે અને રાત્રીએ વિશેષ વેદના થાય તેને **ઉત્પિષ્ટ** કહે છે.

બન્ને ભાગમાં સોજો હોય અને નિરંતર વેદના વિશેષ થયા કરે તેને **વિશ્લીષ્ટ** કહે છે.

સાંધા જુદા ન પડતાં સાંધાનાં બન્ને હાડ વાંકાં થઇ જાય તેથી તે બન્ને હાડમાં આકરી પીડા થાય તે **વિવર્તિત** સંધિભગ્ન કહેવાય છે.

સાંધાના બે હાડકાં પૈકી એક હાડકું પોતાનું સ્થાન છોડી આડું થઇ જાય અને તેથી આકરી વેદના થાય તેને **તિર્યગ્ગત** સંધિભગ્ન કહે છે.

સાંધાનાં બન્ને હાડકાં એક એકના ઉપર ચઢી જાય તેથી તેમાં ક્યારેક વધારે અને ક્યારેક ઓછું બારે શૂળ નીકળે અને વેદના થયા કરે તેને **ક્ષિપ્ત** કહે છે.

સાંધાનાં બન્ને હાડકાં એક બીજાના નીચે જતાં રહે અને વેદના થયા કરે તથા સાંધો છુટો પડી જાય તેને **અધોગત** સંધિભગ્ન કહે છે.

કાંડભગ્નના બાર ભેદ છે તેની વિગત.

કાંડાભગ્નના બાર પ્રકાર છે—એટલે કર્કટક ૧, અશ્વકર્ણ ૨, વિચૂર્ણિત ૩, પિચ્ચિત ૪, ખલ્લિત ૫, કાંડભગ્ન ૬, અતિપાતિત ૭, મજ્જાગત ૮, વિસ્ફુટિત ૯, વક્ર ૧૦, અલ્પછિન્ન ૧૧, અને બહુછિન્ન ૧૨. આ ૧૨ પ્રકારનું કાંડભગ્ન છે. તેનાં નામ પ્રમાણેજ લક્ષણો છે; અર્થાત્ હાડકાનો ભાગ છુટો પડીને વચમાં ઉંચો અને પડખાઓમાં નમેલો કર્કટક—કુડચલ જેવો થાય તેને **કર્કટક** કહે છે. ઘોડાના કાન જેવું મોટું હાડકું બાહાર નીકળે તેને **અશ્વકર્ણ** કહે છે. હાડકાનો ભૂકો થઇ ગયો હોય કે જે અડવાથી વા શબ્દથી જાણી શકાય તેને **વિચૂર્ણિત** કહે છે, હાડકાં ચીરાયલાં કે વચમાંથી ભાંગેલ હોય છતાં ઘણુ

For Private And Personal Use Only

સોજાવાળું અને પરસ્પર વળગી રહેલું હોય તેને **પચ્ચિત** કહે છે. હાડકાનો ભાગ ઢીલો થઇ નરમ થઇ ગયો હોય તેને **ખલ્લિત** કહે છે. હાડકું ભાંગીને કેવળ છુટું પડી સામ-ડીમાં રહ્યું હોય તેને **કાંડભગ્ન** કહે છે. હાડકું સંપૂર્ણ રીતે છેદાઇને પડેલું હોય તેને **અતિપાતિત** કહેવાય છે. હાડકાનો ભાગ હાડની અંદર પેસી મજ્જામાં પહોંચી ગયો હોય તેને **મજ્જાગત** કહેવાય છે. હાડકું થોડુંક ચીરાઇ ગયું હોય તેને **વિસ્ફુટિત** કહે છે. હાડકું પોતાના ઠેકાણાને છોડી કુબડું-વાંકું થઇ ગયું હોય તેને **વક્ર** કહે છે. હાડકું સારી પેઠે ચીરાઇને ચોંટી રહ્યું હોય તેને **અલ્પછિન્ન** કહે છે. અને હાડકું સારી પેઠે ચીરાઇને જુદા જુદા બે ભાગવાળું થઇ ગયું હોય તેને **બહુછિન્ન** કહે છે.

કર્કટકાદિ કાંડભગ્નોનું સામાન્ય લક્ષણ.

અંગોમાં શિથિલતા, સોજાનો વધારો, વેદનાનો વધારો, જાણે શૂળ નીકળતું હોય એવી પીડાનો નીરંતર અપાર વધારો, દબાવતાં શબ્દની ઉત્પત્તિ, સ્પર્શ-અડવું જરા પણ ખમાય નહીં, નાડીઓનું ફરકવું, સોંયો ભોંકાયા જેવી પીડા થાય અને શયન વગેરે સઘળી સ્થિતિમાં અસુખ હોય તો કાંડભગ્ન સમજવું.

ભગ્નનું કષ્ટસાધ્યપણું

થોડું ખાનારનું, રોગ મટાડવાની કાળજી રાખનારનું, વાયુ પ્રકૃતિવાળાનું તથા તાવ, પેટનું ચડવું, મોહ, મૂત્ર અને મળની કબજીયત વગેરે ઉપદ્રવો વાળાનું ભગ્ન પરાણે પરાણે મટે છે.

ભગ્નનું અસાધ્યપણું

ગોઠણનું, ઢગરાનું, ખભાનું, ગાલનું, તાળવાનું, લમણાનું, સાથળોના સાંધાનું, અથવા માથાનું હાડકું ભાગ્યું હોય તો તે અસાધ્ય જાણવું તથા કેડમાં અધોગત ભગ્ન, પેડુમાં ઉત્પિષ્ટ ભગ્ન, લલાટમાં વિચૂર્ણિત ભગ્ન અને સ્તનનું મધ્ય, ગુદા, પીઠ, લમણા તથા બ્રહ્મરંધ્ર-તાળવું એઓમાં સંધિભગ્ન કે કાંડભગ્ન થયું હોય તો તે અસાધ્ય સમજવું. વળી જે ગોઠણ-આદિનાં હાડકાંઓ જે તે સ્થળના બીજા હાડકાંથી છુટાં પડી ગયાં હોય તો તે પણ અસાધ્ય સમજવું, તથા જે હાડ સારી રીતે બાંધેલું છતાં પણ ઢંગધડા વગર ગોઠવાવાથી વિક્રિયાને પામ્યું હોય અથવા સારી રીતે ગોઠવાયા છતાં પણ ઢંગધડા વગર બંધાવાથી વિક્રિયાને પામ્યું હોય અથવા સારી રીતે બંધાયા છતાં પણ અભિઘાત-પ્રહાર વાગવા વગેરેથી ફેરફાર થઇ જવાના લીધે વિક્રિયાને પામ્યું હોય તો તે પણ અસાધ્ય છે માટે ઉપાય કરવો નકામો છે.[1]

હાડ તથા સાંધાઓ ભાંગી ગયા હોય તેના ઉપાય.

હાડ કે સાંધાઓ ભાંગ્યા માલમ પડે કે તેજ વખતે તેના ઉપર ટાઢું પાણી રેડવું,

---

૧ હાડના પાંચ ભેદ છે. એટલે તરૂણ, નળક, કપાલ, રૂચક અને વળય એ પાંચ ભેદ છે; અર્થાત્ નાક, કાન, આંખ તથા ગુદા તે તરૂણ હાડ કહેવાય છે. તે કુણાં હાડ હોવાથી નમીને વાંકાં થઇ જાય છે માટે તેમાં વક્રનામનું કાંડભગ્ન થાય છે.નળક-નળીઓની પેઠે કાણાવાળાં હાડકાંઓ પોતામાં બીજા હાડકાંઓના પ્રવેશથી ચીરાઇ જાય છે. કપાલ નામનાં હાડકાં ગોઠણ, નિતંબ, ખભા, તાલકું, ગાલ, લમણા, સાથળના સાંધા અને માથાનાં હાડકાંઓ જુદાં પડી જાય છે. રૂચક દાંતનાં હાડકાંઓ તુટી જાય છે, વળય-હાથનાં, પડખાનાં, પીઠનાં, પેટનાં, ગુદાનાં અને પગનાં હાડકાંઓ પણ તુટી જાય છે, સારાંસમાં જે ઠેકાણે જેવાં હાડ તેવાજ પ્રકારનું ભગ્ન લાગુ થાય છે.　　**ભાવપ્રકાશ.**

Shri Mahavir Jain Aradhana Kendra　www.kobatirth.org　Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી ગારાનો લેપ કરવો, અને તે ઉપર કુશ, ડાભ સહિત પાટો બાંધવો. સર્વ ઠંડા ઉપચારો કરવા. પાટો બાંધવો તે ઘણો ઢીલો પણ નહીં તેમ ઘણો સખ્ત પણ નહીં બાંધવો; કેમકે જો ઢીલો પાટો બંધાય તો સાંધાની સ્થિરતા રહેતી નથી અર્થાત્ જોડેલો સાંધો આડો અવળો થઇ જાય છે. અને જો બહુ તાણીને બાંધે તો, તેથી ચામડીનું સુજવું તથા પીડા-તાડો થાય છે. એટલા માટે બહુ ઢીલો પણ નહીં તેમ બહુ તાણીને પણ નહીં અર્થાત્ જો-ઇએ તેવો સાધારણ રીતે પાટો[1] બાંધવો. તુટેલા ઠેકાણે મજીઠ અને મહુડાં એઓને પાણી-માં વાટીને તેનો લેપ કરવો. **અથવા** ૧૦૦ વાર ધોએલા ઘીમાં સાઠી ચોખાનો લોટ મે-ળવી તેનો લેપ કરે. **અથવા** બોરડી કે પીપળાની લાખ, ઘઉં અને કડાયાની છાલ એ-ઓનું ચૂર્ણ કરી ઘી અને દુધમાં સેવન કરે તો સાંધા તુટી ગયા હોય અને હાડ ભાંગી ગયાં હોય તે સારાં થાય છે. **અથવા** લાખ, હાડસાંકળ, કડાયાની (કે આસંદરાની?) છાલ, આ સંગધ, મોટી કાંસકી, અને ગુગળ એઓને ઝીણાં વાટી એકઠાં કરી (દુધની સાથે) સેવન કરે તો તુટેલાં હાડ તથા ખસી ગએલું હાડકું અને તેની પીડા મટી જઇ વજ્ર સમાન અંગ થાય છે. આ **લાક્ષાદ્ય ગુગળ** કહેવાય છે. **અથવા** ઠીકરામાં ઘઉંને અધબળ્યા શેકી વાટી ૧ તોલા ભાર મધમાં કાળજી ચાટે તો કેડ, સાંધા વગેરેના ભાંગેલા ભાગને સાંધી દેછે. **અથવા** આંબળાં, મેદાલકડી, અને કાળા તલ એઓને પાણીમાં વાટી તેમાં ઘી મેળવી લેપ ક-રે તો, ભાગેલાં હાડ તથા ભાંગેલા સાંધા તુરત સારા થાય છે. **અથવા** મનુષ્યના માંસની મમાઇ અને વિન્નબોળ એઓને અનુમાન પ્રમાણે લઇ મધ સાથે ચાટે તો હાડ, સ્નાયુ, શિરા, સાંધા અને આશય વગેરે છેદાયાં ભેદાયાં તુટયાં હોય તે સારાં થાય છે. **અથવા** જેને કોઇપણ પ્રકારનો માર વાગ્યો હોય તો તેને માંસનો સેરવો, માંસ. દુધ, ઘી, વટાણાનું યૂષ અને પુષ્ટિ કરનાર અન્ન પાનો તેઓનું સેવન કરાવવું. **વૈદ્યરહસ્ય અથવા** લાખ, મધ, ઘી, લસણ અને સાકર એઓનો કલ્ક સેવન કરે તો છે- દાયા ભેદાયા ગયેલાં તથા જુદાં પડેલાં હાડકાં તુરત સંધાઇ જાય છે. **અથવા** પીળી કોડીઓનું ચૂર્ણ રતી ૨ તથા ૩ ભાર કાચા દુધમાં—વગર ઉના કરેલ દુધમાં સેવન કરે તો, ભાગેલાં હાડ સંધાઇ જાય છે. **ચક્રદત્ત. અ-થવા** બીજાબોળનું ચૂર્ણ મધ સાથે સેવન કરે તો હાડ ભાંગ્યાની પીડાનો નાશ કરે છે. **યોગ તરંગિણી. અથવા** લાકડી મુદ્દગર—મગદળ વગેરેનો માર વાગ્યો હોય તો, મેથી, મેદાલકડી, સુંઠ, અને આંબળાં એઓને ગોમૂત્રમાં સારી પેડે વાટી લેપ કરે તો માર સાલતો મટે છે.

[2]ભગ્ન રોગીનાં પથ્યાપથ્ય.

જેને સંધિ ભગ્ન થએલું હોય તો મીઠું, તીખા પદાર્થો, ખારા પદાર્થો, ખાટા પદાર્થો, મહેનત, મૈથુન, કસરત, અને લુખાં અન્ન વગેરેનો ત્યાગ કરવો.

---

૧ શીયાળામાં સાત સાત દિવસે, ઉનાળામાં ત્રણ ત્રણ દિવસે અને ટાઢ તડકો જેમાં સરખાં હો-ય તે ઋતુઓમાં પાંચ પાંચ દિવસે પાટો છોડવો. અથવા તો દોષને અનુસરી પાટો છોડવાનો નિયમ રાખવો—એમ **વૈદ્યવિનોદમાં** તથા **ચક્રદત્તમાં** કહેલછે.

પાટો બાંધવામાં વૈદ્યની પરીક્ષા થાયછે. પાટા બાંધવાની ખૂબીમાંજ દરદને વધારવાપણું કે ઘટા-ડવાપણું સમાયલું છે. વિશેષ ખુલાશા માટે સુશ્રુતનું અવલોકનકરો. **ભા. કર્ત્તા.**

૨ બાળક તથા તરૂણ અવસ્થા વાળાઓનાં તુટેલાં હાડ વહેલાં સરાં થાયછે, પણ ઘરડા તથા આકરા સ્વભાવ વાળાઓનાં તુટેલાં હાડ વગેરે સંધાવાં બહુ કઠણ છે. **વૈદ્યરહસ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાયરા વગરનું સ્થાન તથા ઠંડા ઉપચારો, અને પાટા વગેરેની માવજત[૧] રાખવી તે વિશેષ ફાયદા કારક છે.

ભગ્ન રોગનો અધિકાર સંપૂર્ણ.

નાડીવ્રણ-ભરનીગળનો અધિકાર.

નાડીવ્રણની સંપ્રાપ્તિપૂર્વક વ્યાખ્યા.

જે અજ્ઞાની વૈદ્ય કે મૂર્ખ મનુષ્ય પાકી ગએલા ગુમડાને રસ સહિત જાણે ને છતાં કચ્ચુ કાચું છે એવી શંકા કરી તેને ફોડી નાખવા ઉદ્યમ કરતો નથી અથવા તેવા પાકીગએલા પુષ્કળ પરૂવાળા વ્રણ-સોજાને કાચોજાણી શોધન પદાર્થોથી સાફ કરે નહીં અને જેથી પરિણામે માઠું થાય તેવા આહાર વિહાર કરે તે માણસનું તે પરૂ શરીરની ચામડીમાં, સાંધાઓમાં, માંસમાં, સ્નાયુઓમાં, હાડકામાં, કોઠામાં અને મર્મસ્થાનોમાં પ્રવેશ કરી તેઓને છિદ્રો-કાણાંવાળાં કરી તેઓની અંદર પેસી જાય છે. આ પરૂ બહુ ઉંડાણમાં ઉતરવાથી તેમાંથી હમેશાં પોલી સળી કે નળીની પેઠે રસી વહ્યા કરે છે અર્થાત્ ભરાય અને ઠલવાય એમ નિરંતર રસી ચાલુ હોવાથી તેને નાડીવ્રણ-ભરનીગળ કહે છે.

નાડીવ્રણોની સંખ્યા.

તે નાડીવ્રણો પાંચ પ્રકારના છે-એટલે વાયુ, પિત્ત, કફ, ત્રિદોષ, અને શલ્ય વગેરેના સંબંધથી થએલ-આમ પાંચ પ્રકાર છે.

પાંચે પ્રકારના નાડીવ્રણોનું લક્ષણ.

જે નાડીવ્રણ ઝીણા અને કઠણ મ્હોં વાળો હોય તથા તેમાં શૂળ ચાલે અને જેમાંથી ફીણ સહિત રસી રાતે વધારે વહ્યા કરે તો તે **વાયુ** સંબંધી નાડીવ્રણ જાણવો.

જે નાડીવ્રણ તરશ તથા તાવ, બળતરા સહિત હોય અને જેમાંથી ઉની પીળા રંગ જેવી દાહાડે વધારે રસી વહ્યા કરે તો **પિત્ત**ના સંબંધ વાળો સમજવો.

જે નાડીવ્રણ બહુ જાડું તથા જેમાંથી ચીકણું, ધોળું પરૂ વહ્યા કરે, અક્કડ હોય, પુષ્કળ ચળ અને વેદના વાળો તથા રાતે વિશેષ કલેદ-વેદના થતી હોય તો તે નાડીવ્રણ **કફ** સંબંધી જાણવો.

જે નાડીવ્રણ બળતરા, તાવ, દમ, મૂર્છા તથા મુખમાં શોષ સહિત હોય અને એ વિના ઉપર કહેલા ત્રણે દોષોનાં ચિન્હ હોય તો તે ત્રણે દોષ સંબંધી નાડીવ્રણ સમજવો. આ નાડીવ્રણ પ્રાણની હાણ કરનાર કાળરાત્રી સમાન સમજવો.

જેના શરીરમાં કોઇપણ પ્રકારનું શલ્ય કે અસ્થિ કાંટો, તીર, ગોળી વગેરે શસ્ત્રો શરીરમાં પેસીગયા હોય; પરંતુ તેને કાહાડવામાં આવ્યાં ન હોય વા નજરાય તેવાં ઝીણાં હોવાથી ઉંડાં ઉતરયાં હોય (ચામડી, માંસ, શિરાઓ, સ્નાયુઓ, સાંધાઓ, હાડકાં અને મર્મસ્થાનોમાં ગુમ થઇ ગયાં હોય તેથી તે અંદર રહેલાં શલ્ય અંગોને સંભાવતાં કે ટુકાં કરતી વખતે

૧ ભગ્ન જે રીતે પાકે નહીં તેમ યત્નપૂર્વક તેનું રક્ષણ કરવું-પાકવાથી શીરા અને સ્નાયુઓને ખરાબ કરેછે.

૩૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં શલ્ય ખટકવાથી પરૂ વહે છે. ફીણ સહિત જાડી છાશ જેવું ઉનું તથા લોહીવાળું પરૂ વહ્યા કરે છે અને રાત દિવસ જેમાં પીડા રહે છે તેને **શલ્ય** સંબંધી નાડીવ્રણ કહેછે.

નાડીવ્રણનું સાધ્યાસાધ્ય તથા કષ્ટસાધ્યપણું.

વાયુ, પિત્ત, કફ એ ત્રણે એકઠા થઇ જવાથી જે ત્રિદોષ નાડીવ્રણ થયો હોય તે કદાપિ કાળે મટતોજ નથી માટે અસાધ્ય છે અને એ વિના બીજા ચાર પ્રકારના નાડીવ્રણો છે તે યુક્તિપુર્વક ચિકિત્સા કરવાથી કેટલીક મુદતે મુશ્કેલીથી મટે છે. માટે કષ્ટસાધ્ય છે.

નાડીવ્રણના ઉપાય.

પ્રથમ નાડીની ગતિ ઓળખીને શસ્ત્રનો જ્ઞાતા ચતુર વૈદ્ય હોય તે નાડીવ્રણને શસ્ત્રવતે ચીરી અંદરની રસી કાહાડી શોધન (સાફ કરનાર) રોપણ (અંકુર લાવનાર) વગેરે ક્રમો પાછળ કહેલા વ્રણોની પેઠે કરે તો ભરનીગળ મટે છે. **અથવા** થોરનું દુધ, આકડાનું દુધ, અને દારૂહળદર એઓની દીવટ કરી તે ભરનીગળ-નાસૂરમાં મુકે તો સમસ્ત પ્રકારના સર્વાંગના નાડીવ્રણો આ પ્રયોગશત્રુ મટાડી દેછે. **અથવા** ગરમાળાનું મૂળ, હળદર અને મજીઠ, એઓના ચૂર્ણમાં ઘી અને મધ મેળવી દીવટ કરી નાડીવ્રણની અંદર તેને યુક્તિથી ઘોંસી દે તો, નાડીવ્રણનું શોધન રોપણ કરે છે. **વૈદ્યરહસ્ય. અથવા** જાઇનાં પાન, આકડાનું મૂળ, ગરમાળાનું મૂળ, કરકચનુંમૂળ, નેપાળાનું મૂળ, સિંધાલૂણ, સંચળ અને જવખાર એઓને ખૂબ ઝીણાં વાટી **અથવા** થોરના દુધ અને મધ સાથે ઝીણાં વાટી તેની દીવટ બનાવી નાડીવ્રણમાં યુક્તિવતે ઘાલી દે તો તુરત ભરનીગળ મટે છે. **ચક્રદત્ત.** અથવા વ્રણરોગમાં કહેલા જાત્યાદિ ઘૃત અને જાત્યાદિ તેલના સિંચનથી કે ચોપડવાથી નાડીવ્રણ મટી જાય છે. **અથવા** ત્રિફળાં, ત્રિકટુ અને શુદ્ધ કરેલો ગુગળ એઓને સમાન ભાગે લઇ ચૂર્ણ કરી ઘીમાં મેળવી તેની અકેક તોલાભારની ગોળીઓ વાળવી. પછી તે ચાંવટ[1] સહિત આમાંથી એક ગોળી ખાય તો તેથી નાડીવ્રણ, દુષ્ટવ્રણ, શૂળ, ઉદાવર્ત્ત, ભગંદર, ગોળો અને સર્વ પ્રકારના મસા જેમ ગરૂડ સર્પોનો નાશ કરે છે તેમ-આ **સપ્તાંગ ગુગ્ગુલ** ઉપર કહેલા રોગોનો નાશ કરી દેછે. **અથવા** કચૂરાના સ્વરસમાં ગુગળનો તથા સિંદૂરનો કલ્ક નાખી પકાવેલું સરસીયું તેલ નાડીવ્રણમાં ભરે તો નાડીવ્રણ અને બીજા પણ સર્વ જાતનાં ગુમડાં-ઘા વગેરે મટી જાય છે-રૂઝાઇ જાય છે-આ **કર્ચૂરતૈલ** કહેવાય છે. **અથવા** અંધાડાનાં બીજને સિંધાલૂણ સાથે સારી પેઠે ઝીણાં વાટી નાડીવ્રણમાં ભરી દઇ પાટો બાંધી દે તો ભરનીગળ-નાસૂર મટી જાય છે. **અથવા** મધ સાથે સિંધાલૂણ વાટી તેથી ખરડેલી દીવટ ભરનીગળમાં પહેરાવી દે તો નાડીવ્રણ મટી જાય છે. અથવા વ્રણની ચિકિત્સામાં કહેલાં તેલોનું સિંચન કરે તો ભરનીગળ મટે છે. **ભાવપ્રકાશ. અથવા** તલ, મજીઠ, હાથીનો દાંત, અને બન્ને હળદર એઓને ઝીણાં વાટી લેપ કરેતો પિત્તનો નાડીવ્રણ મટેછે. **અથવા** તલ, જેઠીમધ, અને નસોતર **અથવા** નેપાળાનું મૂળ, લીંબડો અને સિંધવ એઓને ઝીણાં વાટી તેનો લેપ કરે તો કફ સંબંધી નાડીવ્રણ મટે છે. **અથવા** તલ, મધ અને ઘી એકઠાં કુટી લેપ કરે તો શલ્યસંબંધી નાડીવ્રણ મટે છે. **અથવા** ગરમાળો, હળદર અને સંચળ એઓનું ચૂર્ણ ઘી અને મધમાં કાલવી તેમાં

1 પરેજી સાથે આ પ્રયોગ સેવન કરવો; કારણકે (ફરી) પાછળી એજ રોગને નાશ કરવાનો ઉત્તમ ઉપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુતરની દીવેટ ભીંજવી રાખવામાં આવે તો દુષ્ટવ્રણો સારા થાય છે. એમ **યોગતરંગિણીનો કર્ત્તા ત્રિમલ્લ ભટ** કહે છે. **અથવા** સાજીખાર, સિંધાલુણ, નેપાળાનું મૂળ, ચિત્રક, **જુષ** (કે રૂ-કપાસ ?) ની જડ, શેવાળ, અને ગળીનાં પાંદડાં, (અથવા તુલસીનાં બીજ) એઓનો કલ્ક અને તેલ ગાયના મૂત્રમાં મેળવી પકાવી-તેલ સિદ્ધ કરી તેથી વ્રણ ભરી દેવામાં આવે તો દુષ્ટવ્રણ તથા કફ સંબંધી નાડીવ્રણ મટી જાય છે. આ **સર્જીકાદ્યતૈલ** કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** નગોડનાં પાન કિંવા નગોડનાં પાંચે અંગ વાટી તેમાંથી રસ નીચોવી લઇ તે રસના બરોબર જ તેમાં તેલ નાખી પકાવી તે તેલ નાડીવ્રણમાં ભરે તો નાડીવ્રણ તથા દુષ્ટવ્રણ મટી જાય છે. અને આ તેલ ખસ, અપચી, તથા અન્ય રોગોમાં કે સર્વ પ્રકારના ઘામાં પીવું મસળવું વગેરે હિતકર્ત્તા છે. આ **નિર્ગુંડીતૈલ** કહેવાય છે. **વૃંદ. અથવા** શુદ્ધ પારો તથા શુદ્ધગંધક સમાન લઇ તેઓની બરાબર મોદારશીંગ લેવો અને એ સર્વની બરોબર કપિલો લઇ તેમાં થોડું મોરથુથુ મેળવી વાટી એકત્ર કરી ચાળી તેથી ચારગણું ગાયનું ઘી મેળવી તેમાં લીંબડાનો રસ અનુમાન પ્રમાણે નાખી સારી પેઠે મથી તેથી રૂનાં પેલ ભીંજવી વ્રણના ઘા ઉપર મુકવાથી દુષ્ટવ્રણ, નાડીવ્રણ અને વ્રણ માત્રનું શોધન કરે છે તથા રૂઝ લાવે છે. **વૈદ્યરહસ્ય. અથવા** રાળ ૧ પઇસા ભાર, કલઇ સફેદો ૧ પઇસાભાર; સફેદ-ધોળું મીણ ૨ પઇસાભાર અને મોદારશીંગ ૧ પૈસાભાર લઇ રાળ સફેદો તથા મોદારને સારી પેઠે વાટી પૈસા ૮ ભાર ગાયના ઘીને ઉનું કરી તેમાં મીણ ઓગાળી ઉપરની ઔષધીઓ મેળવી પછી કાંસાની થાળીમાં નાખી પાણી સાથે હથેળીવતે સારી પેઠે ૧૦૮ વાર ધોવું. પછી તે તૈયાર થએલો મલમ ગમે તે જાતના ગુંબડા ઉપર લગાડે તો આરામ થાય છે. **અથવા** ધોળું મીણ, રૂમીમસ્તકી, મોરથુથું, ફૂલાવેલો ટંકણ, સાજીખાર, સિંદૂર, કંપીલો, મોદારશીંગ, ગુગળ, મરી, સોનાગેરૂ,એળચી, બેરજો, સફેદો, હિંગળોક અને શોધેલો ગંધક એઓને સમાન ભાગે લઇ મીણ વિના બીજાં સર્વને વાટી પછી ગાયનું ઘી ગરમ કરી મીણ નાખી ઓગળ્યા પછી સર્વ ઔષધોને મેળવી પછી ખરલમાં દિવસ ૨ સુધી વાટી એકજીવ કરી ચોપડે તો આગંતુક, શારીરિક તથા દુષ્ટવ્રણ વગેરે સમસ્ત વ્રણોને સારા કરે છે. **અથવા** મોરથુથુ, કપિલો, મોદારશીંગ, ધોળો કાથો, સફેદો, સિંદૂર, મીણ, કેસર અને ગાયનું ઘી એ સર્વને બરાબર લઇ ઘી મીણ અને મોરથુથા વિના બીજા પદાર્થોને જુદા વાટી ચાળી લેવા તથા મોરથુથાને જુદું વાટી રાખવું. પછી ગાયનું ઘી ગરમ કરી નીચે ઉતારી પહેલા મોરથુથુ નાખી પછી મીણ નાખી ઓગળ્યા પછી બીજા વાટી રાખેલા પદાર્થો નાખી કલાઇવાળી કાંસાની થાળીમાં નાખી ખોહોળા પાણી સાથે હથેળીવતે ૧ દિવસ સુધી મથવો. આ તૈયાર થએલા મલમની પટી લગાડવાથી વ્રણ-ગુમડાં-ભગંદર-નાસૂર અને ચાંદી (સીફીલીસ) વગેરે સર્વને રૂઝવે છે. **વૈદ્યકુતૂહળ. અથવા** હિંગળોક પૈસા ૩ ભાર, ધોળું મીણ પૈસા ૩ ભાર, સાજીખાર પૈસા ૧ ભાર લઇ પછી તેઓની લીંબડાના પાંદડાંની સાથે લુગદી કરી ગાયના ઘીમાં તળી પછી ઘીમાં મીણ ઓગાળી મોદારશીંગ ૧ પૈસાભાર નાખી લુગદી વાળાં ઔષધો વાટી તેમાં મેળવી તે મલમ ઉપયોગમાં લે તો સર્વ પ્રકારના વ્રણો સારા થાય છે. **અથવા** જેના હાથે પગે બ્યાઉ ફાટતી-ચીરા પડતા હોય તો રાળ ૧ પૈસાભાર કાથો ૧ પૈસાભાર કાળાં મરી ૧ પૈસાભાર ગાયનું ઘી અને ચંબેલીનાં પાનનો રસ ૪-૪ પૈસાભાર લઇ ઘી અને રસ વિના અન્ય ઔષધોને વાટી ચાળી, પછી લોઢાની કડછીમાં ઘી નાખી ઔષધો મેળવી રસ નાંખી મલમ કરવો. તે મલમની ચાપી-પટી લગાવવાથી શરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રનો કોઈપણ ભાગ-મુખ્યત્વે હાથ પગ ફાટતા હોય તે અવશ્ય મટી જાય છે. અથવા લીંબડાનાં પાન શેર ૧ લઇ તેનો રસ કાહાડી પછી ગાયનું ઘી નવટાંક લોઢાની કડછી કે કડાઇમાં નાખી ઉનું કરી તેમાં રાળ પૈસાભાર નાખી પીગળાવી તેમાં તે રસ નાખી હવે જ્યારે રસ શોષી જાય અને મલમ જેવું બને ત્યારે તેમાં કાથો ૧ પૈસાભાર, મોરથુથું ૧ પૈસાભાર તથા ખેરાદશીંગ ૧ પૈસાભાર વાટીને મેળવી તૈયાર થએલા આ મલમની લુગડા ઉપર પટી કરી લગાવે તો ફોલ્લા અને વ્રણ માત્ર અવશ્ય મટે છે.

નાડીવ્રણનો અધિકાર સંપૂર્ણ.

ઇતિશ્રીમન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર ગ્રંથ વિષે શ્લીપદ, વિદ્રધિ, વ્રણસોથ, આગંતુકવ્રણ, શારીરિકવ્રણ, અગ્નિદગ્ધ, વ્રણગ્રંથી, ભગ્ન અને નાડીવ્રણ વગેરેની ઉત્પત્તિ લક્ષણ તથા ઉપાય નિરૂપણ નામનો પંદરમો તરંગ સંપૂર્ણ.

તરંગ સોળમો.

દુષ્ટ ભગંદર ચંદ્રિકા, લિંગાર્શકને કુષ્ટઃ
ષોડસમાજ તરંગમાં, તસ નિરૂપણ છે સ્પષ્ટ.

ભગંદરનો અધિકાર.

ભગંદરનું પૂર્વરૂપ સ્વરૂપ તથા શબ્દાર્થ નિરૂપણ.

જે મનુષ્યને ભગંદર થવાનો હોય તેને કેડમાંના હાડકાઓમાં સોયો ભોંકાયા જેવી પીડા થાય, બળતરા, ખરજ તથા વ્યથા વગેરે થાય છે.

ગુદાની બાજુમાં બે આંગળ જેટલા ગાળામાં પીડા કરતારી અને ચીરાએલી ફોલ્લીઓ થાય છે; અર્થાત્ ગુદા અને મૂત્રાશયના વચમાંની જગ્યાને ચારે કોરા ભગ-યોનિની પેઠે ફાડી નાખે છે એટલા માટે આ રોગને ભગંદર કહે છે. તે ભગંદર પાંચ પ્રકારનો છે. એટલે વાયુનો, પિત્તનો, કફનો, ત્રિદોષનો અને શલ્યનો એમ પાંચ પ્રકારનો છે તેપૈકી વાયુના ભગંદરને શતપોનક, પિત્તનાને ઉષ્ટ્રગ્રીવ, કફનાને પરિશ્રાવિ, ત્રિદોષનાને શંબૂકાવર્ત્ત અને શલ્યનાને ઉન્માર્ગી કહે છે.

પાંચે પ્રકારના ભગંદરનાં ચિહ્ન.

તુરા તથા લુખા પદાર્થોથી અત્યંત કુપિત થએલો વાયુ ગુદાના પ્રદેશમાં ફોલ્લીઓને ઉત્પન્ન કરે છે. એ ફોડકીઓની માવજત ન કરતાં બેદરકારી રાખે તો, તે ફોલ્લીઓ ભયંકર રીતે પાકી આવે છે, પીડા કરે છે, ફાટીને તેમાંથી રાતા ફીણો વહ્યા કરે છે અને તેમાંથી મળ-મૂત્ર તથા વીર્ય પડે છે. આમાં ઝીણાં ઝીણાં અનેક નાકાં પડે છે અને ચાલણી જેવાં દેખાય છે તેથીજ તેને **શતપોનક** (સંસ્કૃત ભાષામાં ચાલણીને શતપોનક) કહે છે.

પિત્તને વધારનાર પદાર્થોથી પિત્તપ્રકોપ પામી ગુદાની પાસેના ગાળામાં રાતી ફોડકીઓને ઉત્પન્ન કરે છે. આ ફોલ્લીઓ ઝટ પાકી જાય છે અને પાકીને તેમાંથી ઉંટના જેવી

For Private And Personal Use Only

અશુભ વાસના વાળું પરૂ વહ્યા કરે છે અને ફોલ્લીઓનું ગળું ઉંટની ડોકના જેવું વાંકું હોય છે, તેથી તેને **ઉષ્ટ્રગ્રીવ** ભગંદર કહે છે.

જે ભગંદરની ફોલ્લીઓ કઠણ, ખરજવાળી, જાડું પરૂ–રસી વહેનારી, થોડી પીડાયુક્ત ઘોળી હોય અને રાત દિવસ પરૂ–રસી ઝર્યાજ કરે છે, તેથી તેને **પરિસ્રાવી** ભગંદર કહે છે, આ ભગંદર કફના કોપવાથી થાય છે.

જે ફોલ્લીઓ બહુ બહુ રંગવાળી, બહુ જાતની પીડા સહિત અને વિવિધ પ્રકારના પરૂ વગેરેને વહેનારી ગાયના આંચળ જેવી થાય છે અને તેનો પરૂ વહેવાનો રસ્તો શંખલાના આંટા જેવો હોય છે તેથી તેને શંખલા–**શંબૂકાવર્ત્ત** ભગંદર કહે છે.

કાંટા, નખ કે ખંજોળવાથી અભિઘાત–વાગવાનાલીધે ગુદાની આસપાસ ફોલ્લીઓ થાય છે. એ ફોલ્લીઓ વધે છે, ફાટી જાય છે અને બેદરકારી રાખવાથી તેમાં કીડા પડી જાય છે. તથા ત્યાં અનેક વ્રણો અનેક મ્હોંવાળાં થાય છે અને ઝર્યા કરે છે. આ વ્રણોએ આડા માર્ગ પાડી નાખેલા હોયછે તેમાંથી વિષ્ટા વગેરે નીકળે છે, તેથી આ **ઉન્માર્ગી** ભગંદર કહેવાયછે.

ભગંદરોનું કષ્ટસાધ્યપણું.

સમસ્ત—પાંચે પ્રકારના ભગંદરો ભયંકર છે અને મહા મહેનતે આયુષ્ય બળવાન તથા ઇશ્વર કૃપા હોય તોજ મટે છે; તેમાં પણ ત્રિદોષનો અને શલ્યથી થએલો ભગંદર તો અસાધ્ય છે. જો ભગંદરમાંથી વાયુ, મળ, મૂત્ર, વીર્ય અને કીડા નીકળતાં હોય તો તે રોગીના જીવનની આશા છોડીજ દેવી.

ભગંદરના ઉપાય.

ગુદાની આસપાસ કોઇપણ પ્રકારની ફોડકી થએલી જણાય કે તે ફોડકીના ઉત્તમ પ્રકારના યત્નથી ઉપચાર કરે. જેમ તે ભગંદરની ફોલ્લીઓ પાકે નહીં તેમ જળો વળગાડી લોહી કઢાવવું, ઔષધોને ગરમ કરી તેનું તે ઉપર સિંચન કરવું, શોધન કરવું વગેરે વગેરે ઉપાયો કરી એ રોગને મૂળમાંથી છેદી નાખવો. **અથવા** વડનાં કુણાંકુણાં પાંદડાં, જેઠીમધ, સુંઠ, સાટોડીનું મૂળ અને ગળો એઓને સારી પેઠે વાટી ઉનાં કરી તેનો રહેવાતો લેપ જ્યાં સુધી ફોલ્લીરૂપે ભગંદર હોય ત્યાં સુધી કરવો તો તે ભગંદરની ફોલ્લીઓ મટે છે. **અથવા** તલ, લીંબડાની છાલ અને મહુડો (કે જેઠીમધ ?) એઓને દુધમાં વાટી અત્યંત ઠંડકતાવાળો—ઠંડો લેપ કરે તો, પિત્તનો અને વેદનાવાળો ભગંદર મટે છે. **અથવા** ચંબેલી–જુઇનાં પાંદડાં, વડનાં કુણાં પાંદડાં, ગળો, સુંઠ અને સિંધાલુણ એઓને જાડી છાશમાં વાટી લેપ કરે તો ભગંદર મટી જાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** હળદર, આકડાનું દુધ, સિંધાલુણ, કણેરનાં પાન, શુદ્ધ ગુગળ અને ઇંદ્રજવ એઓનો કલ્ક કરી તેલમાં નાખી તેલ પકવવાના વિધિ પ્રમાણે પકવી તે તેલનો માલેસ કરે તો ભગંદર મટે છે. આ **નિશાદ્યતૈલ** કહેવાય છે. **અથવા** ત્રિફળાં તોલા ૩. શુદ્ધ ગુગળ તોલા ૫ અને પીપર તોલો ૧ લઇ સર્વને એકઠાં કરી વાટી ગોળીઓ બનાવી સેવન કરે તો ભગંદર મટી જાય છે, તથા સોજો, ગોળો, અને ગુદાના મસા પણ મટી જાય છે. આ **નવકાર્ષિક ગુગ્ગુલ** કહેવાય છે. **અથવા** જે શસ્ત્રક્રિયામાં કુશળ હોય તેવા ચતુરવૈદ્ય પાસે[1] શસ્ત્રક્રિયા કરાવી પછી મલમ વગેરે લગાડે તો ભગંદર મટી

૧ શસ્ત્રક્રિયા માટે જે કહ્યું છે તે માટે ભાવપ્રકાશથી અને સુશ્રુતથી તેનું પૂર્ણ જ્ઞાન મેળવી કયા ભગંદરમાં કયા પ્રકારની શસ્ત્રક્રિયાથી કેવા પ્રકારનો છેદ કરવો ? વગેરે વગેરે જાણી લેવું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય છે. **ભાવપ્રકાશ. અથવા** દારૂહળદર, હળદર, મજીઠ, લીંબડાનાં પાન, નસોતર અને માલકાંકણી એઓનો કલ્ક કરી ભગંદરના વ્રણને ધુએ તો ભગંદર મટી જાય છે. તથા ભરનીંગળની પીડા પણ તેથી મટે છે. **અથવા** કલોંજીરૂં અને કુતરાનું હાડકું એ બેને ગધેડાના લોહી સાથે પત્થર ઉપર વાટી તેનો લેપ કરે તો ભગંદર મટી જાય છે. **અથવા** બિલાડીના હાડકાને ત્રિફળાં (હરડે, બેહેડાં, આંબળાં)ના રસમાં વાટી લેપ કરે તો ભગંદર મટી જાય છે. **અથવા** બિલાડાના અને કુતરાના હાડકાની ભસ્મ લઇ લોઢાના વાસણમાં ગાયના ઘી સાથે તેને ઘુંટી લેપ કરે તો ભગંદર મટી જાય છે, તથા બીજાંપણ દુષ્ટવ્રણોનો નાશ કરેછે. **અથવા** શુદ્ધપારો ૨ ભાગ, શુદ્ધ સોમલ ૪ ભાગ (કે તાંબાના મેલના ૪ ભાગ ?), એ બન્નેને કાકજંઘાના રસમાં પાંચ દિવસ સુધી ઘુંટી તેને ત્રાંબાના કોડીઆઓમાં સંપુટ કરી તે સંપુટને એક ભુંદામાં કાણા વાળી હાંલ્લીમાં મુકી આસપાસ નદીની રેત ભરી તેને ચુલ્હા ઉપર ચઢાવી ૮ પોહોરની આંચ (અગ્નિ) દઇ જ્યારે પોતાની મેળેજ શીતળ થઇ જાય ત્યારે તેમાંથી તે સંપુટ કાહાડી તેમાંના ઔષધોને મૂષ (સોનું-રૂપું ગાળવાની કુલડી)માં ભરી મધ અને ખડીઓખાર નાખી અગ્નિ ઉપર રાખી તેને વંકનાળ ધમાથી જ્યાં સુધી ચાંદીની પેઠે ચકકર ખાય (ચાંદી વગેરે ધાતુઓ સારી પેઠે ઓગળે ત્યારે ચક્ર ખાયછે) ત્યાં સુધી ધમ્યા કરવું. પછી કાહાડી લઇ ખરલ કરી તેમાંથી રતી ૩ ભાર મધમાં કાલવી સેવન કરે અને તે ઉપર ત્રિફળાનો ક્વાથ પીએ તથા પથ્યમાં રહે તો થોડાજ દિવસમાં ભયંકર ભગંદરની પીડા મટી જાય છે. આ **રૂપરાજરસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** પારો ૧ ભાગ, તથા આમળસારો શુદ્ધ ગંધક ૨ ભાગ લઇ એ બન્નેની કાજળી કરી તેમાં કુંવારપાઠાનો રસ નાખી ખરલ કરી પછી તેની ગોળી કરી તાંબાના સંપુટમાં મુકી તે સંપુટને હાંલ્લીમાં રાખ ભરી મધ્યમાં મુકી તેના ઉપર રાખ દબાવી તેના નીચે અગ્નિ દિવસ ૧ સુધી બાળવો, જ્યારે એની મેળેજ હાંડલું શીતળ થાય ત્યારે તેમાંથી સંપુટ કાહાડી લઇ તેને જંબીરી નામના ખાટા લીંબુના રસના ૭ પુટ દેવા. ત્યાર બાદ વાટી ચાળી તેમાંથી રતી ૧ મધ સાથે કાલવી ચાટે તો ભગંદર જાય છે, પણ તે ઉપર પથ્યમાં મુસલી તથા લસણ ખાવું અને તે ઉપરાંત મિષ્ટ ભોજન કરવું, તથા દિવસે સુવાનું, મૈથુન, વાસી ભોજન અને ઠંડું ભોજન ત્યજવું. આ **રવિસુંદર (રવિતાંડવ) રસ** કહેવાય છે, એમ **રસસિંધુનો** કર્ત્તા કહે છે.

ભગંદર રોગીનાં પથ્યાપથ્ય.

દંડ, કસરત, મૈથુન, કુસ્તી, ઘોડા વગેરેની સ્વારી, ખેદ, નવાં અન્ન ભોજન અને ભારે પદાર્થોનું ભોજન આટલી વસ્તુઓ ભગંદરનો ઘા રૂઝાઇ ગયો હોય; તદપિ એક વર્ષ પર્યંત કરવી નહીં તોજ ફાયદાકારી છે. અને જો એ વસ્તુઓ ઉપયોગમાં લે તો સંયમના નગરીના સ્વામીના સમીપ સ્વયંપણે સત્વર સ્થિત થવું પડે છે.

ભગંદરનો અધિકાર સંપૂર્ણ.

ઉપદંશ-ચાંદીનો અધિકાર.

ઉપદંશનાં નિદાનો તથા સંખ્યા.

ગુહ્યેંદ્રિ ઉપર હાથ વાગવાથી કે દાંત નખના વાગવાથી, મુષ્ટિજન કરવાથી, સંભોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યા પછી ગુહ્યેંદ્રિયને ન ધોવાથી, પશુ આદિથી સૃષ્ટિ વિરૂદ્ધ કર્મ-સંગમ કરવાથી, ગરમીના રોગવાળી-પ્રદરના રોગવાળી લઘુ યોનિવાળી, યોનિ ઉપરના કઠોર વાળવાળી કે દૂષિત યોનિવાળી સ્ત્રિયોની સાથે સંભોગ કરવાથી, અતિ મૈથુનથી, અને અતિ ગરમ પદાર્થોના સેવન અથવા એવા અનેક ભૂલ ભર્યા આહાર વિહારોથી પુરૂષની વા સ્ત્રિની ગુહ્યેંદ્રિ ઉપર ઉપદંશ (સીફીલીસનો ચેપી રોગ) ઉત્પન્ન થાય છે. તે રોગ પાંચ પ્રકારનો છે. એટલે વાયુ, પિત્ત, કફ, ત્રિદોષ અને લોહી સંબંધી થાય છે.

પાંચે ઉપદંશોનાં જુદાં જુદાં ચિન્હો.

જે ફોલ્લીમાં સોયો ભોંકાયા જેવી પીડા થાય, ફરકે, ફાટી જાય અને કાળા રંગની હોય તો, તે **વાયુ સંબંધી** ઉપદંશ સમજવો.

જે ફોલ્લીઓ રંગે પીળી, બહુ ચેપ-પરૂવાળી, અતિ બળત્રા વાળી, રાતી-માંસ જેવા દેખાવવાળી હોય તો, તે **પિત્ત**નો ઉપદંશ જાણવો.

જે ફોલ્લીઓ ધોળા રંગની મોટી, ખરજ તથા સોજા અને જાડા પરૂવાળી હોય તો તે **કફ**નો ઉપદંશ જાણવો.

જે ફોલ્લીઓ વિવિધ પ્રકારના પરૂવાળી તથા વિવિધ વેદનાવાળી હોય તો, તે **ત્રણે દોષ**નો ઉપદંશ જાણવો.

જે ફોલ્લીઓ કાળી તથા ઘણું લોહી-વહેનારી અને પિત્તના ઉપદંશનાં ચિહ્નો. તાવ અ-ળતરા તથા શોષ સહિત હોય તો, તે **લોહી**નો ઉપદંશ જાણવો.

ઉપદંશોનું સાધ્યાસાધ્યપણું.

જે ઉપદંશ રોગમાં રોગીની ઇંદ્રિનું માંસ વીખાઇ ગયું હોય અને તેમાં કીડા પડી શિસ્નનો ભાગ ખવાઇ ગયો હોય અને માત્ર વૃષણ બાકી રહેલ હોય તેવા ઉપદંશ રોગીને સમનું ઔષધ આપવું યોગ્ય છે, પણ અન્ય ઔષધ આપવું યોગ્ય નથી; કેમકે તેવા રોગીને ઔષધ આપવાથી અપયશ વિના અન્ય કાંઇ પ્રાપ્ત થતું નથી. (ત્રિદોષનો ઉપદંશ અસાધ્ય છે, લોહીજન્ય ઉપદંશ કોઇક સમય યાપ્ય ગણાય છે.)

ઉપદંશના રોગીને અવશ્યની સૂચના.

જેને ઉપદંશ-ચાંદી થએલ હોય, છતાં બેદરકારી પણે વિષયમાં લીન થઇ વિહ્વલ ચિત્તથી વનિતાના વિષય સુખમાં મચ્યો રહે છે અને ભયંકર રોગને મટાડવા કશીપણ કાળજી રાખતો નથી તે મૂર્ખ મનુષ્યનો કેટલાક વખત પછી શિસ્ન સુજી આવી તેમાં કીડાઓ પડી જાય છે અને બળતરા સહિત પાકી છેવટે ઇંદ્રિનો સમૂળો નાશ થાય છે; એટલુંજ નહીં પણ સ્વધામમાં પહોંચી જાય છે માટે પ્રત્યેક્ જનોએ અવશ્ય ધ્યાનમાં રાખવું ઘટે છે કે ઉપદંશનાં ચિન્હ થયાં જણાય કે તુરત ચતુર વૈદ્યના હાથથી ચિકિત્સા કરાવવી.

ઉપદંશના ઉપાય.

પ્રથમ જળો લગાડી-દુષ્ટ-લોહી કાહાડી-નંખાવવું-અથવા સ્નિગ્ધ અને સ્વેદિત કરીને ઉપદંશ રોગીના લિંગની ફસ્ત ખોલાવવી; કેમકે લોહી કઢાવવાથી દોષો કમજોર થાય છે જેથી પીડા અને સોજો શાંત થાય છે. વિશેષે કરીને ચાંદીવાળા રોગીની ઇંદ્રિ પાક ન પકડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમ ખાસ કાળજી રાખવી; કેમકે જો પાકે તો ઈંદ્રિ ગળી સડીને નાશ પામે છે. માટે પાકવા નહિ તે મટી જાય તેવા તાકીદે ઉપાય લેવા.

"સાટોડીનાં મૂળ, ગળો, સુંઠ, જેઠીમધ અને વડનાં કુણાં પાંદડાં એઓનો ઉકાળો કરી તે પાણીથી ઈંદ્રિની ચાંદીને ધોવી, જેથી ઉપદંશ મટે છે." **અથવા** વડની કુણી વડવાઈ, આસંદરાની છાલ, જાંબુડાનાં પાંદડાં, લોદર, હરડે, અને હળદર એઓને બરાબર લઇ વાટી લેપ કરે તો, ઉપદંશની પીડા અને સોજો નાશ પામે છે. **અથવા** જો ઇન્દ્રિ પાકી ગઇ હોય તો ઉપરની દવાઓના ઉકાળાથીજ ધોવી જેથી આરામ થાય છે. **અથવા** ત્રિફળાના કવાથથી, **વા** જળભાંગરાના રસથી ચાંદીને ધોવાથી ઉપદંશ મટી જાય છે. **અથવા** નીલકમળ, રાત્રીવિકાસી કમળ અને રાતાં કમળ એઓના કવાથથી ઉપદંશના વ્રણને ધોવો અથવા એઓને વાટી જાડો લેપ કરવો, જેથી ઉપદંશ મટી જાય છે. **અથવા** બપોરીઆનાં પાંદડાંનું અથવા દાડિમની છાલનું ચૂર્ણ ચાંદી ઉપર દબાવે અગર લેપ કરે તો ઉપદંશ મટી જાય છે. **અથવા** સોપારીને પાણીમાં ઘસી લેપ કરે તો ચાંદી મટે છે. **ભાવપ્રકાશ. અથવા** સોપારી અને હળદરને પાણી સાથે ઝીણું વાટી લેપ કરે તો લિંગનો સોજો, વ્રણ અને ઉપદંશ મટી જાય છે. **અથવા** લોખંડની કઢાઇમાં ત્રિફળાને બાળી તેની ભસ્મ મધમાં મેળવી ઉપદંશની ચાંદી ઉપર ચોપડે તો તત્કાળ ચાંદી રૂઝાઇ જાય છે. **અથવા** કડવાં પરવળ, લીંબડો, ત્રિફળાં અને કરીઆતું એઓનો કવાથ કરી કિંવા ખેરસાર, બીયસાલના સારનો કવાથ કરી તેમાં શુદ્ધ ગુગળ નાખીને કે ત્રિફળાનું ચૂર્ણ નાખીને પીવાથી સર્વ પ્રકારના ઉપદંશ મટી જાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** કરીયાતું, લીંબડો, ત્રિફળાં, કડવાં પરવળ, કરંજ, જાઇનાં પાન, ખેર, અને બીજાસાર એઓને પાણીમાં સારી પેઠે વાટી કલ્ક કરી તેથી **વા** તેના કવાથથી સિદ્ધ કરેલું ઘી પીએ વા ચોપડે તો સર્વ પ્રકારના ઉપદંશને મટાડે છે. આ **ભૂનિંબાદ્યઘૃત** કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** પૂર્વે કથિત વ્રણના અધિકારમાં લખેલાં ઘી ખાય કે ચોપડે તો પણ આરામ થાય છે. **અથવા** રેચ લેવાથી પણ ઉપદંશ શાંત પડે છે. "**અથવા** હરડે ૮ ભાગ, મોરથુથું ૧ ભાગ, એ બેને ખૂબ ઝીણાં વાટી પછી લીંબુનો રસ ભાગ ૧૦૦ પ્રમાણે લઇ તેમાં પુનઃઘુંટી ગોળીઓ ૪ માસાભારની કરવી. તેમાંથી ગોળી ૧ દહીં સાથે દિવસ ૧૫ સુધી ખાય અને પથ્યમાં રહે તો ઉપદંશ નિશ્ચ મટે છે. **અથવા** મોરથુથું ૧ ભાગ, કાથો ૧ ભાગ, બોદારશીંગ ૨ ભાગ અને સોપારીની ભસ્મ ૨ ભાગ લઇ ઝીણાં વાટી ચાળી તે ભુરકી ઉપદંશના-ચાંદીના ઉપર ભભરાવવી, જેથી અવશ્ય આરામ થાય છે." અથવા શુદ્ધ કરેલ પારો, ગંધક, હરતાલ, સિંદૂર, અને મણશીલ લઇ તેમાં ઘી નાખી પછી તેને ૧ દિવસ તડકે રાખી તાંબાના વાસણમાં નાખી તાંબાનીજ વાટકીથી સારી પેઠે ઘુંટી પછી તેને ઉપદંશ ઉપર ચોપડે તો ખરજ સહિત ઉપદંશનો વ્યાધિ મટી જાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** જે ઉપાયો કોઢના અધિકારમાં કહેવામાં આવશે તે સઘળાં ઘી ચોળવામાં, ખાવામાં અને ચોપડવામાં ઉપયોગમાં લે તો ઉપદંશ મટી જાય છે.

ભાવપ્રકાશ.

ઉપદંશ રોગીના પથ્યાપથ્ય.

મગ, ચોખા, ઘઉં, ઘી, ચણા, સાકર, તુરીયાં, સરગવાની શિંગો, જરદીનું તથા ગાયનું દુધ, ઉનું પાણી અને હલકા ભોજન સદા હિતકારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હિંગ, તેલ, મરચાં, વંતાક, ગોળ, અથાણાં, બાજરી, મઠ, ક્ષાર, ગરમ પદાર્થો, દિવસે સુવું, તડકે ફરવું, મહેનત કરવી, મૈથુન કરવું અને છાશ કે ખટાશ ખાવી એ સદા અહિતકારક છે માટે ઉપયોગમાં લેવાં નહીં.

ઉપદંશનો અધિકાર સંપૂર્ણ.

લિંગાર્શનો અધિકાર.

લિંગાર્શનું લક્ષણ.

પુરૂષની ઇંદ્રિના ઉપર જાણે ધાન્યના ફણગા-અંકુરા ફુટયા હોય અથવા કુકડાને માથે કલગી હોય છે તે પ્રમાણે એક ઉપર એક મસા થાય છે અર્થાત્ પ્રથમ ઝીણા ઝીણા થાય છે અને પછી મોટું રૂપ પકડી છેક ઇંદ્રિમાં, સાંધામાં કે ઇંદ્રિની મણિના-સોપારીના કાપામાં ઉત્પન્ન થાય છે તેને લિંગવર્ત્તિ-ચર્મકીલ તથા લિંગાર્શ પણ કહે છે.

લિંગના અર્શનું અસાધ્યપણું-જો એ ઇંદ્રિના મસા પીડાવાળા ચીકણા અને ત્રણે દોષથી સહિત હોય તો તે અસાધ્ય છે.

ઉપાય.

ઇંદ્રિના મસાઓને પ્રથમ જે વૈદ્ય શસ્ત્રક્રિયામાં કુશળ હોય તેની પાસે શસ્ત્રવતે કાપી નંખાવવા. **અથવા** સાજીખાર, મોરથુથું, શિલાજીત, રસવંતી, સુરમો, મણશીલ અને હરતાલ એઓને સમાન ભાગે લઇ ચૂર્ણ કરી લિંગના મસા ઉપર ચોપડે તો તે મસા મટી જાય છે. **અથવા** જેમ પ્રતિકુળ થએલ દૈવ-ભાગ્ય પુરૂષાર્થનો નાશ કરી નાખે છે તેમ કુમારપાઠાનું લાબડું અત્યંત જામી રહેલા અને વિચિત્ર ગુંથણી જેવા થઇ રહ્યા હોય તેવા લિંગના મસાને ત્રીજે દિવસે મટાડી નાખે છે. **અથવા** શુભ દિવસે લાવેલું ભોરીંગણીનું મૂળ બળદના મૂત્ર સાથે ઘસી ચોપડે તો ઇંદ્રિના મસા તુરત મટી જાયછે. **ભાવપ્રકાશ.**

ઇંદ્રિના મસાનો અધિકાર સંપૂર્ણ.

શૂકરોગનો અધિકાર.

શૂકરોગનાં નિદાન તથા સંખ્યા.

જે મૂર્ખાઓ હોય છે તે મૂર્ખાઓના કહેવાથી ઇંદ્રિને વધારવા વગર વિચાર્યે, જેથી ઘણા વિકારો ઉત્પન્ન થાય તેવા ઉપાયો કરે છે; અર્થાત્ ઇંદ્રિને મોટી કરવા લેપ વગેરે તથા પાણીના મેલથી પેદા થએલા શૂક નામના ઝેરી જીવડાના તેલ વગેરે ઉપયોગમાં લે છે, તેથી ૧૮ જાતના રોગ ઉત્પન્ન થાય છે-એટલે સર્પપિકા ૧, અષ્ઠીલિકા, ૨, ગ્રથિત ૩, કુંભિકા ૪, અલજી ૫, મૃદિત ૬, સંમૂઢપીડિકા ૭, અવમંથ ૮, પુષ્કરિકા ૯, સ્પર્શહાનિ ૧૦, ઉત્તમા ૧૧, શતપોનક ૧૨, ત્વક્‌પાક ૧૩, શોણિતાર્બુદ ૧૪, માંસાર્બુદ ૧૫, માંસપાક ૧૬, વિદ્રધિ ૧૭ અને તિલકાલક ૧૮, આ શૂક રોગના અઢાર ભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અઢારે પ્રકારના શૂકદોષનાં જુદાં જુદાં લક્ષણો.

સર્ષપિકાનું લક્ષણ એછે કે-ઝેરી જીવડાઓના લેપથી કે દુષ્ટ યોનિમાં મૈથુન કરવાથી ધોળી શરસવ જેવી ફોલ્લીઓ થાય છે અને તેમાં કફ તથા વાયુ મુખ્ય નિદાન રૂપ હોય છે.

અષ્ટીલિકાનું લક્ષણ એછે કે-લાંબા ટુંકા તથા વાંકા કાંટાવાળી કઠણ ફોલ્લીઓ થાય છે તે અષ્ટીલિકા નામના લુહારના ઓજાર જેવી કઠણ હોય છે તેથી તેને અષ્ટીલિકા કહે છે, તેમાં મુખ્ય કારણરૂપ વાયુ છે.

ગ્રથિતનું લક્ષણ એછે કે-ઇંદ્રિ જવની અણીઓ જેવા કાંટાઓથી નિરંતર પુરાઇ ગએલ રહે છે. તેમાં મુખ્ય નિદાનરૂપ કફ છે.

કુંભિકાનું લક્ષણ એછે કે-જાંબુના ઠળીઆ જેવી ધોળી ફોલ્લીઓ થાય છે અને મુખ્ય નિદાનરૂપ લોહી તથા પિત્ત હોય છે. આ ફોલ્લીઓ કુંભિ-કાયફળ જેવી હોવાથી તેને કુંભિકા કહે છે.

અલજીનું લક્ષણ એછે કે-આ નામની જે ફોલ્લી પ્રમેહમાં થાય છે તે લાલાશ તથા કાળાશવાળી કિંવા અન્ય ફોલ્લીઓથી વીંટાયલી હોય છે તેવીજ ફોલ્લી ઇંદ્રિ ઉપર થાય તેને પણ અલજી કહે છે. આ ફોલ્લાનું મુખ્ય નિદાન લોહી અને પિત્ત છે.

મૃદિતનું લક્ષણ એછે કે-શુકદોષ થતાં ઇંદ્રિને દબાવવાથી જે સોજો ચડેલો હોય તે મૃદિત કહેવાય છે-આનું મુખ્ય નિદાન વાયુ છે.

સંમૂઢપિડકાનું લક્ષણ એછે કે-શુકદોષ થતાં બન્ને હાથવતે ઇંદ્રિને બહુજ ચોળી-મસળી નાખે તેથી જે ફોલ્લી થાય છે તે સંમૂઢપિડકા કહેવાય છે આમાં પણ મુખ્ય નિદાન વાયુ છે.

અવમંથનું લક્ષણ એછે કે-ઘણી અને લાંબા અંકુરો વાળી ફોલ્લીઓ ઇંદ્રિના વચમાં ફુટે છે તથા તેમાં પીડા થાય અને રૂંવાડાં ઉભાં થઇ આવે છે. આમાં લોહી તથા કફ કોપેલાં હોય છે.

પુષ્કરિકાનું લક્ષણ એછે કે-આસપાસ ન્હાની અન્ય ફોલ્લીઓથી જે ફોલ્લી વીંટાયલી હોય અને કમળના ડોડાના જેવી હોય છે-આ ફોલ્લી પિત્ત અને લોહીના કોપજનિત છે.

સ્પર્શહાનિનું લક્ષણ એછે કે-જેને અડતાં સ્પર્શ સહન ન થઇ શકે એવી ફોલ્લી શુકદોષના લીધે કોપેલા લોહીથી ઉત્પન્ન થાય છે.

ઉત્તમાનું લક્ષણ એછે કે-શુકદોષનેલીધે અએલા અપચાથી મગ તથા અડદ જેવી રાતી ફોલ્લી થાય છે અને તેમાં મુખ્ય કારણ લોહી તથા પિત્ત હોય છે.

શતપોનકનું લક્ષણ એછે કે-ઇંદ્રિ ચાલણીનાં કાણાં જેવા છિદ્રોથી ચારે બાજુએ વીંટાઇ જાય છે અને જેમાં મુખ્ય નિદાનરૂપ વાયુ તથા લોહી છે.

ત્વક્પાકનું લક્ષણ એછે કે-જે ઇંદ્રિની ચામડીનું પાકવું તાવ તથા બળતરાને પેદા કરનાર છે તે ત્વક્પાક કહેવાય છે અને જેમાં વાયુ તથા લોહીનો પ્રકોપ હોય છે.

શોણિતાર્બુદનું લક્ષણ એછે કે-કાળા ફોલ્લા તથા રાતી ફોલ્લીઓથી ઇંદ્રિ પીડાય અને તેમાં આકરી વેદના થાય છે.

માંસાર્બુદનું લક્ષણ એછે કે-માંસના દુષ્ટપણાનેલીધે ઇંદ્રિ ઉપર માંસની રસોળીઓ થાય છે તે માંસાર્બુદ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માંસપાકનું લક્ષણ એછે કે–ઇંદ્રિનાં માંસો ખરી પડતાં હોય અને ત્રણે દોષની પીડાઓ થતી હોય તે માંસપાક કહેવાય છે.–આ ત્રિદોષજનિત વ્યાધિ છે.

વિદ્રધિનું લક્ષણ એછે કે–પ્રમેહ સંબંધી ફોલ્લીઓમાં જે ત્રિદોષ વિદ્રધિ કહેવામાં આવેલો છે તેના જેવાંજ લક્ષણોવાળી ફોલ્લી ઇંદ્રિ ઉપર ત્રિદોષના પ્રકોપથી થાય છે.

તિલકાલકનું લક્ષણ એછે કે–કાળારંગનાં, ધોળારંગનાં કે વિવિધ રંગનાં અને શૂક નામના ઝેરી પ્રાણીઓની ભસ્મથી થએલાં હોવાનેલીધે ઝેરી થએલાં માંસો ઇંદ્રિમાંથી ખરીપડતાં જાય છે વા ઇંદ્રિને ખેરવી નાખે છે અને કાળાં કાળાં થઇને વિખરતાં જાય છે–આ રોગમાં કાળા તલ જેવા માંસ થાય છે તેથી તિલકાલક કહે છે. આ ત્રિદોષજનિત હોય છે.

શૂકદોષોનું સાધ્યાસાધ્યપણું.

ઉપર કહેલા અઢાર ભેદમાંથી માંસાર્બુદ, માંસપાક, વિદ્રધિ અને તિલકાલક એ ચાર અસાધ્ય છે–બાકીના સાધ્ય છે એમ જાણવું.

શૂકરોગના ઉપાય.

શૂકદોષના સર્વે પ્રકાર ઉપર ઝેરને નાશ કરનારા ઉપાયો કરવા. જળો મુકાવીને ઝેરી લોહી કહાડી નંખાવવું, રેચ આપવો. હલકાં ભોજન કરાવવાં. **અથવા** ત્રિફળાના કવાથની સાથે શુદ્ધ ગુગળ પાવો. **અથવા** ઠંડા દુધના લેપ તથા સિંચન કરવાથી શૂકદોષ મટે છે. **અથવા** રસવંતીનો લેપ કરે તો દુર્ગંધિપરૂ, વ્રણ, સોજો, અરજ અને શળ એઓ કરીને સહિત સઘળા પ્રકારના લિંગ સંબંધિ થએલા રોગોને જડમાંથી ઉખેડી નાખે છે. **અથવા** દારૂહળદર, તુલસી, જેઠીમધ, ઘરમાંના ધુમાડાનો ધુંસ અને હળદર એઓના કલ્કથી પકાવેલું તેલ તેનો અભ્યંગ–માલેસ કરવાથી ઇંદ્રિના રોગો નાશ થાય છે. આ દાર્વિતૈલ કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** કાંસકીના તેલનું મર્દન કરવાથી શૂકદોષ[1] મટે છે. **સર્વસંગ્રહ.**

શૂકદોષનો અધિકાર સંપૂર્ણ.

કોઢરોગનો અધિકાર.

કોઢનાં નિદાનો તથા સંખ્યા.

પરસ્પર વિરોધ થનારાં અન્ન પાનોના ખાવા પીવાથી, પાતળા તથા ભારે પદાર્થોના ખાવાથી, મળ–મૂત્ર–વમનાદિના વેગોને રોકવાથી, બહુ જમ્યા પછી કસરત કરવાથી, અગ્નિનો કે સૂર્ય વગેરેનો તાપ સેવવાથી, શીત, ઉષ્ણ, લંઘન તથા આહારનો મર્યાદા રહિત વિધિ સે-

---

૧ **વાત્સ્યાયન** કહે છે કે ભીલામાનાં બીજ, શૂક નામનો પાણીનો કીડો અને કમળનાં પાંદડાં એઓને વાસણની અંદર બાળી ભસ્મ કરી તે ભસ્મમાં સિંધાલુણ મેળવી ઉભી રીંગણીના ફળનારસમાં વાટી પછી ઇંદ્રિને પાડાના છાણથી સારે પેઠે ચોળી તેના ઉપર એ ભસ્મનો લેપ કરે તો મન માનતી ઇંદ્રિ વધે છે, એનાં જરા સંદેહ જેવું નથી.

આસગંધ, શતાવરી, કુપલેટ, જટામાંસી અને ભોંરીંગણીનાં ફળ એઓની ચટણી કરી તેલમાં નાખી તેલથી ચારગણા દુધમાં તેલ પકાવવાની રીતિ પ્રમાણે પકાવવું. તે તેલનો માલેસ કરવાથી ઇંદ્રિ, સ્તન અને કાનની બૂટો વધે છે–આ **અશ્વગંધાદિ તૈલ** કહેવાય છે. એમ **ભાવમિશ્ર** કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વધારી, શ્રમથી—ભયથી—પરસેવાથી પીડિત છતાં વિસામો ન લેતાં એકદમ ન્હાવાથી વા, ઠંડું પાણી પીએ તેથી, ભોજન ન પચ્યા (અજીર્ણ) છતાં તે ઉપર ફરી ભોજન જમવાથી, વિરેચનાદિ પાંચ કર્મો કર્યા છતાં વિરૂદ્ધ આહાર વિહાર કરવાથી, નવાં અન્ન, દહી, માછલાં, અડદ, ખાટા પદાર્થ, મૂળા, વાટેલાં અન્નો, તલ, દુધ તથા ગોળ એઓનું અત્યંત સેવન કરવાથી, વિદગ્ધાદિ અજીર્ણ છતાં મૈથુન સેવન કરવાથી, દિવસે સુવાથી, ગુરૂ, દેવ, બ્રાહ્મણ, પવિત્ર પુરતકો, પવિત્ર સ્થાનો અને મહત્ પુરૂષો એઓનાં અપમાન કરવાથી અને પાપ કર્મો કરવાથી વાત પિત્ત કફ એ ત્રણે દોષો, રસને, લોહીને, માંસને તથા લસીકાને દૂષિત કરીને કોઢને ઉત્પન્ન કરે છે; અર્થાત્ વાયુ, પિત્ત, કફ, રસ, લોહી, માંસ અને લસીકા એ સાતેના બગાડથી કોઢ પેદા થાય છે. વાયુઆદિ ત્રિદોષ અને રસાદિ ચાર દોષો કોઢના કારણભૂત છે. આ સાત પદાર્થોના સમુચ્ચયથી સાત પ્રકારના અને અગ્યાર પ્રકારના મળી અઢાર જાતના કોઢ ઉત્પન્ન થાય છે, અર્થાત્ સાત મોટા કોઢ અને અગ્યાર ન્હાના કોઢ છે.

અઢાર કોઢનાં નામ.

કપાળ ૧, ઔદુંબર ૨, મંડળ ૩, સિધ્મ[૧] ૪, કાકણક ૫, પુંડરીક ૬, ઋક્ષજીહ્વ ૭, (આ સાત મહાકુષ્ટ છે અને) એકકુષ્ટ ૮, ગજચર્મ ૯, ચર્મદળ ૧૦, વિચર્ચિકા ૧૧, પામા ૧૨, દદ્રૂ[૨] ૧૩, વિસ્ફોટક ૧૪, કિટિભ ૧૫, અલસક ૧૬, વિપાદિકા ૧૭ અને શતારૂ ૧૮ (આ અગ્યાર ક્ષુદ્ર કુષ્ટ છે.) આ અઢાર કોઢ છે; જોકે સર્વ કોઢમાં ત્રિદોષો હોય છેજ; તોપણ પ્રત્યેક દોષની ઉલ્વણતાના કારણો ઉપરથી જુદાં જુદાં નામો પડેલાં છે.

કોઢ થયા પેહેલાં કેવાં ચિન્હ થાય છે. ?

પેહેલાં વ્રણ થાય છે તે વ્રણ અતિ કોમળ, વા અતિ ખરસટ સ્પર્શવાળા, પરસેવા અને લુખાસપણાએ કરીને સહિત હોય છે. અથવા તડકામાં ફર્યા છતાં પણ પરસેવો ન આવે, બળતર, ખરજ, ચામડીમાં બેહેરાશપણું, ખુંચ્યા જેવી પીડા, શરીરે ઢાંમદા, ગ્લાનિ, શળની અધિકતા, વ્રણોનું બહુ વખત સુધી રહેવું, રૂઝાઇ ગયા પછી પણ લુખાપણું, નહીં જેવાં કારણો છતાં વ્રણોનો વિશેષ કોપ, રૂંવાડાઓનું ઉભું થવું, અને લોહીમાં કાળાશપણું એટલાં ચિન્હો કોઢ થયા પહેલાં કોઢ થનારા મનુષ્યને અગમચેતીરૂપ થાય છે તેને કોઢનું પૂર્વરૂપ કહે છે. દોષો અતિચળ હોવાનેલીધે ચામડી નરમ કરી નાખી ચારે બાજુએ ચામડીનો રંગ બદલી નાખે છે તે કોઢ કહેવાય છે.

અમુક દોષની પ્રબળતાથી અમુક કોઢ ઉત્પન્ન થાયછે તેનો વિચાર.

વાયુની પ્રબળતાથી કપાળ કોઢ થાયછે. પિત્તની પ્રબળતાથી ઔદુંબર, મંડળ અને વિચર્ચિકા કોઢ થાયછે, વાયુ તથા પિત્તની પ્રબળતાથી ઋક્ષજીહ્વ. વાયુ તથા કફની પ્રબળતાથી ગજચર્મ, એકકુષ્ટ, કિટિભ, સિધ્મ, અલસ અને વિપાદિકા કોઢ થાયછે. પિત્ત તથા કફની

૧ સિધ્મનામા કોઢને **સુશ્રુતે** ન્હાના કોઢમાં ગણેલો છે, પણ **ચરકે** તેને મોટા કોઢમાં ગણેલ છે. કારણ કે ધાતુઓમાં પેઠેલા કોઢને મહાકુષ્ટ ગણવોજ જોઇએ; તેજ પ્રમાણે ધાતુઓમાં પેઠેલ સિધ્મપણ મોટા કોઢમાંજ ગણવા યોગ્ય છે.

૨ દદ્રૂ—દાદરને **સુશ્રુતે** મ્હોટા કોઢમાં ગણેલ છે; છતાં **ચરકનું** એવું **માનવું** છે કે, જે દાદર કાળી અને ઉંડા મૂળવાળી નથી તો તેને મ્હોટા કોઢમાં ન ગણતાં ક્ષુદ્ર કોઢમાં ગણવી યોગ્ય છે; અર્થાત્ રાતી દાદર ન્હાના કોઢમાં અને કાળી તથા મજબૂત મૂળવાળી દાદર મોટા કોઢમાં ગણવી લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રબળતાથી દદ્રુ, શતારૂ, પુંડરીક, વિસ્ફોટક, પામા અને ચર્મદળ કોઢ થાયછે અને ત્રણે દોષની પ્રબળતાથી કાકણક કોઢ ઉત્પન્ન થાયછે.

સાત મોટા કોઢનાં લક્ષણો.

કાંઇક કાળા તથા કાંઇક રાતા ફાટેલા માટીના વાસણના કકડા જેવા રંગનો, લુખો, ખરસટ, પાતળી ચામડીવાળો અને અસંત વ્યથાવાળો જે કોઢ હોય તેને **કપાળ** કોઢ કહેછે. આ કોઢ વિષમછે માટે મહા મેહનતે મટે તો મટે !

જેના શરીરની ચામડી ઊંબરના પાકેલા ફળજેવી થાય તથા ઘણી બળતરા થાય, રૂંવાડાં ધોળીના મોંવાળા જેવાં થઇ જાય અને રતાશ તથા વલુરથી પીડિત હોય તો તેને **ઔદુંબર** કોઢ જાણવો.

જેના શરીરની ચામડી કાંઇક રાતી તથાપીળી હોય, ઉપાય કર્યા વિના મટેજ નહીં એવી, કાંઇક ભીનાસવાળી–પરસેવાવાળી, લીસી–ચીકણી તથા તે ઉપર ઉંચાં ચકરડાં એક એક ચકરડાને મળી ગએલાં નીકળતાં હોય તો તે **મંડળ** કોઢ જાણવો. આ કોઢ કષ્ટસાધ્યછે.

જે કોઢથી શરીરની ચામડી ધોળાશયુક્ત રાતા રંગવાળી પાતળી હોય તથા તેના ઉપર વલુરવાથી માથામાંથી ખરતા ખોડા જેવી ફોતરી ખરતી હોય અને તુંબડીના ફૂલ જેવી ખરજ યુક્ત હોય તો તે **સિધ્મ**–વિભૂતિ–દભૂત કોઢ કહેવાય છે–આ કોઢ વિશેષે કરીને છાતીમાંજ થાયછે. કોઈ વખતે અન્ય અંગોમાં પણ થાયછે.

જે કોઢથી ચણોઠીના સમાન રંગવાળી ચામડી થઇ જાય એટલે વચમાં કાળી અને આસપાસ રાતી અથવા વચમાં રાતી અને આસપાસ કાળી થઇ જાય અને સ્વાભાવે નજ પાકવા છતાં પણ આકરી વેદનાવાળી ત્રણેદોષની પ્રબળતાનાં ચિહ્નો સહિત હોય તો, તે **કાકણક** કોઢ કહેવાયછે.

જે કોઢથી શરીરની ચામડી ધોળા કમળના પાંદડા જેવી અર્થાત્ કમળપત્ર ધોળાં છતાં કોરેએ બહુ રાતાશવાળાં હોય તેવા રંગની અને ઉંચી તથા કફની પ્રબળતા યુક્ત હોય તો તેને **પુંડરીક** કોઢ કહેછે.

જે કોઢથી શરીરની ચામડી કઠણ, અંતમાં રાતી તથા વચમાં ધુમાડાના જેવા રંગવાળી થઇ જાય, પીડાયુક્ત અને રીંછની જીભ જેવા આકારવાળી હોય તો તેને **ઋક્ષજીહ્વ** કોઢ કહેછે.

[1]અગ્યાર ન્હાના કોઢનાં લક્ષણો.

જે કોઢ પરસેવા વિનાનો, ઘણા ઘેરાવાવાળો, માછલાના પર જેવા ચક્રાકારવાળો, અભ્રકના પતરા જેવો ચળકતો ને લીસો હોય તે **એકકુષ્ટ** કહેવાય છે અને જે કોઢ જાડો, હાથીના ચામડા જેવો લુખો તથા કાળો હોય તે **ગજચર્મ** કોઢ કહેવાયછે. જે કોઢ રાતો, શૂળવાળો,

૧ અગ્યાર ન્હાના કોઢ કહ્યા છતાં એકકુષ્ટથી શતારૂ સુધી ગણતાં બાર ક્ષુદ્ર કોઢ થાય છે, તેથી તે શંકાના સમાધાન માટે **ભોજ** કહેછેકે હાથોની લુખી પડેલી ચામડી ફાટી જાય તેને વિચર્ચીકા કહેછે અને પગની ચામડી ફાટી જાય તેને વિપાદિકા કહેછે; જોકે વિચર્ચીકા અને વિપાદિકાના સ્થાનોમાં ફેરછે પણ સ્વરૂપમાં ફેરનથી તેથી વિપાદિકા અને વિચર્ચીકાને એક માનિ લેછે અને કેટલાક આચાર્યો એ બન્નેને જુદા ગણેલછે તેથી બાર ગણેછે, પણ ખરીરીતે વિપાદિકાને વિચર્ચીકા એબેને એક માની અગ્યાર ક્ષુદ્ર કોઢ માનેલછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફોલ્લાવાળો, સ્પર્શ સહન ન કરી શકે તેવો અને ચામડીને ચીરી નાખનાર હોય તે **ચર્મદળ** કોઢ કહેવાયછે. જે ચળવાળી, કાળાશવાળી અને ઘણા પરૂ વેહેવાવાળી નાની ફોલ્લીઓ થાય તે **વિચર્ચિકા** કોઢ કહેવાયછે. જેનાથી હાથ તથા પગ ફાટે અને તેમાં આકરી પીડા-થાય તે **વિપાદિકા** કોઢ કહેવાયછે. જે ફોલ્લીઓ પરૂવાળી, બહુબળતરાવાળી, ઝીણી ઝીણી, મીઠી ચળવાળી શરીરે ફોલ્લીઓ થાયછે તેને **પામા-ખુજલી** કોઢ કહે છે. જેનામાં તીવ્ર પીડા, બળતરા અને મોટા ફોલ્લાઓ હોય તથા હાથે અને કુલા-કછોટાના ભાગમાં ફેલાયલી હોય અને ઉગ્ર હોય તેને **કચ્છુપારસખસ** કોઢ કહેછે. જે ચળવાળું, લાલ ફોલ્લીઓવાળું અને પ્રકટ થાય સાથેજ ઉપસેલું જે ચકરડું હોય તેનો દદ્રૂ-દાદર-દરાજ-રીંગવર્મ-[illegible] કા-ળાશ સહિત રતાશવાળા અને પાતળી ચામડીવાળા ફોલ્લા થાય તે **વિસ્ફોટક** કહેવાયછે. જે કાળી સુકાયલી વ્રણના ઠેકાણા જેવી ખરસટ અને લુખી ફોડીઓ થાયછે તેને **કિટિભ** કોઢ કહેછે. જે ચળવાળા તથા લાલાશવાળા મ્હોટા ફોલ્લાઓથી વીંટાયલ હોય તે **અલસક** કહેવાયછે. અને જે લલાશ યુક્ત કાળાશવાળું, બળતરની પીડાવાળું અને ઘણા વ્રણોવાળું જણાય તે **શતારૂ** કોઢ કહેવાયછે.

સાત ધાતુઓમાં રહેલા કોઢનાં લક્ષણો.

રસ નામના ધાતુમાં પેઠેલો કોઢ હોય તો, શરીરનો વર્ણ ખરાબ અને લુખાસ યુક્ત થાય છે, ચામડી બેહેરી થાય છે, પરસેવો ઘણોજ આવે છે અને રોમાંચ (રૂંવાડાં ઉભાં) થઇ આવેછે.

લોહી નામના ધાતુમાં કોઢ પેઠો હોય તો, ચળ આવે અને પરૂ વિશેષ નીકળે છે.

માંસ નામની ધાતુમાં કોઢ પ્રાપ્ત થયો હોય તો, કોઢનું પુષ્ટપણું, મ્હોંમાં શોષ, ખરસટ-તા, ફોલ્લીઓનું ઉપડવું, ખુંચાયા કે ભોંકાયા જેવી વ્યથા, મોટા ફોલ્લાઓ થાય અને એકજ ઠેકાણે કોઢની સ્થિરતા થાય છે.

મેદમાં પેઠેલો કોઢ હોય તો, હાથ ઠુંઠા, ગતિનો નાશ, અંગનું ભાંગવું, ક્ષત-ચાંદાનું ફેલાવું અને લોહી તથા માંસમાં પેઠેલા કોઢના લક્ષણો યુક્ત હોય છે.

હાડકાં કે **મજ્જા**માં કોઢ પેઠેલ હોય તો, નાક ચીંબુ થઇ જાયછે, આંખ્યો રાતી, ક્ષતોમાં જીવાત,—ચાંદાનું ખોખરાપણું અને પીડા થાય છે.

વીર્યમાં પેઠેલો કોઢ હોય તો, તેથી સ્ત્રી તથા પુરૂષનાં લોહી અને વીર્ય દોષવંત થ-ઇ જાય છે અને તેથી જે સંતતી પેદા થાય છે તે પણ કોઢવાળી હોય છે.

કોઢના સાધ્યાસાધ્યપણા વિષે.

રસમાં, રૂધિરમાં કે માંસમાં પેઠેલો અને વાયુના તથા કફની પ્રબળતાવાળો કોઢ સા-ધ્ય છે. મેદમાં પેઠેલો અથવા બે દોષની પ્રબળતાવાળો કોઢ યાપ્ય-કષ્ટસાધ્ય છે અને મ-જ્જામાં અસ્થિ-હાડમાં કે વીર્યમાં પેઠેલો કોઢ, બળતરાવાળો, મંદ અગ્નિવાળો, કે ત્રિદો-ષની પ્રબળતાવાળો કોઢ અસાધ્ય છે માટે ચિકિત્સા કરવા યોગ્ય નથી. બાહારના કોઢમાં પણ જીવાત પડી હોય તો તે અસાધ્ય છે.

કોઢનું અરિષ્ટ.

જે કોઢના રોગીનુ અંગ ચીરાઇ-વીખરાઇ ગયું હોય, પરૂ વગેરે બહુ વહેતાં હોય, આં-ખ્યો રાતી રહ્યા કરતી હોય અને કંઠ ખોખરો થઇ ગયો હોય તથા ઉલટી રેચ વગેરે પાં-ચ કર્મોના ગુણો લાગુ ન પડતા હોય તો તે કોઢરોગી યમલોકનો વાસી છે એમ સમજવું.

For Private And Personal Use Only

કોઢના ભેદરૂપ શ્વિત્રકોઢનું લક્ષણ

જે કોઢ ઉત્પન્નથવાનાં મૂળ કારણો છે તેજ આ શ્વિત્રકોઢ ઉત્પન્ન થવાનાં કારણો છે. શ્વિત્રજ લોહીના આશ્રયથી **કિલાસ** નામે કહેવાયછે અને માંસના આશ્રયથી **અરૂણ** કહેવાય છે; **અર્થાત્** કિલાસ અને અરૂણ એ બે શ્વિત્રકોઢનાજ ભેદ છે. કોઢ પરૂ વગેરે ઝરતો હોય છે અને શ્વિત્ર પરૂ વિનાનું હોય છે. કોઢ ત્રણે દોષોથી થાય છે અને શ્વિત્ર એક એક દોષથી થાય છે. કોઢ રસ વગેરે સઘળા ધાતુઓમાં રહેછે અને શ્વિત્ર ફક્ત લોહી માંસ તથા મેદમાંજ રહે છે એટલો કોઢ અને શ્વિત્ર વચ્ચે તફાવત છે.

દોષોના ભેદ ઉપરથી શ્વિત્રના લક્ષણના ભેદો.

વાયુથી થએલ લુખું, લેજ રાતું અને લોહીમાં રહે છે. પિત્તથી થએલું કમળપત્રની પેઠે જરાવાં ધોળું અને ચારે બાજુએ રાતું, બળતરા વાળું, રોમનો નાશ કરનારૂં અને માંસમાં રહેનારૂં હોય છે. કફથી થએલું ધોળું, જાડું, ભારે, ખરજવાળું અને મેદમાં રહેનાર હોયછે. શ્વિત્ર દોષથી થયું હોય કે વ્રણથી થયું હોય; તો પણ દોષભેદને અનુસરી તેના વર્ણો ઉપર પ્રમાણેજ હોય છે. વાયુથી પિત્તનું અને પિત્તથી કફનું વધારે ખરાબ હોય છે.

શ્વિત્રનું સાધ્યાસાધ્યપણું.

જે શ્વિત્ર ધોળા રૂંવાડાં વિનાનું હોય, પાતળું, લોહીવાળું, તાજું અને અગ્નિથી બળ્યાવિના થએલ હોય તે સાધ્ય છે. તે વિના અન્ય સર્વ અસાધ્ય છે. અથવા ઇંદ્રિ, યોનિ, હાથમાં, પગના તળીમાં કે હોઠમાં થએલ હોય તે શ્વિત્ર–ધોળો કોઢ તાજો હોય તો પણ અસાધ્ય છે.

કોઢ વિનાબીજા પણ કેટલાક રોગો ચેપી છે?

એક બીજાની પથારીમાં સુવાથી, ભેગા બેસીને જમવાથી, એક એકનું કપડું ઓઢવા–પહેરવાથી, એક એકની પહેરેલી ફુલની માળા ધારણ કરવાથી અને એક એકના ચંદન વગેરેના લેપ કરવાથી ચળ, (ખસ–લુખસ) ચાંદી. ભૂતનો કરેલો ઉન્માદ, વ્રણ, તાવ, ઉપરસ, રતવા, કૉલેરા, ઓરી, અછબડા, શીતળા અને આંખ્યોનું દુખવું તથા પ્રમેહ વગેરે એવા બીજા પણ સંસર્ગથી થનારા રોગો એક મનુષ્યથી બીજા મનુષ્યને ઉડા વળગે છે. માટે એવા ચેપી રોગીથી બરોબર સાવધ રહેવું.

કોઢના ઉપાય.

વાયુની પ્રબળતાવાળા કોઢમાં ઘીનો ઉપયોગ કરવો, કફની પ્રબળતાવાળામાં ઉલટી [illegible] પિત્તની પ્રબળતાવાળા કોઢમાં લેપ, [illegible] કરડે, કરકચ, સરસવ, હળદર, બાવચી, સિંધાલુણ અને વાવડીંગ એઓને ગોમૂત્રમાં વાટી લેપ કરે તો, કોઢ મટીજાય છે. આ **પથ્યાદિ લેપ** કહેવાય છે. **અથવા** બાવચીને ઝીણી વાટી આદાના રસમાં ઘુંટી શરીર ઉપર ચોળવાથી આકરો અને જામીગએલ કોઢ પણ નાશ પામે છે. આ **સોમરાજ્યુદ્વર્ત્તન** કહેવાય છે. **અથવા** શ્રી બ્રહ્માજીએ માર્કંડેયઆદિ મહર્ષિઓને કહેલ તથા તે મહર્ષિઓએ કરી જોએલ પંચનિંબાદિ પ્રયોગથી સર્વ રોગ નાશ થાય છે. તે પ્રયોગ એ છે કે–લીંબડાની લીંબોળી, મોર, છાલ, મૂળ અને પાંદડાં અર્થાત્ લીંબડાનાં પાંચે અંગ સરખે ભાગે લઈ તેઓનું ચૂર્ણ કરી તે ચૂર્ણને જળભાંગરાના સ્વરસની ૭ ભાવના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવી. પછી ત્રિફળા, ત્રિકટુ, બ્રાહ્મી, ગોખરૂ, ભીલામાં, ચિત્રામૂળ, વાવડીંગનો સાર, કુકરકંડ, લોઢાનું ચૂર્ણ, હળદર, દારૂહળદર, બાવચી, ગરમાળો, સાકર, ઉપલેટ, ઇંદ્રજવ અને કાળીપાડ એઓને સમાન ભાગે લઇ ચૂર્ણ કરીને તેને ખેર, બીબલો અને લીંબડો એઓના જાડા ક્વાથના ૭ ભાવના દેવી. પછી હરડે વગેરેના ચૂર્ણનો ૧ ભાગ અને લીંબડાના પંચાંગના ચૂર્ણના બે ભાગ લઇ એકઠાં કરી મધમાં અથવા પંચતિક્ત નામના ઘીમાં અથવા ખેરના તથા બીબલાના ક્વાથમાં અથવા ઉના પાણીમાં કાલવીને શુભ દિવસે ચાટવું. નિરંતર ૪૮-૪૮ રતિ ભાર માત્રા વધારતાં છેક ૪ તોલા સુધી થાય ત્યાંસુધી આ અવલેહ ચાટવામાં વધારવો. આ પ્રયોગ કરતાં પહેલાં રેચ વગેરેથી શરીરને સાફ કરી પછી સ્નેહનની ક્રિયાકરી કોઠાને સ્નિગ્ધ કર્યા બાદ આ અવલેહનો ઉપયોગ કરવો. જેથી વિચર્ચિકા, ઔદુંબર, પુંડરીક, કપાલ, દાદર, કિટિભ, અલસક, શતારૂ, વિસ્ફોટક, વિસર્પ, ગંડમાળા, કફનો પ્રકોપ, ત્રણે પ્રકારના શ્વિત્ર, ભગંદર, શ્લીપદ, વાતરક્ત, જડપણું, અંધતા, ભરનીગળ, માથાનાં દરદો, સમસ્ત પ્રમેહો, સઘળા પ્રદરો, દાહનું અને ઝાડ પાલાનું ઝેર, વગેરે વગેરેનો નાશ કરે છે. આ અવલેહ મધમાં સેવવાથી જાડા પેટવાળો કેવળ સિંહના સમાન પાતળા પેટવાળો અને મજબૂત સાંધાઓવાળો થાય છે. આ અવલેહનો નિરંતર જે અભ્યાસી હોય તેને જો સાપ વગેરે ઝેરી જીવો કરડે છે તો તે ઝેરી જીવો તુરત મરીજાય છે-આ અવલેહના ઉપયોગથી દીર્ઘાયુ થાય છે, રોગ તથા બુઢાપો પ્રાપ્ત થતાં નથી અને ચંદ્રમા જેવી સુંદર કાંતિ થવાથી શરીરની બહુ શોભા વધે છે-આ **પંચનિંબકાવલેહ** કહેવાય છે. **અથવા** બાવચી તોલા ૨૦, શિલાજીત તોલા ૨૦, શુદ્ધ ગુગળ તોલા ૪૦, મીંઢીઆવળ તોલા ૧૨, લોઢાનું ચૂર્ણ તોલા ૨, અને બોરીયેકલ્હાર, મોથ, વાવડીંગ, ત્રિફળા, કરકચનાં પાંદડાં. ખેર, ગળો, નસોતર, શુદ્ધ નેપાળો, હળદર, ઇંદ્રજવની છાલ, લીંબડો, ચિત્રક અને ગરમાળો એ બેબે તોલા ભાર લઇ એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી મધ સાથે ગોળીઓ બનાવી ગોળી ૧ પ્રભાતે ગોમૂત્ર સંગાથે ગળવામાં આવે તો તેથી. કોઢ, વાતરક્ત, ઘાગાં પળી, શરીરની કરચલી, શ્વિત્ર, પાંડુ, પેટના વિષમ રોગ, પ્રમેહો અને ગુલ્મરોગ એ સઘળાનો નાશ થાય છે. આ **સ્વાયંભુવ ગુગ્ગલ** કહેવાય છે. **અથવા** ચિત્રામૂળ, ત્રિફળા, ત્રિકટુ, જીરૂં, કલોંજીજીરૂં, વજ, સિંધાલૂણ, અતિવિષ, ઉપલેટ, ચવક, જવાસો, વાવડીંગ, એળચી, ખોડીઅજમો, મોથ, અને દેવદાર એઓનું ચૂર્ણ કરી તે સર્વની બરોબર શુદ્ધ ગુગળ લઇ તે સર્વને ઘીની સાથે સારીપેઠે કુટીને તેની ગોળીઓ વાળવી. આ ગોળી પ્રભાતકાળે ભોજનના સમયમાં જઠરાગ્નિના બળને અનુસરી સેવન કરે તો, અઢારે જાતના કોઢ, કૃમિઓ, દુષ્ટવ્રણો, ગ્રહણી, ગુદાના મસાના વિકારો, મ્હોંનાં દરદો, ગળગ્રહ, ગૃધ્રસી, ભગ્ન અને ગોળો એ સર્વનો નાશ થઇજાય છે, જેમ વિષ્ણુ પરમાત્મા દૈત્યોને જીતે છે તેમ આ ગુગળ ઉક્ત વ્યાધિઓને અને કોઠામાં રહેલા વ્યાધિઓને જીતે છે. આ **એકવિંશતિક ગુગ્ગુલ** કહેવાય છે. **અથવા** શુદ્ધ ભીલામાં તોલા ૧૨૮ ભાર લઇ કાપી ૧૦૨૪ તોલાભાર પાણીમાં નાખવાં. ૧૨૮ તોલાભાર ગળોને કુટી તે પણ તે પાણીમાં નાખી અગ્નિદ્વારા ઉકાળવું. જ્યારે ચોથા ભાગનું ઉકાળતાં બાકી રહે ત્યારે ઉતારી લઇ, વસ્ત્રથી ગાળી કાહાડી તેમાં ૩૨ તોલા ઘી, ૨૫૬ તોલા દુધ, ૬૪ તોલા સાકર અને ૩૨ તોલા મધ[1] નાંખી ધી-

[1] આ પ્રયોગમાં મધ નાખ્યાપછી પાક કરવો એમ લખ્યું છે, પણ **મદનપાળ નિઘંટમાં** કહ્યું છે કે-અગ્નિ અને તાપથી ઉનું થએલ મધ ખાવામાં આવે તો મનુષ્યનું મરણ નિપજાવે છે; છતાં આ પાઠમાં તેથી વિરૂદ્ધ લેખ છે માટે વિચારીને પાક ઉપયોગમાં લેવો. **ભા. કર્ત્તા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મા તાપથી તેનો પાક કરવો. જ્યારે સર્વ દ્રવ જાડો થઇજાય ત્યારે ઉતારીલઇ તેમાં બીલાં, અતિવિષ, ગળો, બાવચી, પુમાડીઆનાં બીજ, લીંબડો, ત્રિફળા, મજીઠ, ત્રિકટુ, અજમો, સિંધાલુણ, મોથ, તજ, એળચી, નાગકેસર, ખડસલીયોપિત્તપાપડો, તમાલપત્ર, વાળો, કાળોવાળો, ચંદન, ગોખરૂ, કચૂરો અને રતાંજળી એ પ્રત્યેક પદાર્થો બબે તોલાભાર લઇ તેઓનું ચૂર્ણ કરી તે પાકમાં નાખવું. આ અવલેહ પ્રાતઃકાળે પાણીથી ૪ રૂપિયા ભાર નિરંતર સેવન કરે અને પથ્યમાં રહે અર્થાત્ કસરત, તડકો, અગ્નિ, ખાટા પદાર્થો, માંસ, દહી, મૈથુન, તેલનું મર્દન, અને પંથ કે શ્રમ કરવાનો ત્યાગ કરે તો કોઢ તથા વાતરક્ત અને સઘળા પ્રકારના મસાનો નાશ થઇ જાયછે—આ **અમૃતભલ્લાતકાવલેહ** કહેવાય છે. **અથવા** લીંબડો, ધોળી ઉપલસરી, અતિવિષ, બાવચી, કડુ, ત્રાયમાણ, ત્રિફળા, મોથ, ખડસલીયોપિત્તપાપડો, રાતો ધમાસો, વજ, ખેર, સુખડ, કાળીપાડ, સુંઠ, કચૂરો, ભારંગી (ન મળે તો ભોરીંગણીનાં મૂળ લેવાં) અરડૂસો, કરીયાતું, ઇંદ્રજવ, કાળી ઉપલસરી, ઇંદ્રવરણા, પીલુડી, વાવડીંગ, કડાયાની છાલ ચિત્રક, હસ્તિકંદ, ગળો, બકાનલીંબડો, કડવાં પરવળ, (કડવાં તુરીયાં કુકડવેલો)હળદર, દારૂહળદર, પીપર, ગરમાળો, સપ્તપર્ણ, નસોતર, જળજાંબવો, ધોળી ચણોઠીનાં ફળ, મજીઠ, ગજપીપર, રાસ્ના, ઇરડ્ય, સાટોડી, નેપાળાનું મૂળ, બીબલાનો સાર, જળભાંગરો, કાંટાશલાયો, અંકોળ અને સાગ એ સઘળા પદાર્થો આઠ આઠ તોલા ભાર લઇ તેઓનો ૧૦૨૪ તોલા ભાર પાણીમાં મંદ અગ્નિદ્વારા ક્વાથ કરવો. જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારી વસ્ત્રગાળ કરી મજબૂત વાસણમાં રાખવો. પછી ૧૦૦૦ બીલામાં લઇ ફરી ૩૦૭૨ તોલા ભાર પાણીમાં પકાવી આઠમા ભાગનું પાણી બાકી રહે કે ઉતારી લઇ ગાળી બન્ને ક્વાથને ભેગા કરી પછી તેમાં ગોળ તોલા ૪૦૦ ભાર નાખી ધીમા તાપથી પકાવતાં શીરાના જેવો થાય ત્યારે તેમાં ફરી ૧૦૦૦ બીલામાનો ગર્ભ નાખવો અને ત્રિફળા, ત્રિકટુ, મોથ, વાવડીંગ, ચિત્રક, સૈંધવ, સુખડ, ઉપલેટ તથા અજમો એ પ્રત્યેક પદાર્થો ૪-૪ તોલા ભાર લઇ ચૂર્ણ કરી તથા તજ તમાલપત્ર, એળચી અને નાગકેસર એઓ પણ ૪-૪ તોલા ભાર લઇ ચૂર્ણ કરી ઉક્ત અવલેહમાં મેળવી દેવું—આ **મહાભલ્લાતકાવલેહ** શ્રી સદાશિવજીએ જગત્ જીવોના કલ્યાણ નિમિત્તે કહેલ છે, તેનું સેવન કરે તો, તેથી શ્વિત્ર, ઔદુંબર, દાદર, ઋક્ષજીહ્વ, કાકણક, પુંડરીક, ચર્મદળ, ગજચર્મ, વિસ્ફોટક, રક્તમંડળ, ચળ, કપાલક, ખસ, લુખસ, પગનું ફાટવું, વાતરક્ત, છએ પ્રકારના હરસ, પાંડુ, વ્રણ, કૃમિયા, રક્તપિત્ત, ઉદાવર્ત્ત, ઉધરસ, શ્વાસ અને ભગંદર એટલા રોગો મટી જાય છે. આ અવલેહનું સદા સેવન કરે તો પળીયાં, અને અતિ ભયંકર આમવાયુ પણ મટી જાય છે. આ અવલેહ ઉપર આહાર વિહાર કે મૈથુનમાં વિશેષે કરી પાળવાની જરૂર નથી. આ અવલેહ કાંતિને બહુ ઉત્તમ કરે છે. અને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. આ અવલેહ ઉપર દુધ અથવા ગળોના પાણીનું અનુપાન આપવું અને ઘણું કરીને ભોજનમાં ચીકાશનો અને ખાટાનો ત્યાગ કરવો. **અથવા** મજીઠ, ત્રિફળા, કડુ, વજ, દારૂહળદર, ઉપલેટ અને લીંબડો એઓનો ક્વાથ કરીને નિરંતર પીએ તો સર્વ પ્રકારના કોઢ નાશ થાય છે, તથા વાતરક્ત, ચળ, ખસ, રક્તમંડળ, દાદર, વિસર્પ અને વિસ્ફોટક એઓનો પણ નાશ થાય છે—આ **લઘુમંજીષ્ઠાદિક્વાથ** કહેવાય છે. **અથવા** મજીઠ, બાવચી, પુમાડીઓ, લીંબડો, હરડે, હળદર, આમળાં, અરડૂસો, શતાવરી, કાંસકી, ગંગેટી, જેઠીમધ, ગોખરૂ, પરવળનો વેલો, વાળો, ગળો અને રતાંજળી એઓનો ક્વાથ કરીને પીએ તો નેશી કોઢ, વાતરક્ત, ગળ અને મંડળનો જડમાંથી નાશ થાય છે. આ **મધ્યમમંજી-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ષ્ઠાદિ ક્વાથ કહેવાય છે. **અથવા** મજીઠ, બમણા ઈંદ્રજવ, ગળો, મોથ, વજ, સુંઠ, હળદર, દારૂહળદર, ભોંરીંગણી, લીંબરો, પરવળ, કડુ, ભારંગી, વાવડીંગ, જળજાંબવો, પીક્ષુડી, દેવદાર, જળભાંગરો, પીપર, ત્રાયમાણ, કાળીપાટ, શતાવરી, ખેર, ત્રિફળા, કરીયાતું, બકાયન લીંબડો, બીબલો, ગરમાળો, ધફુલા, બાવચી, રતાંજળી, વાયવરણાં, નેપાળાનાં મૂળ, સાગ, ખડસલીયોપિત્તપાપડો, ઉપલસરી, અતિવિષ, રાતો ધમાસો, ઇંદ્રવરણાં અને વાળો એઓનો **ક્વાથ** કરી પીએ તો લાંબા કાળના ચામડીના રોગો, અઢારે પ્રકારના કોઢો, વાતરક્ત, સઘળા લોહી વિકારના રોગો, વિસર્પ, ચામડીનું બેહેરાપણું અને આંખના રોગો એ સર્વેનો નાશ થાય છે–આ **વૃહન્મંજિષ્ઠાદિ ક્વાથ** કહેવાય છે. **અથવા** કાળીમરી, નસોતર, મોથ, શુદ્ધ હરતાલ, શુદ્ધ મણશીલ, દેવદાર, હળદર, દારૂહળદર, જટામાંસી, સુખડ, ઇંદ્રવરણાં, કણેર, આકડાનું દુધ, અને ગાયના છાણનો રસ એ પ્રત્યેક પદાર્થો એક એક તોલા ભાર લેવા, શુદ્ધ વછનાગ બે તોલા ભાર લેવો અને સરસીયું તેલ ૬૪ તોલા ભાર લઇ એઓને ચારગણા પાણીમાં તથા બમણા ગૌમૂત્રમાં પકાવી તૈલ સિદ્ધ કરવું. આ તેલનું મર્દન કરવાથી કોઢનો નાશ થાય છે, તથા શ્વિત્ર કોઢનો વર્ણ બદલાઇ જાય છે. જો આ તેલનું નિત્ય સેવન કરે તો, ચળ, ખસ, સિધ્મ, વિચર્ચિકા, પુંડરીક, દાદર તથા ત્વચાના શૂન્યપણાનો નાશ કરી દે છે. આ **લઘુમરિચ્યાદિ તૈલ** કહેવાય છે. **અથવા** મરી, નસોતર, નેપાળાનાં મૂળ, આકડાનું દુધ, છાણનો રસ, દેવદાર, દારૂહળદર, હળદર, જટામાંસી, ઉપલેટ, સુખડ, ઇંદ્રવરણાં, કણેર, હરતાલ, મણશીલ, ચિત્રક, ત્રઢવાડીયું, મોથ, વાવડીંગ, પુમાડ, સરસડીઓ, ઇંદ્રજવ, લીંબડો, સપ્તપર્ણ, ગળો, થોર, સામો, કરકચ, ખેર, બાવચી, વજ અને માલકાંકણી એ સઘળાં ચાર ચાર તોલાભાર લેવાં, શુદ્ધ વછનાગ ૮ તોલા ભાર અને સરસીયું તેલ ૨૫૬ તોલા ભાર તથા ગૌમૂત્ર એથી ચારગણું લઇ આ સમસ્ત પદાર્થોને લોઢાના વાસણમાં અથવા માટીના વાસણમાં નાખી ધીમા તાપથી પકાવી તૈલ તૈયાર કરવું. આ તેલના મર્દનથી કોઢના વ્રણો, ખસ, વિચર્ચિકા, દાદર, ચળ, વિસ્ફોટક, શરીરની કરચલીઓ, પળીયાં, મ્હોં ઉપરના ડાઘ, તલ અને મસા એ સર્વેનો નાશ કરેછે, સુકમાળપણાને આપે છે, જો આ તેલનો રજોદર્શન થયા પછી સ્ત્રી નાસ લે તો તેના સ્તનો વૃદ્ધાવસ્થા થયા છતાં પણ નમી જતા નથી. બળદ ઘોડા કે હાથી વાયુથી પીડાતા હોય તો આ તેલનું ૩ વાર મર્દન કરવું, જેથી તે પવન વેગે ચાલે છે અર્થાત્ વાયુનો નાશ થઇ જાય છે–આ **મહામરિચ્યાદિ તૈલ** કહેવાય છે. **ભાવપ્રકાશ.** **અથવા** શુદ્ધ હરતાલ લઇ સાટોડીના રસમાં ૧ દિવસ ઘુંટી ગોળો વળે તેવી થાય ત્યારે તેની ટીકડીઓ કરી તડકામાં સુકવી પછી સાટોડીના પાંચે અંગના ખાર (રાખ)લઇ હાંલ્લામાં ભરી તેના વચમાં તે હરતાલની ટીકડીઓને મુકી ફરી તે ઉપર સાટોડીના પંચાંગનો ખાર ભરી ઢાંકણી ઢાંકી મુખે મુદ્રા દઇ સુકવી, તેને ચુલા ઉપર ચઢાવી બહુજ ધીમા તાપથી નિરંતર પાંચ દિવસ સુધી તાપ દેવો તો, તે રસ સિદ્ધ થાય છે. જ્યારે એની મેળેજ હાંલ્લુ ઠંડુ થઇ જાય ત્યારે ચુલા ઉપરથી ઉતારી ટીકડીઓને આસ્તેથી કાહાડી લઇ તેમાંથી ૧ રતિ ગડૂચ્યાદિ ક્વાથના અનુપાન સાથે સેવન કરે તો અઢાર જાતના કોઢ, ભયંકર વાતરક્ત અને દુસ્તર ફિરંગ રોગ, એટલા રોગોનો નાશ કરે છે. આ પ્રયોગ સેવનારે મીઠું, ખટાશ, તિખાસ, અગ્નિનો તાપ, તડકો એ સર્વેનો ત્યાગ કરવો. કદાચ મીઠા વિના ન રહેવાય તો થોડા સિંધાલૂનનું સેવન કરવું–આ **તાલકેશ્વર રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.** **અથવા** પારો, ગંધક, મારેલું ત્રાંબુ, મારેલું લોઢું, ગુગળ, ચિત્રામૂળ, શિલાજીત, ઝેરકોચલાં અને ત્રિફળા એઓને સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાગે લેવાં. અભ્રક અને કરકચના બીજોને પારાથી ચાર ગણાં લેવાં. એ સઘળા પદાર્થોને એકઠા કરી તે પૈકી વાટવા યોગ્ય હોય તેને વાટીને અન્યને તેમાં મેળવી મધ તથા ઘીમાં યત્નપૂર્વક ખરલ કરી ઘીના વાસણમાં રાખી મુકવાં. પછી એમાંથી એક તોલાભાર નિરંતર પ્રાતઃકાળે સેવન કરી અને તેના ઉપર રાતા ચોખા, દુધ તથા મધ સેવન કરે તો નાક, કાન, કે આંગળીઓ ગળી ગએલ હોય તે મનુષ્ય આ રસના સેવવાથી કામદેવના જેવો સુંદર બને છે, પણ સેવન કરતી વખતે મૈથુનનો ત્યાગ કરવો. જો કોઢ મજબુત મૂળ નાખી રહ્યો હોય તો આ રસ ઉપર પાણી અને ભાતનુંજ પથ્ય રાખી સેવન કરે તો કોઢનો નાશ કરે છે. આ **ગલિત કુષ્ટારી રસ** કહેવાય છે. **અથવા** ઉપલેટ, મૂળાનાં બીજ, કાંગ, સરસવ, હળદર અને નાગકેસર એઓને વાટી લેપ કરે તો, લાંબા વખતનું સિધ્મકોઢ પણ મટે છે–આ **કેસરષટ્ક લેપ** કહેવાય છે. **અથવા** અંધાડાના રસથી કે, હળદરથી મિશ્રિત કરેલા કેળના ખારમાં મૂળાનાં બીજ વાટી લેપ કરે તો, સિધ્મકોઢ મટે છે. **અથવા** દારૂહળદર, મૂળાનાં બીજ, હરતાલ, દેવદાર અને નાગરવેલનાં પાન એ પ્રત્યેક્ પદાર્થો ૧–૧–તોલા ભાર લેવા અને શંખનું ચૂર્ણ ૨૪ રતી ભાર લેવું. આ સર્વને એકત્ર કરી પાણીથી ઘુંટી લેપ કરે તો સિધ્મકોઢ નાશ પામે છે. **અથવા** આંબાની ગોટલીને ત્રાંબાની કથરોટમાં ત્રાંબાની વાટકીથી પાણી સાથે ઘુંટી અથવા ત્રાંબાના વાસણ ઉપર ઘસી જરા સિંધાલૂણ નાખી તેનો લેપ કરે તો તેથી ચર્મદળ કોઢ મટે છે. **અથવા** જીરૂં તોલા ૪ અને સિંદૂર તોલા ૨ એઓથી સરસીઆ તેલને પકાવી તે તેલ ચોપડવાથી લુખસ અને ખસ મટી જાય છે. આ **જીરકાદ્યતૈલ** કહેવાય છે. **અથવા** મજીઠ, ત્રિફળા, લાખ, પડવાડીયું, હળદર અને ગંધક એઓનું ચૂર્ણ કરી તેથી પકાવેલું તેલ ચોપડે તો ખસ માત્ર મટી જાય છે.–આ **આદિત્યપાક તેલ** કહેવાય છે. **ભાવપ્રકાશ.** "**અથવા** પારો, જીરૂં, શાહજીરૂં, હળદર, દારૂહળદર, મરી, સિંદૂર, આમળસારો ગંધક અને મણશીલ એઓને સમાન લઇ પારા ગંધકની કાજળ બનાવી અન્ય ઔષધોને ઝીણાં વાટી ગાયના ઘીમાં ૧ દિવસ લગી ખરલ કરી પછી તેનું મર્દન કરે તો, ખસ મટે છે. **અથવા** પારો, ગંધક, મોરથુથું, કાથો, મહેંદી, ખુરાસાનીઅજમો, મીણ અને માલકાંકણી એ સર્વ ઔષધોને બરાબર લઇ પારા ગંધકની કાજળ કરી મીણ વગર બીજાં ઔષધોને વાટી પછી ઘીમાં મીણને ઓગાળી બીજાં ઔષધો તેના અંદર નાંખી ઘુંટયા બાદ પારા ગંધકની કાજળ મેળવી ગાયના ઘી સાથે ૧ દિવસ સુધી સારી પેઠે ઘુંટી તેનું મર્દન કરે તો ખસ તથા લોહિવિકારના ફોલ્લા–ફોલ્લીઓ મટી જાય છે. **અથવા** શોધેલો ગંધક ભાગ ૨ અને મોરથુથું ભાગ ૩ લઇ પાણી સાથે ઝીણાં વાટી ગોળી કરી ઝીણા લુગડામાં તેને બાંધી મીઠાલચરની ઘઉંની બાટીમાં ઘાલી શેકી લેવો. એમ ૩ તથા ૪ વાર કરી અર્થાત્ ૩ તથા ૪ દિવસ તે ઠેકું બનાવી ઘી સાકર સાથે ખાય અને તે પોટલીમાંની ગોળી વાટી ઘીમાં કાલવી ચોપડે તો ખસ–લુખસ મટી જાય છે; અને લોહીવિકાર પણ મટે છે." **અથવા** સિંધાલૂણ, પુમાડીઆનાં બીજ, સરસવ અને પીપર એઓને કાંજીના પાણીમાં ઝીણાં વાટી લેપ કરે તો ખસ–ત્વલુર મટી જાય છે–આ **સૈંધવાદિ લેપ** કહેવાય છે. આકડાના પાંદડાંનો રસ તથા હળદર એ બેને સરસીઆ તેલમાં પકવી તે તેલનું મર્દન કરે તો ખસ, વિચર્ચિકા અને પારસ ખસ મટે છે–આ **અર્ક તૈલ** કહેવાય છે. **અથવા** મણશીલ, હીરાકસી, હરતાલ, ગંધક, સિંધાલૂણ, દારૂડી, પાષાણભેદ, સુંઠ, ઉપલેટ, પીપર, વડવાડીયું, કણેર, પુવાડીઆનાં બીજ, વાવડીંગ, ચિત્રક, નેપાળાનાં મૂળ, અને લીંબડાનાં પાંદડાં એ પ્રત્યેક્ પદાર્થો એક એક તોલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાર લઇ તેઓના કલ્કથી ૧૨૮ તોલા ભાર સરસીયું તેલ પકાવવું તે પછી આકડાનું દુધ ૪ તોલા ભાર, થોરનું દુધ ૪ તોલા ભાર અને ૨૫૬ તોલા ભાર ગોમુત્ર નાખી મધુરી આંચથી પકાવી તેલ સિદ્ધ કરી તેનો માલેશ કરે તો અસાધ્ય કચ્છૂ-પારસ ખસ મટી જાય છે. **હારીતમુનિ** કથિત આ તેલના માલેસથી ચળ, ખસ, ચામડીના રોગ અને લોહીનાં દરદો પણ મટે છે. આ **કચ્છૂરાક્ષસ તેલ** કહેવાય છે.

દાદરના ઉપાય.

ઉપલેટ, વાવડીંગ, પુમાડનાં બીજ, હળદર, સિંધાલુણ અને સરસવ એઓને લીંબુના રસમાં વાટીને ચોપડે તો, દાદર તથા કોઢ મટી જાય છે. **અથવા** કો, હળદર, સિંધાલુણ, પુમાડીઆનાં બીજ અને બાવચી એઓને કાંજીમાં તથા ખાટી છાશમાં વાટી ૩ વાર લેપ કરે તો મજબુત મૂળ ઘાલેલી દાદર તથા કોઢ મટી જાય છે.

શ્વિત્ર-ધોળા કોઢના ઉપાય.

બેહેડાંની છાલ, તથા કાળા ઊમરાનાં મૂળીયાંનો કવાથ કરી તેમાં ગોળ નાખી તે સાથે બાવચીના બીજનો કલ્ક પીએ તો કષ્ટકારી ધોળો કોઢ અને પુંડરીક નામનો કોઢ પણ મટી જાય છે. **અથવા** સોળ તોલા બાવચીનાં બીજ, ચાર તોલા હરતાલ, ૦ાા તોલો મણશીલ, ચણોઠી અને ચિત્રાનાં મૂળ એઓને ગૌમૂત્રમાં વાટી લેપ કરે તો, તેથી ધોળો કોઢ મટી જાય છે અને ચામડીનો રંગ અસલ પ્રમાણે થઇ જાય છે. **અથવા** આમળાંના, કે ખેરસારના કવાથ સાથે બાવચીનું ચૂર્ણ પીએ તો શંખજેવો, ચંદ્રમા જેવો અને મોગરાના ફૂલ જેવો ધોળો કોઢ હોય તોપણ તે મટી જાય છે. **ભાવપ્રકાશ. અથવા** હળદર ૩૨ તોલા, ગાયનું ઘી ૨૪ તોલા, દુધ ૨૫૬ તોલા અને ખાંડ ૧૨૬ તોલા લઇ એઓને પાક બનાવવાના વિધિ પ્રમાણે હળદરને દુધમાં ઉકાળી કાઢી પાડી ખાંડની ચાસણી કરી તેમાં સુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એળચી, વાવડીંગ, નસોતર, હરડે, બેહેડાં, આંબળાં, કેસર, અને મોથ એ પ્રત્યેક પદાર્થો ૪-૪ તોલાભાર લઇ કેસરવિના સર્વનું ચૂર્ણ કરી કેસરને દુધમાં ઘુંટી પ્રથમ તેને ચાસણીમાં નાખી ઘુંટી પછી તે ચૂર્ણ તથા કાઢીને નાખી હલાવી એકજીવ કરી ચીકણા-રીઢા અને સુંદર વાસણમાં ભરી લેવો. સાત રાત્રિ પછી તેમાંથી દરરોજ ૪ તોલાભાર પાક ખાય તો, ચળ, વિસ્ફોટક, તથા દાદર, એઓના નાશ નિમિત્તે આ અતિઉત્તમ ઔષધ છે. અને આ પાકના સેવનથી સોના જેવી શરીરની કાંતી થાય છે એમાં જરા ખોટું નથી. આ **હરિદ્રખંડ** કહેવાય છે. **અથવા** શુદ્ધ તબકીયા હરતાલને જંબીરી જાતના ખાટા લીંબુના રસમાં ધોઇ તેના દશમા ભાગે શુદ્ધ ટંકણખાર લેવો. હરતાલના કકડા કરી તેમાં ટંકણખાર નાખી એક સુંદર સફેત કપડાને ચારપડું કરી તેમાં તે બન્ને પદાર્થોની પોટલી બાંધી જંબીરીના રસમાં દોલાયંત્રથી દીવાની અગ્નિના સરખી આંચથી ૨ પોહોર સ્વેદન કરે-ઉકાળે, પછી ચુનાના પાણીમાં, કાંજીમાં, ભૂરાકોળાના રસમાં, અને ત્રિફળાના કવાથમાં ઉકાળવી. ત્યાર પછી ખટાશમાં ધોઇ નાખી સુકવી ખાખરાની છાલ અને હરતાલને વાટી તેનો ગોળો બનાવી તડકે સુકવી સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. જ્યારે અગ્નિ સ્વયં શાંત થઇ જાય ત્યારે તે સંપુટને કહાડી લઇ તે હરતાલને બકરીના દુધમાં ઘુંટી ગોળા બનાવી તડકામાં સુકવી ૧૨૬ તોલા ખાખરાની રાખને હાંલ્લીમાં ભરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેના મધ્ય ભાગમાં તે ગોળાને ગોઠવી તે ઉપર રાખ તથા કળીચુનો તોલા ૧૬ દબાવી મજબુત રીતે તેનું મ્હોં બંધ કરી જે પ્રકારે તેમાંથી જરાપણ ધુમાડો ન નીકળે તે પ્રકારે મુદ્રા દઇ ચૂલ્હે ચઢાવી ૩૨ પોહોર સુધી અગ્નિ આપવો. એની મેળેજ ઠંડો થાય ત્યારે હાંડીને કાહાડી તેમાંથી યત્નપુર્વક **હરતાલભસ્મને** કાહાડી લઇ ખરલ કરી સુંદર શીશીમાં ભરી લેવી. આ ભસ્મ બરફ તથા મોધરાના ફૂલ જેવીધોળી અને અગ્નિ ઉપર નાખવાથી ધુમાડો ન નીકળે તેવી શુદ્ધ થાય છે. તે ૨ રતીભાર જુના ગોળની સંગાથે સેવન કરે અને તે ઉપર ચણાની રોટલી, સાઠી ચોખા તથા કોદરા ખાય અર્થાત્ ૨૧ દિવસ આ પ્રમાણે કરે અને મીઠું, ખટાસ તેલ આદિ ત્યજી દે તો, અઢાર પ્રકારના કોઢ, વાતરક્ત અને ફિરંગ રોગ (ઉપદંશનો એક ભેદ,) વગેરેનો નાશ કરે છે. **અથવા** પારો, ગંધક, હરતાલ અને મણુશીલ એ સઘળાં શુદ્ધ કરેલ હોય તે લેવાં. ઘરનો ધુંસ, સિંદૂર અને દારૂહળદર એ સર્વે નવ તોલા અને બાવચી ૨ તોલાભાર લઇ એ સઘળાંને વાટી ગાયના ઘીમાં મેળવી શરીરે ચોપડી તડકામાં ૧ પોહોર અથવા ૨ પોહોર બેસે અને પછી ન્હાઇ નાખે તો તેથી ખરજ, દાદર, કૃમિ અને કોઢ એ સર્વેનો ૩ દિવસમાંજ નાશ કરે છે. **અથવા** ખાખરાના મૂળની છાલને સુકવી તેની રાખ કરી ૧૦૦ તોલા ભાર લઇ તેમાં શુદ્ધ કરેલી હરતાલના કકડા ૨૫ માસાના પ્રમાણથી મુકી પુનઃ ખાખરાના મૂળની છાલની રાખથી હરતાલને ઢાંકી; અર્થાત્ એક નવી હાંડલીમાં ઉપર કહેલા તોલ પ્રમાણે રાખ ભરી વચમાં હરતાલના કકડા મુકી તે ઉપર પાછી તેનીજ રાખ ઢાંકી સારી પેઠે દબાવી ઢાંકણી ઢાંકી મુદ્રા કર્યા વિના ૧૦ પોહોર સુધી આકરો અગ્નિ આપવો. જ્યારે પોતાની મેળેજ હાંડલી થંડી થાય ત્યારે હરતાલના ચૂર્ણભસ્મને આસ્તેથી યુક્તિ સાથે કહાડી લઇ ખરલ કરી તેને વસ્ત્રગાળ કરી સુંદર શીશીમાં ભરી લેવી. એમાંથી ૨ રતી ભાર બારમ વગર શેકેલા જીરાના ૧ માસાભાર ચૂર્ણ સંગાથે પાનમાં મુકી ખાય અને તેના ઉપર ટાઢું પાણી પીએ તથા ફરી પાછે એટલે ચણાની રોટલી, તથા શેકેલા ચણા ખાઇ ૪૯ દિવસ પથ્યમાં રહે અને હદથી વિશેષ પવન, વિશેષ તડકો-તાપ સેવન ન કરે તો અઢાર પ્રકારના કોઢ, સર્વ પ્રકારના વાતરક્ત, વિવિધ પ્રકારનાં ગડગુમડ, ઘા, પ્રમેહ ફોલ્લીઓ, વા પ્રમેહપિટિકા, આમવાયુ અને વાયુના વ્યાધિ એ સર્વેનો નાશ કરેછે. **વિદ્યાપતિ** કહેછે કે મેં આ પ્રયોગ સારી પેઠે અનુભવેલો છે. **અથવા** પુવાડીઆનાં બીજ, બાવચી, સરસવ, તલ, ઉપલેટ, હળદર, દારૂહળદર અને મોથ એઓને છાશમાં વાટી-ઘુંટી લેપ કરે તો, દાદર, ચળ અને વિચર્ચિકાનો નાશ થાય છે. **અથવા** મોરથુથું તથા ટંકણ ૧-૧ ભાગ અને બાવચી ૨ ભાગ લઇ એઓને જળભાંગરાના રસમાં ૭ દિવસ ઘુંટે યા, ૭ ભાવનાઓ દઇ ઘુંટી ધોળા કોઢ ઉપર ચોપડે તો મટી જાય છે-એ અનુભવ સિદ્ધ છે. **વૈદ્યરહસ્ય.** **અથવા**–" પારો, શંખનો ચૂનો, અંધાડાનો ખાર, તલનો ખાર, સાટોડીનો ખાર, હરડેનો ખાર, અરડુસાનો ખાર, પરવળનો ખાર, એરંડાનો ખાર, જવખાર, ટંકણખાર, સાજીખાર, નવસાદર, આમલસારો ગંધક, પાંચે જાતનાં લૂણ (સંચળ, સિંધવ, વડાગરૂં, દરીઆનું મીઠું અને મીઠું), ઉપલેટ, સુંઠ, મરી, પીપર, કોકમના ઝાડનાં મૂળ, કરકચના ઝાડનું મૂળ, વઢવાડીઆનું મૂળ, હળદર, સુરણ, બોરીઓકલ્હાર, કડાયાનો ખાર, પીપરના ઝાડનો ખાર, રાઇ, સરસવ, સિંદૂર, શિલાજીત, પાપડીઓ ખારો, કપિલો, લોદર, થોરનાં મૂળીઆં, આકડાનાં મૂળીઆં, મોરથુથું, ચિત્રો અને આકડાના પાંચે અંગનો ખાર, આ સઘળાં ઔષધો ચાર ચાર તોલા ભાર લઇ યથાયોગ્યરીતે સર્વને વાટી તાંબાના વાસણમાં ગાયના મૂત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેળવી ૧ દિવસ રાખી મૂકવાં. ત્યાર પછી તેમાં ભેંશનું, ઘોડાનું, બકરીનું, હાથીનું, તથા ઉંટનું મૂત્ર અને લીંબુનો, જંબીરીનો, બીજોરાનો અને નારંગીનો રસ તથા ચણાનો ખાર, સરગવાનો રસ, સાત ધાન્યની રાઇના સંયોગથી કરેલી કાંજી એ સર્વે અનુમાન પ્રમાણે લઇને તેમાં નાખવાં. પછી તે વાસણનું મ્હોં ઢાંકી દઇ ૨૧ દિવસ માવજત સાથે એકાંતમાં રાખી પછી તેમાંની ઔષધીનો લેપ કરે તો સમસ્ત કોઢ, ગંડમાળ, વિસર્પ, હરપ, વિચર્ચિકા, અને વાયુના સમસ્ત રોગો ૧ માસની અંદર મટી જાય છે–આ **મહાલેપ** કહેવાય છે. **રસસંગ્રહ.**

કોઢ રોગીના સેવ્યાસેવ્ય.

કોઢના રોગવાળાએ નખને કપાવતે રહેવું, નિત્ય ઔષધો સેવન કરવાં, પુરૂષે સ્ત્રીસંગમ **વા સ્ત્રીએ** પુરૂષ સંગમ, માંસ ભક્ષણ, દારૂ પીવો, ખાટા, ખારા, તીખા પદાર્થો, દહી, દુધ, **ગોળ,** તલ અને અડદ વગેરેનો ત્યાગ કરવો.

માત્ર ઘઉં, ચણા, સાઠીચોખા, મગ, મસૂર, તુઅર, જંગલના પશુઓનાં માંસ, તુરીઆં, કુણાં વંત્યાક, લસણ, જાયફળ, રાઇ, કેસર અને મધ તથા સ્વચ્છ હિતકારી પદાર્થોનું સેવન યોગ્ય છે.

કોઢનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રીમન્મહારાજાધિરાજ રાજ રાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે ભગંદર, ઉપદંશ, લિંગાર્શ અને કોઢ રોગ એઓના નિદાન સંપ્રાપ્તિ સહયત્ન નિરૂપણ નામનો સોળમો તરંગ સંપૂર્ણ.

તરંગ સત્તરમો.

શીત પિત્ત ઉદર્દને કોઠને ઉત્કોઠ વળી, અમ્લપિત્ત કેરા ભેદ કહ્યા ભલિ ભાતથી,
દુઃખદ વિસર્પ વાળો વિસ્ફોટક કષ્ટકારી, દુષ્ટ જે ફિરંગ રોગ લખ્યા અવદાતથી,
મસૂરિકા શીતળાદિ રોગો છે નિદાન સહ દોષ ભેદ રૂપ ચિન્હ યોગ આદ્યોપાંતથી,
વાંચો વ્હાલા વાચકો તરંગ સપ્તદશમામાં, વર્ણવ્યા પ્રમાણ યુક્ત ઉક્ત રોગો ખંતથી.

શીતપિત્ત, ઉર્દદ, કોઠ અને ઉત્કોઠનો અધિકાર.

શીતપિત્ત વગેરેનાં દૂરનાં તથા પાસેનાં નિદાન અને સંપ્રાપ્તિ.

શીતળ પવનના સ્પર્શથી વધી ગએલા કફ અને વાયુ એઓ પિત્તના વધારાના કારણોથી થઇ દુષ્ટ થએલા પિત્તના સાથે મળી ચામડીમાં તથા લોહી વગેરેમાં પેસી જાય છે તેથી શીતપિત્ત વગેરે થાય છે.

શીતપિત્તનું પૂર્વ સ્વરૂપ.

જે મનુષ્યને ઉપરના નામવાળો વ્યાધિ થવાનો હોય ત્યારે તે થયા પહેલાં તરશ, અરૂચિ, મોળ, શરીરમાં ગ્લાનિ, અંગોમાં ભારેપણું, બકારી થયા જેવું થાય, દેહમાં પીડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને આંખ્યો લાલ એટલાં લક્ષણ થાય છે; અર્થાત્ આવાં લક્ષણો જેને થાય તેને શીતપિત્ત નામનો રોગ થશે એમ જાણીજ લેવું.

શીતપિત્તનું લક્ષણ.

કીડી તથા ભમરીના કરડયા જેવા આકારવાળો, ચળવાળો, ઘણી વ્યથા, ઉલટી, તાવ અને બળતરાવાળો જે શરીરના બાહાર સોજો થાય છે તેને શીતપિત્ત કહે છે. આમાં વાયુની પ્રબળતા વિશેષ હોય છે.

ઉદર્દનું લક્ષણ.

વચમાં નમેલો, રતાશવાળો, ચળવાળાં ચકરડાંવાળો જે સોજો શિશિર (કુંભ અને મીન શંક્રાંતિ) ઋતુમાં થાય તેને ઉદર્દ કહે છે. આમાં કફની પ્રબળતા વિશેષ હોય છે.

કોઠ તથા ઉત્કોઠનું લક્ષણ.

ઉલટીના વેગને રોકવાથી વા ઉલટી બરાબર ન થવાનાલીધે પિત્ત તથા કફનો વધારો થતાં અને ઉછળેલા અન્નનો નિગ્રહ થતાં ચળવાળાં અને રતાશયુક્ત જે ઢામઠાં નીકળે છે તેને કોઠ અને એક ઢામઠાં મટીને બીજા નવાં ઢામઠાં થતાં આવે તેને ઉત્કોઠ કહે છે.

શીતપિત્ત, ઉદર્દ, કોઠ અને ઉત્કોઠના ઉપાય.

કડવાં પરવળ–કુકડવેલાનાં ફળ, લીંબડો અને અરડુસો એઓથી ઉલટી કરાવવી અને ત્રિફળા, ગુગળ તથા પીપરનો રેચ આપવો એથી શીતપિત્ત મટી જાય છે. **અથવા** સરસિયા તેલનું મર્દન કરવું. શરીરને ઉનાપાણીથી ધોવું. મધ સહિત ત્રિફળાનું સેવન કરવું અને નવકાર્ષિક ગુગળ વગેરેનું સેવન કરવું, જેથી શિતપિત્ત મટી જાય છે. **અથવા** કડુનો સાકર સંગાથે રેચ લેવાથી **અથવા** જુનો ગોળ અને આદાનો રસ ખાવાથી શીતપિત્ત સારી પેઠે મટી જાય છે અને જઠરાગ્નિને પ્રદિપ્ત થાય છે. **અથવા** ગોળ અને આંબળાં **અથવા** સુંઠ, મરી, પીપર તથા જવખાર સહિત અજમો ખાવાથી શીતપિત્ત મટે છે. **અથવા** સરસવ, હળદર, પુવાડીઆનાં બીજ, અને તલ એઓનો કલ્ક કરી તેમાં સરસીયું તેલ મેળવી શરીરે ચોળે તો, શીત્તપિત મટી જાય છે. **અથવા** અજમો અને ગોળ ખાય તથા પથ્ય ભોજન કરે તો, સઘળા શરીરમાં થએલો ઉદર્દ ૭ દિવસમાં મટી જાય છે. **અથવા** મહાતિક્ત નામના ઘીનું સેવન કરી લોહી કઢાવવાથી ઉદર્દ મટી જાય છે. **અથવા** લીંબડાનાં કુણાં પાંદડાં અને આંબળાંને વાટી ઘીમાં મેળવી નિરંતર સેવન કરે તો વિસ્ફોટક, ચળ, કૃમી, શીતપિત્ત, ઉદર્દ, કોઢ અને કફ વગેરે સર્વેનો નાશ થાય છે. **અથવા** છોલેલું આદુ ૬૪ તોલા, ગાયનું ઘી ૩૨ તોલા, ગાયનું દુધ ૧૨૮ તોલા અને સાકર ૬૪ તોલા લેવી. પીપર, પીપરીમૂળના ગંઠોડા, મરી, સુંઠ, ચિત્રામૂળ, વાવડીંગ, મોથ, નાગકેસર, તજ, તમાલપત્ર, એળચી અને કચુરો એ પ્રત્યેક પદાર્થો ચાર ચાર તોલાભાર લેવા. એઓનો વિધિપૂર્વક પાક બનાવવો. અર્થાત્ આદાને ઝીણું સુધારી દુધમાં નાખી માવો કરી ઘી નાખી ફીટી બનાવી અન્ય ઔષધીઓનું ચૂર્ણ કરી સાકરની ચાસણી બનાવી પ્રથમ તેમાં ફીટી નાખી પછી ઔષધો નાખી એકજીવ થાય તેમ હલાવી તૈયાર કરવો. તેમાંથી દરરોજ ચાર તોલાભાર સેવન કરે તો શીતપિત્ત, ઉદર્દ, કોઠ, ઉત્કોઠ, ક્ષય, રક્તપિત્ત, ઉધરસ, શ્વાસ, અરુચિ, વાયુગોળો, ઉદાવર્ત્ત, સોજો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રક્ષુર અને કૃમિઓ એ સર્વનો નાશ કરે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. બળ તથા વીર્યને વધારે છે, અને શરીરને પુષ્ટ કરે છે માટે **આર્દ્રકખંડનું** અવશ્ય સેવન કરવું. **ભાવપ્રકાશ. અથવા** સિંધાલુણને ઘીમાં વાટી શરીરે ચોળી ચુની કાંબળી ઓઢી સુઈ જાય તો શીતપિત્તાદિરોગો શાંત થાય છે. **અથવા** ઘી, સોનાગેરૂ, સિંધાલુણ, કલુંબા અને એઓને સરખા ભાગે લઈ વાટી શરીરે ચોળે તો કોઢ અને ઉદર્દરોગાદિ નાશ થાય છે. **અથવા** કરીયાતું, અરડુસો, કડુ, કુકડવેલાનાં પાદડાં, ત્રિફળા, ચંદન અને લીંબડો એઓનો ક્વાથ કરી સેવન કરે તો, વિસર્પ, બળતરા, તાવ, મુખશોષ, વિસ્ફોટક, તરસ અને ઉલટી એઓનો નાશ કરે છે. આ **ભુનિંબાદિ ક્વાથ** કહેવાય છે. **અથવા** અઘાડાનાં ડાંખળાંની રાખ શરીરે ચોળે. **અથવા** એકલું લસણ કે, ત્રિફળાને મધમાં ચાટે તો બે દિવસમાં ઉદર્દરોગ જલદીથી મટે છે. **અથવા** કોઢ પ્રકરણમાં કહેલાં વટો ઉપયોગમાં લે, ફસ્ત ખોલાવે, મુકાભાજીના યુષથી વા કળથીના યુષથી અથવા સસલાં-તેતરના માંસના રસ સાથે સદા ભોજન કરવું. **વૈદ્યરહસ્ય.** " **અથવા** કટકડીને નાગરવેલના પાનના રસમાં ઘુંટી શરીરે ચોળે તો શીતપિત્ત મટે છે." **અથવા** મેથીદાણા, કાળીજીરી, હળદર, અજમો, કલૌંજીજીરૂ, અતીસ એ સઘળાં ચાર ચાર તોલાભાર લઈ સર્વેને ઝીણાં વાટી તથા ગોદુગ્ધ અને ઘીમાં શેકીને, ગળપણ આઠ તોલા ભાર લઈ તે સાથે ઘુંટી આદાના રસના ૩ પુટ દેવા પછી ૧॥ કે ૨ ટાંક પ્રમાણે ગોળીઓ વાળી ગોળી ૧ નિરંતર પ્રભાતે સેવન કરે તો શીતપિત્તાદિના સમસ્ત વિકાર નાશ પામે છે. **વૈદ્યરત્ન.**

શીતપિત્તનાં પથ્યાપથ્ય.

સાઠીચોખા, મગ, કળથી, ઉનું પાણી તથા પવન વગરનું સ્થાન હિતાવહ છે અને ન્હાવું, પરસેવો લાવવો, ભારે-જડ અન્ન ભોજન અને ટાઢું પાણી અહિતાવહ છે.

શીતપિત્ત, ઉદર્દ કોઢ અને ઉત્કોઠનો અધિકાર સંપૂર્ણ.

——(૦:૦)——

અમ્લપિત્તનો અધિકાર.

——:૦:——

નિદાન પૂર્વક અમ્લપિત્તનું સ્વરૂપ.

વિરોધકારક આહાર, તથા બળતરા કરનાર આહાર, બગડેલ અન્ન પાન, ખાટાં અને પિત્તને વધારનારાં અન્ન ભોજન કરવાથી વર્ષાઋતુમાં પોતાના કારણોથી એકઠું થઇ રહેલું પિત્ત દુષ્ટ થાય છે તેને અમ્લપિત્ત કહે છે.

અમ્લપિત્તનાં લક્ષણ.

ભોજનનું ન પચવું, એકદમ ધભરાટ ઉત્પન્ન થવો, કડવા અને ખાટા ઓડકારનું આવવું, શરીરમાં ભાર, ગળામાં તથા છાતીમાં બળતરા, અન્ન ઉપર અરૂચિ, વગર મહેનતે થાક લાગે, ઉલટીના ઉછાળા આવે, જઠરાગ્નિ મંદ થાય અને પરસેવો થઇ આવે એ અમ્લપિત્તનાં લક્ષણો છે.

તરશ, મૂર્છા, ભ્રમ, મોહ, અને અગ્નિ મંદતા પણ હોય છે, તેમ ખાધા પછી કે ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાધા છતાં પણ ખાટી, કડવી ઉલટી થાય છે. હાથ પગોમાં બળતરા તથા ઉનાશ રહે. અત્યંત અરૂચિ, તાવ, ચકામાં, ફોલ્લીઓ અને વલુર એવાં ચિન્હો પણ થઇ આવે છે.

અમ્લપિત્તના પ્રકાર.

અમ્લપિત્તના બે પ્રકાર છે એક તો અધોગામી–નીચે ગતી કરનારૂં અને બીજું ઉર્ધ્વગામી–ઉંચે ગતિ કરનારૂં હોય છે; તેમાં પણ એક વાયુ કોપી અને બીજું વાત કફ કોપી કહેવાય છે. **અધોગામી** અમ્લપિત્તથી તરશ, બળતરા, મૂર્છા, ફેર, મોહ, છાતીમાં પીડા, શરીર ઉપર ધ્રામઠાં, અગ્નિની મંદતા, પરસેવો, અને શરીરની કાંતિ પીળી પડવી વગેરે વગેરે ઉપદ્રવો થાય છે. આ લક્ષણો થવાની સાથે મળદ્વારે કાળું, રાતું, દુર્ગંધિયુક્ત અને વિવિધ રંગવાળું પિત્ત પડે છે. અને **ઉર્ધ્વગામી** અમ્લપિત્તથી લીલું, પીળું, આસમાની, કાળું, લાલાશ પડતું, રાતું, અત્યંત ખાટું, માંસ ધોએલા પાણી જેવું, ઘણુંજ ચીકણું વા ચીકણું, સ્વચ્છ, કફ સહિત, ખારૂં, તુરૂં, વગેરે વગેરે રસયુક્ત ઉલટીમાં પિત્ત પડે છે. કોઇ કોઇ વખતે તો ખાધું પીધું અન્ન ઉલટીમાં પડે છે. નવરા જમવા બેસવાની પહેલાં કડવી કે ખાટી ઉલટી થાય છે અને નેલાજ ઓડકાર આવે છે. ગળું દુખે તથા છાતી બળે છે અને તે સાથે માથું પણ દુખે છે.

ઉપર કહી ગયાછીએ કે વાતજન્ય અને બીજું વાતકફજન્ય અમ્લપિત્ત હોય છે. અર્થાત્ દોષોના ભેદનીરીતે વિભાગ પડેલા છે. જે **વાત** યુક્ત હોય તેમાં કંપારો, ઉલટી, થાક, કફ સહિત થુકવું, શરીરમાં ભારેપણું, ખાલવા, મૂર્છા, ફેર, ભોળ, મોહ, હર્ષ અને શરીરમાં ઝણઝણાટી તથા પેટમાં પીડા થાય છે. અને **કફ વાત** યુક્ત અમ્લપિત્ત હોય તો, કફ સહિત થુંકવું, શરીરમાં ભારે તથા અકડાશપણું, અરૂચિ, ઉલટી, નિર્બળતા, અગ્નિની મંદતા, ખરજ, અતિ નિંદ્રા, અને શરીરમાં ટાઢ વાયા સરખું થાય છે.[1]

અમ્લપિત્તનું સાધ્યાસાધ્યપણું.

અમ્લપિત્તનો વ્યાધિ થતોજ હોય અર્થાત્ તુરતનો થએલો હોય તો તે યત્ન કરવાથી સાધ્ય–મટે તેવો છે, વધારે વખતનો થએલ હોય તો, યાપ્ય એટલે ઔષધોપચારથી મહેનતે મટે છે અને પથ્યમાં ન રહે અને લાંબા વખતનો હોય તો અસાધ્ય ગણાય છે.

અમ્લપિત્તનો ઉપાય.

અમ્લપિત્ત રોગીને કુકડવેલાનાં ફળ, લીંબડો, અરડુસો, એઓનો ક્વાથ કરી તેમાં મીંઢળ, સિંધાલૂણ અને મધ નાખી પીવરાવી ઉલટી કરાવવી. **અથવા** નસોતર, મધ અને આંબળાનો રસ પીવરાવી રેચ આપવો. (જ્યારે વમન, વિરેચન ઠીક ઠીક થઇ જાય ત્યારે સ્નિગ્ધ શરીરવાળાને અનુવાસન બસ્તિ અને ઘણા દિવસનું હોય તો દોષાનુસાર આસ્થાપન

૧ અમ્લપિત્ત કફ, વાયુ અને વાયુના સંસર્ગવાળું હોય છે કિંવા કફ કે, કફપિત્તના સંસર્ગવાળું હોયછે, માટે દોષોને ઓળખી ચિકિત્સા કરવી. ઉંચી ગતિવાળું અમ્લપિત્ત ઉલટીના રોગ જેવું અને નીચી ગતિવાળું અતિસાર જેવું હોય છે, તેથી વૈદ્યોને પણ વિસ્મયતા પ્રાપ્ત કરે છે. જો તે સાચો વૈદ્ય હોય તોતે ટકી શકે છે અને અર્ધદગ્ધ વૈદ્ય હોય તો ધભરાય છે, માટે પૂર્ણ વિચાર કરી ઔષધ ક્રિયા કરવી

કફ પિત્ત યુક્ત અમ્લપિત્તમાં–મૂર્છા, ભ્રમણા, અરૂચિ, ઉલટી, આળસ, કપાળ દુખવું મુખમાં ફીકાસ, મોં ગળચટું થાય છે. અને લાળ પડવા કરે છે. **માધવનિદાન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બસ્તી કરાવવી.) ઉર્ધ્વગામી અમ્લપિત્ત હોય તો ઉલટી અને અધોગામી હોય તો રેચ આપવો. **અથવા** તીખા વઘારો વગેરેના સંસ્કારોથી રહિત જવ અને ઘઉંના યૂષ આદિ પદાર્થો પીવા અથવા ખાવા. **અથવા** સાકર તથા મધ સહિત ચોખાની ધાણીનો સાથવો દોષની યોગ્યતા જોઇને આપવો. **અથવા** છડેલાજવ, અરડૂસો અને આંબળાં, એઓનો કવાથ કરી તેમાં તજ, તમાલપત્ર, એળચી તથા મધ નાખીને પીએ તો, અમ્લપિત્તની ઉલટી મટી જાય છે. **અથવા** ગળો, લીંબડાનાં પાંદડાં, અને કુકડવેલાનાં ફળ એઓને વાટીને તથા મધ નાખી પીએ તો અનેક રૂપો વાળા મહાભયંકર અમ્લપિત્તનો નાશ થાય છે. **અથવા** અરડૂસો, ગળો, ખડસલીયો પિત્તપાપડો કરીઆતું, ત્રિફળા, જગભાંગરો, લીંબડો અને કુકડવેલાનાં ફળ એઓનો કવાથ કરી મધ નાખી પીવામાં આવે તો તેથી અમ્લપિત્ત મટી જાય છે–આ **દશાંગ કવાથ** કહેવાય છે. **અથવા** આમળાનો રસ જમ્યા પછી પીએ અથવા આંબળાના રસ સાથે ભોજન કરે તો અમ્લપિત્ત, ઉલટી, અરૂચિ, બળતરા, મોહ, પ્રમેહ, શીત, દાહ અને વીર્ય દોષનો નાશ કરે છે અને વૃદ્ધપણુ તરૂણ બની રતિસંગનો ઉત્સાહ થાય છે. **અથવા** કોળાનો રસ તોલા ૪૦૦ લઇ તેટલાજ ગાયના દુધમાં નાખી તેમાં ૬૨ તોલા આંબળાનું ચૂર્ણ, ૩૨ તોલા સાકર અને ૮ તોલા ભાર ગાયનું ઘી નાખી મંદ અગ્નિવડે જ્યાંસુધી નરમ માવા જેવો થાય ત્યાંસુધી પકાવી તૈયાર કરવો. પછી આ પાકમાંથી બે તોલા અથવા ચાર તોલા ભાર સેવન કરે તો અમ્લપિત્તને પૂર્ણરીતે મટાડે છે. આ **ખંડકુષ્માંડકાવલેહ** કહેવાય છે. **અથવા** સોળ તોલા નારીયળનો પાકો ગર્ભ (ટોપરૂ) લઇ તેને ઉત્તમ પથ્થર ઉપર વાટી નાખી કે ઝીણું છણીનાખી ૪ તોલા ગાયના ઘીમાં તળી પછી નારીયળના પાણીમાં (ન મળે તો ગાયના દુધમાં) પકાવી માવો બનાવી તેથી ચોગણી સફેદ ખાંડની ચાસણી કરી તેમાં માવો નાખી શીતળ થયા પછી તેમાં ધાણા, પીપરીમૂળ, તજ, તમાલપત્ર, એળચી, અને નાગકેસર એ પ્રત્યેક પદાર્થોનું ૨૪ ૨૪ ચણોઠી ભાર ચૂર્ણ નાખવું. સર્વને એકત્ર કરી સુંદર પાત્રમાં ભરીલેવું. આમાંથી ૪ તોલા કે ૨ તોલાભાર નિત્ય ભક્ષણ કરે તો પુરૂષાર્થ, નિદ્રા, તથા બળ પ્રાપ્ત થાય છે, અને અમ્લપિત્ત, પરિણામ શૂળ તથા ક્ષય એ સર્વનો નાશ કરે છે–આ **નાલિકેર ખંડ** કહેવાય છે. **ભાવપ્રકાશ.** **અથવા** મણકા-કાળી દ્રાખ તથા હરડેની છાલ, એ બન્ને સરખાં લઇ એ બેની બરોબર સાકર લઇ સર્વને વાટી ૧ તોલા પ્રમાણે ગોળીઓ બાંધી તેમાંથી ૧ ગોળી ખાય તો અમ્લપિત્ત, ગળામાં તથા છાતીમાં થતો દાહ-બળતરા, તરસ, મૂર્છા, ભ્રમ-ફેર, મંદાગ્નિ અને આમવાયુનો નાશ કરે છે–આ **દ્રાક્ષાદિ ગુટિકા** કહેવાય છે. અથવા ત્રિકટુ, ત્રિફળા, એળચી, મોથ, વાવડીંગ, અને તમાલપત્ર એઓને સમાન લેવાં અને એ સર્વની સમાન લવીંગ લેવા અને એ સર્વના સમાન નસોતર અને એ સર્વના બરોબર સાકર લેવી, સર્વનું સૂક્ષ્મ ચૂર્ણ કરી પ્રાતઃકાળે ભોજન કર્યા પહેલાં ૪૮ ચણોઠીભાર નારિયળના પાણી સંગાથે સેવન કરી પછી ઉલટી કરી નંખાવે. ત્યારપછી જમવાના સમય દુધ, માંસનો રસો, અને એવાજ અન્ય ઉત્તમ પદાર્થોનું ભોજન કરે તો, તેજ, બળ, તથા અગ્નિને વધારે છે, અને બંધકોષ, આમવાયુ, આકરૂ શૂળ, તથા અમ્લપિત્ત આદિ સર્વને–આ **અવિપિત્તકર ચૂર્ણ** નાશ કરે છે. **વૈદ્યરહસ્ય.**

અમ્લપિત્ત રોગીનાં પથ્યાપથ્ય.

કરવાં, હલકો આહાર, તથા પાચન કરનાર પદાર્થો; તેમજ ઘઉં, ચણા, મઠ, મસુર, મગ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વટાણા, હરડે, તુરતનું દોહેલું સાકર સહિત દુધ, જુના ચોખાની ધાણી, મધ સાકર સહિત સાથવો અને ધોળાનું પીણું એટલા પદાર્થો અમ્લપિત્ત રોગીને પથ્ય છે માટે સેવન કરવા અને અન્ય કુપથ્ય—આ સિવાયના પદાર્થો ત્યજી દેવા.

અમ્લપિત્તનો અધિકાર સંપૂર્ણ.

વિસર્પ રોગનો અધિકાર.

વિસર્પનો હેતુ, સંખ્યા તથા શબ્દાર્થ.

ખારા, ખાટા, તીખા કે ઉના પદાર્થોનું અત્યંત સેવન કરે, તેથી દોષોનો કોપ થઇ [1]વિસર્પ રોગ ઉત્પન્ન થાય છે. તે વિસર્પ સાત પ્રકારનો છે અને ચારે બાજુ ગતિ કરી ફેલાય છે. તેથી વિસર્પ કહે છે. તે વાયુનો, પિત્તનો, કફનો, સન્નિપાતનો, વાત પિત્તનો, વાત કફનો અને કફ પિત્તનો એમ ૭ ભેદ છે.[2]

વિસર્પ રોગનું સામાન્ય લક્ષણ.

ખારા, ખાટા, ગરમ પદાર્થો વગેરેનું અતિ સેવન કરવાથી વાયુ, પિત્ત અને કફ દોષવંત થઇ શરીરના લોહી તથા માંસ વગેરે સાતે ધાતુઓને બગાડી શરીરમાં ન્હાની મોટી ફોલ્લીઓના ચકરડાઓને ફેલાવે છે એજ વિસર્પનું સાધારણ ચિહ્ન છે.

સાતે પ્રકારના વિસર્પોનાં લક્ષણો.

વાયુનો વિસર્પ હોય તો વાયુના તાવની પેઠે, માથામાં, છાતીમાં, ગાત્રોમાં તથા પેટમાં શૂળ વગેરે થાય છે, તથા સોજો, ગાત્રોનું ફરકવું, તણખા નાખનારી વ્યથા, ચીરાયા જેવી પીડા અને કોણુ થયા જેવી વેદના અને રોમાંચ થાય છે.

પિત્તનો વિસર્પ હોય તો, તુરત ફેલાય છે, પિત્તના તાવનાં લક્ષણો યુક્ત હોય છે અને બહુજ લાલ હોય છે.

કફનો વિસર્પ હોય તો, ચળવાળો, સ્નિગ્ધ અને કફના તાવના જેવી પીડાવાળો હોય છે

ત્રિદોષનો વિસર્પ હોય તો ઉપર કહેલા ત્રણે દોષનાં લક્ષણો હોય છે.

વાયુ પિત્તનો વિસર્પ હોય તો, તાવ, ઉલટી, મૂર્છા, અતિસાર, તરસ, ફેર—ચકરી, હાડનું ભાંગવું, મંદાગ્નિ, આંખે અંધારાં, રૂચિનોનાશ, અને આખું અંગ સળગેલા અંગારાથી વિંટાયલું હોય તેમ થાય છે. જેજે ભાગ ઉપર વિસર્પ ફેલાતો હોય તેતે ઠેકાણે કોયલા જેવો આસમાની, કે રાતા રંગનો થઇ ઝટ સોજી આવે છે અને દેવતાથી બળ્યા હોઇએ તેવો ફો-

1 લીલાં શાક તથા શિંડાકી વગેરે પદાર્થોના સેવનથી પણ વિસર્પ થાય છે.

ચરક સંહિતા.

2 વાયુ તથા પિત્તથી થએલો વિસર્પ અગ્નેય, કફ તથા વાયુથી થએલો ગ્રંથિ અને પિત્ત તથા કફથી થએલો કર્દમક કહેવાય છે. એઓનાં લક્ષણો ભિન્ન ભિન્ન છે. તથા લોહી લસીકા, ચામડી અને માંસ એ દૂષ્યો થાય છે અને તેઓને વાયુ પિત્ત તથા કફ એ ત્રિદોષો દોષવંત કરે છે એટલે વિસર્પોની ઉત્પત્તિમાં એ સાત ધાતુઓ કારણરૂપ છે. વિશેષ ખુલાસા માટે **માધવનિદાન જુવો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લ્લો-ઝસળો ઉપડી આવે છે તથા ઘણોજ ઉતાવળે ફેલાઇ મર્મસ્થાનમાં તુરત પહોંચી જાય છે. પછી તેમાં વાયુની પ્રબળતા થવાથી શરીરમાં પીડા કરે છે. આ વિસર્પથી બુદ્ધિ અને નિદ્રાનો નાશ થઇ જાય છે, વારંવાર શ્વાસ ચડે છે, હેડકીઓ આવે છે, બહુજ બેચેનીને લીધે ભોંય કે પથારી ઉપર બેસતાં સૂતાં વા, હરતાં ફરતાં જરાપણ કળ વળતી નથી, પણ વિશેષ ક્લેશ થાય છે, મન તનને સંતાપ રહેવા છતાંપણ મરણરૂપ અત્યંત નિદ્રા આવે છે-આને **આગ્નેય** વિસર્પ કહે છે.

વાયુકફજનિત વિસર્પ હોય તો, કફના હેતુથી દુષ્ટ થએલા કફથી રોકાયલો અને પોતાના કારણોથી પણ દુષ્ટ થએલો વાયુ કફને બહુ પ્રકારથી ભેદીને અને જેનું લોહી વધ્યું હોય તેની ચામડી, શિરાઓ તથા સ્નાયુઓમાં અને માંસમાં રહેલા લોહીને દોષવંત કરીને લાંબા, ગોળ, જાડા, રાતા તથા ખરસડ ગાંઠોઓની હારને ઉત્પન્ન કરે છે તેમાં આકરી વેદના, તાવ, દમ, ઉધરસ, ઝાડા, શોષ, હેડકી, ઉલટી, ભ્રમ, મોહ, વર્ણોનો બિગાડ, મૂર્છા, શરીરની ત્રોડ, અને અગ્નિમંદતા વગેરે ઉપદ્રવો થાય છે. આને **ગ્રંથિ**વિસર્પ કહે છે.

પિત્તકફનો વિસર્પ હોય તો, તાવ, સજડપણું, નિદ્રા, ઘેન, માથામાં પીડા, અંગોમાં ગ્લાનિ, સુસ્તિ, ચેતનવિના હાથપગ હલાવવા, લવારો, રૂચિહીન, ફેર, મૂર્છા, મંદાગ્નિ, હાડનો દુખાવો, તરશ, ઇંદ્રિઓનું ભારેપણું, ઝાડામાં આમનું પડવું અને સ્રોતો-નસોનું કફથી લેપાવું વગેરે વગેરે લક્ષણો થાય છે. આ વિસર્પ પહેલાં આમાશય ઉપર થઇ પછી ચારે તરફ ફેલાય છે; છતાં પીડા થોડી હોય છે, બહુજ રાતા પીળા તથા મેલા ફોલ્લાઓથી વ્યાપ્ત અને સ્નિગ્ધ, કાળો-લુખા કાળા રંગનો મેલો સોજાવાળો, ભારે ઉંડા પાકવાળો, ઘણી ઉનાશવાળો હોય છે; અડવાથી ભીનાશ..નો જણાય છે, તેમાં ચીરા પડે છે, ચામડીને ગારા-કાદવના રંગ જેવી કાળી કરી માંસને ખેરવી નાખે છે, તેથીજ નસો-સ્નાયુ વગેરે ખુલ્લા પડે છે અને તેમાંથી મડદા જેવી ગંધ આવતી હોય તેને કર્દમક વિસર્પ કહે છે.

ક્ષતથી થએલા આઠમા પ્રકારના વિસર્પનું લક્ષણ.

શસ્ત્રથી ફાડી ખાનારા પ્રાણીઓના નખ-દાંતના વાગવાથી થએલાં આગંતુક ક્ષતથી વાયુ પ્રકોપ પામી લોહી અને પિત્તને નાસુર કે ઘણા વખતના જખમમાં પ્રેરી-લાવી વિસર્પને ઉત્પન્ન કરે છે. આ વિસર્પ કળથી જેવા ફોલ્લાઓથી વિંટાયલો કાળા લોહીવાળો હોય છે અને સોજો, સણકા, તાવ તથા બળવાથી અત્યંત યુક્ત હોય છે.

વિસર્પના ઉપદ્રવો.

તાવ, અતિસાર, ઉલટી, ચામડીનું ચીરાવું, માંસનું ફાટવું, સુસ્તી, અરૂચિ અને પાકવું એટલા વિસર્પના ઉપદ્રવો છે.

વિસર્પનું સાધ્યાસાધ્યપણું.

ત્રિદોષથી થએલો વિસર્પ અને ક્ષતથી થએલો વિસર્પ અસાધ્ય છે. પિત્તથી થએલો જો કાળાવર્ણવાળો હોય તો અસાધ્ય, વાયુથી, કફથી તથા મેશજેવા રંગ વગરનો પિત્તનો વિસર્પ સાધ્ય છે; તોપણ તે સાધ્ય વિસર્પો મર્મસ્થાનોમાં થયા હોય તો કષ્ટસાધ્ય છે.

વિસર્પના ઉપાય.

વિસર્પ વાળાને બળતરા ન કરે તેવા રેચો ઉલટીઓ, લેપો, સિંચનો અને લોહી કઢાવવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ની ક્રિયાઓથી આરંભ થાય છે, પણ કયાદોષનો વિસર્પ છે તે તરફ પૂર્ણ લક્ષ રાખી ઉપચાર કરે તો યશ મળે છે. **અથવા** શરના, નીલકમળ, દેવદાર, રતાંજળી, જેઠીમધ અને કાંસકી એઓને બરાબર લઇ વાટી ઘી તથા દુધમાં મેળવી લેપ કરે તો વાયુનો વિસર્પ મટે છે. **અથવા** કસેલો, શિંઘોડાં, કમળકાકડી, ગોદરો નામનું ઘાસ, શેવાળ અને કાદવ એઓને વાટી ઘીમાં મેળવી પડઅંતર રાખી ઠંડો લેપ કરે તો પિત્તનો વિસર્પ મટે છે. **અથવા** ત્રિફળા, પદ્મક, (કે કમળ ?) વાળો, રીસામણી, કણેર, બરૂનાં મૂળીયાં, અને રાતો ધમાસો એઓને પાણી સાથે ઝીણું વાટી લેપ કરે તો કફનો વિસર્પ મટે છે. **અથવા** સરસડીઆની છાલ, તગર, જેઠીમધ, રતાંજળી, એળચી, જટામાંસી, હળદર, દારૂહળદર, ઉપલેટ અને વાળો એઓને ઝીણું વાટી ઘીમાં મેળવી લેપ કરે તો, વિસર્પ, કોઢ, તાવ અને સોજો મટી જાય છે—આ **દશાંગ લેપ** કહેવાય છે. **અથવા** કરીઆતું, અરડુસો, કડુ, કુકડવેલાનાં ફળ, ત્રિફળા, રતાંજળી અને લીંબડાની અંતરછાલ એઓનો કવાથ કરી પીવામાં આવે તો વિસર્પ, બળતરા, સોજો, વશુર, વિસ્ફોટક, તરશ અને ઉલટી એટલા રોગોનો નાશ કરે છે. આ **ભુનિંબાદિક્વાથ** કહેવાય છે. **અથવા** કરંજ, સપ્તપર્ણ (એક જાતનો થોર), કલગર (વઢવાડીયા)નું મૂળ, થોરનું દુધ, આકડાનું દુધ, ચિત્રામૂળ, જળભાંગરો, હળદર, ગૌમૂત્ર, અને વછનાગ એ સમસ્ત પદાર્થોથી તેલના વિધિ પ્રમાણે પકાવેલું તેલ તૈયાર થયા પછી જો શરીરે ચોળે તો, વિસર્પ, વિસ્ફોટક અને વિચર્ચિકા મટી જાય છે—આ **કરંજ તૈલ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** વડની વડવાઇ, સુંઠી, અને કેળનો ગર્ભ એઓને વાટી ધોએલા ઘીમાં મેળવી લેપ કરે તો ગ્રંથી વિસર્પ મટીજાય છે. **અથવા** ૧૦૦ વાર પાણી સાથે મથેલાં ઘીમાં સરસડીઆની છાલનું ચૂર્ણ મેળવી લેપ કરે તો કર્દમક વિસર્પ મટે છે. **અથવા** કોઢ, ફોલા—વિસ્ફોટક અને શીળી માટે જે ઉપાયો છે તેજ ઉપાયો કરવાથી વિસર્પ જલ્દીથી મટીજાય છે. **અથવા** જળો લગાડવી એ અતિ ઉત્તમ છે. **વૈદ્યરહસ્ય.**

વિસર્પ રોગીનાં પથ્યાપથ્ય.

જુના ચોખા, ચણા, મગ, મસૂર, ઘઉં, કારેલાં, કેળાં, સરગવાની શીંગો, દ્રાક્ષ, દાડિમ, ઘી અને પુષ્ટિ કરનારા પદાર્થો સેવવા યોગ્ય છે, પણ પવન ખાવો, શ્રમ—મહેનત, ક્રોધ, તેલ ખાવું તીખા અને ખાટા પદાર્થો સેવવા યોગ્ય નથી.

વિસર્પરોગનો અધિકાર સંપૂર્ણ.

સ્નાયુ-વાળાનો અધિકાર.

વાળાનું નિદાન તથા ચિહ્ન.

ખરાબ પાણીમાં પેસવાથી, કે ન્હાવાથી, ખરાબ પાણીના પીવાથી, ખરાબ કસોજા—સડેલા અન્નના ખાવાથી કોપ પામેલો દોષ હાથ તથા પગમાં ફોલા તથા સોજાને ઉત્પન્ન કરે છે, પછી તે ફોલ્લાઓને ફોડી—ભેદી કરીને તે ક્ષતમાં ઉના માંસોને સુકવી તાંતણા જેવા દોરાને ઉત્પન્ન કરે છે, તેને વાળો કહે છે. સ્નાયુ—નારૂ વગેરે પણ એનાંજ નામ છે. એ દોરો છાશમાં વાટેલા સાથવાની પોટીસ કરીને બાંધવાથી ધીરેધીરે બાહાર નીકળે છે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોજો મટીજાય છે, પણ જો એ દોરો–વાળો ત્રુટી–કપાઇ જાય તો બહુ સોજો આવે છે, અપાર પીડા થાય છે અને મર્મસ્થાનમાં થયો હોય કે હાડની સંધિમાં થયો હોય તો ખોડલાવી દેછે–લંગડો બનાવી દેછે. વળી આ રોગ એક ઠેકાણે મટયો કે ફરી બીજે ઠેકાણે નીકળે છે; અર્થાત્ એક માણસને એકીવખતે પાંચ સાત વાળા નીકળે છે અથવા એક પછી એક નીકળે છે. કેટલાક દેશોમાં વાળાનો વિશેષ ઉપદ્રવ હોય છે.

વાળાના ઉપાય.

વિસર્પના જેવા વાળાના ઉપાયો કરવા **અથવા** સ્નેહન, લેપન, સિંચન,સ્વેદન, વગેરે ઉપાયો ઉપયોગમાં લેવા. **અથવા** હીંગને ઠંડા પાણીથી વાટી પીએ તો વાળો મટીજાય છે અને ફરી કદીપણ વાળો નીકળતોજ નથી. **અથવા** ગાયનું ઘી ૩ દિવસ સુધી પીએ તો વાળાનો રોગ મટીજાય છે, પણ ઘી પીધાપછી નગોડનો રસ ૩ દિવસ પીએ તો ભયંકર વાળો પણ મટી જાય છે. **અથવા** અતિવિષ, મોથ, ભારંગી, સુંઠ, પીપર, અને બેહેડાં એઓનું ચૂર્ણ કરી ઉના પાણી સાથે પીએ તો વાળાનો રોગ નિશ્ચયપણે મટીજાય છે. **અથવા** સરગવાની જડ અને પાંદડાંને કાંજીના પાણીમાં સિંધાલૂણ સહિત વાટીને વાળાઉપર બાંધે કે ચોપડે તો વાળો જરૂર મટે છે. **અથવા** કોઠાળો–કઠોડાનાં મૂળીઆંને પાણીસાથે વાટી તેનો લેપ કરે તો જરૂર વાળો નીકળી પડે છે. **ભાવપ્રકાશ. અથવા** ઉપલેટ, સુંઠ અને સરગવાનું મૂળ એ ... ઉકાળો કરી તેમાં સુંઠ મેળવીને વાળા ઉપર લેપ કરે તો આરામ થાય છે. વા, એ ... પણ વાળો મટી જાય છે. **અથવા** ધંતુરાનાં પાનડાને તેલ ચોપડી ઉનાં કરી વાળા ઉપર બાંધે અથવા ધંતુરાના પાનની ... તેલ માલિશ કરે તો વાળો મટી જાય છે. ... કાંજી સાથે ... લેપ કરે તો વાળો મટીજાય છે. **અથવા** **વિશ્વનાથ ... ફૂર્ત સૂત... પાદેફૂટે ... વિશ્વનાથકી આજ્ઞા ફુરે.** આ મંત્રવડે વાળા ઉપર હાથ મૂકી ૭ વાર માર્જન કરે અને ગોળ ખવરાવી દે તો વાળો મટી જાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** કબૂતરની હઘાર વાટી મધમાં ગોળી કરી ૭ દિવસ સુધી ગળીજાય તો અવશ્ય–નિઃસંદેહપણે વાળો મટીજાય છે. **વૈદ્યરત્ન.** (આ ઉપાય સર્વોત્તમ છે.) **અથવા** સાજીને મધ સાથે ઘુંટી વાળા ઉપર ચોપડે તો નિઃસંદેહપણે વાળો મટીજાય છે. એ મારા અનુભવની વાર્તા છે[1]

વાળાનો અધિકાર સંપૂર્ણ.

વિસ્ફોટકનો અધિકાર.

વિસ્ફોટકનો હેતુ અને સંપ્રાપ્તિ-ઉત્પત્તિ.

તીખા, ખાટા, તીક્ષ્ણ, બળતરા કરનારા, ઉના, લુખા, અને ખારા પદાર્થોના ખાવાથી, અજીર્ણથી, ભોજન કર્યા ઉપર ભોજન કરવાથી, તડકામાં ફરવાથી, ટાઢ, તડકો તથા ઋતુના

[1] મરીગએલા કુતરાનું હાડકું પાણી સાથે ઘસીને ચોપડવાથી ભયંકર વાળાઓનું દરદ પણ શાંત થાય છે. **વૈદ્યવિનોદ.** દેડકાને કાંજીમાં બાફી વાળા ઉપર તેથી શેક કરે તો વાળાનું ઉગ્ર દરદ પણ શાંત થાય છે. **વૈદ્યરહસ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતિયોગથી કે અનાયોગથી અથવા તે ઋતુઓના વિપરીતપણાથી વા તે ઋતુઓમાં કહેલા આહાર વિહારના વિપરીતપણાથી કોપ પામેલા વાયુ આદિ દોષો લોહીને માંસને અને હાડને દોષવંત કરી તાવને ઉત્પન્ન કરી ચામડીમાં સર્વ પ્રકારના ફોલ્લાઓ ઉત્પન્ન કરે છે.

વિસ્ફોટકનાં સાધારણ લક્ષણ.

તાવ સહિત લોહી તથા પિત્તથી થએલા અને જાણે દેવતાથી દાઝ્યાના ફોલા થાય તેવા ફોલાઓ શરીરના એક ભાગમાં કે સમસ્ત અંગમાં થઈ આવે તેને વિસ્ફોટક કહે છે.[1]

આઠે પ્રકારના વિસ્ફોટકનાં લક્ષણો.

માથાનું દુખવું, આકરી પીડા, તાવ, તરશ, સાંધાઓમાં કળતર, અને કાળા રંગના ફોલ્લા હોય તો, **વાયુનો** વિસ્ફોટક જાણવો.

તાવ, બળતરા, વેદના, પાકવું, પરુનું વેહેવું, તરશ અને ફોલ્લાઓનો રંગ પીળો હોય તો, **પિત્તનો** વિસ્ફોટક જાણવો.

ઉલટી, અરુચિ, મોડેથી પાકવું, કઠણતા, ઓછી વેદના અને અંગમાં ભારેપણું તથા ફોલ્લાઓનો રંગ પાંડુ-ફીકો ધોળો હોય તો, **કફનો** વિસ્ફોટક જાણવો.

વલુર, બળતરા, તાવ અને ઉલટી હોય તો, **કફપિત્તનો** વિસ્ફોટક જાણવો.

જે ફોલ્લાઓમાં અતિ આકરી વેદના થતી હોય તો, **વાયુપિત્તનો** વિસ્ફોટક જાણવો.

વલુર, અંગમાં શૂન્યપણું અને ભારેપણું હોય તો, **વાયુકફનો** વિસ્ફોટક જાણવો.

વચમાં નમેલા, અંતમાં ઉંચા, કઠણ, થોડા પાકનારા, બળતરા અને લાલાશ પડતા ફોલ્લાઓ તરશ, મોહ, ઉલટી, મૂર્છા, પીડા, તાવ, લવારો, ધ્રુજારો, અને બેભાન વગેરે ઉપદ્રવોએ યુક્ત હોય તો, **ત્રિદોષ**–સન્નિપાતનો વિસ્ફોટક જાણવો.

ચણોઠી જેવા રંગવાળાઓ, પરૂ વેહેનારા અને બળતરા કરનારા જો ફોલ્લા હોય તો, **લોહીવિકારનો** વિસ્ફોટક જાણવો. આ વિસ્ફોટક પિત્તને કુપિત કરનારા જે જે કારણો છે તે તે કારણોથી લોહી કુપિત થાય છે અને તેવા કોપેલા લોહીથી આ વિસ્ફોટ થાય છે.

[2]વિસ્ફોટકના ઉપદ્રવો.

તરશ, શ્વાસ, માંસનો સંકોચ,–સડવાપણું, બળતરા, હેડકી, મદ, તાવ, વિસર્પ અને મર્મસ્થાનોમાં પીડા એ વિસ્ફોટકના ઉપદ્રવો છે. તથા મોળ, છાતીમાં બાધા, અરુચિ અને

---

૧ **ભોજ** કહે છે કે–જ્યારે લોહી અને પિત્ત વાયુના સંબંધવાળું થાય છે ત્યારે શરીરના એક ભાગમાં કે સર્વ ભાગમાં ચામડી ઉપર દેવતાથી દાઝેલા ચરાળા જેવા ફોલ્લાઓ થાય છે. તેને વિસ્ફોટક સમજવું.

સર્વ શૂળોમાં જેમ વાયુ મુખ્ય છે તેમ સર્વ વિસ્ફોટકોમાં લોહિ અને પિત્ત મુખ્યછે તથા તે સાથે વાયુ પણ સંબંધ રાખે છે.

૨ જેવી રીતે શરીરના ઉપર વિસ્ફોટક થાય છે તેવીજ રીતે શરીરની અંદર પણ થાય છે અને તેમાં ભયંકર પીડા તથા તાવ હોય છે–આ વિસ્ફોટક બાહાર નીકળે તોજ જીવને કળ વળે છે; પરંતુ કોઇ વખતે બાહાર નીકળે છે અને કોઇ વખતે નીકળ તો પણ નથી માટે અનુભવી વૈદ્યોએ તે માટે યોગ્ય. કાળજી રાખી વાયુના વિસ્ફોટક સમાન ઉપાયો કરવા જેથી યશ ધન અને સુખ પ્રાપ્ત થાય છે.

ભા. કર્ત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંગમાં કર્ણાંતર આદિ ઉપદ્રવો પણ વિસ્ફોટકમાં હોય છે, એમ પણ કેટલાક આચાર્યોનું માનવું છે.

વિસ્ફોટકનું સાધ્યાસાધ્ય ચિહ્ન.

એક દોષથી થએલો સાધ્ય, બે દોષોથી થએલો કષ્ટસાધ્ય અને ત્રિદોષથી થએલો તથા ઉપદ્રવો યુક્ત વિસ્ફોટક હોય તો અસાધ્ય અને ભયંકર છે એમ જાણવું.

વિસ્ફોટકના ઉપાય.

રોગીના બળ ઉપર આધાર રાખી લંઘન, વમન, રેચ અને પથ્ય ભોજન આપવું. **અથવા** મોટાં પાંચ મૂળ અને ન્હાનાં પાંચ મૂળ, (દશમૂળ,) રાસ્ના, દારૂહળદર, વાળો, રાતો ધમાસો, ગળો, ધાણા અને મોથ એઓનો ક્વાથ કરી પીવાથી વાયુનો વિસ્ફોટક મટી જાય છે. **અથવા** દ્રાખ, સીવણ, ખજુર, કુકડવેલો, લીંબડાની અંતર છાલ, અરડૂસો, કડુ, ડાંગરની ધાણી, અને જવાસા એઓનો ક્વાથ કરી સાકર (દોષના પ્રમાણ પ્રમાણે) નાખી પીએ તો, પિત્તનો વિસ્ફોટક મટી જાય છે. **અથવા** કરીઆતું, વજ, અરડૂસો, ત્રિફળા, ઇંદ્રજવ, કડાયાની છાલ, લીંબડો અને કુકડવેલો એઓનો ઉકાળો કરી (દોષના પ્રમાણે) મધ નાખી પીએ તો કફનો વિસ્ફોટક મટી જાય છે. **અથવા** કરીયાતું, લીંબડો, જેઠીમધ, મોથ, અરડૂસો, કુકડવેલો, ખડસલીયોપિત્તપાપડો, વાળો, ત્રિફળા અને ઇંદ્રજવ આ બાર વસ્તુઓનો ઉકાળો-ક્વાથ કરી પીએ તો સમસ્ત પ્રકારના વિસ્ફોટક મટી જાય છે. આ **દ્વાદશાંગક્વાથ** કહેવાય છે. **અથવા** ઇંદ્રજવને ચોખાના ધોવણ સાથે વાટી લેપ કરે તો વિસ્ફોટક મટી જાય છે. **અથવા** ગળો, કડવાં પરવળ (કે કુકડવેલો ?) કરીયાતું, અરડૂસો, લીંબડો, ખડસલીયોપિત્તપાપડો, ખેર અને મોથ એઓનો ક્વાથ કરી પીએ તો વિસ્ફોટક અને વિસ્ફોટકનો તાવ મટી જાય છે. **અથવા** રતાંજળી, નાગકેસર, ધોળી ઉપલસરી, તાંદળજો, સરસડીઆની છાલ અને ચંબેલીનાં-જાઇનાં પાન એઓનો લેપ કરવાથી વિસ્ફોટકની બળતરા મટી જાય છે. **અથવા** કમળ, ચંદન, લોદર, વાળો અને બન્ને જાતની ઉપલસરી એઓને પાણી સાથે વાટી લેપ કરે તો વિસ્ફોટકની બળતરા મટી જાય છે. **અથવા** ઝીયાપોતાની મીંજને પાણીમાં ઘસી લેપ કરે તો કાળા ઝેરી ફોલ્લા, તથા બાંબલાઇ, ગળાની ગાંઠ, કર્ણમૂળ-કાંનના મૂળની ગાંઠ, અને રાતા ફોલ્લા વગેરેનો નાશ કરે છે. **ભાવપ્રકાશ. અથવા** દશાંગલેપ તથા કિશોર ગુગળ પણ વિસ્ફોટકનો નાશ કરે છે.

વિસ્ફોટક રોગીનાં પથ્યાપથ્ય.

જુના સાઠીચોખા, જવ, મગ, મસૂર અને તુવર તથા હલકાં પથ્ય ભોજન આપવાં હિત કરછે, પણ તીખા, ખાટા, કડવા, ગરમ. ઘણા ખારા, અને કસાયલા પદાર્થો આપવા નુકશાન કરતા છે, માટે પથ્ય પળાવવું.

વિસ્ફોટકનો અધિકાર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[૧]ફિરંગરોગનો અધિકાર

ફિરંગનું નિદાન.

અસ્યંત ગરમી વાળી સ્ત્રીઓનો સંગ કરવાથી અથવા એવી સ્ત્રીઓ સાથે જેણે સંગ કર્યો હોય અને તે જે ઠેકાણે પેસાબ કરે ત્યાં પેસાબ કરવાથી અથવા એવાં મનુષ્યો સાથે ખાવા પીવા વગેરેનો સંસર્ગ રાખવાથી. વાયુનો કોપ થઇ ફિરંગ રોગને ઉત્પન્ન કરે છે. અથવા જે પુરૂષ ક્ષીણ હોય અને વારંવાર મૈથુન કરે તેથી કેવળ ક્ષીણ થઇ વીર્યના બંધેજ રહિત થવાથી વાયુની વિવિધ પ્રકારની વેદનાઓ થાય છે ત્યારે વાયુ પિત્ત તથા કફ કોપવંત થઇ આગંતુક ફિરંગવાયુને પ્રકટ કરે છે.

ફિરંગરોગનું સ્વરૂપ.

ફિરંગ વાયુ ત્રણ પ્રકારનો છે એટલે એક શરીરની નસોમાં પ્રવેશ કરી જનારો, બીજો શરીરના ઉપર રહેનારો અને ત્રીજો શરીરની અંદર અને બાહાર એમ બન્ને ઠેકાણે રહેનારો છે. તેનાં લક્ષણો નીચે પ્રમાણે.

શરીરની બાહારની ચામડીમાં થનારો; અર્થાત્ ઉંદ્રી ઉપર ફોલ્લી થાય અને ફાટે છે તથા પીડા કમતી હોય છે તે સુખસાધ્ય છે, જેથી ઉપાય કરવા વડે મટે છે.

શરીરની અંદર નસોમાં પેઠેલો ફિરંગવાયુ હોય તેમાં પીડા વિશેષ થાય છે અને સોજો આવે છે. આમાં આમવાતના જેવી વ્યથા થાય છે. આ કષ્ટસાધ્ય છે.

શરીરની અંદર અને બાહાર થનારો ફિરંગવાયુ તથા લાંબા વખત સુધી રહેનારો અસાધ્ય છે.

ફિરંગવાયુના ઉપદ્રવો.

કૃશપણું, બળનોક્ષય, નાકનું પાતળું પડવું કે બેસીજવું, અગ્નિની મંદતા, માંસ લોહીની અછત અને હાડશોષ તથા વાંકાપણું થવું એ ફિરંગના ઉપદ્રવો છે.

[૨]ફિરંગના ઉપાય.

રસ કપૂર ૪ રતી ભાર લઇ ઘઉંની કણકના વચમાં મુકી ગોળી વાળી તે ઉપર લવંગનું ચૂર્ણ ચઢાવી દાંતે ન લાગવા દેતાં અદ્ધરથી વાસી પાણી સાથે ગળી જવી અને તે ઉપર કાથા ચુના વિનાનું નાગર વેલનું પાન ચાવવું તથા ખાટું, ખારૂં ખાવું નહીં, ખેદ કરવો નહીં, તડકામાં કે તાપમાં રહેવું નહીં, થાક લાગે તેવું કામ કરવું નહીં, ક્રોધ કરવો

૧ જ્યારથી આ ખંડમાં પોર્ટુગીજ–ફિરંગી લોકાનું આવવું થયું ત્યારથી તેમના સંસર્ગથી થતો ફિરંગ રોગનો અહીંયાં ફેલાવો થયો છે, તથા પોર્ટુગીજ કે પોર્ટુગીજની સ્ત્રીઓના સંસર્ગથી-સંગમથી વિશેષે કરીને આ રોગ થાય છે, તેથી તેને ફિરંગ રોગ કહે છે. આ રોગ ઉપદંશ–ચાંદીનો ભેદ છે, ફિરંગ ગંધથી થનારો છે, જેમ યુરોપખંડીઓના આવવાથી અહિયાં ટાઇફાઇડ ફીવર વગેરે યુરોપના રોગો દાખલ થયા છે તેમજ આ ફિરંગીઓના પ્રચારથી ફિરંગ રોગ પ્રસર્યો છે. આ રોગ આગંતુક છે અને પાછળથી તેમાં દોષોનો સંબંધ થાય છે માટે દોષોના લક્ષણો ઉપરથી કયા દોષનો છે તે ઓળખી લેવો.

૨ ફિરંગ વાયુની દવા કરતાં પહેલા જુલાબાદિ ક્રિયાઓ કરી અન્ય ઉપચાર કરવા અને શુદ્ધ કરેલો રસકપૂર લેવો, પણ તે દાંતે અડવાથી અથવા આહાર વિહારમાં ગડબડ કરવાથી માઠાં પરીણામ આવે છે. માટે ખાનારે અને ખવરાવનારે બહુ સાવધ રહેવું.

૩૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહીં, પંથ અને મૈથુન એટલાંવાનાં કરે નહીં તો મૂળમાંથી ફિરંગ રોગ અવશ્ય જાય છે. આ પ્રમાણે બે દિવસ ગોળી ખાવી પણ ફીરી બમણી કે ત્રમણી પાળવી યોગ્ય છે. **અથવા** પારો ૨૪ રતી, કાથો ૨૪ રતી, અક્લ કરો ૪૮ રતી અને મધ ૭૨ રતી ભાર લઇ એ સર્વને ખરલમાં નાખી સારી પેઠે ઘુંટી તેની સાત ગોળીઓ વાળી પ્રભાતે પાણી સાથે ૭. દિવસ સુધી ૭ ગોળી ખાવી અને પરેહજી પાળવી, જેથી ફિરંગવાયુ મટી જાય છે—આ **સપ્તશાલી ગુટી** કહેવાય છે. **અથવા** શુદ્ધપારો ૧ તોલો, શુદ્ધગંધક ૧ તોલો, અને ચોખા ૧ તોલો લઇ એઓની કાજળી કરી તેનાં સાત પડીકાં વાળવાં અને તેમાંથી નિત્ય ૧ પડિકામાંની દવા તાજા અંગારા ઉપર નાખી યુક્તિ સાથે ઇંદ્રિને ધુણી[1] આપે તો ફિરંગ રોગ મટેછે. **અથવા** ૨૪ રતીભાર પારો લઇ તેને પીળા ફૂલવાળી કાંસકીના પાંદડાના રસ સાથે હથેળીમાં નાખી જ્યાં સુધી પારો ન દેખાય ત્યાં સુધી બન્ને હથેળીઓ ઘસવી. પછી બન્ને હાથોને અગ્નિથી શેકવા. આ પ્રમાણે ૭ દિવસ કરે અને ખારા ખાટા પદાર્થોનો ત્યાગ કરે તો ફિરંગવાયુ મટી જાય છે. **અથવા** લીંબડાનાં પાંદડાઓનું ચૂર્ણ કરી તે ચૂર્ણના આઠમા ભાગે હરડેનું તથા તેટલુંજ આમળાંનું ચૂર્ણ અને સોળમા ભાગે હળદરનું ચૂર્ણ નાખી તેમાંથી ૨૪ ચણોઠી ભાર રોજ પાણી સાથે સેવન કરે તો બાહાર તથા અંદરનો ફિરંગ નાશ થાય છે. **અથવા** ચોપચીનીનું ચૂર્ણ ૨૪ ચણોઠીભાર લઇ મધમાં કાલવીને સેવન કરે અને મીઠું—લુણ[2] ન ખાય તો ફિરંગ રોગ મટે છે. **અથવા** શુદ્ધ પારો તોલો ૨, શુદ્ધ ગંધક તોલો ૧, અને કાથો તોલો ૧ લઇ તેઓની કાજળી કરી પછી હળદર, નાગકેસર, ન્હાની એળચી, મ્હોટી એળચી, જીરૂં, શાહજીરૂં, અજમો, સુખડ, રતાંજળી, પીપર, વંશલોચન, જટામાંસી અને તમાલપત્ર એ સર્વેનું ૦॥ તોલાભાર ચૂર્ણ કરી કાજળી ભેગું વાટી તેને આઠ તોલાભાર મધમાં ઘુંટી પછી આઠ તોલાભાર ઘીમાં વાટી ઝીણું થએ તેમાંથી ૦॥ તોલાભાર સેવન કરે તો, ફિરંગવાયુની ચાંદી અવશ્ય મટે છે. તથા તે વિના બીજાં ઘણા વખતનાં થએલાં ગડ ગુંબડા પણ મટી જાયછે, અને મ્હોં આવતું નથી. આ પ્રમાણે ૨૧ દિવસ કરવું અને ખારા ખાટા તેલ વગેરે સર્વ પ્રકારની ફીરી પાળવી. **ભાવપ્રકાશ.** **અથવા** ઘૃતપાન, વિરેચન તથા લોહી કઢાવવાથી ફિરંગ મટે છે. **અથવા** પારો, હિંગળોક, મોરથુથું, હીરાકસી અને ગંધક આ સર્વ શુદ્ધ કરેલાં સમાન ભાગે લઇ પાણી સાથે ઘુંટી ચાંદી ઉપર ચોપડે અગર એ સર્વનું ઝીણું ચૂર્ણ કરી ચાંદી ઉપર ભભરાવે તો ફિરંગનો નાશ થાય છે—આ **સૂતકાદિ લેપ** કહેવાય છે. **અથવા** ૧૦૧ વાર પાણીથી મથેલું માંખણ લઇ તેમાં મોરથુથું, મીણ, કપિલો, બેરંજો, સિંદૂર, સુરોખાર અને બોદારશીંગ એ પ્રત્યેક પદાર્થ એક એક તોલાભાર લઇ પીતળના વાસણમાં નાખી અગ્નિ ઉપર રાખી પકાવી એકજીવ થએ નીચે ઉતારી હથેળીથી મથી નાખી ધોળા લુગડા ઉપર લગાડી—ચાતી કરી મુકે તો ઘા, ઉપદંશ, શૂકદોષ, ફિરંગદોષ, શસ્ત્રનો ઘા, દાંતનો કે નખનો ઘા અને દાઝેલાની ચાંદી એ સઘળા પ્રકારના વ્રણો તુરત નાશ

૧ ધૂણી લેતી વખતે જાડું લુગડું ઓઢી ચારે તરફ ઢાંકી પવન ન આવે તેવી જગ્યાએ બેસી ગળા સુધી લુગડું ઢાંકી મોહોડું ખુલ્લું રાખી ધૂણી લેવી. જો મોહોડે ધૂણી લાગે તો મ્હોં આવી જાય છે માટે મોહોડે ધૂણી ન આવે તેમ ગોઠવણ રાખી ધૂણી લેવી.

૨ મીઠું ન ખાવાથી તુરત આરામ થાય છે; કદાચ મીઠા વિના અનાજ ઉપર અભાવો થાય તો તેના બદલામાં સિંધાલુણ ખાવું તો હરકત નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે. **વિદ્યાપતિ** કહે છે કે આ પ્રયોગ ખાસ મારો અનુભવેલો છે. **અથવા** સિંદૂર નવટાંક અને અને ગાયનું ઘી શેર ૧ લઇ બન્નેને ભેગાં મથી શરીરે ચોળી કોદરા-રાના પરાળમાં શરીર લપેટી રાખે અને દુધ ભાતજ ખાય તો વ્રણ, વિસ્ફોટક અને ફિરંગ વાયુ વગેરે પોતાની મેળેજ સાફ થઇ સુકાઇ જાય છે એમ **ગોપાળ** નામના વૈદ્યના અનુભવેલા પ્રયોગ માટે **વૈદ્યરહસ્યનો કર્ત્તા વિદ્યાપતિ** ખાત્રી આપે છે. **અથવા** પારો અને સીસું એ બન્ને શુદ્ધ કરેલાં તથા ઘહુંનું થુલું, આંબળીનાં ફળ (કચુકા), લીંબ-ડાનાં પાન અને ઘરમાંનો ધૂંસ એ સર્વને સમાન લઇ લીંબુના રસમાં સારી પેઠે ખરલ કરી ૮ માસા ભારની ગોળીઓ કરવી. તેમાંથી એક ગોળી ખેરના અંગારા ઉપર મુકી શરીરે સારી પેઠે લુગડું ઢાંકી ધુણી લે તો ૭ દિવસમાં સર્વ પ્રકારના વિસ્ફોટક–ચાંદી વગેરે નાશ થાય છે, પણ ૨૧ દિવસ સુધી ફક્ત દુધ ભાતનુંજ સેવન કરવું. **અથવા** ત્રિફળા, ખેરસાર અને જાઇનાં પાન એઓને બરાબર લઇ કાઢો કરી કોગળા કરે તો (કદાચ ધુણી લેવાથી) મ્હોં આવી ગયું હોય તો તે મટી જાય છે. **અથવા** કક્ષૌજી તથા મોદારશીંગ, એ બન્ને ત્રણ ત્રણ ટાંક ભાર લઇ એ બેથી ડોઢો જુનો ગોળ લેવો. એઓને વાટી ચૂર્ણ કરી ગોળમાં મેળવી ગોળીઓ ૧૫ કરી પ્રભાત કાળે અને સંધ્યા કાળે એક એક ગોળી સેવન કરવી. એમ સાત દિવસ સેવન કરે અને તે ઉપર ફક્ત ઘહુંની રોટલી ઘીથી ચોપડીને ખાય તો ફિરંગ વાયુ મટી જાય છે અને તેના સર્વ ઉપદ્રવો પણ નાશ પામે છે. આ પ્રયોગ સમાન અન્ય ફિરંગને મટાડવા સબળ પ્રયોગ નથી; પરંતુ આ પ્રયોગ એવો ખરાબ છે કે જો જરાપણ કુપથ્ય કરવામાં આવે તો મ્હોં આવી જાય છે અને ઘણું દુઃખ આપે છે માટે પથ્યપાળવા પૂર્ણ કાળજી રાખવી. આ પ્રયોગ મારો (વિદ્યાપતિનો) અનુભવેલો છે. આ **ફિરંગગજકે-સરી રસ** કહેવાય છે. **અથવા** હિંગળોક માસા ૬, ટંકણ માસા ૧૦, અકલકરો માસા ૧૦ અને મીણ માસા ૧૦ મીણ સિવાય સર્વને ઘુંટી મીણ મેળવી ગોળીઓ બોરના ઠળી-આ જેવડી વાળવી, તેમાંથી દરરોજ ૧ ગોળી બાવળના અંગારા ઉપર મુકી ચાંદીને કે શ-રીરને (ધૂણી લેવાની રીત પ્રમાણે) ધૂણી આપે અને ગાયના ઘીમાં તળેલી મીઠા વગરની ઘહુંની રોટલી ખાય તથા રાત્રે પાન બીડું ચાવે તો અર્થાત્ ૧૪ દિવસ આ પ્રમાણે પ્રયોગ કરે તો ફિરંગ રોગ અવશ્ય મટી જાય છે. **અથવા** સરગવાની છાલ, બકાયણ લીંબડાની છાલ, છીજીના મૂળની છાલ, લીંબડાની અંતરછાલ, જળ ભાંગરો, સરપંખો, ભોરીંગણી, કચના-રની છાલ, એ સઘળાંનીછાલ બરાબર લઈ સુકવી તેઓનો અષ્ટાવશેષ કવાથ કરી ૪ તોલાભાર નિરંતર કાળાંમરીના ચૂર્ણના અનુપાન સાથે સેવન કરે તો ૭ દિવસમાં અંતર્ગત ફિરંગ વાયુનો પણ નાશ કરે છે. **અથવા** હિંગળોક ટાંક ૧, મણશીલ ટાંક ૧,અને જવનું ચૂર્ણ ટાંક ૧૨ લઇ સઘળાંને પાણી સાથે વાટી બોરના જેવડી ગોળીઓ વાળી તેમાંથી ૧ ગોળી બોરડીના મૂળના અગ્નિ ઉપર મુકી પ્રભાત સમય તથા સંધ્યા સમય પવન રહિત સ્થાનમાં બેસી વસ્ત્ર ઓઢી ગુદા દ્વારે ધૂણી લે તો ફિરંગવાયુ, અને વાયુ અવશ્ય મટી જાય છે. પણ ૭ તથા ૧૪ દિવસ સુધી લાગટ આ પ્રયોગ કરવા.

જો રસકપૂર પારા કે હિંગળોકના સેવનથી–ધુણીથી મ્હોં આવીગયું હોય તો વડ, ઊમરો, પીપર, પીપળો અને પારસપીપળો એ પાંચ વૃક્ષની છાલનો કવાથ કરી કોગળા કરવા જેથી મ્હોં આવી ગએલું હોય તે મટી જાય છે. **અથવા** જીરૂં ૨ તોલા, અને ખેરસાર ૧ તોલો, એ બંનેને પાણીમાં વાટી મોંહોડામાં ચોપડે કે કોગળા કરે તો મુખપાક મટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફિરંગરોગનાં પથ્યાપથ્ય.

મીઠા વગરનું ભોજન, હલકું ભોજન, સુંદર પવન, નિર્મળ કુવાનું પાણી, રમણિક સ્થાન અને સુંદર વાર્ત્તાલાપ સદા હિતકારી છે. અને ખટાશ, તેલ, મીઠું, તીખા પદાર્થો, હિંગ, ગરમ વસ્તુ, ગોળ, દુધ, દહી, વંત્યાક, મહેનત અને ખરાબ હવા એ સદા અહિતકારક છે.

ફિરંગરોગનો અધિકાર સંપૂર્ણ.

મસૂરિકાનો અધિકાર.

મસૂરિકા થવાનાં મૂળ કારણ અને સંપ્રાપ્ત-ઉત્પત્તિ.

તીખા, ખાટા, ખારા તથા જવખાર વગેરે ખારો અને વિરોધિ પદાર્થોના ખાવાથી, ઘણું દાબીને જમવાથી, ઝાલર, બટાટા વગેરે શાકોના ઘણા ખાવાથી, ઝેરી ફુલ વગેરેના સંસર્ગથી, દુષ્ટ પવનના સ્પર્શથી, ખરાબ પાણીના પીવાથી અને રાહુ તથા શનિશ્ચરાદિ ક્રૂર ગ્રહોની દેશ ઉપર દષ્ટિ પડવાથી શરીરમાં દુષ્ટ થએલા લોહીની સાથે મળી મસૂરના જેવા આકારવાળી ફોલ્લીઓ દોષોથી ઉત્પન્ન થાય છે તેને મસૂરિકા રોગ કહે છે.

મસૂરિકાનું પૂર્વરૂપ.

જ્યારે મસૂરિકા થવાની હોય ત્યારે પહેલાં તાવ આવે છે, ચળ આવે છે. અંગો કળ્યા કરે, કોઇ પદાર્થ ઉપર પ્રીતિ નહીં, ભ્રમ થાય, ચામડીમાં સોજો, વર્ણનું વિપરીતપણું અને આંખો લાલ થાય છે.

ચૌદ પ્રકારની મસૂરિકાનાં ક્રમવાર લક્ષણો.

વાયુની મસૂરિકા હોય તો, કાળી, રાતી, આકરી વેદનાવાળી, કઠણ અને લાંબા વખતે પાકનારી ફોલ્લીઓ થાય છે.

પિત્તની મસૂરિકા હોય તો, સાંધાઓનું, હાડકાંઓનું, તથા પર્વોનું ફાટવું, ઉધરસ, કંપારો, સર્વ પદાર્થ ઉપર અરુચિ, ભ્રમ, તાળવું હોઠ તથા જીભ સુકાય, તરશનો વધારો અને ફોલ્લીઓ રાતી, પીળી, ધોળી બળતરાવાળી, તીવ્ર વેદનાવાળી તથા તુરત પાકનારી થાય છે.

કફની મસૂરિકા હોય તો, ધોળી, ચીકણી, અત્યંત જાડી, વલુરવાળી થોડી પીડાવાળી અને બહુ વખતે પાકનારી ફોલ્લીઓ થાય છે.

ત્રિદોષની મસૂરિકા હોય તો, ઝાડો થયા કરે, શરીરમાં કળતર, બગાસાં, તરશ, અરુચિ, મુખપાક, આંખ્યોનો દુખાવો, અને અપાર ભયંકર તાવનું આવવું થાય છે. તથા તેના સમસ્ત પિત્ત પ્રકોપના વિકારો થાય છે.

રસધાતુ માં રહેલી મસૂરિકા હોય તો, થોડા દોષવાળી, પાણીના પરપોટા જેવી અને ફુટ્યા પછી પાણી જેવું પરૂ વહે તેવી ફોલ્લીઓ થાય છે.

લોહી માં રહેલી મસૂરિકા હોય તો. રાતા આકારની, તુરત પાકનારી, પાતળી ચામડીવાળી, ફુટ્યા પછી લોહી વહેવાવાળી ફોલ્લીઓ થાય છે. આ મસૂરિકા અત્યંત દુષ્ટ લોહીવાળી નહોય તો સાધ્ય છે અને અત્યંત દુષ્ટ લોહીવાળી હોય તો કષ્ટસાધ્ય છે.

માંસમાં રહેલી મસૂરિકા હોય તો. કઠણ, ચીકણી, બહુ વખતે પાકનારી, પાતળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચામડીવાળી અને ગાત્રોમાં શૂળ, હમેશાં વજ્વર, મૂર્છા તથા તરશ સહિત ફોલ્લીઓ થાય છે.

મેદમાં રહેલી મસૂરિકા હોય તો, ચકરડાં જેવા આકારની, કુંણી, કાંઇક ઉંચી, જાડી, ચીકણી, પીડાવાળી, ઘોર તાવ તથા બેશુદ્ધિ, અને અણગમા સહિત ફોલ્લીઓ થાયછે. આ સૂરિકાવાળો ભાગ્યેજ બચે છે.

હાડમાં તથા **મજ્જામાં** રહેલી મસૂરિકા હોય તો, ન્હાની, શરીરના સમાન રંગવાળી, લુખી, ચપટી, સહેજ ઉંચી તથા બહુજ મોહથી વેદનાથી અને અણગમાથી સહિત, ભમરાઓ વીંધી નાખે તેવાં છિદ્ર કરનારી અને મર્મસ્થાનોને ભેદતી તુરત પ્રાણની હાણ કરનારી ફોલ્લીઓ થાય છે.

વીર્યમાં રહેલી મસૂરિકા હોય તો, પાકે નહીં પણ પાકેલા જેવી જણાય, ચીકણી, કુંણી, અપાર વેદનાવાળી, અને સ્તબ્ધપણા યુક્ત તથા અણગમો, મોહ, બળતરા અને ઉન્માદ સહિત ફોલ્લીઓ થાય છે. આ મસૂરિકાવાળો રોગી જીવતોજ નથી.

ચામડીમાં રહેલી મસૂરિકા હોય તો, અણગમો, અરૂચિ, ઘેન અને લવારા યુક્ત ફોલ્લીઓ થાય છે-આ કષ્ટસાધ્ય છે.

રૂંવાડાં સુધી પહોંચેલી મસૂરિકા હોય તો, પ્રથમ તાવ આવે તથા રૂંવાડાં ઉભાં થઇ આવે એવી, રૂંવાડાંઓના ખાડાઓ બરોબર ઉંચી, રતાશ, ઉધરસ અને અરૂચિવાળી ફોલ્લીઓ થાય છે. આ ફોલ્લીઓ કફ તથા પિત્તથી થનારી છે.

મસૂરિકાઓનું સાધ્યાસાધ્યપણું.

રસ તથા લોહીમાં રહેલી; પિત્તની અને કફપિત્તની મસૂરિકા સુખસાધ્ય છે, જેથી ઉપાય વગર પણ શાંત થાય છે; પરંતુ વાયુની, વાયુપિત્તની, અને વાયુકફની મસૂરિકા કષ્ટસાધ્ય છે માટે બરોબર કાળજી સાથે ઉપાયો કરવા. અને ત્રિદોષની મસૂરિકા અસાધ્ય માટે ઉપાયો કરવા યોગ્ય નથી. અથવા પરવાળાં જેવા રંગની, જાંબુ જેવા રંગની, લોઢાની ગોળીઓના જેવા રંગવાળી અને અલસીના ફુલના રંગ જેવી કેટલીક ફોલ્લીઓ હોય, તેવા અનેક વર્ણવાળી ફોલ્લીઓ પણ અસાધ્યછે. તથા લવારો, અણગમો, મૂર્છા તરશ, હેડકી, પ્રમેહ, ઉધરસ, ભયંકર તાવ, અતિનિદ્રા, દુર્ગંધતા, મ્હોં–નાક તથા આંખમાંથી લોહીનું પડવું, કંઠમાં ઘરઘરાટ અને દારૂણ શ્વાસ એટલા ઉપદ્રવો જોવામાં આવે તો તે મસૂરિકાવાળો રોગી યમલોકનો નિવાસી જાણવો.

મસૂરિકાના ઉપાય.

મસૂરિકા–શીતળાના આરંભમાં સફેદ ચંદનના કલ્કમાં હાડીઆકરસાણનો રસ મેળવી પીએ તો શીતળા–બળીઆ કમતી નીકળે છે. **અથવા** એકલો હાડીઆકરસણનોજ રસ પીવાથી પણ તેટલોજ ફાયદો કરે છે. **અથવા** દશમૂળ, રાસ્ના, આમળાં, વાળો, ધમાસો, ગળો, ધાણા, અને મોથ એઓને વાટીને પીએ તો, વાયુની મસૂરિકા મટે છે. **અથવા** મજીઠ, વડનીછાલ, મોટી પીપરની છાલ, સરસડીઆની છાલ, અને ઉંબરાની છાલ એઓને વાટીને તેનો ચોમેર લેપ કરવાથી વાયુની મસૂરિકા મટે છે. **અથવા** ગળો, જેઠીમધ, દ્રાખ, શેલડીનાં મૂળ અને દાડિમ એઓને વાટી તેમાં ગોળ મેળવી પીએ તો, વાયુનો પ્રકોપ ન થતાં તુરત પાકી જાય છે. **અથવા** કુકડવેલાનાં મૂળીઆંનો ઉકાળો અથવા તેમાં શેલડીના મૂળીઆંનો સ્વરસ નાખી પીએ તો પિત્તની મસૂરિકા મટે છે, **અથવા** લીંબડાની અંતર-

For Private And Personal Use Only

છાલ, ધાસીઓપિત્તપાપડો, કાળીપાડ, કડવાં પરવળ, સુખડ, રતાંજલિ, વાળો, કડુ, આમળાં, અરડુસો અને રાતો ધમાસો એઓને વાટી તેમાં સાકર નાખીને ઠંડુજ રાખી પીવામાં આવે તો પિત્તની મસુરિકા, બળતરા, પિત્તનો તાવ, પિત્તનાં વ્રણ અને પિત્તનો વિસર્પ પણ મટી જાય છે. **અથવા** લોહી કઢાવવાથી લોહીના દોષની મસુરિકા મટેછે. **અથવા** અરડૂસો મોથ, કરીઆતું, ઇંદ્રજવ, જવાસો, કડવાં તુરીયાં (કુકડવેલો), અને લીંબડાની અંતરછાલ એઓનો કવાથ ચડો થયા પછી દોષના પ્રમાણમાં તેમાં મધ નાખી પીએ તો કફની મસુરિકા મટી જાય છે. **અથવા** લીંબડો, ધાસીયોપિત્તપાપડો, કાળીપાડ, કડવાં તુરીયાં, સુખડ, રતાંજલિ, વાળો, આંબળાં, અરડુસો અને રાતો ધમાસો એઓનો કવાથ કરી તેમાં સાકર નાખી પીએ તો સમસ્ત પ્રકારની મસુરિકાઓ, તાવ તથા વિસર્પ યુક્ત હોય; તદપિ નાશ થઇ જાય છે. **અથવા** આંબળાં અને જેઠીમધ એઓનો કવાથ કરી તેમાં મધ નાખી કોગળા કરવાથી મ્હોંમાં કે ગળામાં મસુરિકાનાલીધે વ્રણ પડયા હોય તે મટી જાય છે. **અથવા** થેગ અને જેઠીમધ એઓના પાણીથી આંખ્યો સિંચન કરે તો મસુરિકામાં આંખ્યો સારી થાય છે. **અથવા** જેઠીમધ, ત્રિફળા, મોરવેલ, દારૂહળદરની છાલ, નીલકમળ, વાળો, લોદર અને મજીઠ એઓને વાટી આંખ ઉપર ચોપડે કે એઓનું પાણી કરી આંખ્યોમાં ટીપાં નાખે તો આંખમાં થએલી મસુરિકા નાશ થઇ જાય છે અને પાછી કદી પણ વ્યથા થતી નથી. **અથવા** ગુંદીની છાલને વાટી આંખ્યોની ઉપર જાડો લેપ કરે તો, આંખ્યોમાં મસુરિકાની પીડા થઇ હોય તે મટી જાય છે. **અથવા** પાંચ ક્ષીર વૃક્ષોની છાલનો ભૂકો પાકેલી રસીવાળી લીલી જણાતી મસુરિકા ઉપર ભભરાવવો અને રાખ અથવા અડાયા છાણનો ભૂકો ભરાવવો, જેથી મસુરિકા મટી જાય છે. **ભાવપ્રકાશ.**

મસુરિકાનો અધિકાર સંપૂર્ણ.

મસૂરિકાના ભેદરૂપ શીતળાનો અધિકાર.

શીતળાનું સ્વરૂપ.

શીતળાના નીકળવા પેહેલાં ૩ દિવસ તાવ આવેછે, વિષમ વેદના—કયારેક થોડી અને કયારેક ઘણી જણાય છે, ક્યારેક ટાઢ અને કયારેક ગરમી જણાય છે, પણ તેનો કશો ચોક્કસ નિયમ હોતો નથી. પછી મસુરિકાના આકારે ફોલ્લીઓ નીકળે અને મોટી થાય છે. તાવ આવ્યા પછી ત્રીજે દિવસે ફોલ્લીઓ નીકળવા માંડેછે તે સાતમા દિવસ સુધી નીકળતીજ જાયછે અને તે પછી નમવા લાગે છે તેને શીતળા—માતા—બળીઆકાકા—ખોદરી—ઓરી—અચપડાવી વગેરે વગેરે નામોવાળી કહે છે. એ શીતળા ૭ પ્રકારની છે.

પેહેલા પ્રકારની શીતળાનું સ્વરૂપ.

મસુરિકામાં જો શીતળા દેવીનું દબાણ થયું હોય તો તે શીતળા કહેવાય છે. આ શીતળામાં ભૂતના પ્રવેશથી થએલા વિષમજ્વર જેવો તાવ આવે છે. પેહેલાં તાવ આવીને પછી મોટા ફોલ્લાઓ નીકળે તે મોટી શીતળા કહેવાય છે. આ શીતળા પેહેલા સાત દિવસે નીકળે છે, બીજા સાત દિવસે ભરાય છે અને ત્રીજા સાત દિવસે સુકાઇ જાય છે અને પો-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાની મેળેજ ખરી પડે છે. એઓમાં કોઇ શીતળા પાકીને ફુટે છે તથા પરૂ આવે છે; જો એમ થાય તો તેના ઉપર અડાયા છાણાની રાખ ભભરાવવી; અને લીંબડાના સારાં પાંદડાંવાળી ડાળીથી માખીઓ ઉડાડવી. તાવ હોય છતાં પણ ટાઢું પાણીજ પાવું, પણ ઉનું પાણી પાવું નહીં. શીતળાવાળા માણસને પવિત્ર રમણિક એકાંત અને ઠંડકવાળા સ્થાનમાં રાખવો, એ માણસને કોઇ અપવિત્ર માણસનો પડછાયો કે સ્પર્શ ન થાય તેમ કરવું, તેમ તેના પાસે બહુજણે જવું પણ નહીં. શીતળાદેવીનું પૂજન કરવું અને ઔષધોપચાર કરવા નહીં; જોકે આ વિષયમાં પૂર્વાચાર્યોના બે મત પડેલા છે એટલે કેટલાએક કહે છે કે ઔષધો ન કરવાં અને કેટલા એક કહે છે કે અવશ્ય ઔષધ કરવાં માટે જેમ લોક રૂઢીને યોગ્ય જણાય તેમ કરવું.

શીતળાના ઉપાય.

લીંબોળીઓની મીંજ, બેહેડાની મીંજ અને હળદર એઓને ઠંડા પાણી સાથે ઝીણું વાટીને પીએ તો શીતળાના પીડાકારી વિકારો કદિપણ થતા નથી. **અથવા** તાવ આવવાની શરૂવાતમાં શીતળાનાં સ્હેજ ચિહ્ન જણાય કે કેળના થાંભલાના પાણી સાથે અથવા સુખડના, અરડૂસાના, જેઠીમધના કે ચમેલીના પાંદડાના રસની સાથે મધ પીએ તો શીતળાના વિકારો પ્રાપ્ત થતા નથી. **અથવા** શીતળાવાળાને સઘળી શીતળ ક્રિયાઓ કરવી. મંત્રાદિકથી ભૂતાદિકને ટાળવારૂપ રક્ષણ પણ કરવું. તે ઘરના અંદર ચારેકોર લીંબડાનાં પાંદડાં બાંધવાં અને તે ઘરમાં ઉચ્છિષ્ટ–અભડાયલ મળીના લુગડાવાળા કે નીચ મલિન જનને જવા દેવા નહીં. **અથવા** રતાંજલી, અરડૂસો, મોથ, ગળો અને દ્રાક્ષ એઓનો હિમ (તરંગ ૧ લાના પૃષ્ટ ૭ મામાં જુવો.) કરીને પીવો, જેથી તાવ જાય છે. **અથવા** જપ, હોમ, બલિદાન, મંગલિક વચનો, પૂજન, બ્રહ્મભોજન, ગાય, બ્રાહ્મણ, સદાશીવ, જગદંબા એઓનાં શ્રદ્ધાપૂર્વક અર્ચનોથી શીતળાને શાંત કરવી. **અથવા** પવિત્ર બ્રાહ્મણ પાસે શ્રદ્ધાપૂર્વક નીચે લખેલા શીતળા સ્તોત્રના પાઠ કરાવવા, તેમ પાઠ કરનારે શ્રદ્ધાપૂર્વક પાઠ કરવા, જેથી શીતળાદેવી શાંત થઇ જાય છે.

શીતળા સ્તોત્ર.

श्री स्कंदउवाच॥भगवन्देवदेवेश शीतलायाः स्तवंशुभम् ॥ वक्तु मर्हस्यशेषेण विस्फोटक भया पहम् १ ईश्वर उवाच॥ध्यानम् ॥ वन्देऽहं शीतलां देवीं रासभस्थां दिगम्बराम् ॥ यामासाद्य निवर्त्तेत विस्फोटक भयं महत् ॥ २ ॥ अस्य.श्री शीतला स्तोत्रस्य महादेवऋषिः अनुष्टुप् छन्दः शीतला देवता शीतलोपद्रव शान्त्यर्थे जपे विनियोगः ॥ शीतले शीतले चेति यो ब्रूया दाह पीडितः ॥ विस्फोटक भयं घोर क्षिप्रं तस्य प्रणश्यति ॥३॥ यस्त्वा मुदक मध्येतु धृत्वा संपूजयेन्नरः ॥ विस्फोटक भयं घोरं कुले तस्य न जायते ॥ ४ ॥ शीतले ज्वर दग्धस्य पूतिगन्धगतस्य च । प्रणष्ट चक्षुषः पुंसस्त्वामाहुर्जीवितौषधम् ॥५॥ नमामि शीतलां देवीं रासभस्थां दिगम्बरम् ॥ मार्जनी कलशोपेतं शूर्पालंकृत मस्तकम् ॥ ६ ॥ शीतले तनुजान् रोगान्नृणां हरसिदुस्तरान्। विस्फोटक विशीर्णानां त्वमेकामृत वर्षिणी ॥७ ॥ गलगण्ड ग्रहा रोगा ये चान्ये दारुणा नृणाम् । त्वदनुध्यान मात्रेण शीतले यान्ति ते क्षयम् ॥ ८ ॥ न मन्त्रं नौषधं

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

किञ्चित्पाप रोगस्य विद्यते । त्वमेका शीतले धात्री नान्यां पश्यामि देवताम् ॥ ९ ॥ मृणालतन्तु सदृशीं नाभिहृन्मध्य संस्थिताम् । यस्त्वां सञ्चिन्तये देवि तस्य मृत्युर्न जायते ॥ १० ॥ अष्टकं शीतला देव्या य पठेन्मानयः सदा । विस्फोटक भयं घोरं कुले तस्य न जायते ॥ ११ ॥ श्रोतव्यं पठितव्यं च नरैर्भक्ति समन्वितैः । उपसर्ग विनाशाय परंस्वस्त्वयनं महत् ॥१२ ॥ शीतलाष्टक मेतद्धि नदेयं यस्य कस्यश्चित् । किंतु तस्मै प्रदातव्यं भक्ति श्रद्धान्वितो हि यः ॥ १३ इति स्कंदपुराणे काशीखंडे शीतला स्तोत्रं सम्पूर्णम् ॥

શીતળાના બીજા ભેદો.

વાયુ તથા કફથી ઉત્પન્ન થએલી કોદરા જેવા આકારવાળી શીતળા તે કોદ્ર વા ઓરી શીતળા કહેવાયછે. ગમાર લોકો 'આ શીતળા પાકે છે' એમ કહેછે, પણ આ શીતળા પાકતીજ નથી. આ શીતળા ઘણું કરીને શુકનામના પાણીના કીડાની પેઠે અંગોને વીંધી નાખેછે. અને સાત કે દશ દિવસે વગર ઔષધે સારી થાયછે. કદાચ શાંત કરવા ઓષડ આપવું હોય તો ખદિરાષ્ટકથી બનાવેલો કવાથ આપવો.

જે શીતળા વિશેષ ગરમીનેલીધે રાઇ જેવા આકારવાળી, વલુરવાળી, અને જેના ઉપર હાથ ફેરવે તો સારો લાગે એવી થાય છે તેને પાણિસલા-અછબડા કહે છે. અને તે સાત દિવસમાં એનીમેળે સુકાઇ જાય છે.

જે શીતળા સરસવ જેવા આકારવાળી પીળી હોય તે સર્ષપિકા કહેવાય છે. આ શીતળામાં તેલ ચોળવું નહીં.

જે શીતળા કાંઇક ગરમીરૂપ કારણથી બાળકના મ્હોં ઉપર રાઇ જેવા આકારની થાય છે તે દુઃખ કોદ્રવા કહેવાય છે અને તે પોતાની મેળેજ સુકાઇ જાય છે.

જે શીતળા પહેલાં તાવ આવી પછી ધ્રાંમઠાં જેવી, રાતા તથા ઉંચાં ચકરડાંવાળી અને વ્યથાવાળી હોય તેને દામ કહે છે. આ શીતળાનો તાવ ત્રણ દિવસ સુધી રહે છે. આ શીતળા ફોલ્લાઓના ભળવાથી ઘણા ફોલ્લાવાળી પણ થાય છે.

જે શીતળા એક ફોલ્લામાં કાળી હોય છે તે ચર્મની કહેવાય છે.

આ સાતે પ્રકારની અર્થાત્ શીતળા ઓરી અછબડાદિ વગેરેમાં શીતળા દેવીનો સબંધ હોય છે, જેથી શીતળાને શાંત કરવાને જે ક્રિયા કહી ગયાછીએ તે કરવી.

શીતળાનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રીમન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે શીતપિત્ત ઉદર્દ કોઠ ઉત્કોઠ અમ્લપિત્ત વિસર્પ સ્નાયુ-વાળો વિસ્ફોટક ફિરંગવાયુ મસૂરિકા અને મસૂરિકાન્તરગત શીતળાદિ રોગાના હેતુ ઉત્પત્તિ તથા યત્ન નિરૂપણ નામનો સત્તરમો તરંગ સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ અઢારમો.

ક્ષુદ્રરોગ શિર લોચન કાન, નાક વદન રદ દંતસ્થાન;
અધર જીભ તાળુ ગળરોગ, તેના છે અધિકાર સયોગ.

ક્ષુદ્રરોગોનો અધિકાર.

અજગલ્લિકાનું લક્ષણ.

બાળકોને મગજેવી ચીકણી શરીરજેવા રંગની ગુંથાયલા જેવી, પીડા રહિત અને કફ તથા વાયુથી થએલી ફોલ્લીઓ થાય છે તેને અજગલ્લિકા કહે છે.

ઉપાય.

જો અજગલ્લિકા પાકી નહોય તો, જળો મુકીને પછી ઉપાયો કરવા, અને છીપની ભસ્મ કે ફુલાવેલી ફટકડી એઓના કલ્કોનું તેના ઉપર વારંવાર લેપન કરવું. અને અજગલ્લિકા કઠણ હોય તો ખાર મુકી પિગળાવી દેવી. અથવા ફટકડી, છીપ ભસ્મ અને જવખાર એઓના કલ્કનો વારંવાર લેપ કરવો.

યવપ્રખ્યાનું લક્ષણ.

કફ તથા વાયુનાલીધે જવના જેવી, ઘણીજ કઠોર, ગુંથાયલી અને માંસના આશ્રયવાળી જે ફોલ્લી હોય છે તેને યવપ્રખ્યા કહે છે.

અંત્રાલજીનું લક્ષણ.

જે કઠણ, વાંકગરની, ઉંચી, ગોળ અને થોડા પરવાળી ફોલ્લી હોય તેને અંત્રાલજી કહે છે. આ કફ તથા વાયુથી થાય છે.

યવપ્રખ્યા અને અંત્રાલજીના ઉપાય.

એ બન્નેને પ્રથમ સ્વેદન–શેક આપી પછી મણશીલ, દેવદાર તથા ઉપલેટ એઓનો કલ્ક લગાડવો. પાકે ત્યારે આગલ કહેલા ત્રણ વિધિપ્રમાણે ઉપાયો કરવા.

વિવૃતાનું લક્ષણ.

જે ફાટેલા મોંહાવાળી, અપાર બળતરાવાળી, પાકેલા ઊંબરના ફળ જેવી, ગોળ અને ચોફેર સોજા યુક્ત ફોલ્લી હોય તે વિવૃતા કહેવાય છે. આ પિત્તથી થાય છે.

ઇંદ્રવૃદ્ધાનું લક્ષણ–વચમાં કમળ કાકડીઓ થવાના ડોડા જેવી અને બીજી કેસરાઓ જેવી ચોફેર ઝીણી ઝીણી ફોલ્લીઓ જેને વીંટાયલી હોય તેને ઇંદ્રવૃદ્ધા કહે છે. આ ફોલ્લી વાયુ તથા પિત્તથી થાય છે.

ગર્દભિકાનું લક્ષણ–ગોળ, ઉંચું, ઘણુંજ રાતું, બીજી ફોલ્લીઓથી વીંટાયલું અને પીડા કરનારૂં જે મંડળ–ચકરડું થાય તેને ગર્દભિકા કહે છે. આ વાયુ તથા પિત્તથી થાય છે.

જાલગર્દભનું લક્ષણ–વિસર્પની પેઠે વિસ્તાર કરતો, પાતળો, થોડા પાકવાળો, બળતરા અને તાવને પેદા કરનારો જે સોજો થાય છે તેને જાલગર્દભ કહે છે. આ રોગ પિત્તનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિવૃતા, ઇંદ્રવૃદ્ધા, ગર્દભિકા તથા જાલગર્દભના ઉપાય.

આ ચારેના વિસર્પના અધિકારમાં કહેલા પિત્તવિસર્પના ઉપાયો કરવા અને પાકે ત્યારે [1]જીવનીય ગણનાં મધુર ઔષધોથી પકાવેલા ઘીવતે રૂઝવવા.

કચ્છપિકાનું લક્ષણ-કાચબાની પેઠે વચમાં ઉંચી અને છેડાઓમાં નમેલી પાંચ કે સાત ભયંકર ફોલ્લીઓ થાય તેને કચ્છપિકા કહે છે. આ કફ તથા વાયુથી થાય છે.

ઉપાય.

પહેલાં શેક કરવો. પછી તેના ઉપર હળદર, ઉપલેટ, સાકર, હરતાલ અને દેવદાર એ-ઓને પાણી સાથે ઝીણાં વાટી તેનો લેપ કરવો. પાકયા પછી વ્રણના જેવા ઉપાય કરી મટાડવી.

શર્કરાર્બુદનું લક્ષણ-કફ તથા વાયુ એઓ માંસને, શિરાઓને, સ્નાયુઓને તથા મેદને પ્રાપ્ત થઇ ગાંઠને ઉત્પન્ન કરે છે. એ ગાંઠ ફુટીને તેમાંથી મધ જેવું તથા ઘી કે ચરબી જેવું ઘણુંજ પરૂ વહે છે. એમાં વધેલો વાયુ માંસને સુકવી ગુંથાએલા જેવી કાંકરીને પૈ-દા કરે છે. આ કાંકરી ઉત્પન્ન થતી ઝીણી નસોમાંથી ગંધાતું, બહુજ કલેદવાળું અને વિ-વિધ વર્ણવાળું લોહી એકાએક વહેવા લાગે છે, તેને શર્કરાર્બુદ કહે છે. **ઉપાય**-માંસસંબંધી અર્બુદના માટે જે ઉપાયો કહેલા છે તે ઉપાયો આના માટે કરવા.

કારણો તથા લક્ષણો સહિત કેટલાએક વિકારો.

શરીરમાં શક્તિ છતાં કામ કરવામાં ઉત્સાહ ન રહે તેને **આલસ્ય** કહે છે.

ચિંતાથી જે બહુજ અજંપો રહે તેને **અરતિ** કહે છે.

મોઢાથી તથા થુંકવાથી પ્રેરાયલું અન્ન ઘણી મુંઝવણ કરીને નીકળે અને છાતી પીડયા કરે તે **ઉત્કલેદ** કહેવાય છે.

મ્હોંમાં મીઠાસ, ઘેન, છાતીનું ભીડાવું, શ્રમ અને અન્ન ઉપર અરૂચિ થાય તે **ગ્લા-નિ** કહેવાય છે.

ગ્લાનિથી, ઓજના ક્ષયથી, દુઃખથી, અજીર્ણથી તથા થાકથી થએલા ઉદાન વાયુના પ્રકોપથી અને આહાર ઠેકાણે બેસવાથી પવનની જે ઉંચી ગતિ થાય છે તેને **ઉદ્ગાર**-ઓ-ડકાર કહે છે.

પેટમાં જે ગડગડાટ થાય તે **આટોપ** અને અંધારામાં રહેવાના જેવું જ્ઞાન થાય તે **તમ** કહેવાય છે.

પાષાણગર્દભનાં લક્ષણ-વાયુ તથા કફના કોપથી દાઢીના સાંધામાં કઠણ, ઓછી પીડાવાળો અને ચીકણાસવાળો સોજો થાય છે તેને પાષાણગર્દભ કહે છે. **ઉપાય**-પ્ર-થમ શેક કરવો. પછી પનસિકામાં કહેવાશે તે કલ્કોનો જાડો લેપ કરવો. વાયુ તથા કફ નાશક જે બીજા લેપો છે તેના પણ લેપ કરવા. જ્યારે પાકે ત્યારે શસ્ત્રથી છેદી નાખવો

---

1 કોડી, કાકોલી, ખીર કાકોલી, મેદા, મહામેદા, જંગલી મગ, જંગલી અડદ, ઋષભક, જીવક, અ-ને જેઠીમધ એ ઔષધોને જીવનીય ગણ કહે છે, તે જીવનને વધારનાર, રોગ અને જરાદિનો નાશ કરનાર છે. **વાગ્ભટ** સૂત્રસ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને વ્રણના જેવા ઉપાયો કરવા. તથા *જળો મૂકાવી લોહી કઢાડી નંખાવવું.

પનસિકાનું નિદાન સહ લક્ષણ–કાનની અંદર વાયુ તથા કફના પ્રકોપથી ઉઠેલી સ્થિર અને આકરી પીડાવાળી જે ફોલ્લી થાય છે તેને પનસિકા કહે છે. **ઉપાય**–પ્રથમ શેક કરી પછી મણશીલ, હરતાલ, ઉપલેટ, હળદર અને દેવદાર એઓનો લેપ કરવો. પાકેલી જણાય ત્યારે વ્રણની પેઠે ઉપાય કરવા.

ઇરિવેલ્લિકાનું નિદાન સહ લક્ષણ.–માથામાં ગોળ ઉગ્ર પીડા યુક્ત, ઉગ્ર તાવ સહિત અને ત્રિદોષથી થએલી જે ફોલ્લી થાય છે તેને ઇરિવેલ્લિકા કહે છે. **ઉપાય**–પિત્તનાવિસર્પની જે ચિકત્સા છે તે પ્રમાણે આની ચિકિત્સા કરવી.

કક્ષા અને ગંધનામાનાં નિદાન સહ લક્ષણો–ભુજાઓમાં, બગલોમાં, ખભાઓમાં અને પડખાઓમાં પિત્તના પ્રકોપથી વેદનાવાળી જે કાળી ફોલ્લી થાય છે તે કક્ષા અને તેજ સ્થળોમાં પિત્ત કોપથી કાળી ફોલ્લી થાય તે ગંધનામા કહેવાય છે. **ઉપાય**–આ બન્ને ઉપર પિત્ત વિસર્પના ઉપાયો યોજવા. કેટલાએક આચાર્યો અસ્રાના વાગવાથી જે ફોલ્લો થાય છે તેને કક્ષા–બાંબલાઇ કહે છે.

અગ્નિરોહિણીનું લક્ષણ–બગલના ભાગોમાં અતિશે દારૂણ, ભીતર બળતરા કરનાર, તાવ કરનાર અને પ્રદીપ્ત અગ્નિ જેવા જે ફોલ્લાઓ થાય છે તે અગ્નિરોહિણી કહેવાય છે. તેમાં વાયુ પ્રબળ હોય તો ૭ દિવસે, પિત્ત પ્રબળ હોય તો ૧૦ અને કફ પ્રબળ હોય તો ૧૫ દિવસે ઉપાય કરવામાં ન આવે તો પ્રાણનો નાશ થાય છે. આ રોગ ત્રિદોષનો છે.

ઉપાય–લંઘન, લોહી કઢાવવું અને રેચ–આદિથી શરીરનું શોધન કરવું તથા પિત્ત વિસર્પની ચિકિત્સા પ્રમાણે ચિકિત્સા કરવી.

ચિપ્યનું નિદાન સહ લક્ષણ–વાયુ તથા પિત્ત એઓ મનુષ્યોના નખના માંસમાં રહીને નખનો નાશ કરે છે તથા પકવે છે તેને ચિપ્ય કહે છે.

કુનખનું નિદાન સહ લક્ષણ–નખ ઉપર કે નખમાં ફાંસ કે લાકડાનો માર વાગવાથી નખ લુખા ધોલા અને ખરસડ થઇ જાય છે તેને કુનખ કે કુલીર રોગ કહે છે.

---

*ખરાબ પાણીની તથા માછલાં, સાપ, દેડકાં, મડદાં વગેરેના મળ–મૂત્રમાં ઉપજેલી રાતી, ધોળા, અત્યંત કાળી, ચપળ, જાડી, પિચ્છલ રૂપ, ઇંદ્રધનુષ્ સમાન વિચિત્ર રંગદાર પીઠવાળી અને વાળવાળી જળો ઝેર યુક્ત હોય છે માટે તેવી જળો મુકાવવી નહીં નહીં તો, વલુર, પાકવું અને તાવ તથા ભ્રમાદિ રોગો થાય છે. એજ માટે ચોખા પાણીમાંની, ઝેર રહિત, શેવાળ જેવા કપિશ રંગવાળી, ગોળ, પીઠ ઉપર લીલા રંગની પંક્તિઓવાળી, વડ વગેરેના છાલના રંગ જેવા પૃષ્ઠભાગવાળી, ઝીણાં અંગવાળી, અને સ્હેજ પીળા પેટવાળી જળો મુકાવવી. જે જળો ખરાબ લોહીને પાકું સારી રીતે વમતી નથી તે અને નિરંતર લોહી પીવાવાળી જળો ઝેર વગરની હોય અને પાણીમાં પડી ઢીલી થઇ જાય એવી લોહી વડે ઉન્મત્ત થએલી જળો લગાડવી નહીં. ત્રણ જળો નરમ લુગડાથી ઢાંકીને લગાડવી. ખરાબ લોહીને તુરત જળો ચુશી લેછે, જ્યારે ચરકા અને વલુર આવવા લાગે ત્યારે જળોને ઉખેડી લેવી. અને તેને વિધિપ્રમાણે નીચોવી પીધેલું લોહી વમાવી દેવું અને તે પછી માટી પાણી યુક્ત ભરેલા ઘડામાં જુદી જુદી જળોને રાખી દેવી. એકજ ઠેકાણે ત્રણ જળો બેસી રહે તો ઝેરવાળી જળો ગણાય છે. ચોળો, મસા, વિદ્રધિ ફોડ, વાતરક્ત, ગળાના રોગો, આંખના રોગો. ઝેર, વિસર્પ, અને ગડગુંબડ વગેરે દરદો ઉપર જળો લગાડવી, જેથી એ દુઃખ શાંત થાય છે; કેમકે ખરાબ-બગડેલું લોહી નીકળવાથી તુરત રોગ અને પીડા શાંત પડે છે, અને ખરાબ લોહી રક્તાશયમાંથી ચાલી વ્રણમાં વરે છે. **વાગભટ.**

વિશેષ ખુલાશા માટે વાગ્ભટના સૂત્રસ્થાનનું અવલોકન કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિપ્પ તથા કુનખ એ બન્નેના ઉપાય-ચિપ્પમાં લોહી કઢાવવું, શોધન કરવું અને એમાંથી ઉનાશ જતી રહે ત્યારે ઉના પાણીથી સિંચન કરવું. શસ્ત્રથી કાપી તેમાંથી પરૂ વેહેવરાવવું અને તે પછી વ્રણના પ્રમાણે ઉપાય કરી રૂઝવી નવીન નખલાવવા. **અથવા** હળદરના રસની અંદર હરડેને લોહાના વાસણમાં પલાળી તે હરડેને તેજ રસમાં ઘસી ચિપ્પની ઉપર વારંવાર લેપ કરવો. **અથવા** સીવણનાં સાતકૂણાં પાંદડાં લઇ ચિપ્પને વીંટી રાખવો તો અવશ્ય મટી જાય છે. અને કુનખ માટે કફની વિદ્રધિમાં કહેલા ઉપાયો ઉપયોગમાં લેવા. **અથવા** ટંકણખારને અંદર પેસાડી દેવો જેથી અવશ્ય કુનખ મટી જાય છે.

અનુશયીનું લક્ષણ-અંદર પાકવાળી-ગંભીર, થોડા સોજાવાળી અને મગ જેવા વર્ણવાળી જે ફોલ્લી પગના ઉપર થાય છે તેને અનુશયી કહે છે. **ઉપાય**-કફના વિદ્રધિની ચિકિત્સા પ્રમાણે ચિકિત્સા કરવી.

વિદારિકાનું નિદાન સહ લક્ષણ-બગલમાં કે સમસ્ત સાંધાઓમાં ભોંયકોળાની પેઠે બંધાયેલી, રાતી, સમસ્ત દોષોથી ઉત્પન્ન થએલી અને સમસ્ત દોષોના ચિહ્નો સહિત જે ફોલ્લી થાય તેને વિદારિકા કહે છે. **ઉપાય**-પેહેલા જળો મૂકી પછી પાકેલી હોય તો તેને શસ્ત્રવતે ચીરી વ્રણના સમાન ચિકિત્સા કરવી.

દારીનું લક્ષણ-જેને ઉઘાડે પગે ફરવાની ટેવ વધારે હોય તેના અત્યંત લુખા પગ થઇ જવાથી પગના તળામાં-એડીઓમાં ફાટ-ચીરા પડી જાય છે તેને દારી-બ્યાઉ કહે છે. આમાં વાયુની વેદના હોય છે. **ઉપાય**-પગનાં તળીઆંને સાફ કરવા માટે નસખોલી લોહી કઢાવવું. પગોનું સ્નેહન સ્વેદન કરીને પછી મધ ચરબી[1] મજ્જા અને જવખાર એઓને મિશ્રિત કરીને તેનો વારંવાર પગતળીએ-એડીએ લેપ કરવો. **અથવા** રાળ, તથા સિંધાલૂણના ચૂર્ણને ઘીમાં તથા મધમાં કાલવી સારી પેઠે મથી સરસીયું તેલ નાખી પગે ઘસવું. **અથવા** મીણ, શિલાજીત, ઘી, મોળ, ભેંશાગુગળ (પાડાની આંખ જેવો ચળકતો ગુગળ), રાળ અને સોનાગેરૂ એઓને એકઠાં કરી લેપ કરે તો જરૂર પગના ચીરા તુરત મટી જાય છે. **અથવા** ધંતુરાનાં બીજ અને માનકંદની ભસ્મનું પાણી એઓને સરસીઆમાં નાખી પકવી તે તેલ ફાટેલી એડીઓ ઉપર ચોપડો તો અવશ્ય આરામ થાય છે.[2]

કદરનું લક્ષણ-રેતીથી તલવાએલા તથા કાંટા વગેરેથી ઘવાયલા પગમાં ન્હાના બોર જેવડી ઉંચી ગાંઠ થાય છે તેને કદર-કપાસી-કણી કહે છે. **ઉપાય**-શસ્ત્રવતે કણીને ખોતરી કઢાવી ઉના તેલનો અથવા અગ્નિનો ડાંભ દેવો કે આકડાનું દુધ ગોળ સાથે મેળવી બાંધવું જેથી તે કણી મટી જાય છે.

ખારિવાનું લક્ષણ-ખરાબ ગારાના સ્પર્શથી પગની આંગળીઓમાં કોહોવા લાગે છે તેથી નીચેના ભાગમાં વલુર આવે, બળતરા થાય અને પીડા થાય છે તેને ખારવા કહે છે. **ઉપાય**-કડવાં પરવલ, મણશીલ, લીંબડો, ગોરૂચંદન, મરી, તલ અને ભોંરીંગણીનો રસ એઓથી પકાવેલું તેલ ચોપડવું, પછી હીરાકસી, મણશીલ અને તલનું ચૂર્ણ ભભરાવવું. **અથવા** કથ્થો, હળદર, હીરાકસી, પદ્મક, મધ, ગોરૂચંદન અને હરતાલ એઓનો લેપ કરવો.

---

[1] **મદનપાળ** કહે છે કે-મેદ-મજ્જા તથા ચરબી ગામમાં રહેનાર પશુઓની, જળપ્રાય પ્રદેશનાં પ્રાણીઓની અને જળચર પ્રાણીઓની લેવી. માટે બકરાની ચરબી કે હાડમાંનો ચોખો સ્નેહ-પેસી લેવી.

[2] એક રૂપીઆભાર તલના તેલને લોઢાની કડછીમાં ગરમ કરી તેટલીજ રાળ નાખી હલાવી નીચે ઉતારી પાણી સાથે મથી તે મલમ ઉપયોગમાં લેવાથી અવશ્ય બ્યાઉ ફાટેલી મટી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇંદ્રલુપ્તનાં નિદાન સંપ્રાપ્તિ સહુ લક્ષણ–રુંવાડાંના ખાડાઓમાં રહેલું લોહી પિત્તની સાથે કોપવંતથઇ રૂંવાડાંને ખેરવી પાડે છે અને તે પછી લોહી સહિત કફ રૂંવાડાંના ખાડાઓને રોકી દે છે કે જેથી બીજા વાળ ઉગવા પામતા નથી આ રોગને ઇંદ્રલુપ્ત–ટાલ–ખાલિત્ય–ઊંદરી અને રૂજ્યા વગેરે કહે છે. **ઉપાય**–કડવા પરવળનાં પાંદડાંઓનો રવરસ કાહાડી તે જગ્ગોએ ઘસે તો લાંબા વખતની ઊંદરી પણ ૩ દિવસમાં મટી જાય છે. **અથવા** ગોખરૂ, તલનાં ફુલ અને સમાન ઘી તથા મધ એઓનો માથા ઉપર લેપ કરે તો ફરી નવા વાળો પુષ્કળ ઉગી આવે છે. **અથવા** હાથીદાંતના વ્હેરની ભસ્મ, ગાડરનું દુધ અને રસવંતી એઓનો લેપ કરવાથી હાથની હથેળીમાં પણ વાળ ઉગે છે તો બીજા ઠેકાણે ઉગે તેમાં તો કહેવુંજ શું? **અથવા** જેઠીમધ, કાળુંકમળ, દ્રાખ, તેલ ઘી અને દુધ એઓનો લેપ કરવાથી ઊંદરી મટી જાય છે અને નવા વાળ ઘેરાવાદાર આવે છે. **અથવા** ચંબેલીનાં પાન, કરકચ, વાયવરણાં, કણેર અને ચિત્રક એઓને ઝીણાંવાટી તેઓથી તેલ પકાવી તે તેલ ચોપડેતો નિશ્ચે ઊંદરી મટીજાય છે. **અથવા** થોરનું દુધ, આકડાનું દુધ, વઢવાડીયું, જળભાંગરો, વછનાગ, બકરીનું મૂત્ર, ગોમૂત્ર, ચણોઠી, ઇંદ્રવરણું, સરસવ અને ધોળીવજ એઓનો કલ્ક કરી તેથી તેલ પકાવી તેનું શરીરે મર્દન કરે તો ઊંદરી–ટાલ મટીજાય છે–આ **સ્નુહીદુગ્ધાદિ તૈલ** કહેવાય છે[1]

દારૂણકનું લક્ષણ–વાયુ તથા કફના કોપથી વાળોની જગ્યા ખરસટ, ચળવાળી, અને લુખી થઇજાય છે તેને દારૂણક કહે છે. **ઉપાય**–ચારોળી, જેઠીમધ, ઉપલેટ, અડદ અને સેંધવ એઓને વાટી મધમાં કાલવી માથા ઉપર લેપ કરવો. **અથવા** ખસખસને દુધમાં વાટી કે આંબાની ગોટલી અને હરડેને દુધમાં વાટી લેપ કરેતો ઉગ્ર દારૂણક પણ મટીજાય છે

અરૂંષિકાનું નિદાન તથા લક્ષણ–કફના, લોહીના અને કૃમિયોના કોપનેલીધે માથામાં બહુ મુખવાળા અને બહુ કલેદવાળા વ્રણો થાય છે તેને અરૂંષિકા કહે છે. **ઉપાય**–નીલકમળના કેસરા, આંબળાં, અને જેઠીમધ એઓને વાટી લેપ કરેતો અરૂંષિકા મટે છે **અથવા** ત્રિફળા, લોઢાનું ચૂર્ણ, જેઠીમધ, કમળ, ઉપલસરી અને સૈંધવ એઓના કલ્કથી પકાવેલું તેલ અરૂંષિકાને મટાડે છે. આ **ત્રિફલાદ્ય તૈલ** કહેવાય છે.

પલિતનું લક્ષણ–ક્રોધથી, શોકથી અને શ્રમથી કોપેલો વાયુ શરીરની ગરમીને માથામાં લઇ જાય છે અને માથામાં રહેલું ભ્રાજક નામનું પિત્ત ક્રોધથી કોપી કફને કુપિત કરે છે અને તે કુપિત કફ માથાના વાળોને યૌવન વય છતાં ધોળા કરી નાખેછે તેને પલિત–પળીઆં કહે છે. **ઉપાય**–લોઢાનું ચૂર્ણ ૧ તોલો, આંબાની ગોટલી ૫ તોલા, આંબળાં ૨ તોલા, હરડે ૨ તોલા અને બેહેડાં ૧ તોલા ભાર લઇ લોઢાના વાસણમાં રાતવાસી પલાળી રાખી પછી એઓનો લેપ કરે તો ધોળાવાળ કાળા થાય છે. **અથવા** શીત્રણ તથા કેતકીનાં મૂળ, કાંટા શરીઆનાં ફુલ, લોઢાનો ભૂકો, જળભાંગરો અને ત્રિફળા એઓ ૪–૪ તોલા ભાર લઈ કલ્ક કરી તેથી તેલ પકાવી તે તેલને લોઢાના વાસણમાં ભરી ધરતીમાં ૧ મહિનો

---

૧ **વિદેહાચાર્ય** કહે છે કે–ઊંદરીનો રોગ **સ્ત્રીઓને** થતોજ નથી; કારણકે સ્ત્રીઓનું દુષ્ટ લોહી પ્રતિમાસે વહીજાય છે, જેથી રોમકૂપોને દુષ્ટ લોહી રોકીશકવાનો સંભવજ નથી માટે એ રોગ સ્ત્રીઓને થતો નથી. **કાર્તિકાચાર્ય** કહે છે–ઇંદ્રલુપ્ત રોગ દાઢી મુંછમાંજ થાય છે, ટાલ–ખાલિત્ય રોગ માથામાંજ થાય છે અને રૂજ્યારોગ પીડા સહિત હોય છે. માટે આ મત ભેદનો નિર્ણય વૈદ્યરોની મુનાસબી ઉપર રહેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધી દાટી રાખી પછી એ તેલ વાળોને લગાડે તો કાળાભમરાની પાંખ જેવા થાય છે. **અથવા** ત્રિફળા, ગળીનાં પાંદડાં, જળભાંગરો અને લોઢાનો ભૂકો, એઓને ઘેટીના મૂત્રમાં ઘુંટી લેપ કરે તો ધોળા વાળ કાળા થાય છે. **ભાવપ્રકાશ. અથવા** "પાપડીઓ ખારો, સિંદૂર અને ઓદારશીંગ એ ત્રણે ૧-૧ માસાભાર લેવાં તથા ખાવાનો ચુનો ૮ માસાભાર લઇ એઓને પથ્થર ઉપર ૩ ઘડી સુધી પાણી સાથે લસોટી જ્યારે નખ ઉપર લગાડી જોતાં નખ કાળા થાય ત્યારે તે ધોળા વાળોને લગાડે તો કાળા થાય છે." **અથવા** માખીને જાડા કંતાનના કકડામાં લપેટી તેલમાં શેકી તેનું ચૂર્ણ ૪ રતીભાર લેવું તથા નવસાદર ૪ રતીભાર, મોરથુથું ૪ રતીભાર અને સિંધરસક ૪ રતીભાર લઇ આંબળાના રસમાં નાખી લોઢાના વાસણમાં લોઢાના ઘુંટાથી જ્યાં સુધી નખ ઉપર તેનું ટપકું સુકવાથી નખ કાળા નથાય ત્યાં સુધી ઘુંટવું અર્થાત્ તેના સ્પર્શથી નખ કાળો થાય એટલે વાળોને સાફ કરી તેનો અરધ આંગળ જેટલો જાડો ખરડ કરી તે ઉપર એરંડાનાં પાનડાં બાંધી રાત્રીએ સુઇજવું સવારે ઉઠી કલેપ છોડી નાખી આંબળાં અને તેલને વાટી ચોળી સ્નાન કરી નાખે તો ભમરાની પાંખ જેવા ધોળાવાળ પણ કાળા થાય છે. **અથવા** ઓદારશીંગ ૪ ટાંક અને લોહારની કોડની રાખ ૪ ટાંક લઇ એ બન્નેને ભેંશની ખાટી છાશમાં નાખી નખને અડાડવાથી નખ કાળો થાય ત્યાં સુધી ઘુંટી પછી લુખાવાળો ઉપર તેનો ખરડ કરવો અને તે ઉપર એરંડાનાં પાદડાં બાંધવાં ૧ પહોર રાખ્યા બાદ આ લેપ છોડી નાખી તેલ અને આંબળાં ઘુંટી તેનું લેપન કરી ન્હાઇ નાખવાથી ધોળા વાળ પણ કાજળના સમાન કાળા થઇ જશે. **વૈદ્યરહસ્ય.**

તિલકાલકનું લક્ષણ—વાયુ પિત્ત અને કફના પ્રકોપથી કાળા, તલજેવા પીડારહિત ઉંચાઇ વગરનાં ચાઠાં પડે છે તેને તલ કહે છે.

મસકનું લક્ષણ શરીરમાં અડદ જેવું કાળું તથા ઉંચું, મેલું, પીડા રહિત અને અચળ જે થાય છે તેને મશક-મસા કહે છે.

જંતુમણિનું લક્ષણ—શરીરના જેવા વર્ણવાળું, કાંઇક ઉંચું, શરીરની સાથેજ થએલું અને કફ તથા લોહી એઓના પ્રકોપથી જે મંડળ થાય છે તેને જંતુમણિ-લાખું કહે છે. તેમાં જે રાતું લાખું હોય તેને લક્ષણ કહે છે. (આ વિષે મત ભિન્નત્વ છે તે ગ્રંથાંતરથી જાણવું.)

તિલકાલક, મશક તથા જંતુમણિના ઉપાય—મસાને કાપી નાખવા. **અથવા** ખારથી કે અગ્નિથી બાળી નાખવા. **અથવા** પાછણાથી છોલીનાખી પછી સરસવ, સાજીખાર, હળદર, કેસર એઓને પાણીસાથે વાટી ઉવટાણું-પીઠી કરે તો તલ મટીજાય છે. **અથવા** સાજી, ચુનો અને સાબુ પાણીસાથે વાટી મસાને ચોપડે તો મસા મટીજાય છે. **અથવા** અસ્ત્રાથી છોલી પછી સરસવ, હળદર, ઉપલેટ, સાજી, જવખાર અને કેસર એઓને પાણીસાથે વાટી તેનું ઉવટણું કરે તો લસણ-લાખું મટીજાય છે. **ભાવપ્રકાશ. અથવા** શાહજીરૂં ૧ તોલા, નવસાદર ૨ તોલા, છીપનો ચુનો ૩ તોલા, મોરથુથું ૪ તોલા લઇ અરણીના રસમાં અથવા જળભાંગરાના રસમાં સારી પેઠે ઘુંટી તડકામાં સુકવી ફરી વાછડીના મૂત્રમાં ઘુંટી ગોળી-સોગડી બનાવી સુકાયા બાદ વાછડીના મૂત્રમાં ઘસી લેપ કરે તો, લાંબા વખતના ચર્મકીલ-ઇંદ્રિ ઉપરના મસા, લાખું, શરીર ઉપરના મસા, અને તલ વગેરે સર્વનો નાશ થાય છે. **અથવા** હિંગળોક અને ફુલાવેલું મોરથુથું એ પ્રત્યેક એક એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તોલાભાર લઇ તેમાં સિંદૂર ના તોલો, રાળ ત્રણ તોલાભાર અને ગાયનું ઘી ૨૪ તોલા મેળવી કાંસાની થાળીમાં કે લોઢાના વાસણમાં લાંબાના ઘુંટા-બત્તાથી કાજળના જેવું થઇ જાય ત્યાં સુધી ઘુંટી પછી તેને ઉપયોગમાં લેતો વલુર તથા વિસ્ફોટક આદિ સર્વે (મસા તલ લાખ્યાં વગેરે) નો નાશ કરે છે. **વૈદ્યરહસ્ય.**

ન્યચ્છનું લક્ષણ-શરીરમાં ન્હાનું કે મ્હોટું કાળું કે ધોળું શરીરની સાથે થએલું, ગોળ ચરડા જેવું અને પીડા વગરનું જે મંડળ થાય તેને ન્યચ્છ કહે છે. **ઉપાય**-નસને વીંધવાથી, લેપોથી, તેલ મર્દનથી ન્યચ્છ મટે છે. **અથવા** દુધવાળા ઝાડોની છાલને વાટી ન્યચ્છ ઉપર ચોપડે તો મટી જાય છે. **અથવા** ભાંગનાં પાંદડાં, વરધારાનું મૂળ, અને **શીશમ** એઓને વાટી તેને ચોળવાની રીતે ચોપડે તો ન્યચ્છ મટી જાય છે. **ભાવપ્રકાશ.**

પરિવર્ત્તિ-લિંગવર્તિનું નિદાન સહ લક્ષણ-સર્વે શરીરમાં ફરતો વાયુ જ્યારે ચોળાવાથી, દબાવાથી કે કાંઇ વાગવાથી ઇંદ્રિની ચામડીમાં આવે છે ત્યારે વાયુથી દુષિત થઇ તે ચામડી અવળી થઇ વેદના સહિત બળતરાવાળી અને કોઇક વેળાએ પાકનારી થાય છે. આથી ઇંદ્રિની સોપારીના નીચે તે ચામડી ગાંઠ જેવી લટકતી લાગે છે. આ રોગ વાયુ પિત્ત અને કફના સંબંધવાળો તથા આગંતુક સંગી છે. **ઉપાય**-ઘી ચોપડી સારી પેઠે શેકી ૩ કે ૫ દિવસ વાયુને નાશ કરનારી શાલ્વણાદિની લુગદીઓ બાંધી પાટો બાંધવો. પછી ધીમે ધીમે તે ચામડીને લાંબી કરતાં ઇંદ્રિની સોપારીને દબાવી ચામડીમાં પેસારી દેવી, પછી પાટો બાંધી સ્વેદન કરી વાયુનાશક પિચકારીઓ દેવી અને રોગીને સ્નિગ્ધ ભોજન કરાવવું તો પરિવર્તિકા મટે છે. **ભાવપ્રકાશ.**

અવપાટીકાનું નિદાન સહ લક્ષણ જે સ્ત્રીની યોનિનું છિદ્ર ઘણુંજ સાંકડું હોય એવી સ્ત્રી સાથે કામવિહ્વલ થઇ જોર સાથે રતિ કરવાથી અથવા હસ્તકર્મ-મુષ્ટિજાપ કરતાં હાથનો ઘસારો લાગવાથી ઇંદ્રિની ચામડી અવળી થઇ જાય છે. અથવા ઇંદ્રિ ચોળાવાથી, દબાવાથી કે, વીર્યના વેગનો જોસ વાગવાથી ઇંદ્રિની ચામડી ફાટી જાય છે તેને અવપાટિકા કહે છે. **ઉપાય**-તેલ ઘી વગેરે સ્નેહોથી તથા સ્વેદનોથી અવપાટિકા મટી જાય છે.

નિરૂદ્ધપ્રકશનું હેતુ સહિત લક્ષણ-ઇંદ્રિમાં વાયુ ધસવાથી ચામડી સોપારીના ઉપર ચડી સોપારીને ઢાંકી દે છે, તેથી પેસાબનું રોકાણ કરનાર થાય છે તેને નિરૂદ્ધપ્રકશ કહે છે. આ રોગમાં મૂત્ર ધીમી ધારવાળું, પીડા વગરનું ઉતરે છે અને સોપારી ખુલી થતી નથી. વાયુથી થાય છે તેથી વખતે વેદના પણ હોય છે. **ઉપાય**-બન્ને તરફ મોઢાવાળી નળીને ઘીથી ચોપડી સોપારીના સ્થાને દાખલ કરી પછી તે ઉપર સુઅરની ચરબી કે મજ્જાનું સિંચન કરવું અને વાયુનો નાશ કરનારા પદાર્થો સહ ચુકાના તેલનું સિંચન કરવું. તથા ૩-૩ દિવસે યોગ્ય નળી દાખલ કરી એ ક્રિયાવડે માર્ગ પહોળો કરવો. તદનંતર રોગીને સ્નિગ્ધ અન્ન આપવું તો નિરૂદ્ધપ્રકશ મટી જાય છે.

સન્નિરૂદ્ધગુદનું હેતુ સહ લક્ષણ-વેગોને અટકાવવાથી અભિઘાત પામેલો ગુદામાં રહેલો વાયુ ગુદાના મોટા દ્વારને રોકીને ન્હાનું કરી નાખે છે, જેથી માર્ગ સાંકડો થતાં ઝાડો પરાણે પરાણે ઉતરે છે તેને સન્નિરૂદ્ધગુદ-બંધકોષ કહે છે. **ઉપાય**-વાયુનાશક તેલોથી સ્હેવાતો શેક કરવો. અથવા નિરૂદ્ધપ્રકશની પેઠે ઉપાયો કરવા.

વૃષણકચ્છૂનું હેતુ સહ લક્ષણ-જે પુરૂષ સારી પેઠે ન્હાતો નથી તેના વૃષણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર મેલ વધે છે અને પછી પરસેવો થવાથી ત્યાં વલુર આવે છે. તેનાથી તેજ વખતે ફોલ્લો થાય છે અને પરૂ વહેવા લાગે છે તેને વૃષણકચ્છુ કહે છે. આ કફ તથા લોહીના પ્રકોપનો વ્યાધિ છે. **ઉપાય**-રાળ, ઉપલેટ, સિંધાલુણ અને ધોળા સરસવ એઓને પાણી સાથે ઝીણું વાટી વૃષણ ઉપર ચોળે તો મટી જાય છે.

અહિપૂતનાનું હેતુ સહ લક્ષણ-મળ કે મૂત્રથી ખરડેલી બાળકની ગુદા બરાબર ધોવામાં ન આવે કે પરસેવો વળવા છતાં બાળકને ન ન્હવરાવે તો લોહીના કે કફના કોપથી વલુર થાય છે અને તે ખંજોળવાથી તુરત ફોલ્લીઓ થાયછે, પાણી ઝરે છે એવી એ ફોડકીઓમાંથી ભયંકર વ્રણો થઇ આવે છે. તેને અહિપૂતના રોગ કહે છે. **ઉપાય**-પ્રથમ બાળકની માતાનું ધાવણ સાફ કરવું. પછી ત્રિફળા તથા કાથાનો ક્વાથ કરી ફોડકીઓને ધોવી અને શંખનો ભૂકો સૌવીર તથા જેઠીમધ એઓનો લેપ કરવો.

ગુદભ્રંશનું લક્ષણ-જેનું શરીર લુખું અને નિર્બળ હોય તેથી અથવા મરડા અને ઝાડાના દરદથી નિર્બળ થઇ જાય તેથી અને ઝાડા વખતે જોરથી કરાંજવાથી ગુદા બાહાર નીકળી આવે તેને ગુદભ્રંશ-આમણ કહે છે. **ઉપાય**-ગુદાને શેક દઇ ઘી કે તેલથી આમણને ખરડી અંદર પેસાડી દેવું. પછી ગાયના છિદ્રોવાળા ચાંમડાથી યુક્તિ સાથે રોકી દેવું. **અથવા** પોયણીનાં કુણાં પાંદડાં સાકર સાથે ખાય તો અવશ્ય આમણ (આંબળ) નીકળતું બંધ પડે છે. **અથવા** ઉંદરની ચરબી કે બાફેલા ઉંદરના માંસથી શેક કરે તો આમણ નીકળતું બંધ પડે છે. **અથવા** કોકમ, ચિત્રો, ખાટીલૂણી, બીલાનો ગર્ભ, કાળીપાહાડ અને જવખાર એઓને સમાન લઇ ચૂર્ણ કરી ગાયની છાશ સાથે સેવન કરે તો આમણ નીકળતું બંધ પડે છે અને અગ્નિ પ્રદીપ્ત થાય છે. **અથવા** આંતરડાં રહિત ઉંદરનું માંસ અને દશમૂળ એ બન્ને સરખાં લઇ તેઓના ક્વાથ અને કલ્કથી વિધિ પ્રમાણે તેલ પકાવવું. એ તેલનું મર્દન કરે તો આમણ, ગુદાનું શૂળ અને ભગંદર મટી જાય છે. આ **મૂશક તેલ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** "મૂષક તેલની પેઠે છછૂંદરનું તેલ ચોપડે તો આમણ નીકળતું નથી." **અથવા** ખાટીલુણીનો રસ, બોરડીના મૂળનો રસ, અને દહી તથા સુંઠ, જવખાર સાથે કાંજી મેળવી કલ્ક કરી તેમાં ઘી પકાવે અર્થાત્ તૈલ પકાવવાની રીત પ્રમાણે તૈલ પકાવી પીએ તો આમણ નીકળતું બંધ પડે છે. આ **ચાંગેરીઘૃત** કહેવાય છે. **ચક્રદત્ત.**

શૂકરદંષ્ટ્રનું લક્ષણ-નીકળેલું આમણ જો બળતરાવાળું, રાતા છેડાવાળું, પાકેલી ચામડીવાળુ, આકરી વેદનાવાળું, ચળવાળું, અને તાવ લાવનાર હોય તો તેજ શૂકરદંષ્ટ્ર કહેવાય છે. **ઉપાય**-જળભાંગરાના મૂળનું ચૂર્ણ હળદર સાથે ટાઢાપાણીથી લેપન કરવું. **અથવા** સવારમાં કમળના મૂળનો કલ્ક ગાયના ઘી સાથે પીવો, જેથી વિસર્પ અને શૂકરદંષ્ટ્ર તુરત મટી જાય છે તથા તેનાથી આવેલો ભયંકર તાવ પણ મટી જાય છે.

પદ્મનકંટકનું લક્ષણ-કફ તથા વાયુથી થએલું કમળનાળના કાંટા જેવું, કાંટાઓથી વ્યાપ્ત, વલુરવાળું, ગોળ અને ધોળું જે ચકરડું થાય છે તેને પદ્મિનીકંટક કહેછે. **ઉપાય**-લીંબડાના પાણીથી ઉલટી કરાવવી. લીંબડાના પાણીથી પકાવેલું ઘી તેમાં મધ નાખી પીવરાવવું. લીંબડાના. ગરમાળાના કલ્કો વારંવાર ચોળવાથી પદ્મિની કંટક મટી જાય છે.

મુખદૂષિકાનું નિદાન સહ લક્ષણ-જવાન માણસોના મ્હોં ઉપર શીમળાના કાંટા જેવા કફ વાયુ તથા લોહી વગેરેથી ઉત્પન્ન થએલા ખીલ થાય છે તેને મુખદૂષિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહે છે. આ ખીલ પ્રત્યેક જવાન મનુષ્યોના મ્હોં ઉપર થાય છે. **ઉપાય**–લોદર, ધાણા અને વજનો [1]લેપ કરવો. **અથવા** ગોરૂચંદન અને મરીનો લેપ કરવો. **અથવા** સરસવ, વજ, લોદર અને સૈંધવનો લેપ કરવો. **અથવા** ઉલટી કરાવવી. **અથવા** શીમળાના કાંટા દુધથી વાટીને ત્રણ દિવસ ચોપડવા જેથી જવાનીના ખીલ મટે છે.

વ્યંગ તથા નીલિકાનું લક્ષણ–ક્રોધથી, અને પરિશ્રમ–થાકથી, કોપ પામેલો પિત્ત સહિત વાયુ મ્હોંમાં આવીને તુરત મ્હોં ઉપર વેદના વગરનું પાતલું અને કાળી ઝાંખવાળું કુંડાળું પાડેછે તેને વ્યંગ કહે છે. અને મ્હોં ઉપર કે ગાલ ઉપર વેદના વગરનું પાતળુ કાળુ મંડળ પડે છે તે નીલિકા–દાઝ કહેવાય છે. **ઉપાય**–નસ ખોલાવી લોહી કઢાવવું. **અથવા** વડવાઇના અંકુર, અને મસૂરનો લેપ કરવો. **અથવા** મજીઠને મધમાં વાટીને લેપ કરવો. **અથવા** વાયવરણાની છાલને બકરીના મૂત્રમાં વાટીને લેપ કરવો, જેથી વ્યંગ–મુખછાયા મટી જાય છે. **અથવા** જાયફળનો લેપ કરવાથી વ્યંગ તથા નીલિકા એ બન્ને મટી જાય છે. **અથવા** આકડાનું દુધ અને હળદરો ચોળવાથી લાંબા વખતથી થએલી મ્હોં ઉપરની કાળાશ જરૂર મટી જાયછે. **અથવા** મસૂરને દુધમાં વાટી ઘી મેળવી તેનો લેપ કરે તો સાત દિવસે કાળાશ મટી સુંદર મુખ થાય છે. **અથવા** વડનાં પીળાં પાંદડાં, જાઇ, રતાંજળી, કુપલેટ, મજીઠ અને લોદર એઓનો લેપ કરે તો જવાનીના ખીલ અને મુખછાયા નાશ પામેછે. **અથવા** કેસર, ગુગળ, લોદર, પતંગ, રતાંજળી, દારૂહળદર, વાળો, મજીઠ, જેઠીમધ, તમાલપત્ર, પદ્મક, કમળ, કુપલેટ, ગોરૂચંદન, હળદર, લાખ, કાળીયક, સોનાગેરૂ, નાગકેસર, કેસુડાં, ધવલા, વડના અંકુર, માલતી, મીણ, સરસવ અને સુગંધીવજ (પાનની જડ ?) એ પ્રત્યેક પદાર્થો એક એક તોલાભાર લઇ ચોગણા દુધમાં વાટી એ કલ્કથી ૧૨૮ તોલા તેલને ધીમા તાપથી પકાવી તેનો મોહોડા ઉપર માલેશ કરે તો વ્યંગ–મુખછાયા, નીલિકા, તિલ, મસા, જવાનીના ખીલ, પદ્મનિકંટક, અને જંતુમણિ–લાખાં વગેરેનો નાશ કરે છે અને મુખને પુનમના ચંદ્રમા જેવી કાંતિવાળું સુંદર બનાવે છે. આને **કુંકુમાદ્ય તૈલ** કહે છે. **ભાવપ્રકાશ.**

વાલ્મીકનું હેતુ સહ લક્ષણ–ખભા, ડોક, બગલ, હાથ અને પગ તથા સાંધાઓને ગળામાં રાફડાની પેઠે ઘણી ટેકરીઓવાળો ઉંચો અને ઉંડા મુળવાળો ગ્રંથી થાય છે. તેમાંથી પરૂ વહેછે, વ્યથા થાય છે અને અનેક નારવાંઓથી વિસર્પની પેઠે ફેલાય છે. ઘણું કરીને ગાંઠો થયા છતાં કાળજી ન રાખે તો આવી દશા થાયછે. વધારે વખતનો આ રોગ હોય તો અસાધ્ય છે. **ઉપાય**–શસ્ત્રવને કાપી ખાર કે અગ્નિથી [1]સાફ કરી અર્બુદના ઉપાયની પેઠે ઉપાયો કરવા. વધારે ફેલાયલો પણ મર્મસ્થાનમાં નહોય તો સંશોધન કરી લોહી કઢાવવું તથા મનઃશિલાદ્ય તેલ ચોપડવું, હાથ પગ ઉપરનો ઘણાં નારૂઆંવાળો વાલ્મીક હોય તે મટતો નથી. **ભાવપ્રકાશ.**

ક્ષુદ્ર રોગનો અધિકાર સંપૂર્ણ.

---

૧ લેપ પા આંગળ જાડો કનિષ્ઠ, આંગળના ત્રીજા ભાગ જેટલો મધ્યમ અને અરધ આંગળ જેટલો ઉત્તમ જાણવો, તથા લેપ સુકાવવા આવે એટલે ઉખાડી નાખવો નહીં તો, મુખની કાંતિને બગાડેછે.

ભાવપ્રકાશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિરોરોગનો અધિકાર.

માથાના રોગોનું હેતુ સંખ્યા તથા પૂર્વ રૂપ.

વાયુ, પિત્ત, કફ, ત્રિદોષ, લોહી, રસાદિનો ક્ષય, કૃમિ, સૂર્યાવર્ત્ત. અનંતવાત, શંખક અને અર્દ્ધાવભેદક એ અગ્યાર કારણોથી માથાના રોગને જન્મ મળે છે. શૂળ-સણકા આવે છે. તે અગ્યારે પ્રકારનાં લક્ષણો નીચે પ્રમાણે-માથાના રોગો ઉત્પન્ન થવાનું કારણ મુખ્ય દુષ્ટ ભોજનજ છે. પૂર્વ રૂપમાં લમણા પકડાય અને શરીર ભારે થાય છે.

માથાના રોગોનું વિશિષ્ઠ નિદાન.

એકાએક રીતે માથામાં આકરી પીડા થાય છે, તેમાં પણ રાતે વિશેષ પીડા થાય અને શેકવાથી કે કાંઇ બાંધવાથી પીડા હલકી થાય તો જાણવુંકે **વાયુના** કારણથી માથામા સણકા આવેછે.

અગ્નિના અંગારાથી શેકાતું હોય તેવું અતિશે માથું ઉનું થાય, આંખ અને નાકમાં બળતરા થાય, દાહાડે વધારે દુખાવો તથા રાતે ઓછો થાય તો જાણવું કે **પિત્ત**ના કારણથી સણકા આવેછે.

માથું અંદરથી કફથી લીપાયલું, ભારે, સ્તબ્ધ-સજડ, ટાઢું અને આંખ્યોનાં પોપચાં તથા મોહોડું સુજેલાં રહે તો જાણવું કે **કફ**ના કોપથી માથું દુખે છે.

ઉપર કહેલા ત્રણે દોષોનાં સાંમટાં કે શેળભેળ ચિહ્નો જણાતાં હોય તો **ત્રિદોષ** કોપનું માથું દુખેછે એમ જાણવું.

પિત્ત સંબંધી માથાના રોગના જેવાં લક્ષણો દેખાતાં હોય અને સ્પર્શ જરાપણ સહન ન થાય તેવી પીડા થતી હોય તો, જાણવું કે, **લોહીના** કોપથી માથું દુખે છે.

માથામાં આકરી વેદના થતી હોય અને શેક કરવાથી, ઉલટી કરાવવાથી, ધુમાડો પીવરાવવાથી, નાસ આપવાથી અને લોહી કઢાવવાથી પીડા વધારે વધતી હોય તો, જાણવું કે માથામાં રહેલાં ચરબી, કફ, તથા રૂધિર એઓનો અત્યંત **ક્ષયથવાથી** માથાનો રોગ થયોછે. આ કષ્ટસાધ્યછે. આ રોગથી શરીર ભમેછે, માથામાં સોયો ભોંકાયા કરેછે, આંખો ફર્યા કરે છે અને મૂર્છા તથા ગાત્રોમાં ગ્લાનિ થાયછે.

માથામાં અત્યંત શૂળ ચાલતું હોય, તથા માથામાં જીવડાં જાણે ફોલી ખાવા ફરતાં હોય તેવું જણાય અને નાકમાંથી પરૂ સહિત લોહી નીકળે તથા જીવડા પણ નીકળે તો જાણવુંકે ભયંકર **કૃમિજન્ય** માથાનો રોગ છે.

દિવસ ઊગે ત્યારથી આંખોમાં તથા ભમરોમાં થોડી થોડી પીડા થાય અને જેમ જેમ સૂર્ય ઉંચે ચઢતો જાય તેમ તેમ વિશેષ પીડા વધતી જાય તથા જેમ જેમ સૂર્ય ઢળતો જાય તેમ તેમ પીડા ઓછી થતી જતાં દિવસ અસ્ત થએ તદંન મટી જાય. અથવા કોઇક વખતે શીતથી અને કોઇક વખતે ઉષ્ણતાથી પણ ને પીડા શાંત થાય તો જાણવું કે **સૂર્યાવર્ત્ત**-નાલીથે માથું દુખે છે. આ રોગ ત્રિદોષનો હોવાથી મહા મુશ્કેલીથી મટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુષ્ટ થએલા ત્રણેદોષો ડોકને અત્યંત પકડી–દબાવીને કુપિત પોતાના સ્વભાવ પ્રમાણે પીડા, બળતરા, તથા ભારેપણું વગેરે વગેરે આકરી વેદના ઉત્પન્ન કરી તુરત આંખો, ભમરો, અને લમણાઓમાં વિશેષે કરીને ગાલના પડખામાં રહેઠાણ કરેછે. ત્યારપછી કંપારો, હનુગ્રહ અને આંખના રોગોને ઉત્પન્ન કરે છે તો, જાણવું કે **અનંતવાત**ના કારણથી માથું દુખે છે. આ વ્યાધિ ત્રિદોષ કોપથી થાય છે.

પિત્ત [1]લોહી અને વાયુ દુષ્ટ થઇને લમણાને ઠેકાણે વૃદ્ધિ પામી અત્યંત પીડા આપે તથા ભયંકર બળતરા, અને રતાશવાળા દારૂણ સોજાને પેદા કરે છે. આ સોજો ઝેરના સોજાની પેઠે પોતાના વેગથી તુરત માથાને, ગળાને, રોકી ૩ દિવસમાં પ્રાણની હાણ કરે છે તેને **શંખક** શિરરોગ (સુશ્રુત તો કહેછે કે કફપણ એ સાથે સંબંધ ધરાવે છે.)

લુખાં ભોજનોથી, ખાધા ઉપર ફરી ખાવાથી, હિમથી, પૂર્વ દિશાનો પવન લેવાથી, મૈથુનથી, મૂત્રાદિના વેગોને રોકવાથી, ઘણું ચાલવાથી કે હદ ઉપરાંત ભાર ઉપાડવાથી અને શ્રમ–કુસ્તી વગેરેથી કોપ પામેલો બળવાન્ વાયુ પોતે એકલો અથવા કફની મદદ લઇ માથાના અરધા ભાગને પકડીને, ડોક, ભમર, લમણા, કાન, આંખ અને કપાળનું અરધ એઓમાં ઝાટકા જેવી ભયંકર પીડા કરે છે તેને **અર્દ્ધાવભેદક**–આધાશીશી કહેછે. આ રોગ વધી જવાથી આંખ અને કાનનો નાશ કરેછે.

માથાના રોગોના ઉપાય.

વાયુના દુખાવામાં સ્નેહન તથા સ્વેદન કરવું તથા માથામાં તેલ ચોળવું અને પાંનડાં, આહાર તથા ઔષધોના પાટા બાંધવા. વાયુને હરનાર ઉપાયો કરવા. **અથવા** ઉપલેટ, એરંડાનું મૂળ અને સુંઠ એઓને ખાટી છાશમાં વાટી જરા ઉનાં કરી તેનો કપાલે લેપ કરવો. **અથવા** શ્વાસકુઠાર નામના રસ (પૃષ્ટ અઢાણમામાં જુવો.) નો નાસ લેવો, જેથી નિઃસંદેહ માથું દુખતું મટી જાયછે. **અથવા** માથાને ચોફેર ફરી વળે તેટલું લાંબુ અને ૧૬ આંગળ ઉંચું ચાંમડું લઇ માથા ઉપરવીંટી ચામડાના નીચે અડદની કણકનો લેપ કરી રોગીને અડગપણે બેસારી સ્હેજ ઉનું તેલ માથા ઉપર ચામડાની કરી રાખેલી વાડમાં ભરી દેવું. વેદના બંધ પડે ત્યાં સુધી અથવા ૧ પોહોર કે ચાર ઘડી સુધી એમને એમ હાલ્યા વગર રોગીને તેલ પૂરીત રાખવો. જેથીવાયુના માથાનો દુખાવો,હનુગ્રહ,ઓડનું ઝલાવું,આંખોની પીડા, કાનની પીડા, અડદીયોવા અને માથાનો મૂંજારો એટલા રોગો ઉપર ઉપર કહેલ શિરોબસ્તિ ઉપયોગમાં લે તો તેઓનો નાશ કરેછે. ૫–૭ દિવસ કે જ્યાં સુધી ફાવે ત્યાં સુધી આ ક્રિયા કરવી. પોહોર કે ૪ ઘડી થયા પછી તેલને કાહાડી ચાંમડું છોડી લઇ માથું, ડોક, મ્હોં, કપાળ અને ખભા વગેરેને ચોળવાં. પછી સ્હેવાય તેવા ઉના પાણીથી શરીરને ધોઇ હિતકારી ભોજન જમવું. **અથવા** ચંદનના પાણીથી ઠંડાં કરેલાં પોયણાં, રાતાં કમળ અને ધોળા કમળનો સ્પર્શ કરવાથી પિત્તથી દુખતું માથુ શાંત પડે છે. **અથવા** ૧૦૦ વારનું ધોયલ ઘી માથે ચોપડે–ચોળે કે મુકી રાખે તો પિત્તનું માથું દુખતું મટે છે. **અથવા** શ્વાસકુઠારરસ, કપૂર, નવું કેસર, સાકર અને બકરીનું દુધ એ સઘળાંઓને સુખડના પાણીથી ઘસી નાસ આપે તો પિત્તની શિર પીડા મટી જાય છે. આ પ્રયોગ સર્વ પ્રકારના સણકા ઉપર અતિ ફાયદાકારક છે. **અથવા** ગોળ અને સુંઠના કલ્કનો નાસ દે તો માથાનો દુખાવો મટે છે. **અથવા** લોહીજન્ય માથાની પીડા હોય તો પિત્ત

For Private And Personal Use Only

ની શીર પીડા પ્રમાણેજ ઉપાય કરવા. **અથવા** કફના દુખાવા ઉપર લંઘન કરાવવું. ગરમી થી ભરેલા લુખા તથા ઉના પદાર્થોથી શેક કરવો. સન્નિપાતથી થએલ હોય તો સન્નિપાતનો નાશ કરે તેવા ઉપાય કરવા. ઘણું કરીને જુનું ઘી પાવું એ અતિ ફાયદાકારક છે. **અથવા** એરંડાનું મૂળ, તગર, શતાવરી, હરડે, મીઠી ડોડી, રાસ્ના, સિંધાલુણ, જળભાંગરો, વાવડીંગ, જેઠીમધ, સુંઠ, કાળા તલનું તેલ અને તેલથી મેળવેલું બકરીનું દુધ એઓને ચાર ગણા જળભાંગરાના રસમાં અગ્નિ દ્વારા ધીમા તાપથી પકાવવા. જ્યારે સર્વ રસ બળી એકલું તેલજ રહે ત્યારે ઉતારી ગાળી લઇ ઉપયોગમાં લેવું. આ તેલનાં છ ટીંપા નાકમાં પાડે તો તેથી સઘળા પ્રકારના માથાના રોગો નાશ પામે છે. વાળ કે દાંત ખળભળી ગયા હોય તો તે પાછા અત્યંત મજબૂત થાય છે. આંખો ગરૂડના જેવી અને ગીધના જેવી દીર્ઘદ્રષ્ટી અને ભુજાઓ શક્તિવાળી થાય છે. આ **ષડ્બિંદુ તૈલ** કહેવાય છે. **અથવા** ક્ષીણપણાથી થએલ માથાના રોગ માટે વીર્યશક્તિ વધે તેવા ધાતુઓને વધારનાર અને વાયુને હણનાર પ્રયોગો કરવા, મીઠા પદાર્થોથી પકાવેલાં ઘી પીએ વા નાસ લે તો, ક્ષીણપણાનો શિર રોગ મટી જાય છે. **અથવા** કૃમિરોગથી શિર રોગ થયો હોય તો સુંઠ, મરી, પીપર, કરકચ અને સરગવાનાં બીજ એઓને બકરીના મૂત્રમાં વાટી નાસ લેવાથી કૃમિઓનો જરૂર નાશ થાય છે. **અથવા** ગોળ અને ઘી મેળવીને ખાવાથી સૂર્યાવર્ત્ત રોગ મટી જાય છે. **અથવા** ઘીના માલપુવા ખાય. **અથવા** દુધ અને ઘીનો નાસ લે. **અથવા** દુધ અને ઘી પીએ. **અથવા** દુધમાં વાટેલા તલથી શેક કરે તો તેથી સૂર્યાવર્ત્તની પીડા મટી જાય છે. **અથવા** જળભાંગરાના રસને અને બકરીના દુધને બરોબર લઇ ભેગાં કરી તડકામાં ઉના કરી તેનો નાસ લેવાથી સૂર્યાવર્ત્ત મટી જાય છે. આ ઉત્તમ પ્રયોગ છે. **અથવા** વછનાગ, અફીણ, આકડાની જડ, ધંતુરાની જડ, સુંઠ, ઉપલેટ, લસણ અને હિંગ એઓને ગાયના મૂત્રમાં વાટી ઉનાં કરી તેઓનો લેપ કરે તો આધાશીશી મટે છે. **અથવા** રેચ આપવાથી આધાશીશી મટે છે. **અથવા** ઉનાં ભોજન જમવાથી, કે, ગરમાગરમ જલેબી ખાવાથી આધાશીશી મટે છે. **અથવા** વાવડીંગ અને કાળા તલ એઓને દુધમાં વાટી લેપ કરે તો આધાશીશી મટે છે. **અથવા** સાકર અને દુધ નાંખીથી પીએ. **અથવા** નાલીયરનું પાણી પીએ. **અથવા** ટાઢું-વાસી પાણી પીએ, **અથવા** ઘી પીએ તો આધાશીશી તથા સૂર્યાવર્ત્ત મટી જાય છે. **અથવા** આધાશીશીનાજ ઉપાયો કરવાથી અનંતવાત નામનો માથાનો દુખાવો પણ અવશ્ય મટી જાય છે. **અથવા** માથાની નસ ખોલાવવી જેથી લોહી નીકળી અનંતવાત મટી જશે. **અથવા** મધયુક્ત ઘીથી ઝરતા માલપુવા, ચૂરમું કે શીરો આરોગવાથી અનંતવાત અને માથાની પીડા મટી જાય છે. **અથવા** ત્રિફળા, હળદર, કરીયાતું અને લીંબડો એઓનો ક્વાથ કરી તેમાં ગોળ નાખી તેનો નાસ લે તો તુરત ભમર, લમણા, કાન, આંખ અને આધાશીશી વગેરેના સણકા મટી જાયછે. આ **પથ્યાદિકક્વાથ** કહેવાય છે. **અથવા** દારૂહળદર, હળદર, મજીઠ, લીંબડો, વાળો અને પદ્મક એઓનું લેપન કરવું, જેથી શંખક-લમણાનો દુખાવો મટી જાય છે. **અથવા** ટાઢા પાણીની ધાર કે સિંચન, વા, ટાઢા દુધનું સેવન અને દુધવાળાં વૃક્ષોની છાલનું લેપન કરવું, જેથી લમણાનો દુખાવો મટી જાય છે. **અથવા** જેઠીમધ ૬ રતી, અને વછનાગ ૨ રતીભાર લઇ એઓનું ઘણુંજ ઝીણું ચૂર્ણ કરી સરસવ જેટલું નાકમાં નાખવામાં આવે તો સમસ્ત પ્રકારના માથાના દુખાવા મટી જાયછે-આ પ્રયોગ અતિ ઉત્તમ છે. **અથવા** છીપનો ભીનો ચુનો અને નવસાદરનું ચૂ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ણું એ બન્નેને હથેલીમાં ઘસી નાસ લે તો માથાનો દુખાવો મટીજ જાય છે. **ભાવપ્રકાશ.** **અથવા** કેસરને ગાયના ઘીમાં શેકી સાકરનું ચૂર્ણ મેળવી તેનો નાસ લે તો વાત અને લોહીથી ઉત્પન્ન થએલ માથાના સણકા તથા ભમર, લમણા, કાન, આંખ, આધાશીશી, સૂર્યાવર્ત્ત, વગેરેનાં દરદો નાશ પામે છે. **ચક્રદત્ત. અથવા** ત્રિકટુ, પુષ્કરમૂળ, હળદર, સરના, દેવદાર અને આસગંધ, એઓનો કવાથ કરી નાકેથી પીએ તો માથાના તમામ પ્રકારના દુખાવા બંધ થાયછે. **અથવા** દાડિમના દાણાનો રસ કાહાડી તેથી અરધ ભાગે તેમાં સાકર મેળવી નાસ લે તો તત્કાળ માથાની પીડા મટે છે. **અથવા** ઉપલેટ અને એરંડાનું મૂળ એઓને કાંજીમાં ઘુંટી માથા ઉપર લેપ કરે તો, માથાની પીડા મટે છે. એજ પ્રમાણે મચ કુંદ–મોઘરાના ફુલોનો લેપ કરે તો માથાની પીડા મટી જાય છે. **અથવા** દેવદાર, તગર, ઉપલેટ, વાળો, અને સુંઠ, એઓને કાંજી સહિત તેલમાં ઘુંટી લેપ કરે તો માથાની વ્યથા મટી જાય છે. **અથવા** મીંઢળ અને સાકર ગાયના દુધમાં ઘુંટી નિત્ય સૂર્યોદય થયા પેહેલાં તેનો નાસ લે તો આધાશીશી મટેછે. **અથવા** સસલાના માથામાંના સેરવામાં મરીયાનું ચૂર્ણ નાખી જમ્યા પેહેલાં ૭ દિવસ સુધી પીએ તો અત્યંત દુઃખ દેનાર સૂર્યાવર્ત્ત તથા આધાશીશી પણ તુરત દૂર થાય છે. **વૈદ્યરહસ્ય. અથવા** ચંદન, સિંધાલૂણ, અને સુંઠ એ એોને પાણી સાથે વાટી તેનો માથે લેપ કરે તો, તત્કાળ મસ્તક પીડા મટે છે. **અથવા** આંબાની અંતર છાલને પાણીમાં ઘસી તેનો લેપ કરે તો માથાની મહા પીડાનો પણ નાશ થાય છે. **અથવા** જળભાંગરાનો રસ અને ઉપલેટ એ બન્નેને વાટી ગાયના માખણમાં કાલવી માથા ઉપર લેપ કરે તો માથાની મહાવ્યથા મટી જાય છે. **અથવા** પીપર, મરી અને લોદર સમાન લઇ સાથે વાટી ૩ દિવસ લગી નાસ લે તો સૂર્યાવર્ત્તનો નાશ થાય છે. **અથવા** ઠંડાપાણીમાં અરીઠાને ઘસી તેનો નાસ આપે તો આધાશીશી વગેરે સર્વ માથાના રોગો મટે છે. **અથવા** કડવા કંકોડાના પાદડાંના રસનો ૩ વાર નાસ લે તો કપાળમાના કીડા ખરી પડે છે અને પીડા મટી જાય છે. **અથવા** નગોડ, સિંધાલૂણ, સુંઠ, દેવદાર, પીપર, અંઘાડો, સરસવ, અને આકડાનાં બીજ એઓને ટાઢાપાણી સાથે વાટી તેની ગોળી કરી તેનો ઠંડાપાણી સાથે લેપ કરે તો સર્વ પ્રકારના માથાના રોગો નાશ પામે છે. **વૈદ્યવલ્લભ. અથવા** લવીંગ મરી અને હિંગ એઓને પાણીથી વાટી ચણા જેવડા ઓષડનો નાસ લે તો નિશ્ચે માથાની પીડા મટે છે." **અથવા** આ નીચે **લખેલા મંત્રથી આધાશીશી મટે છે. ૬**

उँ नमो काली किलि किले वासी मृथोभ्यासे हनुमंत वीर हाक मरे आधाशीशी अर्द्धकपाली नासे जाजोर पापिणी जाजोरे हत्यारी न जाय तो तारा गुरुनी आज्ञा हनुमंत वीरनीं आज्ञा गरुड पंखनी आज्ञा मेरी भक्ति गुरुकी शाकि फुरो मंत्र ईश्वरो वाचा.

આ મંત્રથી ૨૧ વાર ધીરે ધીરે માથાને ફૂંક દે તો આધાશીશી અવશ્ય જાય છે (!)

उँ नमो आधाशीशी हुंहुंकारी पहर पचारी मुख मुंदी पाटले मारी अमुकारे शीशी रहे मुख महेश्वरकी आज्ञा फुरे ॐ ठः ठः स्वाहा.

આ મંત્રથી ૨૧ વાર માથા ઉપર આંગળી ફેરવે તો આધાશીશી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માથાના રોગીને સેવવા લાયક વસ્તુઓ.

સ્વચ્છ હવા, સ્વચ્છ ભોજન, સ્વચ્છ પાણી અને દોષને અનુસરી સ્વચ્છ ઓાષધીઓનું સેવન કરવું એ સદા હિતકારી છે. અને શ્રમ, તડકામાં ફરવું, કુપથ્ય કરવું એ અહિત કર્તા છે.

શિરોરોગનો અધિકાર સંપૂર્ણ.

———(०)———

નેત્રના રોગોનો અધિકાર.

નેત્રમંડળનું પ્રમાણ.

નેત્રનું મંડળ બે આંગળ પ્રમાણનું છે અર્થાત્ બે આંગળ જેટલી જાડાઇવાળું અથવા પોતપોતાના અંગુઠાના પેટ જેટલી જાડાઇવાળું છે અને ફરતું બે આંગળ જેટલી લંબાઇવાળું છે એમ પૂર્વાચાર્યોનું કહેવું છે.

નેત્રમંડળમાં થતા રોગોની સંખ્યા.

નેત્રના મંડળમાં ૭૪ રોગ ઉત્પન્ન થાય છે એમ શાર્ઙ્ગધરનું માનવું છે, પણ અન્ય પૂર્વાચાર્યોના માનવા પ્રમાણે ૭૮ રોગ છે અર્થાત્ ૭૮ મુખ્ય રોગ છે બાકીના જે પેટાના રોગો છે તેને જુદા ન ગણતાં મુખ્યને અવલંબી ગણેલા છે. એટલે કીકીમાં ૧૨, કાળા ડોળામાં ૪, ધોળા ડોળામાં ૧૧, પાંપણોમાં ૨૧, નેત્રના રૂંવાડામાં ૨, સાંધાઓમાં ૯ અને આખા નેત્ર–આંખમાં ૧૭ રોગ થાય છે એ રીતે કુલ ૭૮ રોગ છે. સુશ્રુત ૭૬ રોગ કહે છે અને ચરક ૭૮ કહે છે, એટલે ચરકે જે બે વધારે કહ્યા છે તે રોગ કીકીમાં થનારા છે. સુશ્રુત ૭૬ કહે છે તેની ગણત્રી એવી છે કે–દશ રોગ વાયુથી, ૧૦ પિત્તથી, ૧૩ કફથી, ૧૬ રૂધિરથી, ૨૫ એ સઘળાંથી થનારા, અને ૨ નેત્રની બાહાર થનારા રોગ છે એમ એકંદરે ૭૬ થાય છે.

નેત્ર રોગોની ઉત્પત્તિ થવાનાં મુખ્ય કારણો.

તડકા વગેરેથી શરીરમાં અતિ તાપ થાય ત્યારે ઠંડા પાણીમાં પ્રવેશ કરે તેથી, તડકા વગેરેથી ઉત્પન્ન થએલી ગરમીની સાથે બાહાર આવેલા નેત્રના તેજનો પાણીથી પરાભવ થાય છે તેથી, વેગળા પદાર્થોને ધારીને જોવાથી, વખતસર બરફ ન લેવાથી, અગ્નિના તાપથી, ધૂળના પડવાથી, ધૂમાડાથી, ઉલટીના રોકવાથી, ઘણી ઉલટીઓ થવાથી, શુક્તના સેવનથી, અરનાલના સેવનથી, ખાટા રસ, કળથી તથા અડદના સેવનથી, મળ–મૂત્ર તથા અધોવાયુના રોકવાથી, બહુ રોવાથી, શોક થનારા સંતાપથી, માથામાં માર વાગવાથી, ઝપટ બંધ ઘોડો કે ગાડી દોડાવવાથી, બહુ પવન લાગવાથી, ઋતુઓમાં કહેલ વિધિથી વિપરીત કાર્યો કરવાથી, કામ ક્રોધથી થએલી પીડાથી, અતિ મૈથુનથી, આંસુ રોકવાથી અને ઝીણા પદાર્થોને જોવાથી તથા સુતે સુતે વાંચવાથી કે બહુ ઝીણા અક્ષરો વા ઓછા ઉજાસમાં નજર ખેંચીને વાંચવાથી નેત્રમાં દોષો વિકારને ઉત્પન્ન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કીકીના રોગોની વ્યાખ્યા.

આંખના કાળા ડોળામાં રહેલ મસૂરની દાળ જેવડી નિર્મળ પાંચ મહાભૂતોથી બનેલી, નિમિષો આવે ત્યારે પતંગીયા જેવી અને નિમિષો દૂર ખસે ત્યારે અગ્નિના તણખા જેવી જણાતી, લાંબા કાળ સુધી રહેનારાં તેજોથી સિદ્ધ થએલી, છિદ્રવાળી, જેને હમેશાં ઠંડ અનુકૂળ રહે છે એવી અને આંખનું જે બાહારનું પડ કે જે લોહી તથા રસના આધારવાળું છે તેથી વીંટાયલી જે દષ્ટી છે તેને કીકી કહે છે.

આંખમાં ચાર પડ છે.

આંખમાં ચાર પડ છે તેમાં સર્વથા ઉપર બાહારનું લોહી તથા રસના આશ્રયવાળું છે. અને ચોથું હાડના આશ્રયથી રહેલ છે. આ ચારે પડોની એકંદરે નેત્રના પાંચમા ભાગ જેટલી જાડાઇ છે.

પહેલા પડમાં રહેલા દોષોનો સ્વભાવ–જે મનુષ્યને દષ્ટિની અંદરના પહેલા પડમાં દોષો રહેલા હોય તો તે મનુષ્ય યથાર્થ સ્વરૂપને જોઇ શકે નહીં, કદાચિત્ દોષો થોડા હોય તો વખતે બરોબર જોઇ શકે છે.*

બીજા પડળ–પડમાં રહેલા દાષોનો સ્વભાવ–બીજા પડમાં દોષો રહ્યા હોય તો દષ્ટિ બરોબર સ્વરૂપો જોઇ શકતી નથી એટલે માખી, મચ્છર તથા કેશ અને કરોળીયાએ બાંધેલાં જાળાં વગેરે જોવામાં આવે છે. મંડળો, પતાકાઓ અને કીરણો નહોય તો પણ જાણે છે એમ કુંડળોની પેઠે પ્રકાશતાં જોવામાં આવે. પડછાયા વગેરેના સંચારો ઉંચે નીચે તથા આડા એમ અનેક પ્રકારના જોવામાં આવે. વરસાદ, વાદળાં કે અંધારૂ નહોય તો પણ હોય એવું દેખાય છે. સ્વરૂપોનું જોયાએ તેવું ગ્રહણ ન કરવા રૂપ દષ્ટિનો વિભ્રમ થવાથી વેગળા રહેલા પદાર્થો પાસે અને પાસે રહેલા વેગળા જણાય અને ઘણા યત્ન કરતાં છતાં પણ સોયનું નાકું જણાય નહીં.

ત્રીજા પડળમાં રહેલા દાષોનો સ્વભાવ–ત્રીજા પડળમાં દોષો રહેલા હોય તો જે ઉંચે હોય તે જોવામાં આવેછે, તે ઘણા મોટા પદાર્થ હોય; તોપણ જાણે લુગડેથી ઢાંકેલા હોય તેવા જોવામાં આવે છે. કાન નાક તથા આંખ્યોવાળાં શરીરો જાણે કાન નાક અને આંખ્યોથી રહિત હોય તેવાં કે કાન વગેરેના વિકારવાળાં હોય તેવાં જોવામાં આવે છે. જો દોષ બળવાન હોય તો દષ્ટિ દોષોના સ્વભાવ પ્રમાણે રંગાઇ જાય છે. દોષો જો નીચેના ભાગમાં રહ્યા હોય તો. પાસે રહેલા પદાર્થો જોવામાં આવતા નથી. જો દોષો ઉંચેના ભાગમાં રહ્યા હોય તો, વેગળા રહેલા પદાર્થો જોવામાં આવતા નથી, દોષો પડખાના ભાગમાં રહ્યા હોય તો પડખામાં રહેલા પદાર્થો જોવામાં આવતા નથી. ચોમેર દોષો રહ્યા હોય તો નીચે ઉપર કે પડખામાં રહેલા પદાર્થો જુદા જુદા હોય; તોપણ ભેગા જેવા દેખાયછે. દષ્ટિના વચમાં જો દોષો રહ્યા હોય તો મોટા પદાર્થો ન્હાના જણાય. દષ્ટિમાં દોષો આડા રહેલા હોય તો, એક પદાર્થ બે પદાર્થ જેવો દેખાય. દોષ જો દષ્ટિના બે ભાગમાં રહ્યા હોય તો, એક પદાર્થ ત્રણ પદાર્થ જેવો જણાય અને જો દોષો નિયમ વગર રહેલા હોય તો એક પદાર્થ બહુ પદાર્થ જેવો જણાય છે.

* **વિદેહ** કહે છે કે-આંખની માંહેના પડળમાં રહેલા દોષો અનુક્રમે ઉપર ઉપરના પડમાં પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચોથા પડમાં રહેલા દોષોનો સ્વભાવ–ચોથા પડમાં રહેલા દોષ હોય તો અંધારા જેવું દેખે છે તેથી તે રોગને તિમિર કહે છે અને ચારેબાજુએ દૃષ્ટિને રોકી દેછે. કેટલાક ગ્રંથકારો આ રોગને લિંગનાશ[1] કહે છે. આ અંધારા જેવો મોટો રોગ નવો હોય ત્યાંસુધી માણસ આકાશમાં રહેલા ચંદ્ર, સૂર્ય, તારાગણુ અને વીજળીને દેખે છે; કેમકે આકાશ પ્રકાશમય હોવાથી તેમાં અંધારાનું જોર ચાલતું નથી. તેમ અગ્નિ વગેરે નિર્મળ તેજોને દેખે છે અને રત્ન સોના વગેરે પ્રકાશિત પદાર્થોને પણ દેખે છે, પણ જ્યારે આ રોગ લાંબા વખતનો થાય ત્યારે તેમાંનું કશું પણ દેખાતું નથી. જેમ આ તિમિર નામના રોગને લિંગનાશ કહે છે તેમ નિલિકા અને કાચપણુ તેનેજ કહે છે.

કીકીના રોગનાં નામોની સંખ્યા.

કીકીના રોગ[2] બાર છે. તે પૈકી ૭ રોગ લિંગનાશ કહેવાયછે–એટલે વાયુનો, પિત્તનો, કફનો, ત્રિદોષનો, લોહીનો અને પરિમ્લાયી એમ ૭ પ્રકારનો હોયછે. તથા પિત્ત વિદગ્ધદૃષ્ટિ કફવિદગ્ધ દૃષ્ટિ, ધૂમ્રદર્શી, હ્રસ્વજાત્ય, નકુલાંધ્ય અને ગંભીરિકા એ બીજા ૭ રોગ અર્થાત્ એકંદરે ૧૨ રોગ છે.

ચરકના મત પ્રમાણે સનિમિત્તક લિંગનાશ અને બીજો અનિમિત્તક લિંગનાશ કહેવાય છે.

૭ જાતના લિંગનાશ–મોતીયાબિંદુનાં લક્ષણો.

વાયુ જન્ય લિંગનાશ હોય તો, રૂપો જાણે ભમતાં હોય તેવાં મેલાં અસ્પષ્ટ રતાશવાળાં અને જાણે ફેરવીને ફેંકેલાં હોય એવાં જણાય છે.

પિત્તજન્ય લિંગનાશ હોય તો–સૂર્યનાં, પતંગીયાનાં, ઇંદ્રધનુષ્યનાં અને વીજળીનાં રૂપો મોરના પીછાં જેવાં વિચિત્ર નીલાં અને કાળાં જોવામાં આવે છે.

કફજન્ય હોય તો–ચીકણાં, ધોળાં, પાણીથી ડુબેલાં અને કરોળીઆના જાળાં જેવાં રૂપો જણાય છે.

સન્નિપાતજન્ય હોય તો–ચોમેર વિચિત્ર ઘણા પ્રકારનાં રૂપો દેખાય તથા અનેક વર્ણવાળાં વિશેષ અથવા ઓછા અંગોવાળાં દેખાય અથવા તેજોમય દેખાતાં હોય છે.

રક્તજન્ય લિંગનાશ હોય તો,–અનેક પ્રકારનાં અંધારાં તથા રાતાં, લીલાં, પીળાં અને કાળાં રૂપો જણાય છે.

પરિમ્લાયી–એટલે લોહીથી મૂર્છિત થએલા પિત્તથી લિંગનાશ થયો હોય તો–સઘળી દિશાઓ પીળી દેખાય, સૂર્ય જાણે ઉગતો હોય તેમ દેખાય અને વૃક્ષો પતંગીયાઓથી કે દેવતા વગેરેના તેજ રૂપથી વ્યાપ્ત હોય તેવાં દેખે છે.

લિંગનાશનો અન્ય પ્રકાર.

વાયુથી લિંગનાશ થયો હોય તો–આંખનો રંગ રાતો, પિત્તથી કે પરિમ્લાયીથી થયો હોય તો આંખનો રંગ નીલો, કફથી ધોળો, લોહીથી રતાશવાળો અને ત્રિદોષથી વિચિત્ર રંગ (આંખમાં) જણાય છે

[1] લિંગ એટલે દૃષ્ટિ. [2] ચરકના મત પ્રમાણે કીકીના ૨૪ રોગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાયુઆદિએ ઉત્પન્ન કરેલા લિંગનાશોથી આંખ્યોમાં મંડળ નાં જુદાં જુદાં રૂપો થવા વિષે.

વાયુથી થએલા લિંગનાશથી મંડળ રાતું, ચપળ અને કઠોર થાય છે. પિત્તથી થએલ લિંગનાશમાં—નીલા કાંસા જેવું, કે ધોળાશ કે પીળાશવાળું મંડળ થાય છે. કફથી જાડું, ચીકણું, અને શંખ જેવું ધોળું મંડળ થાય છે. આંખ ચોળતાં તે મંડળ પસરે છે. **ત્રિદોષથી** લિંગનાશ થએલો હોય તો, ઉપર કહેલા સર્વ વર્ણવાળું મંડળ થાય છે. **લોહીથી** થએલ હોય તો, કુંપળીયો જેવું કે કમળપત્ર જેવું મંડળ થાય છે અને પિત્તના સંબંધવાળા લોહીથી થએલો લિંગનાશ હોય તો જાડા તથા રાતાકાચજેવું જાડું તથા રાતું મંડળ થાય છે. **પરિમ્લાયી**થી લિંગનાશ થયો હોય તો, મ્લાનિ પામેલું તથા નીલું મંડળ થાય છે. કાળાંતરે દોષોનો નાશ થવાથી વખતે પોતાની મેળેજ ચોખું થઇ જાય છે.

સઘળા પ્રકારના લિંગનાશોમાં તે તે દોષોનાં પોતપોતાનાં લક્ષણો પણ ચોક્સ રીતે થાય છે.

કીકીમાંના બીજા છ રોગોનાં લક્ષણો.

દુષ્ટ થએલું પિત્ત દૃષ્ટિના પેહેલા, બીજા પડળમાં પ્રાપ્ત થયાથી માણસની દૃષ્ટિ પીળી થાય છે અને તેથી માણસો તથા રૂપોને પીળાંજ દેખે છે. તેને **પિત્તવિદગ્ધ** દૃષ્ટિ કહે છે. એજ પિત્ત બીજા પડળમાં દાખલ થયું હોય તો તે માણસ દિવસે દેખતો નથી. પણ રાતે શીતળતાથી પિત્ત ઓછું પડતાં સર્વ પદાર્થો દેખે છે. આ પ્રકાર પિત્તવિદગ્ધ દૃષ્ટિના અંતરભૂત હોવાથી જૂદો ન ગણતાં તેના સામેલ રાખેલ છે.

દુષ્ટ થએલ કફ દૃષ્ટિના પેહેલા પડળમાં આવ્યો હોય તો માણસ રૂપોને ધોળાં દેખે છે તેને **કફવિદગ્ધદષ્ટી** રોગ કહે છે.

એજ કફ દૃષ્ટિના ત્રણે પડળોમાં આવ્યો હોય તો બલાત્કારથી રતાંધળાપણું કરે છે, દિવસે તો દૃષ્ટિ ઉપર સૂર્યનો અનુગ્રહ થવાનેલીધે કફ ઓછો થવાથી સર્વ પદાર્થ જોઇ શકે છે, પણ રાતે દેખે નહીં. રાતે આંધળાપણું કફવિદગ્ધદૃષ્ટિના પેટાનો રોગ છે જેથી જૂદો ગણેલ નથી.

શોકથી, તાવથી, મહેનતથી અને માથામાં તડકા વગેરેના સંતાપો થવાથી દૃષ્ટિને જોર પહોંચતાં સર્વ પદાર્થો ધુમાડાથી વીંટાયલા જેવા દેખાય છે તેને **ધૂમદર્શી** કહે છે. આરોગ પિત્તની દુષ્ટતાથી થાય છે.

દિવસે પરાણે પરાણે દેખાય તથા મોટા મોટા પદાર્થો પણ ન્હાના દેખાય અને રાતે સર્વ પદાર્થો જેવા હોય તેવાજ દેખાય તેને **હ્રસ્વજાત્ય** કહે છે.

દૃષ્ટિદોષથી વ્યાપ્ત થયાનેલીધે નોળીયાની દૃષ્ટિ જેવી પ્રકાશે અને દાહાડે વિચિત્ર રૂપો જણાય તો તેને **નકુલાંધ્ય** રોગ કહે છે.

દૃષ્ટિ વિકૃત થયા કરે, વાયુથી ઉપહત રહે, સંકોચાયા કરે, અંદર જતી રહે અને ઉંડી વેદનાથી સહિત હોય તેને **ગંભીરિકા** કહે છે.

મહામુનિ ચરકના કહેલા બે વિકાર પૈકી સનિમિત્ત લિંગનાશનું હેતુ સહ લક્ષણ. ઝેરી ફૂલોના ગંધવાળા પવનનાં સ્પર્શ—અડવા રૂપ નિમિત્તથી માથામાં અભિતાપં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતાં જે લિંગનાશ થાય તેને **સનિમિત્ત લિંગનાશ** કહે છે. તેને અભિસ્યંદના લક્ષણો ઉપરથી જાણી લેવો.[1]

અનિમિત્ત લિંગનાશનું હેતુ સહ લક્ષણ.

દેવના, ઋષિના, ગંધર્વના, મોટા નાગના કે બીજા પ્રકાશમય પદાર્થોના દર્શનથી દૃષ્ટિ ઉપહત થઇ જાય તેને **અનિમિત્ત** લિંગનાશ કહે છે. દેવ વગેરેનાં પ્રત્યક્ષ દર્શન વિશેષે કરીને થતાં નથી માટે તેઓના દર્શનનું નિમિત્ત છતાં અનિમિત્ત માનેલ છે. આ રોગમાં આંખો તેજદાર જણાય, કીકી શ્યામ તથા નિર્મળ દેખાય છે અને ઉપઘાતનેલીધે કીકી ફાટી જાય છે, સીદાય છે કે, ઓછી થઇ જાય છે.

કાળા ડોળાના રોગોની વ્યાખ્યા.

કાળા ડોળાના રોગોનાં નામ, સંખ્યા તથા સાધ્યાસાધ્યપણું.

સવ્રણશુક્ર, અવ્રણશુક્ર, પાકાત્યય અને અજકાજાત એ ચાર રોગો આંખના કાળા ડોળામાં થાય છે. તેઓનાં જૂદાં જૂદાં લક્ષણો નીચે પ્રમાણે.

જે ફુલું કાળા ડોળામાં ડુબેલા રૂપવાળું હોય, જાણે સોયથી વિંધાએલું હોય તેવું લાગે એટલે ગોળ તથા વ્યથાવાળું હોય અને નિરંતર ઉનું પાણી ઝર્યાકરે તેને **સવ્રણશુક્ર** કહે છે. આ ફુલું કીકીના નજીકમાં ન હોય, ઉંડુ ન હોય–એક ચામડીમાંજ હોય, ઝરતું ન હોય, પીડા વગરનું અને એક હોય તો કોઇ વખતે મટે છે, પણ જો કીકીની પાસે હોય, ઉંડું, પીડાવાળું, ઝરતું અને બે હોય તો કદિ પણ મટતું નથી.

જે કાળા ડોળાનું અભિષ્યંદથી થએલું ફૂલું આકાશમાં રહેલા મેઘની પેઠે થોડું થોડું પ્રકાશતું, ચંદ્ર કે શંખ જેવું શ્વેત જણાતું હોય તો તે **અવ્રણશુક્ર** કહેવાય છે. આ ફુલું અસંત સાધ્ય છે. પણ જો બે ત્રણ પડસુધી ઉંડું પહોંચ્યું હોય તથા જાડું કે લાંબા વખતથી થએલું હોય તો કષ્ટસાધ્ય છે. અને માંસ વીખાઇ જવાનેલીધે નમેલા મધ્ય ભાગવાળું માંસથી વીંટાયલું, ચંચળ. શિરા–નસોમાં થએલું, દેખવા ન દેનાર, બે પડળો સુધી પહોંચેલું, છેડામાં રાતું અને લાંબા વખતનું હોય તો તે ફુલું અસાધ્ય છે. વળી જો આંખોમાંથી ઉનાં આંસુડાં પડતાં હોય, ફોડલી થઇ હોય અને મગ જેવા આકારવાળું હોય તો તે અવ્રણશુક્ર અસાધ્ય છે. તથા આંખની પાંપણો તેતરની પાંખો જેવી થઇ ગઇ હોય તો તેપણ અસાધ્ય છે.

દોષે કરી લીધેલું ધોળાપણું આખા કાળા ડોળામાં ચોમેર છવાઇ ગયું હોય તેને **પાકાત્યય** કહે છે. આ વ્યાધિ ત્રણે દોષથી થએલ હોય તો અસાધ્ય સમજવો. આ રોગમાં પાકવાપણું, આંસુ, સોજો અને પીડા થાય છે.

બકરીની લીંડી જેવી, પીડા સહિત સ્હેજ રતાશવાળી, લાલ અને ચીકણાં આંસુ યુક્ત જે ઉંચાઇ મોટાપણાથી આખા કાળા ડોળાને પકડીને પ્રાપ્ત થાય છે તેને **અજકાજાત** કહે છે. એ ઉંચાઇ મેદના ત્રીજા પડળમાં થાય છે.

---

1. **ગદાધર** કહે છે કે–રક્તાભિષ્યંદનાં લક્ષણો ઉપરથી આ રોગને ઓળખી લેવો, પણ **કાર્તિક** કહે છે કે–સમસ્ત દોષોથી થએલા અભિષ્યંદનાં લક્ષણો ઉપરથી આ રોગને ઓળખી લેવો; અર્થાત્ કોઇ એકલા રક્તાભિષ્યંદનાજ ઉપરથી ઓળખવાનો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધોળા ડોળાના રોગોનાં નામો તથા સંખ્યા વિષેની વ્યાખ્યા.

આંખોના ધોળા ડોળામાં પ્રસ્તાર્યર્મ, શુક્લાર્મ, રક્તાર્મ, અધિમાંસાર્મ, સ્નાય્વર્મ, શુક્તિ, અર્જુન, પિષ્ટક, શિરાજાલ, શિરાજપિડકા અને બલાસગ્રથિત આ ૧૧ રોગો થાય છે. તેઓનાં ક્રમવાર લક્ષણ નીચે પ્રમાણે—

ધોળા ડોળા ઉપર પાતળું, વિસ્તીર્ણ, કાળાશવાળું કે રાતા જેવું ધોળું ચિહ્ન થાય છે તેને **પ્રસ્તાર્યર્મ** કહે છે.

ધોળા ડોળા ઉપર સારી પેઠે ધોળું અને કુણાપણાવાળું જે ચિહ્ન હોય તેને **શુક્લાર્મ** કહેવાય છે. આ શુક્લાર્મરૂપ માંસ ઘણે કાળે વૃદ્ધિ પામે છે.

ધોળા ડોળા ઉપર રાતું તથા કુણું જે માંસ વધતું આવે છે તે **રક્તાર્મ** કહેવાય છે.

ધોળા ડોળા ઉપર પોહોળું, કુણું, જાડું અને જરાક કાળાશ સહિત રતાશવાળું જે માંસ વધતું આવે છે તેને **અધીમાંસાર્મ** કહે છે.

ધોળા ડોળા ઉપર કોર, ફેલાતું અને સ્રાવ વગરનું જે માંસ ઊંચું–ચઢતું થાય છે તેને **સ્નાય્વર્મ** કહે છે.

ધોળા ડોળા ઉપર કાળાશવાળા અને માંસ જેવા જે બિંદુઓ થાય છે અથવા મોતીની છીપ જેવું થાય છે તેને **શુક્તિ** કહે છે.

ધોળા ડોળામાં સસલાના લોહી જેવો જે એક બિંદુ થાય છે તેને **અર્જુન** કહે છે.

ધોળા ડોળા ઉપર કફના તથા વાયુના કોપથી આટા જેવું ધોળું અને મેલથી ખરડાએલ દર્પણ જેવું જે માંસ ઉંચું થાય છે તેને **પિષ્ટક** કહે છે.

ધોળા ડોળા ઉપર જાળાં જેવો કઠણ શિરાઓવાળો અને રાતો જે શિરાઓનો સમૂહ થાય છે તેને **શિરાજાલ** કહે છે.

ધોળા ડોળા ઉપર કાળા ડોળાની પાસે રહેલી અને શિરાઓથી વીંટાયલી જે ધોળી ફોલ્લીઓ થાય છે તેને **શિરાજપિડકા** કહે છે.

ધોળા ડોળા ઉપર કાંસા જેવો ધોળો, કઠણ અને પાણીના ટીપા જેવો જરાક ઉંચો જે બિંદુ થાય છે તેને **બલાસગ્રથિત** કહે છે.

પાંપણોના રોગોનાં નામ તથા સંખ્યા.

આંખોની પાપણો બે હોય છે. તે પૈકી ઉત્સંગિની, કુંભિકા, પોથકી, વર્ત્મશર્કરા, અર્શોવર્ત્મ, શુષ્કાર્શ, અંજનનામિકા, બહલવર્ત્મ, વર્ત્મબંધક, કિલષ્ટવર્ત્મ, વર્ત્મકર્દમ, શ્યાવવર્ત્મ, પ્રક્લિન્નવર્ત્મ, અક્લિન્નવર્ત્મ, વાતવર્ત્મ, વર્ત્માર્બુદ, નિમેષ, શોણિતાર્શ, લગણ, બિસવર્ત્મ, અને કુંચન એ ૨૧ રોગો થાય છે. તેઓનાં ક્રમવાર લક્ષણો નીચે પ્રમાણે—

પાપણની અંદર મુખવાળી, બાહાર રાતી, અંદર પરૂવાળી, પોતામાં ઘણી ફોલ્લીઓવાળી, જાડી અને વલુરવાળી જે ફોલ્લીની નીચેની પાંપણમાં લોહીના પ્રકોપથી થાય છે તે **ઉત્સંગિના** કહેવાય છે.

પાપણના અંતમાં સુજેલી અને કુંભીકા નામની વેલના બીજ જેવી કઠોર ફોલ્લી જે સન્નિપાતથી થાય છે અને ફુટે છે તેને વા ફુટી ફુટી ઝમ્યા કરે છે તેને **કુંભીકા** કહે છે.

સ્રાવવાળી, ચળ સહિત, ભારે, રાતા સરસવ જેવી અને પીડાવાળી જે ફોલ્લી પાંપણમાં થાય છે તેને **પોથકી** કહેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણીજ ઝીણી ઝીણી ધાટી-જાડી ફોલ્લીઓથી ચોમેર વીંટાયલી, તીક્ષણ અને જાડી જે ફોલ્લી પાંપણમાં થાય છે તેને **વર્ત્મશર્કરા** કહે છે.

પાંપણમાં કાકડીના બીજ જેવી, ઓછી પીડાવાળી, લીસી, અને તીક્ષણ અણીઓવાળી જે ફોલ્લી થાય છે તે **અર્શોવર્ત્મ** કહેવાય છે.

પાંપણના અંદરના ભાગમાં ખરસટ, અક્કડ, અને દારૂણ જે લાંબો અંકુર થાય છે તેને **શુષ્કાર્શ** કહે છે.

પાંપણમાં બળતરાવાળી, ભોંકાયા જેવી વ્યથાવાળી, રાતી, કુણી અને થોડી પીડાવાળી જે ઝીણી ફોલ્લી થાય છે તેને **અંજનનામિકા-આંજણી** કહે છે.

પાંપણના જેવા રંગની અને કઠણપણાવાળી ફોલ્લીઓથી ચારે બાજુએ પાંપણ જાડી થઇ જાય તેને **બહુલવર્ત્મ** કહે છે.

પાણીથી ભરપૂર રહેનારા અને ચળવાળા પાંપણના સોજાથી આંખો બરાબર વીંચી શકાતી નથી તેને **વર્ત્મબંધક** કહે છે.

પાંપણ કુણી રહે, થોડી પીડા, હમેશાં રાતી અને એકાએક પણ રાતી થનારી હોય તેને **ક્લિષ્ટવર્ત્મ** કહે છે. આ રોગ કફના સંબંધને પામેલા લોહીથી થાય છે.

ક્લિષ્ટવર્ત્મનાં જે લક્ષણો કહ્યાં તે હોવા છતાં જો પિત્તથી યુકત લોહી બળતરા કરતુ હોય અને તેનેલીધે પાંપણો ભીંજાઇ જતી હોય તો તેને **વર્ત્મકર્દમ** કહે છે.

પાંપણ જો બાહાર તથા અંદર કાળાશવાળી હોય, સુજીજાય, પીડા થાય, વલુર અને ભીંજાયલી રહે તો તેને **શ્યાવવર્ત્મ** કહે છે.

પાંપણ થોડીક વેદના વાળી બાહાર સુજેલી, અને છેડામાં અત્યંત ભીંજાયલી રહે તો તેને **પ્રક્લિન્નવર્ત્મ** કહેવાય છે.

ન ધોવાયા છતાં અને ધોવા છતાં પણ પાંપણો વારંવાર મળીજાય અને કાચીજ રહે એ **અક્લિન્નવર્ત્મ** કહેવાય છે.

પાંપણ ઠેકાણાથી ખસી ગએલા સંધિવાળી, વીંચાવા તથા ઉઘાડાવા-આદિ ચેષ્ટાઓ વિનાની અને પીડા સહિત કે પીડા રહિત રહે તથા સંકોચાઇ જાય તેને **વાતાહતવર્ત્મ** કહે છે.

પાંપણોની અંદર ગોળપણા વિનાનો, થોડી પીડાવાળો, જરાક રાતો, અને ચોટી રહેલો કઠણ ગાંઠો ઉત્પન્ન થાય છે તેને **વર્ત્માર્બુદ** કહે છે.

પાંપણોમાં રહેલો વાયુ પાંપણોની ઉઘાડ વીંચ કરનારી શિરાઓમાં પેસીને પાંપણોને ચલાયમાન કરે છે તેને **નિમેષ** કહે છે-આ રોગ અસાધ્ય છે.

પાંપણમાં રહેલો અને કોમળપણાવાળો અંકુર વધ્યા કરે તેને **શોણિતવર્ત્મ** કહે છે. આ રોગ લોહીથી થાય છે અને જેમ જેમ કપાય તેમ તેમ વધ્યાકરે છે.

પાંપણમાં પાક વગરનો કઠણ, જાડો, થોડી વેદનાવાળો, ચળવાળો, ચીકણો અને બોર જેવડી ગાંઠો થાય છે તેને **લગણ** કહે છે..

ત્રણે દોષો પાંપણની બાહાર સોજાને પેદા કરે છે, અંદર છિદ્રોને ઉત્પન્ન કરે છે અને પાંપણો કમળના બિસની પેઠે પાણીનો સ્ત્રાવ કર્યા કરે તેને **બિસવર્ત્મ** કહે છે.

અને વાયુ આદિ દોષોનેલીધે પાંપણોનો સંકોચ થાય તથા તેથી જોઇ શકાય નહીં તેને **કુંચન** કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંપણના વાળોના બે રોગનાં નામ તથા તેઓનાં લક્ષણો.

પક્ષ્મકોપ અને પક્ષ્મશાંત એ બે પાંપણના વાળોના રોગ છે. તેનાં લક્ષણો એ છે કે-વાયુએ ચલાવેલા પાંપણોના વાળો નેત્રમાં પેસે છે અને પેસીને આંખ્યોને વારંવાર ઘસે છે. ઘસી ઘસીને કાળા અથવા ધોળા ડોળામાં સોજાને ઉત્પન્ન કરે છે અને મૂળ સ્થાનથી ખરી પડે છે તેને **પક્ષ્મકોપ-પરવાળાં**[1] કહે છે. આ રોગ ભયંકર છે. વળી જે પાંપણોના વાળોના આશ્રયમાં રહેલું પિત્ત વાળોને ઉખેડી-ખેરવી ચળને તથા બળતરાને ઉત્પન્ન કરે છે તેને **પક્ષ્મશાંત** કહે છે.

નેત્રના સાંધાઓનું નિરૂપણ.

પેહેલો સાંધો પાંપણોના રૂંવાડાંઓમાં અને પાંપણોમાં છે. બીજો સાંધો પાંપણોમાં અને ધોળા ડોળામાં છે. ત્રીજો સાંધો ધોળા ડોળામાં અને કાળા ડોળામાં છે. ચોથો કાળા ડોળામાં અને કીકીમાં છે. પાંચમો સાંધો કીકીમાં છે અને છઠ્ઠો સાંધો આંખના છેડામાં છે.

સાંધાઓમાં થતા રોગોનાં નામો તથા સંખ્યા.

પૂયાલસ, ઉપનાહ, પિત્તસ્રાવ, કફસ્રાવ, સન્નિપાતસ્રાવ, રક્તસ્રાવ, પર્વણી, અલજી અને જંતુગ્રંથી એ ૯ રોગો નેત્રના સાંધાઓમાં થાય છે. તે નવ રોગોનાં લક્ષણોની ક્રમવાર નોંધ નીચે પ્રમાણે—

કીકીના સાંધામાં થએલો અને પાકેલો જે સોજો ગંધાતા જાડા પરૂને સ્રવે છે તેને **પૂયાલસ** કહે છે.

કીકીના સાંધામાં મોટો, થોડા પાકવાળો, વિશેષ વલુરવાળો, કઠણ, રાતો અને ઓછી પીડાવાળો જે ગાંઠો થાય છે તેને **ઉપનાહ** કહે છે.

સાંધાના વચમાંથી, લાલાશ અને પીળાશથી મળેલ અથવા એકલો પીળા ઉના પાણીનો સ્રાવ થાય છે તેને **પિત્તસ્રાવ** કહે છે.

ધોળો, ઘાટો તથા ચીકણો સ્રાવ થાય છે તેને **કફસ્રાવ** કહે છે.

સાંધામાં પાકેલો સોજો પરૂ વેહેવરાવતો હોય તો તેને **સન્નિપાત સ્રાવ** કહે છે.

ઝરતું પરૂ ઉનું હોય અને તેમાં વધારે લોહી ઝરતું હોય તો તેને **રૂધિરસ્રાવ** કહે છે.

કાળા ડોળા તથા ધોળા ડોળાના સાંધામાં ગોળ, સોજાવાળી, રાતી, ઝીણી અને બળતરાવાળી તથા પાકવાળી ફોલ્લી પેદા થાયછે તેને **પર્વણી** કહે છે. આ રોગ લોહીના પ્રકોપથી થાયછે.

પ્રમેહના અધિકારમાં કહી ગયા છીએ તે પ્રમાણે રાતી, ધોળી, ફોલ્લીઓથી વ્યાપ્ત અને ભયંકરપણાવાળી ફોલ્લીઓ કાળા તથા ધોળા ડોળાના સાંધામાં થઈ હોય તો તેને **અલજી** કહે છે.

પાંપણ તથા પાંપણનાં રૂંવાડાંઓના સાંધાઓમાં ઉત્પન્ન થએલ અનેક રૂપોવાળા કીડાઓ ચળને ઉત્પન્ન કરે છે અને અંદર નેત્રને ખરાબ કરતાં કરતાં પાંપણ તથા ધોળા ડોળાના સાંધામાં જાય છે તેને **જંતુગ્રંથી** કહે છે.

---

[1] પાંપણના વાળો ઉગવાની જે જગ્યા છે તે જગ્યાને છોડી દઇ પાંપણની અંદર વાળ ઉગે છે અને તે વાળ કાળા તથા ધોળા ડોળા સાથે ઘસાયા-ખુચ્યા કરેછે તેને કેટલાક ગ્રંથકારો પરવાળાં કહેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આખા નેત્રમાં થતા રોગોનાં નામો તથા સંખ્યા.

ચાર અભિષ્યંદ, ચાર અધિમંથ, સશોથપાક, અશોથ પાક, હતાધિમંથ, વાતપર્યય, શુષ્કાક્ષિપાક, અન્યતોવાત, અમ્લાધ્યુષિત, શિરોત્પાત અને શિરાહર્ષ એ ૧૭ રોગો આખા નેત્રમાં થાય છે. તેઓનાં જૂદાં જૂદાં લક્ષણો નીચે પ્રમાણે—

ચાર અભિષ્યંદોનાં નામ તથા લક્ષણો.

વાતાભિષ્યંદ, પિત્તાભિષ્યંદ, કફાભિષ્યંદ અને રક્તાભિષ્યંદ એ ચાર છે. તે પૈકી જેમાં ભોંકાયા જેવી પીડા, સ્તબ્ધપણું, રૂંવાડાંઓનું ઉભું થવું, કસુર, નેત્રોનું લુખાપણું, માથામાં વેદના, ચીપડાથી રહિતપણું અને આંસુઓનું ટાઢાપણું હોય તો તે વાયુના કોપનો-**વાતાભિષ્યંદ** કહેવાય છે.

જેમાં બળતરા, પાકવું, શીતળ પદાર્થો ઉપર રૂચિ, આંખ્યોમાંથી જાણે ધુમાડા નીકળતા હોય તેમ જણાય, ઉનાં આંસુ ઝરે અને આંખ્યો પીળી જણાય તો તે **પિત્તાભિષ્યંદ** કહેવાય છે.

ઉના પદાર્થો ઉપર ભાવ, ભારેપણું, આંખોમાં સોજો, ખરજ, ચીપડાઓથી ખરડાએલાપણું, અત્યંત શીતાળપણું, અને વારંવાર ચીકણો સ્રાવ થાય તેને **કફાભીષ્યંદ** કહે છે.

આંસુમાં રાતાશ, આંખ્યોમાં લાલાશ, ચારે કોર આંખ્યોમાં અત્યંત રાતી રેખાઓ અને બીજા પણ પિત્તથી થએલા અભિષ્યંદનાં લક્ષણો યુક્ત હોય તેને **રક્તાભીષ્યંદ** કહે છે.

ચાર અભિમંથનાં ચિહ્નો.

જે માણસો અભિષ્યંદોની ઉપર ઔષધ વગેરે કરે નહીં તેવા મનુષ્યોને અભિષ્યંદોની વૃદ્ધિ થતાં આંખમાં આકરી પીડાવાળા ચાર અભિમંથો થાય છે. વાતાભિષ્યંદથી થએલો અધિમંથ, પિત્તાભિષ્યંદથી થએલો અધિમંથ, કફાભિષ્યંદથી થએલો અધિમંથ અને રક્તાભિષ્યંદથી થએલો અધિમંથ એમ ચાર પ્રકારે છે.

જે અધિમંથ જે અભિષ્યંદથી થયો હોય તે અધિમંથમાં તે અભિષ્યંદનાં ચિહ્નો હોવા ઉપરાંત અરધુ માથું જાણે અત્યંત ઉખેડી લેવાતું હોય તથા અત્યંત મથી નખાતું હોય એવી વેદના થાય છે, માત્ર અભિષ્યંદ અને અધિમંથમાં આટલોજ તફાવત છે તેમ ચારે પ્રકારના અભિમંથમાં આ જુદા પ્રકારની વેદનાનાં સરખાંજ લક્ષણો છે.

જો અધિમંથ કફાભિષ્યંદથી થયો હોય તો સાત રાત્રિની અંદર, રક્તાભિષ્યંદથી થયો હોય તો પાંચ રાત્રીની અંદર, વાતાભિષ્યંદથી થયો હોય તો ૭ રાત્રિની અંદર અને પિત્તાભિષ્યંદથી થયો હોય તો તુરતજ વા ત્રણ રાત્રીની અંદર જો વિચાર વિના ઉપાયો કરવામાં આવે તો દૃષ્ટિનો નાશ કરી નાખે છે. (બહુ જોરથી આંખો દુખવા આવી હોય તેને અધિમંથ કહે છે).

જો નેત્રો ચળથી સહિત, ચીપડાઓથી ખરડાએલ, આંસુવાળાં, પાકેલા ઉંબરાના ફળ જેવાં રાતાં, સોજાવાળાં અને પાકવાળાં હોય તો તેને **સશોથપાક** કહે છે. અને આ સઘળાં લક્ષણો હોય પણ એક સોજો ન હોય તો તેને **અશોથપાક** કહે છે.

વાતાભિષ્યંદથી થએલો અધિમંથ થયા છતાં બેદરકારીથી ઔષધો ન કરે તો તેથી આકરી પીડાઓ કરી આંખને પરાણે સુકવીને નાશ કરી નાખે છે. ત્યારે એ અધિમંથ **હતાધિમંથ** કહેવાય છે. આ રોગ અસાધ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઇ સમયે વાયુ ભમરોમાં અને કોઇ વખતે નેત્રોમાં એમ વારંવાર ફર્યા કરે અને અનેક પ્રકારની તીવ્ર વેદનાઓ થાય તેને **વાતપર્યય** કહે છે.

પાંપણો દારૂણ તથા લુખાં હોય આંખ વીંચાયલી રહે, બળતરા થાય, સારી પેરે દેખાય નહીં, અને ઉઘાડતી વેળાએ આંખ વિકૃત દેખાય તેને **શુષ્કાક્ષિપાક** કહે છે.

એક ઠેકાણામાં રહેલો વાયુ બીજા ઠેકાણામાં અર્થાત્ ડોકના વચમાં કે વાંસામાં, કાનમાં, માથામાં, દાઢીમાં અને ઘાંટામાં રહેલો વાયુ ભમરો આંખ અને લમણામાં ઘણી વેદના ઉત્પન્ન કરે તેને **અન્યતોવાત** કહે છે.

ખાટા રસ ખાવાથી આખી આંખ કાળી, રાતા છેડાવાળી, બળતરા તથા સોજા સહિત ઝરે છે તેને **અમ્લાધ્યુષિત** કહે છે.

જેની આંખમાં પીડા હોય વા ન હોય તથા આંખની નસો રાતી થઇ જાય અને વારંવાર ચારેકોર વિકૃત વર્ણવાળી થાય તેને **શિરોત્પાત-સબળવાય** કહે છે.

જે મનુષ્ય અજ્ઞાનથી શિરોત્પાતના ઉપાય ન કરે તો તેની આંખમાંથી વારંવાર ઘણાં આંસુ વહે, પીડા થાય, આંખ રાતી થઇ જાય અને જોઇ શકાય નહીં તેને **શિરાહર્ષ** કહેછે.

નેત્રના સામપણાનું લક્ષણ.

આંખ્યોમાં અપાર વેદના થાય, બહુજ રાતી રહે, ચળ આવે, ભોંકાયા જેવી ખટક થયા કરે, સણકા ચાલે અને પાણી ઝર્યા કરે તો જાણવું કે આંખ આમસહિત છે. માટે તે વખતે તે રોગીને લંઘન, લેપન, અંજન, ઘૃતપાન, ક્વાથ, ભારે ભોજન, સ્નાન અને મીઠો કે કડવો રસ તથા બાફનો શેક વગેરે ઉપયોગમાં લેવાં નહીં, નહીં તો નુકશાન થાયછે.

આમરહિત આંખ્યોનું લક્ષણ.

પીડા ઓછી, ચળકતી, સોજો તથા આંસુ શાંત અને દેખાવમાં નિર્મળપણું જણાય તો નિરામનેત્ર જાણવાં; અર્થાત્ ઉપર મના કરેલાં કાર્યો કરવા લાયક થયાં છે.

નેત્રના રોગના ઉપાય.

પગમાં સહુથી મોટી ધોરી નસો બે છે તે માથામાં પહોંચેલી છે અને તેના સબંધવાળી બીજી પણ ઘણી ન્હાની નસો આંખોમાં પહોંચેલી છે, જેથી તે પગની નસો ઉપર સિંચન, મર્દન અને લેપનથી આંખને ફાયદો મળે છે. મેલથી, ગરમીથી, ઘસારાથી કે દાબાવા વગેરેથી તે પગની નસો દોષવંત થઇ આંખોને ખરાબ કરે છે માટેજ નરમ જોડા પહેરવા, પગોને તેલનો માલેસ કરવો તથા પગોને સારી પેરે ધોવા તો આંખ્યો રોગરહિત રહે છે.

નેત્ર રોગમાં લંઘન, લેપ, સ્વેદ, શિરાવેધ, રેચ, અંજન અને આશ્ચોતન—આદિ ક્રિયાઓ કરવી, આંખ, કુખ, શળીખમ, વ્રણ અને તાવ એ પાંચ રોગમાં પાંચ રાત્રિ લંઘન કરવાથી શુદ્ધ થાય છે. અંજન, ભરણ ભરવાં, કે ક્વાથ પીવો એ આંખ દુઃખવા આવી હોય ત્યારે ૩ દિવસ પછી ઉપયોગમાં લેવાં; કેમકે આમ એટલે ચાર રાત્રિ સુધી આંખનું કાચાપણું રહે છે માટે નિરામ-પાકાપણું થાય ત્યારે ઉપાય કરવા. અર્થાત્ ચોથે દિવસે ઉપાયો કરવા.

અંજન આંજવાની મર્યાદા તથા વ્યાખ્યા.

કાળા ડોળાની નીચે છેક આંખના છેડા સુધી અંજન કરવું. પ્રથમ ડાબી આંખમાં આંજવું અને પછી જમણી આંખમાં અંજન આંજવું; તેમાં પણ માગશર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોષ,મહા અને ફાગણ એટલા મહીનામાં બપોરે અંજન આંજવું. જેઠ, અષાડ, આશો અને કારતક એટલા મહીનામાં પ્રભાતે અને સાંજે અંજન આંજવું. શ્રાવણ અને ભાદ્રવામાં વાદળાં ન હોય ત્યારે અંજન આંજવું. અને ચૈત્ર તથા વૈશાખ મહીનામાં મરજી પડે ત્યારે-ગમે તે વખતે અંજન આંજવું. જે અંજન આંજવું હોય તે બે વેળાથી વધારે વખત આંજવું નહિ. તેમજ થાકેલા, બહુ રોએલા, બીનેલા, દારૂ પીધેલા, નવીન તાવવાળા, અજીર્ણવાળા અને ઝાડા પેશાબ વગેરેનું રોકાણ થએલા એટલા મનુષ્યોને અંજન આંજવું નહીં. દોષો પાકી ગયા (ત્રણ દિવસ) પછી નેત્રોમાં યોગ્ય અંજન કરવું. જેથી નેત્રને તુરત ફાયદો થાય છે. જેથી આંખ આંજવામાં આવે તેને અંજન કહે છે. ગોળીરૂપ, રસરૂપ અને ચૂર્ણરૂપ એમ અંજનના ૩ ભેદ છે. એ અંજનો સળી કે આંગળીથી આંજવાં. ચૂર્ણાંજનથી રસાંજન અને રસાંજનથી ગોળીરૂપ અંજન બળવાન છે. સ્નેહન, રોપણ અને લેખન એવા પ્રત્યેક અંજનના ૩-૩ ભેદ છે. મધુર રસવાળું અને સ્નેહ (ઘી વગેરે) ચીકટવાળું અંજન હોય તેને સ્નેહન કહે છે. તુરા તથા કડવા રસવાળું અને સ્નેહવાળું અંજન હોય તેને રોપણ કહે છે અને ખારા, કડવા તથા ખાટા રસવાળું જે અંજન હોય તેને લેખન કહે છે. આકરૂં અંજન હોય તો ૧ વટાણા જેવડી, સાધારણ હોય તો ૧॥ વટાણા જેવડી અને ઝાટકો મારે તેવું ન હોય તો ૨ વટાણા જેવડી ગોળી કરવી. રસરૂપ અંજન હોય તો, ત્રણ વાવડીંગ જેટલું ઉત્તમ, બે વાવડીંગ જેટલું મધ્યમ અને એક વાવડીંગ જેટલું કનિષ્ટ જાણવું. અને ચૂર્ણરૂપ અંજન જો સ્નેહન હોય તો તેની ચાર સળી, રોપણ હોય તો ત્રણ સળી અને લેખન હોય તો બે સળી ભરીને આંજવું. આંજવાની સળી બન્ને મ્હોં સંકોચાયલાંવાળી જોઇએ, લીસી આઠ આંગળ લાંબી, વટાણા જેવી ગોળ અને પથરા ધાતુ વગેરેની સળી જોઇએ. તેમાં પણ સ્નેહનમાં સોના વા ચાંદીની સળીનો, લેખનમાં ત્રાંબાની લોઢાની કે પત્થરની સળીનો અને રોપણમાં આંગળીનો ઉપયોગ કરવો.

આંખની આઠ ક્રિયાઓ.

શેક-પાણી વગેરેની ઝીણી ઝીણી ધાર કરવી. **આશ્ચોતન**-ટીપાં પાડવાં. **પિંડી**-પોટીસ-સુપરી મુકવી. **બિડાલ**-આંખના બાહાર ચારે બાજુએ લેપ કરવો. **તર્પણ**-તૃપ્તિ કરવા માટે આંખ ઉપર દુધ વગેરે ભરવું. **પુટપાક**-પકાવેલો રસ આંખમાં નાખવો. **અંજન**-આંજવું અને **શસ્ત્રક્રિયા** કરવી. આ આઠ પ્રકારે નેત્રના રોગોને નિર્મૂળ કરવા.

આંખ ઉપર શેક કરવાનો વિધિ.

રોગીનાં નેત્રોને વીંચાવી તેઓની ઉપર ચાર આંગળ ઉંચેથી ઝીણી ઝીણી ધાર કરવી એ નેત્રના સમસ્ત રોગ ઉપર ફાયદાકારક છે. વાયુના રોગોમાં ઘી વગેરે સ્નેહ પદાર્થોની ધાર કરવી, તે સ્નેહન શેક કહેવાય. પિત્ત તથા લોહીના રોગોમાં હરડે વગેરેના રસની ધાર કરવી. કફના રોગો ઉપર મળને ઉખેડનારાં સુંઠ વગેરે રસની ધાર કરવી. સ્નેહ શેક ૬૦૦ ચપટીઓ વગાડીએ તેટલીવાર સુધી, રોપણ શેક ૪૦૦ ચપટીઓ સુધી અને લેખન શેક ૩૦૦ ચપટીઓ સુધી કરવો, જેથી આંખો નિર્મળ થઇ જાયછે. શેક દિવસેજ કરવો, પણ રાત્રિએ કરવો નહીં; કદાચિત્ બહુ દુઃખ થતું હોય અને ઘણીજ જરૂર હોય તો, રાત્રે પણ કરવો.

આશ્ચોતનનો વિધિ.

રોગીની બન્ને આંખોને આંગળાંવતે ઉઘાડી રાખી તેમાં ક્વાથ, મધ, કે સ્નેહનાં ટીપાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાંખવાં તેને અશ્ચોતન કહે છે. ગળને ઉખેડવા હોય તો, આઠ ટીપાં, ભરતી કરવી હોય તો દશ ટીપાં, અને સ્નેહન હોય તો બાર ટીપાં નાખવાં. ઠંડી ઋતુમાં સ્હેજ ઉનાં અને તાપકારી ઋતુ હોય તો ઠંડાં ટીપાં નાખવાં. વાયુના દરદમાં કડવાં કે સ્નેહનાં ટીપાં, પિત્તના દરદમાં મધુર અને શીતળતાવાળાં ટીપાં, અને કફનું દરદ હોય તો તીક્ષ્ણ, લુખાં તથા ગરમ ટીપાં નાખવાં. સઘળા પ્રકારનાં ટીપાંમાં ૧૦૦ ચપટી વગાડીએ તેટલી વાર સુધીની મર્યાદા જાણવી. કોઇ રોગ ઉપર પણ રાત્રે ટીપાં નાખવાં નહીં.

પિંડીનો વિધિ.

ગુણકારી ઔષધોને સારીપેઠે વાટી થેપલી કરી આંખ ઉપર મુકીને ઉપર લુગડાનો પાટો બાંધવો. વાયુનું દરદ હોય તો સ્નિગ્ધ તથા ઉષ્ણ ઔષધીઓની થેપલી મુકવી, પિત્તનું હોય તો શીતળ ઔષધની અને કફનું દરદ હોય તો લુખાં અને ગરમ ઔષધોની થેપલી મુકવી.

એરંડાનાં પાંદડાં, એરંડાનાં મૂળ અને એરંડાની છાલ એઓની થેપલી મુકવાથી વાયુનું, આંબળાંની થેપલીથી કફનું, લીંબડાનાં પાંદડાની થેપલીથી પિત્ત તથા કફનું, સુંઠ અને લીંબડાનાં પાંદડાં વાટી તેમાં જરા સિંધાલૂણ નાખી જરા ઉનો કરેલ થેપલીથી વાયુ તથા કફનું દરદ મટે છે અને સોજો, ચળ તથા પીડાનો નાશ કરેછે. ત્રિફળાની થેપલીથી ત્રણે દોષનું અને ત્રિફળામાં અરીણુના ડોડવા—પોસના ડોડા અને અરીણુનો રસ નાંખી કરેલી થેપલીથી સર્વ પ્રકારના આંખોના દુખાવાનો નાશ કરે છે.

બિડાલનો વિધિ.

પાંપણના વાળોનો ભાગ મુકીને આંખની ચોફેર અરધા આંગળ જેટલો જાડો લેપ કરવો તેને બિડાલકર્મ કહે છે. લેપ ન સુકાયો હોય ત્યાં સુધીજ રાખવો.

જેઠીમધ, સોનાગેરૂ, સિંધાલૂણ, દારૂહળદર અને રસાંજન એઓ સરખે ભાગે લઇ પાણી સાથે ઘુંટી આંખની આસપાસ લેપ કરવો, જેથી સર્વ પ્રકારના નેત્ર રોગ મટી જાયછે. **અથવા** રસાંજનનો: **અથવા** હરડેનો. **અથવા** બીલીના પાંદડાનો. **અથવા** વજ, હળદર તથા સુંઠનો. **અથવા** સુંઠ અને સોનાગેરૂ એઓનો લેપ કરવાથી આંખના રોગો મટી જાયછે.

તર્પણનો વિધિ.

જે ઘરમાં પવન તડકો કે ધુળનો પ્રવેશ ન હોય તે ઘરમાં રોગીને ચત્તો સુવાડી અડદની કણક લઇ તેની આંખની ચારેકોર બે આંગળ ઉંચી, સરખી, મજબૂત અને પોહોળી પાળ બાંધી પછી રોગીની આંખ્યો વીંચાવી ઉના પાણીથી પીગળાવેલું ઘી અથવા પાણીથી ૧૦૦ વખત ધોએલું ઘી કે, દુધમાંથી પરબાઇ કાહાડી લીધેલું ઘી પાંપણોના વાળો બુડી જાય ત્યાં સુધી તે પાળોમાં ભરવું તે ભરાયા પછી રોગીની આંખ્યો ઉઘડાવવી અને ૧૦૦ આંક ગણીએ તેટલીવાર રાખવું. તેને તર્પણ કહે છે. આંખ્યો લુખી **પડી** ગઇ હોય, સુકાઇ ગએલ હોય, વાંકી, મેલી થઇ ગઇ હોય, પાંપણોના વાળો ખરી પડતા હોય, શિરોત્પાત, આંખોનું માંડ માંડ ઉઘડવું, તિમિર, અર્જુન, ફુલાં, અભિસ્યંદ, અધિમંથ, શુષ્કાક્ષિપાક, સોજો અને વાતપર્યય એટલા રોગો ઉપર તર્પણ હિતકારી છે, પણ વાદળાથી છવાયલા દિવસમાં, ઘણીજ ગરમીના દિવસમાં, ઘણીજ ટાઢના દિવસમાં, ચિંતામાં, સંભ્રમમાં અને ઉપદ્રવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંત થયા પહેલાં નેત્રનું તર્પણ કરવું નહીં. **ભાવપ્રકાશ.**

પુટપાકનો વિધિ.

સ્નેહથી ભરેલું ૮ તોલા ભાર માંસ લઈ તેમાં બીજા ઓષધો ૪ તોલા ભાર નાખી **અને** દ્રવ પદાર્થો ૧૬ તોલા ભાર નાખી એકઠાં કરી તેનો પીંડો કરી તેને પાંદડાંઓથી સારી પેઠે વીંટી પુટપાકની (પૃષ્ટ આઠમામાં કહેલી) રીતિ પ્રમાણે અગ્નિમાં પકાવી પછી તેમાંથી રસ નીચોવી લઈને રસનો તર્પણની રીતિ પ્રમાણે ઉપયોગ કરવો. તર્પણ અને પુટપાકનો વિધિ કર્યા પછી રોગીએ તેજદાર વસ્તુઓ, પવની ઝપટ, આકાશ અને સૂર્યનો તડકો જોવો નહીં.

આંખ દુખતી હોય તો–હરડેની છાલ, સિંધાલૂણ, સોનાગેરૂ, રસવંતી, દારૂહળદર અને હળદર એઓને ઘુંટી લેપ કરે તો આંખ દુખતી મટે છે. **વૈદ્યરહસ્ય. અથવા** લોહાના વાસણમાં લીંબુનો રસ નાખી એ રસને લોહાના બત્તાથી ઘુંટી જાડો કરી આંખો ઉપર લેપ કરે તો આંખનો દુખાવો મટે છે **શાર્ઙ્ગધર. અથવા** "અફીણ માસો ૧, ફુલાવેલી ફટકડી માસો ૧ અને લોદર માસો ૧ લઇ લીંબુના રસમાં ઘુંટી લોઢાની કડછીમાં જરા ઉનાં કરી લેપ કરે તો તાત્કાળ નેત્રનો દુખાવો મટે છે. **અથવા** પઠાણી લોદર, ફુલાવેલી ફટકડી, રસવંતી અને જેઠીમધ એઓને એક એક માસા ચાર લઇ ઝીણું વાટી કુવારપાઠાના રસમાં કે પોસના ડોડાના પાણીમાં અથવા પાણીમાં મેળવી ૨ માસાભારની પોટલી કરી વારંવાર આંખ ઉપર દબાવે તો આંખનો દુખાવો મટી જાશે." **આંખમાં શૂળો ચાલતાં હોય તો**–પઠાણી લોદરને ઘીમાં શેકી, વાટી વસ્ત્રગાળ કરી પોટલી બાંધી ઉના પાણીમાં ઝબોળી તેથી આંખે શેક કરે તો ખટકા બંધ પડે છે. **વૈદ્યરહસ્ય. અથવા** આંખના દુખાવા ઉપર શેક માટે બકરીના દુધમાં સિંધાલૂણ નાખી ઉનું કરી તેની સ્હેવાય તેવી આંખ ઉપર ધાર કરે તો વાયુની આંખ દુખતી હોય તો મટે છે. **અથવા** હળદર, દારૂહળદર અને સિંધાલૂણ એઓને બકરીના દુધમાં પકાવી એ દુધની આંખ ઉપર સ્હેવાતી ધાર પાડે તો આંખનો દુખાવો મટે છે. **અથવા** પઠાણી લોદર અને જેઠીમધને ઝીણાં વાટી ઘીમાં શેકી બકરીના દુધમાં પકાવી તે દુધની આંખ ઉપર ધાર કરે તો ગરમીની આંખ દુખતી હોય તે મટે છે, તથા પિત્ત, રક્ત, લોહીવિકાર અને વાગવાથી થએલો આંખનો દુખાવો પણ મટે છે. **અથવા** ત્રિફળાં, લોદર, જેઠીમધ, સાકર અને મોથ એઓને ટાઢા પાણીથી ઘુંટી તેની આંખ ઉપર ધાર કરે તો લોહી વિકારથી દુખતી આંખો સારી થાય છે. **શાર્ઙ્ગધર. અથવા** લીંબડાનાં પાન વાટી તેને લોદરના છોડીઆ ઉપર ચોપડી અગ્નિ ઉપર શેકી પછી વાટી તેમાંનો રસ નીચોવી તેનાં આંખમાં ટીપાં પાડે તો વાયુ અને લોહિથી દુખવા આવેલી આંખો મટીજાય છે. **અથવા** બોરીના ધાવણનાં ટીપાં ૮ નાખે તો રક્તપિત્ત તથા વાયુના દુખાવાવાળી આંખો સારી થાય છે. **અથવા** વાયુથી આંખમાં શૂળ ચાલતું હોય અને ઉપાયો કરવા છતાં પણ આરામ ન થતો હોય તો, કપાળની નસોનું કોઇપણ પ્રકારથી લોહી કઢાવવું અથવા ભમરોની નસને ડાંભી દેવી. **અથવા** સરગવાના પાંદડાંની થેપલીથી કફનો દુખાવો અને લીંબડાના પાંદડાંને ઝીણાં વાટી તેની થેપલીથી પિત્ત કફનો દુખાવો મટે છે. **અથવા** આંબળાને પાણી સાથે ઝીણાં વાટી આંખે થેપલી મુકે. **અથવા** બકાયણ લીંબડાની લીંબોળીને પાણીથી વાટી થેપલી મુકે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિત્તના સણકા–દુખાવો મટે છે. **અથવા** ત્રિફળાને વાટી થેપલી કરી આંખ ઉપર મુકે તો કફ પિત્તનો દુખાવો મટે છે. **અથવા** લોદરને કાંજીમાં વાટી ઘીમાં તળી થેપલી કરી આંખ ઉપર મુકે તો લોહીવિકારથી આંખો દુખતી હોય તે મટે છે. **અથવા** સુંઠ અને લીંબડાનાં પાન વાટી જરાક સિંધાલુણ નાખી તેની આંખ ઉપર થેપલી મુકે તો આંખનો સોજો અને ચળનો નાશ કરે છે.

આંખની પાંપણની કીનારી ઉપર **આંજણી થઇ હોય** તો–ધીથી શેકી શસ્ત્રથી છેદી પછી તે ઉપર મણશીલ, એળચી, તગર, સિંધાલુણ એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવી આંજણી ઉપર ચોપડવું.

નેત્રરોગના અન્ય ઉપાય.

શંખના વચ્ચેનો નક્કર ભાગ, બેહેડાની મીંજ, હરડે કિંવા હરડેની મીંજ, **શુદ્ધ** મણશીલ, પીપર, મરી, ઉપલેટ અને વજ, એઓને સરખે ભાગે લઇ તેઓનું ચૂર્ણ કરી બકરીના દુધમાં સારી પેઠે ઘુંટી જવ જેવડી કે જવ જેવી ગોળીઓ કરી તેમાંથી એક વટાણા જેટલું પાણીમાં ઘસી આંખમાં આંજે તો તિમિરનો, માંસ વધતુ હોય તેનો, કાચ (મોતીઓ), પડળ, અર્બુદ, રતાંધળાપણું અને એક વર્ષની મુદતનું ફુલું એટલા નેત્રના રોગોનો આ **ચંદ્રોદયવર્ત્તિ** નાશ કરે છે. **અથવા** કેસુડાના ફુલનો રસ કાહાડી કરકચના બીજના ચૂર્ણને કેટલીક ભાવનાઓ દઇ ઘુટી લાંબી ઝીણી ગોળીઓ કરવી. પછી તે ગોળીને પાણી સાથે ઘસી આંખમાં આંજવાથી આંખનાં ફુલાં, છારી, ઝાંખ વગેરેનો નાશ કરે છે. આને **લેખનવર્તિ** કહે છે. **અથવા** હાથીનો, સૂઅરનો, ઉંટનો, બળદનો, ઘોડાનો, બકરાનો અને ગધેડાનો એટલાના દાંત લઇ (અને એ દાંતોથી ચોથા[1] ભાગે) શંખની નાભિ, વગર વિંધેલાં સાચાં મોતી, સમુદ્રફીણ, (અને મરી) એ સઘળાંને સમાન ભાગે લઇ સારીપેઠે પાણી સંગાથે ઘુંટી જવ જેવી લાંબી ગોળી બનાવી પાણી સાથે ઘસીને આંજે તો સર્વ પ્રકારનાં ફુલાંનો નાશ કરે છે–આને **દંતવર્તિ** કહે છે. (આ પણ લેખની વર્તિકા છે.) **અથવા** તલનાં ફુલ ૮૦, લીંડીપીપરના કણ ૬૦, જાઇનાં ફુલ ૫૦, અને કાળાંમરી ૧૬ એઓને સારીપેઠે પાણી સાથે ઘુંટી ગોળી બનાવી તેને પાણી સાથે ઘસી ૧ાા વટાણા જેટલી આંજે તો તિમિર, અર્જુન, ફુલું અને માંસનો વધારો એટલા નેત્રના રોગોને અવશ્ય મટાડે છે–આને **કુમારીકા વા કુસુમિકાવર્તિ** કહે છે. (આ રોપણી ગુટિકા કહેવાય છે.) **અથવા** [2]રસાંજન, હળદર, દારૂહળદર, માલતીનાં પાન, અને લીંબડાનાં પાન એઓને સરખે ભાગે લઇ ગાયના છાણના રસમાં વાટીને તેની ગોળી કરવી અને તેમાંથી ૧ાા વટાણા જેટલું આંજે તો રતાંધળાપણું મટી જાય છે. (આ ગોળી રોપણી કહેવાય છે.) **અથવા** આંબળાની મીંજ એક ભાગ, બેહેડાની મીંજ ૨ ભાગ અને હરડેની મીંજ ૩ ભાગ લઇ પાણી સાથે સારીપેઠે ઘુંટી ગોળી કરવી. એમાંથી બે વટાણા જેટલું આંજવામાં આવે તો, આંખમાંથી ઝરતું પાણી અને વાયુ કે લોહીનું દરદ હોય તે મટી જાય છે. (આ સ્નેહનવર્તિ કહેવાય છે.) **અથવા** સુદ્ધ કરેલું મોરથુથુ, સોનામાખી,

---

1 દાંતોથી ચોથા ભાગે અન્ય ઓષધો લેવાં તથા તેમાં ૨ મરી લેવાં. **ચક્રદત્ત.**

2 દારૂહળદરને બકરીના દુધમાં અને પાણીમાં ઉકાળીને, માવો જામ્યો હોય તેને રસાંજન–રસવંતી–રસોત–દારૂહળદરનો શીરો કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિંધાલુણ, સાકર, શંખની નાભિ, મણશીલ, સોનાગેરૂ, સમુદ્રફીણ અને મરી એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવી આંજે તો પાંપણના રોગ, તિમિર, મોતિયો અને ફુલું એઓનો ઉત્તમ પ્રકારે નાશ કરે છે. (આને રોપણરસક્રિયા કહે છે.) **અથવા** ભીમસેની કપૂર-બરાસને વડના દુધમાં ઘુંટી કે વડના દુધ સાથે આંખમાં આંજે તો બે મહીનાનું ફુલું તુરત મટે છે. **અથવા** મધ અને ઘોડાની લાળમાં મરી વાટીને આંજે તો **ઘેન** મટી જાય છે. (આ બન્ને લેખનરસક્રિયા કહેવાય છે.) **અથવા** જાઇનાં ફુલ, પરવાળાં, મરી, કડુ, ઘોડાવજ, અને સિંધાલુણ એઓને બકરાના મુત્રમાં ઘુંટી આંજે તો ઘેન મટી જાય છે. (આ રસક્રિયા છે.) **અથવા** રસાંજન, રાળ, જાઇનાં ફુલ, મણશીલ, સમુદ્રફીણ, સિંધાલુણ, સોનાગેરૂ અને મરી એઓને સમાન ભાગે લઇ વાટી મધમાં ઘુંટી આંખે આંજે તો પ્રકલીનવર્ત્મના કલેદ અને ચળનો નાશ કરે છે. (આ રોપણરસક્રિયા છે.) **અથવા** ગળોનો રસ ૧ તોલાભાર લઇ તેમાં મધ અને સિંધાલુણ ૧-૧ માસા ભાર નાખી સર્વને સારી પેઠે ઘુંટી આંજે તો પિત્તાર્મ, તિમિર, મોતીયો, ચળ, દૃષ્ટિનો નાશ તથા ધોળા અને કાળા ડોળાના અંદર પ્રવેશ કરેલા નેત્રરોગો વગેરેનો નાશ કરે છે. (આ રોપણરસક્રિયા છે.) **અથવા** સાટોડીના મૂળને દુધમાં (કે સ્ત્રીના ધાવણમાં) ઘસીને આંજે તો ચળ, મધમાં ઘસીને આંજે તો પાણીનું ઝરવું, ઘીમાં ઘસીને આંજે તો ફુલું, તેલમાં ઘસીને આંજે તો તિમિર અને કાંજીમાં ઘસીને આંજે તો રતાંધળાપણું એઓનો, જેમ સૂર્ય અંધારાનો નાશ કરે છે તેમ આ સાટોડીના પ્રયોગો (નેત્રના રોગોનો) નાશ કરે છે. **અથવા** બાવળના પાંદડાનો કવાથ કરી તેને શીરા જેવો થાય ત્યારે મધ મેળવી આંજે તો આંખમાંથી ઝરતું પાણી તુરત બંધ થાય છે એમાં જરા સંદેહ નથી ! (આ રોપણરસક્રિયાઓ છે.) **અથવા** નિર્મળીના બીજને મધમાં ઘસી થોડો બરાસ નાખીને આંખમાં આંજે તો આંખો નિર્મળ થાય છે. (આ સ્નેહન રસક્રિયા છે.) **અથવા** કાળા સાપની ચરબી, શંખની નાભિનું ચૂર્ણ અને નિર્મળીના બીજનું ચૂર્ણ, એઓને એકત્ર ઘુંટી આંજે તો સર્વ પ્રકારના નેત્રરોગો મટી જાય છે; એટલુંજ નહીં પણ લાંબા વખતથી અંધ થયો હોય છતાં આ અંજનના અંજનથી દેખતો થાય છે. (આ રસક્રિયા છે.) **અથવા** કુકડીના ઇંડાનાં છોતરાં, મણશીલ, કાચ, શંખનાભિનું ચૂર્ણ, ચંદન અને સિંધાલુણ એઓને સમાન લઇ સૂક્ષ્મ વાટી નિત્ય આંજવામાં આવે તો ફુલાં વગેરે નેત્રના રોગોનો નાશ કરે છે. (આ લેખનચૂર્ણ છે.) **અથવા** મરી ૧૨ રતી ભાર, પીપર તથા સમુદ્રફીણ ૨૪-૨૪ રતી ભાર, સિંધાલુણ ૧૨ રતી અને શુદ્ધ સુરમો ૨ા તોલા લઇ એઓનું સૂક્ષ્મચૂર્ણ કરી ચાળી ચિત્રાનક્ષત્રે આંજે તો વા ચિત્રાનક્ષત્રના દિવસથી આંજવું શરૂ કરે તો તેથી ખરજ, મોતીયો, કફાર્ત્ત અને મળ વગેરેનો નાશ કરે છે. (આ લેખનચૂર્ણાંજન છે.) **અથવા** કલખાપરીઆને સુંદર ખરલમાં વાટી પાણીમાં સારી પેઠે ભીંજવી રાખી તેની સઘળી આછ લઇ નીચે રહેલા ભાગને ફેંકી દેવો. તે સઘળી આછ સુકાઇ પાપડી જેવી થઇ જાય ત્યારે તેનું ચૂર્ણ કરી તેને ત્રિફળાના[1] રસની ૩ ભાવના દઇ તેમાં દશમા ભાગે બરાસ નાખી સારી પેઠે ઘુંટીને આંજે તો નેત્રના સમસ્ત રોગો મટી જાય છે. (આ રોપણ ચૂર્ણ છે.) **અથવા** ધોળા સુરમાને અગ્નિથી તપાવી તપાવી સાત વાર ત્રિફળાના

૧ જે વસ્તુઓના રસ લેવા લખ્યું હોય પણ કદાચ રસ ન મળે તો તે વસ્તુને ઉકાળી તેનો કવાથ કરી ઉપયોગમાં લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રસ કે કાઢામાં ઠંડો પાડવો અને ૭ વાર સ્ત્રીઓના ધાવણથી ઠંડો પાડવો. પછી એ સુરમાને સારી પેઠે ઘુંટી ચાળી આંખમાં આંજે તો તેથી સર્વ પ્રકારના આંખના રોગો અવશ્ય મટી જાય છે. આ **સૌવીરાંજન** કહેવાય છે. (આ સ્નેહનચૂર્ણ છે.) **અથવા** શુદ્ધ સીસાને વારંવાર[1] તપાવી ત્રિફળાના રસમાં, જળભાંગરાના રસમાં, આદાના રસમાં, ઘીમાં, મધમાં, ગોમૂત્રમાં, અને બકરીના દુધમાં જેમ પાછું ઉડે નહીં તે પ્રકારે એક પછી એકમાં ઠારવું. પછી તે ઉત્તમ સીસાની શળી બનાવીને આંખમાં ફેરવ્યા કરવી, જેથી તે સર્વ પ્રકારના નેત્રના વિકારોનો નાશ કરે છે. આને **દૃષ્ટિપ્રસાદનાશળી** કહે છે. **અથવા** ઉપર કહેલા પ્રકારે સીસાને શુદ્ધ કરી તેના બરોબર શુદ્ધ પારો લઈ તે બન્નેના બરાબર શુદ્ધ સુરમો મેળવી સર્વનું અંજનજોગચૂર્ણ કરી તે ચૂર્ણના દશમા હિસ્સે બરાસ મેળવી પુનઃ ઝીણું ઘુંટી ચાળી લેવું. આના અંજનથી સઘળા પ્રકારના નેત્રના રોગો મટી જાય છે. આ **નયનાંમૃત વા પ્રત્યંજન** કહેવાય છે.

સાપનું ઝેર દૂર થવાનું અંજન ચૂર્ણ—શુદ્ધ નેપાળાની મીંજને લીંબુના રસની ૨૧ ભાવનાઓ દઇ ઝીણી ઘુંટી જવ જેટલી લાંબી વાટ કરી માણસની લાળમાં ઘસી આંખમાં આંજે તો સાપનું ઝેર નાશ થાય છે અને તે માણસ જીવે છે. **શાર્ઙ્ગધર.**

આંખ દુખતી હોય તો—અંજરત[2] અને હીંમજ એ બન્નેને પાણીમાં ઘસી આંખની ચારે કોર તેનો લેપ કરે તો વાયુ પિત્ત અને કફ વગેરે વિકારોથી આંખમાં દુખાવો થયો હોય તે મટી જાય છે. ગ્રંથકર્તા કહે છે કે, આ પ્રયોગ મારો અનુભવેલ છે. **અથવા** કુંવારના રસમાં ચોખી હિંગને ઘસી આંજે તો આંખમાંની પીળાશ (કમળો) માત્ર થોડા વખતમાંજ નાશપામે છે. **અથવા** તુલસી અને બીલીનો રસ સમાન ભાગે લઇ તે બન્નેની બરોબર સ્ત્રીનું ધાવણ લઇ કાંસાની થાળીમાં નાખી ગજવેલના બત્તાથી સારી પેઠે ઘુંટી ફરી ત્રાંબાના બત્તાથી ૩ પોહોર સુધી ઘુંટી જ્યારે કાજળ જેવું થાય ત્યારે આંખમાં આંજે તો તુરત આંખના રોગ—શળ પાકવું વગેરે મટી જાય છે. આને **નારાયણાંજન** કહે છે. **અથવા** સુંઠ, હરડેની છાલ, વગડાઉ કળથી, શુદ્ધ ખાપરીઓ, ફટકડી, ધોળો કાથો અને માયાં એઓને સમાન ભાગે લઇ, તેથી અરધ ભાગે બરાસ, કસ્તૂરી અને વગર વિંધેલાં સાચાં મોતી લઇ સઘળાંને લીંબુના રસમાં ૩ દિવસ ઘુંટી ગોળીઓ બનાવી પછી પાણી સાથે ઘસીને આંજે તો તિમિર, સ્ત્રીના ધાવણ સાથે આંજે તો ફુલું, તથા મોતીઓ, મધમાં આંજે તો આંખનો મેલ, લસણના રસમાં ઘસીને આંજે તો પાણીનું ઝરવું, જળભાંગરાના રસથી રતાંધળાપણું, ગોમૂત્રથી આંજે તો ચીપડાં કે આંખનું ચ્હોટવું અને કેળના રસથી આંજે તો, આંખમાં વધતું માંસ એ સર્વ મટી જાય છે; અર્થાત્ જુદાં જુદાં અનુપાનોથી જુદા જુદા રોગોનો નાશ કરે છે. આ **નયનાંમૃતવટી** કહેવાય છે. **અથવા** અંઘાડાનાં પાંદડાંને એક મૂષ—કુલડીમાં પાથરી તે ઉપર શુદ્ધ જસદનાં પાતળાં પતરાં પાથરી તે ઉપર ફરીને અંઘાડાના પાંદડાં પાથરવાં. આ પ્રમાણે ગોઠવી તે મૂષને મુદ્રા દઇ સુકવી અંગારામાં ગોઠવી યુક્તિ સાથે ધમણથી કે ભુંગળીની ફુંકથી ધમી

૧ પ્રત્યેક્ વસ્તુમાં ૭—૭ વાર ઠારવું એમ વાગ્ભટનું પણ કહેવું છે; છતાં પ્રત્યેક્ ટીકાકારો ૧૦૦ ૫૦, ૨૫, ૫૦, ૨૫ અને ૨૫ વાર, એમ ક્રમવાર દ્રવમાં ઠારવા લખે છે પણ શાર્ઙ્ગધરમાં તેનો મૂળપાઠ જોતાં તે કેવળ અસત્ય ઠરેછે; કેમકે ૭—૭ વાર ઠારવું એમ સ્પષ્ટ લેખ છે, માટે જે શુદ્ધ લેખ છે તે ગ્રહણ કરેલછે.

૨. આ મુગલાઇ દવા છે અને તેને ગુજરાતીમાં શું કહે છે તે જણાયું નથી.

ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્યારે અંગારા જેવી લાલચોળ કુલડી જણાય ત્યારે તેને કહાડી લઈ ઝીણું ખુંદી તેનું અંજન કરે તો, નેત્રોના સઘળા રોગો મટી જાય છે. **અથવા** ગધેડાનો દાંત-દાઢ લઇ પાણીમાં ઘસી આંખમાં આંજે તો શીતળાનું ફુલુ મટે છે. **અથવા** જુનું ઘી આંખમાં આંજે તો નેત્રના [1]સમસ્ત વિકાર નાશ થાય છે. **વૈદ્યરહસ્ય.** " **અથવા** આંબળાં અને ગંધકથી મારેલું શુદ્ધ ત્રાંબુ વાટી તેનું અંજન કરે તો સબળવાયુ, તથા પડળ વગેરે આંખના રોગોને મટાડે છે. **અથવા** શુદ્ધ મોરથુથું, ફુલાવેલી ફટકડી, પીપરનાં બીજ અને સાકર એઓને સમાન લઇ વાટી કાજળ બનાવી આંખમાં આંજે તો તેથી છાયા, ફુલું અને પાણીનું ઝરવું વગેરે મટી જાય છે. " **અથવા** હળદર, લીંબડાનાં પાંદડાં, પીપર, મરી, વાવડીંગ, મોથ અને હરડે એઓને સમાન લઇ બકરીના મૂત્રમાં વાટી દીવટ સમાન ગોળી બનાવી છાયામાં સુકવી પાણીથી ઘસીને આંજે તો તિમિર, ગોમૂત્રથી ઘસીને આંજે તો પડળ-મોતીયો અને સ્ત્રીના ધાવણથી આંજે તો ફુલાનો નાશ કરે છે--આ **ચંદ્રપ્રભાવર્તિ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** " હરડેની છાલ ૧ ભાગ, બેહડાની છાલ ૨ ભાગ, આંબળાં ૪ ભાગ, શતાવરી ૮ તોલા, જેઠીમધ ૪ તોલા, તજ (દાલચીની), સિંધાલૂણ, (લાહોરી નીમક) પીપર, અને સાકર એ સર્વને બરોબર લઇ સર્વનું ચૂર્ણ કરી ટાંક ૨ ભાર મધ અને ઘી સંગાથે ૪૯ દિવસ સુધી સેવન કરે તો તિમિરને, પડળને, મોતિયાને, રતાંધળાપણાને, ફુલાને, પાણીના ઝરવાને, અને સબળવાયુને સારાંશમાં સઘળા નેત્રના રોગોને આ **દ્વાદશાંમૃત હરીતકી** દૂર કરે છે. " **અથવા** ત્રિફળાનો રસ ૬૪ તોલા અને આમળાં કે આમલીનો રસ ૬૪ તોલાભાર લઇ તે રસમાં પીપર, સાકર, દ્રાખ, ત્રિફળા, લીલું કમળ, જેઠીમધ, ખીરકાકોલી, દુધ અને ભોરીંગણી એઓનો કલ્ક નાખી તેઓ સાથે ગાયનું ઘી (મંદઅગ્નિદ્વારા) પકાવવું. જ્યારે સર્વ રસ બળી જાય અને એકલું ઘી રહેલું જણાય ત્યારે ઉતારી લઇ ગાળીને સુંદર રીઢા પાત્રમાં ભરી લેવું. એ ઘીમાંથી અનુમાન પ્રમાણ ભોજન કર્યા પહેલાં, ભોજનના વચમાં અને ભોજન કર્યા પછી પીએ તો તેથી સઘળા પ્રકારના નેત્રરોગો નાશ થાય છે; અર્થાત્ આંખ્યો બહુ રાતી હોય, લોહીદોષ, લોહીનું ઝરવું, રતાંધળાપણું, મોતીયો, નીલિકા, પડળ, માંસનું વધવું, અભિષ્યંદ, અભિમંથ, મહાદારૂણ-પક્ષ્મકોપ, અને ત્રણે દોષોએ કરેલા નેત્ર સંબંધી રોગો ઉપર આ પ્રયોગ અત્યંત હિતકારક છે. ગીધના સમાન દૃષ્ટિ થાય છે. બળ અને જઠરાગ્નિને વધારનાર છે. આ **મહાત્રિફલાઘૃત** કહેવાય છે. **ચક્રદત્ત. અથવા** "સફેદાને ઝીણો વાટી ચીનાઇના વાસણમાં નાખી પાણીમાં હલાવી નાંખવો, જ્યારે સફેદો નીચે જામી જાય ત્યારે પાણી નીતારી નાંખવું. એમ ત્રણવાર કર્યા પછી જે સફેદો રહે તે સફેદો માસા ૧૦ અને અંજરૂત માસા ૩ લઇ અંજરૂતને જે સ્ત્રીને દીકરી ધાવણી હોય તેનું ધાવણ લઇ તેમાં તેને વાટી પછી સફેદામાં મેળવી તેમાં કતીરો ગુંદ માસો ૧, બરાસ રતી ૪ અને કડાયો ગુંદ માસા ૧ ભાર લઇ

---

૧ **શાર્ઙ્ગધરજી** કહે છે કે-જમીને હાથ ધોયા પછી બન્ને હાથની હથેલીઓને ઘસી (ત્રણ વખત) બન્ને નેત્રો ઉપર ફેરવે તો, તિમિરાદિ સર્વે નેત્રના રોગો નાશ થાય છે. તથા મ્હોંમાં ટાઢા પાણીનો કોગળો ભરી ટાઢા પાણીની પ્રત્યેક નેત્રને ત્રણ અંજળી છાંટે અર્થાત્ ત્રિકાળ-સવાર-બપોર અને સંધ્યા વખતે છાંટે તો કોઇપણ પ્રકારનો આંખમાં રોગ થતોજ નથી અને થયો હોય તો તે આ પ્રયોગ કરવાથી નાશ પામે છે. (આ બન્ને પ્રયોગ અતિ ઉત્તમ છે એમ હું મારા લાંબા સમયના અનુભવ ઉપરથી કહી શકું છું.)

ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓને ગુલાબજળમાં સારી પેઠે ઘુંટી બોર જેવડી ગોળી વાળી, પાણી સાથે ઘશી અંજન કે લેપ કરે તો ગરમીના નેત્રરોગો, આંખનું દુખવું, સોજા. કે ખટક વગેરે સમસ્ત રોગો નાશ પામે છે. ”

વાગ્ભટજીના મત પ્રમાણે મોતીઓ કાહાડવાની વ્યાખ્યા.

કાચો મોતીઓ હોય તો, શસ્ત્રવતે કાહાડવો નહીં, પણ પાકી ગયો હોય તો કાહાડવો. તે પાકેલા મોતીવાબિંદુનાં લક્ષણ એ છે કે–કીકી ઉપર દહીના ઘોળવા જેવો જણાય અને તે મનુષ્યને કશુંપણ દેખાય નહીં તથા આંખમાં પીડા થાય નહીં ત્યારે તે મોતીઆને પાકો થએલો સમજી શસ્ત્રવતે યુક્તિપૂર્વક કાહાડી નાંખવો; પરંતુ દ્રષ્ટિપિનસ, ઉધરસ તથા અજીર્ણ રોગીનો, ઉલટી થએલાનો, બીકણનો અને માથામાં, કાનમાં તથા આંખમાં સણકા આવતા હોય તે રોગીનો મોતીયો કાહાડવો નહીં, તથા શ્રાવણ, કારતક અને ચૈત્ર માસમાં પણ મોતીયો કાહાડવો નહીં. મોતીયો કાહાડતાં પેહેલાં વિશેષ તાપ, વિશેષ ટાહાડ, વિશેષ વર્ષા ન હોય અને સાધારણ કાળ હોય તે વખતે રેચ વગેરેથી શરીરને શુદ્ધ કરી ભોજન જમ્યા પછી દિવસના પહેલા પોહોરમાં, સુંદર મકાનમાં, અજવાળાવાળી પવન રહિત જગ્યોમાં ઢીંચણ વરાણીએ સારી રીતે બેસારી શસ્ત્રક્રિયામાં પ્રવિણ વૈદ્યે મુખના વરાળથી રોગીની આંખને પરસેવાયુક્ત કરી પોતાના અંગુઠાવતે રોગીની આંખ મસળી મેલને એકઠો કરી તે રોગીના પછવાડે એક ચતુર––સુઘડ માણસને બેસારી તેના હાથવતે રોગીને પકડી રખાવી, નાક તરફ-દ્દષ્ટિ રખાવી, શરીર માથું વગેરે હલાવવા ન દેતાં માથાંને પકડી કાળા ડોળાથી અરધ આંગળ ભાગ છોડી અને કટાક્ષથી પા આંગળ છોડી વૈદ્યે પોતાની અંગુઠા પાસેની તથા વચલી આંગળીથી અને અંગુઠાથી શસ્ત્ર–નરતરને પકડી હાથને સ્થિર રાખી હલકા હાથે દૈવકૃત છિદ્રના પડખામાંના ઉપરના ભાગે શસ્ત્રપ્રયોગ કરી મોતીયાના પડને પૂરી રીતે કાહાડી લેવો. જમણી આંખમાં ડાબા હાથથી અને ડાબી આંખમાં જમણા હાથથી શસ્ત્રપ્રયોગ કરવો. પછી તે રોગીની સારી પેઠે માવજત રાખી અને દિલાસા સાથે વૈદ્યે સ્ત્રીઓના ધાવણનાં પેલ મુકી શસ્ત્રની અણીવતે નેત્ર મંડળને નિર્લેખિત કરવું. પછી રોગી પીડા ન પામે તેવી રીતે વૈદ્ય ધીરે ધીરે નાસિકાદ્વારા કફને પ્રેરિત કરતો થકો ઉત્સિંચનથી દ્દષ્ટિ મંડળમાં પ્રાપ્ત થએલા કફને દૂર કરી, સ્થિર થયા અથવા ચળાયમાન થયા દોષોમાં બાહારથી નેત્રને સ્વેદિત કરી પછી વસ્તુને દેખવા લાગે ત્યારે શસ્ત્રને ધીરે ધીરે કાહાડી લેવું. પછી ઘીનાં પેલ મુકી પાટો બાંધી જે આંખમાંથી મોતીયો કાહાડયો હોય તેની સાહામેની બાજુના પડખે રોગીને સુવાડી દેવો, પછી જો બંને આંખોમાંથી મોતીયો કહાડયો હોય તો ચત્તો સુવાડી દેવો. પણ પવન વગરની જગ્યોએ માથું પગ ન હલાવવા દેતાં સુવાડવો; તથા છિંક, ઉધરસ, ઓડકાર, થુંકવું, પાણી પીવું, નીચું મ્હોં કરવું. સ્નાન, દાતણ અને ખાવું એ સાત દિવસ સુધી કરવા દેવાં નહીં. અર્થાત્ હલકું ભોજન કરાવવું. પીડા થાય તો આંખે સ્હેવાય તેવા ઉના ઘીનો શેક કરવો. અને ત્રિકટુ, આંબળાં, તથા પુષ્કરમૂળ એઓના દ્રવને ઘી સાથે ત્રણ દિવસ પીવો. પછી પાટો છોડી વાયુને હરનાર ઔષધોવડે સિંચન કરી સાતમે દાહાડે બરોબર આંખ ખુલ્લી રાખે તો હરકત નથી; પરંતુ જ્યાં સુધી દ્દષ્ટિ સ્થિર ન થઇ હોય ત્યાં સુધી ઝીણા પદાર્થો તથા તેજદાર વસ્તુઓ વગેરે જોવાં નહીં અને કિંચિત્ પણ કુપથ્ય સેવન કરવું નહીં નહીંતો, સોજારોગ, પીડા અને અગ્નિમંથ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આદિ રોગો થાય છે; માટે યથાયોગ્ય ઉપચારો કરવા. આ સંબંધી સવિસ્તર ખુલાશો મેળવવો હોય તો **વાગ્ભટના** ઉત્તરસ્થાનનો ચોથો અધ્યાય જોઇ મેળવવો.

નેત્રના રોગીનાં પથ્યાપથ્ય.

ચોખા, ઘઉં, મગ, ગાયનું ઘી, ગાયનું દુધ, સાકર, મધ, સિંધાલુણ, મેથીની ભાજી, તાંદળજો, સાટોડીની ભાજી, ડોડીની ભાજી, બથવાની ભાજી, મત્સાક્ષી અને વિકાર રહિત ગુણવાળા પદાર્થો સેવવા યોગ્ય છે. વળી ઠંડા ઉપાયો, સ્ત્રીના દુધનો શેક, સાટોડીની જડના કલ્કનો શેક અને નિર્વાતસ્થાન તથા પ્રકાશનું ન જોવું એ સદા હિતકારી છે. આંખનો દુખાવો મટયા પછી પણ તડકો, ટાઢ, દહીં, શરદી, પવન, ખટાશ, મહેનત, ઝીણી વસ્તુઓને ધારીને નિહાળવી, દૂરદષ્ટિ કરી કોઇ પદાર્થને જોવો અને અતિ ઠંડી વસ્તુનું અંજન તથા પ્રહાર એટલી બાબતોથી બચવું એજ હિતકારી છે. કેળાં, મગફળી, કોળું, ભાજીનું શાક, સ્રીસંગ, અડદ, ઉજાગરો, ગવારફળી, ખારા, ખાટા, ગરમ, વાયડા, અને ઠંડા પદાર્થો, કાંજી, સરસીયું, પાણીમાં તરવું, અવળાં અસ્તરેથી-સ્હામા અસ્તરાથી હજામત કરાવવી, માછલાં, દહીં, રાબડી મસાલા અને સૂર્યાદિના પ્રકાશ સ્હામું જોવું વગેરે વગેરે સેવવાયોગ્ય નથી માટે એ કુપથ્યને તજી સર્વ ઇંદ્રિયો કરતાં આંખનું વિશેષે કરીને રક્ષણ કરવું.

[1] નેત્ર રોગનો અધિકાર સંપૂર્ણ.

કર્ણ-કાનના રોગોનો અધિકાર.

સુશ્રુતના મત પ્રમાણે કાનના અઠયાવીશ રોગોનાં નામો.

કર્ણશૂળ ૧ કર્ણનાદ ૨, બધિરતા ૩, ક્ષ્વેડ ૪, કર્ણશ્રાવ ૫, કર્ણકંડુ ૬, કર્ણગૂથ ૭, પ્રતિનાહ ૮, કૃમિકર્ણ ૯, પ્રહાર કે ક્ષતથી થએલ વિદ્રધિ ૧૦, દોષથી થએલ વિદ્રધિ ૧૧, કર્ણપાક ૧૨, પૂતિકર્ણ ૧૩, વાતસોથ ૧૪, પિત્તસોથ ૧૫, કફસોથ ૧૬, રક્તજકર્ણસોથ ૧૭, વાયુનો, પિત્તનો, કફનો, લોહીનો, માંસનો, મેદનો, અને નસોનો અર્બુદ ૨૪, અને ચાર પ્રકારના અરશ ૨૮ એ ૨૮ રોગો કાનના વિભાગમાં થાય છે.

ચરકના મત પ્રમાણે કર્ણપાલિક વિષે ચાર વિશેષ રોગ કહેલ છે એટલે ઉત્પાત ૧, ઉન્મથક ૨, દુઃખવર્ધન ૩, અને પરલેહિન ૪. એ ચાર રોગ છે.

કાનના અઠ્યાવીશ રોગોનાં ક્રમવાર લક્ષણ.

કાનમાં વાયુ પેસીને પોતાનો માર્ગ છોડીને અવળે રસ્તે દોડાય છે ત્યારે કાનમાં ચારે કોરા શૂળો આવે છે અને કફ પિત્ત લોહી વગેરે દોષોને ઉત્પન્ન કરે છે. તેને **કર્ણશૂળ કહે છે.** આ રોગ ચિકિત્સા-ઉપાય કરવાને યોગ્ય નથી; કેમકે જો કર્ણશૂળમાં મૂર્છા, બળત-

---

[1] „ **ओम् अरुणाय हुं फट् स्वाहा** " આ અરૂણના મંત્રનો જપ કરતાં પાણીથી બન્ને આંખો ધોવી, જેથી અત્યંત દુઃસહ આંખની પીડાનો તુરત અંત આવે છે. તથા ઇંટને ઉની કરી કાંજીમાં ડારી તેની વરાળનો આંખને શેક-બાફ આપવાથી આંખ દુખતી મટે છે. એમ **હિતોપદેશનો કર્તા** શ્રી કંઠાચાર્ય કહે છે.

For Private And Personal Use Only

રા, તાવ, ઉધરસ, શ્વાસ અને ઉલટી એ ઉપદ્રવો હોય તો તે રોગી મરીજાય છે.

અસત્ય માર્ગે વિચરતો વાયુ શબ્દવાહિની નાડીઓમાં પેસી વિવિધ પ્રકારના શબ્દો સંભળાવે અર્થાત્ કાનમાં તમરાં બોલ્યા કરે-ઘોંઘાટ થાય તેને **કર્ણનાદ** કહે છે.

એજ વાયુ જ્યારે કફને સામેલ કરી શબ્દવાહિની નાડીઓમાં ઠરે છે ત્યારે વિપરીત આહાર વિહાર કરનારા પુરૂષોને **બાધિરતા-બેહેરાપણું** થાય છે. તે બેહેરાપણું બાળકને વૃદ્ધને અને લાંબા સમયથી થએલું હોય તો અસાધ્ય છે.

શ્રમથી, ધાતુક્ષયથી, લુખ્ખા અને કસાયલા ભોજનોથી વાયુ શબ્દ માર્ગમાં જામી જાય છે તથા શિરોવિરેચન લેનારા અને ઠંડા પદાર્થોના સેવન કરનારાઓને **કર્ણક્ષ્વેડ** થાય છે.

એકલા વાયુથી અનેક પ્રકારના શબ્દોને કાનમાં પ્રકટ કરનાર તેને કર્ણનાદ કહેછે અને જે પિત્તાદિ દોષોથી યુકત વાયુ કાનમાં વાંસના જેવો અવાજ પ્રકટ કરે તેને કર્ણક્ષ્વેડ કહે છે અર્થાત્ કર્ણનાદ અને કર્ણક્ષ્વેડમાં એટલોજ અંતર છે.

માથામાં કોઇપણ પ્રકારનો માર વાગવાથી, પાણીમાં ડુબકી મારવાથી અથવા વિદ્રધિના પાકવાથી વાયુના કારણને લીધે કાનોમાંથી પરૂ વહે છે તેને **કર્ણસ્રાવ** કહે છે.

કફના કારણથી જ્યારે કાનોની નસોમાં બહુજ વલુર ઉત્પન્ન કરે છે તેને **કર્ણકંડુ** કહેછે.

પિત્તના તેજથી કફ સુકાઇ જાય છે ત્યારે નસોમાં ગુંથન થઇ જાય છે--મેલને પેદા કરે છે તેને **કર્ણગૂથ** કહે છે.

તે કર્ણગૂથ-કાનનોમેલ પીગળી પાતળો થઇ નાકમાં અને મ્હોંમાં આવે છે તેને **પ્રતિનાહ** કહે છે. આ પ્રતિનાહથી આધાશીશીનો રોગ થાય છે.

જ્યારે કાનમાં કીડા પડે છે અથવા ન્હાની ન્હાની માખીઓ આસંગ મુકી જાય છે તેને અંજનત્વના કારણથી **કૃમિકર્ણ** કહે છે. **વિદેહ** કહે છે. આ રોગ ત્રિદોષજનિત છે.

એક વિદ્રધિ ક્ષતથી કે વાગવાથી થાય છે અને બીજો દોષથી થાય છે. દોષથી થાય છે તો કાનમાંથી રાતો પીળો સ્રાવ થાય છે તેથી વ્યથા, ધુમાડા નીકળ્યા જેવું, બળતરા તથા અગ્નિના પાસે થતા તાપ જેવું થાય છે તેને **કર્ણવિદ્રધિ** કહે છે. આ બન્ને વિદ્રધિઓ આગંતુકજ છે માટે તેને એક ગણેલ છે.

પિત્તના કોપથી જ્યારે કાન પાકીજાય છે. ત્યારે દુર્ગંધતા અને પચપચતાપણું થાય છે તેને **કર્ણપાક--કાન પાકયો** કહે છે.

વેદના સહિત કે વેદના રહિત જાડું પરૂ જેમાંથી ખાસ દુર્ગંધી યુક્ત વહેછે તેને **પૂતી કર્ણ** ગંધ મારતો કાનકહે છે.

આ રોગો વિના **ચાર જાતના** (વાયુથી, પિત્તથી, કફથી અને લોહીથી થએલા) **સોજા** કાનમાં થાય છે તેનાં લક્ષણો સોજાના અધિકારમાં કહી ગએલા છીએ માટે તે પ્રમાણે સમજી લેવાં. તેમજ **ચાર જાતના** (વાયુથી,પિત્તથી, કફથી અને લોહીથી થએલા) **અરશો** કાનમાં થાય છે તેનાં પણ લક્ષણો અરશના અધિકારમાં કહી ગયા છીએ માટે તે પ્રમાણે સમજી લેવાં. અને **સાત પ્રકારના** (વાયુથી, પિત્તથી, કફથી, લોહીથી, માંસથી, મેદથી અને શિરાથી થએલા **અર્બુદો-રસોળીઓ કાનમાં** થાય છે તેનાં લક્ષણો અર્બુદના અધિકારમાં કહેલ છે માટે તે પ્રમાણે સમજી લેવાં.

૪૦

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચરકના મતથી કાનના ચાર રાગા.

વાયુથી, પિત્તથી, કફથી અને ત્રિદોષથી એમ ચાર પ્રકારથી થનારા કાનના રોગા છે-એટલે જેમાં કાનમાં અવાજ થાય, બહુ પીડા થાય, સોજો હોય અને પાતળું પરૂ વહે તથા સંભળાય નહીં તો જાણવું કે **વાયુથી થએલો** કાનનો રોગ છે. રાતાશવાળો સોજો હોય, કાન ફાટયો હોય, બળતરા થતી હોય અને ગંધાતું પીળું પરૂ વેહેતું હોય તો જાણવું કે **પિત્તથી** થએલો કાનનો રોગ છે. કાંઇનું કાંઇ સંભળાતું હોય, વલુર આવતી હોય, સ્થિર સોજો હોય, ધોળું અને ચીકણું પરૂ વહેતું હોય તથા પીડા ઓછી હોય તો જાણવું કે **કફથી થએલો** કાનનો રોગ છે. અને ઉપર કહેલાં સઘળાં જેમાં ચિહ્નો હોય તથા તેમાં જે દોષ વિશેષ હોય તેના વર્ણવાળું પરૂ વેહેતું હોય તો જાણવું કે **સન્નિપાતથી** થએલો કાનનો રોગ છે.

કાનની ફીનેરીમાં થતા પાંચ રોગોનું વિવેચન.

પરિપોટ, ઉત્પાત, ઉન્મથક, દુઃખવર્દ્ધન અને પરિલેહી એ નામના પાંચ રોગો કાનની ફીનેરીમાં થાય છે. તેનાં મૂળ કારણો સહિત લક્ષણો નીચે પ્રમાણે–

કુણી ચામડી કે કોમળ હોવાનેલીધે જો ઘણા દિવસ સુધી વીંધેલા કાનને છોડી દઇ પછી એકદમ તેના છેદોને વધારવા માંડે તો તેથી કાનની ફીનેરીમાં વેદનાવાળો ફાટેલો, કાળાશ મિશ્રિત અને સ્તબ્ધ સોજો થાય છે તેને **વાતજ પરિપોટ** કહે છે. આરોગ કાનના સણકાથી, કે ભારે દાગીના કાનમાં પહેરવાથી વા પ્રહાર લાગવાથી કે મસળાવાથી થાય છે.

લોહી અથવા લોહી પિત્તના બગડવાથી કાનની ફીનેરીમાં જે સોજો કાળા રંગનો બળતરા, પાક અને પીડા સહિત હોય તેને **ઉત્પાત** કહે છે.

કાનના છેદને પરાણે વધારવાથી કાનની ફીનેરી કે બુટમાં વાયુનો કોપ થઇ કફની સહાયતાથી સ્તબ્ધ, થોડી પીડા અને ચળવાળા સોજાને પ્રકટ કરે છે, તે રોગ વાયુ અને કફના કોપથી થનારો **ઉન્મંથક** કહેવાય છે.

નસ વીંધાવાથી કે અયોગ્ય પ્રકારે વીંધાયલા કાનને વધારવા જતાં ચળ, બળતરા વેદના અને પાકવાળો સોજો થાય છે તેને **દુઃખવર્દ્ધન** કહે છે. આ સોજો ત્રિદોષ જન્ય છે.

સરસવના જેવી ઝીણી ઝીણી ફોલ્લીઓ વિકાર સહિત કાનની ફીનેરીમાં થઇ તેમાંથી રસી ઝરે છે તથા ચળ, બળતરા અને વેદના થાય છે. કફ અને લોહીના વિકારથી વખતે જીવાત પણ પડી જાય છે તથા ચારેકોર ફેલાય છે અને બાહ્યપાળમાં સ્થિત થએલ શુષ્કકુળીને પણ લેહિત કરે છે તેથી તેને **પરિલેહી** કહે છે.

કાનના રોગોના ઉપાય.

સુંઠ, મધ અને સિંધાલૂણ એઓના કલ્કથી તેલ ઉકાળી તે તેલ સ્હેવાય તેવું ઉનું હોય ત્યારે કાનમાં નાખવું, જેથી કર્ણશૂળ, કર્ણનાદ, બેહેરા અને ક્ષ્વેડ વગેરે કાનના રોગો મટી જાય છે. **અથવા** લસણ, આદું, સરગવો, વાયવરણા, મૂળા અને કેળ એઓનો યોગ્ય રીતે રસ કાહાડી ઉનો કરી તેનાં સ્હેવાય તેવાં કાનમાં ટીપાં પાડવાં, જેથી કાનની પીડા મટી જાય છે. **અથવા** આકડાનાં પુરતાં પાંદડાંને ખઢારામાં ચાટી તેમાં તેલ તથા સિંધાલૂણ નાખી થોરનું જાડું ડેડુ કોરી તેમાં તે ભરી તેના ઉપર કપડ માટી કરી પુટપા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કની રીતિ પ્રમાણે તેને પકવી સારી પેઠે તેમાંથી રસ નીચોવી લઇ તે રસનાં સ્હેવાય તેવાં ઉનાં ટીપાં નાંખવાં, જેથી કાનમાં આવતા સણકા—શૂળ મટી જાય છે. **અથવા** આકડાનાં પાકેલાં પીળાં પાંદડાં લઇ તે ઉપર ઘી ચોપડી અગ્નિ ઉપર શેકી તેમાંથી રસ નીચોવી લઇ તે રસ સ્હેવાય તેવો ઉનો કાનમાં નાખે તો કાનનું શૂળ મટી જાય છે **અથવા** બકરાના મૂત્રમાં સિંધાલૂણ નાખી ઉનું કરી નવશેકું હોય ત્યારે તેને કાનમાં નાખે તો કાનનું ભયંકર શૂળ અને કાનમાં થતો ગણગણાટ તથા પરૂ વેહેતું હોય તે મટી જાય છે. **અથવા** ધોળા આકડાનું મૂળ લાવી વાટી તેનાથી ધીમી આંચ વડે પકાવેલું તેલ કાનમાં નાખે તો ત્રણે દોષનું કાનનું શૂળ તુરત મટી જાય છે. **અથવા** અંઘાડાની રાખને પાણીમાં મેળવી તેમાં અંઘાડાનો કલ્ક નાખીને પકાવેલું તેલ કાનમાં રાખે તો, તેથી કાનમાં થતો ગણગણાટ અને બેહેરાશપણું મટી જાય છે. **અથવા** બીલાંને ગાયના મૂત્રમાં વાટી તેનો કલ્ક નાખીને પાણીમાં કે દુધમાં પકાવેલું તેલ કાનમાં નાખે તો બેહેરાપણું અવશ્ય મટી જાય છે. આ **બિલ્વ તેલ** કહેવાય છે. જેમાંથી ગંધાતું કે વગર ગંધાતું પરૂવહેતું હોય કે કાનમાં જીવાત પડી હોય તો પણ ઉપર કહેલ સાધારણ ઉપાયો કરવા. **અથવા** સાજીખાર સહિત બીજોરાનો રસ કાનમાં નાખે તો કાનમાંથી નીકળતું પરૂ, પીડા અને બળતરા મટી જાય છે, **અથવા** આંબાનાં, જાંબુના, મહુડાનાં અને વડનાં કુણાં કુણાં પાંદડાંઓને ઝીણાં વાટી તેનાથી પકાવેલું તેલ કાનમાં નાખે તો કાનમાંથી જાડું નિરંતર ગંધાતું પરૂ વહેતું હોય તે રોગ મટે છે. **અથવા** ચંબેલીના પાનના રસથી પકાવેલું તેલ કાનમાં નાખવાથી હમેશાં કાનમાંથી વહેતું જાડું ગંધાતું પરૂબંધ પડે છે. **અથવા** સ્ત્રીના ધાવણથી રસવંતીને વાટી મધમાં મેળવી કાનમાં નાખે તો કાનનું પરૂ કે ગંધાતું જાડું નિરતર વહેતું પરૂ બંધ પડે છે. **અથવા** ઉપલેટ, હિંગ, વજ, દેવદાર, સવા, સુંઠ, અને સિંધાલુણ એઓની ચટણી બનાવી બકરાના મૂત્રમાં નાખી તેથી પકાવેલું તેલ કાનમાં નાંખે તો, નિરંતર કાનમાંથી ગંધાતું જાડુ પરૂવેહેતું હોય તે (પૂતિકર્ણ) રોગ મટી જાય છે. આ **કુષ્ઠાદિતેલ** કહેવાય છે. મોટી છીપના જીવડાના માંસનો કલ્ક કરી તેથી પકાવેલું સરસીયું તેલ કાનમાં નાખે તો, કાનમાંથી વેહેતું પરૂ તુરત બંધ પડે છે. **અથવા** ગંધક, મણશીલ, અને હજાદર એઓના ચાર તોલાભાર ચૂર્ણના કલ્કને સરસીયું તેલ તોલા ૩૨ અને ધંતુરાના પાંદડાઓનો રસ તોલા ૩૨ તેમાં નાખી તેલ પકાવવાની રીતિ પ્રમાણે પકાવી કાનમાં નાખે તો, બહુ વખતથી વેહેતો કાન પણ મટી જાય છે. **અથવા** કાનમાં જીવાત પડી હોય તો કૃમિરોગના અધિકારમાં લખેલા કૃમિનાશક ઉપાયો કરવા. **અથવા** રીંગણીનો ધુમાડો, સરસીયું તેલ અને ગાયના મૂત્રમાં ઘુંટેલી હરતાલનો રસ પણ કૃમિનો નાશ કરે છે. **અથવા** કાનમાંથી બહુજ દુર્ગંધ આવતી હોય તો ગુગળનો ધુપ દેવો. અને કાનના સોજાના ઉપાય સોજાના અધિકારમાં કહેલા પ્રમાણે, કાનના મસા—અરશોના ઉપાય અરસોના અધિકારમાં કહ્યા પ્રમાણે અને કાનના અર્બુદના ઉપાયો અર્બુદના અધિકારમાં કહ્યા પ્રમાણે કરવા, જેથી આરામ થાય છે. **ભાવપ્રકાશ.** **અથવા** મૂળાનો રસ સરસીયું અને મધ સમાન ભાગે લઇ કાનમાં નાખે તો, બેહેરાપણું મટે છે. **અથવા** ન્હાની એળચીના ચૂર્ણને સાકર સહિત કાનમાં નાખે તો બેહેરાપણું મટે છે. **અથવા** સુંઠ, પીપર, સિંધાલૂણ, ઉપલેટ, હીંગ, વજ, લસણ અને તલનું તેલ લઇ તેમાં આકડાનાં પાકાંપાંદડાંનો રસ નાખી તેલ પકાવવાની રીતિ પ્રમાણે તેલ પકાવી કાનમાં નાખે તો કાનની પીડા મટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય છે. **અથવા** મોટી છીપોના જીવડાઓનું માંસ, કમળકાકડી, હિંગ, તુંબરૂ, સિંધાલૂણ, અને ઉપલેટ એ પ્રત્યેકને તોલા તોલા ભાર લઈ વાટી પાણી સાથે ઘુંટી કલ્ક કરી તેને ૨૮ તોલા ભાર સરસીયા તેલમાં નાખી હાડીઆકરસણનો રસ ૨૮ તોલા ભાર મેળવી તેલને મંદાગ્નિથી પકાવી તે તેલનાં કાનમાં ટીપાં નાખે તો કાનમાં થતો ઘોંઘાટ, કાનમાં પડેલી ચાંદી, કાનની દુર્ગંધતા અને કાનનું પાકવું વગેરે સર્વે કાનના રોગો નિશ્ચે તુરત મટી જાય છે. **અથવા** હાડીઆકરસણનો રસ, નગોડનો રસ અને લસણનો રસ ૪-૪ તોલા ભાર તથા વજ, ઉપલેટ, વરીયાલી, ત્રિકટુ, અને લવીંગ, એઓને તોલા તોલા ભાર લઇ એઓનો કલ્ક કરી, ૧૬ તોલાભાર બકરીના દુધમાં તેટલુંજ (૧૬ તોલા) સરસીયું નાખી તેલ પકાવવાની રીતિ પ્રમાણે તૈલ સિદ્ધ કરી તે તેલનાં કાનમાં ટીપાં નાખવાથી બેહેરાશ અને કાનમાં થતો ગણગણાટ મટી જાય છે. **અથવા સમુદ્રફીણના** ચૂર્ણને કાનમાં નાખે તો બેહેરાશ, ગંધાતું પરૂ અને કાનમાં પડેલી ચાંદી વગેરે કાનના રોગો તુરત મટી જાય છે. **વૈદ્યરહસ્ય**.

કાનની કીનેરીના રોગોના ઉપાય.

કર્ણપાલિકા સુકાઇ જતી હોય તો શેક કરવો અને તે પછી તલનો કલ્ક લગાવીને તેને વધારવી. **અથવા** શતાવરી, આસગંધ, ક્ષીરકાકોલી, અને એરંડીઆની મીંજ એઓનો કલ્ક કરી દુધમાં નાંખી પકાવેલું તેલ ચોપડે તો, કાનની લોળની પીડા મટી લોળ રહે જમાં વધે છે. આ **શતાવરી તૈલ** કહેવાય છે. **અથવા** પરિપોટિક થએલ હોય તો પ્રથમ ત્યાંનું જરા લોહી કઢાવી પછી જીવનીયગણ (પૃષ્ટ ૨૮૨ માંમાં જુવો.) તેનો કલ્ક કરી દુધમાં નાખી તેવડે પકાવેલું તેલ ચોપડે તો, પરિપોટિક નામનો કાનની બુટનો રોગ મટે છે. **અથવા** ઉત્પાત નામનો રોગ હોય તો ત્યાં જળો લગાડી લોહી કઢાવવું તથા ઠંડા લેપ કરવા. **અથવા** વઢવાડીયાનો તથા શતાવરીનો કલ્ક અને ઘી તથા કંકપક્ષીની ચરબી સહિત પકાવેલું તેલ ચોપડે તો **ઉન્મંથ** અવશ્ય મટી જાય છે. **અથવા** જાંબુડાનાં પાંદડાં, આંબાનાં પાંદડાં અને બીલીનાં પાંદડાં, એઓના ઉકાળાઓ કરી તેથી પકાવેલું તૈલ અથવા તે ઉકાળાઓવડે કાનની લોળને સિંચન કરી તેલથી સારી પેઠે સ્નિગ્ધ કરી તે ઉપર જાંબુડા વગેરેનાં પાંદડાંઓનાં ચૂર્ણજ ભભરાવવાં, જેથી દુઃખવર્ધન નામનો કાનની બુટનો રોગ મટે છે. **અથવા** છાણથી કે છાણાથી વારંવાર શેક કરી પછી બકરીના મૂત્રમાં વાટેલું કપૂર તે ઉપર ચોપડે તો પરિલેહી મટે છે. **ભાવપ્રકાશ.**

કાનના રોગોનો અધિકાર સંપૂર્ણ

નાકના રોગોનો અધિકાર.

નાકના રોગોનાં નામો તથા સંખ્યા.

નાનકડા નાકમાં પણ ૩૪ રોગ થાય છે. એટલે પીનસ ૧, પૂતિનસ્ય ૨, નાસાપાક ૩, પૂયશોણિત ૪, ક્ષવથુ ૫, ભ્રંશથુ ૬, દીપ્ત ૭, પ્રતીનાહ ૮, પ્રતિસ્ત્રાવ ૯, નાસાશોષ ૧૦. પાંચ પ્રકારનાં પ્રતિશ્યાય ૧૫, સાત પ્રકારના અર્બુદ ૨૨, ચાર પ્રકારના અર્શ ૨૬, ચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારના સોજા ૩૦ અને ચાર પ્રકારનાં રક્તપિત્ત ૩૪ એ ૩૪ રોગ છે. તેનાં નંબર વાર લક્ષણો નીચે પ્રમાણે---

જેમાં શ્વાસથી સુકાઇ ગએલા કફનેલીધે નાક બંધાઇ જાય છતાં ભીનું રહે, ગરમ થઇ જાય તથા નાક બંધાઇ જવાના કારણથી સારી કે નઠારી વાસનાને જાણી શકે નહીં તેમજ નાકને ઉત્પન્ન કરનાર દોષનેલીધે જીભ પણ બગડી જઇ કોઇ પણ સ્વાદને ઓળખી શકે નહીં એ રોગને **અપીનસ** કહે છે.

ગળીના કે તાળવાના મૂળમાં દુષ્ટ થએલો વાયુ, પિત્ત તથા કફ અને લોહીને દોષિત કરી મ્હોં અને નાકની વાટે દુર્ગંધ યુક્ત પવન નીકળે તેને **પૂતિનસ્ય** કહે છે.

નાકમાંનું પિત્ત વ્રણોને પ્રકટ કરી નાકને અતિસેં પકવી રસીને ઉત્પન્ન કરે છે અને તેમાં ખરાબ ગંધ પણ થાય છે તેને **નાસાપાક--નાક પાકયું** કહે છે.

કપાળ–લલાટમાં કોઇપણ પ્રકારનો પ્રહાર વાગવાથી દોષ કોપયંત થઇ નાકના રસ્તેથી લોહીથી મળેલું પરૂ વેહેવરાવે તેને **પૂયશોણિત** કહે છે.

નાકના તરૂણાસ્થિ કે શૃંગાટક નામના મર્મસ્થાનમાં દુષ્ટ થએલો પવન કફ સહિત બહુ છીંકો સાથે બાહાર નીકળે છે તેને દોષજનિત **ક્ષવથુ** કહે છે. અથવા તીખા પદાર્થો ખાવાથી કે સુંઘવાથી વા સૂર્ય સ્હામેં જોવાથી અને શળી કે દોરાવતે નાકના તરૂણાસ્થિને સ્પર્શ થવાથી જે છીંકો આવે છે તેને આગંતુકજ ક્ષવથુ કહે છે.

માથામાં સંચિત થએલો દુષ્ટ, જાડો તથા ખારાપણાવાળો કફ ગરમીથી માથું તપે ત્યારે નાકમાંથી નીકળવા લાગે છે તેને **ભ્રંશથુ** કહે છે.

નાકે બહુ બળતરા થાય તથા નાકમાંથી ધુમાડા જેવો પવન નીકળે અને નાક જાણે અગ્નિથી બળતું હોય તેવું લાગે તેને **દીપ્ત** કહે છે.

વાયુથી મળેલો કફ શ્વાસના માર્ગને રોકી દે તેને **પ્રતીનાહ** કહે છે.

નાકમાંથી પીળો ધોળો અને જાડો દોષ ઝર્યા કરે તેને **પ્રતિસ્રાવ** કહે છે.

નાકમાં રહેલો કફ, વાયુ અને પિત્તથી ઘણોજ સુકાઇ જઇ માંડ માંડ શ્વાસ લેવા દે છે તેને **નાસાશોષ** કહે છે.

પ્રતિશ્યાયની નિદાનપૂર્વક સંપ્રાપ્તિ.

મળ–મૂત્રના વેગ રોકવાથી, અજીર્ણથી, નાકમાં ધુળ જવાથી, ઘણું બોલવાથી, ઘણા ક્રોધથી, ઋતુઓના નિયમોથી, વિરૂદ્ધ કાર્ય કરવાથી, ધુમાડા વગેરેથી, માથાને સંતાપ થવાથી, ઉજાગરાથી, ઘણું ઉંઘવાથી, પાણીના અતિ સેવનથી, ઘણા ઠંડા ઉપાયો સેવવાથી, બરફના સેવનથી, અતિ મૈથુનથી, અને ઘણા રોવાથી એકદમ માથામાં કફ એકઠો થતાં વધેલો વાયુ પ્રતિશ્યાય–શળીખમને ઉત્પન્ન કરે છે. આ તુરત થનારા શળીખમનો હેતુ છે, પણ દોષોના સંચયના ક્રમે કરીને શળીખમનો હેતુ છે તે એ છે કે–વાયુ કે પિત્ત વા કફ એ ત્રણે દોષો અથવા લોહી માથામાં એકઠું થવાથી તથા પોતપોતાને કોપભૂત કરવાનાં નિદાનોથી કોપે છે ત્યારે શળીખમને ઉત્પન્ન કરે છે. અર્થાત્ સદ્યોજનક અને ચયાદિક્રમજનક એવાં શળીખમ થવાનાં મુખ્ય એ કારણો છે.

શળીખમનું પૂર્વરૂપ—જ્યારે શળીખમ થવાનું હોય ત્યારે ઉપરા ઉપર છીંકો આવે છે. માથું ભારે–જડ થઇ જાય છે, શરીર સજડ થઇ જાય, અંગોમાં તોડાવો, રૂંવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડાંઓનું ઉભું થવું અને બીજા પણ અનેક ઉપદ્રવો થાય છે; અર્થાત્ નાકમાંથી ધુમાડા નીકળ્યા જેવું જણાય, તાળવામાં ફાટ, નાકમાં સલવળાટ અને મ્હોંમાંથી સ્રાવ થયા કરેછે.

પાંચે પ્રકારના શળીખમનાં લક્ષણો.

જો વાયુ કોપથી શળીખમ થયું હોય તો, નાક બંધાઇ જાય, નાકમાંથી પાતળું પાણી ઝરયા કરે, ગળું, તાળવું અને હોઠ સુકાયા કરે, લમણાઓમાં પીડા અને ઘાંટો ભારે કે ખોખરો થઇ જાય છે.

જો પિત્તથી શળીખમ થયું હોય તો, નાકમાંથી ઉનું તથા સ્હેજ પીળું પાણી ઝરે છે, શરીર દુબળું, ઘણુંજ પાંડુ વર્ણવાળું તથા સંતપ્ત થઇ જાય છે. તરશ ઘણી લાગે અને નાકમાંથી ધુમાડાવાળો અગ્નિ નીકળતો હોય તેવું જણાય છે.

જો કફથી શળીખમ થયું હોય તો, નાકમાંથી ધોળું ઠંડુ તથા ઘણું કફ સહિત પાણી ઝરે છે, શરીર ધોળાશ પડતું થાય, આંખો સુજી-થોથરવાળી થઇ જાય, માથું ભારે અને માથામાં, હોઠમાં, ગળામાં તથા તાળવામાં ઘણી ચળ આવે છે.

જો ત્રિદોષથી શળીખમ થયું હોય તો, શળીખમ પાકયા પછી કે પાકયા વિનાજ એકદમ બંધ થઇ જાય છે. આ શળીખમ અસાધ્ય છે.

દુષ્ટ શળીખમનાં લક્ષણ—વારંવાર નાક ભીનું થાય, વા, વારંવાર બંધાઇ જાય, વારંવાર ઉઘડે અને શ્વાસ નીચો મૂકતાં ખરાબ વાસના આવે તથા સારી નરસી ગંધની ખબર ન પડે તો, તે દુષ્ટ શળીખમ સમજવું. આ શળીખમ કષ્ટસાધ્ય અથવા અસાધ્ય છે.

જો **લોહીથી** શળીખમ થયું હોય તો, નાકેથી લોહી પડે છે અને પિત્તથી થએલા શળીખમનાં લક્ષણો સહિત હોય, આંખો રાતી, છાતીમાં પીડા, મ્હોંમાંથી દુર્ગંધ યુક્ત શ્વાસ અને દુર્ગંધ સુગંધની પરીક્ષા રહિત નાક થાય છે.

આ પાંચે પ્રકારનાં શળીખમોમાં જો ઉપાય કરવામાં બેદરકારી રાખે તો તે સઘળાં અસાધ્ય સમજવાં અર્થાત્ વધારે વખત શળીખમ જારી રહે તો ભયંકર રોગોને જન્મ આપે છે; માટે શળીખમ મટાડવા ચોથે દિવસે તાકીદે ઉપાય લેવા. કેટલીક વખતે શળીખમનાલીધે નાકમાંથી કીડા પડે છે. એટલે કફથી ધોળા અને ચીકણા ઝીણા ઝીણા કીડા પડે છે અને વિશેષ વધી ગએલા શળીખમથી બેહેરાશ, અંધાપો, વાસના પારખવામાં અશક્તિ, આંખના ભયંકર રોગો, શોષ, અગ્નિની મંદતા અને ઉધરસ-ક્ષય વગેરેને ઉત્પન્ન કરે છે. તથા વિશેષે કરીને અધાપો શળીખમના વધવાથીજ થાય છે, એજ હેતુ માટે ચાંપતા ઉપાયો આદરવા, પણ શળીખમથી શું થનાર છે ? એમ બેદરકાર રહેવું નહિ.

આ સિવાય નાકમાં સાત જાતના અર્બુદ થાય છે ;તેનાં લક્ષણો અર્બુદના અધિકાર ઉપરથી ક્રમવાર સમજી લેવાં. તથા ચાર જાતનો સોજો નાકમાં થાય છે તેનાં લક્ષણો સોજાના અધિકારથી જાણી લેવાં, નાકમાં ચાર જાતના અરશ થાય છે તેનાં લક્ષણો અરશના અધિકારથી જાણી લેવાં અને નાકમાં ચાર જાતના રક્તપિત્ત થાય છે તેનાં પણ લક્ષણો રક્તપિત્તના અધિકારથી જાણી લેવાં.

પીનસના કાચાપાકાપણાનું લક્ષણ.

માથું ભારે રહે. અરુચિ, નાકમાંથી પાતળું પાણીઝરે, ઘાંટો બદલાઇ જાય અને ઘડી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પલકે થુંકવું પડે તો, જાણવું કે પીનસ કાચો છે, પણ જો માથાના ભારેપણા વગેરેનાં ચિહ્નો હોય તે સહિત કફ જાડો થઇ નાકના છિદ્રોમાં ચ્હોંટી રહે, અવાજ–ઘાંટો ચોખ્ખો થાય, ભૂખ લાગે, પાણી અનાજ સ્વાદવાળું જણાય અને કફનો સ્વાભાવિક રંગ થઇ જાય તો, જાણવું કે પીનસ (એક જાતના શળેખમનો ભેદ) પાકેલ સમજવો.

નાકના રોગોના ઉપાય.

સર્વ પ્રકારના નાકના રોગો ઉત્પન્ન થતાં હમેશાં ગોળ અને દહીની સંગાથે મરી ખાય તો માણસ સુખી થાય છે. **અથવા** કાયફળ, પુષ્કરમૂળ, કાકડાશીંગી, સુંઠ, મરી, પીપર, જવાસો અને અજમો એઓનું ચૂર્ણ અથવા એઓનો ક્વાથ આદાના રસની સાથે સેવન કરે તો, પીનસ, સ્વરભંગ, તમકશ્વાસ, હલીમક, સન્નિપાત, કફ, ઉધરસ, તાવ અને દમ એઓનો નાશ કરે છે. **અથવા** ઇંદ્રજવ, હિંગ, મરી, લાખનો રસ, કાયફળ, ઉપલેટ, વજ સરગવો અને વાવડીંગ એઓનું અવપીડ નસ્ય લે તો પીનસ વગેરે નાકના રોગો મટી જાય છે. **અથવા** સુંઠ, મરી, પીપર, ચિત્રો, તાલિસપત્ર, આંબલીનાંફળ, અમ્લવેદ, ચવક અને જીરૂં એટલાં બરાબર લેવાં અને એળચી, તજ, તમાલપત્ર એઓને ચોથે ભાગે લેવાં. એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી જુના ગોળમાં મેળવી ગોળીઓ કરી સેવન કરે તો પીનસ, તથા શ્વાસ અને ઉધરસ મટી જાય છે, રૂચિ ઉપજે છે અને સ્વર સારો થાય છે. આ **વ્યોષાદિ વટિ** કહેવાય છે. **અથવા** ભોંરીંગણી, નેપાળાનાં મૂળ, જવ, સરગવો, તુલસી, સુંઠ, મરી, પીપર અને સિંધાલૂણ એઓના કલ્કથી પકાવેલું તૈલ તેનો નાશ લે તો પૂતિનસ્ય મટી જાય છે. આ **વ્યાઘ્ર તૈલ** કહેવાય છે. **અથવા** સરગવાનાં બીજ, ભોંરીંગણીનાં બીજ, નેપાળો, ત્રિકટુ અને સિંધાલૂણ એઓના કલ્કથી અને બીલીપત્રના રસવડે પકાવેલું તેલ તેનો નાસ લે તો તેથી પૂતિનસ્ય મટી જાય છે. આ **શિગ્રુતૈલ** કહેવાય છે. **અથવા** મીણને ઘી અને ગુગળથી મિશ્રિત કરી તેનો ભૂંગળીદ્વારા નાકમાં ધુમાડો લ્યે તો ક્ષવથુ અને ભ્રંશથુ–છીંકો ઘણી આવતી હોય તો બંધ પડે છે. **અથવા** સુંઠ, ઉપલેટ, પીપર, બીલાં અને દ્રાખ એઓના કલ્કથી એઓનાજ કાઢામાં તેલ પકાવવાની મર્યાદા પ્રમાણે તેલ પકાવી અથવા ઘી પકાવી તેનો નાસ આપે તો બહુ છીંકો આવતી બંધ પડે છે. **અથવા** વાવડીંગ, સૈંધવ, હીંગ, ગુગળ, મણશીલ અને વજ એઓનું ચૂર્ણ કરી છીંકણીની પેઠે સુંઘવાથી શળેખમ મટી જાય છે. **અથવા** ભાંગના પાંદડાંઓને પુટપાકના વિધિ પ્રમાણે પકાવી તેને તેલ અને સૈંધવની સંગાથે ખાય તો સર્વ પ્રકારનાં શળેખમો મટી જાય છે. **અથવા** ઘરના ધુમાડાનો ધુંસ, પીપર, દેવદાર, દુધ, કરકચ, સિંધાલૂણ અને અંધાડાનાં બીજ એઓના કલ્કથી પકાવેલું તેલ નાકના અરશો ઉપર ચોપડે તો નાકના અરશ–મસા મટી જાય છે.

નાકમાંના રક્તપિત્તના રક્તપિત્તના અધિકારમાં, નાકના સોજાના સોજાના અધિકારમાં, નાકના અરશોના અરશના અધિકારમાં અને નાકના અર્બુદના અર્બુદના અધિકારમાં તથા નાકમાં પડેલા કૃમિઓના કૃમિના અધિકારમાં કહેલા ઉપાયોપ્રમાણે ચતુર વૈદ્યે ઉપાયો કરી તે તે રોગનો નાશ કરવો. **ભાવપ્રકાશ. અથવા** જે મનુષ્ય સુવાની વખતે શેરનું અરધો શેર રહે તેવું ઉકાળેલું પાણી ઠંડું કરી પીએ તો પીનસ રોગ મટી જાય છે. **અથવા** સુઇ જતી વખતે ઠંડું પાણી પીને સુઇ જાય તો ૩ દિવસમાં પીનસ રોગ નાશ થાય છે. **અથવા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છૂકે. ઘી અને ખાંડનો નાસ લે તો નાકથી ઝરતું પાણી બંધ થાય છે. **વૈદ્યરહસ્ય.**

નાકના રોગોનો અધિકાર સંપૂર્ણ.

મોહોડાના રોગોનો અધિકાર.

મ્હોં એટલે શું ? તથા મોહોડાના રોગોની સંખ્યા.

ઉપરનો હોઠ, નીચેનો હોઠ, દાંતનાં પેઢાં, દાંત, જીભ, તાળવું અને ગળું એ સાત અંગો મળીને મ્હોં કહેવાય છે. તે મ્હોંના વિષે ૬૭ રોગો થાય છે એટલે હોઠમાં ૮, દાંતના પેઢાંઓમાં ૧૬, દાંતોમાં ૮, જીભમાં ૫, તાળવામાં ૯, ગળામાં ૧૮ અને આખા મ્હોંમાં ત્રણ એ રીતે એકંદરે ૬૭ રોગ છે.

મોહોડાના રોગો ઉત્પન્ન થવાનું મૂળ કારણ.

અનૂપ દેશના પ્રાણીઓનાં માંસ ખાવાથી, ખારના ખાવાથી, ઘણું દહીં ખાવાથી અને અડદ ખાવાથી અર્થાત્ એઓને હદ ઉપરાંત ખાવાથી કફાદિ દોષો કોપીને મ્હોંમાં રોગોને જન્મ આપે છે.

હોઠોના રોગોની હેતુ સહિત સંખ્યા.

વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી, લોહીથી, માંસથી, મેદથી અને માર વાગવાથી એટલા કારણોથી થએલા હોઠના આઠ રોગ છે. તેઓનાં ક્રમવાર લક્ષણો આ પ્રમાણે છે કે– જો **વાયુથી** હોઠનો રોગ થયો હોય તો બન્ને હોઠ ખરસટ, લુખા, સ્તબ્ધ, કાળા, આકરી પીડા સહિત, ચીરાયલા અને સ્હેજ ફાટેલી ચામડીવાળા હોય છે. જો **પિત્તથી** હોઠનો રોગ થયો હોય તો, બન્ને હોઠ ચારેકોર પિત્ત સંબંધી પીડા કરનાર ફોલ્લીઓથી ઘેરાયલા હોય છે. પીળા રંગના અને ફોલ્લીઓમાં બળતરા તથા પાક થાય છે. જો **કફથી** હોઠનો રોગ થયો હોય તો, ચામડીના જેવા રંગવાળી ફોલ્લીઓ યુક્ત, થોડી પીડાવાળા, વલુર સહિત, ધોળા, ચીકણા, ઠંડા અને ભારે હોય છે. જો **ત્રિદોષથી** હોઠનો રોગ થયો હોય તો, બન્ને હોઠ કોઇ વખતે કાળા તો કોઇ વખતે પીળા તો કોઇ વખતે ધોળા અને ઘણી ફોલ્લીઓ સહિત હોય છે. જો **લોહીથી** હોઠનો રોગ થએલ હોય તો, બન્ને હોઠ ખજૂરીના ફળ જેવા રંગની ફોલ્લીઓની વેદનાથી પીડાતા, લોહીના સ્રાવવાળા અને રાતા હોય છે. **જો માંસથી** હોઠનો રોગ થયો હોય તો, બન્ને હોઠ ભારે, જાડા તથા માંસના લોચાની પેઠે ઉંચા થએલા અને બન્ને ગલોફાંઓમાં જીવાત પડે છે. જો **મેદથી** હોઠનો રોગ થયો હોય તો, બન્ને હોઠ ઘીના મંડ જેવા, ચળવાળા, કુણા અને ચોખ્ખા સ્ફટિક જેવા વિશેષ પરુવાળા હોય છે. અને જો **પ્રહાર વાગવાથી** હોઠનો રોગ થયો હોય તો, છોલાઇ ફાટી ગએલા, લોહી જેવા રંગવાળા અને ચળસહિત પીડાવંત હોય છે.

હોઠના રોગોના ઉપાય.

હોઠના રોગવાળાનું જળો વગેરેથી લોહી કઢાવવું; કારણ કે એ રોગમાં કફ અને લો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હી પ્રાધાન્યતા ધરાવે છે માટે વારંવાર લોહી ઘટતી રીતે કઢાવવું. **અથવા** તેલ, ઘી, ચરબી અને મજ્જા એઓમાં મીણ મેળવી હોઠ ઉપર ચોળે તો વાયુનો હોઠ રોગ મટે છે. **અથવા** હોઠની નસોનું લોહી કઢાવવું, ઉલટી કરાવવી, રેચ આપવો, ઠંડા ઔષધોનો લેપ કરવો, માંસનો રસ પીવરાવવો, અને તિક્ત નામનું ઘી પીવરાવવું, જેથી પિત્તના હોઠના રોગો મટી જાય છે. **અથવા** શિરોવિરેચન વડે માથાને દોષોથી ખાલી કરવાના ઉપાય દેવા. ધુમાડો પાવો, સ્વેદન અને કવળ[1] પ્રયોગ પણ કરવો. કફથી થએલા હોઠના રોગો મટે છે. **અથવા** ધઉંલા, ત્રિફળા અને લોદર એઓના ચૂર્ણને મધમાં કાલવીને પ્રતિસારણ[2] કરવું. હોઠ ઉપર વ્રણ થયા હોય તો વ્રણના અધિકારમાં કહેલા ઉપાયો પ્રમાણે ઉપાયો કરવા.

હોઠના રોગોનો અધિકાર સંપૂર્ણ.

———o()o———

દાંતોનાં પેઢાંઓમાં જે રોગો થાય છે તેનાં નામો તથા સંખ્યા.

શીતાદ, દંતપુપ્પુટક, દંતવેષ્ટ, સૌષિર, મહાસૌષિર, પરિદર, ઉપકુશ, વૈદર્ભ, ખલિવર્દ્ધન, અધિમાંસક, પાંચ પ્રકારની દાંતની નાડીઓ, અને દંતવિદ્રધિ એ પ્રકારે ૧૬ રોગો દાંતોના પેઢાંઓમાં થાય છે.

દાંતોના પેઢાંના સોળે રોગોનાં ક્રમવાર લક્ષણો.

દાંતોના પેઢાંઓમાંથી કાંઇ પણ વાગ્યા વિના લોહી નીકળે, પેઢાંઓ ગંધાતાં, કાળાં, ક્યકચતાં, તથા કુણાં થઇને વેરાવા માંડે અને પાકવાની ગરમીથી લોહીને ઉકાળવા લાગે તેને **શીતાદ** કહે છે.

બે અથવા ત્રણ દાંતોમાં બહુ સોજો થઇ આવે તેને **દંતપુપ્પુટ** કહે છે. આ રોગ કફ અને લોહીના કોપવાથી થાય છે.

પેઢાંઓમાંથી લોહી તથા પરૂ નીકળે અને દાંતો હાલી–ખળભળી જાય તેને **દંતવેષ્ટ** કહે છે. આ રોગ લોહીના બગાડથી થાય છે.

પેઢાંઓમાં પીડા, લાળ અને ચળવાળો સોજો થાય તેને **સૌષિર** કહે છે, આ રોગ વાયુ તથા કફના કોપવાથી થાય છે.

પેઢાંઓમાંથી દાંતો હાલીજાય, તાળવું તથા પેઢાંઓ ફાટવાલાગે, પેઢાંઓ પાકીજાય અને મોહોડું અત્યંત પીડાય તેને **મહાસૌષિર** કહે છે. આ રોગ ત્રિદોષનો છે, જેથી ૭ રાત્રીમાં

[1] વાયુને, પિત્તને તથા કફને મટાડનારા પદાર્થોના કોળીઆને મ્હોમાં મુકી અરધો ચાવીને થુંકી દેવો તેને કવળ પ્રયોગ કહે છે. કવળ જાતના પદાર્થોમાં ઇચ્છાને ઉપજાવનાર, કફને હરનાર, તથા તરશનો, શોષનો, વિરસપણાનો અને દાંતના હાલવાનો નાશ કરનાર છે. **ભાવપ્રકાશ.**

[2] આંગળી વતે ચૂર્ણ, કલ્ક કે અવલેહ, જીભ મ્હો કે દાંત ઉપર ઘસવામાં આવે તેને પ્રતિસારણ કહે છે, તે પ્રતિસારણ વિરસપણાને, મ્હોંની દુર્ગંધને, મુખશોષને, તરશને, અરૂચિને અને દાંત પીડાને મટાડે છે, પણ તેની ઓછી માત્રાનો ઉપયોગ કરે તો શરીરમાં જડતા, કફનો કોપ અને રસોનું ન જાણવાપણું થાય છે અને જો અતિ માત્રાનો ઉપયોગ કરે તો મ્હોં આવી જાય છે. શોષ, તરશ, ફલરી અને ગ્લાનિ થાય છે માટે યોગ્ય માત્રાએ ધીરેધીરે ઔષધો ઘસવાં.

ભાવપ્રકાશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યના પ્રાણની હાણ કરે છે.

પેઢાંઓનું માંસ વીંખાઇ જાય, થુંકમાં લોહી પડયાકરે તેને **પરિદર** કહે છે. આ રોગ પિત્ત, લોહી અને કફના કોપથી થાય છે.

પેઢાંઓમાં બળતરા, પાકવાથી દાંતો હાલીજાય, તેમાંથી થોડા પીડાવાળું લોહી નીકળે છે અને તેથી મોઢાડે સોજો આવે છે તથા મ્હોંમાંથી ખરાબ ગંધ આવે છે તેને **ઉપકુશ** કહે છે. આ રોગ પિત્ત અને લોહીના કોપવાથી થાય છે.

પેઢાંઓને ઘસતાં મ્હોટો સોજો પ્રકટ થાય, દાંતો હાલીજાય, વેદના થાય, પાકે તથા બળતરા થાય છે તેને **વૈદર્ભ** કહે છે. આ રોગ કોઇપણ પ્રકારનો પ્રહાર વાગવાથી થાય છે.

આકરી વેદના સાથે એક વધારાનો દાંત ફુટે અને તેના ફુટવા પછી પીડા નરમ પડે તેને **ખલીવર્દ્ધન** કહે છે. આ રોગ વાયુના કોપથી થાય છે.

નીચેની હારની છેલ્લી દાઢમાં બહુ વેદના થાય, તથા લાળ વહેનારો ભયંકર સોજો થાય તેને **અધિમાંસક** કહે છે. આ રોગ કફના કોપથી થાય છે.

પાંચ પ્રકારની દાંતનીનાળીઓનાં લક્ષણો–જેવી રીતે વ્રણમાં વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી અને શલ્યથી થએલી નાડીઓ હોય છે તેમ તેવીજ રીતે પાંચ પ્રકારની નળીઓ દાંતોનાં પેઢાંઓમાં પણ હોય છે. માટે એઓનાં લક્ષણો નાડી વ્રણના અધિકારમાં કહ્યા પ્રમાણે સમજી લેવાં.

પેઢાંઓમાં રહેલા વાયુ પિત્ત કફ અને લોહી એ દોષોના કારણથી બળતરાવાળો, વેદના સહિત મોટો સોજો થાય છે અને ફુટયાથી પરૂ તથા લોહી વહે છે તેને **દંતવિદ્રધિ** કહે છે.

દાંતોના પેઢાંઓના રોગોના ઉપાય.

પેઢાંઓનું લોહી કઢાવવું. ત્યાર પછી સુંઠ, સરસવ, હરડે, બેહેડાં અને આંબળાંને પાણીમાં નાખી ઉકાળો કરી તેના કોગળા કરે તો શીતાદ નામનો રોગ મટે છે. **અથવા** હીરાકસી, લોદર, પીપર, મણશીલ, ઘઉંલા અને તેજબળ એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવી પેઢાંઓને ચોપડે તો શીતાદ મટે છે. **અથવા** વાયુનો નાશ કરનાર તેલ કે ઘીના કોગળા કરે તો શીતાદ મટીજાય છે. દંતપુપ્પુટ રોગ થતાંજ લોહી કઢાવવું અને પછી પાંચ જાતનાં મીઠાં સહિત જવખારને મધમાં કાલવી ધીરે ધીરે દાંતને ઘસવાં જેથી દંતપુપ્પુટ મટીજાય છે. માથાને ખાલી કરનાર નાસ આપવો અને સ્નિગ્ધ ભોજન જમાડવાં **અથવા** દંતવેષ્ટ રોગ માટે પેઢાંઓમાંથી લોહી કઢાવી તેના વ્રણ ઉપર લોદર, પતંગ, જેઠીમધ અને લાખ એઓનું ચૂર્ણ મધમાં કાલવી આંગળીવતે પેઢાં ઉપર ઘસવું. **અથવા** દાંતો હાલતા હોય તો, પાંચ ક્ષીરવૃક્ષોનો કવાથ કરી તેમાં મધ ઘી અને સાકર નાખી તેના કોગળા કરવા. અને તે પછી ઓલસરીને ચાવે તો દાંતો સ્થિર થાય છે. **અથવા** ભદ્રમોથ, હરડે, સુંઠ, મરી, પીપર, વાવડીંગ અને લીંબડાનાં પાંદડાં એઓને ગોમૂત્રમાં વાટી ગોળીઓ કરવી અને તેને છાયામાં સુકવી તે ગોળી મ્હોંમાં રાખીને સુઇ જાય તો હાલતા દાંતો મજબૂત થાય છે—આને **મુસ્તાદિવટી** કહે છે. **અથવા** ૪૦૦ તોલા ભાર કાળાકુલાનો કાંટા શળીઓ લઇ તેને **૧૦૨૪** તોલા ભાર પાણીમાં વિધિયુક્ત કવાથ કરતાં ચોથા ભાગનું પાણી રહે ત્યારે તેમાં ધમાસો, ખેર, દુર્ગંધીખેર, જાંબુ તથા આંબાનાં પાંદડાં, જેઠીમધ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ક્રમશ એ પ્રત્યેક પદાર્થોનો બબ્બે તોલા ભાર કલ્ક નાંખીને તેમાં તેલ કે ઘી નાખી ધીમા અગ્નિથી વિધિવત્ પકાવી તેના કોગળા કરવામાં આવે કે મ્હોંમાં ભરી રાખે તો તુરતજ દાંતોનું હાલવું બંધ પડે છે, આને **સહચરાદ્યતૈલ વા ઘી** કહે છે. **સૌષિર** રોગ માટે પેઢાંઓમાંથી લોહી કઢાવી પછી લોધર, મોથ અને રસાંજન એઓનું ચૂર્ણ મધમાં કાલવી તેનો લેપ કરવો અને વડ આદિ દુધવૃક્ષોના કવાથના કોગળા કરવા, જેથી સૌષિર મટે છે. જો **પરિદર** થયો હોય તો, શીતાદ માટે કહેલા ઉપાયો કરવા, તેથી પરિદાર મટે છે. **ઉપકુશ** થયો હોય તો સાફ કરી બન્ને તરફ મોહોડાં કરવાં, વણને ઊંબરાના પાંદડાંઓમાં ઘસાવવો અને પાંચ જાતનાં લુણ અને ત્રિકટુને મધમાં કાલવી આંગળીવતે ધીરે ધીરે પેઢાંઓ ઉપર ઘસવાં, જેથી ઉપકુશ મટી જાય છે. **વૈદર્ભ થયો** હોય તો તેને શસ્ત્રથી કાપી પેઢાંઓને સાફ કરી પછી ખાર મુકી દેવો અને સર્વે ઠંડા ઉપચારો કરવા. **ખલિવર્દ્ધન** થયો હોય તો, નવા ફુટેલા દાંતને કાહાડી નાખી ત્યાં ડાંભી દઇ કૃમિદંતના જે આગળ ઉપાયો કહેવામાં આવશે તે કરવા. **અધિમાંસક** થએલ હોય તો કાપી નાખી વજ, તેજબળ, કાળીપાડ, સાજીખાર અને જવખાર એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવી પેઢાંઓને લગાડવું તો અધિમાંસક મટે છે. તથા પીપરના ચૂર્ણને મધમાં કાલવી કવળ કરવા. તલ, કુકડવેલો, લીંબડો અને ત્રિફળા એઓનો કવાથ કરી કોગળા કરે તો શાંતિ થાય છે. **પેઢાંઓની નળીઓમાં** ભગ્નીગળ પડેલ હોય—જો ડાહારસી થએલ હોય તો નાડી વ્રણના અધિકારમાં બતાવ્યા પ્રમાણે ઉપાયો કરવા. જો દાંતની અંદર નાડી—નાસૂર થએલ હોય તો દાંતનાં પેઢાંઓને શસ્ત્રવતે કાપી દાંતને ઉખેડી નાખવો; પરંતુ તે નીચેની હાર માટે ઉપાય યોજવો, પણ ઉપરના દાંતોની હાર માટે તેમ કરવું નહીં. દાંત કાહાડી નાખ્યા પછી ચંબેલીનાં પાન, ધંતુરાનાં પાન, ઉભી રીંગણીનાં મૂળ અને ગોખરૂનાં પાંચે અંગ લઇ એ સઘળાના કવાથમાં અથવા મજીઠ, લોધર તથા જેઠીમધ એઓના કવાથમાં પકાવેલું તેલ દાંતે ચોપડે તો દાંતમાં થએલા પરૂની ગતીને બંધ કરે છે. આ **જાત્યાદિતૈલ** કહેવાય છે. દંતવિદ્રધિ થઇ હોય તો વિદ્રધિના અધિકારમાં કહેલા ઉપાયો પ્રમાણે ઉપાયો કરવા.

પેઢાંઓના રોગોનો અધિકાર સમાપ્ત થયો.

દાંતના રોગોનાં નામ તથા સંખ્યા.

દાલન, કૃમિદંત, ભંજનક, દંતહર્ષ, દંતશર્કરા, કપાલિકા, શ્યાવદંતક અને કરાલ એ આઠ દાંતના રોગો છે, તેઓનાં ક્રમવાર લક્ષણો નીચે પ્રમાણે—

દાંતો જાણે ચીરાઇ જતા હોય તેવી દાંતોમાં પીડા થાય તેને **દાલન** કહે છે. આ રોગ વાયુના કોપથી થાય છે.

કાળાં કાણાંવાળો, વલુરવાળો, પેઢાંઓમાં સોજાવાળો, પેઢાંઓમાં પરૂવાળો, ભયંકર વેદનાવાળો અને જેમાં હલાવવા વગેરે કારણો વગર પીડા વાળો હોય તેને **કૃમિદંત** કહે છે. આ રોગ વાયુકોપથી થાય છે. દાંતમાં સડો લાગે છે.

જે રોગથી મ્હોં વાંકુ થઇ જાય, અને દાંત તુટી જાય તેને **ભંજનક** કહે છે. આ રોગ કફ તથા વાયુના કોપથી થાય છે.

જે દાંતો ટાઢો પવન કે ટાઢા પદાર્થોનો તથા લુખા અને ખાટા પદાર્થોનો સ્પર્શ સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હન ન કરી શકે તેને **દંતહર્ષ** કહે છે. આ રોગ વાયુ અને પિત્ત કોપથી થાય છે.

દાંતોમાં રહેલો મેલ અને પવને સુકાવેલો કફ રેતી જેવો ખરસક સ્પર્શવાળો થઇ જાય તેને **દંતશર્કરા કહે છે.**

મેલ સહિત દાંતોના અવયવો માટીના ઠીકરાની પેઠે ફાટવા લાગે અને દંતશર્કરા પણ થઇ આવે તેને **કપાલિકા** કહે છે. આ રોગ દાંતોનું નિકંદન કરી દે છે.

લોહી સહિત પિત્તથી બળેલા જેવો દાંત બરોબર રીતે કાળો કે નીલો થઇ જાય તેને **શ્યાવદંતક** કહે છે.

દાંતોમાં રહેલો વાયુ ધીરે ધીરે દાંતોને બીહામણા અને અતિ ખરાબ કરી નાખે છે. તેને **કરાલ** કહે છે.

ગ્રંથાંતરથી હનુમોક્ષ નામનાદંતરોગનું લક્ષણ.

" જેની દાઢોમાં વાયુ કોપવંત થઇ દાંતોને પકડે અથવા દાઢિમાં વેદના કરે તેને **હનુમોક્ષ** નામનો દાંતનો રોગ કહે છે. "

દાંતના રોગોના ઉપાય.

લાખનો રસ ૬૪ તોલા, દુધ ૬૪ તોલા, અને લોદર, કાયફળ, મજીઠ, કેમળના કેસરા, પદ્મક, ચંદન, રાતું કમળ, તથા જેઠીમધ એઓનો ચોગણો ક્વાથ કરી એજ લોદર વેગેરે પ્રત્યેક્ પદાર્થો ચાર ચાર તોલા ભાર લઇ તેઓનો કલ્ક કરી ઉક્ત ક્વાથમાં નાખી તેઓમાં ૬૪ તોલા ભાર તલનું તેલ નાખી તેલ પકાવવાના વિધિ પ્રમાણે તેલ પકાવી તે તૈલ મ્હોંમાં રાખે અર્થાત્ મ્હોમાં તેનો કોગળો ભરી રાખે તો હાલન, દાંતોનું હાલવું, દાંતોનું પકવું, કપાલિકા, શીતાદ, પૂતિવક્ત્ર, મ્હોંની દુર્ગંધતા, અરૂચિ અને મ્હોંનું વિરસપણું એટલા રોગોના નાશ કરે છે. દાંતોને મજબૂત કરે છે અને દાંતોના રોગ ઉપર સારો ફાયદો આપે છે–આ **લાક્ષાદિતૈલ** કહેવાય છે. **અથવા** વાયુનાશક તેલના કોગળા કરે તો દાંતોના તમામ રોગો મટી જાય છે. **અથવા** હીંગને જરા ઊની કરી (જ્યાં દુખ થતું હોય ત્યાં) દાંતના વચમાં દબાવે તો દંતકૃમિનો નાશ થાય છે. **અથવા** ગળીના મૂળને અથવા કાકજંઘાના મૂળને કે રાતી અંઘેડીના મૂળને અથવા કડવી તુંબડીના મૂળને વાટી ચૂર્ણ કરી દાંતોમાં રાખે તો તેથી દાંતના સળામાં થએલી જીવાત મરી જાય છે. **અથવા** "સાંભરનું મીઠું, નરકચૂરો, સુંઠ અને અક્કલકરો એઓનું સૂક્ષ્મ ચૂર્ણ કરી દાંતો ઉપર ઘસે તો દાંતોનો અંબવા મટે છે. **અથવા** પાંચ જાતનાં લુણ, મોરથુથું, ત્રિકટુ, પીપરીમૂળ, હીરાકસી, માયાં અને વાવડીંગ એઓનું ઝીણું ચૂર્ણ કરી દાંતે ઘસે તો દાંતના સર્વ રોગ મટે છે. **અથવા** હીરાકસી, માયાં, લોખંડનો ભૂકો, સોનામાખી, મજીઠ, ફુલાવેલી ફટકડી અને ત્રિફળા એઓ સર્વે સરખાં લઇ ખરલ કરવાં. જ્યારે મસી જેવાં શ્યામ થાય ત્યારે દાંતે લગાડવાના ઉપયોગમાં (૧ માસા ભાર) લે તો ૭ દિવસમાં દાંત કાળા થાય છે અને મજબૂત પણ થાય છે." **અથવા** ફુલાવેલી ફટકડી, ફુલાવેલું મોરથુથું, ખેરસાર, તેજબળ, કાચી લાખ, વંશલોચન, મરી, આંગળાં, મજીઠ, રૂમીમસ્તકી, બોલસરીની છાલ, સિંધાલુણ, માયાં અને દક્ષણીસોપારી એ સર્વે વસ્તુઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી નગોડના રસની ભાવનાઓ દઇ તડકે સુકવી ઘુંટી પછી દાંતે ઘસે તો દાંતના સર્વે રોગ મટેછે. **વૈદ્યરહસ્ય. અથવા** " ઉપલેટ, ત્રિકટુ, શુદ્ધ કરેલો ખેરાસાની અજમો, હરડેની છાલ અને કાથો એઓનું ચૂર્ણ કરી દાંતે ઘસે તો દાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનો દુખાવો બંધ પડે છે. **અથવા** ગંગાપારની તમાખુ, અકલકરો, કાયફળ, વાવડીંગ, ત્રિકટુ અને સિંધાલુણ એઓને ઝીણાં વાટી દાંતે ઘસે તો દાંતોનો દુખાવો મટે છે. **અથવા** પીપર, સિંધાલુણ, જીરૂં, હરડે અને મોચરસ એઓનું ચૂર્ણ કરી દાંતે ઘસે તો દાંતોની પીડા અને હાલવું બંધ થાય છે." **અથવા** નાગર મોથ, હરડે, ત્રિકટુ, વાવડીંગ અને લીંબડાનાં પાંદડાં, એઓને ગાયના મૂત્રમાં સારી પેઠે ઘુંટી ગોળી બનાવી છાંયડે સુકાવી રાતે સુતી વખતે મ્હોંમાં રાખે તો અવસ્ય દાંતોનું હાલવું બંધ થાય છે. **અથવા** સિંધાલુણ, ખેરસાર, ઉપલેટ, ધાણા, સુંઠ, કાળીમરી, મોરથુથું, અને શેકેલું જીરૂં એઓનું ચૂર્ણ કરી દાંતે ઘસે તો દાંતોમાંથી નીકળતું લોહી તથા હાલવું બંધ પડેછે. **વૈદ્યરહસ્ય.**

દાંતના રોગોનો અધિકાર સંપૂર્ણ.

જીભના રોગોનો અધિકાર.

જીભના રોગોનાં નિદાનો તથા નામો અને સંખ્યા.

વાયુથી, કફથી તથા પિત્તથી થએલો, અલાસ અને ઉપજિહ્વિકા એ રીતે જીભના પાંચ રોગ છે. તેઓનાં લક્ષણો નિચે પ્રમાણે.

વાયુથી થએલો જીભનો રોગ હોય તો, જીભ જરાક ફાટેલી, ખાટા મીઠા રસોને જાણી શકતી ન હોય તેવી, સોજાયુક્ત લીલાસ પડતી અને કાંટાઓથી વ્યાપ્ત હોય છે.

પિત્તથી થએલો જીભનો રોગ હોય તો, જીભમાં બળતરા અને રતાશવાળા કાંટાઓથી વિંટાયલી હોય છે.

કફથી થએલો જીભનો રોગ હોય તો, જીભ ભારે લાગે, જાડી થઇ જાય અને શીમળાના કાંટા જેવા ધોળા માંસથી વિંટાયલી હોય છે.

અલાસ રોગ હોય તો, જીભના નીચે ત્રણે દોષો તથા લોહીના પ્રકોપથી અત્યંત દારૂણ સોજો આવે છે. આ રોગ વધી પડે તો જીભને અટકાવી દે છે અને કદાચ જીભનું મૂળ પણ અત્યંત પાકી આવે છે.

ઉપજિહ્વિકા રોગ હોય તો, જીભની અણીની આકૃતિવાળો કફ અને લોહિના કોપવાથી જીભને ઊંચી કરીને સોજો થાય છે, તેમાંથી લાળ ઝરે છે, ચળ અને બળતરાવાળો હોય છે.

જીભના રોગોના ઉપાય.

જીભના સઘળા રોગો માટે લોહી કઢાવવું અને ગળો, લીંબડો તથા પીપર એઓને તીખા પદાર્થોની સાથે મ્હોંમાં કવલ રાખવો, જેથી જીભના રોગો મટે છે. **અથવા** સુંઠ, મરી, પીપર, જવખાર, હરડે અને ચિત્રામુળ એઓનું ચૂર્ણ ઘસવાથી વા એ ચૂર્ણના કલ્કથી પકાવેલા તેલના કોગળા કરવાથી ઉપજિહ્વિકા રોગ મટે છે. **ભાવપ્રકાશ. અથવા** કચનારની છાલનો ક્વાથ કરી તેમાં કાથો નાખી પ્રભાતમાં કોગળા કરે વા મ્હોંમાં ભરી રાખે તો જીભનું ફાટવું બંધ થાય છે. **વૈદ્યરહસ્ય.** (વિશેષ ખુલાશા માટે વૃદ્ધત્રયી જુવો.)

જીભરોગનો આધકાર સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાળવાના રોગોનાં નામ તથા સંખ્યા.

ગળસુંડી, તુંડકેરી, અધ્રૂષ, કચ્છપ, તાલ્વર્બુદ, માંસસંઘાત, તાલુપુપ્પુટ, તાલુશોષ, અને તાલુપાક, એ રીતે તાળવાના નવ રોગો છે.

ગલસુંડીનું લક્ષણ— કફ અને લોહી એ બન્નેના કોપવાથી તાળવાના મૂળમાંથી વધેલો, લાંબો, વાયુથી પૂરાએલા ચામડાના દડા જેવો અને તરશને, ઉધરસને તથા શ્વાસને ઉત્પન્ન કરનારો જે સોજો થાય છે તેને ગલસુંડી કહે છે.

તુંડકેરીનું લક્ષણ—તાળવામાં કફ અને લોહીના કોપવાથી જાડો, સોંકાય જેવી પીડાવાળો, બળતરા અને પાકવાળો જે સોજો થાય છે તેને તુંડકેરી કહે છે.

અધ્રૂષનું લક્ષણ—લોહીના કોપવાથી તાળવામાં અક્કડ, રાતો, તાવ અને આકરી પીડા સહિત જે સોજો થાય છે તેને અધ્રૂષ કહે છે.

કચ્છપનું લક્ષણ—કફના કોપવાથી તાળવામાં કાચબાની પેઠે વચમાં ઉંચો તથા છેડાઓમાં નીચો અને થોડી પીડાવાળો જે સોજો તુરતજ ઉત્પન્ન થાય છે તેને કચ્છપ કહે છે.

તાલ્વર્બુદનું લક્ષણ—તાળવાના વચમાં લોહીના કોપવાથી કમળના કેસરા સમાન લાંબા માંસના અંકુરોથી પડખાંઓમાં વિંટાયલો અને પિત્તનાં સર્વ લક્ષણોવાળો જે સોજો હોય તેને તાલ્વર્બુદ કહે છે.

માંસઘાતનું લક્ષણ—કફના કોપવાથી તાળવામાં પીડા વગરનું ખરાબ થએલું માંસ એકઠું થાય છે તેને માંસઘાત કહે છે.

તાલુપુપ્પુટનું લક્ષણ—કફના કોપવાથી તાળવામાં વેદના વગરનો સ્થિર અને મેદવાળો જે બોર જેવો ગાંઠો ઉત્પન્ન થાય છે તેને તાલુપુપ્પુટ કહે છે.

તાલુશોષનું લક્ષણ—વાયુના કોપવાથી તાળવામાં બહુજ શોષ પડે અથવા તાળવું ફાટયા કરે અને શ્વાસ પણ થઇ આવે તેને તાલુશોષ કહે છે.

તાલુપાકનું લક્ષણ—પિત્તના કોપવાથી તાળવું ઘણુંજ ભયંકર રીતે પાકી જાય તેને તાલુપાક કહે છે. (આ રોગથી તાળવામાં કાણું પડે છે.)

તાળવાના રોગોના ઉપાય.

ઉપલેટ, મરી, વજ, સૈંધવ, પીપર, કાળીપાડ અને કેવડીમોથ એઓના ચૂર્ણને મધમાં કાલવીને તેને (તાળવામાં) ઘસવામાં આવે તો ગળસુંડી મટે છે. **અથવા** ગળસુંડી જીભની ઉપર રહેલી હોય તો શસ્ત્રક્રિયા જાણનાર ચતુર વૈદ્યે તેને છેદી કાઢવી. ત્યારપછી પીપર, અતિવિષ, ઉપલેટ, મરી, વજ, અને સુંઠ એઓના ચૂર્ણને મધમાં કાલવી તેમાં સૈંધવ નાખી તેથી પ્રતિસારણ કરે તો ગળસુંડી મટે છે. **અથવા** વજ, અતિવિષ, રાસ્ના, કાળીપાડ, કડુ અને લીંબડો એઓનો ક્વાથ કરી કવલ કે કોગળા કરાવે તો તાળવાના સમસ્ત રોગો મટી જાય છે. (શસ્ત્રક્રિયા માટે સુશ્રુત જુવો.)

ગળાના રોગોનાં નામો તથા સંખ્યા.

પાંચ પ્રકારની રોહિણી, કંઠશાલૂક, અધિજીહ્વ, વલય, બલાસ, એકવૃંદ, વૃંદ, શતઘ્ની, ગિલાયુ, કંઠવિદ્રધિ, ગલૌઘ, સ્વરઘ્ન, માંસતાન અને વિદારી એ રીતે ગળાના અઢાર રોગો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચે જાતની રોહિણીની હેતુ સહ સંપ્રાપ્તિ.

ગળામાં વૃદ્ધિ પામેલો વાયુ, પિત્ત, કફ વા ત્રિદોષ કે લોહી, માંસ તથા લોહીને દૂષિત કરીને ગળાનો રુપરોધ કરનારા ફણગાઓથી પ્રાણનો નાશ કરે છે તેને રોહિણીરોગ કહે છે, તેનાં જૂદાં જૂદાં લક્ષણોની વિગત---

વાયુથી થએલ હોય તો–જીભની ચારેકોર બહુજ વેદનાવાળા અને ગળાને રોકી દે-નારા માંસના ફણગા થાય છે અને તે સાથે વાયુ સંબંધી સ્તબ્ધપણા વગેરેના ઘણા ઉપદ્રવો થાય છે.

પિત્તથી થએલ હોય તો–ગળામાં માંસના ફણગા તુરત પૈદા થાય, બળતરા સહિત તુરત પાકે અને તાવ પણ બહુજ આવે છે.

કફથી થએલ હોય તો–ગળાની રગોનો નિરોધ થઇ ગળામાં માંસના ફણગા ઉત્પન્ન થાય છે. ધીરે ધીરે પાકે, ભારે અને સ્થિર હોય છે.

ત્રણે દોષથી થએલ હોય તો–ઉપર કહેલાં ત્રણે દોષનાં લક્ષણોવાળા ગળામાં ઉંડા પાકવાળા અને જેઓનું જોર અટકાવી શકાય નહીં એવા માંસના ફણગા ઉત્પન્ન થાય છે.

લોહીથી થએલ હોય તો–ફોલ્લાઓથી વીંટાયલા અને પિત્તના લક્ષણોયુક્ત માંસના ફણગાઓ ગળામાં હોય છે.

રોહિણી રોગથી મરણ થવાનો અવધિ.

ત્રિદોષની રોહિણીથી તુરત, કફની રોહિણીથી ત્રણ દિવસે, પિત્તની રોહિણીથી પાંચ દિવસે અને વાયુની રોહિણીથી સાત દિવસે માણસ મરી જાય છે.

કંઠશાલુકનું લક્ષણ–ગળામાં કાંટાની પેઠે કે ધાન્યની અણીની પેઠે પીડા પેદા ક-રનારો ખરસડ, સ્થિર, બોરના ઠળીઆ જેવડો અને શસ્ત્રક્રિયાથીજ મટાડી શકાય એવો ગાંઠો થાય છે તેને કંઠશાલુક કહે છે. આ ગાંઠ કફના કોપથી થાય છે.

અધિજિવ્હનું લક્ષણ–જીભની ઉપર જીભની અણી જેવા આકારવાળો જે સો-જો થાય છે તેને અધિજીવ્હ કહે છે. આ રોગ રુધિર મિશ્રિત કફ દોષથી થાય છે. જો આ સોજો પાક પકડે તો તેનો ઉપાય કરવોજ નહીં.

વળાયનું લક્ષણ–કફ કોપીને અન્નની ગતિને રોકી કંઠમાં લાંબા તથા ઉંચા સોજાને પેદા કરે છે તેને વળાય કહે છે. આ રોગ મટતોજ નથી.

બલાસનું લક્ષણ–કફ તથા વાયુ વધી જવાથી ગળામાં શ્વાસવાળા, પીડાવાળા, અને છાતિના મર્મસ્થળમાં છેદનના સમાન વ્યથા ઉત્પન્ન કરનારા સોજાને ઉત્પન્ન કરે છે તેને બલાસ કહે છે. આ રોગ કષ્ટસાધ્ય છે.

એકવૃંદનું લક્ષણ–કફ અને લોહીના કોપવાથી ગળામાં ગોળ, નમેલો, બળતર તથા ચળવાળો, જરાક પાકનારો, અને જરાક કુણો તેમજ મોટો સોજો ઉત્પન્ન થાય છે તેને એ-કવૃંદ કહે છે.

વૃંદનું લક્ષણ–પિત્ત અને લોહીના કોપવાથી ગળામાં ઘણોજ ઉંચો, ગોળ, બહુ બ-ળતરાવાળો અને આકરા તાવવાળો સોજો થાય છે. તેને વૃંદ કહે છે. આ રોગમાં જો શળ હોય તો વાયુના સંબંધવાળો જાણવો.

શતઘ્નિનું લક્ષણ–વાયુથી, પિત્તથી ઉત્પન્ન થએલી પીડા, બળતરા તથા લહેર આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દિ વિકારોવાળી, કઠણ, માંસના અંકુરોથી અત્યંત વ્યાપ્ત અને ગળાને રોકી દેનારી વાટ ત્રિદોષથી થનારી તે શતઘ્નિ કહેવાય છે.

ગિલાયુનું લક્ષણ–કફ અને લોહીના કોપથી ગળામાં આંબળાના ઠળીયા સમાન સ્થિર, થોડી પીડાવાળો અને જાણે ખાધેલું ગળામાં ભરાઈ રહ્યું હોય તેવો જણાતો ગ્રંથિ ઉત્પન્ન થાય છે તેને ગિલાયુ કહે છે. આ રોગ **શસ્ત્રક્રિયાથી** મટે છે.

કંઠવિદ્રધિનું લક્ષણ–સઘળા દોષોના કોપવાથી સઘળા પ્રકારની પીડાવાળો અને આખા કંઠમાં વ્યાપ્ત થઈ ઉઠેલો જે સોજો થાય છે. તેને કંઠવિદ્રધિ કહે છે.

ગલૌઘનું લક્ષણ–કફ અને લોહીના કોપવાથી ગળામાં અન્નને તથા પાણીને અટકાવનારો, ઉદાન વાયુની ગતિનો નાશ કરનારો અને આકરા તાવવાળો જે મહા સોજો થાય છે તે ગલૌઘ કહે છે.

સ્વરઘ્નનું લક્ષણ–વાયુના માર્ગો કફથી દુષ્ટ થઈ જતાં અંધારૂ જોવામાં આવે, વારંવાર હાંફ થાય, ગળું સુકાય તથા અન્નાદિ ગળવામાં અશક્ત અને સાદો બગડી જાય તેને સ્વરઘ્ન કહે છે. આ રોગ વાયુના કોપનો છે.

માંસતાનનું લક્ષણ–કંઠમાં ફેલાયલો, લટકતો અને બહુ દુઃખ દેનારો જે સોજો ક્રમે કરીને ગળાને રૂંધિ નાખે છે તેને માંસતાન કહે છે આ. રોગ ત્રિદોષજન્ય છે, જેથી રોગી બચતો નથી.

વિદારીનું લક્ષણ–પિત્તના કોપવાથી ગળામાં બળતરા સહિત આકરી વેદનાવાળો, ઘણોજ રાતો અને ગંધાતો તથા ફાટતા માંસવાળો જે સોજો થાય છે તેને વિદારી કહે છે. માણસ જે પડખે વધારે સુતો હોય તે બાજુએ આ રોગ થાય છે.

ગળાના રોગોના ઉપાય.

જે રોહિણી મટે તેવી હોય તો તે માટે લોહી કઢાવવું યોગ્ય છે. અથવા ઉલટી કરાવવી, ધુમાડો પાવો, કોગળા કરાવવા અને નાસ આપવો તો રોહિણી મટે છે. **વાયુજન્ય** રોહિણી માટે લોહી કઢાવી પછી સૈંધવઆદિ લવણોથી પ્રતિસારણ કરવું. અને સ્નેહોના સ્હેવાય તેવા કોગળા વારંવાર કરવા. **કફની** રોહિણી માટે ઘરના ધુમાડાનો ધુંસ, સુંઠ, મરી અને પીપર એઓના ચૂર્ણથી પ્રતિસારણ કરવું. ધોળી ગરણી, વાવડીંગ અને નેપાળાનું મૂળ એઓના કલ્કથી પકાવેલા તેલમાં સિંધાલુણ નાખી તેનો નાસ લેવો. અથવા એઓનો કવળ પણ મુખમાં ધારવો. **પિત્તની** રોહિણી માટે લોહી કઢાવીને સાકર, મધ તથા ઘઉંલા એઓથી પ્રતિસારણ કરવું અને દ્રાખનો તથા ફાલસાનો કવળ મ્હોંમાં રાખવો. **કંઠશાલૂકમાં** લોહી કઢાવી તુંડકેરીની ચિકિત્સા પ્રમાણે ઉપાય કરવા અને એક વખત થોડું સ્નિગ્ધ ભોજન જમવું. **અધિજીવ્હ** માટે ઉપજીવ્હના ઉપચારો પ્રમાણે ઉપાયો કરવા. **એકવૃંદમાં** લોહી કઢાવ્યા પછી શોધનનો વિધિ કરવો. **વૃંદમાં** પણ તેવીજ ક્રિયાઓ કરવી. **ગિલાયુ** માટે શસ્ત્રક્રિયા કરવી. **કંઠવિદ્રધિ** માટે જો મર્મસ્થળમાં ન હોય અને સારી પેંઠે પાકી ગયો હોય તો તેને કાપી નાંખવો.

ગળાના રોગોના સામાન્ય ઉપાયો.

ગળાના રોગોમાં લોહી કઢાવી અને આકરો નાસ આપીને પછી ઉપાય કરવા. દારૂહળદર, તજ, લિંબડો, રસવંતી અને ઇંદ્રજવ એઓનો કવાથ કરીને પાવો. **અથવા** હરડેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવાથ કરી મધ સાથે પાવો, જેથી વાયુજન્ય ગળાના રોગો મટે છે. **અથવા** કડુ, અતિવિષ, દેવદાર, કાળીપાડ, મોથ અને ઇંદ્રજવ એઓનો ગૌમૂત્રમાં કાઢો કરી પીવાથી પિત્ત સંબંધી ગળાના રોગો મટે છે. **અથવા** મણકાંભાખ, કડુ, સુંઠ, મરી, પીપર, દારૂહળદર, પાતળી તજ, ત્રિફળા, મોથ, કાળીપાડ, રસવંતી, ધ્રો, અને તેજબળ એઓનું ઝીણું ચૂર્ણ કરી મધમાં કાલવી સેવન કરે તો કફ સંબંધી ગળાના રોગો મટી જાય છે. **અથવા** જવખાર, કાળીપાડ, તેજબળ, રસવંતી, દારૂહળદર અને પીપર એઓની ગોળી મધ સાથે બનાવી મ્હોંમાં રાખે તો સર્વ પ્રકારના ગળાના રોગો મટે છે. **ભાવપ્રકાશ.**

ગળાના રોગનો અધિકાર સમાપ્ત.

આખા મોહોડાના રોગનાં નિદાનો તથા સંખ્યા.

વાયુથી, પિત્તથી અને કફથી થએલા આખા મોહોડામાં ત્રણ રોગ થાય છે. એટલે જો વાયુથી થયો હોય તો-વેદનાવાળા ફોલ્લાઓથી ચારેકોર મ્હોં વ્યાપ્ત થાય છે. જો પિત્તથી થએલો હોય તો-બળતરાવાળા અને અત્યંત પીળા ઝીણા ઝીણા ફોલ્લાઓથી આખું મ્હોં ભરાઇ-વ્યાપ્ત થઇ જાય છે. જો કફથી થએલો હોય તો-થોડી પીડાવાળા, વહુર અને મ્હોંની ચામડીના જેવા રંગવાળા ફોલ્લાઓથી આખું મ્હોં વ્યાપ્ત થઇ જાય છે.

આખા મ્હોંના રોગો પૈકી જે જે અસાધ્ય રોગો છે તેઓનાં નામો.

હોઠના રોગોમાં માંસથી થએલો, લોહીથી થએલો અને ત્રિદોષથી થએલો એ ત્રણ રોગો મટતા નથી.

દાંતના રોગોમાં શ્યાવદંતક, દાલન અને ભંજનક એ ત્રણ મટતા નથી.

દાંતનાં પેઢાઓમાંના રોગોમાં ત્રિદોષથી થએલી નાડી-ભરનીગળ અને સૌષિર એ બે રોગો મટતા નથી.

જીભના રોગોમાં અલાસ મટતો નથી.

તાળવાના રોગોમાં તાલ્વાર્બુદ મટતો નથી.

ગળાના રોગોમાં સ્વરઘ્ન, વળય, વૃંદ, બલાસ, વિદારી, ગલૌઘ, માંસતાન, શતાઘ્ની અને ત્રણે દોષથી થએલી રોહિણી એ નવ રોગો મટતા નથી.

આ સઘળા રોગો માટે વૈદે પ્રથમ મટવું ઇશ્વરાધીન છે, એમ સ્પષ્ટ કહી પછી ઔષધ કરવું, પણ જો 'મટાડીશ' એવી હીંમત ધાલીને ઔષધ કરે તો અપયશ મળે છે.

આખા મ્હોંના રોગોના ઉપાય.

વાયુના મુખરોગમાં લુણ, ફટકડી વગેરેના કોગળા કે પ્રતિસારણ કરવાં. અથવા વાતહર વસ્તુઓના તેલથી કવળ કે નસ્ય આપવાં.

પિત્તના મુખ રોગ માટે પિત્તને હરનારાં ઔષધો કરવાં, પણ પ્રથમ રેચ વગેરેથી શરીરનું શંસોધન કરી પછી જેઠીમધ અને ખેરસારનો કવાથ કરી તેમાં મધ નાંખી તેના કોગળા કરવા. **અથવા** દુધને ઉનું કરી તેમાં થોડું મધ અને ઘી નાખી તેના કોગળા કરવા. મતલબમાં મધુર અને શીતળ ઉપચારો કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કફના મુખરોગ માટે ફુલાવેલ મોરથુથું અને ફટકડી વાટી તેનો મ્હોંના કોગળાઓ ઉપર લેપ કરવો અને લાળ ઝરવા દેવી.

ત્રિદોષના મુખરોગ માટે નસ વીંધાવી લોહી કઢાવવું. માથાનું વિરેચન આપવું અને મધ, મૂત્ર, ઘી. દુધ તથા શીતળતાવાળા બીજા પદાર્થોના કવળ કરવા.

અથવા જાઇનાં પાંદડાં, ગળો, દ્રાખ, ધમાસો, દારૂહળદર અને ત્રિફળાં એઓનો ક્વાથ કરી ઠંડો થયા પછી મધ નાખી તેના કોગળા કરવા, જેથી મ્હોં આવ્યું હોય તે મટી જાય છે. **અથવા** જાઇનાં પાન વારંવાર ચાવે વા, મ્હોંમાં રાખે તો મ્હોં આવ્યું મટી જાય છે. **અથવા** કાળીજીરી, ઉપલેટ અને ઇંદ્રજવ એઓને ચાવવાથી મોહોડાનું પાકવું, મ્હોમાંની ચાંદી અને મ્હોંની ખરાબ ગંધ દૂર થાય છે. **અથવા** કડવાં પરવળ (કે કડવાં તુરીયાં) નાં, લીંબડાનાં, જાંબુનાં, આંબાનાં અને જાઇનાં, એટલાનાં તાજાં-નવાં પાંદડાં લઇ ક્વાથ કરી મ્હોં ધોયા કરે તો મુખપાક મટી જાય છે. **અથવા** ત્રિફળાના ક્વાથમાં મધ નાખી કોગળા કરવા. **અથવા** દારૂહળદરના જાડા કરેલા સ્વરસમાં મધ નાંખી કોગળા કરવા કે ચોપડવા, જેથી મોહોડાના રોગ, લોહી બગાડ અને ભગંદર મટી જાય છે. **અથવા** સપ્તપર્ણ, વાળો, કડવાં તુરીયાં, મોથ, હરડે, કડુ, જેઠીમધ, ગરમાળો અને રતાંજલી એઓનો ક્વાથ કરી પીએ તો મ્હોંનો પાક મટી જાય છે. **અથવા** તલ, નીલુંકમળ, ઘી, સાકર, દુધ અને મધ એઓના કોગળા કરવાથી મ્હોં આવ્યું હોય તથા મ્હોં દાઝ્યું હોય તે સર્વ મટી જાય છે. **અથવા** બીજોરાના ફળની છાલ એકવાર ખાવામાં આવે તોપણ મ્હોમાંની ખરાબ [illegible] **મટે છે** અને અપાનવાયુ પણ શાંત થાય છે. **અથવા** હળદર, લીંબડાનાં પાન, જેઠીમધ અને નીલુંકમળ એઓથી પકાવેલા તેલના કોગળા કરે તો જરૂર મુખપાક મટી જાય છે. **ભાવપ્રકાશ.**

અથવા ખેરસાર, જાયફળ, બરાસ, દક્ષણી સોપારી, ચાતુર્જાત અને કસ્તૂરી એ સઘળાં તોલા તોલા ભાર લઇ ઝીણાં વાટી ખેરસારના ક્વાથમાં ચણા જેવડી ગોળીયો કરી મ્હોંમાં રાખે તો જીભ, હોઠ, દાંત, મ્હોં, કંઠ અને તાળવાના સઘળા રોગો મટી જાય છે. આ **ખદિરાદિવટી** કહેવાય છે. **અથવા** ખેરસાર, જાયફળ, કંકોલ, બરાસ કે ચીણીઓ કપૂર અને દક્ષણી સોપારી એ સઘળાં સરખાં લઇ વાટી પાણી સાથે ઘુંટી ગોળી વાળી મ્હોંમાં રાખે તો મ્હોંના સઘળા વિકારો મટી જાય છે. **અથવા** દારૂહળદર, ગળો, ચંબેલીનાં પાન, દ્રાખ, અજમો અને ત્રિફળા એઓનો ક્વાથ કરી તેના કોગળા કરે તો મુખપાક મટી જાય છે. **વૈદ્યરહસ્ય.**

મુખરોગનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજા ધિરાજ રાજ રાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપ સિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે ક્ષુદ્રરોગ, મસ્તક રોગ, નેત્ર રોગ, કર્ણ, નાક, મુખ, હોઠ, પેઢાં, દાંત, જીભ, તાળવા અને ગળા વગેરેના રોગોનાં નિદાન સંપ્રાપ્ત લક્ષણ તથા ઉપાય નિરૂપણ નામનો અઢારમો તરંગ સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ ઓગણીશમો.

———:(०):———

સ્થાવર જંગમ વિષ તણાં, ભેદ સ્થાન વળી ચિન્હ;
ઔષધ સહ ઓગણીશમો, લખ્યો તરંગ અછિન્હ.

ઝેરનો અધિકાર.

ઝેર બે પ્રકારનાં છે–એટલે એક સ્થાવર અને બીજું જંગમ કહેવાય છે. પોતાની મેળે ચલનશક્તિ કરી ન શકે તેથી ઉત્પન્ન થએલું તે સ્થાવર ઝેર અને ચાલતા પ્રાણીઓથી ઉત્પન્ન થનારૂં તે જંગમ ઝેર કહેવાય છે. સ્થાવર ઝેરનાં ૧૦ ઉત્પત્તિસ્થાનો છે અને જંગમ ઝેરનાં ૧૬ ઉત્પત્તિસ્થાનછે. તેનો વિવેચન નીચે પ્રમાણે:—

ઝાડના મૂળમાં, પાંનડાંઓમાં, ફળોમાં, ફુલોમાં, છાલમાં, દુધમાં, સારમાં, ગુંદમાં, ધાતુઓમાં અને કંદોમાં એમ સ્થાવર ઝેરને પેદા થવાનાં ૧૦ ઠેકાણાં છે.

કણેર વગેરેનાં મૂળીઆંમાં, કડવી દુધિલી વગેરેનાં પાનડાઓમાં, કુકડવેલા વગેરેના ફળોમાં, નેતર વગેરેના ફુલોમાં, ધોળી ચણોઠી વગેરેની છાલમાં, સારમાં તથા ગુંદમાં, થોર વગેરેના દુધમાં, હરતાલ વગેરે ધાતુઓમાં અને વછનાગ વગેરે કંદોમાં ઝેર રહેલાં છે.

જંગમ વિષ દૃષ્ટિમાં, શ્વાસમાં, દાઢમાં, નખમાં, મળમાં, મૂત્રમાં, વીર્યમાં, લાળમાં, સ્પર્શમાં, આંકડામાં, ગુદામાં, અધોવાયુમાં, યોનિમાં, હાડમાં, પિત્તામાં અને વાળોમાં એમ ૧૬ ઠેકાણે જંગમ ઝેર રહેલ છે–પેદા થાય છે.

મનુષ્યોની દૃષ્ટિમાં, દિવ્ય સાપોના શ્વાસમાં, કુતરા તથા શિયાળની દાઢોમાં, વાઘ–વરૂના નખોમાં, દેડગરોળીના મળમાં, તથા મૂત્રમાં, વાંદર તથા ઊંદરના વીર્યમાં, હડકાયા જનાવર તથા કરોળીઆ–ખડમાંકડીની લાળમાં, ગરમ વસ્તુ ખાનારી તથા વ્યભિચારીણી સ્ત્રીઓની યોનિમાં, ગરમ વસ્તુ ખાનારા તથા ગુદમૈથુન કરાવનારાઓની ગુદામાં, સર્પ વગેરેના હાડમાં, નોળીયા તથા માછલાના પિત્તામાં, ભમરા–માખી–વીંછીના કાંટામાં, વાઘના વાળોમાં, અને ચિત્રસર્પના સ્પર્શમાં, મળમાં, મૂત્રમાં, મ્હોંમાં, વિષ્ઠામાં તથા અધોવાયુમાં, એટલાં સ્થાનોમાં જંગમઝેર હોય છે.

સ્થાવર ઝેરના પ્રત્યેક્ સ્થળના ઝેરનાં ચિન્હો.

સ્થાવર વિષથી તાવ, હેડકી, દાંતોનું અંબાવું, ગળાનું પકડાવું, મુખે ફીણનું આવવું, ઉલટી, અરૂચિ, શ્વાસ, મૂર્છા અને વિકળતા થાય છે; પરંતુ કયું સ્થાવર વિષ છે? એ પારખવાની રીત નીચે પ્રમાણે:—

ઝાડનાં ઝેરી મૂળીયાં ખાવામાં આવ્યાં હોય કે ખવરાવ્યાં હોય તો એટલા ચડે, મોહ થાય અને બકવા થાય છે.

ઝેરી પાનડાં ખાધાં કે ખવરાવ્યાં હોય તો તેથી બગાસાં, ધ્રુજારો અને શ્વાસ થાય છે.

ઝેરી ફળો ખાધાં કે ખવરાવ્યાં હોય તો અંડકોષમાં સોજો, બળતરા અને ખાવા ઉપર અભાવો થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઝેરી ફુલો ખાધાં કે ખવરાવ્યાં હોય તો ઉલટી, આફરો અને મૂર્છા થાય છે.

ઝેરી છાલ, સાર (વ્હેર લાકડું) તથા ગુંદ ખાધાં કે ખવરાવ્યાં હોય તો, મ્હોંમાં દુર્ગંધ, માથામાં પીડા, શરીરમાં લુખાસ અને કફનું પડવું થાય છે.

ઝેરી દુધ ખાધાં કે ખવરાવ્યાં હોય તો, મ્હોંમાં ફીણ, ઝાડાનું થવું અને જીભનું ભારેપણું થાય છે.

સોમલ, હરતાલ વગેરે ધાતુઓ ખાધી કે ખવરાવી હોય તો, છાતીમાં પીડા, મૂર્છા અને તાળવામાં બળતરા થાય છે.

અને કંદ-વછનાગ વગેરે ખાધા કે ખવરાવ્યા હોય તો, કંપારો, સ્તબ્ધતા, માથામાં પીડા, પેટનું વધવું, ઉલટી, હેડકી અને સોજો એટલાં ચિન્હો થાય છે.

કંદનાં ઝેરો વિના બીજાં નવ ઝેરો કાળાંતરે મરણ કરેછે, પણ સુશ્રુતમાં કહેલાં ૧૩ ભેદનાં કંદનાં ઝેરો તુરત પ્રાણ લઈ લેછે. **ભાવપ્રકાશ.**

ઝેરમાં સ્વાભાવિક દશ ગુણો છે.

લુખાપણું, ઉનાપણું, તીક્ષ્ણપણું, સૂક્ષ્મપણું, આશુપણું, વ્યવાયીપણું, વિકાશીપણું, વિશાદપણું, લઘુપણું અને અપાકીપણું એ દશ ગુણો ઝેરમાં હોય છે.

ઝેર લુખાપણાનેલીધે વાયુને કુપિત કરે છે, ઉષ્ણતાનેલીધે પિત્તને તથા લોહીને કોપાવે છે, તીક્ષ્ણપણાનેલીધે બુદ્ધિને બગાડે છે, તથા મર્મોના બંધને કાપી નાંખે છે, સૂક્ષ્મપણાનેલીધે અવયવોમાં પેસી જાય છે, આશુપણાનેલીધે શરીરમાં તુરત ફેલાય છે, વ્યવાયીપણાનેલીધે પ્રકૃતીને ફેરવી દે છે, વિકાશીપણાનેલીધે દોષોને, ધાતુઓને તથા મળોને ઉખેડી નાખે છે, વિશાદપણાનેલીધે ભારે જોર કરે છે, લઘુપણાનેલીધે માંડ માંડ ઉપાયને તાબે થાયછે અને અપાકીપણાનેલીધે મહા મુસીબતે પચે છે. આવા ગુણોનેલીધે ઝેર લાંબા વખત સુધી દુઃખદાયી થઇ પડે છે.

શુદ્ધ સ્થાવર વિષના ગુણ.

શુદ્ધ કરીને સ્થાવર વિષ ખાવામાં આવે તો લુખા, ઉના અને તીખા ગુણોને લીધે સૂક્ષ્મ ગુણ આપે છે, વિષયને વધારે છે, શરીરના સઘળા ભાગોમાં તુરત ફેલી જાય છે, સતેજતા અને અપરિપકવતાપણાથી તુરત અમલ કરી વધારે વખત ટકે છે.

ઝેરી શસ્ત્રના વાગવાથી થતાં ઝેરનાં ચિન્હો.

જે શસ્ત્રને ઝેરી પાણી પાએલ હોય અને તે શસ્ત્રનો ઘા વાગ્યો હોય તો તે જખમ તુરત પાકે છે, તેમાંથી લોહી વહ્યા કરે છે, વારંવાર પાકે છે, ઘામાંથી કાળું કહોવાળું પચુંજ ગંધાતું માંસ સડીને ખર્યા કરે છે, તરશ લાગ્યા કરે, બાહાર તાપ થાય, અંદર પણ બળતરા બળે અને બેભાન થયા કરે છે.

જેણે દ્વેષભાવથી ઝેર ખવરાવ્યું હોય તે દુષ્ટને પારખવાની યુક્તિ.

કોઇ માણસે કોઇનો ઘાત કરવા ઝેર ખવરાવ્યું હોય તો, અભિપ્રાયસૂચક ચેષ્ટાઓથી, વાણીથી, મ્હોંના ચ્હેરાથી ઝેર દેનાર વરતાઇ આવે છે. કોઇ સ્હેજ પૂછવા છતાં પણ ધભરાઇ જઇ ઉત્તર દઇ શકે નહીં, બોલવાનું મન કરે પણ મુંઝાયા કરે, કદાચ બોલે તો મૂર્ખની પેઠે બડબડ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવું બોલે, આંગળીઓના ટચાકા ફોડે, નખથી ભોંય ખોતરે, વિનાકારણે હસે, કૂજન કરે, બીહીતો બીહીતો એક બીજા સ્હામું જોયા કરે, મ્હોં શ્યામ પડી જાય, નાસી જવાના લાગ ખોળે, આમ તેમ વારંવાર જોતો ચમકતો રહ્યા કરે અને કંગાળપણાથી વિપરીત રીતે વર્તેછે.

જંગમ વિષનાં સાધારણ ચિન્હો.

જંગમ ઝેરથી, નિદ્રા, ઘેન, ગ્લાનિ, બળતરા, રોમાંચ, સોજો, અતિસાર અને પાકવાપણું જણાય તો જાણવું કે જંગમ વિષ ખાવામાં આવેલ છે.

અત્યંત તીક્ષ્ણ જંગમ વિષ પૈકી સર્પોના વિષનો વિચાર.

મુખ્યત્વે કરી ભોગી, મંડળિ અને રાજિલ એમ ત્રણ જાતના મહા ઝેરી સર્પ હોય છે. તેમાં ભોગી વાયુ પ્રકૃતિવાળો, મંડળિ પિત્ત પ્રકૃતિવાળો અને રાજિલ કફપ્રકૃતિવાળો હોય છે, સર્પોની જાતિની ઓળખાણ માટે **સુશ્રુત** અને **ચરક** સંહિતા જુવો.

ભોગી જાતનો સાપ કરડ્યો હોય તો તે દંશની જગ્યો કાળી થઇ જાય છે અને તેને વાયુ સંબંધી વિકારો થાય છે. મંડળિ જાતના સર્પદંશથી ડંખની જગ્યો પીળા સોજાયુક્ત કોમળ હોય છે અને પિત્તના વિકારોને ઉત્પન્ન કરે છે. અને રાજિલ સર્પના દંશથી ડંખની જગ્યોએ સ્થિર સોજો, ચીકણો, પાંડુ, સ્નિગ્ધ, અત્યંત જાડા લોહીવાળો અને સઘળા કફ સંબંધી વિકારો યુક્ત હોયછે.

કયા સ્થળમાં અને કયા કાળે સર્પ કરડે તો અનિષ્ટ છે?

પીપળાના ઝાડ હેઠળ, દેવમંદિરમાં, શ્મશાનમાં, રાફડામાં, ચોવાટમાં, સંધ્યા વખતે, ભરણી નક્ષત્રમાં, તથા મઘા નક્ષત્રમાં સાપ કરડ્યો હોય તો તે માણસ ભાગ્યેજ બચે છે.

દર્વીકર સર્પોનાં ઝેર તથા લક્ષણ વિષેનો વિચાર.

દર્વીકર સાપનું ઝેર તુરત માણસના પ્રાણ લઇ લે છે. તે સાપ વરસાદના, વાયરાના અને તાપના સંયોગથી બમણા ઝેરવાળા થાય છે. જે સાપો ચક્રના, હળના, સાથીયાના કે અંકુશના જેવા ચિન્હોવાળા હોય તથા ફણવાળા હોય અને ઉતાવળી ગતિવાળા હોય તે દર્વીકર સાપ કહેવાય છે.

કોને કોને સાપ કરડયો હોય તો જીવવાની આશા છોડી દેવી?

અજીર્ણથી પીડાતાને, પિત્તથી પીડાતાને, તડકાથી પીડાતાને, બાળકને, વૃદ્ધને, ભૂખ્યાને, ક્ષીણ થએલાને, ક્ષતવાળાને, પ્રમેહરોગીને, કોઢીઆને, લુખા શરીરવાળાને, નિર્બળને, ગર્ભિણીને, અને ધાયલને સાપ કરડ્યો હોય તો તુરત મરી જાય છે. વળી ટાઢું પાણી છાંટતાં છતાં પણ રૂંવાડાં ઉભાં થતાં ન હોય, મ્હોં વાંકું થઇ ગયું હોય, વાળ નીકળી પડતા હોય, નાક નમી ગયું હોય, ડોક નાખી દેતો હોય, ડંખને ઠેકાણે કાળો કે રાતો સોજો હોય, બન્ને જડબાં સજ્જડ થઇ ગયાં હોય, ધન–જાડી ઉલટી કરતો હોય, નાક, મ્હોં, ઇંદ્રિ તથા ગુદા વાટે લોહી નીકળતું હોય, ચારે દાઢો બેઠેલી હોય, લ્હેરો આવતી ન હોય, તાવ અતીસારથી પીડાતો હોય બોલવામાં અસમર્થ હોય અને કાળાવર્ણવાળો ચ્હેરો થઇ ગયો હોય તો તેના જીવનની આશા છોડી દેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૂષિ વિષનાં લક્ષણો.

જે ઝેર અત્યંત જુનું થઇ ગયું હોય અથવા ઝેરનો નાશ કરનાર ઓષડોએ જેનું જોર ઓછું કરી નાંખ્યું હોય અથવા દવથી, વાયુથી કે તડકાથી સુકાઇ ગયું હોય અથવા એની મેળેજ દશ ગુણોમાંથી એક બે કે ત્રણ ગુણ ઓછા થઇ ગયા હોય તેને દૂષિ વિષ કહે છે. એ દૂષિ વિષ થોડી શક્તિવાળું હોવાથી માણસ તેનાથી મરી જતું નથી, પણ લાંબા વખત સુધી રીબાય છે, ઝાડો પાતળો થાય, શરીરનો વર્ણ બદલાઇ જાય, વિરસતા, બેચેની, તરશ, બેભાની, ભ્રમ, કુચેષ્ટા, બોલવામાં ગદ્ગદપણું અને ઉલટી વગેરે વ્યાધિઓ થયા કરે છે. દૂષિવિષની[1] વિશેષ માહેતી માટે સુશ્રુત ભાવપ્રકાશાદિનું અવલોકન કરો.

ઝેરી ઊંદર કરડયાનાં લક્ષણ.

જ્યાં ઝેરી ઊંદર કરડયો હોય ત્યાં પાંડુવર્ણવાળું લોહી આવે, ઢીમડાં થાય, તાવ આવે, અરૂચિ થાય, રૂંવાડાં ઉભાં થઇ જાય અને બળતરા થાય છે.

પ્રાણ લેનારા ઊંદરના ઝેરનું કામ.

જે **ઊંદર**ના કરડવાથી મૂર્છા, અંગોમાં સોજો, વર્ણનું બદલાવું, કલેદ, બેહેરાપણું, તાવ, માથામાં ભારેપણું, લાળનું ઝરવું અને લોહીની ઉલટી થવી તથા ઊંદરના આકાર જેવોજ સોજો થાય, તે પ્રાણહર ઊંદરવિષ કહેવાય છે.

કાચંડો કરડયો હોય તો–સોજો, કૃશતા અનેકવર્ણનું દેખાવાપણું થાય તથા મોહ થાય અને ઝાડો થયા કરે છે.

વીંછીના ઝેરનું લક્ષણ–વીંછીના કરડથી ભાગ્યેજ અજાણ્યું હશે; તદપિ જે વિશેષ જાણવા યોગ્ય છે તે જણાવવાની જરૂર છે. એટલે વીંછીનો ડંખ થતાં અગન બળે, જલદીથી ઝેર ઉંચે ચઢે, અંગોને ભેદનારી વ્યથા કરે અને અમુક વખતે પાછી ડંખમાંજ વેદના આવી રહે છે એ તો સહુકો જાણે છે, પણ જે વીંછીના ડંખથી નાક તથા જીભ પોતપોતાનાં કામ બજાવી શકે નહીં એવી વેદના થાય, માંસો અત્યંત પક્કા કરે અને વેદનાથી પ્રાણ નીકળી જાય તેને પ્રાણહર વીંછીનું વિષ કહે છે.

ઝેરી દેડકો કરડયો હોય તો–ડંખમાં એકજ દાઢ ઉઠેલી હોય છે, વેદના સહિત પીળો સોજો થાય છે, તરશ લાગ્યા કરે છે, ઉંઘ આવે છે અને ઉલટી થાય છે.

ઝેરી માછલું કરડયું હોય તો–બળતરા, સોજો અને વેદના થાય છે.

ઝેરી જળો કરડી હોય તો—ચળ, સોજો, તાવ અને મૂર્છા આવે છે.

ઝેરી કેઢગીરોળી કરડી હોય તો–બળતરા, સોજો, સોયો ભોંકાયા જેવી વ્યથા અને અંગોમાં પરસેવો થાય છે.

કાનખજૂરો કરડયો હોય તો–ડંખની જગ્યોએ પરસેવો થાય છે, વેદના થાય છે અને બળતરા થાય છે.

મચ્છર કરડયો હોય તો–ચળવાળો અને થોડી વેદનાવાળો જરાક સોજો આવે છે. પણ અસાધ્ય (વગડાઉ) મચ્છર કરડયો હોય તો લૂતાના ઝેર સમાન ચિન્હો થાય છે.

ઝેરી માખી કરડી હોય તો–ડંખની જગ્યો કાળી, બળતરાવાળી, મૂર્છા અને તાવ સહિત ફોલ્લી થાય છે. સુશ્રુતે ૭ પ્રકારની માખી કહી છે તેમાં સ્થગિકા નામની મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખ્યાં તુરત પ્રાણ લેનારી છે.

વાઘ, ચિતરા વગેરે કરડયા હોય તો-સોજા સહિત પાકવાળો ઘા થાય છે, તેમાં થી પરૂ વહે છે અને તાવ પણ આવે છે. જો ચાર પગા જનાવરના નખ અથવા જંગલી માણસોના નખ, દાંતો વગેરેથી જખમ થાય તો તેમાં પણ ઉપર પ્રમાણેજ ચિન્હ હોય છે.

હડકાયાં કુતરાં, શિયાળ કે વાઘ વગેરે હડકાયાં થયાં હોય કે તે કરડયાં હોય તેનું લક્ષણ.

કુતરાના કફાધિક દોષો જ્ઞાનતંતુઓને નષ્ટ કરી તેના ધાતુઓને ફાડી નાખે છે, તે યોગથી તેના મોહોડામાંથી લાળ ગળે છે અને તે આંધળો કિંવા બેહેરો થઇ આણીકોર તેણીકોર દોડે છે તથા તેનું પુંછડું, હડપચી, કાંધ અને માથું નીચું નમી જાય છે. માથું દુખ્યા કરે અને મોહોડું નમી જાય ત્યારે જાણવું કે કુતરૂં, શિયાળ કે વાઘ વગેરે હડકાયાં થએલાછે.

હડકાયાં કુતરાં વગેરે જેને કરડ્યાં હોય તેને કરડ્યાને સ્થળે બેહેરાશ થઇ જાય છે, કાળું લોહી નીકળે છે, હાથ તથા માથામાં દુખાવો થાય છે, તાવ આવે, અંગ જડ-શૂન્ય થઇ જાય અને તરશ તથા મૂર્ચ્છાયુક્ત હોય છે.

આજ પ્રમાણે સાપ, ખચ્ચર, ઘોડો, રીંછ, ચિત્રો અને વરૂ વગેરેને હડકવા હાલ્યો હોય અને કોઇને કરડે તો ઉપર પ્રમાણેજ લક્ષણો થાય છે, ઝેરી દાઢ હોય તો ખરજ, સોંયો ઘોંચાયા જેવી પીડા, શરીરના વર્ણનું બદલાવું, શૂન્યતા, ચીકણો પરસેવો, તાવ, ફેર, બળતરા, રતાશ, વેદના, પાકવું, સોજો, ગાંઠ થાય, ફાટો પડી જાય તથા ત્યાં ફોલ્લા થાય, માંસના લોચા નીકળવા લાગે અને ચકાંમાં પડી જાય તો ઝેરી દાઢ જાણવી તથા આથી વિપરીત ચિન્હો હોય તો ઝેર વગરની દાઢ જાણવી.

ઉપર કહેલાં જનાવરોમાંથી જે જે જનાવર કરડયું હોય તે તે જનાવર જેવાજ ચાળા કરે છે, તેના જેવી ચીસો પાડે છે અને જે જનાવર કરડયું હોય તેનોજ તે માણસ દર્પણ તથા પાણીમાં પ્રતિબિંબ દેખે તો તે મરી જાય છે.

જે પુરૂષને હડકાયું જનાવર ન કરડયું હોય છતાં પાણીના અડવાથી, પાણીના શબ્દથી કે જોવાથી ડરે તો તેના ઉપચાર ન કરવા; કેમકે તેને જળસંત્રાસ વિષ પ્રાપ્ત થએલ છે. એમ સમજવું. એમ **વાગ્ભટ**નું કહેવું છે.

સ્થાવર ઝેરના ઉપાય.

સ્થાવર વિષ વાળાને ઉલટી કરાવવી. વિષ વાળાને વમન જેવો એકે ઉપાય તાત્કાલિક ગુણ કર્ત્તા નથી. વિષ બહુ ગરમ અને તીક્ષ્ણ છે માટે સર્વ ઝેર ઉપર હમેશાં ઠંડા ઉપાયો કરવા. **અથવા** ઝેરને હરનારી ઔષધીઓ મધ અને ઘી સાથે તેજ વખતે પાવી. ખારો રસ ખાવા આપવો અને મરીનું ચૂર્ણ શરીરે ચોળાવવું અને ભોજનમાં સાઠીચોખા, કોદરા તથા સિંધાલૂણ આપવું. જેજે ઝેરનાં અનેજે જે દોષનાં અધિક ચિન્હ જણાય તેને તે તે દોષોથી વિપરીત ગુણોવાળા ઉપાયો કરવા. (જેમ **હાયડ્રેટકલોરલ** શરીરની ઇંદ્રિયોને શિથિલ-શીતળ કરનાર છે તો તેના ઝેરને શાંત કરવા તેથી વિપરીત ગુણવાળું **નકસવોમિકા** યોગ માત્રાએ આપવું; કેમકે એનો ગુણ નસોને ઉષ્ણ અને તંગ કરવાનો છે. એમ પ્રત્યેક વિપરીત ગુણોવાળાં ઓસડો એક એકના ઉપર વિચારીને કુશળતા સાથે આપવાં.) **અથવા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરસડીયાનાં પાંચે અંગને ગોમૂત્રમાં વાટી લેપ કરે તો, ઝેર મટી જાયછે. **અથવા** પીપર, રોહિસનાં ફુલ (રોહીસ ન મળે તો વાળો લેવો.), જટામાંસી, લોદર, મ્હોટી એળચી, સાજીખાર, મરી, વાળો, સોનાગેરૂ અને ન્હાની એળચી એઓનો કવાથ કરી ઠંડો થયે તેમાં મધ નાખી પીવાથી દૂષિ વિષ મટી જાય છે. દૂષિ વિષ વાળાને સારીપેઠે સ્નિગ્ધ કરી તથા ઉલટીથી રેચથી શોધિત કરીને પછી આ ઉપાયો આપવા. **ભાવપ્રકાશ. અથવા** તાંદળજાનાં મૂળીઆં ચોખાના ધોવણમાં વાટી ત્રિકટુના **ચૂર્ણ** સાથે પીવાથી મનુષ્ય વિષ રહિત થાય છે. **વૈદ્યરહસ્ય.**

જંગમ ઝેરના ઉપાય.

હરડે, ગોરૂચંદન, રૂપલેટ, આકડાનાં પાન, કમળ, બરનાં મૂળ, નેતરનાં મૂળ, વછનાગ, વા અરીણુ, ધોળું નસોતર, ઇંદ્રજવ, મહુડ, સનોધમાસો, શતાવરી, શિંગોડાં, રીસામણિ, અને કમળના કેસરા. એઓનો કલ્ક કરી ચોગણા પાણીમાં **અથવા** દુધમાં તે કલ્ક નાખી ધીમા તાપથી ઘી પકાવવું. સારી રીતે ઘી પાકી રહે ત્યારે ઉતારી ઠંડુ થયા પછી ઘીના જેટલુંજ મધ નાખીને સારી માવજત સાથે સુંદર પાત્રમાં ભરી રાખવું. આ **મૃત્યુપાસ-ચ્છેદી ઘૃત** ઝેરના દોષથી થએલાં સર્વ દુઃખોને અને ઝેરોનો નાશ કરે છે. અંજનમાં, ચોળવામાં, પીવામાં, પિચકારીના ઉપયોગમાં લેવામાં આવેલું આ ઘી સ્પર્શમાત્રથી ઝેરથી ખરાબ થએલી ચામડીને સાફ કરી નાંખે છે. તથા કૃત્તિમ-બનાવટી ઝેર, તમક નામનો શ્વાસ, વલુર, માંસસાદ, બેભાનપણું અને સર્પ, ઊંદર, કીડી, કરોળીયાદિના ઝેરનો આ ઘૃત ઉત્તમ પ્રકારે નાશ કરે છે. **ભાવપ્રકાશ. અથવા** ઘી, મધ, માંખણ, પીપર, આદું, મરી અને સિંધાલૂણ એઓને એકઠાં વાટી પીએ તો ઘોર તક્ષક નાગનો કરડેલો પણ (મનુષ્ય) બચે છે. **વૈદ્યરહસ્ય. અથવા** સરસડીઆના ફુલોના રસમાં ધોળાં મરી (સરગવાનાં બીજ) ૭ દિવસ સુધી ભીંજવી રાખી તેનું અંજન રેડ વા નાસ દે કે પીએ તો તેથી સાપનું ઝેર નાશ થાય છે. **અથવા** ધોળી સાટોડીની જડ પુષ્પ નક્ષત્ર અને રવિવારનો યોગ હોય તે દિવસે વિધિપૂર્વક લાવી ચોખાના ધોવણ સાથે પુષ્પાર્કે પીએ તો વિષવાળાં જનાવરોનાં વિષ એક વર્ષ સુધી તેને પરાભવ કરી શકતાં નથી. **ચક્રદત્ત.**

વિંછુના ડંખ ઉપર–નેપાળાને પાણી સાથે ઘસી તેનો લેપ કરે તો તેજ વખતે વીંછીનું ઝેર મટે છે. **અથવા** નવસાદર, અને હરતાલ પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડે તો વીંછીનું ઝેર ઉતરે છે. **અથવા** પીપર અને સરસડીયાનાં બીજને બકરીના દુધમાં ઘસી ડંખ ઉપર ચોપડે તો વીંછીનું ઝેર મટે છે.

ॐआदित्य रथवेगेन विष्णुबाहुबलेनच सुपर्ण पक्षवातेन भूम्यांगच्छहा विष.

ॐपक्ष योगिपादाज्ञा श्री शिवोत्तम प्रभुपादाज्ञा भूम्यां गच्छ महा विष.

આ મંત્રો વડે ૨૧ વાર વીંછીના ડંખની જગ્યોએ હાથ ફેરવે તો તુરત વિષ નાશ પામે છે. **વૈદ્યરહસ્ય.**

કણેરનું ઝેર ચઢયું હોય તો–હળદરને દુધમાં વાટી સાકર મેળવી પાવી.

ધંતુરાનું ઝેર ચઢ્યુ હોય તો–તાંદળજાનાં મૂળીયાં અથવા ગળો કે કપાસના પાંચે અંગને ઘુંટીને પીવાં.

આકડાનું ઝેર ચઢયું હોય તો, તલ અને ધ્રોને બકરીના દુધમાં વાટી લેપ કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૌવચનું વિષ ચડ્યું હોય તો, ઘી ચોળવું.

ભિલામાનું વિષ કે ભીલામાના દાગ પડ્યા હોય તો, ૧૦૦ વાર ધોએલું ઘી ચોળવું.

માખીનું ઝેર ચડ્યું હોય તો, કેસર, તગર અને સુંઠ એઓને પાણીમાં ઘુંટીને લેપ કરવો.

મધના ભમરા ભમરી કરડેલ હોય તો, સુંઠ, પાળેલા કબૂતરની હગાર, બીજોરાનો રસ, હરતાલ, અને સિંધાલૂણ એઓને વાટી લેપ કરવો.

ઊંદરના ઝેર માટે-ઘરનો ધુંસ, મછઠ, હળદર અને સિંધાલૂણનો લેપ કરવો, જેથી ઊંદરનું ઝેર મટે છે. **અથવા** તુરીયાં કે સાકરનો લેપ કરવાથી પણ ઊંદરનું ઝેર મટે છે.

દેડકાનું ઝેર ચડ્યું હોય તો સરસડીઆનાં બીજને થોરના દુધમાં ઘુંટી લેપ કરવો.

કાનખજૂરો કરડયો હોય તો દીવાનું તેલ ચોપડવું, **અથવા** હળદર, દારૂહળદર, ગેરૂ અને મણશીલ એઓનો લેપ કરવો જેથી કાનખજૂરાનું ઝેર મટે છે.

સાપના ઝેર માટે નેપાળાનાં ૭ બીજ લીંબુમાં ભરી ૭ દિવસ રાખી મુકવા. ફરી ૭ દિવસ પછી બીજા લીંબુમાં તે દાણાને ઘાલી અને ૭ દિવસ રાખી મુકવા. એમ ૭ લીંબુમાં ૭-૭ દિવસ લગી રાખી મુકવા. પછી તે નેપાળાને માણસની લાળમાં ઘસી ડંખના ઉપર ચોપડે તો સાપનું ઝેર જરૂર ઉતરે છે. પણ દરેક વખતે લીંબુ બદલતી વખતે નેપાળાને તડકે સુકવી પછી બીજા લીંબુમાં ઘાલવા. **વૈદ્યરહસ્યનો** કર્તા કહે છે કે-આ પ્રયોગ મેં યોગી મહાત્માથી સંપાદન કરીને સારી પેંઠે અનુભવેલો છે.

હડકાયું કુતરૂં વા હડકાયું જનાવર કરડ્યું હોય તો-તે ડંખના સ્થાનનું લોહી કાઢાડી નંખાવી લોહાની શળી ઉની કરી તે સ્થાનને ડાંભી દેવું. **અથવા** ધંતુરાનાં તથા ઊંબરાનાં ફળોને ચોખાના ધોવણમાં ઘુંટી તેમાં ધંતુરાના પાનડાનો રસ, દુધ, ઘી, ગોળ મેળવી ૪ તોલાભાર પીએ તો હડકાયા કુતરાનું ઝેર મટે છે. **અથવા** ધંતુરાનાં બીજ સહિત ફળોને ચોખાના ધોવણમાં ઘુંટી લેપ કરે તો હડકાયા કુતરાનું ઝેર મટી જાય છે. **અથવા** ગલજીભીનો રસ ચોપડે તો હડકાયા કુતરાનું ઝેર મટી જાય છે. **અથવા** મીંદળને ઘસીને ચોપડવાથી પણ હડકાયા કુતરાનું ઝેર મટે છે. **વૈદ્યરહસ્ય.**

॥ ॐ अलर्काधिपते यक्ष सारमेय गणाधिप अलर्कं जुष्टमेतन्मे निर्विषं कुरु माचिरात् स्वाहा ॥

આ મંત્રવડે નદીને કીનારે અથવા ચાર રસ્તા વચ્ચે સ્નાન કરાવી ચોકો-અબોટ દેવડાવી પોતે પવિત્ર થઇ, ખોળ, કાચું માંસ, તથા દહી, ફુલમાળા રાખી બળીદાન દઇ ૧૦૮ આહૂતિઓ આપવી. પછી ડાભથી આ મંત્રવડે ઉંજણી નાખવી તો, હડકાયા કુતરાનું ઝેર ઉતરે છે. **સુશ્રુત. અથવા** ગોળ, શેકેલા તલ, આકડાનું દુધ અને ગોળ એઓનો લેપ કરવાથી વા, પાણી સાથે ઘુંટીને પીવાથી હડકાયા કુતરાનું ઝેર મટે છે. **વાગભટ. અથવા** કુકડાની હગારને વાટી લેપ કરવાથી હડકવા મટે છે. **અથવા** કુમારપાઠાનો ગર્ભ, અને સિંધાલૂણને ઘુંટી ૫ દિવસ બાંધે તો હડકાયા કુતરાનું ઝેર મટે છે. **અથવા** તાંદળજાનું મૂળ તુલસીની જડ અને વચ એઓને ચોખાના ધોવણમાં વાટી ૭ દિવસ પીવાથી હડકાયા કુતરાનું ઝેર મટે છે. **અથવા** તાંદળજાના મૂળનો રસઅને દારૂડીના મૂળના રસમાં ઘી મેળવી ૭ દિવસ પીએ તો હડકાયા કુતરાનું ઝેર મટે છે. **અથવા** કડવી તુંબડીની જડ, સુંઠ, મરી અને લીંબડાની લીંબોળી એ ૪-૪ ભાગ લેવાં અને શોધેલા નેપાળા ૯ ભાગ, તથા નસોતર ૭ ભાગ લઇ સર્વને વાટી ગોળ સાથે ગોળી બાંધી યોગ્યમાત્રાએ ઉના પાણી સાથે ૭ વા ૧૪ દિવસ ખાય તો હડકાયા કુતરાનું

૪૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઝેર મટેછે. **અથવા** કડવી તુંબડીનું મૂળ, હિંગળોક, શુદ્ધ કરેલા નેપાળા, મરી, અને ફુલાવેલો ટંકણ એ સર્વે બરાબર લઇ વાટી તાંદળજાના રસમાં ઘુંટી ગોળી બાંધી ઉના પાણી સાથે ૭ દિવસ ખાવ અને જ્યાં કુતરૂં કરડયું હોય ત્યાં એ ગોળી મૂત્ર સાથે ઘસી ચોપડે તો હડકાયા કુતરાનું ઝેર નાશ પામેછે."

સોમલનું ઝેર ચઢયું હોય તો તાંદળજાનો રસ સાકર સાથે પીવો.

અફીણનું ઝેર ચઢયું હોય તો-કપાસનું મૂળ ઘસીને પાવું. **અથવા** સિતાફળીનાં પાદડાં ઘુંટીને પાવાં. **અથવા** ખાધેલા અફીણથી બમણી ચોખી હિંગ પાવી. **અથવા** મોટી રીંગણીનો રસ ૪ તોલા લઇ દુધની સાથે પાવાથી. **અથવા** છાશને મીઠું પાવાથી અફીણનું ઝેર ઉતરી જાય છે. પણ પ્રથમ ઉલટી કરાવી ખાવામાં આવેલું ઝેર તમામ નીકળી જાય તેમ કરી પછી ઉક્ત કહેલા ઉપાયો કરવા. **કૈસવકલ્યાણ.**

ધંતુરાનું ઝેર ચઢયું હોય તો કપાસનાં ફૂલ પાણીમાં ઉકાળીને પીવાં. **અથવા** વંસાકનાં બીજને ઉકાળી તેનો ૪ તોલા ભાર કવાથ પાવો. **વૈદ્યવલ્લભ.**

સર્વ પ્રકારના વિષ માટે-કાળાંમરી, લાંબડાનાં પાદડાં, સિંધાલૂણ, ઘી અને મધ એઓને એકઠાં ઘુંટી પીવાથી સ્થાવર તથા જંગમ વિષનો નાશ થાય છે. **અથવા** શોધેલો વછનાગ, ફુલાવેલો ટંકણ, મરી અને શોધેલું મોરથુથું એ સઘળાંને સમાન લઇ વાટી ભં-ગ્રાળના રસમાં સારીપેઠે ઘુંટી ચાર ચાર માષાની ગોળીઓ કરવી. આ ગોળી મનુષ્યના મૂત્ર કે ગોમૂત્ર સાથે સેવન કરવાથી સર્વ પ્રકારનાં ઝેર-સર્પદંશ-કંદવિષ-કૃત્રિમ વિષ વગેરે સર્વે વિષનો નાશ કરે છે-આ **વજ્રપાત** રસ કહેવાય છે. **વૈદ્યરત્ન.**

વિષરોગીનાં પથ્યાપથ્ય.

સાઠીચોખા, કોદરા, કાંગ, તાંદળજો, ડોડી, પરવળ, આંબળાં, દાડિમ, મગનું યૂષ, વ-ટાણાનું યૂષ, મોરનું, ઘેંટાનું, તેતરનું, લાવાંનું, અને પૃષત હરિણ એઓનાં માંસ ઝેરવાળા રોગીને હિતકારી છે.

વિરોધી ભોજન, ક્રોધ, ભૂખનો વેગ, થાક, મૈથુન અને દાહાડે સુવું એટલાંનો વિષ ઉતરી ગયા પછી પણ કેટલાએક વખત ત્યાગ લગી કરવો.

વિષનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રીમન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે સ્થાવર જંગમાદિ વિષના ભેદ ચિન્હ અને ઉપાય નિરૂપણ નામનો ઓગણીશમો તરંગ સંપૂર્ણ.

---:o:---

તરંગ વીશમો.

યોનિરોગ વળી ગર્ભના, પુત્રદ પ્રસવપ્રયોગ;
સુવારોગ એ સર્વના, હેતુ ચિન્હ સદયોગ.

પ્રદરાદિ સ્ત્રીરોગનો અધિકાર.

પ્રદર રોગની ઉત્પત્તિ-વિરોધી ભોજન કરવાથી, દારૂ પીવાથી, જમ્યા ઉપર જ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મત્તાથી, અજીર્ણથી, ગર્ભના પડવાથી, અતિ મૈથુનથી, વાહનો ઉપર અત્યંત બેસવાથી, ઘણો પંથ કરવાથી, અતિ કર્ષણ કરવાથી, ઘણો ભાર ઉપાડવાથી, અભિઘાતથી, દિવસે સુવાથી, અને કોઇ પ્રકારનો માર વાગવાથી સ્ત્રીઓને વાત, પિત્ત, કફ કે ત્રિદોષ કુપિત થવાથી પ્રદરરોગ (યોનિ માર્ગેથી ધાતુનું વેહેવું તે રોગ) થાય છે.

પ્રદર રોગની સંખ્યા–એ પ્રદરરોગ, વાયુનો, પિત્તનો, કફનો અને ત્રિદોષનો એમ ચાર પ્રકારનો છે.

પ્રદરનું સાધારણ લક્ષણ–સ્ત્રીઓની યોનિમાંથી અનેક રંગનું લોહી અટકાવ-ઋતુ વિનાજ વહ્યા કરે તથા હાડમાં, કેડમાં કળતર અને આખા શરીરમાં સણકા આવ્યા કરે તે રોગને પ્રદર કહે છે.

ચારે પ્રકારના પ્રદરનાં લક્ષણો.

વાયુના પ્રદરમાં–લુખું, રાતું, ફીણવાળું, પીડા સહિત અને માંસના ધોવણ જેવું થોડું થોડું લોહી વહ્યા કરે છે.

પિત્તના પ્રદરમાં–પીળા, નીલા, કાળા તથા રાતારંગવાળું ઉનું અને પિત્ત સંબંધી બળતરાવાળું વેદના સહિત લોહી વારંવાર વહ્યા કરે છે.

કફના પ્રદરમાં–કાચા રસવાળું, શિમળાના ગુંદ જેવા રંગનું, ચીકણું, જરાક પાંડુપણાવાળું અને તુચ્છ ધાન્યના ધોવણ જેવું લોહી બહુ વહ્યા કરે છે.

ત્રિદોષના પ્રદરમાં–મધના, ઘીના, તથા હરતાલના જેવા વર્ણવાળું, મજ્જા જેવું અને મડદાના જેવા ગંધવાળું લોહી વહ્યા કરે છે–આ પ્રદર મટતો નથી.

લોહી બહુજ વેહેતાં થતા ઉપદ્રવો.

લોહી બહુ વહે તો દુર્બળતા, થાક, મૂર્છા, મદ, તરશ, બળતરા, બકવા, શરીરમાં ફીકાશ, ઘેન, અને વાયુથી થતા આક્ષેપકાદિ વાયુરોગો થાય છે.

પ્રદરનું અસાધ્ય લક્ષણ.

જે સ્ત્રીને આઠે પોહોર યોનિ માર્ગેથી લોહી વહ્યા–ઝર્યા કરે છે તથા તરશથી, બળતરાથી, તાવથી યુક્ત હોય અને નબળી, ક્ષીણ પડી ગએલા લોહીવાળી હોય તો તેનો પ્રદર મટતો નથી માટે ઉપાય કરવા વ્યર્થ છે.

શુદ્ધ રજસ્વળાપણાનું લક્ષણ.

જે સ્ત્રીનું યોનિમાર્ગેથી મહીનેને મહીને ચીકણા તાંતણા વગરનું, બળતરા વગરનું, શૂળ વગરનું, પાંચ રાતસુધી વેહેનારૂં, બહુ વધારે પણ નહીં તેમ બહુ ઓછું પણ નહીં એવું લોહી વહે તેને રજોદર્શન.–અટકાવ, અભડાવું–છેટે બેસવું–સ્ત્રીધર્મ.–ઋતુપ્રાપ્તિ અને રજસ્વળા થવું વગેરે વગેરે કહે છે.

લોહી વિશેષ વહે તો ૩ રાત, મધ્યમ વહે તો ૫ રાત અને સ્વલ્પ વહે તો ૧૬ રાત સુધી વહે છે અને એજ કારણેલીધે ઋતુકાળ ૧૬ દિવસલગી માનેલ છે–(કમળ ત્યાં લગી ખુલ્લું રહેછે અને સંતાન પ્રાપ્તિ થાય છે.) પણ જો એ મુદતથી વધારે વખત લોહી વહેતું જણાય તો તેને પ્રદર સમજી પ્રદરનાશક ઉપાયો કરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રદરરોગના ઉપાય.

સંચળ, શંખજીરૂં, જેઠીમધ અને નીલકમળનાં ફૂલ વા, કમળકાકડી. એ પ્રત્યેક પદાર્થો બાર બાર રતી ભાર લઇ એકઠા કરી તેઓને ૪-૪ તોલા ભાર દહીંમાં ઘુંટી તેમાં આઠ માસા ભાર મધ નાખી પાવા, જેથી વાયુનો પ્રદર મટે છે. **અથવા** જેઠીમધ ૧ તોલો અને સાકર ૧ તોલો લઇ ચોખાના ધાવણમાં વાટીને પાવાથી રક્ત પ્રદર મટે છે. **અથવા** રસવંતી અને તાંદળજાનાં મૂળીયાં એઓને વાટી મધમાં કાલવી ચોખાના ધોવણ સાથે પાવાથી સર્વ જાતના પ્રદર મટી જાય છે. **અથવા** આસોપાલવની છાલ ૪ તોલા લઇ આઠ ગણા પાણીમાં ઉકાળી અરધ ભાગનો કવાથ કરી તેમાં તેટલુંજ દુધ નાખો, કવાથ બળી (૧૬ તોલા) દુધ રહે એટલે નીચે ઉતારી ઠંડુ કરી પછી તે દુધ પાવું. જો અગ્નિનું બળ ઓછું હોય તો ઓછું દુધ પાવું જેથી આકરો પ્રદરરોગ પણ મટી જાય છે. **અથવા** તુરતનાં ખોદી કાહાડેલાં ડાભનાં મૂળીયાં ચોખાના ધોવણ સાથે વાટી ત્રણ દિવસ પાવાથી પ્રદર મટી જાયછે. **અથવા** ઉંબરાનાં ફળોનો રસ કાહાડી તેમાં મધનાખીને પાવો અને તે ઉપર દુધ ભાત જમાડવાં, જેથી પ્રદરરોગ મટી જાય છે. **અથવા** દારૂહળદર, રસવંતી, કરીયાતું, અરડૂસો, મોથ, બીલું, મધ, રતાંજળી અને આકડાનાં ફૂલ એઓનો કવાથ કરી તેમાં મધ નાખી વિધિયુક્ત પીએ તો તેથી વેદનાવાળો તથા સઘળી જાતનો પ્રદર મટી જાય છે. આ **દાર્વ્યાદિ કવાથ** કહેવાય છે. **ભાવપ્રકાશ. અથવા** ઉંદરની લીંડીઓનું ચૂર્ણ ગાયના દુધ સાથે ૨ દિવસ વા ૩ દિવસ બળાબળ વિચારી પીવાથી લોહીવાળી નીક્ર ચાલતી હોય તોપણ બંધ થાય છે અને સર્વ જાતના પ્રદર મટી જાય છે. **અથવા** ધાવડીનાં ફૂળ, બીજાબોળ, અને ઉંદરની લીંડીઓ એ ત્રણે સમાન લઇ ચૂર્ણ કરી ૧ ટાંક પ્રમાણ સેવન કરે તો પ્રદર રોગ મટે છે. **વૈદ્યરહસ્ય.** (આ બે પ્રયોગ અતિ ઉત્તમ છે.)

સોમરોગની હેતુ સહ સંપ્રાપ્તિ.

અતિ મૈથુનથી, અતિ શોકથી, અતિ થાકથી, અતિસારથી અને ઝેરના યોગથી સ્ત્રીઓના આખા શરીરમાં રહેલાં જલો ક્ષોભ પામે છે અને સ્ત્રવેછે. અને તે જલો સ્થાનથી ભ્રષ્ટ થઇ મૂત્ર માર્ગમાં જઇને મળે છે, તેથી સ્ત્રી વારંવાર મૂતરે છે તેને સોમ રોગ કહે છે.

સોમરોગનું લક્ષણ.

જેઓનું સુંદર સ્વરૂપ છે એવી સ્ત્રીઓના યોનિ માર્ગથી વારંવાર પ્રસન્ન-નિર્મળ, ઠંડું, ગંધ રહિત, ધોળું અને પીડા રહિત પાણી-મૂત્ર આવે છે, પણ તે તેને અટકાવી શકતી નથી તેથી તે બિચારી બાળા બહુ બેચેન રહે છે, દુબળી થાય છે, માથું શિથિલ રહે, મ્હોં તથા તાળવું સુકાયા કરે, મૂર્છા આવે, બગાસાં આવે, બકના થાય, ચામડી બહુજ લુખી થાય અનેખાનપાનમાં તૃપ્તિ થાય નહીં તો, જાણીલેવું કે તે સ્ત્રીને સોમરોગ થયો છે.

સોમરોગના ઉપાય.

પાકેલાં કેળાં, આંબળાંનો રસ અને સાકર તથા મધ એઓને એકઠા કરી ઉપયોગમાં લે તો સારી રીતે સોમરોગ મટી જાય છે. **અથવા** અડદનો લોટ, જેઠીમધ, ભોંયકોળું, મધ અને સાકર એઓને એકઠાં કરી પ્રભાતે દુધ સાથે સેવન કરે તો સોમરોગ મટી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂત્રાતિસારના ઉપાય.

લાંબા વખત સુધી સોમરોગ ચાલુ રહે તો તેને મૂત્રાતિસાર થાય છે અર્થાત્ ઉપરા ઉપર મૂત્ર ઉતર્યા કરે છે, તે માટે તે મૂત્રાતિસાર સ્ત્રીના બળનો નાશ કરી નાખે છે. તે ઉપર "તાડની જડ, ખારેક, જેઠીમધ અને ભોંયકોળું એઓનું ચૂર્ણ સાકર મેળવી ખાય તો મૂત્રાતિસાર મટે છે. **અથવા** પુંવાડીયાનાં મૂળને ચોખાના ધોવણ સાથે વાટી પીએ તો મૂત્રાતિસાર મટે છે. **અથવા** ધોળીમુસળી, તાડનું મૂળ, ખારેક અને પાકાં કેળાં એઓને દુધ સાથે સેવન કરે તો મૂત્રાતિસાર મટે છે." (કાળા તલના સેવનથી બહુ મૂત્રતા મટે છે.)

યોનિમાર્ગથી ધોળી ધાતુ વહેતી હોય તેના ઉપાય.

આંબળાનાં બીજનો કલ્ક કરી તેમાં મધ તથા સાકર મેળવી ખાય તો ૩ દિવસમાં ધોળી ધાતુ વેહેતી બંધ થાય છે. **અથવા** નાગકેસરને જાડી છાશમાં વાટી ૩ દિવસ પીએ અને જાડી છાશ સાથે ભાત ખાય તો ધોળો પ્રદર મટી જાય છે. **ભાવપ્રકાશ.** (કુષ્માંડ પાક, કસેલાપાક કે, ઉરકાવલેહના સેવનથી પણ પ્રદરરોગ મટે છે.)

યોનિના રોગોનાં નિદાન તથા સંખ્યા.

મિથ્યા આહાર વિહારથી દુષ્ટ થએલા વાતાદિ દોષોએ દૂષિત કરેલા રજથી તથા તે વાજ પુરૂષના વીર્યથી વા દૈવગતિથી યોનિમાં ભિન્ન ભિન્ન રોગો ઉત્પન્ન થાય છે. તે યોનિરોગના ૨૦ ભેદ છે.

વીશ જાતિની યોનિયોનાં નામો તથા લક્ષણો.

ઉદાવૃત્તાયોનિ, વંધ્યા, વિપ્લુતા, પરિપ્લુતા અને વાતલાયોનિ એ યોનિરોગ વાયુથી થાય છે. લોહિતાક્ષરા, પ્રસંસિની, વામની, પુત્રધ્ની, પિત્તલા આ પાંચ યોનિરોગ પિત્તથી થાય છે. અત્યાનંદા, કર્ણિની, આનંદચરણા અતિચરણા, અને શ્લેષ્મલા એ પાંચ યોનિરોગ શ્લેષ્મ કફથી થાય છે, ષંઢી, અંડિની, વિવૃત્તા, સૂચીવક્ત્રા, અને ત્રિદોષિણી એ પાંચ યોનિરોગ ત્રિદોષથી થાય છે. એ સઘળા ૨૦ રોગ છે **તેનાં લક્ષણો** નીચે મુજબઃ—

જે યોનિ ઘણા કષ્ટથી ફીણ સહિત રજોદર્શનના રૂધિરને છોડે છે તે **ઉદાવૃત્તા** યોની કહેવાય છે. જે યોનિ નિરંતર રજોદર્શન રહિત હોય તે **વંધ્યાયોનિ** કહેવાય છે. જે યોનિ સર્વદા વેદના સહિત રહેની હોય તેને **વિપ્લુતાયોનિ** કહે છે. જે યોનિ મૈથુન કરવાથી અત્યંત વેદનાવાળી થતી હોય તો તેને **પરિપ્લુતાયોનિ** કહે છે. જે યોનિ કઠણ, આકડ અને શૂળથી તથા સોયો ભોંકાયા જેવી વેદનાથી પીડિત હોય તે **વાતલાયોનિ** કહેવાય છે. જે યોનિ બળતરવાળું લોહી સ્રવતી હોય તેને **લોહીતાક્ષરાયોનિ** કહે છે. જે યોનિ મસળવાથી પોતાના ઠેકાણેથી ખસી જાય અને ખરાબ છોકરાને જન્મ આપે તેને **પ્રસંસીનીયોનિ** કહે છે. જે યોનિ પવનની સાથે લોહી સહિત વીર્યને બાહાર કાહાડી નાખે તે **વામિનિયોનિ** કહેવાય છે. જે યોનિ રહેલા ગર્ભને રૂધિરના સ્રાવનેલીધે પાડી નાખતી હોય તે **પુત્રધ્નીયોનિ** કહેવાય છે. જે યોનિ બળતરાથી, પાકવાથી તથા જવરથી બહુજ યુક્ત હોય તેને **પિત્તલાયોનિ** કહે છે. જે યોનિ મૈથુનથી સંતોષ ન પામે તે **અત્યાનંદાયોનિ** કહેવાય છે. જે યોનિમાં કફ તથા લોહીથી માંસની ડોડી જેવા આકારની ગાંઠ થઇ હોય તેને **કર્ણિકાયોનિ** કહે છે. જે યોનિ મૈથુનના સમયમાં પુરૂષનું વીર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતા પહેલાંજ લોહીને છોડી દે તે **આનંદચરણાયોનિ** કહેવાય છે. જે યોનિ મૈથુન સમય પુરૂષનું વીર્ય પડતાં પહેલાં વારવાર લોહીને ગેરવે છે તે **અતિચરણાયોનિ** કહેવાય છે-આ યોનિમાં વીર્ય રહેતુંજ નથી, તેથી ગર્ભ રહેતો નથી. જે યોનિ ચીકણી, ચળવાળી અને બહુજ ઠંડી હોય તેને **શ્લેષ્મલાયોનિ** કહે છે. જે યોની લોહી વગરની રહેતી હોય અને મૈથુનમાં ખરસડ લાગતી હોય તે **ષંડીયોનિ** કહેવાય છે-આ યોનિવાળી સ્ત્રીના સ્તન બહુ નહાના હોય છે તેથી કેટલાક તેને અસ્તનિયોનિ પણ કહે છે. જેની યોનિનું છિદ્ર ઝીણું હોય એવી સ્ત્રીને દીર્ઘછિદ્રવાળા પુરૂષનો સંયોગ થાય તો તેના યોનિ અંડકોષની પેઠે લટકતી બાહાર નીકળી આવે છે તેને **અંડિનીયોનિ** કહે છે. જે યોનિ મોટા છિદ્રવાળી હોય તેને **વિવૃત્તાયોનિ** કહે છે. જે યોનિ બહુજ ઝીણા છિદ્રવાળી હોય તેને **સૂચીવક્ત્રાયોનિ** કહે છે. અને જે યોનિ સમસ્ત દોષોના કોપનેલીધે સર્વ દોષોના ચિન્હોયુક્ત હોય તેને **ત્રિદોષિણીયોનિ** કહે છે.

આ ૨૦ યોનિપૈકી ત્રણે દોષોના પ્રકોપથી થતા ષંડિ-આદિ પાંચ યોનિરોગો અસાધ્ય છે અને બાકીના સાધ્ય છે.

યોનિકંદરોગનું હેતુ.

દિવસે સુવાથી, ઘણો ક્રોધ કરવાથી, અત્યંત મહેનતથી, અતિ મૈથુનથી અને નખ દાંત વગેરેનો ઘા થવાથી પોત પોતાના નિદાનોને અનુસરી કોપેલા વાયુઆદિ દોષો યોનિમાં યોનિકંદ નામના રોગને ઉત્પન્ન કરે છે.

યોનિકંદનું સ્વરૂપ તથા સંખ્યા.

પરૂ લોહી યુક્ત ફનસ કે ઊંબરાના ફળ જેવી ગાંઠ યોનિમાં ઉત્પન્ન થાય છે તેને યોનિકંદ કહે છે. તે યોનિકંદ ચાર જાતિનો છે- એટલે વાયુનો, પિત્તનો, કફનો અને ત્રિદોષનો એમ ૪ પ્રકારનો થાય છે.

એ ચારે પ્રકારનાં નિર-નિરાળાં ચિન્હો.

જો વાયુનો યોનિકંદ હોય તો, લુખો, ખરાબ વર્ણવાળો અને ફાટેલા મુખવાળો હોય છે. **જો પિત્તનો** યોનિકંદ હોય તો, બળતરા, લાલાશ અને તાવથી યુક્ત હોય છે. **જો કફનો** યોનિકંદ હોય તો, તલના ફૂલ જેવો અને ખરજવાળો હોય છે. અને **જો ત્રિદોષનો** યોનિકંદ હોય તો ઉપર કહેલાં સર્વે ચિન્હો યુક્ત હોય છે. યોનિકંદરોગ જે સ્ત્રીને થાય તે સ્ત્રીને ઓધર્ય થાય નહીં અને તે વાંઝણી હોય છે વા, વાંઝણી થઇ જાય છે.

વાંઝણી મટી પુત્રવંતી થવાના ઉપાય.

જે સ્ત્રીને અટકાવ ન આવતો હોય તો તે સ્ત્રીને (ખપે તો) માછલાનું ભોજન કરાવવું, તથા કાંજીનું, અડદનું, કાળા તલનું, અરધો અરધ પાણીવાળી છાશનું અને દહીનું ભોજન કરાવવું. **અથવા** કડવી તુંબડીનાં બીજ, શોધેલો નેપાળો, પીપર, ગોળ, મીંઢળ, દારૂના નીચે રહેલો કદડો અને જવખાર એઓને થોરના દુધમાં વાટી તેની દીવટ બનાવીને યોનિમાં પહેરાવવી, જેથી અટકાવ આવે છે. **અથવા** માલકાંકણીનાં પાંદડાં, સાજીખાર, વજ અને બીબજો (વિજયસાર?) એઓને ટાઢા દુધમાં વાટી પીવાથી રજસ્વળાધર્મ પ્રાપ્ત થાય છે. **અથવા** કાળા તલ, ત્રિકટુ, ભારંગી અને ગોળ એઓનો કવાથ કરી (૧૫ દિવસ) પીએ તો નિશ્ચે અટકાવ આવે છે. તથા- લોહીનો ગોળો હોય તે દૂર થાય છે અને આશાની આશા બંધાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગર્ભ ધારણ કરવા માટે ગંગેટી, ખપાટ (કાંસકી), સાકર, જેઠીમધ, વડવાઇના અંકુરા અને નાગકેસર એઓને મધમાં, દુધમાં તથા ઘીમાં ઘુંટી પીવાથી વાંઝીયાપણું મટે છે અર્થાત્ એનાથી અવશ્ય પુત્ર પ્રાપ્તિ થાય છે. **અથવા** ઋતુકાળમાં આસગંધનો કવાથ (ગાયના) દુધ ઘી સાથે પ્રભાતે પીએ તો સ્ત્રી ગર્ભને ધારણ કરેછે. **અથવા** ધોળી રીંગણીનું મૂળ શનીવારે વિધિયુક્ત નોતરી પુષ્પાર્કયોગે કાગડા અણુબોલ્યા હોય તે વખતે પૂર્વતરફ મુખ રાખી પરછાયો ન પડતાં હર્ષયુક્ત કાહાડી લાવેલું હોય તે મૂળને કુમારીકાને હાથેથી ગોદુધમાં ઘુંટાવી સૂર્ય સન્મુખ પ્રસન્ન ચિત્તથી પવિત્ર થઇ ઋતુકાળમાં પીએ તો પતિના સંયોગ વડે અવશ્ય ગર્ભ રહે છે. **અથવા** પીળા ફૂલના કાંટાશળીયાનાં મૂળ, ધાવડીનાં ફૂલ, વડવાઇના અંકુરા અને કાળું કમળ એઓને દુધમાં વાટી વિધિયુક્ત પીવાથી નિશ્ચે ગર્ભ રહેછે. **અથવા** પારસપીપળાની જડ અથવા તેનાં બીજ, ધોળા ફૂલનો સરપુંખો અને જીરૂં એઓને વાટીને પીએ તથા પુથ્ય ભોજન કરે તો જરૂર ગર્ભ રહેછે. **અથવા** ખાખરાના એક પાંદડાને દુધમાં વાટી પીએ તો તે સ્ત્રી બળવાન્ પુત્રને પામે છે એમાં સંદેહ નથી. **અથવા** કુકરકંદને (કે કોચાના મૂળને), અથવા કોહના ગર્ભને અથવા શિવલિંગીનાં બીજને ગોદુધમાં વાટી પીએ તો સ્ત્રી ગર્ભને ધારણ કરે છે. **ભાવપ્રકાશ.** "**અથવા** બીજોરાનાં બીજને ગાયના દુધમાં સીજવી તેમાં ગાયનું ઘી મેળવી તેના બરાબર નાગકેસરનું ચૂર્ણ નાખી ઋતુકાળમાં ૫ ટાંક ૭ દિવસ લગી સાકર સહિત પીએ તો સ્ત્રી ગર્ભવંતી થાય છે. **અથવા** એરંડાના ગોળાને ફોલી તેમાં બીજોરાનાં બીજ નાખી ઘી સાથે ઘુંટી દુધ સાથે ઋતુકાળમાં દિવસ ૩ લગી પીવાથી સ્ત્રી ગર્ભવંતી થાય છે. **અથવા** પીપર, સુંઠ, મરી, નાગકેસર એઓને વાટી ઋતુસ્નાનાંતરે ઘીની સંગાથે ૩ દિવસ પીએ તો સ્ત્રી પુત્રવંતી થાય છે. **સર્વસંગ્રહ."** **અથવા** નાગકેસર અને જીરૂં સમાન લઇ ઋતુ આવ્યાથી ૧૩ દિવસ લગી નિત્ય ૪ તોલા ભાર ગાયના ઘી સાથે નિરંતર ૮ તોલા ભાર પથ્યમાં [1] રહી સેવન કરે તો અવશ્ય પતિસંયોગથી પુત્ર પ્રાપ્ત થાય છે. **અથવા** એકલા નાગકેસરથી પણ ગર્ભ રહેછે.

ગર્ભ ન રહે તેવાં અનુભવિ ઔષધો.

ઋતુકાળમાં પીપર, વાવડીંગ અને ટંકણખાર એઓનું સમાન ભાગે ચૂર્ણ કરી દુધની સાથે પીએ તો તે સ્ત્રીને કદી ગર્ભ રહેતોજ નથી. **અથવા** ઋતુકાળમાં જાસુદનાં સુકાં ફુલ આરનાળથી વાટીને ૩ દિવસ પીએ અને ૪ તોલા ભાર તે ઉપર જુનો ગોળ ખાય તો કદી પણ ગર્ભ રહેતો નથી. **અથવા** લીંબોળીઓનું તેલ રૂના પેલવતે યોનિમાં ઋતુસ્નાનાંતરે (દિન ૫) મુકે તો ગર્ભ રહેજ નહીં. **ભાવપ્રકાશ.** દુધેલીનું મૂળ બકરીના દુધ સાથે સ્ત્રીએ ૩ દિવસ પીવું, જેથી ખચીત અટકાવ બંધ થઇ જાય છે તો ગર્ભ રહેવાની આશાજ ક્યાંથી ? **અથવા** બોરડીની લાખ તેલમાં ઉકાળી બે તોલાભાર જે સ્ત્રી પીએ તેને ગર્ભ રહેતોજ નથી. **વૈદ્યવલ્લભ.**

---

1 દુધ ભાતનું ભોજન કે મન ગમતાં મીઠાં ભોજન કરવાં, ઉદ્વેગ,ભય. શોક. ક્રોધ ત્યાગવા. દિવસે નિંદ્રા, તડકામાં ફરવું, વધારે ફરવું, ટાહાડ વેઠવી અને થાક લાગે તેવાં કામો ન કરવાં. પ્રસન્ન ચિત્તથી સ્નાન કરી છૂટાવાળે સુંદર બાળને કેડમાં તેડી કપાળમાં તિલક કરી સૂર્ય સન્મુખ ઈષ્ટદેવનું સ્મર્ણ કરી હર્ષ સાથે ઔષધ પીવું–એમ ૧૩ દિવસ કરવું; કેમકે ઋતુકાળ ૧૬ દિવસનો છે, પણ ૩ દિવસ અટકાવના બાદ કર્યા છે માટે ૧૩ દિવસ કરવું. **ભા. ક.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ત્રીઓના યોનિરોગોના ક્રમવાર ઉપાય.

તગર, રીંગણી, ઉપલેટ, સિંધાલૂણ અને દેવદાર એઓના કલ્કથી તલના તેલને પકાવી તેનું પુંબડું યોનિમાં પેહેરે તો વિપ્લુતા યોનિની વ્યથા મટે છે.

જે યોનિ વાતલા, કઠણ, ગંધાતી, સ્તબ્ધ કે ખરસટ હોય તો, પડદાવાળા પવનરહિત ઓરડામાં, વાયુનો નાશ કરનારી ઔષધીઓનો ઉકાળો કરી એક માટલીમાં ભરી તે માટલીને અરધા કે પોણા ભાગની ધરતીમાં દાટી દઇ પછી તેમાં ધગધગતા લોઢાના ખીલા વગેરે નાખી તેની બાફ યોનિને આપી પરસેવો લાવવો. **અથવા** વાયુનાશક તેલનું પુંબડું હમેશાં યોનિમાં પેહેરી રાખવું.

પિત્તના યોનિરોગો માટે પિત્તને નાશ કરનારી ઔષધીઓને અથવા લીંબોળીયોને તેલમાં પકાવી તે તેલનાં પુંબડાં યોનિમાં પેહેરવાં.

યોનિમાં બળતરા થતી હોય તો, આંબળાનો રસ સાકર સાથે પીવો. **અથવા** કમલિની (કે હાડીઆકરસણુ ?) ની જડને ચોખાના ધોવણમાં વાટીને પીવી.

યોનિમાંથી ખરાબ ગંધ આવતો હોય તો વજ, અરડૂસો, કડવાં પરવળ, ધઉંલા અને લીંબડો એઓનું ચૂર્ણ રૂના પેલમાં લપેટી યોનિમાં પેહેરવું તથા ગરમાળા વગેરેના ક્વાથથી યોનિને ધોવી જેથી ગંધ રહિત થાય છે.

પીપર, મરી, અડદ, સવા, ઉપલેટ અને સિંધાલૂણ એઓને વાટી હાથના અંગૂઠાના જોડેની આંગળી (તર્જની) જેવી જાડી અને લાંબી વાટ બનાવી યોનિમાં પેહેરે તો કફ સંબંધી યોનિના રોગો મટી જાયછે.

ત્રિફળા, ગળો અને નેપાળાના મૂળનો ક્વાથ કરી તેથી યોનિને ધોવાથી યોનિમાં વલુર આવતી હોય તે મટે છે. [1]

કાથો, હરડે, જાયફળ, લીંબડાનાં પાંદડાં અને સોપારી એઓનું ચૂર્ણ કરી મગના યૂષમાં વાટી વસ્ત્રગાળ કરી સુકવી તેને યુક્તિપૂર્વક યોનિમાં પેહેરે તો યોનિ સાંકડી થાય છે અને પાણી ઝરતું હોય તે મટે છે. **અથવા** કૌચનાં મૂળીયાંનો ક્વાથ કરી તેથી યોનિને ધોવામાં આવે તો યોનિ સાંકડી થાય છે. **ભાવપ્રકાશ. અથવા** ભાંગને ઝીણી વાટી ચાળી ન્હાની ન્હાની પોટલીઓ બનાવી ૧ પોહોર સુધી યોનિમાં પેહેરે તો યોનિ ઘણીજ સાંકડી થઇ જાય છે. **અથવા** મોચરસને ખૂબ બારીક વાટી તેની સ્વચ્છ કપડામાં પોટલીઓ કરી ૬ પોહોર યોનિમાં પેહેરે તો યોનિ સાંકડી થાય છે. **વૈદ્યરત્ન. અથવા** આંબળાની જડ, કસેલો, બોળનું મૂળ, માયાં, ઓરડીનું મૂળ અને અરડૂસાનું મૂળ એઓનો ક્વાથ કરી તેથી યોનિને ધોવી, જેથી સાંકડી થાય છે. **અથવા** દહીના ધોળવાથી યોનિને ધોવી, જેથી યોનિ સાંકડી થાય છે. **અથવા** ધોળો કાથો, ફૂલાવેલી ફટકડી, ધાવડીનાં ફુલ અને માયાં એઓને ઝીણાં વાટી પોટલીઓ બનાવી યોનિમાં પેહેરે તો યોનિ સાંકડી થાય છે.

યોનિના સઘળા રોગ મટાડવા માટે ફળઘૃત.

મજીઠ, જેઠીમધ, ઉપલેટ, ત્રિફળાં, સાકર, કાંસકીનાં બીજ, બમણી શતાવરી, ચોગણી આસગંધ, અજમોદ, હળદર, દારૂહળદર, હીંગ, કડુ, કમળ, પોયણાં, દ્રાક્ષ, સુખડ અને ર-

[1] યોનિ ઉપર ખાંડ મસળવાથી યોનિમાં વલુર આવતી હોય તે જરૂર મટેછે. યોનિમાં શૂળ ચાલતું હોય તો વજ અને સવાનો ખરડ કરવો. ભા. ક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાંજલિ એ સઘળાં ઓખડો એક એક તોલાભાર લઇ તેઓને લસોટી ચટણી બનાવી ૬૪ તોલાભાર ઘીમાં ૧૨૮ તોલાભાર શતાવરીનો રસ અને ૧૨૮ તોલાભાર દુધ નાખી ધીમા તાપથી પકાવી સર્વ રસ બળી માત્ર ઘી રહે ત્યારે નીચે ઉતારી ગાળી લઇ શીશીમાં ભરી લેવું. આ ઘીનું પુરૂષ સેવન કરે તો રતિ રમણમાં શક્તિવાન થઇ, વીર, બુદ્ધિશાળી તથા રૂપવંત પુત્રોને ઉત્પન્ન કરેછે. જેના ગર્ભ પડી જતા હોય, જેને મુવેલાં બાળક અવતરતાં હોય તથા ટુંકા આવરદાવાળાં બાળકો થતાં હોય અને જેને દીકરીઓજ થતી હોય તેવી સ્ત્રીઓએ અવશ્ય આ ઘીનું સેવન કરવું, જેથી એ સઘળી અડચણો મટી જાય છે. યોનિસ્ત્રાવ, લોહીનો દોષ તથા બીજાપણ યોનિના રોગો અને ભૂતપ્રેતાદિના વળગાડ દૂર કરનાર આ **ફળઘૃત અશ્વિનીકુમારોએ** કહેલું છે.

જેનો વાછડો જીવતો હોય અને એક વર્ણી ગાય હોય તેનું દુધ લેવું અને અગ્નિ અડાયા છાણાંનોજ દેવો એવી પરંપરા છે.

યોનિકંદ રોગના ઉપાય.

સોનાગેરૂ, વાવડીંગ, આંબાની ગોટલી, હળદર, રસાંજન અને કાયફળ એઓને વાટી ચાળી મધમાં કાલવી તેને યોનિમાં રાખે, તથા ત્રિફળાના ક્વાથમાં મધ નાખી તેથી યોનિને સિંચન કરે તો, યોનિકંદ મટે છે.

ગર્ભવંતીના રોગોના ઉપાય.

ગર્ભ પ્રચલિત થતો હોય, પ્રદર થયો હોય, કે પેટમાં પીડા થતી હોય તો વાળો, અતિવિષ, મોથ, મોચરસ અને ઇંદ્રજવ એઓનો ક્વાથ કરી પાવો. આ **હિબેરાદિ ક્વાથ** કહેવાય છે. **અથવા** ગર્ભવંતીને **તાવ** આવતો હોય તો, જેઠીમધ, રતાંજળી, વાળો, ઉપલસરી અને કમળપત્ર એઓનો ક્વાથ કરી તેમાં સાકર તથા મધ નાખી પાવો. **અથવા** બકરીના દુધ સાથે સુંઠ પાવી જેથી વિષમજ્વર મટે છે. ગર્ભવંતીને **સંગ્રહણી** થઇ હોય તો, આંબાની તથા જાંબુની છાલનો ક્વાથ કરી તેની સાથે ચોખાના ધાણીનો સાથવો ચટાવવામાં આવે તો તુરતજ ગર્ભવંતીના ઝાડાનું દરદ મટે છે. **અથવા** વાળો, અરલૂ, રતાંજળિ, કાંસકી, ધાણા, ગળો, મોથ, કાળોવાળો, જવાસો, ખડસલીયો પિત્તપાપડો અને અતિવિષ એઓનો ક્વાથ કરીને પીવાથી ગર્ભવંતીનો અતિસાર, લોહીવા, ગર્ભનું પડવું-પીડા અને અનેક પ્રકારની વ્યાધિઓનો નાશ થાય છે.

ગર્ભસ્ત્રાવ અને ગર્ભપાત થવાનાં મુખ્ય કારણો.

ગર્ભવંતી છતાં પુરૂષનો સંયોગ કરવાથી, પંથ કરવાથી, ઘોડા, ઉંટ કે ગાડી ઉપર સ્વારી કરવાથી, પરિશ્રમ કરવાથી, વધારે દાબવાથી, તાવથી, ઉપવાસથી, ઠેકવાથી, પ્રહાર વાગવાથી, અજીર્ણથી, દોડવાથી, ખાડા ટેકરા તથા પત્થરવાળી જમીનમાં ગાડી-ગાડામાં સ્વારી કરી ઝપટબંધ ચલાવવાથી, રેચથી, ઉલટીથી, કલેશથી, ગર્ભને પાડનારા પદાર્થોનો ઉપયોગ કરવાથી, તીક્ષ્ણ, ખારા, ઉના, તીખા, કડવા તથા લુખા પદાર્થોના સેવનથી, વેગનો અભિઘાત કરવાથી, વિષમાસનથી, કઢંગી રીતે સુવાથી અને બેસવાથી તથા સુવાવડીનો ખાળ એ લંઘવાથી ગર્ભસ્ત્રાવ અને ગર્ભપાત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગર્ભસ્રાવ–ગર્ભ ગળવાનો હોય તો શૂળ ચાલે અને લોહી વહે છે. ચોથા મહીના સુધી રુધિરરૂપે ગર્ભ હોય છે, તેથી ત્યાંસુધી ગર્ભને નુકશાન થાય તો ગર્ભસ્રાવ કહેવાય છે અને ત્યાર પછી ગર્ભનાં અંગ કઠણ થયા બાદ પાંચમા કે છઠ્ઠા મહીનામાં નુકશાન લાગે તો ગર્ભપાત કહેવાય છે. જેમ વૃક્ષના કાચા ફળને ઘાના વાગવાથી ઓચિંતું ફળ પડી જાય છે તેમ કાચા ગર્ભને પણ સ્હેજ વાગવાથી કે દબાવાથી પડી જાયછે માટે ગર્ભવંતીએ સાવચેતી રાખી યોગ્ય આહાર વિહારમાં વર્તવું.

ગર્ભ ગળતો હોય તેને થંભાવવાના ઉપાય.

નીળું કમળ, રાતું કમળ, રાતે ખીલનારૂં કમળ, ધોળું કમળ અને જેઠીમધ એઓનો ક્વાથ કરી પીવાનો અભ્યાસ રાખે તો બળતરા, તરશ, છાતિની પીડા, રક્તપિત્ત, મૂર્છા, ઉલટી અને અરૂચિ તથા ગર્ભનું ગળવું એ સર્વને બંધ પાડે છે.

ગર્ભપાતના ઉપદ્રવ.

ગર્ભ પડતો હોય ત્યારે બળતરા થાય છે, પડખાઓમાં શૂળ, પીઠમાં વ્યથા, પેટમાં આફરો અને મૂત્રનું રોકાણ થાય છે

ગર્ભ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય ત્યારે પણ આમાશય તથા પક્વાશય વગેરેમાં ક્ષોભ થાય છે અને ગર્ભપાતના ઉપદ્રવો પણ થાય છે.

પડતા ગર્ભને થંભાવવાના ઉપાય.

ડાભ, કાસડો, એરંડો અને ગોખરૂ એઓનાં મૂળ લઇ કલ્ક કરી તે વડે પકાવેલા દુધમાં સાકર નાખીને તે દુધ પાવું, જેથી ગર્ભવંતીનું શૂળ મટે છે. **અથવા** ગોખરૂ, જેઠીમધ, ભોરીંગણી અને અમ્લાન (બાણુ પુંખ–શરપુંખ–શરપંખો) એઓના કલ્કથી દુધને પકાવી તેનાં સાકર તથા મધ મેળવી પાએ તો ગર્ભિણીની વેદના ટળી જાય છે. **અથવા** ભમરીના ઘરની માટી, મજીઠ (કે રીસામણી), મોગરો, ધાવડીનાં ફુલ, સોનાગેરૂ અને રાળ એઓમાંથી જે પદાર્થ મળી આવે તેનું ઝીણું ચૂર્ણ કરી મધમાં કાલવી ચાટે તો ગર્ભપાત ની શાંતિ થાય છે. **અથવા** કસેલાં, કમળ અને શિંગોડાં એઓનો કલ્ક કરી દુધ સાથે પાએ તો ગર્ભિણીને સુખ થાય છે. (ગર્ભ પડતો નથી.) [1]

ગર્ભિણી સ્ત્રીને આફરો—પેટ કે પેઢું ચડયાં હોય તો વજ તથા લસણના કલ્કથી દુધ પકાવી તેમાં હીંગ અને સંચળ નાખી પાવું.

ચોખાનાં–ડાંગરનાં મૂળ, શેલડીનાં મૂળ, ડાભનાં મૂળ, કાસડાનાં મૂળ અને પાનબાજરીયાનાં મૂળ એઓના કલ્કથી પકાવેલું દુધ પીએ તો તૃષાને, બળતરાને રક્તપિત્તને તથા મૂત્રના રોકાણને મટાડનાર છે.

---

૧ કુંભારના હાથે ચાકડા ઉપર વાસણ બનાવતી વખતે જે માટી વળગે છે તે માટીને પાણીમાં ઘોળી પીવાથી પડતો ગર્ભ અવશ્ય થંભે છે।

; સાત બેના બાંવાનો ૯૦ અને ૧૦૦ નો સર્વતોભદ્ર યંત્ર લખી સ્ત્રીના શરીર પ્રમાણે નરાડી માપી ૭ ગાંઠ વાળી સાતમી ગાંઠમાં ગામડીઆ લોકો અંગરખાની કસે જેમ કામળ બાંધે છે તેમ સાતમી ગાંઠમાં તે યંત્રને બાંધી કેડે બાંધે તો પડતો ગર્ભ થંભે છે. (આ મારદોરી છે.) **ભા. કર્ત્તા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગર્ભિણી સ્ત્રીને ગર્ભના રક્ષણ માટે દરમાસે કરવાના ઉપાયો.

પહેલે મહીને–જેઠીમધ, સાગનાં બીજ, આસગંધ અને દેવદાર એઓમાંથી જેટલાં મળે તેટલાંનો એક તોલા ભાર કલ્ક કરી દુધમાં ઘોળીને પાવો.

બીજે મહીને–અશ્મંતક, કાળા તલ, મજીઠ અને શતાવરી એઓમાંથી જે હાથ લાગે તેનો તોલાભાર કલ્ક દુધમાં ઘોળીને પાવો.

ત્રીજે મહીને–ગુંદી, કાંગ, ઘઉંલાં, કમળ, ઉપલસરી, અને અનંતમૂળ એઓમાંથી જે હાથ લાગે તેઓનો ૧ તોલાભાર કલ્ક દુધમાં ઘોળીને પાવે..

ચોથે મહીને–ધમાસો, ઉપલસરી–અનંતમૂળ (ધોળી અને કાળી ઉપલસરી), રાસ્ના, ભારંગી (વા કમલિની), અને જેઠીમધ એઓમાંથી જે મળે તેનો ૧ તોલાભાર કલ્ક દુધમાં ઘોળીને પાવો.

પાંચમે મહીને–ઉભી ભોરીંગણી, બેઠી ભોરીંગણી, સીવણ, વંશલોચન (વા પાંચ-ક્ષીર વૃક્ષનાં વગર ઉઘડેલી કુંપળો), પાંચ ક્ષીર વૃક્ષોની છાલ અને ઘી એઓમાંથી જે હાથ લાગે તેની ૧ તોલાભાર લુગદી બનાવી દુધમાં ઘોળીને પાવી.

છઠ્ઠે મહીને–ગધીસમેરવો, વજ, સરગવો, ગોખરૂ અને જેઠીમધ એઓમાંથી જે હાથ લાગે તેઓની ચટણી દુધમાં ઘોળીને પાવી.

સાતમે મહીને–શિંગોડાં, કમળનો કંદ, દ્રાખ, કસેલાં અને જેઠીમધ તથા સાકર એઓમાંથી જે મળે તેઓનો કલ્ક દુધમાં ઘોળીને પાવો.

આ ઉપર કહેલા ઉપાયો સાત મહીના સુધી કર્યા કરે તો ગર્ભને કોઈ નુકશાન થતું નથી.

આઠમા મહીને–કોઠ, ઉભી ભોંરીંગણી, બીલી, કડવાં પરવળ, શેલડી અને ભોંયભો-રીંગડી એઓનાં મૂળ લઇ ટાઢા પાણી સાથે કલ્ક કરી, ચાર તોલા ભાર પાણી મેળવેલા ૩૨ તોલાભાર દુધમાં તે કલ્ક નાખી ઉકાળી પાણીનો ભાગ બળી જાય તે પછી દુધને ઠંડું પાડીને પાવું.

નવમે મહીને–જેઠીમધ, ધોળી ઉપલસરી, કાળી ઉપલસરી, આસગંધ, અને રાતો ધમાસો એઓને ટાઢા પાણી સાથે વાટી ૧ તોલા ભાર કલ્ક કરી ૪ તોલા ભાર દુધમાં ઘોળીને પાવો.

દશમે મહીને–સુંઠ, જેઠીમધ અને દેવદાર એઓને ટાઢા પાણી સાથે વાટી ૧ તોલા ભાર કલ્ક દુધમાં ઘોળીને પાવો. **અથવા** સુંઠ અને આસગંધનો કલ્ક કરી ૧૨૪ તોલા પાણી મેળવેલું ૩૨ તોલા દુધ લઇ તેમાં તે કલ્ક નાખી પાણી બળતાં સુધી દુધને પકાવી પછી તે દુધ પીવું જેથી ગર્ભનું સંરક્ષણ કરે છે.

અગ્યારમે મહીને–શયણનાં મૂળ, કમળ, રીસામણિ અને હરડેનો કલ્ક ઉપર પ્રમાણે પીવો.

બારમે મહીને–સાકર, ભોંયકોળું, આસગંધ, પારસપીપળાનાં મૂળ અને કમળની ડાંડી એઓનો કલ્ક દુધ સાથે પાવો, જેથી ગર્ભ પુષ્ટ થાય છે અને આકરી પીડાઓ શાંત થાય છે.

વાયુથી ગર્ભ સુકાઇ ગયો હોય તેના ઉપાય.

જે સ્ત્રીનો વાયુએ કરીને ગર્ભ સુકાઇ જાય અને પેટ મોટું ન થાય તથા ખાલી પડે તો તે સ્ત્રીને જીવનીયગણનાં ઔષધોનો કલ્ક કરી તેથી પકાવેલું દુધ પાવું. અને

For Private And Personal Use Only

માંસનો રસો પાવો. તથા પુષ્ટિ કર્ત્તા ઔષધો ખવરાવવાં જેથી છોડ ફરી પાંગરે છે, પણ કેવળ સુકા લાકડા જેવો ગર્ભ થઇ ગયો હોય તો ડાંગર ખંડાવવા વગેરેનાં કામો સ્ત્રીના હાથે કરાવવાં અથવા અન્ય ઉપાયો કરવા જેથી શલ્ય નીકળી જાય છે.

પ્રસવના મહીનાઓનો નિયમ તથા તે નિયમ વીત્યા પછીના ઉપાય.

ગર્ભવંતી સ્ત્રી ઘણું કરીને નવમે કે દશમે માસે બાળક પ્રસવે છે અને વખતે અગીયારમે કે બારમે પણ જણે છે; પરંતુ તે ઉપરાંત જો ગર્ભનો પ્રસવ ન થાય તો વિકાર ગ્રસ્ત ગર્ભ જાણી વિષમાસન, વિષમ વાહન અને ખાંડવા વગેરેનું કામ કરાવવું જેથી ખુલાશો થાયછે. આત્ર તરૂણી ગુલ્મ જે ગોળાનો એક ભેદ છે તે હોય તો તે માટે ગર્ભપાતના કે ગોળાના નાશના ઉપાયો ઉપયોગમાં લેવા.

પ્રસવ કાળમાં સ્ત્રી કષ્ટાતી હોય તેના ઉપાય.

જણવાની વખતે કષ્ટાતી હોય તો યોનિની ચારે બાજુએ સાપની કાંચળીની તથા મીંઢળની ધૂણી દેવી. **અથવા** વદવાર્ડાવાના મૂળને, દોરાવતે સ્ત્રીના હાથમાં તથા પગમાં બાંધવું. **અથવા** હાડીઆકરસણનું મૂળ **તથા** પાડળનુંમૂળ હાથે પગે બાંધે તો સ્ત્રીને સુખે સમાધે તુરત પ્રસવ થાય છે. **અથવા** પોઇનાં મૂળીયાંનો કલ્ક કરી તેમાં તલનું તેલ નાખી તેને યોનિની અંદર ચોપડે તો તુરત પ્રસવ થાય છે. **અથવા** પીપર અને વજ એઓને પાણી સાથે વાટી એરંડીયા તેલમાં કાલવી ડુંટી ઉપર લેપ કરે તો સુખે પ્રસવ થાય છે. **અથવા** બીજોરાનું મૂળ અને જેઠીમધ એઓને વાટી ઘી સાથે પીએ તો સુખે પ્રસવ થાયછે. **અથવા** શેલડીનું ઉત્તર દિશા તરફનું મૂળીયું લઇ ગર્ભવતીના શરીર બરોબર લાંબા દોરાથી કેડમાં બાંધે તો તુરત પ્રસવ થાય છે. **ભાવપ્રકાશ. અથવા मुक्ताः पाशा विपाशाश्च मुक्ताः सूर्यस्य रश्मयः मुक्तः सर्व भयाद्गर्भ एहि माचिर माचिर स्वाहा** ॥ આ મંત્ર વડે અમોઢ પાણીને ૭ વાર મંત્રિને પાવાથી તાત્કાળ પ્રસવ થાય છે. **અથવા** ચક્રવર્દ્ધન યંત્રના દેખાડવાથી **અથવા** ચક્રવ્યૂહની રચના દેખાડવાથી તુરત પ્રસવ થાયછે. **ચક્રદત્ત.**

૩૦

૧૬	૨	૧૨
૬	૧૦	૧૪
૮	૧૪	૪

આ ચક્રવર્દ્ધન યંત્ર અષ્ટગંધથી કાંસાની ચોખી થાળીમાં લખી કષ્ટાતી સ્ત્રીને દેખાડવો જેથી તુરત પ્રસવ થાય છે.

૧૫

૮	૩	૪
૧	૫	૯
૬	૭	૨

આ યંત્ર પણ એજ પ્રમાણે લખીને બતાવવો જેથી તુરત પ્રસવ થાય છે. **વૈદ્યરહસ્ય.**

અથવા કાંસાની થાળીમાં પાણી ભરી તેમાં કમળના સુકા ફુલને મુકી તે સ્હામે કષ્ટાતી સ્ત્રી જુવે તો તુરત પ્રસવ થાય છે; પણ કમળ ફુલ ખીલ્યું અને પ્રસવ થયો કે તુરત પાણીમાંથી ઉપાડી લેવું. નહીં તો લેવાનું દેવું થાય છે—લાભને બદલે હાનિ થાય ૨૪ કોઠાનો યંત્ર ચોખ્ખીછે. **અથવા** કાંસાની થાળીમાં કેસર વડે આલેખી તેમાં " ૐ " એ અક્ષર લખી કષ્ટાતી સ્ત્રીને બતાવી પાણીમાં ધોળી તે યંત્ર પાવો જેથી તુરત પ્રસવ થાય છે. **રહસ્યસમુચ્ચય.**[1]

૧ કષ્ટાતીના પ્રસવનું ધ્યાન ધરી ભમરડા દુધેલીના વેલાને કઢાવી લઇ તેની કઢાણીની પેઠે ગુંચળા કરી પાણીમાં ભીંજવી કષ્ટાતી સ્ત્રીની ડુંટી ઉપર મુકે તો તુરત પ્રસવ થાય છે. પ્રસવ થાય કે તુરત તેને ઉપાડી અલગ મુકી દેવી. **ભા. કર્ત્તા.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂઢગર્ભની ઉત્પત્તિ તથા લક્ષણ.

પોતાના નિદાનોથી દુષ્ટ થએલો વાયુ સ્તબ્ધ ગતિવાળો થઇ ગર્ભની ગતિને અટકાવે છે. અને યોનિ તથા પેટમાં શૂળ ચલાવી તથા મૂત્રને રોકી ગર્ભને વાંકો-આડો કરી નાખે છે. તે ગર્ભ ૪ પ્રકારે થાય છે એટલે કીલક, પ્રતિખુર, બીજક, અને પરિઘ એમ ૪ ભેદ છે. કેટલાક આચાર્યો આઠ ભેદ કહે છે તેમાં ૪ ભેદ ઉપર કહ્યા તે અને ઉર્દ્ધબાહુ, ચરણક, શિર અને પાર્શ્વક એ ૪ મળી ૮ ભેદ કહેલા છે.

જેના હાથ પગ તથા માથું યોનિમાં ખીલાની પેઠે અટકી રહેલ હોય તેને **કીલક** મૂઢગર્ભ કહે છે.

જેના બન્ને હાથ પગ બાહાર નીકળ્યા હોય અને બાકીનો ભાગ યોનિમાં અટકી રહેલો હોય તેને **પ્રતિખુર** મૂઢગર્ભ કહે છે.

જેનું માથું બે હાથની વચમાં હોય અને બાકીનું શરીર યોનિમાં અટકી રહ્યું હોય તેને **બીજક** મૂઢગર્ભ કહે છે.

જે ગર્ભ ભોંગળની પેઠે યોનિમાં આડો પડેલો હોય તેને **પરિઘ** મૂઢગર્ભ કહે છે.

કોઈ મૂઢગર્ભ માથાથી યોનિના દ્વારને રોકી દેછે. કોઇ પેટથી યોનિના દ્વારને રોકી દેછે. કોઇ બેવડી વળેલી પીઠથી યોનિના દ્વારને રોકી દેછે. કોઇ એક હાથ બાહાર કાહાડી બાકીના ભાગથી અટકી રહે છે. કોઇ બન્ને હાથને બાહાર કાહાડી બાકીના ભાગથી અટકી રહે છે. કોઈ કોક ભાંગી જવાથી નીચા થઇ ગએલા મોહોડાથી અટકે છે. કોઇ આડો થઈ જવાથી અને કોઇ પોતાનું પડખું ફરી જવાથી ગતિ રોકાઇ જતાં અટકી રહે છે. (સુશ્રુતમાં બીજી રીતે મૂઢગર્ભના આઠ પ્રકાર કહેલા છે તે જાણવા તે ગ્રંથનું અવલોકન કરો.)

મૂઢગર્ભવાળી સ્ત્રીનાં અસાધ્ય ચિન્હ કેવાં હોય?

જે સ્ત્રી પોતાની ડોક નાખી દેતી હોય, સર્વ અંગો ટાઢાં થઇ ગયાં હોય, લાજ વગરની થઇ ગઇ હોય અને જેના પેટ ઉપર નીલ રંગની નસો ઉપડી આવી હોય તે ગર્ભને મારી નાખે છે અથવા તે મુવેલો ગર્ભ તેને મારી નાખે છે.

ગર્ભમાં બાળક મરી ગયો હોય તેનાં ચિન્હ.

ગર્ભમાંજ બાળક મરી ગએલ હોય તો તે સ્ત્રીના પેટમાં ગર્ભનું હાલવું ચાલવું બંધ પડેછે, વીણો આવતી નથી, મૂત્ર અને કફ વગેરેનું પડવું થતું નથી-જણવાનાં લક્ષણો બંધ પડી જાય છે. શરીર કાળાશયુક્ત પાંડુવર્ણવાળું થાય છે, શ્વાસ ગંધાય છે અને મરેલો બાળક સુજી જવાથી ગર્ભવાળીને શૂળો નીકળે છે.

ગર્ભનું તથા ગર્ભવંતીનું મૃત્યુ થવાનું કારણ.

ગર્ભવંતીને પુરા મહીના જતા હોય છતાં કાંઇ પ્રહાર વાગ્યો હોય એવા આગંતુક ઉત્પાતથી અથવા વ્હાલા મનુષ્ય (ભાઇ વગેરે) ના મરણથી કે ધનનો નાશ થવા વગેરેથી થએલા મનના ઉત્પાતથી અથવા રોગોની પીડાથી પેટમાંજ ગર્ભ મરણ પામે છે.

વળી યોનિસંવરણ નામનો રોગ કે જે ગર્ભવંતી વાયુ કરનારાં અન્નોનું, પાનોનું, મૈથુનનું અને ઉજાગરાનું અતિ સેવન કરે, તેથી તેનો વાયુ કુપિત થએલો યોનિના માર્ગમાં રહેલો ઉંચો ચાલનાર હોવાથી યોનિદ્વારને બંધ કરી નાખે છે અને પછી અંદર રહેલો વાયુ ગર્ભમાં રહેલા બાળકને પીડી ગર્ભાશયના દ્વારને રોકી દેછે, જેથી ગર્ભનો શ્વાસ રોકાતાં રુંગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાઇને મરીજાય છે અને હૃદયના ઉંચા ભાગથી ચાલતો શ્વાસ ગર્ભવંતીને મારી નાખે છે. તે યોનિસંવરણ રોગ, તથા ગર્ભનું ચલિતપણું નથતાં કૂખમાંજ લાગી રહેલાપણું, કૂખમાં લોહી અને વાયુથી થએલું એક જાતનું શૂળ, ગર્ભનું મૂઢપણું અને આક્ષેપાદિ ઉધરસ. શ્વાસ. વગેરે ઉપદ્રવોના કારણથી ગર્ભવંતીનું મરણ થાય છે.

મૂઢગર્ભના ઉપાય.

જેણે સંકટના સમયમાં પણ ઘણી સ્ત્રીઓને પ્રસવ કરાવ્યો હોય અને તે કામમાં સારી પેઠે યશ સંપાદન કરેલો હોય એવી દાઇયાણીને બોલાવી તે માટે ઉપાય લેવરાવવા. જો ગર્ભ જીવતો હોય તો, ચતુર દાઇયાણીએ પોતાના હાથે ઘી ચોપડીને હાથને યોનિમાં પેસેરાવી યુક્તિથી જીવતા ગર્ભને બાહાર ખેંચી કાહાડવો અને જો મરી ગયો હોય તો શસ્ત્રક્રિયામાં કુશળતા ધરાવનાર દાઇયાણીએ ગર્ભવંતીની યોનિમાં શસ્ત્ર સહિત હાથ ઘાલી ચેતનતા વાળો જરા પણ ગર્ભ જણાય તો તેને શસ્ત્રથી ન છેદતાં બાહાર કાઢવો. જો ચેતનતાવાળા ગર્ભને ભૂલથી કાપી નાખવામાં આવે તો તેની માતાનું મ્હોત થાય છે, પણ ગર્ભ મરી ગએલોજ જણાય તો નિઃશંકપણેથી શસ્ત્રથી કાપી બાહાર કાહાડી નાખવો. જો મરી ગએલો ગર્ભ જરા વાર પેટમાં રહે તો ગર્ભવંતીના તુરત પ્રાણ લે છે માટે કાપી કાહાડવો. અથવા જે અંગ અટકી રહ્યું હોય તે અંગને કાપી કાહાડી લેવો અને સ્ત્રીનું સંરક્ષણ કરવું. ગર્ભ કાહાડી લીધા પછી સ્ત્રીના શરીર ઉપર ઉના પાણીની ધાર કરવી, તેલનું મર્દન કરવું અને યોનિમાં ઘી નાખવું, જેથી યોનિ કોમળ થાય છે અને શૂળ મટી જાય છે.

પ્રસવ થયા પછી યોનિમાં ચાંદી કે દુખાવો થએલ હોય તે માટે ઉપાય.

તુંબડીનાં પાંદડાં અને પઠાણી લોદર એઓને સમાન લઇ ઝીણાં વાટી તેનો યોનિ ઉપર લેપ કરવો, જેથી ચાંદી અને દુખાવો તુરત મટી જાય છે.

ખાખરાનાં ફળ અને ઉંબરાનાં ફળ એઓને તલના તેલમાં વાટી યોનિમાં લેપ કરવો જેથી યોનિ પોતાના સ્થાનકે બેસી દૃઢ થાય છે.

પ્રસૂતાનું પેટ વધેલું હોય તો તેને બેસાડી દેવા માટે ૨૧ દિવસ પછી પ્રભાતમાં પીપરામૂળના ચૂર્ણને દહીના ધોળવામાં મેળવીને પાવું જેથી હતું તેવું પોળી જેવું પેટ થઇ જાય છે.

પ્રસવ થયા છતાં ઓર પેટમાં રહી હોય તેને પાડવાના ઉપાય.

ઓર ન પડી હોય તો તેથી શૂળ, આફરો અને અગ્નિમંદતાને પેદા કરે છે માટે સાપની કાંચળી, કડવી તુંબડી, કડવાં તુરીયાં, અને સરસવ એઓનું ચૂર્ણ કરી સરસીયા તેલમાં ભીંજવી યોનિની ચારે બાજુએ તેની ધુણી દેવી જેથી ઓર બાહાર પડે છે. અથવા વઢવાડીયાના મૂળના કલ્કનો પ્રસૂતાના હાથ પગનાં તળીયાં ઉપર લેપ કરવો જેથી ઓર બાહાર પડે છે. ઓર પડયા પછી જાંઘોને ઉના પાણીથી ઝારી તેલ ચોળી અંદર ઘી ચોપડવું.

મક્કલ રોગનું નિદાન તથા સંપ્રાપ્તિપૂર્વક લક્ષણ.

સુવાવડી સ્ત્રીનો લુખાસથી વધેલો વાયુ તીક્ષ્ણે તથા ઉષ્ણે સુકવેલા લોહીને રોકીને ડૂંટીની નીચે, પડખાઓમાં, મૂત્રાશયમાં તથા પેડૂમાં ગાંઠને પેદા કરી ડૂંટીમાં, મૂત્રાશયમાં, તથા પેટમાં શૂળ ચલાવે છે. પક્વાશય (હોજરી) ફુલી જાય છે અને પેસાબ રોકાય છે. તેને મક્કલરોગ કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મક્કલ્લ રોગના ઉપાય.

જવખારનું ઝીણું ચૂર્ણ કરી સ્હેવાય તેવા ઉના પાણી સાથે વા, ઘીની સાથે તે ચૂર્ણ પાવું. **અથવા** પીપર, પીપરીમૂળ, મરી, ગજપીપર, સુંઠ, ચિત્રો, ચવક, મેદીનાં બીજ (કે નગોડનાં બીજ ?) એળચી, અજમોદ, સરસવ, હીંગ, ભારંગી, કાળીપાડ, ઈંદ્રજવ, જીરૂં, ગજ્રાવન, ન્હાની પીલુડી, અતિવિષ, કડુ અને વાવડીંગ આ પીપ્પલાદિ ગણુનો કવાથ કરી તેમાં સિંધાલુણ નાખીને પાવો, જેથી ગોળો, શૂળ, તાવ, મક્કલ્લ અને મક્કલ્લનું શૂળ તથા કફ વાયુનો સારી પેઠે નાશ કરી આમને પકાવી અગ્નિને પ્રદિપ્ત કરે છે. આ **પિપ્પલાદિ ગણુ કવાથ** કહેવાય છે. **અથવા** ત્રિકટુ, ચાતુર્જાત અને ધાણા એઓનું ચૂર્ણ જુના ગોળમાં મેળવી નિત્ય ખાય તો મક્કલ્લ રોગ નાશ પામે છે.

સુવાવડીને શું શું સેવવા યોગ્ય છે.

સુવાવડીએ યોગ્ય આહાર વિહાર કરવો, તથા પરિશ્રમ—થાક લાગે તેવી મહેનત, મૈથુન, ક્રોધ, અને ઠંડા પદાર્થોનો ત્યાગ કરવો. પથ્યમાં રહેવું. અજીર્ણ થાય તેમ જમવું નહીં, અજીર્ણ છતાં જમવું નહીં નહીંતો સુવારોગ થાય છે; અર્થાત્ ઘણા પવનવાળી જગો-માં રહેવાથી કે બેસવાથી ખાદ્યાખાદ્ય ભોજનોનું ભાન ન રાખવાથી, દોષોકોપે તેવાં આચરણો આચરવાથી, વિષમ ભોજનથી, અજીર્ણથી અને અયોગ્ય ક્રિયાઓથી સુવારોગ થાય છે. તે રોગ મહા મુશ્કેલીથી મટે છે.

સુવારોગનું લક્ષણ.

અંગોનું ભાગવું, તાવ, ઉધરસ, તરસ, ગાત્રોમાં ભારેપણું, સોજો, શૂળ અને ઝાડા થવા વગેરેના રોગોનો સુવારોગમાં સમાવેશ થાય છે એટલે ઘણું કરીને સુવાવડીનેજ આ રોગો થાય છે તેથી તેને સૂતિકા—સુવારોગ કહે છે.

અથવા તાવ, ઝાડો, સોજો, શૂળ, આફ્રો, નિર્બળતા, ઘેન, અરૂચિ, અને મોળ એઓ રોગો સુવાવડીને માંસના તથા બળના ક્ષયથી થાય છે, તેને પણ સૂતિકારોગ કહે છે.

સૂતિકા રોગોના ઉપાય.

વાયુને હરનારી ઔષધીઓ સેવવાથી સૂતિકારોગ મટે છે. **અથવા** દશમૂળનો કવાથ કરી તે જરા જરા ઉનો હોય ત્યારે તેમાં ઘી નાખી પીવાથી સુવાવડીના રોગો મટી જાય છે. **અથવા** દેવદાર, વજ, ઉપલેટ, પીપર, સુંઠ, કરિયાતું, કાયફળ, કડુ, ધાણા, હરડે, ગજ-પીપર, ભોંરીંગણી, ગોખરૂ, ધમાસો, મોટી રીંગણી, અતવસ, ગળો, કાકડાશીંગ, અને કાળી-જીરી એઓને સમાન ભાગે લઇ તેઓનો કવાથ કરી આઠમા ભાગનું પાણી બાકી રહે તે વખતે તેમાં સિંધાલુણ તથા હિંગ નાખી સુવાવડીને પાવો જેથી શૂળ, ઉધરસ, તાવ, શ્વાસ, મૂર્છા, ધ્રુજારો, માથાની પીડા, બકવા, તરસ, બળતરા, ઘેન, અતિસાર અને ઉલટી એઓ સહિત વાયુ તથા કફથી, ઉત્પન્ન થનારો સુવારોગ મટી જાય છે. આ **દાર્વ્યાદિ કવાથ** સુવા-રોગ માટે ઉત્તમ ઔષધ છે. **અથવા** જીરૂં, કલોંજીરૂં, સવા, વરીયાળી, અજમો. બોડી-અજમો, ધાણા, મેથી, સુંઠ, પીપર. પીપરામૂળ, ચિત્રક, છીણીનાં મૂળ. બોરની મીંજો, ઉપ-લેટ અને કપીલો એ સઘળા પદાર્થોને ચાર ચાર તોલાભાર લઇ તેઓનો ૧૨૮ તોલાભાર દુધ, ૧૬ તોલા ઘી અને ૪૦૦ તોલા ગોળ સાથે પાકના નિયમ પ્રમાણે પાક તૈયાર કરવો. આ **પંચજીરક પાક** સુવાવડના રોગો, યોનિના રોગો, તાવ, ક્ષય, ઉધરસ, શ્વાસ, પાંડુ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૃશતા અને વાયુ સંબંધી રોગો ઉપર ઘણોજ ફાયદાકારક છે.

અથવા બત્રીશ તોલા સુંઠનું ચૂર્ણ ઘીમાં કરમોદી ૧૨૮ તોલા ભાર ગાયના દુધમાં નાખી તેનો માવો કરવો અને તેમાં ૮ તોલા ભાર ગાયનું ઘી નાખી રવો પાડી પછી બસો તોલા ખાંડની ચાસણી કરી તેમાં તે ફીટી નાખી પછી તેમાં ૧૨ તોલા ધાણા, ૨૦ તોલા વરીયાળી, તથા વાવડીંગ, જીરૂં, સુંઠ, મરી, પીપર, મોથ, તમાલપત્ર, નાગકેસર, તજ અને ન્હાની એળચી એટલા પદાર્થો ચાર ચાર તોલા ભાર લઇ સર્વેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચાસણીમાં નાખી એકજીવ કરી લાડુ કે ચોરસ ખંડ પાડી સુંદર પાત્રમાં ભરી સેવો. આ **સૌભાગ્ય સુંઠીપાક**ના સેવનથી સુવાવડના રોગ, તરશ, ઉલટી, તાવ, બળતરા, શોષ, શ્વાસ, ઉધરસ, બરલ અને કરમીઆનો રોગ એ સર્વેનો નાશ થાય છે તથા અગ્નિને પ્રદિપ્ત કરે છે.

સુવાવડીનાં પથ્યાપથ્ય.

જેનું સઘળું લોહી ખાલી થઇ ગયું હોય તેવી સુવાવડીએ એક મહીના સુધી સ્નિગ્ધ, પથ્ય તથા થોડું ભોજન કરવું. દરરોજ જરૂર શેક કરવો અને તેલ પણ ચોળાવવું (ફીરી પાળવી). દોઢ મહીનો થઇ ગયા પછી અથવા ફરી અભડાય ત્યાં સુધી સુવાવડી કહેવાય છે માટે ચાર માસ થઇ જાય અને કશા ઉપદ્રવો જણાય નહીં તો ફીરી પાળવી બંધ કરવી નહીં તો સુખના સાંસા થઇ પડે છે.

સ્તનરોગોની સંપ્રાપ્તિ તથા લક્ષણ.

દોષ, દુધવાળા અથવા દુધ વગરના સ્ત્રીના સ્તનોને પ્રાપ્ત થઇ લોહીને તથા માંસને દોષવંત કરી ગાંઠ પાક વગેરે રોગોને ઉત્પન્ન કરે છે તેને સ્તનરોગ કહે છે.

આ રોગ કુમારિકા-કન્યાને થતો નથી. પ્રસૂતા તથા ગર્ભવંતી સ્ત્રીઓનેજ આ રોગ સ્તનોની સ્નની નાડીઓ ખુલ્લી થએલી હોવાને લીધેજ થાય છે. તે સ્તનરોગ વાયુ, પિત્ત, કફ, ત્રિદોષ અને આગંતુજ એમ પાંચ પ્રકારથી થાય છે. રૂધિરના કોપનો સ્તનરોગ થતોજ નથી.

સ્તન રોગોના ઉપાય.

સ્ત્રીના સ્તનોમાં સોજો જોવામાં આવે તો વિદ્રધિના અધિકારમાં કહેલા ઉપાયો કરવા. સ્તનો ઉપર શેક કરવોજ નહીં. સ્તન રોગ માટે પિત્તને નાશ કરનાર ઓષડો કરવાં. અથવા જળો મુકી દુષ્ટ લોહી કાહાડી નાખવું. **અથવા** ઇંદ્રવરણાનું મૂળીયું ઘસી લેપ કરવો જેથી સ્તનરોગ મટી જાય છે. **અથવા** હળદર અને ધંતુરાનાં પાન એઓને ઘુંટી લેપ કરે તો સ્તનરોગ મટે છે. **અથવા** તપાવેલા લોખંડને પાણીમાં ઠારી તે પાણી સ્ત્રી પીએ તો સ્તનરોગ મટે છે. **અથવા** વાંઝ કંકોડીના મૂળીયાને ઘસી લેપ કરે તો સ્તનની પીડા મટે છે. **ભાવપ્રકાશ.**

સ્ત્રી રોગનો અધિકાર [1]સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર ગ્રંથ વિષે સ્ત્રીઓના પ્રદરાદિ સર્વ રોગોનાં નિદાન, લક્ષણ અને યત્ન નિરૂપણ નામનો વીશમો તરંગ સંપૂર્ણ.

---

૧ આ ગ્રંથમાં ગ્રંથ કર્તાએ રાંડેલી, વેશ્યા, અને પતિ વિરક્ત સ્ત્રીઓ વગેરેના ગર્ભપાત માટેના ઉપાયો ગ્રંથની પૂર્ણતાના હેતુથી એકત્ર કરી લખેલા હતા; પરંતુ તે ઉપાયોથી પાતકી લોકોને ઘાતથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ એકવીશમો.

બાળકના રોગો બધા, પ્રાચીન ગ્રંથ પ્રમાણ;
આ તરંગમાં વર્ણવ્યા, સુખકર સઘ સુજાણ.

———(૦)———

બાળકના રોગોનો અધિકાર.

સમજુ મા બાપે બાળગ્રહોથી બાળકનું રક્ષણ કરવું.

જેઓનાં બાળકો ગંદાં-અપવિત્ર હોય તથા જેની માતા ફુવડ હોય તેના બાળકોને બાળગ્રહો પીડે છે. તે બાળગ્રહો, પ્રખ્યાત નવગ્રહોથી જુદાજ પ્રકારના ગ્રહો છે, તેમ તેઓની સંખ્યા પણ નવનીજ છે. એટલે સ્કંદ ૧, સ્કંદાપસ્માર ૨, શકુની ૩, રેવતી ૪ પૂતના ૫, અંધપૂતના ૬, શીતપૂતના ૭, મુખમંડિકા ૮, અને નૈગમેષ ૯ એ નવ બાળગ્રહો કહેવાય છે.

બાળગ્રહોની ઉત્પત્તિ.

સ્કંદ વગેરે નવ ગ્રહો કાર્તિકેયસ્વામીના સંરક્ષણાર્થે શ્રી સદાશિવજીએ તથા કૃત્તિકાએ, પાર્વતિએ અને અગ્નિએ ઉત્પન્ન કરેલા છે. એટલે સ્કંદગ્રહને શ્રી સદાશિવજીએ પ્રકટ કર્યો છે, તેનું બીજું નામ કુમાર છે. સ્કંદાપસ્માર ગ્રહને અગ્નિએ ઉત્પન્ન કર્યો છે તે અગ્નિ જેવી કાંતિવાળો છે અને સ્કંદસખ તથા વિશાખ એ નામોથી પણ ઓળખાય છે. શકુનીથી માંડીને મુખમંડિકા સુધિના છ ગ્રહે સ્ત્રી રૂપે છે, અનેક રૂપોવાળા છે અને ગંગા પાર્વતિ તથા કૃત્તિકાઓ એઓના રજોગુણી તથા તમોગુણી ભાગો રૂપ છે. નૈગમેષ નામના બાળગ્રહને પાર્વતીજીએ ઉત્પન્ન કર્યો છે, તેનું ઘેટા જેવું મ્હોં છે અને સ્વામી કાર્તિકેયને પ્રાણ સમાન પ્યારો છે. એ નવે બાળગ્રહો સંપત્તિ તથા દિવ્ય શરીરવાળા છે. તેઓ જે સમય શ્રી સદાશિવજીએ કાર્તિકેય સ્વામીને દેવતાઓના સેનાપતિ કર્યા તે વેળાએ આ સઘળા ગ્રહો દેદિપ્યમાન સાંગને ધારણ કરનારા કાર્તિકેય સ્વામી આગળ આવીને ઉભા અને હાથ જોડી કહેવા લાગ્યા કે " હે સ્વામી ! અમોને આજીવિકા આપો. " આ પ્રાર્થનાનાલીધે કાર્તિકેય સ્વામીએ શ્રી શંકર પિતાને તેઓના માટે વિનવ્યું તેથી આશુતોષ ભગવાને તે બાળગ્રહોને કહ્યું કે-" આ જગત્ વિષે પશુ પક્ષી મનુષ્ય અને દેવ એ ત્રણ જાતી છે. તે ત્રણે જાતિઓ એક એકના પરસ્પર કરેલા ઉપકારોથી વર્ત્તે છે અને તે ઉપકારથીજ ટકી રહેલછે. દેવતાઓ તે તે યોગ્ય સમયમાં ગરમી, વર્ષા, શરદી અને પવનને ઉત્પન્ન કરી મનુષ્યો તથા પશુ

કર્મો માટે સાહાયતા મળતી જોઇ તે ઉપાયોનો અત્રે ત્યાગ કર્યોછે; જો કે છિદ્રગવેષી દુષ્ટાત્માઓને તથા વ્યભિચાર વલ્લભ જનોને પોતાનો સ્વાર્થ સાધવાની અગવડતા પડવાથી આ પૂર્ણ ગ્રંથ છતાં પણ અપૂર્ણ લાગશે, પણ તેવા કુત્સિત કર્મચારીયોના કથનો ઉપર કેવળ લક્ષ ન આપતાં સદાચાર અને સત્પંથમાં રહી પોતાનું કાર્ય પાર પાડવું છે માટે સુજ્ઞ સદાચારી સુજનો મારા હેતુને લક્ષમાં લઇ નહીં જેવા વિષયની ન્યૂનતા માટે રહેલી અપૂર્ણતાના દોષ માટે દરગુજર કરશે. ભલે કુકર્મિજનો કુકર્મો કરવા અન્ય સ્થળથી પોતાની દુષ્ટ વાસના પાર પાડે, પણ આ ગ્રંથથી તે હેતુ પાર ન પડે તેમ થવું દુરસ્ત ધારીને મેં તેનો ત્યાગ કર્યો છે. **શા. કે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પક્ષીઓને તૃપ્ત કરે છે. મનુષ્યો યજન, હાથજોડ, નમસ્કાર, જપ તથા હોમાદિક ક્રિયાઓ ઉત્તમ પ્રકારે કરી દેવતાઓને તૃપ્ત કરે છે. પશુ પક્ષીઓ પોતાનાં દુધ વગેરેથી તથા માંસા દિથી મનુષ્યો અને દેવતાઓને તૃપ્ત કરે છે, તથા મનુષ્યો પાલન-આદિથી પશુ-પક્ષીયોને તૃપ્ત કરે છે. આ પ્રમાણે હોવાથી સઘળું તે તે ભાગોમાં વ્હેંચાઇ ગયું છે અને તેનેલીધે કાંઇ બકાત રહ્યું નથી માટે તમારી સારી રીતે આજીવિકા તો ફક્ત બાળકો ઉપરજ આધાર રાખે છે, જેથી જે મનુષ્યો દેવતાઓ, પૂર્વજો, બ્રાહ્મણો, સાધુઓ, ગુરૂઓ અને અતિથી જનોનું પૂજન ન કરતા હોય, તથા જે કુળો અપવિત્રતા અને અનાચારથી સહિત હોય, કુત્સિત વૃત્તિવાળાં, કોઇને ભિક્ષા કે બલિદાન ન આપતાં હોય તથા ફૂટેલા કાંસાના વાસણમાં જમતાં હોય તેઓના કુળમાં જે બાળકો ઉત્પન્ન થયાં હોય તે બાળકોને તમો બેધડકપણાથી વળગજો, જેથી તમારી ભલી રીતે આજીવિકા ચાલશે અને પૂજા પણ થશે." આ પ્રકારે બાળગ્રહો ઉત્પન્ન થયા છે અને એ કારણથી બાળકોને પીડે છે. આમ હોવાથી જેઓને બાળગ્રહો વળગ્યા હોય તેઓ બાળકોના ઉપાયો કરવા બહુ મુશ્કેલ થઇ પડે છે.

જેઓ બાળકોને બાળગ્રહ વળગ્યા હોય તેનાં સામાન્ય લક્ષણો.

ઘડીકમાં બાળક ઉદ્વેગ પામે, ઘડીકમાં રોવા લાગે, નખોથી તથા દાંતોથી પોતાને અને માને ફાડી નાખે છે, ઉંચું જોયા કરે, દાંત કચકચા કરે, ચણ ચણે, બગાસાં ખાય, ભમરોના ચાળા કરે, હોઠ કરડે, વારંવાર ફીણ વાળી ઉલટી કરે, દુબળું થઇ જાય, રાતે જા ગ્યા કરે, શરીરમાં સોજો આવે, અતીસાર થાય, ઘાંટો ખરાબ થઇ જાય, માછલાના તથા લોહીના જેવા ગંધવાળો થાય, ઓછું ખાય, મેલા અંગવાળું થઇ જાય અને ભાન વગરનું થાય. આ સઘળાં બાળગ્રહોના વળગાડ થવાના સામાન્ય લક્ષણો છે. પણ એ નવ બાળગ્રહો પૈકી કયા ગ્રહનો વળગાડ છે તે પારખી કાહાડવાનાં કારણો નીચે પ્રમાણે---

સ્કંદગ્રહનો વળગાડ હોય તો, બાળકની આંખો સુજેલી જણાય, લોહીના જેવા ગંધવાળો, સ્તનપાન માટે અરૂચિ, વાંકા મ્હોંવાળો, આંખ ખરાબ ને ફરકતી એક પાંપણવાળી થાય છે એવો ઉદ્વેગ પામેલો પાણીથી ભરેલી આંખ્યોવાળો, થોડું રોનારો, કઠણ મુઠીઓ વાળનારો અને કઠણ વિષ્ટાવાળો થાય છે.

સ્કંદાપસ્માર બાળગ્રહનો વળગાડ હોય તો, બાળક સંજ્ઞા રહિત, (વારંવાર વાળોને ચુંટતો, નીચી ડોક રાખનારો) અક્કડ થઇ જતો, હાથ પગથી જાણે નાચતો હોય તેમ ચાળા કરતો, મળ-મૂત્રના વેગવાળો, ઘણીવારે બગાસું ખાનારો, અને મ્હોં ફીણયુક્ત (આકાશ સ્હામું જોતો, માતાના સ્તન તથા પોતાના હોઠને કરડતો, સરંભજ્વર, ઉંઘનો નાશ, પાચ અને લોહીના સમાન ગંધવાળો) બાળક થાય છે.

શકુની બાળગ્રહનો વળગાડ હોય તો, બાળક શિથિલ અંગવાળો, ભયથી ચમકતો, પક્ષી જેવા ગંધવાળો, ચારે કોર સ્રાવવાળા ગડગુમડોથી પીડાતો, બળતરાવાળા પાકેલા ફોલ્લાઓથી વ્યાપ્ત અને (અતીસાર, જીભ, તાળું ગળામાં ક્ષતયુક્ત, સાંધાઓમાં બળતરા, શૂળ, મુખ તથા ગુદામાં પાક અને) તાવયુક્ત બાળક થાય છે.

રેવતી બાળગ્રહનો વળગાડ હોય તો, બાળક રાતા મ્હોંવાળો, હરિત રંગની વિષ્ટાવાળો, ઘણોજ પાંડુરંગવાળો, વા કાળાશયુક્ત, તાવ, મુખપાક અને શરીરમાં વ્યથાવાળોઇ નાક તથા કાનને મસળતો (આંખ્યો મસળતો), ખાંસી, વાંકા મુખવાળો અને બકરાના સમા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન ગંધવાળો, પાતળી વિષ્ઠાવાળો) થાય છે.

પૂતના બાળગ્રહનો વળગાડ હોય તો, બાળકનાં અંગો શિથિલ, રાત દિવસ અજં-પાવાળો, પાતળો ઝાડો, કાગડા જેવા ગંધવાળો, ઉલટીથી પીડાતો, રૂંવાળાં ઉભાં થઇ જાય એવો અને વારંવાર તરશ યુક્ત (ધેન, કંપારો, હેડકી, આફરો મૂત્રના રોકાણયુક્ત હોય) છે.

અંધપૂતના બાળગ્રહનો વળગાડ હોય તો, બાળક ધાવવા માટે કંટાળતો, તાવ, અતીસાર, કફ્ફરસ, હેડકી, ઉલટીથી પીડાતો, ખરાબ વર્ણવાળો, હમેશાં ઉંધેજ સુનારો, અને લોહીના જેવા ગંધવાળો (મંદાગ્નિ, દુર્ગંધતા, અંગશોષ, દૃષ્ટિમંદ, વક્ષુર પોથકીની જન્ય શૂન્યતા, અત્યંત શળ, સ્વરની તીક્ષ્ણતા, ધ્રુજારો અને માછલાં કે ખટાસયુક્ત ગંધવાળો) થાય છે.

શીતપૂતના બાળગ્રહનો વળગાડ હોય તો, બાળક ચીસો પાડયા કરે છે, બીહી બીહીને ઝબકે-ધ્રુજે, તણાઇ જાય, પેટમાં અવાજ થાય, અંગોમાં દુર્ગંધ અને ઝાડો બહુજ પાતળો (રોવું, વાંકી દૃષ્ટિથી જોવું, તરશ, એક પાંસળી ટાઢી તો એક ઉની હોય છે. તથા કાચી માંસ પેશી જેવા ગંધવાળો) હોય છે.

મુખમુંડિકા બાળગ્રહનો વળગાડ હોય તો, અંગો ગ્લાનિ પામી ગએલાં, હાથ પગ તથા મ્હોંમાંથી લોહીનું નીકળવું, ઉદ્વેગ, બહુ ખાવું, પેટ મેલી નસોથી વ્યાપ્ત, અને શરીરમાંથી ગોમૂત્ર જેવા ગંધનું નીકળવું (તાવ, અરૂચિ હોય) એટલાં ચિન્હો થાય છે.

અને **નૈગમેષ બાળગ્રહનો** વળગાડ હોય તો-બાળક ફીણવાળું ઓકે, મધ્ય ભાગમાં નમી જાય, ઉદ્વેગ પામે, ઉંચું જોઇ જોઇ હસ્યા કરે, બહુજ ચણચણ્યા કરે, શરીરમાંથી ચરબી કે લોહી જેવો ગંધ આવે અને બેભાન થઇ જાય છે.

સામાન્ય બાળગ્રહોના વળગાડનો ઉપાય.

જંગલી અડદ, ઓરીયોકલ્હાર અને વાળો એઓના ક્વાથથી બાળકને નવરાવવો. અને સમપર્ણ, ઉપલેટ, હળદર તથા સુખડ એઓનું વિલેપન કરવું, જેથી બાળગ્રહોનો વળગાડ મટી જાય છે. **અથવા** સાપની કાંચળી, લસણ, પીલુડી, ઘી, લીંબડાનાં પાન, બિલાડીની વિષ્ઠા, બકરીના વાળ, ઘેટાનું શીંગડું (કે મરડાશિંગ ?), વજ અને મધ એઓનો ધુમાડો દેવાથી સઘળા બાળગ્રહોના વળગાડની પીડા નાશ પામે છે.

બાળગ્રહોના નિવારણ માટે બાળશાંતિઓ તથા પૂજનાદિ કરાવવાં.

નવે બાળગ્રહોના વળગાડની પૃથક્ પૃથક્ ચિકિત્સા.

સ્કંદ બાળગ્રહના નિવારણ માટે એરંડાના પાનડાંના ક્વાથથી બાળકને નવરાવવો. વા. ઝારવો. **અથવા** સરસવ, સાપની કાંચળી, વજ, ધોળી અણોઠી, ઘી, ઉંટના, બકરાના, તથા ઘેટાના મોવાળા (વાળ) એઓની ધુવાડી દેવી, જેથી સ્કંદ બાળગ્રહનો વળગાડ નાશ પામે છે.

સ્કંદાપસ્માર બાળગ્રહનો વળગાડ મટાડવા બીલી, કાળીયો સરસ, ધોળી પ્રો અને સુરસાદિગણ (કાળી તુલસી, કાળીપાડ, ભારંગી, મરવો, કલ્હાર, રોહીશ, રાઇ, બાવચી, કાયફળ, કાસંદરો, વાવડીંગ, નગોડ, કણેર, ઉંબરો, કાંસકી, સતી અંધાડી, શલકી અને બકાન લીંબડા) નો ક્વાથ કરી બાળકના શરીરને ઝારવું. **અથવા** ગોમૂત્ર, બકરીનું મૂત્ર, ઘેટીનું, પાડાનું, ઘેટાનું, ગધેડાનું, ઉંટનું અને હાથીનું મૂત્ર-આ આઠ મૂત્રો લઇ તેઓમાં તેલ નાખી પકાવી તે તેલનો બાળકના શરીરે માલેશ કરવો. આ **મૂત્રાષ્ટક તેલ** કહેવાય છે. **અથવા**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગીધની વિષ્ઠા, ઘૂડની વિષ્ઠા, વાળ, હાથીનો નખ, ઘી અને બળદના વાળ એઓની ધુવાડી દેવી. **અથવા** જવાસો, શિમળો, કડવી ટીંડોરી, અને કરંજ–કરકચ એઓને ધારણ કરવાં. **અથવા** તે બાળકને ચાર રસ્તાઓની વચ્ચે નવરાવી-**स्कंदापस्मार संज्ञोय: स्कंदस्य दयितः सखा विशाखः सशिशोरस्य शिवायास्तु शुभाननः** આ મંત્ર બોલવો.

શકુનિ બાળગ્રહના નિવારણ માટે નેતર, આંબો અને કોઠ એઓનો કવાથ કરી બાળકને નવરાવવો અને વાળો, જેઠીમધ, કાળો વાળો, ઉપલસરી, કમળ, પદ્મકાષ્ટ, લોદર, ધઊંલા, મજીઠ અને સોનાગેરૂ એઓનો લેપ કરવો. **અથવા** સ્કંદાપસ્મારના નિવારણ માટે જે ધૂપ અને ઉપાયો કહ્યા છે તે પણ કરવા. **અથવા** શતાવરી, ઇંદ્રવરણું, નાગદમણી, ભોંરીંગણી, ધોળીરીંગણી, કાંસકી અને ઉભી રીંગણી એઓનાં મૂળ ધારણ કરવાં. **અથવા** તલ, ચોખા, ફુલ, હરતાલ અને મણશીલ એઓનું કરકચના ઝાડ નીચે બલિદાન મૂકવું અને બલિદાનના પાસે બાળકને વિધિયુક્ત નવરાવવો, જેથી શકુની બાળગ્રહનો વળગાડ મટે છે.

રેવતી બાળગ્રહનો વળગાડ મટાડવા–આસગંધ, મરડાશીંગ, ઉપલસરી, સાટોડી, ગુલાબ, અને ભોંયકોળુ એઓનો કવાથ કરી બાળકને નવરાવવો. **અથવા** ઉપલેટ, રાળ, ગુગળ, પીળો વાળો, અને હળદરવોકદંબ એઓના કલ્કથી પકાવેલા તેલનો માલેશ કરવો. **અથવા** ગાયોના વાડામાં સુગંધી ધોળાંફુલ, ચોખાની ધાણી, દુધ, રાતા ચોખાનો ભાત અને દહી એઓનું બલિદાન દેવું. જેથી રેવતી ગ્રહ દૂર થાય.

પૂતના બાળગ્રહની પીડાથી બાળકને મુક્ત કરવા–બ્રાહ્મી, અરલૂ, વરણો, લીંબડો અને ગરણી એઓનો કવાથ કરી બાળકના શરીરને ધોવું. **અથવા** તાજું ભોંયકોળું, ધોળી ધ્રો, હરતાલ, મણશીલ, ઉપલેટ અને રાળ એઓના કલ્કથી પકાવેલું તેલ શરીરે ચોળવું.

અંધપૂતના બાળગ્રહનો વળગાડ મટાડવા–લીંબડો, કડવાં પરવળ, ભોંરીંગણી, ગળો અને અરડૂસો એ પંચતિક્ત ગણના કવાથથી તે બાળકને નવરાવવો. **અથવા** પીપર, પીપરીમૂળ, ભોંરીંગણી, ઉભી રીંગણી, ચિત્રો જેઠીમધ અને સમેરવો એઓના કલ્કથી તેલ પકાવી બાળકને પાવું અને ચંદન, કેસર, અગર, કપૂર અને કસ્તૂરી એઓનું શરીરે લેપન કરવું તથા આંખ્યો ઉપર ચંદન અને કપૂરનું લેપન કરવું. **અથવા** કુકડાની હઘાર, વાળ, સાપની કાંચળી અને જુનું લુગડું એઓની વારંવાર ધુવાડી દેવી, જેથી અંધપૂતના બાળગ્રહનો વળગાડ મટે છે.

શીતપૂતના બાળગ્રહનો વળગાડ મટાડવા–ગાયનું, તથા ઘેટાનું મૂત્ર, મોથ, દેવદાર, ઉપલેટ, કેસર, અગર, કસ્તૂરી, કપૂર અને ચંદન એઓથી પકાવેલા તેલનું બાળકના શરીરે મર્દન કરવું. **અથવા** કકુ, લીંબડો, બેર, ખાખરો અને કડાછાલ એઓનો કવાથ કરી તેમાં દુધ મેળવી તેથી ઘી પકાવી તે ઘી બાળકને પાવું. **અથવા** ગીધની હઘાર, ઘુવડની હઘાર, તલવણી, સાપની કાંચળી, અને લીંબડાનાં પાંદડાં એઓની ધૂણી દેવી. **અથવા** ચણોઠી, કાંસકી અને ધોળી ચણોઠી એઓની માળા ધારણ કરવી. **અથવા** નદીના કીનારા ઉપર મગ ભાત શીતપૂતનાને સમર્પણ કરવા. જેથી શીતપૂતનાનો દોષ મટી જાયછે.

મુખમુંડીકા બાળગ્રહનો વળગાડ મટાડવા–કોઠ, બીલી, અરણી, અરડૂસો, ધોળો એરંડો અને કાકચ એઓનો કવાથ કરી બાળકને નવરાવવો. **અથવા** જળભાંગરાના સ્વરસમાં આસોંદના કલ્કથી તેલને ચરબીની સાથે પકાવી તેનો બાળકના શરીરે માલેશ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અથવા વજ, રાળ, ઉપલેટ અને ઘી એઓની ધુવાડી દેવી. **અથવા** ગુલાલ, હીંગળોક, ફુલ, મેંપ, પારો અને મણશીલ એઓ ગાયના વાડામાં–ગોશાળામાં મુખમંડિકાને અર્પણ કરી દુધ તથા પૂરોડાસનું બલિદાન દેવું અને **अलंकृता कामवती सुभगा कामरूपिणी गोष्ठमध्यालया यातु पातुत्वां मुखमंडिका.** આ મંત્રવડે પાણી મંત્રી બાળકને તેજ ઠેકાણે નવરાવવો.

નૈગમેષના વળગાડને મટાડવા–બીલી, અરણી અને પૂતિકરંજ એઓના કવાથથી બાળકનું શરીર ઝારવું. **અથવા** કાંગ, સરલ દેવદાર, ઉપલસરી, સવા, બોંય આંબળીની છાલ અથવા અરલુ, દહીનો મંડ, ખાટી ભાજી અને ગોમૂત્ર એઓથી તૈલ પકાવી તે તૈલ બાળકના શરીરે ચોળવું. અને પીપરના થડમાં તલ, ચોખા, ફુલ અને વિવિધ પ્રકારનાં ભક્ષ્ય–લાડુ વગેરે મીઠાઇનું બલિદાન બાળક ઉપર ૭ વાર ઉતારીને આપવું. ક્ષીરવાળા ઝાડો નીચે નવરાવી **अजाननश्च लाक्षिसः कामरूपी महायशाः बालंपालयिता देवो नैगमेषोऽभिरक्षतु** આ મંત્રનો પાઠ કરવો, જેથી નૈગમેષ ગ્રહનો દોષ મટે છે. **ભાવપ્રકાશ.**

બાળકોને ડાકણી વગેરેની થતી પીડાની ઉત્પત્તિ લક્ષણ અને ઉપાય સહ વ્યાખ્યા.

લંકાપતિ રાક્ષસભૂપ રાવણની બાર બેહેનો છે તે બાળકોને પીડા કરે છે. એટલે બાળકના જન્મથી પહેલે દિવસે, પહેલે મહીને અને પહેલે વર્ષે **નંદા** નામની માતૃકા બાળકને પીડા કરે છે એટલે પહેલાં તાવ આવે, રૂવે અને ઉંકારા કરે તથા ધાવે નહીં તો તે નંદા માતૃકાનો દોષ સમજવો. તેના નિવારણ માટે નદીના બન્ને કાંઠાની માટી લઇ પુતળું બનાવી ચોખા, ધોળાં ફુલ, ૭ ધોળી ધજા, ૭ દીવડાં, ૭ વડાં, સાત પૂરીઓ, ૭ મુઠીઆં, ૭ સાથીયા, ૩ જાંબુ ચંદન, ફુલ, નાગરવેલનાં પાન, માછલીનું માંસ, ધૂપ, દારૂ, અને ઉત્તમ ચોખા. એઓ બાળકના ઉપરથી ઉતારી ચાર રસ્તા વચમાં ઉગમણા ઉભારહી બપોરે ઉતાર મુકવો. પછી પીપળાનાં પાન કળશામાં નાખી તેમાં પાણી ભરી તે પાણીથી બાળકને નવરાવે અને લસણ, સરસવ, બકરાનું શીંગડું તથા લીંબડાનાં પાન અને શિવનિર્માલ્યની ધુણી દેવી. તે ઉતારો ઉતારતી વખતે જે મંત્ર બોલવો તે નીચે પ્રમાણે—

ॐ नमो नारायणाय अमुकस्य व्याधि हन, हन, मुंच मुंच ह्रीँ फट् स्वाहा

આ મંત્રવડે ઉતાર ઉતારી ઉપર કહેલો વિધિ ત્રણ દિવસ કરી ચોથે દિવસે બ્રહ્મભોજન કરાવવું, જેથી નંદા માતૃકાનો દોષ મટે છે.

બાળકના જન્મથી બીજે દિવસે, બીજે મહીને કે બીજે વર્ષે **સુનંદા** માતૃકા બાળકને પીડા કરે છે, તેથી તાવ આવે, આંખોં ફાટીજ રહે, ધ્રુજ્યા કરે, ઉંઘ આવે નહીં, રોયા કરે, ઉંકારા કર્યા કરે અને ધાવે નહીં એટલા ઉપદ્રવો થાય છે. તેને મટાડવા એક પસલી–પ્રસ્ત ચોખા, દહી, ગોળ તથા ઘી એઓને એકઠાં કરી એક રામપાત્રમાં ભરી તેમાં ગંધ, પાનબીડાં, પીળાં ફુલ, પીળી ધજા ૭, ૭ દીવડાં, ૧૦ સાથીયા, માછલાનું માંસ, દારૂ અને તલનું ચૂર્ણ એટલી વસ્તુઓ બાળકના ઉપરથી ઉતારી આથમણિ દિશાએ સંધ્યા વખતે ચાર રસ્તા વચ્ચે તે બલિદાન દેવું અને પછી શાંતિ જળથી બાળકને સ્નાન કરાવી શિવ નિર્માલ્ય, સરસવ, બિલાડાના વાળ, વાળો, સુગંધીવાળો તથા ઘી એઓનો તે બાળકને ધૂપ દેવો એમ ૩ દિવસ કરી ચોથે દિવસે બ્રાહ્મણોને જમાડવા, જેથી સુનંદા માતૃકાનો દોષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૂર થાય છે. ઉપર કહેલો ઉતારો ઉતારવાનો મંત્ર--

ओं नमो नारायणाय अमुकस्य व्याधिं हन हन मुंच मुंच ह्रींफट् स्वाहा."

બાળકના જન્મથી ત્રીજે દિવસે, ત્રીજે મહીને કે ત્રીજે વર્ષે રાવણની બેહેન **પૂતના** માતૃકા બાળકને પીડા કરે છે, તેથી પ્રથમ તાવ, કંપારો, ધાવવા ઉપર અરૂચિ, હાથની મુંઠીઓ વાળી રાખે, ચીસો પાડે અને ઉંચું જોયા કરે છે, તેની શાંતિના માટે ઉતાર એ છે કે–નદીના બન્ને કીનારાની માટી લઇ પુતળુ બનાવી સુખડ, ફુલ, નાગરવેલનાં પાન, રતાંજલિ, ૭ રાતાં ફુલ, ૭ રાતી ધજા, ૭ દિવડાં, ૭ સાથીઆ, પક્ષીઓનું માંસ, દારૂ અને ભાત એઓનો દક્ષિણ દિશાએ ત્રીજા પોહોરે ચાર રસ્તા વચમાં બાળકના માથેથી ઉતારી ઉતાર મુકવો. શિવનિર્માલ્ય, ગુગળ, સરસવ, લીંબડાનાં પાદડાં અને બકરાનું શીંગડું એઓનો ધૂપ દેવો. એમ ૩ દિવસ કરી ચોથે દિવસે બ્રહ્મ ભોજન કરાવવું.

"ओं नमो नारायणाय बालस्य व्याधिं हन हन मुंच मुंच ह्रासय स्वाहा" આ મંત્ર વડે ઉતાર ઉતારી ચોપટે મુકવો, જેથી પૂતના માતૃકાની પીડા મટે છે.

બાળકના જન્મથી ચોથે દિવસે, ચોથે મહીને કે ચોથે વર્ષે રાવણની બેહેન સુખમંડિકા માતૃકા પીડા કરે છે, તેથી તાવ, ડોકનું નમીજવું, આંખ્યો ફાટી રહેવી, ધાવવા ઉપર કંટાળો, પડયો પડયો રોયા કરે અને મુંઠીયો વાળી રાખે છે. તેની શાંતિના માટે ઉતાર—

નદીના બન્ને કાંઠાની માટી લઇ પુતળું બનાવી ધોળા કમળનાં ફુલ, સુખડ, નાગરવેલનાં પાન, ૧૦ ધજા, ૪ દિવડાં, ૧૩ સાથીયા, માછલાનું માસ, દારૂ અને ભાત એઓનો ઉત્તર દિશામાં ત્રીજે પોહોરે ચોવાટમાં પહેલા મહીનાના પાઠમાં જે ધૂપ કહ્યો છે તે ધૂપ દઇ **ॐनमो नारायणाय हन हन मुंच मुंच स्वाहा** આ મંત્રથી બાળકના માથા ઉપરથી ઉતારી ચૌટામાં મુકવો. એમ ૩ દિવસ કરી ચોથે દિવસે બ્રાહ્મણોને ભોજનથી તૃપ્ત કરવા, જેથી સુખમંડિકાનો દોષ મટે છે.

બાળકના જન્મથી પાંચમે દિવસે, પાંચમે મહીને કે પાંચમે વર્ષે **કટપૂતના** રાવણની બેહેન બાળકોને પીડા આપે છે, તેથી તાવ, ધ્રુજારો, ધાવવા ઉપર અપ્રીતિ, અને મુંઠીઓનું વાળી રાખવું વગેરે ઉપદ્રવો થાય છે તેની શાંતિના માટે કુંભારના ચાકડાની માટીનું પુતળું બનાવી સુખડ, પાન, ઉજળા ચોખા, ધોળાં ફુલ, ૫ ધજા, ૫ દિવડાં, ૫ વડાં લઇ ઇશાન કૂણે બલિઆપવું. શાંતિજળથી બાળકને નવરાવી શિવનિર્માલ્ય, સાપની કાંચળી, ગુગળ, લીંબડાનાં પાન, અને ઘી એઓની બાળકને ધૂણી દેવી.**ॐनमो नारायणाय अमुकस्य व्याधिं चूर्णय चूर्णय हन हन स्वाहा.** આ ઉતારાના મંત્રથી ઉતાર ઉતારવો એમ ૩ દિવસ કરી ચોથે દહાડે બ્રહ્મ ભોજન કરાવવું તો શાંતિ થાય.

બાળકના જન્મથી છઠ્ઠે દિવસે, છઠ્ઠે મહીને કે છઠ્ઠે વર્ષે **શકુનિકા** માતૃકા બાળપીડા આપે છે, તેથી પ્રથમ તાવ, ધ્રૂજારો, શરીર વિદર્ણ થાય, દિનરાત અજંપો અને ઉંચુ જોયા કરે તો તેની શાંતી માટે ઘઉંના લોટનું પુતળું બનાવી ચોળાં લાલ તથા પીળાં ફુલ, મદિરા, ૧૦ દિવડાં, ૨૦ ધજા, ૧૦ સાથીઆ, ૧૦ મુઠીયાં, ૧૦ વડાં, દુધ, જાંબુ, અને માંછલાનું માંસ એટલા પદાર્થોનો ઉતારો અગ્નિકૂણામાં બપોરે નીચે લખેલા મંત્રથી ઉતારો ઉતારી ઠંડા પાણીથી બાળકને નવરાવી પછી શિવનિર્માલ્ય, લસણ, ગુગળ, સાપની કાંચળી અને લીંબડાનાં પાન એઓનો ધૂપ દેવો. એમ ૩ દિવસ કરી ચોથે દિવસે બ્રહ્મ ભોજન કરાવવું " ॐ नमो

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नारायणाय चूर्णय चूर्णय हन हन स्वाहा.”

બાળકના જન્મથી સાતમે દહાડે, સાતમે મહીને કે સાતમે વર્ષે શુષ્ક **રેવતી** માતૃકા બાળકને પીડે છે, તેથી પ્રથમ તાવ, ધ્રુજારી, રોવું, મુઠીઓ વાળી રાખવી વગેરે ઉપદ્રવો થાય છે. તેથી શાંતિના માટે ઉતારો એ છે કે લાલફુલ, ધોળાંફુલ, ચંદન, નાગરવેલનાં પાન, રાતા ચોખા, કંસાર અને ખીચડી તથા તેર સાથીયા, બપોર પછી ઝાડને નીચે ઉતારાના મંત્રથી ઉતારો બાળક ઉપરથી ઉતારીને મુકવો. શાંતિજળથી સ્નાન કરાવી, ગુગળ, ઘેટાનું શીંગ, (વા મરડાશીંગ), સરસવ, વાળો, સુગંધી વાળો, અને ઘી એઓનો ધૂપ દેવો. “ॐ **नमो नारायणाय दीप्त तेजसे हन हन मुंच स्वाहा.**” આ ઉતાર ઉતારવાનો મંત્ર છે. આ પ્રકારે ૩ દિવસ વિધિ કરવો અને ચોથે દિવસે બ્રહ્મભોજન કરાવવું, જેથી શાંતિ થાય છે.

બાળકના જન્મથી આઠમે દિવસે, આઠમા મહીને કે આઠમા વર્ષે **આર્યકા** માતૃકા બાળકોને સંતાપે છે, તેથી તાવ, ભોજનમાં અરૂચિ, શરીરનો ગંધ ગીધ-ગરધેલો જેવો દુર્ગંધિ યુક્ત થાય છે અને અંગો મૂર્ચ્છા કરે છે. તેની શાંતિના માટે લાલ અને પીળી ધજાઓ, સુખડ, ફુલ, પૂરી, ગળપાપડી, માંછલાંનું માંસ, મદિરા, અને જાંબુડાં એટલાંવાનાં લઇ પ્રભાત વેળાએ “ॐ **नमो नारायणाय चतुर्दिश मोक्षणाय व्याधि हन हन मुंच मुंच दह दह ॐ ह्रीं फट स्वाहा.**” આ મંત્રવડે બાળકના માથા ઉપરથી ઉતાર ઉતારી બાહાર મુકી દેવો. એમ ત્રણ દિવસ કરી ચોથે દાહાડે બ્રાહ્મણોને જમાડવા, જેથી દોષની શાંતિ થઇ બાળક સુખી થાય છે.

બાળકના જન્મથી નવમે દિવસે નવમે મહીને કે નવમે વર્ષે **ભૂસૂતિકા** માતૃકા બાળકને નડે છે, તેથી તાવ આવે શરીરમાં પીડા, થાય હમેશાં ઉલટી થાય, અને મુઠીઓ વાળી રાખે તેની સુખ શાંતિને માટે નદીના બન્ને કીનારાઓની માટી લઇ તેનું પુતળું બનાવી ધોળાંફુલ, સુખડ, નાગરવેલનાં પાન, ૧૩ ધોળી ધજાઓ, ૧૩ દિવડાં, તેર સાથીઆ, તેર પુતળી, માછલીની ૧૩ પુતળી, માછલાનું માંસ, અને દારૂ એટલી વસ્તુઓ લઇ ગામથી ઉત્તરદિશા જઈ ॐ **नमो नारायणाय चतुर्भुजाय हन हन मुंच मुंच स्वाहा.** આ મંત્રથી બાળકના ઉપર ઉપર કહેલી વસ્તુઓનો ઉતાર ઉતારી બલિદાન આપવું. પછી શાંતિજળથી સ્નાન કરાવી ગુગળ, લીંબડાનાં પાન, ગાયનું શીંગડું, ધોળા સરસવ અને ઘી એઓની ધુણી દેવી. એમ ૩ દિવસ કરી ચોથે દિવસે બ્રાહ્મણો જમાડવા જેથી સુખ મળે છે.

બાળકના જન્મથી દશમે દિવસે, દશમે મહીને કે દશમે વર્ષે **નિર્ઋતા** માતૃકા બાળકોને વળગે છે, તેથી તાવ, ગાત્રમાં ઉદ્વેગ, ઉંકારા કરે, રૂવે અને મળ તથા મૂત્ર કર્યાજ કરે છે. તેની શાંતિના માટે દરીયાવની માટી લઇ તેનું પુતળું બનાવી ચંદન, પાન, લાલફુલ, રતાંજલિ, પાંચવર્ણી ધજાઓ ૫, ૫ દિવડાં, ૫ સાથીઆ, ૫ પુતળી, માછલાંનું માંસ અને દારૂ એટલાં વાનાં લઇ વાવ્યકૂણમાં ॐ **नमो नारायणाय चूर्णित हस्ताय मुंच मुंच स्वाहा.** આ મંત્રવડે બાળક ઉપરથી ઉતારો ઉતારી બલિદાન દેવું. પછી શાંતિજળથી સ્નાન કરાવી, કાગડાની હગાર, ગાયનું માંસ, ગાયનું શીંગડું, લસણ, બિલાડીના વાળ, લીંબડનાં પાનડાં, અને ઘી એઓની ધૂણી દેવી. એમ ૩ દિવસ કર્યાબાદ બ્રાહ્મણોને ભોજનથી તૃપ્ત કરવા તો, શાંતિ થાય છે.

બાળકના જન્મથી અગીયારમે દિવસે, અગીયારમે મહીને કે અગીયારમે વર્ષે **પિલિપિચ્છિકા** માતૃકા બાળકને પીડે છે, તેથી પ્રથમ તાવ, ભોજનમાં અરૂચિ, ઉંચુ જોયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરે અને અંગ ભાગ્યા કરે છે. તેની શાંતિના માટે ઘઉંના લોટનું પુતળું બનાવી રક્તાંજલીથી પુતળાનું મ્હોં લાલકરી મ્હોંમાં દુધનીધાર દઇ પીળાંફુલ, સુખડ, પાન, પીળી ધજાઓ ૭, ૭ દિવડાં, ૮ પૂરીયો, ૮ વડાં, ૭ કચોરી, માંછલાનું માંસ, તથા દારૂ એટલી વસ્તુઓનો પૂર્વ દિશાએ બાળકના માથા ઉપરથી **ॐ नमो नारायणाय मुंच मुंच स्वाहा.** આ મંત્ર વડે ઉતાર ઉતારી બલિદાન દેવું. પછી શાંતિજળથી સ્નાન કરાવી, શિવનિર્માલ્ય, ગુગળ, ગાયનું શીંગડું, સાપની કાંચળી અને ઘી એઓનો ધૂપ દેવો. એમ ૩ દિવસ કર્યા પછી ૪ થે દિવસે બ્રાહ્મણોને જમાડવા તો, શાંતિ થાય છે.

બાળકના જન્મથી બારમે દિવસે, બારમે મહીને કે બારમે વર્ષે **કામુકા** માતૃકા બાળાને વળગે છે, તેથી પહેલાં તાવ, હશે, બકે-લવારો કરે, હાથને તરછોડી નાખે, વાળ પકડે, ચીસો પાડ્યા કરે, વારંવાર ઝબકે અને ભોજનમાં અભાવ હોય છે. તેની શાંતિના માટે દુધના માવાનું પુતળું કરી અથવા દુધથી ઘઉંનો લોટ બાંધી તેનું પુતળું બનાવી ચંદન, પાન, ધોળાંફુલ, ધોળી ધજાઓ ૭, ૭ દિવડાં, ૭ માલપુવા દહીં ભાત વગેરે હાથમાં લઇ "**ॐ नमो नारायणाय मुंच मुंच हन हन स्वाहा**". આ મંત્ર ભણી બાળકના માથા ઉપરથી ઉતારો ઉતારી બલિદાન દેવું. પછી શાંતિજળથી સ્નાન કરાવી, શિવનિર્માલ્ય, ગુગળ સરસવ અને ઘી એઓની ધૂણી દેવી. એમ ૩ દિવસ કર્યા પછી ચોથે દિવસે બ્રહ્મભોજન કરાવે તો, સર્વ દોષ શાંત થાય છે. એમ **રાવણકૃત કુમારતંત્ર ગ્રંથ**માં કહેલું છે.

બાળકના રોગોની ઉત્પત્તિ નિદાન તથા લક્ષણો.

બાળકની માતા ભારે, વિષમ તથા દોષોને વધારનારાં ભોજન કરે, તેથી તેના (માના) શરીરમાં દોષો કોપી જાય છે, અને ધાવણુ બગડે છે. વિપરીત આહાર તથા વિહારથી ધાવણુ દૂષિત થાય છે અને તે ધાવણુ ધાવવાથી બાળકના શરીરમાં રોગો ઉત્પન્ન થાય છે. જો ધાવણુ વાયુથી દુષ્ટ થયું હોય અને તે ધાવણુ બાળક ધાવે તો તેથી વાયુ સંબંધી રોગોથી આતુર થાય છે, નબળા ઘાંટાનો, પાતળા અંગવાળો થાય છે અને મળ-મૂત્ર તથા પવનનો અટકાવ થાય છે. પિત્તથી ધાવણુ દુષ્ટ થયું હોય તો, પિત્ત સંબંધી દરદોવાળો, તરશ અને સઘળાં અંગોમાં ગરમીવાળો થાય છે. કફથી ધાવણુ બગડ્યું હોય તો, કફ સંબંધી દરદોવાળો, નિદ્રાથી પીડાતો, જડ, સોજાવાળો, વાંકી આંખોવાળો હોય અને ઉલટી કર્યા કરે છે.

તાવ વગેરે જે જે રોગો મોટાઓને થાય છે તે તે રોગો બાળકોને પણ થાય છે, પણ જે તેઓનાથી જૂદા પ્રકારના ખાસ બાળકોનેજ થનારા રોગો છે તેનું વિવેચન નીચે પ્રમાણે---

તાળવાના માંસમાં કફ કોપાયમાન થઇ **તાલકંઠ** નામનો રોગ ઉત્પન્ન કરે છે, એથી બાળકનું તાળવું બેસી જાય છે-જેને ગળું પડ્યું કહે છે. તે રોગથી ધાવવા ઉપર કંટાળો, ઝાડો પાતળો થાય, તરશલાગે, આંખોમાં ગળામાં તથા મ્હોંમાં પીડા થાય, ડોક ધારણે રાખી શકે નહીં અને ઊલટ્યા કરે છે.

બાળકને માથામાં તથા મૂત્રાશયમાં ત્રણે દોષોના કોપથી પ્રાણનો નાશ કરે એવા રાતા વર્ણવાળો વિસર્પ થાય છે. તેને **મહાપદ્મ** રોગ કહેછે. માથામાં થએલો વિસર્પ લમણાઓમાં થઇ હૃદયમાં જાય છે અને હૃદયમાંથી ગુદામાં જાય છે. તેમજ મૂત્રાશયમાં થએલો વિસર્પ ગુદામાં જાય છે અને ગુદામાંથી હૃદયમાં જાય અને હૃદયમાંથી માથામાં જાય છે. આ રોગને **રતના** કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાળકની ડુંટી વાયુએ કરીને ફુલી જાય છે તેથી પીડાયુક્ત થાય છે તેને તુંડીપાક કહે છે. પિત્તનાલીધે બાળકની ગુદા–બેસણી પાકે છે તેને ગુદપાક કહે છે.

બાળકની ગુદા મળ મૂત્રથી ખરડાએલી–ધોયા વગર વધારે વખત રહે તેથી અથવા બાળકને પરસેવો વળ્યા છતાં ન નવરાવે તેથી લોહીનો તથા કફનો કોપ થાય છે અને ત્યાં વલુરને ઉત્પન્ન કરી ફોલ્લા ઉઠાવી પર ઝરાવવા માંડે છે. આમ થવાથી ભયંકર ચાંદી–ગુમડાં થાય છે તેને અહિપૂતના રોગ કહે છે.

બાળકના શરીરમાં દોષોની અછતનેલીધે પાંપણોમાં એક કુકૂણક નામનો રોગ થાય છે, તેથી આંખ્યોમાં પીડા, ચળ તથા પાણી ઝર્યા કરે છે. તે કારણથી બાળક પોતાના હાથથી લલાટ, નાક તથા આંખ્યોને ઘસ્યા–ચોળ્યા કરે છે. સૂર્યનું તેજ જોઇ શકે નહીં અને આંખ્યો પણ ઉઘાડી શકે નહીં.

બાળકના શરીરમાં સ્નિગ્ધ–ચીકણી, શરીર સમાન રંગવાળી, ગુથાયલી, પીડા વગરની, ઝીણી મગના જેવા આકારની કફ વાયુના કોપથી જે ફોલ્લીઓ થાયછે તેને અજગલ્લિકા રોગ કહે છે.

બાળક ગર્ભવંતી સ્ત્રીનું ધાવણ ધાવે તો વા, ન ધાવે તોપણ તેને ઉધરસ, અગ્નિની મંદતા, ઉલટી, ચેન, કૃશતા, રૂચિનાશ, ભ્રમ અને કોઠાની વૃદ્ધિ થાય છે તેને પારિગર્ભિક રોગ કહે છે. અગ્નિને પ્રદિપ્ત કરનારા ઉપાયોથી આ રોગ મટીજાય છે.

બાળકને જો દાંતો–દાક્ષસીયો આવવા લાગે તો તે સમય સઘળા રોગોના કારણ રૂપ કહેવાય છે. પણ ઘણુંકરીને તાવ, પાતળો ઝાડો, ઉધરસ, ઉલટી, માથામાં પીડા, બરાંઇ આવે, પોથકી નામનો પાંપણનો રોગ અને વિસર્પ એઓના કારણ રૂપ થાય છે તેને દંતોદ્ભેદક રોગ કહે છે.

બાળકના રોગોના ઉપાયો.

મોટા મનુષ્યોના માટે જે તાવ વગેરે રોગોમાં ઉપાયો કહી ગયા છીએ તેજ રોગો બાળકને થયા હોય તો તેજ ઉપાયો કરવા; પરંતુ ડાંભ, ક્ષારની ક્રિયા, ઉલટી, રેચ કે ફસ ખોલાવવા વગેરે ઉપાયો બાળકને કરવા નહીં. "મરણ કષ્ટમાં આવી પડેલા બાળકને ઉલટી, રેચ તથા બસ્તિ–પિચકારીની દવાઓ આપવી–" એમ સુશ્રુતની આજ્ઞા છે.

બાળકને જન્મ્યા પછી એક મહીના સુધી એક વાવડીંગ જેટલી અને પછી મહીને મહીને એક એક વાવડીંગ વધારતાં દવા આપવી, પણ દવા ચૂર્ણ કે કલ્કરૂપે વા ચાટણા રૂપે કરીને આપવી. કેટલાક આચાર્યોનો એવો મત છે કે–પેહેલે મહીને એક રતીભાર ઔષધ મધ, ધાવણ, સાકર તથા ઘી એઓમાં કાલવીને ચટાડવું, પછી દર મહીને એક એક રતી વધારતા જવું, તે છેક એક વર્ષનો બાળક થાય ત્યાં સુધી. અને પછીથી સોળ વર્ષનો થાય ત્યાં લગી વર્ષે વર્ષે પાંચ પાંચ રતી વધારતાં ઔષધ આપવું, તે છેક સિત્તેરમા વર્ષ સુધી અને પછી ફરી બાળકની પેઠે ઓછા માપે દવા આપવી. ક્વાથ હોય તો ઉપર કહેલા માપથી ચાર ગણો પાવો. જે બાળક ધાવણ ધાવીનેજ રહે તેને દુધની કે ઘીની સાથે ઔષધ આપવું. જો બાળકની માતાને ઔષધ આપવું હોય તો દુધ ઘીની સાથેજ આપવું. બાળક ધાવતો હોય અને અન્ન પણ ખાતો હોય તો તેને દુધ તથા ઘીની સાથે ઔષડ આપવું. આજુસમજુ બાળક ધાવણ ઉપરજ રહેતો હોય તો સ્તન ઉપર દવા ચોપડીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધવરાવવો, જેથી બાળકના પેટમાં દવા જાય છે અને રોગ મટે છે.

બાળકને તાવ આવતો હોય તો, સઘળા પદાર્થો બંધ કરવા, પણ ધાવણ બંધ કરવું નહીં. બાળકને લંઘન કરાવવું હોય તો તેની માને હલકું ભોજન કરાવવું એજ બાળકને લંઘન છે. **અથવા** ભદ્રમોથ, હરડે, લીંબડો, કડવાં પરવળ અને જેઠીમધ એઓનો કવાથ કરી જરા ઉનો હોય તે વખતે પાએ તો સઘળી જાતના તાવ મટે છે. આ **ભદ્રમુસ્તાદિ કવાથ** કહેવાય છે.

તાવની સાથે ઝાડો હોય તો, મોથ, પીપર, અતિવિષ અને કાકડાશીંગ એઓનું ચૂર્ણ કરી મધમાં કાલવી ચટાડવું, જેથી ઉધરસ, શ્વાસ-હાંફવું, ઉલટી અને જવરાતીસાર મટી જાય છે. આ **ચતુર્ભદ્રાદિકા** કહેવાય છે.

બાળકને ઝાડો થયો હોય તો-બીલું, ધાવડીનાં ફુલ, વાળો, લોદર અને ગજપીપર, એઓનો કવાથ કરી ઠરો થયા પછી મધ મેળવી પાએ તથા એઓના ચૂર્ણને મધમાં કાલવી ચટાડે તો અતીસાર મટે છે. આ **બિલ્વાદિઅવલેહ** કહેવાય છે.

બાળકને ભુંગળીવાટે ઝાડો થતો હોય તો-રીસામણીનાં મૂળ (કે મછક), લોદર, ધાવડીનાં ફુલ અને ઉપલસરી એઓનો કવાથ કરી ઠંડો થયા પછી તેમાં મધ નાખીને પાએ તો, ભયંકર અતીસાર પણ મટે છે. આ **સમંગાદિક ક્વાથ** કહેવાય છે.

બાળકોને અતીસાર થયો હોય તો—વાવડીંગ, બોડીઅજમો, અને પીપરના દાણા એઓનું ચૂર્ણ કરી નવશેકા પાણી સાથે અડવાળીને પાઇ દેવું, જેથી જળસ પડતું હોય તે મટી જાય છે. આ **વિડંગાદિ ચૂર્ણ** કહેવાય છે.

બાળકને રક્તાતીસાર—લોહીખંડવાડો થયો હોય તો—મોચરસ, રીસામણીનાં મૂળ અને કમળના કેસરા એઓ સર્વે સવા તોલાભાર તથા ચોખાની કણકી સવાતોલાભાર લઈ તેમાં અગીઆર તોલા પાણી નાખી તેની યવાગૂ બનાવી બાળકને પાવી જેથી ઝાડામાં લોહી પડતું હોય તે મટી જાય છે.

સુંઠ, અતિવિષ, મોથ, વાળો અને ઈંદ્રજવ એઓનો કવાથ કરી પ્રભાતે પીવા આપે તો બાળકોના સર્વ પ્રકારના અતીસાર મટી જાય છે.

બાળકોને મરડો થયો હોય તો, ચોખાની ધાણી, જેઠીમધ, સાકર અને મધ એઓને ચોખાના ધોવણ સાથે પાએ તો મરડો મટી જાય છે. આ **લાજાદીચૂર્ણ** છે.

બાળકોને સંગ્રહણી થઇ હોય તો—લજાદર, દારૂહળદર, દેવદાર, ઉભી રીંગણી ગજપીપર, ગધીસમેરવો અને સવા એઓનું ચૂર્ણ મધ તથા ઘીમાં કાલવી ચટાડે તો, બાળકોની સંગ્રહણી, વાયુનીપીડા, કમળો, તાવ, અતીસાર તથા પાંડુરોગ વગેરે સર્વ મટી જાય છે. અને જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે. આ **રજન્યાદિ ચૂર્ણ** છે.

બાળકને ઉધરસ થઇ હોય તો—મોથ, અતિવિષ, અરડૂસો, પીપર અને કાકડાશીંગ, એઓનો સ્વરસ કરી તેમાં મધ નાખીને ચટાડે તો સર્વ પ્રકારની ઉધરસ મટે છે. આ **મુસ્તાદિ સ્વરસ** કહેવાય છે. **અથવા** બોરીંગણીના ફુલોના કેસરાઓને વાટી મધમાં કાલવીને ચટાડે તો બાળકોની લાંબા વખતની ઉધરસ પણ મટી જાય છે.

બાળકને ઉધરસ તથા શ્વાસ હોય તો—ધાણા અને સાકરને ચોખાના ધોવણ સાથે પાવા. **અથવા** કાળીદ્રાખ, અરડૂસો, હરડે અને પીપર એઓનું ચૂર્ણ મધમાં કાલવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચટાડે તો ઉધરસ તથા તમકશ્વાસ પણ તુરત મટી જાય છે. આ **દ્રાક્ષાદિચૂર્ણ** કહેવાય છે.

બાળકને હેડકી તથા ઉલટી થતી હોય તો—કડુનું ચૂર્ણ મધમાં કાલવી ચટાડે તો હેડકી તથા ઝાંખા ખાતથી થયેલી ઉધરસને પણ મટાડે છે. આ **કુટકી અવલેહ** છે.

બાળક દુધ ઓકી કાઢતો હોય તો—ઉભી બોરીંગણીના ફુલોનો રસ, બોરીંગણીના ફુલોનો રસ, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક અને સુંઠ એઓને એકઠાં મેળવી ચટાડે તો દુધ ઓકતો બંધ પડે છે.

બાળકને આફરો ચડયો હોય તો, સિંધાલુણ, સુંઠ, એળચી, હીંગ અને બારંગી એઓનું ચૂર્ણ કરી ઘી અથવા પાણીની સાથે મેળવી ચટાડે તો આફરો અને વાયુ સબંધી શૂળ મટી જાય છે. આ **સિંધ્વાદિઅવલેહ** છે.

બાળકનું મૂત્ર રોકાયું હોય તો—પીપર, મરી, (સુંઠ) સાકર, મધ, ન્હાની એળચી અને સિંધાલુણ એઓનું ચાટણું ચટાડે તો, પેસાબ છુટે છે. આ **સિતાદિ અવલેહ** છે.

બાળકને લાળ બહુ ગરતી હોય તો—ઉપલસરી, તલ, લોદર અને જેઠીમધ એઓના કવાથથી રોજ મ્હોંને સાફ કરે તો લાળ ગરતી બંધ પડે છે.

બાળકના મ્હોંમાં ચાંદી પડી હોય તો—પીપરની છાલ અને પીપરનાં પાનડાં લઇ એઓને વાટી મધમાં કાલવી મ્હોંમાં ચોપડે તો, મ્હોં આવ્યું હોય તે મટી જાય છે.

બાળકની ડુંટીએ સોજો આવ્યો હોય તો—માટીના ઢેફાને અગ્નિમાં તપાવી તેના ઉપર દુધ રેડી ડુંટી શેકે તો સોજો મટી જાય છે.

બાળકની ડુંટી પાકી હોય તો, હળદર, લોદર, ધવલા અને જેઠીમધ એઓના **કલ્કથી** પકાવેલું તેલ ડુંટીએ ચોપડે તો પાક મટે છે. **અથવા** બકરીની લીંડીઓને બાળી તેની રાખ ચાળીને ભભરાવે તોપણ પાક મટી જાય છે.

બાળકની બેસણી પાકી હોય તો-રસવંતી પાવી અને રસવંતીનો લેપ કરવો. **અથવા** શંખ, રસવંતી અને જેઠીમધ એઓનું ચૂર્ણ ચોપડે તોપણ ગુદાનો પાક મટે છે.

બાળકના દાંત ફુટતી વેળાએ થતાં દરદો માટે ધાવડીનાં ફુલ અને પીપર એઓના ચૂર્ણને મધમાં કાલવીને તેથી **અથવા** મધની સાથે આંબળાંના રસથી દાંતનાં પેઢાં ઘસે તો દાંત સુખપૂર્વક આવે છે.

બાળક ખાતાં છતાં તથા જઠરાગ્નિ પ્રદિપ્ત છતાં દુબળો રહે તો; ભોંયકોળું, ઘઉં, અને જવ એઓનું ચૂર્ણ ઘીમાં કાલવી ચટાડવું અને તે ઉપર મધ તથા સાકર સહિત કરેલું દુધ પાવું, જેથી શરીર પુષ્ટ થાય છે.

બાળકને ચાંદી, રતવા, વિસ્ફોટક તથા તાવ માટે ત્રિફળા, લીંબડો અને હળદર એઓનો કવાથ પાવો.

બાળક રોયા કરે તો—ત્રિફળાં અને પીપર એઓનું ચૂર્ણ મધ ઘીમાં કાલવી ચટાડવું તો રોતો બંધ થાય છે.

ગળુ પડયું હોય તો, હરડે, વજ અને ઉપલેટ એઓના કલ્કને મધમાં કાલવી ધાવણની સાથે પાવું.

કુકુણક રોગ હોય તો-ત્રિફળા, લોદર, સાટોડી, સુંઠ, બોરીંગણી અને ઉભી બોરીંગણી એઓને પાણીમાં વાટી જરા ઉનાં કરી તેનો લેપ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીપૂતના રોગ હોય તો, શંખ, ધોળો સરસો અને જેઠીમધ એઓનો લેપ કરવો.

પારીગર્ભિક--પારૂશ્વલા રોગ હોય તો, જઠરાગ્નિને પ્રદિપ્ત કરવાની દવા આપવી.

બાળકનું શરીર પુષ્ટ કરવા-શકિત વધારવા મારેલું સોનું, ઉપલેટ, મધ, ઘી, અને વજનું ચૂર્ણ એક વર્ષ લગી ચટાડવું જેથી બળ, બુદ્ધિ, સામર્થ્ય અને પુષ્ટિ પ્રાપ્ત થાય છે.

બાળકને વારેઘડીએ તરશ લાગતી હોય તો વાળો અને સાકર એઓનું ચૂર્ણ મધમાં કાલવીને ચટાડવું.

બાળકને લાક્ષાદિ તૈલ ઉત્તમ ફાયદો આપે છે અને સઘળા રોગો મટાડે છે માટે તેને ઉપયોગમાં લેવું.

બાળકને મ્હોંમાં શુલીઓ આવ્યો હોય તો એળચાને બાળી તેની રાખ મધમાં કાલવીને જીભ ઉપર ચોપડવી.

આંચકી આવતી હોય તો, ફૂલાવેલો ટંકણ વાલ[1] ૧ મધમાં ચટાડવો.

વરાધ થઈ હોય તો-આંબળાના રસમાં ગોળ નાખી પાવો.

બાળકોના રોગોનો અધિકાર સંપૂર્ણ.

ઇતિ શ્રીમન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઈ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગરનામા ગ્રંથ વિષે બાળકોના સમસ્ત રોગોની ઉત્પત્તિ, લક્ષણ અને યત્ન નિરૂપણ નામનો એકવીશમો તરંગ સંપૂર્ણ.

તરંગ બાવીશમો.

પંઢ ભેદ લક્ષણ અને, યોગ્ય યત્ન સુખકાર;
આ તરંગમાં વિગતથી, વર્ણવ્યા છે નિરધાર.

પંઢરોગ થવાનાં કારણો.

કડવી વસ્તુઓના અતિયોગથી, ખટાશ, ઉષ્ણ, મીઠા વગેરેના બહુ સેવવાથી વીર્યનો નાશ થાય છે, અથવા ભયથી, શોકથી, ક્રોધથી અને પુત્ર સ્ત્રી ધનનો એકાએક નાશ થવાથી કે રતિક્રીડાસમય ઓચિંતું કોઈ આવી ચડવાથી તથા રોગોના આવી લાગવાથી અને અતિ

[1] અબોલા બાળકના રોગ પારખવાની એ રીતિ છે કે, જ્યાં વેદના થતી હોય ત્યાં હાથ અડાડતાં શરીર ચોરે છે, રૂવે છે અથવા બાળક તે જગ્યોએ વારંવાર હાથ અડાડયા કરે છે. માથામાં પીડા હોય તો, આંખ્યો વીંચી રાખે છે અને માથું ઢાળીદે છે. મૂત્રાશયમાં વ્યાધિ હોય તો, મૂત્ર રોકાય છે તથા ભૂખ તરશ જતી રહે છે. જે ઝાડા કે મૂત્રનું રોકાણ, વિહ્વલપણું, ઉલટી, પેટ ચઢયું હોય અને આંતરડાં બોલે તો કોઠામાં રોગ છે એમ સમજવું. રોયા કરતો હોય તો આખા શરીરમાં પીડા થાય છે એમ જાણવું. જીભ હોઠ કરડતો હોય, શ્વાસ હોય અને મુંઠીયો વાળી રાખે તો જાણવું કે છાતીમાં પીડા છે. અને ગુદા વલુર્યા કરે તથા મુંઝાઇને રોયા કરે તો કરમની પીડા છે એમ જાણવું. વધારે ઓછું દરદ તેના રોવા ઉપરથી જાણી લેવું.

ભા. કર્ત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૈથુન કરવાથી પુરૂષ નામર્દ-નપુંષક થઇ જાય છે માટે "**अतिसर्वत्रवर्जयेत्**" સર્વે બાબતો હદથી વધારે કરવી એ સદા નુકશાનકારક છે.

વળી ઇંદ્રિ ઉપર કોઇ પ્રકારે માર વાગવાથી, અતિ બ્રહ્મચર્ય પાળવાથી અને ગુદ મૈથુન તથા મુષ્કિજપાદિથી પણ નપુંષક થાય છે.

મહાત્મા સુશ્રુતજીના મતથી સાત પ્રકારના નપુંષકનાં લક્ષણો.

પિતાના થોડા વીર્ય (માતાના વિશેષ રજ) થી જે સંતાન થાય છે તે **આસેકય** નપુંષક કહેવાય છે. આ નપુંષક, બીજાના વીર્યને પોતે મુખમાં ધારણ કરી ગળી જાય છે ત્યારે કામોત્પત્તિની ચેષ્ટા કરે છે (ત્યારેજ ઇંદ્રિ ચૈતન્ય થાય છે.) તેનું બીજું નામ મુખયોનિ છે.

જે સ્ત્રીની દુર્ગંધિત યોનિ છે તેનાથી ઉત્પન્ન થએલ સંતાનને **સૌગંન્ધિક** નપુંષક કહે છે. આ નપુંષક, સ્ત્રીની યોનિ તથા પુરૂષનું લિંગ સુંઘે છે ત્યારે મૈથુનેચ્છામાં પ્રવૃત્ત થાય છે તેનું બીજું નામ **નાશાયોનિ** છે.

જે પુરૂષ અત્યંત બ્રહ્મચર્ય ધારણ કરવાથી શિથિલ થઇ ગયો હોય તે પહેલાં પોતાની ગુદાભંજન કરાવે ત્યાર પછી સ્ત્રી સાથે રતિક્રિયા કરી શકે તેને **કુંભિક** નપુંષક કહે છે. આનું બીજું ગુદયોનિ છે. અથવા માતાની વિપરીત રીતિથી અને પિતાના દુર્બળ વીર્યથી પણ કુંભીક નપુંષક થાય છે. અથવા ઋતુકાળમાં રજહીન સ્ત્રીની સાથે કફયુક્ત વીર્યવાળો પુરૂષ ગમન કરે અને તે સ્ત્રી તેથી તૃપ્તિ પામે નહીં તેથી અન્ય પુરૂષને ઇચ્છે તેને કુંભિક નપુંષક ઉત્પન્ન થાય છે.

જે પુરૂષને અન્યનું મૈથુન જોઇ પોતે મૈથુન કરવાને સામર્થ્યવાન થાય તેને**ઈર્ષ્યક વા, દગ્યોનિ** નપુંષક કહે છે.

ઋતુકાળમાં જે પુરૂષ વિપરીતાસન વડે મોહવશથી રતિ રમે (પોતે નીચે અને સ્ત્રી ઉપર રહી રતિ રમે) તેથી જે સંતાન થાય તે બાયલો થાય છે તેને **ષંઢ** નપુંષક કહે છે. આ નપુંષકને દાઢી મુછ હોતાં નથી. સ્ત્રી સમાન ચાળા અને અન્ય પાસે ગુદમૈથુન કરાવવા આતુર હોય છે, પણ પોતે રતિસંગ કરી શકતો નથી; કેમકે તેના અંગમાં વીર્યનો લેશ હોતોજ નથી.

જો ઋતુકાળમાં સ્ત્રી, ઉપર કહ્યા પ્રમાણે વિપરીત ચેષ્ટા કરે અને તેથી કન્યા ઉત્પન્ન થાય તો તે કન્યા પુરૂષ સમાન વ્યાપાર કરનારી થાય છે. અર્થાત્ પુરૂષના પેઠે બોલે, ચાલ અને અન્ય સ્ત્રી સાથે યોનિથી યોનિ ઘર્ષણ કરે છે ત્યારે તૃપ્તિ થાય છે તેને **ષંઢ સ્ત્રી કહે છે.**[1]

નપુંષકપણું મટવાના ઉપાય.

જે સહજ-જન્મથીજ નપુંષક હોવ તેઓના ઉપાય તો છેજ નહીં, પણ જે ક્ષીણ

---

૧ **ભાવમિશ્રે** વાતાદિ દોષનેઅનુસરી ૭ નપુંષક માનેલ છે એટલે માનસિક, પિત્તજ, વીર્યક્ષય જન્ય, રોગજન્ય, શિરાચ્છેદ જન્ય, શુક્રસ્તંભ જન્ય અને સહજ આ સાત ભેદ છે.

માહાત્મા **ચરકે** ૪ ભેદ માનેલ છે એટલે બીજોપઘાત, ધ્વજભંગ, જરાસંભવ અને ક્ષયજ એ ચાર ગણેલ છે. તેનો વિગતવાર ખુલાશો મેળવવા તે મહર્ષિઓના ગ્રંથો અથવા અમારા તરફથી પ્રકટ થએલ **નપુંષકાનંદમંદારનો** પ્રથમ ભાગ જુવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણાનેલીધે, રોગનેલીધે, ભય શોક ક્રોધ કે ગ્લાનિનેલીધે જેઓ નપુંસક થયા હોય તો તેઓએ વાજીકરણ પ્રયોગ કરવા. જો કે જે પુરૂષ દેખાવમાં પુષ્ટ હોય; પરંતુ સ્ત્રી સંભોગમાં જરા પણ કામનો નહોય તેને પણ નપુંસકજ માનેલ છે. તેવાઓને પણ વાજીકરણ પ્રયોગ કરવા જરૂરના છે. વાજીકરણ એટલે **अवाजिनं (शुक्र रहितं) वाजिनं (शुक्र सहितं) क्रियते अनेन इति वाजिकरणम्**-વીર્ય વગરના પુરૂષને વીર્ય યુક્ત જે ઉપાયો વડે કરી શકાય તે ઉપાયોને વાજીકરણ કહે છે. અથવા જે પદાર્થ પુરૂષને મૈથુનમાં ઘોડાના જેવો સમર્થ કરે તે પદાર્થ ને વાજીકરણ કહે છે; માટે વૃદ્ધાવસ્થા થયા છતાં સ્ત્રી રમણની ઇચ્છા કરનારને, સ્ત્રીઓનો પ્યાર સંપાદન કરનારને, અતિ સ્ત્રી સંગથી ક્ષીણ થએલાને, નપુંસકને, થોડા વીર્યવાળાને, ભોગની ઇચ્છાવાળાને, ધનવાન રૂપવાન તથા યૌવન વાનને અને જેને વધારે સ્ત્રીઓ હોય તેને વાજીકરણ હિતકારી છે, જેથી વાજીકરણ કરવા આલસ્ય રહિત રહેવું. પુષ્ટ શરીર વાળાએ પણ દેશ કાળને અનુસરી વાજીકરણોનું સેવન કરવું.

વાજીકરણ કરનારા પદાર્થો.

અનેક પ્રકારનાં ઉત્તમ ભોજનો, અનેક પ્રકારના ઉત્તમ પીવાના યોગ્ય (દુધ વગેરે) પદાર્થો, કાનને મધુર લાગે તેવાં ગીત-વચનો-વાજીંત્રો, ચામડીને સુખ આપે એવા કોમળ ગાદી-તકીયા, પુષ્પ, નવીન સ્ત્રીનો સ્પર્શ, અજવાળી રાત, સુંદર સોળ શૃંગાર સજેલી હાવ ભાવ હાસ્ય કટાક્ષ કુતૂહલ અને લલિત લાવણ્યવતી ખીલતી યુવાનીવાળી ચપળા સ્ત્રી, મનોહર વાર્તા[1] વિનોદ, સંગીતધ્વની, ઉત્તમ આનંદ આપનાર પાનબીડાં, માદક (દારૂ ભાંગ વગેરે) પદાર્થો, સુંદર સુગંધદાર માળા, મનને હરી લે તેવાં સ્વરૂપ, ખીલેલા વન ઉપવન બગીચાઓ અને મનો વાંછિત પદાર્થોની પ્રાપ્તિ એટલા વાનાં વાજીકરણ કરનાર છે અર્થાત્ કામદેવને જાગ્રત કરનાર છે !

તેમજ મેહેલની ઉંચી અટારીઓ (ઝરોખાંઓ), નીલ કમળનાં પાદડાં, તથા વજીકમાં સુગંધદાર મદિરાના પ્યાલાઓ પડ્યા હોય, મદિરા પીને મસ્ત બનેલી મદવંતી માનુની મદનને જગાવનારી, વીણા નાદ, શૃંગારીક વાર્તાઓ અને એકાંત સ્થાન એપણ કામદેવને સહાયતા આપનાર છે; અર્થાત્ ધ્યાની જ્ઞાનીઓનાં ભાન ભુલાવી માન મુકાવી વિલાસવતિ વનિતાના વિષયમાં લુબ્ધ કરનાર છે.

રતિવર્ધન યોગ.

માળવી ગોખરૂ, એખરો, જેઠીમધ, ગંગેટી, આસગંધ, શતાવરી, મુશળી અને કૌચાં એઓ સર્વેનું ચૂર્ણ કરી ચૂર્ણના જેટલાજ ઘીમાં ચૂર્ણને શેકી તેથી આઠ ગણા દુધમાં તેઓનો માવો બનાવી સર્વથી બમણી સાકર નાખી તેના લાડુ બનાવી પથ્યમાં રહી ખાય તો અતિ ઉત્તમ વાજીકરણ કરે છે. અને નપુંસકપણું ટળે છે. આ **ગોક્ષુરાદિ ચૂર્ણ** કહેવાય છે. **અથવા** દક્ષણી ચીકણી સોપારી ૪૦ તોલાભાર લઇ તેનો ઝીણો ભૂકો કરી પાણીમાં બાફી કુણો થયે ખાંડી ચૂર્ણ કરી નુકથી વસ્ત્રગાળ કરી તેને આઠગણા ગાયના દુધમાં, ઘીથી ક-

૧ શુક બહોતરી, શૃંગાર સતક. ચોર પંચાશિકા, પ્રવીણસાગર, મધુ માલતી, શૃંગાર તિલક, રસિક પ્રિયા, સુંદર શૃંગાર. જગતવિનોદ, અલંકારિક વાર્તાઓ, રસિક નાટકો, રમુજી રમ્મત ગમ્મતોની કહાણીઓ અને અમારા તરફથી પ્રકટ થએલ **અકબર** અને **બીરબલ**ની વાર્તાઓ મનનો ઉત્સાહ વધારવા અવશ્ય વાંચો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રમોવી સોપારીનું ચૂર્ણ નાખી માવો કરવો, પછી તેમાં ઘી તોલા ૯૬ નાખી રવો પાડવો[1] બાદ સાકર તોલા ૨૦૦ની ચાસણી કરી તેમાં તે રવો નાખી એકજીવ કરી તેમાં એળચી, ગગેટી, કાંસકી, પીપર, જાયફળ, જાવંત્રી. તમાલપત્ર, તાલીસપત્ર, તજ, સુંઠ, વાળો, કાળોવાળો, મોથ, ત્રિફળા, વશલોચન, શતાવરી, કૌચાં, દ્રાખ, એખરો, ગોખરૂ. ખજૂર, તવખીર, ધાણા, કસેલાં, જેઠીમધ, શીંગોડાં, જીરૂં, કલોંજીરૂં, અજમો, કમળકાકડીનો મગજ, જટામાંશી, વરીઆળી, મેથી, ભોંયકોળું, કાળીમુસળી, આસગંધ, કચૂરો, નાગકેસર, મરી, નવી ચારોળી, શીમળાનાં બીજ, ગજપીપર, કમળકાકડીનો કંદ, સુખડ, રતાંજલિ, અને લવીંગ એ દરેક પદાર્થો ચાર ચાર તોલાભાર લઇ ચૂર્ણ કરી તે ચાસણીમાં મેળવવું. તથા શુદ્ધપારાની ભસ્મ, શુદ્ધ બંગ ભસ્મ, શુદ્ધ નાગેશ્વર, શુદ્ધ ગજવેલ, અને શુદ્ધ અભ્રક ભસ્મ એઓ પણ ઇચ્છા પ્રમાણે તેમાં નાખી મિશ્ર કરી કસ્તૂરી તથા બરાસનું ચૂર્ણ ગોગ્ય વજને નાખી ચાર ચાર તોલાભારના લાડુ વાળી લેવા. પછી જઠરાગ્નિના બળ પ્રમાણે આનંદથી તેલાડુ પ્રભાતે ખાવો. જ્યારે તે પચી જાય ત્યારે જમવું. ખટાશ ખાવી નહીં. આ **રતિવલ્લભ પૂગી પાક** નું નિત્ય સેવન કરે તો વીર્યની વૃદ્ધિ થતાં કામદેવની વૃદ્ધિ થાય છે, મૈથુનમાં વાછ સમાન પરાક્રમ આવે છે, જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, બળ વધે છે, શરીર ઉપર ચામડીની પડેલી કરચળીઓ મટે છે, હૃષ્ટપુષ્ટ થાયછે, અને વૃદ્ધ છતાં આ પાકના સેવનથી યુવાન બને છે અર્થાત્ જુવાન સમાન કામી, સુંદર સ્વરૂપ અને રૂચિ આપનાર થાય છે. **અથવા** પાકેલી રસદાર સુગંધદાર ઉત્તમ કેરીઓનો રસ એક હજાર ચોવીસ તોલાભાર લઇ તેમાં ૨૫૬ તોલાભાર સાકર, ૬૪ તોલા ગાયનું ઘી, ૩૨ તોલા સુંઠ, ૧૬ તોલા મરી, ૮ તોલા પીપર, અને ૨૫૬ તોલા પાણી નાખી સર્વને એકઠાં કરી તેનો માટીના વાસણમાં અગ્નિદ્વારા પાક કરવો અને પાક કરતાં જ્યારે લાકડાની કડછી (આટવા) થી હલાવતાં ઘાટો થાય ત્યારે નીચે ઉતારી તેમાં ધાણા, જીરૂં, હરડે, ચિત્રક, મોથ, તજ, કલોંજીરૂં, પીપરીમૂળ, નાગકેસર, એળચી, લવીંગ અને જાયફળ, એ પ્રત્યેક પદાર્થોનું ચાર ચાર તોલા ચૂર્ણ નાખવું. થંડો થયા પછી ૩૨ તોલા મધ મેળવી ઉત્તમ બરણીમાં ભરી લેવો. આ **આમ્ર-કેરી પાક** ભોજન કર્યા પહેલાં પુરૂષે ૨ તોલાભાર જઠરાગ્નિના બળને અનુસરી પથ્યમાં રહી ખાય તો, રતિ સંગમાં વાછ સમાન કૌવતવાન થાય છે, સમર્થ, બળવાન પુષ્ટ અને સદા રોગ રહિત થાયછે. તથા સંગ્રહણી, ક્ષય, શ્વાસ, અરૂચિ, અમ્લપિત્ત, મહા શ્વાસ, રક્તપિત્ત, અને પાંડુ એટલા રોગોનો નાશ કરે છે. **અથવા** સુખડ, રતાંજલિ, પતંગ, દારૂહળદર, અગર, કાળુઅગર, દેવદાર, સરલ નામનો દેવદાર, કમળ, પારસ પીપળાનાં પાંચેઅંગ, કપૂર, કસ્તૂરી, બેદ, મુશ્ક, શિલારસ, નવીન કેસર, જાયફળ, લવીંગ, મોટી એળચી, ન્હાની એળચી, જાવંત્રી, કંકોળ, કપુરીમધુરી, તમાલપત્ર, નાગકેસર, કાળોવાળો, સુગંધીવાળો, જટામાસી, તજ, વંશલોચન, છડીલો, ભદ્રમોથ, સુગંધી મેંદીનાં બીજ, ધઉંલા, લોબાન, ગુગળ, લાખ, નખલો, મજીઠ, તગર, મીણ, રાળ, ધાવડીનાં ફુલ, અને તગરનાગંઠોડા એ પ્રત્યેક પદાર્થો ૨૪-૨૪ રતી ભારલઇ કલ્ક કરી તે કલ્કથી તેલને ધીમા અગ્નિથી પકાવવું. પછી તે તૈલને શરીરે ચોળે તો ૮૦ વર્ષનો બુઢ્ઢો પુરૂષ પણ યુવાન, વીર્યવાળો અને સ્ત્રી વલ્લભ થાય છે.

---

[1] સોપારીનું ચૂર્ણ દુધમાં નાખી ઘી મેળવી માવો થયે તેમાં સાકર મેળવી પછી બીજી ઔષધીઓ મેળવવી એનો પણ પાક છે માટે જેમ યોગ્ય લાગે તેમ કરવું. **ભા. કર્તા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ તેલના માલેશથી વાંઝણી પુત્રવંતી થાય અને અપુત્રને પુત્ર થાય છે તથા સો વર્ષનું આયુષ્ય થાય છે, આ **ચંદનાદિ તૈલ** તાવ, બળતરા, પરસેવો; રક્તપિત્ત, ક્ષય, દુર્ગંધ, કોઢ અને વલુરનો નાશ કરે છે. **અથવા** કૌચાં તોલા ૨૬ લઇ ૬૪ તોલા ગાયના દુધમાં નાખી ધીમાં તાપથી પકાવવાં. પછી તેને છોતરાં વગરનાં કરી ઝીણાં વાટી તે મેદા જેવી લુગદીની ન્હાની ન્હાની રેવડીઓ બનાવી ગાયના ઘીમાં તળી સાકરની બમણી ચાસણીમાં ગલેફવી. પછી તે રેવડીઓ ડુબી જાય તેટલા મધમાં નાંખી નોખી નોખી રાખી મુકવી. આમાંથી પાંચ ટાંક જેટલી સાંજે તથા પ્રભાતે સેવન કરે તો જેનું વીર્ય તુરતસ્ખલિત થઇ જતું હોય તથા જેની ઇંદ્રી નમી જતી હોય તે પુરૂષ પણ રતિ સંગમમાં વાજીના સમાન સામર્થ્ય પ્રાપ્ત કરે છે. આ **વાનરિ ગુટિકા** કહેવાય છે. **અથવા** અકલકરો, સુંઠ, લવીંગ, કેસર, પીપર, જાયફળ, જાવંત્રી અને સુખડ, એ પ્રત્યેક પદાર્થોને એક એક તોલાભાર લઇ તેઓનું ચૂર્ણ કરીને તેમાં ચાર તોલાભાર ચોખું અફીણ મેળવી પછી તેની પાંચ પાંચ રતીભારની ગોળીઓ વાળી નિરંતર એક એક ગોળી રાતે મધની સાથે ખાય તો પુરૂષોનું વીર્ય સ્તંભન થાય છે, રતિ ક્રિયામાં અતિ આનંદ થાય છે. અને સ્ત્રી વલ્લભ થાય છે. આ **અકરભાદિ ગુટિકા** કહેવાય છે. આ ગોળી ઉપર કઢેલું દુધ પીએ તો વિશેષ ફાયદો થાય છે. અથવા ભોંયકોળાના ચૂર્ણને ભોંયકોળાના રસની ૨૧ ભાવના આપી પછી મધ તથા ઘીમાં મેળવી ચાટે તો દશ સ્ત્રી સાથે રમણ કરવા જેટલું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. **અથવા** આંબળાના ચૂર્ણને આંબળાના રસના ૨૧ પુટ દઇ તેને સાકર મધ અને ઘી સંગાથે મેળવી ચાટે તો ૮૦ વર્ષનો વૃદ્ધ પણ યુવાન સમાન રતિક્રીડા રમે છે. **સુશ્રુત સંહિતા. અથવા** અભ્રકની શુદ્ધ ભસ્મ ૪ ભાગ, બંગની શુદ્ધ ભસ્મ ૨ ભાગ, પારાની શુદ્ધ ભસ્મ ૧ ભાગ, અને એ સઘળાના બરાબર ભાગે શતાવરી લઇ તથા ચાતુર્જાત (તજ, તમાલપત્ર, નાગકેસર, એળચી), જાયફળ, ત્રિકટુ, લવીંગ અને જાવંત્રી એ બબે ભાગ લઇ સર્વનું ચૂર્ણ કરી તેનાથી (ચૂર્ણથી) બમણી સાકર મેળવી ઘી અને મધના સાથે ગોળીઓ વાળી અગ્નિના બળના પ્રમાણમાં માત્રા ઉપયોગમાં લેવાથી તુરત નવીન આનંદને વધારે છે, ઘણી મદવંતી સ્ત્રીઓ સાથે રમણ કરી તેઓનું માન મર્દન અને સર્વે રોગ (વીર્ય–નબળાઇના સર્વે રોગો)નો નાશ કરે છે–આ **મદનમંજરી ગુટિકા** કહેવાય છે. **યોગ તરંગીણી " અથવા** શુદ્ધ અફીણ અને શુદ્ધ પારો સમાન લઇ તેઓને ધંતુરાના બીજના તેલમાં ૩ દિવસ સારી પેઠે ઘુંટી તેમાં સાકર અને ભાંગ બરાબર મેળવી ૧ રતીભાર તેમાંથી ખાઈ ને ઉપર દુધ (કઢેલું) પીએ તો વીર્ય સ્તંભન થાય છે. અને નપુંષકપણું મટે છે. **સાર સંગ્રહ " અથવા** જાયફળ, અકલકરો, લવીંગ, સુંઠ, કેસર, પીપર, કસ્તૂરી, બરાસ, અને અભ્રકની શુદ્ધ ભસ્મ એ સર્વે સમાન લઇ તેઓ સર્વેની બરોબર શુદ્ધ અફીણ લઇ સર્વેને ઝીણાં વાટી મગ જેવડી ગોળીઓ વાળી તેમાંથી એક ગોળી વા ૨ ગોળી ખાય તો વીર્ય સ્તંભન થાય છે. આ **નાગાર્જુની ગુટિકા** કહેવાય છે. **અથવા** આરતીનો કપૂર, ફુલાવેલો ટંકણ અને પારો એ સમાન લઇ અગથીઆના રસમાં અને મધમાં ૧ દિવસ ઘુંટી સોપારી છોડી ઇંદ્રી ઉપર લેપ કરી ૧ પોહોરવાર રાખી પછી ધોઇ નાખી સ્ત્રી સંગ કરે તો વીર્ય સ્તંભન થાય છે. **અથવા** ધોળી કણેરના જડની છાલ, અકલકરો, અજમોદ, કાળાધંતુરાનાં બીજ, અને **જાયફળ એ** સઘળાંને પાણી સાથે વાટી નરી પ્રમાણ ગોળી બાંધી ૧ ગોળી મનુષ્યના મૂત્રમાં મણિછત્ર છોડી ઇંદ્રી ઉપર લેપ કરે તો નપુંષકપણું મટે છે. અને વીર્ય સ્તંભન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે. **અથવા** સુઅરની ચરબી મધ સાથે ઘુંટી ઇંદ્રી ઉપર ૧ મહીના સુધી લેપ કરે તો ધ્વજભંગ-ઇંદ્રીની શિથિલતા મટે છે. **અથવા** ધોળીકણેરના મૂળીયાની છાલને દુધમાં જમાવી તેનું ઘી કાઢીને તેમાં વછનાગ, જાયફળ, અફીણ, શુદ્ધ નેપાળા અનુમાન માફક મેળવી ૭ દિવસ સુધી ઇંદ્રી ઉપર લેપ કરી નાગરવેલનું પાન લપેટી રાખે અને બ્રહ્મચર્યમાં રહે તો નપુંસકપણું મટે છે." **અથવા** કૌચાંના ચૂર્ણને દુધ સાથે પીએ. **અથવા** કૌચાં અડદની દાળમાં મેળવી પીએ. ભોંયકોળાના મૂળને ઘસી ૧ તોલાભાર ઘી વા દુધ સાથે પીએ. **અથવા** મહુંનું શલ્ય અને કૌચાનું ચૂર્ણ દુધમાં પકાવી ઠંડુ થયે તેમાં ઘી નાખી ખાય. **અથવા** શતાવરી અને કૌચની જડ વાટીને પીએ તો વીર્ય અને બળની વૃદ્ધિ થાય છે. **સુશ્રુત સંહિતા. અથવા** અડધો શેર ગાયનું દુધ, ૧ તોલો સાકર અને ૧।। તોલો ગાયનું ઘી ઉકાળીને પીવું, જેથી ઉત્તમ રસાયનના ગુણ પ્રાપ્ત થાય છે. **વૈદજીવન.**

નપુંસકનો અધિકાર અને પ્રયોગ સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે નપુંસક ભેદ લક્ષણ અને વાજીકરણ નિરૂપણ નામનો તરંગ બાવીશમો સંપૂર્ણ.

તરંગ તેવીશમો.

સમધાતુ ઉપધાતુની, શોધન મારણ રીત,
સેવન વિધિ ગુણ સહ સહી, વર્ણન વાર ખચિત.

સપ્ત ધાતુ–એટલે સોનું, રૂપું, ત્રાંબુ, જસદ, સીસું, કલઇ અને લોઢું એઓને સાત ધાતુ કહે છે, અને સોનમાખી, રૂપમાખી, મોરથુથું, કાંસું, પીતળ, સિંદૂર તથા શિલાજીત આ સાત ઉપધાતુ કહેવાય છે. રસ એટલે પારો અને ઉપરસ એટલે હિંગળોક, હરતાલ, મણશીલ, અભ્રક, સુરમો, ગંધક, ખડીઓખાર, ખડી, ચાક, રમચી, ફટકડી, શંખ, કોડી, ગેરૂ, હિરાકસી, ખાપરીયો, મોદારશંગ અને ચમકપાષાણ વગેરેને કહે છે.

સાતે ધાતુઓનાં શોધન.

સોના, રૂપા, ત્રાંબા અને લોખંડનાં બારીક પતરાં કરાવી અગ્નિમાં તપાવી તપાવી તેલ, છાશ, કાંજી, ગોમૂત્ર અને કળથીના ક્વાથમાં–એ દરેકમાં એક પછી એકમાં ત્રણ ત્રણ વેળા ઠારે તો, એ ધાતુઓ શુદ્ધ થાય છે અને ત્યારપછી ભસ્મ કરવાના કામમાં લેવા યોગ્ય થાય છે. (કલઇ સીસું અને જસદ એ ત્રણને ગાળી ગાળીને ઉપર પ્રમાણે છમકાવવાં.)

મૃગાંક (સુવર્ણ ભસ્મ) બનાવવાની રીત.

સોનાના વરખ અથવા શુદ્ધ કરેલ સોનાનાં કટક વેધ પતરાં લઇ તેથી બમણો શુદ્ધ પારો લઇ એ બન્નેને લીંબુના રસમાં ઘુંટી ઝીણાં થયે ગોળો કરી, પછી તે ગોળાના બરોબર શુદ્ધ ગંધકનો ભૂકો લેવો અને એ માટીનાં શરાવમાં મુકી કાઢડેલાં ચપણામાં અરધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગંધકનો ભૂકો પાથરી ગોળો મુકી પાછો અરધો ગંધકનો ભૂકો ઉપર રાખી તેનો સંપુટ કરી કપડ માટીથી તેને મજબુત કરી ૩૦ અડાયા છાણાનો અગ્નિ આપવો. એમ ૧૪ વખત કરે તો, સોનાની નિરૂત્થ (મધ ઘી અને ખડીઓખાર નાખીને આંચ દેવાથી પણ સજીવન થાય નહીં તેવી) ભસ્મ થાય છે. પણ દરેક વખતે સંપુટમાં ગંધક ઉપર કહ્યા પ્રમાણેજ પાથરવો. **અથવા** સોનાનાં શુદ્ધ કરેલાં પતરાંથી સોળમા ભાગે સંખિયું નાખી ખટાસમાં એ બન્નેને ખરલ કરી ગોળો બનાવી ગોળા જેટલો શુદ્ધ ગંધકનો ભૂકો લઇ સંપુટમાં ગોળો મુકી ઉપર નીચે ગંધકનો ભૂકો પાથરી સંપુટ કરી તે ઉપર કપડ માટી દઇ મજબુત બનાવી ૩૦ અડાયા છાણાનો અગ્નિ આપવો. એમ ૭ વખત કરવાથી સોનાની નિરૂત્થ ભસ્મ થાય છે. **શાર્ઙ્ગધર સંહિતા.**

અથવા કચનાર વૃક્ષના રસમાં શુદ્ધ પારો અને શુદ્ધ સોનાના ભોજપત્ર સમાન પત્રોને ઘુંટી પછી આગીયાના રસમાં તથા વડવાડીઆના રસમાં ઘુંટી, પછી સોનાના ચોથા ભાગે ટંકણખાર નાખી વાટી સોનાથી બમણું સાચા મોતીનું ચૂર્ણ અને તે સર્વના સમાન શુદ્ધ ગંધક નાખી એકત્ર કરી સારીપેઠે ઘુંટી તેનો ગોળો બનાવી કપડથી મજબુત વીંટી પછી માટી લપેટી સુકવી સરાવ સંપુટમાં મુકી તે ઉપર કપડ માટીથી મુદ્રા દઇ તેને એક મીઠાથી ભરેલા માટલાના વચોવચ મુકી માટલાને મોંહોડે મુદ્રા દઇ સુકવી ગજપુટ અગ્નિ આપવો. એની મેળેજ ઠંડો થઇ જાય ત્યારે સંપુટને ઉઘાડી ભસ્મને કહાડી લઇ શુદ્ધ ગંધક-પારો મેળવી ખરલ કરી એકજીવ થયે ફરી સંપુટમાં બંધ કરી મુદ્રા દઇ ગજપુટ અગ્નિ આપવો અને પોતાની મેળેજ ઠંડો થાય ત્યારે ભસ્મને ગ્રહણ કરવી. તે બે રતી ભાર ભસ્મને ૮ મરી, ૩ પીપર સંગાથે વાટી બે અથવા રતી પ્રમાણ મધ અને ઘી વિષમ ભાગે લઇ તે સાથે પથ્ય ભોજન સહિત નિરંતર સેવન કરે તો દુર્બળતા, નિર્બળતા; કફ, વાયુ, સંગ્રહણી, રૂધિરસ, શ્વાસ, ક્ષય અને અરૂચિનો નાશ કરે છે તથા જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે. આ **મૃગાંકરસ** કહેવાય છે. **યોગચિંતામણિ.**

રૂપરસનો વિધિ.

શુદ્ધ હરતાલને લીંબુના રસમાં ૧ પોહોર સુધી ઘુંટી પછી હરતાલથી ત્રણ ગણાં શુદ્ધ ચાંદીનાં કંટક વેધ પત્રાં લઇ તે ઉપર તે હરતાલનો લેપ કરવો અને તેઓને સરાવ સંપુટમાં મુકી કપડ માટી દઇ સુકવી ૩૦ અડાયા છાણાનો અગ્નિ આપવો. એમ ૧૪ વાર કરવાથી ચાંદીની ઉત્તમ ભસ્મ થાય છે. આ રૂપરસને રતી ભાર યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો ઘણા ગુણ કરે છે. **ભાવપ્રકાશ. અથવા** "ચાંદીનાં શુદ્ધ કંટક વેધ પત્રાંના ઉપર નીચે રૂપમાખીનો ભૂકો ચાંદીના પત્રો સમાન સરાવ સંપુટમાં મુકી સંપુટને કપડ માટીથી દૃઢ કરી સુકવી ગજપુટ અગ્નિ આપવો જેથી શુદ્ધ રૂપરસ થાય છે."

ત્રાંબાની ભસ્મ કરવાનો વિધિ.

શુદ્ધ કરેલાં ત્રાંબાનાં પત્રાં કરીને ઉપર રૂપરસખાનો લેપ કરી બે સરાવલામાં ઉપર નીચે તેનો ભૂકો મુકી તેમાં સંપુટકરી કપડ માટીથી મજબુત કરી ગજપુટ અગ્નિ આપવો, જેથી તામ્રેશ્વર શુદ્ધ તૈયાર થાય છે. આ ત્રાંબાની ભસ્મ ૨ રતીભાર ૨ મહિના સુધી યોગ્ય અનુપાન સહ સેવન કરે તો શ્વાસ, રૂધિરસ વગેરે રોગોનો નાશ કરે છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સીસાની ભસ્મ કરવાનો વિધિ.

શુદ્ધ કરેલા સીસાને માટીની તાવડી કે ઢીબમાં ગાળી તેમાં સીસાના ચોથે ભાગે પીપળાની તથા આંબલીના છોડીઆની ભૂકી થોડેથોડે નાખી લોઢાની કડછી વતે હલાવતા જવું. એમ ૧ પોહોર સુધી કરવાથી સીસાની શુદ્ધ ભસ્મ થાય છે. તે ભસ્મને સરખે ભાગે શુદ્ધ મણશીલ, સાથે કાંજીમાં વાટી કોડીઆના સંપુટમાં મુકી કપડા માટી કરી ગજપુટ અગ્નિ આપવો. જ્યારે તે અગ્નિ પોતાની મેળેજ શીતળ થઇ જાય ત્યારે તે ભસ્મને ફરી મણશીલ અને કાજી સાથે ઘુંટી પુનઃ ગજપુટ અગ્નિ આપવો. આ પ્રમાણે ૬૦ પુટથી સીસાની શુદ્ધ ભસ્મ થાય છે તેને નાગેશ્વર કહે છે. આ નાગેશ્વર ભસ્મ રતી ૧ વા, ૧॥ રતી યોગ્ય અનુપાન સાથે સેવન કરે તો અધિક ગુણો આપે છે અને સર્વ રોગને દૂર કરે છે. ભાવપ્રકાશ.

" અથવા સીસાને શુદ્ધ કરી કઢાઇમાં ઓગાળી પછી તેને કેવડાના જાડા મૂળીયાથી હલાવ્યા કરવું, જેથી ૧ દિવસમાં તેની રાતી ભસ્મ તૈયાર થાય છે. તેને ૨૧ દિવસ રતીભાર સેવન કરે તો ઘણા ગુણ કરે છે. "

બંગ-કલઇની ભસ્મ કરવાનો વિધિ.

માટીના વાસણની અંદર શુદ્ધ કરેલી કલઇને નાખી ઓગળ્યા પછી કલઇથી ચોથા ભાગે પીપર અને આંબલીના છોડીયાનું ચૂર્ણ લઇ થોડું થોડું ચૂર્ણ તેમાં નાખતા જવું અને લોઢાની કડછીથી હલાવતે જવી. જેથી બે પોહોરની અંદર કલઇની ઉત્તમ ભસ્મ થાય છે. તે ભસ્મના વજન જેટલી શુદ્ધ હરતાલ લઇ તે બન્નેને ખાટા રસથી ખરલ કરી, સરાવ સંપુટમાં મુકી ગજપુટ અગ્નિમાં પકાવી દશમા ભાગે હરતાલ નાખી ખાટા રસથી ૧ પોહોર સુધી ઘુંટી ગજપુટ અગ્નિ આપવો, એમ ૧૦ વાર કરવાથી શુદ્ધ કલઇ-બંગની ભસ્મ થાય છે તેને બંગેશ્વર કહે છે. માત્રા રતી ૧ ની છે. ભાવપ્રકાશ. અથવા શુદ્ધ કરેલી કલઇના બરોબર શુદ્ધ પારો લઇ તે બન્નેનેની ગાંઠ પાડી પત્રાં કરી તેના ઝીણા ટુકડા કરી પછી ગાયના છાણનું છાણું પાસ પાંચશેર તોલનું લઇ તે ઉપર કસેલાનું ચૂર્ણ શેર ૧ પાથરી તે ઉપર કલઇના કકડા પાથરી ફરી તે ઉપર કસેલાનું ચૂર્ણ બીછાવી તે ઉપર તેટલાજ વજનનું બીજું છાણું ઢાંકી આસ પાસ બીજાં છાણાં ગોઠવી પવન ન આવે તેવી જગ્યાએ મુકી અગ્નિ પ્રકટવો. તે અગ્નિ શાંત થયા પછી કલઇના મમરા પાકીને તૈયાર થશે તેને વાટી ચાળી યોગ્ય માત્રાએ ઉપયોગમાં લેતો સારો ફાયદો આપે છે. "

જેવીરીતે કલઇની ભસ્મનો વિધિ છે તેવીજ રીતે જસદ ભસ્મનો પણ વિધિ છે.

લોહ ભસ્મનો વિધિ.

" શુદ્ધ કરેલ ગજવેલનો ભૂકો કરાવી તેને છાશમાં, ગોમૂત્રમાં, તથા કાંજીમાં ૭-૭ વાર (તપાવી તપાવીને) બુઝાવી પછી આકડાના દુધના ૭ પુટ, થોરના દુધના ૭ પુટ, ત્રિફળાના રસના (રસ નમળે તો તેના કવાથના) ૭ પુટ દેવા અને દાડિમના પાનના રસના ૭ પુટ દઇ અર્થાત્ પુટ દેતા જવું અને ગજપુટ અગ્નિ આપતા જવું. જ્યાં સુધી તે ગજવેલની ભસ્મ પાણી ઉપર તરે નહીં ત્યાં સુધી પુટ અને ગજપુટ અગ્નિ આપવો. આ પ્રમાણે બનેલી લોહ ભસ્મ સેવવાથી ઉત્તમ ગુણ આપે છે. અથવા ગજવેલના ભુગદા-

For Private And Personal Use Only

ભૂકાને લીંબુના રસની અને નવસાદરની ૨૧ ભાવનાઓ આપી પછી સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો; એટલે દરેક પુટ વખતે ગજપુટ અગ્નિ આપતે જાય તો શુદ્ધ લોહ ભસ્મ થાય છે તેના સેવનથી ઘણા ગુણ થાય છે."[1]

સાત ઉપધાતુઓના સોધન–મારણની રીત.

સોનમાખી, રૂપમાખી, અભ્રક, મણસીલ, હરતાલ, પારો, ખાપરીઓ અને સૂરમો એ સાત ઉપધાતુઓ કહેવાય છે.[2]

સોનમાખીનું શોધન—બીજોરાના રસમાં કે જંબીરીના રસમાં સોનમાખીને નાખી લોઢાની કડાઇમાં અગ્નિ ઉપર પકાવવી. જ્યારે રસ બળી કડાઇ અંગારા જેવી લાલ થઇ જાય ત્યારે નીચે ઉતારી ઠંડી થયા પછી સોનમાખીને પ્રત્યેક કામમાં લેવી. (અથવા ૩ ભાગ સોવન માખી અને ૧ ભાગ સિંધાલુણ લઇ ઉપર પ્રમાણે શોધન કરવું.)

સોવનમાખીની ભસ્મનો વિધિ—શુદ્ધ સોવનમાખીને કળથીના કવાથમાં અથવા તેલમાં, છાશમાં કે, બકરીના મૂત્રમાં સારી પેઠે ઘુંટી સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો જેથી સોવનમાખી મરી જાય છે.

રૂપમાખીનું શોધન—વાંઝકંકોડી, મરડાશિંગ અને લીંબુના રસમાં વાટી આકરા તડકામાં મુકવીને સર્વ કાર્યમાં લેવી.

રૂપમાખીનું મારણ—સોવન માખીના મારણ પ્રમાણેજ સમજવું.

અભ્રક શોધન—કાળા અભ્રકને કોલસાઓમાં ધમી ગાયના દુધમાં ઠારી પછી તાંદળજાના રસમાં, ચોખાના ધોવણમાં કે આંબલીની–લીંબુની ખટાસમાં ૮ પોહોર સુધી ભીંજવી રાખવો જેથી જુદાં જુદાં પત્રાં થાય છે, અને શુદ્ધ પણ થાય છે.

ધાન્યાભ્રકનો વિધિ—અભ્રકના વજનથી ચોથા ભાગે ચોખા લઇ તેઓની કાંબળા-માં પોટલી અભ્રક સહિત બાંધી ૩ રાત સુધી પાણીમાં ડુબાવી રાખવી, પછી તેને હાથથી ચોળી ચોળી કાંબળામાંથી પાણીમાં ભૂકા રૂપે અભ્રક નીકળે તેમ કરવું એટલે ઝીણો અભ્રકનો ભૂકો પાણીમાં નીકળી આવશે, તેને પાણીમાંથી યુક્તિ પૂર્વક કાહાડી લઇ કામમાં લેવો.

અભ્રક મારણ વિધિ—ધાન્યાભ્રકને આકડાના દુધમાં ઘુંટી ગોળ ટીકડીઓ કરી આકડાના પાંદડાંથી વીંટીને સારી રીતે અગ્નિનો ગજપુટ દેવો. ફરી તેજ પ્રમાણે આકડાના દુધમાં ઘુંટી ગજપુટ અગ્નિ આપવો. એમ ૭ વાર કર્યા બાદ [3]વડની વડવાઇના કવાથના ૩ પુટો આપી ખરલ કરી અગ્નિના ૩ ગજપુટ દેવા, જેથી શુદ્ધ અભ્રક ભસ્મ થાય છે. પછી લોઢાના વાસણમાં અભ્રકભસ્મ અને તેટલુંજ ઘી નાખી અગ્નિદ્વારા પકાવવી. સઘળું

---

૧ લોહભસ્મ ઓછામાં ઓછી વીશતોલા અને વધારેમાં વધારે બાવન તોલા કરવી પણ તેથી ઓછી કે વધારે કરવી નહીં. **આયુર્વેદસુધાકર.**

૨ આ સાત ઉપધાતુઓ ગ્રંથકારે ગણાવી છે, પણ કોઇ ગ્રંથમાં તેનું પ્રમાણ જણાતું નથી. ઉપધાતુ, રસ અને ઉપરસના પદાર્થો એકઠા કરી સાત ઉપધાતુઓ ગણી કાહાડેલી જણાય છે. **ભા. કર્તા**

૩ થોરના દુધના ૭ પુટ, કુવાર પાઠાના ૭ પુટ, તથા તાંદળજાના રસના, મોથના, કાંઝના, ચિત્રકના, જંબીરી રસના, ત્રિફળાના કવાથના, ચિત્રકના, ગોમૂત્રના ૭–૭ પુટ દેવા બાદ વડવાઇના કાઢાની, મજીઠના કાઢાની ૭-૭ ભાવનાઓ દેવી જેથી અત્યંત શુદ્ધ અભ્રકભસ્મ થાયછે.આ ભસ્મ ૧ રતી ભાર ૨ મહિના સુધી સેવે તો પ્રમેહાદિ રોગો જાય,નપુંસકતા ટળે અને પુષ્ટિ આપેછે **ગ્રંથકર્ત્તા.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધી પચી જાય ત્યારે તેને સર્વ કામમાં લેવી. **અથવા** ધોળા અભ્રકને શુદ્ધ કરી તેના બરો-બર ગોળ લઇ તેમાં પાણી નાખી જાડો રગડો કરી તેને અભ્રકનાં પત્રાં ઉપર ચોપડી દેવો અને તે ઉપર સુરખારનો ભૂકો ભભરાવવો. અભ્રકથી અરધ ભાગે સુરોખાર લેવો. પછી તેને અડાયા છાણાના અગ્નિનો તાપ દેવો જેથી ચમક વગરનો અભ્રક બને છે.

હરતાલ શોધન વિધિ—હરતાલનો ભૂકો કરી તેને ૧ પોહોર સુધી દોલા યંત્રથી કાંજીમાં બાફવો. પછી તેજ પ્રમાણે કોળાના રસમાં ૧ પોહોર બાફવો, તથા તલના તેલમાં અને ત્રિફળાના પાણીમાં પણ ૧-૧ પોહોર બાફવો. આ પ્રમાણે ૪ પોહોર પકવવાથી હરતાલ શુદ્ધ થાય છે.

હરતાલને મારવાનો પ્રકાર—"શુદ્ધ કરેલી પત્રાંવાળી હરતાલને એક દિવસ સુધી દુધિના રસમાં ઘુંટી પછી બળબીજ કે કાંસકીના રસમાં ર દિવસ ઘુંટી ગોળા કરી છાંયડામાં સુકવી પછી ખાખરાની રાખ એક હાંલ્લામાં ભરી તેના વચમાં તે ગોળો મૂકી ઉપર નીચે બરોબર રાખ રાખી સારીપેઠે દબાવી ચૂલે ચડાવી ક્રમવર્ધિત-મંદ મધ્યમ અને તીક્ષ્ણ અગ્નિ ૩ દિવસ સુધિ આપવો. ધુવાડો નીકળવા દેવો નહીં અને ધુવાડો નીકળવા માંડે ત્યાં ખાખરાની રાખ દબાવી દેવી. ૩ દિવસ પછી હાંલ્લી એની મેળેજ ઠંડી થાય ત્યારકેડે યુક્તિથી હરતાલને કહાડી લેવી તો ધોળી ભસ્મ થાય છે. માત્રા ૧ રતીની છે, સેવન કરવાથી સર્વ રોગ જાય છે. **અથવા** શુદ્ધ કરેલી હરતાલને કુવારપાઠાના ગર્ભમાં ૩ દિવસ ઘુંટી ન્હાની ન્હાની ટીકડીઓ કરી સુકવી અને ખાખરાની રાખથી હાંલ્લી અરધી ભરી દબાવી ટી-કડીઓ પાથરી પછી ફરી ખાખરાની રાખ દબાવીને ભરી દેવી. પછી ચૂલ્હે ચડાવી ૪ પોહોરનો તીવ્ર અગ્નિ આપવો, પોતાની મેળેજ ઠંડો થાય ત્યાર પછી આસ્તેથી હરતાલને કાહાડી લઇ પાનમાં ૧ રતી ભાર ખાવી, જેથી કોઢનો નાશ કરે છે. તે ઉપર મઠ ચણાની રોટલી મીઠા વગરની ખાવી. આ હરતાલ તોલમાં ઉતરે છે, નિર્ધૂમ થાય છે અને સારો ફાયદો આપે છે."

ચંદ્રોદય રસની ક્રિયા.

સોનાના વરખ ૪ તોલા, પારો ૩ર તોલા, અને શુદ્ધ ગંધક ૬૪ તોલા ભાર લઇ હિરવણ-કપાસના ફુલોના રસમાં તથા કુવારપાઠાના રસમાં ૮ પોહોર ખરલ કરી તેને અગ્નિ સહનક-આતસ સીસીમાં ભરી કપડ માટી કરી સુકવી વાળુકા યંત્રમાં વિધિ પૂર્વક સ્થાપન કરી ર૪ પોહોરનો અગ્નિ આપવો; અર્થાત્ ક્રમવર્ધિત અગ્નિ આપવો. જ્યારે સિદ્ધ (લાલ-રંગ) થઇ જાય ત્યારે યંત્રને ઉતારી લઇ સીસીને ફોડી તે રસને કાહાડી લેવો. પછી જાયફળ, બરાસ, લવીંગ, અને સમુદ્રશોષ એ પ્રત્યેક પદાર્થ ચાર ચાર તોલા ભાર લઇ તે રસ સાથે ઘુંટી તેમાં કસ્તૂરી માસા ચાર મેળવી પછી આ રસ પાનમાં ૩ રતી ભાર યોગ્ય અનુપાન સહ સેવન કરી નિયમમાં રહે તો મહા કામી થાય છે અને મદવંતી સ્ત્રીઓના મદન મદને મર્દી નાખે છે તથા મહા બલિષ્ટ બને છે. આ [1]**ચંદ્રોદય રસ** કહેવાય છે. **વૈદ્યરહસ્ય.**

---

૧ ચંદ્રોદય રસ સેવન કરી તે ઉપર તુરતનું દોહેલું (ધારોષ્ણ) દુધ પીવું. કુણું માંસ ખાવું, મેદાનો પદાર્થો, તેતર, રોટલી, તથા ગરિષ્ટ ભોજનાદિ મનને આનંદકારી ભોજનો કરવાં. જેથી ઘરડાપણુ મટે છે, દેહ પુષ્ટ થાય છે, વીર્યને સ્તંભન કરે છે અને સમસ્ત રોગોનો નાશ થાયછે, જો સ્ત્રી વલ્લભ થવું હોય તો આ રસનું અવશ્ય સેવન કરો.

યોગચિંતામણિ.

For Private And Personal Use Only

હરગૌરી રસ વા, રસસિંદૂરનો વિધિ.

"પ્રથમ પારાને ખરલમાં નાખી હળદર, ઇંટાડીનો ભૂકો તથા ઘરમાંનો ધૂંસ અને લીંબુનો રસ નાખી ૩ દિવસ સુધી ખરલ કરી પછી ત્રિફળા, કાંજી, ચિત્રક, કુંવારપાઠું, અને ત્રિકટુ એઓની સાથે ૩ દિવસ લગી ઘુંટી લસણના રસમાં ૩ દિવસ ઘુંટવો. તેજ પ્રમાણે જંબીરીના રસમાં પણ ૩ દિવસ ઘુંટી માટીની બે સરખા મ્હોં જોડાઇ શકે તેવી પથ્થર ઉપર ઘસીને સાફ કરેલી હાંલ્લીઓ લઇ એક હાંલ્લીમાં તે પારાને રાખી પછી બીજી હાંલ્લીનું બીજી હાંલ્લી સાથે મ્હોં જોડી મુખે મુદ્રા દઇ ચૂલ્હે ચઢાવી નીચે અગ્નિ આપવો, પણ ઉપરની હાંલ્લીને પેંદે ભીનું કપડું રાખીજ મૂકવું. જ્યારે નીચેની હાંલ્લીમાંનો પારો ઉડીને ઉપરની હાંલ્લીમાં વળગી જાય ત્યારે તે ડમરૂ યંત્રને ઉખેડી યુક્તિથી પારાને કાઢાડી લેવો. અથવા હીંગળોક માંથી ઉડાવેલો પારો લેવો. પછી તેને વાંઝકોડીના રસમાં ઘુંટવો. ત્યાર પછી તે હાંલ્લીમાં વાંઝકોડીનો રસ ભરી તેમાં સરપાક્ષીની જડ તથા સુરણનો રસ, ભાંગનો રસ, જળભાંગરો, મીઠું, સિંધલુણ, અને કાંજી એઓ સઘળાં સમાન લઇને નાખવાં અને તે પારાની કપડામાં પોટલી બાંધી તેને દોલાયંત્ર દ્વારા ૪ પોહોરનો અગ્નિ આપવો. જેથી પારો શુદ્ધ થાય છે." **અથવા** એક હજાર લીંબુના રસમાં ત્રિકટુ, રાઇ, સિંધાલુણ, ચિત્રામૂળ, અને હિંગ એઓ સાથે ૨૦ દિવસ લગી પારાને ખરલ કરે, તો પારો દોષ રહિત શુદ્ધ થાય છે. **રસચિંતામણિ.** આ શુદ્ધ કરેલા પારાને ૧૦ તોલાભાર લઇ તેના બરાબર શુદ્ધ ગંધક લેવો, નવસાર ટાંક ૨, તથા ફટકડી તોલો ૧ તેમાં નાખી ખરલ કરવાં. પછી આતસ સીસીમાં ભરી મુખ બીડી કપડા માટી કરી વાળુકા યંત્રથી ૩ દિવસ અગ્નિ દ્વારા પકાવી જ્યારે લાલ રંગનો બને-જણાય ત્યારે સીસી નીચે ઉતારી ઠંડી થયા પછી સીસી ફોડીને રસ કહાડી લેવો, તે **રસસિંદૂર** અથવા **હરગૌરીરસ** કહેવાય છે. આ રસ ૧ રતીભાર પાનમાં મૂકી સેવન કરે અને પથ્યમાં રહે તો સમસ્ત રોગનો નાશ કરે છે. શરીરને પુષ્ટિ-બળ-પરાક્રમ આપે છે, આયુ તથા કંદર્પની વૃદ્ધિ કરનાર છે. પુત્ર દાતા છે, જઠરાગ્નિ, તેજ, રૂચિ, આનંદ અને ઉત્સાહને વધારનાર છે. આ રસ પીપર અને મધ સાથે સેવે તો વાયુ, ત્રિકટુ તથા ચિત્રાના ચૂર્ણથી સેવે તો કફરોગ, એળચી, સાકર, સુંઠ, આદું, મ્હોટી રીંગણી, ગળો કે પાણી સાથે સેવે તો પિત્તરોગ અને ઘી, હળદર, ત્રિફળા તથા શીમળાના ફળ સાથે સેવે તો નિર્બળતાનો નાશ કરે છે અર્થાત્ પુષ્ટિ-કૌવત આપે છે. **વસંતરાજ. અથવા**-"હિંગળોકમાંથી કાઢાડેલો પારો કે પૂર્વે કહેલા વિધિ પ્રમાણે શોધેલો પારો અને શોધેલો ગંધક સમાન ભાગે લઇ વડવાઇના રસમાં ૧ દિવસ ખરલ કરી આતસી સીસીમાં ભરી મુખ બંધ કરી કપડમાટી દઇ[1] વાળુયંત્રથી મંદ મધ્યમ અને તીક્ષ્ણ એમ ક્રમવાર ૧૦ પોહોરનો અગ્નિ આપવો. પછી એની મેળેજ સીસી ઠંડી થાય ત્યારે અંદરથી રસ કાઢાડી લઇ ૧ રતીભાર પાન સાથે પથ્યમાં રહી સેવન કરે તો ઘણા ગુણ બક્ષે છે. આ રસ હિંગળોક સમાન રંગનો બને છે."

પારાની ભસ્મ કરવાનો વિધિ.

કાળા ઉંબરાના દુધમાં શુદ્ધ પારાને કેટલોક વખત ઘુંટી જ્યારે તેની ગોળી વળે તેવો

---

૧ એકવેત પોહોળા મ્હોંવાળી વખતી કાળી હાંલ્લીમાં ઔષધ ભરેલી આતસ સીસી મૂકી-ગોઠવીએ સીસીની આસપાસ ગળા સુધી નદીની રેતી ભરી દેવી અને પાઠમાં લખ્યા પ્રમાણે અગ્નિ આપવો. તેને **વાળુકાયંત્ર** કહે છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય ત્યારે કાળા ઊંબરાના દુધમાં ચોખ્ખી હિંગ વાટી અને એની બે મૂસો (ધાતુ-સોનું ગાળવાની કુલડીઓ) બનાવી તેના સંપુટમાં તે પારાની ગોળીને મૂકી સાંધા બંધ[1] કરી તે સંપુટને મુલતાની[2] માટી-મેટની બે મ્હોટી મૂસો બનાવી તે મૂસમાં મૂસ ગોઠવી સંપુટ કરી કપડા માટીથી દ્રઢ કરી સુકવી ગજપુટ અગ્નિ આપવો, જેથી પારાની ભસ્મ થાય છે. **અથવા** અંધાડાનાં બીજ વાટી તેની બે મૂસો બનાવી તેઓના સંપુટમાં કાળા ઊંબરાના દુધમાં પારો મિશ્રિત કરી વા, ખરલ કરી મૂકવો. પછી કુવાનાં ફુલ, વાવડીંગ અને ખેર એઓનું ચૂર્ણ તે પારાની ઉપર નીચે ભરી ભભરાવી સંપુટના સાંધા જોડી દઇ પછી તે સંપુટને માટીની કુલડીઓ-મૂસોમાં ગોઠવી તેને કપડા માટીથી મજબુત કરી ગજપુટ અગ્નિ આપવો, જેથી એકજ પુટમાં પારાની ભસ્મ થઇ જશે. આ ભસ્મનો યોગ્ય વખતે, યોગ્ય માત્રાએ યોગ્ય અનુપાન સાથે ઉપયોગ કરવો. **ભાવપ્રકાશ.**

હિંગળોકની ભસ્મનો પ્રકાર.

"ગાંગડાવાળો ચોખો શુદ્ધ કરેલો હિંગળોક તોલા ૮ ભાર લઇ તેને કડછીમાં મૂકી અગ્નિ ઉપર રાખી લીંબુનો રસ ૧ શેર શોષાવવો અર્થાત્ ટીપે ટીપે તેને રસ પાવો. પછી કુંગળીનો રસ શેર ૩ પાવો. ત્યાર બાદ ૧ શેર કુંગળીની લુગદી કરી તેના વચમાં તે હિંગળોકનો ગાંગડો મૂકી પકાવી પછી ૧ શેર ઝેરકોચલાં, ૧ શેર રાઇ, ૧ શેર માલકાંકણી, ૧ શેર કુંગળી, ૧ શેર ઘી અને ૧ શેર મધ એ સઘળાંને એકત્ર કરી તેઓની લુગદી બનાવી કઢાઇમાં મૂકી, લુગદીના વચમાં તે ગાંગડાને ગોઠવી, ઢાંકી તેના નીચે ૮ પોહોરનો અગ્નિ આપવો, જેથી હિંગળોકની ઉત્તમ ભસ્મ થાય છે, તોલ ઉતરે છે અને લાલરંગ કાયમ રહે છે. તેની માત્રા ૦॥ રતી વા ૧ રતી પાનમાં ખાય અને ફીરી પાળે તો સમસ્ત રોગોને દૂર કરે છે અને ભૂખ લગાડે છે, તથા નપુંસકપણું દૂર કરે છે."

ધાતુ ઉપધાતુ શોધન મારણ વિધિ સંપૂર્ણ.

ઇતિ શ્રી મન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઇ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે ધાતુ ઉપધાતુ રસ ઉપરસ શોધન મારણ નિરૂપણ નામનો ત્રેવીશમો તરંગ સંપૂર્ણ.

તરંગ ચોવિશમો.

આસવ પાક શિલાજીત શોધન ક્ષાર નિકાસનની કૃતિ સારી,
સ્નેહન સ્વેદન વાંતિ વિરેચન શ્રેયસિ સેવન છે હિતકારી;
ગણિત પ્રકાર સુધુમ્રનું પાન ને રક્તવિમોચન દૂષણ હારી,
ચોવિશમાજ તરંગ વિષે લખી આટલી બાબત જ્ઞાન સુધારી.

દશમૂળાસવનો વિધિ.

શાલપરણી, પીલવણી, ભોંયરીંગણી, મ્હોટી રીંગણી, ગોખરૂ, બીલી, અરણી, સીવણ,

---

1 સાંધા બંધ કરવા માટે પણ કાળા ઊંબરાના દુધમાં ઘસેલી હિંગજ ઉપયોગમાં લેવી.

2 એને ગુજરાતમાં ગરાબડી-માટુ ધોવાનો કહે છે. તે મુલતાની માટી કહેવાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાડળ અને અરલૂ એ દશ ઝાડનાં મૂળોને (દશમૂળ કહે છે તે) ૨૦—૨૦ તોલાભાર લેવાં, તથા ચિત્રામૂળ ૧૦૦ તોલા, પુષ્કરમૂળ ૧૦૦ તોલા, લોદર ૮૦ તોલા, ગળો ૮૦ તોલા, આમળાં ૬૪ તોલા, ધમાસો ૪૮ તોલા, ખેરસાર, બીજાસાર, હરડે એ ૩૨—૩૨ તોલા, ઉપલેટ, મજીઠ, દેવદાર, વાવડીંગ, જેઠીમધ, ભારંગી, કોઠ, બેહેડાં, સારોડી, ચવક, જટામાંસી, ધઉંલા (કાંગ), ઉપલસરી, શાહજીરું, નસોતર, નગોડનાં બીજ, રાસ્ના, પીપર, સોપારી, કચૂરો, હળદર, વરીઆળી, પદ્મક, નાગકેસર, મોથ, ઇંદ્રજવ, સુંઠ, અને અષ્ટકવર્ગ[1] એ પ્રત્યેક પદાર્થો આઠ આઠ તોલાભાર લઇ સર્વને ખાંડી અધકચરાં કરી તેઓને આઠગણા પાણીમાં નાખી અગ્નિદ્વારા[2] ઉકાળવાં. જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે નીચે ઉતારી માટીના વાસણમાં ગાળી લેવું. કાળીદ્રાખ ૨૪૦ તોલા લઇ ચાર ગણા પાણીમાં ઉકાળી ત્રીજા ભાગનું પાણી બાકી રહે તે ત્રેજાએ ગાળી કાહાડી પ્રથમના ક્વાથમાં મેળવી ટાઢો થયા પછી તેમાં મધ તોલા ૧૨૮ નાખવું તથા ગોળ તોલા ૧૫૦૦, ધાવડીનાં ફુલ ૮૦ તોલા, કંકોળ, વાળો, સુખડ, જાયફળ, લવીંગ, એળચી, તમાલપત્ર, નાગકેસર અને પીપર એઓનું આઠ આઠ તોલાભારનું ચૂર્ણ કરી તેમાં નાખવું. તથા કસ્તૂરી ટાંક ૧ નાખી સર્વને એકત્ર કરી એક માટીના રીંઢા માટલામાં ભરી ઢાંકણું ઢાંકી કપડેથી મ્હોં બાંધી કપડછાણની મુદ્રા દઇ દોઢ મહિના સુધી ભોંયમાં (ઉકરડામાં) દાટી રાખવું. ત્યાર પછી તેને રસરૂપ આસવ થયો જાણી બાહાર કાહાડી ઉપયોગમાં લેવો. (અથવા ૨૧ દિવસ ખાતરના ઢગલામાં દાટી રાખી પછી બાહાર કાહાડી દારૂ ખીંચવાની ભઠ્ઠીવડે તે રસ બીજા માટલામાં ભરી વાળાથી તે પીપર સુધીની ઔષધીઓ જે ઉપર બતાવી ગયા છીએ તેઓની પોટલી કરી ભઠ્ઠીને મોહોડે સુગંધિ ભળ્યું દેવા તે પોટલી બાંધી રાખવી અને આસવ ખીંચી લેવરાવવો, તથા તે જુનો થયા પછી કામમાં લેવો.)એટલે નિર્મળીના બીજનું ચૂર્ણ નાખી નિર્મળ કરી ૧૫ દિવસ પછી તેની ચાર તોલા ભારની માત્રા સેવન કરે તો ક્ષય, ઉલટી, પાંડુ, ભગંદર, સંગ્રહણી, અરૂચિ, શૂળ, ઉધરસ, શ્વાસ, વાયુના રોગો, કમળો, કોઢ, ગુદાના મસા, પ્રમેહ, મંદાગ્નિ, પેટના વ્યાધિ, સર્કરા—પથરી, મૂત્રકૃચ્છ્ર ધાતુક્ષય, અને કૃશતા એ સર્વેનો નાશ કરે છે, શરીરને પુષ્ટ કરે છે, વંધ્યાને ગર્ભવંતી કરે છે અને બળ તેજ વીર્યને પુષ્કળ વધારે છે. આ **દશમૂળાસવ** વા **દશમૂળારિષ્ટ** કહેવાય છે. **શાર્ઙ્ગધર સંહિતા.**

જે જે વસ્તુનો આસવ કે અરિષ્ટ બનાવવા ઇચ્છા હોય તે તે વસ્તુનો ઉપરના વિધિ પ્રમાણે આસવ કે અરિષ્ટ બનાવી ઉપયોગમાં લેવો.

---

1 અષ્ટકવર્ગની ઔષધીઓ મળવી મુસ્કેલ છે માટે જીવક ઋષભકને બદલે ભોંયકોળું, મેદા મહામેદાના બદલે જેઠીમધ, કાકોલી ક્ષીરકાકોળીને બદલે આસગંધ અને ઋદ્ધિ વૃદ્ધિને બદલે ફૂક્કર કઇ એમ પ્રતિનિધિ ઔષધીઓ બમણી લેવા માટે પરંપરા છે.

2 કાચા પાણીમાં જે ઔષધો નાખી મધ બનાવ્યું હોય તે **આસવ** અને ઔષધો નાખી ઉકાળી જે મધ કરવામાં આવ્યું હોય તે **અરિષ્ટ** કહેવાયછે. માટે આસવ કરવો હોય તો ઉકાળ્યા વિના માટીના માટલામાં પાણી યુક્ત ઔષડો ભરીને મ્હોં બંધ કરી તેના ઉપર કપડું વીટી કપડા છાણનો થર દઇ મહિનો કે તેથી અધિક વખત લગી છાપરા ઉપર સૂર્યના તાપમાં રાખી મુકવું જેથી તે સુંદર આસવ થાય છે અને જો પાણીમાં ઔષડો, નાખી ક્વાથ કરી માટલામાં ભરી દઢ કરી છાપરે રાખે તો અરિષ્ટ થાય છે ગુણ અને માત્રા બન્નેની સરખી છે

ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુસળીપાકનો વિધિ.

ધોળી મુસળી તોલા ૧૬ ભાર, કૌંચાં, ભોંયકોળું, ગોખરૂ, શતાવરી, કાંસકીનાં બીજ, અગેટીની છાલ, તજ અને સુંઠ, એઓનું ચૂર્ણ કરી સમાન ઘીમાં કરમોવી દુધ પ્રસ્થ ૧૦ માં નાખી તેનો માવો બનાવવો. ઘી નાખી રવો પાડી નીચે ઉતારી ઠારી દેવો. પછી ખાંડ પ્રસ્થ ૭ ની ચાસણી કરી તેમાં તે રવો નાખી હલાવી એકજીવ કરી પછી તેમાં ત્રિકટુ, ચાતુ-ર્જાત, લવીંગ, જાયફળ, જાવંત્રી, વંશલોચન અને કસ્તૂરી વગેરે ઔષધીઓનું અનુમાનસર ચૂર્ણ નાખી, અભ્રક, લોહ, તથા સોનાની ભસ્મો કે હરગૌરીરસ વગેરે પણ તેમાં યોગ્ય માત્રાએ નાખી, ચારોળી, પિસ્તા, બદામ વગેરે મેવો નાખી હલાવી લાડુ વા ચોરસ ખંડ પાડી ૪ તોલાભાર અથવા ખાનારના અગ્નિબળના પ્રમાણમાં બે ટંક માત્રાનું સેવન કરે તો શરીરને પુષ્ટ બનાવે છે અને પ્રમેહાદિ સર્વ રોગોનો નાશ કરે છે. આ **મુસળીપાક** કહેવાય છે.

આ પ્રમાણે જે જે પદાર્થોનો પાક કરવો હોય તે તે કરી ઉપયોગમાં લેવો.

શિલાજીતની ઉત્પત્તિ તથા શોધવાનો વિધિ.

ગ્રીષ્મ ઋતુમાં અત્યંત તાપના પડવાથી પર્વત તપી જાય છે ત્યારે તેમાંથી રસ નીકળે છે તેને શિલાજીત કહે છે. વિંધ્યાચળ–પર્વતમાં લોખંડ વધારે હોવાથી ત્યાં શિલાજીત વિશેષ પેદા થાય છે. તે શિલાજીતને (લોઢાના વાસણમાં નાખી) ગાયના દુધમાં, ત્રિફળાના ક્વાથમાં અને જળભાંગરાના રસમાં—એક પછી એકમાં એક અથવા બે દિવસ પલાળી રાખી સુકવી ઉપયોગમાં લેવો. **અથવા** શિલાજીતના કાંકરાઓને ઉના પાણીમાં ૧ પોહોર સુધી ભીંજવી પછી તે પાણીને ડોહોળી, મસ્જી વસ્ત્રથી ગાળી લેવું અને માટીના વાસણમાં ભરી તડકે મૂકવું. પછી ફરી મસળવું અર્થાત્ ફીણ ચઢે તેમ તેને હલાવવું, મથવું અને તે ઉપર જે ફીણ આવે તે યુક્તિથી ઉતારી બીજા વાસણમાં લેવું. એમ નિરંતર બે મહિના સુધી જે ફીણ આવે તે ઉતાર્યા કરે, તડકે મૂક્યા કરે અને પાણી નીતારી કાંકરી નીકળે તેને કાહાડી નાખ્યા કરે તો શુદ્ધ શિલાજીત થાય છે. એ શિલાજીતને અગ્નિ ઉપર નાખતાં જો લિંગાકારે બને તથા ધુમાડા રહિત જણાય તો શુદ્ધ જાણવો. તે શુદ્ધ શિલાજીતને એળચી અને પીપરની સાથે સેવન કરે તો ૧ મહિનામાં મૂત્રકૃચ્છ, મૂત્રરોધ, પ્રમેહ તથા ક્ષયનો નાશ કરે છે. માત્ર રતી ૮ ની ઉપયોગમાં લેવી. **યોગચિંતામણિ.** વિશેષ માહેતી માટે **ભાવપ્રકાશ** પ્રથમ ખંડનો બીજો ભાગ જુઓ.

ખાર કાહાડવાનો વિધિ.

જે જે વસ્તુઓનો ખાર કાહાડવો હોય તે તે વસ્તુઓને બાળી શખ કરી તેને પોહોળા વાસણમાં નાખી બોહોળું પાણી રેડી ૨ દિવસ સુધી ભીંજવી રાખી અડવાળી સારીપેઠે હલાવી કપડાથી ગાળી કાહાડવું. જ્યાંસુધી તેમાંથી ખારૂં પાણી નીકળે ત્યાં સુધી પાણી રેડી ગાળી લોખંડની કઢાઇમાં નાખી અગ્નિ ઉપર ચઢાવી તે પાણીને બાળી નાખવું–શોષવવું જેથી તે પદાર્થમાંનો ખાર નીચે જામશે. તે ખાર લઇ જે પ્રયોગમાં વાપરવો ઘટે તેમાં વાપરવો. અર્થાત્ જવખાર, તલસરાનો ખાર, એરંડાનો, ખાખરાનો, કે કોઇપણ ઝાડનો ખાર કાહાડવો હોય તો આ પ્રમાણે કાહાડી લેવો, પણ ચણાનોખાર બનાવવો હોય તો માહ મહિનામાં ચણાના ખેતરમાં પાછલી ૩–૪ ઘડી રાત હોય તે વખતે જઇ ઝીણું સુતરૂં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચણાના છોડવા ઉપર ફેરવવું. એમ ૧૫ દિવસ સુધી કરે તો તે લુગડું ટાટના જેવું થઇ જાય છે પછી તે કપડાને લોઢાની કઢાઇમાં પાણીની અંદર ભીંજવી ધોઇ તે પાણીને ગાળી નીતારી કાચના વાસણમાં ભરીલેવું તેને ચણાનોખાર કહે છે. **અથવા** ઉપર પ્રમાણે ચણાના ખેતરમાં જઇ પાછલી રાતે પડેલા ચણાના છોડ ઉપરના ઝાકળને ઝીણા કપડા વતે ચુસાવી નીચોવી લે તોપણ તેજ પ્રમાણે ચણાનો ખાર બને છે. તે ખાર અજીર્ણ, પેટના દરદો અને મંદાગ્નિ માટે ઉપયોગી છે. માત્રા રોગ અને રોગીના અગ્નિ બળ પ્રમાણે.

સ્નેહવિધિ.

સ્નેહના ચાર પ્રકાર છે એટલે ઘી, તેલ, ચરબી અને હાડમાંની મીંજી એમ ચાર સ્નેહના ભેદ છે. સ્નેહ પાન પીનારના કોમળ કે કઠોર કોઠા ઉપર ધ્યાન રાખી યોગ્ય માત્રા તથા કયા સ્નેહનું પાન યોગ્ય છે? તેનો વિચાર કરી દેશ કાળ વય અગ્નિબળ અને રોગનું બળાબળ તપાસી ઉપયોગ કરવો. સ્નેહની ઉત્તમ માત્રા ૪ તોલા, મધ્યમ ૩ તોલા અને હલકી બે તોલાની માત્રા આપવી. પૂર્વાપરનો વિચાર કર્યાવિના ઓછી કે વધારે માત્રા આપે તો રોગને મટાડવાના બદલામાં રોગોને જન્મ મળે છે માટે જે રોગ ઉપર જે સ્નેહ જેટલી માત્રાએ આપવો યોગ્ય લાગે તે પ્રમાણે, આપવો. વિશેષ માહેતી મેળવવા **ભાવપ્રકાશ**, **ચક્રદત્ત** અને **ચરક સુશ્રુતાદિ**માં તેઓના અધિકાર જુવો.

સ્વેદવિધિ.

સ્વેદના ૪ ભેદ છે, તાપ, ઉષ્ણ, ઉપનાહ અને દ્રવ એમ ૪ પ્રકાર છે તે વાયુ રોગોની પીડાનો નાશ કરનાર છે. તાપ અને ઉષ્મસ્વેદ કફનો નાશ કરે છે. વેળૂ-રેતીની પોટલી બાંધી અંગારા ઉપર ઉની કરી કે હાંલ્લીમાં અંગારા ભરી અથવા મીઠું, પાણી, લુગડું કે, હાથ વગેરે કોઇ પણ પદાર્થનો શેક કરે તે તાપસ્વેદ કહેવાય છે. લોઢાનો ગોળો, પથરો, કે ઇંટને ખૂબ તપાવી છાશ છાંટી કપડામાં કે કાંબળીમાં લપેટી શેક કરે તે ઉષ્ણ કે ઉષ્મસ્વેદ કહેવાય છે. તાપ અને ઉષ્મ બેના મેળાપથી ઉપનાહ સ્વેદ કહેવાય છે અને શરીરને લુગડાંથી ઢાંકી શરીર ઉપર ખાટા રસયુક્ત ગરમ પાણી સિંચે વા, વાયુનાશક ઓસડોથી ઉનું પાણી કરી તેથી શરીરને ઝારે અને પરસેવો લાવે તેને દ્રવસ્વેદ કહે છે. સ્વેદ આપવાનું મુખ્ય કારણ તો એજ છે કે, પરસેવો લાવવાથી જે રોગો શાંત પડે તે ઉપર સ્વેદ-શેક કરી પરસેવો લાવવો. જ્યાં વા આવ્યો હોય ત્યાં કળથી, અડદ, ઘઉં, અળસી, તેલ, સરસવ, વરીઆળી-સવા, દેવદાર, નગોડ, જીરૂં, એરંડીના ગોળા, એરંડાની જડ, રાસ્ના અને સરગવાની જડ એ સઘળાને મીઠા સહિત કાંજીથી કે કોઇપણ ખાટા રસથી બારીક વાટી તેને ગરમ કરી દરદના ઠેકાણે તેથી શેક કરવો, જેથી વાયુના રોગો મટે છે. આને **મહાસાલ્વણસ્વેદ** કહે છે. વાળુસ્વેદ, ધરીસ્વેદ, ફળસ્વેદ, જળસ્વેદ વગેરે સ્વેદના ઘણા ભેદ છે. તેનો વિશેષ ખુલાશો મેળવવા **શાર્ઙ્ગધર**, **આયુર્વેદ સુધાકર** અને **વૃદ્ધત્રયી** વાંચો. કેટલાક રોગોમાં પ્રથમ સ્વેદ અને કેટલાક રોગોમાં પછી સ્વેદ આપવાનો વિધિ છે. બળવાન મનુષ્યને બળવાન સ્વેદ અને મધ્યમને મધ્યમ સ્વેદ આપવો. જ્યાં પવન ન આવતો હોય તે જગ્યોએજ સ્વેદ આપવા બેસાડવો. સ્વેદવિધિ કર્યા પછી તુરત પવન સેવવો નહીં.

વમનવિધિ.

શરદઋતુમાં, વસંતઋતુમાં અને વર્ષાઋતુમાં અવશ્ય ઉલટી-વોમીટ અને જુલાબની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દવાઓ સેવવી. જે મનુષ્ય બળવાન હોય, કફરોગી હોય, ઉબકાના દરદથી પીડાતો હોય, ધીર ચિત્તવાળો હોય, જેને ઉલટી ફાયદાકારક હોય, વિષદોષયુક્ત હોય, મંદાગ્નિ, શ્લીપદ–હાથીપગો, કોઢ, વિસર્પ–રતવા, પ્રમેહ, અજીર્ણ, ભ્રમ, શ્વાસ, ઉધરસ, મૃગી, ઉન્માદ, રક્તાતીસાર, નાક, હોઠ, તાળુ તથા કાનનો પાક, મેદવૃદ્ધિ, અતીસાર, કફ, પિત્ત, પડખાઓનો દુખાવો, છાતીના વ્યાધિ, કંઠમાળ, ભરનીમળ, રસોળી, શળીખમ, વધરાવળ, તાવ, જીભ ઉપર પડ ચઢેલું હોય અને અરૂચિ એટલા રોગવાળા રોગીને અવશ્ય ઉલટી કરાવવી, પણ અતિ ઘરડા, ગર્ભવંતી, દુર્બળ, જાડા શરીરવાળો, ક્ષતથી આતુર, મદથી પીડાતો, બાળક, રૂક્ષ, ભૂખ્યો, જેને કાન, આંખ તથા મ્હોમાંથી લોહી વહેતું–નીકળતું હોય, જેને પિચકારી મારી હોય, ઉદાવર્ત રોગી, લૂખા અને કડવા પદાર્થો ખાધા હોય, કેવળ વાયુવાળો, પાંડુરોગી, તિમિર, ગોટો, પેટના રોગવાળો, કૃમિયાના રોગવાળો અને બાળુવાથી જેનો ઘાંટો બેસી ગયો હોય એઓને ઉલટી કરાવવી નહીં; પરંતુ એઓ જો અજીર્ણ કે વિષથી પીડાતા હોય તો તેઓને ઉલટી આપવી. પાતળી રાબડી કરી તેમાં દુધ, છાશ, દહીં નાખી ગળાસુધી પાવી. પછી સિંધાલૂણ, મધ, અને વજ ખવરાવી, ઉનું પાણી પાઇ, ગળામાં આંગળી કે એરંડાનું નાળ નાખવું જેથી ઉલટી થાય છે. કડવી, તીખી અથવા સૂગ ચડે તેવી વસ્તુઓથી ઉલટી કરાવવી. મીંઢળનું ચૂર્ણ ઉના પાણી સાથે પાવું. ફટકડી, તમાખુ ઉના પાણી સાથે પાવાં. લીંબડા વગેરે કડવા પદાર્થો પાઇ ઉલટી કરાવવી, જેથી ઉપર કહેલા સર્વે રોગો નાશ થાય છે. ઉલટી બરોબર રીતે થવી જોઇએ નહીં તો. હદથી વિશેષ કે ઓછી રીતે ઉલટી થવાથી બગાડ થાય છે માટે યોગ્યરીતે ઉલટી કરાવવી. ઉલટી કરાવ્યા બાદ જીભ ઉપર જીરાનું ચૂર્ણ ચોપડવું. મતલબમાં જીભને સ્વાદિષ્ટ વસ્તુઓ લગાડી સૂગ અને વિરસતા મટે તેમ કરવું. બીજોરૂં, નારંગી વગેરે રૂચિકારક ફળો ખાવાં. સુગંધિ અત્તર પુષ્પ વગેરે સુંઘાડવાં અને સુંદર રૂચિકારક ભોજનો જમાડવાં. વિશેષ માહેતી માટે **ભાવપ્રકાશ** પૂર્વખંડનો બીજો ભાગ વાંચો.

વિરેચન–રેચનો વિધિ.

પ્રથમ માણસને સ્નેહપાન કરાવી બાફ દઇને પછી ઉલટી કરાવવી. ત્યાર પછી યોગ્યરીતે જુલાબ આપવો. ઉલટી કરાવ્યા વિના રેચ આપવાથી કફ નીચા ભાગમાં પડીને ગ્રહણી નામના શરીરની અંદરના સ્થાનકને ઢાંકી દે છે, કે જેથી અગ્નિમંદ થઇ જાય છે, શરીર ભારે રહે છે અને મરડો થાય છે. ઉલટી કરાવ્યા વિના રેચ આપ્યો હોય તો કાચા કફને ઉપાયોથી પકવવો જોઇએ. શરદ અને વસંતઋતુમાં દેહનું શોધન કરવા જરૂર રેચ લેવો, પણ બીજી ઋતુઓમાં રેચ લેવો નહીં. રેચમાં રૂચિકારક ઔષધીઓ આપવી. જેને અજીર્ણ, પિત્ત, આમજન્યરોગ, પેટના રોગ, આફરો, બંધકોષ, પાંડુ, મસા, ઉપદંશ, પ્રમેહ, વ્રણ, બરલ, વિસ્ફોટક, અંતરવિદ્રધિ, ગોટો, શળ, વિશુચિકા, નેત્રરોગ, યોનિરોગ, શળ, કૃમિ, ઝેરદોષ, ઉલટી, વાતરક્ત, ભગંદર, કોઢ, કાન, નાક, મુખ, માથાના રોગ, સોજાના રોગ, મૂત્રનું રોકાણ, અરૂચિ, ગરમી અને છાતીના રોગ થએલ હોય તેને અવશ્ય રેચ લેવો યોગ્યછે; પરંતુ વૃદ્ધ, બાળક, ગર્ભિણી, નવો તાવ ચડેલો હોય તેને, તુરત બાળક પ્રસવ્યું હોય તેને, સ્થૂળ શરીરવાળો, તરસ્યો, ક્ષીણ, બીહીકણ કે બીહીનેલો, મંદાગ્નિવાળો, મેદરોગી, લૂખા શરીરવાળો અને ખેદ, ઘા તથા ચીકણા શરીરવાળો હોય તેને રેચ આપવો નહીં. પિત્તપ્રકૃતિવાળાને કોમળ, કફ પ્રકૃતિવાળાને સાધારણ અને વાયુપ્રકૃતિવાળાને આકરો જુલાબ આપવો. કુણા કોઠાવાળાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાળીદ્રાખ, દુધ અને એરંડીયા તેલનો રેચ આપવો. **મધ્યમ** કોઠાવાળાને નસોતર, ગરમાળો અને કડુ વગેરેનો રેચ આપવો. અને **કઠણ** કોઠાવાળાને થોરનું દુધ, દારૂડીનું મૂળ, નેપાળાનું મૂળ અને **શુદ્ધ** નેપાળા તથા અભયાદિ મોદક વગેરેનો રેચ આપવો. "પ્રથમ પાંચ દિવસ લગી મીંઢીઆવળ, જીરૂં, વરીયાળી, કાળીદ્રાખ, ગુલાબનાં ફુલ એઓ સમાન ભાગે લઇ તેમાં ચો-ગણી ખાંડ તોલા ૪૦ મેળવી ૪૮ તોલા પાણીમાં ઉકાળી ૨૦ તોલાભાર પાણી રહે ત્યારે ગાળી લઇ ૪ દિવસ પીએ તો પેટનો મળ પાચન થાય છે. અને પાંચમે દિવસે મીંઢીઆવળ, નસો-તર, ગુલાબકંદ, જીરૂં, વરીયાળી અને ખાંડ એઓને ઉકાળી એક બે દિવસ પીએ અને ઘી સહિત ચોખાની ખીચડી ખાય તથા ખાટું ખારૂં ખાય નહીં તો રેચ લાગે છે અને તમામ દરદો મટે છે. વસંતઋતુમાં મીંઢીઆવળ, નસોતર, ગુલાબનાં ફુલ, વરીયાળી, જીરૂં અને ચી-ણીખાંડનો રેચ આપવો. ગ્રીષ્મઋતુમાં નસોતર અને સાકર–ખાંડનો રેચ આપવો. વર્ષાઋતુમાં નસોતર, પીપર, દ્રાખ, સુંઠ અને મધ એઓનો રેચ આપવો. શરદ્ઋતુમાં નસોતર, ધમાસો, મોથ, દ્રાખ, સુગંધીવાળો, જેઠીમધ, સુખડ, મીંઢીઆવળ અને સાકર એઓનો રેચ આપવો. હેમંતઋતુમાં નસોતર, ચિત્રક, કાળીપાટ, દારૂડીનાં મૂળ, મીંઢીઆવળ, અને વજ એઓનો રેચ આપવો. અને શિશિરઋતુમાં નસોતર, પીપર, સુંઠ, સિંધાલુણ, મધ અને મીંઢીઆવળ એઓનો જુલાબ આપવો. **અથવા** હરડે, મરી, સુંઠ, વાવડીંગ, આંબળાં, પીપર, પીપરામૂળ, તજ, તમાલપત્ર અને મોથ એઓ સરખા ભાગે લઇ તેઓમાં ત્રણગણો શુદ્ધ નેપાળો, આઠ ગણી નસોતર, અને છગણી સાકર નાખી સર્વનું ચૂર્ણ કરી મધ સાથે એક એક તોલા ભા-રની લાડુડીઓ વાળી પ્રાતઃકાળે એક એક લાડુડી ખાવી અને તેના ઉપર ટાઢું પાણી પીવું. જ્યાં સુધી ઉનું પાણી અને ઉનું અન્ન સેવવામાં ન આવે ત્યાં સુધી રેચ લાગ્યા કરે છે. આ પ્રયોગ ઉપર પરેજની જરૂર નથી. આ **અભયાદિમોદકથી** વિષમજ્વર, અગ્નિમંદતા, પાંડુરોગ, ઉધરસ, ભગંદર, પડખાંઓની પીડા, પીઠનાં દરદો, સાથળનું દરદ, પેડુનું દરદ, પિંડીનું દરદ અને પેટનું દરદ મટે છે. માત્ર આ પ્રયોગ ઉપર તેલ મર્દન અને ક્રોધ કરવો નહીં. આ મોદક ધોળા વાળ થઈ ગયા હોય તેને કાળા બનાવી રસાયણના ગુણ આપે છે.

જુલાબનું ઔષધ ખાધા પછી આંખ્યો ઉપર ટાઢું પાણી છાંટવું, અત્તર વગેરે સુગંધિ પદાર્થો સુંઘવા અને નાગરવેલનાં પાન ખાવાં. પવન વિનાની જગ્યાએ બેસવું, ટાઢા પા-ણીથી હાથ, પગ ધોવા નહીં. તેમ ટાઢા પાણીને અડવું પણ નહીં. ઝાડાના વેગને રોકવો નહીં. સુઇ રહેવું નહીં અને વારંવાર સ્હેજ ઉનું પાણી પીધા કરવું. કદાચિત્ આ વિધિમાં ભૂલ કરે તો બરોબર રેચ લાગતો નથી અને તેથી ડુંટીમાં દુખાવો, કુખમાં શૂળ, ઝાડો બંધ, પવનનું રોકાવું, ચળ, ફોલ્લાનું ઉપડવું, શરીરમાં ભારેપણું, બળતરા, અરૂચિ, આફરો, ભ્રમ અને ઉલ-ટી એટલા ઉપદ્રવો થાય છે. રેચ સારી પેઠે ન લાગે તો પાચન પદાર્થોવડે આમને પકાવી પછી સ્નેહપાન કરાવી સ્નિગ્ધ કરી ફરી રેચ આપવો.

રેચ બહુ લાગે તો મૂર્છા આવે છે. આમળ બાહાર નિકળે છે, શૂળો ફૂટે છે, અને અતિસાર વગેરે ઉપદ્રવો થાય છે. તેને ટાઢા પાણીથી નવરાવવો કે શરીર ઉપર ટાઢું પાણી છાંટવું અને ચોખાના ટાઢા ધોવણમાં મધ મેળવી પાઇને થોડુંક વમન કરાવવું. આંબાની છાલના કલ્કને દહીમાં વાટી ડુંટી ઉપર ચોપડવો. અને તે ઉપર સાઠીચોખાની સાથે કે મસુરની સાથે બકરીનું દુધ આપવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારીપેઠે રેચ લાગ્યો હોય તો શરીર હલકું, મનને પ્રસન્નતા અને વાયુ પોત પોતાના સ્થાનમાં પ્રાપ્ત થાય છે; તથા ઇંદ્રિયો બળવાન તથા બુદ્ધિ નિર્મળ થાય અને ભૂખ સારી લાગે છે. રેચની દવા સેવન કર્યા પછી ઝાઝો વાયરો, ટાઢું પાણી, અજીર્ણ થાય તેવાં અન્ન, કસરત, મૈથુન, તેલમર્દન અને મહેનત કરવી નહીં. હલકાં ભોજન કરવાં. વિશેષ માહેતી માટે વૃદ્ધત્રયી (ચરક, સુશ્રુત અને વાગ્ભટ.) વાંચો.

છએ ઋતુઓમાં હરડે ખાવાનો વિધિ.

ગ્રીષ્મઋતુમાં સમાન ગોળ સાથે હરડેનું ચૂર્ણ ખાવું, વર્ષાઋતુમાં સિંધાલૂણ સાથે બે હરડેનું ચૂર્ણ ખાવું, શરદ્ઋતુમાં સાકર સાથે ૩ હરડેનું ચૂર્ણ ખાવું, હેમંતઋતુમાં સુંઠની સાથે ૪ હરડેનું ચૂર્ણ ખાવું, શિશિરઋતુમાં પીપરની સાથે ૫ હરડેનું ચૂર્ણ ખાવું અને વસંતઋતુમાં મધ સાથે ૬ હરડેનું ચૂર્ણ ખાવું. જો આ પ્રમાણે છએ ઋતુઓમાં હરડેનું સેવન કરે તો મનુષ્ય સદા નિરોગી રહે છે.

બસ્તિ-પિચકારીનો વિધિ.

જે રોગીનાં મળ-મૂત્ર રોકાઈ ગયાં હોય તેઓને ઔષધની પિચકારીઓ ગુદા તથા ઇંદ્રિમાં દેવી. તેને બસ્તિકર્મ કહે છે. તે પિચકારી જસદની નળીવાળી બકરાના અંડકોષની અથવા સોના વગેરે ધાતુઓની નળીવાળી ગાયના પુચ્છના આકારે બને છે તેમાં ઔષધીઓનું પાણી કે તેલ વગેરે ભરી યુક્તિથી પિચકારી આપવી, જેથી વાયુના સર્વ રોગ મટે છે. તે બસ્તિના બે ભેદ છે-એટલે અનુવાસનબસ્તિ અને નિરૂહબસ્તિ. જેમાં ઘી તેલ વગેરે ભરી પિચકારી આપવી તેને અનુવાસનબસ્તિ કહે છે અને કવાથ, દૂધ તથા તેલને ભેગાં કરી તેથી જે પિચકારી આપવી તેને નિરૂહબસ્તિ કહે છે. અનુવાસનબસ્તિનો ભેદ માત્રાબસ્તિ છે અને નિરૂહબસ્તિનો ભેદ ઉત્તરબસ્તિ છે. એ બે પ્રકારમાં અહીં પ્રથમ અનુવાસનબસ્તિની રીતિ કહીએ છીએ. અનુવાસન અને માત્રા બસ્તિમાં ઘી-આદિની માત્રા આઠ તોલાભારની કે ચાર તોલાભારની લેવી. લુખા શરીરવાળાને, તીક્ષ્ણ અગ્નિવાળાને, કેવળ વાયુવાળાને, અનુવાસનબસ્તિ આપવી, પણ કોઢીને, પ્રમેહરોગીને, જાડા શરીરવાળાને અને પેટના રોગીને અનુવાસનબસ્તિ આપવી નહીં. અજીર્ણવાળાને, ઉન્માદ રોગીને, તરશથી પીડાએલાને, સોજો, મૂર્ચ્છા, અરૂચિ, બીહીનેલા, દમ, ખાંસી અને ક્ષયવાળાને નિરૂહબસ્તિ દેવી નહીં તથા અનુવાસનબસ્તિ પણ દેવી નહીં. એક વર્ષથી તે છ વર્ષ સુધીના બાળકને છ આંગળીની નળીનો, છ વર્ષથી તે બાર વર્ષ લગી આઠ આંગળીની નળીનો અને બાર વર્ષથી ઉપરનાં માણસને બાર આંગળની નળીનો ઉપયોગ કરવો. છ આંગળની નળીમાં મગ જેવડું, આઠ આંગળની નળીમાં વટાણા જેવડું અને બાર આંગળની નળીમાં બોરના ઠળીયા જેવડું છિદ્ર રાખવું. પિચકારીને ઘી ચોપડી પોતાની બુદ્ધિવડે વખત રોગ વિચારી પિચકારી મારવી.

બસ્તિનું સારી રીતે સેવન કરવામાં આવે તો શરીર પુષ્ટ થાય છે, વર્ણ સારો થાય છે, બળ વધે છે, આરોગ્ય રહે છે, અને આયુષ્ય વધે છે. શીતકાળમાં અને વસંતઋતુમાં સ્નેહની બસ્તિ દિવસે આપવી અને ગ્રીષ્મ, વર્ષા તથા શરદ્ઋતુમાં સ્નેહની બસ્તિ રાત્રે આપવી. અતિ સ્નિગ્ધ ભોજન ન કરાવતાં હલકું ભોજન કરાવવું. સ્નેહમાં સવા અને સૈંધવનું ચૂર્ણ નાખી યોગ્ય માત્રાએ રેચ લીધા પછી ૭ રાત્ર વીત્યા પછી જેના શરીરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બળ આવ્યું હોય તે રોગીને તેલનું મર્દન કરી, ધીમે ધીમે ઉના પાણીથી નવરાવી, ભોજન કરાવી, શાસ્ત્રની મર્યાદા પ્રમાણે પગથી ચારેકોર ચલાવી, મળ-મૂત્રનો ત્યાગ કરાવી, પવન છોડાવી અનુવાસનબસ્તિ આપવી. રોગીને ડાબા પડખા ભર સુવાડી ડાબો સાથળ ઉંચોકરી જમણા સાથળનો સંકોચ કરાવી ગુદાને ચીકણી કરી પછી તેમાં નળી નાખી ધીરબુદ્ધિવાળા વૈદ્યે દોરાથી બાંધેલા પિચકારીના મોહોડાને ડાબા હાથથી દાબ દેવો. પિચકારી દેવાના વખતે રોગીએ બગાસું, ઉધરસ કે છીંક ખાવી નહીં. આંખ મીંચીને ઉઘાડવામાં આવે તથા ૧ ગુરુ અક્ષર બોલવામાં આવે તેટલા વખતને એક માત્રા કહે છે તેવી ૩૦ માત્રા જેટલો વખત પિચકારી દેવી. શરીરમાં સ્નેહ સારીરીતે પેઠા પછી ૧૦૦ માત્રા સુધી સઘળાં ગાત્રો લાંબાં કરીને ચત્તુ સુવું કે જેથી સર્વ શરીરમાં સ્નેહ પ્રસરી જાય. પછી ધીરેધીરે રોગીના પગના બન્ને તળામાં વૈદ્યે ત્રણ ત્રણ વાર પોતાના હાથનાં તળાં ઠોકવાં. એજ પ્રમાણે બન્ને કીંચ-પીંડી ઉપર તથા બન્ને કુલાઉપર પણ હાથનાં તળાં ઠોકવાં. પછી તેની પથારીને ઉચકાવી વળી પ્રથમની પેઠે હાથનાં તળાં પૂર્વનાં સ્થાનકોએ ઠોકવાં. પછી રોગીએ સુખેથી નિદ્રા કરવી. જે રોગીને ઉપદ્રવ રહિત, પવન સહિત અને મળ સહિત, સ્નેહ ગુદામાંથી તુરત પાછું નીકળે તેને સારી રીતે અનુવાસન બસ્તિ થઇ સમજવી. પછી સ્નેહના વિકારનો નાશ કરવા ઉનું પાણી પાવું અથવા ધાણા અને સુંઠનો ક્વાથ પાવો. આ પ્રમાણે ૭-૮ કે ૯ વખત અનુવાસન બસ્તિ આપવામાં આવે અને સર્વે બસ્તિ એના અંતે નિરૂહ બસ્તિ દેવામાં આવે તો સર્વ વાયુના રોગ મટી જાય છે, પણ જો બરાબર શુદ્ધિ ન થઇ હોય અને મળ યુક્ત સ્નેહ પાછો ન નીકળે તો અંગ શિથિલ થઇ જાય છે, પેટ ચઢે છે, શૂળ, શ્વાસ થાય છે અને હોજરીમાં ભારેપણું લાગે છે. જો આમ થયું હોય તો તીક્ષ્ણ ઔષધોવાળી નિરૂહ બસ્તિ આપવી અથવા ઔષધ સહિત ઘુઘડાની દીવટ કરી ગુદામાં બેસવી, જેથી વાયુ અનુલોમ થાય છે. અને મળ સહિત સ્નેહ બાહાર નીકળે છે. એવા માણસને રેચ દેવો. તીક્ષ્ણ નાસ આપવો. **અનુવાસન તૈલ**-એટલે ગળો, એરંડી, કરંજ, ભારંગી, અરડૂસો, રોહિસ, શતાવરી, કાંટાશળાયો અને ચણોઠી એટલાં ઔષધોને ચારચાર તોલા ભાર લઇ અને જવ, અડદ, અળસી, બોરની મીંજે તથા કળથી એટલાં ઔષધો આઠ આઠ તોલા ભાર લઇ સઘળાંઓને ચાર દ્રોણ તોલના પાણીમાં પકાવી એક દ્રોણ (૧૦૨૪ તોલા રહે ત્યારે તેમાં ચારચાર તોલા ભાર સઘળાં જીવનીય ગણનાં ઓષધો નાખી એક આઢક (૨૫૬ તોલા) તેલ પકાવવું. એ તેલ અનુવાસન બસ્તિના ઉપયોગ લે તો વાયુ સંબંધી સર્વ વિકારો મટીજાય છે.

બસ્તિની ક્રિયામાં કાંઇક વિપરીતપણું થઇ જાય તો ૭૬ રોગોને જન્મ મળે છે. તેનો ખુલાશો મેળવવા **સુશ્રુત** જુવો.

નિરૂહબસ્તિનો વિધિ.

નોખા નોખા ઔષધોની મેળવણી ઉપરથી નિરૂહ બસ્તિના ઘણાંભેદો થાય છે. નિરૂહ બસ્તિનું બીજું નામ આસ્થાપન બસ્તિ છે. નિરૂહ બસ્તિની સવા પ્રસ્થની માત્ર ઉત્તમ, પ્રસ્થની મધ્યમ અને ત્રણ કુડવની કનિષ્ઠ માત્રા જાણવી. જે અતિચીકણા શરીરવાળું હોય, દોષોને પકવી ખશેડવા હોય, છાતીની ચાંદાથી પીડાતો હોય, દુબળો હોય, આફરો હોય, ઉલટીથી પીડાતો હોય, હેડકી, ઉધરસ, દમ, ગુદાની પીડા, સોજો, અતીસાર, કોલેરા, કોઢ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધુપ્રમેહ અને જળોદરથી પીડાતો હોય તથા ગર્ભવંતી હોય એટલાં મનુષ્યોને નિરૂહ બસ્તિ દેવી નહિ, પણ વાયુ સંબંધી વ્યાધિ, ઉદાવર્ત્ત, વાતરક્ત, વિષમજ્વર, મૂર્છા, તરશ, આફ્રો, મૂત્રકૃચ્છ્ર, પથરી, પેટનારોગ, વધરાવળ, પ્રદર, મંદાગ્નિ, પ્રમેહ, શૂળ, અમ્લપિત્ત અને છાતીનારોગ, એટલા રોગવાળાને વિધિપૂર્વક નિરૂહ બસ્તિ દેવી. અધોવાયુ, મળ–મૂત્રની હાજત પૂરી પાડ્યા પછી, ભુખ્યાને ઉનાપાણીથી નવરાવી તૈલ મર્દન કરાવી બપોરે આગળ કહેલી સ્નેહ બસ્તિની રીતિપ્રમાણે ઘરની અંદર યોગ્ય વિધિએ નિરૂહ બસ્તિ દેવી. નિરૂહ બસ્તિ દેવાયા પછી પિચકારીને ગુદામાંથી બાહાર કાહાડવા એરંડી ઉભડક બેસારી રાખવો.

યોગ્ય લાગે તો એ બસ્તિ બીજી ત્રીજી અને ચોથીવાર પણ દેવી. વાયુરોગ હોય તો સ્નેહવાળી એક નિરૂહ બસ્તિદેવી. પિત્તનો રોગ હોય તો દુધવાળી બે નિરૂહ બસ્તિ દેવી અને કફનો રોગ હોય તો તૂરા, તીખા, અને મૂત્ર આદિ પદાર્થોને ઉના કરી તેની ત્રણ નિરૂહબસ્તિઓ દેવી. સુકુમાર શરીરવાળાને, વૃદ્ધને અને બાળકને કોમળ બસ્તિ હિતકારી છે. પ્રથમ **ઉત્કેલશન બસ્તિદેવી**—એટલે એરંડી, મહુડાની છાલ, પીપર, સૈંધવ, વજ અને શ્રીણીનાં ફળનો કલ્ક એઓની બસ્તિદેવી, પછી **દોષહર બસ્તિ** દેવી–એટલે શતાવરી (કે વરીયાળી ?), જેઠીમધ, બીલી અને ઇંદ્રજવ એઓને કાંજીમાં કે, ગોમૂત્રમાં વાટી તેથી બસ્તિ દેવી. પછી **સંશયમનીય બસ્તિ** દેવી–એટલે કાંગ, જેઠીમધ, મોથ અને રસવંતી એઓને દુધમાં વાટી તેથી બસ્તિદેવી. **શોધનબસ્તિ** એટલે દરડે તથા ગરમાળાના આદિ લઇ તેઓનો જુલાબ લાગે તેવી પિચકારી મારવી. **લેખનબસ્તિ** એટલે ત્રિફળાનો ક્વાથ ગોમૂત્ર, મધ, અને જવખાર એઓથી બસ્તિ દેવી. **બૃંહણબસ્તિ** એટલે મળોને ઉખેડવા ધાતુઓને વધારનારા પદાર્થોનો ક્વાથ કે મધુર પદાર્થોના કલ્ક, ઘી અને માંસના રસાથી બસ્તિદેવી. **પિચ્છલ બસ્તિ** એટલે બોર, નારંગી, ગુંદાં, શીમળાના ફળના અંકુરો એઓને દુધમાં પકાવી મધ નાખીને બકરાના, પેંટાના તથા કાળા હરણના લોહી સહિત બસ્તિ દેવી.

નિરૂહ બસ્તિના તોલનું પ્રમાણ એછે કે— પહેલાં થોડું સિંધાલૂણ નાખી તેમાં સોળ તોલા મધ નાખી ખૂબ વાટી પછી તેમાં ૨૪ તોલા સ્નેહ નાખી ઘુંટીને એકજીવ કરી તેમાં ૮ તોલા કલ્ક નાખવો, તેને પણ ઘુંટી એકજીવ કરી તેમાં ૩૨ તોલા ક્વાથ અને છેલીવારે ૧૬ તોલા યોગ્ય ચૂર્ણ નાખી સઘળાને સારી પેઠે ઘુંટી તેથી નિરૂહ બસ્તિદેવી એટલે બાર પ્રસૃતિની માત્રાએ દેવી. વાયુનું દરદ હોય તો ૧૬ તોલા મધ, અને ૨૪ તોલા સ્નેહ નાખવો. પિત્તનું દરદ હોય તો ૧૬ તોલા મધ અને ૧૨ તોલા સ્નેહ અને કફનું દરદ હોય તો ૨૪ તોલા મધ અને ૧૬ તોલા સ્નેહ નાખવો.

મધુતૈલક બસ્તિ–એટલે ૩૨ તોલા એરંડાના મૂળનો ક્વાથ કરી અરધ ભાગે મધ તથા અરધ ભાગે તેલ અને સોળમે હિસ્સે સવા તથા સિંધાલૂણ નાખી રવઇયાથી વલોવી પિચકારી મારવી. જેથી બળ વધે, વર્ણ સારો થાય, મૈથુન શક્તિ વધે, અગ્નિ પ્રદીપ્ત થાય, ધાતુની પુષ્ટિ થાય અને મેદ, ગાંઠ, કૃમિ, બરલ, મળ તથા ઉદાવર્ત્ત એઓનો નાશ કરે છે.

યાપન બસ્તિ—એટલે મધ, ઘી, દુધ, તેલ એઓને આઠ આઠ તોલા લઇ તેમાં એક તોલો છીણીનાં મૂળ અને એક તોલો સિંધાલૂણ નાખી ઘુંટીને પિચકારી આપવી, એથી પાચન થાય છે અને ઝાડો ઉતરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુકતરથ બસ્તિ—એટલે એરંડાના મૂળનો ક્વાથ કરી તેમાં મધ, તેલ, સિંધાલૂણ, વજ અને પીપર નાખી પિચકારી દેવી.

સિદ્ધબસ્તિ એટલે-પંચમૂળના ક્વાથમાં તેલ, પીપર, સૈંધવ તથા જેઠીમધ નાખી પિચકારી દેવી.

ફળવર્ત્તિ-એટલે દસ્ત થવાના માટે ગુદામાં ઘી ચોપડી અંગૂઠા જેવી જાડી ચાર આંગળ લાંબી અને ચીકણી ઔષધની દીવટ બનાવી અરધી ખોસવી.

આ સિવાય **ઉત્તરબસ્તિ** પણ છે, તે લિંગ અને યોનિમાં આપવાથી પુરૂષના વીર્યના દોષો અને સ્ત્રીના રજના દોષોનો નાશ થાય છે. આ સઘળી બસ્તિઓ માટે ખુલાશો મેળવવા વૃદ્ધત્રયી તથા લઘુંત્રયી (ભાવપ્રકાશ, શાર્ઙ્ગધર અને માધવનિદાન.) વાંચી વાકેફ થાઓ.

બસ્તિ કર્મ કરાવનારાએ ઉના પાણીથી ન્હાવું, દિવસે સુવું અને અજીર્ણ થાય તેમ કરવું નહીં.[1]

ધૂમ્રપાનનો વિધિ.

ધૂમ્રપાનના ૭ ભેદ છે એટલે શમન[2], બૃંહણ,[3] રેચન,[4] કાસઘ્ન,[5] વામન[6] અને વ્રણધૂપન[7] એવા ૭ પ્રકાર છે. મધ્ય તથા પ્રાયોગિક એ બે શમનના પર્યાય શબ્દો છે. સ્નેહ અને મૃદુ એ બે બૃંહણના પર્યાય શબ્દો છે અને શોધન તથા તીક્ષ્ણ એ બે રેચનના પર્યાય શબ્દો છે. થાકેલા, બીહીનેલા, દુખિયારા, પિચકારી દીધેલ હોય તેવા, જુલાબ લીધેલ હોય તેવાને, ઉજાગરાવાળાને, તરસ્યાને, બળતરાથી પીડાયલાને, તાવવાળાને, શોષવાળાને, પેટના રોગીને, માથાના અભિતાપવાળાને, તિમિરવાળાને, ઉલટી, આફરો, છાતીના દરદ, પ્રમેહ, પાંડુ, ગર્ભવંતીને, લૂખા શરીરવાળાને અને ક્ષીણ થએલા મનુષ્યોને તથા જેણે દુધ, મધ ઘી કે આસવનો ઉપયોગ કરેલ હોય તેવાને, અન્ન દહી કે માછલાં ખાધાં હોય તેને, બાળક, વૃદ્ધ અને દુબળા શરીરે વાળાને ધૂમ્રપાન કરાવવો નહીં. તેમજ બારમું વર્ષ બેઠાં પહેલાં અને એંશીમું વર્ષ ઉતર્યા પછી ધુંવાડાનું ગ્રહણ કરવું નહીં. હદથી વધારે કે ઓછો ધુંવાડો ગ્રહણ કરવો નહીં નહીં તો, ઉલટા નવા ઉપદ્રવો ઉત્પન્ન થાય છે. જો યોગ્ય રીતે વિધિ સહિત ધુવાડો ઉપયોગમાં લે તો ઉર્ધ્વરસ, કફ, શળેખમ, શ્વાસ, ડોકની પીડા, દાઢી, તથા માથાની પીડા, અને વાયુના વિકારો મટી જાય છે. ઇંદ્રિયો, વાણી અને મન સ્વચ્છ થાય છે. વાળ, દાંત અને દાઢી મૂંછ મજબૂત થાય છે તથા મ્હોં સુગંધિત થાય છે.

શમન ધુંવાડામાં એળચી આદિનો, બૃંહણ ધુંવાડામાં ધીવાળો રાળનો, રેચન ધુંવાડામાં રાઇ આદિ તીખા પદાર્થોનો, કાસઘ્ન ધુંવાડામાં ભોરીંગણી તથા મરીનો, વામન ધુંવાડામાં નસો તથા ચામડાનો અને વ્રણને ધુવાડી દેવામાં લીંબડાનો તથા વજ વગેરેનો કલ્ક ઉપયોગમાં લેવો. **અથવા** રોગીની શાંતિ માટે ઘરમાં અપરાજીત ધૂપ અને ગ્રહદોષ, બાળગ્રહદોષ, ભૂત-પ્રેત, ડાકણી, આદિનો નાશ કરવા માહેશ્વર ધૂપ કરવો. (જુવો પૃષ્ટ ૧૨૪ મામાં.)

---

૧ બસ્તિ કર્મમાં પ્રસ્થનો તોલ ૨૮ તોલા ભારનો ગણવો.

૨ કોપેલા દોષોને શાંત કરનાર, ૩ ધાતુઓને પુષ્ટ કરનાર, ૪ શરીરમાંથી દોષોને બાલી કરનાર ૫ કફરસ મટાડનાર, ૬ ઉલટી કરાવનાર ૭ અને ચાંદી ગુંમડાં વગેરેને ધૂણી દેવામાં ઉપયોગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધુમ્રપાન કરનારએ મનમાં સંતાપ કરવો નહીં. ધૂળથી વેગળા રહેવું અને ક્રોધ કરવો નહીં. ધુમાડો પીવાની નળી કયા પ્રકારના ધુમાડામાં કેટલી લાંબી અને શ્યાની નળી લેવી ? તેના ખુલાશા માટે **ભાવપ્રકાશાદિ** ગ્રન્થો જુઓ.

શરીરમાંથી લોહી કઢાવવાનો વિધિ.

પ્રાણીના રોગો ઉપર ધ્યાન આપી અર્થાત્ લોહી વિકારાદિ રોગો થયા જાણી ફસ ખોલાવી ૬૪–૩૨ કે ૧૬ તોલા લોહી કઢાવવું. સ્વાભાવિક રીતે શરદ્ ઋતુમાં લોહી કઢાવવું. લોહીથી પેદા થતા ચામડીના રોગો, ગાંઠ અને સોજો વગેરે દરદો લોહી કઢાવવાથી મટી જાય છે. જે વેળાએ વાદળાં ન હોય તથા વીજળીનું ચમકવું ન હોય ત્યારે ગ્રીષ્મ ઋતુમાં, શરદ્ ઋતુમાં બપોરે અને શીતકાળમાં રોગ ઉપર ધ્યાન આપીને લોહી કઢાવવું, લોહી મધુર, રાતું, શીત તથા ઉષ્ણપણાથી રહિત, ભારે અને ચીકાશવાળું હોય તો શુદ્ધ જાણવું. બગડેલું લોહી હોય તો તેથી સોજો, રાતાં ઢાંમડાં, પીડા, બળતરા, પાક, ચળ અને ફોલ્લીઓ થાય છે. શરીરમાં લોહી વધી ગયું હોય તો અંગો તથા નેત્રો રાતાં થાય છે, નસો ફુલે છે, ગાત્રોમાં ભારેપણું થાય છે, ઉંઘ બહુ આવે છે, ઘેન થાય છે અને બળતરા થાય છે. જો શરીરમાંથી લોહી ઓછું થઇ ગયું હોય તો મૂર્ચ્છા, ચામડીમાં લુખાશ અને શરીરની નસો લોહીની ક્ષીણતાનેલીધે ઉત્પન્ન થયેલા વાયુથી શિથિલ થઇ જાય છે. તથા અયોગ્ય ક્રમે ચાલવા લાગે છે. જો વાયુથી લોહી બગડયું હોય તો, રાતું, ફીણવાળું, લૂખું, કઠણ, પાતળું, છૂટું નહીં પડનાર અને સોયની પેઠે વેદના કરનારું થાય છે. પિત્તથી લોહી બગડયું હોય તો, મધુરપણા વગરનું, ગરમ, માખીઓ તથા કીડીઓને ન ગમે તેવું, પીળું, હર્યા રંગનું-લીલું, કાળું અને કાચા પદાર્થના જેવા ગંધવાળું હોયછે. જો કફથી લોહી બગડયું હોય તો, ટાઢું, જાડું, ચીકણું, ગેરૂના પાણી જેવું, માંસની પેસી જેવું, છૂટું પડી જાય તેવું અને મંદગતિવાળું હોય છે. જો બે દોષથી લોહી બગડયું હોય તો, બે દોષનાં લક્ષણો અને ત્રણે દોષથી બગડયું હોય તો ત્રણે દોષના ચિન્હો જોવામાં આવે છે, તથા દુર્ગંધવાળું, કાંજી જેવું હોય છે. જો ઝેરથી લોહી બગડયું હોય તો કાળું થાય છે, નાકમાંથી નેકળવા માંડે છે, કાચા પદાર્થના જેવા ગંધવાળું, કાંજી જેવું અને સર્વ પ્રકારના રોગને ઉત્પન્ન કરનારું હોય છે. જો શુદ્ધ લોહી હોય તો, પાતળું, ભમેલા જેવું રાતું હોય છે. વાતરક્ત, સોજા, દાહ, અંગનું પાકવું, શરીરનું લાલ રંગે થવું, નાક વગેરેમાંથી લોહીનું નીકળવું, કોઢ, અનિવાર્ય વાયુરોગ, પાંડુ, નાક વગેરે ઉપર કાંણા વાળી ગાંઠ, લોહીનું ઝેરથી દૂષિત થવું, ગાંઠ, રસોળી, અપચી, ક્ષુદ્રરોગ, અગ્નિમંથ નામનું આંખનું દરદ, વિદારી રોગ, સ્તનના રોગો, ગાત્રોનું પીડાવું, ગાત્રોમાં ભારેપણું, રક્તાભિષ્યંદ નામનો આંખના દુખવાનો રોગ, ઘેન, નાક કે મ્હોમાંથી દુર્ગંધનું આવવું, બળતરા, જમણા પડખાની ગાંઠની પીડા, બરલ, રતવા, અંદરનું ગુંબડું, ફોડકીઓનું ઉપડવું કાનનું, હોઠનું, નાકનું કે મ્હોંનું પાકવું, માથાની પીડા, ચાંદી અને રક્તપિત્ત એટલા રોગોમાં અવશ્ય લોહી કઢાવવું. એ દરદોમાં શીંગડી, જળો કે તુંબડી-રૂમડી વા, ફસ ખોલીને લોહી કઢાવવું. દુબળું, અતિ મૈથુન કરનાર, નપુંસક, બીહીકણ, ગર્ભવંતી, સુવાવડી, પાંડુરોગી, ઉલટી આદિ પાંચ કર્મોથી શુદ્ધ થએલો, સ્નેહપાન કરેલો, અર્શ રોગવાળો, સર્વ અંગમાં સોજાવાળો, ઉદરરોગ, દમ, ઉધરસ, ઉલટી, અતીસારવાળો, કોઢ રોગવાળો, જેને અત્યંત સ્વેદક્રિયા કરી હોય તેને, ૧૬ વર્ષથી ઓછી તથા ૭૦ વર્ષથી વધારે ઉમરનો અને જેનું રક્તપિત્તાદિથી લોહી નીકળી ગયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય એટલાઓની નસ ખોલાવવી નહીં. જોવિશેષ જરૂર હોય તો જળો મૂકી લોહી કઢાવવું, પણ જો તેવા દરદીઓને ઝેર ચઢ્યું હોય તો ફસ ખોલી લોહી કઢાવવામાં હરકત નથી. વાયુથી, પિત્તથી કે કફથી લોહી બગડેલું હોય તો ગાયના શીંગડાથી, જળોથી કે તુંબડીથી લોહી કાહાડવું, પણ બે દોષથી કે ત્રણ દોષથી લોહી બગડ્યું હોય તો, યુક્તિથી નસ ખોલીને, અસ્તરા મારીને લોહી કઢાવવું. શીંગડું આસપાસથી દશ આંગળ સુધીનું, જળો એક હાથ સુધીનું, તુંબડી બાર આંગળ સુધીનું, અસ્તરાના ચીરા બે આંગળ સુધીનું અને નસ ખોલવાથી સઘળા શરીરનું લોહી ખેંચીને સાફ કરે છે. ટાઢના વખતે લોહી કઢાવવું નહીં. તેમજ ભૂખ્યાનું, મૂર્છિત દરદીનું, નિંદ્રાથી ઘેરાયલાનું, બીહીનેલાનું, મદવાળાનું, થાકેલાનું અને મળ-મૂત્રના રોકાણવાળાનું લોહી કાહાડવું નહીં. લોહી કાહાડવાની ક્રિયા કરતાં લોહી બાહાર ન આવે તો, ઉપલેટ, સુંઠ, મરી, પીપર અને સૈંધવથી છેદના મ્હોંને ચોળવું એટલે તેથી લોહી નીકળશે. જ્યારે બહુ તાપ, બહુ ટાઢ ન હોય અને સ્વેદ-પરસેવાની ક્રિયા ન કરી હોય તથા શરીર બહુ ગરમ કરવામાં ન આવ્યું હોય તો તે સમય રોગીને રાબ પીવરાવી તૃપ્ત કરી પછી લોહી કાહાડવું. બહુજ પરસેવો આવ્યો હોય, ઉષ્ણકાળ હોય, અથવા શસ્ત્ર બહુ ઉંડુ નસમાં ઉતરી ગયું હોય તો લોહી બહુ નીકળે છે. જો લોહી બહુ નીકળવા લાગે તો લોદર, રાળ, રસવંતી, જવનો લોટ કે (ઘહુંનો લોટ) ધાવડીનું ચૂર્ણ, ધંતુરાનું ચૂર્ણ, ગેરૂ, સાપની કાંચળી, અને રેસમી કે સાદા લુગડાની રાખના ચૂર્ણથી એટલે એઓમાંથી ગમેતેના ચૂર્ણથી છેદને રોકી દેવો જેથી લોહી નીકળતું બંધ પડે છે. શીતોપચાર કરવાથી પણ લોહી વહેતું બંધ પડે છે. ખાર મૂકવાથી વ્રણનું મ્હોં જોડાઇ જાય છે અને ડાંભથી નસોનો સંકોચ થાય છે. •

બગડેલું લોહી શરીરમાં જરા બાકી રહી જાય તેની હરકત નહીં, પણ લોહી બહું નિકળે તો તેથી અન્ય નવા ઉપદ્રવો થાય છે-એટલે અધાપો, આક્ષેપકવાયુ-તાણ, તરશ, આંખનો તિમિર રોગ, માથાનાં દરદ, પક્ષઘાત, શ્વાસ, ઉધરસ, હેડકી, બળતરા તથા પાંડુરોગ એઓની ઉત્પત્તિ થાય છે. અને સમય ઉપર મૃત્યુપણ થાય છે. દેહની ઉત્પત્તિ લોહીથીજ છે. લોહીજ દેહને ધારણ કરે છે અને લોહી એજ જીવનના આધારભૂત છે માટે લોહીનું અવશ્ય રક્ષણ કરવું. લોહી કાહાડયા પછી ટાઢા ઉપાયો કરવાથી પવનનો કોપ થાય તો બધાવાળા સોજા ઉપર જરા ઉનાશવાળું ઘી રેડવું. લોહી નીકળવાથી નબળાઇ વધી પડે તો, હરણ, સસલા, ઘેટા, કાળીઆર અને બકરાના માંસના રસો પાવા, તથા દુધની સાથે સાઠાચોખા ખવરાવવા. લોહી બરાબર નીકળ્યું હોય તો પીડાની શાંતિ, શરીરમાં હલકાપણું, વ્યાધિ તથા ઉપદ્રવોનો નાશ અને મનનું સ્વચ્છપણું થાય છે.

લોહી કઢાવ્યા પછી જ્યાં સુધી બળ ન આવે ત્યાં સુધી અત્યંત મહેનત, મૈથુન, ક્રોધ, ટાઢા પાણીથી સ્નાન, ઘણા પવનમાં રહેવું, એકટાંણુ જમવું, દિવસે સુવું, ખાટું-ખારૂં કે તીખું ભોજન, શોક, વાદ અને અજીર્ણ થવાયોગ્ય ભોજન વગેરે કરવાં નહીં. **ભાવપ્રકાશ.**

લોહી કઢાવવાનો વિધિ સંપૂર્ણ.

ઇતિ શ્રીમન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઈ પ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગરનામા ગ્રંથ વિષે આસવ-અરિષ્ટવિધિ, પાકવિધિ, શિળાજીત શોધન, ખાર કાહાડવાનો વિધિ, ચણાખારનો પ્રકાર, સ્નેહન, સ્વેદન, વમન, વિરેચન, હરીતકીયોગ, બસ્તિકર્મ, ધુમ્રપાન અને લોહી કાહાડવાનો વિધિ નિરૂપણ નામનો ચોવીશમો તરંગ સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરંગ પચીશમો.

ષટ્ઋતુ અહનિશ કૃત્ય વળી, શારીરિકનું જ્ઞાન;
આ ઉલ્લાસ તરંગમાં, કથ્યાં સુખદ વ્યાખ્યાન.

છ ઋતુઓના આહાર વિહારનો અધિકાર.

હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ્ એ છ ઋતુઓ છે, તે છ ઋતુઓનું એક વર્ષ કહેવાય છે. બબ્બે મહિનાની એક ઋતુ હોય છે એટલે માગશિર તથા પોષમહિનાને હેમંત ઋતુ, માહ ફાગણને શિશિરઋતુ, ચૈત્ર વૈશાખને વસંતઋતુ, જેઠ આષાઢને ગ્રીષ્મઋતુ, શ્રાવણ ભાદ્રવાને વર્ષાઋતુ અને આસો કાર્તિકને શરદ્ઋતુ કહે છે. કેટલાકના મત પ્રમાણે ધન અને મકરસંક્રાંતિને હેમંત, કુંભ અને મીનસંક્રાંતિને વસંત, મેષ અને મકરસંક્રાંતિને ગ્રીષ્મ, મિથુન અને કર્ક સંક્રાંતિને શિશિર, સિંહ અને કન્યાસંક્રાંતિને વર્ષા અને તુલા તથા વૃશ્ચિકસંક્રાંતિને શરદ્ઋતુ માને છે.

કઇ કઇ ઋતુમાં કયા કયા દોષનો સંચય, કોપ તથા શાંતિ થાય છે ?

ગ્રીષ્મઋતુમાં વાયુનો સંચય, વર્ષાઋતુમાં વાયુનો કોપ અને શરદ્ઋતુમાં વાયુની શાંતિ થાય છે. વર્ષાઋતુમાં પિત્તનો સંચય, શરદ્ઋતુમાં પિત્તનો કોપ અને હેમંતઋતુમાં પિત્તની શાંતિ થાય છે. શિશિરઋતુમાં કફનો સંચય,વસંતઋતુમાં કફનો કોપ અને ગ્રીષ્મઋતુમાં કફની શાંતિ થાય છે. આ દોષોનો, સંચય પ્રકોપ અને શાંતિ આહાર વિહારના કારણોથીજ થાય છે અને વગર સમયે શાંતિ પણ પોતાની મેળેજ થાય છે.

વાયુકોપના આહાર-વિહાર-હલકી, લુખી, થોડી, ઘણી ટાઢી વસ્તુઓના સેવનથી, ઘણાખેદથી, સંધ્યાસમય મૈથુન કરવાથી, શોચથી, ભયથી, ચિંતાથી, ઉજાગરાથી, પ્રહાર લાગવાથી, પાણીમાં તરવાથી, અન્નના અજીર્ણથી અને ધાતુઓના ક્ષીણપણાથી તથા બીજાં પણ કારણોથી વાયુકોપે છે.

પિત્તકોપના આહાર-વિહાર-કડવી, ખાટી, ખારી, ગરમ, તીખી વસ્તુઓના વિશેષ સેવનથી, ક્રોધથી, તડકાના સેવનથી-બપોરે તાપમાં ફરવાથી, ભૂખ-તરસના વેગો રોકવાથી, અન્નના અજીર્ણથી અને બીજાંપણ કારણોથી અર્ધ રાતના વખતે પિત્ત કોપે છે.

કફકોપના આહાર-વિહાર-મીઠા, ચીકણા, ટાઢા, ભારે પદાર્થોના ખાવાથી, દહાડે સુવાથી, જઠરાગ્નિના મંદપણાથી, પ્રભાતે ભોજનકરી પછી ખેદ વગેરેના કરવાથી અને બીજાંપણ કારણોથી કફ કોપ પામે છે.

આ ત્રણે દોષો તેઓને દૂર કરવાના ઉપાયો કરવાથી શાંત થાય છે.

હેમંતઋતુના આહાર-વિહાર-ભેંશનું કે ગાયનું તાજું ઘી, મીઠા ખાટા, કે ખારા રસ મીઠું, તેલનું મર્દન, તલ, ઘઉં, અડદ, સાકર-આદિ મીઠાદ્રવ્ય, સુંઠ સાથે હરડેનું સેવન, રૂનાં તળાઇ-રજાઇ ઓઢવાં પાથરવાં, પવન રહિત સ્થાન અને નવીન વસ્ત્ર વગેરે સુંદર સુખકારી પૌષ્ટિક પદાર્થોસહ આહાર વિહાર કરવો.

શિશિર ઋતુના આહાર-વિહાર-પીપર સંયુક્ત હરડે ખાવી, મરી, આદું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તાજું ઘી, સિંધાલૂણ, વડાં, ગોળ, દહી અને હિંમત ઋતુમાં જે કહ્યા તે આહાર વિહાર ઉપયોગમાં લેવા.

વસંત ઋતુના આહાર-વિહાર-આ ઋતુમાં કફદોષની શાંતિમાટે મધસાથે હરડે ખાવી જેથી બળ વધે છે. વસંતમાં વન ઉપવનમાં યોગ્ય વખતે ફરવું હિતકારી છે, ચિત્રામૂળનું યોગ્ય અનુપાન સહ સેવન કરવું. અને કફનો નાશ કરનાર આહાર વિહાર કરવાજ સુખદ છે.

ગ્રીષ્મઋતુના આહાર-વિહાર-ગહન વૃક્ષોની ઘટામાં હરવું-ફરવું, બેસવું, ગોળસાથે હરડે ખાવી, ટાઢું પાણી પીવું, શાખરણી-શીખંડ, સરબત, સાથવા, દ્રાખ, મીઠાં ભોજન, ચીકણા દ્રવ્ય, સાકર, ટાઢા પાણીમાં તરવું, ખસની ટટ્ટીઓ અને ફુવારાનું સેવન, કપૂર ચંદનનાં વિલેપન, દિવસે સુવું અને સુંદર ખસના પંખાનો પવન તથા મનગમતા વિનોદો ઉપયોગમાં લેવા, પણ કડવી, તીખી, ખારી, ખાટી, દાહ કરનાર વસ્તુઓ, ખેદ, દારૂ અને તડકામાં બેસવું, ફરવું બિલકુલ ઉપયોગમાં લેવા યોગ્ય નથી.

વર્ષાઋતુના આહાર-વિહાર-સિંધાલૂણ સાથે હરડેનું સેવન, ચીકણા દ્રવ્ય, ખારા, ખાટા પદાર્થો, ડાંગર, જવ, સુંઠ, મરી, પીપર, પીપરામૂળ, ચિત્રક તથા સિંધાલૂણ સહિત દહીનું ઘોળવું, ઉનું પાણી, કુવાનું પાણી, ધોળાંવસ્ત્ર, ફરવું, હલકાં ભોજન અને જુલાબ, એટલાં પથ્ય છે. તથા દિવસે સુવું, ખેદ, તડકો, તળાવનું પાણી પીવું, દહી, વનનું ધાન્ય, અને મૈથુન એટલાં કુપથ્ય છે.

શરદ્ઋતુના આહાર-વિહાર-વર્ષાઋતુમાં સંચય થએલ પિત્ત શરદ્ઋતુમાં કોપ પામે છે માટે સાકર, સાથે હરડે સેવન કરવી, તથા સાકર વગેરે મીઠા પદાર્થો, સાઠીચોખા, મગ, તળાવનું પાણી, ઉકાળેલું-કહેલું દુધ, અને ધાતુ, વીર્ય, પરાક્રમને વધારનાર વસ્તુઓનું સેવન સદા હિતકારી છે. તથા તીખા, ખારા, ખાટા પદાર્થો, અજીર્ણ, તડકો, દિવસે સુવું, પૂર્વદિશાનો પવન એટલાં સદા અહિતકારી છે.

વિશેષ માહિતી માટે **કેશવકલ્યાણ અને વૃદ્ધત્રયી** વાંચો.

દિનચર્યા.

(પરોઢીએ ઉઠી સાંજરે સુવા સુધીમાં મનુષ્યે શું શું કરવું ?

નિરોગી મનુષ્યે પોતાના આયુના રક્ષણાર્થે પાછલી ચાર ઘડી રાત રહે ત્યારે જાગવું ૧ અને દુઃખ-કષ્ટની શાંતિ નિમિત્તે શ્રી જગતનિયંતા પરબ્રહ્મ પરમાત્માનું વા, પોત પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવું. પછી માંગલિક વસ્તુઓનો સ્પર્શ તથા તેવી વસ્તુઓનું દર્શન કરી, આજે અમુક કામ કરવું અને અમુક કામ ન કરવું તેનો નિશ્ચય કરી પથારીમાંથી ઉઠી ઉભા થઇ મળ-મૂત્રનો ત્યાગ કરી એટલે મળમૂત્રનો વેગ ન રોકતાં તથા પરાણે હાજત ન લાવતાં મળમૂત્રનો દિવસે ઉત્તર દિશા તરફ અને રાતે દક્ષિણ દિશા ભણી મોં રાખી ત્યાગ કરવો. પછી સીધા ઝાડનું એટલે બોલસારી, બાવળ આદિ ઝાડોનું પોતાના હાથની છેલ્લી આંગળી

૧ **સુશ્રુત** કહે છે કે- દિવસના પ્રથમ ભાગમાં વસંત, બપોરે ગ્રીષ્મ, ત્રીજા પોહોરે શિશિર, સંધ્યાએ વર્ષા, અરધીરાતે શરદ્ અને પરોઢીએ હેમંતઋતુનાંચિન્હ જણાય છે અર્થાત્ એક અહોરાત્રીમાં પણ છ ઋતુઓના સ્વભાવ દેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવું જાડું-પાતળું ૧૨ આંગળ લાંબુ, ગાંઠા વગરનું છિદ્રવિનાનું ઉત્તમ દાતણ સ્વસ્થ ચિત્તે આસ્તેથી પેઢાંને ઘસી ઉલ ઉતારી દાતણ કરવું. ટાઢા પાણીના ૧૨ કોગળા કરી ટાઢા પાણીથી મ્હોં ધોઇ નાખવું. દાંતે ઘસવા માટે સીંધવ સાથે સહેજ શેકેલું જીરૂં અને જરા સુંઠ મેળવી તેનું ચૂર્ણ દાતણના કુચા કુચાથી ઘસવું જેથી દાંતોના રોગ મટે છે. ત્યાર પછી શરીરે નારાયણ તેલ વગેરે તેલનું મર્દન કરી ચણાના લોટની કે કંકોડી વગેરેની પીઠી ચોળી શરીરના બળ પ્રમાણે કુસ્તિ-કસરત કરી, થાક દૂર થવા સુંદર જળથી સ્નાન કરવું; એટલે કેડથી હેઠલ ઉના પાણીથી અને કેડથી ઉપર ટાઢા કે નવાયા પાણીથી[1] ન્હાવું જેથી કેટલાક રોગો મટે છે, અર્થાત્ ન્હાવાથી શોચ મટે છે, શરીરના મેલ જાય છે, શક્તિ વધે છે, ગરમીના રોગો મટેછે, હીયાનો તાપ, લોહીનો કોપ, શરીરની દુર્ગંધ, થાક, પરસેવો, આલસ્ય, ચળ, તરશ, બળતરા, તાપ-પાપ મટે છે અને ઉત્સાહ, બળ, આયુષ્ય, તેજ, કાંતિ, સુકુમાળતા, રૂચિ, ભૂખ, બુદ્ધિ, સુખ અને ઇત્યાદિ વધે છે. વીર્યને વધારે છે, આનંદ આપે છે, શરીરના કૃમિ, અને મઃગના ખેદને દૂર કરે છે.

ઉંઘમાંથી ઉઠીને, ભોજન કરીને, ઉંઘનાં ઝોકાં આવતાં હોય ત્યારે તથા તાવ, અતીસાર, આંખ કે કાનના દરદવાળાએ, શળીખમ, તથા આફરો થયો હોય તેવાએ, પવનરોગીએ અને અજીર્ણવાળાએ ન્હાવું નહીં.

નાહ્યાપછી લુઘડાથી શરીરને સારી પેઠે લુછી ઋતુને અનુસરતાં પવિત્ર વસ્ત્ર પહેરી સંધ્યાવંદન દેવપૂજાર્ચન ગાય બ્રાહ્મણ આચાર્ય ગુરૂ વૃદ્ધ અને અતિથિ વગેરેનું પૂજન સન્માન કરી શક્તિ પ્રમાણે દાન દઇ મધ્યાન્હ સમય બલિ વૈશ્વદેવાદિક કરી નોકર-ચાકર પશુ-પક્ષિયો અને કુટુંબી જનોની સંભાળ લેવી; અથવા કુટુંબીઓ સાથે બેસી ભોજન કરવું. તેમાં[2] પ્રથમ મધુર, સ્નિગ્ધ, પછી તીખા અને ખારા પદાર્થો જમી અથવા પોતાની પ્રકૃતીને માફક આવે તેવા હિતકારી પદાર્થો ચોખા, ઘઉં, મગ, ઘી અને ઉત્તમ પ્રકારનાં શાક ભાજી વગેરેથી યુક્ત ભોજન ધીમે ધીમે જમી પછી સાકર સહિત કરેલું દુધ પીવું, પણ ભોજનના અંતે દહીં ખાવું નહીં, ભોજન હદથી વધારે કે નિયમથી ઓછું કરવું નહીં; પરંતુ રૂચિ પ્રમાણે ભોજન કરવું અને ભોજન કરવા સમય ભોજન ઉપર માતા, પિતા મિત્ર, વૈદ્ય, રસોઇ કરનાર, મોર[3], ચકોર, કુકડો, કુતરો અને વાંદર એઓની દૃષ્ટિ પાડવી અર્થાત્ એઓની રૂબરૂ જમવું અને જમી ઉઠયા પછી અગસ્ત્ય, કુંભકર્ણ, શનૈશ્ચર, વડવાનળ તથા ભીમસેન એ પાંચ પ્રબળ અગ્નિવાળાઓનું સ્મરણ કરી પેટ ઉપર હાથ ફેરવવો જેથી

---

૧. **વૈદ્યરાજ હરિશ્ચંદ્ર કહે છે** કે-ઉના પાણીથી ન્હાવું, દુધ પીવું, યુવાન સ્ત્રીઓનો સમાગમ કરવો અને ઘી સહિત અલ્પભોજન કરવું એટલાં વાનાં મનુષ્ય લોકોને સદા હિતકારી છે.

ટાઢા પાણીથી કે ઉના પાણીથી ન્હાવું એ પોત પોતાની પ્રકૃતિને અનુસાર ઉપયોગમાં લેવું.

૨ **मखखीचखखी गोरख रखखी चेतमच्छंदर आकल चाकुल करे तो गुरू गोरखनाथकी आण**-જમતાં પહેલાં આ મંત્ર બોલી જમવું, જેથી માખી ભોજનમાં આવતી નથી એમ હું મારા અનુભવથી કહું છું.

૩ મોર, કુકડો, કુતરૂં અને ચકોર ઝેરનું પારખું કરેછે માટે તેઓને ભોજનના પદાર્થ નાખી પછી જમવું. જો ઝેરથી મળેલો પદાર્થ હોય છે તો તેઓ સુંઘી દૂર ખસેછે માટે જમતી વખતે તેઓને અવશ્ય પાસે રાખવાં.

ભા. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોજન સારી પેઠે પચી જાયછે. તદનંતર સુગંધિત પુષ્પમાળ, અત્તર, સુકમાળ વસ્ત્ર એઓને ધારણ કરવાં, ખસના પંખાથી પવન લેવો, શીતળ છાયામાં રહેવું. ભોજન કર્યા પછી બે ઘડી થાય એટલે ટાઢું અને મીઠું પાણી આસ્તે આસ્તે પીવું, પણ ઉતાવળથી કે ઘણું પાણી પીવું નહીં,જમ્યા પહેલાં પાણી પીએ તો અગ્નિ મંદ થાય છે અને જમવાના અંતમાં પાણી પીએ તો વિષ સમાન ગુણઆપેછે માટે ભોજનના વચમાં પાણી પીવું. અજીર્ણમાં પાણી પીવાથી અજીર્ણ મટે છે. અન્ન પચ્યા પછી પાણી પીએ તો બળ વધે છે. ભોજન કરી બેસી રહેવાથી આલસ્ય વધે છે, શરીર ભારે થાય છે. માટે **भुंक्त्वा शत् पदं गच्छेत्**-જમીને ૧૦૦ ડગલાં જેટલું ફરવું. જેને સુવાની ટેવ હોય તેણે જરા સુઈ જવું, સીધા સુવાથી બળ વધે છે, ડાબા પડખે સુવાથી આયુ તથા બળ વધે છે, ભોજન પચી જાય છે. અને ભોજન કરી પંથ કરે કે દોડે તો તેની પાછળ મૃત્યુ દોડે છે. અર્થાત્ મહારોગને શરણ થઇ મરણ પામે છે. સુવું કહ્યું છે,પણ ઉંઘ લેવી કહી છે એમ સમજવું નહીં માત્ર ડાબે પડખે બે ઘડી આળોટી આરામ લેવો. ભોજનના અંતમાં સુંદર નવયૌવન મદવંતી માનુનીના હાથની મથેલી ગાયની સુંદર છાશ રૂચિપ્રમાણે ઋતુને અનુસરી પીવી તથા શીખરણી-શીખંડ, દહીનું ઘોળવું વગેરે સેવન કરવાં-એટલે દુધને ઉકાળી રાતે જમાવેલું ભેંશ કે ગાયનું દહી લઇ ઉત્તમ વસ્ત્રથી સાકર કે બૂરા સાથે મથી-છણી નાખી. તથા તેમાં મરી, એળચી, બરાસ વગેરે અંદાજસર નાખી તૈયાર કરેલું શીખંડ સેવન કરવાથી વીર્ય, બળ તથા રૂચિ વધે છે અને પિત્ત-વાયુ વગેરેનો નાશ થાય છે. **અથવા** ભેંશના દહીને છણી તેમાં સુંઠ, મરી, પીપર, રાઇ, સિંધાલુણ વગેરે નાખી તે દહીનું ઘોળવું સેવન કરે તો કફ તથા વાયુનો નાશ કરે છે. શીતકાળમાં દહી ખાવું, પણ કફપ્રકોપ સમયમાં ખાવું નહીં. જમ્યા પછી સુંદર સુગંધિત મુખવાસ-એળચી, સોપારી, બરાસ વગેરે સહિત ઉત્તમ કાથા, ચૂનાયુક્ત પાનબીડાં ખાવાં. પછી વ્યાપારાદિ કાર્યોમાં દઢ ઉત્સાહ સાથે પ્રવર્તવું.

સમજુ મનુષ્યે સંધ્યાકાળે આહાર, મૈથુન, નિદ્રા, શાસ્ત્રાદિકનું અધ્યયન અને પંથ એ પાંચ કર્મ કરવાં નહીં; કેમકે જમવાથી રોગ, મૈથુનથી ભયંકર સંતાન, નિદ્રાથી નિર્ધનતા, ભણવા-વાંચવાથી આયુષ્યની હાનિ અને પંથથી ભય ઉત્પન્ન થાય છે.

રાત્રિચર્યા.

ચાંદની રાત હોય તો ચાંદનીમાં ફરવું; કેમકે ચાંદની ટાઢી છે, કામદેવ સંબંધી આનંદનીદાતા છે, અને તરશ, પિત્ત તથા બળતરાનો નાશ કરનાર છે. અંધારી રાત ભય, મોહ, ભ્રાંતિને ઉત્પન્ન કરનાર તથા પિત્ત કફને હરનાર છે અને કામદેવને વધારી ગ્લાનિ આપનાર છે. રાતે પહેલે પોહોરે કાંઇક ભૂખ રહે એવી રીતે જમવું અને ભારે પદાર્થો ખાવા નહીં. પછી નિયમસર સુંદર સુકુમાળ પથારી ઉપર સુંદર સ્થાનમાં શયન કરવું અને મૈથુનની ઇચ્છા થાય તો સુંદર છેલડી કામવતી કામિનીર્થાશક્તિ પ્રમાણે કામક્રીડા કરવી. સંભોગના આદિ તથા અંતમાં ભેંશનું અથવા ગાયનું સાકર સહિત કરેલું દુધ પીવું. સંભોગ કરીને ન્હાવું. વૃદ્ધા એટલે પોતાથી મોટી ઉમ્મરવાળી સ્ત્રી સાથે સંભોગ કરવો નહીં; કેમકે સુકું કે ખરાબ માંસ, વૃદ્ધા સ્ત્રી, ઉગતા સૂર્યનો કે કન્યા સંક્રાંતિનો તડકો, બરોબર નહીં જામેલું દહી, પરોઢીયે મૈથુન કરવું અને પરોઢીયે ઉંઘવું એ ૭ વાનાં તુરત પ્રાણનો નાશ કરનારાં છે. પણ જો તાજું માંસ, નવું અન્ન, બાળા સ્ત્રી, દુધનું જમણ, તાજું ઘી અને ઉના પા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીયા ન્હાવું એ છ વાનાં તુરત પ્રાણને બળ આપનારાં છે. હેમંતઋતુમાં વાજીકરણનાં ઓપરડા ખાઇ બળ મેળવી પોતાની ઇચ્છા પ્રમાણે મૈથુન કરવું, શિશિરઋતુમાં મરજી પ્રમાણે, વસંતઋતુ તથા સરદ્ઋતુમાં ત્રીજે દિવસે, વર્ષાઋતુમાં અને ગ્રીષ્મઋતુમાં પંદર પંદર દિવસે મૈથુન કરવું. શીતકાળમાં રાતે, ગ્રીષ્મમાં દિવસે, વસંતમાં દિવસે અને રાતે, વર્ષામાં મેઘ ગર્જના વખતે અને સરદ્ઋતુમાં મરજી પડે ત્યારે મૈથુન કરવું.[1] પર્વણીએ, પ્રભાતે, સંધ્યાએ, મધરાતે, ગાયો છુટે તે વખતે અને બપોરે મૈથુન કરવું નહીં. શુભ, રમણિક દશા, શોભાયુક્ત મકાનમાં હાસ્ય વિનોદ ગાયન વાજીંત્રાદિના વિલાસ સાથે વિલાસવતી વનિતા સહ વિલાસ કરવો. પુરૂષોએ રજસ્વળા, રોગી, મોટી ઉમરવાળી, કામદેવના વેગ વિનાની, મલીન કે મલીન વસ્ત્ર-અંગવાળી, દ્વેષિલી, દુબળી, વાંઝણી,-ગરમી આદિ યોનિના રોગવાળી, અને કડવા બોલી તથા ગર્ભવંતી સ્ત્રી સાથે રતિ-ગમન કરવું નહીં. તેમ બહુ જમેલાએ, ધીરજ વગરનાએ, ભુખ્યાએ, દુખતા અંગવાળાએ, રોગીએ, બાળકે, વૃદ્ધે, મળમૂત્રના વેગવાળાએ અને મૈથુન કરવાથી જે રોગ વધે તેવા રોગવાળાએ મૈથુન કરવું નહીં. મૈથુન કરી ન્હાઇને સાકર સહિત કરેલું દુધ કે માંસરસ અથવા આસવ પીવો, ખસના પંખાનો પવન લેવો, ગોળના પદાર્થો ખાવા અને નિદ્રા કરવી એ સદા હિતકારી છે. અતિમૈથુન કરવાથી શળ, ઉધરસ, વિષમજ્વર, ક્ષીણતા, ક્ષય અને આક્ષેપકાદિ વાયુના રોગો થાય છે, માટે હદમાં રહી પ્રત્યેક કાર્ય કરવાં; કેમકે "**अतिसर्वत्र वर्जयेत्**"

[2]પાછલી પાંચ ઘડી રાત રહે ત્યારે ઉઠી મુખધોઇ આઠ અંજળી પ્રમાણ ટાઢું અને મીઠું વાસી પાણી માટીના વાસણમાં ભરેલું હોય તે પીએ તો વાયુ, પિત્ત અને કફને જીતી ૧૦૦ વર્ષ સુખે જીવન ભોગવે છે. તથા ગુદાના મસા, જરા, કોઢ, મેદવિકાર, ઝાડાનું દરદ, તાવ, પેટના રોગ, લોહીબગાડ, પિત્તના બગાડ, માથાના, ગળાના, કાકના, પીઠના, તથા આંખના રોગો, મૂત્રવાની અડચણ, અને વાત, પિત્ત, ક્ષત, કફાદિ રોગોનો નાશ કરે છે.[3]

ઇતિ ઋતુચર્યા, દિનચર્યા તથા રાત્રિચર્યા સમાપ્ત.

શારીરિક અને ઇંદ્રિયવિજ્ઞાન.

દેહધારી મનુષ્યોના શરીરમાં વાયુ, પિત્ત, કફ એ ત્રણે દોષ, સાત ધાતુઓ, તથા શરીરનું ઉપજવું, મરવું વગેરે જે જે શરીરના ધર્મ છે તેઓનું યથાર્થ સ્વરૂપ સંક્ષેપથી કહીએ છીએ—મનુષ્યના દેહમાં ૭ કળા, ૭ આશય, ૭ ધાતુઓ, ૭ ઉપધાતુઓ, ૭ ધાતુઓના

૧ સુશ્રુતજી કહે છે કે-સમજુ પુરૂષે છએ ઋતુઓમાં ત્રણ ત્રણ દિવસે સ્ત્રીનો સંભોગ કરવો, પણ ગ્રીષ્મઋતુમાં પંદર પંદર દિવસે સ્ત્રી સંભોગ કરવો.

૨ કેટલાક ગ્રંથકારો કહે છે કે, સૂર્ય ઉગવાને જરાવાર હોય તે વેળાએ પાણી પીવું, પણ **ભોજ** કહે છે કે-" રાતના ચોથા પોહોરમાં રાતે રાખી મુકેલું-વાસી પાણી રોજ પીવું." આ વાસી પાણી પીવાનો પ્રયોગ મેં પૂર્ણપણે ખાતરીથી અજમાવી જોયો છે, અને તેથી દસ્ત સાફ ઉતરે છે, પીંડીઓનું કળતર અને માથાની પીડા મટે છે, તથા નેત્રનું તેજ વધે છે, ભૂખ સારી પેઠે લાગે છે, અને ગ્લાનિ મટે છે; પરંતુ નિરંતર નિયમ સહિત પીએ તોજ ફાયદો થાય છે.

૩ દિનચર્યા તથા રાત્રિચર્યા અને ઋતુચર્યાનો વિશેષ ખુલાશો મેળવવા **ચરક, સુશ્રુત, વાગ્ભટ** તથા **ભાવપ્રકાશાદિ** ગ્રંથોનું અવલોકન કરો.

ગ્રં. કર્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળો, ૭ ત્વચા, અને ત્રણ દોષ તથા હાડ, માંસ, મેદને બાંધવાની ન્હાની નસો ૯૦૦, જોડના સાંધા ૨૧૦, હાડકાં ૩૦૦, મર્મસ્થાન ૧૦૭, ૭૦૦ નસો, ધમનીનાડીઓ ૨૪, માંસપેસી ૫૦૦, સ્ત્રીઓના શરીરમાં ૫૨૦ અને સર્વવ્યાપિની નાડીઓ ૧૬ છે. પુરૂષના શરીરમાં ૧૦ તથા સ્ત્રીના શરીરમાં ૧૩ છિદ્ર છે. આ સંક્ષેપ માત્રાથી કહેલ છે. હાડ, નસો, માંસપેસી અને મર્મસ્થાનો વિષે મહર્ષિઓના ભિન્ન ભિન્ન મત છે માટે તેઓનું નિરાકરણ કરવા વૃદ્ધત્રયી (ચરક, સુશ્રુત, વાગ્ભટ) વાંચો.

સાત કળા પહેલી માંસને ધારણ કરનારી માંસધરા કળા છે, બીજી લોહીને ધારણ કરનારી રક્તધરા કળા છે, ત્રીજી મેદને ધારણ કરનારી મેદધરા કળા છે, ચોથી કફને ધારણ કરનારી યકૃતપ્લીહા કળા છે, પાંચમી આંતરડાઓને ધારણ કરનારી પુરીષધરા કળા છે, છઠ્ઠી અગ્નિને ધારણ કરનારી અગ્નિધરા કળા છે. અને સાતમી શુક્રને ધારણ કરનારી શુક્રધરા કળા છે

સાત આશય-લોહી અને જીવનું સ્થાન રક્તાશય તે છાતીમાં છે. તેના નીચે કફનું સ્થાન, તેનાથી કાંઇક નીચે આમાશય છે. ડુંટીના ઉપર ડાબી બાજુએ અગ્નિનું સ્થાન છે, તે અગ્નિસ્થાનના ઉપર તિલ છે તેને લોમ કહે છે, તે તરશનું સ્થાન છે. અગ્નિના સ્થાનના નીચે પવનનું સ્થાન છે, તેના નીચે ડાબા ભાગમાં મળનું સ્થાન છે તેને હોજરી કહે છે અને તે હોજરી-પક્વાશયના નીચે જમણી બાજુએ મૂત્રાશય છે, આ સાત આશય-સ્થાન છે. પુરૂષોને સાત સ્થાન છે અને સ્ત્રીઓને ૧૦ સ્થાન છે એટલે ગર્ભાશય અને બે સ્તનના બે દુગ્ધાશય એ ત્રણ મળી ૧૦ આશય છે.

સાત ધાતુ-રસ, લોહી, માંસ, મેદ, હાડ, પેસી અને વીર્ય એ સાત ધાતુઓ છે. તે પિત્તના તેજથી પાચન થઇ એક એકથી પ્રકટ થાય છે-એટલે પ્રત્યેક વસ્તુ ખાધા પછી ચોથે ચોથે દિવસે એક એક ધાતુ પ્રકટ થાય છે. તાત્પર્ય એક ખાધેલી ચીજમાંથી ચોથે દિવસે રસ નામનો ધાતુ થાય છે, આઠમે દિવસેં લોહી, બારમે દિવસેં માંસ, સોળમે દિવસેં મેદ, વીશમે દિવસેં હાડ, ચોવીશમે દિવસેં પેસી અને અઠ્ઠાવીશમે દિવસેં વીર્ય પેદા થાય છે.

સાત ધાતુઓના મળ-જીભ, આંખ અને ગલોફાંનું પાણી એઓના મળ રસધાતુનો મળ છે, રંજકપિત્ત લોહી ધાતુનો મળ છે, કાનનો મળ માંસ ધાતુનો મળ છે, જીભ દાંત બગલ અને ઇંદ્રિ એઓના મળ મેદનો મેલ છે, નખ, વાળ, અને રૂંવાડી હાડનો મળ છે, આંખના પીઆ અને મ્હોં ઉપરની ચીકાશ મજ્જાનો મળ છે અને મ્હોં ઉપરના ખીલ તથા ફોલ્લીઓમાંથી નીકળતી કણીયો વીર્યનો મળ છે.

સાત ઉપધાતુઓ-ચરબી માંસનો ઉપધાતુ છે, પરસેવો મેદનો, દાંત હાડનો, વાળ મજ્જાનો, અને ઓજ શુક્રનો ઉપધાતુ છે, તે ઓજ સર્વ શરીરમાં રહે છે ચીકટાશ, ટાઢક, સ્થિરતા, ઉજ્વળ વગેરે ગુણ ધારણ કરનાર છે. તે સૌમ્યાત્મક શરીરમાં સ્થિત થઇ બળ તથા પુષ્ટિ પ્રકટ કરે છે. સ્ત્રીઓના શરીરમાં બે ઉપધાતુઓ વિશેષ છે એટલે બે સ્તનોમાં દુધ થાય છે તે બે અને રજોદર્શન એ ત્રણ ઉપધાતુઓ સ્ત્રીના અંગમાં હોય છે. સ્તનમાં દુધનું આવવું અને યોનિમાં લોહીનું આવવું સમય આવ્યે પ્રકટ થાય છે અને સમય વીત્યે બંધ થાય છે. અર્થાત્ સ્તન્ય રસનો ઉપધાતુ અને આર્તવ લોહીનો ઉપધાતુ છે.

સાત ત્વચા-ચામડી-પહેલી અવભાસિની ત્વચા છે તે સિધ્મકોઢનું સ્થાન છે એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે સિધ્મકોઢ પહેલી ત્વચામાં પેદા થાય છે, બીજી લોહીતા ત્વચા છે તે કીલકકોઢની જન્મભૂમિ છે, ત્રીજી સ્વેતા ત્વચા તે ચર્મદળકોઢની જન્મભૂમિ છે, ચોથી તામ્રા ત્વચા છે તે કિલાસકોઢની જન્મભૂમિ છે, પાંચમી વેદની ત્વચા છે તે સર્વકોઢની જન્મભૂમિ છે, છઠ્ઠી રોહિણી ત્વચા છે તે ગાંઠ ગડગુમડ કંઠમાળાદિની જન્મભૂમિ છે અને સાતમી સ્થૂળા ત્વચા વિદ્રધિ–આદિરોગોની જન્મભૂમિ છે. એ સાત ત્વચાઓનું જાડપણુ જવ જેટલું છે.

ત્રણદોષ–વાયુ, પિત્ત અને કફ એ ૩ દોષ છે. એ ત્રણેના પાંચ પાંચ ભેદ છે, એ પાંચ પાંચ ભેદ સ્થાનભેદના કારણોથી માનવામાં આવેલ છે, પિત્ત પાંગળો છે, કફ પણ પાંગળો છે, પણ તે બન્નેને વાયુ પોતાની પ્રબળ ગતિવડે આખા શરીરમાં ફેરવી ભિન્ન ભિન્ન રોગોનાં રૂપો પ્રકટાવે છે.

વાયુનું સ્વરૂપ–વાયુ દોષ ધાતુ મળને એક સ્થાનકેથી બીજે સ્થાનકે લઇ જનાર છે, શીઘ્રગતિવાળો છે, અપળ છે, સૂક્ષ્મ છે, શીતળ છે, સુકો છે, હલકો છે, ખર, મૃદુ, યોગવાહી, તેજયુક્ત, દાહક, અને રજોગુણમય છે. તે વાયુનાં પાંચ સ્થાન છે, તેથી તેનાં પાંચ સ્વરૂપ છે એટલે હોજરી, કોઠો, અગ્નિસ્થાન, છાતી, અને કંઠ એ પાંચ ઠેકાણાં વાયુનાં છે. ગુદામાં રહેલો અપાનવાયુ, નાભિમાં સમાનવાયુ, હૃદયમાં પ્રાણવાયુ, કંઠમાં ઉદાનવાયુ અને સર્વ શરીરમાં વ્યાનવાયુ રહે છે તે પોત પોતાના સ્થાનથી ભ્રષ્ટ થએ અનેક પ્રાણઘાતક રોગોને જન્મ આપે છે.

પિત્તનું સ્વરૂપ–પિત્ત ગરમ છે, પાતળો છે, પીળો છે, સતોગુણમય છે, કડવો છે, તીખો છે, અને દગ્ધ થયે ખાટો છે. તે પાંચ સ્થાનમાં રહેનાર છે એટલે અગ્નિના આશયમાં તિલપ્રમાણ અગ્નિરૂપ થઇ રહે છે, ત્વચામાં કાંતિ કરનાર, નેત્રમાં રહી દેદિપ્ય દૃષ્ટિ રાખનાર, પ્રકૃતિમાં રહી પાચનક્રિયા કરનાર અને હૃદયમાં રહી બુદ્ધિ–આદિને પ્રકટ કરનાર છે. તેનાં રંજક, પાચક, ભ્રાજક, અલોચક અને સાધક એવાં પિત્તનાં પાંચ રૂપ છે.

કફનાં સ્વરૂપ-સ્થાન–કફ ચીકણો, ભારી, શ્વેત, પિચ્છિલ, શીતળ, તમોગુણમયી તથા ગીડો છે અને દગ્ધ થયે ખારો થાય છે, તે આમાશયમાં, માથામાં, ગળામાં, છાતીમાં અને સાંધાઓમાં પાંચ રૂપથી રહે છે. એટલે કફ દેહમાં રહી, દેહની સ્થિરતાને સર્વ અંગોના કોમળપણાને કરે છે, તે ક્લેદન, સ્નેહન, રસન, અવલંબન અને શ્લેષ્મા એ પાંચ રૂપ છે. તે પાંચ સ્થાનો જે ઉપર કહ્યાં તેમાં ભિન્ન ભિન્ન રૂપે રહે છે.

મનુષ્યના શરીરમાં માંસ હાડ તથા મેદને બાંધવાના માટે સ્નાયુઓ–નસો તથા શરીરના આધારભૂત હાડકાં છે કે જે સદા દેહનો ભાર માર સહન કરનાર છે તથા શરીરમાં મર્મસ્થાનો છે એટલે જે જીવને ધારણ કરનાર સ્થાન છે તે મર્મસ્થાન કહેવાય છે, તે અને સાંધેસાંધાઓને જોડનાર સંધિનસો પણ ઘણી છે, તે વાયુ પિત્ત કફ તથા સાત ધાતુઓને વહેવાવાળી છે. તે સિવાય ધમની–મુખ્ય નાડીયો છે તે રસને વહેવાવાળીઓ અને પવનને વહેવાવાળીઓ છે. ૧૬ તો મોટી નસો કે જેને કંડરા કહે છે, તે પણ શરીરમાં વિદ્યમાન છે અને પોતપોતાનો ધર્મ બજાવે છે. અર્થાત્ શરીરને સંકોચવું કે વિસ્તારવું ને કામને બજાવે છે. સ્નાયુ, હાડકાં, મર્મસ્થાન, જોડનસો, ધમનીઓ, કંડરાઓ અને માંસ પેસીઓ એઓની ગણતરી પ્રત્યેક ગ્રંથકારોની ભિન્ન ભિન્ન રીતિની છે, કોઇ વધારે તો કોઇ

For Private And Personal Use Only

ઓછી એમ મતાંતર દર્શાવે છે, તેનું કારણ તો એજ છે કે કોઇએ કેવળ મોટાઓની ગણના કરી છે અને કોઇએ કેવળ સૂક્ષ્મની ગણના કરી નથી અને કોઇએ સૂક્ષ્મ સહિત મોટાઓનું ટોટલ કરી સરવાળો બાંધેલ છે, જેથી મતફેર પડે છે; પરંતુ વાસ્તવિકરીતે સર્વેનું કહેવું સત્ય છે. આ શંકાઓનું સમાધાન બૃહત્ત્રયીથી કરી લેવું.

શરીરમાં દશ છિદ્ર–દ્વાર છે એટલે બે નાકનાં, બે આંખનાં, બે કાનનાં, લિંગનું, ગુદાનું, મુખનું અને રંધ્ર એ દશ દ્વાર કહેવાય છે તે પૈકી રંધ્ર વગર નવ દ્વાર ખુલ્લાં છે. સ્ત્રીઓના શરીરમાં ત્રણ દ્વાર વિશેષ હોય છે એટલે બે સ્તનનાં અને એક ગર્ભાશયનું એ ત્રણ મળી તેર દ્વાર છે; જોકે શરીરમાં સૂક્ષ્મદ્વાર તો રોમ રોમે છે, પણ મુખ્ય દ્વાર ઉપર પ્રમાણેજ છે. ડૂંટીની ડાબી બાજુએ **હોજરી** અને **બરલ** છે; તેમજ જમણી બાજુએ **યકૃત** છે. ઉદાનવાયુનો આધાર તે ફેફસાં છે અને લોહીને વહેવાવાળી જે નસો તેનું મૂળ **બરલ** છે. રંજકનામા પિત્ત તેનું જે સ્થાન તેના વિષે જે રક્તનું સ્થાન છે તેને **યકૃત** કહે છે. ડૂંટીના ડાબા ભાગમાં અગ્ન્યાશયના ઉપર જે તિલ છે તે જળને વહેવાવાળી જે નસો છે તેઓનું મૂળ અને તિલ તે તરશને ઢાંકી દે છે અને કૂખમાં જે બે ગોળા છે તેને વૃક કહે છે તે બન્ને જઠરનો જે મેદ છે તેને પુષ્ટ કરે છે તથા જે વૃષણ તે વહેવાવાળી નસો તેઓના આધારભૂત છે તેમજ પુરૂષાર્થને વહેવાવાળા છે, લિંગ ગર્ભદા છે અને વીર્ય, મૂત્ર એઓનો આધાર છે તથા હૈયું મન ચિત્ત બુદ્ધિ અહંકાર એઓનું સ્થાન છે, અને ઓજનું ઘર છે. નાભિ ધમની શિરાઓને–આદિ લઇ નસોનું સ્થાન છે અને સર્વ ધાતુઓના સંયોગથી નાભિનો જે વાયુ છે તે શરીરને પુષ્ટ કરે છે. નાભિનો પવન હૈયાના કમળમાં જાય છે તેનો સ્પર્શ કરી ગળાની બાહાર નિકળે છે અર્થાત્ વિષ્ણુપદનું જે અમૃત તેને પીવા નાસિકાદ્વારા પવનથી આકાશના અમૃતને પીને ફરી મુખ નાસિકાદ્વારા ગળા વગેરેમાં થઇ પેટમાં પ્રાપ્ત થાય છે અને વેગવડે તે પવન સમસ્ત દેહના અંગોમાં ફરી અંગોને જીવને તથા જઠરાને પુષ્ટ કરે છે. શરીર તથા હૃદયના પ્રાણ પવનનો જે સંયોગ તેને આયુર્બળ કહે છે અને શરીર પ્રાણની જે જુદાઇ થવી તેને મરણ કહે છે. આ પૃથ્વીમાં પ્રાણીમાત્ર મરણને શરણ છે, પણ કોઇ અમર નથી માટે મરણ અનિવાર્ય છે, તેથી મૃત્યુને જીતી શકાય તેમ નથી પરંતુ વૈદ્ય રોગોને જીતી શકે છે અર્થાત્ સાધ્ય રોગને મટાડી શકે છે; જો કે સાધ્ય રોગ થયા છતાં બેદરકારી રાખી ઉપાય (પથ્ય) ન કરવાથી યાપ્ય–કષ્ટસાધ્ય થાય છે અને કુપથ્ય કરે તો કષ્ટસાધ્ય રોગ અસાધ્ય રૂપે થાય છે તથા અસાધ્ય છતાં પણ કુપથ્ય કરે તો નિશ્ચે મૃત્યુ પામે છે; કારણ કે **शरीरंरोग मंदिरम्** માટે મનુષ્ય માત્રને એ અવશ્યનું કાર્ય છે કે, હિતકારી, પ્રકૃતિને પસંદ પડે તેવા આહાર–વિહારમાં વિચરી પોતાના શરીરનું સંરક્ષણ કરવું; કેમકે **धर्मार्थ काम मोक्षाणां शरीरं साधनं स्मृतम्**. શરીરમાં વ્યાધિ થવાથી મનુષ્ય કોઇ કાર્ય કરવામાં સમર્થ થઇ શકતું નથી માટે શરીરને આરોગ્ય રાખવું એજ પરમ પુરૂષાર્થ છે. લૌકિકમાં પણ પ્રસિદ્ધ કહેવતછે કે **એક તનદુરૂસ્તિ હજાર ન્યામત–પહેલું સુખ તે જાતે નર્યા**–માટે કર્મવિપાકને જાણનાર મનુષ્યે ચાર પુરૂષાર્થ–ધર્મ અર્થ કામ તથા મોક્ષના સાધનરૂપ શરીરને સાચવવું. જે શરીરને સંતાપે છે તે વિશ્વ સંતાપક –ઘાતક છે અને જે શરીરને સંતોષે છે–સાચવે છે તે સમસ્ત જગતને સાચવે છે–રક્ષણ કરે છે એમ જાણવું.સાત ધાતુઓના મળ વાયુ પિત્ત અને કફ એ ત્રણે જો પોત પોતાના સ્થા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમાં સમાન રૂપે રહ્યા હોય તો શરીરને મહાસુખ મળે છે, પણ જો એ ઓછાવત્તા રૂપે થાય છે તો અનેક રોગોને જન્મ આપી શરીરનો નાશ કરે છે. આ સંબંધી વિશેષ ખુલાશો મેળવવા વૃદ્ધત્રયી વાંચો.

શારીરિક ઇંદ્રિયવિજ્ઞાન સમાપ્ત.

સૃષ્ટિ ક્રમ.

આ બ્રહ્માંડના કારણ આત્મા જે જ્યોતિરૂપ સત્-ચિત-આનંદ રૂપ બ્રહ્મ પરમાત્મા તે સ્પૃહા રહિત નિર્ગુણ છે, તે પોતાની પ્રકૃતિરૂપ માયાથી-માયાના યોગથી, ઇચ્છાદિ યુક્ત થઇ આ જગત્‌ને ઉત્પન્ન કરે છે-એટલે પરબ્રહ્મ પરમાત્માની માયા નિત્ય છે, જેમ સૂર્યની પ્રતિચ્છાયા-પ્રકાશ છે તેમ પરમાત્માની પ્રતિચ્છાયા માયા છે. તે માયાએ જડ ચૈતન્યતાનો સંયોગ કરી આ અનિત્ય-ક્ષણભંગુર અસાર સંસારને ઉત્પન્ન કર્યો, જેમ નાટકી લોકો કે બાઝીગર લોકો પોતાની માયા ફેલાવી અનેક રૂપને પ્રકાશે છે તેમ તે માયા-પ્રકૃતિ સંસારની માતા તેણે પ્રથમ બુદ્ધિને ઉત્પન્ન કરી. તે બુદ્ધિ કેવી છે ? કે ઇચ્છામયી મહતત્ત્વ જેનું સ્વરૂપ છે. તે મહતત્ત્વથી અહંકાર ઉત્પન્ન થયો, તેના ત્રણ પ્રકાર છે-રજ, તમ અને સત એ ત્રણ ગુણો છે. રૂપ અહંકારના ભેદ છે. પછી તે સતોગુણ અને રજોગુણના મેળાપથી દશ ઇંદ્રિયો ઉત્પન્ન થઇ તથા અગ્યારમું મન પણ પેદા થયું અર્થાત્ કાન, નાક, જીભ, આંખ અને ચામડી એ પાંચ જ્ઞાનેંદ્રિયો તથા વાણી, હાથ, પગ, લિંગ અને ગુદા એ પાંચ કર્મેંદ્રિય મળી દશ ઇંદ્રિયો થઇ. તમોગુણ વિશેષ સતો ગુણના મેલાપથી **પાંચ તન્માત્રા** એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ એ પાંચ તન્માત્રા છે. તે તન્માત્રાથી **પંચ મહાભૂત** પેદા થયા; અર્થાત્ શબ્દથી આકાશ, સ્પર્શથી વાયુ, રૂપથી અગ્નિ, રસથી જળ અને ગંધથી પૃથ્વી ઉત્પન્ન થયાં. **પાંચ જ્ઞાનેંદ્રિયોના વિષય** એટલે કાનનો વિષય શબ્દ, ચામડીનો સ્પર્શ, નેત્રનો રૂપ, જીભનો સ્વાદ અને નાકનો સુગંધિ દુર્ગંધિ ગ્રહણ કરવાનો વિષય છે. **કર્મેંદ્રિયોના વિષય** એટલે વાણીનો વિષય બોલવું, હાથનો ગ્રહણ કરવું, પગોનો ચાલવું, લિંગનો મૈથુન કરવું અને ગુદાનો વિષય મળનો સર્વ પ્રકારે ત્યાગ કરવાનો છે. **પ્રકૃતિને** પ્રધાન, પ્રકૃતિ, શક્તિ, નિત્યા અને વિકૃતિ એવાં પાંચ નામોથી ઓળખે છે તે શિવથી સંયુક્ત રહે છે તે પ્રકૃતિના **ચોવીશ મહતત્ત્વ** છે. એટલે અહંકાર ૧, પાંચતન્માત્રા ૬, દશ ઇંદ્રિયો ૧૭, મન ૧૮ પ્રકૃતિ ૧૯ અને પાંચ મહાભૂત ૨૪ એ ચોવીશ મહતત્ત્વ કહેવાય છે; તે વિકાર છે. એ ૨૪ મહતત્ત્વને રહેવાને શરીર રૂપી ઘર છે. એ ઘરમાં જીવાત્મા શુભ તથા અશુભ કર્મોને આધીન થએલો નિવાસ કરે છે. તે મનરૂપી દૂતને વશ્ય થયો જીવથી સંયુક્ત શરીર બુદ્ધિવાન્ દેહ કહેવાય છે. તે દેહ પાપ-પુણ્ય, સુખ દુઃખાદિકોએ કરી વ્યાપ્ત અને મનથી પાસમાં બંધાયલો તથા પોતાના કરેલા કર્મોથી બંધાયલો જીવાત્મા એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, દશ ઇંદ્રિયો અને બુદ્ધિ એ સર્વે અજ્ઞાનથી જીવાત્માના બંધનરૂપ છે. જ્યારે આત્માને આત્મજ્ઞાન થાય ત્યારે એ બંધનોથી મુક્ત થઇ મુક્તિને સંપાદન કરે છે.

જેથી દુઃખ ઉપજે તે વ્યાધિ અને જેથી સુખ ઉપજે તે આરોગ્યતા કહેવાય છે.

For Private And Personal Use Only

આ પ્રમાણે સંક્ષેપથી સૃષ્ટિની ઉત્પત્તિ કહી. વિશેષ ખુલાશા માટે વેદ પુરાણ અને ચરક સુશ્રુત વાગ્ભટ્ટાદિનું અવલોકન કરો.

સૃષ્ટિક્રમ સંપૂર્ણ.

આહારનું, પરિપાકનું, ગર્ભની ઉત્પત્તિનું તથા બાળક પોષણાદિનું લક્ષણ.

પ્રાણીમાત્ર જે ભોજન કરે છે તે પ્રથમ પવનની પ્રેરણાએ આમાશયમાં પ્રાપ્ત થઈ પાચક પિત્તના પ્રભાવથી કાંઈક પરિપક્વ થઈ અમ્લ—ખાટાપણાને પ્રાપ્ત થાય છે. પછી નાભિમાં રહેનારા સમાન વાયુથી પ્રેર્યો છતો ગ્રહણી નામની કળામાં પ્રાપ્ત થાય છે, તદનંતર ગ્રહણી કળામાં આહાર પચી કોઠની અગ્નિએ કરી કડવો થઇ પછી તેજ આહાર કોઠના અગ્નિથી સારી રીતે પચવાથી રસરૂપ થાય છે. જો આહાર સારી પેઠે પચે નહીં અને કાચો રહી જાય તો તે આહારનો આમ થઇ જાય છે. જો કોઠાની અગ્નિ પ્રબળ હોય તો તે આહારનો રસ મધુર થાય છે અને મધુર થઇ ચીકણાપણાને પ્રાપ્ત થાય છે તથા સારી પેઠે પાકી-પચી શરીરની સર્વ ધાતુઓને પુષ્ટ કરે છે–એ રસ અમૃતતુલ્ય થાય છે અને જો આહાર મંદાગ્નિએ કરી દગ્ધ થઇ ગયો હોય તો પેટમાં કડવો ખારો કે વિષ સ્વભાવને પ્રાપ્ત થાય અથવા એ રસ રોગોના સમૂહને શરીરમાં પ્રાપ્ત કરે છે. આહાર સાર-રસથીજ બળ પ્રાપ્ત થાય છે. જો આહારનો રસ સારહીન હોય તો પાતળો મળ થાય છે તે નેષ્ટ છે. જે પાણી પીવામાં આવે છે તેનો સાર તો નસોદ્વારા વાયુ સઘળા અંગોમાં ફેલાવી દે-છે અને નિઃસારને પેટમાં પ્રાપ્ત કરી મૂત્ર બનાવી લિંગદ્વારા બાહાર કાહાડે છે તથા આહારનું કીટ જે મળ તે હોજરીમાં રહે છે તેને ગુદાનો પવન બળવડે ગુદાદ્વારા બાહાર કાહાડે છે. આહારનો જે રસ તે નાભિના સમાન વાયુની પ્રેરણાથી મનુષ્યના હૈયામાં જઇ મળે છે અને પિત્તથી પચ્યા પછી લાલ રંગનું લોહી થઇ સર્વ શરીરમાં જીવનના આધાર ભૂત થઇને વહે છે. જમેલા પદાર્થોનો ચાર ચાર દિવસે એકેકો ધાતુ બની અઠ્ઠાવીશ દિવસે વીર્ય થાય છે અને સ્ત્રીને અઠ્ઠાવીશ દિવસે કે મહિને રજ થાય છે. સ્ત્રીધર્મ થયા પછી સ્ત્રી પુરૂષના સંયોગથી સ્ત્રીનું શુદ્ધ લોહી અને પુરૂષનું શુદ્ધ વીર્ય મળી ગર્ભસ્થાનમાં ગર્ભને ઉત્પન્ન કરે છે અને નવ મહીને યોનિદ્વારા પ્રસવ થઇ બાળક પ્રકટે છે. મૈથુન સમય સ્ત્રીનું રજ ઓછું અને પુરૂષનું વીર્ય વિશેષ હોય તો પુત્ર, તથા વીર્ય થોડું અને રજ વધારે હોય તો પુત્રી અને બન્ને સમાન હોય તો નપુંસક પેદા થાય છે. પછી જે હરિની ઇચ્છા હોય છે તે બને છે, પણ ઘણું કરીને ઉપર પ્રમાણે આધાર રખાય છે.

બાળકના જન્મ પછી એક મહીનાનો થાય ત્યારે ૧ રતિ ઔષધ આપવું એટલે દુધ, ધાવણ કે સાકર સંગાથે આપવું અને દરમાસે એક એક રતિ માત્રા વધારતાં જવી એટલે વર્ષનો થાય ત્યાં સુધી. પછી એક માસો ઔષધ આપવું તે સોળ વર્ષ સુધી. ત્યાર પછી માત્રા યોગ્ય પ્રમાણમાં રાખી છેક ૭૦ વર્ષ સુધી કાયમ માત્રા રાખવી અને ૭૦ વર્ષ પછી પાછી બાળકના સમાન માત્રા ઘટાડી દેવી. આ તોલ કલ્ક અને ચૂર્ણ માટે કહેલું છે, પણ જો ક્વાથ હોય તો તે તોલથી ચાર ગણો આપવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાળકને હમેશાં મેષ અંજની તથા ઉવટણું વા, સ્નાન કરાવવું. દર મહીને ઉલટીની દવાઈ પાવી. અને હરડેનો ઘસારો નિત્ય પાવો. પાંચમે વર્ષે અન્ન ખવરાવવું, સોળમા વર્ષ પછી જુલાબ આપવો, તથા મૈથુન ૨૦ વર્ષ પછી ચિંતવવું. આ પ્રમાણે જો વિધિ સહિત ચાલે તો મનુષ્ય કદિ રોગગ્રસ્ત થતુંજ નથી અને ઘરડપણ પ્રાપ્ત થતુંજ નથી. ગર્ભ રહે ત્યારથીજ ઉત્તમ વૈદની દેખરેખ હેઠળ રહે તો દેહને રોગ, જરા અને મૃત્યુ નડતાંજ નથી.

મનુષ્યના શરીરની ગતિ—૧૦ વર્ષ લગી બાળપણ. ૨૦ વર્ષ લગી શરીરનું વધારાપણું, ૩૦ વર્ષ લગી શરીરનું મોટાપણું થાય છે, ૪૦ વર્ષ લગી બુદ્ધિનું આગમન રહે છે, ૫૦ વર્ષ લગી ત્વચાનું ગાઢપણું રહે છે, ૬૦ વર્ષ લગી નેત્રની જ્યોતિ રહે છે, ૭૦ વર્ષ લગી શરીરમાં વીર્ય રહે છે. ૮૦ વર્ષ લગી વીર્યનું ન્યુનાધિકપણું રહે છે. ૯૦ વર્ષ લગી જ્ઞાન-ધારણા રહે છે, ૧૦૦ વર્ષ લગી બોલવું, હાથ પગમાં બળ અને મળ-મૂત્રના ત્યાગનું જ્ઞાન રહે છે, ૧૦૦ વર્ષ લગી સ્મરણશક્તિ રહે છે અને ૧૨૦ વર્ષ લગી પ્રાણ માત્ર રહે છે. જો મનુષ્યનું શરીર નિરોગી રહે તો ઉપર જે લખી ગયા છીએ તે દશ દશ વર્ષ પછી ઘટી જાય છે. મનુષ્યના આયુનું પ્રમાણ ૧૨૦ વર્ષનું ગણાય છે.

ઇતિ આહારનો, પરિપાકનો, ગર્ભોત્પત્તિ અને બાળક પોષણાદિનો અધિકાર સંપૂર્ણ.

વાતાદિ પ્રકૃતિભેદથી મનુષ્યના મનની પરતી પિછાણ.

જે મનુષ્યના વાળ ટુંકા, દુર્બળ-કૃશ શરીર, લૂખું શરીર, વાચાળ, ચંચળ મનવાળું હોય અને આકાશમાં રહેવાવાળા પ્રાણી-પદાર્થોનાં સ્વપ્ન આવે તો તેની વાયુ પ્રકૃતિ જાણવી. જેને જવાનીમાં ધોળાવાળ આવી જાય, બુદ્ધિવંત હોય, પરસેવો વધારે આવે, ક્રોધ હોય અને સ્વપ્નામાં તેજ દેખાય તો જાણવું કે તેની પિત્તપ્રકૃતિ છે. જેની ગંભિર બુદ્ધિ હોય, ચીકણાવાળ, બળવાન હોય અને પાણીના સ્થાનો સ્વપ્નામાં દેખે તો જાણવું કે તેની કફપ્રકૃતિ છે. વિશેષ જ્ઞાન મેળવવા અન્ય પ્રાચીન ગ્રંથોનું અવલોકન કરો.

ઇતિ પ્રકૃતિ વિચાર સંપૂર્ણ.

ઇતિ શ્રીમન્મહારાજાધિરાજ રાજરાજેંદ્ર શ્રી સવાઈપ્રતાપસિંહજી વિરચિત અમૃતસાગર નામા ગ્રંથ વિષે ઋતુચર્યા, દિનચર્યા, રાત્રિચર્યા, અને શારીરિક ઇંદ્રિયવિજ્ઞાનાદિ નિરૂપણ નામનો પચીશમો તરંગ સંપૂર્ણ.

For Private And Personal Use Only

લેખકની વિજ્ઞપ્તિ.

કિરીટ છંદ.

જો ભવ રોગ થકી મચવા ગન, તો નર નિત્ય ભજો નરતાગર;
જો શ્રમ રોગથી મુક્ત થવા મન, તો ગુરૂ જ્ઞાનિ ભજો નર નાગર.
જો મન રોગથી મુક્ત થવા મન, તો ભજવા નૃપ કે રત્નાકર;
જો તન રોગથી મુક્ત થવા મન, તો નિરખો નિત **અમૃતસાગર.** ૧

મત્તગજેંદ્ર છંદ.

જેમ કરી દધિમંથન સુંદરિ, સુંદર માખણ તારવી લે છે;
જેમ ફરી મણિખાણોં સ્થળો સ્થળ, ઉત્તમ માક્તિકને ઉધરે છે.
જેમ જવ્હેરી જવાહિરમાં થકી, પારખિ શુદ્ધ મણિ ગ્રહિ લે છે;
તેમ સુતત્ત્વ તમામ તપાસિ રચ્યો, વર ગ્રન્થજ પૂર્ણ કરે છે. ૨
છે વર ભોજન તો પણ જો ન જમે, કદિ તો નહિ ભૂખજ ભાગે;
છે પય પાવનિ ગંગ તણું, પણ પાન કર્યા વિણ પાપ ન લાગે.
છે વર કેસર રંગ તથાવિજ, સ્પર્શ કર્યા વિણ રંગ ન લાગે;
કામિત પૂરણ પુસ્તક આ પણ, સિદ્ધ કર્યે જયદુંદુભિ વાગે. ૩
જો ગુરૂ વાક્ય પ્રમાણ થકી, કરશો અભિમાત વિચારિ પ્રયોગો;
તો મળશે ધન કિર્તિ ગુઆશિષ, પ્રાપ્ત થશે શુભ વાંચ્છિત ભોગો.
જો કરશો નિજ ડાંહપણ તો નડશે, નિત આધિ ઉપાધિ કુયોગો;
ફોક ફજેત થશો જગમાં વધશે, મનમાં નિત નૂતન રોગો. ૪

દોહરા છંદ.

માટે સુગુરૂ સમીપથી, ભણી મનન કરી સાર;
દેશ કાળ આદિ તણો, કરવો પૂર્ણ વિચાર. ૫
કાર્ય કરો ક્રમસહ સહુ, મટે રોગ તત્કાળ;
સિદ્ધ થાય સહુ કામ વળિ, વરો વેગેં જયમાળ. ૬

છપ્પય છંદ.

સેઠ કૃતજ્ઞ સુજાન, વૈશ્ય **હરજીવન** કેરો;
સુપુત્ર **હરગોવિંદ,** દક્ષ જ્ઞાતા અધિકેરો;
રામચંદ્ર સુનુ શ્રેષ્ઠ, શ્રેષ્ટિ **મહાદેવ** સુભાગી;
પ્રેમિ પરીક્ષક નિત્ય, ગુણી વર ગુણાનુરાગી;
એ ઉભય નરોએ ગ્રન્થનો, પુનરોદ્ધાર કરાવિયો;
અમર નામ કરી અવનિમાં, કીર્તિધ્વજ ફરકાવિયો. ૭

દોહરા છંદ.

૫ ૫ ૯ ૧
સંવત શર શર ખંડ શશિ, વિજયાદશમી વાર;
કર્યો પ્રકટ છાપી ખરે, ગ્રંથ સુધાનિધિ સાર. ૮
રવિને અમદાવાદમાં, સ્વપર હિતાર્થે નિમિત્ત;
પૂર્ણચંદ્ર અચલેશ્વરે, લખ્યો લેખ પ્રિય મિત્ત. ૯

ઇંદ્રવિજય છંદ.

જો મુજનો મુજ લેખ વિષે ભ્રમ દોષ થકી રહિ ભૂલ કદાપિ,
તો કરિ આપ સુદષ્ટિથિ શોધન લેખ વિદૂષિ કરો મન આપી;
દોષ વિના જગ એકજ શ્રી હરિ તે વિણુ દોષ રહ્યો જગ વ્યાપી,
એમ વિચારીજ સાર ગ્રહી કરશો મુજ ઉન્નતિ દ્વેષ ઉથાપી. ૧૦
જ્યાં લગિ વ્યોમ વિષે શશિ સૂર્યજ જ્યાં લગિ શેષ ધરા શિર ધારે,
જ્યાં લગિ શંભુ શિવાસહ શોભિત જ્યાં લગિ ઔષધિ ભાર અઢારે;
નદ નગો નિધિ છે સ્થિર જ્યાં લગિ જ્યાં લગિ ભારતિ વાક્ય ઉચારે,
ત્યાં લગિ **અમૃતસાગર** આ રહિ કાયમ સંકટ સર્વ નિવારે. ૧૧

તથાસ્તુ !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમૃતસાગર ગ્રંથ સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only